બ્રહ્મસ્વરૂપ
શ્રી પ્રમુખસ્વામી મહારાજ

ભાગ ૪



બ્રહ્મસ્વરૂપ
શ્રી પ્રમુખસ્વામી મહારાજ

(વિસ્તૃત જીવનચરિત્ર : સન ૧૯૭૯ થી ૧૯૮૨)

પ્રકાશક

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

ભગવાન શ્રી સ્વામિનારાયણના પાંચમા આધ્યાત્મિક અનુગામી

બ્રહ્મસ્વરૂપ
શ્રી પ્રમુખસ્વામી મહારાજ

(વિસ્તૃત જીવનચરિત્ર : સન ૧૯૭૯ થી ૧૯૮૨)

ભાગ : ૪

લેખક

સાધુ આદર્શજીવનદાસ

Brahmaswarup Pramukh Swami Maharaj, Part 4

(Biography of Brahmaswarup Pramukh Swami Maharaj)

By Sadhu Adarshjivandas

Inspired by: HH Mahant Swami Maharaj

Presented by:

B.A.P.S. SWAMINARAYAN SANSTHA
Shahibaug, Amdavad – 380 004. India.

Publishers:

SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad – 380 004. India.

1st Edition: September 2020

Copies: 20,000

Copyright: © SWAMINARAYAN AKSHARPITH

All rights reserved. No part of this book may be used or re-produced in any form or by any means without permission in writing from the publisher, except for brief Wluotations embodied in reviews and articles

ISBN: 978-81-7526-972-9

રજૂકર્તા : બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

કોપીરાઈટ : © સ્વામિનારાયણ અક્ષરપીઠ

આ પુસ્તકના અંશો કોઈ પણ સ્વરૂપે રજૂ કરવા માટે પ્રકાશકની લેખિત પૂર્વ પરવાનગી મેળવવી અનિવાર્ય છે.

પ્રથમ આવૃત્તિ : સપ્ટેમ્બર ૨૦૨૦

પ્રત : ૨૦,૦૦૦

કિંમત : રૂા. ૨૦૦-૦૦ (સ્વામિનારાયણ અક્ષરપીઠના સૌજન્યથી
મૂળ કિંમત રૂા. ૨૫૦-૦૦માંથી ઘટાડેલી કિંમત)

મુદ્રક અને પ્રકાશક :

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના

આશીર્વાદ[૧]

પ્રમુખસ્વામી મહારાજના જીવનચરિત્રનો આ ચોથો ભાગ બહાર પડે છે. એમાંથી ઘણી બધી માહિતી આપણે મેળવવાની છે. તો સૌ કૃપા કરીને ધ્યાનપૂર્વક વાંચવાનું રાખશો. આ જ આપણો ઇતિહાસ છે. એ આપણે વાંચીએ તો શ્રીજીમહારાજ ખૂબ રાજી થશે.

પહેલો, બીજો અને ત્રીજો ભાગ તો તમે વાંચી ગયા છો, એટલે આ ચોથા ભાગની વાત છે. પ્રમુખસ્વામી મહારાજે આપણા ઉપર ખૂબ ઉપકાર કર્યો છે. એ ભૂલાય એવો નથી અને એ નિમિત્તે આ ચોથો ભાગ વાંચવાથી, જીવનચરિત્ર વાંચવાથી આપણને ખૂબ પ્રેરણા મળશે અને જીવનમાં પણ આપણને ઉપયોગી થશે.

આ આપણા ગ્રંથો એ તો કાયમ રહેવાના. આ નવલકથા, ચોપનિયાં જેવું નથી. આ ગ્રંથમાંથી ખરેખર ખૂબ પ્રેરણા મળશે અને આપણું જીવન બનશે. આપણું જીવન જે રીતે ઘડાવું જોઈએ તે રીતે ઘડાશે.

(તા. ૨૬/૩/૨૦૨૦, નેનપુર)

---

૧. આશીર્વાદનો આ ભાવાનુવાદ વીડિયોમાંથી સંકલિત કરાયો છે. મૂળ આશીર્વાદ સાંભળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

પ્રકાશકીય

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણના પાંચમા આધ્યાત્મિક અનુગામી અને વિશ્વવંદનીય સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય જીવનની વિસ્તૃત ગાથા વર્ણવતી આ ગ્રંથશ્રેણી આપના હાથમાં મૂકતાં આનંદ અનુભવાય છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એટલે જન્મજાત સાધુતાનું ગૌરીશિખર, જીવનભર અકિંચન રહી નિરંતરના પરિવ્રાજક ઓલિયા, પરાભક્તિ અને ગુરુ-ભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ, કરુણા અને પરહિતની અવિરત વહેતી ગંગા, બીજાના સુખ માટે જીવનની આહુતિ આપનાર, નિઃસ્વાર્થ ભાવનાની સાક્ષાત્ મૂર્તિ, સમત્વથી સૌ પર વરસતી સ્નેહની અનરાધાર વર્ષા અને ભારતીય સંસ્કૃતિના અજોડ જ્યોતિર્ધર. એમની ફોરમતી પવિત્રતામાં ભગવદ્ગીતાનું ગુણાતીતગાન ગુંજ્યા કરે. એમના સાન્નિધ્યમાં પરમાત્માની સુવાસ સહેજે મઘમઘે. કોઈ અધિકાર કે કંઈક હોવાનો કોઈ દાવો નહીં, કોઈ હક્ક કે માલિકીનો ભાવમાત્ર નહીં, 'હું કંઈક છું કે હું કંઈક કરું છું' એવા અસ્તિત્વની સભાનતા એમની નજીક પણ ફરકે નહીં. સદા સરળ. સદા સહજ. દંભ કે કોઈ દોર-દમામનો અંશમાત્ર નહીં. એક વિલક્ષણ અજોડ આર્ષદ્રષ્ટા અને અદ્વિતીય સર્જક-લોકસેવક હોવા છતાં અહંશૂન્યતાની જીવતી જાગતી પરાકાષ્ઠા. તેમના જીવનની પ્રત્યેક ક્ષણ ભગવાન સ્વામિનારાયણને ચરણે લોકહિત કે જનકલ્યાણ માટે સમર્પિત. શરીરની કોઈ ખેવના નહીં. હૃદય ઋજુતાથી અહોરાત્ર ધબકે, છતાં સહનશીલતાનો એમનાથી મોટો કોઈ પર્યાય નહીં. સૌમ્ય અને પ્રિય હિતકારી વાણી, પ્રેમ અને કરુણા વર્ષાવતી એમની નિર્મળ આંખો, રોમરોમમાં સદા પ્રફુલ્લિત એમની નમણી કાયા.

આ બધું આજે સાંભરે છે ત્યારે હૃદય ગદ્ગદ થઈ જાય છે. આ પૃથ્વી અને પૃથ્વી પર વસતા કરોડો લોકો સતત ૯૫ વર્ષ સુધી તેમના સાન્નિધ્યથી ધન્ય થતા રહ્યાં. આવા શબ્દાતીત-સમયાતીત-ગુણાતીત મહાપુરુષનું જીવનચરિત્ર શબ્દોમાં કંડારવું એનાથી મોટું કોઈ કપરું કામ નથી. આમ છતાં, આવનારી અનેક પેઢીઓને આ ગુણાતીત મહાપુરુષના દિવ્ય જીવનમાંથી સતત પ્રેરણા મળતી રહે તે માટે આ ગ્રંથશ્રેણી પ્રકાશિત કરતાં હર્ષ અનુભવાય છે.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની રોજનીશી લખનાર સંતોએ લખેલાં હજારો પૃષ્ઠો, હજારો હરિભક્તો અને સંતો દ્વારા લખાયેલા સ્વાનુભવોનાં હજારો પૃષ્ઠો, સ્વામિનારાયણ પ્રકાશનાં સામયિક વર્ણનો તેમજ અન્ય અનેક દૃશ્ય-શ્રાવ્ય માધ્યમોમાંથી મળતી સામગ્રીનું સંકલન કરીને આ ગ્રંથ તૈયાર કરવાનું ભગીરથ કાર્ય પૂજ્ય આદર્શજીવનદાસ સ્વામીએ કર્યું છે. એ વાતનો આનંદ છે કે વરિષ્ઠ સંતોના માર્ગદર્શન અને અન્ય સહાયક સંતોની મદદથી અનેક ભાગોમાં વહેંચાયેલું આ વિસ્તૃત જીવનચરિત્ર ખૂબ ઝડપથી આકાર લઈ રહ્યું છે. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી જ આ ગ્રંથ-શ્રેણી પ્રકાશિત થઈ રહી છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ પર્વે આ ગ્રંથશ્રેણી તેમને સૌથી મોટું અર્ઘ્ય બની રહેશે.

આ ગ્રંથશ્રેણી માત્ર પ્રમુખસ્વામી મહારાજના જીવનની ઝાંખી નથી કરાવતી, પરંતુ ભગવાન સ્વામિનારાયણના દિવ્ય સિદ્ધાંતો અને અક્ષરપુરુષોત્તમ દર્શન, સંપ્રદાયની અજોડ પરંપરા, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સુદીર્ઘ ઇતિહાસનું આચમન કરાવે છે. આ ગ્રંથશ્રેણી ભગવાન સ્વામિનારાયણ તેમજ ગુણાતીતાનંદ સ્વામીથી લઈને ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ પર્યંત વહેતી ગુણાતીત પરંપરાને એક વિનમ્ર ભાવાંજલિ છે. ભારતની વૈદિક ઋષિ-પરંપરાને એક ભાવવંદના છે. કારણ કે પ્રમુખસ્વામી મહારાજ એટલે એ બધાનો સાક્ષાત્ સરવાળો !!

આ ગ્રંથના સર્જનમાં ભક્તિપૂર્વક ખૂબ જહેમત લેનાર પૂજ્ય આદર્શજીવનદાસ સ્વામી, વરિષ્ઠ સંતો, સ્વામિનારાયણ અક્ષરપીઠના સંચાલક સંતો અને કાર્યકરો સહિત સૌનો હૃદયપૂર્વક આભાર. એ સૌ પર ભગવાન સ્વામિનારાયણ અને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની કૃપા નિરંતર વરસતી રહે એ જ અભ્યર્થના.

આવો, ભગવાન શ્રી સ્વામિનારાયણ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં ચરણે પ્રાર્થના કરીએ કે આ પરમ પવિત્ર જીવનગાથા યુગે યુગે સૌને પ્રમુખસ્વામી મહારાજના શાશ્વત અસ્તિત્વનો અનુભવ કરાવતી રહે.

– સ્વામિનારાયણ અક્ષરપીઠ
શરદ પૂર્ણિમા, સન ૨૦૧૮.

અનુક્રમણિકા

વિષય પૃષ્ઠ

અમૃતધારા-૧૨ :
હરિ હરિ રટન નિરંતર...

- **સન ૧૯૭૯**

સ્થિર ન ઠરે એક ઠાર ૧
સમ-વિષમે રહી એક મતિ ૨
નવધા ભક્તિ નેમ જુત ૪
બધા આપણા અને આપણે બધાના ૫
સમૃદ્ધિની કૂંચી ૭
આશા અને આશ્ચર્યનો વિષય ૮
આદિવાસીમાં અવિનાશી ૯
સામાન્ય અને વિશ્વમાન્યનો મેળ ૧૧
સાચે સદ્‌ગુરુ સોય ૧૨
કીર્તિ જાણે કલંકે ભરી ૧૩
હિતકારી ભારી સૌ જીવના ૧૪
પૂરે ભક્તના હૈયાની હામ ૧૫
પરકું પીડા ના કરે ૧૬
આપ-અપર ભાવ નથી ભાસતો ૧૭
પ્રભુપદ પ્રીત પ્રચંડ ૧૮
ધન્ય ધન્ય એની ભક્તિ ૧૯
ચિત્ત હરિસું લગ્યો ૨૦
માન તજી હરિ ભજે ૨૧
ક્ષુધા તૃષાને ન ગણે જ તેહ ૨૨
ભગતજીની દેરીએ સાર્ધ શતાબ્દીના ડંકા ૨૩
વડવાનળ સમ અતિ બળવંતા ૨૪

આ બાપો કશું જ નથી ૨૭
ત્યાગ-વૈરાગ્ય તને છે અતિ રે ૨૭
અક્ષરધામની ગાડીના પ્રવાસીઓ ૨૮
ભાવે નહીં હરિભક્તિ વિના ૩૦
નિષ્કામભાવે કરવી જ સેવા ૩૧
'ચિત્રકૂટ' કે ઘાટ પર દ્વિશતાબ્દીનો ઉદ્‌ઘોષ ૩૨
શિર સાટે કંઠી રાખવી ૩૩
અમે તો કિંકર આપના ૩૪
સગાંથી પણ સ્નેહ ઘણેરો ૩૫
એક યાદગાર સંધ્યા ૩૬
કેને દુઃખ ન દિયે કાંય ૩૭
...ત્યાં તો આવિયો દેશ નેપાળ ૩૮
આદિવારાહમાં અનાદિ અક્ષર ૩૮
પ્રભુભક્તિ ઉપર ઘણો ખ્યાર ૩૯
ખટમંડુનો ખટમીઠો પ્રવાસ ૪૦
પોખરા પ્રતિ પ્રયાણ ૪૨
પ્રાસાદિક બુટોલનગરમાં ૪૪
તપોભૂમિમાંથી લીલાભૂમિમાં ૪૫
આજ્ઞામાં ચરણામૃત આવી ગયું ૪૬
અલખના ઓલિયાને ખલકનો ખટકો ૪૭
અતિ પ્રસન્નવદન નિશદિન રહે ૪૯
સવળી સમજણના સોદાગર ૪૯
નિંદા સ્તવન સમાન જેહિ ૫૦
હરિભક્તસું રાખત પૂરન પ્યાર ૫૧
સંત વિના સાચી કોણ કહે ૫૨
સત્-યુગની એંધાણી ૫૩
પડદા પાછળની વાત ૫૪
બાળવિકાસની નૂતન ક્ષિતિજો ૫૫
સત્સંગ-સાગરની સમૃદ્ધિ ૫૬
દીનબંધુ છો દયાળ ૫૮
માથાં નમાવતું કાર્ય ૫૯

ગુણાતીત ને જગથી ઉદાસી ૬૦
એમાં બધું જ આવી ગયું ૬૦
મહિમા હરિજન તણો જાણે ૬૧
કરે પારમપાર પ્યાર ૬૨
આથમતાં અંધારાં ૬૩
ધર્મપિણામાંહિ નહીં અધૂરા ૬૪
તમે કરો છો ઉપકાર જેહ ૬૪
ભક્તવચ્છલ પ્રભુ ગરીબનિવાજ ૬૬
એવા કાર્યકરો તૈયાર કરવા કે ૬૭
મોક્ષદાયી મોટરલીલા ૬૮
કંકુના કણની કરકસર ૭૦
અમને તો આ જ શોભે ૭૧
ધર્મ ન લોપત લેશ ૭૧
કરુણા કરી જન ઉરમાં વસવું ૭૨
હાશ-હળવાશનું રહસ્ય ૭૩
શિક્ષણ-લક્ષણનો સમન્વય ૭૪
સહન કરવું તે તપ ૭૪
દીન કો દયાલુ દાની ૭૫
છો તો એક ને દિસો છો અનંત ૭૬
મૂકવું તે શૂરવીરનું કામ છે ૭૭
મોટાપુરુષ જીવને છોડતા નથી ૭૮
જીયકો હેત તુમહી હરિ જાનો ૭૯
ગુરુમહિમા ગાવત સદા ૮૦
મંદિર જ આપણું વન ૮૩
મારી પાછળ-પાછળ ચાલ્યા આવો ૮૪
ઊંઘમાંય આ જ વિચાર આવવા જોઈએ ૮૫
વા'લપ દેખાડે છે વળી વળી ૮૬
રક્ષાનું રહસ્ય ૮૭
દૃઢ નિષ્ઠા એટલે સમાધિ ૮૮
જેલથી મહેલ સુધી ૮૯
અતિશય ઉદાર એવો અખિલ જગતમાં અવર નથી દાતા ૯૦

એમાં નથી રંચકમાત્ર ભૂલ્ય ૯૩
આજ્ઞામાં બધું જ રહ્યું છે ૯૪
સાદા-સરળ શબ્દોની પ્રચંડ શક્તિ ૯૫
અમે લેવા નહીં, આપવા આવ્યા છીએ ૯૬
જેની મતિ અતિ મોટી ઘણી ૯૭
જેનો સ્નેહ સંપૂરણ સાચો ૯૯
આવો, અમે તૈયાર બેઠા છીએ ૧૦૧
હેત હૈયામાં નથી સામતું ૧૦૨
આ ત્રણ વાત ડાયરીમાં નોંધી લેવી ૧૦૩
અહોનિશ પ્રભુપદ અનુરાગી ૧૦૪
'એક નંબર'ની વાત્સલ્યવર્ષા ૧૦૫
નિત્ય નયો હરિજનસું પ્યાર ૧૦૬
આપણે સારું લાંભુ આવ્યું છે ૧૦૭
સમ વિષમે ભાવ સરખો ૧૦૮
એહ હેત કરે જેવું જીવને... ..... ૧૦૯
ભજે ભગવાનને ભલી ભાતે ૧૧૧
અભંગ રંગ રૂડો અંગ રહે ૧૧૨
સંત-સંત્રીના મિલનનું સત્ર ૧૧૩
અહીં અક્ષરધામ મળે ૧૧૪
કેવળ સંભાળ નહીં ૧૧૫
...તો કામ થાય ૧૧૬
ભાદરાની ભદ્ર સ્મૃતિઓ ૧૧૭
કરે ભાવથી શ્રીજીની ભક્તિ ૧૧૮
હવે ફરવામાં વાંધો નહીં ૧૧૯
સહે છે સંકટ શરીરમાં ૧૧૯
આ સેવા અક્ષરધામમાં લખાઈ ગઈ ૧૨૧
અમને કોઈ ભાર નથી ૧૨૧
રંગીલા રાજકોટમાં ભક્તિની ભરતી ૧૨૨
અક્ષરધામનું સુખ આવ્યું ૧૨૪
હરખ-શોકમાં નવ હસે-રુએ ૧૨૫
જૂનાગઢના જોગી મળી ગયા ! ૧૨૬

પામતા નથી હૈયે હાર.....૧૨૭
સદ્-વિદ્યા ભણો સર્વદા.....૧૨૮
હૈયાનું બહુ હેત દેખાડે.....૧૨૯
'અક્ષરધામ'ના શ્રીગણેશ.....૧૩૦
અપાર મોટા અગાધ મતિ.....૧૩૧
કષ્ટમાં પણ કરુણા.....૧૩૨
દેહથી અધિક દેવ.....૧૩૩
ક્ષણુક્ષણુએ ખબર રાખે ખરી.....૧૩૩
નિર્વૈર મે'ર મને ઘણી.....૧૩૫
માંદગીમાં મોજનો માહોલ.....૧૩૬
નથી કોઈ એવી ઉપમા એને દેવા જી.....૧૩૭

અમૃતધારા-૧૩
દુનિયાનાં દ્વારે દ્વિશતાબ્દીના દુંદુભિ

- **સન ૧૯૮૦**

કરીએ કરોડ વંદન.....૧૩૯
આરતી હડેડાટ ન ઉતારાય.....૧૪૦
અક્ષરધામ ભવ્ય બનાવવું છે.....૧૪૧
સમરથ ધૂળ ફાકે છે !.....૧૪૧
ઝટ જડે નહીં એવી રીત.....૧૪૨
કચવાટ નહીં, કિલ્લોલ.....૧૪૩
રાય ને રંક તે એક ઘાટે.....૧૪૪
મટી ગયું આપણું ભાગ્ય માઠું.....૧૪૫
સંત આ કલ્યાણકારી રે.....૧૪૫
ક્ષણ એક ખમી ન શકે, પીડા જન પોતા તણી.....૧૪૬
ઝોળીની આહ્લેક.....૧૪૭
પ્રભુ કી બડાઈ બડી.....૧૪૭
દરેક સુખી તો આપણે સુખી.....૧૪૮
બાપ જેમ પાળે બાળને.....૧૫૦
દાસના દાસ થઈ કરવાનું છે.....૧૫૧
મૂર્તિ એ જ મૂડી.....૧૫૧

બધા સંતો 'દર્શન' જ છે ને !.....૧૫૩
'દર્શન' અને જીવન જેઓમાં એક છે.....૧૫૪
'ગામધુમાડો બંધ'નો મૌલિક અર્થ.....૧૫૫
સારંગપુરમાં સાહિત્ય સંમેલન.....૧૫૬
જેથી કોયે જીવ નવ દુઃખાય જી.....૧૫૭
અપનો પર નહિ કોઉ.....૧૫૮
પ્રભુપ્રતાપ સેં હોત હૈ.....૧૫૮
આવવા-જવાનું છે જ નહીં.....૧૬૦
રંકને વા'લો રાય બનાવે.....૧૬૧
નિવાસી કર્યા બ્રહ્મમો'લના.....૧૬૨
મહોત્સવના માહોલમાં મસ્ત મુંબઈ.....૧૬૩
ધર્મમાં પણ છે દૃઢ મતિ.....૧૬૫
તેમની પાસે ભગવાન છે.....૧૬૬
હૈયે હિંમત ધરો, અને કરો ખરો ખેલ.....૧૬૬
સાગર જેવા દિલડાં જેનાં.....૧૬૮
મહારાજની મૂર્તિ સમા સ્વામી.....૧૬૯
આપણું કાંઈ છે જ નહીં.....૧૬૯
શિક્ષકસંહિતા.....૧૭૦
કલ્યાણકારી ક્રાંતિ.....૧૭૨
અવગુણ જનના ચિત્ત ન આણે.....૧૭૨
ક્ષમા ઘણી ક્ષોભે નહીં.....૧૭૪
લવલેશમાત્ર ભૂલ કદી ન કરે.....૧૭૫
સર્વે સદ્‌ગુણે સરખા જણાય.....૧૭૬
ધર્મે હાલવું, ધર્મે ચાલવું.....૧૭૭
વા'લો વે'લી કરે છે વા'ર.....૧૭૮
આ માથાકૂટ નહીં, ભક્તિ છે.....૧૭૯
માણસની કિંમતનો માપદંડ.....૧૮૦
આવુંય પૂછનારા આવે છે !.....૧૮૧
કાચો લોટ ખાઈને કરવા જેવું કામ.....૧૮૨
'અન્નપૂર્ણા'નું આગમન.....૧૮૩
ગાઉં મહારાજના ગુણ વળી.....૧૮૩

અંગ નથી આવતું અભિમાન ૧૮૪
સંત હેતે રો' છો સાવધાન ૧૮૬
નિરવિઘ્ન પડ્યું કામ પાર ૧૮૭
એક અજોડ અવસર ૧૮૮
સમતા સરલ સ્વભાવ ૧૮૯
નહીં હરિ બિન દૂજો ધ્યાન ૧૯૦
આ વસ્તુ રાખવી, રાખવી ને રાખવી ૧૯૦
એવા ગુણે મોટા જે મુનીશ ૧૯૨
આ કષ્ટ નહીં, સેવા કહેવાય ૧૯૩
દીનના બંધુ છો રે દીનદયાળ ૧૯૪
રાષ્ટ્રના વડાને શ્રીજીનો સંદેશ ૧૯૫
ગગનમાં ગુરુગુણની ગરબી ૧૯૬
મધ્યમાં મહારાજ ! ૧૯૭
તેવા તો આપ એક જ ! ૧૯૮
બકરીમાંથી સિંહ થઈ ગયા ! ૧૯૮
સંત અતિ અમળ અમોલ ૧૯૯
નિહાલ જો કીધા કંઈક કંગાલને ૨૦૦
નસીબમાં આવે તે ભોગવી લેવું ૨૦૧
આનંદની લહેર આવી ગઈ ૨૦૨
ત્રણેય સર્વોપરી ! ૨૦૩
હેતુ છો હરિજનના ૨૦૩
ન્યારી-પ્યારી રીત ૨૦૪
અમે અહીં બેસી રહેવા આવ્યા છીએ ? ૨૦૬
જગ સેં અધિક ઉદાસ ૨૦૭
થર થર ધ્રૂજત રહત ઇન્દ્ર મુનીંદ્રા ૨૦૭
સમા પર રે'વું સાવધાન ૨૦૮
હરિ-ઇચ્છાએ હરે ફરે ૨૦૯
દ્વિશતાબ્દીનો કળશ ચડ્યો ૨૧૧
સમદર્શી હૈ નામ તિહારો ૨૧૨
જગતસુખ જોયામાં નથી આવતું ૨૧૨
ભીતર રહ્યું નથી માન ૨૧૩

રાગ 'સુખિયો' વગાડીએ ! ૨૧૪
ચર્ચમાં ગૂંજ્યું 'સ્વામિનારાયણ' નામ ૨૧૫
દિલના દયાળુ અત્યંત ૨૧૬
જેને ઉર અતિ વૈરાગ્ય છે ૨૧૬
નિર્માની અહંતા મદ નાંહીં ૨૧૮
ધર્મે ખાવું, ધર્મે પીવું ૨૧૯
અન્નકૂટ વચ્ચે અનાસક્ત ૨૧૯
ચાર કલાકમાં ૨૬ વર્ષનું કામ ૨૨૦
આવી વાત મારે સંભળાય પણ નહીં ૨૨૧
આપણે સામાન્ય છે તે સારું છે ૨૨૨
હવે આંખો સાવ ગઈ ૨૨૩
સુખ અંતરે રે, સંત સાચા ભોગવે રે ૨૨૪
લંડનની વિશ્વધર્મ પરિષદ ૨૨૫
વિના ચમત્કાર, અહીં નમસ્કાર ૨૨૬
સારામાં સારું કાર્ય ૨૨૭
જા, તને ભગવાનની મૂર્તિ આપી ! ૨૨૮
ભક્તિભાવે ભર્યું છે ભીતર ૨૨૮
દેવળે ડંકા વાગે ૨૨૯
ફેન્ડ્ઝ હૉલમાં મિત્રાચારીનો માહોલ ૨૩૧
અમારા માનવંતા મહેમાન ૨૩૩
સુહૃદભાવનું શિખર ૨૩૩
ગજયાત્રા અને ગગનયાત્રાના સંગમે ૨૩૫
વિશ્વમાં પહેલી જ વાર ૨૩૬
મેલી તન સુખની તાણ ૨૩૮
પ્રૌઢ પ્રતાપ રહે ઉર પ્રભુકો ૨૩૯
ઘણો નેહ જણાવતા નાથ ૨૩૯
અમને તો આનંદ આનંદ થઈ ગયો ૨૪૦
'પ્રગટ બ્રહ્મસ્વરૂપ'ની પ્રતીતિ ૨૪૧
નાના રહેશો તો મોટા થશો ૨૪૧
સંબોધનોનું ભાન નહીં, સદ્‌ગુણોનો ભાર નહીં ૨૪૨
પરમેશ્વર પ્રત્યક્ષ એ છે ૨૪૩

સૌથી વધુ ગમતી વાત ૨૪૫
ઇચ્છે થાવા અછતું ઘણું ૨૪૫
ધર્મ મૂકી ન કરવું કાંઈ ૨૪૬
સુધ કરત હૈ સંત ૨૪૭
સત્યવચની સાધુ ૨૪૮
આપણે તો જે હોય તે ચાલે ૨૪૯
દેહપર્યંત ડોલવું નહીં ૨૪૯
ધર્મગુરુઓને ધર્મપુત્રનો સંદેશ ૨૫૦
ભવિષ્ય ભગવાનના હાથમાં ૨૫૧
તમારે આનંદ, અમારે પરમાનંદ ૨૫૧
ધરમ-પ્રવર્તક ધરમ પાળનારો ૨૫૨
'બાપા'નું બધું સારું જ હોય ૨૫૩
'પૅસિફિક' પ્રથમ વાર પાવન ૨૫૪
જેમ જનની નિત્ય જાળવે બાળ ૨૫૫
સ્નેહ-સાંકળે સાંકળ્યો હું ૨૫૬
નથી કોઈ વાતે રહી ખામી ૨૫૭
દ્વિશતાબ્દીના યજ્ઞમાં જાતનું બલિદાન ૨૫૯
જેટલું બંધન તેટલી મુક્તિ ૨૫૯
તનનું ન કરે જતન જી ૨૬૦
પ્રાણ થકી પિયુ પ્યારો રે ૨૬૧
સુષુપ્તિમાં પણ મર્યાદાભંગ ન ચાલે ૨૬૨
ગુણે સુરગુરુસમ ગંભીર ૨૬૩
કરે ભજન સદા સ્વસ્થ થઈ ૨૬૪
ધર્મે કરવો તન નિભાવ ૨૬૫
વૈરાગ્યે ચિત્ત વાસિત છે ૨૬૬
મારે કાને કથા અવિરામ હજો ૨૬૭
હરિભજન બિન, વૃથા ન ભરના શ્વાસ ૨૬૯
આ વિચારથી છૂટા પડી જવું ૨૭૦
અમને બહુ દુઃખ થયું છે ૨૭૧
એક રસપ્રદ સ્વાનુભવ ૨૭૨
મને કોઈ ટેવ પડે જ નહીં ૨૭૩

ભગતજી મહારાજ શાસ્ત્રીજી મહારાજ યોગીજી મહારાજ પ્રમુખસ્વામી મહારાજ મહંત સ્વામી મહારાજ

શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ
(પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી)
તથા તેમની ગુણાતીત ગુરુપરંપરા

જેનું વહન કરીને

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ભગવાન શ્રી સ્વામિનારાયણના

દિવ્ય પ્રગટ સાંનિધ્યનો અસંખ્ય લોકોને અનુભવ કરાવ્યો હતો...

પૂરણ ચંદ્ર સરીખું રે મુખડું...
પૂર્ણિમાના ચંદ્ર સમી શીતળતાના ધારક-વાહક સ્વામીશ્રીની લાક્ષણિક છબી...

'આ 'સ્વામિનારાયણ ચોક' એવું નામ જે કોઈ જાણે-અજાણે લેશે તેનું પણ કલ્યાણ થશે...'
– આ અભયવચન સાથે, દાદર, બી.એ.પી.એસ. મંદિર સામે આવેલા 'સ્વામિનારાયણ ચોક'નો અનાવરણવિધિ કરતા સ્વામીશ્રી...
(મુંબઈ, ૨૨-૩-૧૯૭૯)

વન-પર્વતોની
સઘન ભૂમિ નેપાળમાં
નીલકંઠવર્ણીનાં પ્રાસાદિક
સ્થાનોની દર્શનયાત્રાએ.
નીલકંઠવર્ણીના પગલે પગલે
સ્વામીશ્રી...
(મે, ૧૯૭૯)



જાનકી મંદિરમાં
પાવનકારી પગલાં કરી,
સ્વામિનારાયણીય ભગવી
આભાને નેપાળની ધરતી પર
પ્રસરાવતા સ્વામીશ્રી.
(જનકપુર, નેપાળ, ૨-૫-૧૯૭૯)

પોખરામાં સેતીગંગાને તીરે આવેલા નીલકંઠવર્ણીના પ્રાસાદિક શિવાલયના
દર્શનાર્થે પધારેલા સ્વામીશ્રી... (નેપાળ, ૫-૫-૧૯૭૯)

આ શિવાલયથી પશ્ચિમે ૧૭૩ કિ.મી. દૂર આવેલા શ્રીહરિના પ્રસાદિભૂત મુક્તિનાથ તીર્થને
દંડવત્ દ્વારા ભક્તિઅર્ઘ્ય અર્પણ કરતા સ્વામીશ્રી... (૫-૫-૧૯૭૯)



નીલકંઠવર્ણીના પ્રાસાદિક શિવાલયના આ સ્થાનમાં ઓટો રચવાનો સંકલ્પ કરીને વિવિધ સંકલ્પોની પરિપૂર્તિ માટે ધૂન કરતા સ્વામીશ્રી... (નેપાળ, ૫-૫-૧૯૭૯)

નીલકંઠવર્ણીના પાદસ્પર્શથી પાવન થયેલા બુટોલનગરના રાજાના મહેલના સ્થાનમાં દર્શનાર્થે પધારેલા સ્વામીશ્રી. પ્રાસાદિક મહેલના અવશેષો... (નેપાળ, ૬-૫-૧૯૭૯)



જમો થાળ જીવન જાઉં વારી...
ઠાકોરજીને ભક્તિભાવપૂર્વક
થાળ જમાડતા સ્વામીશ્રી...
(બુટોલનગર, નેપાળ,
૬-૫-૧૯૭૯)

'યુનો' દ્વારા ઘોષિત
આંતરરાષ્ટ્રીય બાળવર્ષ અને
બી.એ.પી.એસ. બાળ-પ્રવૃત્તિના
રજતજયંતી વર્ષ નિમિત્તે આયોજિત
આંતરરાષ્ટ્રીય બાળ મહોત્સવનો
બાળજ્યોત પૂજન દ્વારા
પ્રારંભ કરતા સ્વામીશ્રી,
સાથે મહંત સ્વામી.
(વલ્લભ વિદ્યાનગર, ૨૭-૫-૧૯૭૯)

સુમધુર બેન્ડવાદન સાથે આંતરરાષ્ટ્રીય બાળ મહોત્સવનો દબદબાપૂર્વક પ્રારંભ.
બાળકોનું અભિવાદન સ્વીકારતા સ્વામીશ્રી... (૨૭-૫-૧૯૭૯)

સ્વામીશ્રીની પ્રેરણાથી યોજાયેલા આંતરરાષ્ટ્રીય બાળ મહોત્સવ પર્વે
બાળકોની ભક્તિ-શક્તિને બિરદાવતા સ્વામીશ્રી... (૨૭-૫-૧૯૭૯)

મોરબીમાં થયેલી વિનાશકારી પૂર-હોનારત પ્રસંગે રાહત કાર્ય અંગે
પ્રશાસન અને સ્વયંસેવકો સાથે વિશદ વિમર્શ કરતા કરુણામૂર્તિ સ્વામીશ્રી... (મોરબી, ૨૨-૮-૧૯૭૯)

જેવી એ સંત કરે છે સા'ય રે, તેવી કોઈ થકી કેમ થાય રે...
અસરગ્રસ્તોની સંભાળ લેવા તત્પર વિમર્શરત સ્વામીશ્રીની લાક્ષણિક છબી... (મોરબી)

લશ્કરી અધિકારી શ્રી નરેશ એબોટની જીપ દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારમાં ઠેર ઠેર ફરીને
સૌને હૂંફ સાથે આશીર્વાદની લહાણ કરતા સ્વામીશ્રી... (મોરબી)

'આપણે સેવા કરી છે તે ભગવાનની સેવા છે. તેમાં અક્ષરધામનું સર્ટિફિકેટ મળશે.'
બી.એ.પી.એસ.ના સ્વયંસેવકોને આશીર્વાદ સાથે સેવાનું જોમ પૂરું પાડતા સ્વામીશ્રી... (મોરબી)

કાદવ-કીચડવાળી ભૂમિમાં ઘૂમતાં, પૂરગ્રસ્ત થયેલાં ઘરોમાં અનેક પરિવારોને રૂબરૂ મળીને આશીર્વાદ અને હૂંફ આપતા સ્વામીશ્રી... (મોરબી)

રાહતકાર્યમાં થતી રસોઈ અંગે અમૂલ્ય માર્ગદર્શન આપતા સ્વામીશ્રી,
સાથે ત્યાગવલ્લભદાસ સ્વામી.... (મોરબી)

રાહત રસોડામાં ઊંડો રસ દાખવીને
ભેદભાવ વિના સૌને ભોજન કરાવવાની પ્રેરણા આપતા સ્વામીશ્રી... (મોરબી)

પ્રેમની પ્રસાદી પીરસીને વહાલસોયા સ્વયંસેવકોમાં સેવાનું જોમ સીંચતા સ્વામીશ્રી...
(મોરબી)

'પૂરમાં અવસાન પામેલા સૌની સદ્‌ગતિ થાય અને જલદીથી બંધ બંધાઈ જાય...'
મચ્છુ ડેમ પાસે અસરગ્રસ્તોની સુખાકારી માટે ધૂન-પ્રાર્થના કરતા સ્વામીશ્રી... (મોરબી)

યજ્ઞપુરુષ સ્મૃતિમંદિરના નિર્માણમાં ગુરુભક્તિ અદા કરી રહેલા સ્વામીશ્રી...
(સારંગપુર, ૧-૧૦-૧૯૭૯)

યજ્ઞપુરુષ સ્મૃતિ મંદિરના આમલસારાના પૂજન દરમ્યાન શાસ્ત્રીજી મહારાજનાં જીવન અને કાર્યના ઐતિહાસિક દસ્તાવેજ સમા તામ્રપત્રનું સ્થાપન કરતા સ્વામીશ્રી... (સારંગપુર, ૧-૧૦-૧૯૭૯)



મુંબઈમાં શિખરબદ્ધ મંદિરનો મંગલ પ્રારંભ.
વેદોક્ત શિલાન્યાસ વિધિ કરતા સ્વામીશ્રી, સાથે મહંત સ્વામી... (તા. ૨૨-૧૧-૧૯૭૯)



મુંબઈ શિખરબદ્ધ મંદિરના
શિલાન્યાસ વેળાએ
ગર્તમાં નિધિકુંભનું સ્થાપન
કરતા સ્વામીશ્રી,
સાથે મહંત સ્વામી...
(મુંબઈ, ૨૨-૧૧-૧૯૭૯)

સ્વામીશ્રીની ૫૯મી જન્મજયંતી પ્રસંગે રાજકોટના રાજમાર્ગોને પાવન કરતી ભવ્ય શોભાયાત્રા...
'સંતસમ્રાટ' સ્વામીશ્રીનાં દર્શને ઊમટેલો ભક્ત-મહેરામણ... (૨૬-૧૧-૧૯૭૯)

શોભાયાત્રામાં બિરાજમાન ભજનલીન સ્વામીશ્રીનાં મનોહર દર્શન...
(રાજકોટ)

જન્મજયંતી પર્વે સૌ પર આશીર્વાદના મેઘ વરસાવતા સ્વામીશ્રી...
(રાજકોટ, ૨૭-૧૧-૧૯૭૯)



જન્મજયંતી મહોત્સવના
ભવ્ય સમારોહ વચ્ચે
હરિભક્તોના પત્રો વાંચી
તેમનાં દુઃખ ફેડતા
કરુણામૂર્તિ સ્વામીશ્રી...
(રાજકોટ)

૫૯મી જન્મજયંતી પ્રસંગે ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી ઉપક્રમે ઊજવાયેલ
પ્રતીક શ્રીહરિ જયંતી મહોત્સવ... (રાજકોટ, ૨૮-૧૧-૧૯૭૯)

ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી ઉપક્રમે યોજાયેલ પ્રતીક શ્રીહરિ જયંતીમાં
શ્રીહરિને પારણે ઝુલાવી ભક્તિ અદા કરતા સ્વામીશ્રી... (રાજકોટ)

ભગવાન સ્વામિનારાયણના
દિવ્ય જીવન-સંદેશને તેમજ
ભારતીય સંસ્કૃતિની ગરિમાને
વિશ્વભરમાં ગુંજાવનાર
અક્ષરધામ મહામંદિરનો
શિલાન્યાસ વિધિ...
શિલાન્યાસના ગર્તમાં
પંચરત્નના નિક્ષેપની સાથે
શ્રીહરિનાં અસ્થિપુષ્પો અને
'અક્ષરધામ' નિર્માણનો
હેતુ વર્ણવતો શિલાલેખ
સ્થાપતા સ્વામીશ્રી...
(ગાંધીનગર, ૧૪-૧૨-૧૯૭૯)

અક્ષરધામ મહામંદિરના શિલાન્યાસ સમારોહમાં મંચ પર બિરાજમાન સ્વામીશ્રી અને
મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ... (ગાંધીનગર)

ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી ઉપક્રમે આયોજિત 'અખિલ ભારતીય દર્શન પરિષદ'માં 'સ્વામિનારાયણ વૈદિક દર્શન'નો મહિમા સમજાવતા સ્વામીશ્રી... (અમદાવાદ, ૬-૨-૧૯૮૦)

ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી ઉપક્રમે ગુજરાતી સાહિત્યનું અનોખું 'જ્ઞાનસત્ર' સંમેલન. શ્રીહરિ પ્રેરિત મહાન સાહિત્ય સર્જનની પરંપરાને બિરદાવતા મૂર્ધન્ય સાહિત્યકારો... (સારંગપુર, ૨૩-૨-૧૯૮૦)

મુંબઈ શહેરમાં ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દીનો ઉદ્‌ઘોષ કરતી શોભાયાત્રામાં બિરાજમાન શ્રીહરિની પરાભક્તિમય સ્વામીશ્રી... (૨૪-૩-૧૯૮૦)

૧૯૯મા પ્રાગટ્યોત્સવે શ્રીહરિને ભક્તિભાવપૂર્વક અન્નકૂટ ધરાવતા સ્વામીશ્રી...
(મુંબઈ, ૨૫-૩-૧૯૮૦)



'શ્રીજીમહારાજે જે કાર્ય કર્યું છે તેના માટે આપણે જેટલું કરીએ એટલું ઓછું જ છે.'
દ્વિશતાબ્દી માટે સમર્પિત થવાની સૌને હાકલ કરતા સ્વામીશ્રી... (મુંબઈ, ૨૫-૩-૧૯૮૦)

સ્વામીશ્રીની પ્રેરણાથી ભગવાન સ્વામિનારાયણના વિસ્તૃત જીવનચરિત્રની શ્રેણી પ્રકાશિત થઈ.
વિસ્તૃત જીવનચરિત્રના લેખક શ્રી હર્ષદભાઈ દવેને આશીર્વાદ આપતા સ્વામીશ્રી... (મુંબઈ)

તૃતીય વિદેશયાત્રામાં આફ્રિકા ખંડમાં પ્રમુખસ્વામી મહારાજ તથા સંતમંડળનું આગમન.
કેન્યાની રાજધાની નૈરોબીમાં એરપોર્ટ ઉપર ભવ્ય સ્વાગત... (૮-૫-૧૯૮૦)

કેન્યાટા કોન્ફરન્સ હોલમાં 'ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી'નો ભવ્ય સમારોહ.
આકર્ષક મંચ પર બિરાજમાન સ્વામીશ્રી, સાથે અન્ય મહાનુભાવો... (નૈરોબી, ૧૦-૫-૧૯૮૦)



કેન્યાટા કોન્ફરન્સ હોલમાં 'ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી' ઉપક્રમે
સ્વામીશ્રીના સાંનિધ્યમાં સંતવૃંદની કીર્તન આરાધનાને માણતું આફ્રિકાનું વિશાળ ભક્તવૃંદ...

મેયર શ્રી નાથન કહારા દ્વારા સ્વામીશ્રીને અર્પણ થયેલું 'શહેરના શિરતાજ'નું સન્માન...
(કાઉન્સિલ ચેમ્બર્સ, નૈરોબી, ૧૩-૫-૧૯૮૦)

મેયરશ્રી, કાઉન્સિલરો તથા સંત-હરિભક્ત વૃંદ સાથે સ્વામીશ્રીનું વિરલ છબિદર્શન...
(સિટી કાઉન્સિલ હોલ, નૈરોબી, ૧૩-૫-૧૯૮૦)

મોંઘેરા મહેમાન સ્વામીશ્રીને મેયરની મોટરમાં વિદાયમાન...
(નૈરોબી, ૧૩-૫-૧૯૮૦)

રાજધાની નૈરોબીના રાજભવનમાં કેન્યાના રાષ્ટ્રપ્રમુખ શ્રી મોઈ દ્વારા સ્વામીશ્રીનું અભિવાદન...
અપંગો માટે રાષ્ટ્રપ્રમુખને આર્થિક અનુદાન અર્પણ... (સ્ટેટ હાઉસ, નૈરોબી, ૧૯-૫-૧૯૮૦)

કિકુયુ નર્સિંગહોમમાં ગરીબ-અપંગ આફ્રિકન બાળક પર વાત્સલ્ય વરસાવતા સ્વામીશ્રી.
સ્વામીશ્રીની વાત્સલ્યવર્ષાથી ખુશખુશાલ બાળક... (નૈરોબી, ૧૯-૫-૧૯૮૦)

કિકુયુ નર્સિંગહોમમાં આફ્રિકન દર્દી પર સ્નેહની અમીવૃષ્ટિ કરતા સ્વામીશ્રી.
સ્વામીશ્રીના આશીર્વાદથી ધન્યતાની અનુભૂતિ કરતા આફ્રિકન બંધુ... (નૈરોબી, ૧૯-૫-૧૯૮૦)

કોઈને દુખિયો રે દેખી ન ખમાય, દયા આણી રે અતિ આકળા થાય...
દયા-આશીર્વાદ વરસાવી આફ્રિકન દર્દીની પીડા માટે પ્રાર્થના કરતા સ્વામીશ્રી... (નૈરોબી)

એરપોર્ટ ઉપર મોમ્બાસાના મેયર શ્રી રજાબ સુમ્બા અને હરિભક્તો દ્વારા સ્વાગત...
(૨૦-૫-૧૯૮૦)



ભવ્ય સ્વાગતયાત્રામાં નૌકાકાર રથ 'ભવ જલ તારિકા'માં બિરાજમાન સ્વામીશ્રી...
(મોમ્બાસા, ૨૦-૫-૧૯૮૦)



'સહજાનંદ સિંધુ રે
આજ મારે ઊલટ્યા રે...
આ પ્રાપ્તિ થઈ છે તે
અનંત જન્મોનાં પુણ્યે પણ
મળે તેવી નથી...'
સમુદ્રવિહાર દરમ્યાન
મોમ્બાસામાં પ્રાપ્તિનું અદ્‌ભુત
નિરૂપણ કરતા સ્વામીશ્રી...

યુવકો દ્વારા પ્રસ્તુત કીર્તનભક્તિમાં સિતાર હાથમાં ધારણ કરીને
વિશિષ્ટ સ્મૃતિલાભ આપતા સ્વામીશ્રી... (મ્વાન્ઝા, ૧૮-૬-૧૯૮૦)

લંડનના વિખ્યાત રોયલ આલ્બર્ટ હોલમાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી પર્વે ભવ્ય સમારોહ. શ્રીહરિનાં ગુણગાન એકચિત્તે સાંભળતા સ્વામીશ્રી... (૨૨-૬-૧૯૮૦)

લંડનમાં ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દીનો ઉદ્‌ઘોષ. પ્રખ્યાત રોયલ આલ્બર્ટ હોલમાં વિશાળ ભક્તમેદની વચ્ચે સ્વામીશ્રીનું શાનદાર સ્વાગત... (૨૨-૬-૧૯૮૦)



બ્રિટિશ મંત્રી શ્રી રૂહોડ્ઝ બોયસન સહિત અનેક બ્રિટિશ મહાનુભાવોએ સ્વામીશ્રીને વધાવ્યા...
(રોયલ આલ્બર્ટ હોલ, લંડન, ૨૨-૬-૧૯૮૦)

પ્રેસ્ટનમાં ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દીનો ઉદ્‌ઘોષ...
શોભાયાત્રામાં બગીમાં બિરાજી દર્શનદાન દેતા સ્વામીશ્રી... (૨૫-૬-૧૯૮૦)

વેમ્બલી કોન્ફરન્સ સેન્ટર ખાતે સ્વામીશ્રીની છત્રછાયામાં યોજાયેલી વિશ્વ ધર્મ પરિષદમાં ઊમટેલી વિશાળ ભક્તમેદની... (લંડન, ૫-૭-૧૯૮૦)

વિશ્વ ધર્મ પરિષદના મંચ પર સ્વામીશ્રી સાથે વિવિધ ધર્મોના પ્રતિનિધિ ધર્મગુરુઓ...
(લંડન, ૫-૭-૧૯૮૦)

યહૂદીઓના ધર્મવડા રબાઇ ડો. ઇમેન્યુઅલ જેકોબીવિટ્સ સાથે સ્નેહસભર મુલાકાત....
(એડોલ્ફ ટક હોલ, લંડન, ૮-૭-૧૯૮૦)

લંડનમાં નિસડન મંદિરના ખાતમુહૂર્ત પ્રસંગે દબદબાપૂર્વક નીકળેલી શોભાયાત્રા.
ગજરાજ પર બિરાજમાન શ્રીહરિકૃષ્ણ મહારાજ સાથે સ્વામીશ્રી... (૨૦-૭-૧૯૮૦)

સેવકભાવની પરાકાષ્ઠા - છત્રપતિ બન્યા છત્રધારી.
વરસતા વરસાદમાં ઠાકોરજી પર છત્ર ધરી ભક્તિ અદા કરતા સ્વામીશ્રી... (લંડન, ૨૦-૭-૧૯૮૦)

નિસડન મંદિરની ખાતમુહૂર્ત વિધિમાં મગ્ન સ્વામીશ્રી...
(લંડન, ૨૦-૭-૧૯૮૦)



અમેરિકાની ધરતી પર ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દીના ઉદ્‌ઘોષનો પ્રારંભ કરતા સ્વામીશ્રી...
(ન્યૂયોર્ક, ૩-૮-૧૯૮૦)

અલગારી મસ્તીમાં અમૃત વહાવતા સ્વામીશ્રી...
(ન્યૂયોર્ક, ઓગસ્ટ, ૧૯૮૦)

વન મહોત્સવમાં સઘન હરિયાળી વચ્ચે સત્સંગની હેલી રેલાવતા સ્વામીશ્રી...
(બેર માઉન્ટેન પાર્ક, ન્યૂયોર્ક, ૬-૮-૧૯૮૦)

હિંચકાવશું હેત કરીને, સર્વે વારા ફેરી...
પ્રાણપ્યારા સ્વામીશ્રીને હિંડોળે હિંચકાવતા યુવકો... (બેર માઉન્ટેન પાર્ક, ન્યૂયોર્ક, ૬-૮-૧૯૮૦)

શિકાગોમાં ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી પર્વની ઉજવણીમાં
રીવર પાર્ક હોલમાં સ્વામીશ્રી સાથે મહામંડલેશ્વર સ્વામી શ્રી ચિન્મયાનંદજી... (૧૬-૮-૧૯૮૦)

કેનેડાના પ્રસિદ્ધ નાયગ્રા ફોલ્સ પારેની ફ્લોરલ ક્લોકને પાવન કરતા સ્વામીશ્રી...
યાત્રામાં સહભાગી સંતોની એક સ્મૃતિછબિ... (૮-૮-૧૯૮૦)



મોતિયાની શસ્ત્રક્રિયા માટે સ્વામીશ્રીની આંખોનું નિદાન કરતા ડો. હચિન્સન...
(બોસ્ટન, અમેરિકા, ૨-૯-૧૯૮૦)

આંખના મોતિયાની શસ્ત્રક્રિયા બાદ હોસ્પિટલમાં વિશ્રામલીલા...
(બોસ્ટન, અમેરિકા, ૬-૯-૧૯૮૦)



હું જીવું એને જોઈને, એ છે પ્રાણ મારા દેહમાં રે...
આંખોના ઓપરેશન બાદ પ્રાણપ્યારા ઠાકોરજીનાં દર્શનમાં લીન સ્વામીશ્રી... (બોસ્ટન, ૧૯૮૦)



'હરિકથા વિના
પળ નહીં જાવે...'
આંખોના ઓપરેશન બાદ
વિશ્રામલીલા દરમ્યાન
અખંડ કથાશ્રવણમાં મગ્ન
સ્વામીશ્રી...
(આર્લિંગ્ટન, ૧૯૮૦)

વડોદરામાં સ્વામીશ્રીના ૬૦મા જન્મ જયંતી મહોત્સવ(હીરક જયંતી)ની ધામધૂમપૂર્વક ઉજવણી. શોભાયાત્રામાં રથ પર બિરાજમાન સ્વામીશ્રીને વધાવતી વિશાળ ભક્તમેદની... (૧૪-૧૨-૧૯૮૦)

હીરક જન્મજયંતી પર્વે દેશ-વિદેશના લાખો હરિભક્તો વતી પુષ્પહાર અર્પીને સ્વામીશ્રીને વધાવતા મહંત સ્વામી... (વડોદરા, ૧૫-૧૨-૧૯૮૦)

હીરક જન્મજયંતી પ્રસંગે સ્વામીશ્રીનાં જીવન અને કાર્યને સન્માન પત્ર દ્વારા ભાવાંજલિ અર્પતા ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી... (વડોદરા, ૧૫-૧૨-૧૯૮૦)

ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ સ્થળ 'સ્વામિનારાયણ નગર'ની ભૂમિ પર, પ્રથમ સ્તંભ રોપીને મહોત્સવની ગતિવિધિનો પ્રારંભ કરતા સ્વામીશ્રી... (અમદાવાદ, ૨૬-૧-૧૯૮૧)

૨૦૦ એકરની વિશાળ ભૂમિ પર સર્જાયેલા 'સ્વામિનારાયણ નગર'નું શાનદાર ઉદ્‌ઘાટન. શ્રી રામાનંદાચાર્યજી તથા અન્ય મહાનુભાવો સાથે સ્વામીશ્રી... (અમદાવાદ, ૭-૩-૧૯૮૧)

'स्वागतं वो महाभागाः...' 'સ્વામિનારાયણ નગર'ના આંગણે અખિલ ભારત સાધુસમાજના સર્વે સંતોનાં ચરણે સ્વાગતોર્મિ વહાવતા સ્વામીશ્રી... (અમદાવાદ, ૮-૩-૧૯૮૧)

સતત ૩૭ દિવસ સુધી અવનવા ભક્તિસભર કાર્યક્રમોથી ગુંજતો રહેલો 'સહજાનંદ સભાગૃહ'.
સભાખંડમાં બિરાજમાન સ્વામીશ્રી અને ભક્ત મહેરામણ... (સ્વામિનારાયણ નગર, ૧૯૮૧)

'તમે બધાએ વચન અધ્ધર ઝીલ્યું છે. તમે લોયાનું ત્રીજું વચનામૃત સિદ્ધ કર્યું છે.'
૧૦,૦૦૦ સ્વયંસેવકોની મહિમાપૂર્વકની સેવાને બિરદાવતા સ્વામીશ્રી...
(સ્વામિનારાયણ નગર, અમદાવાદ, ૮-૪-૧૯૮૧)

કર્ણાવતીના આંગણે ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દીનો ઉદ્‌ઘોષ કરતી ભવ્ય શોભાયાત્રા.
વિરાટ મેદની વચ્ચે 'સંતસમ્રાટ' રથમાં બિરાજમાન સંતવિભૂતિ સ્વામીશ્રી... (૧૦-૪-૧૯૮૧)

ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવે અરણી મંથન દ્વારા દ્વિશતકુંડી મહાયજ્ઞમાં
પવિત્ર યજ્ઞ-અગ્નિનું પ્રાગટ્ય કરતા સ્વામીશ્રી અને કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી... (૧૧-૪-૧૯૮૧)

વખણાયો જગન એહ વાર, થયો જગતમાં જયજયકાર...
દ્વિશતાબ્દી પર્વે દ્વિશતકુંડી વિશ્વશાંતિ યજ્ઞમાં આહુતિ અર્પતા સ્વામીશ્રી...
(સ્વામિનારાયણ નગર, અમદાવાદ, ૧૧-૪-૧૯૮૧)

ઐતિહાસિક સુવર્ણ અવસર. શ્રીહરિના ૨૦૦મા પ્રાગટ્ય દિને ૨૦૦થીય વધુ નવયુવાનોએ
સ્વામીશ્રીનાં ચરણે જીવન સમર્પિત કરી ત્યાગનો પથ લીધો... (૧૨-૪-૧૯૮૧)

૨૦૦થી વધુ નવલોહિયા યુવાનોને ત્યાગના ઉજ્જવલ પંથે નવો જન્મ આપીને
દ્વિજ બનાવતા સ્વામીશ્રી...
(સ્વામિનારાયણ નગર, અમદાવાદ, ૧૨-૪-૧૯૮૧)

નાત-જાતના ભેદભાવ તોડીને એકસાથે ૨૦૬ કરતાં વધુ યુવાનોને ત્યાગાશ્રમની દીક્ષા આપીને ભગવાન સ્વામિનારાયણે રચેલા ઇતિહાસનું પુનરાવર્તન કરતા સ્વામીશ્રી... (૧૨-૪-૧૯૮૧)

'આવા સંતો હજારોને ધર્મના માર્ગે ચડાવશે...'
૨૦૦થી વધુ નવયુવાનોને દીક્ષા આપતા સ્વામીશ્રી... (૧૨-૪-૧૯૮૧)

'ભગવાન પ્રગટ હતા, છે અને રહેવાના છે. આ વાતાવરણ, પ્રસંગ જીવનમાં યાદ રહેશે તેને અક્ષરધામની પ્રાપ્તિ થશે.' – દ્વિશતાબ્દી મહોત્સવની ચરમસીમાએ આશીર્વર્ષા... (૧૨-૪-૧૯૮૧)

૨૦૦મા પ્રાગટ્યોત્સવની ચિરંતન પળ.
ભગવાન સ્વામિનારાયણને ૨૦૦ દીવાની મહાઆરતીનું અર્ઘ્ય અર્પતા સ્વામીશ્રી... (૧૨-૪-૧૯૮૧)

પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણના ૨૦૦મા જન્મોત્સવનો બ્રહ્માનંદ.
સ્વયં હાથમાં કરતાલ ગ્રહી શ્રીહરિના પ્રાગટ્યને પરાભક્તિથી વધાવતા સ્વામીશ્રી... (૧૨-૪-૧૯૮૧)

ભાગવત રસજ્ઞ શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજી, આફ્રિકન મંત્રી શ્રી કર્યુકી, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વગેરે સાથે શ્રીહરિને પારણે ઝુલાવી શ્રીહરિની ભક્તિમાં લીન થયેલા સ્વામીશ્રી... (૧૨-૪-૧૯૮૧)

સારંગપુરમાં યજ્ઞપુરુષ સ્મૃતિમંદિરનો ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ...
(૧૯-૪-૧૯૮૧)

યજ્ઞપુરુષ સ્મૃતિમંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉપક્રમે 'વિશ્વશાંતિ મહાયજ્ઞ'.
વેદોક્ત વિધિમાં રત સ્વામીશ્રી, સાથે પૂજ્ય સંતવલ્લભદાસ સ્વામી... (સારંગપુર, ૧૮-૪-૧૯૮૧)

પ્રતિષ્ઠા મહોત્સવ ઉપક્રમે સારંગપુર તીર્થધામમાં નીકળેલી શોભાયાત્રામાં
સંતો-પાર્ષદો-ભક્તોનો વિશાળ સમુદાય... (૧૮-૪-૧૯૮૧)

પ્રતિષ્ઠાવિધિ પૂર્વે
શાસ્ત્રીજી મહારાજની મૂર્તિનો
પંચામૃતથી અભિષેક કરીને
ગુરુભક્તિ અદા કરતા સ્વામીશ્રી...
(સારંગપુર, તા. ૧૯-૪-૧૯૮૧)

પ્રાણપ્રતિષ્ઠાવિધિ બાદ ગુરુચરણે ભાવઅર્ઘ્ય સાથે પ્રાર્થના અને શુભ સંકલ્પો કરતા સ્વામીશ્રી...
(૧૯-૪-૧૯૮૧)

'આ પ્રસંગ યાદ રહેશે તેને અંતકાળે શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ દર્શન દેશે.'
અલૌકિક મોજમાં આશીર્વાદ પાઠવતા સ્વામીશ્રી... (૧૯-૪-૧૯૮૧)

બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના સાર્ધ શતાબ્દી મહોત્સવે મહુવામાં ભવ્ય સમારોહ.
ભક્તમેદની વચ્ચે શોભાયાત્રામાં બિરાજમાન સ્વામીશ્રી...

મુંબઈમાં
ખંભાલા હિલ હોસ્પિટલમાં
તા. ૮-૯-૧૯૮૧ના રોજ
ડો. અમૃતભાઈ આર. પટેલે
સ્વામીશ્રીનું ગોલ બ્લેડરનું
ઓપરેશન કર્યું.
ઓપરેશન બાદ ટાંકા તોડતા
ડો. એ. આર. પટેલ.
(મુંબઈ, તા. ૧૭-૯-૧૯૮૧).



'કીરતનથી ગાજી રહ્યું ગામ, જોવા લોક મળ્યા ઠામોઠામ...'

સ્વામીશ્રીની ૬૧મી જન્મજયંતી પ્રસંગે નીકળેલી શોભાયાત્રાનું એક દર્શન... (આણંદ, ૪-૧૨-૧૯૮૧)



૬૧મા જન્મજયંતી પર્વે સૌ પર આશીર્વચનની હેલી વેરાવતા સ્વામીશ્રી...

(આણંદ, ૫-૧૨-૧૯૮૧)

૬૧મા જન્મજયંતી પર્વે મહાનુભાવોના ગુણાનુવાદ વચ્ચે ભક્તિરત સ્વામીશ્રી...
(આણંદ, ૫-૧૨-૧૯૮૧)

૬૧મી જન્મજયંતી પર્વે ગુરુહરિને વધાવવા ઊમટેલી ભક્તમેદની...
(આણંદ, ૫-૧૨-૧૯૮૧)

અરબસ્તાનમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજનું પદાર્પણ. નૂતન સત્સંગ ભવનમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ...
(હોરલેન્સ, દુબઈ, ૧૯-૩-૧૯૮૨)

આવ્યા રણ મધ્યે અવિનાશ... શ્રીહરિકૃષ્ણ મહારાજ સાથે રણભૂમિને પાવન કરતા સ્વામીશ્રી...
(યુ.એ.ઈ., ૨૦-૩-૧૯૮૨)

'અહો! ધન્ય ધન્ય ભાગ્ય આ ભૂમિનાં...' છપૈયાનાં પ્રાસાદિક સ્થળોની યાત્રાએ
ઘનશ્યામ પ્રભુની સ્મૃતિ-ભક્તિમાં રત સ્વામીશ્રી... (૨૫-૧૦-૧૯૮૨)

અયોધ્યામાં
શ્રીરામ જન્મભૂમિના દર્શનાર્થે
પધારેલા સ્વામીશ્રી.
રામ જન્મભૂમિની મુક્તિ માટે
શ્રી રામલલા સમક્ષ
પ્રાર્થના કર્યા પછી
બહાર બેઠેલા સ્વામીશ્રી...
(૨૪-૧૦-૧૯૮૨)

હનુમાનગઢી, સીતાભવન, કનકભવન વગેરે અયોધ્યાનાં પ્રસિદ્ધ તીર્થસ્થાનોની
મહિમાપૂર્વક દર્શનયાત્રા કરતા સ્વામીશ્રી... (૨૪-૧૦-૧૯૮૨)

અયોધ્યાની પ્રસિદ્ધ છોટી છાવણીમાં મહંત શ્રી નૃત્યગોપાલદાસજી, પરમહંસ રામચંદ્રદાસજી
વગેરે સંતો સાથે શ્રીરામ જન્મભૂમિ મંદિર અંગે વિમર્શ કરી રહેલા સ્વામીશ્રી... (૨૪-૧૦-૧૯૮૨)

અક્ષર મંદિર, ગોંડલમાં ભવ્ય પ્રવેશદ્વાર રચવાના યોગીજી મહારાજના સંકલ્પને પૂર્ણ કરતા સ્વામીશ્રી.
રેશમી પડદાથી આવૃત્ત અક્ષરદ્વારને અનાવૃત્ત કરતા સ્વામીશ્રી... (૩૧-૧૦-૧૯૮૨)

'અક્ષરદ્વારના ટાવરના ડંકા વાગશે ને તે જે સાંભળશે તેનું પણ કલ્યાણ થશે...'
અક્ષરદ્વારના ઝરૂખેથી અક્ષર-અમૃત વહાવતા સ્વામીશ્રી... (ગોંડલ, ૩૧-૧૦-૧૯૮૨)

ભાવનગરમાં સ્વામીશ્રીનો શાનદાર દ્વરમો જન્મજયંતી મહોત્સવ. મહોત્સવના ઉપક્રમે શહેરના રાજમાર્ગો પર નીકળેલી શોભાયાત્રામાં મયૂરાકાર રથમાં બિરાજમાન સ્વામીશ્રી... (૨૪-૧૨-૧૯૮૨)



'શ્વાસોશ્વાસ ભજન રટ લાગી, તૂટ ન દેત દોરા...'
શોભાયાત્રામાં કરતાલ વગાડી ભજનરસમાં આનંદલીન સ્વામીશ્રી... (ભાવનગર, ૨૪-૧૨-૧૯૮૨)

દરમી જન્મજયંતીએ ભાવનગરની ભાવોર્મિને પુષ્પાંજલિ દ્વારા વિનમ્ર ભાવે સ્વીકારતા સ્વામીશ્રી...
(૨૪-૧૨-૧૯૮૨)

જન પાળો છો બહુ પેર ૨૭૩
અભય વરદાન ૨૭૪
સર્વે કામ ધર્મે કરવાં ૨૭૫
આત્યંતિક પ્રલય કરીને બેઠા છીએ ૨૭૬
ચિત્તે નહીં કશી વસ્તુ ચહે છે ૨૭૭
શ્રુતવાનમાં સૌથી સરેશ ૨૭૮
નિત્ય દેહ દમે છે દાસ ૨૭૯
ભક્ત-સંતો ત્યાં સારું વાતાવરણ ૨૮૦
લાજવાબ સાદગી ૨૮૧
ગમગીનીમાં પડઘાતી ગુરુભક્તિ ૨૮૨
પીઝાનો પ્રેમ, ઉપવાસનો નેમ ૨૮૩
અતિશે નિરમાનને ગ્રહ્યું ૨૮૪
દેખે દેહ અનિત્યજી ૨૮૫
જગત ભુલાઈ જાય તે રાસ ૨૮૬
પડી પડી પણ ભાંગી નહીં ૨૮૭
મારો મટી સ્વામીબાપાનો થજે ૨૮૭
આવા સંત તણી બલિહારી ૨૮૯
ભગવાન ભજાય છે કે ભુલાય છે ? ૨૮૯
પ્રામાણિકતાનો પર્યાય ૨૯૦
ભગવાન સાથે હંમેશા વાત ૨૯૧
રહ્યા હરિમાંહિ ગુલતાન ૨૯૧
પ્રથમ દા'ડે જ વિદાયની વેળા ! ૨૯૨
ઇચ્છા છે જ ! ૨૯૩
નિર્દોષ અંતઃકરણનો એક્સ-રે ૨૯૪
અહીં તો વંદન જ હોય ૨૯૫
દેશમાં જરૂર પધારજો ૨૯૬
મારી ભૂલોના ભૂલનારા ૨૯૭
ભાવે કરી ભોગવિયે દુઃખ ૨૯૮
અખંડ ભજે છે અવિનાશીને ૨૯૯
નિરધાર ન થાય અપાર છે એવા ૩૦૦
પ્રથમ તુલાવિધિ ૩૦૧

અક્ષરધામમાં અમે આગળ થઈશું.....૩૦૩
સાત સમંદર પાર.....૩૦૪
મહિમા તેનો ઘણો છે મોટો.....૩૦૬
આનું નામ સંસાર !.....૩૦૬
એક ભક્તિ ભાવી ભગવાનની.....૩૦૮
મહોત્સવનો માંડવો નંખાય છે.....૩૦૯
હીરક જયંતી મહોત્સવ.....૩૦૯
તમે બધા મને આશીર્વાદ આપો.....૩૧૦
ચિંતામુક્ત કરતી ચિંતામણિ.....૩૧૧
મર્યાદા-ભંગની બળતરા.....૩૧૨
સનાતનધર્મ-સમ્રાટ.....૩૧૩
...એટલે ઊભો થઈને બોલું છું.....૩૧૪
સવાયા સૌજન્યના સ્વામી.....૩૧૫
સોળ આની સત્પુરુષ જોઈએ.....૩૧૬

અમૃતધારા-૧૪
સમૈયો તે થયો ઘણો સારો

- **સન ૧૯૮૧**

નવું વર્ષ, નવી દિશા.....૩૧૮
ભગવાન માટે માથાં કુરબાન છે.....૩૧૯
પ્રીતિ અપાર સરવોત્તમ છે તમારી.....૩૨૦
રોગ સમ જાણે ભોગજી.....૩૨૧
એક જ રીતિ ને એક જ નીતિ.....૩૨૧
નાની પણ નોંધનીય ઘટના.....૩૨૨
મરેંગે પણ ભગવાનને રાજી કરેંગે.....૩૨૨
ભક્ત-આધીન છે સંત સુંદર સદા.....૩૨૪
નવી ભાત પાડતો ધર્મ.....૩૨૫
ભક્તના મન તણો ભાવ જાણે.....૩૨૬
ફરે દયાળુ સરવે દેશ.....૩૨૭
અવગુણ ન જુએ અર્ભના.....૩૨૮
ત્રણેયનું એક સ્વરૂપ.....૩૨૯

મારા ભાગ્યમાં ગરમ ખાવાનું લખ્યું જ નથી !.....૩૩૧
ભગવાન હમેશ ભાવથી, ભજતાં રોજ નવીન લા'વથી.....૩૩૧
મને ઊભો કરો !.....૩૩૨
સર્વદા સુખિનઃ સન્તુ.....૩૩૩
દલે દયા અત્યંતજી.....૩૩૪
આ બ્રહ્મજ્ઞાન ખોટું છે.....૩૩૫
મંદિરમાં કંટાળો આવે તે તો અધમ.....૩૩૭
આવું તો પહેલી જ વાર થાય છે...!.....૩૩૭
અવનીથી અક્ષરધામનો અર્ચિમાર્ગ.....૩૩૯
અડગ આસ્થાની આધારશિલા.....૩૪૩
રજ રજમાં મહારાજ.....૩૪૪
હર્ષ-શોક નહીં લેશ.....૩૪૫
સંતસમાજના શિરતાજ છો.....૩૪૬
હૃદય સમ્રાટ પર મુગ્ધ સાધુ સમાજ.....૩૪૭
જગજીવન સ્વજન વિઘન હરે.....૩૪૯
જેને ગીતાજી ગાય છે પોકારી રે.....૩૫૦
સંતજન વાવે તેમાં શમણું.....૩૫૧
માણસ માણસે ઝઘડવું નહીં.....૩૫૨
આપે પરને માન તે ઘણું.....૩૫૩
અંધારા વચ્ચે જ્યોતિ ઝગે છે.....૩૫૪
વિશ્રામ છો વા'લા વસમે સમે.....૩૫૬
ત્રણે કાળનું તમને છે જ્ઞાન.....૩૫૮
આવનાર ગુણ લેશે તો સેવા.....૩૫૯
આ સરકારથી ન થાય.....૩૬૧
અહો આપણાં ભાગ્ય અપાર.....૩૬૨
કારાવાસીઓ દ્વારા 'મુક્તિ'નાં ગાણાં.....૩૬૪
શ્રીજીમહારાજ પરોક્ષ નથી.....૩૬૫
બાળકો તરફ ઉપેક્ષા ન રહે તે વિનંતી.....૩૬૬
આ મહાન ઉત્સવ જગતના ઈતિહાસમાં લખાશે.....૩૬૭
પ્રમુખસ્વામીની દયાનો પ્રતાપ.....૩૬૯
સ્ત્રી-ઉત્કર્ષના હિમાયતીને ભક્તિઅર્ઘ્ય.....૩૭૦

આ યુગની મોટી બક્ષિસ ૩૭૧
ભગવાન પ્રગટ હતા, છે અને રહેવાના ૩૭૨
અમારી પ્રાર્થના કામ કરે જ છે ૩૭૪
કાળના લલાટ પર અમીટ તિલક ૩૭૫
યે સંતન હૈ પર-ઉપકારી ૩૭૬
યજ્ઞપુરુષને દ્વાર નોબત વાગે છે ૩૭૭
અસમર્થપણું સમજવું જ નહીં ૩૭૯
જે રાજ્ય ન કરે તે સ્વામીશ્રી કરે છે ૩૮૦
સમતા-સૌજન્યનો સ્વાદ ૩૮૦
અહીં જગત ભુલાઈ જાય છે ૩૮૧
સ્વામીબાપાએ કાર્ય કરાવ્યું છે ૩૮૨
મેં તો કેવળ ખુરશી શોભાવી છે ૩૮૩
'નગર'ની ભૂમિ પર અંતિમ પદાર્પણ ૩૮૪
સહે ઉપહાસ જગ કેરી ૩૮૪
કરે ભક્તિ અતિ ધરી ભાવ ૩૮૬
મૂર્તિ અંદર ઘડાતી જાય છે ૩૮૭
સુખ ન ઇચ્છે તે સંસારનું ૩૮૮
આવી લીલા અહીં થયેલી ૩૮૮
સત્સંગની સેવાથી સાંસારિક સુખાકારી ૩૯૦
નિષ્ઠાની નિશાની ૩૯૧
જોડ્ય નથી જડતી જગમાંયે જોતે ૩૯૧
જેમ ફેરવે તેમ ફરે તે 'સેટ' ૩૯૨
સાધુતાની સુવર્ણમુદ્રા ૩૯૩
સુખ કરે ને દુઃખ હરે ૩૯૩
મહારાજના મોકલેલા ૩૯૫
નખી તળાવને કિનારે ૩૯૭
આજ્ઞારૂપી ભભૂતિ લગાવવી ૩૯૮
ધર્મે થાય તે ઠીક છે ૩૯૮
ગુરુશિખર પર ૩૯૯
નિત્ય નિત્ય સભા ભરે સ્વામી ૪૦૦
ભગવાન આપણા ને આપણે ભગવાનના ૪૦૨

તમને જુદું કેમ મનાય છે ?.....૪૦૩
મોટામાં મોટો યાદગાર પ્રસંગ.....૪૦૪
સેવાનો અકબંધ ઉમંગ.....૪૦૫
આપણી સાધના એટલી કે.....૪૦૬
આપ અમારા માથાના મુગટ જેવા છો.....૪૦૭
આનું દોડ્યું લેખે લાગી ગયું.....૪૦૮
ભગવાંમાં શું જાદુ ભર્યો !.....૪૦૯
ગણિત બહારનું વિચરણ.....૪૦૯
સચિવાલય પ્રમુખસ્વામીને સોંપી દેજો.....૪૧૦
બુદ્ધિથી પરની આ વાતો છે.....૪૧૧
ગુણાતીત દ્વિશતાબ્દીનું બીજારોપણ.....૪૧૩
પ્રીતે પાળે પુત્ર જાણી.....૪૧૪
હેત-હિસાબના ચોપડા.....૪૧૬
મારો પહેલેથી ધ્યેય હતો કે... .....૪૧૬
આજ્ઞા એ જ સાક્ષાત્કાર.....૪૧૮
ભગવાન ધારે તેમ સત્સંગ કરાવે.....૪૧૯
મળ્યા હરિ મુખોમુખ.....૪૨૦
મારા મનનું ધાર્યું ન થાય.....૪૨૧
ભક્તિ-ભાષ્યોનું ભણતર.....૪૨૨
મંડી પડે તો બધું થાય.....૪૨૩
...આવતો નથી વળી અંત.....૪૨૪
તનને રાખ્યું છે તપમાં.....૪૨૬
અદ્‌ભુત... અદ્‌ભુત... .....૪૨૭
સર્વકર્મ-સમર્પણની સોનેરી શીખ.....૪૨૭
અવ્યવસ્થામાં પણ સુવ્યવસ્થા.....૪૨૯
અનોખો પરોપકાર.....૪૩૦
બંનેનું અપમાન કરવા જેવું.....૪૩૧
ઘર કરતાં મંદિર અધિક છે.....૪૩૨
તપ-તબિયતની જુગલબંદી.....૪૩૩
દિવાળીબાનો અક્ષરવાસ.....૪૩૪
ભગવાનનું કાર્ય ન કરીએ તો 'ડિસમિસ'.....૪૩૪

પ્રસાદની સ્મૃતિ, સ્મૃતિનો પ્રસાદ.....૪૩૫
આજ્ઞા અને આત્મબુદ્ધિથી આગેકૂચ.....૪૩૬
પ્રભુ વિના બીજું ન ભજે ભૂલ્યે.....૪૩૭
બ્રહ્મરૂપ હોય હરિ ભજે.....૪૩૮
ભગવાન હતા તે ભગવાન આપ્યા.....૪૪૦
લોક-સુખ તે લેખે નહીં.....૪૪૧
તમારા માટે શું કરી નાંખીએ ?.....૪૪૨
જેમ પડે એને પાધરું.....૪૪૩
ગાદી ખાલી માને તો વિધવા.....૪૪૪
સાધુનું માહાત્મ્ય ગણે ઉમંગે.....૪૪૫
ગુણાતીત દ્વિશતાબ્દીના શ્રીગણેશ.....૪૪૫
અસફળતામાં પણ સફળતા સમજવી.....૪૪૭
એક માણવાલાયક ઘટના.....૪૪૮
'You all go in puja' (તમે સૌ પૂજામાં જાઓ).....૪૪૮
કરે સેવકની સા'ય.....૪૪૯
લખેલું લેખે લગાડવું.....૪૫૦
પહેલી વારની સમજફેર !.....૪૫૦
રહે અખંડ ભજને અનુરાગી.....૪૫૧
લીલા લોયા ગામની.....૪૫૩
તાન જન પોતાના પાળવા.....૪૫૪
અહીં સિવાય કોઈ જગ્યાએ મોક્ષ નથી.....૪૫૫
સમ તેહિ માન-અપમાન.....૪૫૭
એકમાં બધું આવી ગયું.....૪૫૮
'લગરીક' મજાની વાત.....૪૫૯
ન ભણ્યા કે ભૂલ્યા શું નકાર ?!.....૪૬૦
ગંગાજી જેવા જ ઉદાર એ છે.....૪૬૨

અમૃતધારા-૧૫
મેઘ જેવા સહુના સુખધામ

• સન ૧૯૮૨
સિદ્ધાંતોમાં સમાધાન ન હોઈ શકે.....૪૬૪

પતિતપાવન પ્રગટ્યા અમ કારણે રે.....૪૬૫
રાખતાં નથી આળસ રજે.....૪૬૬
પક્ષના પંથના પ્રવાસી.....૪૬૭
આ નવું નથી.....૪૬૮
એ તો સ્થાનક છે તીર્થરૂપ રે.....૪૬૯
સ્વામિનારાયણ સંપ્રદાયનું રત્ન.....૪૭૦
ધાર્યો ધર્મ તે મૂકવો નહીં.....૪૭૧
ભક્ત-ભગવાનને ભૂલે નહીં.....૪૭૨
...તો જવાબદારી મારી.....૪૭૩
નટપુરમાં નટવરની પ્રતિષ્ઠા.....૪૭૪
સૌને આપે હિત ઉપદેશ.....૪૭૫
પ્રેમ જળે સૌનાં હૈયાં ભરીયાં.....૪૭૭
મર્યાદા-મદદનું બેનમૂન સંતુલન.....૪૭૮
કરે ગમતાં કાજ જનમનનાં.....૪૭૮
ભાવે ભરી કરે ભગતિ.....૪૭૯
આજ જનનાં કરો છો કાજ.....૪૮૦
તમે દયાનિધિ છો દયાળ.....૪૮૨
ભક્તિ હરિની કરે ભલી ભાંતે.....૪૮૨
જતાંય નથી ને આવતાંય નથી.....૪૮૪
અમંગળ કરે દૂર.....૪૮૫
સત્સંગ સાચવવો એટલે શું ?.....૪૮૬
રેગિસ્તાન બન્યું ગુલિસ્તાન.....૪૮૭
સંશયભેદક સાધુતા.....૪૮૯
એક જ વાત ચાલી આવે છે.....૪૮૯
અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ.....૪૯૦
કરત અમંગલ નાશ હો.....૪૯૧
મોટપના માપદંડ.....૪૯૨
હું પણ 'વૉલેન્ટીયર' છું.....૪૯૨
અક્ષરધામમાં છે તે જ અહીં છે.....૪૯૩
જેણે તજી છે સ્વાદની પ્રીત.....૪૯૩
બધા જ પ્રમુખ, બધા જ સેવક.....૪૯૪

છીએ, છીએ ને છીએ ૪૯૪
સ્નેહ-સમજણની સ્પર્ધા ૪૯૫
સરળ-કોમળ સંત ૪૯૬
યુવકોની પ્રથમ ફરજ સેવા ૪૯૬
...તે માટે આ મંદિર કરીએ છીએ ૪૯૭
...નથી સાંભળ્યા સાચું કહીજે ૪૯૮
કરવા જેવું એક કામ ૪૯૯
પ્રેમનું પ્રયાગ ૫૦૦
ટળે નહીં એવી ટેવ પડી ૫૦૧
સ્વાદ અસ્વાદની મૂકી આશ ૫૦૨
વારે વારે શું સન્માન ? ૫૦૩
સંત-સત્સંગીની સંગતના પ્યાસી ૫૦૪
આ અભિષેક બોચાસણ પહોંચે છે ૫૦૫
નિરમાની અતિ નેક ૫૦૬
બોચાસણમાં આવી બિરાજ્યા ૫૦૬
પ્રમુખસ્વામી એક સંસ્થા ૫૦૮
જયંતી બે પ્રકારે ઊજવાય ૫૦૯
કૃપાનિધિ કરુણાના ધામ ૫૧૦
જાણો જન સમર્થ શ્રી ભગવાન ૫૧૧
ભગવાન ભજે તે મોટો ૫૧૨
સત્યની સાચી સમજ ૫૧૪
જેવી રીતે ટેવાવું હોય તેવી રીતે ટેવાય ૫૧૪
સત્પુરુષમાં બંધાવું ૫૧૬
આપણો દેશ અક્ષરધામ ૫૧૭
રસના સદા હરિગુન ગાત ૫૧૮
રથ બેસી ચાલ્યા અતિ રીઝમાં ૫૧૯
ત્યાગ-વૈરાગ્ય તનમાં બહુ રે ૫૧૯
...તો આત્મા નબળો પડી જાય ૫૨૦
પ્રગટ પ્રમાણ હરિ પદ પ્રીતિ ૫૨૧
બધામાં એક જોમ રહે એવો ઉઠાવ કરવો છે ૫૨૨
હજારો વર્ષ સુધી આ વાત ચાલે તેમ કરવું ૫૨૪

નવ જુએ જનની કરણી.....૫૨૫
કેવળ ભગવાનનો જ આનંદ.....૫૨૬
પૂરે છે નિજ જનની હામું.....૫૨૭
ધર્મ છે અમને વ્હાલો રે.....૫૨૮
નેમ સહિત પ્રેમ.....૫૨૯
ભગવાનનો માર્ગ એટલે સત્પુરુષ.....૫૨૯
હરિજનમાંહિ હરિ, હળી મળી રહ્યા એકરસ.....૫૩૦
દેખાવેય રજોગુણી ન જોઈએ.....૫૩૧
વ્યવહારુ થવું... બાંધછોડ શીખવી.....૫૩૨
જેની સ્વધરમમાં સરસાઈ.....૫૩૨
નથી એથી અજાણી કોઈ વાત.....૫૩૩
એહ અનાદિની રીત.....૫૩૩
દયાસિંધુ દિલના દયાળ.....૫૩૫
સર્વત્ર વ્યાપી શુભ જેનું તેજ.....૫૩૬
અખંડ એક વરતિ.....૫૩૬
હૈયે હેત અતિ ઘણું.....૫૩૭
મહારાજ-સ્વામી એ જ આપણું જગત.....૫૩૮
આદર્શ સેવક થજો.....૫૩૯
મેઘ જેવા સહુના સુખધામ.....૫૩૯
નથી કોઈ મુજથી અકળ.....૫૪૧
ભગવાન જોઈએ તો અહીં આવજે.....૫૪૨
આવી ડખલ શું કામ કરી?.....૫૪૩
જેને માયિક સુખ થયાં ઝેર.....૫૪૪
આપણે તો ઠીક છીએ.....૫૪૪
વ્યવસ્થિત કામ થાય તો ભાર ન લાગે.....૫૪૫
પ્રેમભાવ અને પ્રત્યક્ષભાવ.....૫૪૬
આપણા કરતાં હજારગણી ચિંતા.....૫૪૭
વાણીમાં વર્તનનો પડઘો.....૫૪૮
જળરાશિમાં સુખરાશિ.....૫૪૯
જે જે કહે તે તે કરે નાથ.....૫૫૦
કામ સંપૂર્ણ કરવું.....૫૫૧

મન મેં પર-ઉપકાર.....૫૫૨
મનનો 'ગીઅર' બદલીએ તો બ્રહ્મરૂપ.....૫૫૨
અનુપ એવી અવનીમાં.....૫૫૩
જન્મ કર્મ દિવ્ય જેનાં.....૫૫૪
અહીં બેસશે તેની આબરૂ રહી છે ને રહેશે.....૫૫૬
પથ્થરે પથ્થરે યોગીજી મહારાજ.....૫૫૮
આ જ અક્ષરધામનો દરવાજો.....૫૬૦
પ્રત્યક્ષ અક્ષર પ્રમુખસ્વામી.....૫૬૧
વ્યાસની વિદાય.....૫૬૨
ઉદાર પર-ઉપકારી અતિ.....૫૬૩
નવલાં તે નેહ વધારિયા.....૫૬૩
અક્ષર-પુરુષોત્તમની પેઢીઓ અને ચોપડા.....૫૬૫
ભક્તવત્સલ દીનબંધુ નામ રે.....૫૬૬
ભગવાનનું બધું મધુર.....૫૬૬
દુનિયા સામું જોઈએ તો ભક્તિ ન થાય.....૫૬૭
જોઈએ હરિ રાજી રળિયાત.....૫૬૮
ગુરુભક્તિના ડંકા.....૫૭૦
સારી ગિરા સમભાવ અપાર.....૫૭૦
કરે ઉપકાર બહુ પેર.....૫૭૧
વાચાળ મૌન.....૫૭૩
મનને મારવું તે મોટામાં મોટું તપ.....૫૭૪
બીજે માલ મનાય તે ખડ ખાધા જેવું.....૫૭૫
અંત સમે કરે આપે સા'ય રે.....૫૭૬
દાસભાવનો દબદબો.....૫૭૮
નથી તજવા જેવું તેમાં રે.....૫૭૯
સેવાનું અષ્ટદલ કમલ.....૫૮૦
કનક કીચ તેહિ સમ સદા.....૫૮૧
એક ભાવના, એક રુચિ, એક સંગઠન.....૫૮૨
વિરાટમાં વામનની દરકાર.....૫૮૪
વહેતી કીધી અક્ષરવાટ.....૫૮૪
આપણે નબળા નથી.....૫૮૬
રહેશે એનું અવિચળ નામ.....૫૮૬



શોભો સાધુ ગુણે સદા સરળ ને, જક્તે અનાસક્ત છો,
શાસ્ત્રીજી ગુરુ યોગીજી ઉભયની, કૃપાતણું પાત્ર છો;
ધારી ધર્મધુરા સમુદ્ર સરખા, ગંભીર જ્ઞાને જ છો,
નારાયણસ્વરૂપદાસ ગુણીને, સ્નેહે જ વંદું અહો.

હરિ હરિ રટન નિરંતર...

સન ૧૯૭૯

સ્થિર ન ઠરે એક ઠાર

'આજે વર્ષના પ્રારંભનો દિવસ છે. દુઃખમાંથી નિવૃત્તિ મેળવવા આ કથા છે. *'ખેડ, ખાતર ને પાણી, નસીબમાં ન હોય તો પણ લાવે તાણી.'* એમ નિયમિત સત્સંગ-ભક્તિ કરીએ તો વૃદ્ધિ પમાય. લૌકિક વિદ્યા મેળવવા પણ નમ્ર થવું પડે છે, ગરજ રાખવી પડે છે. તો આ તો બ્રહ્મરૂપ થવું છે ને ધામમાં જવું છે તો કેટલી ગરજ-નમ્રતા રાખવી પડે !'

તા. ૧/૧થી પ્રારંભ પામેલા નવા વર્ષની ગાંઠે ગરજનું આ ગરથ બંધાવી પધરામણીએ નીકળી પડેલા સ્વામીશ્રી, તા. ૨/૧ની સાંજે અટલાદરાથી ભાયલી પધાર્યા.

અહીં શ્રી પૂંજાભાઈ તંબોળી તેઓને પહેરાવવા માટે ગુલાબનો સુંદર મોટો હાર લઈને હાજર હતા. તેઓ જેવા તે કંઠમાં આરોપવા ગયા ત્યાં જ સ્વામીશ્રીએ તેઓનો હાથ પકડતાં કહ્યું : 'આ હાર અમને કરંડિયામાં બાંધી દો. કાલે અટલાદરા મંદિરે ઠાકોરજીને ધરાવીશું.'

*'હરિ હરિ રટન નિરંતર...'*ની સ્થિતિ ધરાવતા સ્વામીશ્રીને કંઈ પણ સારું પદાર્થ આવે તો તે ભગવાનને જ અર્પણ કરવાની વૃત્તિ રહેતી.

આ વૃત્તિ સાથે પ્રવૃત્તિમાં પરોવાયેલા તેઓ ભાયલીથી અટલાદરા, પાદરા, દરાપરા, બિલ, કલાલી અને છાણીમાં ધર્મનિર્મળી ઉડાડતાં મહુધા પધાર્યા.

અત્રે તા. ૮/૧ના રોજ એકાદશી આવતાં સ્વામીશ્રીએ આહાર-આરામમાં કાપ મૂક્યો, પણ કામકાજમાં નહીં. આજની પ્રાતઃપૂજા બાદ મહુધામાં જ ૪૦ પધરામણીઓ કરી, તેઓ બપોરે અઢી વાગ્યા સુધીમાં તો ફીણાવ, વણસોલી અને ડુસરને પગ તળે કરતાં, સાંજે કપડવંજ આવી પહોંચ્યા.

આ ગામમાં તેઓના પ્રથમ આગમનને ભવ્ય સ્વાગત-યાત્રા યોજી સૌએ વધાવ્યું. ટાઉન હૉલમાં જાહેર-સભા પણ ખીચોખીચ રહી. તેને અનુસરતાં, તા. ૯/૧થી મોઢ બ્રાહ્મણની વાડીમાં આરંભાયેલું ત્રિદિવસીય પારાયણ પણ હકડેઠઠ રહેવા લાગ્યું.

પરંતુ પાટ પર બેસી કેવળ મંડપ ગજાવનારા સ્વામીશ્રી નહીં. તેઓ પારાયણની સમાંતર પધરામણીઓનો અધ્યાય પણ ખોલતા. તદનુસાર કપડવંજમાં તેઓની કલ્યાણગંગા ઘરોઘર ઘૂમવા લાગી. પરંતુ અહીંની સાંકડી ગલીઓ ગાડીની ગતિમાં અવરોધરૂપ બનતાં, સ્વામીશ્રીએ રિક્ષામાં બેસીનેય પધરામણીઓ કરી! તેઓને સાધન-સુવિધા સાથે નહીં, સેવા-સત્સંગ સાથે નિસ્બત.

તેથી જ તેઓની પધરામણીઓનો આ રેલો તા. ૧૦/૧ના રોજ તો કપડવંજનું પાદર વળોટી, ચારણિયા અને કેવડિયાને પાવન કરતો છેક વાત્રકના કાંઠે જઈ પહોંચ્યો. અત્રે શ્રીજીના પ્રાસાદિક ઉત્કંઠેશ્વર મહાદેવનાં દર્શન કરી કપડવંજ મુકામે પાછા વળતાં, સ્વામીશ્રીએ આતરસુંબાના મનસૂબા પણ પૂરા કર્યા. અહીં અમૃતધારા વહાવી, તેઓએ તા. ૧૧/૧ના રોજ કપડવંજમાં પારાયણનો પૂર્ણાહુતિ-શ્લોક લલકાર્યો, ત્યારે નવા વર્ષના પ્રથમ દસ દિવસમાં જ તેઓ પંદર ગામો ખૂંદી વળેલા.

*'ધર્મસ્થાપન ધર્યો અવતાર, માટે સ્થિર ન ઠરે એક ઠાર...'*ની સ્વામીશ્રીની જીવનશૈલીનો અનુભવ વધુ એક વર્ષને થવા માંડ્યો.

સમ-વિષમે રહી એક મતિ

તા. ૧૧/૧ના રોજ કપડવંજથી વિદાય લેતાં પૂર્વે, સ્વામીશ્રી અહીંના નારાયણદેવ મંદિર, રામજી મંદિર, કામેશ્વર મહાદેવ, જૂના સ્વામિનારાયણ

મંદિર વગેરે ધર્મસ્થાનોમાં પધાર્યા. તે દ્વારા સર્વધર્મ-સમાદરની સુગંધ પ્રસરાવતા તેઓ, સાવલી, વિશ્વનાથપુરા લાટ, ચારણનિકોલ અને લક્ષ્મણપુરા લાટમાં લાભ આપતાં રાત્રે સાડા નવ વાગ્યે તોરણા પહોંચ્યા ત્યારે અત્રે આટલી મોડી રાત્રે પણ નગરયાત્રાનાં તોરણો ઝૂલી રહેલાં. ગામવાસીઓનો આ સત્કાર ઝીલતાં સ્વામીશ્રી તા. ૧૨/૧ના રોજ સ્થાનિક લક્ષ્મીનારાયણ મંદિરમાં વંદન કરી, ભાટેરાને ભક્તિભીનું કરતાં પીઠાઈ જવા નીકળ્યા.

પરંતુ આ ગામમાં બંધાતા શાળા-સંકુલના લાભાર્થે ચાલી રહેલી ભાગવત-કથાના પુરાણીની ઇચ્છા પૂરી કરવાના પ્રયોજનથી જઈ રહેલા સ્વામીશ્રીની ગાડી અધવચ્ચે ખોટકાઈ. છતાં સમય સાચવવાના આગ્રહી તેઓએ ચાલકને મરામતમાં પરોવી, નજીકમાં ભેગા થતા ચાર રસ્તા સુધી ચાલી નાંખ્યું. અહીં સ્વામીશ્રીએ ચારેય રસ્તે એક-એક સંતને ઊભા રાખી જે વાહન નીકળે તેને રોકવાની ભલામણ કરવા કહ્યું. પરંતુ કોઈને કામ ચીંધીને પોતે નવરાશ માણવી - એ તેઓના હાડમાં નહીં. તેથી પોતે પણ ગાડી, ખટારો કે કોઈ મોટું માલવાહક વાહન નીકળે તો તેને ઊભું રખાવવા હાથ હલાવવા લાગ્યા.

તેઓની આ ચેષ્ટા *'કોઈ અવસરે બ્રહ્માંડ તોળે, કોઈ અવસરે વાહન ખોળે...'* પંક્તિ સાર્થક કરતી રહી. સંતોએ સ્વામીશ્રીને આમ કરતાં વાર્યા તોય તેઓએ પોતાનું કાર્ય ચાલુ જ રાખ્યું; પણ કોઈ વાહન થોભ્યું નહીં!

છેવટે તેઓએ સહપ્રવાસી શંકર કવિને નજીકના ગામમાંથી વાહનની સગવડ થાય તો તે દિશામાં પ્રયત્ન કરવા મોકલ્યા અને પોતે પુનઃ ગાડી પાસે આવ્યા.

અહીંથી તેઓની નજર થોડે દૂર આવેલા ગૅરેજ પર પડી. ત્યાં લાકડાંની કેબિન નાંખીને કો'ક શીખ યુવાન કામ કરી રહેલો. તેથી સ્વામીશ્રી ત્યાં પહોંચ્યા અને તેને ખોટકાયેલી ગાડીની મરામત કરી આપવા જણાવ્યું. પરંતુ એ મિકેનિકે 'ફૉલ્ટ' જોઈ ધડાકો કર્યો કે 'રિપેર કરને મેં ચાર ઘંટા લગેગા.'

આટલો વિલંબ તો પરવડે એમ ન હોવાથી સ્વામીશ્રી બોલ્યા: 'તુમ અભી ટ્રાય તો કરો.'

તેઓના આ વચને પ્રયત્ન થતાં થોડી વારમાં ગાડી ચાલુ થઈ ગઈ! એ જ વખતે વાહનની તપાસ કરવા પરગામ ગયેલા ભક્તે પરત આવી વીલે મોંએ કહ્યું : 'બાપા! વાહન ન મળ્યું.'

'સારું થયું.' સ્વામીશ્રી સસ્મિત બોલ્યા અને જણાવ્યું : 'ચાલો, આપણી ગાડી ઠીક થઈ ગઈ છે.'

એમ કહેતાં તેઓ સૌ સાથે મોટરમાં બેસી પીઠાઈ પહોંચ્યા ત્યારે સવા વાગ્યાનો સમય થઈ ચૂકેલો. છતાં સ્વામીશ્રીની પ્રતીક્ષા કરતાં શ્રોતાઓ ભૂખ ઠેલીને બેસી રહેલા. તે સૌને કથા સંભળાવી સ્વામીશ્રીએ ભવોભવની ભૂખ ભાંગી નાંખી. તેઓએ કથામૃતમાં એવો રસ મૂક્યો કે કોઈને કલ્પના પણ ન આવી કે સ્વામીશ્રી કેવા ખત્તા ખાતાં-ખાતાં આ સભાસન સુધી પહોંચ્યા છે!

આમ, હસતા મોંએ ભૂખ-દુઃખ વેઠીને સૌને રાજી કરતા તેઓ, અત્રેથી વિદાય લઈ છીપડીમાં બપોરે અઢી વાગ્યે ભોજન ભેગા થયા.

ત્યારબાદ સ્વામીશ્રી કઠલાલ જવા તૈયાર થયા, તે ઘડીએ તેઓને લેવા વિદ્યાનગર અને નડિયાદથી સાત ગાડીઓ સેવામાં આવી ગયેલી! તે કાફલો કઠલાલની સડકે રવાના થયો ત્યારે થોડા કલાકો પહેલાં, સરેઆમ રસ્તા પર હાથ હલાવી વાહનોને ઊભા રહેવા વીનવતા સ્વામીશ્રી અને અત્યારે આઠ-આઠ ગાડીઓના ઠાઠ-માઠ સાથે નીકળેલા સ્વામીશ્રીની મુખરેખામાં કોઈ ફર્ક પડ્યો નહોતો!!

તે જોઈ સૌના મનમયૂર ટહુકી ઊઠ્યા કે *'ધન્ય ધન્ય કહું સાચા સંતને, જેને સમ-વિષમે રહી એક મતિ...'*

નવધા ભક્તિ નેમ જુત

પોતાની સમતા અને મમતાના સંગમમાં કઠલાલને ઝબકોળી, સ્વામીશ્રી નડિયાદ, ડભાણ, ઝોળ, ઓડ, સારસા અને ખંભોળજને લાભ આપતાં, તા. ૧૭/૧ના રોજ થામણા પધાર્યા. અહીં યોજાયેલા પંચદિવસીય પારાયણ દરમ્યાન તેઓએ, આસપાસનાં બેચરી, ઉમરેઠ, ડાકોર, સુંદલપુરા, શીલી, લીંગડા, ભાટપુરા વગેરે ગામોમાં પણ પધરામણીઓ કરી અને તા. ૨૩/૧ની સવારે પહોંચ્યા ભાલેજની ભાગોળે.

આ ગામમાં પણ ૭૫ પધરામણીઓ તથા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ઉદ્‌બોધન બાદ, સ્વામીશ્રી કુંજરાવ, ત્રણોલ, કાસોર, ચકલાસી, બોરસદ, મિત્રાલ, આખડોલ, પીપળાતાને પાવન કરતાં તા. ૨૫/૧ની સાંજે ખેડા પધાર્યા.

સમીપવર્તી સોખડામાં તૈયાર થયેલા મંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે યોજાયેલી શોભાયાત્રાનાં વાજાં છેક અહીં ગગડી રહેલાં! મૂર્તિઓની સાથે સૌ

સ્વામીશ્રીને પણ વાજતે-ગાજતે હરિમંદિરના પ્રાંગણમાં લઈ આવ્યા. શેઢી અને લૂણી નદીના કિનારા પર તૈયાર થયેલા આ મંદિરમાં તા. ૨૬/૧ના રોજ ધામધૂમથી પ્રતિષ્ઠાવિધિ થયો.

આ દિવસની સાંજે જ પુષ્પ-પધરામણીનો વિશેષ કાર્યક્રમ ગોઠવાયેલો. તે અનુસાર ઠાકોરજીને આગળ રાખી સ્વામીશ્રી દરેક શેરીમાં ફરતાં ફરતાં પુષ્પો વેરવા લાગ્યા. આ સમયે એક બાળકને તેઓ પાસે લાવવામાં આવ્યો.

રમત-રમતમાં તેના ગળામાં સિક્કો ભરાઈ જતાં શ્વાસ રૂંધાવા લાગેલો. તેથી પરિવારજનોનો જીવ તાળવે ચોંટી ગયેલો. સ્વામીશ્રીએ આ પરિસ્થિતિ જાણી એ બાળકના મોંમાં અક્ષર દેરીનું જળ પધરાવતાં, સૌના આશ્ચર્ય વચ્ચે સિક્કો તરત જ બહાર આવી ગયો! *'એવા સ્વામીના પરચા અનેક, કહ્યે પાર ન પામિયે છેક...'*ની પ્રસંગમાળામાં વધુ એક મણકો આ રીતે પરોવાયો.

આમ, ગામોગામ સૌનાં કારજ સારતાં, સ્વામીશ્રી સોખડાથી અલીન્દ્રા, નાપાડ, આણંદ થઈને પોરડા પધાર્યા. અત્રે પરમાર ભાઈઓના વાસમાં ધર્મશાળાનું ખાતમુહૂર્ત કરીને તેઓ નડિયાદ થઈ, તા. ૨૮/૧ની સાંજે પાંચ વાગ્યે કાસોર પહોંચ્યા.

અહીં તેઓની પધરામણી પ્રથમ વાર જ થતી હોવાથી ગામના ચોકમાં જંગી સભા થઈ. તેને અનુસરતાં બીજા દિવસની સાંજે દોઢેક કલાકમાં પચાસ પધરામણીઓ કરી, સ્વામીશ્રી ડભાસી, બોચાસણ, ધર્મજને ધર્મલાભ આપતાં તા. ૩૦/૧ની સાંજે વાસદ પધાર્યા.

અત્રે તેઓ માટે ડૉક્ટર નવાં ચોકઠાં તૈયાર કરીને લાવેલા. તે પરીક્ષણ માટે જેવાં પહેરવાં સારુ આપ્યાં કે તરત જ સ્વામીશ્રી બોલ્યા : 'ઠાકોરજીને ધરાવો.'

તેઓની આ સૂચના સાંભળનારા સૌને *'નવધા ભક્તિ નેમ જુત, કરત હૈ સંત સુજાન...'*નું વધુ એક દર્શન સ્વામીશ્રીમાં થયું.

બધા આપણા અને આપણે બધાના

વાસદથી વિદાય લઈ સ્વામીશ્રી તા. ૩૧/૧ના રોજ વહેરા ખાડી અને ફર્ટિલાઇઝર નગરમાં સત્સંગનું પડ છાંટી અટલાદરા આવી પહોંચ્યા. અહીં તા. ૧/૨ના રોજ હજારો હરિભક્તોના સમુદાયમાં ધામધૂમથી વસંત પંચમી ઊજવી, તેઓ સમૈયાની સાંજે જ ગામડાંઓ ઘૂમવા નીકળી પડ્યા.

તેમાં તેઓએ પ્રથમ પાવન કર્યું – સેવાસીને. અત્રે તા. ૨/૨ના રોજ પંદરેક પધરામણીઓ કરી તેઓ પાલેજ, કિશ્નાડ, સીમલિયા થઈને તા. ૩/૨ની સવારે પોણા નવ વાગ્યે ઠીકરિયા પધાર્યા.

અહીં આજે યોજાયેલા પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે, સ્વામીશ્રીના સ્વાગતમાં વાજાં ગગડાવનારા બાળકો મુસ્લિમ હતા. તે ઉપરાંત પણ ઘણા મુસ્લિમ બિરાદરો આ ઉત્સવની વ્યવસ્થા જાળવી રહેલા.

આવા એખલાસભર્યા માહોલમાં સૌનો સત્કાર ઝીલી સ્વામીશ્રી પ્રાથમિક શાળામાં પધાર્યા. અહીં વિદ્યાર્થીઓએ તેઓને વધાવતાં *'તમે મારા હૈયાંના હાર છો પ્રમુખસ્વામી..'* ભજન ભાવપ્રચુર રીતે ઉપાડ્યું. તેમાં સ્વામીશ્રી માટે –

'તમે વાદળ તો અમે વીજળી, વાદળમાં વીજળી સમાય...
તમે કમળ તો અમે ભ્રમર, કમળમાં ભ્રમર લોભાય...
તમે સાગર તો અમે નૈયા, સાગરમાં નૈયા તરાય...'

– જેવી ઉપમાઓ માસૂમ બાળકોના મીઠા કંઠમાંથી રેલાતાં સમગ્ર વાતાવરણ ભાવવિભોર બની ગયું.

તેમાં જ જિલ્લાના અગ્રણીઓ દ્વારા સ્વામીશ્રીનું તૈલચિત્ર શાળામાં પધરાવાયું. તે પછી આરંભાયેલી મૂર્તિઓની શોભાયાત્રા મંદિર આગળ થંભી.

આ મંદિરમાં વેદમંત્રોના ઘોષ વચ્ચે સ્વામીશ્રીએ અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી અમૃતધારા વહેતી કરી કે –

''એક વાર જૂનાગઢમાં નવાબ સાહેબ રસ્તો પહોળો કરતા હતા. રસ્તા ખોદે ત્યારે તે જમીનની નીચે દટાયેલી ઘોરો પણ નીકળે. તેમાં ખોદવાથી હાડકાંની કચ્ચર કે માટી જ નીકળે. નવાબ સાહેબ ખૂબ ધાર્મિક વિચારના હતા. તેમને આમાંથી પ્રશ્ન થયો કે 'ધર્મગ્રંથોમાં એમ કહ્યું છે કે કયામતના દિવસે કબરોમાંથી બધા જાગ્રત થશે ને તે દિવસે ખુદા તેમનો ઇન્સાફ કરશે. પરંતુ આ કબરોમાં તો કશું દેખાતું નથી; તો ઊભા કોણ થશે ?' આ પ્રકારનો પ્રશ્ન તેમણે ઘણાને પૂછ્યો પણ સમાધાન થયું નહીં.

તેમને મૂળ અક્ષર ગુણાતીતાનંદ સ્વામી પર ઘણો પ્રેમ. એટલે તેમને આ પ્રશ્ન પૂછ્યો. ત્યારે સ્વામીએ સુંદર જવાબ આપતાં કહ્યું : 'નવાબ સાહેબ ! માટીનું તત્ત્વ તો માટીમાં મળી જાય. આ પંચભૂતનું દેહ તે પંચભૂતમાં ભળી જાય છે. કુરાનમાં લખેલી વસ્તુ સાચી છે, પણ તે સમજવાની દૃષ્ટિ જોઈએ.

અજ્ઞાનરૂપી ઘોરમાં જીવમાત્ર સૂતા છે. કયામતનો દિવસ તે છે કે જ્યારે સત્પુરુષ પ્રગટ થઈને તેને અજ્ઞાનરૂપી ઘોરમાંથી ઉઠાડી ભગવાનને માર્ગે ચડાવે. આત્માને કોઈ નાત-જાતના ભેદ નથી. સાચા સંતને તો 'બધા આપણા અને આપણે બધાના' તેવી ભાવના હોય છે. તેમને તો *'જ્યાં જુએ ત્યાં રામજી, બીજું ન ભાસે રે...'* હિંદુ-મુસ્લિમ તેવો ભેદ સત્પુરુષને નથી. નવાબ સાહેબ આ ઉત્તરથી ઘણા પ્રસન્ન થયા.''

સ્વામીશ્રીના આ આશીર્વાદથી સંવાદિતાની સુગંધ સર્વત્ર પ્રસરી રહી; પરંતુ વિશેષ અભિભૂત થયા બાજુમાં બેઠેલા – નારાયણ ભગત. તેઓને પોતાના પ્રવચનમાં ઉપરોક્ત પ્રસંગનો ઉલ્લેખ કરવો હતો, પણ તે ભુલાઈ જતાં વસવસો રહી ગયેલો. તે સ્વામીશ્રીએ વિસ્તારથી કહી સંભળાવતાં, આ પાર્ષદ-પ્રવર આનંદાશ્ચર્ય અનુભવી રહ્યા.

સ્વામીશ્રીના સહવાસમાં અવારનવાર થતી આવી અનુભૂતિઓ *'તમે જાણો છો અંતર તણી...'* તરીકે તેઓનો પરિચય આપતી રહેતી.

સમૃદ્ધિની કૂંચી

ઠીકરિયામાં પ્રતિષ્ઠા-ઉત્સવ ઊજવાઈ રહેલો તે દરમ્યાન, વાંસદા તાલુકાના પ્રતાપનગર ગામે દ્વિશતાબ્દી ઉપક્રમે દ્વિદિવસીય શિક્ષક શિબિર યોજાયેલી. માધ્યમિક ગ્રામશાળાના વિશાળ પ્રાંગણમાં ત્રણ હજાર શિક્ષકોની ઉપસ્થિતિમાં ચાલી રહેલી આ શિબિરમાં, રાજ્યના ગૃહપ્રધાન, શિક્ષણમંત્રી સહિત ઘણા અગ્રણીઓ ઉપસ્થિત હતા. પરંતુ આ શિબિરના પ્રેરણાદાતા સ્વામીશ્રીના આશીર્વાદની તીવ્ર ઇચ્છા સૌને હોવાથી, એક દિવસનો સમય ફાળવતાં સ્વામીશ્રી અડોલ થઈને અહીં પધાર્યા.

અત્રે તેઓનાં દર્શન પામી સૌ હરખાઈ ઊઠ્યા, પણ ગદ્‌ગદિત થઈ ઊઠેલા સેલવાસના એક શિક્ષક તો પોકે પોકે રડી જ પડ્યા!

દારૂ પીવાની કુટેવને કારણે નોકરીમાંથી બરતરફ થયેલા આ શિક્ષકની લત એક સત્સંગીના યોગમાં આવતાં છૂટી ગયેલી. તેથી તેઓને નોકરી પણ પુનઃ પ્રાપ્ત થઈ ગયેલી. આ રીતે પોતાના કુટુંબનો આધાર બનનારા સ્વામીશ્રીને વધાવવા આ શિક્ષક ક્યારનાય તલસી રહેલા. આજે તે મેળ પડી જતાં તેઓએ અશ્રુધારાથી સ્વામીશ્રીનાં ચરણ પખાળ્યાં.

શુદ્ધ આબોહવાની જેમ સ્વામીશ્રીનો સત્સંગ અનેકને માટે પ્રાણપ્રદ

પુરવાર થતો. તેની એક લહેર આજે સારવણી અને વાંદરવેલામાં પ્રસરાવી, સ્વામીશ્રી તા. ૪/૨ના રોજ પુનઃ પ્રતાપનગર આવી ગયા.

અત્રે શિબિરમાં દીક્ષાંત પ્રવચન કરતાં તેઓએ જણાવ્યું કે –

''દેશને અને સમાજને સમૃદ્ધ બનાવી લઈએ – એમ બધા ઇચ્છે છે, પણ એમ દેશ, સમાજ સમૃદ્ધ ન થાય. સૌપ્રથમ આપણે સમૃદ્ધ થવું જોઈએ. સમૃદ્ધ એટલે કરોડપતિ થઈ જવું એમ નહીં; પરંતુ સારા ગુણો અને ચારિત્ર્યથી સમૃદ્ધ થવું. આ રીતે દરેક વ્યક્તિ સમૃદ્ધ થશે તો દેશ અને સમાજ સમૃદ્ધ થઈ જશે. કોઈના દુર્ગુણો બહાર પાડવાથી તે દુર્ગુણો જશે નહીં. પહેલાં આપણા દુર્ગુણો કાઢવા, તો બધામાંથી જશે. યોગીજી મહારાજની દૃષ્ટિ સારું જ જોવાની હતી. આપણે તેવું વર્તવાની ટેવ પાડવી. સંતોષી થવું. 'પેલાને આપ્યું ને મને કેમ નહીં?' આવું વિચારીશું તો સુખ નહીં થાય. 'ભગવાને મને ઘણું સારું આપ્યું છે' એમ માનવું.

આપણી સંસ્કૃતિ કહે છે કે 'વૈભવમાં શાંતિ નથી પણ સમજણમાં શાંતિ છે.' ભગવાને જે આપ્યું છે તે સારું અને અનુરૂપ આપ્યું છે. સમૃદ્ધ થવા સદાચારી થવું. સરકાર મદદ તો કરશે પણ સૌપ્રથમ આપણે સુધરવું પડશે. આપણી વસ્તુથી આપણે સુખી થઈએ. સરકાર પગાર આપે છે તો મહેનત કરવી.'

શિક્ષકોના હાથમાં સમૃદ્ધિની આ કૂંચી સોંપી સ્વામીશ્રીએ વિદાય લીધી.

આશા અને આશ્ચર્યનો વિષય

પ્રતાપનગરમાં પ્રતાપ જણાવી નીકળેલા સ્વામીશ્રી ભરથાણ, શાહપુરાને પાવન કરતાં સારિંગ આવી પહોંચ્યા. અહીં તા. ૫/૨ની સવારે ૫૭ પધરામણીઓ કરી તેઓ બાર વાગ્યે કુરાઈ પધાર્યા. અત્રે ૩૦ ઘરોમાં પગલાં પાડી હાંડોદ આવ્યા. આ ગામમાં પણ ૩૦ ખોરડાં પાવન કરી કરજણને લાભ આપતાં સ્વામીશ્રી, રાત્રે અગિયાર વાગ્યે ધાવટ પહોંચ્યા ત્યારે આજના એક જ દિવસમાં તેઓ ૧૨૦ પધરામણીઓ કરી ચૂકેલા!

તેઓનો આ પરિશ્રમ ધાવટમાં મંદિરરૂપે ફૂટવાનો હતો. તેના બીજારોપણ જેવો નિર્માણાધીન મંદિરનો શિલાન્યાસ તા. ૬/૨ના રોજ સંપન્ન થયો ત્યારે ઇન્દ્રદેવે પણ અમીછાંટણાં વરસાવી શુકન કરાવ્યાં.

વરસાદનાં ધીમાં ધીમાં ફોરાં વચ્ચે જ સભા સમાપ્ત કરી, સ્વામીશ્રી અત્રેથી સાંજે પાંચ વાગ્યે વિદાય લઈ, કુરાલ, અચિસરા, અવાખલ, પીસાઈ,

સાઠોદ, રસૂલાબાદ, વાઘોડિયા થઈને તા. ૮/૨ના રોજ આનંદપુરા જવા નીકળ્યા.

તે વખતે એક પુરાણી સ્મૃતિ ઉલેચતાં તેઓએ કહ્યું:

''શાસ્ત્રીજી મહારાજ હંમેશા થર્ડ ક્લાસમાં મુસાફરી કરતા. તેઓને અમદાવાદથી સારંગપુર જવું હોય તો સવારની ગાડીમાં બેસે, જેથી બપોરે બાર વાગ્યે બોટાદ ઊતરે. તે વખતે નંદા સાહેબ મજૂર મહાજનમાં સેક્રેટરી હતા. શરીર એકવડું. તેથી ગાડી સ્ટેશનમાં આવી ઊભી રહે એટલે એકદમ બારીમાંથી અંદર પેસીને શાસ્ત્રીજી મહારાજ માટે જગ્યા રોકી લે. મેં આવું ઘણી વાર નજરે જોયેલું.

શાસ્ત્રીજી મહારાજના ધામમાં જતાં પહેલાં ચાર-પાંચ વર્ષ પૂર્વે ફર્સ્ટ ક્લાસની શરૂઆત હરજીવનદાસે કરાવેલી. ગોંડલથી સ્વામીશ્રીને ગાડીએ બેસવાનું. હરજીવનદાસ પહેલી જ વાર ફર્સ્ટ ક્લાસની ટિકિટ લઈ આવ્યા. શાસ્ત્રીજી મહારાજને આપી. સ્વામીએ તે ટિકિટો ફેંકી દીધી ને કહે : 'મારે ફર્સ્ટમાં બેસવું નથી. થર્ડની લાવ.'

હરજીવનદાસ કહે : 'થર્ડની મળતી જ નથી. માટે આ જ રાખવી પડશે.' પછી ફર્સ્ટમાં ગયા. ત્યારપછી ફર્સ્ટ ક્લાસની મુસાફરી શાસ્ત્રીજી મહારાજને શરૂ થયેલી.''

ગુરુસ્મૃતિનો આ ગરવો ગુલાલ ઉડાડતાં સ્વામીશ્રી આનંદપુરા પધાર્યા.

અહીં સુશોભિત ડમણિયામાં નગરયાત્રા યોજેલી, પણ સત્કારમાં ગુંજતાં વાદ્યોના અવાજથી બળદિયા ભડકતા હોવાથી, ઉત્સાહી યુવકોએ જાતે જ ડમણિયું ખેંચીને પોતાની શક્તિનો વિનિયોગ ભક્તિમાં કર્યો.

એ જ રીતે સ્વામીશ્રી આનંદપુરાથી સુવાચારી પધાર્યા ત્યારે પણ યુવાનોએ પોતાના ખભા પર જ ડમણિયું વહન કરી સેવાનો આનંદ માણ્યો. એક ભગવાંધારી સંતવિભૂતિના સ્વાગતમાં પાટલૂનધારી યુવાશક્તિનો આવો થનગનાટ સૌ માટે આશ્ચર્યનો વિષય બની રહ્યો અને ભારતના ઉજ્જ્વળ ભવિષ્ય માટે આશાનો વિષય પણ!

આદિવાસીમાં અવિનાશી

સુવાચારીમાં સૌને સુ-આચારની શીખ આપી વિદાય થયેલા સ્વામીશ્રીનાં પગલાં પડ્યાં બહાદુરપુરામાં. તેઓનું અહીં પ્રથમ વારનું જ આગમન હોવાથી ગામના દ્વારે ભક્તોએ તેઓને ઉમળકાભેર વધાવ્યા. નગર-

યાત્રા બાદ જાહેર-સભામાં પણ વિશાળ જનસંખ્યાએ લાભ લીધો. સ્વામીશ્રી પધારતાં આખા ગામમાં ફરી વળેલી હર્ષની લાગણી, તા. ૯/૨ના રોજ થયેલી પધરામણીઓ અને દ્વારકેશ હાઈસ્કૂલની વિદ્યાર્થી-સભામાં પણ અનુભવાઈ.

આ હર્ષોલ્લાસ વચ્ચે જ નીકળેલા સ્વામીશ્રી સંખેડા, પીપળિયા, સોનગીર અને ઈન્દ્રાલને લાભ આપતાં ટીંબા પધાર્યા. અત્રે તા. ૧૦/૨ની સવારે તેઓ પછાત વર્ગના છાત્રાલયમાં આશીર્વાદ આપવા પહોંચી ગયા ત્યારે સૌને સંતની સમતાનો અનુભવ થઈ રહ્યો. ઊંચ-નીચના ભેદભાવને ભૂંસતાં સ્વામીશ્રીનાં ચરણોએ ટીંબાથી ખૂનવાડ થઈને ભાટપુરને પાવન કર્યું.

અહીં સમય ઓછો હોવા છતાં ગામના ઉત્સાહી કાર્યકરોએ બૅન્ડવાજાં સહિત નગરયાત્રા ગોઠવેલી. ત્યારબાદ રામજી મંદિરે જાહેર-સભા પણ. આ આયોજન જોઈ સ્વામીશ્રીએ ટકોર કરી કે 'ટૂંકા સમયમાં આપણે વાજાંમાં ને નગરયાત્રામાં વધુ સમય ન બગાડવો, પણ કથા-વાર્તાનો લાભ લેવો.'

અગ્રતાક્રમના આગ્રહી સ્વામીશ્રી મહત્ત્વનું કાર્ય પહેલું ને વહેલું થઈ જાય તે રીતે આયોજન કરતા-શીખવતા.

તે મુજબ ભાટપુરમાં ૪૦ પધરામણીઓ કરીને તેઓ ચીખોદ્રા, કોસીન્દ્રા, બોડેલી, ડોરમારને પાવન કરતાં તા. ૧૧/૨ની રાત્રે મોટી બેજ પધાર્યા. પૂર્વે હેડંબાવન તરીકે પ્રખ્યાત આ વિસ્તારના માખણિયા પર્વતની છાયામાં વસેલા આ ગામનાં છૂટાંછવાયાં ઘરોમાં હજારેકની વસ્તી. ખોરડાં બધાં વીજળીવિહોણા, પણ તેમાં વસતા આદિવાસીઓમાં ભોળપ, ભક્તિ અને ભલાઈનું અજવાળું દેખાય.

તેઓએ મોટાં રામઢોલ ગગડાવીને સ્વામીશ્રીને સન્માન્યા. બળદગાડાં પર પરાળ, તે પર ગાદલાં અને તેની પર ચાદરો બિછાવીને સ્વામીશ્રીનું આસન તૈયાર કરેલું. તે પર બિરાજી સ્વામીશ્રીએ ફળિયે-ફળિયાં પ્રસાદીભૂત કર્યાં. શોભાયાત્રા બાદ માધવસિંહ રાઠવાના ઘરઆંગણે ખોડવામાં આવેલા સુંદર મંડપમાં, પંદર-વીસ કિ.મી. ચાલીને લાભ લેવા આવેલા ચારેક હજાર આદિવાસીઓએ બેઠક જમાવી દીધી. વાળુ-પાણીથી પરવારી રાત્રે નવ વાગ્યે આવી ગયેલા તેઓ, સવારના ચાર વાગ્યા સુધી કથાશ્રવણ કરવાની તૈયારી ધરાવતા હતા.

આવી અસીમ શ્રદ્ધા જોઈ રાજી થયેલા સ્વામીશ્રીએ મધરાતે એક વાગ્યે તેઓને સંબોધતાં કહ્યું: 'તમારી કથાશ્રવણની શ્રદ્ધા અહોભાવ ઉપજાવે છે.

મને તમારા સૌમાં ભગવાનનાં દર્શન થાય છે.'

આદિવાસીમાંયે અવિનાશીને નીરખતા સ્વામીશ્રી જેવા પવિત્ર અને પારદર્શક નેણ ફરી આ વિશ્વને મળશે કે કેમ?! આવાં વિમલ અને વહાલભર્યાં વેણ પણ ફરી સાંભળવા મળશે કે કેમ?!

સામાન્ય અને વિશ્વમાન્યનો મેળ

તા. ૧૨/૨ના રોજ સ્વામીશ્રી જે રસ્તે મોટી બેજથી કુંડળ પધાર્યા તે આખો માર્ગ ઊબડ-ખાબડ હતો, પણ આદિવાસીઓએ તેને માટી-રોડાં નાંખી સમથળ કરી મૂકેલો. પોતાના જીવનમાર્ગને સરળ-સુગમ કરી આપનારા સ્વામીશ્રીનો આભાર તેઓએ આમ વ્યક્ત કર્યો. કુંડળમાં પણ ડમણિયામાં બેસી સ્વામીશ્રી શોભાયાત્રામાં વિચર્યા. તે પછી તેઓ સભા અને દર્શેક પધરામણીઓનો લાભ આપી, ભારજ તથા સુખી નદીના સંગમે પધાર્યા.

અત્રે ઠાકોરજીને સ્નાન કરાવી, સુખી બંધ જલદી બંધાય તેવી ધૂન કરી વિદાય થયેલા સ્વામીશ્રી ડુંગરવાટ, ઉમરવા, તારાપુર, જેતપુર, તેજગઢને લાભ આપતાં તા. ૧૩/૨ની સાંજે સાત વાગ્યે કડીપાણી પહોંચ્યા. વનવિસ્તારના આ ગામમાં ભક્તોની સાથે આદિવાસી છાત્રાલયના બાળકોએ તેઓનું ભાવભીનું સ્વાગત કર્યું. તે સ્વીકારી સ્વામીશ્રી ભૂદેવ ભક્ત બળવંતભાઈના ઘેર જમવા બિરાજ્યા ત્યારે તેઓ પહેલી વાર ચોકઠાં પહેરીને જમ્યા.

અહીં તા. ૧૪/૨ના રોજ વીસેક પધરામણીઓ કરીને મોટી ચીખલી પધારેલા તેઓના સત્કારમાં, સ્થાનિક આશ્રમશાળાના આદિવાસી બાળકોએ મીઠી હલકે સ્વાગતગીત લલકાર્યું કે *'અમને કોણે બતાવી વાટ, લીલવો ગિરધારી; અમને સ્વામીએ બતાવી વાટ, લીલવો ગિરધારી...'*

પ્રાદેશિક ઢબથી આ લોકગીત બાળકો તો ગાતા હતા, પરંતુ સ્વાગતમાં ઊમટેલા સૌ તેને અનુભવતા હતા, કારણ કે અંધશ્રદ્ધાના અંધારે અટવાતા આ વનવાસીઓને સ્વામીશ્રીએ જ ભગવત્શ્રદ્ધાની વાટ બતાવી હતી. દારૂ, તાડીના રવાડે ચડેલી આ પ્રજાને સદાચારની વાટ પકડાવનારા હતા સ્વામીશ્રી. ભવાટવીમાં અથડાતા આ જીવોને કલ્યાણની વાટ પણ સ્વામીશ્રીએ ચીંધી હતી. તેથી જ જે ગવાતું હતું તેનો પડઘો જોરદાર ગાજી રહ્યો. વિદાયવેળાએ ૧૨૦ બાળકોને વર્તમાન ધરાવી સ્વામીશ્રીએ કંઠી પહેરાવતાં તેઓનો અંતરાત્મા પણ બુલંદ અવાજે ગાઈ ઊઠ્યો: *'અમને સ્વામીએ બતાવી વાટ...'*

આમ, માર્ગ ભૂલેલા અનેક જીવનપથિકોને સાચો રાહ ચીંધતાં, સ્વામીશ્રી મોટી ચીખલીથી ક્વાંટ થઈને બપોરે બાર વાગ્યે છોટા ઉદેપુર પહોંચ્યા ત્યારે સૂર્યની સવારી માથે આવેલી. તે સમયે જ નીકળેલી સ્વામીશ્રીની અસવારી રાજમાર્ગો પર ફરી, એસ.ટી. ડેપોના મેદાનમાં જાહેર-સભારૂપે ફેરવાઈ ગઈ. તેમાં અમૃતધારા વહાવી સ્વામીશ્રીએ પચીસેક પધરામણીઓ કરીને રાત્રે ટાઉન હૉલની સત્સંગ-સભામાં પણ સૌને રસતરબોળ કર્યા.

આ રીતે દિવસ ઊગે ત્યારથી આથમે ત્યાં સુધી, તેઓને એક મિનિટની ફુરસદ રહેતી નહીં. એક પછી એક કાર્યક્રમોની હારમાળા ચાલતી જ રહેતી. છતાં સ્વસ્થ અને સતર્ક રહીને સ્વામીશ્રી દરેકને યોગ્ય ન્યાય આપ્યે જતા.

આ ક્રમમાં તેઓએ સ્થાનિક અગ્રણી છગનભાઈ સમક્ષ તેઓના ડ્રાઇવર રસૂલને યાદ કર્યો. તે વખતે આ આગેવાને કહ્યું : 'સ્વામી ! તેની ઉંમર થતાં હવે તો તે નિવૃત્ત થઈ ગયો છે.'

'પણ તેને મળવા તો બોલાવો.' સ્વામીશ્રીએ તાલાવેલી જણાવી.

તેઓનો આ ઉમળકો જોઈ તે ચાલકને બોલાવવામાં આવ્યો.

તેને જોતાં જ સ્વામીશ્રી હેતથી બોલ્યા : 'રસૂલ ! ક્યારના તને યાદ કરીએ છીએ ! પહેલાં આવ્યા ત્યારે તેં અમને ગાડીમાં ફેરવેલા. જ્યારથી છોટા ઉદેપુરમાં આવ્યા ત્યારથી 'રસૂલ મળશે...' એમ વિચારતો હતો. કેમ છે ?'

તેઓની આટલી અમથી પૂછપરછ સૌને ભીંજવી ગઈ. વિશ્વમાન્ય થયા છતાં સામાન્યને ન ભૂલનારા સ્વામીશ્રીને સૌ જોઈ જ રહ્યા.

સાચે સદ્‌ગુરુ સોય

તા. ૧૫/૨ની સવારથી જ શરૂ થઈ ગયેલું સ્વામીશ્રીના વિચરણનું ચક્ર, આજે તેઓને ઝોઝમાં આવેલા પછાત વર્ગના ઉત્તર બુનિયાદી વિદ્યાલયમાં લઈ આવ્યું. અત્રે વિદ્યાર્થીઓને સંબોધી સ્વામીશ્રી સાગટાળામાં કાર્યરત પછાત વર્ગના સર્વોદય વિદ્યાલયમાં પધાર્યા.

અહીં ગોઠવાયેલી સભામાં તાલુકા તથા જિલ્લા કક્ષાના ઘણા અગ્રણીઓ ઉપસ્થિત હતા. તેમાં સ્વામીશ્રીના સંબોધન બાદ, એક વિદ્યાર્થીએ પ્રશ્ન પૂછ્યો કે 'પાપ અને પુણ્ય સાચાં જ હોય અને વિધિના લેખ પ્રમાણે બધું થતું હોય તો એક માણસ બીજાને મારે એમાં ખોટું શું છે ? વિધિના લેખ પ્રમાણે જ તો બધું થાય છે.'

આ કૂટપ્રશ્નને ઉકેલતાં સ્વામીશ્રીએ કહ્યું: 'માણસને પાપ કરતાં ખચકાટ થાય છે તે બતાવે છે કે તે માર્ગે જવું ન જોઈએ. માટે પાપથી દૂર રહેવું.'

આ સચોટ ઉત્તરથી સૌને નિઃસંશય કરતાં જૂના બારિયા પહોંચેલા સ્વામીશ્રીએ અહીં ૯૫ વર્ષની એક વયોવૃદ્ધ વ્યક્તિનું વ્યસન છોડાવ્યું. જીવને શુદ્ધ કરવામાં તેઓએ કદી વાર લગાડી નહોતી અને શ્રદ્ધા ગુમાવી નહોતી.

આ શ્રદ્ધાના સહારે જ જૂના બારિયાથી દેવગઢ બારિયા પધારેલા સ્વામીશ્રી ગોરધનભાઈના ઘેર ઠાકોરજી જમાડી પત્રલેખન કરવા બિરાજ્યા. તે વખતે એ ઓરડાની બારીઓ પાસે આવી મહિલાઓ દર્શન કરવાં લાગ્યાં. પણ સ્વામીશ્રીને આ જાણ થતાં જ તેઓએ આ બાબતે નારાજગી વ્યક્ત કરી તેઓને મર્યાદા મુજબ રહેવા હરિભક્ત દ્વારા જણાવ્યું.

*'સાચે સદ્‌ગુરુ સોય... સબ નિયમ સત્સંગ કે, લેશ ન લોપત જોય...'*ના પુરાવા સ્વામીશ્રીના જીવનમાં હરદમ જોવા મળતા.

કીર્તિ જાણે કલંકે ભરી

તા. ૧૬/૨ના રોજ દેવગઢ બારિયાથી નીકળેલા સ્વામીશ્રીએ ઘોઘંબા, રણજીતનગર, કણબીપાલ્લી, વાડીનાથ, એરાલ, ઘુસર, વેજલપુરના ભક્તોને લાભ આપતાં તા. ૧૮/૨ના રોજ રાબોડને પાવન કર્યું.

અહીં નગરયાત્રાથી પરવારી તેઓ બપોરે દોઢ વાગ્યે ભીખાભાઈના ઘેર ઉતારે પધાર્યા ત્યારે હજી ઠાકોરજીના થાળને થોડી વાર હોવાથી સ્વામીશ્રીએ હરિભક્તો સાથે ગોષ્ઠી માંડી. ભગવાનના ગુણગાન ગાવામાં તેઓને ભૂખ-દુઃખ કદી નડતાં-કનડતાં નહીં.

પરંતુ આ બ્રહ્મરસની ધારામાં સૌ એવા તણાયા કે એક કલાક વીતી ગયો. સ્વામીશ્રી કથાવાર્તા કરવામાં એવા તો તલ્લીન થઈ ગયેલા કે સેવકોને પણ વચ્ચે વિક્ષેપ કરવાનો વિચાર ન ઉદ્‌ભવ્યો. છેવટે અઢી વાગ્યે સ્વામીશ્રી જમવા બિરાજ્યા ત્યારે ભક્તોએ માફી માંગી કે 'બાપા! અમારે કારણે આપને જમવામાં મોડું થયું!'

'એનો કાંઈ વાંધો નહીં. અમારે તો આ ધંધો છે.' એમ કહેતાં સ્વામીશ્રી બોલ્યા: 'વાણિયાને કોઈ ઘરાક આવે તો રાજી થાય કે દુઃખ થાય?'

*'આળસી ન બેસવું આપણે, હેતે કરવી હરિની વાત...'*ની સ્વામીશ્રીની જીવનશૈલી.

તે અનુસાર તેઓ રાબોડથી ઉતરેડિયા, મલાવને લાભ આપતાં તા. ૧૯/૨ના રોજ અલ્વા પધાર્યા. અત્રે ૪૦ પધરામણીઓ કરીને સ્વામીશ્રી કંડાચ પહોંચ્યા ત્યારે ઢળેલી સંધ્યાએ પણ તેઓનો લાભ લેવા ગામનો ઘણો મોટો ભાવિક વર્ગ એકત્રિત થઈ ગયો.

આ સભામાં સ્વામીશ્રીએ હરિભક્ત શ્રી મોહનભાઈ પટેલને પ્રારંભિક પ્રવચન કરવા જણાવ્યું ત્યારે તેઓએ બુલંદ અવાજે જયનાદ બોલાવી, સીધો જ સ્વામીશ્રીનો મહિમા રેલાવવો શરૂ કરી દેતાં સ્વામીશ્રી સંકોચાયા. એ જ અવસ્થામાં આખું પ્રવચન સાંભળતા રહેલા તેઓએ પ્રવચન પૂરું થયું ત્યારે ખિન્ન સ્વરે તે હરિભક્તને કહ્યું: 'તમને કથા-વાર્તા કરવા ઊભા કર્યા હતા ને આ ક્યાં કાઢ્યું?'

'કીર્તિ જાણે કલંકે ભરી...' મુજબ જીવનારા સ્વામીશ્રીના રસનો વિષય હતો – હરિયશ; નહીં કે સ્વયશ.

હિતકારી ભારી સૌ જીવના

તા. ૨૦/૨ના રોજ કંડાચમાં ૪૦ પધરામણીઓ કરીને સ્વામીશ્રી ભાદ્રોલીને લાભ આપતાં બપોરે પોણા એક વાગ્યે ઝરડકા પહોંચ્યા, પરંતુ નગરયાત્રા ઘડિયાળના કાંટાને ગાંઠતી ન હોવાથી સ્વામીશ્રીનું આગમન થતાં જ વાજાં વાગવાં લાગ્યાં. શોભાયાત્રાથી પરવારેલા સ્વામીશ્રી સાંજે ચાર વાગ્યે સભા કરી ઘરોઘરને પાવન કરવા નીકળ્યા. સભાનો સ્વાદ ચાખી ચૂકેલા સૌ ગામવાસી પોતાના ખોરડે સ્વામીશ્રીને વધાવવા આતુર હોવાથી એકધારી ૬૦ પધરામણીઓ થઈ.

ગાર-માટીનાં આ ઘરોમાં મોટેભાગે નીચા વળી-વળીને જ દાખલ થવું પડતું. છતાં સ્વામીશ્રી સૌ જ્યાં લઈ ગયા ત્યાં બધે ગયા. છેલ્લા ઘેર તો તાળું લાગેલું, તોય તેની ઓસરીમાં જઈ તેઓએ પુષ્પો છાંટ્યાં અને એ ઘરવાસીઓ માટે કલ્યાણનાં દ્વાર ખોલી નાંખ્યાં.

આ પધરામણીઓ દરમ્યાન જ સ્વામીશ્રીએ સાથે ચાલતા કાર્યકરોને પૂછ્યું કે 'અહીં બધા વ્યવસાય શું કરે છે?'

'બાપા! લગભગ બધા ખેતીવાળા જ છે.'

'ખેતીમાં શું પાક લે?'

'કપાસ, મગફળી વગેરે થાય.'

'મરચાં કરે તો ન થાય?' નવો વિચાર વાવતાં સ્વામીશ્રી બોલ્યા.

'એ અમે ક્યારેય કર્યાં નથી.'

'કરો. મહારાજ સારું કરશે.' આટલું કહી સ્વામીશ્રી ચાલી નીકળ્યા.

તેઓના આ વચનમાં વિશ્વાસ લાવી સત્સંગીઓએ મરચાંની ખેતી શરૂ કરતાં, એક-એક વીઘે આશરે સવા લાખ રૂપિયાની કિંમતનાં મરચાં નીકળ્યાં. તેથી તેઓના દિનમાન સુધરી જતાં કાચા મકાનો પાકાં થયાં. ગામ આખું *'હિતકારી ભારી સૌ જીવના...'* સમા સ્વામીશ્રીનું સદાનું ઋણી બની રહ્યું. મોક્ષની સાથે વ્યવહારને પણ સુધારતા સ્વામીશ્રીને સૌ કેમ ન ઝંખે !

પૂરે ભક્તના હૈયાની હામ

ઝરડકાથી સમી સાંજે નીકળનારા સ્વામીશ્રી સમા થઈને મણિપુર પહોંચવાના હોવાથી, આ માર્ગમાં વચ્ચે આવતા ડેરોલના શંકરભાઈએ પોતાના ઘેર પધારવા નિમંત્રણ આપી દીધું. તે સ્વીકારતાં સ્વામીશ્રીએ તેઓને ગામની ભાગોળે ઊભા રહેવાનું જણાવી દીધું. તેથી આ વડીલ તો સમય થતાં પાદરે આવી રાહ જોવા માંડ્યા.

પરંતુ સમયની ખેંચ સર્જાતાં વ્યવસ્થાપકોએ ડેરોલનો કાર્યક્રમ મોકૂફ રાખી સીધા મણિપુર પહોંચી જવાની ગોઠવણ કરી દીધી. આ સમયે સ્વામીશ્રી કંઈ ન બોલ્યા અને કાફલો સમાથી સીધો મણિપુરનું પાટિયું નજરમાં રાખી નીકળી પડ્યો. તે વખતે સ્વામીશ્રીની પ્રતીક્ષામાં ઊભેલા પેલા હરિભક્ત પણ બે કલાક સુધી વાટ જોયા બાદ, 'હવે સ્વામીશ્રી નહીં પધારે' એ વિચાર સાથે ઘરભેગા થઈ ગયેલા. તેથી હવે ડેરોલ મુકામે પધરામણીની શક્યતા શૂન્ય થઈ ચૂકી.

પરંતુ થોડા સમય બાદ ડેરોલનું નાકું આવવાનો વખત થતાં સ્વામીશ્રીની નજર આમતેમ ઘૂમવા લાગી. તે પેલા હરિભક્તને શોધી રહેલી, જે હાલ તો ઘેર પહોંચી ગયેલા. પણ *'પૂરે ભક્તના હૈયાની હામ...'*ની રીત રાખી વિચરતા સ્વામીશ્રી કોઈને બાકાત કેમ રાખે?

તેથી ડેરોલ ગામ આવતાં જ જીપ ખોટકાઈ. તેની તાત્કાલિક મરામત કરાવવાની થઈ. રાત્રિનો સમય થઈ ગયો હોવાથી ભાગોળનાં ગૅરેજ બંધ હતાં. પરંતુ તપાસ કરતાં એક મિકેનિક હાથ લાગ્યા. ત્યાં ગાડી અને સંઘ પહોંચ્યો ત્યારે ખબર પડી કે 'આ કારીગર તો ડેરોલમાં આવવાનું આમંત્રણ

આપનારા હરિભક્તના ભત્રીજા છે અને એ નિમંત્રકનું ઘર બાજુમાં જ છે !'

તેથી ગાડીની મરમ્મત થતી રહી ત્યાં સુધી સ્વામીશ્રી તેઓના ઘેર પધાર્યા. યજમાનને તો *'મહેર કરી મારે મંદિર આવ્યા'* જેવો ઘાટ થતાં તેઓ ઘેલા ઘેલા થઈ ગયા. સ્વામીશ્રીએ અહીં આરતી-અષ્ટક ગાયાં. જ્યાં ઘડીયે રોકાવાની વાત નહોતી ત્યાં વીસ-ત્રીસ મિનિટનું રોકાણ થઈ ગયું ! તે વેળાએ આ ગામનો કાર્યક્રમ રદ કરતી વખતે સ્વામીશ્રીએ સેવેલા મૌનનો મર્મ વ્યવસ્થાપકોને બરાબર સમજાઈ ગયો. ભક્તોના ભાવ કોઈ પણ રીતે સ્વામીશ્રી પૂરા કરે જ છે – તે રહસ્ય પણ હાથ લાગી ગયું.

પરકું પીડા ના કરે

ડેરોલથી નીકળેલા સ્વામીશ્રીએ તા. ૨૧/૨ના રોજ મણિપુરમાં પંદર પધરામણીઓ કરી વિદાય લીધી ત્યારે છેલ્લા ૧૯ દિવસમાં તેઓ વડોદરા, ભરૂચ અને પંચમહાલ જિલ્લાનાં ૬૭ ગામો ઘૂમી વળેલા. ગત વર્ષે માંદગીને કારણે ખોરવાયેલો વિચરણનો લય તેઓએ જાણે પુનઃ મેળવી લીધો !

આ લય જાળવી રાખતાં સ્વામીશ્રી મણિપુરથી ટુવા, નડિયાદ, બારેજાને લાભ આપતાં અમદાવાદ પહોંચ્યા. અહીં તેઓએ તા. ૨૩/૨ના રોજ એકાદશીના નિર્જળા ઉપવાસમાં સવારથી શરૂ કરેલી પધરામણીઓ બપોરના સવા ત્રણ વાગ્યા સુધી સળંગ ચલાવી.

'આવા ઘોર કળિકાળમાંય, તપ એવું કોઈથી ન થાય...' ગાવાનું મન થઈ આવે એમ વિચરતા સ્વામીશ્રી, ભક્તોના હિત માટે આટલી તપશ્ચર્યા કરી બાવળા, ધંધુકાને પાવન કરતાં રાત્રે સાડા નવ વાગ્યે પાટણા પધાર્યા.

અહીં તા. ૨૪/૨ની સવારે રોહીશાળાથી પણ ઘણા ભક્તો લાભ લેવા આવી ગયેલા. આજે સાંજે રોહીશાળામાં કલાકનું રોકાણ તો હતું જ; છતાં આ સૌની દશા *'ધીરજ રહેતી નથી મારી રે બે'ની'* જેવી થઈ ગયેલી. ભક્તોની આ તાલાવેલીમાં સ્વામીશ્રીના પ્રેમ-પ્રભાવનું પણ ભેળભેળું દર્શન થઈ રહ્યું. એ પ્રેમના પાથરણા પર જ બેસી પ્રાતઃકથા કરતાં તેઓએ જણાવ્યું કે 'મહારાજ સર્વોપરી છે. મહારાજને પ્રગટ થયે બસો વર્ષ થયા છતાં ઘણાને તેમનો યથાર્થ નિશ્ચય થયો નથી.'

સર્વોપરીપણાના આવા પડકારા સંભળાવતી આ કથા દરમ્યાન જ ફોટો સેશન જેવું શરૂ થઈ ગયું. સ્વામીશ્રી બાદ અન્ય સંતની કથાનો પ્રારંભ થતાં,

બધા વારાફરતી સ્વામીશ્રી પાસે બેસતાં ગયા અને તેઓની છબીઓ લેવાતી ગઈ. પરંતુ આ કાર્યક્રમ દરમ્યાન સ્વામીશ્રી વારંવાર બોલતા રહ્યા કે 'અહીં સાથે બેસાશે, પણ અક્ષરધામમાં સાથે બેસાય તેમ કરવું. અક્ષરધામનો ફોટો પાડી લેવો. આ ફોટો તો પડી રહેશે.'

હંમેશા મૂળગામી કાર્ય તરફ જ ઝોક ધરાવતા સ્વામીશ્રી પાટણાથી વિદાય લઈ મૂળધરાઈ, રોહીશાળાને લાભ આપતાં શિયાનગર પહોંચ્યા.

અહીં તેઓ માવજીભાઈ પટેલના ઘેર સ્નાન કરી ધોતિયું ધારણ કરવા ઓરડામાં આવ્યા ત્યારે ત્યાં બત્તીના અજવાળે બેઠેલા નારાયણ ભગત કંઈક વાંચી રહેલા. તેઓની બાજુમાં જ સંતોએ સ્વામીશ્રી સારુ ધોતિયું પહેરતી વખતે ઊભા રહેવા માટે એક રજાઈ પાથરેલી. પરંતુ સ્વામીશ્રી ત્યાં ન ઊભા રહેતાં સામેની બાજુએ જઈ ધોતિયું ધારણ કરવા લાગ્યા. તે જોઈ સૌએ કહ્યું : 'બાપા ! અહીં આપના માટે જ પાથર્યું છે.'

'ત્યાં નારાયણ ભગતને અંધારું પડે.' સ્વામીશ્રી બોલ્યા.

પૂરપાટ ગતિએ દોડતા વિચરણમાં પણ પોતાનાં કાર્ય-ક્રિયાથી કદી કોઈને તકલીફ ન પડે તેનું ધ્યાન તેઓ હરહંમેશ રાખતા. *'પરકું પીડા ના કરે...'*ની સ્વામીશ્રીની પ્રકૃતિ પર કદી ધૂળ બાઝી નહોતી.

આપ-અપર[૧] ભાવ નથી ભાસતો

શિયાનગરથી સ્વામીશ્રી કેરિયામાં ચાલતા મંદિર-નિર્માણના કાર્યને વેગ આપી તા. ૨૫/૨ની સાંજે ઝીંઝાવદર પધાર્યા. અહીં અલૈયાખાચરના પાંચમી પેઢીના વંશજને ઘેર પધારી, તેઓએ શ્રીજીમહારાજની પ્રાસાદિક વસ્તુઓનાં દર્શન કર્યાં અને યજમાનને પણ વર્તમાન ધરાવી સત્સંગી કર્યા.

ત્યારબાદ સાંગાવદરને લાભ આપી લાખિયાણી આવેલા સ્વામીશ્રીએ તા. ૨૬/૨ની સવારે ચાર ઢોલી અને બે શરણાઈવાળા સહિત વાજતે-ગાજતે ૭૦ પધરામણીઓ કરી. આ આયોજનની સાથે સત્સંગીઓએ આજે સમસ્ત ગામને ભોજનનું નિમંત્રણ પાઠવ્યું હોવાથી ગામધુમાડો બંધ હતો. તેની સાથે સ્વામીશ્રીએ પણ ઘણા ભાઈઓના ધુમાડા(વ્યસન) બંધ કરાવ્યા.

લાખિયાણીને આ લાખેણો લાભ આપી કારિયાણી પહોંચેલા તેઓએ અહીં તાજેતરમાં જ જે સ્વામિનારાયણ મંદિરની પ્રતિષ્ઠા થવાની હતી તે

---

૧. આપ-અપર એટલે કે પોતાનું-પારકું.

તથા પ્રાસાદિક અક્ષર ઓરડી અને વસ્તાખાચરના દરબારનાં દર્શન કર્યાં. તે સમયે સ્થાનિક કોઠારી સંત પણ સ્વામીશ્રી સાથે રહ્યા. છેલ્લે વિદાય લેતી વખતે સ્વામીશ્રીએ તેઓને કહ્યું : 'આપને પ્રતિષ્ઠામાં જે જે જોઈએ તે સારંગપુરથી મંગાવજો.'

ભગવાન સ્વામિનારાયણનું કોઈ પણ સ્થાન પોતાનું જ સમજી સ્વામીશ્રી તેની પુષ્ટિ માટે બનતું બધું કરી છૂટતા. તેઓની આ ઉદારતા જોઈ અહીંના સંતો ભાવવિભોર બની ગયા. *'આપ-અપર ભાવ નથી ભાસતો, એવી ખરી કરી છે મતિ...'* સમા સ્વામીશ્રીને તેઓ નીરખી જ રહ્યા.

પ્રભુપદ પ્રીત પ્રચંડ

કારિયાણીથી વિદાય લઈ નીકળેલા સ્વામીશ્રી ઝમરાળા, નિંગાળા, રતનવાવ અને ગઢડાને પાવન કરતાં તા. ૨૭/૨ની સાંજે ઉગામેડી આવી પહોંચ્યા.

અત્રે તેઓના આગમન સાથે મંદિર-પ્રતિષ્ઠા નિમિત્તે યોજાયેલી નગરયાત્રાનો પ્રારંભ થયો. એક ટ્રેક્ટરમાં અક્ષર-પુરુષોત્તમની પટપ્રતિમાઓ અને બીજા ટ્રેક્ટરમાં બાંકડો મૂકી સ્વામીશ્રી તથા દેવપ્રસાદદાસ સ્વામીને બેસાડવામાં આવ્યા. તે બંનેની વચ્ચે રહેલી સાંકડી જગ્યામાં સ્વામીશ્રીએ ઠાકોરજી પધરાવ્યા.

પરંતુ ઠાકોરજીને પડતી આ સંકડાશ તેઓને ભીડી રહી હશે. તેથી વચ્ચે આવેલા રામજી મંદિરે સ્વામીશ્રી દર્શન માટે ઊતર્યા ત્યારે તેઓએ બાંકડા પર બે ઓશીકાં ગોઠવી, તેની પાછળ તકિયો મુકાવી, ઠાકોરજી માટે સુંદર આસન તૈયાર કરી દીધું અને સાથેના વડીલ સંતને પણ બીજે સ્થળે બેસાડ્યા. હરિકૃષ્ણ મહારાજને બેસવાની યોગ્ય સગવડ થતાં હવે સ્વામીશ્રીના ચહેરા પર હાશ વર્તાઈ રહી !

આવી *'પ્રભુપદ પ્રીત પ્રચંડ...'* ધરાવતા તેઓના વરદહસ્તે તા. ૨૮/૨ના રોજ યજ્ઞ અને પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી સંપન્ન થયા.

પ્રતિષ્ઠા બાદ સાંજે સ્વામીશ્રીએ વિદાય લીધી ત્યારે ગામમાં અને સીમમાં ચંદનવૃષ્ટિ થતાં સમગ્ર ગામ સુવાસથી મઘમઘી ઊઠ્યું. આ પ્રસંગથી સારાયે પંથકમાં સ્વામીશ્રીનો જયજયકાર થઈ રહ્યો.

ધન્ય ધન્ય એની ભક્તિ

ચારેકોર સત્સંગની સૌરભ પ્રસરાવતા સ્વામીશ્રી ઉગામેડીથી સુરકા, ઝીંઝાવદર, ગઢડા, ગુંદાળા, પડવદર, ઢસાને લાભ આપતાં તા. ૧/૩ની રાત્રે સાડા આઠ વાગ્યે દામનગર પધાર્યા. અત્રે તા. ૨/૩ની સવારે સાડા આઠ વાગ્યાથી બપોરે પોણા બે વાગ્યા સુધીમાં તેઓએ એકધારી ૧૧૦ પધરામણીઓ કરીને આખા ગામમાં સત્સંગની લહેર ફેલાવી દીધી. તે અહીંથી લાઠી અને અમરેલીને પાવન કરતી રાત્રે નવ વાગ્યે સાવરકુંડલા પહોંચી.

દામનગરથી અહીં સુધીની મુસાફરી માટે એક હરિભક્ત પોતાની મોંઘી 'ઈમ્પાલા' મોટર લઈને હાજર થઈ ગયેલા. પરંતુ સવારે સવા પાંચ કલાક સુધી ચાલેલી પગપાળા પધરામણીઓ અને સાંજે આ વૈભવી ગાડીમાં પ્રવાસ કરનારા સ્વામીશ્રીની મુખાકૃતિમાં કોઈ ફર્ક ન પડ્યો. તડકી-છાંયડી તેઓને એકસમાન હતી.

આ રીતે સાવરકુંડલા પધારેલા તેઓએ અત્રે ત્રિદિવસીય પારાયણની સાથે જે. વી. મોદી હાઈસ્કૂલ તથા સાર્વજનિક કુમાર છાત્રાલયમાં પધારી યુવાપેઢીને પણ સંબોધી.

તેને અનુસરતાં તા. ૫/૩ની સવારે પારાયણની પૂર્ણાહુતિ અને મંદિરના ત્રીજા પાટોત્સવનો સંગમ સર્જાયો. તેની વિધિમાં સ્વામીશ્રી બિરાજ્યા. તેમાં નૈવેદ્ય-નિવેદન વખતે ભૂદેવે દ્રાક્ષનું ઝૂમખું લઈને સીધું ઠાકોરજી આગળ મૂકી દીધું! પરંતુ કર્મકાંડ સાથે ભક્તિભાવનો મેળ ધરાવનારા સ્વામીશ્રીએ તરત જ તે ઝૂમખું લઈ તેની એક-એક દ્રાક્ષ છૂટી પાડી, તેને ધોઈને થાળીમાં મૂકી ઠાકોરજીને ધરાવી!

તેઓનો આ પ્રભુપ્રેમ જોઈ સૌ ગાઈ ઊઠ્યા : *'ધન્ય ધન્ય એની ભક્તિ, ધન્ય ધન્ય એની ટેક...'*

રોજ દિવસ ઊગે ને સ્વામીશ્રીની ભક્તિનો કંઈક નવો પ્રકાર નજરે ચઢતો જ રહેતો. તેથી તા. ૭/૩ પણ અંજાઈ ગઈ.

સાવરકુંડલાથી બાઢડા અને વિજયાનગરને લાભ આપી, મેરિયાણા પધારેલા સ્વામીશ્રીએ આ દિવસની સવારમાં જ ૮૩ પધરામણીઓ કરી, કૈંકને 'ચોરાશી'માંથી બહાર કાઢ્યા. બીજાને તો બહુ થઈ પડે એવા પધરામણીના આવા તગડા આંકડાઓને તેઓ સહજ-સહજમાં પાર કરી દેતા. અઢાવન વર્ષે

પણ તેઓની ચપળતા અઠ્ઠાવીસ વર્ષના યુવાન જેવી ભાસતી!

આ છટાથી મેરિયાણા પર મે'ર વરસાવી સ્વામીશ્રી જૂના સાવરમાં દર્શન કરીને, સાંજે સાત વાગ્યે નાની વાવડી આવી પહોંચ્યા ત્યારે અત્રે તેઓને વધાવવા હજારો ભાવિકો એકત્રિત થઈ ગયા.

ગામમાં નિર્માણ પામેલાં બાઈ-ભાઈનાં મંદિરોમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓ તથા કુતાણાના મંદિરમાં વિરાજમાન થનારી મૂર્તિઓ સુશોભિત ગાડાંઓમાં ગોઠવાઈ ગયેલી. તેની સાથે ૫૧ બળદગાડાં પણ શોભામાં અભિવૃદ્ધિ કરતાં હતાં. પ્રતિષ્ઠા પૂર્વે નગર પર દૃષ્ટિ કરવા નીકળનારા અક્ષર-પુરુષોત્તમ મહારાજને વધાવવા, ઘર-બજાર સહિત આખું ગામ શણગારવામાં આવેલું. બંદૂકોના બારમાંથી સૌનો ઉત્સાહ જ ગગનગામી થઈ રહેલો.

તેમાં ધીમે ધીમે અંધારું જામતાં ટ્રેક્ટરમાં બિરાજેલા સ્વામીશ્રી આગળ એક પેટ્રોમેક્ષ લાવવામાં આવ્યું. પરંતુ હજી તેના પ્રકાશના શેરડા સ્વામીશ્રી પર પડે ત્યાં તો સ્વામીશ્રીના રોમ-રોમમાંથી પરાભક્તિના પુંજ રેલાયા. તેઓએ તરત જ સૂચના આપી : 'ઠાકોરજીના રથ છે ત્યાં આ બત્તીઓ ધરો.'

પોતાનાં નહીં, પણ ભગવાનનાં દર્શન સૌ કરે તેમાં સ્વામીશ્રીને રસ. તેઓની આ પરાભક્તિના પ્રકાશથી આખી નગરયાત્રા દરમ્યાન ઠાકોરજી ઝળહળતા રહ્યા.

આવી શોભાયાત્રા મંદિરના પ્રાંગણમાં સ્વાગત-સભાના રૂપમાં ફેરવાઈ ગઈ. અહીં દસ હજારની ક્ષમતા ધરાવતા સભાગૃહમાં સ્વામીશ્રીનું ભવ્ય સ્વાગત થયું ત્યારે સૌના ભક્તિભાવથી પ્રસન્ન થતાં તેઓ બોલ્યા : 'વાવડી નાની, પણ મંદિર ભવ્ય થયું. નાના ભક્તોએ અહીં મોટું કાર્ય કર્યું.'

ચિત્ત હરિસું લગ્યો

નાની વાવડીમાં સ્વાગત-સભા બાદ ઉતારે પધારેલા સ્વામીશ્રી રાત્રે સાડા બાર વાગ્યે પોઢવા પધાર્યા ત્યારે સામે સંતો દર્શન માટે ઉપસ્થિત હતા. તેઓને સ્વામીશ્રીએ પૂછ્યું: 'ચેષ્ટા બોલ્યા?'

સૌને આ આહ્વનિક બાકી હતું; પરંતુ 'જો 'ના' કહીશું તો સ્વામીશ્રી આરામ ઠેલી ચેષ્ટાગાન કરવા બેસશે અને તેઓને આરામમાં મોડું થશે' એમ વિચારી સંતોએ તરત 'હા' કહી દીધી. પણ શબ્દોના ભાવ અને ભાવના શબ્દો બંનેને સારી રીતે પકડી શકનારા સ્વામીશ્રીને, સંતોના હકારનો રણકાર બોદો

લાગતાં તેઓએ પૂછપરછ આદરી: 'કોણ કોણ બોલ્યું? ક્યારે બોલ્યા?...'

સ્વામીશ્રીની ઊલટ-તપાસ એવી તળિયાઝાટક રહેતી કે તેમાં ગમે તેવી ચાલાકીના ચૂરેચૂરા થઈ જાય. તેથી ચેષ્ટાગાન બાકી છે તે નક્કી થતાં, સૂતેલા સ્વામીશ્રી પથારીમાં બેઠા થયા અને દિવસભરની ૮૩ પધરામણીઓ તથા નગરયાત્રા તેમ જ સભાના થાક વચ્ચે પણ તેઓ ચેષ્ટાગાન કરી રાત્રે એક વાગ્યે સૂતા!

ખરેખર, *'ચિત્ત હરિસું લગ્યો, તાકી યહ ગતિ હોય...'* અનુસાર, જેનું ચિત્ત ભગવાનમાં રમમાણ હોય તેના જીવનમાં જ આ દર્શન શક્ય છે. આંબે જ કેરી પાકે, આંબલીએ નહીં.

માન તજી હરિ ભજે

તા. ૮/૩ની સવારે નાની વાવડીમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવ્યા બાદ સ્વામીશ્રી બપોરે આરામમાં જઈ રહેલા ત્યારે મંદિરોના સંચાલન સંબંધી એક વ્યવહારુ વાત કરતાં તેઓએ કહ્યું: 'સંતો ગામડે ફરવા જાય ત્યારે ત્યાંનો ધર્માદો મુખ્ય મંદિરે લાવવો. ત્યાં નાનું હરિમંદિર હોય ને તેને રિપેરીંગ વગેરેમાં જરૂર હોય તો પણ પહેલાં તો ધર્માદો મોટા મંદિરે જ લઈ જવો. પછી ત્યાંથી તે મંદિરે મદદ કરવી. જો સીધેસીધું ત્યાં આપી દઈએ તો ધર્માદાની ટેવ જતી રહે.'

મંદિરોના નિર્માતા તરીકે પંકાયેલા સ્વામીશ્રી મંદિરોના કુશળ વ્યવસ્થાપક પણ હતા. મંદિરના શિલાન્યાસથી સંચાલન સુધીના ફલક પર તેઓ સોનેરી સૂચનો આપી શકતા. તેને અનુસરનારનો વ્યવહારમાર્ગ સરળ થઈ જતો.

આ રીતે નાની વાવડીને ભગવાનની ભેટ આપી આજની સાંજે વિદાય થયેલા સ્વામીશ્રી ફાચરિયાને લાભ આપતાં ટીંબી પધાર્યા.

અહીં રાત્રે અલ્પાહાર ગ્રહણ કરતી વખતે તેઓની સાથે સંતોની પણ પંગત થયેલી. તે સમયે સ્વામીશ્રીએ, નજીક બેઠેલા ડૉક્ટર સ્વામી જમી રહ્યા એટલે તેઓનું ભોજનપાત્ર જાતે લઈને બાજુમાં મૂકી દીધું! નારાયણ ભગતને પણ સ્વહસ્તે પાણીનો પ્યાલો ભરી દીધો!

વીજળીના વેગે થયેલી આ ક્રિયાઓ જોઈ સૌ સ્તબ્ધ રહી ગયા. સ્વામીશ્રીની આ નમ્રતા સૌને વાનગીઓ કરતાંય વિશેષ ભાવી ગઈ. ભોજનના

નહીં, પણ આ સેવા કર્યાના ઓડકાર ખાતાં સ્વામીશ્રી ટીંબીથી ગારિયાધાર આવી પહોંચ્યા.

ક્ષુધા તૃષાને ન ગણે જ તેહ

ગારિયાધારના રોકાણનો બીજો દિવસ તા. ૯/૩ એકાદશીના સંગે ઊગેલો. તેથી સ્વામીશ્રીએ પ્રાતઃપૂજા બાદ અલ્પાહાર-જલપાન કર્યા વિના સવારના આઠ વાગ્યાથી જ પધરામણીઓ શરૂ કરી દીધી. અત્રે પંદર ઘરોને પાવન કરી તેઓ મોરબા પહોંચ્યા. અહીંના ભક્તોને લાભ આપી સ્વામીશ્રી ચારોડિયા પધાર્યા ત્યારે આ ગામના એક ભક્તે મંદિર કરવા માટે ઠાકોરજીને ભૂમિદાન કર્યું. તેઓને આશીર્વાદ અને એકત્ર થયેલા સંભાવિત મનુષ્યોને સદુપદેશ આપી સ્વામીશ્રીએ કુતાણામાં પગલાં પાડ્યાં.

આ ગામના નવનિર્મિત મંદિરમાં તેઓનાં કરકમળો દ્વારા અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત થયા. પ્રતિષ્ઠા બાદ જમણવાર મંડાયો; પરંતુ સ્વામીશ્રીને તો નિર્જળા ઉપવાસ હોવાથી તેઓ પધરામણીઓ કરવા નીકળી પડ્યા. તેથી પરવારી બપોરે ત્રણ વાગ્યે વિદાય લઈ વેળાવદર જઈ પહોંચ્યા.

અહીં ગાડામાં નગરયાત્રા અને શાળાના મેદાનમાં સભાનું આયોજન ગોઠવાયેલું. તેમાં સુકાતા કંઠે પણ અમૃતધારા વહાવી સ્વામીશ્રી મેકડા પધાર્યા ત્યારે નિર્જળા ઉપવાસના દિવસે વિના આરામ - વિના આહાર તેઓએ ખેડેલું આજનું આ છઠ્ઠું ગામ હોવા છતાં, તેઓના મુખ પર તપની સાથે તાજગી પણ ઝગારા મારી રહેલી. આ રીતે ઉપવાસને હંફાવતાં તેઓ મોટા ભમોદરા આવ્યા.

અહીંના ભક્તોને કથાવાર્તાનો લાભ આપી, સ્વામીશ્રીએ જેસરમાં લેઉઆ પટેલ જ્ઞાતિની વાડીના મંચ પર પગ મૂક્યો ત્યારે રાત્રિના આઠ વાગ્યાનો સમય થયેલો. અહીં તેઓ જે સ્વાગત-સભામાં બિરાજ્યા તે સવા અગિયાર વાગ્યે પૂર્ણ થઈ. ત્યારબાદ ઉતારે આવી ચેષ્ટાગાન કરી સ્વામીશ્રી રાત્રે બાર વાગ્યે પોઢ્યા ત્યારે સવારના આઠ વાગ્યાથી લોકકલ્યાણ માટે નીકળી પડેલા તેઓએ આજે ઉઠાવેલા સતત સોળ કલાકના કાર્યભારથી નિર્જળા ઉપવાસની તો કમર તૂટી ગઈ.

*'ક્ષુધા તૃષાને ન ગણે જ તેહ...'*ની રીતે વિચરતા સ્વામીશ્રીએ ભીડાભક્તિનું નવું સોપાન નહીં, શિખર સર કરી દીધું.

ભગતજીની દેરીએ સાર્ધ શતાબ્દીના ડંકા

તા. ૧૦/૩ની સવારે જેસરમાં નૂતન હરિમંદિરના ખાતવિધિ બાદ બપોરના સવા એક વાગ્યા સુધીમાં ૩૫ પધરામણીઓ કરી સ્વામીશ્રી સાંજે સાડા પાંચ વાગ્યે મહુવા આવી પહોંચ્યા.

અહીં તેઓના આગમનને વધાવતાં ચારેકોર ભગતજી મહારાજના સાર્ધ શતાબ્દી મહોત્સવની નોબતો ગાજી રહેલી. મહોત્સવના પ્રાણ-પ્રેરક આવતાં જ, તાલુકાશાળા પાસેથી ભવ્ય નગરયાત્રાનો પ્રારંભ થયો. તેમાં સંતો-ભક્તોના સમૂહ સાથે સ્થાનિક પ્રજાનો ઉત્સાહ પણ અપાર હતો. તેઓએ આખું નગર શણગાર્યું હતું. સોની બજારમાં ઝવેરીઓએ ઊલટભેર સોનાનાં ઘરેણાં લટકાવ્યાં હતાં, તો કાપડ બજારમાં વેપારીઓએ રંગબેરંગી વસ્ત્રોથી બજારો સજાવી હતી. ઠાકોરજી, ભગતજી મહારાજ અને સ્વામીશ્રીના કલાત્મક રથ આ નગરયાત્રાના મુખ્ય આકર્ષણરૂપે હતા. તેની સાથે ભગવાંધારી સંતોની કેસરક્યારી, હરિભક્તોની હારમાળાઓ, સકળશ મહિલાવૃંદ સહિતની નગર-યાત્રા, સમગ્ર શહેરને પાવન કરી, યશોવૃદ્ધિ જૈન બાલાશ્રમના 'પ્રાગરાજ સભામંડપ'માં સભારૂપે ફેરવાઈ ત્યારે ત્યાં પગ મૂકવાની જગ્યા બચી નહીં.

આ ભરચક સ્વાગત-સભામાં ધારાસભ્ય શ્રી છબીલદાસ મહેતા સહિત નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ, ડેપ્યુટી કલેક્ટર, મેડિકલ બોર્ડના ચેરમેન વગેરેએ સ્વામીશ્રીને બિરદાવ્યા. સૌ સ્વામીશ્રીના ઉત્સવ-આયોજન પર ઓળઘોળ હતા, કારણ કે સ્વામીશ્રી દ્વારા યોજાતા ઉત્સવો પ્રેરણાની પરબ સમા બની રહેતા. તેમાં કિલ્લોલ રહેતો, પણ કથા સહિતનો! ધામધૂમ જોવા મળતી, પણ ધર્મના સંગે! મિલન રહેતું, પણ મર્યાદાસભર! તેથી અહીં આવનાર કંઈક પામીને જતો – પોતા માટે, કુટુંબ માટે, સમાજ માટે.

આ જ શૈલીથી ઊજવાઈ રહેલા આ સાર્ધ શતાબ્દી મહોત્સવમાં પણ ભગતજી મહારાજના જીવન-કાર્યલક્ષી રસપ્રદ પ્રવચનમાળાની સાથે પ્રેરક પ્રદર્શનો ઊભાં કરવામાં આવેલાં. સવાર-સાંજ પારાયણ અને જાહેર-સભાઓ થવાની હતી તો રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમોની રઢિયાળી રમઝટ જામવાની હતી.

જો કે તે બદલ સૌની મોંફાટ પ્રશંસા ઝીલનારા સ્વામીશ્રીએ તો સ્વાગત-સભામાં ધ્યેયની સ્પષ્ટતા કરાવતાં કહ્યું : 'આ ઉત્સવ ઊજવવો સહેલો, પણ ભગતજી મહારાજે જે નમ્રભાવ રાખી ભક્તિ કરી છે તેવા ગુણો

આપણામાં આવવા દુર્લભ.'

બહાર પથરાતા સ્વામીશ્રી ભીતરથી તસુભાર ખસતા નહીં !!

તેઓના આવા આગવા નેતૃત્વ તળે ઊજવાતા આ ઉત્સવની કાયમી સ્મૃતિ રહે તે માટે, તા. ૧૧/૩ની સાયંસભામાં નગરપાલિકાએ ભગતજી મહારાજના જન્મસ્થાન આગળથી પસાર થતા રસ્તાનું નામ 'ભગતજી મહારાજ માર્ગ' ઘોષિત કરી પ્રાગા પ્રભુનું યત્કિંચિત્ ઋણ અદા કર્યાનો સંતોષ મેળવ્યો.

તેના પગલે પગલે તા. ૧૨/૩ની સવારે વાઘેશ્વરી મંદિરના પ્રાંગણમાં ૪૭૫ યજમાનોની ઉપસ્થિતિમાં યોજાયેલો યજ્ઞ પણ યાદગાર બની રહ્યો. ઉત્સવની આ ગતિવિધિ વચ્ચે જ સ્વામીશ્રીએ જૂના સ્વામિનારાયણ મંદિર, ખીમનાથ મહાદેવ અને યુગલવિહારી મંદિરમાં દર્શન તથા મહુવા ગૌશાળા તેમ જ મહુવા મિલમાં પધારીને કથાવાર્તાનો લાભ આપ્યો.

તે પછી તા. ૧૩/૩ની સવારે આયોજિત આ સાર્ધ શતાબ્દી ઉત્સવની મુખ્ય સભાને અવિસ્મરણીય બનાવતાં તેઓએ, મહુવાના દરેક દેવમંદિરમાં થાળની સેવા કરાવી. આ દાન પર દક્ષિણાની જેમ મહુવાની હૉસ્પિટલમાં એક્સ-રે મશીન માટે માતબર રકમની સખાવત પણ સંસ્થા વતી અર્પણ કરી. સ્વામીશ્રીની આ સમયસરની સહાયથી ઓવારી ગયેલા હૉસ્પિટલના વ્યવસ્થા-તંત્રે એક્સ-રે વિભાગના પ્રવેશદ્વારે જ પ્રાગજી ભક્તની પ્રતિમા પધરાવવાનો નિર્ણય જાહેર કર્યો.

આમ, મહુવામાં ત્રણ દિવસ રોકાઈને ત્રિલોકીમાં ગાજે એવો ઉત્સવ ઊજવી સ્વામીશ્રી વિદાય થયા ત્યારે સમગ્ર શહેર તેઓને ગદ્‌ગદભાવે નિહાળી રહ્યું.[૨]

વડવાનળ સમ અતિ બળવંતા

તા. ૧૩/૩ની બપોરે મહુવાથી નીકળેલા સ્વામીશ્રી તળાજા પધાર્યા — આ પંથકના 'સરકાર' તરીકે પ્રખ્યાત રિશુભા વાળાને ત્યાં.

આ શૂરવીર ક્ષત્રિયની હાક-ધાક આ વિસ્તારમાં ઘણી વાગતી.

---

૨. અતિ ભવ્યતાપૂર્વક ઊજવાયેલા શ્રી પ્રાગજી ભક્તના આ સાર્ધ શતાબ્દી મહોત્સવને તાદૃશ કરવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો.

ચૂંટાયેલી સરકારો કરતાં એમના બોલનું વજન વધુ પડતું. તેથી સૌ તેઓને જ 'સરકાર' કહેતા. એમને સાધુ-સંતો માટે પણ ઊણો આદર નહીં. તળાજામાં કોઈ ભગવાંધારી આવે તો પ્રેમથી સીધું મોકલાવે. પ્રજાપ્રેમ પણ અનહદ. મુશ્કેલીમાં મુકાયેલાને મધરાતે ખભો દેવામાં એ હાજર રહે. પરંતુ 'સરકાર'ના પ્રખર ક્ષાત્રતેજમાં કાળો ડાઘો પડેલો – વ્યસન-દૂષણનો! શરાબના નશામાં ચકચૂર રહેવાની તેઓની આદત. તે વખતે તેઓના હાથે શું થઈ રહેશે તેની કલ્પના વિધાતા પણ ન કરી શકે!

'સરકાર'ની નીતિ-નિયતને દૂષિત કરનારા આ વ્યસનના વળગણને કાઢવાનો મનસૂબો તેઓના બે મિત્રો નાગરુભા તથા ભાવનગરના સ્ટેશન માસ્તરને કાયમ રહ્યા કરતો અને તે કામ એક સ્વામીશ્રી જ કરી શકશે – એવો આ બંનેને વિશ્વાસ. તેથી તેઓને તળાજા લાવવાનો કાર્યક્રમ ગોઠવાયેલો.

આ આયોજન કરતી વેળાએ પેલા બે મિત્રોએ રિશુભાને ભારપૂર્વક કહેલું: 'અમારી એવી ઇચ્છા છે કે સ્વામીશ્રીની પધરામણી તમારા ઘેર કરાવવી અને તેઓના હાથે તમને કંઠી પહેરાવવી. એ સમયે તમારે સ્વામીશ્રી પાસે પ્રતિજ્ઞા લઈ દારૂ મૂકી દેવાનો. માટે તેઓ પધારે ત્યારે તમે ઘેર રોકાજો.'

પરંતુ જ્યારે સ્વામીશ્રી રિશુભાના ઘેર પહોંચ્યા ત્યારે તેઓ જ ત્યાં હાજર નહોતા! તપાસ કરતાં ખબર પડી કે એ તો ટોકીઝની ઑફિસમાં નશો કરીને ચત્તાપાટ પડ્યા છે. કો'ક તેઓને ઘરના આંગણા સુધી લઈ આવ્યું, પણ તેઓ ઘરમાં બેઠેલા સ્વામીશ્રી પાસે જતાં અચકાયા કે 'દારૂથી ગંધાતા મોંએ આવા સંત પાસે કેવી રીતે જવું?'

તેઓના આ સંકોચનું કોચલું સ્વામીશ્રીએ જ તોડતાં કહ્યું : 'દરબાર! મનમાં કંઈ રાખશો નહીં. આવો, અહીં નજીક બેસો. અમે તમારા માટે તો આવ્યા છીએ.'

આ હેતાળ વચનોથી 'સરકાર' ખેંચાયા. સ્વામીશ્રીને તેમની પૂર્વભૂમિકા ખબર હોવાથી તેઓની પ્રેમસરવાણી સીધી જ વહેવા લાગી: 'બાપુ! તમે સૌને મદદ કરો, પણ દારૂ પીઓ ત્યારે ગામ આખું ફફડવા લાગે એ કેવું? માટે દારૂ, શસ્ત્રો, તોફાન બધું મૂકો અને કંઠી પહેરો.'

સ્વામીશ્રીના શબ્દોમાં કળા નહીં પણ કરુણા રહેતી. તેથી *'એના મુખની જે વાત સુણાય, પાકો પથ્થર પીગળી જાય...'*ના ચમત્કાર સર્જાતા. આજે પણ એવું જ બન્યું. લોકો મથીમથીને થાક્યા હતા છતાં જે નહોતું થયું,

તે ફક્ત બે જ મિનિટમાં બની ગયું!

રીશુભાએ જમણો હાથ સ્વામીશ્રી તરફ લંબાવ્યો. તેમાં જળનાં બે બુંદ પડ્યાં: એક વર્તમાન ધરાવવા માટે, બીજું ભવિષ્ય સુધારવા માટે. 'સરકારે' બેય ધારણ કર્યા – કંઠી અને પ્રતિજ્ઞા. બેય શિર સાટે!

આમ, કામ તમામ થયું એટલે સ્વામીશ્રી જવા ઊભા થયા. ત્યાં જ રીશુભાએ તેઓના પગ પકડી વિનંતી કરી: 'આપે બદલો વાળી ન શકાય એવો ઉપકાર મારા પર કર્યો છે...'

એ વખતે આ દૃશ્ય જોનારા સૌનાં હૈયાં પણ કહી રહ્યાં: 'બાપુ! કેવળ તમારા પર જ નહીં, તમારો હૃદયપલટો કરીને તો સ્વામીશ્રીએ આ સમાજ પર પણ બદલો વાળી ન શકાય એવો ઉપકાર કર્યો છે.'

તેથી જ તો સ્વામીશ્રી દ્વારા થયેલું રીશુભા 'સરકાર'નું આ જીવન-પરિવર્તન આખાય પંથકમાં એક દંતકથા બનીને રહી ગયું, કારણ કે આ કાયમી કામ થયેલું, કામચલાઉ નહીં. સ્વામીશ્રી પાસે વ્યસન-દૂષણ મૂક્યાં પછી રીશુભા સામે અનેક લોભામણા-ડરામણા પ્રસંગો આવ્યા, પણ તેમાં તેઓએ અટલ ટેક જાળવી રાખી. એટલું જ નહીં, તેઓએ અનેકને વ્યસનો છોડાવી સત્સંગી કર્યા. નિત્યપૂજા, રવિસભા, મંદિર-દર્શન, આરતી, થાળ, ધર્માદો વગેરે નિયમો 'સરકાર' દૃઢતાથી પાળતા રહ્યા. અરે! દર મકરસંક્રાંતિએ ઠાકોરજી માટે ઝોળી માંગવા પણ નીકળવા માંડ્યા. સ્વામીશ્રીના 'સત્'નો આ પ્રતાપ સૌ વિસ્ફારિત નેત્રે જોઈ રહ્યા.

તે વખતે તેઓનાં ચરણોમાં લળેલા રીશુભાએ કહ્યું: 'સ્વામી! આપના ઉપકાર માટે હું કંઈ આપી શકું તેમ નથી, પણ આજે આપ મારા ઘેર જમીને જાઓ. તે વિના આપને નંઈ જવા દઉં.'

બાપુના શબ્દોમાં પોતાના જીવન-ઉદ્ધારકને વધાવતો પ્રેમ ટપકી રહ્યો, પણ સ્વામીશ્રીએ કહ્યું : 'આજે તો ચંદ્રગ્રહણનો વેધ બેસી ગયો છે. તેથી હવે ન જમાય. પણ ફરી આવીશું અને તમારો મનોરથ પૂરો કરીશું.' આટલું કહી સ્વામીશ્રીએ વિદાય લીધી ત્યારે એક ચંદ્રને લાગેલું ગ્રહણ છૂટી જતાં તે પૂર્ણપણે ચમકવા લાગેલો.

રીશુભા પોતાના તારણહારને અને સમાજ પોતાના રક્ષણહારને જતાં જોઈ જ રહ્યા! બંને એક જ ગીત ગાઈ રહેલા: *'વડવાનળ સમ અતિ બળવંતા, પ્રમુખ સ્વામી! લાગો છો પ્યારા પ્યારા...'*

આ બાપો કશું જ નથી

તળાજાથી વિદાય થયેલા સ્વામીશ્રી લાકડિયા અને કોબડી પર કૃપા વરસાવતાં રાત્રે દસેક વાગ્યે સારંગપુર પધારી ચંદ્રગ્રહણની સભામાં આવીને બિરાજ્યા. પરોઢિયે ૪:૧૯ વાગ્યે આ ગ્રહણની મુક્તિ થયા બાદ તેઓ સ્નાન-પૂજાથી પરવાર્યા ત્યારે ઊંઘ વિના તેઓએ ૨૪ કલાક પસાર કરી નાંખેલા, લેશ બેધ્યાન થયા વિના!

એ જ સતર્કતા અને સ્ફૂર્તિ સાથે સ્વામીશ્રી તા. ૧૪/૩ની સવારે ઠાકોરજીની આરતી માટે ગર્ભગૃહમાં પધાર્યા. અહીં પૂજારી ધર્મસ્વરૂપદાસ સ્વામીએ તેઓને પ્રજ્વલિત આરતી હાથમાં આપી, પરંતુ તે વખતે સ્વામીશ્રીએ ગ્રહણ દરમ્યાન પહેરાવેલા વાઘા ઠાકોરજીના શ્રીવિગ્રહ પર યથાવત્ જોતાં પૂછ્યું: 'આમ કેમ? ગ્રહણ બાદ ઠાકોરજીને સ્નાન નથી કરાવ્યું?'

આ પૂછપરછથી પૂજારી ગૂંચવાયા. ગઈકાલે આખા દિવસ-રાતના પરિશ્રમથી થાકેલા સ્વામીશ્રીને પારણાં કરવામાં અને તે પછી આરામમાં જવામાં મોડું ન થાય તે હેતુથી મંદિરની ચલ મૂર્તિઓને ગ્રહણ બાદ સ્નાન કરાવવામાં આવેલું, પણ અચલ મૂર્તિઓનો સ્નાનવિધિ બાકી રાખેલો. સ્વામીશ્રીને આ વિગત સમજતાં વાર ન લાગી. તેથી તેઓએ હાથમાં લીધેલી આરતી હેઠે મૂકી દીધી અને વાણી-વદનમાં રૌદ્રતા ધારી પૂજારીને ઠપકો આપ્યો કે 'ગ્રહણ પછી તરત ઠાકોરજીને સ્નાન કરાવવું જ જોઈએ. તમે જૂના છો ને આટલો ખ્યાલ ન રહ્યો?!'

'પણ બાપા!...'

'બાપા... બાપા... શું કરો છો? આ બાપા(ઠાકોરજી)ને લઈને આ બાપો(પોતે) છે. તેને લીધા વગર તો આ બાપો કશું જ નથી.' સ્વામીશ્રી બોલ્યા.

પ્રણાલિકાઓનો ભંગ તેઓ કોઈ પણ સંજોગોમાં સાંખી ન શકતા. સ્વામીશ્રીના આજના પુણ્યપ્રકોપમાં તેઓની ભક્તિ પૂર્ણપણે ખીલી ઊઠેલી જણાઈ.

ત્યાગ-વૈરાગ્ય તને છે અતિ રે

તા. ૧૪/૩ના રોજ હકડેઠઠ મેદની વચ્ચે રંગે-ચંગે ઊજવાઈ રહેલા ફૂલદોલના સમૈયામાં જૂનાગઢથી આવેલા સીદી બાળકોએ આફ્રિકન નૃત્ય રજૂ

કરી સ્વામીશ્રીની પ્રસન્નતા મેળવી. સ્વામીશ્રીનો આવો રાજીપો તા. ૧૫/૩ની સવારે તાજપુર પર વરસી પડ્યો. આ સમયે તેઓએ અહીં એકધારી ૮૬ પધરામણીઓ કરી ગામને ચઢેલો સત્સંગ-રંગ વધુ ગાઢ કરી આપ્યો.

ત્યારબાદ સારંગપુર પરત ફરેલા સ્વામીશ્રી તા. ૧૬/૩ની સવારે સ્નાનાદિકથી પરવાર્યા ત્યારે સેવકે જે ધોતિયું પહેરવા આપ્યું તે ન સ્વીકારતાં તેઓ બોલ્યા: 'જૂનું લાવો.'

તેઓની આ માગણી આમ જુઓ તો મહુવામાં ઉત્સવ ઊજવાયો ત્યારથી રહેલી. ત્યાં સાર્ધ શતાબ્દીના મુખ્ય દિવસે સ્વામીશ્રી જે ધોતિયું પરિધાન કરવા જઈ રહેલા તે ફાટી ગયેલું. તે જોઈને જ સેવકોએ વિનંતી કરેલી કે 'આજના શુભ દિવસે નવું ધોતિયું પહેરો.'

પરંતુ બાહ્ય આટાટોપ દ્વારા કોઈને આંજવાની વૃત્તિથી સ્વામીશ્રી જોજનો દૂર. વળી, *'સંસારમાં સ્વલ્પ ધરે ન ચિત્ત...'*ની તેઓની શૈલી. એટલે રજોગુણ સાથે સહેજ પણ સાંધો-સહિયારો ન ધરાવતા તેઓએ ફાટી ગયેલું ધોતિયું સંધાવીને પહેરવાનો આગ્રહ સેવેલો. તેને સંતોએ વિવિધ કારણો ધરી અળસાવેલો. જો કે તેઓની આ યુક્તિ સમજતાં સ્વામીશ્રીને લેશ વાર નહોતી લાગી. છતાં સંતો ન કચવાય તે માટે તેઓએ એ દિવસે તો કમને નવું ધોતિયું પહેરેલું.

પરંતુ સારંગપુર પધાર્યાના બીજા જ દિવસે સ્વામીશ્રીએ પુનઃ જૂનું ધોતિયું માગેલું. તેઓની આ રુચિને સંતોએ વળી અલગ-અલગ કારણો બતાવી ઠેલેલી. પણ આજે તો સ્નાનવિધિ બાદ શરીર લૂછી તે જ કટકો ધારણ કરીને ઊભા રહી ગયેલા સ્વામીશ્રીએ મજબૂત માગણી મૂકી દીધી કે 'જૂનું ધોતિયું લાવો. તે જ પહેરવું છે.'

તેઓના આ દૃઢ નિર્ધારને હવે કોઈ બહાનાનાં બાણ ઝુકાવી શકે એમ નહોતાં. તેથી તેઓને જૂનું ધોતિયું આપવું જ પડ્યું. તેને સ્વામીશ્રી ધારણ કરવા લાગ્યા ત્યારે એ ધોતિયાના પ્રત્યેક તાણાવાણા *'ત્યાગ-વૈરાગ્ય તને છે અતિ રે...'* રૂપે સ્વામીશ્રીની છબી ગૂંથતા ચાલ્યા.

અક્ષરધામની ગાડીના પ્રવાસીઓ

તા. ૧૬/૩ના રોજ સારંગપુરથી વિદાય લઈ સ્વામીશ્રી અમદાવાદ, બોચાસણ, ભાદરણને લાભ આપતાં તા. ૧૭/૩ની સાંજે ઉમલાવ પહોંચ્યા.

અત્રે હરિમંદિરનો ખાતવિધિ કરી તેઓ સીસવા, બોરસદ, અટલાદરાને પાવન કરતાં 'વડોદરા એક્સપ્રેસ' દ્વારા તા. ૧૯/૩ની સવારે મુંબઈ પધાર્યા.

અહીં ભવ્ય શિખરબદ્ધ મંદિરનું કાર્ય ચાલતું થયું હોવાથી પુરાણું પ્રાસાદિક 'અક્ષર ભવન' હવે સ્મૃતિશેષ થઈ ગયેલું અને નવનિર્મિત મકાનમાં સૌ સંતો-ભક્તોનો નિવાસ ઠરાવેલો. ત્યાં ઠાકોરજીનાં દર્શન કરીને આશીર્વાદ આપતાં સ્વામીશ્રી બોલ્યા: 'આપણે બધા એક જ ગાડીમાં છીએ. યોગીબાપાએ જુદી જુદી ગાડીઓમાંથી આપણને ઉતારીને અક્ષરધામની ગાડીમાં બેસાડી દીધા છે. વચ્ચે કોઈ સ્ટેશન જ ન આવે. અર્ચિમાર્ગે કરીને અક્ષરધામમાં જવાનું.'

આ મધુર વચનો દ્વારા સવારના પહોરમાં જ સૌને અક્ષરધામનો આનંદ પમાડી સ્નાનવિધિ માટે ઊભા થયેલા સ્વામીશ્રીએ નિત્ય કર્મથી પરવારી વચનામૃત(ગ.મ. ૨૧)ના આધારે કથારસ રેલાવતાં જણાવ્યું કે –

''ભેગા રહીને મહિમા સમજવો કઠણ છે. 'अतिपरिचयाद् अवज्ञा भवति।' 'જેમ આપણે ફરીએ છીએ તેમ તે સંત પણ ફરે છે, આ ગામથી પેલા ગામ એમ રખડપટ્ટી કરે છે,' 'જેમ આપણે આપણું ઘર ચલાવીએ છીએ તેમ તેઓનું આ સત્સંગનું મોટું ઘર છે તે તેઓ ચલાવે છે' – એમ દેહદર્શીને પોતા જેવું લાગે. સમુદ્રમાં માછલું સ્ટીમરને પોતા જેવું માછલું જ જાણે છે, પણ આ મોટી સ્ટીમર છે તેવો મહિમા તે જાણતું નથી. *'પોતાના સરખી કરીને જાણે, પુરુષોત્તમની કાયા રે...'* ભગવાન અને સંતમાં ગળપણ છે. જેને તાવ આવ્યો હોય તેને ન ભાવે; કડવું લાગે. ઘેડ બરોબર બેસી હોય તો ફેરવણી ન થાય. નહીંતર તર્ક-વિતર્કમાં જિંદગી પૂરી થઈ જાય.''

આ શબ્દો દ્વારા સૌમાં દિવ્યતાની ભરતી ચઢાવી સ્વામીશ્રીએ તા. ૨૨/૩ની સવારે 'સ્વામિનારાયણ ચોક'નું ઉદ્ઘાટન કર્યું. મંદિર સામે આવેલા આ ચોકના નવા નામાભિધાન પ્રસંગે મુંબઈના મેયર, રાજ્યના પુરવઠા અને પરિવહન મંત્રી તથા કોર્પોરેટરો સહિત અનેક નામાંકિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા. હજારોની મેદની વચ્ચે આ ચોકના પાટિયાનો અનાવરણવિધિ કરતાં સ્વામીશ્રી બોલ્યા: ''આ 'સ્વામિનારાયણ ચોક' એવું નામ જે કોઈ જાણે-અજાણે લેશે તેનું પણ કલ્યાણ થશે.''[૩]

૩. મુંબઈ મધ્યે ખડા થયેલા કલ્યાણકારી ચોકની આ ઉદ્ઘાટન વેળાના સાક્ષી બનવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

આમ, દ્વિશતાબ્દી મહોત્સવે 'સ્વામિનારાયણ' નામને મહારાષ્ટ્રના ચોકમાં ગાજતું કરનારા સ્વામીશ્રીએ, મુંબઈના રોકાણ દરમ્યાન, મલાડના ધૂળમલ બજાજ ભવન, ઘાટકોપરના હિંદુ મહાસભા હૉલ, બોરીવલીની ગોખલે હાઈસ્કૂલ વગેરે સ્થળોમાં જાહેર-સભાઓ યોજીને પણ શ્રીજીનો સંદેશો લોક-સમુદાયમાં વહેતો કર્યો.

ભાવે નહીં હરિભક્તિ વિના

મુંબઈમાં તા. ૨૫/૩ની સાંજે રવિસભાના પ્રસંગે 'સ્વામીની વાતો'નું નિરૂપણ કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે ''આજ્ઞા-ઉપાસના બરાબર ન હોય તો સ્વામિનારાયણના સાધુ ન કહેવાય. યોગીજી મહારાજનું જીવન જાહેરજીવન હતું. ચોવીસ કલાક બારણું બંધ નહીં. ઘણા કહેતા કે 'એમને ભગવાન થવું છે. મનાવું છે, પૂજાવું છે; એટલે ફર ફર કરે છે.' તો કહેનારાને કહેવું કે 'તમેય મનાવ-પૂજાવ ને!' અહીં કેડના મંકોડા તૂટી જાય છે. દરેકને શાંતિ કરવી તે તેમનું કાર્ય છે. આપણા ઠરાવ પ્રમાણે ન થાય એટલે દોષ દેખાય. કોઈ પણ વાત આવે તે ભગવાનને માથે નાંખો તો ઉકેલ આવશે.''

આજે સ્વામીશ્રીના મુખેથી વિચરણની હાડમારીનો અલ્પ ઉલ્લેખ અનાયાસે થઈ ગયો. વધતી વય સાથે તેઓનો ભીડો પણ વધતો ચાલેલો.

આ રીતે તેઓ પૂના, લોનાવાલાને લાભ આપી તા. ૨૮/૩ની રાત્રે અગિયાર વાગ્યે મુંબઈ મંદિરે પરત ફર્યા, પરંતુ તે વખતે મંદિરના ઠાકોરજી પોઢી ગયા હોવાથી રસોઈ તૈયાર હોવા છતાં સ્વામીશ્રીએ જમવાનો ઇન્કાર કરી દીધો. તે જાણી સૌએ કહ્યું કે 'બાપા! આ તો હરિમંદિર છે. માટે જમવામાં બાધ નહીં.'

'ભલે તમે હરિમંદિર કહો, પણ હું તો મોટું મંદિર માનું છું.' પોતાના નિર્ણયમાં અડગ રહેતાં સ્વામીશ્રી બોલ્યા.

આટલું કહ્યા બાદ સૌએ કરેલા અતિ આગ્રહનો દંડ જાણે પોતાને જ કરતાં હોય તેમ તેઓ પાણી પણ પીધા વિના પોઢી ગયા! ભક્તિસૂત્રોનાં ભાષ્યો પણ વામણાં પુરવાર થાય તેવું ભક્તિભર્યું જીવન હતું સ્વામીશ્રીનું!

આ ભક્તિભાવ સાથે તેઓ હવે ટૂંક સમયમાં શીતપ્રદેશ નેપાળની યાત્રાએ જવાના હોવાથી એક પારસી મહિલાએ તેઓ સારુ ભગવા રંગની ગરમ ટોપી ગૂંથીને મોકલી આપી. તા. ૨૯/૩ની રાત્રે સંતોએ તે પહેરવા

આપી ત્યાં જ સ્વામીશ્રીએ પૂછ્યું: 'ઠાકોરજીને પધરાવી છે?'

જવાબમાં હકાર મળ્યા પછી જ તેઓ તે અંગીકાર કરીને પોઢ્યા.

એ જ રીતે સ્વામીશ્રી ટ્રેન દ્વારા તા. ૩૧/૩ની સવારે નાગપુર પહોંચ્યા ત્યારે અહીં એક પધરામણીમાં તેઓએ કો'ક વ્યસનીને દારૂના દૂષણથી છોડાવ્યો. તે વખતે સાથેના સંતે તે મુમુક્ષુને કહ્યું : 'સ્વામીશ્રીનાં ચરણ પકડીને પ્રતિજ્ઞા કરો.'

'ના, ઠાકોરજી આગળ નિયમ લો.' સ્વામીશ્રી બોલ્યા.

આમ, પળે પળે, *'ભાવે નહીં હરિભક્તિ વિના, એવી વાત અંતરમાં આવી ઠરી...'* મુજબ તેઓનું જીવન જોવા મળતું.

નિષ્કામભાવે કરવી જ સેવા

તા. ૧/૪ના રોજ નાગપુરથી વિદાય લઈ સ્વામીશ્રી કુમ્હારી ગામે પધાર્યા ત્યારે અહીં રાયપુરના સત્સંગીઓ તેઓને વધાવવા આવી પહોંચ્યા. તે સૌ પ્રેમની દોરીએ સ્વામીશ્રીને રાયપુર સુધી દોરી ગયા. અત્રે સાંજે પત્રકાર પરિષદ બાદ, દ્વિશતાબ્દીનો ઉદ્‌ઘોષ કરતાં નીકળેલી ભવ્ય નગરયાત્રા મોદહાપારાની ગુજરાતી શાળામાં જાહેર-સભારૂપે ફેરવાઈ ગઈ. તેમાં શહેરની વિવિધ સંસ્થાઓ તરફથી સ્વામીશ્રીનું બહુમાન કરવામાં આવ્યું.

તે દ્વારા તત્કાલીન મધ્યપ્રદેશમાં પણ દ્વિશતાબ્દીની લહેર પ્રસરાવી, સ્વામીશ્રી તા. ૨/૪ના રોજ દુર્ગમાં ધર્મલાભ આપતાં તા. ૩/૪ની સવારે રાઉરકેલા પહોંચ્યા.

અહીં તેઓએ ગુજરાતી સમાજનો સત્કાર સ્વીકારી સાંજે શંખ, કોઈલ અને સરસ્વતી નદીના ત્રિવેણી સંગમમાં સ્નાન કરી સભા યોજી. આ સંગમ પર જ વેદવ્યાસે વેદોનું સંકલન તેમ જ પુરાણ-ઇતિહાસની રચના કરી હતી. તે પ્રાકૃતિક સ્થળમાં સ્વામીશ્રી સાથે ગોષ્ઠીનો લાભ મેળવનારા સૌ પણ જાણે પૌરાણિક ઋષિકાળમાં સરી પડ્યા હોય તેવી અનુભૂતિ કરી રહ્યા.

નદીકાંઠાનો આ અનુભવ નગર મધ્યે પણ કરાવતા સ્વામીશ્રીએ તા. ૪/૪ના રોજ ગુજરાતી ભવનમાં આયોજિત સભામાં જણાવ્યું કે –

'શ્રીજીમહારાજના સંતોએ ઘણા ચમત્કારો બતાવ્યા છે. વ્યાપકાનંદ સ્વામીએ ઘોડી જીવતી કરી ત્યારે શ્રીજીમહારાજને ગમ્યું નહીં. તેમણે કહ્યું: આપણે તો માયિક પદાર્થમાંથી પ્રીતિ છોડાવવી છે અને તમે તો તે વધારી તેનું

અજ્ઞાન વધાર્યું. ઘોડી તો એક દિવસ મરવાની જ છે. તેની વાસના તેને રહેશે તો અક્ષરધામમાં કેવી રીતે જશે? નાશવંત એવી માયિક વસ્તુમાંથી પ્રીતિ તોડવાની છે. આ તો ઊલટું થયું! વાસનાથી ફરી દેહ ધરવો પડશે. આપણો દાખડો એળે જાય. માટે ઘોડી મર્યાનો શોક ન થાય તેવું જ્ઞાન કરવું. પરચા બતાવવાથી જીવ હંમેશા માંગ્યા કરે અને તે વાત ટકે નહીં.'

સિદ્ધિઓમાં માન વધે છે. સકામ ભક્તિ એ સોદો છે. 'ભગવાન તમે મારું આટલું કામ કરો તો હું આટલી ભક્તિ કરું' આ સાચી ભક્તિ નહીં. ભગવાનની કેવળ પ્રસન્નતા માટે થાય તે જ નિષ્કામ ભક્તિ. શરૂઆતમાં સકામ ભાવથી આવે, પણ કેવળ જીવના મોક્ષ માટેની આવી ભક્તિ ઉપર ધ્યાન રાખવું.'

'નિષ્કામભાવે કરવી જ સેવા, અંતે થવા અક્ષરમુક્ત જેવા...' – ભક્તિની આ રીત સ્વામીશ્રી પોતાના યોગમાં આવનારા સૌને શીખવતા.

તે માટે જ વિચરતા તેઓ તા. ૪/૪ની રાત્રે રાઉરકેલાથી 'હાવરા એક્સપ્રેસ'માં બેસી કલકત્તા આવી પહોંચ્યા.

'ચિત્રકૂટ' કે ઘાટ પર દ્વિશતાબ્દીનો ઉદ્‌ઘોષ

દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે કલકત્તામાં આયોજિત નવ દિવસના ઉત્સવનો લાભ લેવા યુરોપ, અમેરિકા તથા આફ્રિકા સહિત ભારતનાં વિવિધ સત્સંગ મંડળોમાંથી ૪૦૦ ઉપરાંત ભક્તો આવી ગયેલા. સ્વામીશ્રી સાથે ૬૦ સંતો પણ પધારેલા. સોરઠના ચાર યુવાનો તો ૨૨ દિવસમાં ૨,૪૪૮ કિ.મી.નો સાઇકલપ્રવાસ પૂરો કરી અત્રે પહોંચેલા.

આ સૌની યથાયોગ્ય વ્યવસ્થા કરવામાં કલકત્તાના સત્સંગીઓનો ઉત્સાહ અપાર હતો. 'આવો અવસર ક્યારે ફરી આવે...'ના ભાવથી સેવાપરાયણ તેઓના ઉમંગથી આગમનના પ્રથમ દિવસની સાંજે જ મંદિરેથી ભવ્ય નગરયાત્રા નીકળી. તેમાં ૧૧ ઘોડાઓથી વહન થતા અક્ષર-પુરુષોત્તમ મહારાજના રથ અને પાંચ શ્વેત અશ્વોથી આગળ વધતા સ્વામીશ્રીના રથ સહિત અન્ય આકર્ષક પ્રસ્તુતિઓએ શહેરવાસીઓને સ્થિર-શાંત કરી દીધા.

તેને અનુસરતાં, તા. ૬/૪ની સવારે શ્રીજીમહારાજના જન્મોત્સવ નિમિત્તે મહાપૂજા તથા રામપૂજનના કાર્યક્રમો લક્ષ્મીનારાયણ મંદિરે સંપન્ન થયા અને રાત્રે પ્રાગટ્યોત્સવની મુખ્ય સભા ભવાનીપુરમાં તૈયાર કરાયેલા 'ચિત્રકૂટ'

સભામંડપમાં યોજાઈ. ઝુમ્મરો, વીજદીપકો વગેરેથી અલંકૃત રાજભવનના દીવાનખાના જેવા આ પંડાલમાં, રાત્રે ૧૦:૧૦ વાગ્યે, *'પ્રગટ થયા પ્રભુ, છપૈયા ગામ રે...'*ના મંગલનાદ વચ્ચે, સ્વામીશ્રી તથા સૌએ જન્મોત્સવની આરતી ઉતારી ત્યારે સર્વત્ર શ્રીજીના પ્રાગટ્યનો આનંદ છાઈ રહ્યો.

આ જન્મોત્સવ પછીના દિવસોમાં સ્વામીશ્રી દ્વારા પારાયણની સાથે વસ્ત્રવિતરણ, રક્તદાન યજ્ઞ અને નેત્રયજ્ઞનાં સમાજલક્ષી સેવાકાર્યો પણ સંપન્ન થયાં. તે માટે તા. ૧૩/૪ની સવારે તેઓ કલકત્તાથી ૫૦ કિ.મી. દૂર આવેલા સુંદરવનના જયનગરમાં નીમપીઠ મુકામે પધાર્યા. અહીં તેઓને રામકૃષ્ણ સેવાશ્રમ તથા ગુજરાતી રિલીફ સોસાયટીના કાર્યકર્તાઓએ સત્કાર્યા. અત્રે નેત્રરોગ-પીડિત ૨૦૦ ગરીબ દર્દીઓ માટે સંસ્થાની આર્થિક સહાયથી શસ્ત્રક્રિયાનો કાર્યક્રમ યોજાયેલો. આ નેત્રયજ્ઞનું ઉદ્‌ઘાટન સ્વામીશ્રીએ કર્યું.

આમ, આધ્યાત્મિક, સામાજિક, સાંસ્કૃતિક ક્ષેત્રે અનેક આયોજનો દ્વારા પૂર્વાંચલ પણ દ્વિશતાબ્દીના ઉદ્‌ઘોષથી ગાજી ઊઠ્યો.

શિર સાટે કંઠી રાખવી

તા. ૧૪/૪ની બપોરે ત્રણ વાગ્યે પશ્ચિમ બંગાળના રાજભવનમાં પધરામણી કરી સ્વામીશ્રી ભદ્રેશ્વર થઈ હમીરાગાછી મુકામે પધાર્યા.

અહીં કાશી વિશ્વનાથ સેવા સમિતિ દ્વારા સંચાલિત ધર્મશાળામાં એક દિવસીય સત્સંગ શિબિર યોજાયેલી. તેમાં તા. ૧૫/૪ની સવારે 'કિંગ ઑફ કલકત્તા' નામની હળવી રમત આરંભાઈ.

તેના ભાગરૂપે, કલકત્તાના રાજા બનેલા એક ભક્ત દ્વારા થઈ રહેલી વિવિધ વસ્તુઓની માંગણી બે પક્ષમાં વહેંચાયેલા સેવકો પૂરી કરવા લાગ્યા. તે ક્રમમાં એક માંગ એવી મુકાઈ કે 'કંઠી વગરના બે યુવકો લઈ આવો.'

આ વખતે બંને પક્ષો વચ્ચે રસાકસી થઈ રહી, કારણ કે સત્સંગીની શિબિરમાં આવા યુવકો તો ક્યાંથી મળે?! પણ વિજય મેળવવાની લાહ્યમાં એક પક્ષે બે યુવકોની કંઠી ગળામાંથી કઢાવી નાંખી તેઓને રજૂ કર્યા!!

આ હરકત સ્વામીશ્રીને બિલકુલ ન ગમી. તેઓએ તરત જ કહ્યું : 'કંઠી તો ગળામાંથી કોઈ દિવસ રમતમાંયે કઢાય જ નહીં.'

પછી તેની પુષ્ટિમાં સ્વામીશ્રી બોલ્યા :

''અહીંની કથા જો અહીં જ ભૂલી જવાની હોય તો કલકત્તા સુધી

ક્યાંથી પહોંચશે? શિર સાટે કંઠી રાખવી. વિધિ-નિષેધ બરાબર પાળવા. 'શિબિરમાં ગયા તોય શું ને ન ગયા તોય શું?' એવું ન સમજવું. પાળવું છે તેને બધું પળાય. પૂજા કરવાની રોજ ટેવ પાડવી. તિલક-ચાંદલો બધાએ કરવો. ધોતિયું પહેરીને જ પૂજા કરવી. છોકરાંઓને જુદા જુદા રૂમ આપીએ પણ તેમાં તે શું મૂકે છે તે જોવું. એક સ્થળે એક છોકરાંની રૂમમાં પગ મૂક્યો ત્યાં બીભત્સ ચિત્ર જોઈ તરત પાછા વળી ગયા. નટ-નટીઓના કે ગુંડા જેવા લોકોના ફોટા મૂકે તેમાંથી શું પ્રેરણા મળવાની છે? ભગવાન અને સંતના ફોટા હોય તો દિવ્યતા મળે.''

આમ, સતત પોણા બે કલાક સુધી ધર્મનિર્મળી ઉડાડી, સ્વામીશ્રીએ સૌમાં નિયમપાલનનું બળ સીંચી દીધું. ત્યારબાદ તેઓ બેલૂરમાં રામકૃષ્ણ મઠનાં દર્શન કરી કલકત્તા આવી પહોંચ્યા. અહીં તા. ૧૬/૪ના રોજ બિરલા મંદિરનાં દર્શને પણ પધાર્યા.

અમે તો કિંકર આપના

તા. ૧૯/૪ના રોજ હાવરા, સાલકિયામાં પધરામણીઓ કરીને સ્વામીશ્રી જમવા બિરાજ્યા ત્યારે સંતો પણ સાથે જ ઠાકોરજી જમાડી રહેલા. પરંતુ તે વખતે સાંપ્રદાયિક પ્રણાલી મુજબ કોઈએ શ્લોકો ન ગાયા. તેથી સ્વામીશ્રીએ એક સંત સામે ઇશારો કરી તેઓને શ્લોકો લલકારવાનું જણાવતાં તે સંતે *'शोभो साधुगुणे...'* સ્તુતિ શરૂ કરી. પોતાની આ પ્રશસ્તિ સ્વામીશ્રીને પસંદ ન પડતાં તેઓએ બીજા સંતને શ્લોકગાન કરવા નિર્દેશ કર્યો.

તેઓએ પણ સ્વામીશ્રી સંબંધી *'सरलं सुहृदं...'* શ્લોક ગાતાં સ્વામીશ્રી બોલ્યા : 'જમતી વખતે શ્લોકો બોલવા જોઈએ. મૂંગા મૂંગા ન જમવું. કોઈ બોલ્યા નહીં અને આને બોલવા કહ્યું તો એણે પ્રમુખનું કાઢ્યું. માટે મહારાજ-સ્વામીનાં ને પછી ગુરુપરંપરાનાં અષ્ટક બોલવાં. વિવેક શીખવો.'

તા. ૨૦/૪ના રોજ પણ આમ જ બન્યું. આ સમયે સ્વામીશ્રી જે. જે. અજમેરા હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓને હિતોપદેશ આપી કાંતિભાઈ શેઠના ઘેર પધાર્યા ત્યારે એક હરિભક્તે 'પ્રમુખસ્વામીની જય'નો ઘોષ ગજાવ્યો. તે સાંભળી બારણાં પાસે જ ઊભા રહી ગયેલા સ્વામીશ્રીએ, તે હરિભક્તને શ્રીજીમહારાજની 'જય'થી ક્રમશઃ બધી જય શિખવાડી તે મુજબ જ બોલવા જણાવ્યું.

પોતાને *'અમે તો કિંકર આપના, હરિ હુકમ શિર ધરનાર...'*ના દરજ્જામાં ગણતા સ્વામીશ્રી જય-જશમાં છેક છેલ્લે રહેવાની વૃત્તિ ધરાવતા.

સગાંથી પણ સ્નેહ ઘણેરો

કલકત્તામાં સ્વામીશ્રીના રોકાણ દરમ્યાન થયેલા કાર્યક્રમોથી, સત્સંગી સિવાયનો અન્ય ગુજરાતી વર્ગ પણ ઘણો જ આકર્ષાતાં તા. ૨૦/૪ની રાત્રે લક્ષ્મીનારાયણ મંદિરમાં સ્થાનિક ગુજરાતી વૈષ્ણવ સમાજ અને શ્રી લક્ષ્મી-નારાયણ સોસાયટી તરફથી સ્વામીશ્રીનો સત્કાર સમારંભ યોજવામાં આવ્યો. તે જ રીતે, તા. ૨૧/૪ની સવારે અખિલ ભારતીય શ્રી રઘુવંશી યુવા સંઘના પ્રથમ સંમેલનનું ઉદ્‌ઘાટન કરવા માટે પણ સ્વામીશ્રીને જ બોલાવવામાં આવ્યા.

આમ, સૌને ઘેલું લગાડનારા સ્વામીશ્રીનો કલકત્તાનો કાર્યક્રમ હવે પૂર્ણતાને આરે પહોંચેલો. તેથી સૌ કાર્યકરોને તેઓનો લાભ મળે તે હેતુસર તા. ૨૨/૪ની સવારે ખાસ સભા યોજવામાં આવી. તેમાં સેવાનું વ્યવહારુ માર્ગદર્શન આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'મોભને માથે ઘણા ખીલા વાગે; તેમ જે આગળ પડીને કાર્ય કરે તેને સર્વ રીતે સહન કરવાનું હોય જ! આ કાર્યમાં તો દરેકે ઘસાવાનું જ હોય છે.'

વળી, તા. ૨૫/૪ ના રોજ વિદાય લેતી વખતે પણ કલકત્તાના સૌ ભક્તો પર રાજીપો વરસાવતાં સ્વામીશ્રી બોલ્યા : 'બધાએ હરિજયંતી ઉત્સવમાં મન, કર્મ, વચને શુદ્ધભાવે જે સેવા કરી છે તેના ફળરૂપે મહારાજ અક્ષરધામ આપશે.'

આ આશીર્વાદથી કલકત્તાને કૃતકૃત્ય કરી તેઓ આસનસોલ, કુમારધુબી, ચીરકુંડાને લાભની લહાણ કરતાં તા. ૨૬/૪ની બપોરે ધનબાદ પહોંચ્યા.

અહીં આજે ગરમીનો પ્રકોપ ઘણો હોવાથી એક ઘેર સ્વામીશ્રી સારુ ઠંડું શરબત તૈયાર રાખેલું. ઠાકોરજીના પૂજન બાદ સંતોએ તે સ્વામીશ્રીને ધર્યું ત્યારે તેઓ ઘૂંટડો ભરતાં પહેલાં બોલ્યા : 'ડ્રાઇવરને એક ગ્લાસ મોકલાવો.'

સમસંવેદના અને સરભરા – આ બે સ્વામીશ્રીના આગવા ગુણો હતા. તેથી તેઓ સાધારણ સ્થિતિના મનુષ્યોને પણ ભરપૂર આત્મગૌરવનો અનુભવ કરાવતા. આજે ડ્રાઇવરને ઠંડા પીણાંનો ગ્લાસ આપવામાં આવ્યો ત્યારે તે શરબત નહીં, સ્વામીશ્રીનો *'સગાંથી પણ સ્નેહ ઘણેરો...'* ગટગટાવીને ગળગળો થઈ ગયો! તેની આવી દરકાર આજ દિન સુધી કોઈ શેઠ-શાહુકારે

લીધી નહોતી.

આ રીતે વિચરતા સ્વામીશ્રી, ધનબાદથી ઝરિયા થઈને રાત્રે સવા નવ વાગ્યે વૈદ્યનાથ ધામ પહોંચ્યા. અહીં તેઓએ તા. ૨૭/૪ની સવારે દ્વાદશ જ્યોતિર્લિંગમાંના એક શિવલિંગનું વેદોક્તવિધિપૂર્વક પૂજન કરી સાંજે ભાગલપુરને ભાગ્યવંતું બનાવ્યું.

એક યાદગાર સંધ્યા

ભાગલપુરના ભાવિકોને સત્સંગ-રંગમાં તરબોળ કરી સ્વામીશ્રીએ કટિહારની વાટ પકડી. તે માટે સુલતાનગંજ ફેરીથી હલેસાંવાળી મોટી હોડીમાં ચારેય ગાડીઓ ચડાવી સ્વામીશ્રી સુકાન તરફ બિરાજ્યા અને ગંગાનાં નીર પર હોડી તથા ભક્તોના પત્રો પર સ્વામીશ્રીની આંખો સરકવા લાગી. તે સમયે સંતોએ કીર્તનોની ઝડી વરસાવી. અડધા કલાકના આ જલવિહાર બાદ અગવાની ગામના ડુમરિયા ઘાટે સૌ આવી પહોંચ્યા. અત્રે નાવિકો હોડી લાંગરીને મોટરો ઉતારવાની પ્રવૃત્તિમાં પડ્યા. તે દરમ્યાન સંતો-ભક્તોએ ઠાકોરજી તથા સ્વામીશ્રી સાથે ગંગાસ્નાનનો લાભ લીધો.

અહીંથી નીકળતી વખતે નાવિકો દર્શને આવ્યા ત્યારે સ્વામીશ્રીએ તેઓ પર પ્રેમપૂર્વક આશીર્વાદ વરસાવી એક હરિભક્તને આજ્ઞા કરી: 'આ નાવિકોને ભાડાં ઉપરાંત દસ રૂપિયા વધારાના આપો.'

પરંતુ સ્વામીશ્રીની આ કરુણા સામે સૌ નાવિકો કે જેમાં કેટલાક તો મુસ્લિમો હતા તેઓએ એકમતે કહ્યું: 'બાબાજી! આપકે પૈસે હમ નહીં લે સકતે. આપકે આશીર્વાદ હી કરોડો રૂપિયોં સે અધિક હૈ.' એમ કહીને તેઓએ દસ રૂપિયાની નોટ હરિભક્તોને પાછી આપી દીધી. તે વખતે કાળી મજૂરી કરીને પેટિયું રળનારા આ ગરીબ બિહારી નાવિકોના ભીતરની સમૃદ્ધિ જોઈ સૌનાં હૈયાં દ્રવી ઊઠ્યાં !

સ્વામીશ્રીએ દસ રૂપિયા રાખી લેવા પુનઃ આગ્રહ કર્યો ત્યારે એ હિંદુ-મુસ્લિમ નાવિકોએ દિવ્ય પ્રસ્તાવ મૂક્યો કે 'બાબાજી! યે પૈસે તો હમેં નહીં ચાહિયે. આપકા બહુત આગ્રહ હૈ તો આપ યે પૈસે આપકે દેવસ્થાન મેં આપકે ભગવાન કે ચરનોં મેં ધર દિજિયેગા.'

કંગાલ નાવિકોની સમૃદ્ધ ભાવનાઓએ ફરી એક વાર સૌને ભીંજવી દીધા. તેઓની આ દિલાવરી જોઈ પ્રસન્ન થતાં સ્વામીશ્રી બોલ્યા: 'તમારા

વતી અમે મંદિરમાં મહાપૂજા કરીશું.'

તેઓની કૃપા, ગરીબોની અમીરી અને ગંગાની નિર્મળતાના ત્રિવેણી સંગમે ઢળેલી આજની સંધ્યા સૌ માટે યાદગાર બની રહી. તેનો પડઘો પાડતાં ગંગાદ્વીપનાં મંદિરોની ઝાલરો રણકી ઊઠી. આકાશમાં વૈશાખી બીજલેખા પણ વિશેષ શુક્લરૂપે ચમકી ઊઠી.

કેને દુઃખ ન દિયે કાંય

નાવમાંથી ઊતર્યા બાદ કસોટીનો એક નવો અધ્યાય શરૂ થયો. ગંગાનો દોઢ કિ.મી.નો રેતાળ પટ કાપીને ગાડીઓને સડકો પર લાવવાની હતી. તેમાં બે મોટરો તો વિના મુશ્કેલીએ નીકળી ગઈ, પણ બીજી બે ગાડીઓને ધક્કા મારતાં-મારતાં તે બે કલાકે રસ્તા પર લાવી શકાઈ. આ સમયગાળામાં સ્વામીશ્રીએ બિહારીઓ સાથે વાતો કરી તેઓના હૃદયમાં સદાચાર અને સત્સંગને ઊંડો ઉતાર્યો! ત્યારબાદ પ્રવાસ શરૂ થતાં તેઓ રાત્રે એક વાગ્યે કટિહાર પહોંચ્યા.

અત્રે રાત્રે બે વાગ્યે સૂતેલા સ્વામીશ્રી સારુ પંખાની સુવિધા હોવાથી સેવકોએ મચ્છરદાની ન બાંધી, પણ મચ્છરો 'પંખાપ્રૂફ' નીકળતાં સ્વામીશ્રી જાગ્યા અને સેવકોને ઉઠાડ્યા વગર જાતે જ મચ્છરદાની બાંધવા લાગ્યા. તેની હલચલથી સેવક જાગી ગયા અને મચ્છરદાની બાંધી દીધી. પરંતુ થોડી વારમાં વીજળી ગુલ થતાં પંખો અટક્યો. તેથી બફારો વધતાં સ્વામીશ્રી જાગી ગયા. તેઓએ જોયું તો પાસે સૂતેલા સેવકની પથારી ખાલી હતી, કારણ કે તેઓ ઘામથી કંટાળીને અગાશીમાં સૂવા જતા રહેલા.

સ્વામીશ્રી પણ ધીરે ધીરે દાદરા ચઢતાં અગાશીમાં આવ્યા. અહીં સૌ સૂતા હતા ત્યાં તેઓ પંદર-વીસ મિનિટ બેઠા. થોડું ઠંડક જેવું લાગ્યું એટલે તેઓએ વિચાર્યું કે 'અહીં સૂવું.' તેથી કોઈને ઉઠાડ્યા વિના તેઓ જાતે જ ગાદલું ઉપાડીને અગાશી ભણી ચડવા લાગ્યા.

અજાણ્યું ઘર, રાત્રિનું અંધારું, ગાદલાનું વજન અને અવસ્થા હોવા છતાં *'કેને દુઃખ ન દિયે કાંય, મર પીડાય પંડ પોતાતણું...'*ની રીતે રહેવા ટેવાયેલા સ્વામીશ્રીએ કોઈને જગાડ્યા નહીં. સૌ તેઓની સેવા માટે તલસતા હોય ત્યારે પણ શક્ય એટલું સ્વયં કરી લેવાની તેઓની રીત. પોતા થકી બીજાને વધુમાં વધુ લાભ કેમ મળે અને ઓછામાં ઓછી તકલીફ કેમ પડે –

એ જ તેઓનો વિચાર. તેથી જાતે જ પથારીને અગાશીમાં લઈ આવેલા સ્વામીશ્રી પોઢ્યા ત્યારે રાત્રિના સાડા ત્રણ વાગી ચૂક્યા. પરંતુ મચ્છરોએ અહીં પણ તેઓનો પીછો ન છોડ્યો. છેવટે મળસ્કે સાડા ચાર વાગ્યે માંડ માંડ આંખ મળી!

...ત્યાં તો આવિયો દેશ નેપાળ

તા. ૨૯/૪ના રોજ કટિહારના ભક્તોને નિયમિત રવિસભા ભરવાની આજ્ઞા કરીને સ્વામીશ્રી પૂર્ણિયા તથા કિશનગંજને લાભ આપતાં તા. ૩૦/૪ની બપોરે ફાર્બસગંજ આવી પહોંચ્યા.

અહીંથી તેઓને નેપાળમાં લઈ જવા માટે ગંડકી અંચલના પૂર્વ સભાપતિ શ્રી લીલા ભગત આચાર્ય પોખરાથી આવી ગયેલા. તેઓ સાથે સ્વામીશ્રી ભારતીય સરહદના છેલ્લા ગામ જોગબની પધાર્યા. અહીં દેશપ્રવેશની સરકારી કાર્યવાહી પૂર્ણ થતાં સાંજે સાડા છ વાગ્યે તેઓનાં પગલાં નેપાળની ધરતી પર પડ્યાં. તે ક્ષણથી તેઓની પાંચમી વિદેશયાત્રાનો પ્રારંભ થયો.

૧૧૦ બાઈ-ભાઈ ભક્તો અને ૫૬ સંતોના સંઘ સાથે પોતાને આંગણે પધારેલા સ્વામીશ્રીથી તત્કાલીન વિશ્વનું આ એકમાત્ર હિંદુ રાષ્ટ્ર પુલકિત થઈ ઊઠ્યું. નીલકંઠવર્ણીનાં પુનિત પદારવિંદથી ધન્ય થયેલી આ ભૂમિ પર આવતાં સંતો-ભક્તોનાં મન પણ અનેરો રોમાંચ અનુભવી રહ્યાં. સૌ આવેલા પરદેશમાં, પરંતુ હિંદુ સંસ્કૃતિની સોડમથી મઘમઘતો આ પ્રદેશ સૌને સ્વદેશ સમો જ જણાતો હતો. આ દેશમાં પ્રથમ મુકામ વિરાટનગરના એક અતિથિ-ગૃહમાં થયો.

આદિવારાહમાં અનાદિ અક્ષર

તા. ૧/૫ની સવારે યાત્રિકો ઉતારાની પાસેથી વહેતી મહાનંદામાં સ્નાન કરીને પૂજા-પાઠના નિત્યક્રમથી પરવારી જતાં ચાર મોટરો અને ત્રણ બસો તેઓને લઈ આદિવારાહ ભણી ઊપડી ગઈ. *'ઊંચા ડુંગર ક્યાંઈક દીસે, ક્યાંઈ કોતર ઊંડા અતિશે...'* જેવા અહીંના રસ્તે, ઘરાન વટાવી સૌ કાચી સડકે એક કલાકની મુસાફરી બાદ ચતરા ગામે આવ્યા. અત્રે વહેતી કોશી નદીથી ૭ કિ.મી.ની ઉતાર-ચઢાવવાળી કેડીઓ પર પગ મૂકતાં મૂકતાં આદિ-વારાહ પહોંચવાનું હતું. સ્વામીશ્રી અને વૃદ્ધ ભક્તો માટે બે હોડીઓની

વ્યવસ્થા થયેલી.

જો કે, હોડી સામા પ્રવાહે ચલાવવાની હોવાથી મહામુસીબતે આગળ વધી રહેલી. આ રીતે તે વારાહક્ષેત્રથી અડધો કિ.મી. દૂર નાંગરી. તે વખતે સશક્ત સંતો-ભક્તો તો અહીં આવી ગયેલા. તે સૌની સાથે સ્વામીશ્રી બપોરે એક વાગ્યે આદિવારાહ પહોંચ્યા.

અહીં તેઓએ ઠાકોરજી અને સંઘ સહિત કોકા-કોશીના સંગમમાં સ્નાન કરી તેને વિશેષ તીર્થત્વ આપ્યું. ત્યારબાદ કોકા નદીના જળ વડે પર્વતારૂઢ આદિવારાહની મૂર્તિ પર જનમંગલ સ્તોત્રના ગાન સાથે અભિષેક કર્યો. નીલકંઠવર્ણી આ સ્થાનમાં ત્રણ દિવસ રોકાયેલા. તેઓની સ્મૃતિ કરી, અત્રે વસેલાં બીજાં આઠ મંદિરોમાં દર્શન બાદ સ્વામીશ્રી પુનઃ કોશી નદીથી હોડીમાં બિરાજ્યા.

પાછા વળતાં સઘળો સંઘ સાથે હતો, પણ *'ગહરી નદિયાં નાવ પુરાની'* જેવો ઘાટ થયો. નદી ખરેખર ઊંડી હતી અને નાવ પુરાતન. તેથી વારે વારે તેમાં ભરાઈ જતું પાણી ઉલેચવું પડતું. જો કે *'ખેવટિયા સે મીલે રહેના'* મુજબ, સ્વામીશ્રી સાથે હોવાથી સૌને ધરપત હતી. તેના સહારે જ આગળ ધપતી હોડીઓ ચતરાથી બે કિ.મી. દૂર લાંગરી. અહીં સૌ ઊતર્યા ત્યારે 'જ્યાં વન એ જ ધન છે' એવા આ નેપાળમાં, હિમાલયના ઉપપર્વતો અને સઘન વનથી વાતાવરણ ખૂબ જ આહ્લાદક લાગતું હતું. તેમાં બે કિ.મી.નું સીધું ચઢાણ સ્વામીશ્રી નેપાળીઓની મદદથી ચઢી ગયા.

અહીંથી બસ-મોટરોમાં બેસી વિરાટનગર તરફ રવાના થયેલા સંઘમાં વચ્ચે એક ગાડી બગડી. તેની મરામત થતી હતી તે દરમ્યાન મહંત સ્વામી લઘુશંકા માટે ગયા. સ્વામીશ્રીને તે ખ્યાલ હતો, પણ તેઓ 'સ્વામિનારાયણ કથામંગલ' પુસ્તક વાંચવાના તાનમાં હતા. તે દરમ્યાન જ ગાડીઓ ઊપડી અને મહંત સ્વામી રહી ગયા, પણ અડધી મિનિટમાં જ સ્વામીશ્રીનું ધ્યાન જતાં તેઓએ ગાડી પાછી વળાવી મહંત સ્વામીને સાથે લઈ લીધા અને સાંજે સાડા છ વાગ્યે સંઘ વિરાટનગરના ઉતારે આવી પહોંચ્યો.

પ્રભુભક્તિ ઉપર ઘણો પ્યાર

તા. ૨/૫ના રોજ વિરાટનગરથી નીકળેલા સ્વામીશ્રી વાટમાં સોનાપુર, રૂપનગર, ચૌહરવાને પાવન કરતાં જનકપુર પધાર્યા.

તેઓ અહીં પહોંચ્યા ત્યારે બપોરના લગભગ ચાર વાગી ગયા હોવાથી તેઓને આવતાંવેંત જમવા બેસાડ્યા. આ અરસામાં સ્વામીશ્રી નવું ચોકઠું પહેરીને જમતા, પણ તે બરાબર બેસતું ન હોવાથી જમવામાં ઘણી તકલીફ રહેતી. તેથી તેઓને અનુકૂળ આવે તેવી ઢીલી ખીચડી ધ્યાનપ્રિયદાસ સ્વામી જ્યાં પીરસવા ગયા કે સ્વામીશ્રીએ પૂછ્યું : 'ઠાકોરજીને ધરાવી છે?'

આ પ્રશ્નથી મૂંઝાયેલા એ સંતને થયું: 'જો 'ના' પાડીશ તો સ્વામીશ્રી જમશે નહીં.' તેથી *'એવા સંત જમ્યે જમ્યા શ્યામ'* વિચારી તેઓએ 'હા' પાડી દીધી. તે સાંભળી સ્વામીશ્રીએ તરત બીજો પ્રશ્ન પૂછ્યો: 'ક્યારે ધરાવી?'

આ પ્રશ્નનો ઉત્તર આપતાં તે સંતે ખચકાટ સાથે કહ્યું: 'બીજા સંતોએ ધરાવી દીધી છે.'

જ્યાં આમ ખુલાસો થયો ત્યાં જ સ્વામીશ્રીએ પુણ્યપ્રકોપ ધારણ કરતાં કહ્યું: 'ખોટું બોલો છો? આ મારી સામે ઠાકોરજી બેઠા છે. તમારી આંખો કરતાં મારી આંખો વધારે તેજદાર છે. જાઓ, બોલાવો જેણે ધરાવી હોય તેને!'

ખીચડી લાવનારા સંતને ખ્યાલ નહોતો રહ્યો કે 'સ્વામીશ્રીથી લગભગ પંદરેક ફૂટ દૂર જ પાટ પર ઠાકોરજી પધરાવેલા છે.' તેથી ખીચડી ધરાવ્યા વિનાની નક્કી થતાં સ્વામીશ્રી તે ન જ જમ્યા અને રાત્રે આરામમાં જતાં તેઓએ આ પ્રસંગના સંદર્ભમાં પેલા સંતને કહ્યું: 'ગમે તે વસ્તુ લાવો, તે ઠાકોરજીને ધરાવીને પછી જ મારી પાસે લાવવી. તમે કહ્યું હોત કે 'ઠાકોરજીને ધરાવવાની બાકી છે,' તો હું થોડી વાર બેસી રહેત. મારાથી બીજું કાંઈ ચવાતું નથી એ વાત સાચી, પણ એમાં મહારાજને ભૂલીને મારી પાસે આવો તેનો શું અરથ?'

'પ્રભુભક્તિ ઉપર ઘણો પ્યાર...' ધરાવતા સ્વામીશ્રીના શબ્દે શબ્દે નીતરી રહેલી ભક્તિથી સૌ ભીંજાઈ ગયા.

ખટમંડુનો ખટમીઠો પ્રવાસ

જનકપુરમાં જાનકી મંદિરે દર્શન કરી, ગોપાલ ધર્મશાળાના ઉતારે પરત પધારેલા સ્વામીશ્રી સમક્ષ તા. ૨/૫ની સંધ્યા આરતી બાદ 'જનકપુર સંગીત પરિષદ'ના ગવૈયાઓએ નેપાલી અને હિંદી ભજનો લલકારી પ્રસન્નતા મેળવી.

ત્યારબાદ તા. ૩/૫ની સવારે પોણા છ વાગ્યે ચાર મોટરો અને ત્રણ બસો સાથે ખટમંડુ જવા વિદાય થયેલા સ્વામીશ્રીની પ્લીમથ ગાડીનો પંખો

તૂટતાં તેઓ ઍમ્બેસેડર ગાડીમાં બિરાજ્યા. પરંતુ હેટૌડા ગામથી ત્રણ કિલોમીટર દૂર આવેલી પસહા નદીના પુલ આગળ આ ગાડીની પણ એક્સેલ તૂટી. તેની મરામતમાં સૌ રોકાયા તે દરમ્યાન સ્વામીશ્રી એક ઝૂંપડીએ બેઠા. ચોપાસ પથરાયેલી નિસર્ગની સુંદરતા વચ્ચે તૃણની કુટિયા પાસે નિરાંતવે બેઠેલા તેઓ આદિકાળના ઋષિ સમા શોભી રહ્યા.

અહીં થોડી વારે તેઓને શૌચ માટે જવાનું થતાં સ્વામીશ્રી યોગ્ય જગ્યાએ દેહક્રિયા આટોપી સ્નાન કરવા બિરાજ્યા. તેઓને ડૉક્ટર સ્વામીએ લોટે લોટે નવડાવ્યા. આ સ્નાનવિધિથી સ્વામીશ્રી પરવાર્યા ત્યાં જ કેટલાક મજૂરો આવી ચડ્યા. તેઓ તરસ્યા થયેલા. તેથી સ્વામીશ્રીએ જાતે જ તેઓને લોટા વડે પાણી પાયું! અનાયાસે મળેલા આ બ્રહ્મરસના પાનથી તે શ્રમજીવીઓ *'તેનાં પુણ્ય તણો નહિ પાર...'*ની પંગતમાં આવી ગયા.

પરંતુ આટલો વિધિ પૂરો થયો તોય ગાડીની સાન હજી ઠેકાણે ન આવતાં સૌ 'શું કરવું?'ની વિમાસણમાં પડ્યા. તે વખતે જ સંઘની એક જોન્ગો ગાડી બગડેલી પ્લીમથને ઢસડીને આવી પહોંચી. તેની સાથે એમ્બેસેડરને પણ તાણિયા વડે જોડવામાં આવી અને સવારી ઊપડી. સ્વામીશ્રી હવે ત્રીજી જોન્ગો ગાડીમાં બેઠા. પરંતુ તેને ગરમીની તકલીફ હોવાથી જેવો હેટૌડાનો ઘાટ શરૂ થયો કે તે વરાળો કાઢવા માંડી અને ઢાળ નહીં ચઢવાની હઠ લઈને બેસી ગઈ. હજી ૧૫૦ કિ.મી.ની ઘાટી વટાવવાની હતી. તે રસ્તો કેવી રીતે કાપવો તેની યોજનામાં સૌ હતા ત્યાં જ સંઘની ત્રણ બસમાંની એક બસ તપાસ કરતી પાછી આવી પહોંચી. સ્વામીશ્રી તે બસમાં બેસીને આ ચોથા વાહને બપોરે બે વાગ્યે મકવાનપુર પહોંચ્યા અને ગ્રામ પંચાયતના પુસ્તકાલયમાં બપોરાં કર્યાં.

ત્યારબાદ પુનઃ ચઢાણ શરૂ થતાં સંઘ ૮,૧૦૦ ફૂટ ઊંચે સિમભંજયાંગ મુકામે પહોંચ્યો. અહીંથી હિમાલયની ખીણોનું અનુપમ સૌંદર્ય જોઈ સૌ મુગ્ધ થઈ ગયા. બર્ફીલી હવાની શીત લહેરો, પર્વતોના હૈયેથી ફૂટી નીકળેલાં અમીઝરણાં, એ પર્વતોની ખડી થઈ ગયેલી રોમાવલિ સમાં ઘટાદાર વૃક્ષો, ચોતરફ ફરી વળેલી વનશ્રીની મોહક મહેંક વગેરેને આંખ અને શ્વાસમાં ભરતાં સૌ નિસર્ગનો નજારો જોવા અહીં-તહીં નજર દોડાવી રહેલા.

ત્યાં જ સૌનાં મનની પણછ ખેંચતાં સ્વામીશ્રી બોલ્યા : 'કાર્યમાં બધા મોહાયા છે, પણ કારણનો કોઈ વિચાર કરતા નથી. આ બધું ભગવાનને લઈને છે. જોનારા આ બધું જુએ છે, પણ અક્ષરધામ કોઈ જોતું નથી. જોવા જેવું

એ જ છે.'

આ માર્મિક ટકોરથી સતેજ થઈ ગયેલા સૌએ નિસર્ગની સાથે તેના નિયંતા નારાયણમાં પણ વૃત્તિ પરોવી દેતાં સૌનો આનંદ બેવડાઈ ગયો.

તે વખતે ઢોળાવની ધારે બેસી સ્વામીશ્રીની શબ્દસુધાનું પાન કરી રહેલા એક સંતને કો'કે સતર્ક કરતાં કહ્યું : 'જો જો, ચક્કર આવે ને પડતા નહીં.'

'અહીં પડ્યા તો કઢાય, પણ સત્સંગમાં ચક્કર આવે ને પડાય તો કાઢવું મુશ્કેલ.' સ્વામીશ્રી બોલ્યા.

વાતવાતમાં તેઓએ જાણપણાનું સ્થાન બતાવી દીધું અને મુસાફરી આગળ વધતાં સૌ દામન ગામે આવ્યા. અહીંથી હિમાચ્છાદિત એવરેસ્ટ શિખર દેખાય છે, પરંતુ આજે વાતાવરણ વાદળછાયું હોવાથી તે નજરે ન ચડ્યું.

હવે નીચે ઊતરવાનું હતું. તે ઉતરાણમાં સંઘની અન્ય એક જોન્ગો ગાડી મળી જતાં સ્વામીશ્રીને બસમાંથી તેમાં બેસાડવામાં આવ્યા. આજના પ્રવાસના આ પાંચમા વાહને તેઓ રાત્રે પોણા બાર વાગ્યે નેપાળની રાજધાની ખટમંડુ આવી પહોંચ્યા.

પોખરા પ્રતિ પ્રયાણ

ખટમંડુમાં તા. ૪/૫ની સવારે વાસુકીનારાયણ, પશુપતિનાથનાં દર્શન કરી સ્વામીશ્રીએ મંદિરને અડીને જ વહેતી બાગમતી નદીમાં ઠાકોરજીને સ્નાન પણ કરાવ્યું. ત્યારબાદ જૂના ખટમંડુ શહેરમાં પધારેલા તેઓ અત્રે નીલકંઠ-વર્ણીને મળેલા રણબહાદુર શાહનો પ્રાસાદિક મહેલ નિહાળી નવા ખટમંડુ આવી પહોંચ્યા.

અહીંથી તા. ૫/૫ની સવારે સ્વામીશ્રીએ પોખરા પ્રતિ પ્રયાણ આરંભ્યું. પણ મોટરો આજેય દગો દેતી રહી. એક ગાડી બગડે એટલે સ્વામીશ્રી બીજી ગાડીમાં બેસે. એમ દરેક વાહનને પ્રસાદીભૂત કરતી તેઓની યાત્રા ત્રિશૂલી-ગંગાને કિનારે-કિનારે પર્વતો કોતરીને બનાવેલા સર્પાકાર રસ્તાઓ પર ચાલતી રહી. લગભગ ૮૭ કિ.મી.નું અંતર કપાયું ત્યાં ભૂરિગંગા અને ત્રિશૂલીગંગાનો સંગમ આવ્યો. તેનું પવિત્ર જળ મસ્તકે ચડાવી સંઘ ગંડકી અંચલમાં પ્રવેશ્યો ત્યારે તડકો તીવ્રતાથી અનુભવાતો હતો. તે જ વખતે ગાડીને પંક્ચર પડતાં તેની મરામત દરમ્યાન સંતો સ્વામીશ્રી પર ગાતરિયું ધરીને ઊભા રહ્યા.

મોટર ઠીકઠાક થઈ જતાં આગળ ધપેલી યાત્રામાં બપોરે બે વાગ્યે દમૌલી આવ્યું. અત્રે સેતીગંગા અને માદાગંગાના સંગમ-સ્થળે સ્વામીશ્રીએ ઠાકોરજી તથા સંતો સહિત સ્નાન કર્યું. વેદવ્યાસની જન્મભૂમિ ગણાતા આ નદીઓના બેટ અને નદીઓ નીલકંઠવર્ણીની પણ પ્રાસાદિક. તેથી તે સરિત્સ્પર્શ થતાં સૌનાં શરીરમાં ઝણઝણાટી વ્યાપી ગઈ. આ રોમાંચને અંતરમાં સંઘરી આગળ વધેલો સંઘ બપોરે ત્રણ વાગ્યે નીલકંઠવર્ણીના વધુ એક તીર્થસ્થાન પોખરા પહોંચી ગયો.

તે સમયે પાંત્રીસેક હજારની જનસંખ્યાનું આ શહેર ત્રણેક હજાર ફૂટની ઊંચાઈએ હોવાથી ખુશનુમા આબોહવા ધરાવતું હતું. વળી, પર્વતમાળાઓની વચ્ચે અતિ વિશાળ કેવા સરોવર તેની રમણીયતામાં વધારો કરી રહેલું. નીલકંઠવર્ણીના સમયમાં ઉત્તરકાશી તરીકે વિખ્યાત આ શહેરના નેપાળી મુમુક્ષુ લીલા ભગતે સ્વામીશ્રી તથા સંઘની બધી જ બરદાસ્ત કરી. તેઓ સ્વામીશ્રીને સેતીગંગાના કાંઠે જ બોગર વિસ્તારમાં આવેલી પુરાતની તુનિખેલ મુનિની જગ્યામાં ઊભેલા શિવ મંદિરે પણ લઈ ગયા. અહીંથી સેતી નદી નાંખી નજર ન પહોંચે એટલી ઊંડી ખીણમાં ગરક થઈ જાય છે.

જ્યારે સ્વામીશ્રી અહીં પધાર્યા ત્યારે તેઓ પાસે આવી પહોંચેલા ચિંતામણિ સુવેદી નામના બ્રાહ્મણે એક કિંવદંતી સંભળાવી: 'અમારા વડવાઓ વાત કરતા કે અહીં લગભગ બસો વર્ષ પૂર્વે ૧૨-૧૩ વર્ષની ઉંમરના એક બ્રહ્મચારી આવેલા. તે નજીકની યજ્ઞશાળામાં ઊતરેલા. તેઓએ ભોજન માંગ્યું, પણ કોઈએ ન આપતાં એ બટુએ ત્યાં દૃષ્ટિ કરીને જમીનમાંથી નારંગીનું વૃક્ષ કાઢેલું અને તેનાં ફળ જમેલા. આ જોઈ તેઓને ભોજન ન આપનારા પસ્તાયા. પછી તો તે બ્રહ્મચારી રોકાયા ત્યાં સુધી સૌ તેઓનાં દર્શને આવતા રહ્યા. તેઓના ચાલ્યા જતાં વૃક્ષ પણ પૃથ્વીમાં સમાઈ ગયું. પણ એ બ્રહ્મચારીથી પ્રભાવિત અમારા વડવાઓ રોજ આ સ્થાનમાં દર્શને આવતા અને સેતીગંગામાં સ્નાન કરતા. આ ક્રમ પેઢીગત ચાલ્યો. હું પણ રોજ નદીમાં નહાવા આવું છું.'

આ વૃત્તાંત-કથનથી સ્પષ્ટ થયું કે નીલકંઠવર્ણી આ શિવાલયમાં આવેલા અને તેના આંગણે વહેતી સેતીગંગામાં નહાયેલા. આ શિવાલયની પશ્ચિમે સો ફૂટ જતાં યજ્ઞશાળા હતી. ત્યાં અવશેષરૂપે નાનો ટેકરો બચેલો. અત્રે દર્શન કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'અહીં જ નીલકંઠવર્ણી બિરાજેલા.'

આવા પવિત્ર પ્રાસાદિક સ્થાનમાં વિવિધ સંકલ્પોની પરિપૂર્તિ માટે

તેઓએ ધૂન કરાવી. શ્રીજીમહારાજના પ્રત્યેક પ્રાસાદિક સ્થાનને ચિરંતન કરવાની નેમ સ્વામીશ્રીને રહેતી. તેથી અહીં ઓટો બનાવવાનો સંકલ્પ કરીને તે અંગેની પ્રવૃત્તિ કરવા માટે પણ લીલા ભક્તને આજ્ઞા કરી.

આ શિવાલયથી પશ્ચિમે આશરે ૧૭૩ કિ.મી. દૂર નીલકંઠવર્ણીનું પ્રસાદીભૂત મુક્તિનાથ તીર્થ વસેલું છે. આ વખતે ત્યાં જઈ શકાય તેમ ન હોવાથી સ્વામીશ્રીએ અહીંથી દંડવત કરી પોતાનો ભક્તિભાવ પ્રદર્શિત કર્યો!

ત્યારબાદ તેઓ બજારમાં આવ્યા. અત્રે વિંધ્યવાસિની દેવીની ટેકરી નીચે સંસ્કૃત પાઠશાળા હતી. નીલકંઠવર્ણીએ અહીં જ શાસ્ત્રચર્ચા કરી હશે એમ માની સ્વામીશ્રીએ ત્યાં દર્શન કર્યાં. તે પછી તેઓ ફેવા સરોવર ઉપર ગયા ત્યારે અસ્તાચળે ઢળતા સૂર્યમાંથી નીકળતાં સોનેરી કિરણોથી ઝબકતું સરોવર જાણે સોનાથી છલકાતું હોય તેમ લાગતું હતું. પ્રકૃતિથી પરના પુરુષની સંનિધિમાં થોડી વાર આ નયનરમ્ય સૌંદર્યની મજા માણી સૌ ઉતારે આવ્યા.

પ્રાસાદિક બુટોલનગરમાં

તા. ૬/૫ની વહેલી સવારે સંઘ જાગ્યો ત્યારે નિરભ્ર આકાશમાં હિમાલયનાં ઉત્તુંગ અદ્રિશૃંગો જોઈ સૌ ઊર્ધ્વમુખ થઈ ગયા. આ સમયે ૨૩,૬૮૩ ફૂટ ઊંચું અન્નપૂર્ણાનું દક્ષિણ શિખર ઝગારા મારતું હતું. માછલીની પૂંછડીના આકારે ઊભેલા ઉન્નત શિખર 'મચ્છપૂછરી'એ પણ સૌનું ધ્યાન ખેંચ્યું. ગગનમંડપ નીચે પથરાયેલા હિમાલયનાં રૂપેરી શિખરોને સૂર્યદેવ સુવર્ણરસ રેડી નવડાવી રહ્યા હોય તેવું એ હૃદયંગમ દૃશ્ય નિહાળતાં નિહાળતાં સૌ નિત્યક્રમથી પરવાર્યા અને આઠ વાગ્યે બુટવલ જવા વિદાય લીધી.

આ માર્ગે ૯૨ કિ.મી.ના અંતરે આવેલા રામ્ભી ગામની સરહદેથી નીલકંઠવર્ણીની પ્રાસાદિક કૃષ્ણા ગંડકી નદી વહેતી હતી. પુલહાશ્રમના રોકાણ દરમ્યાન વર્ણી આ જળમાં સ્નાન કરતા. સ્વામીશ્રીએ તે જળનું આચમન કર્યું અને માથે ચડાવ્યું. અહીંથી ગૌતમ બુદ્ધની જન્મભૂમિ ગણાતા લુમ્બિની અંચલનો પ્રારંભ થયો. તેમાં આશરે સાઠેક કિલોમીટર કાપતાં બપોરે બે વાગ્યે બુટવલ આવ્યું.

આ બુટવલ એ જ સંપ્રદાય-પ્રસિદ્ધ બુટોલનગર. રાજા મહાદત્ત સેન અને તેમની બહેન માયારાણીનું કલ્યાણ કરવા નીલકંઠવર્ણી અહીં પધારેલા. તેઓની નિઃસ્પૃહિતાની નિશાની સમા મહેલની એક દીવાલ સ્વામીશ્રી પધાર્યા

ત્યારે બચેલી. તેના દર્શન કર્યાં બાદ સ્વામીશ્રી અહીંની ફૂલવાડીમાં ઊભેલાં વૃક્ષોની છાયા તળે ઠાકોરજી જમાડી, નેપાળના સીમાવર્તી ગામ સુનૌલી પહોંચ્યા. અત્રે દેશવિદાયની સરકારી કાર્યવાહી પૂર્ણ કરી તેઓ ઉત્તરપ્રદેશના ગોરખપુરમાં ગોરખનાથ મંદિરની ધર્મશાળામાં પધાર્યા. અહીં તેઓએ મહંતશ્રી પૂજ્ય અવૈદ્યનાથજીનો સત્કાર સ્વીકાર્યો. તે સાથે જ સ્વામીશ્રીનો ટૂંકામાં ટૂંકો પરદેશ-પ્રવાસ પૂર્ણ થયો.[૪]

તપોભૂમિમાંથી લીલાભૂમિમાં

નેપાળનાં ઘોર વન, અસહ્ય ઠંડી અને દુર્ગમ ઘાટીઓમાં વિચરીને નીલકંઠવર્ણીએ આકરી તપશ્ચર્યા કરી હતી. તે તપોભૂમિમાંથી હવે તેઓની દિવ્યલીલાઓના સ્થાન ભણી સૌની નજર મંડાયેલી. *'અયોધ્યા સરયૂ તટે સંભળાય, મધુર તરંગ હાલરડું; છપૈયા ગામ સીમાડે સંભળાય, મીઠું સુરપક્ષીનું હાલરડું...'* અનુસાર બાલપ્રભુનાં હાલરડાંના સૂરોએ સૌની ચિત્તવૃત્તિ ચોરી લીધેલી. તેથી આ લીલાસ્થાનોનાં દર્શન માટે ઉતાવળા સૌ તા. ૭/૫ની સવારે સાડા દસ વાગ્યે અયોધ્યા પહોંચ્યા. અહીં પ્રાસાદિક સ્થાનોમાં મસ્તક ટેકવી સંઘ રાત્રે નવ વાગ્યે છપૈયા આવી ગયો.

અત્રે તા. ૮/૫ની મંગળા આરતીમાં દર્શન કરી સ્વામીશ્રીએ સૌ સાથે નારાયણ સરોવરમાં સ્નાન કર્યું. ત્યારબાદ તેના ઘાટ પર જ પ્રાતઃપૂજા કરી. આજે એકાદશી હોવાથી સ્વામીશ્રીએ નિર્જળા ઉપવાસ કરેલો, પણ સૌ ભક્તોને પ્રેમપૂર્વક ફરાળ જમાડી તેઓએ એકેએક પ્રાસાદિક સ્થાનોનાં દર્શન કરાવ્યાં.

આ અરસામાં, અહીંના મંદિરે આરસ જડવાનું કામ ચાલતું હતું. તેમાં સ્વામીશ્રીએ હરિભક્તોને પ્રેરણા આપી આર્થિક અનુદાન કરાવ્યું. તે ઉપરાંત અયોધ્યા અને છપૈયાનાં આ મંદિરોમાં સ્થાનિક વ્યવસ્થાપકોએ માંગેલી જરૂરી વસ્તુઓની સેવા પણ તેઓએ અપાવી. 'બીજાના ઉત્કર્ષમાં પોતાનો ઉત્કર્ષ' માનનારા સ્વામીશ્રીના પગલે પગલે, સખાવતોની સરિતા

---

૪. સંતો-ભક્તોના સંઘ સાથે સ્વામીશ્રીએ ખેડેલી નેપાળ દેશની આ ધર્મયાત્રાનો આસ્વાદ માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

નિરંતર વહેતી જ રહેતી.[૫]

આ રીતે છપૈયાથી નીકળેલા તેઓ બપોરે બે વાગ્યે સરયૂસ્નાન કરી રાત્રે સાડા બાર વાગ્યે વારાણસી પહોંચ્યા. પરંતુ આ પ્રવાસમાં સ્વામીશ્રીને ભીડાભક્તિ ઘણી રહી. અહીંની તીખી-તીવ્ર ગરમીમાં તેઓને ઉપવાસ લાગતાં તેઓ અત્યંત શિથિલ થઈ ગયા. તે જોઈ રસ્તામાં આવતાં જોનપુરથી સંતોએ બરફ, લીંબુ, ગ્લુકોઝ, ખાંડ વગેરે લઈને ગામબહાર શરબત બનાવી સ્વામીશ્રીને પિવડાવ્યું. વધતી વય અને વિચરણમાં હવે તેઓનું શરીર નિર્જળા ઉપવાસમાં લથડી પડતું. છતાં તેઓ તો ભગવાન સ્વામિનારાયણના વચન મુજબ – પરમેશ્વર દેહની ખબર રખાવે તો ભલે, પણ પોતાની જાતે દેહનું જતન કરતા જ નહીં.

આજ્ઞામાં ચરણામૃત આવી ગયું

તા. ૯/૫ના રોજ કાશીનાં પ્રાસાદિક સ્થાનોમાં દર્શન કરી સ્વામીશ્રી રાત્રે એક વાગ્યે અલ્હાબાદ પહોંચ્યા.

અહીં તા. ૧૦/૫ની સવારે યોજાયેલા જળવિહાર દરમ્યાન આઠ હોડીઓ સ્વામીશ્રી તથા સંઘને લઈ કાલિંદીનાં નીર પર સરકવા લાગી. તે વખતે સંતોના કંઠે ગવાઈ રહેલાં પ્રાસંગિક કીર્તનોમાં એક ગાયકે *'ચરણામૃતની ટેવ અમારે, રાખો તમારી પાસ...'* ગાઈને અરજ કરી કે 'સ્વામી! આપની સાથે હંમેશા રાખો.'

ત્યારે સ્વામીશ્રીએ સિદ્ધાંત-વચન સંભળાવ્યું કે 'આજ્ઞામાં ચરણામૃત આવી ગયું. આ ભેગા રહેવાનું તો થોડો સમય છે, પણ પેલું હંમેશા મળે છે.'

તેઓ કાયમ નક્કર અને ટકાઉ માર્ગ જ ચીંધતા.

તે મુજબ સ્વામીશ્રીનો નૌકાવિહાર ચાલી રહેલો. તે વખતે એક હોડી કરીને કેટલાક પંડાઓ તેઓ પાસે આવી પહોંચ્યા. 'હમ સ્વામિનારાયણ કે પંડા હૈ' કહીને તેઓએ પોતાના ચોપડાઓમાં પૂર્વયાત્રાઓ દરમ્યાન આચાર્ય મહારાજે કરેલી સહીઓ બતાવી. વળી, સ્પેશિયલ ટ્રેનયાત્રા દરમ્યાન

---

૫. ભગવાન સ્વામિનારાયણની જન્મભૂમિ અને લીલાભૂમિમાં વિચરેલા સ્વામીશ્રીની આ ઝાંખી મેળવવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

સ્વામીશ્રીએ પાડેલા હસ્તાક્ષર પણ દર્શાવ્યા. આ બધું કરવા પાછળ તેઓનો હેતુ દક્ષિણા-પ્રાપ્તિનો હતો. તેથી યોગીજી મહારાજને ઓળખતા એક પંડાએ કહ્યું : 'યોગીજી મહારાજ કે પીછે અબ આપ માલિક હો ના !'

'માલિક તો એક ભગવાન છે ને અમે તો સાધુ છીએ.' સ્વામીશ્રી બોલ્યા.

સૂર્યપ્રકાશથી ચળકતાં યમુનાનાં નીરની જેમ જ તેઓનો દાસભાવ ચમકી ગયો. *'રહત દીન-આધીન હો, હરિ ગુરુ સંતની પાસ...'*ની જીવનરીતિ હતી સ્વામીશ્રીની !

તે અનુસાર લગભગ દોઢેક કલાકની યમુનાયાત્રા બાદ હોડીઓ ત્રિવેણી સંગમે લાંગરી. અહીં સ્વામીશ્રીએ વિધિપુરઃસર સ્નાન કર્યું. તે દરમ્યાન સંતોએ એકમેકના ખભે ઊભા રહીને બે માળ ઊંચો પિરામિડ રચ્યો. તેની ટોચે સ્વામીશ્રીને ઊભા રાખ્યા. ત્યાંથી સ્વામીશ્રીએ જળમાં ઝંપલાવી સૌને યાત્રાની પૂર્ણાહુતિમાં વિરલ સ્મૃતિ આપી. અત્રે ત્રિવેણીમાં સ્નાન કરતાં કરતાં 'દ્વિશતાબ્દી મહોત્સવ સર્વોપરી ઊજવાય' તે સહિતના અનેક સંકલ્પોની સિદ્ધિ માટે તેઓએ ધૂન પણ કરાવી. છેલ્લે સૌને સ્નેહસભર શીખ આપી કે – 'યાત્રાનું જે સુખ લીધું છે તે સંભારવું. બીજું બધું આ નદીમાં વહેતું મૂકી દેવું. ભૂલી જવું. જે કાર્ય કરે તેને સાંભળવું પડે પણ તે બધું જળમાં લીટાની જેમ રાખવું. આંટી ન પાડવી.'

આ બોધવચનો સંભળાવતાં સ્વામીશ્રી અક્ષયવટ અને બડે હનુમાનનાં દર્શન કરી ગુજરાતી સમાજના ભવનમાં ઉતારે પધાર્યા. અહીં જ સાંજે યોજાયેલી વિદાય-સભામાં સૌ યાત્રિકોની સ્થિતિ *'નયણે નદી ચાલી નીરની...'* જેવી થઈ ગઈ, કારણ કે બાર દિવસના અવર્ણનીય સુખ પર આજે પડદો પડી રહેલો. સૌએ સ્વામીશ્રી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી. તે સ્વીકારી સ્વામીશ્રી રેલવે સ્ટેશને જવા નીકળ્યા.

અલખના ઓલિયાને ખલકનો ખટકો

સ્ટેશન તરફ મોટર થોડી આગળ વધી ત્યાં જ સ્વામીશ્રીએ ઠાકોરજીના પૂજારીને પૂછ્યું: 'હરિકૃષ્ણ મહારાજને સાંજે ધરાવવા માટે કંઈ લીધું ?'

'ના.'

તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા: ''મને યાદ હતું કે 'તમને કહું.' પણ હજાર કામમાં ભૂલી ગયો. પૂરી તૈયાર થઈ હતી તે લઈ લેવી જોઈતી'તી.

પૂજારીએ આ વાતનો જાતે ખટકો રાખવો જોઈએ. ઠાકોરજી માટે મગજ કે કંઈક બનાવી જ રાખવું, જેથી આવે વખતે કામ આવે. હવે સ્ટેશનેથી ફૂટ લઈ લેજો ને તે ધરાવજો.''

ભક્તિમાં ભૂલ સ્વામીશ્રીને ઘણી કઠતી. તેથી તેઓ એક શ્વાસે આટલું બોલી ગયા.

ગાડી થોડી આગળ વધી ત્યાં વળી સ્વામીશ્રીએ સહપ્રવાસીઓને પૂછ્યું : 'મણિભાઈની મોટરમાં એક તાકો હતો તે કોણે ઉતાર્યો ?'

આ સાંભળી સૌ નિરુત્તર રહ્યા, પણ તેઓનાં સિવાયેલાં મોઢાંએ ઘણું કહી દેતાં, સ્વામીશ્રીએ જે તે વસ્તુઓ સમયે-સમયે સાચવવા પર સૌને ટકોર કરી. ભગવાનથી લઈને ઝીણી-ઝીણી બાબતો પ્રત્યે તેઓનો આવો ખટકો હરહંમેશ આશ્ચર્ય અને અહોભાવનો વિષય રહેતો.

નેપાળયાત્રા દરમ્યાન તો જે તે સ્થળમાં આવ્યા-ગયાનો માહોલ જ રહેલો. એક અઠવાડિયામાં પ્રવાસ સમેટવાનો હોવાથી કોઈને પળની ફુરસત ન રહેતી. તેમાં પણ સ્વામીશ્રી રસોઈ કરનારા સંતોને સૂચના આપતા રહેલા કે 'શાક સડેલાં ન જાય તેનું ધ્યાન રાખજો. લોટ ચાળીને વાપરો છો ને ? ચાળણી આપણી સાથે લાવ્યા છો ને ? ચોખા પણ સાફ કરીને વાપરવા. ઠાકોરજી જમવાના છે એટલે બરાબર ધ્યાન આપવું...'

જ્યાંથી પ્રસ્થાન કરવાનું હોય ત્યાં પણ સ્વામીશ્રી છેલ્લે આંટો મારી લેતા. કોઈ કંઈ ભૂલી ગયું હોય તો લેવડાવી દે. વિરાટનગરથી નીકળતાં પહેલાં એક સંતને લઈને તેઓ આમ જ રસોડામાં નિરીક્ષણ કરવા ગયેલા. ત્યાં મરચાં પડી રહેલાં તે તેઓએ 'લઈ લ્યો, કામ આવશે...' કહી ઉપડાવી લીધેલાં. એ જ રીતે થોડાં વાટેલાં મરચાં, ખાંડ, દાળ, વરિયાળી, ધોતિયાં જેવી કૈંક વસ્તુઓ ઉતાવળમાં ભુલાઈ ગયેલી. સ્વામીશ્રીએ તે પણ લેવડાવી દીધેલી.

અલ્હાબાદ સ્ટેશને સૌ પહોંચ્યા ત્યારે ખંડવા જતી ટ્રેન ઊપડવાની તૈયારીમાં જ હતી. તે વખતેય સ્વામીશ્રીની ચપળતા-ચોકસાઈ કામ કરી ગઈ. તેઓએ બે સંતોને ચાલુ ગાડીએ ચઢાવી દીધા. સૌએ પોતપોતાની બેઠકો લીધી એટલે સ્વામીશ્રી બોલ્યા : 'કાલે નૃસિંહ જયંતી છે; તેથી ફરાળ કરવું પડે. આપણે ખંડવા આ જણાવી દેવું જોઈતું હતું.'

આમ, પૂરપાટ વિચરણમાં પણ શાસ્ત્રોક્ત પ્રણાલીઓને નેવે મૂકવાની

વાત તેઓના જીવનમાં નહોતી. બ્રહ્માંડ જેની ગણતરીમાં નહીં એવા એ ઓલિયા હતા, પણ ખટકો આખા ખલકનો રાખતા.

અતિ પ્રસન્નવદન નિશદિન રહે

તા. ૧૧/૫ની સવારે દસ વાગ્યે સ્વામીશ્રી ખંડવા આવી પહોંચ્યા ત્યારે અહીંના ભક્તો તો ફર્સ્ટ ક્લાસના ડબ્બા પાસે સ્વાગત માટે ઊભા હતા. પરંતુ સ્વામીશ્રી ઊતર્યા સેકન્ડ ક્લાસના ડબ્બામાંથી! તેઓની આ સાદગી જ તેઓને 'ફર્સ્ટ ક્લાસ'ની કક્ષામાં મૂકી દેતી.

સ્વામીશ્રીનાં પગલાં આ ભૂમિ પર પ્રથમ વાર પડી રહેલાં. તેથી સ્ટેશનથી ઉતારા સુધી સુશોભિત જીપમાં બૅન્ડ-વાજાં સહિત ભવ્ય નગરયાત્રા નીકળી. તે શોભાડી, સ્વામીશ્રી દિવસ દરમ્યાન કેટલીક પધરામણીઓ કરી રાત્રે જાહેર-સભામાં પધાર્યા.

પરંતુ આ સભાનું સ્થળ એવું ગોઠવાયેલું કે તેમાં ચાલુ સભાએ શ્રોતાઓ અને મંચ વચ્ચેથી એક પછી એક એમ ત્રણ બારાત પસાર થઈ રહી! કથા-પ્રવાહ સહેજ વહે અને જાન આવી ચડે. તે ધૂળ અને ઘોંઘાટ ઉડાડતી જાય. તેનો કોલાહલ માંડ ઠરે ત્યાં બીજી બારાતનાં બૅન્ડ વાગવાં માંડે. આવી આ સ્વાગત-સભામાં સ્વામીશ્રી લેશ કચવાટ વિના બેસી રહ્યા!

વિક્ષેપોના વાયરા વચ્ચે તેઓની *'અતિ પ્રસન્નવદન નિશદિન રહે...'*ની સ્થિતિ કાયમ જળવાઈ રહેતી.

સવળી સમજણના સોદાગર

તા. ૧૨/૫ની સવારે સ્વામીશ્રીને ખંડવાથી ઇન્દોર લઈ જવા હરિભક્તની મોટર આવેલી. અન્ય સંતો માટે એક ટેક્સી ભાડે કરવાની હતી. પરંતુ સ્વામીશ્રીએ વ્યવહારુ ઉકેલ કાઢતાં કહ્યું: 'સંતો બધા મોટરમાં બેસી જઈએ અને સામાન લઈને કૃષ્ણકાંત[૬] બસમાં આવે.'

તેઓની આ ગોઠવણ પાછળ, હરિભક્તોની રકમ ટેક્સીભાડાંમાં ખર્ચાઈ ન જાય તેની ગણતરી હતી. પૈસા અને પદાર્થના વપરાશ અંગે તો સ્વામીશ્રીની ચીવટ દુનિયાની દાદ માંગી લે તેવી રહેતી.

તે મુજબ સૌ બપોરે બાર વાગ્યે ઇન્દોર આવી પહોંચ્યા.

---

૬. સમય જતાં તેઓ સ્વામીશ્રી પાસેથી દીક્ષા લઈ સાધુ યોગીવત્સલદાસ બન્યા.

અત્રે જમનાદાસભાઈના નવા બંગલે ગોઠવાયેલા ઉતારાના પ્રાંગણમાં સ્વામીશ્રી પધારતાં જ યજમાન બોલ્યા : 'બાપા ! આપનાં ચરણ મકાનમાં પાડો.'

તે વખતે સ્વામીશ્રીએ કહ્યું : 'ઠાકોરજીની મૂર્તિને આગળ લ્યો.'

મકાન હોય કે મહેલ, તેઓ હંમેશા ઠાકોરજીની પાછળ જ રહેતા, પરંતુ તેઓની આ ભક્તિ તેઓને સૌથી આગળ મૂકી દેતી.

તે અનુસાર ઈન્દોર પધારેલા સ્વામીશ્રી અત્રે આણંદના એક હરિભક્ત દ્વારા મોટા પાયે શરૂ થઈ રહેલા વ્યાવસાયિક એકમનું ઉદ્‌ઘાટન કરવાના હતા. પરંતુ સંજોગોવશાત્ તેમાં વિઘ્ન આવતાં, સ્વામીશ્રીને ફોગટ ફેરો થયો તેવું એ સત્સંગીને લાગતાં, સ્વામીશ્રી બોલ્યા : 'મહારાજ જે કરે છે તે સારા માટે જ કરે છે, માટે નિરુત્સાહ ન થવું. અમારે આ બહાને અહીં આવવાનું થયું ને સત્સંગ થયો.'

સવળી સમજણના સોદાગર સ્વામીશ્રીએ આમ કહી તે ભક્તનો રંજ ટાળી નાંખ્યો.

નિંદા સ્તવન સમાન જેહિ

તા. ૧૩/૫ની સવારે સ્વામીશ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની એક શાખાના મંદિરે દર્શન માટે પધાર્યા ત્યારે અહીં બે સંતો કથા કરી રહેલા. તેઓ સ્વામીશ્રીને જોતાં જ વિષયાંતર કરી બોલવા લાગ્યા : 'વિમુખની વાતો ન સાંભળવી. બે આચાર્ય સિવાય બીજા કોઈને માનવું નહીં...' વગેરે.

પરંતુ તેઓએ એક પછી એક તાકેલા તીરથી લેશ ઘાયલ થયા વિના સ્વામીશ્રીએ શાંતિથી ઠાકોરજીનાં દર્શન-દંડવત કર્યાં. એટલું જ નહીં, બેફામ બોલી રહેલા એ કથાકારને પણ હાથ જોડી વંદન કરતાં 'જય સ્વામિનારાયણ' પાઠવ્યા !

તે દ્વારા *'નિંદા સ્તવન સમાન જેહિ... સોઈ સાચે હરિદાસ'*નું દર્શન પોતામાં કરાવતાં, સ્વામીશ્રી ઈન્દોરથી દેવાસ, પાનખેડી, અમલનેર, વરખેડાને પાવન કરતાં ધુલિયા પધાર્યા. અહીં તા. ૧૭/૫ની સવારે તેઓ બોલ્યા : 'નેપાળનો થાક હવે શરીર પર ઊતરે છે.'

જે શરીરને અત્યાર સુધી થાક, ઊંઘ વગેરે સાથે કોઈ સાંધો-સહિયારો નહોતો, તે હવે અવસ્થાના ભાવ બતાવવા માંડેલું. છતાં તેની પર પોતાના આત્માનો પ્રભાવ પાથરતાં સ્વામીશ્રી વિચરતા રહેતા.

હરિભક્તસું રાખત પૂરન પ્યાર

ધુલિયાથી વિદાય લઈ સ્વામીશ્રી સોનગઢ, વ્યારાને લાભ આપતાં બાજીપુરા પધાર્યા. અહીં તા. ૧૮/૫ની સવારે ૪૦ પધરામણીઓ કરીને મોરદેવીમાં મહેર વરસાવતાં તેઓ બપોરે સાડા બાર વાગ્યે ડુંગરી(નળધરા) ગામના આંબાવાડિયા ફળિયામાં આવી પહોંચ્યા.

અત્રે આદિવાસી ભક્તોએ તેઓનું પરંપરાગત વાજિંત્ર તારપુ વગાડી નાચતાં-કૂદતાં ઉત્સાહભેર સ્વામીશ્રીને વધાવ્યા. આદિવાસી બાલિકાઓ પણ માથે કળશ મૂકીને આ શોભાયાત્રામાં ચાલી. આ સ્વાગત-યાત્રાના અંતે ઘાસના પૂળા નાંખીને બાંધેલા મંડપ તળે બેસી સ્વામીશ્રીએ અમૃતધારા વહાવી કે 'ભગવાનના દરબારમાં કોઈ આદિવાસી કે ઉજળિયાત નથી. બધા સરખા જ છે. શબરી ભીલડી જંગલમાં રહેતી, છતાં તેને રાજદરબારથી વધુ આનંદ હતો, કારણ કે તેને ભગવાન મળ્યા હતા. માટે જે સ્થિતિમાં ભગવાન રાખે તેમાં રાજી રહેવું. બધાને નરસા કહીને જે સારો થવા પ્રયત્ન કરે છે તે મૂરખ છે.'

આ સુધાસરિતા રેલાવી સ્વામીશ્રી ડુંગરી, નાગજી ફળિયું(નળધરા), બારડોલી, ઓરણા, દીગસ, શેવણી, વિહાણને લાભ આપતાં તા. ૨૧/૫ના રોજ શામપુરા આવી પહોંચ્યા. અહીં રાત્રિમુકામ કરીને તેઓ બીજે દિવસે એકાદશીના નિર્જળા ઉપવાસમાં રૂંઢવાડા, રૂવા, ખોજ, વાઘેચા, સેગવા, શેવણી, ટીંબા એમ સાત ગામો ઘૂમી વળ્યા ! ત્યારબાદ બારડોલી થઈને સાંકરી પધાર્યા.

અહીંના સોમાભાઈ સ્વામીશ્રી સારુ પૂજામાં દંડવત કરતી વખતે પાથરવા માટે ડેકોન પોલીએસ્ટરની સુંદર જાજમ લાવેલા. તા. ૨૪/૫ની પ્રાતઃપૂજા વખતે જ તેઓએ આ પાથરણું સંતોને આપી તેને પાથરવા કહ્યું. તેથી રોજ પથરાતી જાજમ જે આજે પથરાઈ ગયેલી તેને હટાવીને એક સંત આ નવું પાથરણું બિછાવવા ગયા, પણ તેમ કરતાં સ્વામીશ્રીએ તેઓને રોક્યા અને કહ્યું: 'આ નવા પાથરણા પર પહેલાં ઠાકોરજીને પધરાવવા. પછી અહીં પાથરવું.'

સ્વામીશ્રીની ભક્તિના સળ આમ ખૂલતાં જાજમના ખૂલેલા સળની ગડી વળી ગઈ.

આ પ્રાતઃપૂજા બાદ આરંભાયેલી કથામાં સ્વામીશ્રી વચનામૃત(ગ.અં.

૭)ના નિરૂપણ દરમ્યાન ભક્તનો પક્ષ રાખવાની અદ્‌ભુત વાતો કરવા લાગ્યા. તેમાં એક સત્સંગીને બચાવવા જતાં પોતે ત્રણ ગોળમટાં ખાઈ ગયેલાં તે પ્રસંગ પણ તેઓએ વિસ્તારથી કહ્યો. તેના અનુસંધાનમાં એક પાર્ષદે કહ્યું: 'બાપા! આપે જે ભક્તને પક્ષ રાખી બચાવ્યા તે તો આપણું વાંકું બોલે છે!'

'તે આપણે જોવું નહીં.' સ્વામીશ્રીએ તરત જ પાળ બાંધતાં કહ્યું. પછી બોલ્યા: 'તે હરિભક્ત તો છે જ ને! માટે આપણે તો પક્ષ રાખવો.'

આ શબ્દોમાંથી ઊડી રહેલી સ્વામીશ્રીની શુદ્ધ ભાવનાની છોળ્યોમાં સૌ તરબોળ થઈ ગયા. *'હરિભક્તસું રાખત પૂરન પ્યાર...'* સમા તેઓએ કોઈનાય સ્વભાવ સામે જોયા વિના સૌને પ્રેમ પાયેલો.

સંત વિના સાચી કોણ કહે

સાંકરીથી વિદાય લઈ સ્વામીશ્રી રાયમ, મઢી, ઘાટા, ધામોદલા, તરસાડા, માંડવી, મધરકૂઈ, નાની નરોલીને પાવન કરતાં તા. ૨૫/૫ની સાંજે સાડા સાત વાગ્યે મોખડી મુકામે આવી પહોંચ્યા.

અત્રે ઠાકોરજી જમાડી તેઓ રાત્રિસભામાં લાભ આપવા પધાર્યા ત્યારે સભામંડપમાં પ્રથમ પગલું મૂકતાં જ તેઓની વિચક્ષણ દૃષ્ટિએ નોંધી લીધું કે 'સભામાં બાઈ-ભાઈનું આસન એક છે અને મહિલાઓની બેઠક મંચથી જરા નજીક છે.' તેથી મર્યાદા જળવાય તેમ વ્યવસ્થા ન થઈ ત્યાં સુધી તેઓ ઊભા રહ્યા અને સહપ્રવાસીઓને ટકોર પણ કરી કે 'કોઈએ આગળ આવીને સભા-વ્યવસ્થા જોઈ નહીં? જ્યાં જઈએ ત્યાં સભા પહેલાં બધું ધ્યાન રાખી જોઈ લેવું.'

મર્યાદાપાલન સંબંધી સ્વામીશ્રીના આ આગ્રહથી ગામના ભાવિકોને તેઓ પ્રત્યે ઘણો સદ્‌ભાવ થઈ ગયો. તે સાથે ગોઠવાયેલા શ્રોતાઓને સ્વામીશ્રીએ સંતના શુભાશયની વાત કરતાં કહ્યું :

''સંસારમાં જીવના હિતની વાત કોઈ ન કરે. બધા સ્વાર્થની જ વાત કરે.

એક વાર પાંચથી સાત ઘોડેસવારો જતા હતા. વચ્ચે નદી આવી. એક અસવાર પાણી કેટલું ઊંડું છે તે જોવા ઘોડો લઈને ઊતર્યો પણ પાણીનું વહેણ ઘણું હતું એટલે ઘોડા સહિત તણાવા માંડ્યો. તે જોઈ બીજાઓએ પૂછ્યું: કેમ છે?' આ અસવાર તો તણાતો હતો. તેને થયું કે 'હું એકલો તણાઉં તે ઠીક નહીં.' એટલે તેણે કહ્યું: 'એય હાલ્યા આવો... હાલ્યા આવો...' તેના ભરોસે

બીજાએ પણ ઘોડા નદીમાં નાંખ્યા ને બધા તણાઈને દરિયાભેગા થઈ ગયા.

જગતમાં માણસો પોતે તો તણાતા હોય પણ બીજાનેય ભેગા ખેંચે છે. સંત વિના સારા સુખની વાત કોઈ ન કરે. 'બધું મૂકીને જવાનું છે' એ વાત કડવી લાગે પણ હકીકત છે. માતા પુત્રને કડવું ઔષધ પાય તો છોકરો તાંબા જેવો થાય. તેમ જો જ્ઞાનની કડવી વાત સમજી રાખી હોય તો વાંધો ન આવે. ઘણા ભણેલા અને શહેરમાં વસતા લોકો પણ આદિવાસી જેવા હોય છે. પેલા આદિવાસી પાસે પૈસા ઓછા હોય એટલે ઓછો ને સામાન્ય દારૂ પીએ; ને આ પૈસાદાર તેનાથી વધુ ને સારો દારૂ પીવે. સંતને આપણને પોતા જેવા બનાવવા છે. એટલે તેઓ વચનરૂપી ચટકા મારે છે અને અજ્ઞાન ટાળે છે.''

આવા જ અસ્ખલિત વાક્પ્રવાહમાં સ્વામીશ્રીએ બીજે દિવસે સવારે પણ સતત બે કલાક સુધી નૈમિષારણ્ય ક્ષેત્રનું વચનામૃત(સા.૭) સંભળાવી સૌને તરબતર કરી મૂક્યા.

મોખડીમાં આવા અમૃતમેઘ વરસાવી તેઓ તા. ૨૬/૫ની સાંજે વિદ્યાનગર આવી પહોંચ્યા.

સત્-યુગની એંધાણી

સ્વામીશ્રી વિદ્યાનગર પધાર્યા ત્યારે તો આ વિદ્યાભૂમિ બાળસખાના બાગમાં ફેરવાઈ ગયેલી. આ ઉદ્યાનમાં, ૭૫ ગામો-શહેરોનાં ૬૦૦ બાળ-મંડળોમાંથી આવેલાં ૨,૫૦૦ બાળપુષ્પો પોતાની સંસ્કાર-સૌરભ પ્રસરાવી રહેલાં. અમેરિકાથી માંડીને આદિવાસી ભૂમિનાં ખેડ, ખાતર, પાણી પીને ઊછરેલાં આ બાળકુસુમો, તેઓના માળી સમા સ્વામીશ્રી આવતાં જ ડોલી ઊઠ્યાં. 'યુનો' દ્વારા ઘોષિત આંતરરાષ્ટ્રીય બાલવર્ષ અને સંસ્થાકીય બાલ પ્રવૃત્તિના રજતજયંતી વર્ષ નિમિત્તે આયોજિત, આ આંતરરાષ્ટ્રીય બાલ મહોત્સવના પ્રથમ દિવસ સમા તા. ૨૭/૫ની સવારે વિદ્યાનગર બાળરેલીના મધુર કલશોરથી ગુંજી ઊઠ્યું. બૅન્ડવાદન, ધ્વજચાલન, બાળજ્યોત પૂજન, ઘોષણાગાન વગેરે કાર્યક્રમો દ્વારા બાળ મહોત્સવની અનેરી હવા જામી ગઈ.

તે વાતાવરણમાં સ્વામીશ્રીએ છોડેલા ફુગ્ગા બાળકોનાં મનની જેમ જ ઊંચે-ઊંચે વિહાર કરવા લાગ્યા. આ માહોલમાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી એચ. એમ. પટેલે દીપપ્રાગટ્ય દ્વારા મહોત્સવ ખુલ્લો મૂકતાં સૌએ આ ઐતિહાસિક આયોજનને તાળીઓના પ્રચંડ ગડગડાટથી વધાવી લીધું. સ્વામીશ્રીએ પણ

સ્ટુડન્ટ્સ સેન્ટરના હૉલમાં ગોઠવાયેલા બાલપ્રદર્શન 'બાળસખાના બાગમાં'નું ઉદ્‌ઘાટન કરી એક રોચક અને પ્રેરક સૃષ્ટિ ખોલી આપી.

ઉદ્‌ઘાટન બાદ આ મહોત્સવમાં ઉપસ્થિત ૭૫૦ આદિવાસી બાળકોના પ્રતિનિધિરૂપે રાંધા ગામના એક બાળકે હૃદયસ્પર્શી પ્રવચન કરતાં કહ્યું કે –

''પહેલાં અમે જૂઠું બોલતા, ખરાબ વસ્તુઓ ખાતા. પછી બાળમંડળની સભામાં હું જવા માંડ્યો. સંતો હેત કરે, પ્રવચન આપે અને શિખવાડે કે 'ચોરી ન કરવી, જૂઠું ન બોલવું, દારૂ-માંસથી દૂર રહેવું.' પરંતુ મારાં બા અને બાપ તો માંસ ખાય ને દારૂ પીવે. હું સત્સંગી થયો એટલે મા-બાપને ગમ્યું નહીં. હું સ્કૂલે જઉં તોય તેમને ન ગમે ને કહે, 'ઢોર ચારવાનું મૂકીને સ્કૂલ શું કામ જાય છે? સાધુ-સંતો પાછળ શું કામ ખોટો સમય બગાડે છે?' પણ મેં તેમની વાત ન માની. પછી ધીરે ધીરે મારી બા સુધરી ગઈ. તેણે દારૂ-માંસ મૂકી દીધાં. મારા બાપને પણ મેં બીડી છોડાવી છે. હવે દારૂ છોડાવવો છે. હું પ્રયત્ન કરું છું પણ શું કરું? હજી હું નાનો છું. હું એકલો નહીં, મારા ગામની આજુબાજુનાં ગામડાંનાં બાળકો પણ બાળમંડળમાં જવાથી સુધર્યાં છે. હું સ્વામીબાપાને પ્રાર્થના કરું છું કે તમે અમને યોગીબાપા પાસે લઈ જઈને સ્વામિનારાયણ ભગવાનના ખોળામાં બેસાડી દેજો.''

આદિવાસી બાળકની આ નિર્દોષ કેફિયતે સૌનાં અંતર પલાળી મૂક્યાં. આવાં અઢી હજાર પાંગરતાં પુષ્પોના પમરાટથી અભિભૂત થતાં સરદાર પટેલ યુનિવર્સિટીના ઉપકુલપતિશ્રી ડૉ. આર. એમ. પટેલ તો બોલી ઊઠ્યા: 'ચોપાનિયાંમાં વાંચીએ છીએ કે સત્-યુગ આવી રહ્યો છે, પણ આ બાળકોની પ્રવૃત્તિમાં તેની નિશાની દેખાય છે.'

પડદા પાછળની વાત

સત્-યુગની એંધાણી આપતા બાલ મહોત્સવનો અતિ દબદબાપૂર્વક શુભારંભ થઈ જતાં ઉપસ્થિત જનમેદની વીખરાવા લાગી. મંચસ્થ મહાનુભાવો પણ વિદાય થયા. તે વખતે સ્વામીશ્રી મંચની પીછવાઈ પાછળ પધાર્યા. અહીં એક હરિભક્ત તેઓને મળવા ઊભેલા. તેઓ સાથે વાત કરવા માટે સ્વામીશ્રી સાવ નીચે જ બેસી ગયા! તે જોઈ કોઈ પાથરણું લઈ આવ્યું, પરંતુ તે પર બેસવાનો ઇન્કાર કરતાં સ્વામીશ્રીએ મંચનાં પાટિયાં પર બેઠાં બેઠાં જ વાર્તાલાપ ચાલુ રાખ્યો. બે મિનિટ પહેલાં જ ભવ્ય સિંહાસન પર બિરાજમાન

તેઓનાં આ દર્શન કરતાં સૌની આંખો આશ્ચર્યથી અંજાઈ ગઈ.

મંચ પર શાણા-સભ્ય જણાતા કેટલાક મહાનુભાવોનાં પડદા પાછળનાં ચરિત્રો પ્રકાશિત કરવાં જેવાં નથી હોતાં; પરંતુ સ્વામીશ્રી એવી વિભૂતિ હતી કે જેઓની પડદા પાછળની વાતો મંચની વાતો કરતાંય વધુ ભવ્ય અને પ્રભાવક રહેતી. અંદર-બહાર એક રહેલા તેઓને પડદાની આગળ કે પાછળ કશું છતરાવા-છુપાવા જેવું નહોતું.

આવા ઉદ્‌ઘાટન સમારંભ બાદ સ્વામીશ્રી આણંદની નારાયણ ડેરીમાં પધરામણીએ પહોંચ્યા. અહીં નિર્ધારિત વિધિ કરીને તેઓ જેવા નીચે ઊતરવા ગયા ત્યાં તેઓને ખબર પડી કે દુકાનના છેલ્લે પગથિયે એક મહિલા ઊભી છે. તેથી તે બાઈને ખસેડવાને બદલે પોતે જ એક બાજુ કૂદકો મારીને ઊતરી ગયા અને ગાડીમાં બેસી વિદાય થયા.

સ્વામીશ્રી ધર્મનું ચુસ્તપણે પાલન કરતા, પણ બીજાને ઓછામાં ઓછી તકલીફ પડે તે રીતે! તેઓના જીવનની પ્રત્યેક પળ તેઓને નીરખવાની એક નવી બારી ઉઘાડી આપતી.

બાળવિકાસની નૂતન ક્ષિતિજો

બાળ મહોત્સવના ઉદ્‌ઘાટન સાથે જ વિવિધ સ્પર્ધાઓનો પ્રારંભ થઈ જતાં બાળ-તારલાઓના તેજલીસોટાઓથી વિદ્યાનગર ઝળહળવા લાગ્યું. ક્યાંક બાળકોની ટચૂકડી આંગળીઓના ટેરવે વિશ્વકર્મા આવીને બેસી ગયો હોય તેમ ચિત્રકલા અને હસ્તકલાના ઉત્તમ નમૂના ઊતરવા માંડ્યા, તો ક્યાંક વચનામૃત, વાતો અને કીર્તનોના કડકડાટ મુખપાઠ તપોવનકાળના ઋષિપુત્રોની ઝાંખી આ બાળકોમાં કરાવી રહ્યા. તેઓના વક્તૃત્વની છટાઓ અને કીર્તન-ગાનના લહેકાઓ કલાકારની કક્ષાના પુરવાર થતા હતા. આ સ્પર્ધાની કેટલીક રજૂઆતો મહોત્સવની સાયંસભામાં સ્વામીશ્રી સમક્ષ થઈ ત્યારે પ્રત્યેક શ્રોતા *'ઉર આનંદ પામિયા બહુ'*ની કક્ષામાં આવી ગયો.

વડોદરાના 'રિમાન્ડ હોમ'માં રહેતા બાળ ગુનેગારોને સદાચારના પંથે દોરવા અટલાદરામાં રહેતા સંતો 'રિમાન્ડ હોમ'માં બાળમંડળ ચલાવતા. તેમાં તૈયાર થયેલાં બાળકો પણ આ મહોત્સવમાં આવેલાં. તેઓએ સભામાં રજૂ કરેલા વ્યસન-મુક્તિના સંવાદે તો સૌની સ્થિતિ *'ચાલે આંખથી આંસુના રેલા'*ની કરી મૂકી.

આ મહોત્સવમાં ભાગ લઈ રહેલાં તમામ બાળકો માટે બાળરોગ-નિદાન યજ્ઞ પણ યોજવામાં આવેલો; જેમાં અગ્રિમ કક્ષાના ઉપ તબીબોએ સૌને તપાસ્યા. આમ, સ્વાસ્થ્ય - સંસ્કાર, કલા – કૌશલ્ય વગેરે અનેક ક્ષેત્રે બાળ-વિકાસની નૂતન ક્ષિતિજો આ મહોત્સવે ખોલી આપી.

સત્સંગ-સાગરની સમૃદ્ધિ

તા. ૨૮/૫ના રોજ ચાલી રહેલી સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં હજારો આંખો એકતાર થઈને તેઓની મૂર્તિમાં પરોવાઈ ગયેલી. બાળકોના કોમળ કંઠે ગવાતાં કીર્તનોનાં કામણ ચારેકોર પ્રસરી રહેલાં. થોડી વારે એ જાદુમાં કળા ઘોળાઈ. રાનવેરી કલ્લા ગામનો આદિવાસી બાળક લાંબડાનાં પાંદડાંની વેશભૂષા ધારણ કરી, પરંપરાગત વાદ્ય તારપૂ વગાડતાં વગાડતાં નર્તન કરવા લાગ્યો. તેના તાલે સૌનાં દિલ પણ ડોલવાં માંડ્યાં. તેની સાથે અંગમરોડના દાવ કરતા બાળકોય હેરત પમાડવા લાગ્યા.

આમ, એક બાજુ પ્રાતઃપૂજાનું રમ્ય-દિવ્ય વાતાવરણ ખડું થઈ ગયેલું, ત્યારે બીજી બાજુ દીકરાના હાથે દોરાતા એક અંધ આધેડ મંચ તરફ આગળ વધ્યા. દીકરાના ટેકે તેઓ મંચનો દાદરો ચડીને એક ખૂણે ઊભા રહ્યા. અહીં આ પ્રજ્ઞાચક્ષુની ટેકણ લાકડી બનેલા દીકરાએ સંતોને કહ્યું : 'આ મારા બાપુજી સ્વામીશ્રીને મળવા માંગે છે.'

પ્રાતઃપૂજા બાદ મંચ પર જ આ મિલન યોજાયું ત્યારે સ્વામીશ્રીએ ઉમળકાભેર એ અંધ હરિભક્તના સ્વાસ્થ્ય-સમાચાર પૂછ્યા. તે વખતે અંતરની આંખે દેખતા ઠાસરાના મણિલાલ સ્વવૃત્તાંતનું નિવેદન કરી દીકરાને ઉદ્દેશી બોલ્યા: 'પેલી રકમ બાપાને આપી દે.'

પિતાનો આદેશ થતાં દીકરાના ખિસ્સામાંથી એક પરબીડિયું નીકળ્યું. તે જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું: 'આ શેની રકમ છે?'

આ પૂછપરછના ઉત્તરમાં એ અંધજન ગળગળા સાદે કહેવા લાગ્યા: 'બાપા! બે વર્ષ પહેલાં મારી પરિસ્થિતિ બહુ કથળી ગયેલી. એક ટંક ખાવાના સાંસા પડવા લાગેલા. આ વાત કો'કના દ્વારા આપના કાને પહોંચેલી. ત્યારે તમે તરત જ મંદિરમાંથી તેર મણ અનાજ મારા ઘેર મદદરૂપે મોકલી આપેલું.'

આ સાંભળીને આસપાસ ઊભેલા સ્વામીશ્રીના અંતેવાસીઓ ચકિત થઈ ગયા. તેઓ સ્વામીશ્રીનો પડછાયો બનીને રાત-દિવસ સાથે જ રહેવા છતાં આ

વિગતથી અજાણ હતા. જો કે, જમણો હાથ આપે તો ડાબો હાથ પણ ન જાણે એ રીતે ઉપકાર કરનારા સ્વામીશ્રીના સહવાસમાં આમ બનવું સ્વાભાવિક હતું, રોજનું હતું. સૌ પેલા પ્રજ્ઞાચક્ષુની આગળની વાત સાંભળવા લાગ્યા.

તેઓ કહી રહેલા: 'બાપા! પરિસ્થિતિને વશ થઈ મારે મંદિરના દાણા ખાવા પડ્યા તેનું દુઃખ મને ખૂબ ખટકતું. પણ પછી તો આપની દયાથી દિનમાન સુધર્યા. આ છોકરાએ જોડાંની લારી કાઢી. હું કરકસર કરી-કરીને દર મહિને ત્રીસ-ત્રીસ રૂપિયા શ્રોફને ત્યાં મૂકવા માંડ્યો. તેમાં વ્યાજ સહિત ભેગા થયેલા ૩૮૫ રૂપિયામાં ૪૪ રૂપિયા ઉમેરી ૪૨૯ની રકમ કરી. તે આપને આપવા આવ્યો છું.'

આટલું બોલતાં એ વૃદ્ધ અંધની આંખો ભરાઈ આવી. જો કે, હવે તો આ દૃશ્યના સાક્ષીઓની પણ એ જ દશા હતી. ચર્મચક્ષુ ગુમાવી બેઠેલા પણ અંતર્ચક્ષુથી દીપી રહેલા મણિલાલ સૌને 'મણિ' જેવા જ લાગ્યા.

પરંતુ આવા 'મણિ' પકવનાર સ્વામીશ્રી બોલ્યા: 'અમારે આ રૂપિયા નથી જોઈતા. મંદિરો, મંદિરોનું દ્રવ્ય, અનાજ અને અમે સાધુઓ પણ હરિભક્તો માટે જ છીએ. એટલે મંદિરે અનાજ આપ્યું એ મદદ નહીં, પણ ફરજ જ હતી. તેથી તે અંગે મનમાં કંઈ લાવ્યા વગર આ પૈસા પાછા લઈ જાવ. તમારા વ્યવહારમાં ઉપયોગમાં લેજો.'

સ્વામીશ્રીના શબ્દોમાં ઉપકાર કર્યાનો ભાવ નહીં, પણ ફરજ અદા કર્યાનો સંતોષ હતો.

પરંતુ પ્રજ્ઞાચક્ષુ ભક્તનું હૈયું આ રકમ પરત લઈ જવા માટે રાજી નહોતું. તેઓ આપતા રહ્યા અને સ્વામીશ્રી ઠેલતા રહ્યા. જ્યારે અંતરની અમીરાત જાગે છે ત્યારે દુનિયા જેની પાછળ ઘેલી બની છે તે કડકડતી ચલણી નોટો પણ ડૂચા બની જાય છે, એ હકીકત આજે દુનિયા જોઈ રહી.

વાતચીતમાં સ્વામીશ્રીને ખ્યાલ આવ્યો કે 'આવી પરિસ્થિતિમાંય આ હરિભક્ત ધર્માદારૂપે આવકનો દસમો ભાગ કાઢે છે.' ત્યારે તેઓએ જણાવ્યું: 'વ્યવહારે દુર્બળ હોય તેણે વીસમો ભાગ કાઢવાની મહારાજની આજ્ઞા છે. માટે વીસમો જ કાઢજો.'

આ વાતમાં પણ મણિલાલનું મન માન્યું નહીં. સાથે લઈ આવેલી રકમ પણ તેઓએ પાછી ન જ લીધી. અંતે સ્વામીશ્રીએ એક કાર્યકરને કહ્યું: 'દ્વિશતાબ્દી નિમિત્તે લોકકલ્યાણના ફંડમાં આ રકમ જમા લેજો.'

આ સાંભળી મણિલાલના મોં પર સંતોષ ઝળકી રહ્યો, સ્વામીશ્રીના મુખ પર પ્રસન્નતા અને સૌના ચહેરા પર અહોભાવ! સત્સંગ-સાગરની સમૃદ્ધિનું આ દર્શન પામી આજના દિવસે ઊગેલા સવારના સુકુમાર સૂર્યનું મોં પણ રતૂમડું થઈ ગયું!

દીનબંધુ છો દયાળ

પ્રાતઃપૂજા બાદ બાળકોની રમત-ગમત સ્પર્ધાઓમાં થોડો સમય ઉપસ્થિત રહી સ્વામીશ્રી પધરામણીઓ કરવા નીકળ્યા. આજની પધરામણીઓમાં પાંચ તો ખાતમુહૂર્ત કે ભૂમિપૂજનવિધિ થયાં. તેમાં એક ખાતવિધિ હતો – અઠ્ઠાવીસ ગામ માછી સમાજના છાત્રાલયનો.

નર્મદા કાંઠાનાં ગામોમાં વસતા આ સમાજના કેટલાક સભ્યો વિદ્યાનગરમાં પણ રહેતા. સંતોના સંગે તેઓને સત્સંગનો રંગ લાગતાં તેઓ નિર્વ્યસની અને પ્રભુપરાયણ જીવન જીવતા થયેલા. સામાન્ય નોકરિયાત તરીકે જિંદગી ગુજારતા તેઓએ થોડો-થોડો ફાળો ઉઘરાવી, પોતાના સમાજનું છાત્રાલય બાંધવા લીધેલી જમીનના પૂજન માટે સ્વામીશ્રીને બોલાવેલા.

સમાજનો આમ વર્ગ હોય કે ખાસ વર્ગ, તે કાર્યારંભ માટે સ્વામીશ્રીને જ ઝંખતો.

તે અનુસાર તેઓના આંગણે જઈ વિધિપૂર્વક ભૂમિપૂજન બાદ સ્વામીશ્રીએ સૌને ચાંદલા કરતાં આશીર્વાદ પાઠવ્યા કે 'તમે ભલે ગરીબ છો, છતાં ભગવાનનો આશરો છે તો પૈસા મળી રહેશે.'

સ્વામીશ્રી હંમેશા સૌને ભગવાનના બળે જ જીવવાનું-જીતવાનું શીખવતા. તેથી કદી કોઈને નિરાશ-હતાશ થવાનો વારો ન આવતો.

તેઓની આવી કૃપાથી ગદ્‌ગદ આ ભક્તોએ ઠાકોરજીનાં ચરણે ૧૦૧ રૂપિયાની સેવા ધરી, પરંતુ તે રકમ તેઓને જ પરત કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'તમારા છાત્રાલય માટે ઠાકોરજીની આ ભેટ. આ પ્રસાદીના પૈસા આવ્યા એટલે તમારા છાત્રાલયમાં ઠાકોરજી ખૂબ પૈસા અપાવશે ને છાત્રાલય જલદી બંધાઈ જશે.'

સામેવાળાને ઉપકારના ભાર નીચે લેશ લાવ્યા સિવાય સ્વામીશ્રીએ વિવેકપૂર્ણ રીતે રકમ પાછી આપી ત્યારે તે માછી ભક્તો *'દીનબંધુ છો દયાળ'* સમા સ્વામીશ્રીને જોઈ જ રહ્યા.

આ રીતે પધરામણીઓ કરી સ્વામીશ્રી આજે ભોજન માટે બેઠા ત્યારે સાહજિક જ બોલ્યા: 'આ ચડ-ઊતર કરતાં(પધરામણીઓ કરતાં) ૬૦ (વર્ષ) થવાં આવ્યાં.'

લોકકલ્યાણ માટે વીતેલા તેઓના છ દાયકાનું આ એક વાક્યમાં સરવૈયું આવી ગયું!

માથાં નમાવતું કાર્ય

તા. ૨૯/૫, જેઠ સુદ ચોથની સવારે બાલ મહોત્સવનો પૂર્ણાહુતિ સમારંભ યોજાયેલો. યોગાનુયોગ આજના દિવસે સ્વામીશ્રીનો ૨૯મો પ્રમુખવરણી દિન પણ હોવાથી સૌના આનંદ-ઉત્સાહ બેવડાઈ ગયેલા. આ પ્રસંગે દેશના વડાપ્રધાન, રાજ્યના મુખ્યપ્રધાન સહિત અનેક અગ્રણીઓ તરફથી આવેલા તાર-સંદેશાઓનું પઠન થયા બાદ, સમારંભમાં ઉપસ્થિત ગૃહમંત્રી શ્રી પોપટલાલ વ્યાસ બોલ્યા કે 'સ્વામીશ્રીની આજ્ઞાથી દક્ષિણ ગુજરાતમાં સત્સંગ કરાવવા ફરતા યુવાન સંતોએ આદિવાસી સમાજ માટે જે કાર્ય કર્યું છે તે ભલભલાનાં માથાં નમાવી દે તેવું છે. જેઓ ભેખ લઈને આત્મસિદ્ધિ માટે કાર્ય કરતા હોય છતાં પ્રજા પાસે જઈ તેઓના કલ્યાણ માટે કાર્ય કરે તે ઓછી વાત નથી.'

નવી પેઢીમાં સંસ્કાર-પ્રદાનનું સ્વામીશ્રીનું કાર્ય જોઈ મુગ્ધ બનેલા ચરોતરના આગેવાન શ્રી ચીમનભાઈ દેસાઈના મુખેથી પણ શબ્દો સરી પડ્યા કે 'યુનોએ આ વર્ષ બાળવર્ષ તરીકે જાહેર કર્યું છે, જ્યારે યોગીજી મહારાજે પચીસ વર્ષ પહેલાં બાળપ્રવૃત્તિ શરૂ કરેલી. વિજ્ઞાન અને અંતરના જ્ઞાનમાં કેટલો તફાવત છે તે આ ઉપરથી જોઈ શકાય છે.'

આમ, એક પછી એક બિરદાવલીઓ ગવાતી રહી પણ સ્વામીશ્રીએ તે પ્રવાહને શ્રીજીમહારાજનાં ચરણે વાળતાં કહ્યું :

'પરમાત્માની શક્તિથી જ આપણે આગળ વધીએ છીએ. માટે વિઘ્નોને ન ગણતાં ભગવાનમાં શ્રદ્ધા રાખવી.'[૭]

---

૭. બાળપ્રવૃત્તિના રજત જયંતી અવસરે આયોજિત આ બાળ અધિવેશનમાં સામેલ થવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

ગુણાતીત ને જગથી ઉદાસી

આંતરરાષ્ટ્રીય બાળવર્ષ નિમિત્તે કેવળ વાતો નહીં, પણ બાળવિકાસની દિશામાં નક્કર પગલાં માંડતા સ્વામીશ્રી ઉત્તરસંડા થઈને રાત્રે કરમસદ પધાર્યા.

અહીં પ્રમુખવરણી દિન નિમિત્તે યોજાયેલી સભામાં અમૃતધારા રેલાવી તેઓ રાત્રે પોઢવા જતા હતા ત્યારે એક સંતે પૂછ્યું કે 'બાપા! તમને પ્રમુખ નીમ્યા તે વખતે ઓઢાડેલી શાલ હાલ ક્યાં છે?'

'સાલ તો પંચાંગમાં જોઈ લેવી. (વિ.સં.) ૨૦૦૬ની સાલ છે.' 'શાલ'નો શ્લેષ કરતાં સ્વામીશ્રી રમૂજમાં બોલ્યા.

જીવનના મહત્ત્વપૂર્ણ પ્રસંગો સાથે સંકળાયેલી ચીજ-વસ્તુઓ સંઘરવાનો શોખ માનવીમાત્રમાં જોવા મળે છે, પરંતુ 'ગુણાતીત ને જગથી ઉદાસી' સ્વામીશ્રીમાં આવું વલણ મુદ્દલ ન હતું. તેઓએ પોતાને મળેલાં કેંક ઈલકાબો, માન-ચાંદ, પારિતોષિકો, પ્રમાણપત્રો, શહેરની ચાવીઓ વગેરેની કોઈ પૃચ્છા જીવનપર્યંત કરી નહોતી. તે તે પ્રતિષ્ઠાભરી જણસો સચવાઈ કે કેમ? તે બાબતે પણ કોઈ જ તજવીજ લીધી નહોતી.

એમાં બધું જ આવી ગયું

કરમસદથી બામણગામ પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૩૧/૫થી યોજાયેલા પંચદિવસીય પારાયણ દરમ્યાન સ્વામીશ્રીના મુખેથી 'સત્સંગિજીવન'ના દ્વિતીય પ્રકરણના આધારે કથારસ વહેવા માંડ્યો. તેની સાથે પધરામણીઓની ભાગીરથી પણ.

આ ક્રમમાં તેઓ તા. ૧/૬ના રોજ નારોલ અને તા. ૨/૬ના રોજ ગંભીરાને પાવન કરી આવ્યા. પોતાના વિચરણ દરમ્યાન સત્સંગની શક્યતાઓને શોધતા-નોંધતા સ્વામીશ્રી તા. ૨/૬ની રાત્રે આરામમાં જતાં બોલ્યા: 'ચરોતરમાં જો સારી રીતે સંતમંડળ ફરે તો વર્ષે દસ હજાર મણ અનાજ એકત્રિત થાય. પણ આપણી પાસે સંતો વધારે નહીં તેથી શું થાય?'

સંતોની ઓછપને લીધે જનકલ્યાણના કાર્યમાં આવતી ખોટનો ખેદ સ્વામીશ્રીના શબ્દોમાં વ્યક્ત થઈ રહ્યો. જો કે, આ ખોટને શક્ય એટલી પૂરવા તેઓ પોતે પગ વાળીને બેસતા નહીં.

તેથી તા. ૩/૬ના રોજ પણ સ્વામીશ્રી બામણગામમાં શ્રીજીમહારાજના

પ્રાસાદિક કૂવે શિલાલેખ લગાવી, ચમારા અને જીલોડને લાભ આપવા નીકળી પડ્યા. જે તે ગામમાં તેઓ ઉનાળાના ધોમધખતા તાપમાં પણ બપોરના એકાદ વાગ્યા સુધી પધરામણીઓ ચલાવતા. તેથી તેઓના રોમરોમ ફૂટી નીકળેલી પ્રસ્વેદગંગાથી ગાતરિયું ભીંજાતું જાય. ભાલ પર ચોડેલો કંકુનો ચાંદલો પણ રેલાય.

આજેય તેઓની આવી જ દશા થતાં સ્વામીશ્રીને છાંયો કરવા એક યુવક છત્રી લઈ આવ્યો, પરંતુ તેણે જેવી તે ધરી કે તરત જ સ્વામીશ્રી બોલ્યા: 'ઠાકોરજી પર ધરો. એમાં બધું જ આવી ગયું.'

પ્રસ્વેદગંગાની સાથે તેઓની ભક્તિગંગા આમ વહી છૂટી.

ખરેખર, આવી ભક્તિમાં બધું જ આવી જાય છે, કારણ કે નિષ્કુળાનંદ સ્વામી કહે છે:

'સાચી ભક્તિ ભગવાનની, સર્વે શિર પર મોડ છે;
બીજાં સાધન બહુ કરે, પણ જુવો એની કોઈ જોડ છે?'

મહિમા હરિજન તણો જાણે

બામણગામમાં પારાયણની પૂર્ણાહુતિ કરીને સ્વામીશ્રી તા. ૪/૬ની સાંજે અટલાદરા પધાર્યા ત્યારે અહીં રાત્રિસભામાં બિરાજેલા તેઓ પાસે મહીજી આવી પહોંચ્યા. મંદબુદ્ધિના આ સેવક શાસ્ત્રીજી મહારાજના સમયથી મંદિરમાં સેવા કરતા. તેઓના સેવાભાવી સ્વભાવથી સૌને તેઓ વિષે સદ્‌ભાવ, પણ તેઓની ભોળપનો લાભ લેતા કેટલાક જુવાનિયા આ મહીજીની નિર્દોષ મજાક કરતાં ફરે. તેથી ત્રસ્ત થયેલા તેઓએ આજે પોતાના મનમાં ઘુમરાતી વાત સ્વામીશ્રીને જણાવી કે 'મારે ક્યાં રહેવું? અહીં છોકરા જંપવા દેતા નથી.'

'મનેય કોઈ જંપવા દેતું નથી. માટે તમારે અહીં જ રહેવું.' સ્વામીશ્રી બોલ્યા. તેઓના આ શબ્દોમાં સાંત્વનની સાથે હકીકત પણ હતી. જન-જનને સુખી કરવાનું અભિયાન આદરી ચૂકેલા તેઓય ક્યાં જંપીને બેઠેલા!

આ વાસ્તવિકતા જણાવ્યા બાદ સારંગપુરના એવા જ નિઃસ્વાર્થ સેવક બેરા ભગતને સંભારતાં તેઓએ કહ્યું: 'આવા મુક્તો જાણે મંદિરની સેવા કરવા આવ્યા હોય તેવું લાગે.'

દુનિયા જેને ચોથા વર્ગના કર્મચારી તરીકે પણ નોકરીમાં ન રાખે તેને 'મુક્ત'ની કક્ષાએ નિહાળતા સ્વામીશ્રીની મહિમાદૃષ્ટિ અપરંપાર હતી. *'મહિમા હરિજન તણો જાણે, ધ્રુવ પ્રહ્‌લાદ જેવા પ્રમાણે...'*ની શૈલીથી જીવતા

તેઓ સૌને એ રીતે સાચવતા પણ ખરા.

કરે પારમપાર પ્યાર

અટલાદરાથી સાંકરી પધારેલા સ્વામીશ્રીએ તા. ૫/૬ના રોજ અહીંના મંદિરનો પાટોત્સવ ઊજવી અકોટી, પલસોદ, હરિપુરા, કઠોદ, ટીંબરવા, રાયમ, વરાડ, ભામૈયા વગેરે ગામોને પણ પાવન કર્યાં. દિવસે તેઓ ગામડે ઘૂમી આવતા અને રાત્રે સાંકરીમાં આવી રાત્રિસભાનો લાભ આપતા.

આ ક્રમ મુજબ સ્વામીશ્રી તા. ૭/૬ની રાત્રે સભાથી પરવારી પત્રલેખન કરવા બિરાજ્યા. તે વખતે અચાનક એક બાળક તેઓ પાસે આવીને રડવા લાગ્યો. તે જોઈ સ્વામીશ્રીએ લખવું થંભાવી તેના ખભે હાથ મૂકતાં વહાલથી પૂછ્યું : 'શું થયું ? કેમ રડે છે ?'

'મેં વિદ્યાનગરના અધિવેશનમાં ભાગ લીધો હતો, પણ બીમાર પડ્યો એટલે આવી ન શક્યો.'

'શેમાં ભાગ લીધો હતો ?'

'એકપાત્રી અભિનયમાં.'

'તે એ અભિનય તું અહીં બતાવી દે. અમે જોઈશું.' બાળકનાં આંસુ લૂછતાં સ્વામીશ્રી બોલ્યા.

તેઓની આ તત્પરતા જોઈ એ બાળકના ઊડી ગયેલા હોશકોશ પાછા ફર્યા. તેનાં આંસુ તો સ્વામીશ્રીએ લૂછી નાંખેલાં, પણ હવે તો મોં પર છવાયેલી ઉદાસીની ઝાંય પણ દૂર થઈ ગઈ અને તે આનંદભેર ભજવણી કરવા લાગ્યો.

અભિનયમાં તેણે પતિ-પત્ની વચ્ચેનો કલહ-કંકાસ આબેહૂબ રજૂ કર્યો. તે જોઈ સ્વામીશ્રી ખૂબ હસ્યા. ઇનામરૂપે આશીર્વાદ આપ્યા. પોતાનો પરિશ્રમ સાર્થક થતાં તે બાળક નાચતો-કૂદતો વિદાય થયો અને સ્વામીશ્રી પત્રલેખનમાં પરોવાયા ! જાણે એક કૃષ્ણ-ઘટના ઘટી ગઈ !

કુરુક્ષેત્રના મેદાનમાં મહાભારતનો મોભ માથે લઈને ફરતા શ્રીકૃષ્ણ, રાત્રે સામાન્ય સારથિ દારુક સાથે વાતો કરવા માટે સમય કાઢતા એવાં વર્ણન પુસ્તકોમાં આવે છે. પુસ્તકોની આવી વાતો સ્વામીશ્રીના જીવનમાં રોજબરોજ જોવા મળતી. તેઓ સંતસ્વરૂપે હોવાથી ભલે તેઓના માથે મોરપીંછ કે મુખે મોરલી ન હોય, પરંતુ તેઓની હળવાશ તો મોરપીંછ જેવી જ અને સ્વભાવની મધુરતા પણ મોરલીના સૂર જેવી જ રહેલી. તે વિના આખા દિવસના અતિ

શ્રમ પછી બાળમાનસની આવી માવજત કેવી રીતે થઈ શકે !

આથમતાં અંધારાં

તા. ૮/૬ના રોજ સાંકરીથી વિદાય લઈ સ્વામીશ્રી ઉકાઈ, સોનગઢ, વીરપુર, વ્યારા, સરૈયા, કપૂરા થઈને તા. ૧૨/૬ની સવારે રામપુરા પધાર્યા.

આ ગામ સ્વામીશ્રી દ્વારા થયેલા આદિવાસી ઉત્કર્ષની આલબેલ પોકારતું હતું. દારૂની અસંખ્ય ભઠ્ઠીઓ ધરાવતું તે, વ્યારાના કાર્યકરોની ધગશ અને સ્વામીશ્રીની પ્રેરણાથી એવું સત્સંગમય બની ગયેલું કે આ પરિવર્તનથી પ્રસન્ન થઈને સરકારે સૌ ગામવાસીઓને નળિયાંવાળાં ખોરડાં નિઃશુલ્ક બાંધી આપેલાં ! સાથે ૫૩ મણ અનાજ પણ દાનમાં આપ્યું હતું !!

ગામમાં પગલાં પાડ્યાં પહેલાં જ કૃપાનો આવો અભિષેક કરી દેનારા સ્વામીશ્રીને વધાવવા આ રામપુરા થનગની રહ્યું હોય તેમાં શું નવાઈ ! સ્વામીશ્રી પધારતાં જ સૌ મશકવાજાં ગગડાવી તેઓને પર્ણમંડપ સુધી દોરી લાવ્યા. તેમાં ભરાયેલી સભામાં છગન મામા નામે જાણીતી વ્યક્તિએ સ્વામીશ્રી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતાં કહ્યું :

''સત્સંગ થયા પહેલાં હું રોજ એક શેર દારૂ પીતો. તેમાં આઠ આના થતા. એટલી જ રકમની તમાકુ ખાતો. પણ કોઈ બુદ્ધિ બતાવનાર મળે નહીં. પણ ગળામાં કંઠી નાંખી તે દા'ડાથી જ બધું ગ્યું. આ વ્યસનો જ અમારા ઘરમાં ઝઘડો કરાવતા. હવે હું સુખી છું. ભઠ્ઠી ચલાવતા તે બંધ કરી છે.

અહીં સંતો અમને સમજાવે છે કે 'આ મકાન શા માટે બાંધ્યું છે ?'

અમે કહીએ : 'રહેવા માટે.'

સંતો પૂછે : 'કોઈ મરે તો એમાં દાટો ?'

'ના.'

'તો જીવનું મકાન કયું ?'

'શરીર.'

'તો તેમાં મરેલાં બકરાં-કૂકડાં નંખાય ?'

આ વાત મારા જીવમાં ઊતરી ગઈ અને માંસાહાર ગયો ! હવે અમે તો અડધે રસ્તે જઈ રહ્યા છીએ પણ અમારા બાળકો સારી રીતે સુધરે તે પ્રયત્ન કરવાના છીએ.''

એક આદિવાસીની જીવનકિતાબનું આ ઊઘડેલું પાનું જોઈ સૌને

સ્વામીશ્રીની સત્સંગ-જ્યોતિએ ઉલેચેલાં અંધારાંનો ખ્યાલ આવ્યો.

ધર્મીપણામાંહિ નહીં અધૂરા

રામપુરાથી સ્વામીશ્રી વ્યારા, લોટરવા, સ્યાદલા, કરચકા, મીઠી થઈને બારડોલી પધાર્યા. અહીં તા. ૧૫/૬થી શરૂ થયેલા ત્રિદિવસીય પારાયણ દરમ્યાન તેઓએ આફવા અને સોયાણીને પણ પાવન કર્યાં. ત્યારબાદ કરણ, બલેશ્વર, પલસાણાને લાભ આપતાં તેઓ કરચેલિયા પહોંચ્યા.

આ ગામના સત્સંગ મંડળે પણ તા. ૧૯/૬થી ત્રણ દિવસનું પારાયણ યોજેલું. તેથી વિધિસર કથાનો પ્રારંભ કરાવીને સ્વામીશ્રી આસપાસનાં ગામો ખૂંદવાં નીકળી પડ્યા. તેમાં સવારના સત્રમાં કલકવા, બુટવાડા અને વલવાડાને લાભ આપ્યો. સાયંસત્રમાં ગુણસવેલ, કઢૈયા અને વાંસકુઈમાં પધરામણીઓ કરી. છેલ્લે ગામ પહોંચતાં તો અંધારું થઈ જવાથી સ્વામીશ્રી બેટરીના અજવાળે ઝૂંપડે ઝૂંપડે ફર્યા. ફાનસના અજવાળે જ ઠાકોરજી જમાડ્યા બાદ તેઓ સભા કરી રાત્રે પુનઃ કરચેલિયા આવી ગયા.

અહીં તા. ૨૦/૬ની બપોરે રણછોડભાઈના ઘેર સંતો માટીના ચૂલા પર રસોઈ બનાવવાની તૈયારી કરી રહેલા. તે જોઈ સ્વામીશ્રીએ કહ્યું : 'ચૂલા પાણી છાંટીને લીંપે તે રીતે ધોઈ નાંખવા. આ સીધેસીધું ચડાવો તે એઠું કહેવાય. બીજા માણસો ચૂલાને અડે એટલે એઠું થાય; માટે ચૂલા ધોઈ નાંખવા.'

આચારશુદ્ધિનું અણિશુદ્ધ પાલન સ્વામીશ્રી રાખતા. તેથી જ તા. ૨૧/૬ના રોજ તેઓ કરચેલિયાથી ભગવાનપુરા થઈને ઝેરવાવરા આવ્યા ત્યારે એક નવા મુમુક્ષુને ઘેર જમતા પહેલાં ભંડારી સંતોને પૂછ્યું : 'આ લોકો નવા છે અને અહીંની રસોઈમાં લસણ વગેરે નાંખવાનો રિવાજ હોય છે, એટલે બધું તપાસી લીધું છે ને? આપણા નિયમ પ્રમાણે જ રસોઈ છે ને? એવું ન હોય તો ઠાકોરજી અને સંતો માટે રસોઈ જાતે બનાવી દેવી.'

ઝપાટાબંધ વિચરણમાં પણ આવી સૂક્ષ્મ બાબતોનો પૂરેપૂરો ખ્યાલ રાખતા સ્વામીશ્રીને *'ધર્મીપણામાંહિ નહીં અધૂરા'*ની ઉપમા બિલકુલ યોગ્ય હતી.

તમે કરો છો ઉપકાર જેહ...

મહુવા તાલુકાનાં આદિવાસી ગામો ઘૂમી રહેલા સ્વામીશ્રી તા. ૨૨/૬ના રોજ વેલણપુર, ગોપળા વગેરે ગામોમાં વિચર્યા. આ વખતે ઝરમર

ઝરમર વરસાદ વરસતો હોવા છતાં એકેએક ઝૂંપડે તેઓ ચાલતાં-ચાલતાં નીચા વળી-વળીને ગયા. કો'ક કો'ક ખોરડામાં તો કોથળા પર પલાંઠી વાળીને બેસવાનું થતું. તેમાં પણ સ્વામીશ્રી ઉત્સાહથી સૌનાં વ્યસન મુકાવતા, પૂજા-પાઠ શિખવાડતા, સભા ભરવાના નિયમ આપતા.

એક મહાન વ્યક્તિત્વ આટલું સરળ-સુલભ કેવી રીતે હોઈ શકે તેનું આશ્ચર્ય સ્વામીશ્રીને નીરખનારા સૌને હંમેશાં થતું. તેઓનાં વધામણાંમાં આ આદિવાસી બંધુઓ ઠાકોરજીનાં ચરણે રૂપિયો - સવા રૂપિયો ભેટ મૂકી કહે: 'બાપા! અમારી પાસે જે છે તે આપીએ છીએ.'

તે વખતે સ્વામીશ્રીનો પ્રતિભાવ રહેતો: 'તમે બધા વ્યસનો છોડીને ભગવાનની ભક્તિ કરો છો તે અમારે મન લાખો રૂપિયા ભેટ જ છે.'

આવા નિઃસ્વાર્થભાવથી લોકકલ્યાણ માટે જાતને ઘસી નાંખનારા હતા સ્વામીશ્રી!

આ પરોપકારના પંથે જ પ્રયાણ કરતાં તેઓ ગોપળાથી દેદવાસણ જવા નીકળ્યા ત્યારે આ અરસામાં અહીં રસ્તાઓનાં કામકાજ ચાલુ હોવાથી માટી, કપચી, પથરા વગેરે જ્યાં-ત્યાં અને જેમ-તેમ પડેલું હતું. તેમાં ગાડી લઈ જતાં પંક્ચર પડવાનો પૂરો ભય લાગે. જો ચાલવા માંડે તો દૂર દૂરનાં ઝૂંપડાંઓ સુધી સમયસર પહોંચાય નહીં. વળી, વરસાદી વાતાવરણ જામ્યું હોવાથી મુશ્કેલી ઘણી વધી હતી. તેથી નારાયણપ્રસાદદાસ સ્વામીએ કહ્યું: 'બાપા! આપણે રહેવા દઈએ. અહીં તો બહુ તકલીફ પડશે.'

પરંતુ આ પ્રસ્તાવ ફગાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'ચાલવામાં ને વરસાદમાં હું કાંઈ ઘસાઈ નહીં જાઉં! અહીં હરિભક્તો આવી વિકટ પરિસ્થિતિમાં રહે છે. તમે બધા સંતો મચ્છર, માંકડ, ચાંચડ, ખાવા-પીવા-સૂવાની મુશ્કેલીમાં અહીં ફરો છો, તો મને શું વાંધો છે?'

આ વલણ સાથે તકલીફો વેઠતાં તેઓ દેદવાસણ પહોંચ્યા. આ ગામમાં તેઓની પ્રથમ વારની જ પધરામણીનો આનંદ તો સૌને હતો જ, પરંતુ પોતાના જીવન-ઉદ્ધારકને વધાવવાનો ઉમંગ સવિશેષ હતો.

અહીં સ્વામીશ્રીને આવકારવા ઊભેલા ગ્રામજનો એક સમયે કાચું માંસ ખાનારા હતા. છોકરાં ખાવાનું માંગે તો તેને દારૂ પાઈને ઘેનમાં ઢાળી દેતા. પરંતુ તેઓ સત્સંગના યોગમાં આવતાં તમામ દૂષણોથી મુક્ત થયેલા. દારૂ, માંસ, તમાકુ, લસણ, ડુંગળી, હિંગ તો શું, પણ દ્વિશતાબ્દી નિમિત્તે તેઓએ ચા

પણ કેફી ગણીને છોડી દીધી હતી! મહોલ્લાની દીકરીઓ પણ સાસરિયે સત્સંગ લઈને જાય અને ત્યાં સુધારો લાવે. ઘરમાં રોજ સવાર-સાંજ આરતીની ઘંટડીઓ રણકે, થાળનાં ગાન ગુંજે.

આ સૌનો અંતરાત્મા આજે સ્વામીશ્રીને *'પશુ મીટાઈ મનુષ્ય મોહે કીનો... નાથ તુમહી મેરો હાથ ગહેરી, કહા કહું હરિ કરુણા તેરી...'* ગાઈ દુહાઈ દઈ રહ્યો.

સંસ્કાર-સૌરભથી મઘમઘતા આ સૌનાં ગાર લીંપેલાં અને છાજ ઢાંકેલાં ઝૂંપડાંઓમાં સ્વામીશ્રીએ પ્રેમથી પગલાં પાડ્યાં. દલુભાઈને તો પોતાના અંધારિયા ઝૂંપડામાં સ્વામીશ્રીને ક્યાં બેસાડવા તેની જ મૂંઝવણ હતી. તેથી તેઓએ ભેંસની ગમાણ સાફ કરીને તેની પાળી પર સ્વામીશ્રીને બેસવા માટે આસન બનાવેલું! ભેંસને ખીલે બાંધવાનાં વાંકાચૂકાં લાકડાં પર બે પથ્થરો ટેકવીને સંતોને તેની ઉપર બેસાડ્યા.

પધરામણીના વિધિ બાદ આ વિસ્તારમાં વિચરણ કરતા સંતોએ સ્વામીશ્રીને આદિવાસી ભાઈઓની ઓળખાણ આપી. તેઓના પરિવર્તનની ગાથાઓ સાંભળી ખૂબ રાજીપો બતાવતાં સ્વામીશ્રી સૌને ભાવથી ભેટ્યા! તેઓની આ સમતા-મમતાને નિહાળવા માટે વાદળ પાછળથી મોટું બહાર કાઢીને આકાશમાં હાજર થઈ ગયેલા સૂર્યદેવ પોતાનાં શત-સહસ્ર કિરણોથી સ્વામીશ્રીને નવરાવી રહ્યા. તે સમયે આદિવાસી ભક્તોને બિરદાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'ભલે ગરીબ છે, પણ દર્શનથી શાંતિ થાય એવા છે. આમ પછાત કહેવાય પણ આને કોણ પછાત કહે? સત્સંગી થયા, પવિત્ર થયા. આવાં ઘરોમાં-ઝૂંપડાંઓમાં એમની ભક્તિનાં દર્શન થઈ ગયાં!'

આટલું કહી સ્વગત બોલતાં હોય તેમ તેઓ ઉચ્ચર્યા: 'શ્રીજીમહારાજના વખતમાં ૫૦૦ પરમહંસો આવા ગરીબોની વચ્ચે જ રહ્યા છે.'

આદિવાસીઓના ઉદ્ધારક સ્વામીશ્રી આદિવાસીઓના આત્મીય બનીને વર્તતા-વિચરતા. તે જોઈ આ વનવાસીઓનો માંહ્યલો પોકારી ઊઠતો : *'તમે કરો છો ઉપકાર જેહ, બીજો કરી કોઈ શકે ન તેહ.'*

ભક્તવત્સલ પ્રભુ ગરીબનિવાજ

સ્વામીશ્રીએ વહેવડાવેલી પરિવર્તનની ગંગાથી શુદ્ધ થયેલા કૈંક આદિવાસી ભાઈઓ ઊજળી કોમોમાં પણ સત્સંગનાં હીર-નૂર ઢોળતાં થયેલાં!

તે મુજબ દેદવાસણના એક વનવાસીએ પડખેના ગામ ધોળીકુઈમાં રહેતા નગીનભાઈને સત્સંગનો રંગ લગાડેલો. મહારાજ-સ્વામી અને સ્વામીશ્રીની ચિત્રપ્રતિમાઓ પણ તેઓના ઘરમાં પધરાવી દીધેલી. કંઠી આપતાં કહેલું : 'બાપા જરૂરથી અહીં એક દિવસ આવશે ને તમને કંઠી પહેરાવશે.' બસ! ત્યારથી નગીનભાઈ સ્વામીશ્રીનાં દર્શન ઝંખી રહેલા.

પરંતુ વિધિની વક્રતા એવી થઈ કે તેઓ સ્વામીશ્રીનાં દર્શન પામે એ પહેલાં જ અંધ બની ગયા! જો કે, એક આદિવાસીએ આ ઊજળા વર્ણના આદમીમાં સત્સંગ એવો જડબેસલાખ ધરબેલો કે પ્રજ્ઞાચક્ષુ થવા છતાં નગીનભાઈને ન તો સત્સંગનો અભાવ આવ્યો કે ન તો તેઓની તાલાવેલી ઘટી!! તેઓ છબીમાં નીરખેલા સ્વામીશ્રીને અખંડ સંભારતાં તેઓના દિવ્ય સ્પર્શને પોતાના ઘેર પામવાનો ઓરતો સેવી રહ્યા.

પોતાના માટે તલસી રહેલા આ ભક્તનો મનોરથ પૂરો કરવા સ્વામીશ્રીએ પણ તા. ૨૨/૬ના રોજ ધોળીકુઈની વાટ પકડી. પરંતુ એ રસ્તો નીકળ્યો ટાયરતોડ; છતાં સ્વામીશ્રી વરસતા વરસાદમાં પથ્થર અને ગારા પર પગ માંડતાં નગીનભાઈના ઘેર પહોંચ્યા. આ ભક્તે અંતરની આંખે સ્વામીશ્રીનાં ચરણ પખાળ્યાં!

એક આદિવાસી ભક્તના બોલને સત્ય કરતા સ્વામીશ્રીએ આ અંધ ભક્ત સહિત તેઓનાં કુટુંબીઓને કંઠી પહેરાવી વિદાય લીધી, ત્યારે સૌનાં હૈયાં તેઓની આરતી ઉતારતાં ગાઈ રહ્યાં : *'ભક્તવત્સલ પ્રભુ ગરીબનિવાજ...'*

એવા કાર્યકરો તૈયાર કરવા કે...

ધોળીકુઈથી નીકળેલા સ્વામીશ્રી શાહુ, કુરેલ, દંડેશ્વરને લાભ આપતાં તા. ૨૪/૬ની સવારે નવસારીના દૂધિયા તળાવ પાસે ઊભેલા રામજી મંદિરે આવી પહોંચ્યા.

અહીં ત્રિદિવસીય પારાયણના આજના પ્રથમ દિવસે તેઓએ વરસાદ હોવા છતાં, દાંડીના દરિયા નજીક વસેલા કોળી પટેલોના ગામ સામાપુરે જવાનો કાર્યક્રમ ગોઠવેલો. હકીકતે આ પ્રવાસ સામા પૂરે જવા જેવો જ થઈ રહ્યો, કારણ કે અહીં જે હરિભક્તના ઘેર જવાનું હતું તે ઘર ઘણું દૂર હતું અને ત્યાં મોટર જઈ શકે એમ નહોતી. તેથી સ્વામીશ્રી વરસાદ ઝીલતાં, ચીકણી માટીનો ગારો ખૂંદતાં તે ઘેર પહોંચ્યા! દેશ-પરદેશમાં ભવ્ય સન્માનો પામતાં

તેઓનો આ પરિશ્રમ જોઈ સૌનાં હૈયાં ભરાઈ આવ્યાં.

આ જ રીતે તા. ૨૫/૬ના રોજ સ્વામીશ્રી ઈટારવા અને અજરાઈને લાભ આપી નવસારી પરત ફરી રહેલા ત્યારે સત્સંગ-વિકાસ સંબંધી એક મહત્ત્વની વાત કરતાં બોલ્યા: 'આપણે પહેલાં કાર્યકરો તૈયાર કરવા જોઈએ. આપણે એવા કાર્યકરો તૈયાર કરવા કે તેઓને જ્યાં મોકલીએ ત્યાં રહે, સત્સંગ કરાવે અને પ્રચાર કરે. તેનું જીવન પવિત્ર રાખે. કાર્યકર વગર મોટાં મંદિરો પણ એમ ને એમ પડ્યાં રહે. માટે આપણા સત્સંગીઓમાંથી આવા કાર્યકરો ઊભા કરવાની ઝુંબેશ ચલાવવી જોઈએ. મંદિરો કરીએ, મંડળો કરીએ પણ કાર્યકરોની ખાધ છે.'

સત્સંગના એક અગત્યના અંગની વાતો કરતાં કરતાં સ્વામીશ્રી નવસારીના નેત્ર-ચિકિત્સાલયમાં પહોંચ્યા. અહીં ટ્રસ્ટી તરીકે ફરજ બજાવતા એક હરિભક્તે તેઓની આંખોની તપાસનું આયોજન ગોઠવેલું. તેમાં ડૉક્ટરોએ મોતિયો આવી રહ્યાનું નિદાન કરીને એક-બે વરસમાં ઊતરે તેમ જણાવ્યું. વળી, દૂરનું જોવા અમુક સમયે ચશ્માં આવશ્યક છે તે વાત પણ કરી. આ તપાસમાં જ રાત્રિના અગિયાર વાગી જતાં આંખના નવા નંબર કાઢવાની કાર્યવાહી આવતીકાલ પર મુલત્વી રાખી, સ્વામીશ્રી આશાબાગ સોસાયટીની વાડીમાં ઉતારે આવી પહોંચ્યા.

મોક્ષદાયી મોટરલીલા

તા. ૨૬/૬ની સવારે પ્રાતઃપૂજામાં રથયાત્રાનો ઉત્સવ ઊજવી પોતાની પધરામણીઓનો રથ હાંકી મૂકનારા સ્વામીશ્રી, આજની સાંજે નવસારીથી નીકળી વેશ્માને પાવન કરતાં વાંઝ પધાર્યા. આ રસ્તો ઘણો વિકટ હોવાથી એક વાર તો ગાડીને ધક્કા મારીને બહાર કાઢવી પડી.

આ રીતે વાંઝની સભામાં પહોંચેલા સ્વામીશ્રીએ ઉપસ્થિત ભાવિકોને સદુપદેશ આપતાં જણાવ્યું કે –

''બાળકોમાં સત્સંગના સંસ્કાર નાનપણથી પાડવા. ફલાણાભાઈ શું કરે છે? તેવા સમાચાર સાંભળવા ઘણા રોજ સમયે-સમયે રેડિયો મૂકે છે, પણ તેમાં શું ફાયદો થવાનો છે? રામચંદ્ર ભગવાન, કૃષ્ણ ભગવાન, સ્વામિનારાયણ ભગવાન શું કહે છે, તે સાંભળવા કોઈ રેડિયો મૂકતું નથી. આ બધાનો રેડિયો સાંભળવો. એટલે કે તેમની વાણી સાંભળવી, તેમનાં પુસ્તકો વાંચવાં. તેમાં

ઊંડા ઊતરવાનું છે.

''આ તો 'સ્વામિનારાયણવાળા આવ્યા છે તેમાં આપણે શું લેવા-દેવા?' એમ મારું-તારું ન કરવું. આપણે બધા સાથે લેવા-દેવા છે. સારું બધામાંથી ગ્રહણ કરવું. આપણી મૂળ વાતો ગૌણ ન થાય તે માટે સત્સંગ છે. સમય થાય એટલે તરત જ ભગવાનની ભક્તિનો રેડિયો મૂકી જ દેવો. આરતી, પૂજા, ધ્યાન, કથા તેમાંથી ચૂકવું જ નહીં; પેલા રેડિયોના સમાચાર લેવાનું કેમ ચૂકતા નથી! જ્યારે આ તો આત્માનો ખોરાક છે.''

સ્વામીશ્રીની આવી સર્વદેશી વાતોથી સૌ ખૂબ પુષ્ટિ પામ્યા. આ આશીર્વાદ બાદ આરતીની જાહેરાત થતાં સભામાં આગળ બેઠેલો એક બાળક બોલ્યો: 'આપણે હવે પ્રમુખસ્વામીની આરતી ઉતારીએ.'

પરંતુ આ બાળસહજ ઉદ્‌ગાર સાંભળી ગયેલા સ્વામીશ્રીની ભક્તિનો રેડિયો તરત ગુંજી ઊઠ્યો કે 'પ્રમુખસ્વામીની આરતી ન ઉતારાય. શ્રીજી-મહારાજની આરતી ઉતારીએ -- તેમ બોલવું.' ભોળાભાવે બાળક ભૂલ્યો, પણ સ્વામીશ્રી નહીં!

આ જાગૃતિ સાથે વાંઝમાં લાભ આપી તેઓ રાત્રે પોણા દસ વાગ્યે સુરત જવા નીકળ્યા ત્યારે ગાડીની હેડલાઈટ બંધ થઈ ગયેલી. આવી પરિસ્થિતિમાં રાત્રિ મુસાફરી તો અતિ જોખમી જ બની રહે. તેથી સ્વામીશ્રીએ ધ્યાન દોરતાં કહ્યું કે 'લાઇટ રિપેર કરીને પછી ચાલો.' પણ ઉતાવળિયા ચાલકે આ સૂચન તરફ ઝાઝું લક્ષ્ય આપ્યું નહીં, એટલે સ્વામીશ્રીએ ફરી કહ્યું: 'આગળ ગાડી જાય છે, તેની પાછળ ચલાવો.'

આ સાંભળી કો'ક 'બેક સીટ ડ્રાઇવિંગ' કરતાં બોલ્યું: 'સ્વામી! આપણે આગળ ચાલીએ. તેથી પાછળની ગાડીના અજવાળે આગળ વધાય.'

આ સલાહમાં સ્વામીશ્રીએ મૌન સેવ્યું, પણ ચાલક તેને જ અનુસર્યો અને રસ્તો ચૂક્યો. ફળસ્વરૂપે ગામની બહાર નીકળતાં જ પાણી ભરેલા એક ખાડામાં સ્વામીશ્રીની ગાડીનાં આગલાં બે પૈડાં ગરક થઈ ગયાં. તેને કાઢવાં સંતો કાદવમાં ઊતર્યા. આગળ નીકળી ગયેલી જોન્ગો ગાડી પણ પાછી આવી અને 'જમાત કરામત'થી ખૂંચેલી ગાડી બહાર આવી જતાં મુસાફરી આગળ આગળ વધી ત્યારે સ્વામીશ્રીએ પુરાણી પણ પ્રાસંગિક સ્મૃતિ વાગોળતાં કહ્યું:

'મારે આવો આ ત્રીજો પ્રસંગ બન્યો. એક વાર રાજકોટથી અમારે અમદાવાદ આવવું હતું. આર. યુ. પટેલે નવી ફીઆટ લીધેલી. તેમની ભાવના

મને તેમાં બેસાડી અમદાવાદ લઈ જવાની હતી. અમે રાજકોટથી નજીક કુવાડવા પહોંચ્યા. આર. યુ. તો ૧૨૦ કિ.મી. ઉપર ચલાવે. ત્યાં નદીનો પુલ થતો. તેથી ડાયવર્ઝન હતું. ત્યાં અમારી ગાડી ખાડામાં ઊતરીને બંધ પડી ગઈ. પછી તો ગામવાળા આવ્યા ને બહાર ખેંચી ત્યારે મેળ પડ્યો. પણ ચોટીલા ગયા ત્યાં રેડિએટર તૂટ્યું ને ચાર કલાક રોકાવું પડ્યું. બીજી વખતે કોઈ એક સ્થળે પાણી ભરેલા ઊંડા ખાડામાં અમારી મોટરનાં બે વ્હીલ પેસી ગયાં હતાં ને મોટર ત્યાં અટકી ગયેલી. ત્રીજું આ થયું !'

આમ, કષ્ટદાયી છતાં સ્વામીશ્રીના સંબંધે મોક્ષદાયી બનેલી મોટર-લીલાની સ્મૃતિ કરતાં કરતાં સૌ સુરત આવી પહોંચ્યા.

કંકુના કણની કરકસર

સુરતના આંગણે તા. ૨૭/૬ની સવારે નવ વાગ્યે ભાગવત મહા-પુરાણની પારાયણનો પૂજનવિધિ શરૂ થયો. તેમાં વિધિ કરાવનારા ભૂદેવે યજમાનોને સૂચના આપી કે 'દરેકે ચોખા હાથમાં લઈ બાપાને પ્રાર્થના કરવાની છે કે કોઈ વિઘ્ન ન થાય.'

'બાપા તો આ બેઠા. આપણે તો મહારાજને પ્રાર્થના કરવાની છે.' વિધિમાં નિષેધને દાખલ કરતાં સ્વામીશ્રી બોલ્યા. પોતાની મહત્તા પર ચોકડી મારવાની એક પણ તક તેઓ ચૂક્યા નહોતા.

પૂજનવિધિ આગળ ચાલ્યો. તેમાં બ્રાહ્મણે કંકુ ભરેલી વાટકીમાં પાણી નાંખવાનો આદેશ આપ્યો. પરંતુ તેમ કરતાં પહેલાં સ્વામીશ્રી કહે: 'આટલું બધું કંકુ શા સારુ પલાળવું ? પોણા ભાગનું કાઢી લો. વધારે પલાળવાથી બગાડ થાય. જરૂર પૂરતું જ લેવું.' આમ કહી તેઓએ કંકુ કઢાવ્યું.

ત્યાં જ તેઓની નજર નાડાછડીના દડામાંથી ફટાફટ ટુકડા કરીને નાડાછડીઓનો મોટો ઢગ ખડકી બેઠેલા એક ઉત્સાહી ભક્ત પર ગઈ. તે ભક્ત તો હજીયે ઊંધું ઘાલીને ટુકડા કર્યે જ જતા હતા. પરંતુ તેઓને રોકતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આટલી બધી નાડાછડીની શી જરૂર છે ? જોઈતું જ કાપવું.'

તેઓની આ કરકસર જોઈ સૌને દૃઢ વિશ્વાસ બેઠો કે 'જે સ્વામીશ્રી કંકુનો કણ કે કંકણસૂત્રનો તાંતણો પણ બગડવા નથી દેતા તે આપણું કલ્યાણ તો શી રીતે બગડવા દેશે !'

અમને તો આ જ શોભે

સુરતમાં સવાર-સાંજનાં પારાયણની સાથે રોજ રાત્રે વિવિધ વિસ્તારોમાં યોજાતી જાહેર-સભાઓના ક્રમમાં રામપુરાનું પાટીદાર ભવન, રાણાવાડનું સોમનાથ મહાદેવ મંદિર, રાંદેરની કડવા પંચની વાડી સ્વામીશ્રીના શબ્દ-સાંનિધ્યથી પાવન બન્યા. આ ઉપરાંત પધરામણીઓનો પ્રવાહ પણ વહેતો રહ્યો.

તેમાં સરતાં સ્વામીશ્રી તા. ૨૯/૬ની સવારે જે પ્રભુદાસભાઈની ગાડીમાં બિરાજી પધરામણી કરવા જઈ રહેલા તે મોટરમાં કેવળ પોતાની જ છબી માલિકે મૂકેલી. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'અક્ષર-પુરુષોત્તમનો ફોટો રાખવો.'

આ રીતે સદા ભક્તિમાર્ગે સરકતાં તેઓ પધરામણીઓથી પરવારી પોતાના ઉતારે પધાર્યા ત્યારે અહીં ડૉ. કૌશિકભાઈ તેઓનાં ચશ્માં માટે પસંદ કરવા જુદી જુદી ફ્રેમો લઈને આવ્યા. તે સૌ સ્વામીશ્રી સમક્ષ મૂકવામાં આવી. તે વખતે પસંદગીની જવાબદારી અંતેવાસી પર ઢોળતાં સ્વામીશ્રીએ કહ્યું: 'તમે ફ્રેમ પસંદ કરી દો.'

પોતાને વાપરવાની વસ્તુ પસંદ કરવાનો અધિકાર મનુષ્ય બીજાના હાથમાં ભાગ્યે જ સોંપે. પરંતુ *'चौद लोक के भोगसुख, ताकी आशा नाहि...'*ની રીતે વિચરતા સ્વામીશ્રીને સારા-નરસા પદાર્થો એક પાડમાં હતા. તેથી આવી બાબતોમાં તેઓ કદી ઉત્સાહ બતાવતા નહીં.

છેવટે ડૉક્ટર એક પછી એક ચઢિયાતી ગુણવત્તાની ફ્રેમો સ્વામીશ્રીને બતાવવા લાગ્યા, પણ તેઓએ તો તેમાંથી સાદામાં સાદી ફ્રેમ પર જ પસંદગી ઉતારી!

આ પસંદગીમાં કોઈનું મન માનતું નહોતું, પરંતુ સ્વામીશ્રીએ કહ્યું: 'અમને તો આ જ શોભે.'

હકીકતે સ્વામીશ્રીનો સંબંધ થતાં એ સાદી ફ્રેમ શોભી ઊઠી!

ધર્મ ન લોપત લેશ

તા. ૩૦/૬ની સાંજે સુરતના પ્રતિષ્ઠિત ટેક્સટાઈલ ઑડિટોરિયમમાં યોજાયેલી દ્વિશતાબ્દી નિમિત્તેની ૧૧૯મી કીર્તન આરાધનામાં શહેરના મેયર, રાજ્યના ગૃહમંત્રી સહિત અનેક નામી મહાનુભાવો ઉપસ્થિત રહેવાના હતા. શહેરીજનોના પ્રવેશ માટે રખાયેલી ટિકિટો પણ ચપોચપ વેચાઈ ગયેલી.

આમ, એક અનેરા આકર્ષણરૂપ બની ગયેલા આ કાર્યક્રમ અંગેની વિગતો સમજાવતાં કાર્યકરોએ સ્વામીશ્રીને સભાગૃહનો નકશો ખોલી બતાવ્યો. તે વખતે સ્વામીશ્રીએ પૂછ્યું: 'સ્ત્રી-પુરુષોની બેઠક વ્યવસ્થા કેવી રાખી છે?'

આ પૂછપરછે કાર્યકર્તાઓ માટે વિમાસણ ઊભી કરી દીધી, કારણ કે એકસામટી જ વેચાયેલી ટિકિટોમાં બાઈ-ભાઈની બેઠક વ્યવસ્થા અલગ-અલગ રહે તે સંભવિત રહ્યું નહોતું. તેથી સૌ નિરુત્તર રહ્યા. પણ તેમાંથી ઉત્તર મેળવી લેતાં સ્વામીશ્રીએ કહ્યું: 'બાઈ-ભાઈની બેઠક અલગ કરો તો જ હું સભામાં આવીશ. બધા ટીકા કરે તો તે સહન કરીને પણ જુદું જ કરો. બે કલાક આગળ જઈ આપણી મર્યાદા પ્રમાણે બેસાડજો.'

સ્વામીશ્રીને મન મંચ કે મહાનુભાવો કરતાં મર્યાદા મહત્ત્વની રહેતી. આ રીતે જ તેઓએ દેશ-વિદેશના હજારો સમારંભોમાં હાજરી આપી હતી.

કરુણા કરી જન ઉરમાં વસવું

આ અરસામાં અમેરિકાએ છોડેલી અવકાશી પ્રયોગશાળા(સ્કાયલૅબ) પૃથ્વી પર તૂટી પડવાની દહેશતથી પૃથ્વીવાસીઓના જીવ પડીકે બંધાઈ ગયેલા. પરંતુ તા. ૩/૭ની સવારે સ્વામીશ્રીએ પારાયણના પૂર્ણાહુતિ પ્રસંગે પ્રાર્થના કરી કે 'તે દરિયામાં પડે ને કોઈને નુકસાન ન થાય.'

...અને તેઓની આ અરજ ભગવાને સ્વીકારી હોય તેમ થોડા દિવસો બાદ પેલી સ્કાયલૅબ મહાસાગરમાં ખાબક્યાના સમાચાર આવી ગયા. આ ઊડતી પ્રયોગશાળાનો કેટલોક કાટમાળ પૃથ્વી પર પડ્યો છતાં કોઈ જાનહાનિ ન થઈ.

આમ, પળેપળ પરહિત માટે ખર્ચતા સ્વામીશ્રીના પારાયણમાં, પૂર્ણાહુતિના અવસરે ચિક્કાર મેદની ઊમટતાં, બપોરે છેક દોઢ વાગ્યા સુધી પૂજનવિધિ ચાલ્યો. છતાં પ્રેમપૂર્વક સૌના મનોરથો પૂરી તેઓએ સાંજે સાડા ચાર વાગ્યે સુરતથી વિદાય લીધી, ત્યારે યજમાન છોટુભાઈની ગેરહાજરીમાં સઘળી વ્યવસ્થા સાચવનારા તેઓના બનેવીને છેલ્લે મળવાનું રહી જતાં સ્વામીશ્રી એક ગૅરેજમાં તેઓની રાહ જોઈ ઊભા રહ્યા.

ચૌદ લોક તૃણવત્ સમજનારા સ્વામીશ્રી આવો સામાન્ય શિષ્ટાચાર પણ ચૂકતા નહીં. *'કોઈ વાતે કશી નહીં ખામી...'* એવા તેઓ પાસેથી માનવી શું શું શીખી શકે એમ નથી!

તેઓની આવી શૈલી જોઈ ગદ્‌ગદ થઈ ગયેલા પેલા યજમાન મુરબ્બી તો બોલી ઊઠ્યા: 'સ્વામી! હું તો તમારો છું ને ઘર પણ તમારું છે.'

આમ, જ્યાં જાય ત્યાં પોતાના આચારની અચળ છાપ છોડતા સ્વામીશ્રી, વરાછાના લંબે હનુમાન રોડ પર આવેલી એક વિશાળ વાડીમાં એકત્રિત થયેલા ભાવિકોને આશીર્વાદ પાઠવી આગળ વધ્યા ત્યારે રસ્તામાં ચોંક આવ્યો. અહીં તેઓની રાહ જોઈને બેઠેલો એક બાળક પગે પોલિયો હોવાથી ઊભો રહી શકે એમ નહોતો. તેથી ગાડીમાંથી નીચે ઊતરી સ્વામીશ્રી તેની પાસે આવતાં ઉભડક પગે બેસી ગયા અને તે છોકરા દ્વારા ઠાકોરજીનું પૂજન કરાવ્યું. ત્યારબાદ તેને પ્રસાદીનું જળ આપી પગે ચોપડવાની ભલામણ કરી. પોલિયાગ્રસ્ત પગે હાથ ફેરવી આશીર્વાદ પણ આપ્યા.

પોતાથી વયમાં અડધી સદી નાના વિકલાંગ બાળકને મળવા મોટરમાંથી ઊતરીને સરેઆમ રસ્તા પર આમ આસન જમાવનારા કરુણામય સ્વામીશ્રી સૌનાં હૈયે વસી ગયા!

હાશ-હળવાશનું રહસ્ય

સુરતથી વલથાણ થઈને રાત્રે ભરૂચ પહોંચેલા સ્વામીશ્રીએ અહીં તા. ૪/૭ની સવારે જી.એન.એફ.સી.ના નવા બંધાતા કારખાનામાં પગલાં કરી, શીઘ્ર અને નિર્વિઘ્ન કામકાજના આશીર્વાદ આપ્યા. ત્યાંથી અંકલેશ્વરને લાભ આપી પુનઃ ભરૂચ પધારેલા તેઓ અત્રે સાંજે પાયોનિયર હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓને સંબોધન કરી ઝાડેશ્વરમાં પધરામણીએ નીકળ્યા.

તે જ વખતે અચાનક મુશળધાર વરસાદ ત્રાટકતાં તાબડતોડ છત્રી લાવવામાં આવી. તે સ્વામીશ્રી પર ધરી એક યુવક ભેગેભેગો ચાલવા લાગ્યો. પરંતુ તે છત્રી ઠાકોરજી પર રહે તેમ ધરવા સ્વામીશ્રીએ કહ્યું. એટલામાં જ તે યુવક પધરામણીનું ઘર બતાવવાની લાયમાં સ્વામીશ્રીના હાથમાં છત્રી પકડાવી આગળ દોડી ગયો! હવે છત્રી સ્વામીશ્રીના હાથમાં રહી ગઈ. તે ઠાકોરજી પકડીને ચાલી રહેલા સંત પર તેઓએ ધરી રાખી અને એ જ અવસ્થામાં સ્વામીશ્રી ચાલવા લાગ્યા!

સ્વામી-સેવકભાવના આ અનુપમ દૃશ્યને ઇન્દ્ર સહસ્રધારે વધાવી રહ્યો. સ્વામીશ્રી પાણીથી અને સૌ તેઓની પરાભક્તિથી ભીંજાઈ ગયા.

પધરામણીઓ બાદ ભરૂચ મંદિરે કથાવાર્તાનો લાભ આપી એક

મીટિંગમાં બિરાજેલા સ્વામીશ્રીએ કેટલીક વ્યાવહારિક ગૂંચો ખૂબીપૂર્વક ઉકેલી આપી. પ્રશ્નો ઘણા પેચીદા હતા, પણ સ્વામીશ્રીએ તેના તાર-તાર છૂટા કરી દેતાં સૌ સંતોષ સાથે વિદાય થયા. તે વખતે આ 'હાઈ વૉલ્ટેજ' બેઠકના સાક્ષી બનેલા ડૉ. મગનભાઈ સ્વામીશ્રીને નીરખતાં વિચારી રહ્યા કે 'તનાવભરી પરિસ્થિતિમાં પણ સ્વામીશ્રી કેટલા સ્વસ્થ અને સ્થિર છે!'

તેથી તેઓએ મીટિંગ બાદ સ્વામીશ્રીને એક સાખી સંભળાવી, જેનો ભાવાર્થ હતો: 'જેને માથે તાજ હોય તેને ઊંઘ ન આવે.' આમ કહી એ ડૉક્ટરે પૂછ્યું: 'બાપા! આપને માથે તાજ છે તોય શાંતિ કેવી રીતે રહે છે?'

'આપણે તો બોજો ભગવાન પર નાંખ્યો છે. સર્વકર્તાહર્તા એમને જાણીને વાતચીત કરીએ છીએ.' પોતાની હાશ-હળવાશનું આ રહસ્ય ખોલતાં સ્વામીશ્રી પોઢવા પધાર્યા.

શિક્ષણ-લક્ષણનો સમન્વય

તા. ૫/૭ના રોજ ભરૂચથી ભરથાણ થઈને વડોદરા પહોંચેલા સ્વામીશ્રીની સભા આજની સાંજે લાલબહાદુર શાસ્ત્રી વિદ્યાલયમાં ગોઠવાયેલી.

અહીં તેઓને બેસવા સારુ મંચ પર મૂકેલી એક મોટી પાટ પર ગાદલું પાથરેલું. આ ગાદલા પર એકલા સ્વામીશ્રી જ બેસી શકે તે રીતે અન્ય એક ઊંચું આસન મૂકેલું. આયોજકોએ તેની પર બિરાજવા તેઓને વિનંતી કરી, પણ સ્વામીશ્રીના મનમાં કંઈક જુદું જ આયોજન હતું. તેઓએ ઊંચા આસને ઠાકોરજીને પધરાવ્યા અને સ્વયં ગાદલા પર બિરાજ્યા.

*'તૂ હૈ ઠાકુર, હૌં ચેરો...'*નો ભાવ સ્વામીશ્રીને ભગવાન વિષે કાયમનો હોવાથી તેઓ ઊંચું-સારું હંમેશા ભગવાનને અર્પણ કરતા.

ભક્તિના આ આસન પર બેસીને તેઓએ વિદ્યાર્થીઆલમને અનુરૂપ સદુપદેશ આપતાં કહ્યું: 'લક્ષણ વગરનું શિક્ષણ ભક્ષણ કરે છે ને લક્ષણવાળું શિક્ષણ રક્ષણ કરે છે. દુઃખો દૂર થવાનાં નથી, પરંતુ તેને સહન કરવાનું જ્ઞાન શીખવું.'

સહન કરવું તે તપ

વડોદરાથી માણેજા થઈને અટલાદરા પધારેલા સ્વામીશ્રીએ તા. ૬/૭ના રોજ ઊજવેલા દેવશયની એકાદશીના ઉત્સવમાં વચનામૃત(કા. ૧૦)ના આધારે

કથામૃતનું પાન કરાવતાં જણાવ્યું કે –

'તરસ લાગી હોય ને બે-ચાર કલાક કદાચ પાણી ન મળે ને ધમપછાડા ન કરીએ તો તે તપ કર્યું કહેવાય. ખાવાનું મોડું થયું હોય અથવા કો'ક દિવસ ન મળ્યું હોય તો તે માટે ઉતાવળા ન થઈ જઈએ તે તપ. સૂવાનું બરાબર ન મળ્યું હોય ને ચલાવી લઈએ તે તપ. આ બધાં સૂક્ષ્મ તપ છે. માટે સહન કરવું તે તપ.

સ્વીચ દાબીએ ને તરત પંખો થાય છે. તેમ દરેકને એમ છે કે ભગવાન પાસે જઈ જરા ઊભો રહું ને તરત ભડકો થવો જોઈએ. પણ પંખો ફેરવવા કેટલી શોધખોળ કરવી પડી હશે? નિયમનું બંધન સ્વીકાર્યા વગર ભગવાન રાજી ન થાય. ઘરનું, બૈરાંનું, નોકરીનું, સમાજનું બંધન સ્વીકારાય છે, પણ ભગવાનનું બંધન સ્વીકારવું કઠણ પડે છે. માટે નિયમમાં રહી ભગવાન ભજવા.'

આમ, આજે સ્વામીશ્રીએ *'સુણતાં સહુને સુખકારી...'* સમી અમૃતધારા વહાવી દીધી.

દીન કો દયાલુ દાની

દેવપોઢી એકાદશીના ઉપવાસની સાંજ સ્વામીશ્રીએ દીન-હીન જનો પર કરુણા રેલાવવામાં વીતાવી. એ કરુણાજળની પ્રથમ વાદળી વરસી – ગુજરાત રાજ્યના સમાજ સુરક્ષા ખાતા દ્વારા કાર્યરત શાળામાં.

ત્યક્તા કે કુંવારી માતાની કૂખે જન્મેલા, રસ્તે રખડતા, ગુનાહિત માનસ ધરાવતા બાળકોને સુધારવાનું શિક્ષણ આપતી આ શાળામાં સ્વામીશ્રી પધાર્યા ત્યારે ત્યાં ૧૨૦ બાળકો ઉપસ્થિત હતા. શાળાના આચાર્યનું સ્વાગત સ્વીકારી સ્વામીશ્રીએ આ બાળકોને આશીર્વાદ આપ્યા. જેઓ પરથી સમાજે શ્રદ્ધા ગુમાવી દીધેલી તેઓ પરથી સ્વામીશ્રીનો ભરોસો ઊઠ્યો નહોતો. તેથી તેઓએ અહીં બાળમંડળની સ્થાપના કરી અને સંસ્થા દ્વારા પ્રકાશિત બાળ-સાહિત્ય સૌને ભેટ આપ્યું. જેઓને સગાં મા-બાપે સ્નેહ-કરુણાનાં પાનથી વંચિત રાખેલા, તેઓને માથે આજે સ્વામીશ્રીએ પોતાના વાત્સલ્યપ્રચુર અભયહસ્ત મૂકતાં એકેએક બાળક ખુશ થઈ ગયો. તેઓનાં કુમળાં હૃદય સ્વામીશ્રી માટે ગાઈ રહ્યાં : *'દીન કો દયાલુ દાની, દૂસરો ન કોઉ...'*

આ જ અનુભવ કરી રહ્યું – પેન્શનપુરાનું અપંગ બાળગૃહ. કંઈક ને કંઈક શારીરિક ખોડ-ખાંપણના પડકાર ઝીલી રહેલા આ બાળકોને આશીર્વાદ

આપતાં સ્વામીશ્રી બોલ્યા : 'આત્મા કંઈ અપંગ નથી. માટે બળમાં રહેવું.'

અહીંથી મંદબુદ્ધિ બાળગૃહમાં પધારેલા સ્વામીશ્રીના હસ્તે મંદબુદ્ધિ બાળ-ઉદ્યોગ માટેની ઘોડશાળનું ઉદ્‌ઘાટન થયું.

આમ, સમાજની નજરમાંથી ફેંકાઈ ગયેલાઓને પોતાની અમીનજર તળે લેતાં સ્વામીશ્રી, છાણી થઈને તા. ૭/૭ની સાંજે વડોદરાના રિમાન્ડ હોમમાં પધાર્યા. આ બાળસુધાર-ગૃહમાં છેલ્લા છ મહિનાથી ચાલતા બાળમંડળમાં સંતો નિયમિતપણે લાભ આપતા હોવાથી, ગુનાખોરીની માનસિકતા ધરાવતા બાળકોમાં ઘણું પરિવર્તન આવ્યું હતું. તે બાળકોને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'જેનું કોઈ નથી તેના ભગવાન છે. આપણે ભગવાનને ન જોઈએ પણ ભગવાન આપણને જુએ છે તે સમજી ભજન કરવું.'

આ સદુપદેશ સાંભળી અહીંનાં બાલ-બાલિકા, શિક્ષક-શિક્ષિકા સૌએ કંઠી પહેરી શ્રીજીમહારાજનો આશરો કર્યો.

ત્યારબાદ અટલાદરા મંદિરે આવેલા સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શન માટે પૂજારીનાં પગથિયેથી ઉપર ચઢી રહેલા. તે વખતે દાદરાના પથ્થર બતાવતાં તેઓ બોલ્યા : 'આ પથ્થર કડિયો માંગે ને હું લાવી લાવીને આપતો.'

'તે વખતે તો આપનું શરીર કૃશ હતું, તો પથ્થર કેવી રીતે લાવતા ?'

'ખસેડીને લાવતા.' સ્વામીશ્રીએ જણાવ્યું.

જેમ *'મુખ્ય દેવના મંદિર કાજ, લાવ્યા પંડે ઈંટો મહારાજ...'*ની સ્મૃતિથી શ્રીજીનિર્મિત મંદિરો સભર છે, તેમ સ્વામીશ્રીની સેવા પણ બી.એ.પી.એસ. મંદિરોના પથ્થર-પ્રતિમામાં પુરાયેલી છે.

છો તો એક ને દિસો છો અનંત

અટલાદરાથી આણંદ થઈને બોચાસણ પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૯/૭ના રોજ ગુરુપૂનમનો ઉત્સવ દસેક હજાર હરિભક્તોની ઉપસ્થિતિમાં ઊજવાઈ રહેલો. તેના અંતિમ ચરણમાં આવેલા આરતીના અવસરે શ્રોતાવર્ગની પ્રથમ બે-ત્રણ હરોળમાં બેઠેલા હરિભક્તોને આરતીની થાળીઓ આપવામાં આવી. સંતોમાં એક થાળી મહંત સ્વામીને અપાઈ. સૌ સ્વામીશ્રી સાથે આરતી ઉતારવા લાગ્યા.

તે વખતે સ્વામીશ્રીની નજર મંચની બાજુમાં ઊભેલા રાવજીભાઈ પર પડી. બોચાસણના બધા સમૈયામાં તેઓ પ્રથમ પૂજન કરી ધોતિયાં ઓઢાડે,

પણ આજે સંજોગોવશાત્ તેઓના હાથમાં જ આરતીની થાળી આવી નહોતી! તે જોઈ સ્વામીશ્રીએ મહંત સ્વામીને કહ્યું: 'તમારી આરતી રાવજીભાઈને આપી દો.'

સમૈયામાં આવેલી હજારોની મેદનીમાં સ્વામીશ્રી દરેક હરિભક્તની યથાયોગ્ય સંભાવના કરી જાણતા. તે વખતે તેઓનું સ્વરૂપ ગીતાકથિત 'अनेकबाहूदरवक्त्रनेत्रं... सर्वतोऽनन्तरूपम्...' જેવું વિરાટ જણાતું.

મૂકવું તે શૂરવીરનું કામ છે

ગુરુપૂર્ણિમા બાદ બોચાસણમાં રોકાઈને પારાયણનો લાભ આપી રહેલા સ્વામીશ્રીએ તા. ૧૩/૭ના રોજ તો કારિયાણી પ્રકરણના છઠ્ઠા વચનામૃત પર સતત અઢી કલાક સુધી બ્રહ્મરસની છોળ્યો ઉડાડી. તેમાં તેઓએ જણાવ્યું કે –

''ભણેલા-ગણેલા આ સંતો આવ્યા તેનો મહિમા સમજવો. અમારા જેવા ઢોરાં ચારતાં આવ્યા હોય તેનો શું મહિમા? જ્યાં મારું મનાય ત્યાં મત્સર આવે, પણ બ્રહ્માંડની દૃષ્ટિમાં આપણી શું ગણતરી? માટે ચલાવી લેતાં શીખવું. 'છાશ ન હોય તો દૂધ લાવો, ચલાવી લઈશું,' એમ નિર્વાહ ન કરવો. વિવેક રાખવો. સામાને મૂંઝવણ ન કરાવવી.''

સ્વામીશ્રી આમ બ્રહ્મધારા રેલાવી રહેલા ત્યાં જ સાધુ થવાની ઇચ્છા ધરાવતા યુવાન પ્રવીણભાઈ વચમાં બોલ્યા: ''બાપા! એક જણ મને વઢ્યા હતા. તેમણે કહ્યું કે 'સાધુ થવું તે કાયરનું કામ છે. એક ઘર તો ચલાવી જુઓ! કેમ ચાલે છે તે ખબર પડે. શૂરવીર હોય તે સંસારમાં રહે.''

આ સાંભળી સચોટ ખુલાસો કરતાં સ્વામીશ્રીએ કહ્યું: ''ભગત! સંસાર તો કૂતરાંય ચલાવે છે ને પક્ષીઓ પણ ચલાવે છે. તેને નભાવવા માટે કોઈને ઉપદેશ આપવો પડતો નથી. વાત સાંભળે ને ઉમળકા આવે કે 'કેવું હશે? કેમ હશે?' ગુણાતીત સ્વામીએ કહ્યું: 'વ્યવહારમાર્ગ તો કાંઈ કઠણ નથી પણ જ્ઞાનમાર્ગ સમજવો ને તે માર્ગે ચાલવું કઠણ છે.' આદિવાસી પણ સંસાર ચલાવે છે. તે કાંઈ કઠણ નથી. તેને નથી કોઈ કહેવા જતું કે 'સંસાર-વ્યવહાર આમ ચલાવજે.' મૂકવું તે શૂરવીરનું કામ છે. સમજાયું હવે?''

સ્વામીશ્રીની વાણી *'એના મુખનો સુણે ઉપદેશ, તેને સંશય નવ રહે લેશ...'*ની જેમ રેલાતી.

આજે પણ આ અનુભવ કરાવતાં તેઓ ઉતારે પધાર્યા ત્યારે સ્વાસ્થ્યમાં

અસ્વસ્થતા જેવું જણાતાં સ્વામીશ્રી રાત્રે કશું જ જમ્યા વિના પોઢી ગયા. બીજે દિવસે પણ પરિસ્થિતિમાં કોઈ ફર્ક નહોતો પડ્યો, છતાં તેઓએ પ્રાતઃ કથામાં કારિયાણી પ્રકરણનું ત્રીજું વચનામૃત સળંગ દોઢ કલાક સુધી નિરૂપ્યું! આ વચનામૃતમાં આવતી સતત ચડતો ને ચડતો રંગ રાખવાની વાત, માંદગી વખતે પણ કથા કરવામાં પુરબહાર ખીલેલા સ્વામીશ્રીમાં સૌ મૂર્તિમાન જોઈ રહ્યા.

મોટાપુરુષ જીવને છોડતા નથી

તા. ૨૧/૭ના રોજ કથાપ્રસંગમાં સત્પુરુષની દયાળુ પ્રકૃતિને દર્શાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે –

''મોટાપુરુષને આપણું ભલું કરવું છે. નારદજી એક વાર ફરતાં ફરતાં એક ખેતરમાં ગયા. ત્યાં એક ડોસો હતો. તેને કહ્યું : 'દીકરા ખેતી કરે છે. માટે તમે ભગવાન ભજો.' ત્યારે ડોસો કહે : 'હું છું તો ખેતી થાય છે. છોકરાંને મદદ કરું છું. માટે તમે જાવ.'

પછી ફરી એક વાર નારદજી ત્યાં આવ્યા ને ડોસો દીઠો નહીં. છોકરાંને પૂછ્યું તો કહે : 'તે તો મરી ગયા.' નારદજીને થયું : 'ડોસો વાસનિક છે. તે વાડી મૂકીને બીજે ક્યાંય જાય તેવો નથી.'

પછી તો બળદ દીઠો. નારદજી ઓળખી ગયા કે 'ડોસો બળદ થયો છે.' તેના પર પાણીની અંજલિ છાંટીને કહ્યું : 'ડોસા ! ભગવાન ભજ.' તે સાંભળી ડોસો કહે : 'તમે શું વાંસે પડ્યા છો? હું છું તો આ ખેતી થાય છે. આ હળ કોણ ખેંચશે?' તેથી નારદજી ગયા. પછી તો બળદનો દેહ પણ પડી ગયો.

ઘણા દિવસે નારદજી આવ્યા ને બળદ ન દીઠો. કૂવામાં જોયું તો ત્યાં મોટો દેડકો દેખાયો. નારદજી ઓળખી ગયા ને કહ્યું : 'અલ્યા ડોસા! ભગવાન ભજ.' ત્યારે દેડકો બનેલો ડોસો કહે : 'કૂવામાં પાણી નથી. એટલે એક ગાઉથી સેર્ય તાણી લાઉં છું ત્યારે કોશ હાલે છે. માટે તમે જાવ.' નારદજી તો ગયા. વખત જતાં દેડકો મરી ગયો.

પછી ફરી કોઈક વાર નારદજી ખેતરે આવ્યા. ત્યાં તો પેસતાં જ કૂતરો ભસવા લાગ્યો. નારદજી ઓળખી ગયા ને કહ્યું : 'આ કૂતરાના દેહમાં શું સુખ છે? માટે ભગવાન ભજ.' ત્યારે કૂતરારૂપે આવેલો વાસનિક ડોસો કહે : 'આ મોલ તૈયાર થયો છે. માટે હાલમાં તમે જાવ.' નારદજી ગયા. કૂતરો મરી ગયો.

ઘણા વખત પછી પાછા નારદજી વાડીએ ગયા. ત્યાં કૂતરો કે કોઈ દીઠું

નહીં. નારદજીને થયું: 'ડોસો ગયો ક્યાં?' પછી તો તેને ઘેર ગયા. ત્યાં ફળિયામાં ઘોડિયું હતું. તેમાં ડોસાના છોકરાનો છોકરો હતો. ડોસો સાપ થયેલો ને પૌત્રનું મોઢું જોવા ઘોડિયે ચડેલો. તે વખતે છોકરાની વહુ પાણી ભરીને ઘેર આવતી હતી. તેણે ઘોડિયા ઉપર સાપને જોયો. તેને થયું કે 'મારા છોકરાને કરડશે.' એટલે ધોકો લઈને સાપને અધમૂઓ કરી નાંખ્યો.

પછી ડોસાના છોકરાએ સાપને કાંટાળી વાડમાં ફેંક્યો. થોડા થોડા પ્રાણ રહેલા. ત્યાં નારદજી પહોંચ્યા ને પાણી છાંટીને કહ્યું: 'ડોસા! હવે તો ભગવાન ભજ.' જેના હિત માટે ચાર-ચાર જન્મ ધર્યા તેમના તરફથી જ આવી બૂરી દશા પામેલા ડોસાએ કહ્યું: 'નારદજી! હવે ભગવાન ભજવા છે.' આમ, મોટાપુરુષ જીવને છોડતા નથી.''

સ્વામીશ્રીની વાતોમાં આબેહૂબ સંસારદર્શન અને અદ્‌ભુત અધ્યાત્મ-સંદેશ રહેતાં. આજે પણ તેઓએ આ બે કિનારા વચ્ચે એવો કથા-પ્રવાહ વહેવડાવ્યો કે સૌનાં અંતરમાં તેઓની એક 'સાચે હિતકારી' સંત તરીકેની છબી પ્રતિષ્ઠિત થઈ ગઈ.

જીયકો હેત તુમહી હરિ જાનો

હરિભક્તના કુટુંબમાં સત્સંગનો વેલો ફૂલતો-ફાલતો રહે તે માટે સ્વામીશ્રી સતત પ્રયત્નશીલ રહેતા. તેઓના દીકરાઓનો સત્સંગમાં આવરો-જાવરો ન જુએ તો તરત તે અંગે પૂછપરછ કરે, તેને બોલાવે, હેત-પ્રીત કરે. કંઈ મનદુઃખ થયું હોય તો જ્ઞાન-ધ્યાનની ગોળી આપી તેનું નિવારણ કરી દે. વખતે વગર વાંકે માફી માંગતાં પણ ન ખચકાય.

પોતાની આ સ્વાભાવિક પ્રકૃતિ મુજબ સ્વામીશ્રીએ એક વાર મંદિરમાં સેવા કરતા ભાઈલાલભાઈને પૂછ્યું કે 'તમારો દીકરો કેમ દેખાતો નથી?'

'બાપા! રોજ આવે છે પણ તમારાથી દૂર રહેતો હશે! તેને કુસંગ લાગ્યો છે. તેને બીક છે કે સંતોનો અવગુણ આવી જાય.' તે હરિભક્તે કહ્યું.

ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'તેને મારી પાસે મોકલજો.'

આ આદેશ મુજબ તા. ૨૨/૭ની બપોરે પેલો દીકરો સ્વામીશ્રી સમક્ષ આવી પહોંચ્યો. તેને જોતાં જ મીઠો આવકાર આપી સ્વામીશ્રીએ હિતવચનો સંભળાવ્યાં કે 'તારા બાપે આ મંદિરમાં જિંદગી ઘસી નાંખી. માન-અપમાન જોયાં નથી ને સેવા કરી છે. કોઠારીઓ કેટલાય આવીને ગયા પણ તેમની

સ્થિતિમાં ફેર નથી પડ્યો. માટે તારે રોજ આવીને મંદિરની સેવા કરવી. મને મળી જવું.'

એ જ રીતે સાંજે અન્ય એક યુવાનને પણ બોલાવી તેઓએ 'તમે કેમ દૂર રહો છો?' કહી મંદિરમાં નિયમિત આવવાની, સેવા કરવાની પ્રેરણા આપી.

અનેકવિધ પ્રવૃત્તિ વચ્ચે એક-એક સત્સંગીનું આવું જતન કરીને સ્વામીશ્રી સત્સંગના વટવૃક્ષને વિસ્તારતા.

આ અનુભવ તા. ૨૩/૭ના રોજ તેઓના વર્ષો પૂર્વેના સહાધ્યાયી બાલકૃષ્ણ શાસ્ત્રીને પણ થયો. આ દિવસે ખંભાત પધારેલા સ્વામીશ્રીને મળવા તેઓ જેવા આવ્યા કે સ્વામીશ્રી તેઓને ઓળખી ગયા. તેથી ગદ્‌ગદિત થતાં એ વિદ્વાન બોલી ઊઠ્યા : 'વર્ષો થયાં પણ પૂજ્ય સ્વામીશ્રી મને ભૂલ્યા નથી!'

આ અનુભૂતિ સ્વામીશ્રીના સાંનિધ્યમાં સૌની રહેતી.

ગુરુમહિમા ગાવત સદા

તા. ૨૪/૭ની સવારે સ્વામીશ્રીએ ખંભાતમાં મેતપુરના રસ્તે માદળા તળાવના કિનારે પ્રાપ્ત થયેલી મંદિર માટેની ભૂમિ પર પુષ્પો વેરી સ્વામિનારાયણ મંદિર, સદાશિવ શેઠની બળેલી હવેલી અને શ્રીજીમહારાજના પ્રાસાદિક ભરતદાસના અખાડામાં દર્શન કર્યાં.

તે પછી ગામમાં ૭૦ પધરામણીઓ કરવા નીકળેલા તેઓને એકેએક ઘેર દાદરા ચડવાના થયા, કારણ કે અત્રે ઘરમાં નીચે પાણીના ટાંકા અને ભેજ હોવાથી સૌ ઉપરના માળે જ રહેતા. તેથી સ્વામીશ્રીને દરેક ઘેર સીડીઓની ચઢ-ઊતર કરવાની થઈ, છતાં ગજબની સ્ફૂર્તિથી આ સેવામાં મંડેલા તેઓને, એક હરિભક્તે વિનંતી કરી કે 'સ્વામી! શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની મારા પર દૃષ્ટિ હતી. આપ પણ રાખજો.'

'હાથીનાં પગલાંમાં બધું આવી ગયું!' સ્વામીશ્રી બોલ્યા.

*'ગુરુમહિમા ગાવત સદા, મન રાખી અતિ મોહ...'*ની તેઓની જીવન-શૈલી હતી. તેથી પોતાની ન્યૂનતા અને ગુરુની મહત્તા દર્શાવવાનું એક પણ ટાણું તેઓએ એળે જવા દીધું નહોતું!

આ રીતે ખંભાતથી વિદાય લઈ સ્વામીશ્રી સોજિત્રા, પીપળાવ, કરમસદ, વિદ્યાનગરને પાવન કરતાં, તા. ૨૬/૭ના રોજ મિની બસમાં નાયકા પહોંચ્યા. અત્રે ભક્તોનો ભાવ પૂરો કરી તેઓ એ જ મિની બસમાં વિદ્યાનગર

પરત ફરી રહેલા. તે વખતે પુરુષોત્તમપુરાથી આવેલા તુલસીભાઈ અને લલ્લુભાઈને સ્વામીશ્રીએ કહ્યું: 'અમારી બસમાં બેસી જાઓ.'

આ આજ્ઞા થતાં તે ભક્તો 'અમારા ગામનો રસ્તો આવે ત્યાં અમને ઉતારી દેજો' કહેતાં બસમાં ગોઠવાયા.

પરંતુ તે ગામનો માર્ગ આવતાં જ સ્વામીશ્રીએ ડ્રાઇવરને કહ્યું : 'મોટર ઠેઠ (પુરુષોત્તમ) પરે લઈ લો. અહીંથી હરિભક્તોને ચાલવું ન પડે. અમારે પણ પ્રસાદીના સ્થાનમાં દૂરથી દર્શન થશે.'

હરિભક્તોને જ્યારથી બસમાં બેસાડ્યા ત્યારથી તેઓની આ ગણતરી હતી જ, પણ ધીરે ધીરે વાતને ખોલવાની તેઓની રીત! તે અનુસાર બસ પુરુષોત્તમપુરા પહોંચી એટલે પેલા બંને ભક્તો ઊતર્યા. તે વખતે સ્વામીશ્રીએ સંતોને કહ્યું: 'આ પ્રસાદીના સ્થાનનાં દર્શન કરી લો.'

ત્યારે કો'ક બોલ્યું: 'હું તો અહીં પહેલી જ વાર આયો!'

'એમ?! ત્યારે તો આપણે ઊતરીએ. તમને બધે દર્શન કરાવીએ, ચાલો...' એમ કહેતાં સ્વામીશ્રી દર્શન માટે ઊતરી પડ્યા.

બસ ગામ તરફ લેવડાવી ત્યારથી તેઓને અહીં ઊતરવાની ગણતરી હતી જ, પણ ધીરે ધીરે વાતને આગળ વધારવાની તેઓની પદ્ધતિ! તે મુજબ સૌ ગામમાં જવા નીકળ્યા ત્યારે બસની આગળ ધીમે ધીમે ચાલતા તુલસીભાઈને કો'કે કહ્યું : 'જલદી ચાલો.'

પરંતુ સ્વામીશ્રી તેઓની ચાલનો તાગ કાઢતાં બોલ્યા : 'વકીલ વેંતમાં ચાલે છે. આગળ ગયેલા લલ્લુભાઈ તૈયારી કરી લે અને આપણે પહોંચીએ, તેથી ધીરે ચાલે છે.'

સ્વામીશ્રીને મનુષ્ય-સ્વભાવનું જ્ઞાન ઘણું સંગીન હતું. તેઓ પ્રત્યેકનાં બોલ-ચાલ પળમાં કળી જતા. તે અનુસાર સૌ આનંદ-પ્રમોદ કરતાં કરતાં ઘેર પહોંચ્યા.

અહીં જૂના પ્રસંગોની સ્મૃતિ દરમ્યાન 'પ્રમુખવરણી દિન'ની વાત નીકળતાં તુલસીભાઈએ કહ્યું:

''શાસ્ત્રીજી મહારાજે આંબલીવાળી પોળમાં પોતે જે ગાતરિયું ઓઢેલું તે પ્રમુખસ્વામીને ઓઢાડી કહેલું: 'મેં મારો વિધિ કરી લીધો.' અમે તે વખતે હાજર હતા. શાસ્ત્રીજી મહારાજે મારો હાથ ઝાલી કહ્યું: 'તમને ૫૦ વર્ષનું સુખ કરી દીધું!' આ પ્રસંગ માટે ઈશ્વરભાઈ દાજી પાતળું રંગેલું ગાતરિયું

તૈયાર કરી લાવેલા. પણ...''

આમ તુલસીભાઈ વાત કરી રહેલા ત્યાં જ સ્વામીશ્રી આગળનો તાર સાંધતાં કહેવા લાગ્યા:

''મીટિંગ થઈ એમાં બધા આવ્યા. તેમાં છગનભાઈએ કહ્યું: 'જોગી મહારાજને આ સ્થાન આપવું જોઈએ. આ તો નાના છે. શુંય કરે! આવડો મોટો વહીવટ તેમને સોંપાય નહીં. હજુ આ પરિપક્વ ન કહેવાય...'

ત્યારે શાસ્ત્રીજી મહારાજે તેમને સચોટ જવાબ આપતાં કહ્યું : 'મેં તેને નાનેથી મોટો કર્યો છે. તેને હું બરાબર ઓળખું છું. સારંગપુરનો કોઠારી મેં બનાવ્યો છે. તેમાં કશું જ જોવા જેવું નથી. મેં બધું બરાબર ચકાસ્યું છે. બરાબર નાણી જોયો છે. માટે કોઈ વાંધો આવવાનો નથી.' એમ વાત કરી એટલે છગનભાઈ ચૂપ થઈ ગયા...''

સ્વામીશ્રીના મુખે આટલી વાત થઈ ત્યાં તુલસીભાઈએ દોર સંભાળતાં જણાવ્યું:

'...પછી દાજી જે નવું ગાતરિયું લાવેલા તે શાસ્ત્રીજી મહારાજે પ્રમુખસ્વામી મહારાજને ઓઢાડ્યું. ત્યારે પ્રમુખસ્વામીએ સવારે ઓઢાડેલું ગાતરિયું અમને આપ્યું.' આમ કહી તેઓએ સૌને તે ઐતિહાસિક અને પ્રાસાદિક ચાદરનાં દર્શન કરાવ્યાં.

સૌ તેનો સ્પર્શ પામી *'ઉરમાંહિ ઉમંગ ન માય...'*ની સ્થિતિમાં આવી ગયા. દુનિયાના કિંમતીમાં કિંમતી વસ્ત્ર કરતાં પણ વધુ મૂલ્યવાન એ ચાદર હતી!

આ સમયે સૌએ સ્વામીશ્રીને પૂછ્યું: 'નવી ચાદર ઓઢાડેલી તે ક્યાં ગઈ?'

'નવી હતી એટલે ક્યાંક વપરાઈ ગઈ!' સ્વામીશ્રી બોલ્યા.[૯]

ત્યારબાદ તુલસીભાઈ ગુણાતીતાનંદ સ્વામીએ ભગતજી મહારાજને આપેલાં અસ્ત્રો અને બે કાતર પણ લઈ આવ્યા. આ સૌ પ્રાસાદિક વસ્તુઓ તેઓએ સૌને દર્શન થાય તે માટે સંસ્થાને સમર્પિત કરી દીધી, ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'આપણે અક્ષર ભવન[૯] જેવું સ્થાન કરવું. છગનભાઈ પાસેથી પણ

---

૮ અલબત્ત, આ ચાદર હરિભક્તોએ પ્રસાદીરૂપે સાચવી રાખેલી. તે અત્યારે સંસ્થાના કોશમાં છે.

૯. વરતાલમાં આવેલું શ્રીજીમહારાજની પ્રાસાદિક વસ્તુઓનું સંગ્રહાલય.

પ્રસાદીની ચીજો મળશે.'

આ શબ્દો દ્વારા ભવિષ્યની એક રૂપરેખા આંકી સ્વામીશ્રી વિદાય લેવા ઊભા થયા ત્યારે તુલસીભાઈએ કહ્યું: 'શાસ્ત્રીજી મહારાજ અહીં છાશવારે આવતા. અચાનક જ આવે!'

'આજે પણ એવું થયું!!' કો'ક બોલ્યું.

ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું: 'શાસ્ત્રીજી મહારાજ તો માથે બબ્બે પોટલાં મૂકી ચાલતાં ચાલતાં આવતા. આપણે તો સાઠ હજારનું નંગ (મિની બસ) લઈને આવ્યા છીએ.'

આ રીતે પોતા પર ગુરુની સરસાઈ સ્થાપી સ્વામીશ્રી વિદ્યાનગર જવા નીકળ્યા.

મંદિર જ આપણું વન

તા. ૨૮/૭ના રોજ વિદ્યાનગરથી વિદાય લઈ સંદેસર પધારેલા સ્વામીશ્રીએ, અહીં દેવીપૂજકોના વાસમાં પધરામણીઓ કરી, સંતકવિ પ્રીતમદાસની સમાધિએ ધર્મલાભ આપ્યો. ત્યારબાદ તેઓ બોરિયા, આમોદ થઈને પંડોળી પહોંચ્યા. અત્રે વરસતા વરસાદમાં ફાનસના અજવાળે પધરામણીઓ કરી નાર પધાર્યા.

આ ગામમાં યોજાયેલા ત્રિદિવસીય પારાયણના પ્રથમ દિવસે તા. ૨૯/૭ની સવારે સ્વામીશ્રીએ વચનામૃત(ગ.અં.૩૮)ના આધારે કથારસ વહાવ્યો કે –

'બંધમાં એક તિરાડ પડે તેની ઉપેક્ષા કરીએ તો આખો બંધ તોડી નાંખે. તેમ ધર્મ-નિયમમાં સહેજ ફેર પડે તો આગળ મોટાં વર્તમાનમાંથી ને સત્સંગમાંથીયે પાડી નાંખે. ભગવાન તો એક સહજાનંદ છે. ગુણાતીતાનંદ સ્વામી ને બીજા બધા તેમના દાસ છે. જેમ પંગતમાં લાડુ પીરસતો હોય તેને 'લાડુ' કહે છે, પણ તે લાડુ નથી. તેમ ભગવાનને ધારણ કરેલા સંત ભગવાનના દાસ છે.'

આ સિદ્ધાંત-સુધા વહાવી પરવારેલા સ્વામીશ્રી નારમાં પધરામણીનો કાર્યક્રમ પૂર્ણ કરી, સાંજે અમદાવાદમાં માંદગીના બિછાને સૂતેલા હરિભક્ત શ્રી સોમાભાઈ ચાવાળા પાસે જઈ પહોંચ્યા. તેઓને પોતાના સાંનિધ્યથી જિંદગીની સાર્થકતાનો અનુભવ કરાવી સ્વામીશ્રી બોલ્યા: 'આજે રવિવાર છે.

મંદિરે રવિસભા ચાલતી હશે. ત્યાં જઈ આવીએ.'

આમ કહેતાં તેઓ હૉસ્પિટલેથી મંદિરે પધાર્યા. તેથી સત્સંગીઓ તો *'સૌને અચરજ ઊપજ્યું ઘણેરું...'*ની સ્થિતિમાં મુકાઈ ગયા! તે સૌને અમૃત-ધારાથી શીતળ કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'શ્રીજીમહારાજ અખંડ કથા-વાર્તા કરતા. કથા-વાર્તાથી સત્સંગ લીલો પલ્લવ છે. દેશ-પરદેશમાં સત્સંગ પહોંચ્યો તેનું કારણ કથા-વાર્તા છે.'

સત્સંગની હરિયાળીનું આ રહસ્ય સમજાવી, રાત્રે પુનઃ નાર પધારેલા સ્વામીશ્રીએ અહીં તા. ૩૦/૭ની સવારે કથામૃત પીરસતાં કહ્યું:

'બધામાં ભગવાનનો વાસ છે. તેથી જગત સુંદર લાગે છે. નહીંતર બધું ગંધાઈ ઊઠે! મંદિરમાં બેસીએ એટલે વનમાં બેઠા કહેવાઈએ. આ જ આપણું વન! મહારાજે શહેરમાં આવાં વન કર્યાં છે.'

જેમ અગ્નિમાંથી સ્ફુલિંગો ઊઠતા રહે તેમ સ્વામીશ્રીના આશીર્વાદમાંથી સચોટ અને વ્યવહારુ અર્થો સ્ફુટ થતા રહેતા. તે કૈંકના જીવનપથને પ્રકાશિત કરી મૂકતા.

આ રીતે સતત ત્રણ દિવસ સુધી સૌને કથાપ્રવાહમાં તરબતર કરનારા તેઓ તા. ૩૧/૭ના રોજ પૂર્ણાહુતિનું પૂજન સ્વીકારી, સુણાવ, મહેળાવ, કરમસદને પાવન કરતાં તા. ૧/૮ના રોજ બોરસદ તરફ જઈ રહેલા.

આ મુસાફરીમાં વચ્ચે ગાના આવ્યું. અહીં ગામની ભાગોળે સરદાર પટેલની પ્રતિમા પ્રતિષ્ઠિત થઈ રહેલી. આ પ્રસંગે જ સ્વામીશ્રી પસાર થતાં સૌએ તેઓને પૂજન કરીને જવા વિનંતી કરતાં, સ્વામીશ્રીએ મોટરમાંથી ઊતરી બાવલાને ચાંદલો કરી વિદાય લીધી.

મારી પાછળ-પાછળ ચાલ્યા આવો

આ અરસામાં સ્વામીશ્રીનાં પારાયણ અને પધરામણીઓની સાથે ક્યારેક ક્યારેક મેઘરાજા જોડાઈ જતા. સ્વામીશ્રી પણ તેમનો અનાદર ન કરતાં તેઓને પોતાની સાથે લઈ પધરામણીઓ ચલાવતા.

બોરસદના રોકાણ વખતે આવી જ પરિસ્થિતિ હતી, પરંતુ તેમાં એક ઘેર જતાં ખાબોચિયાં અને કાદવને ઓળંગવાની મુશ્કેલી આડી આવતાં, તેને ડહોળી 'સામે ઘેર કેવી રીતે જવું?'ની વિમાસણમાં કાર્યકર શ્રી કાંતિભાઈ બારોટ મુકાઈ ગયા.

સ્વામીશ્રીએ પણ પાણી ભરેલાં ખાબોચિયાં અને કીચડ જોયાં, પરંતુ તેઓની નજરે કંઈક વિશેષ પણ જોયું. તેઓએ નોંધ્યું કે 'આ પાણી અને કાદવને ઓળંગવા વચ્ચે વચ્ચે ઈંટોના ટુકડા, ઢેખાળા વગેરે મૂકેલું છે.'

અલબત્ત, આ પથરા અને ઈંટો પણ તેની ટોચ માંડ માંડ દેખાય એ રીતે પાણી કે કાદવમાં ખૂંપેલાં હતાં. તોય તેની પર પગ માંડીને નિશ્ચિત્ત ધેર પહોંચી જવાની ગણતરી સ્વામીશ્રીએ કરી લીધી.

તેઓની નજર અને માનવીની નજરમાં ફર્ક અહીં પડતો. જ્યારે માનવીય આંખ મુશ્કેલી જુએ ત્યારે સ્વામીશ્રી તે મુશ્કેલી ઓળંગવાનો માર્ગ જોતા. તેથી જ જ્યાં સૌ ઊભા થઈ રહે ત્યાં તેઓ આગળ ધસી જતા.

આજે પણ એમ જ બન્યું. જાણે નાના કિશોરો ઢેખાળા પર પગ મૂકતાં-કૂદતાં ખાબોચિયાં પાર કરે, તેમ સ્વામીશ્રી ૫૮ વર્ષની જૈફ વયે સામે પહોંચી ગયા. કાર્યકર તો તેઓની આ ચપળતા અને સંતુલન જોતાં સ્થિર થઈ ગયા!

ત્યાં જ સામે પહોંચેલા સ્વામીશ્રી બોલ્યા : 'મારી પાછળ પાછળ ચાલ્યા આવો. વાંધો નહીં આવે.'

એક અદ્‌ભુત બાંયધરી તેઓના મુખેથી સરી પડી. તે આ પ્રસંગ કે કેવળ એક કાર્યકર પૂરતી જ નથી. સ્વામીશ્રી સૌને કાયમ માટે કહી રહ્યા છે: 'મારી પાછળ-પાછળ ચાલ્યા આવો. વાંધો નહીં આવે.' કારણ કે, 'उन्नतानामनुगमने खलु सम्पदोऽग्रतःस्थाः।'[૧૦] – મહાન પુરુષોને અનુસરવાથી સઘળી સંપદા સામે આવીને ઊભી રહી જાય છે.

ઊંઘમાંય આ જ વિચાર આવવા જોઈએ

બોરસદથી ભાદરણ પધારેલા સ્વામીશ્રીની નિશ્રામાં સત્સંગ મંડળ વતી ભદ્રકાળી માતાના મંદિરમાં પંચદિવસીય પારાયણ યોજાયેલું. તેમાં તા. ૨/૮ના પ્રથમ દિવસે જ સ્વામીશ્રીએ સતત અઢી કલાક સુધી ગઢડા અંત્ય પ્રકરણના બીજા વચનામૃતનું નિરૂપણ કરી સૌને બ્રહ્માનંદમાં ગરકાવ કરી દીધા.

સવારની જેમ રાત્રે પણ તેઓ કથા કરવામાં ચંદ્રની જેમ ખીલી ઊઠતા. વિશેષ કરીને યુવાધનને નિશાન બનાવી તેઓ મનનીય વાતો કરતા. તેમાં એક પ્રસંગે તેઓએ જણાવ્યું કે –

''આજુબાજુનાં ગામોમાં સત્સંગ કરાવવો. બજારે બેસવું નહીં. બાહ્ય

૧૦. शिशुपालवधम् - ७/२७.

વેશથી સારા દેખાવાનો મોહ ન રાખવો. ભગવાનની આગળ સારા કેમ દેખાઈએ તે કરવાનું છે. પરમહંસોએ ઉપરની સજાવટ નથી કરી. પરદેશમાં યુવકો ને બાળકો દૂર છે છતાં મંડળ ચલાવે છે. ઈંગ્લૅન્ડવાળા આપણા યુવકોના કાર્યક્રમો ટી.વી. ઉપર આપે છે, કારણ કે તેમને પણ સદાચાર ગમે છે. પૈસા ખરચીને સરકાર આપણા પ્રોગ્રામ કરાવે છે. માટે સદાચારી જીવન બનાવવું. આપણા સત્સંગનો રંગ બીજાને લાગવો જોઈએ. શિથિલતા કાઢી નાંખવી. આપણે દ્વિશતાબ્દી ઉત્સવ ઊજવવો છે. ઊંઘમાંય આ જ વિચાર આવવા જોઈએ.''

યુવકોને આમ પ્રેરક સંબોધન કર્યા પછી સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે એક જૂની વાત યાદ કરતાં તેઓએ કહ્યું :

''આણંદમાં ભૂલજીકાકા કહેતા કે 'અત્યારનો ઘાણ દાઝી ગયો છે.' (એટલે કે છોકરાંઓ બગડી ગયા છે.) ઘાણને ફેરવીએ નહીં તો બગડી જ જાય. તે માટે છોકરાંઓને કહેવું-ટોકવું પડે.''

તેથી જ સ્વામીશ્રી સમય કાઢીને બાળકો-યુવકો પર લક્ષ્ય આપતા. મોકો મળે કે તરત તેઓને વાતો કરતા. શાળા-કૉલેજોમાં નિમંત્રણ મળે તો ત્યાં પણ પહોંચતા. તેઓના શબ્દોરૂપી ટાંકણે ઘડાયેલી ઊગતી પેઢી રત્ન સમાન પુરવાર થતી.

વા'લપ દેખાડે છે વળી વળી

ભાદરણમાં પારાયણ દરમ્યાન સ્વામીશ્રીએ તા. ૩/૮ના રોજ ઉમલાવ અને સીસવાને લાભ આપ્યો. તેમાં પણ સીસવામાં તો કાદવ ખૂંદતા-ખૂંદતાં તેઓએ પધરામણીઓ કરી સૌને રાજી કર્યા.

આ તાન સાથે જ તા. ૬/૮ની સવારે પારાયણની પૂર્ણાહુતિ બાદ સ્વામીશ્રી બોરસદ, બોચાસણ, પાળજ થઈને વસો આવી પહોંચ્યા.

અહીં તેઓનો લાભ લેવા તા. ૭/૮ના રોજ માતરના વયોવૃદ્ધ સત્સંગી શ્રી એ. ડી. બારોટ આવ્યા. પરંતુ તત્કાલીન બસ-સ્ટેન્ડ ગામથી એકાદ કિ.મી. દૂર અને રસ્તે વરસાદ તથા સખત કાદવ; તેથી આગંતુક હરિભક્ત જ્યારે સ્વામીશ્રી પાસે પહોંચ્યા ત્યારે તો રીતસર હાંફી રહેલા. આ વાત સ્વામીશ્રીની નોંધમાં આવી જતાં, આખો દિવસ લાભ લઈ સાંજે વતન પાછા જવા આ હરિભક્ત નીકળ્યા ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'અમે તમને બસ-સ્ટેન્ડ

સુધી મૂકી જઈએ.'

આ બાબતે પેલા હરિભક્ત આનાકાની કરવા લાગ્યા, પણ ભક્તો માટે ભીડો ઉઠાવવામાં જ આરામ અને આનંદ માનનારા સ્વામીશ્રીએ એ બુઝુર્ગ ભક્ત માટે ગાડી તૈયાર કરાવી. તેમાં તેઓને મૂકવા માટે બીજા કોઈને ન મોકલતાં સ્વયં ગાડીમાં બેઠા અને પાદરે આવી પહોંચ્યા. અહીં બસ ન આવી ત્યાં સુધી સ્વામીશ્રી રાહ જોતા રહ્યા. જ્યારે એ સત્સંગી બસમાં બેઠા ત્યારે જ તેઓને જંપ વળ્યો અને તેઓ ઉતારે પરત પધાર્યા!

ગુરુને વળાવવા શિષ્યોએ ભાગોળ સુધી જવાનું શાસ્ત્રવિધાન છે, પણ અહીં તો શિષ્યને વિદાય આપવા ગુરુ ભાગોળ સુધી પહોંચ્યા! સ્વામીશ્રીની ભક્તવત્સલતા નવાં શાસ્ત્રોને જન્મ આપે તેવી છે.

રક્ષાનું રહસ્ય

તા. ૮/૮ના રોજ રક્ષાબંધનનો ઉત્સવ ઊજવતા સ્વામીશ્રીએ સૌને હાથે રાખડીઓ બાંધી રક્ષાનું રહસ્ય સમજાવતાં જણાવ્યું કે –

''એક લંગડાએ હળના સગરમાંથી ત્રણ વખત દેવચકલી નીકળતાં ભાળી. એકીટશે તે જોઈ રહ્યો હતો. પછી તેના મિત્ર આંધળાને આ વાત કરી. આંધળો શુકનાવળી હતો. તે આ વાત સાંભળી રાજી થયો ને તેને ખાતરી કરતાં પૂછ્યું: 'તેં બરાબર જોયું હતું?'

'હા... હા...'

'આંખ મીંચાઈ નો'તી ને!'

'ના... ના...'

'તો હાલ આજે બપોરે વડોદરાની બજાર લૂંટીએ.'

'પણ આપણાથી તે કેમ લૂંટાય?'

'દેવચકલીનું કેમ છે?'

'તે તો બરાબર છે.'

પછી આંધળાએ લંગડાને ખભે બેસાડી દીધો. બપોરના બે વાગ્યે વડોદરાની ચોકસી બજારમાં પહોંચ્યા. આંધળાએ કહ્યું: 'હવે દુકાનમાંથી સોનું, ઝવેરાત ઉઠાવ.'

'પણ બધા જુએ છે ને!'

'દેવચકલીનું કેમ છે?'

'તે તો પાકું છે.'

'તો હેઠો ઊતર.'

લંગડો ઊતર્યો. દુકાનમાં શેઠિયા ઝોલાં ખાતા હતા. લંગડાએ ગાંસડી ભરી લીધી ને આંધળાને ખભે ચડી બેઠો. બંને ગામ બહાર નીકળી ગયા.

પછી શેઠિયા જાગ્યા ને ખબર પડી કે 'દુકાન લૂંટાઈ.' પોલીસ પાછળ પડી. લંગડાએ કહ્યું: 'આંધળાભાઈ! વાર આવી છે.'

'ભલે આવે. દેવચકલીનું કેમ છે?'

'તે તો એકદમ પાકું છે.'

'આંખ ફરકી નથી ને?'

'જરાય નહીં.'

'ત્યારે ચિંતા કરીશ નહીં. આપણો વાળ વાંકો ન થાય.'

પછી એક નેળમાં ચાલ્યા ત્યાં પાંચ-પાંચ પોલીસ બંને બાજુ ગોઠવાઈ ગયા ને ભડાકા કર્યા. તો સામ-સામે તેમની જ ગોળી વાગીને મરી ગયા. આંધળો-લંગડો બચી ગયા.

માટે આપણે મહારાજ પુરુષોત્તમ, ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર ને સત્પુરુષ મોક્ષનું દ્વાર – આ પાકું રાખવું. તેમાં મનુષ્યભાવ ન આવવા દઈએ એટલે આંખ ફરકી ન કહેવાય. આટલું દૃઢ રાખીએ તો કાળ, કર્મ ને માયાથી ભગવાન રક્ષા કરે.'

સરળ દૃષ્ટાંતો દ્વારા શાસ્ત્રોનાં અગમ રહસ્યોને સમજાવવાની સ્વામીશ્રીની શૈલી સાક્ષર-નિરક્ષર સૌને માફક આવે તેવી હતી.

દૃઢ નિષ્ઠા એટલે સમાધિ

વસોથી પલાણા, ડભાણ, પીપલગને પાવન કરતાં અટલાદરા પધારેલા સ્વામીશ્રીએ અહીં વડોદરાની કાછિયા વાડીમાં તા. ૧૦/૮થી પંચદિવસીય પારાયણનો પ્રારંભ કરી દીધો. તેમાં તા. ૧૧/૮ની સવારે સૌ પર વચનામૃત(ગ.પ્ર. ૨૫) વરસાવતાં તેઓએ જણાવ્યું કે –

'કાંઈક ભૂલ થાય તો પ્રાયશ્ચિત્ત કરી ભગવાનનું બળ રાખી મંડ્યા રહેવું. આપણે જેને ભજીએ છીએ તે ઈષ્ટદેવમાં કોઈ દોષ નથી તેમ માનવું. શ્રીજીમહારાજમાં દૃઢ નિષ્ઠા એટલે સમાધિ. ભગવાનના સ્વરૂપ એટલે ભગવાનના અખંડ ધારક સત્પુરુષમાં હેત થાય એટલે ભગવાન દેખાય. નાવ

બરાબર જોઈએ, નાવિક ભોમિયો જોઈએ, પવન અનુકૂળ જોઈએ, તો સાગર પાર થવાય. મોમ્બાસામાં બહારની સ્ટીમર આવે તો તેને લેવા મોમ્બાસાથી 'લોંચ' લઈને નાવિક બે માઈલ સામો જાય છે ને તે સ્ટીમરને લઈ આવે છે.

નેપાળમાં કોશી નદીમાં ઘણી મુશ્કેલી પડેલી. નાવ પુરાણી હતી અને જેટલું ઉલેચીએ એટલું પાણી ભરાઈ જતું હતું. વળી, એક પથ્થરની ખીણ આગળ ઊતર્યા. ત્યાંથી ઊંચી ધારે સીધું ચડવાનું હતું. તેમાં મારો જોડો પડ્યો. સડસડાટ નદીની ખીણમાં જતો હતો. ત્યાં સાથે એક નેપાળી છોકરો હતો તે નીચે ઊતર્યો ને વચ્ચેથી જોડો ઝાલી લીધો. નાવિકોએ ઉપર ચડાવી દીધા.

આપણે અક્ષરધામમાં જવું છે. તે માટે મનુષ્યદેહરૂપી નાવ પ્રભુ ભજવા મળ્યું છે. પવન એ ઘરબાર, પૈસા-ટકા બધું અનુકૂળ છે. આટલું બધું કરી દીધું પણ ભગવાન ન ભજીએ તો આપણી ખામી છે.'

આમ, આ પારાયણમાં શ્રાવણની હેલીની સમાંતર કથાના મેઘ વરસાવી સ્વામીશ્રીએ સૌને તરબોળ કરી મૂક્યા.

જેલથી મહેલ સુધી

તા. ૧૧/૮ની સાંજથી વડોદરાની જેલમાં અઠવાડિક સત્સંગ-સભાનો શુભારંભ થઈ રહેલો ! તેનું ઉદ્‌ઘાટન કરવા રાજ્યના જેલમંત્રી અને સ્વામીશ્રી સાંજે સવા ચાર વાગ્યે કારાગૃહની તોતિંગ દીવાલોવાળા દરવાજે આવી પહોંચ્યા ત્યારે સુરક્ષાકર્મીઓએ સલામી આપી તેઓને આવકાર્યા. આ સ્વાગત ઝીલી સૌ જેલના વિશાળ હોલ પાસે આવ્યા. અત્રે જેલના બૅન્ડનું અભિવાદન સ્વીકારી સ્વામીશ્રી મંચ પર બિરાજ્યા.

તે સમયે તેઓની અમીદૃષ્ટિ સામે બેઠેલા ૬૦૦ કેદીઓ પર ફરવા લાગી. જેઓ પર લોકોની આંખોમાંથી ઘૃણા જ વરસતી તેઓ પર આજે કરુણા રેલાઈ રહી. તીખા તિરસ્કારની જગ્યાએ મીઠો આવકાર અને દાઝને બદલે દયાને આ કેદીભાઈઓ અનુભવી રહ્યા. તેથી સિતાર, વાજાંપેટી, ઢોલક, મંજીરાંના સથવારે તેઓએ સ્વામિનારાયણ મહામંત્રની ધૂન બાદ ભજન ઉપાડ્યું :

'ભૂલીશ હું કાર્ય સહુ જગનાં, સ્વામીજી ! નહીં ભૂલું તમને;
ભૂલીશ હું સ્નેહ સહુ જગના, સ્વામીજી ! નહીં ભૂલું તમને...'

સ્વામીશ્રી તરફ દૃષ્ટિ સાંધીને કેદીઓએ અંતરના તાર રણઝણાવતાં

જેલનું વાતાવરણ ભાવસભર બની ગયું. સફેદ ખાદીના સુરવાલ, ઝભ્ભો અને ટોપી પહેરેલા આ ભાઈઓએ આગળ ગાયું: *'હશે મમ મહેલમાં વાસો, અગર કારાગારમાં...'* આમ ગાતાં ગાતાં તેઓની આંખો ચૂઈ પડી. તેમાં ક્રૂરતાના ભાવો વહી ગયા અને કુમાશ પ્રગટી આવી.

આ રીતે એક પછી એક ગવાયેલાં ત્રણ ભજનો બાદ, સ્વામીશ્રીએ દીપપ્રાગટ્ય દ્વારા સત્સંગ-સભાનું ઉદ્‌ઘાટન કરી સૌને આશીર્વાદ આપ્યા. તે દ્વારા આ કેદીઓના જીવનમાં આજની સાંજે પરોઢ પ્રગટાવી સ્વામીશ્રી વિદાય થયા ત્યારે સમાજ-નવરચનાના ઇતિહાસમાં તેઓનું પ્રદાન સુવર્ણાક્ષરે લખાઈ ગયું.

જેલમાંથી તેઓ વડોદરાના લક્ષ્મીવિલાસ મહેલમાં પધાર્યા. અત્રે તેઓના આગમન સાથે જ કિંમતી ઝુમ્મરો, સુવર્ણરસિત દ્વારશાખો, ચંદનનાં ગવાક્ષો વગેરેથી ભરચક આ રાજદરબાર દેવદરબાર બની ગયો. શ્રીમંત સરકારના આ મહેલમાં, દ્વિશતાબ્દી ઉપક્રમે યોજાયેલી કીર્તન આરાધનાના સૂર-સ્વરની હવા બંધાઈ ગયેલી. બસો વર્ષ પહેલાં પોતાના મહેલને રાજકવિ લાડુદાનના ગરવા-નરવા કંઠે ગુંજાવવાની નેમ ગાયકવાડને હતી. તે અધૂરી આકાંક્ષા આજે આ મહેલમાં સંતકવિ બ્રહ્માનંદનાં પદોની ગુંજથી જાણે પૂરી થઈ રહી!

પરમહંસોનાં કીર્તનોનો આસ્વાદ માણવાં અને સ્વામીશ્રીનાં દર્શન પામવાં રાજવી પરિવાર મોભા-મરતબા મુજબ ગોઠવાઈ ગયેલો. કલાનગરીના કેંક ગુણીજનો પણ આ સૂરસમાધિનો સ્વાનુભવ લેવા ઉપસ્થિત હતા. લગભગ અઢી કલાક સુધી ચાલેલી આ કીર્તન-ભક્તિના અંતે આશીર્વચન પાઠવી સ્વામીશ્રીએ વિદાય લીધી ત્યારે જેલથી મહેલ સુધી સમાનભાવે વિચરનારા સંત-સમ્રાટ સ્વામીશ્રીને જોઈ આજનો દિવસ નમ્યો.

અતિશય ઉદાર એવો અખિલ જગતમાં અવર નથી દાતા

તા. ૧૨/૮ના રોજ શહેરની શ્રેયસ હાઈસ્કૂલમાં સત્સંગ શિક્ષણ પરીક્ષાનું વિધિવત્ ઉદ્‌ઘાટન કરી, સ્વામીશ્રી આજની રાત્રે ન્યાયમંદિરમાં આયોજિત જાહેર-સભામાં પધાર્યા. રાજ્યના ઉદ્યોગમંત્રી, મેયર, શહેર સ્થાયી સમિતિના ચેરમેન સહિત અનેક અગ્રણીઓની ઉપસ્થિતિમાં ચાલી રહેલી આ સભા દરમ્યાન જ સ્વામીશ્રીને, મોરબીનો મચ્છુ બંધ તૂટવાથી સર્જાયેલી

હોનારતના સમાચાર મળ્યા.

તે સાંભળી તેઓએ તરત જ શ્રીજીમહારાજને પ્રાર્થના કરી કે 'આ દુઃખનો સામનો કરવાનું બળ અસરગ્રસ્તોને મળે.'

તે પછી 'અત્યારે આ માનવસેવા એ મોટી સેવા છે' કહી પુરુષાર્થનું ચક્ર ગતિમાન કરી દેતાં સ્વામીશ્રી પ્રલયંકારી પૂરની તારાજીને નાથવા, ૩૫ સંતો અને ૧,૫૦૮ સ્વયંસેવકો દ્વારા રાહત તથા સામગ્રીનો પ્રવાહ મોરબી તરફ વહેવડાવવા માંડ્યા.

સંસ્થાના આ સ્વયંસેવક વૃંદમાં શહેરી યુવાનો પણ ઘણા હતા કે જેઓએ કદી પાવડા-તગારાં હાથમાં ઝાલ્યાં નહોતાં, પરંતુ તેઓ ત્રણ-ત્રણ ફૂટ ખડકાયેલા કાદવમાં ખાબકી સૌનાં ઘર સાફ કરવા લાગ્યાં. માનવ અને પ્રાણીનાં મૃતદેહો, સડી ગયેલાં અનાજ તથા કીચડની માથું ફાડી નાંખે તેવી દુર્ગંધમાં આ સંતો-સ્વયંસેવકો પાવડા અને બાવડા વીંઝવા માંડ્યા. તે સમયે કોઈના પગમાં કાચ વાગતા તો કો'કના પગમાં ખીલા ભોંકાતા, તો ક્યારેક લોખંડના કાટમાળ ચામડું ચીરતા. છતાં દવા ચોપડી, પાટા બંધાવી, આ સ્વયંસેવક-સેના લશ્કરી શિસ્તથી કામ કરવા લાગી.

લખધીરસિંહ ઇંજનેરી કૉલેજની હૉસ્ટેલના ૬૦×૧૨૦ ફૂટના ભોજનખંડમાં આ સ્વયંસેવકોના ઉતારા હતા! પરંતુ આ સાંકડી જગ્યામાં દોઢ હજારની સંખ્યાનો સમાવેશ શક્ય ન હોવાથી કેટલાક સ્વયંસેવકો તો કૉલેજની સડકો પર શેતરંજીઓ પાથરીને રાત વિતાવતા અને દિવસ આખો સેવા કરતા! સવારના આઠ અને રાત્રિના આઠ – આમ બે જ સમય ભોજન લઈ તેઓએ માનવસેવાની જ્યોત અખંડ પ્રજ્વલિત રાખી.

મોરબીથી સ્થળાંતર કરીને રાજકોટની ૭૮ જેટલી વિવિધ રાહત છાવણીઓમાં આશ્રય પામેલા અસરગ્રસ્ત હિજરતીઓની કક્કાવાર યાદી બનાવી, સૌપ્રથમ 'રેલ રાહત માહિતી કેન્દ્ર' પણ સ્વામીશ્રીના આ સ્વયંસેવકોએ જ શરૂ કર્યું; જે દ્વારા તેઓએ હજારો લોકોને પોતાનાં સગાં-સ્નેહીની ભાળ આપી ભારે રાહત પહોંચાડી. દિવસના પચીસ હજાર ચાના પ્યાલાનું વિતરણ કરતા 'ટી સ્ટૉલ' અને શુદ્ધ પેયજળ ઉપલબ્ધ કરતાં કેન્દ્રો પણ સૌ પ્રથમ બી.એ.પી.એસ. સંસ્થાએ શરૂ કર્યાં; જેમાં મંત્રીઓ, કલેક્ટરો, સચિવો, સૈનિકો, સુરક્ષાકર્મીઓ સહિત આમ આદમી રાહત પામતા. આ માટે રાહતકાર્યોના કેન્દ્ર સમા મણિમંદિરનું સમીપવર્તી સ્થળ જ પસંદ કરવામાં આવ્યું, જેથી

વધુમાં વધુ લોકો તેનો લાભ લઈ શકે.

કપાળમાં તિલક-ચાંદલો અને ગળામાં કંઠી સાથે સેવા કરી રહેલા બી.એ.પી.એસ.ના સ્વયંસેવકોનો મુદ્રાલેખ હતો: 'પરધન પથ્થર જાણીએ' અને 'સબ જન એક સમાન.' તેથી રાહતકાર્ય કરતાં તેઓને મળેલા લાખોની કિંમતના સોના-ચાંદીના દાગીના, મોંઘી વસ્તુઓ, રોકડ રકમ વગેરેને તેઓએ સરકારને સુપ્રત કર્યાં. આ યુવકોની સેવાથી રીઝેલા અસરગ્રસ્તો ભેટસ્વરૂપે કંઈ પદાર્થ-પૈસા આપે તેને પણ સ્વયંસેવકોએ હાથ ન લગાડ્યો.

ઘણાં ઘરોમાં તો રસોડાંની સાફસૂફી થઈ જાય ત્યારે ગૃહિણીઓ દેવદૂત જેવા આ સ્વયંસેવકોને કહેતી: 'ભાઈઓ! તમે આ રસોડામાં બનેલી અમારી રસોઈ જમીને જાઓ.' ત્યારે 'હજી અમારે બીજું ઘર સાફ કરવાનું છે, અમે તો રાત્રે ઉતારે પહોંચીને જમીશું,' કહી, આ સ્વયંસેવકો હસતા મોંએ નીકળી જતા. તેઓની આ નિઃસ્વાર્થભાવના જોઈ સૌના અશ્રુબંધ તૂટી જતા!

ઊંચ-નીચ, ગરીબ-તવંગર, હિંદુ-મુસ્લિમ વગેરે ભેદભાવોને ઓગાળી સેવા કરતા આ સ્વયંસેવકોનાં શિસ્ત, સમયપાલન અને સેવાભાવનાને જોઈ લશ્કરી મેજરશ્રી એબોટ સહિત સૌ ચકિત થઈ ગયા. ત્રણ સેક્ટરમાં વિભાજિત થયેલા તત્કાલીન મોરબીના 'એ' સેક્ટરમાં સેવા માટે નિયુક્ત થયેલા આ સંસ્થાના સ્વયંસેવકોની માંગણી અન્ય સેક્ટરના મેજરો પણ કરવા લાગ્યા!

મકાનો-મંદિરો, કચેરીઓ-કારખાનાં, બેંકો-દુકાનો વગેરે મળીને ૧,૩૬૧ એકમોની નમૂનેદાર સ્વચ્છતા કરનારા બી.એ.પી.એસ.ના સ્વયં-સેવકોની ધગશ-ધીરજ જોઈને મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ પટેલ તો બોલી ઊઠ્યા: 'પૈસા આપવા સરળ છે, પરંતુ જાત ઘસવી કઠિન છે. આપ સૌ સુખી ઘરના હોવા છતાં આવી ગંદકીમાં કાર્ય કરો છો તે વિશેષ મહત્ત્વનું છે. આ કાર્યમાં કોઈને શંકા ન આવે તે માટે આપની રોકડ રકમ અને કિંમતી વસ્તુઓ જમા કરાવ્યા બાદ આપ સેવામાં જોડાયા છો, તેથી અન્ય લોકોમાં સદ્‌ભાવના પેદા કરો છો. તમે ગુજરાતમાં માનવતાના વિકાસમાં મોટો ફાળો આપ્યો છે.'

જે પશુઓ અને મનુષ્યનાં મૃતદેહોને કોઈ હાથ અડાડવા તૈયાર થતું નહોતું, તેને આ સંતો-સ્વયંસેવકોએ વિધિસર અગ્નિદાહ આપ્યા ત્યારે કેટલાય અસરગ્રસ્તોની આંખોમાંથી અશ્રુધારાઓ વહી છૂટી.

અનેક કુટુંબોને પ્રાથમિક ઘરવખરી વસાવવા આર્થિક સહાય, સેંકડોને

ધનુર અને કૉલેરાના પ્રતિકાર માટેની રસીઓ મૂકી વૈદકીય સહાય, રાજકોટ-ગોંડલનાં મંદિરોમાં આશ્રય-આહાર આપી નિવાસી સહાયોની પરંપરા પણ ચાલતી રહી. રોજના બેથી ત્રણ હજાર લોકો માટે ભાખરી, રોટલા, થેપલાં, પૂરી વગેરે બનાવવાં રાજકોટનું મહિલા મંડળ ઘડિયાળની જેમ કાર્યરત રહ્યું.

સમાજસેવાના આ કાર્યે આખા વિશ્વનું ધ્યાન તો ત્યારે ખેંચ્યું કે જ્યારે તા. ૨૫/૮ના રોજ આવેલી રમજાન ઈદના દિવસે સંતોએ જાતે રસોઈ બનાવી ૫,૦૦૦ મુસ્લિમ બિરાદરોને દાળ, ભાત, શાક તથા બુંદીનું પાકું જમણ સ્વહસ્તે પીરસીને જમાડ્યું!! આ પ્રસંગે પ્રસરાવેલી સ્વામીશ્રીના સદ્‌ભાવ-સમભાવની સુગંધે સૌનાં મસ્તક ઝુકાવી દીધાં.

આમ, મોરબીની રેલ હોનારત પ્રસંગે સ્વામીશ્રીએ ચલાવેલા રાહત-કાર્યથી સમાજસેવાના ક્ષેત્રને નવાં જ નકશા-કક્ષા મળ્યાં.[૧૧]

એમાં નથી રંચકમાત્ર ભૂલ્ય

મોરબીમાં સમાજસેવાની સરિતાને ખુલ્લી મૂકનારા સ્વામીશ્રી વડોદરામાં તા. ૧૩/૮ની સવારે પોણા નવ વાગ્યે તો પારાયણ માટે કાછિયા વાડીમાં પધારી ગયા, પણ હજી શ્રોતાઓ આવ્યા નહોતા. આ જોઈ એક હરિભક્તે સ્વામીશ્રીને કહ્યું : 'બાપા! મોટા માણસો તો સભા ભરાય પછી આવે. ત્યાં સુધી બીજે બેસી રહે.'

'આપણે ક્યાં એવું છે? આપણે તો વહેલા આવીએ. ભજન-કીર્તન કરીએ ત્યાં બીજા આવી જાય.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓ મિથ્યાચારથી જોજનો દૂર હતા. સહજ-સ્વાભાવિક રીતે જિવાતા સ્વામીશ્રીના જીવનમાં શોભા-મોભા માટે કશું જ ન થતું.

તેથી જ તા. ૧૪/૮ની સવારે તેઓની પ્રાતઃપૂજા બાદ અમેરિકાનો એક બાળક આરતી ઉતારવા સામે આવી ગયો ત્યારે સ્વામીશ્રી પૂજાના આસન પરથી તરત ઊભા થઈ ગયા. તે બાળકનો હાથ પકડીને પોતે જ પૂજામાં પધરાવેલા ઠાકોરજીની આરતી તેની સાથે ઉતારવા લાગ્યા.

---

૧૧. સ્વામીશ્રીની પ્રેરણાથી મોરબીમાં વહેલી સમાજ-સેવાની આ સરિતામાં અવગાહન કરવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

આ સ્વામી-સેવકભાવ સાથે આજે પારાયણની પૂર્ણાહુતિ કરીને સ્વામીશ્રી મેયરના નિમંત્રણથી કમાટીબાગમાં નગરપાલિકા દ્વારા નિર્મિત પ્લેનેટેરિયમમાં પગલાં કરવાં પધાર્યા. તેને અનુસરતાં તેઓએ તા. ૧૫/૮ના રોજ જન્માષ્ટમી ઊજવી.

આ દિવસે સ્વામીશ્રી મંદિરમાં ઠાકોરજીનાં દર્શને પધાર્યા ત્યારે તેઓએ કરેલા નિર્જળા ઉપવાસના સંદર્ભમાં સંતોએ કહ્યું : 'આપણે જમીએ નહીં એટલે ઠાકોરજીને ફાવે નહીં.'

આ ગમ્મતના જ શબ્દો હતા, પણ તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'મહારાજને તો તપ વહાલું. આપણે ઉપવાસ કરીને એમને જમાડવા. એમણે તપ કર્યું તો અત્યારે થાળ આવે છે.'

આ શબ્દો દ્વારા પ્રેમલક્ષણા ભક્તિ ઝળકાવતાં તેઓ પૂજારીના ભંડકિયામાં દૃષ્ટિ કરવા પધાર્યા. તે વખતે અહીં પડેલું મીઠાઈનું એક પડીકું જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'આપણે જોવાય નહીં. (જમવાનો) સંકલ્પ થાય તો પણ ઉપવાસ તૂટી જાય.'

વ્રત-નિયમના પાલનમાં તેઓ દેહથી તો ઠીક, મનથીયે અભંગ-અણિશુદ્ધ રહેતા. *'એમાં નથી રંચકમાત્ર ભૂલ્ય...'* જેવા સ્વામીશ્રીના જીવનની જોડ ઝટ જડે એમ નથી.

આજ્ઞામાં બધું જ રહ્યું છે

તા. ૧૬/૮ની સવારે ઉપવાસનાં પારણાંમાં કથામૃત પીરસતાં સ્વામીશ્રીએ કહ્યું :

''સુતારને લાકડું ઘડવા આપ્યું હોય ત્યારે વારે વારે પૂછવું નહીં કે 'ઘડ્યું કે નહીં?.. ઘડ્યું કે નહીં?..' એ મૂડમાં આવશે ત્યારે ઘડી દેશે. ધીરજ રાખવી. નહીંતર બગાડી દે.

ભગવાન અને સંત કારીગર છે. તેમને એક વાર મન સોંપી દેવું. તેમને મૂડ આવશે ત્યારે ઘડી દેશે. 'કેમ થતું નથી? ક્યારે થશે?' તેવી શંકા કરવી નહીં. તેમની આજ્ઞા પ્રમાણે માળા, માનસી, ભજન કર્યાં કરવું. આજે આંબો વાવીએ ને તરત કેરી ન મળે. કલમમાંય બે વરસ લાગે છે. ફેક્ટરી કરીએ ને તરત પૈસા ન આવે. માટે વિશ્વાસ રાખી ભજનમાં મંડવું તો વાસના ટળી જાય. તરત ને તરત ન ટળે. 'ભગવાન અને સંત સાચા છે' એમ માની મંડવું.

વાસના ટાળવા માટે તો 'ભક્ત્યાનુવૃત્ત્યા' – ભગવાન ને સંતની અનુવૃત્તિ પાળવી તે જ ભક્તિ છે.

મોટા અક્ષર સ્વામીને શાસ્ત્રીજી મહારાજે મંદિરના પથરા ઉપાડવા આજ્ઞા કરેલી. દસ મણનો પાટડો એકલા ઉપાડે તેવા બળિયા હતા. પથરા ઉપડાવી તેમને જ્ઞાન આપી દીધું. વચનામૃતના પગી(જાણકાર) થઈ ગયા! કલાકો વાતો કરે ને થાકે નહીં! શાસ્ત્રીજી મહારાજ તો મંદિરનાં કારખાનાંનાં કામમાં, ખેતીનાં કામમાં, નીંદવા, કરબડી ફેરવવા સંતોને મોકલતા. કોઈએ એમ ન કહ્યું કે 'અમે કાંઈ કરબડિયું ઝાલવા આવ્યા છીએ?' બધાએ પ્રેમથી સેવા કરી તો જ્ઞાન ઉદય થઈ ગયું! આજ્ઞામાં બધું જ રહ્યું છે. આપણી રીતે બ્રહ્મરૂપ ન થવાય. શરણાગતિ સ્વીકારવી જોઈએ. ભગતજી કહેતા કે 'સ્વામીની જીભ વળે તેમ મારો દેહ વળે.' આપણે તો આપણી જીભ પ્રમાણે ગુરુનો દેહ વળાવીએ છીએ.''

આમ, *'જે ગમે પ્રભુ પ્રગટને, તેમ જનને કરવું જરૂર...'*નો સૂર છેડી સ્વામીશ્રીએ કલ્યાણની કેડી કંડારી આપી.

સાદા-સરળ શબ્દોની પ્રચંડ શક્તિ

મોરબીના સેવાયજ્ઞમાં સ્વામીશ્રીની આજ્ઞાથી સંતો-સ્વયંસેવકોએ આહુતિ આપી દીધેલી. છતાં રાજ્યના મંત્રીઓએ સ્વામીશ્રી સમક્ષ હાથ લંબાવતાં કહ્યું કે 'સરકાર તરફથી કાર્ય થાય છે, પણ હજુ ઘણા વિશ્વાસુ સ્વયંસેવકો જોઈએ છે, તો આ સંસ્થા આપે.'

સ્વામીશ્રીના કાર્યકાળમાં નેતાથી લઈને નાગરિક સુધીના અવારનવાર આમ કહેતા કે 'સરકારને પ્રમુખસ્વામીની જરૂર છે, પ્રમુખસ્વામીને સરકારની નહીં... જે કામ સરકાર ન કરી શકે તે પ્રમુખસ્વામી કરે છે...'

આવા ઉદ્‌ગારોમાં સ્વામીશ્રીની વિશ્વંભર પ્રતિભાનું દર્શન થતું. સાધુને સમાજની ધરી કહ્યા છે – એ વાત તેઓએ સવા સો ટકા સત્ય ઠેરવેલી.

તેથી આ વખતે પણ સરકારે તેઓ સમક્ષ સ્વયંસેવકો માટે ધા નાંખી. તે સાંભળીને સ્વામીશ્રીએ રેડિયો પર અપીલ કરી કે – 'મોરબી અને આજુબાજુના વિસ્તારમાં પૂરગ્રસ્ત પીડિતોનો પ્રશ્ન એ કેવળ ગુજરાતનો પ્રશ્ન નથી, પરંતુ સમગ્ર ભારતની તે આફત છે. જળસંકટના પ્રથમ દિવસથી સંસ્થાના સાધુઓ અને યુવકો આફતગ્રસ્તોને સર્વ પ્રકારની રાહત માટે તનતોડ સેવા આપી રહ્યા

છે, પરંતુ અત્યારે આ રાહતકાર્યમાં વિશેષ સ્વયંસેવકોની તાત્કાલિક જરૂર છે. આથી બોચાસણવાસી શ્રી અક્ષર-પુરુષોત્તમ સંસ્થાના યુવકો તથા અન્ય સંસ્થાઓના તમામ સેવાભાવી યુવકોને અપીલ કરીએ છીએ કે અત્યારે મોરબી અને તેની આજુબાજુના વિસ્તારમાં રાહતકાર્ય કરવા માટે પહોંચી જાય. અત્યારે આ સેવા એ પરમાત્માની સેવા છે, પરમાત્માની સાચી ભક્તિ છે.'

આકાશવાણી દ્વારા સ્વામીશ્રીના આ શબ્દો હવામાં ગુંજતા થયા તે સાથે જ ગામોગામથી સત્સંગીઓ મોરબીના માર્ગે ધસી ગયા. છેવટે ધસમસતાં પૂરની જેમ ઊમટેલા એ માનવપ્રવાહને ખાળવો પડ્યો. તે વખતે ગુજરાતને સ્વામીશ્રીના સાદા શબ્દોમાં રહેલી અપ્રતિમ તાકાતનો પરિચય મળ્યો.

સમાજસેવાની સાથે સ્વામીશ્રીએ આ અરસામાં દ્વિશતાબ્દીનો ગોવર્ધન પણ તોળેલો. તેની પ્રવૃત્તિને વેગ આપતાં તેઓએ તા. ૧૭/૮ના રોજ અમદાવાદ મુકામે નવાં નવ પુસ્તકો ઉદ્ઘાટિત કર્યાં. આ વર્ષે સંસ્થા દ્વારા દર પાંચ દિવસે એક શિષ્ટ પુસ્તકની ભેટ સમાજને મળતી રહેલી, જેની ગુજરાતના સાક્ષરોએ પણ મુક્તકંઠે પ્રશંસા કરી.

અમે લેવા નહીં, આપવા આવ્યા છીએ

સમાજસેવા અને સાહિત્યસેવાની સરિતાઓ સમાંતરપણે વહાવી રહેલા સ્વામીશ્રીનાં દર્શન માટે, તા. ૧૯/૮ની સવારે શ્રી રવિશંકર મહારાજ દોડી આવ્યા. સમાજના સન્માનનીય આ ૯૬ વર્ષીય લોકસેવકને સ્વામીશ્રી વારંવાર કહેતા કે 'અમે આપને મળવા આવીશું. તમારે ન આવવું.' છતાં સ્વામીશ્રી વિષેના સ્નેહાધિક્યથી શ્રી રવિશંકર મહારાજ ઘણી વાર સામેથી મળવા આવી પહોંચતા.

આજે પણ એ જ રીતે ઉપસ્થિત થયેલા તેઓનો આદર ઝીલી સ્વામીશ્રી અમદાવાદથી રાજકોટ પધાર્યા.

અહીંથી તેઓ તા. ૨૨/૮ના રોજ મોરબીના અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે જવાના હતા. અત્રે તેઓને ખૂણે-ખૂણે પહોંચવું હતું. તેથી ત્યાં વધુ સમય ફાળવવાની ગણતરી સાથે સ્વામીશ્રી આજે સવારથી જ પોતાના દૈનિક ક્રમમાં ઉતાવળા હતા.

એ જ ત્વરામાં તેઓ રામજીભાઈ મેપાના નવા મકાનમાં પધરામણી કરવા પહોંચ્યા, પરંતુ ઘર નવું હોવાથી તેઓએ ઠાકોરજીને લઈ ચાલી રહેલા

ઈશ્વરચરણદાસ સ્વામીને કહ્યું: 'તમે આગળ થાઓ.'

આ સમયે સૌને સમજાયું કે ગમે તેટલી ઉતાવળમાંય સ્વામીશ્રી તો ભગવાનમાં જ સ્થિર હોય છે.

આ સ્થિરતા સાથે હરિભક્તનું ઘર પ્રાસાદિક કરીને તેઓ મોરબી પહોંચ્યા ત્યારે પૂર્વે કળાયેલા મોરની જેમ શોભતી મયૂરપુરીના હાલ અત્યારે તો પીંખાયેલા મોર જેવા થઈ ગયેલા. તે જોઈ સ્વામીશ્રીનું ઋજુ હૃદય દ્રવી ઊઠ્યું. તેઓ સૌ પ્રથમ મણિમંદિર પાસેના સંસ્થા સંચાલિત ટી સ્ટૉલ પર ગયા. સ્વામીશ્રીનાં દર્શન થતાં જ અહીં સેવા આપતા સ્વયંસેવકોના મનમયૂર નાચી ઊઠ્યા. સ્વામીશ્રીએ તે સૌને માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા. તેથી સ્વયંસેવકોને સેવાનો શિરપાવ મળી ગયાનો આનંદ થઈ રહ્યો.

અહીંથી મણિમંદિરની મુલાકાત લઈ સેક્ટર 'એ'માં પધારેલા સ્વામીશ્રીનું સ્વાગત આ વિસ્તાર સંભાળી રહેલા મેજરશ્રી ઍબોટે કર્યું. મહેન્દ્ર પ્લોટ, વસંત પ્લોટ, લાતીપુરા, સાવરકર પ્લોટ, વાઘપુરા, કાલિકા, મફતપુરિયા, શક્તિ પ્લોટ, દાઉદી પ્લોટ વગેરેનો સમાવેશ કરતા આ સેક્ટરના રાહતકાર્યમાં મુખ્યમંત્રીની સૂચનાથી સંસ્થાના સ્વયંસેવકોને મૂકવામાં આવેલા. તેઓના સીધા અને સુખદ અનુભવથી પ્રભાવિત લશ્કરી મેજરે પોતાની જ જીપમાં બેસાડી સ્વામીશ્રીને પૂરગ્રસ્ત વિસ્તારોમાં ફેરવ્યા.

તે વખતે તેઓનાં દર્શન થતાં જ સ્વયંસેવકો ઉત્સાહમાં આવી કાદવ-કાટમાળ વચ્ચે જ દંડવત કરવા મંડી પડતા. આ દર્શનથી મોરબીવાસીઓને સ્વયંસેવકો અને સ્વામીશ્રી – ફળ અને વૃક્ષ બંનેનો મહિમા સમજાયો. સ્વામીશ્રી પણ યુવકોનાં શરીરે ચોંટેલા કીચડને *'નહીં ગારો તે ચંદન ધારું...'* સમજી સૌને શિરે-શરીરે આશીર્વાદનો અભયહસ્ત પ્રસારતા ગયા.

હોનારતમાં પાયમાલ થયેલા કેટલાંક ઘરોમાં પણ તેઓ પહોંચ્યા. જ્યાં જાય ત્યાં સ્વામીશ્રી સૌને આશ્વાસન આપતા જાય કે 'જે કંઈ જોઈએ તે કહેજો.' તેઓની આ સહાનુભૂતિ અને સહાયથી ઉપકૃત થયેલા ભાવિકો જ્યારે ભેટ ધરે ત્યારે તેનો સવિનય અસ્વીકાર કરતાં સ્વામીશ્રી કહેતા: 'અમે લેવા નહીં, આપવા આવ્યા છીએ.'

જેની મતિ અતિ મોટી ઘણી

અસરગ્રસ્તોની મુલાકાત-યાત્રા દરમ્યાન એક દરજીનો દરવાજો

આવ્યો. તે ઘરમાં સાફસૂફી કરી રહેલા સ્વયંસેવકો સ્વામીશ્રીને જોતાં જ પગે લાગવા દોડી આવ્યા, સાથે પેલા દરજીભાઈ પણ.

તેઓએ સ્વામીશ્રીનાં ચરણોમાં માથું ટેકવતાં કહ્યું: 'મારા ઘરમાંથી સાત જણ મરી ગયા છે. મેં યોગીબાપા પાસે કંઠી બંધાવેલી. પછી તો ચરાડવાનું સ્વામિનારાયણ મંદિર નજીક પડે એટલે ત્યાં જતો.'

'બહુ સારું. ત્યાં પણ સ્વામિનારાયણ ભગવાનનું જ ભજન થાય છે ને!' સ્વામીશ્રી બોલ્યા.

'જેની મતિ અતિ મોટી ઘણી...' એવા તેઓમાં સંકુચિતતા શેં સંભવે?

આ ઉદારતા સાથે બપોરે પોણા બે વાગ્યા સુધી સ્વામીશ્રી મોરબીના ખૂણે-ખૂણે ઘૂમતા રહ્યા. કોઈ પણ પરિસ્થિતિનું સ્થળ પર જઈને આકલન કરવાની વૃત્તિ ધરાવતા તેઓએ મદદ તો મોકલી, પરંતુ મિલનનું કામ પણ બાકી ન છોડ્યું!

તે પૂર્ણ કરી સ્વામીશ્રી બપોરનું ભોજન સંસ્થાની છાવણીમાં લઈ, ધ્વસ્ત થયેલા મચ્છુ બંધની મુલાકાતે ગયા. અહીં તેઓએ જળ મસ્તકે ચડાવી ધૂન કરી કે 'પૂરમાં ગુજરી ગયેલા સૌની સદ્‌ગતિ થાય અને જલદીથી બંધ બંધાઈ જાય.'

ત્યારબાદ તેઓ સંસ્થાની છાવણીમાં યોજાયેલી સભામાં પધાર્યા ત્યારે અત્રે ઉપસ્થિત કૃષિમંત્રી શ્રી કેશુભાઈએ વિનંતી કરી કે 'સ્વામી! હજી પણ ચારેક દિવસ આ યુવાનોને રાખો.'

'જે યુવાનોને ઘેર કામ હોય તે જશે ને તેને બદલે બીજા ગોઠવી દઈશું.' સ્વામીશ્રીએ કહ્યું.

નેતા અને નાગરિક – બંનેનું સાચવનારા હતા તેઓ!

સ્વામીશ્રીની આ કૃપાથી આભારવશ એ મંત્રીએ સ્વયંસેવક સભામાં જણાવ્યું કે 'આપ સૌએ કુટુંબ, નોકરી, રોજગારીની ચિંતા કરી નથી. તમને જેટલા ધન્યવાદ આપું એટલા ઓછા છે. તમારાં ગુણગાન ગાવા મારી પાસે શબ્દો નથી.'

પોતાના વચને મરજીવા બનીને સેવાપ્રવાહમાં વહેતું મૂકનારા આ સ્વયંસેવકો પર સ્વામીશ્રીએ પણ આશીર્વાદ વરસાવ્યા કે –

'આપ સર્વેએ ખૂબ ભાવથી સુંદર કામ કરી બતાવ્યું, એટલે બધા રાજી થયા છે. ઘણા મુસલમાનો, ભરવાડો અમને મળ્યા. તેઓ પણ ઘણા રાજી થયા છે. અમે સવારે નજરે જોયું, તેથી સંતોષ થયો છે. આપણે સેવા કરી છે તે

ભગવાનની સેવા છે. તેમાં અક્ષરધામનું સર્ટિફિકેટ મળશે. આપણાં દેહ, કુટુંબ, પરિવાર માટે કામ કરીએ છીએ તેમ આ સર્વને કુટુંબી સમજવા. નિરાધારને આધાર આપવો. તેનું ફળ હજારગણું મળશે.

અત્યારે આપણે કોઈ ઘરનો વિચાર કરશો નહીં. ત્યાં ભગવાન બધું સંભાળશે અને ભગવાન કામ કરશે. આ સેવાથી શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ રાજી થશે અને ભવિષ્યમાં પણ એવો આનંદ થશે. તો આપણને કદાચ સૂવાની, ખાવાની, બેસવાની અગવડ પડે પણ એની પરવા કર્યા સિવાય આ એક સેવા આપણને મળી છે, માટે બરોબર કરજો. આ કાર્ય પણ આપણું પોતાનું જ કાર્ય છે. આ કાર્ય આપણે કરીએ છીએ એ કાંઈ કોઈને બતાવવા માટે નથી, અગર કોઈને ઉપકાર માટે પણ નથી. કેવળ શ્રીજીમહારાજને રાજી કરવા આપણે કરીએ છીએ – એમ માનીને સર્વ આ કાર્ય કરશો.'

સ્વામીશ્રીના વક્તવ્યમાં છલકાતી ભાવનાથી સૌ ચકિત થઈ ગયા. આફતગ્રસ્તને કંગાલ-બેહાલ નહીં, પણ કુટુંબી સમજીને, તેમાં ભગવાનનાં દર્શન કરતાં કરતાં સેવા કરવાનું શીખવી ગયા છે સ્વામીશ્રી. સમાજસેવા તેઓ માટે ઉપકાર કરવાની નહીં, પણ ભગવાનને રાજી કરવાની તક હતી. સમાજ-સેવાને તેઓએ આપેલી આ ઊંચાઈ અને ગહેરાઈનો જોટો જડે એમ નથી.[૧૨]

જેનો સ્નેહ સંપૂરણ સાચો

મોરબીથી રાત્રે પોણા અગિયાર વાગ્યે અમદાવાદ પહોંચેલા સ્વામીશ્રીની અહીં હજી તો પથારી પથરાય તે પહેલાં તેઓને સલાડ-નિવાસી મણિભાઈના અક્ષરવાસ થયાના સમાચાર મળ્યા. તે સાંભળતાં જ મંદિરના લીંબડા નીચે બાંકડા પર બેસી ગયેલા સ્વામીશ્રી ઊંડી ઉદાસીમાં સરી પડ્યા.

તેઓએ ડૉક્ટર સ્વામી સાથે મળીને વિચારણા કરી રાખેલી કે 'અમદાવાદ પહોંચ્યા બાદ મણિભાઈને મુંબઈની જસલોક હૉસ્પિટલમાં લઈ જઈને સારવાર કરાવવી.' પરંતુ અહીં આવતાં જ તેઓના ધામગમનની વાત

૧૨. મોરબીના આફતગ્રસ્તોને શાતા-શાંતિ પમાડવા દોડી ગયેલા સ્વામીશ્રીની એ ઐતિહાસિક મુલાકાતને માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

મળતાં સ્વામીશ્રી વ્યથિત થઈ ગયા. કોઈ સંતે પીવા માટે ધરેલું પાણી પણ તેઓના ગળા નીચે ઊતરી ન શક્યું! તેઓએ ખ્યાલો ઠેલી દીધો અને રાત માથે લઈને ઠીકરિયા જવા પ્રસ્થાન કર્યું.

દિવસના આરામની આહુતિ તેઓએ મોરબીના અસરગ્રસ્તોની સંભાવના માટે આપેલી. રાત્રિનો આરામ તેઓએ સત્સંગીની સંભાવના માટે હોમી દીધો. તેઓએ આખું જીવન આમ જ વિતાવેલું!

આખી રાતનો ઉજાગરો વેઠી સ્વામીશ્રી સવારે સાડા પાંચ વાગ્યે ઠીકરિયા પહોંચ્યા ત્યારે અહીં મુક્તરાજ મણિભાઈનું પાર્થિવ શરીર જોતાં જ તેઓની ભક્તવત્સલતાએ ફરી ઊથલો માર્યો. તેઓનું મુખારવિંદ ભાવાર્દ્ર બની ગયું. મણિભાઈના દેહને સ્વામીશ્રીએ સ્વહસ્તે પંચામૃતથી સ્નાન કરાવ્યું. ચંદન-પુષ્પથી પૂજન કર્યું. અક્ષરવાસીના દીકરાઓએ નનામીની તૈયારી કરી રાખેલી, પણ સ્વામીશ્રીએ કહ્યું: 'તમારા ઘરના ઉપલા મેડે લાકડાંની બે ખુરશીઓ છે. તેમાંથી એક લઈ આવો.'

સ્વામીશ્રીને ભક્તોના ભવનની પણ રજેરજ ખબર! જનસામાન્ય દુનિયામાંથી વિદાય લે એ રીતે તેઓને પોતાના આ સબળ સાથીદારને વિદાય નહોતી આપવી. તેથી સ્વામીશ્રીએ મણિકાકાની અંતિમયાત્રા માટે પાલખી બનાવડાવી. તેમાં તેઓના પંચભૌતિક દેહને પધરાવ્યો અને ઘરની બહાર ઓસરીમાં શ્રદ્ધાંજલિ અર્પણ કરવા સભા ભરી. તેમાં સ્વામીશ્રીએ ગળગળા સાદે જણાવ્યું:

'મણિભાઈના જવાથી મને તો ઘણી ખોટ પડી છે. અમારો સત્સંગમાં સાથે પ્રવેશ થયો હતો. હું સાધુ થયો ને તેઓ સત્સંગમાં આવ્યા. 'સત્સંગ માટે શું ન થાય?' તેવી ભાવનાવાળા એ હતા. ચડતો ને ચડતો જ રંગ. કેટલાયને સત્સંગ કરાવ્યો. શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજનો અપાર મહિમા. આવા શૂરવીર ભક્તો મળવા દુર્લભ.

તેઓની આયોજનશક્તિ પણ ભારે હતી. જાતે ઘસાઈને સેવા કરતા. કથા-વાર્તામાં જબરી આસક્તિ. અટલાદરા મંદિરનો વ્યવહાર પોતે ઉપાડી લીધો હતો.'

સ્વજનને ન સૂઝે એવું સદ્‌ગતનું ગુણદર્શન સ્વામીશ્રી કરાવી રહ્યા. ત્યારબાદ મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી વગેરે સદ્‌ગુરુ સંતો સાથે તેઓ આ મુક્તાત્માની પાલખી પોતાના ખભે ઉપાડી ઉઘાડા પગે ચાલવા લાગ્યા!

સ્વામીશ્રીની એક-એક ક્રિયા ભક્તો પ્રત્યેની તેઓની અનહદ લાગણીની સાક્ષી બનતી ચાલી. આ રીતે આખા ગામમાં અંતિમયાત્રા કર્યા બાદ, વાડામાં અક્ષરવાસીનો અગ્નિસંસ્કાર થયો તે વખતે સ્વામીશ્રીએ, અમદાવાદથી સાથે લેવડાવેલાં ચંદનનાં કાષ્ઠ ચિતા પર પધરાવી, આ ભક્તરાજની સેવાને છેલ્લી અંજલિ આપી. સૌને થયું: 'સ્વામીશ્રીએ મણિકાકાનું તમામ કામ પૂર્ણ કર્યું.'

પરંતુ સ્વામીશ્રીના મતે હજી એક કામ બાકી હતું. તેઓએ મણિભાઈના ત્રણેય દીકરાઓ – ચંદ્રકાંતભાઈ, નટવરભાઈ અને જવાહરભાઈને પોતાની પાસે બોલાવી કહ્યું : 'તમારે કંઈ પણ તકલીફ હોય તો મને ખાસ જાણ કરવી. હું તમારો બાપ જ છું એમ જાણજો.'

સ્વામીશ્રીના સાંનિધ્યમાં કોઈ પણ સત્સંગીને અનાથપણાનો અનુભવ નહોતો થયો.

સૌને સદા સનાથ રાખતા તેઓએ આજે ઠીકરિયાથી અટલાદરા જઈ સ્નાન-પૂજાથી પરવારીને, છેક બપોરે સાડા બાર વાગ્યે પાણીનું ટીપું મોંમાં મૂક્યું. એક સત્સંગીને મરણોત્તર અંજલિ આપવા સ્વામીશ્રીએ ઉઠાવેલો ગઈકાલથી આજ સુધીનો ભીડો, સૌને *'જેનો સ્નેહ સંપૂરણ સાચો...'*ની પ્રતીતિ કરાવી ગયો.

આવો, અમે તૈયાર બેઠા છીએ

અટલાદરાથી અમદાવાદ પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૨૫/૮ના રોજ બાળકોએ યોજેલી પ્રશ્નોત્તરી કુતૂહલભર્યા પ્રશ્નો અને નિર્દોષ-નિખાલસ ઉત્તરોથી ઘણી જ રસપ્રદ બની રહી. એ રસબિંદુઓનો કનક-કટોરો આમ ભરાયો:

- બાપા ! તમને જમવામાં શું શું ભાવે ?
  'મહારાજને ધરાવાય તે જમીએ.'
- સ્વામી ! તમારું અક્ષરધામ ક્યાં છે ? ત્યાં રમવાનું મળે ?
  'તમને પ્રશ્ન પૂછતાં ન આવડ્યો. 'શ્રીજીમહારાજનું અક્ષરધામ ક્યાં છે ?' તેમ પૂછવું. આપણું અક્ષરધામ હોત તો ફાંફાં શું કામ મારવાં પડે ?'

વાતવાતમાં પણ સ્વામીશ્રી સિદ્ધાંત ચૂકતા નહીં. તેની સ્પષ્ટતા બાળકોની ગળથૂથીમાં ઉતારીને ઉત્તર આગળ ધપાવતાં તેઓ બોલ્યા:

'મહારાજનું અક્ષરધામ ગુણાતીત છે. ત્યાં તો મહારાજનાં દર્શન કરવાનાં હોય છે. બીજું કંઈ રમવાનું હોતું નથી. બાળમંડળમાં આવીએ તો અક્ષરધામમાં જ બેઠા છીએ તેમ સમજવું. મહારાજની મૂર્તિ સામે જોઈ રહીએ એટલે રમવાનું મન ન થાય.'

- બાપા ! તમને સાધુ થવાની પ્રેરણા કેવી રીતે મળી ? અમને મળે ?

'આવો, અમે તૈયાર બેઠા છીએ.'

સ્વામીશ્રી જ્યાં આમ બોલ્યા ત્યાં તો એક બાળક ઊભો થઈ ગયો. તે જોઈ સભામાં હાસ્યનું મોજું પ્રસરી ગયું. એ હાસ્યના હલેસે જ ઉત્તર આગળ વધારતાં સ્વામીશ્રીએ કહ્યું :

'શાસ્ત્રીજી મહારાજની વાતો સાંભળી સાધુ બનવાની પ્રેરણા થઈ. આપણું તાન હોય તો તેઓ વાત કરે.'

- તમને બધા 'બાપા' કેમ કહે છે ?

'યોગીબાપાના આશીર્વાદ મળ્યા એટલે 'બાપા' થઈ ગયા.'

- ભગવાનની મૂર્તિ પાછળ ચક્ર દેખાય છે. તમારામાં ભગવાન રહ્યા છે, તો તમારી પાછળ ચક્ર કેમ દેખાતું નથી ?

'આપણે સેવક છીએ, તેથી ચક્ર ન દેખાય. ભગવાન સમર્થ છે. તે બધું દેખાડે. આપણે સેવક બનવું, ભગવાન બનવું નથી.'

સ્વામીશ્રીના પ્રત્યેક ઉત્તરો તેઓની આગવી પ્રતિભા ઉપસાવી રહ્યા.

હેત હૈયામાં નથી સામતું

તા. ૨૬/૮ની સાંજે અમદાવાદના વિવિધ વિસ્તારોમાં પધરામણી કરવા નીકળેલા સ્વામીશ્રીને અચાનક પેટ અને છાતીમાં દુઃખાવો શરૂ થયો. તેની પ્રાથમિક તબીબી તપાસમાં વિશેષ ચિંતાજનક કંઈ ન જણાયું, છતાં સાવચેતીરૂપે ડૉક્ટરોએ થોડા દિવસ સુધી ઓછું બોલવાની અને વિચરણ ન કરવાની સલાહ આપી. પરંતુ મણિનગર અને રાણીપમાં અગાઉથી કાર્યક્રમો ગોઠવાઈ ગયેલા. તેથી સ્વામીશ્રી જે તે હરિભક્તના ઘેર પધાર્યા જ અને તેઓના મનોરથ પૂર્ણ કર્યા. શારીરિક કષ્ટોની પાળ તેઓની લાગણીના પ્રવાહને રોકવામાં સદા અસમર્થ પુરવાર થતી.

તેથી જ તો તા. ૨૯/૮ના રોજ સ્વામીશ્રી અમદાવાદથી વિદાય લઈ સોખડામાં લાભ આપતાં સોજિત્રા પહોંચી ગયા. અહીં યોજાયેલા પંચદિવસીય

પારાયણના યજમાનને પણ તેઓએ નિરાશ ન કર્યા.

આ રોકાણ દરમ્યાન જ તેઓએ તા. ૩૦/૮ની સવારે ખાતમુહૂર્ત દ્વારા મંદિરની ગતિવિધિનાં શ્રીગણેશ કરી દીધાં.

અલબત્ત, સોજિત્રાના મુકામ વખતે સ્વામીશ્રીને ત્રણ વાર આણંદ મુકામે તબીબી તપાસ માટે જવાનું થયું. તે ક્રમમાં તા. ૧/૯ના રોજ તેઓના મુખેથી શબ્દો સરી પડ્યા: 'પરદેશ ગયા પછી શરીર બગડી ગયું. થોડા પરિશ્રમની અસર થઈ જાય છે.'

સન ૧૯૭૭ના વિદેશ-વિચરણમાં રાત-દિવસ જોયાં વગર સ્વામીશ્રીએ વેઠેલો ભીડો તેઓના શરીર પર ઘણા ઘા મારી ગયેલો.

છતાં સોજિત્રાથી તેઓ તા. ૨/૯ની સાંજે સારંગપુર જવા માટે નીકળવા તત્પર થયા. તે વખતે આ પ્રવાસમાં સાથે આવનારા મુમુક્ષુ શાંતિભાઈ ગોસલિયાની ભલામણ કરતાં સ્વામીશ્રીએ સંતોને કહ્યું: 'તેઓના પગે ખોડ છે. માટે તેમને બેસતાં ફાવે એટલે મોટરમાં આગળ બેસાડજો.'

ભક્તોની નાની-મોટી તકલીફો હરહંમેશ સ્વામીશ્રીના ધ્યાનમાં રહેતી. પોતાની માંદગીમાં પણ તેઓ તેનો પૂરેપૂરો ખ્યાલ રાખતા. તેઓની આવી લાગણી *'હેત હૈયામાં નથી સામતું...'*ની સ્વામીશ્રીની પ્રકૃતિનો અનુભવ કરાવતી.

આ ત્રણ વાત ડાયરીમાં નોંધી લેવી

સારંગપુરમાં તા. ૩/૯ના રોજ જળઝીલણી એકાદશીનો ઉત્સવ ઊજવી સ્વામીશ્રી બપોરના બે વાગ્યાથી સાડા પાંચ વાગ્યા સુધી ભક્તોને મળતા રહ્યા અને સૌની દિલદાહ બુઝાવતા રહ્યા. એકાદશીના દિવસે બપોરે નહીં સૂવાની તેઓની દૃઢતાને માંદગી પણ હચમચાવી ન શકી!

આવા ટેકીલા સ્વામીશ્રી તા. ૪/૯ની સવારે શણગાર આરતી ઉતારવા પધાર્યા ત્યારે સંત સ્વામીએ તેઓને કહ્યું: 'શાસ્ત્રીજી મહારાજના બે સંકલ્પ છે. એક તો અહીં મંદિરમાં બધાં સિંહાસનો સોનાનાં થાય અને બીજું, ભવ્ય સભામંડપ થાય. મહારાજ તમને વશ વર્તે છે. માટે આ બે સંકલ્પો પૂરા કરજો.'

આ 'સંત'વાણી સાંભળી સ્વામીશ્રી હળવા હાસ્ય સાથે 'મહારાજ કરશે' કહેતાં નીચે ઊતર્યા.[૧૩]

---

૧૩. ગુરુના આ બંને સંકલ્પો સમયાંતરે સ્વામીશ્રીએ પૂર્ણ કર્યા તે આજે જોઈ શકાય છે.

અત્રે આજની સાંજે તેઓએ મુદ્દાની વાતો સંભળાવી કે –

'આપણે ત્રણ વાત ઉપર ધ્યાન રાખવું. એક તો આપણે કોના માટે અને શું કામ મુંડાવ્યું છે? અક્ષર-પુરુષોત્તમ મહારાજ અને યોગીજી મહારાજ માટે. એટલે તે ઉપર જ બધું ધ્યાન રાખવું. સમાજ-સેવા કે બીજું જે કંઈ કરીએ તે ગૌણ છે. મુખ્ય તો આપણા જીવના મોક્ષ માટે અને મહારાજ, સ્વામી તથા યોગીજી મહારાજને રાજી કરવા મુંડાવ્યું છે તેનો ખૂબ ખ્યાલ રાખવો. આની આગળ બીજું બધું જ ગૌણ છે.

બીજું, શિસ્ત. આજ્ઞા એટલે આજ્ઞા. ગમે તેટલું સારું કામ થતું હોય, સમાસ થતો હોય, ઘણા રાજી થતા હોય, બીજાનો આગ્રહ હોય, પણ જ્યાં આજ્ઞા આવે એટલે તરત જ મૂકી દેવું, તેની જરા પણ મહોબત રાખવી નહીં. પાંચસો પરમહંસોએ પણ મનધાર્યું મૂકી દીધું છે. આપણે કોઈ વાત ઉપર ચોંટી ન રહેવું. કોઈને રાજી કરવાનું તાન ન રાખવું.

ત્રીજું, મર્યાદા. આપણે સાધુ-સત્સંગી છીએ એટલે આપણી સાધુ-સત્સંગી તરીકેની મર્યાદા, ધર્મ-નિયમ કોઈ દિવસ ન લોપવા. ધર્મ-નિયમના ભોગે સત્સંગ કરાવવો નહીં કે કોઈ બીજી સમાજ-સેવા પણ ધર્મ-નિયમના ભોગે કરવી નહીં.

જો આ ત્રણ મુદ્દા ભુલાશે તો સંસ્થા અને સંતનો અવગુણ આવશે ને પડી જવાશે. આ ત્રણ વાત ડાયરીમાં નોંધી લેવી.'

દીવાદાંડી સમા મુદ્દા સ્વામીશ્રીના મુખેથી સરી પડ્યા.

અહોનિશ પ્રભુપદ અનુરાગી

છેલ્લા કેટલાક દિવસોથી સ્વામીશ્રીને પીડી રહેલી બીમારીના નિદાનમાં પિત્તાશયની કમજોરીનું કારણ ધ્યાનમાં આવેલું, પરંતુ 'ત્રણેક મહિનાના ઉપચારથી તે સદંતર નાબૂદ થઈ જશે' તેવી વાત તબીબોએ ઉચ્ચારતાં સૌનાં હૈયાં હેઠાં બેઠેલાં. વળી, હમણાં થોડા દિવસ સારંગપુરમાં જ રોકાણ હોવાથી સ્વાસ્થ્યમાં સુધારો ઝડપી રહેશે તેવી સૌને આશા હતી.

અહીં રોજ સવાર-સાંજ શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિમંદિરે જવાનો સ્વામીશ્રીનો નિત્યક્રમ રહેતો. તેમાં પણ સાંજના સમયે દર્શન બાદ તેઓ થોડી પ્રદક્ષિણા ફરી સંતો-ભક્તો સાથે ગોષ્ઠી કરતા. તેથી આ સાયંસત્રનું સૌને ઘણું આકર્ષણ રહેતું.

એક વાર આવી જ એક સાંજે તેઓ સ્મૃતિમંદિરે પધાર્યા ત્યારે સંતો શિખરના પથ્થર ચડાવવાનું કામ કરી રહેલા. તે જોઈ સ્વામીશ્રીએ પણ સીડી દ્વારા એક યુવાનની જેમ સડસડાટ ઉપર ચઢી સૌને પ્રેરણા-પ્રોત્સાહન આપ્યાં.

આ સમયે સંતોએ શ્રીફળ ધરતાં સ્વામીશ્રીએ તે વધેર્યું. તેની શેષ કાઢી સંતોએ સ્વામીશ્રીને આરોગવા આપી ત્યારે તેઓએ પૂછ્યું: 'ઠાકોરજીને ધરાવ્યું?'

આ સાંભળતાં જ સૌનો હાથ પાછો પડ્યો. ટોપરાના ટુકડા નીચે સ્મૃતિમંદિરમાં ધરાવવામાં આવ્યા. તે પછી જ સ્વામીશ્રી જમ્યા.

જેમ ગુલાબની એક પછી એક પાંખડીઓ ખૂલતી જાય તેમ સ્વામીશ્રીના જીવનની પળે પળે ભક્તિ ખીલતી રહેતી. તેની ફોરમથી સૌ તરબતર થઈ જતા.

'એક નંબર'ની વાત્સલ્યવર્ષા

તા. ૧૪/૯ના રોજ સ્વામીશ્રીની સૌરભ ઢાંકણિયામાં પ્રસરી. અહીં તેઓ પ્રથમ વાર જ પધારતા હોવાથી હરિભક્તોએ શાનદાર સામૈયું કરી તેઓને વધાવ્યા. આ સત્કાર સ્વીકારતા સ્વામીશ્રી સાતેક પધરામણીઓ અને સભાનો લાભ આપી, સાંજે બોટાદમાં લાલજીભાઈ કળથિયાના ઘેર ઠાકોરજી જમાડવા પધાર્યા.

આ યજમાનનો પૌત્ર હવે ટૂંક સમયમાં જ નિશાળનાં પગથિયાં ચડવાનો હતો. તે જાણી સ્વામીશ્રીએ તેના હાથમાં પેન આપી. પછી તેનો તે હાથ પોતાના હાથ વડે પકડી પાટી પર એકડો ઘૂંટાવ્યો.

તેઓની આ વાત્સલ્યવર્ષા પાટી પર અંકાયેલા એકડાની જેમ સૌ માટે એક નંબરની જ બની રહી.

સ્વામીશ્રીની આવી વાત્સલ્યધારા બોટાદ બાદ ગઢપુરમાં વરસવા માંડી.

અહીં તેઓની નિશ્રામાં તા. ૧૫/૯ના રોજ ઊજવાનારા શ્રીજી-મહારાજના સ્મૃતિપર્વની ઉજવણી નિમિત્તે, સૌને જમાડવાના દૂધપાક અંગે ભંડારી સંતે સ્વામીશ્રીને પૂછ્યું, ત્યારે તેઓએ 'બાવીસ મણ'નું માપ જણાવ્યું. પરંતુ ભક્તોનો અણધાર્યો ધસારો થવાની શક્યતા જોઈ તે સંતે તકેદારી રાખી પચીસ મણ દૂધપાક બનાવડાવ્યો.

શ્રીજીમહારાજની રમણભૂમિમાં ઘણા વખતે સ્મૃતિપર્વનો લાભ મળતો હોવાથી સ્વામીશ્રી સભામાં બરાબર ખીલ્યા. સંતો-ભક્તોનાં પ્રાસંગિક કથા-

કીર્તન બાદ તેઓએ મહારાજનાં ચરિત્રોની અદ્‌ભુત રસલહાણ કરાવી.

ત્યારબાદ સૌને વ્યક્તિગત દર્શનનો લાભ આપી 'વાસુદેવ હરે'નો સાદ પડાવ્યો. તેથી ભોજનશાળામાં એક પછી એક પંગતો બેસવા લાગી. દોઢેક કલાકમાં સૌ જમી રહ્યા ત્યારે પેલા ભંડારી સંતે જોયું તો બરાબર ત્રણ મણ દૂધપાક વધેલો ! તેમાં તેઓને પોતે ડહોળેલું ડહાપણ જ તરતું દેખાયું.

બાળકને એકડો ઘૂંટાવવાથી માંડીને હજારોને જમાડવા સુધીના વિવિધ ફલકો પર વિસ્તરેલી સ્વામીશ્રીની નિપુણતા જોઈ આજનો દિવસ ધન્ય થઈ ગયો.

નિત્ય નયો હરિજનસું પ્યાર

આ અરસામાં વરસાદની અછત હોવાથી ગઢપુરથી સારંગપુર આવવા નીકળેલા સ્વામીશ્રીએ આ આખી મુસાફરી દરમ્યાન સંતોષકારક વરસાદ વરસે તે અંગે ધૂન કરાવી.

આ રીતે પરોપકારના પંથે સારંગપુર પધાર્યાના ત્રીજા દિવસે તા. ૧૭/૯ના રોજ એકાદશી હોવાથી નિર્જળા ઉપવાસનો મનસૂબો સેવી રહેલા તેઓએ, સવાર તો કશું જ ગ્રહણ કર્યા વિના પસાર કરી દીધી. પરંતુ તબિયતની અસ્વસ્થતાને લીધે 'કંઈક ગ્રહણ કરો'ની વિનંતીનો પ્રવાહ સંતો દ્વારા બપોરના ભોજન સમયે વહેતો રહ્યો. જો કે, સ્વામીશ્રી તેમાં તણાયા નહીં.

બરાબર આ જ વખતે સંતવલ્લભ સ્વામીને જમવા માટે સંતો ફરાળ લઈ ગયા ત્યારે તેઓએ જણાવ્યું : 'પ્રમુખસ્વામી લે પછી હું લઉં.'

સ્વામીશ્રીને જમાડવા માટે આ વડીલ સંતે આવી પ્રેમભરી યુક્તિ કરતાં સ્વામીશ્રીને ન છૂટકે ફરાળ અંગીકાર કરવા બેસવું પડ્યું.

પ્રત્યેક એકાદશીને તેઓની આવી તપસ્વી પ્રકૃતિનું દર્શન થતું રહેતું. એ જ રીતે સ્વામીશ્રીની પ્રેમાળ પ્રકૃતિને નીરખવાનો લહાવો પણ પ્રત્યેક તિથિને મળતો. આજની એકાદશી પણ તેથી બાકાત ન રહી.

આજે સાંજે સ્વામીશ્રી સ્મૃતિમંદિરે દર્શન કરવા પધાર્યા ત્યારે વીજળી વેરણ થઈ ગઈ હોવાથી બેટરીના અજવાળે તેઓએ દર્શન કર્યાં. ત્યારબાદ મંદિરે પાછા વળતી વખતે પણ અંધારું હોવાથી કો'કે તેઓ આગળ બેટરી ધરી, પરંતુ તે વખતે સ્વામીશ્રીએ પૂછ્યું : 'આફ્રિકાથી આવેલા મહેન્દ્રભાઈ અને નાગજીભાઈ ક્યાં છે ?'

'પાછળ છે.'

'તો ઊભા રહો. તેમને આવવા દો. તેમને પછી અંધારામાં તકલીફ પડશે.' અંધારપટમાં સ્વામીશ્રીનો પ્રેમ આમ ચમકી રહ્યો.

તેઓ દોડતા પણ ભક્તો માટે અને અટકતા પણ ભક્તો માટે. આફ્રિકાના એ ભક્તો ન આવ્યા ત્યાં સુધી ઊભા રહેલા સ્વામીશ્રી તેઓને સાથે લઈને જ ચાલ્યા!

આપણે સારું લાંભુ આવ્યું છે

તા. ૧૮/૯ની સાંજે સ્વામીશ્રી સારંગપુરથી મોજીદડ પધાર્યા ત્યારે ગામવાસીઓએ સુશોભિત ટ્રેક્ટરમાં શોભાયાત્રા કાઢી. શરીરમાં રોગોના હુમલાઓની આવન-જાવન વચ્ચે પણ સ્વામીશ્રીએ ગામડાના ધૂળિયા, ઊબડ-ખાબડ રસ્તે ટ્રેક્ટર, ગાડાં જેવાં ઊછળતાં વાહનોમાં કલાકો સુધી બેસી ભક્તોને રાજી કરવાનું હજુ છોડ્યું નહોતું.

ગામોગામ નીકળતી આવી નગરયાત્રાઓ તેઓની ભીડાભક્તિ સાથે પરાભક્તિનું દર્શન કરાવનારી પણ બની રહેતી, કારણ કે પોતાની સગવડોથી તદ્દન બેપરવા સ્વામીશ્રી ઠાકોરજીની નાનામાં નાની સંભાળ લેવાનું ચૂકતા નહીં. આજે પણ તેઓએ પોતાના આસનની બાજુમાં બે ઓશીકાં ગોઠવ્યાં. વળી, એક ઓશીકાને તકિયાના રૂપમાં પાછળ ગોઠવ્યું. આમ, ઠાકોરજી માટે વ્યવસ્થિત આસન જાતે જ બનાવી તે પર હરિકૃષ્ણ મહારાજને પધરાવ્યા.

આ શોભાયાત્રા બાદ તા. ૧૯/૯ના રોજ કથામૃત પીરસતાં સ્વામીશ્રીએ કહ્યું:

''ગુજરાત(ચરોતર)માં ભાઈઓના ભાગ પડે તેને 'લાંભાં વહેંચવાં' એમ કહે છે. કોઈને લાંભામાં ખેતર, કૂવા વગેરે સારું સારું આવ્યું હોય તો બીજા કહે, 'આને સારું લાંભુ આવ્યું!' તેમ આપણે સારું લાંભુ આવ્યું છે. આપણને શુદ્ધ સંત મળ્યા, મહારાજનો સર્વોપરી નિશ્ચય થયો તે સારું લાંભુ કહેવાય.

નિશાળમાં કેવળ હાજરી પુરાવવા જ જાય તે પાસ ન થાય. એક મિનિટ હાજરી પુરાવીને પછી ઘેર આવતો રહે તે શું ધોળે? તેમ રવિવારની સભામાં જવાની આજ્ઞા છે એટલે છેલ્લે છેલ્લે આવવું તે આજ્ઞા પાળી ન કહેવાય. બે કલાક પૂરા બેસવું જ જોઈએ. મંદિરે જવાની આજ્ઞા કરી એટલે ત્યાં જઈ, 'જે જે' કરી પાછા આવી જઈએ, તે ગયા ન કહેવાય. સિનેમાની

લાઈનમાં તાપ ને ટાઢ ને વરસાદમાં ત્રણ-ત્રણ કલાક ઊભા રહેવાય છે. ધક્કામુક્કી થાય છતાં સિનેમા જુએ તેમાં શું મળ્યું? આંખો ફોડીને કચરો ભરી આવે. ઘણા કહે: 'સભામાં આવ્યો પણ જગ્યા નહોતી એટલે પાછો ગયો.' સિનેમામાં તો જગ્યા ન હોય તો વધારે પૈસા આપી ટિકિટ લઈને ગયે જ છૂટકો કરે છે. એમ રસ હોય તો બધું થાય. નિર્માનીપણે સત્સંગ કરવો. મહિમા સમજવો.

વ્યવહારમાં એકબીજાનો સ્વાર્થ મનાયો હોય છે, તેમ સત્સંગનો સ્વાર્થ મનાયો હોય તો અભાવ ન આવે. એક ઘરમાં પતિ-પત્ની રહે. તે પત્ની જોરવાળી હતી. એક વાર તેના ધણીને મારતી હતી. તે મારે એટલે ભાઈ બોલે: 'લેતી જા.' બહાર લોકો સમજે કે 'આ એની પત્નીને મારે છે.' વ્યવહારમાં આવું છે."

સંસારની તાસીરને સાંકળી સ્વામીશ્રી વેધક ઉપદેશ વહાવતા. તેથી તેઓના શબ્દે-શબ્દે સંશયો ભેદાતા અને મનુષ્યો પ્રેરાતા.

સમ વિષમે ભાવ સરખો

મોજીદડથી નવાગામ(સેજકપર) પધારેલા સ્વામીશ્રીએ તા. ૨૧/૯ની સવારે એક હરિભક્તના બળદગાડાનું ઉદ્‌ઘાટન કર્યું! તેનું પૂજન કરી તેઓ ગાડા ઉપર મૂકેલા હીંચકા પર ઠાકોરજી સહિત બિરાજ્યા. હરિભક્તોના એકેય કોડ તેઓએ અધૂરા છોડ્યા નહોતા.

આ રીતે નવાગામથી અચારડા જઈ સ્વામીશ્રીએ નારાયણ ધરે ભાદરવી અમાસનો સમૈયો ઊજવ્યો. ત્યારબાદ ચચાણા, ભોયકા, ઊંટડીને પાવન કરતાં લીંબડી પધાર્યા.

અહીં તા. ૨૨/૯ની રાત્રે અલ્પાહાર વખતે ચાંદીના પ્યાલામાં ભરેલું પાણી દર્શાવી યજમાન શ્રી ભરતભાઈએ કહ્યું: 'બાપા! પીઓ.'

આ વિનંતી થતાં સ્વામીશ્રીએ જલપાન તો કર્યું, પણ ચાંદીના પ્યાલાનું પાણી સ્ટીલના પ્યાલામાં કાઢીને! તે વખતે તેઓનો વૈરાગ્ય ચાંદીની જેમ ચમકી રહ્યો.

આ ચમક સાથે જ સ્વામીશ્રી લીંબડીથી પાંદરી, વઢવાણ, સુરેન્દ્રનગરને લાભ આપતાં મેમકા પધાર્યા.

અહીં બાઈઓના મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠા કરી

તેઓ વલ્લભીપુર થઈને તા. ૨૬/૯ની રાત્રે ભાવનગર પધારવાના હતા. તેથી સ્વાગતના ઉપચારો સાથે થનગની રહેલા ભાવેણા ભક્તોને, રાત્રિના દસ વાગી ચૂકેલા છતાં ઘર સાંભરતું નહોતું!

પરંતુ સ્વામીશ્રીની મોટર ભાવનગરની ભાગોળ આવતાં જ ખોટકાઈ. તેની મરામત માટે થોડી વાર મથામણ થઈ, છતાં ગાડીએ દાદ ન દેતાં સ્વામીશ્રીએ સહપ્રવાસીઓ સાથે ભાડૂતી રિક્ષા પકડી! સુવિધાસજ્જ મોટરમાંથી ઊતરીને ખખડધજ રિક્ષામાં બેસતાં તેઓની મુખરેખા લેશ વંકાઈ નહીં.

પણ સ્વામીશ્રી સારુ સજાવેલી શેરીમાં રિક્ષાને કોણ પ્રવેશવા દે? તેથી સ્વયંસેવકો તેને અટકાવવા ગયા. તે વખતે જ ફોડ પડ્યો કે 'આ રિક્ષામાં જ સ્વામીશ્રી બિરાજ્યા છે!' તે જોઈ સૌ ચકિત થઈ ગયા.

રિક્ષામાંથી ઊતરેલા સ્વામીશ્રીનું યુવક મંડળે બૅન્ડ-વાજાં ગગડાવીને અભિવાદન કર્યું, પણ તે નાદને દબાવી સ્વામીશ્રીની *'સમ વિષમે ભાવ સરખો...'*ની સ્થિતિ ચારેકોર વધુ બુલંદીથી ગુંજી રહી.

એહ હેત કરે જેવું જીવને...

ભાવનગરમાં તા. ૨૭/૯ની સાંજે એક માર્મિક સદુપદેશ આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'જેના સંબંધે લંડન કેમ જવાય તેવી કન્યા માણસો ગોતે છે, પણ જેના સંબંધે ભગવાન પાસે કેમ જવાય તેવા પુરુષને કોઈ શોધતા નથી.'

*'સંત સંગે પામશો અક્ષરધામ'*નો ઉપદેશ સ્વામીશ્રીએ એવા સુયોગ્ય અને સચોટ તર્કથી આપ્યો કે સભા આખી ઝૂમી ઊઠી.

આ રીતે *'બોલો છો મુખ બોલ મીઠા મીઠા...'*નો અનુભવ કરાવતા તેઓ અહીંથી તા. ૨૮/૯ના રોજ તણસા, વેળાવદર થઈ તળાજા પધાર્યા.

અત્રે ટેકરી પર આવેલા શિવાલયની સાત દેરીઓમાંથી જ્યાં નીલકંઠ-વર્ણી પોઢેલા ત્યાં સત્સંગ મંડળ દ્વારા ઓટો બનાવવામાં આવેલો. તે પર તા. ૨૯/૯ની સવારે સ્વામીશ્રીએ ચરણારવિંદની પ્રતિષ્ઠા કરી શ્રીજીસ્મૃતિને ચિરંતન બનાવી. ત્યારબાદ ગોપનાથ મહાદેવનું પૂજન કરી તેઓ કુંઢડા જવા નીકળ્યા.

આ માર્ગ ઘણો ખરાબ હતો. તે પર ચાલી રહેલી સ્વામીશ્રીની ગાડીને મોટરસાઇકલ પર સવાર બે યુવકો અનુસરી રહેલા, પરંતુ કંઈક ખાડો આવતાં વાહન કાબૂ બહાર ગયું અને બેય યુવાનો પછડાયા. આ અકસ્માતની નોંધ સ્વામીશ્રીએ ગાડીના કાચમાંથી લીધી. તેઓની ચકોરતાનું તો શું કહેવું!

સ્વામીશ્રીએ તરત જ ગાડી અટકાવી અને અંદર બેઠેલા હરિભક્તને તપાસ માટે મોકલ્યા. પરંતુ તેઓ આવે ત્યાં સુધીમાં તો પટકાયેલા યુવાનો બેઠા થઈ ગયેલા. કોઈને ખાસ ઈજા નહોતી પહોંચી. એક વશરામભાઈ પાલડિયાને પગના અંગૂઠા બાજુએ લાંબો ચીરો પડી ગયેલો, જેને કપડું બાંધી દાબી દેવામાં આવ્યો. આ સમાચાર હરિભક્તે સ્વામીશ્રીને આપતાં તેઓને રાહત વળી અને મોટર પાછળ મોટર-સાઇકલ, એમ મુસાફરી આગળ વધતાં કુંઢડા ઢૂંકડું થયું.

અહીં ગામના પાદરે ભક્તોએ ભાવભીનું સ્વાગત કરી ટ્રેક્ટરમાં નગરયાત્રા કાઢી. આ ગામમાં સ્વામીશ્રી પહેલી જ વાર પગલાં પાડી રહેલા. તેથી સૌનો ઉત્સાહ અદમ્ય હતો, જે શોભાયાત્રા બાદ ચુનીભાઈ પંડ્યાના ઘેર યોજાયેલી સ્વાગત-સભામાં પણ પડઘાતો રહ્યો.

પરંતુ સ્વામીશ્રીનું ચિત્ત આ સ્વાગતમાં નહીં, પેલા ગબડી પડેલા યુવાનોમાં હતું. તેથી તેઓએ પોતાની સાથે આવેલા હરિભક્તને કહ્યું : 'પેલા બે છોકરાઓને બોલાવો તો !'

થોડી વારે એ બંને યુવાનો સ્વામીશ્રી પાસે પહોંચતાં જ 'શું થયેલું ? ક્યાં વાગ્યું ? કેવું વાગ્યું ?' વગેરે પૂછપરછનો દોર શરૂ થઈ ગયો. ત્યારે ઈજાગ્રસ્ત યુવકે કહ્યું : 'બાપા ! મને એકલાને જ વાગ્યું છે.'

'ક્યાં વાગ્યું છે ?'

'પગમાં.'

'બતાવ તો.'

આ આજ્ઞા થતાં વશરામભાઈએ સંકોચ સાથે તેઓનો જમણો પગ ઊંચો કર્યો. ...અને લોહીના ડાઘા તથા ધૂળથી ખરડાયેલા એ પગ પર સ્વામીશ્રી પોતાની સ્વાગત-સભામાં બેઠાં થકા હાથ ફેરવી આશીર્વાદ આપવા લાગ્યા : 'મહારાજ સારું કરી દેશે. વાંધો નહીં આવે.'

ગુરુના દરજ્જાથી તદ્દન અજાન, સ્વાગત-સન્માનથી સદંતર બેખબર અને પદ-પ્રતિષ્ઠાથી છેક જ અજાણ સ્વામીશ્રી, એક અદના યુવાનની સંભાળ લેવામાં જે રીતે ડૂબ્યા તે જોઈને આખી સભા પોકારી ઊઠી : *'એહ હેત કરે જેવું જીવને, તેવું બીજે કહો કેમ થાય...'*

પોતાના પગે હેતના હાથ ફેરવનારા સ્વામીશ્રીના પગે યુવાની પડે તેમાં શું આશ્ચર્ય !

ભજે ભગવાનને ભલી ભાતે

કુંઢડામાં સ્વામીશ્રીનો ઉતારો ગામની પ્રાથમિક નિશાળમાં હતો, જ્યાં વીજળીની પ્રાથમિક સુવિધા પણ નહોતી!

ગુરુપદે બિરાજમાન થયાનાં નવ-નવ વર્ષ બાદ જેઓના નિવાસસ્થાન વિષે આવી પરિસ્થિતિ પ્રવર્તતી હોય, તે સ્વામીશ્રીએ લોકકલ્યાણ માટે પોતાના મોભા-મરતબાને કેવા કચડ્યા હશે, કેવાં કષ્ટો ઉઠાવ્યાં હશે, તે સમજવામાં દુનિયાનો પનો કાયમ ટૂંકો જ પડવાનો.

*'રહે ન તેને તન કેરું ભાન...'*ની રીતે વિચરતા સ્વામીશ્રી તા. ૩૦/૯ની સવારે શાળા-સંકુલમાં નિત્યકર્મથી પરવારી કોબડી, બુધેલ અને ભાવનગરને લાભ આપતાં તા. ૧/૧૦ના રોજ પાટણા પધાર્યા. અહીં હરિ-મંદિરનો ખાતવિધિ સંપન્ન કરી સાંજે સારંગપુર પહોંચ્યા.

અત્રે પુનરાગમનનું પ્રયોજન હતું – સ્મૃતિમંદિર પર આમલસારાનું સ્થાપન.

તે પૂર્વે આજે સ્વામીશ્રી આ સ્થાપત્યનું વિધિસર પૂજન કરવા બિરાજ્યા. આસપાસનાં ગામોના સેંકડો હરિભક્તો આ ક્ષણના સાક્ષી બનવા આવી પહોંચેલા. તેઓના જયનાદ અને ચોઘડિયાંના નિનાદ વચ્ચે પૂજનવિધિ ચાલી રહેલો. થોડી વારમાં ઠાકોરજી પણ પધાર્યા. તેઓને આમલસારા પર બિરાજમાન કરવાના હતા. કોઈ સંત સીધા તે પથ્થર પર હરિકૃષ્ણ મહારાજ મૂકવા ગયા કે ત્યાં જ સ્વામીશ્રીએ તેઓને રોક્યા. પોતે જેની પર બેઠેલા તે આસન કાઢીને ઠાકોરજી માટે પથરાવ્યું! તેઓની આ ભક્તિના આસન પર બેસીને મહારાજે પૂજન સ્વીકાર્યું.

આ ભક્તિભાવ સાથે સ્વામીશ્રી તા. ૨/૧૦ની સવારે ખાંભડાના નિર્માણાધીન હરિમંદિરની ભૂમિ પર પુષ્પો પધરાવી, સારંગપુરમાં સ્મૃતિ-મંદિરના શિખર પર આમલસારાનું સ્થાપન કરવા પધાર્યા.

તે માટે ગદબ સાથે બાંધેલી સાંકળવાળી પાલખીમાં બિરાજી તેઓ ૫૬ ફૂટ ઊંચા શિખરે પહોંચ્યા. અભિજિત નક્ષત્ર અને લાભ ચોઘડિયામાં પૂજન કરી તેઓએ શાસ્ત્રીજી મહારાજના જીવન-કાર્યથી અંકિત તામ્રપત્ર પણ પ્રાસાદપુરુષની સાથે આમલસારામાં પધરાવ્યું. ગૂઢમંડપ અને નૃત્યમંડપના આમલસારાનુંયે પૂજન કર્યું. શરણાઈઓના મંગલ-મધુર સૂરો તથા બંદૂકોના

બાર સાથે ખૂબ ઠાઠ-માઠથી સ્મૃતિમંદિરના શિખરનું આ કામ કરી, સ્વામીશ્રી રાત્રે સાડા આઠ વાગ્યે ગોંડલ આવી પહોંચ્યા.

અહીં ઘનશ્યામ મહારાજનાં દર્શન કરતાં ગદ્‌ગદકંઠ બનેલા તેઓના મુખમાંથી શબ્દો સરી પડ્યા: 'મહારાજ! અમને માફ કરજો. વરસ સુધી તમારાં દર્શને ન અવાયું.'

સ્વામીશ્રીની ભક્તિનો આ નવો આકાર-પ્રકાર જોઈ સૌ ડોલી ગયા.

અભંગ રંગ રૂડો અંગ રહે

શ્રીજીમહારાજના દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે તા. ૪/૧૦ના રોજ મંદિરના ચોકમાં યોજાયેલી કીર્તન આરાધનામાં, આકાશવાણીના સુપ્રસિદ્ધ ગાયકોએ, નંદ સંતોનાં પદોને સ્વરમંડિત કરી મીઠી હલકે સંભળાવ્યાં. આ આરાધનામાં આકાશવાણીના જ ઉદ્‌ઘોષક સેવા આપવા હાજર થયેલા.

આવા આ વિશિષ્ટ કાર્યક્રમના સભાપ્રમુખ તરીકે ઉપસ્થિત મોરબીના ખાસ કલેક્ટરશ્રી રામ રખિયાણી સંસ્થાએ કરેલી સમાજસેવાની સુગંધથી તરબતર હતા. તેથી તેઓએ વક્તવ્યમાં પણ જણાવ્યું કે 'આ સંસ્થાના સ્વયંસેવકોની આયોજનશક્તિ અને કાર્યક્ષમતા ઊંચી કક્ષાની છે. મોરબીના નગરજનોમાં તેમના માટે જે માન છે તેની છાપ કાયમ રહેશે. આ સંસ્થાના કાર્યકરોએ અમારો ખ્યાલ રાખ્યો ન હોત તો અમે કામ જ ન કરી શકત. અમે કે બીજાએ જે કામ કર્યું છે તે કામ આ સંસ્થાની મદદથી જ થયું છે.'

ઇતિહાસના ચોપડે કાયમી છાપ છોડતી સમાજસેવાનાં પગલાં માંડનારા સ્વામીશ્રીએ તા. ૫/૧૦ની રાત્રે 'ભગવાન સ્વામિનારાયણના વિસ્તૃત જીવનચરિત્ર'નો પ્રથમ ભાગ ઉદ્‌ઘાટિત કરતાં, સમગ્ર સંપ્રદાયમાં શ્રીજીમહારાજનું આવું સળંગ, સર્વાંગ અને સંશોધિત જીવનચરિત્ર પ્રથમ વાર જ પ્રકાશિત થયું. આકર્ષક મુખપૃષ્ઠ, સુંદર છપાઈ, બહુરંગી છબીઓ, ટકાઉ બાંધણી અને સુંદર શૈલીના પંચામૃતનો કળશ બનીને આવેલો આ ગ્રંથ સ્વામીશ્રીની પરાભક્તિનું પ્રતીક બની રહ્યો.

આ ભક્તિગંગા ગોંડલની આસપાસનાં ગામોમાં પણ રેલાવતા સ્વામીશ્રી, તા. ૮/૧૦ના રોજ રીબડા અને નાના વેરાવળને પાવન કરી તા. ૧૦/૧૦ના દિવસે મોવિયા પધાર્યા. આ ગામમાં તેઓની પ્રથમ વારની પધરામણી હોવાથી સૌએ ઉષ્માસભર સ્વાગત કર્યું.

તે સ્વીકારી સ્વામીશ્રીએ સાંજે સાડા છ વાગ્યાથી નવ વાગ્યા સુધી પધરામણીઓ કરી, કેક ધરોને તીર્થરૂપ કર્યાં. રાત્રિની આ પધરામણીઓ વખતે વિદ્યુત્પ્રવાહ કપાઈ ગયેલો, છતાં સ્વામીશ્રી ફાનસના અજવાળે ઘૂમતા રહ્યા. આ વખતે પુનઃ તેઓના મુખેથી વાત ઊછળી આવી કે 'પરદેશના છેલ્લા પ્રવાસ પછી તબિયત લથડી. હવે રાત્રે ચાલવામાં કોઈનો હાથ પકડવો પડે છે.'

છતાં સ્વામીશ્રી તા. ૧૨/૧૦ના રોજ જેપુરને લાભ આપી મેવાસા પહોંચ્યા. અહીં શ્રીજીમહારાજના પ્રાસાદિક સ્થાને તૈયાર થયેલા ઓટા પર ચરણારવિંદ પધરાવીને તેઓએ વધુ એક શ્રીજીચરિત્રને ચિરંજીવ કર્યું. ત્યારબાદ ગામમાં ૪૫ પધરામણીઓ કરીને તેઓ જાંબુડીમાં જાહેર-સભાનો લાભ આપી રાત્રે ગોંડલ પધાર્યા.

આમ, તૂટતી તબિયતમાં પણ વિચરણ માટે સ્વામીશ્રીનો ઉત્સાહ *'અભંગ રંગ રૂડો અંગ રહે...'*ની જેમ અકબંધ જ રહેતો.

સંત-સંત્રીના મિલનનું સત્ર

તા. ૧૪/૧૦ના રોજ ગોંડલથી નીકળેલા સ્વામીશ્રી જેતપુર થઈને મંદિરના પાટોત્સવ પ્રસંગે જૂનાગઢ આવી પહોંચ્યા. અહીં તેઓના સ્વાગતમાં બિછાવેલી સળંગ ચાદર જોતાં જ તેઓ બોલ્યા: 'આ લઈ લ્યો. કોઈ મહિલા અડી જશે.'

સાધુતાની ચાદરને ચોખ્ખી રાખવા તેઓએ સન્માનની ચાદરને ઉપડાવી લીધી.

આવા અણિશુદ્ધ સંતના હાથે પાટોત્સવનું પૂજન પામી ઠાકોરજી પણ હરખાઈ ઊઠ્યા.

અત્રે વિધિ-સભાનો લાભ આપી સ્વામીશ્રી વડાળ થઈને ચોકી પધાર્યા.

અહીં સાચે જ સુરક્ષાકર્મીઓની ચોકી બેસી ગયેલી. રાજ્ય અનામત સુરક્ષા દળ(એસ.આર.પી.)નું તાલીમ કેન્દ્ર અત્રે હોવાથી, આ ગામ લશ્કરી કવાયતથી ગાજતું જ રહેતું; પરંતુ આજે તેનાં રૂપ-રંગ બદલાયેલાં. ઠેર ઠેર ધજા-પતાકા ઝૂલી રહેલા અને વીજદીપકો ઝગી રહેલા. લશ્કરી ગણવેશમાં સુસજ્જ તમામ સુરક્ષાસંત્રીઓ સ્વામીશ્રીને વધાવવા તૈનાત હતા.

તેઓના આગમન સાથે જ ૫૮ સુરંગ ફોડી સૌએ સ્વામીશ્રીને આવકાર્યા. તે સાથે જ શરૂ થયેલી જયનાદોની પરંપરા તો છેક સ્વામીશ્રીની

વિદાય સુધી ગુંજતી રહી. કોઈક સ્વામીશ્રીને દંડવત કરવા લાગ્યું તો કોઈક પગમાં પડવા લાગ્યું. કડક શિસ્તથી ચોસલાબંધ થઈ ગયેલું તાલીમ કેન્દ્રનું વાતાવરણ સ્વામીશ્રી પધારતાં જ દિવ્ય ભક્તિની છોળોમાં હિલોળવા લાગ્યું.

આ કેન્દ્રમાં તૈયાર થયેલા કવાયત માટેના નવા મેદાન પર લશ્કરી ઢબે પણ સ્વામીશ્રીનું સ્વાગત થયું. તેમાં દરેક તાલીમાર્થીએ સલામી આપી. ત્યારબાદ ખુલ્લી જીપમાં સ્વામીશ્રીને પધરાવી કવાયતના મેદાનમાં ફેરવવામાં આવ્યા. તે વખતે વિવિધ દાવપેચો દ્વારા સૈનિકોએ પોતાનાં કૌશલ્ય રજૂ કર્યાં. અંતે સ્વામીશ્રીના અઠ્ઠાવન વર્ષના આયુષ્યને અનુલક્ષી, ૫૮ જવાનો દોરડાંથી જીપ ખેંચી સ્વામીશ્રીને તાલીમ કેન્દ્રના મકાન સુધી લઈ આવ્યા.

અહીં યોજાયેલી સભામાં તેઓને પૂર્ણ કદનો હાર પહેરાવી સૌએ સન્માન્યા. તે સ્વીકારી સ્વામીશ્રીએ સુરક્ષાકર્મીઓને આશીર્વાદ આપ્યા. તેમાં તેઓએ વ્યસનમુક્ત, સદાચારયુક્ત અને પ્રભુમય જીવન દ્વારા દેશના સાચા રક્ષક બનવાની શીખ સાથે સૌને 'શિક્ષાપત્રી' ભેટ આપી.

આમ, કર્મ સાથે ધર્મ અને શક્તિ સાથે ભક્તિને ભેળવી સ્વામીશ્રીએ વિદાય લીધી ત્યારે સુરક્ષાકર્મીઓના કડક ચહેરા પણ ભાવાર્દ્ર બની ગયા.

સંત-સંત્રીના મિલનનું આવું જ એક યાદગાર સત્ર તા. ૧૫/૧૦ના રોજ ગોંડલ સ્થિત એસ.આર.પી.ના કેમ્પમાં પણ યોજાઈ ગયું.

અહીં અક્ષરધામ મળે

તા. ૧૬/૧૦ના દિવસે વાંસાવડ પધારેલા સ્વામીશ્રીએ, અહીં શામળજી અજમેરાના સુપુત્રો શ્રી છોટુભાઈ વગેરેએ બનાવેલી અદ્યતન હૉસ્પિટલમાં પગલાં પાડી તેને પ્રસાદીભૂત કરી.

ત્યારબાદ તા. ૧૭/૧૦ની સવારે મોટા માંડવામાં નિર્માણાધીન મંદિરનો ખાતવિધિ સંપન્ન કરીને તેઓએ માર્મિક વાત ઉચ્ચારી કે – 'મગફળી, કપાસમાં પૈસો દેખાય છે તેમ સત્સંગમાં મોક્ષ દેખાતો નથી તે અજ્ઞાન છે. ઘરનું ખોરડું કેવા ઉમંગથી ફાળો કર્યા વગર એકલા કરી નાંખીએ છીએ ? તો સૌએ મળીને ભગવાનનું મંદિર કેવું સુંદર કરવું જોઈએ ! ટાણાની સેવા કરી લેવી. મંદિર થાય છે તે પરમાર્થનું કામ છે.'

આ હાકલ સાથે મોટા માંડવામાં મંદિરનો માંડવો ખોડી, સ્વામીશ્રી વડિયા, ઘોઘાવદર થઈને ગોંડલમાં ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે વડીલ

હરિભક્તોની પંગત પણ સાથે જ પડેલી. જમણમાં દાળ-ઢોકળી હોવાથી રોજ વાળુમાં પીરસાતું દૂધ આજે રાખ્યું નહોતું. પરંતુ આ બાબતે સ્વામીશ્રીએ વ્યવસ્થાપકોને ટકોર કરી દૂધ પંગતમાં પીરસાવ્યું.

વર્ષોનાં વર્ષો સુધી અનેકાનેક ભક્તોની આ રીતે સંભાળ લેનારા તેઓની ભક્તવત્સલતાને કોઈ આરો-ઓવારો નહોતા.

તેઓની આવી અમર્યાદ વાત્સલ્ય-ધારાની છોળ્યો વચ્ચે જ તા. ૨૦ ૧૦ના રોજ દિવાળી નિમિત્તે ચોપડા પૂજન થયું. તા. ૨૧/૧૦ના રોજ અન્નકૂટ-ઉત્સવ પણ ઊજવાયો.

આ દિવસે સૌ પર અમૃતવર્ષા વરસાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું:

"આ અન્નકૂટ ભર્યો તેમાં કેટલાયની ભક્તિ ભરેલી છે. *'પડ્યો રહે દરબારમાં, ધક્કા ધણીના ખાય; કોઈક દિ' આવે લહેરમાં, તો કામ તરત થાય.'* તે રાજદરબાર ને આ દેવદરબાર. પેલા દરબારમાં બે-પાંચ લાખ રૂપિયા મળે. અહીં અક્ષરધામ મળે. અહીં જીવને અક્ષરધામમાં લઈ જવાનો! એટલે ભગવાન તેને યોગ્ય હોય તેટલું જ ધન આપે. બહુ આપે તો આકાશમાં જ ઊડતો ફરે. તેને નીચે લાવવો કઠણ પડે. ભગવાનના દરબારમાં ભક્તિ-સેવા કરે તો તેના ઉપર ભગવાન અને મોટાપુરુષની દૃષ્ટિ પડી જાય. માટે ઉતાવળા ન થવું. બળ, હિંમત, ધીરજ રાખી ભક્તિ-સેવા કર્યા કરવું."

અન્નકૂટના દિને પરાવાણીનો આ પ્રસાદ આપી સ્વામીશ્રીએ સૌને સુખિયા કરી દીધા.

કેવળ સંભાળ નહીં

તા. ૨૨/૧૦થી નૂતન વર્ષનો[૧૪] પ્રારંભ થયો ત્યારે મેઘરાજા પણ નવું જળ લઈને આવી પહોંચ્યા. તેઓનો અભિષેક ઝીલતાં ઝીલતાં જ સ્વામીશ્રીએ નવા વર્ષની સવારે ૫૦ પધરામણીઓ કરી દીધી!

ત્યારબાદ બપોરે તેઓ મંદિરે ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે સામે હરિભક્તોની પણ પંક્તિ થયેલી. દર વર્ષની જેમ સૌને આજે ખીચડી-કઢી પીરસાતા હતા. પરંતુ શ્રમિત હોવા છતાં સ્વામીશ્રીએ નોંધી લીધું કે 'ખીચડીમાં ઘી પીરસવાનું રહી ગયું છે!' તેથી તેઓએ સંતોને યાદ કરાવ્યું: 'ઘી પીરસો.'

પણ આટલેથી તેઓની સંભાળ અટકી નહીં. તેઓએ ઉમેર્યું: 'ઘી ઠંડું

---

૧૪. વિ.સં. ૨૦૩૬નો પ્રારંભ થયો.

છે કે ગરમ તે જોજો. ઠંડું હોય તો ગરમ કરીને પીરસજો.'

કેવળ સંભાળ નહીં, પણ સૂક્ષ્મ સંભાળ. સૌની સંભાળ. સદા સંભાળ. આ હતી સ્વામીશ્રીની વિશેષતા. નવા વર્ષે તેનો સ્વાદ સૌની દાઢે વળગી ગયો.

...તો કામ થાય

સંસ્થાકીય બાંધકામ વિભાગમાં સેવા આપતા કિરીટભાઈ ગોંડલમાં દિવાળીનો ઉત્સવ ઊજવી બસ દ્વારા બંસીપહાડપુર તરફ જવાના હતા. તેથી તેઓ નવા વર્ષની રાત્રે વિદાય માંગવા પહોંચ્યા ત્યારે સ્વામીશ્રીએ સામેથી જ પૂછ્યું: 'સ્મારકનું શું થયું? નકશા થયા?'

ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી નિમિત્તે તેઓને અંજલિ આપતું એક સ્મારક(અક્ષરધામ) બનાવી, શ્રીજીમહારાજને ભક્તિઅર્ઘ્ય આપવાની સ્વામીશ્રીની ઇચ્છા હતી. તે સંદર્ભમાં તેઓએ આમ પૂછપરછ કરી. ત્યારે કિરીટભાઈએ કહ્યું: 'હજી કશું નક્કી થયું નથી. વિચારણા ચાલે છે.'

પરંતુ નક્કર કામ કરવાથી ટેવાયેલા સ્વામીશ્રીને આવા ઉત્તરોથી સંતોષ થતો નહીં. તેથી ભાવાવેશમાં આવતાં તેઓએ કહ્યું: 'ગામડે-ગામડે વિચરણમાં હું જેને મળું છું તેને સ્મારકની વાત કરું છું. હવે આ બાબતે કશું ફાઇનલ ન કરીએ તો જવાબ શું આપશું?'

કાર્યવાહકોએ 'ઍક્સેલરેટર' દબાવવું પડે એ રીતે સ્વામીશ્રીએ વાત મૂકી. તે સાંભળી એ યુવાને પૂછ્યું: 'આપને ખાતમુહૂર્ત ક્યારે કરવું છે?'

'તમે નક્કી કરો. નકશા ફાઇનલ કરો. દુનિયાના ગમે તે ખૂણેથી હું આવી જઈશ.'

શ્રીજીમહારાજની સ્મૃતિને ચિરંતન કરવાની સ્વામીશ્રીની તાલાવેલી જોઈ આ યુવાન સ્થિર જ થઈ ગયા. પણ સ્વામીશ્રીનાં આગળનાં વાક્યોએ તેઓને હલાવી દીધા. સ્વામીશ્રી બોલ્યા: 'હવે તો દરેક ક્રિયામાં એક જ વિચાર રહેવો જોઈએ. બસમાં પણ સ્મારકનો વિચાર, ઝોકું આવે તો પણ સ્મારકનો વિચાર, ઊંઘમાં પણ સ્મારકનો વિચાર, તો કામ થાય.'

આજે દેશ-દુનિયા ગજવતાં 'સ્વામિનારાયણ અક્ષરધામ'ના સર્જનની પાર્શ્વભૂમાં, આવી રહેલી સ્વામીશ્રીની કાર્યપદ્ધતિ! વિશ્વસ્તરના અને વિશ્વભરના સ્થપતિઓ મોંમાં આંગળાં નાંખી જાય એટલી ટૂંકી સમયાવધિમાં 'અક્ષરધામ' સર્જીને, જગત સમક્ષ કાર્યક્ષમતાનું બેનમૂન ઉદાહરણ મૂકી જનારા

સ્વામીશ્રીને, હાથમાં લીધેલા કામ સિવાય કોઈ દુનિયા જ રહેતી નહીં. આ રીતે દુનિયા ભૂલીને તેઓએ કરેલાં કાર્યો આજે દુનિયા યાદ કરી રહી છે.

ભાદરાની ભદ્ર સ્મૃતિઓ

તા. ૨૬/૧૦ના રોજ ગોંડલથી નીકળેલા સ્વામીશ્રી ભુણાવા અને રાજકોટ થઈને મોરબી પહોંચ્યા. અત્રે મણિમંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજની ચિત્રપ્રતિમા પ્રતિષ્ઠિત કરીને તેઓ ભાદરા પધાર્યા.

અહીં તા. ૨૭/૧૦ના રોજ અલ્પાહાર વખતે જૂની સ્મૃતિ વાગોળતાં સ્વામીશ્રી બોલ્યા:

"*મંદિર મોટું ઓળગોળ, કોઠારી તેમાં પંદર-સોળ...* જેવું ઘણી જગ્યાએ થતું હોય છે. અમદાવાદમાં અમે ભણતા ત્યારે બબુકાકાનાં ઘરવાળાં અમારા માટે દાળ-ચોખા, મસાલા વગેરે સાફસૂફ કરી મોકલાવે. અમારે કેટલું ચાલશે?, ક્યારે ખૂટશે? તે બધી તેમને ખબર હોય. બે દિવસ આગળથી કહેવરાવે કે 'ફલાણો મસાલો હવે ખૂટી જશે.'

અમારી સાથે એક બ્રહ્મચારી હતો. તે (વસ્તુ-વપરાશમાં) બહુ ખબર ન રાખે. એટલે બબુકાકાનાં ઘરવાળાં દૂર રહ્યાં થકા બોલે કે 'આ બ્રહ્મચારીને કંઈ ખબર જ નથી પડતી. બગાડ કરે છે...' વગેરે. સંતો મોટેરા હોય તો બબુકાકાનેય વઢીને કહે : 'સંતોની ખબર રાખવી.' જોઈતું બધું લાવી આપે. બ્રહ્મચારીને બબુકાકા વાટકીમાં ઘી આપી કહે: 'બે દિવસનું છે.' પેલા એક દા'ડે પાર પાડે. તો બીજે દિવસે બબુકાકા નવું ન આપે. ઠાકોરજીના થાળમાં એક ચમચી જાતે નાંખી આપે."

અધ્યયન-કાળની સ્મૃતિઓનો આ પ્રસાદ વહેંચી સ્વામીશ્રી ઊંડ નદીના ઘાટે પધાર્યા. અહીં તેઓએ સંતો-ભક્તો સહિત સ્નાન કરી વડ નીચે સભા ભરી.

આ સભા પછી પ્રસાદરૂપે વહેંચાનારી સાકરના ગાંગડા મોટા હોવાથી, ઠાકોરજીને અનુકૂળ આવે તેવા નાના કદના ટુકડા કરવા માટે એક હરિભક્ત સૂડી લઈ આવ્યા. પરંતુ તે વડે તેઓ જેવા સાકર ભાંગવા ગયા ત્યાં જ સ્વામીશ્રી બોલ્યા: 'ભગત! એ સૂડી ધોઈને વાપરો.'

તેઓની આ સૂક્ષ્મ ભક્તિ-શુદ્ધિ જોઈ સૌ છક થઈ ગયા. સાકરની સાથે તેની પણ મીઠાશ મમળાવતાં સૌ મંદિરે આવ્યા.

અત્રે રાત્રિના કથાપ્રસંગમાં વંચાતા 'નિષ્કુળાનંદ કાવ્ય'ના આધારે

કેટલીક રસપ્રદ લોકવાયકાઓની વાતો કરતાં સ્વામીશ્રીએ કહ્યું :

''ઝારોળા ગામનો એક ચારણ ધર્મજ અને ભાદરણમાં ગયેલો; પણ ત્યાં કોઈએ કશો ભાવ પૂછ્યો નહીં, એટલે કવિત જોડી દીધું કે *'ધર્મજમાં ધાન નહીં, ભાદરણમાં ભૂખ; ભલું મારું ઝારોળા, રાણ (રાયણ) કોકડીનું તો સુખ.'*

આ રીતે સીસવામાં પણ કોઈ ચારણ ગયેલો, પણ તેને સાંભળવાની કોઈને ફુરસદ નહીં. ત્યારે તેણે જોડ્યું : *'શીદ વસાવ્યું સીસવા, બ્રહ્મા બેઠો રોઈ; પશુ, પંખી ને માનવી, સુખે ન સૂવે કોઈ.''*

આમ, સૌને આનંદ કરાવતાં સ્વામીશ્રી પોઢવા પધાર્યા.

કરે ભાવથી શ્રીજીની ભક્તિ

તા. ૨૮/૧૦ની સાંજે ભાદરાથી નીકળેલા સ્વામીશ્રી ધ્રોળ થઈને ડાંગરા પહોંચ્યા. અત્રે ઘેલ નદી પર બંધાઈ ગયેલા બંધને કારણે સંગ્રહિત થયેલા જળરાશિમાં તેઓએ ઠાકોરજીને સ્નાન કરાવી જળ મસ્તકે ચડાવ્યું.

ત્યારબાદ ડાંગરાથી પડધરી જતાં ચાલક રસ્તો ચૂકતાં પોણો કલાક સુધી અંધારામાં અટવાવાનું થયું. તે વખતે વાત નીકળી કે 'હડમતિયા-જોડિયા રેલવે-લાઇન બંધ થઈ એટલે 'ગુણાતીતનગર' સ્ટેશનનું માત્ર પાટિયું જ રહી ગયું છે.'

આ સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : 'યોગીબાપાએ નામ પાડ્યું છે તે જાય નહીં. અહીં બીજું કંઈ થશે.'

તેઓને મન ગુરુવર્યોનાં કાર્યો ક્ષણજીવી નહીં, પણ ચિરંજીવી હતાં.

આ મહિમા સાથે ડાંગરાથી પડધરી થઈને રાજકોટ પધારેલા સ્વામીશ્રી તા. ૩૦/૧૦ની સાંજે સારંગપુર આવી પહોંચ્યા.

અહીં તો નવા વર્ષે થયેલા તેઓના અચાનક આગમનથી *'સૌ જન જાણે એકઠી, થઈ કોડ દિવાળી આજ...'*નો માહોલ છવાઈ ગયો. સુંદર સભા પણ ગોઠવાઈ ગઈ. સ્વામીશ્રી તેમાં બિરાજ્યા એટલે ઉદ્‌ઘોષકે જાહેરાત કરી : 'હવે પૂજ્ય બાપા આશીર્વાદ આપશે.'

'અમે તો અહીં આશીર્વાદ લેવા આવ્યા છીએ.' સ્વામીશ્રી બોલ્યા.

આશીર્વાદ આપવાના અધિકારી હોવા છતાં તેઓ હંમેશા આશીર્વાદના અભિલાષી રહેલા.

આ નમ્રતા સાથે સભામાં લાભ આપી સ્વામીશ્રી અમદાવાદ તરફ

વિદાય લેતાં પૂર્વે પુનઃ મંદિરે અને સ્મૃતિમંદિરે દર્શન કરવા પધાર્યા. હજી દોઢેક કલાક પહેલાં જ તેઓએ આ બંને સ્થળે નીરખી નીરખીને દર્શન કરેલાં. છતાં ફરી તેઓ દર્શન માટે દોડી ગયા. હૃદયની ભક્તિ હોય તો જ સમયની કટોકટીમાં પણ આવી તીવ્ર શ્રદ્ધા સંભવે.

હવે ફરવામાં વાંધો નહીં

સારંગપુરથી અમદાવાદ થઈને વસો પધારેલા સ્વામીશ્રીના આશીર્વાદ લેવા આવેલા આઈ.જી.પી. શ્રી રાઇટર સાહેબે દર્શન કરતાં જ કહ્યું : 'સ્વામી ! તમારી તબિયત ઘણી સારી જણાય છે.'

ગઈકાલે મળેલા એક ડૉક્ટરે પણ સ્વામીશ્રીનાં દર્શન કરી આવો જ અભિપ્રાય આપેલો. તેથી આજે સ્વામીશ્રી બોલ્યા : 'જુઓ, આ બીજું સર્ટિફિકેટ ! ગઈકાલે દાક્તરનું મળ્યું ને આજે પોલીસનું મળ્યું. હવે ફરવામાં વાંધો નહીં.'

છેલ્લા કેટલાક સમયથી વારંવાર આવતી બીમારીઓને કારણે સ્વામીશ્રીના વિચરણ પર રોક લગાવવામાં આવી રહેલી; પણ સરિતાનો સ્વભાવ જ છે વહેવાનો, તેને કોઈ અવરોધે તે એને કેમ ગમે ? તેમ સ્વામીશ્રીને પણ વિચરણ પર આવતી પાબંદી રુચતી નહોતી. તેમાં સ્વસ્થતા-સૂચક આવા અભિપ્રાયો આવતાં જ તેઓ આજે હરખાઈને બોલી ઊઠ્યા : 'હવે ફરવામાં વાંધો નહીં.'

ભક્તોના હિત માટે વિચરતા રહેવાનો તેઓનો અમાપ ઉત્સાહ આ શબ્દો દ્વારા વ્યક્ત થઈ ગયો.

જો કે, રાઇટર સાહેબે તરત જ સંતોને કહ્યું : 'તમારે બધાએ સ્વામીશ્રીને થકવી ન નાંખવા. બહુ ફેરવવા નહીં. તેઓ તો 'ના' નહીં પાડે.'

અલબત્ત, આ શબ્દોની લેશ નોંધ સ્વામીશ્રીએ ન લીધી !

સહે છે સંકટ શરીરમાં

વસોથી બોચાસણ થઈને ધર્મજ પધારેલા સ્વામીશ્રીએ તા. ૭/૧૧ની સવારે અહીંના નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ પધરાવ્યા. ધર્મજમાં આ ધર્મધજા ફરકાવી તેઓ આજની સંધ્યા આરતી બોચાસણમાં અને શયન આરતી અટલાદરામાં કરીને રાત્રે ભરૂચ જઈ પોઢ્યા. અહીંથી તા. ૮/૧૧ના રોજ વિદાય લઈ સ્વામીશ્રી દહેજ, અંકલેશ્વરમાં પધરામણીઓ કરતાં રાત્રે

સુરત તરફ જઈ રહેલા.

આ અરસામાં ચાલુ પ્રવાસે જલપાન કરવામાં વાંધો ન આવે તે માટે તેઓની મોટરમાં લોટો-પ્યાલો રાખવામાં આવતા, પણ ઘણી વાર તેને લૂગડાંમાં બાંધવાનું રહી જાય ત્યારે તે ડખળ-ડખળ અવાજ કરે. સ્વામીશ્રીને આ અવાજ ગમે નહીં. અવાજ કરતાંય વિશેષ તો તેઓને કાર્યની અવ્યવસ્થિતતા ખૂંચે-ખટકે. તેથી તેઓ આજે બોલ્યા: 'મેં બે-ત્રણ વખત કહ્યું કે 'લોટાને ઝોળીમાં બાંધો.' આ અવાજ ન જોઈએ. મૂકનારાને ખબર ન હોય, પણ તમે સાથે ફરો છો તો ખબર રાખવી જોઈએ ને!' એમ બોધવચન કહી કામમાં આળસ કાઢવાની વાત કરી.

આ સમયમાં સ્વામીશ્રીની આંખોમાં ઝાંખપ વધતી ચાલેલી. તે તકલીફની વાત આજે તેઓના મુખેથી અચાનક આમ સરી પડી કે 'અતિ અજવાળામાં પણ ચાલવું ફાવતું નથી. તેમાં અંધારા જેવું લાગે છે.'

જો કે, આવી મુશ્કેલીઓમાં પણ તેઓએ વિચરણ તો થંભાવ્યું જ નહીં. બીજાને સુખી કરવા *'સહે છે સંકટ શરીરમાં...'*ની રીત રાખીને તેઓ ઘૂમતા.

તેથી જ તા. ૯/૧૧ની સવારે તેઓના વરદહસ્તે સુરતના મંદિરમાં નાની ડિસ્પેન્સરીનું ઉદ્‌ઘાટન થયું. તે વખતે કોને કલ્પના હશે કે આ નાનું દવાખાનું સમય જતાં દક્ષિણ ગુજરાતની અવ્વલ નંબરની 'બી.એ.પી.એસ. પ્રમુખસ્વામી હૉસ્પિટલ'માં પરિણમશે!

મહાન કાર્યોના શાંત પ્રારંભ કરનારા સ્વામીશ્રી આજની રાત્રે જદાખાડીના મોતીબાગમાં જાહેર-સભાનો લાભ આપી તા. ૧૦/૧૧ની સવારે સુરતથી વલસાડ થઈ સેલવાસ પહોંચ્યા.

અત્રે મંદિર આગળથી પસાર થતા માર્ગનું નામકરણ નગરપાલિકાએ 'સ્વામિનારાયણ માર્ગ' કરેલું. તેનું ઉદ્‌ઘાટન કરી સ્વામીશ્રી તા. ૧૧/૧૧ના રોજ ભીલાડ થઈને મુંબઈ પધાર્યા.

અહીં તેઓનાં કરકમળો દ્વારા શિખરબદ્ધ મંદિરનો ખાતવિધિ થવાનો હતો. તે પ્રસંગે સ્થાનિક વ્યવસ્થાપક સંતે ડૉક્ટર સ્વામીને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવેલું. પરંતુ સ્વામીશ્રીને આ જાણ થતાં તેઓએ એ સંતને કહ્યું: 'ડૉક્ટર સ્વામી હમણાં અહીં દસ દિવસ રોકાઈ ગયા છે અને આ ક્યાં કંઈ ઉદ્‌ઘાટન કે પ્રતિષ્ઠાનો પ્રસંગ છે? માટે ગાડીભાડું ખરચવાની જરૂર નથી. એક દિવસ આવીને જવું તેમાં શું ફાયદો? માટે 'ના'નો ટેલિફોન કરી દો.'

બિનજરૂરી સમય, શક્તિ, સોત, સંપત્તિ વગેરે વપરાય તે સ્વામીશ્રીને બિલકુલ પસંદ નહીં.

આ સેવા અક્ષરધામમાં લખાઈ ગઈ

તા. ૨૨/૧૧ની સવારે યોજાયેલા મુંબઈના ભવ્ય પંચશિખરીય મંદિરનો શિલાપૂજન વિધિ ગુજરાત બહાર સંસ્થાના સૌ પ્રથમ શિખરબદ્ધ મંદિરના પ્રારંભરૂપ હોવાથી, આ પ્રસંગ આધ્યાત્મિકની સાથે ઐતિહાસિક પણ હતો. તેથી શુભ મુહૂર્તમાં વિદ્વાન ભૂદેવોના મંત્રોચ્ચાર વચ્ચે સ્વામીશ્રી દ્વારા કૂર્મ, અનંત વગેરે શિલાઓનું પૂજન થયું ત્યારે વાતાવરણમાં અનેરી દિવ્યતા લીંપાઈ ગઈ.

આ અવસરે સૌ ભક્તો પર આશીર્વર્ષા વરસાવતાં સ્વામીશ્રીએ કહ્યું:

'મુંબઈમાં ઘણાં વર્ષોનો સંકલ્પ આજે સાકાર થાય છે. શાસ્ત્રીજી મહારાજ મુંબઈ આવતા ત્યારે જોન્સન કંપનીમાં ઊતરતા. ઓરડી નાની એટલે નિર્ગુણ સ્વામીને ટૂંટિયું વાળીને સૂવું પડતું. પછી યોગીજી મહારાજે હદ વાળી. વાડીઓ રાખી સત્સંગ વધાર્યો. મુંબઈ મધ્યે આ સુંદર સ્થાન મળ્યું. આરસને ટક્કર મારે તેવો રાજસ્થાનના બંસીપહાડપુરનો પથ્થર મંદિર માટે પસંદ કર્યો છે. સર્વેએ તન, મન, ધનથી સેવા કરી છે, તે મહારાજને પહોંચી છે. ઘર-બંગલા બધું જશે. આ અક્ષરધામનું સ્થાન. મહારાજની સેવામાં બેસવાનું છે તે સ્થાન. આ સમય અક્ષરધામમાં લખાઈ ગયો. આ સેવા અક્ષરધામમાં લખાઈ ગઈ. આપ બધાની ભક્તિ, પ્રેમ જોતાં મંદિર જલદી થઈ જશે.'

સ્વામીશ્રીના આ આશીર્વાદથી મુંબઈના મંડળમાં ઉત્સાહની ભરતી ચડી ગઈ. તેમાં મંદિરના પથ્થર ધીરે ધીરે ઊંચકાવા લાગ્યા.

અમને કોઈ ભાર નથી

સન ૧૯૭૭ના પરદેશ-પ્રવાસ બાદ સ્વામીશ્રીના સ્વાસ્થ્યમાં સમયાંતરે માંદગીઓ આવતી રહેલી. તેથી આ વખતે મુંબઈમાં નિષ્ણાત તબીબો દ્વારા તેઓના શરીરની તપાસ કરવામાં આવી. તેના અંતે નીકળેલાં કેટલાંક તારણ જણાવી ડૉ. મીનોચર મોદીએ સ્વામીશ્રીને સલાહ આપી કે 'તમારે જમવા-સૂવામાં નિયમિત રહેવું. બીજું, મગજ પર બહુ ભાર ન રાખવો.'

'અમને કોઈ ભાર નથી.' સ્વામીશ્રી સહસા બોલી ઊઠ્યા. વળી,

ઉમેર્યું: 'શ્રીજીમહારાજ અને અમારા ગુરુઓ પર ભાર મૂકી દીધો છે. અમારે ભાર છે જ નહીં. તેઓ જ બધું કરનાર છે.' સ્વામીશ્રીના મુખેથી કર્મયોગની કળા સરી પડી.

તેઓની આ મોટપ તા. ૨૪/૧૧ના રોજ મહંત સ્વામીના મુખેથી પણ વિશિષ્ટ રીતે ઊછળી આવી.

બે દિવસ પહેલાં પૂજવામાં આવેલી મંદિરની શિલાઓનો ન્યાસ આજની બપોરે ચાર વાગ્યે કરી, સ્વામીશ્રી ૫૯મા જન્મજયંતી ઉત્સવની પ્રતીક સભા માટે પોદ્દાર કૉલેજના હૉલમાં પધાર્યા, ત્યારે મહંત સ્વામીએ કહ્યું: 'સ્વામીશ્રીની સર્વે ક્રિયા ભગવાનને રાજી કરવા માટે છે. તેમના દ્વારા કેટલો બધો સત્સંગ થયો તેનું તેમને જાણપણું જ નથી! પોતે જે કંઈ કરે છે તેનો તેમને ભાર નથી. બધું મહારાજ જ કરે છે – તેમ સમજે છે. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની જીવતી-જાગતી સ્મૃતિ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ છે.'

રંગીલા રાજકોટમાં ભક્તિની ભરતી

આ વર્ષે સ્વામીશ્રીની ૫૯મી જન્મજયંતી ઊજવવાનો ચાંદલો રાજકોટના ભાલમાં ચોડાયેલો. તેની પર અક્ષતની જેમ દ્વિશતાબ્દી ઉપક્રમે શ્રીજીમહારાજનો પ્રતીક જન્મોત્સવ મનાવવાનું પણ આયોજન થઈ જતાં, આ બેવડો લાભ ઉઠાવવા ૧૦,૦૦૦થી વધુ હરિભક્તો રાજકોટના આંગણે આવી પહોંચેલા.

તા. ૨૬/૧૧ના રોજ સ્વામીશ્રીની પણ પધરામણી થતાં નીકળેલી ભવ્ય 'શ્રીજી શોભાયાત્રા' સાથે મહોત્સવનો પ્રારંભ થઈ ગયો. સમગ્ર સૌરાષ્ટ્રની નજરે નહીં ચઢી હોય તેવી શિસ્તબદ્ધ, સંસ્કારપ્રેરક અને શાંતિપૂર્ણ આ નગર-યાત્રાએ રાજકોટવાસીઓને ઘેલા કરી મૂક્યા. ધૂન-ભજનની રમઝટ, બાળ-યુવા-વડીલ અને મહિલાવૃંદની વિવિધ કલાત્મક પ્રસ્તુતિઓ, બૅન્ડધ્વનિ, ફરકતા ધ્વજ, મત્સ્યાકાર 'વિશ્વાધાર' અને નૌકાકાર 'સંતસમ્રાટ' નામના આકર્ષક રથ વગેરે ધરાવતી આ શોભાયાત્રા જ્યાં-જ્યાંથી પસાર થઈ ત્યાં-ત્યાં લોકોની આંખોનાં તોરણ બંધાઈ ગયાં.

આ દિવસે વરસાદ અને વાવાઝોડાની આગાહી થયેલી, પણ નગર-યાત્રાનો નયનરમ્ય નજારો જોઈ વાયુ અને ઇન્દ્ર પણ સ્થિર થઈ જતાં સમગ્ર યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થઈ. શાસ્ત્રી મેદાનથી પ્રારંભ પામેલી દોઢ કિ.મી. લાંબી

આ નગરયાત્રાને અનુસરતાં ઊગેલી તા. ૨૭/૧૧ની સવાર અનેકની પ્રતીક્ષાનો અંત લાવનારી બની.

આ દિવસ માટે મહિલામંડળે 'સહજાનંદ નગર'ના મંચ-માંડવાને મોતી, કાચ, મખમલ, ચાકળા, કળશો, તોરણો વગેરે ઉપચારોથી ભક્તિભાવ-પૂર્વક સજાવ્યા હતા. ૫૯ વિશિષ્ટ હાર, ૫૯ વિશિષ્ટ આરતી અને ઠાકોરજીના ૨૦૦ વિવિધ વાઘાથી ખડું કરાયેલું 'ભક્તિદર્શન' પ્રદર્શન પણ આ દિવસ માટે હતું. આ દિવસે સ્વામીશ્રી જ્યારે 'સહજાનંદ નગર'માં પધાર્યા ત્યારે જન્મ-દિવસની શત-સહસ્ર વધાઈઓ તેઓ પર વરસી પડી. આબાલવૃદ્ધ બાઈ-ભાઈનાં હોઠ-હૈયેથી, મંચ પર ગોઠવેલા શુભેચ્છાપત્રોમાંથી અને ચોતરફ ઝૂલતાં સુશોભન દ્રવ્યોમાંથી એક જ ભાવના ફૂટી રહી: *'પ્રમુખસ્વામી જીવો સદા...'*

પરંતુ માનવીનું મન બહેકી જાય એવી આ ભાવવર્ષાને પોતાની સહોદરા સમી સ્વસ્થતા, નમ્રતા અને નિર્લેપતાથી ઝીલતા સ્વામીશ્રી પ્રાતઃપૂજા કરવા બિરાજ્યા ત્યારે તેઓના મુખ પરથી કોઈ કળી શકે એમ નહોતું કે 'આજે તેઓની ૫૯મી જન્મજયંતી ઊજવાઈ રહી છે.'

પ્રાતઃપૂજા પછી યોજાયેલી જન્મજયંતીની સભામાં ગવાતી પોતાની બિરદાવલીઓ અને દેશ-પરદેશનાં મંડળોમાંથી આવેલા કલાત્મક પુષ્પહારો પણ તેઓએ એ જ રીતે સ્વીકાર્યા. ત્યારબાદ યોજાયેલા આરતી અને વ્યક્તિગત પૂજનના કાર્યક્રમોથી પરવારીને સ્વામીશ્રી બપોરે ભોજન માટે બિરાજ્યા ત્યારે ત્રણ વાગી ચૂકેલા! જન્મજયંતીના દિવસે તેઓનો ભીડો તમામ સીમાઓ ઓળંગી જતો.

જો કે, આ તો પ્રથમ પગલું જ હતું. તેને અનુસરતાં સ્વામીશ્રી આજની રાત્રે યોજાયેલી કીર્તન આરાધનામાં પધાર્યા ત્યારે આ અવસરે રાજકોટના મંડળે તેઓને વિચરણ માટે એમ્બેસેડર ગાડીની ભેટ ધરી વિશિષ્ટ ભક્તિ અદા કરી.

આ ગાડીમાં બિરાજીને જ સ્વામીશ્રી કીર્તન આરાધના બાદ ઉતારે પધાર્યા ત્યારે પોણા બાર વાગી ચૂકેલા. પરંતુ અહીં હજી તેઓને એક સભામાં હાજરી આપવાની હતી! રાજકોટના યુવક મંડળે યોજેલી આ વિશેષ સભામાં લાભ આપી સ્વામીશ્રી રાત્રે એક વાગ્યે પોઢ્યા!

એકા'વન' વર્ષે ધર્મધુરા ધારીને ધૂંઆધાર વિચરણ કરનારા સ્વામીશ્રીને આજે અઠ્ઠા'વન' વર્ષ પૂર્ણ થતાં તેઓનો 'વન'વિહાર સમાપ્ત થયો! આ વર્ષો

દરમ્યાન તેઓએ વનની વિકટતાઓને પણ વળોટી જાય એવી હાડમારીઓ સહન કરીને સત્સંગનું વિદ્યુતવેગી પ્રવર્તન કરી દીધેલું. હવે સૌની પ્રાર્થના હતી કે સ્વામીશ્રી 'વન'નાં કષ્ટો વેઠવાનાં છોડી શહેરની સુવિધા ગ્રહણ કરે. પરંતુ *'મુમુક્ષુને કરો ઉપદેશ, વિચરો વળી દેશ-વિદેશ...'*ની સ્વામીશ્રીની જીવનશૈલી બરકરાર જ રહી.

અક્ષરધામનું સુખ આવ્યું

રાજકોટમાં સ્વામીશ્રીના જન્મજયંતી મહોત્સવની સાથે દ્વિશતાબ્દી ઉપક્રમે તા. ૨૮/૧૧, માગશર સુદ નોમના દિવસે શ્રીહરિ જયંતીનું પણ શાનદાર આયોજન થયેલું. આ પ્રસંગે 'સહજાનંદ નગર'ના જ એક આરક્ષિત સ્થાનમાં ઊભી કરાયેલી યજ્ઞશાળામાં પંચકુંડી હરિયાગના મંત્રોનો ઘોષ બ્રાહ્મમુહૂર્તથી જ શરૂ થઈ ગયો. આ યજ્ઞશાળાને પાવન કરી સ્વામીશ્રી અન્નકૂટોત્સવમાં પધાર્યા. 'નગર'ના મંચ પર બિરાજમાન શ્રીજીમહારાજની મૂર્તિ સમક્ષ ૨૦૦ વાનગીઓનો કલાત્મક અન્નકૂટ સોપાનપંક્તિઓ પર ગોઠવવામાં આવેલો. સ્વામીશ્રીએ ત્યાં બિરાજી પાંચ થાળનું ગાન કરાવ્યું અને શ્રીજીમહારાજને પ્રેમથી જમાડ્યા.

અહીંથી તેઓ મહિલા વિકાસ ગૃહના સંકુલમાં આવેલા મહાદેવજીનાં દર્શન કરી રાત્રે આયોજિત શ્રીહરિ જયંતીની ઉત્સવ-સભામાં પધાર્યા ત્યારે સભામંડપ ફરી એક વાર સાંકડો સાબિત થયો. છેલ્લા બે દિવસ દરમ્યાન દબદબાભેર ઊજવાયેલા કાર્યક્રમોએ આજના ઉત્સવની ઉત્કંઠા અનેકગણી વધારી મૂકેલી. તેથી ક્યાંય તલપૂર જગ્યા બચવા પામી નહોતી. આ હકડેઠઠ સભાગૃહમાં સર્વે કાર્યક્રમના અંતે, ૨૦૦ સુશોભિત આરતી અને અસંખ્ય કોડિયાઓથી શ્રીજીમહારાજને વધાવવામાં આવ્યા તે હૃદયંગમ દૃશ્ય આજના ઉત્સવની ચરમસીમા બની રહ્યું.

આ આરતીની પૂર્ણાહુતિ સાથે જ શ્રીજીમહારાજના પ્રાગટ્યને વધાવતા જયનાદોથી ગગન ગાજી ઊઠ્યું ત્યારે સ્વામીશ્રી પણ બોલી ઊઠ્યા : 'અક્ષરધામમાં ભગવાન સમીપે બેઠા હોય તેવું સુખ આવ્યું !'

તેઓના આ ઉદ્‌ગાર રાજકોટમાં ઊજવાયેલા ચતુર્દિવસીય મહોત્સવમાં સામેલ થનારા સૌની અનુભૂતિ સમાન હતા.

હરખ-શોકમાં નવ હસે-રુએ

તા. ૨૯/૧૧ની સાંજે રાજકોટના રાજમહેલમાં પધરામણી કરી વિદાય થયેલા સ્વામીશ્રીને હવે ભાદરા પહોંચવાનું હતું. તે માટે માલવિયા શેઠે સેવામાં આપેલી 'ઈમ્પાલા' મોટર શહેરની સડકો વીંધતી ગુણાતીતનગર તરફ અગ્રેસર થઈ, પણ ભૂપેન્દ્રસિંહ રોડ પર ઉપાધિએ પોત પ્રકાશ્યું.

અત્રે ગાડીમાં બળતણ ખૂટતાં તે ભરચક શહેરની અધવચાળે ઊભી રહી ગઈ. સાથે બીજી કોઈ ગાડી પણ ન હોવાથી 'શું કરવું ?'ની વિમાસણ થઈ રહી. અલબત્ત, સ્વામીશ્રી સિવાય અન્યને.

સ્વામીશ્રી તો ગાડીની ગરબડ જાણી બારણું ખોલતાં નીચે ઊતર્યા અને ભીડભરપૂર બજારમાં ઊભા રહી તેઓએ ભાડાની રિક્ષા બોલાવી લાવવા ગાડીચાલકને કહ્યું. આ સાંભળી ડ્રાઈવર તો થડકી ગયો ! તેણે કહ્યું : 'સ્વામી ! આપ રિક્ષામાં જાવ તે ખરાબ દેખાય. માટે જરાક વાર થોભો તો...'

પરંતુ સ્વામીશ્રીએ તેને અટકાવી રિક્ષા ઊભી રખાવી દીધી અને લેશ ક્ષોભ-સંકોચ પામ્યા સિવાય તેમાં બેસી કૃષ્ણજી અદાની દેરીએ દર્શન માટે જઈ પહોંચ્યા !

અહીં તેઓને રિક્ષામાંથી ઊતરતા જોઈ અગાઉથી આવી ગયેલા હરિભક્ત શ્રી ભાનુભાઈ ગઢિયા તો ચકિત જ થઈ ગયા. તેઓએ વિગત જાણી કહ્યું : 'બાપા ! આપે મને કહ્યું હોત તો હું ગાડી લઈને આવી જાત ને !'

ત્યારે સ્વામીશ્રી સસ્મિત બોલ્યા : 'અમારે તો જે વાહન હોય તેનાથી ચાલે. પહેલાં આ રિક્ષાવાળાને ભાડું ચૂકવી દો.' આમ કહેતાં તેઓ દેરીએ દર્શનમગ્ન થઈ ગયા.

છેલ્લા ચાર દિવસથી જેઓનું નામ શહેરવાસીઓની જીભ પર રમતું રહેલું, અખબારોએ જેઓનાં પ્રશસ્તિગાન કરતાં પૂર્તિઓ ભરેલી, રંકથી રાજવી સુધીનાં સન્માન સ્વીકાર્યાને હજી અડધો કલાક માંડ વીતેલો, બે દિવસ પહેલાં નીકળેલી હૈયેહૈયું દળે એવી મેદનીસભર શોભાયાત્રામાં જેઓ 'સંત-સમ્રાટ' રથમાં બિરાજેલા, એ સ્વામીશ્રીને આજે એ જ મસ્તી અને આનંદથી રિક્ષામાં ચઢતાં-ઊતરતાં-ફરતાં જેણે-જેણે જોયા, તેની આંખો ચાર અને જીભ બાર થઈ ગઈ ! આવું તો 'જોયું નથી ને જોશું નહીં' કહેતાં કોઈની વાણી વિરામ ન પામી.

મહોત્સવના પડઘા કરતાં પણ વધુ જોરથી ગાજેલો સ્વામીશ્રીની આ સ્થિતપ્રજ્ઞ સ્થિતિનો પડઘો હજીયે શમવાનું નામ નથી લેતો.

જૂનાગઢના જોગી મળી ગયા!

રાજકોટથી ભાદરા થઈને હાપા પધારેલા સ્વામીશ્રીએ તા. ૧/૧૨ની સવારે અહીંના નૂતન મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ પધરાવ્યા. ત્યારબાદ ગોંડલ પહોંચેલા તેઓએ તા. ૨/૧૨ની સવારે 'અક્ષરધામ'ના શિલાન્યાસની આમંત્રણ-પત્રિકાને અક્ષર દેરીમાં ધરાવી પ્રસાદીભૂત કરી અને એ જ દિવસની સાંજે પાંચ વાગ્યે આશાપુરા વિસ્તારના શિશુમંડળનું ઉદ્‌ઘાટન પણ કર્યું!

ક્યાં પતંગિયાં જેવા શિશુઓ અને ક્યાં પર્વત-પોતરાં જેવાં અક્ષરધામ! પરંતુ સ્વામીશ્રીના હાથ બંનેને એકસાથે, એકસમાન ભાવે સંભાળી શકતા. આ તેઓનો પરિચય!

શિશુમંડળનો પ્રારંભ કરાવી તેઓ ગોંડલની પટેલ બોર્ડિંગમાં યુવાનોની સંભાળ લેવા પહોંચી ગયા. અત્રે ચઢતા લોહીમાં નૈતિકતાનો પ્રાણવાયુ ફૂંકી ચોકી થઈને જૂનાગઢ પધારેલા સ્વામીશ્રીએ, તા. ૩/૧૨ની સવારે કલ્યાણજી મેન્સનના આંગણે પગલાં પાડ્યાં. આ સંકુલના અડખે-પડખે ઊભેલાં બે મકાનોમાં પધરામણી કરવા, વચ્ચે કોઈ જોડાણ ન હોવાથી, એક ઘરના દાદરા ઊતરી બીજા ઘરના દાદરા ચડવાના થયા. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'અંબાજીની ટૂકથી દત્તાત્રેયની ટૂકે જવા જેવું થયું!'

ભીડાભક્તિમાં પણ તેઓ રમૂજના રંગ છાંટી વાતાવરણને પ્રસન્ન રાખતા.

આ રીતે પધરામણીઓ પૂર્ણ કરી સ્વામીશ્રી મંદિરે પરત ફર્યા ત્યારે અહીં બદલપુરના હરિભક્તો તેઓની રાહ જોઈ રહેલા. આ સંઘને જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'તમે બદલપુરથી ઠેઠ જૂનાગઢ આવ્યા ને અહીં જૂનાગઢના જોગી મળી ગયા!'

સ્વામીશ્રીનું જીવન અને કાર્ય જોઈને તો સૌને તેઓમાં ગુણાતીતની ઝાંખી થતી જ; પરંતુ આજે તેઓના મુખે જ તે વાત પાકી થતાં સૌ હરખાઈ ઊઠ્યા.

આ હરખ વચ્ચે જૂનાગઢથી વિદાય લઈ સ્વામીશ્રી સુખપુર, ગોંડલ, માલિયાસણ, ચોટીલા, સુરેન્દ્રનગરને પાવન કરતાં, સાંજે પોણા સાત વાગ્યે ખેરવા(જતના) આવી પહોંચ્યા.

અત્રે તેઓની પ્રથમ વારની જ પધરામણી હોવાથી શાનદાર સ્વાગત થયું. તે સ્વીકારી સ્વામીશ્રી શાંતિભાઈના ઘેર ઉતારે પધાર્યા ત્યારે અહીં તેઓને બેસવા માટે પલંગ સજાવેલો; પણ તેની બાજુમાં નીચે ઠાકોરજીને થાળ ધરાવાતો હોવાથી, સ્વામીશ્રી પલંગે ન બેસતાં ભોંય પર જ બેસી ગયા. તે જોઈ સૌનાં મનમાં રહેલી તેઓની 'જૂનાગઢી જોગી' તરીકેની છબી અધિક ઊંચે ચઢી.

પામતા નથી હૈયે હાર

ખેરવામાં તા. ૪/૧૨ની રાત્રે નવથી બાર વાગ્યા સુધી જાહેર-સભા અને તા. ૫/૧૨ની સવારે નવથી સાડા બાર વાગ્યા સુધી પધરામણીઓ કરી સ્વામીશ્રી આખા ગામને રંગતાં, સુરેન્દ્રનગર થઈને સાંજે ખારવા પધાર્યા.

આ ગામમાં ત્રિદિવસીય પારાયણ પ્રસંગે પધારેલા તેઓ સવારે વચનામૃતની કથા કરી પધરામણીએ નીકળી પડતા. સાંજે અન્ય સંતો પારાયણ વાંચતા હોવાથી આ સમયે પણ સ્વામીશ્રી ઘરોઘર ઘૂમતા.

તે ક્રમમાં તા. ૭/૧૨ના રોજ તેઓ એક ઘેર પધાર્યા ત્યારે ત્યાં બેસવા માટે જરી ભરેલી સાડીઓનું વિશિષ્ટ આસન કરેલું, પણ 'સારું એટલું તારું'ના ભાવથી ભગવાન ભજતા સ્વામીશ્રીએ, તે આસન પર ઠાકોરજીને પધરાવ્યા અને પોતે સામાન્ય પાથરણા પર બેઠા.

આ ભક્તિભાવ સાથે આજની પધરામણીઓ બાદ ભોજન લેતા સ્વામીશ્રીએ પોતાની સ્વાભાવિક પ્રકૃતિ વર્ણવતાં જણાવ્યું: 'મારે જમવામાં પહેલાં એક મોટો લોટો પાણી જોઈએ. જમ્યા પછી બે પ્યાલા પાણી પી જઉં. વચ્ચે પણ પાણી પીઉં. વચ્ચે પાણી પીવાની મોટા સ્વામી 'ના' પાડતા.'

આ સ્મૃતિનો સ્વાદ ચખાડતા તેઓ ખારવામાં પારાયણની પૂર્ણાહુતિ કરીને તા. ૮/૧૨ના રોજ વાઘેલા, વઢવાણ, લીંબડીને લાભ આપતાં ઊંટડી પધાર્યા. અહીં એક ઘેર હીંચકા પર આસન ગોઠવેલું. ત્યાં બધો વિધિ પૂરો કરીને જ્યાં સ્વામીશ્રી ઊભા થવા ગયા ત્યાં જ તેઓની કેડમાં જમણી બાજુ રગ ચડી ગઈ અને સખત દુઃખાવો શરૂ થયો. છતાં *'...સહે સમૂહ સંકટના, તોયે પામતા નથી હૈયે હાર...'*ની રીતે વિચરતા સ્વામીશ્રી મુસાફરી કરીને ચોકી જઈ પહોંચ્યા.

અત્રે આયોજિત પારાયણમાં ત્રણ દિવસ લાભ આપી, તેઓ તા.

૧૧/૧૨ના રોજ નારાયણ ઘરે શ્રીજીમહારાજના પ્રાસાદિક સ્થાન પર ચરણારવિંદ પધરાવી રાત્રે ગઢડા પધાર્યા.

અહીં શાસ્ત્રીજી મહારાજનો સંકલ્પ હતો: 'મંદિર સામે સુંદર દરવાજો કરવો.' ગુરુના આ સંકલ્પની પરિપૂર્તિ માટે સ્વામીશ્રીએ પ્રયત્ન આદરેલો. તેઓના શુભ ઇરાદાએ મંદિર આગળ રહેતા ગોકળીઓનાં મનમાં પ્રેરણા જગાવતાં, તેઓએ પોતાનાં રહેણાંક સંસ્થાને સમર્પી દીધાં. સ્વામીશ્રીએ તેઓને સવાયું સારું કરી આપતાં એસ. ટી. સ્ટેન્ડ પાસે વિશાળ જમીન લઈ દેતાં, ત્યાં નવું 'ગોકુળ' વસાવવાની યોજના થઈ.

આ નવી વસાહતનો ખાતવિધિ તા. ૧૨/૧૨ની સવારે નવ વાગ્યે સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા થયો. આ પ્રસંગે ગઢડા ગામ અને તાલુકાના અનેક આગેવાનોની ઉપસ્થિતિમાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ પ્રસન્નતા વ્યક્ત કરી કે 'શાસ્ત્રીજી મહારાજનો આ સંકલ્પ હતો, પણ સમય પાકે ત્યારે કામ થાય છે. પોતાનું ઘર મૂકવું કઠણ; છતાં ગોકળી ભાઈઓએ તે ત્યાગ કર્યું તે મોટો ભોગ કહેવાય! અમારે મન આ મોટી વાત છે. મહારાજ તેમને ઘણા સુખિયા કરશે.'

સદ્-વિદ્યા ભણો સર્વદા

'ગોકુળ'ના ખાતવિધિ બાદ તા. ૧૨/૧૨ની સાંજે સારંગપુર પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં સંતોએ 'સહજાનંદ સંસ્કૃત સંસદ' અંતર્ગત પ્રવચન-સ્તોત્રોનું ગાન-કથન કર્યું. તેમાં છેલ્લે સ્વામીશ્રીને આશીર્વાદ આપવા વિનંતી થઈ ત્યારે તેઓએ 'अहं संस्कृतं न जानामि' (હું સંસ્કૃત જાણતો નથી) એમ શરૂઆત કરી સૌને આનંદ પમાડ્યો.

તે પછી મુદ્દાની વાત જણાવતાં સ્વામીશ્રીએ કહ્યું:

''અક્ષર-પુરુષોત્તમનો સિદ્ધાંત શાસ્ત્ર પ્રમાણે પ્રતિપાદિત કરે એવા પંડિત થાવ. અત્યારે તો આપણે લાકડાની તલવારે ચાલે છે, પણ શાસ્ત્ર પ્રમાણે થવું જોઈએ. બહારના વિદ્વાનોને લાગવું જોઈએ કે આપણું તત્ત્વજ્ઞાન રામાનુજાચાર્યથી જુદું છે. શાસ્ત્રીજી મહારાજનો સંકલ્પ છે, માટે દસ-બાર વર્ષ તપશ્ચર્યા કરવી. હરવા-ફરવા-જોવાનું મૂકી દેવું. ન્યાય(શાસ્ત્ર)માં બરાબર થવું. મહેનત સખત કરવી. બાર વર્ષ બીજું બધું ભૂલી જવું. આળસ-પ્રમાદ કાઢવાં. સંસ્કૃત બોલતાં-ચાલતાં શીખી જવું.''

આમ, સ્વામીશ્રીએ *'છાંડી આળસ અંગથી સુજન સદ્‌વિદ્યા ભણો સર્વદા'*નો આદેશ આપી દીધો. વખતોવખત તેઓએ આપેલા આવા ઉત્તેજનથી, આજે સંસ્થા વિદ્વાન સંતોથી શોભી રહી છે.

હૈયાનું બહુ હેત દેખાડે

તા. ૧૩/૧૨ની સાંજે 'અક્ષરધામ'ના શિલાન્યાસ માટે પ્રસ્થાન કરતાં પૂર્વે, સ્વામીશ્રી વિદાયનાં દર્શન કરવા મંદિર પર પધાર્યા ત્યારે અહીં હરિકૃષ્ણ મહારાજના ડાબા કાન પર મૂકેલું ગુલાબ ખર્યું. તે કર્ણફૂલ 'અક્ષરધામ'ના ગર્તમાં પધરાવવા માટે મહારાજે પ્રસન્નતાની પ્રસાદીરૂપે આપ્યું છે તેમ માની સ્વામીશ્રીએ લઈ લીધું અને આવી પહોંચ્યા ગાંધીનગર.

અહીં શિલાન્યાસની નિર્ધારિત જગ્યાનું નિરીક્ષણ કરી રામચંદ્રભાઈ બારોટના ઘેર ઠાકોરજી જમાડવા પધારેલા સ્વામીશ્રીને ભોજન પહેલાં અચાનક શૌચવિધિ માટે જવાનું થયું. તેથી વસ્ત્રપલટો કરી તેઓ શૌચાલય પાસે પહોંચ્યા. તેનું બારણું પણ તેઓએ ખોલી દીધું. ત્યાં જ સ્વામીશ્રીને આ યજમાનને સોંપેલી એક સત્સંગીના વ્યાવહારિક કામકાજની વિગત યાદ આવતાં તેઓ અટકી ગયા અને શૌચવિધિ ઠેલીને ઊભાં ઊભાં તેઓ દસેક મિનિટ સુધી યજમાન સાથે પેલી વિગત વિષે વિમર્શ કરતા રહ્યા.

જે ભક્તની તેઓ આમ ચિંતા કરી રહેલા તેને તો કદાચ જિંદગીભર ખબર નહીં પડી હોય કે સ્વામીશ્રીએ પોતાની દેહક્રિયા રોકીને તેનું આવું જતન કર્યું છે! જણાવ્યા વિના જાળવી લેવાની રીત હતી તેઓની!

તેથી જ શૌચ-સ્નાન બાદ ભોજન લેવા બિરાજેલા સ્વામીશ્રીએ યજમાનને કહ્યું: 'બહાર અમારી ગાડીમાં એક યુવક બેઠો હશે. તેને ઉકાળો બનાવી આપી આવો.'

છેલ્લાં બે-એક વર્ષથી સ્વામીશ્રીની ગાડી ચલાવી રહેલા યુવાન યોગેશ ચગ, આજે તબિયત ઠીક ન હોવાથી જમવા ન આવતાં ગાડીમાં જ બેસી રહેલા. તેઓની આ સંભાળ લીધા પછી જ સ્વામીશ્રીએ પોતાના મોંમાં કોળિયો મૂક્યો. જ્યારે પેલા ગાડીચાલક યુવાનના હાથમાં ઉકાળો પહોંચ્યો ત્યારે તે દૂધ નહીં, પણ સ્વામીશ્રીનો સ્નેહ જ ગટગટાવી રહ્યો!

અક્ષરધામના શિલાન્યાસ જેવી મહાન ઘટનાની ઘડીઓ ગણાઈ રહી હોય ત્યારે પણ સ્વામીશ્રી ભક્તોની સૂક્ષ્મ સંભાવના કરવામાં આટલા સાવધ રહેતા!

'અક્ષરધામ'ના શ્રીગણેશ

ગાંધીનગરમાં તા. ૧૩/૧૨ની રાત્રે વશરામભાઈના ઘેર ઊતરેલા સ્વામીશ્રી કંઈક વાતચીતમાં વ્યસ્ત હતા ત્યારે આવી ચડેલા એક હરિભક્ત તેઓની આરતી ઉતારવા લાગ્યા, પરંતુ તે વખતે સ્વામીશ્રીની બાજુમાં ઠાકોરજી કે અન્ય કોઈ પટમૂર્તિ ન હોવાથી, તેઓએ વાત પડતી મૂકીને આરતી ઉતારતા ભક્તનો હાથ પકડી કહ્યું: 'ઘણા વખતથી આરતી કરો છો, પણ ખબર નથી પડતી કે મહારાજની મૂર્તિ વગર આરતી ન ઊતરે!'

અપરાધભાવ સાથેની આ અકળામણ વ્યક્ત કરી સ્વામીશ્રીએ મૂર્તિ મંગાવી. તેને પોતાની બાજુમાં પધરાવી. તે પછી પેલા હરિભક્તને કહ્યું: 'હવે આ મહારાજની આરતી ઉતારો.'

ભક્તિના આસન પર સદા સ્થિર સ્વામીશ્રીનો ઉત્સાહ તા. ૧૪/૧૨ની સવારે અનેરો હતો. હજારો વર્ષો સુધી શ્રીજીસ્મૃતિ, હિન્દુ ધર્મ અને ભારતીય સંસ્કૃતિને ટકાવી રાખનારા એક વિશ્વકક્ષાના સ્મારકના શ્રીગણેશ કરવા તેઓ ચરણ ઉપાડી રહ્યા છે, તે હકીકતને તો તે સમયે એકમાત્ર તેઓ જ જાણતા હતા. આ સ્મારકનો નકશો બનાવનારા સોમપુરાને પણ કદાચ ખ્યાલ નહોતો કે આ અક્ષરધામ કેવું બનવાનું છે!

પરંતુ તે માટે ઉતારેથી નીકળેલા સ્વામીશ્રી પ્રથમ સેક્ટર-૨૦ના 'જ' રોડ પર ઊભેલા સત્સંગ ભવનમાં પધાર્યા. અહીં શિલાન્યાસ પૂર્વેનો વેદોક્ત-વિધિ સંપન્ન કરી તેઓએ સત્સંગ ભવનના સિંહાસનમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવ્યા. ત્યારબાદ સ્વામીશ્રી સભામાં પધાર્યા ત્યારે તે મંડપ દસ હજારની મેદનીથી ખીચોખીચ ભરાઈ ગયેલો. દેશ-પરદેશથી ઊમટેલા હરિભક્તોની સંખ્યા સાથે દરેક મંદિરના કોઠારી સંતો-મહંતો તથા ગાંધીનગરના અગ્રણી સરકારી અધિકારીઓ, પ્રધાનો અને પ્રજાજનોની ઉપસ્થિતિ પણ નોંધપાત્ર હતી. ગરિમા અને મધુરિમા, બંનેથી દેદીપ્યમાન આ સભામાં વિશિષ્ટ મહાનુભાવોએ સ્વાનુભૂતિઓ રજૂ કરી.

તેને અનુસરતાં બરાબર અગિયાર વાગ્યાના ટકોરે સ્વામીશ્રી ગુલાબની પુષ્પપાંખડીઓથી આચ્છાદિત પગથિયાં પર ચરણ મૂકતાં-મૂકતાં શિલાન્યાસના ગર્તમાં પધાર્યા. ઘડિયાળના કાંટા ૧૧:૩૫ વાગ્યાનો સમય બતાવી રહેલા ત્યારે સ્વામીશ્રીના વરદહસ્તે કુંભ મુકાયો. તે પછી પંચરત્નના નિક્ષેપની સાથે

શ્રીજીમહારાજનાં અસ્થિફૂલો અને 'અક્ષરધામ' નિર્માણનો હેતુ વર્ણવતો શિલાલેખ પણ સ્થપાયો. આ ધન્ય ક્ષણને ઉપસ્થિત ભક્તસમુદાયે પ્રચંડ જયનાદ સાથે વધાવી લીધી.

શિલાન્યાસ બાદ પુનઃ સભામાં પધારેલા સ્વામીશ્રી, નાદુરસ્તી અનુભવતા મુખ્યમંત્રીને અહીં મંચ પર ચઢવામાં કોઈ તકલીફ ન પડે, તે માટે બે પાટલાં મૂકીને એક પગથિયું તૈયાર કરી દેવાની સૂચના આપવાનું પણ ન ચૂક્યા. મોટા કામમાં વ્યસ્ત તેઓ નાના કામ કરવાનું કદી ન વીસરતા.

આ ચીવટ સાથે સ્વામીશ્રીએ આજે આશીર્વાદ આપ્યા કે 'યોગીજી મહારાજનો સંકલ્પ ધાર્યા બહાર નીકળી જાય છે. આ મહત્ત્વની સેવા મળી છે. ધાર્યું છે તેથી સુંદર રચના થાય તે પ્રાર્થના.'

આમ, ગાંધીનગરનું ઘરેણું બનનારા 'અક્ષરધામ'નો આરંભ કરાવી સ્વામીશ્રી અન્ય એક દૂરગામી અસર ઉપજાવનારું કાર્ય કરવા અમદાવાદ આવી પહોંચ્યા.

અપાર મોટા અગાધ મતિ

સ્વામીશ્રીની ભક્તિ અને શક્તિથી સ્થાપત્યની સાથે સાહિત્યની દિશામાં પણ સંસ્થા નક્કર પ્રગતિ સાધી રહેલી. પાંચ સામયિકોનાં નિયમિત પ્રકાશનની સાથે સાથે, દ્વિશતાબ્દી ઉપક્રમે અઠવાડિયું પૂરું થતું નહોતું ત્યાં સંસ્થા દ્વારા એક નવું પુસ્તક ગ્રંથાલયોના ઘોડામાં મુકાતું હતું. પ્રકાશનના આ પૂરને પહોંચી વળવા સંસ્થાના જ મુદ્રણ મંદિરની આવશ્યકતા ઊભી થતાં સ્વામીશ્રીએ તા. ૧૪/૧૨ની સાંજે 'અક્ષરપીઠ'ના પ્રાથમિક વિભાગનું ઉદ્ઘાટન કર્યું. આ પગલું પણ ભવિષ્યમાં કેટલું વિરાટ સાબિત થવાનું છે તેનો ખ્યાલ એકમાત્ર સ્વામીશ્રીને જ હતો.

આવું એક ક્રાંતદર્શી કદમ ઉઠાવી અમદાવાદથી અસલાલી પધારેલા સ્વામીશ્રી અત્રે નાથાભાઈ પટેલના ઘેર વાળુ કરવા બિરાજ્યા. તેઓની સાથે હરિભક્તોનાં ભાણાં પણ મંડાયેલાં. તેથી દર વખતની જેમ આજે પણ સ્વામીશ્રીનું ધ્યાન પોતાના ભોજનમાં ઓછું અને ભક્તોની વ્યવસ્થામાં ઝાઝું હોવાથી, ખીચડીમાં ઘી પીરસવાનું રહી ગયું છે એ વિગત તેઓની જાણ બહાર ન રહી. આ બાબત પરિવેષકોના ધ્યાન પર લાવતાં તેઓ બોલ્યા:

''મારી સહજ જ એવી દૃષ્ટિ કે પગ મૂકતાંની સાથે ખબર પડી જાય કે

'અહીં શું જોઈશે ? શું શું બાકી છે ? શું કરવું ?' યોગીજી મહારાજના વખતમાં બધી વ્યવસ્થા જોઈ લેતા. ખબર પડી જવી જોઈએ. ઘણા અઢાર-અઢાર વરસથી સાથે ફરે છે, પણ વસ્તુની સૂઝ ન આવે. ગાંધીનગરમાં ખાતવિધિ વખતે માણસ વધેલું જોઈ, અંબાલાલકાકા વિધિમાં બેઠા હતા તે ઊઠી ગયા ને રસોડે પહોંચી ગયા ! આ સૂઝ કહેવાય.''

સૌને આ સાંભળી આશ્ચર્ય થયું કે 'દસ હજારની મેદનીમાં કોણ, ક્યારે, શા માટે ઊભું થયું, તે કળી જનારા સ્વામીશ્રીની સૂઝ કેવી !' આકાશ જેવી અમાપ જ ને ! સાગર જેવી અગાધ જ ને !

કષ્ટમાં પણ કરુણા

તા. ૧૫/૧૨ની સવારે અસલાલીમાં શ્રીજીમહારાજના પ્રાસાદિક ઘરનાં દર્શન કરવા પધારેલા સ્વામીશ્રીએ વાત કરી કે 'વરતાલ પ્રકરણના દશમા વચનામૃતમાં જેમણે પ્રશ્ન પૂછ્યો છે એ ભાદરણવાળા ભગુભાઈનાં બા અસલાલીનાં હતાં તેવું સાંભળ્યું છે.'

ઇતિહાસનાં ઘણાં વણઉકલ્યાં સળ સ્વામીશ્રીના સાંનિધ્યમાં ખૂલતાં જણાતાં. તેથી તેઓ સાથેનું વિચરણ એક પાઠશાળા જેવું અનુભવાતું.

આ રીતે અસલાલીથી નીકળી સ્વામીશ્રી જેતલપુરમાં રાજભોગ આરતીનાં દર્શન કરી નાઝ પહોંચ્યા.

અત્રે પધરામણીઓ દરમ્યાન તેઓને કમર નીચે જમણી તરફના થાપાના સાંધામાં દુઃખાવો શરૂ થતાં ઊઠવા-બેસવામાં ઘણું કષ્ટ પડવા લાગ્યું. છતાં આવી પીડામાંય તેઓએ દસ પધરામણીઓ તો કરી જ દીધી, પરંતુ તે એક-એક પધરામણી ઘા પર ઘસરકા જેવી વેદના પમાડતી ગઈ. તેથી સંતોએ કહ્યું : 'બાપા ! હવે પધરામણીઓ અટકાવીએ.'

'થોડા ઘેર ફર્યા ને હવે બંધ રાખીએ તે ઠીક નહીં.' સ્વામીશ્રી બોલ્યા.

ભલે પધરામણી અટકાવવાનું કારણ વાજબી હોય, છતાં જેને ઘેર ન જવાય તેનું દિલ દુઃખાય તો ખરું જ, અને કોઈનું દિલ દૂભવવું એ પણ સ્વામીશ્રીને મન હિંસા જ. તેથી તેઓએ કાંટા ખૂંચતા હોય તેવા કષ્ટ સાથે બાકીની પધરામણીઓ પૂર્ણ કરી સૌને સંતોષ પમાડ્યો.

સ્વામીશ્રીનું હૈયું એવું હતું કે તેમાંથી કષ્ટમાં પણ કરુણા જ નીતરે, કકળાટ નહીં; વહાલ જ વહે, વેદના નહીં.

દેહથી અધિક દેવ

નાઝથી નીકળેલા સ્વામીશ્રી વસઈ થઈને તા. ૧૬/૧૨ના રોજ મહીજડા પધાર્યા, પરંતુ દુખાવાનો ઉપદ્રવ વધતાં તેઓને તાબડતોબ અમદાવાદ લઈ જવાયા.

અહીં ડૉક્ટરોએ એક્સ-રે પાડી દવા અને આરામની સલાહ આપી. પધરામણીઓ અને દંડવત કરવા પર તો સખત નિષેધ મૂક્યો. પરંતુ આ તપાસ, તારણ અને તકેદારીની વાત સાંભળવા છતાં, વિચરણમાં નીકળી પડેલા સ્વામીશ્રી માત્ર ત્રણ જ દિવસમાં મહીજડા, બારેજા, નવાગામ, ધરોડા, ચિત્રાસર, શ્રીજીપુરા, નાયકા, પુરુષોત્તમપુરા, આણંદ, રઢુ અને વારસંગ એમ ૧૧ ગામો ઘૂમી વળ્યા! આરામની સલાહ તો ક્યાંય સોડ તાણીને સૂઈ ગઈ.

માનવમાત્રને સૌથી વહાલું શરીર સ્વામીશ્રીને મન ખાસડાંથી વિશેષ નહોતું. તેઓ સતત તેની રેવડી કરતા રહેલા.

આ રીતે વારસંગથી સ્વામીશ્રી માતર તાલુકાના બરોડા ગામે પધાર્યા. આ ગામમાં તેઓના પ્રથમ આગમનને સૌએ ઉમળકાભેર વધાવ્યું. તે પછી યોજાયેલી સભામાં સ્વામીશ્રીની વાતોએ જાણે લોઢાં ઓગાળ્યાં! તેઓના વચને અઠંગ બંધાણીઓએ વ્યસનોને તિલાંજલિ દઈ દીધી. મોટી સંખ્યામાં ગ્રામજનોએ કુટેવો કાઢી વર્તમાન ધરાવ્યાં.

પધરામણીઓ પર પ્રતિબંધ મુકાયો હોવા છતાં સ્વામીશ્રીએ આ ગામમાં પાંચ ઘેર પગલાં કર્યાં. તેમાં એક જગ્યાએ તેઓને વળગેલા કમરના દુખાવાને ધ્યાનમાં રાખી બેસવા માટે ખુરશી મૂકેલી, પરંતુ તે એક જ હોવાથી સ્વામીશ્રીએ તેની પર ઠાકોરજી પધરાવ્યા અને પોતે નીચે જ પલાંઠી વાળીને બેઠા!

આ રીતે બેસવામાં અને પછી ઊઠવામાં તેઓને ઘણી પીડા થઈ, પરંતુ ઠાકોરજીની ભક્તિ સામે તેઓને પોતાના કષ્ટની કોઈ વિસાત નહોતી. 'યથા દેહે તથા દેવે।'ના શાસ્ત્રવિધાનથી ક્યાંય આગળ નીકળી ગયેલા સ્વામીશ્રીને દેવ તો દેહથીયે અધિક હતા.

ક્ષણુક્ષણુએ ખબર રાખે ખરી

બરોડાથી ચાંદણા, પલાણા, સોખડાને લાભ આપતાં માતર પધારેલા સ્વામીશ્રીએ અહીં તા. ૨૨/૧૨ની સવારે ગઢડા અંત્ય પ્રકરણનું ૨૫મું

વચનામૃત સતત ત્રણ કલાક સુધી નિરૂપ્યું ! કેડના દુખાવાને કારણે પધરામણીઓ બંધ થતાં તેઓએ હવે સમયનો સદુપયોગ આ રીતે કરવાનું વિચાર્યું હશે કે ?!

આ રીતે જ ત્રાજને લાભ આપી સ્વામીશ્રી તા. ૨૩/૧૨ની સાંજે પુનાજ પધાર્યા.

આ ગામની એક અનેરી સ્મૃતિનો સ્વાદ ચખાડતાં તેઓએ કહ્યું :

''એક વાર યોગીજી મહારાજ, મોટા સ્વામી ને હું લીંબાસીથી ગાડામાં બેસી સવારે અગિયારેક વાગ્યે અહીં આવેલા. ભીખાભાઈના કચરિયા ઓરડે ઊતરેલા. બ્રાહ્મણ હતો નહીં, એટલે રસોઈ જાતે કરવાની હતી. તેથી પ્રથમથી જ મોટા સ્વામી જરા અકળાઈ ગયા કે 'બ્રાહ્મણ લાવ્યા નહીં' વગેરે. પછી હું રસોઈ કરવા મંડ્યો. ચૂલો પેટાવ્યો તે ધૂણી થઈ. તેથી મોટા સ્વામી ગરમ થયા કરે. યોગીજી મહારાજ તે જોઈ હસે. પછી લાડુ તૈયાર કર્યા. અહીં રોકાયેલા ત્યારે આ ગામના તળાવમાં ન્હાતા.''

સૌને આ સ્મૃતિરસમાં તરબોળ કરતાં સ્વામીશ્રીએ તા. ૨૪/૧૨ની સવારે પણ વધુ એક છોળ્ય ઉડાડી કે –

'અત્રે શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ પોટલાં માથે મૂકીને આવતા. તે વખતે ઓળખવા અઘરા. મોટરો આવે, હજારો પગે લાગે ત્યારે 'મહાન છે' તેવું મનાય. પણ તે વખતે ઓળખ્યા તે કામનું.'

સૂર્ય તેની પ્રત્યેક અવસ્થામાં ઊંચે જ હોય છે, તેમ સત્પુરુષની મોટપ પણ સદાય એકસરખી રહે છે.

આ મર્મ સમજાવી સ્વામીશ્રી પુનાજથી પુજેરા, ત્રાણજાને લાભ આપતાં લીંબાસી પધાર્યા. અત્રે તા. ૨૫/૧૨ની સવારે પ્રાથમિક શિક્ષકોને તાલીમ આપતા વિદ્યાલયમાં પધરામણી-પ્રવચન કરી તેઓ ખાંધલી પહોંચ્યા.

અહીં આવવાનું એકમાત્ર પ્રયોજન હતું – શાસ્ત્રીજી મહારાજના સંબંધવાળા ભીખાભાઈના ખબર-અંતર પૂછવાનું. ૯૦ વર્ષની વયના આ હરિભક્તે વહેલી ઉંમરે વિધુર થયા પછી આખું જીવન સત્સંગની સેવાપરાયણ કરી દીધેલું. સ્વામીશ્રી તેઓની સેવા સંભારતાં બોલ્યા : 'અમે આવીએ એટલે પૂરણપોળી કરાવડાવે અને તપેલી ભરી ઘી મૂકી દે.'

આમ, અડધો કલાક સુધી તેઓને ખાટલે બેસી સ્વામીશ્રી વાતો કરતા રહ્યા, આશીર્વાદ આપતા રહ્યા, શરીરે વરદહસ્ત પ્રસરાવતા રહ્યા. ચમચીથી જલપાન પણ કરાવતાં કહ્યું : 'મારે અહીંથી નીકળવાનું થાય ત્યારે અહીં

આવવા વિચાર બે-ત્રણ વખત આવેલો પણ રહી જતું હતું.'

સ્વામીશ્રીના શબ્દોમાં ભક્તની સંભાળ લેવામાં વિલંબ થયાનો રંજ ટપકી રહ્યો. બે દિવસ પછી આ ગામમાં આવવાનો કાર્યક્રમ હતો જ, પરંતુ એટલો વિલંબ પણ તેઓ સાંખી ન શક્યા અને આજે આમ ખાસ દોડી આવ્યા. *'ક્ષણુક્ષણુએ ખબર રાખે ખરી...'*ની સ્વામીશ્રીની આ પ્રકૃતિ સૌની આંખો ભીની કરી ગઈ.

એ જ અવસ્થામાં સૌ પુનઃ લીંબાસી જવા નીકળ્યા ત્યારે રસ્તામાં સ્વામીશ્રીએ વાત કરી કે 'શાસ્ત્રીજી મહારાજના વખતના હરિભક્તો ઘણા ઓછા થઈ ગયા. સંતો હવે કેટલા છે?' એમ પૂછી જાતે જ સરવાળો માંડતાં બોલ્યા: 'અગિયાર સંતો અને બે પાર્ષદ એમ તેર ત્યાગી હવે રહ્યા છે.'

શિખરો સર કરનારા તેઓ પાયાની શિલાઓને સંભારતાં સંભારતાં લીંબાસીથી સેખુપુર થઈને સીંજીવાડા પધાર્યા. આ ગામનો મહિમા વર્ણવતાં સ્વામીશ્રી બોલ્યા: 'આ ગામમાં શ્રીજીમહારાજ ૩૨ વખત પધારેલા છે. ગોકુળ, મથુરાથી અધિક છે.'

નિર્વૈર મે'ર મને ઘણી

સીંજીવાડાથી તારાપુર, હાડેવા, સાયલા, શાંતિપુરા થઈને સ્વામીશ્રી તા. ૨૬/૧૨ની રાત્રે દસ વાગ્યે ખેડાના હરિમંદિરે પહોંચ્યા ત્યારે ઠાકોરજી તો પોઢી ગયેલા. છતાં *'પ્રીત પ્રભુ શું ઘણી...'* ધરાવતા તેઓ દંડવત કર્યા વિના ન રહી શક્યા.

આવી પ્રેમલક્ષણા ભક્તિની સાથે *'દેહદમન નિરંતર કરવું...'*નો પણ સ્વામીશ્રીનો મત. તેથી રાજકોટમાં શ્રીહરિ જયંતી ઊજવ્યા બાદ તેઓએ દર સુદ નોમના દિવસે એકટાણું જમવાનો નિયમ રાખેલો. તે મુજબ તા. ૨૭/૧૨ના દિવસે હરિજયંતી હોવાથી સ્વામીશ્રી આ વ્રતની વાટે ડગ દેતાં ખેડાથી ખાંધલી પધાર્યા.

અહીંથી તા. ૨૮/૧૨ની સવારે અલીન્દ્રાને પાવન કરી તેઓ પુનઃ ખાંધલી જવા માટે મોટરમાં બિરાજ્યા ત્યારે સંતોને ખ્યાલ આવ્યો કે 'પધરામણીની પટમૂર્તિ ભુલાઈ ગઈ છે.' તેથી એક યુવકને લેવા મોકલ્યો, પણ તેને આવવામાં વિલંબ થતાં, મૂર્તિ ક્યાં મુકાઈ ગઈ તે વિષે ઘડભાંજ ચાલી. તે વખતે સ્વામીશ્રી કોઈને ચીંધ્યા વગર સ્વયં મોટરમાંથી ઝડપભેર નીચે ઊતર્યા

અને મૂર્તિ લઈ આવ્યા! ભગવાનની ભાળ તો તેઓને જેવી હોય એવી બીજા કોને હોય!!

આ રીતે ખાંધલીથી સ્વામીશ્રી સાંજે વિચરણમાં જવા આગળ નીકળ્યા ત્યારે તેઓએ ગામના બસ-સ્ટેન્ડ પર વરતાલના બે સંતોને ઊભેલા જોયા. તે સંતો અલીન્દ્રા જવા માટે બસની રાહ જોઈ રહેલા. આ વિગત જાણી સ્વામીશ્રીએ કહ્યું: 'અમારી મોટરમાં બેસી જાઓ. તમને અલીન્દ્રા ઉતારી દઈશું.'

આમ કહી તેઓએ એ સંતોને પોતાની સાથે લીધા અને ગંતવ્ય સ્થળ સુધી સુખરૂપે પહોંચાડ્યા. તેઓને ઉતારી મોટરે જ્યારે સમાદરા ભણી વિદાય લીધી ત્યારે આ સંતો *'નિર્વૈર મે'ર મને ઘણી...'* સમા સ્વામીશ્રીને મનોમન નમી પડ્યા.

માંદગીમાં મોજનો માહોલ

સમાદરા, ભાલિયાપરા, સાંખેજને પાવન કરતાં સ્વામીશ્રી તા. ૨૯/૧૨ની સાંજે અમદાવાદ પધાર્યા ત્યારે જમણા પગની પિંડીમાં થતા સખત કળતર વચ્ચે, તેઓ છેલ્લા ૧૫ દિવસમાં ૩૮ ગામોનું વિચરણ પૂરું કરી ચૂકેલા! અમદાવાદ આવતાં જ ડૉક્ટરોએ તેઓને તપાસ્યા. આ તપાસણીના અંતે સ્વામીશ્રીને રોજ ત્રણ કિ.મી. ચાલવાની સલાહ અપાઈ. સાથે સાથે ઇન્જેક્શનનો ચાર દિવસનો કૉર્સ પણ તબીબે લખી આપ્યો.

તે અનુસાર તા. ૩૦/૧૨ની સવારે સત્સંગી યુવક ડૉ. હર્ષદે સ્વામીશ્રીને ઇન્જેક્શન આપ્યું ત્યારે રમૂજ કરતાં તેઓ બોલ્યા: 'અલ્યા, હર્ષદ! ગુરુને પણ ગોદા મારવાના?' વળી, ગમ્મતનો ગોળ વધુ પીરસતાં કહ્યું: 'બરાબર છે. શિષ્ય સીધો ન ચાલે તો ગુરુ શિષ્યને ગોદો મારે અને ગુરુ સીધા ન ચાલે તો શિષ્ય ગુરુને ગોદા મારે.'

માંદગીમાં પણ મોજભર્યો માહોલ એ સ્વામીશ્રીની વિશેષતા. તેઓ રોગાદિક પીડાથી કદી ચિંતાતુર થતા નહીં. તેથી જ તો દવા અને દુખાવાને સાથે લઈ સ્વામીશ્રી આજથી ઉત્તર ગુજરાતનાં ગામડાં ખૂંદવા નીકળી પડ્યા!

આ વિચરણમાં તેઓ લપકામણ, વડસર અને સાંતેજને પાવન કરતાં બપોરે દોઢ વાગ્યે રકનપુર પધાર્યા ત્યારે ભોજનનો સમય થઈ ચૂકેલો, છતાં ભોજનને વાર હતી, કારણ કે આ ભરબપોરે હજી નગરયાત્રા અને સભાના

કાર્યક્રમો આટોપવાના હતા. તે બંનેમાં નિરાંતે લાભ આપનારા સ્વામીશ્રીએ સભામાં આશીર્વાદ આપતાં કહ્યું: 'સ્વામિનારાયણ ભગવાનની દ્વિશતાબ્દી આવે છે. તે મહારાજની વાત બીજાને કરવી તે મોટી સેવા. તે જ જન-સેવા છે, કારણ કે આ વાત સમજે તે જન્મ-મરણથી રહિત થાય.'

જનસેવાનો આ નવો આયામ ખોલી તેઓએ બપોરે ત્રણ વાગ્યે ઠાકોરજી જમાડ્યા. ત્યારબાદ સાંજે અહીંથી વિદાય લેતાં પહેલાં સ્વામીશ્રી, જ્યાં બેસીને સંતવલ્લભ સ્વામી કથાવાર્તાનો આનંદ લેતા ત્યાં પધાર્યા. અહીં ભાવપૂર્વક દર્શન કરતાં તેઓ બોલ્યા: 'સંત સ્વામી જેવા પુરુષ પ્રથમ અહીં આવ્યા અને આપણને મળ્યા.'

આભારની આ લાગણી સાથે, ખાત્રજને લાભ આપી કલોલ પધારેલા સ્વામીશ્રીએ અત્રે ટાઉન હૉલમાં કથાકિલ્લોલ કરાવ્યો.

નથી કોઈ એવી ઉપમા એને દેવા જી

તા. ૩૧/૧૨ની સવારે કલોલમાં ૧૫ પધરામણીઓ કરી સ્વામીશ્રી આરસોડિયા, ધમાસણ, મોખાસણ, નારદીપુરને લાભ આપતાં બપોરે અઢી વાગ્યે પલિયડ પધાર્યા.

આ ગામ પણ સ્વામીશ્રીના સાંનિધ્યનો પ્રથમ વાર જ લાભ પામતું હોવાથી ભક્તોએ ભવ્ય શોભાયાત્રા યોજેલી. તે પૂર્વે ગામની ભાગોળે ધર્મસભા અને ચૂંટણીસભાનો સંગમ થઈ રહ્યો. લોકસભા માટે આ વિસ્તારમાંથી અપક્ષ ઉમેદવારી નોંધાવનારા એક ઉમેદવારને સ્વામીશ્રીના આગમનનો બેઠો લાભ મળી ગયો. તે કબૂલ કરતાં તેઓ બોલ્યા પણ ખરા: 'આજે સ્વામીજી આવ્યા છે તેને લઈને જ આટલા બધા લોકો આવ્યા છે. બાકી મારી સભામાં આટલા હોય નહીં!'

આ સભામાં આશીર્વાદ આપી સ્વામીશ્રી બપોરે ત્રણ વાગ્યાના સુમારે નગરયાત્રામાં બિરાજ્યા. તેની પૂર્ણાહુતિ બાદ ચાર વાગ્યે તેઓને ભોજનનો મેળ પડ્યો!

તે સ્વીકારી પલિયડના નિર્માણાધીન મંદિરની જગ્યાને દૃષ્ટિપ્રસાદીભૂત કરતાં સ્વામીશ્રી સાંજે સવા સાત વાગ્યે વેડા પહોંચ્યા.

અત્રે મંદિરના પટાંગણમાં યોજાયેલી જાહેર-સભામાં આયોજકોએ યુવાન ઘનશ્યામ પટેલને પ્રાસંગિક પ્રવચન સોંપેલું, પરંતુ તેના વક્તવ્યમાં

'સ્વામીબાપા... સ્વામીબાપા...' એમ વારંવાર આવ્યું. તેથી પ્રવચન બાદ એ યુવક આશિષ લેવા સ્વામીશ્રી પાસે ગયો ત્યારે તેઓ બોલ્યા: 'બાપા... બાપા... શું કરતો'તો ? પ્રવચન કરતાં આવડે છે ?'

સ્વામીશ્રીની સ્થિતિ 'तुल्यनिन्दात्मसंस्तुतिः'[૧૫]થી પણ અધિક હતી. તેઓ પોતાની સ્તુતિ સાંભળી સંકોચાતા અને પોતાની નિંદા સુણી પોરસાતા.

આ સ્થિતિમાં અખંડ રાચતા સ્વામીશ્રી વેડાથી ભાવપુરા પધાર્યા ત્યારે રાત્રિના પોણા દસ વાગી ચૂકેલા. અહીં સૌનો સત્કાર ઝીલી તેઓ સભામાં બિરાજ્યા ત્યારે સન ૧૯૭૯ના છેલ્લા દિવસે છેલ્લો લાભ લૂંટી લેવા મેઘરાજાની સવારી પણ આવી પહોંચી. લગભગ અડધો કલાક સુધી વરસાદ વરસતો રહ્યો છતાં સ્વામીશ્રીની સભા તો ચાલતી જ રહી, કારણ કે મેઘની વૃષ્ટિ કરતાં પણ સૌને સ્વામીશ્રીની આશીર્વર્ષા વધુ આહ્લાદક અને આકર્ષક લાગી હતી. આ સભા પછી સ્વામીશ્રીએ રાત્રે સવા અગિયાર વાગ્યે ઠાકોરજી જમાડ્યા !

સન ૧૯૭૯ના આ છેલ્લા દિવસે તેઓ બપોરનું ભોજન જમ્યા સાંજે ચાર વાગ્યે અને રાત્રિભોજન સવા અગિયાર વાગ્યે ! આ દિવસે સ્વામીશ્રીને બપોરના આરામનો મેળ રહ્યો નહોતો અને પત્રલેખન કરી તેઓ રાત્રે પોઢ્યા ત્યારે પણ સાડા બાર વાગી ચૂક્યા !

પરંતુ કેવળ આજનો દિવસ જ નહીં, આ વર્ષના ૩૬૫ દિવસોમાં ૬૫૩ ગામો તેઓ આ રીતે જ આરામ-ભોજનની પરવા તજીને વિચરેલા.

તેથી જ તો આજે વિદાય થયેલી સન ૧૯૭૯ સ્વામીશ્રી વિષે અહોભાવ વહાવતી ગઈ કે –

'નથી કોઈ એવી ઉપમા એને દેવા જી,
જેહ ના'વે કહ્યામાં તો કહિયે એને કેવા જી...'

---

૧૫. શ્રીમદ્‌ભગવદ્‌ગીતા : ૧૨/૧૯.

સન ૧૯૮૦
કરીએ કરોડ વંદન

સૌના ભાવ પૂરા કરવા માટે ભાવપુરાથી સન ૧૯૮૦ના વિચરણનો પ્રારંભ કરનારા સ્વામીશ્રી કોઠા, કરજીસણને લાભ આપી તા. ૧/૧ની બપોરે અઢી વાગ્યે વડુ પધાર્યા. અહીં તાપને માથે લઈને શોભાયાત્રામાં વિચરેલા તેઓ સવા ત્રણ વાગ્યે જમવા બિરાજ્યા. ત્યારબાદ ગામમાં ચાલેલી પધરામણીઓ અને સભાના અંતે પત્રલેખન કરીને સ્વામીશ્રી રાત્રે સાડા બાર વાગ્યે પોઢ્યા. તેઓને વીતેલા વર્ષના છેલ્લા દિવસ જેવો જ નવા વર્ષનો પહેલો દિવસ રહ્યો !

વર્ષો બદલાતાં, પણ સ્વામીશ્રીની રીત નહીં. વધતી વયની સાથે તેઓનો વધતો ઉત્સાહ એક આશ્ચર્ય જ હતું.

આ આશ્ચર્યમાં સૌને ગરકાવ કરતાં સ્વામીશ્રી તા. ૨/૧ની સવારે વડુમાં પોષી પૂનમની આરતી ઉતારી, ડીંગુચા, ઝુલાસણ, રાજપુર, કરણનગર, બુડાસણને પાવન કરી કડી પધાર્યા.

અહીંથી તા. ૪/૧ની સવારે તેઓ ભોંયણી પહોંચ્યા ત્યારે ગામની પ્રાથમિક શાળાના આચાર્યે 'આવકાર' નામે સ્વરચિત કાવ્યનું ગાન કર્યું.

આચાર્યની જેમ વિદ્યાર્થીઓમાં પણ ખુશીની લહેર ફરી વળી હોય તેમ તેઓએ સ્વામીશ્રીની વાણી સાંભળી સ્વેચ્છાથી ચા નહીં પીવાનો નિયમ લીધો.

આચાર્ય અને વિદ્યાર્થીઓની જેમ ગ્રામજનો પણ સ્વામીશ્રીએ સર્જેલી આધ્યાત્મિક આબોહવાના પ્રભાવથી બાકાત ન રહ્યા. પોતાના શ્વાસમાં સદાચારને ભરતાં કૈંક દરબારોએ વ્યસનો છોડ્યાં અને વર્તમાન ધાર્યાં. એક આગેવાને તો સ્વામીશ્રીને વ્યાઘ્રચર્મ ધરતાં કહ્યું : 'બાપા ! આ આસન અને હું કેટલાંય વર્ષોથી યોગ્ય સત્પુરુષની શોધમાં હતા. તે સંત આજે મળ્યા છે.' એમ કહી તેઓએ વ્યાઘ્રચર્મની સાથે પોતાનું વ્યસન પણ સ્વામીશ્રીનાં ચરણે ધર્યું.

આમ, માત્ર દોઢ જ કલાકના રોકાણમાં ગામની કાયાપલટ કરી સ્વામીશ્રી નીકળ્યા ત્યારે સૌના હોઠે એક જ ગીત ફૂટી નીકળ્યું કે *'ભવજળને તારનારા, નાવિક તમે અમારા... હે દીનબંધુ પ્યારા, કરીએ કરોડ વંદન.'*

આરતી હડેડાટ ન ઉતારાય

ભોંયણીથી દેત્રોજ, નરસિંહપુરા, સુજાતપુરા અને સેદરડીને પાવન કરતાં સ્વામીશ્રી તા. ૪/૧ની સાંજે સાત વાગ્યે ધરમપુર પહોંચતાં અહીં સાચે જ ધરમ-પૂર ઊમટી પડ્યું.

તેની વચ્ચે વાળુ-ચળું કરી તેઓ ચોકમાં યોજેલી જાહેર-સભામાં પધાર્યા ત્યારે ઠંડીની સાથે નીકળેલા પવને તાપમાનનો પારો ઘણો નીચે લાવી દીધેલો. છતાં સ્વામીશ્રીનાં દર્શનથી અનેરી હૂંફ મેળવતા હોય તેમ સૌ ગ્રામજનો શાંતિથી સભામાં બેઠા હતા. તે સૌને સ્વામીશ્રીએ આશીર્વાદ પાઠવી કૃતાર્થ કર્યા.

હજી સભામાં શેષ બચેલો આરતીનો કાર્યક્રમ પૂર્ણ કરીને વીસેક કિ.મી. દૂર કડી પહોંચવાનું હોવાથી સ્વામીશ્રી સાથે આવેલા હરીશભાઈએ કાર્યકરોને કહ્યું: 'બધા જલદી ચાલો. હડેડાટ આરતી ઉતારો.'

આ સાંભળી હળવું હાસ્ય વેરતાં સ્વામીશ્રી બોલ્યા: 'ડૉક્ટર ! આરતી હડેડાટ ન ઉતારાય.'

પોતાના દેહ સંબંધી ક્રિયાઓને 'હડેડાટ' આટોપતાં સ્વામીશ્રી, ભક્તિ સંબંધી ક્રિયાઓ કરવામાં ભારે નિરાંત રાખતા. આરતી, અષ્ટક, ચેષ્ટા વગેરેનાં ગાનમાં કોઈ 'ઍક્સેલરેટર' દબાવે તો તેઓ તરત 'બ્રેક' મારતા, કારણ કે *'પૂરી ધારી પ્રભુપદ પ્રીત'* સમા સ્વામીશ્રી માટે ભક્તિ એ કેવળ કર્મકાંડ

નહોતો, પણ અંતરની આરત સાથે નિસબત ધરાવતી બાબત હતી.

અક્ષરધામ ભવ્ય બનાવવું છે

તા. ૫/૧ની સવારે કડીથી વિદાય લઈ સ્વામીશ્રી કુંડાલ, ગણેશપુરા, શોભાસણને લાભ આપતાં બપોરે મહેસાણા પધાર્યા. અહીંથી સાંજે સામેતરા તથા ખારાને પાવન કરી તેઓ રાત્રે પુનઃ મહેસાણામાં વીરચંદ કરમચંદની વાડીએ આયોજિત જાહેર-સભામાં આવી પહોંચ્યા.

આ સભા બાદ સ્વામીશ્રી રાત્રે અગિયાર વાગ્યે વાળુ કરી મોડી રાત્રે એક વાગ્યા સુધી પત્રલેખનમાં વ્યસ્ત રહ્યા. દિવસના ભરચક કાર્યક્રમોને કારણે તેઓને જ્યારે પત્રવ્યવહાર માટે સમય ન મળે ત્યારે તેઓ રાતને સેવામાં ભાંગતા, પણ દરેક કામ સમયસર પૂરું કરતા.

આવા કાર્યશીલ સ્વામીશ્રી તા. ૬/૧ની સવારે ધીણોજ જતાં માર્ગમાં આવેલા સીમંધર સ્વામી જૈન મંદિરની મુલાકાતે પધાર્યા. અહીંથી આગળ જતાં તેઓના મુખેથી અચાનક ઉદ્‌ગાર સરી પડ્યો : 'અક્ષરધામ ભવ્ય બનાવવું છે.'

સર્વોપરી ભગવાન માટે તેઓને કશું મોળું ખપતું નહીં.

આ વિચાર સાથે વિચરતા સ્વામીશ્રી ધીણોજથી મીઠા ધરવાને સત્સંગથી ધરવી સાંજે સેલાવી પધાર્યા. અહીંના મોરેશ્વર મહાદેવ અને રાધાકૃષ્ણ મંદિરમાં દર્શન બાદ તેઓએ સભામાં અમૃતધારા વહાવી રાત્રે સાડા દસ વાગ્યે ભોજન અંગીકાર કર્યું.

સમરથ ધૂળ ફાકે છે !

સેલાવીથી તા. ૭/૧ની સવારે વિદાય લઈ સ્વામીશ્રી ચાણસમા અને હારીજમાં સભાનો લાભ આપતાં રાત્રે આઠ વાગ્યે પાટણ પહોંચ્યા. અહીંની ગુલાલવાડીમાં ધર્મનો ગુલાલ ઉડાડતાં તેઓએ જણાવ્યું કે 'ધર્મ પ્રવચનની વસ્તુ નથી, પણ આચરણની વાત છે.'

આજેય સભા પછી ભોજન ગોઠવનારા સ્વામીશ્રી રાત્રે અગિયાર વાગ્યે જમવા બિરાજ્યા. આ અરસામાં શિયાળાની ઋતુ ચાલતી હોવાથી, શ્રોતાઓને રાત્રે મોડે સુધી ઠંડીમાં ઠૂઠવાવું ન પડે તે હેતુસર સ્વામીશ્રી પોતાનું ભોજન સભા પછી લેવાનું રાખતા. તેથી સભા વહેલી શરૂ થઈ જતી અને વેળાસર સમાપ્તિ પામતી. 'બીજાના સુખમાં આપણું સુખ' એ સ્વામીશ્રીની માન્યતા

નહોતી, પણ શૈલી હતી.

આ રીતે પાટણમાં લાભ આપી તેઓ તા. ૮/૧ના રોજ સરવા, સુજાણપુર અને કુંવારા તથા તા. ૯/૧ની સવારે પાલનપુરને પાવન કરતાં આજની સાંજે દાંતીવાડા પધાર્યા. અહીં તા. ૧૦/૧ની સવારે ખેતીવાડી યુનિવર્સિટીના હોદ્દેદારોએ ૩,૦૦૦ એકરમાં પથરાયેલા આ વિશ્વવિદ્યાલયના વિવિધ વિભાગોમાં સ્વામીશ્રીની પધરામણી કરાવી.

ત્યારબાદ બનાસ બંધને પ્રસાદીભૂત કરતાં સ્વામીશ્રી ડીસા, રાજપુર, સિદ્ધપુર, બિલિયા, ઊંઝા, દાસજ થઈને તા. ૧૧/૧ની રાત્રે જાસકા પહોંચ્યા ત્યારે ઘણું મોડું થઈ ગયેલું. વળી, તેઓને શૌચ-સ્નાન માટે પણ જવું હતું. છતાં પહેલાં તેઓ પ્રાથમિક શાળામાં ગામવાસીઓએ યોજેલી સભામાં પધાર્યા.

અત્રે સભાના પ્રારંભમાં એક પાર્ષદે કીર્તન લલકાર્યું: *'સમરથ શું ન કરે..'* ભજનનો આ ઉપાડ સાંભળી સ્વામીશ્રી ગમ્મત કરતાં બોલ્યા: 'સમરથ શું ન કરે! અત્યારે તો ધૂળ ફાકે છે.'

દાસજથી જાસકાના અતિ ધૂળ ભરેલા રસ્તે ગાડીનાં પૈડાં ખૂબ ગરમ થઈ જતાં હતાં. તે સંદર્ભમાં સ્વામીશ્રીએ કરેલો આ વિનોદ ઘણો મર્મસભર હતો. સુવિધાઓ માટે સર્વથા સુયોગ્ય હોવા છતાં તેઓએ લોકકલ્યાણ માટે સામે ચાલીને આવા ધૂળિયા માર્ગ પસંદ કરેલા.

ઝટ જડે નહીં એવી રીત

જાસકાથી વિદાય લઈ બાબીપુરા, વીસનગર, વડનગર, ખેરાળુને લાભ આપતાં, સ્વામીશ્રી તા. ૧૩/૧ની સાંજે ડભાડ પધાર્યા ત્યારે અહીંના ગામ-વાસીઓએ કાચથી મઢેલું સન્માનપત્ર આપી તેઓને સત્કાર્યા.

તે પછી ઊગેલી તા. ૧૪/૧ના રોજ આકાશમાં વિહરતા સૂર્યે રાશિનું સંક્રમણ કર્યું, ત્યારે ધરતી પર વિચરતા સ્વામીશ્રી પણ બનાસકાંઠા અને મહેસાણા જિલ્લાનું વિચરણ પૂરું કરી ગાંધીનગર જિલ્લામાં પ્રવેશ કરવાના હતા. આકાશનો સૂર્ય ઘડી સ્થિર રહે નહીં, તેમ ધરતી પર સ્વામીશ્રી પણ ક્ષણભર અટકતા નહીં. આકાશનો સૂર્ય અવની અજવાળતો, સ્વામીશ્રી અંતર અજવાળતા. આ અર્થમાં સૂર્યથી અધિક પ્રતાપ જણાવતા તેઓ તા. ૧૪/૧ના રોજ આનંદપુરા, જમિયતપુરાને લાભ આપી ગાંધીનગર આવી પહોંચ્યા.

અત્રે તા. ૧૫/૧ની સવારે તેઓને સમય કરતાં વહેલા શૌચ માટે જવાનું થતાં તેઓ સાડા પાંચ વાગ્યે જાગી ગયા. શૌચ-સ્નાનથી પરવારી છ વાગ્યે તો તૈયાર પણ થઈ ગયા. પરંતુ હરિભક્તો રોજિંદા ક્રમ મુજબ સાત વાગ્યા પછી પ્રાતઃપૂજામાં દર્શન માટે આવવાના હતા. જો સ્વામીશ્રી છ વાગ્યે પૂજા કરવા પધારી જાય તો સાત વાગ્યે પૂજા પૂર્ણ થઈ જાય. તેથી દર્શન માટે આવનારા હરિભક્તોને ધક્કો પડે. એટલે સ્વામીશ્રી ભક્તોને અનુકૂળ થયા. તેઓએ સ્નાન બાદ એકાદ કલાક પત્રલેખન કર્યું અને રાબેતા મુજબ સવા સાત વાગ્યે પ્રાતઃપૂજા માટે બિરાજ્યા.

તેઓએ લીધેલી આ દરકાર કોઈ દર્શનાર્થી ભક્તની જાણમાં ન આવી. કોઈને ખબર પણ ન પડે એ રીતે સૌને સાચવવાની સ્વામીશ્રીની રીત, બીજે ઝટ જડે નહીં એવી છે.

કચવાટ નહીં, કિલ્લોલ

પ્રાતઃપૂજા બાદ કથાવાર્તા કરવા બિરાજેલા સ્વામીશ્રીએ જે ઉત્સાહથી વચનામૃતનું નિરૂપણ ઉપાડ્યું તે જોતાં આ કથાપ્રવાહ કલાક વિના અટકે એમ નહોતો. પરંતુ તે વખતે જ સ્વામીશ્રી સાથે વિચરણમાં રહેતી ગાડીઓના ચાલકોએ, મોટર ગરમ કરવા ગાડીઓના આંટા મારવા શરૂ કર્યા. તેની ઘરઘરાટી ઘણી મચતાં સ્વામીશ્રી કથા પર પૂર્ણવિરામ મૂકતાં બોલ્યા: 'ડ્રાઇવરોને પણ અત્યારે જ મૂરત આવ્યું. વહેલા કરી લીધું હોત તો?'

કથાનો મેવો ઝૂંટવાઈ ગયાનો ખેદ તેઓના આ શબ્દો દ્વારા ટપકી રહ્યો. સાથે ફરતા કાર્યકરને પણ આ બાબતે ટકોર કરતાં તેઓએ કહ્યું: 'તમે અહીં બેઠા'તા તો તમારે સૂચના ન અપાય?'

આ ખિન્નતા સાથે અલ્પાહાર માટે ઊઠેલા સ્વામીશ્રી ત્યારબાદ અડાલજ, ઝુંડાલ, ચાંદખેડા વગેરે ગામોને લાભ આપતાં બપોરે બે વાગ્યે કાળી ગામે પહોંચ્યા.

અહીં બપોરનાં ભોજન-આરામ બાદ તેઓ સાંજે કેટલીક પધરામણીઓ કરીને મોટરમાં બેસવાની તૈયારીમાં જ હતા ત્યાં રેલવેમાં ગાર્ડની નોકરી કરતા એક ભક્ત દોડી આવ્યા અને કહ્યું: 'બાપા! મારે ઘેર પધારો.'

તેઓની આ દખલગીરીથી એક વ્યવસ્થાપક અકળાઈ જઈ બોલવા લાગ્યા: 'અત્યાર સુધી ક્યાં હતા? ખબર નથી પડતી કે મોડું થાય છે?'

આ અકળામણ વાજબી હતી, પણ તે જોઈ સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા: 'ભ'ઈ! આ તો ગાર્ડ કહેવાય. તે સૌથી છેલ્લા જ આવે ને! ગાર્ડ લીલી બત્તી બતાવે પછી જ આપણી ગાડી ઊપડે. માટે ઉતાવળ ન કરવી.'

આમ કહેતાં સ્વામીશ્રી બેસવા માટે મોટરનું ખોલી નાંખેલું બારણું બંધ કરી પધરામણીએ જવા નીકળી ગયા.

તેઓના રમૂજભર્યા ખુલાસાથી વાતાવરણમાં વ્યાપેલા કચવાટનું સ્થાન કિલ્લોલે લઈ લીધું! દળી નાંખે તેવા વિચરણમાં સ્વામીશ્રી આવા હળવા થઈને વિચરતા.

રાય ને રંક તે એક ઘાટે

કાળીથી વિદાય લઈ કોબા અને પેથાપુરને લાભ આપતાં, સ્વામીશ્રી ગાંધીનગરમાં આવેલી જી.ઈ.બી.ની વસાહતમાં જવા નીકળ્યા. તે વખતે રસ્તામાં આવતા એક માટિયાળા ઘર પાસે તેઓએ ગાડી થંભાવવા કહ્યું, ત્યારે સાથે રહેલા કાર્યકર બોલ્યા: 'બાપા! અહીં પધરામણીની જરૂર નથી. વળી, મોડું ઘણું થઈ ગયું છે.'

કાર્યકરની ચિંતા સહેતુક હતી, કારણ કે રાત્રિના લગભગ નવ વાગવા આવેલા અને હજી કૉલોનીમાં પધરામણી તથા સભા બાદ સ્વામીશ્રી ઠાકોરજી જમાડવાના હતા. છતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'પાંચ મિનિટમાં શું મોડું થઈ જવાનું છે? લાવો, બેટરી.' આમ કહેતાં તેઓ ટૉર્ચના અજવાળે પેલા ખોરડે પધાર્યા.

સ્વામીશ્રીને જોઈ વીજળી વિનાના એ રહેણાકમાં રહેનારા કાળિદાસ ઠાકોરના અંતરમાં દીવા પ્રગટી ગયા! રસ્તે ચાલનારા રાહદારીને પણ જ્યાં જવાનું મન ન થાય ત્યાં આજે *'અણતેડ્યે આવે મારો વ્હાલો...'* જેવો ઘાટ થઈને ઊભો રહેલો. સ્વામીશ્રીને નીરખી યજમાનને તૈયારી કરવાનો તો કોઈ સવાલ ઊઠે એમ નહોતો, કારણ કે *'દુર્બલ રંક હું, ભિક્ષુક બાપડો...'* બોલનારા સુદામા સમા તેઓ હતા. પરંતુ સામે સ્વામીશ્રી કૃષ્ણ જેવા હોવાથી આ અર્વાચીન સુદામો ફાવી ગયો.

સ્વામીશ્રીએ પ્રેમથી આ દરિદ્રના કાચા મકાનમાં પુષ્પો વેર્યાં, આશીર્વાદ આપ્યા અને વિદાય લીધી ત્યારે *'પ્રીતની રીતે, જાય નહિ વીસરી; રાય ને રંક તે એક ઘાટે...'* વચનો સાર્થક થતાં સૌ જોઈ રહ્યાં.

મટી ગયું આપણું ભાગ્ય માઠું

સ્વામીશ્રી એક રંકની ઝૂંપડી પાવન કરી ગાંધીનગરની જી.ઈ.બી. વસાહતમાં પહોંચ્યા ત્યારે કાર્યકરોએ ઊછળતા ઉત્સાહ સાથે તેઓને વધાવ્યા. પરંતુ સ્વામીશ્રીને બૅન્ડવાજાંના સન્માનમાં રસ નહોતો. તેઓને ત્રણ કલાકથી ઠંડીમાં રાહ જોઈને બેસી રહેલા ભાવિકોની ચિંતા હતી. તેથી તેઓએ કાર્યકર્તાઓને કહ્યું : 'જલદી સભામાં લઈ જાઓ.'

આ ખેવના સાથે સભામંડપમાં પધારેલા સ્વામીશ્રીનું અત્રે એકત્રિત મુમુક્ષુઓએ જયનાદોથી સ્વાગત કર્યું. અગ્રણીઓએ હારતોરા પહેરાવ્યા. અંતે સૌ પર આશીર્વાદ વરસાવતાં સ્વામીશ્રીએ કહ્યું : 'અંધારું દૂર કરવા અહીં જી.ઈ.બી. છે, તેમ અંતરનું અંધારું દૂર કરવા સત્સંગ-સભા છે. ભગવાનનો પ્રકાશ આ લોકના પ્રકાશ જેવો નથી કે ફ્યૂઝ જાય. અંતરના પ્રકાશે જીવન સુખી થાય.'

પરલોકનું આટલું ભાથું બંધાવી આ લોકની પણ સુખાકારી કરી આપતા હોય તેમ સ્વામીશ્રીના મુખેથી આશિષ સરી પડ્યા : 'અહીં આવેલા તમામ કાયમી થઈ જશે.'

તે વખતે બદલપુરના કેટલાક સત્સંગીઓ અત્રે હંગામી ધોરણે નોકરી કરતા હતા, પરંતુ સ્વામીશ્રીની આ વાણી અમોઘ પુરવાર થતાં પચાસેક કામચલાઉ નોકરિયાત સત્સંગીઓ કાયમી થઈ ગયા! તેઓ જીવનપર્યંત સ્વામીશ્રીના ઋણી બની ગાતા રહ્યા કે *'તે થકી સમૃદ્ધિ આ, સકલ તે સાંપડી, મટી ગયું આપણું ભાગ્ય માઠું.'*

વચનમાત્રે નિજાશ્રિતોનાં દુઃખ ફેડનારા સ્વામીશ્રી રાત્રે અગિયાર વાગ્યે જમવા બિરાજ્યા. પરંતુ તેઓની ખરી વિશેષતા તો આ કૉલોનીમાંથી તેઓએ વિદાય લીધી ત્યારે છતી થઈ. આ વખતે તેઓએ પોતાને વળાવવા આવેલા આ સામાન્ય સ્થિતિના કાર્યકરોને કહ્યું કે 'તમારે ફૂલહારના ખર્ચા ન કરવા. આ બૅન્ડ લાવ્યાં તે ખર્ચો પણ શા માટે કર્યો?' આ પ્રકારની સૂચના એકથી વધુ વાર આપતાં તેઓ મોટરમાં બિરાજ્યા ત્યારે રાત્રિના અંધારામાં પણ તેઓની નમ્રતા અને ભક્તવત્સલતા ઝગારા મારી રહેલી.

સંત આ કલ્યાણકારી રે

તા. ૧૬/૧થી એક નવો પ્રારંભ કરતાં સ્વામીશ્રીએ પૂજામાં ૨૫

પ્રદક્ષિણાને બદલે ૫૦ પ્રદક્ષિણા ફરવાનું શરૂ કર્યું. તબીબોનું સૂચન હતું કે 'તમારે નિરામય સ્વાસ્થ્ય માટે રોજ ચાલવાનું રાખવું.' પણ નદીની જેમ વહેતા સ્વામીશ્રીને એવો સમય મળે ક્યાંથી? છેવટે તેઓએ જ આ ઉપાય શોધી કાઢ્યો! જીવનના દરેક કર્મને તેઓ ભક્તિમય બનાવી દેતા.

આ રીતે અત્રે પૂજા, અલ્પાહાર, કથા બાદ સ્વામીશ્રી રાંધેજા થઈને ઉનાવા પધાર્યા ત્યારે અહીં તેઓના આગમન પૂર્વે માયા પોતાનું જોર-ઝેર પ્રસરાવી ગયેલી. પૂર્વગ્રહથી પીડિત કેટલાક ભગવાંધારીઓ સ્વામીશ્રી વિરુદ્ધ પ્રવચનો કરી તેઓને જૂના સ્વામિનારાયણ મંદિરમાં પ્રવેશવા ન દેવા સંબંધી ઘોષણા કરી ગયેલા; પરંતુ સ્વામીશ્રીના પધારવાથી, સૂર્ય ઊગતાં જ ઝાકળ ઊડી જાય તેવી પરિસ્થિતિ સર્જાઈ ગઈ.

સ્વામીશ્રીને તો કોઈ પણ ગામમાં જાય ત્યારે ત્યાં જે દેવસ્થાન હોય તેનાં દર્શને જવાનો નિયમ. તેથી તેઓ અહીંના પ્રસિદ્ધ વૈદ્યનાથ મહાદેવના દર્શન કરી જૂના સ્વામિનારાયણ મંદિરે પણ પધાર્યા. તેઓને જોતાં જ સૌનાં વિષનું વમન થઈ ગયું હોય તેમ તે મંદિરના ગૃહસ્થ કોઠારીએ ઠાકોરજીને ભેટ નોંધાવી અને ગામમાં લગભગ પચીસેક પધરાણમીઓ પણ થઈ!

મંદિર-દર્શન બાદ સાંજે શાળામાં યોજાયેલી સભામાં પણ મોટી સંખ્યામાં મુમુક્ષુઓ લાભ લેવા દોડી આવ્યા. જે મીઠાશને ઇચ્છે તે સાકર-શેલડીને કેવી રીતે તજી શકે? તેમ મોક્ષને ઇચ્છતા મુમુક્ષુઓ નાકાબંધી હોવા છતાં સ્વામીશ્રી પાસે પહોંચ્યા વિના રહી શકતા નહીં. લાખોનાં હૈયે *'સંત આ કલ્યાણકારી...'*ની પ્રતીતિ કરાવવામાં જ સ્વામીશ્રીની દિવ્યતા હતી.

ક્ષણ એક ખમી ન શકે, પીડા જન પોતા તણી

ઉનાવાથી નીકળેલા સ્વામીશ્રી માણસાની એલ. એચ. સાયન્સ કૉલેજમાં ધર્મલાભ આપી, તા. ૧૭/૧ની સવારે મોટી આદરજ પધારવાના હતા. અહીંના રામજી ભગત તેઓના આગમનની તૈયારીઓ કરી, તા. ૧૬/૧ની રાત્રે ઘેર પાછા ફરી રહેલા, ત્યારે જ લકવાનો હુમલો આવતાં પડી જવાને કારણે ઈજાગ્રસ્ત થયેલા. આ વિગત જાણતાં સ્વામીશ્રી આદરજ આવી પ્રથમ તેઓને આશીર્વાદ આપવા પહોંચી ગયા. ત્યારબાદ શ્રીજીમહારાજનાં પ્રાસાદિક સ્થાનોમાં દર્શન કરી તેઓ ગામની પ્રાથમિક શાળાના ચોકમાં સભા માટે પધાર્યા ત્યારે કો'ક સમાચાર લાવ્યું કે 'રામજી ભગતની તબિયત બહુ

બગડી રહી છે.'

તે સાંભળી સ્વામીશ્રીએ તરત જ પોતાની સાથે રહેતી જીપ તેઓને કલોલની હૉસ્પિટલમાં ખસેડવા મોકલી આપી. *'ક્ષણ એક ખમી ન શકે, પીડા જન પોતા તણી...'*ની રીતે વર્તતા સ્વામીશ્રી, ભક્તો કાજે પોતાની સુવિધા જતી કરતાં પણ ખચકાતા નહીં.

પરંતુ આદરજમાં સભા પૂરી થઈ તોય જીપ પરત ન ફરતાં સ્વામીશ્રી બોલ્યા : 'વાંધો નહીં. આપણી બીજી ગાડી બે આંટા મારી બધાને કોલવડા લઈ આવશે.' આ વ્યવસ્થા અનુસાર સૌ કોલવડા પહોંચ્યા.

ઝોળીની આહ્‌લેક

કોલવડામાં લાભ આપી ગાંધીનગર પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૧૭/૧ની સાંજે સેક્ટર-૨૨માં આવેલા ઓપન ઍર થિયેટરમાં કીર્તન આરાધનાનો કાર્યક્રમ ગોઠવાયેલો. રાજ્યના મુખ્યમંત્રી સહિત અન્ય પ્રધાનોની ઉપસ્થિતિમાં આ કીર્તન-ભક્તિ સમાપ્ત થયા બાદ રાત્રે મંદિરે પધારેલા સ્વામીશ્રી સાથે અમદાવાદના સંતો ગોષ્ઠીરત બન્યા.

તે વખતે તાજેતરમાં જ પસાર થયેલા ઉત્તરાયણ પર્વની વાત નીકળતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'ઝોળી ઉત્તરાયણના પાંચ દિવસ સુધી તો માંગવી જ જોઈએ. અમદાવાદની આજુબાજુનાં ગામોમાં બે-ત્રણ દિવસ ફરીને ઝોળી માંગવી. અમે ખંભાત અને ભાદરણમાં ભણતા ત્યારે મહિનામાં બે દિવસ ઝોળી માંગતા. ઉત્તરાયણની ઝોળીમાં તો બધા જ આપે, કારણ કે પર્વનો મહિમા છે. માટે તમારે બધાએ પાંચ દિવસ તો ઝોળી માંગવી જ. અત્યારે તમારે બધાને તો રિક્ષામાં ઝોળી માંગવાની છે. અમારે તો ચાલવું પડતું. યોગીબાપા તો લાઠીદડ, તાજપુર, નિંગાળા, કેરિયા, રોહીશાળા, ઝમરાળા એમ કેટલાંય ગામોમાંથી ઝોળી માંગીને લઈ આવતા. તે પણ કાયમ. માટે આપણે વરસમાં એક વાર તો ઝોળી માંગવા જવું જ.'

સ્વામીશ્રી સાંપ્રદાયિક પ્રણાલીઓના હંમેશના રક્ષક અને પોષક રહેલા.

પ્રભુ કી બડાઈ બડી

તા. ૧૮/૧ની સવારે ગાંધીનગરથી નીકળેલા સ્વામીશ્રી વાવોલ, ઉવારસદ, અમદાવાદ, દહેગામ, વહેલાલને લાભ આપી તા. ૨૦/૧ની સવારે

કઠવાડા પધાર્યા.

અત્રે મહાદેવજીના મંદિરમાં યોજાયેલી સભામાં તેઓ આશીર્વાદ વરસાવી રહેલા ત્યાં જ મોખરે બેઠેલા એક હતભાગીને બીડીની તલપ લાગી. તેથી ચાલુ સભાએ ઊભા થયેલા તેઓએ ખૂણામાં જઈ બીડી જલાવી. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'જોયું? આપણે બીડીના કેવા ગુલામ છીએ! આ ભાઈ અહીં કથામાં બેઠા'તા. શાંતિથી સાંભળતા'તા. પણ બીડી ઉઠાડીને લઈ ગઈ. વ્યસનો આવાં છે. તે પ્રભુ ભજવા ન દે.'

પ્રત્યક્ષ દાખલા સાથે આ બોધ આપતા સ્વામીશ્રી ભુવાલડી, ઝુનાને પાવન કરતાં કણભા પધાર્યા. અહીં છોટાભાઈ પટેલના ઘેર ઠાકોરજી જમાડી રહેલા તેઓએ સામે બેઠેલા એક હરિભક્તની ઓળખાણ કરાવતાં કહ્યું : 'આ કેશવલાલ અમદાવાદમાં વકીલ છે. મારો પ્રમુખપદનો ડ્રાફ્ટ એમણે જ બનાવેલો. શાસ્ત્રીજી મહારાજે તેને વાંચીને થોડો સુધારો કરવાનો હતો તે કર્યો. આમના પિતાજીને શાસ્ત્રીજી મહારાજ પ્રત્યે ખૂબ જ ભાવ હોવાથી અવારનવાર આવે. તે સેવા મળી ગઈ!'

જેમ સવજી કડિયો મોતિયો મેળવીને ગુણાતીતાનંદ સ્વામીની મોજ લઈ ગયો, તેમ આ કેશવલાલ પણ મુસદ્દો તૈયાર કરીને શાસ્ત્રીજી મહારાજની મોજ લઈ ગયેલા. જેમ જેમ દિવસો વીતતા જતા હતા તેમ તેમ તેઓને પોતાની કલમે આ કેવું ઐતિહાસિક અને અમર લખાણ થઈ ગયું તેનો આનંદ અધિક અને અધિક અનુભવાતો હતો. એ અહોભાવ ઉચ્ચારતાં આજે તેઓએ સ્વામીશ્રીને કહ્યું: 'આપે કરોડગણો સત્સંગ વધાર્યો છે. સંતો પણ વધાર્યા.'

'શ્રીજીમહારાજનો સંકલ્પ છે તે વધે છે. શાસ્ત્રીજી મહારાજ, યોગી-બાપાનો સિદ્ધાંત સચોટ હતો તે બધાને સાચું મનાય છે. બધા સંતોએ ઉપાડ કર્યો છે તે કામ થાય છે અને આપ જેવાની કૃપાદૃષ્ટિ છે.' સેવકભાવનો સૂર વહાવતાં સ્વામીશ્રી બોલ્યા.

તેઓના કાને પોતાની મોંફાટ પ્રશંસાના શબ્દો હજારો વખત પડ્યા હતા, પણ *'પ્રભુ કી બડાઈ બડી, આપની છોટાઈ છોટી...'* જ રહેલી તેઓના જીવનકાવ્યની ધ્રુવપંક્તિ!

દરેક સુખી તો આપણે સુખી

કણભાથી કુબડથલ જવા નીકળેલા સ્વામીશ્રીએ પ્રસંગોપાત્ત વાત

કરતાં કહ્યું :

'સંગઠન હોય તો દરેક કાર્ય સિદ્ધ થાય. કંઈયે આઘું-પાછું થાય જ નહીં. મહારાજના વખતમાં સંતો-હરિભક્તોનું સંગઠન કેવું ! તો મંડી જ પડ્યા, ત્યારે આ સત્સંગ વધ્યો. નહીં તો થાય એવું છે ? તે વખતે રૂઢિ, રીત-રિવાજો એવાં. પણ મહારાજની મરજી જેમાં જોઈ તેમાં મંડી જ પડ્યા. બાકી એક-એક પરમહંસ સમર્થ હતા. પણ મહારાજનો પ્રભાવ અને સંતોમાં સંગઠન. તે આજે દેખાય છે. ક્યાં-ક્યાં કેવાં ગામોમાં સંતો ફર્યા અને મંદિરો ઊભાં કરી દીધાં ! આપણે પણ એવું સંગઠન રાખીને કાર્ય કરવાનું છે, તો જ દીપી ઊઠશે.'

સ્વામીશ્રીના મુખેથી સત્સંગવૃદ્ધિનું રહસ્ય ઉદ્‌ઘાટિત થઈ રહેલું, પણ કુબડથલ આવી જતાં તે પર પૂર્ણવિરામ મુકાયું.

આ ગામમાં પ્રથમ વારની પધરામણી પ્રસંગે સૌએ તેઓને પ્રેમભાવથી આવકાર્યા. આવો જ સત્કાર સ્વામીશ્રી તા. ૨૧/૧ના રોજ અહીંથી વિદાય લઈ કુહા થઈને છીપડી પધાર્યા ત્યારે થયો.

તે સ્વીકારી બપોરે બે વાગ્યે ભોજન બાદ સ્વામીશ્રી વિદાય લેવા તૈયાર થયા ત્યારે યજમાન ભરતભાઈએ ધોતિયું ઓઢાડી પૂજન કર્યું. બરાબર એ જ સમયે હૃષીકેશ તરફના કોઈ મહાત્મા ત્યાં આવી ચડતાં સ્વામીશ્રીએ પોતાને ઓઢાડેલું ધોતિયું તેઓને અર્પણ કરી દીધું. તેઓની આ રીતભાત 'ત્યાગીને ભોગવી જાણો...'નો ઔપનિષદિક મંત્ર સાકાર કરી ગઈ.

સ્વામીશ્રીના જીવનમાં વણાયેલી આ ભાવના તેઓ છીપડીથી આણંદ થઈને અડાસ પધાર્યા ત્યારે તેઓની અમૃતધારામાં પણ ઝળકી ઊઠી.

અત્રે મંદિરના ચોકમાં યોજાયેલી ચિક્કાર સભામાં પ્રેરક સંબોધન કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે –

'ઋષભદેવ ભગવાનને જગતમાં સુખ ન મનાયું તો રાજ છોડી ભગવાન ભજવાનો આદેશ સો પુત્રોને આપ્યો. અત્યારે સંતાનોને ડૉક્ટર, એન્જિનિયર બનાવવાના કે ઈંગ્લેન્ડ, અમેરિકા મોકલવાના વિચાર આવે, પણ મંદિરે જાય તેવો આદેશ ન આપે. વંશનો વિચાર ઋષભદેવને ન આવ્યો. આપણા સંસ્કાર જળવાય તેવો આદેશ તો સંતાનોને આપવો જ જોઈએ. પૈસા થોડા હશે તો વાંધો નહીં. ઘરમાં ધાર્મિક પુસ્તકોનું વાંચન રાખવું જોઈએ. ત્યાગનો મારગ ન લઈ શકીએ તો કાંઈ નહીં, પણ ખોટી રીતે તો કોઈનું ન લઈએ. ત્યાગીને ભોગવો. દરેક સુખી તો આપણે સુખી. બધા દુઃખી તો

આપણને પણ સુખી નહીં રહેવા દે. જીવનમાં ભક્તિ થવી જ જોઈએ. કોઈકને દઈ રાજી થાય તે દેવ અને લઈને રાજી થાય તે દૈત્ય.'

શબ્દે શબ્દે ચિનગારી ચાંપતો આ સદુપદેશ આપી સ્વામીશ્રી રાત્રે અટલાદરા પધાર્યા ત્યારે ઉત્તર ગુજરાતના બાવીસ દિવસના કાર્યક્રમ પર પૂર્ણવિરામ મુકાયું. પુરાણપ્રસિદ્ધ આ આનર્ત પ્રદેશની આરત સાંભળી તેઓ ઘણી શારીરિક તકલીફો વચ્ચે પણ ૨૨ દિવસમાં ૮૭ ગામો ઘૂમી વળ્યા.

બાપ જેમ પાળે બાળને

અટલાદરામાં સ્વામીશ્રી રાત્રે અગિયાર વાગ્યે પધાર્યા ત્યારે સેંકડો ભક્તો આંખોમાં તેલ-તમન્ના આંજી તેઓનાં દર્શન માટે બેઠેલા. તે સૌને આશીર્વાદથી તૃપ્તિ પમાડી સ્વામીશ્રી ઉતારામાં પધાર્યા ત્યારે અહીં સંતો સાથે ચાલેલી ગોષ્ઠીમાં રાત્રિના સવા બાર વાગી ગયા. બરાબર એ જ સમયે મંદિરના ફોનની ઘંટડી રણકી ઊઠી. એક પાર્ષદે ફોન ઉપાડ્યો તો સામે છેડેથી મદદની માંગ સંભળાઈ કે 'અમારે વડોદરા સ્ટેશનથી અટલાદરા મંદિરે આવવું છે. અમે પંદર યુવકો છીએ. બસો બંધ છે. તો...'

'રિક્ષામાં આવી જાઓ.' ફોન કરી રહેલા વિદ્યાનગરના યુવકોને પાર્ષદે આમ રસ્તો બતાવ્યો. ત્યારે તે યુવકોએ આ માર્ગની મુશ્કેલી વર્ણવતાં જણાવ્યું : 'રિક્ષા મોંઘી પડી જાય. માટે ત્યાં મંદિરમાં જોન્ગા ગાડી છે તે મોકલો તો સારું.'

પરંતુ આ ગાડી યુવકો માટે મોકલવા અંગે પાર્ષદનું મન માન્યું નહીં. તેથી તેઓએ યુવાનોને કહ્યું : 'હું કોઠારી ત્યાગવલ્લભ સ્વામીને વાત કરું છું. તમે થોડી વાર રહીને ફોન કરો.' આમ જણાવી કોઠારી સંતને શોધવા નીકળેલા એ પાર્ષદે સ્વામીશ્રીના ઓરડામાં બત્તી ચાલુ જોઈ. તેથી તેઓએ સ્વામીશ્રીને જ યુવકોની વાત જણાવી.

તે સાંભળી પળનાય વિલંબ વિના સ્વામીશ્રી બોલ્યા : 'આપણી પ્લીમથ અને મંદિરની જોન્ગા ગાડી, એ બેય લઈ જાઓ.'

યુવકોને લેવા માટે પોતાની ગાડી મોકલી આપનારા સ્વામીશ્રી તે યુવકો મંદિરે આવ્યા ત્યાં સુધી રાહ જોતાં બેસી પણ રહ્યા. યુવાનો આવ્યા એટલે તેઓના ખબર-અંતર પૂછી, એકેએકના મસ્તકે આશીર્વાદના અભયહસ્ત સ્થાપી સ્વામીશ્રી રાત્રે એક વાગ્યે આરામમાં પધાર્યા.

તે વખતે અધરાતે પણ અનરાધાર વહાલની વર્ષામાં યુવકોને નવડાવનારા

સ્વામીશ્રીને જોઈ સૌ ગાઈ ઊઠ્યા : *'બાપ જેમ પાળે બાળને, તેમ ક્ષણુ ક્ષણુએ લિયે ખબર...'* જી હા, યુવાનો માટે સ્વામીશ્રી તો હતા - પિતાનું છત્ર.

દાસના દાસ થઈ કરવાનું છે

તા. ૨૨/૧ની સવારે વસંત પંચમી નિમિત્તે અટલાદરામાં ઊમટી પડેલા હજારો ભક્તોને ઉપાસનાનો મહિમા દૃઢાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'અક્ષરરૂપ થઈ પુરુષોત્તમને બધા કેમ ભજે, તે જ્ઞાન બધાને સમજાવીએ તે જ શાસ્ત્રીજી મહારાજની જયંતી ઊજવી કહેવાય. બાકી બીજું તો તેમણે કર્યું છે. અક્ષર-પુરુષોત્તમની વાત જો આપણે નથી સમજી શકતા તો ખામી આપણી છે. આ વાત બરોબર હશે કે નહીં ? તેવું વિચારીને ક્ષોભ પામવાની જરૂર નથી. નિષ્ઠાવાળો બીજાને નિષ્ઠા કરાવી શકે. આપણે બે ચરણની જ ઉપાસના છે, ચાર ચરણની નહીં. થવાનું તો થશે જ પણ આપણે ભળીએ તેમાં આપણું કામ થઈ જાય. આપણી સેવા લે છે તે આપણી ઉપર મોટી દયા છે. કોઈ બીજા ભાવથી આપણે આ કાર્ય નથી કરતા. કોઈને પાછા પાડવા કે ખોટા દેખાડવા નથી, પણ દાસના દાસ થઈ કરવાનું છે.'

ઉપાસના-પ્રવર્તનના આ ધ્યેય સાથે સ્વામીશ્રી આજની સાંજે પાદરા, લતીપુરા અને સેજાકૂવાને લાભ આપી રાત્રે પુનઃ અટલાદરા પરત ફર્યા.

મૂર્તિ એ જ મૂડી

અટલાદરાના રોકાણ દરમ્યાન તા. ૨૭/૧ના રોજ સ્વામીશ્રી એક ભૂદેવના ઘેર પધરામણી માટે પહોંચ્યા. સત્સંગની રીતિ-નીતિના જાણકાર આ હરિભક્તે મર્યાદા અનુસાર બધી જ વ્યવસ્થા કરેલી, પરંતુ કંઈક ગફલત થતાં એક નાની બાળકી સ્વામીશ્રી જે પાથરણા પર બેઠેલા તેને સામે છેડે આવી ચડી !

પધરામણીના વિધિમાં એકતાન થયેલા સ્વામીશ્રી તો આ બાબતથી સાવ અજાણ હતા, પરંતુ આ ઘટના બનતાં એક ભક્ત ધ્રાસકા સાથે બોલી ઊઠ્યા : 'બાળકી શેતરંજી પર આવી ગઈ !'

આ શબ્દો સંભળાતાં જ સ્વામીશ્રી થડકી ઊઠ્યા. તે જોઈ સૌનાં હૈયે ફડક પેસી કે 'હવે સ્વામીશ્રી ઉપવાસ કર્યા વિના નહીં રહે.'

બન્યું પણ એમ જ. સ્વામીશ્રીને બાળકીનો સીધો સ્પર્શ થયો ન હોવાથી

સંતો-ભક્તો દ્વારા ઉપવાસ ન કરવા અંગે વિનંતીના સૂર વહેતા રહ્યા, પરંતુ લાગણીના પ્રવાહમાં લેશ ખેંચાયા વગર સ્વામીશ્રી પ્રાયશ્ચિત્તનો ઉપવાસ કરીને જ રહ્યા !

ધર્મ-નિયમની આ દૃઢતા સાથે વિચરતા તેઓએ તા. ૨૯/૧ના રોજ ઠીકરિયામાં અક્ષરવાસી મણિભાઈના સ્મૃતિસ્થાને તૈયાર થયેલા ઓટા પર ચરણારવિંદ પધરાવી, તા. ૩/૨ની સવારે ખંભાતના નિર્માણાધીન મંદિરનો ભૂમિપૂજનવિધિ સંપન્ન કર્યો.

ત્યારબાદ આજની સાંજે નખ કાપવા બિરાજેલા સ્વામીશ્રી ખૂબ જ ચપળતાથી છતાં સિફતપૂર્વક એક પછી એક નખ ઉતારતા હતા. તેમાંનો એક નખમણિ હાથમાં લેતાં સામે બેઠેલા યુવક ધરમશીએ કહ્યું: 'આ તે કાંઈ નખ છે ?'

'તો તને શું લાગે છે ?' આમ પૂછતાં સ્વામીશ્રી બોલ્યા: 'એમ આમ-તેમ કરીને ઉપાડી જતો નહીં પાછો. મૂકી દે અહીં બધા નખ ભેગો.'

સ્વામીશ્રીની બુદ્ધિને સમજવામાં એ યુવાન ખરેખર ગોથું ખાઈ ગયેલો. તેને ખ્યાલ નહોતો રહ્યો કે માનવીમાત્રની ક્રિયાને ઘડીના છઠ્ઠા ભાગમાં કળી જતાં સ્વામીશ્રી તેણે જ્યારથી નખ હાથમાં ઉપાડ્યો ત્યારથી તેનો આશય પામી ગયા છે. તેથી સ્વામીશ્રી વિષે *'એમાં ઓછી નથી ચતુરાઈ...'*નો અહોભાવ અનુભવતા એ યુવાને નખ પાછો મૂકી દીધો.

થોડી વારે બધા નખમણિ ઊતરી જતાં સ્વામીશ્રીએ તેને બહાર યોગ્ય જગ્યાએ ફેંકી દીધા. તે જોઈ બે-ચાર નખ મેળવી લેવાની આશાએ પેલો યુવાન ચૂપચાપ ત્યાં દોડી ગયો, પણ હાથમાં કંઈ ન આવતાં તે પુનઃ સ્વામીશ્રી પાસે આવી પહોંચ્યો. તે સમયે સ્નાનવિધિ માટે બિરાજેલા સ્વામીશ્રીએ પૂછ્યું: 'ક્યાં ગયેલો ?'

'ક્યાંય નહીં.' નખ ન મળવાથી નિરાશ યુવાને આમ ટૂંકમાં પતાવ્યું.

પણ સ્વામીશ્રી બોલ્યા: 'કેમ ? નીચે નખ લેવા નહોતો ગયો ? આંટો મારીને આવ્યો ને પાછો 'ક્યાંય નહીં' કહે છે !'

માનવીય બુદ્ધિથી સ્વામીશ્રી બે ડગલાં આગળ ચાલે છે તેનું ભાન આ યુવાનને વધુ એક વાર થયું.

તેથી ચકિત એ યુવકને સાચી સમજ આપતાં સ્વામીશ્રીએ કહ્યું: 'સાંભળ ! પ્રસાદી મહારાજની રખાય. આવું બધું નખ ને દાતણ ભેગું કરવું

નહીં. તેમાં કાંઈ માલ નથી. આ મૂર્તિ જ યાદ રાખજે. આ મૂડી છે. તે સાચવી રાખવી. પેલા માટે તો તાળા-કૂંચી રાખવાં પડે ને ખોવાય તો દુઃખ.'

પોતાની પ્રાસાદિક વસ્તુઓના સંગ્રહ વિષે અતિશય અરુચિ પ્રગટ કરનારા સ્વામીશ્રીની ભક્તિ અને અહંશૂન્યતામાં ખોવાઈ ગયેલા એ યુવાને સમય જતાં પોતાનું જીવન સ્વામી-ચરણે ધરી દીધું.[૧૬]

બધા સંતો 'દર્શન' જ છે ને!

ખંભાતથી વિદાય લઈ સ્વામીશ્રી જલુંધ, પેટલાદ, આશી થઈને કાવીઠા પધાર્યા ત્યારે ઠંડીએ માઝા મૂકી હતી. તેથી તા. ૪/૨ની સવારે પૂજા કરવા બિરાજેલા તેઓની નજીકમાં એક ભક્તે સગડી મૂકી, પણ સ્વામીશ્રીએ તરત જ કહ્યું : 'મારી પાસે નહીં, ઠાકોરજી પાસે રાખો.'

તેઓની આ ભક્તિની હૂંફ હરિકૃષ્ણ મહારાજને સમગ્ર પૂજા દરમ્યાન મળતી રહી.

આ હૂંફથી કાવીઠાવાસીઓમાં પણ ભક્તિનો ગરમાટો ભરી સ્વામીશ્રી તા. ૫/૨ની સાંજે અમદાવાદ આવી પહોંચ્યા ત્યારે અહીં મંદિરમાં તત્ત્વજ્ઞાન(દર્શન)ની આબોહવા બરાબર જામી ગયેલી.

અત્રે ઊજવાઈ રહેલી 'અખિલ ભારતીય દર્શન પરિષદ'ની રજત જયંતી નિમિત્તે ભારતભરની યુનિવર્સિટીઓમાંથી તત્ત્વજ્ઞાન વિભાગના ૧૩૧ પ્રાધ્યાપકો એકત્રિત થયેલા. તા. ૩/૨થી શરૂ થયેલી આ ઉજવણીમાં હિંદુ ઉપરાંત મુસ્લિમ, પારસી, ખ્રિસ્તી, બૌદ્ધ, જૈન વગેરે ધર્મનાં બાઈ-ભાઈ વિદ્વાનો વિવિધ તાત્ત્વિક વિષયો પર પ્રવચન અને ગોષ્ઠી દ્વારા ભારતીય દર્શનના વારસાને પરિપુષ્ટ કરી રહેલા.

તે ક્રમમાં તા. ૫/૨ની સવારે 'સ્વામિનારાયણ દર્શન ગોષ્ઠી' અંતર્ગત બે કલાક સુધી સંસ્થાના વિદ્વાન સંતો-ભક્તોએ પણ શ્રીજી પ્રબોધિત અક્ષર-પુરુષોત્તમ તત્ત્વજ્ઞાન વિષે મર્મસ્પર્શી નિબંધો રજૂ કર્યા. તેથી વિદ્વત્જગતમાં શ્રીજીમહારાજનું જ્ઞાન છતરાયું થઈ રહ્યું. સમસ્ત સંપ્રદાયમાં પ્રથમ વાર જ થઈ રહેલી આવી પહેલનું શ્રેય સ્વામીશ્રીના નામે ચડી ગયું. આ પરિષદની સાથે જ 'ગુજરાત તત્ત્વજ્ઞાન પરિષદ'નું પણ સંસ્થાના સૌજન્યથી ઉદ્ઘાટન થયું.

આ રજત જયંતીમાં લાભ આપવા પધારી ચૂકેલા સ્વામીશ્રી મંદિરમાં

---

૧૬. તેઓનું દીક્ષિત નામ સાધુ વૈરાગ્યપ્રિયદાસ પડ્યું.

ઠાકોરજીનાં દર્શન કરવા ગયા ત્યારે અહીં આરતી શરૂ થવાને થોડી વાર હતી. તેથી પડદો ખૂલવાની રાહ જોઈ રહેલા તેઓને સંતો દર્શન પરિષદની માહિતીથી વાકેફ કરવા લાગ્યા. સ્વામીશ્રી પણ સૌ સાથે ગમ્મત કરતાં રસપૂર્વક સાંભળી રહેલા. તેટલામાં જ આરતીનો ડંકો પડ્યો. તે વખતે વાતનું સમાપન કરતાં સ્વામીશ્રી બોલ્યા : 'આપણે તો આ બધા સંતો 'દર્શન' જ છે ને !'

શિષ્યોને પણ ષડ્દર્શનની તોલે મૂકનારા તેઓની આ મહિમાદૃષ્ટિ જોઈ ગદ્ગદ થઈ ગયેલા સૌનું અંતર સ્વામીશ્રીની પણ આરતી ઉતારી રહ્યું.

'દર્શન' અને જીવન જેઓમાં એક છે...

તા. ૬/૨ના રોજ ચાલી રહેલા દર્શન પરિષદના અંતિમ સત્રમાં વિવિધ વિદ્વાનોના વક્તવ્ય બાદ પરિષદના મંત્રી ડૉ. રામજીસિંહે જાહેરાત કરી કે 'દર્શન અને જીવન જેઓમાં એક છે તેવા પ્રમુખસ્વામી મહારાજ આપણી વચ્ચે છે. તેઓ આશીર્વાદ આપશે.'

સ્વામીશ્રીની સાધુતાએ અલ્પ સંસર્ગમાં પણ તત્ત્વજ્ઞાનીઓનાં અંતર-કમાડ ખોલી નાંખ્યાંની પ્રતીતિ આ પરિચયે સૌને કરાવી દીધી. સ્વામીશ્રીએ પણ આશીર્વાદ આપતાં જણાવ્યું કે 'ભારતીય દર્શનવાળાએ આત્મવિશ્વાસથી બધું આપ્યું છે. 'કોઈ સમજશે કે નહીં' તેમ નહીં, પણ 'બધા સમજશે' એમ માનીને તેમણે વિચારો આપ્યા છે. ભારતીય દર્શનનું મૂળ ઊંડું છે, તે ઉખેડી શકાય તેમ નથી. ભગવાન સ્વામિનારાયણે કોઈનો નિષેધ નથી કર્યો, પણ તેમાંથી સારું હતું તે લીધું છે. તેઓ ખંડન-મંડનમાં ન પડ્યા.'

આ આશીર્વાદ બાદ પરિષદના મંત્રીએ સમાપન કરતાં કહ્યું : 'ભગવદ્-કૃપા જ થઈ કે અમે અહીં આવ્યા. અહીંનાં સૌજન્ય, વિનમ્રતા, પ્રેમ બધી વસ્તુઓ અમને સ્પર્શી ગઈ છે. સંતો પોતે જ અમારી સેવા કરતા. રોજ 'મા'ની જેમ જમાડતા. હવે તો અમને એક જ દ્વિધા છે કે આ પ્રેમ છોડી અમે જઈશું કેવી રીતે ? અને જઈશું તો ભૂલીશું કેવી રીતે ? જ્યાં ભક્તિ, સમર્પણ અને નિષ્ઠા હોય ત્યાં કાર્યમાં કુશળતા જ હોય.'

દર્શન પરિષદના સ્થાપક યશદેવ શલ્યજીએ પણ ભાવોર્મિ પ્રગટ કરી કે 'મારા દાર્શનિક બંધુઓને કહું છું કે નિત્ય નવીન સંપ્રદાયો ઉદ્ભવી રહ્યા છે પણ અહીંનો ધર્મ છે તે વિશિષ્ટ છે, આધ્યાત્મિક છે. આની તુલના નથી. વિશ્વવિદ્યાલયો આ ધર્મને ઓળખી શક્યા નથી.'

વિદ્વત્તા પર સાધુતા-સૌજન્યની સરસાઈ સ્થાપતા આવા ઉદ્‌ગારો વહેતા જ રહ્યા. પરંતુ આ સૌ વિદ્વાનો ભાવવિભોર તો ત્યારે થઈ ગયા કે જ્યારે સ્વામીશ્રીએ સૌને સ્વયં પીરસીને જમાડ્યા! આ લાભ સૌની કલ્પના બહારનો બની રહ્યો. દ્વિશતાબ્દી નિમિત્તે સ્વામીશ્રીએ તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે પણ શ્રીજીમહારાજના નામનો ડંકો વગાડી દીધો.

'ગામધુમાડો બંધ'નો મૌલિક અર્થ

અમદાવાદથી તા. ૬/૨ની સાંજે નડિયાદ પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં સ્થાનિક સત્સંગ મંડળે સંતરામ મંદિરમાં ભવ્ય સભામંડપ બાંધી ભાગવત સપ્તાહનું આયોજન કરેલું. સાત દિવસ સુધી ચાલેલા જ્ઞાનદાનના આ અપૂર્વ પર્વ દરમ્યાન જ સ્વામીશ્રી પીપલગ, ડભાણ, વસો, દાવડા વગેરે ગામોમાં પણ લાભ આપવા પહોંચ્યા.

તા. ૧૩/૨ની સવારે આ પર્વની પૂર્ણાહુતિ કરી તેઓ પીપલાતા, બોચાસણ, ભાદરણ, ભાદરણિયા, સામરખા, સારસા, ખંભોળજ, આણંદ થઈને બોચાસણ પધાર્યા. અહીં તેઓએ તા. ૧૬/૨ની બપોરે અઢી વાગ્યાથી પોણા પાંચ વાગ્યા સુધી ખગ્રાસ સૂર્યગ્રહણનો સમૈયો કર્યો.

ત્યારબાદ સ્નાન-પૂજાથી પરવારી દેવાતજ પહોંચેલા સ્વામીશ્રીએ અત્રે ત્રિદિવસીય પારાયણ દરમ્યાન આસપાસનાં ગાડા, સોજિત્રા, પેટલાદ, પોરડા વગેરે ગામોમાં પણ પધરામણી કરીને લાભ આપ્યો. તા. ૧૯/૨ના રોજ આ પારાયણની પૂર્ણાહુતિ કરી તેઓ મહિયારી થઈને રાણપરી આવી પહોંચ્યા.

અત્રે મંદિરનો જીર્ણોદ્ધાર કરીને બનાવેલા નવા સિંહાસનમાં તા. ૨૦/૨ની સવારે અક્ષર-પુરુષોત્તમ મહારાજની પુનઃ પ્રતિષ્ઠા કરી સ્વામીશ્રી રોજીદને લાભ આપતાં પાણવી પધાર્યા ત્યારે અહીં પણ નૂતન હરિમંદિર તૈયાર થઈ ગયેલું. તેમાં તા. ૨૦/૨ની બપોરે તેઓએ પ્રતિષ્ઠાવિધિ કર્યો. ગામમાં મોક્ષનું આ સદાવ્રત ખોલી સ્વામીશ્રી સાંજે ચકમપરને લાભ આપતાં ઝમરાળા આવી ગયા.

અત્રે તા. ૨૧/૨ની સવારે તેઓના વરદહસ્તે બાઈઓના મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠા થઈ. તે સાથે જ પુરુષોના મંદિરમાં પણ હનુમાનજી-ગણપતિજી બિરાજ્યા. આ શુભ પ્રસંગે સમગ્ર ગામને ભોજનનું નિમંત્રણ હોવાથી ગામધુમાડો બંધ હતો. તેના અનુસંધાનમાં સ્વામીશ્રીએ

આશીર્વાદમાં જણાવ્યું: 'ગામમાં કોઈ પણ માણસ બીડી, હોકો, ચલમ ન પીવે તે ગામધુમાડો બંધ કર્યો કહેવાય.'

તેઓનું આ મૌલિક અર્થઘટન સાંભળી એક ડોસાએ ત્યાં ને ત્યાં જ ચલમને તિલાંજલિ આપી દીધી. સ્વામીશ્રીની અમૃતધારા *'તેના નીર પ્રવાહનો ઘોષ, સુણતાં થઈએ નિરદોષ...'*ની જેમ વહેતી.

સારંગપુરમાં સાહિત્ય સંમેલન

ઝમરાળામાં પ્રતિષ્ઠા કર્યા બાદ જૂના રામપરા, સમઢિયાળા અને ગારિયાધારને પાવન કરતાં સ્વામીશ્રી તા. ૨૩/૨ના રોજ સારંગપુર પધાર્યા ત્યારે અહીં સાહિત્ય સંમેલન આકાર પકડી ચૂકેલું. સ્વામિનારાયણીય સંત-કવિઓનાં સત્ત્વશીલ સાહિત્યનું, સિદ્ધહસ્ત સાહિત્યકારો દ્વારા મંથન થાય અને તેનું નવનીત સમાજને મળે, તેવા શુભાશયથી દ્વિશતાબ્દી ઉપક્રમે યોજાયેલું આવું સંમેલન, સમગ્ર સંપ્રદાયની પ્રથમ જ ઘટના હતી. તેના શ્રેયનો ચાંદલો પણ સ્વામીશ્રીના ભાલમાં જ લાગ્યો.

તા. ૨૩/૨ની બપોરે અઢી વાગ્યે દીપપ્રાગટ્ય કરીને તેઓએ આ સંમેલનનું ઉદ્‌ઘાટન કર્યું ત્યારે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી સહિત ૪૦ સાહિત્યકારોની નક્ષત્રમાળાથી સારંગપુરના મંદિરનો સભા-મંડપ શોભી રહ્યો.

ઉદ્‌ઘાટન બાદ યોજાયેલી બે બેઠકોમાં શ્રીજીમહારાજનાં વચનામૃત તથા પરમહંસોનાં પદો પર વિવિધ વ્યાખ્યાતાઓનાં મનનીય વક્તવ્યો રજૂ થતાં રહ્યાં. કો'કે સ્વામિનારાયણીય સંતસાહિત્યના કાવ્યરસનો આસ્વાદ ચખાડ્યો, તો કો'કે આ સાહિત્યના દર્પણમાં દેખાતા સમાજ-દર્શનને રજૂ કર્યું. કો'કની જીભેથી આ સાહિત્યની અલંકાર-મીમાંસા ટહુકી ઊઠી, તો કો'કે આ સાહિત્યની શૈલીને મુગ્ધભાવે અને મુક્તકંઠે બિરદાવી. કો'કે 'કથની તેવી કરણી' મુજબ જીવનારા પરમહંસોને - કવિયશપ્રાર્થી નહીં પણ પ્રભુપદપ્રાર્થી કહી નવાજ્યા, તો કો'કે 'વચનામૃત'ના ગદ્યને વખાણ્યું. આમ, બે દિવસ સુધી સાહિત્ય-મંદિરના ગભારામાંથી સંત-સાહિત્યની સુગંધ પ્રસરતી રહી.

તેથી વાતાવરણ એટલું દિવ્ય બની ગયું કે પરિષદના ઉપપ્રમુખ શ્રી ઈશ્વર પેટલીકર તો બોલી ઊઠ્યા: 'અહીં બધા સાધુઓ ભણેલા છે અને સમાજ-સુધારકનું કામ પણ સારું કરે છે. મારો પૂર્વગ્રહ હતો તે નીકળી ગયો.

આ સંતોને જોઈને કડવું બોલવું હોય તોય બોલાય નહીં, એવું તેમનું સાધુતાભર્યું વર્તન છે.'

સારસ્વતોની એરણ પરથી પસાર થઈને સો ટચના સાબિત થયેલા સ્વામિનારાયણીય સંતસાહિત્યના આ સંમેલનનું સમાપન કરતાં, પરિષદના પ્રમુખ શ્રી અનંતરાય રાવળે પણ જણાવ્યું કે 'આ સંતસાહિત્ય માત્ર સાંપ્રદાયિક સાહિત્ય ન રહેતાં ગુજરાતની સાર્વજનિક મૂડી અને મધ્યકાલીન સાહિત્યની સમૃદ્ધિ બન્યું છે. દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે સંસ્થાએ આ જાળવ્યું અને સંરક્ષ્યું છે. સહજાનંદ સ્વામીનું દૈવત જેમનામાં ઊતર્યું છે એવા પ્રમુખસ્વામી અને સંતોથી પ્રસન્નતા થઈ છે.'

આમ, શ્રીજીમહારાજના દ્વિશતાબ્દી ઉપક્રમે સ્વામીશ્રીએ એક નવું સીમાચિહ્ન સર કરી લીધું. ઈષ્ટદેવનો જયજયકાર ગજાવવામાં તેઓએ એકેય ક્ષેત્રને છોડ્યું નહોતું.

જેથી કોયે જીવ નવ દુઃખાય જી

આ અરસામાં સ્વામીશ્રીની આંખોની રોશનીમાં ઘણો ઘટાડો થઈ જતાં, સભાની ત્રીજી હરોળમાં બેઠેલી વ્યક્તિ પણ સ્પષ્ટપણે ઓળખી ન શકાય તેવી સ્થિતિ સર્જાઈ ગયેલી. પરંતુ આવા સંજોગોમાંયે તેઓ સારંગપુરથી ગઢપુર થઈ ગારિયાધાર આવી પહોંચ્યા.

અત્રે ભાગવત સપ્તાહનું મંગલાચરણ સ્વામીશ્રીએ તા. ૨૨/૨ના રોજ કરી દીધેલું. આજે પુનઃ એ પ્રસંગ નિમિત્તે આવી ગયેલા તેઓએ અહીંના રોકાણ દરમ્યાન તા. ૨૫/૨ના દિવસે નાની વાવડીના મંદિરનો પ્રથમ પાટોત્સવ ઊજવ્યો. સાથે સાથે નવાગામ, મેંહણકા, સુરવિલાસ વગેરે ગામોને પણ પાવન કર્યાં.

આ વિચરણમાં એક ગામે સ્વામીશ્રીના ભોજન માટે કો'ક સંતે હરિભક્તોને ફૂટસલાડ બનાવવાનું કહી રાખેલું. આ વાતની જાણ થતાં જ સ્વામીશ્રીએ તે સંતને વિવેક શિખવાડ્યો કે 'અહીં ફૂટસલાડનું ન કહેવાય. આને બિચારાને ફૂટ લેવા છેક ભાવનગર જવું પડે!'

પ્રદેશ-પ્રદેશની પરિસ્થિતિના સારા જાણકાર સ્વામીશ્રી ભક્તોની સ્થિતિના પણ જબરા પારખુ હતા. તે મુજબ જ વર્તતા તેઓથી કોઈ કચવાતું નહીં.

અપનો પર નહિ કોઉ

તા. ૨૮/૨ના રોજ ભાગવત સપ્તાહની ધામધૂમથી પૂર્ણાહુતિ કરી સ્વામીશ્રી જેસર, ભાદરા થઈને મહુવા પધાર્યા. અહીં રાત્રે નવ વાગ્યે દરબાર ચોકમાં નગરની ૬૦થી વધુ સંસ્થાના અગ્રણીઓએ યોજેલી તેઓની સન્માન-સભામાં આખો ચોક ચિક્કાર થઈ ગયો.

આ સત્કાર ઝીલી સ્વામીશ્રી તા. ૨૯/૨ની સવારે ભગતજી મહારાજના સ્મૃતિસ્થાને પધાર્યા. અહીં નદીકાંઠે સંસ્થાને બે એકર જમીન સરકાર દ્વારા ફાળવવામાં આવેલી. તેની બાજુમાં જ એક એકર જમીન જૂના સ્વામિનારાયણ મંદિરની હતી. તત્કાલીન કલેક્ટરે તે એક એકર જમીન પણ બી.એ.પી.એસ.ને ફાળવી કુલ ત્રણ એકર જમીન સંસ્થાના નામે કરી દીધેલી. તેના બદલામાં જૂના મંદિરને પણ અન્યત્ર ચાર એકર જમીન કલેક્ટરે આપી હતી.

આપણી સંસ્થા કરતાં તે સંસ્થાને એક એકર જમીન વધુ ફાળવવાની આ વિગત જાણી રાજી થયેલા સ્વામીશ્રી બોલ્યા :

''ગોંડલમાં ભગવત્‌સિંહ બાપુએ નવા મંદિરને ૫૦ રૂપિયાનો માસિક થાળ બાંધ્યો ત્યારે શાસ્ત્રીજી મહારાજે પૂછેલું : 'જૂના મંદિરે કેટલા આપો છો ?'

ત્યારે જવાબ મળ્યો : 'ચાલીસ.'

તે વખતે શાસ્ત્રીજી મહારાજે કહ્યું : 'તો તેમને પચાસ આપો અથવા અમારા ચાલીસ કરો; એમ સરખું રાખો.' પછી બંનેના પચાસ રૂપિયા કરેલા ! એમ અહીં પણ આપણા કરતાં એમનું અધિક થયું તે સારું થયું.'

સ્વામીશ્રીની આ ભદ્ર ભાવના સાંભળી અહોભાવમાં સરી પડેલા સૌ *'અપનો પર નહિ કોઉ...'* એવા તેઓને નમી પડ્યા !

પ્રભુપ્રતાપ સેં હોત હૈ

શાસ્ત્રીજી મહારાજની ઉદારતાનો વારસો પૂરેપૂરો ઝીલીને વિચરતા સ્વામીશ્રી, મહુવાથી વિદાય લઈ નિકોલ, સથરા, ભૂતનાથ, પાલિતાણા થઈને સારંગપુર પધાર્યા.

અહીં તા. ૧/૩ના રોજ આવેલી પ્રાગજી ભક્ત જયંતીની સાંજે યોજાયેલી 'સુરગિરા સહજાનંદ સંસદ'માં સંતોએ સંસ્કૃત ભાષામાં સ્તોત્રગાન તથા પ્રવચનો રજૂ કરી તેઓને રીઝવ્યા. આ પ્રસંગે અભ્યાસી સંતોને આશીર્વાદ

આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'આપણું તત્ત્વજ્ઞાન બધાને આપી શકીએ તેવો અભ્યાસ કરવો. પરીક્ષા પૂરતું ન ભણવું, પણ આપણા સિદ્ધાંતમાં ઊંડા ઊતરવું.'

તેઓનો ઝોક હંમેશા તલસ્પર્શી કાર્ય તરફ રહેતો. ઉપરછલ્લામાં તેઓ બહુ રાજી નહીં.

આ રીતે જ ફૂલદોલોત્સવ ઊજવી સ્વામીશ્રી તા. ૪/૩ના રોજ બોટાદ પહોંચ્યા ત્યારે નગરવાસીઓએ ભવ્ય શોભાયાત્રા કાઢી તેઓને સત્કાર્યા. અહીં બારભાયાની શેરીના વિશાળ ચોકમાં યોજાયેલા સપ્તદિવસીય પારાયણને ઠેલ મારી, સ્વામીશ્રી કથાના દિવસો દરમ્યાન તાજપુર, તરઘરાને પાવન કરતાં તા. ૭/૩ની સાંજે સારંગપુર પધાર્યા.

અત્રે આકાશવાણી(રાજકોટ)ના રજત જયંતી વર્ષ નિમિત્તે લોક-સાહિત્યની પ્રસ્તુતિનો કાર્યક્રમ યોજાયેલો. આ કેન્દ્રનાં નિયામકશ્રી વસુબહેનને સ્વામીશ્રી અને સંસ્થા વિષે અત્યંત સદ્‌ભાવ હોવાથી તેઓએ રજત જયંતીની ઉજવણી માટે સારંગપુરના મંદિરનું પ્રાંગણ પસંદ કરેલું.

આમ, તત્ત્વચર્ચા કરવી હોય કે લોકવાર્તાઓ કહેવી હોય, સૌને બી.એ.પી.એસ. મંદિરનું આંગણું વહાલું લાગતું. મંદિરોમાં સ્વામીશ્રીએ સર્જેલા પવિત્ર ભાવાવરણનો જ આ પરચો હતો. તે અનુસાર આકાશવાણીની રજત જયંતીને શોભાવી સ્વામીશ્રી રાત્રે બાર વાગ્યે પુનઃ બોટાદ આવી ગયા.

અહીંના રોકાણ દરમ્યાન તેઓની પ્રાતઃપૂજા રોજ જુદાં જુદાં ઘેર રાખવામાં આવેલી. વધુ મુમુક્ષુઓને લાભ અપાવવાના લોભમાં સ્વામીશ્રીના કાર્યક્રમો આ રીતે જ ગોઠવાતા. તેઓ જ્યાં પૂજા કરે ત્યાં સવારના ઉકાળા-પાણી ન હોય. જ્યાં અલ્પાહાર ગ્રહણ કર્યો ત્યાં ભોજન નહીં. ભોજનના ઘેર આરામ નહીં. વિશ્રામ લીધો ત્યાં વાળુ નહીં. વાળુ ત્યાં રાત્રિસભા નહીં. રાત્રિસભા ત્યાં રાત્રિમુકામ નહીં.

આ રીતે સતત પ્રવાસશીલ રહેતા સ્વામીશ્રીને ક્યાંય કશું કઠતું નહીં. તેઓની આ ખાસિયત સાથે ખભો મિલાવવામાં ભલભલા ટૂંકા પડે એમ છે.

આ ઊંચાઈ સાથે સ્વામીશ્રી તા. ૧૦/૩ની સવારે બોટાદમાં પારાયણની પૂર્ણાહુતિ કરી પાળજ તરફ જઈ રહેલા. આ મુસાફરીમાં એક સહપ્રવાસીએ કહ્યું : 'સ્વામી ! દ્વિશતાબ્દી નિમિત્તેની આર્થિક સેવા ધાર્યા કરતાં વધુ થાય છે.'

'મહારાજની કૃપા અને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનું બળ એટલે સેવા થાય છે.' આ પ્રસ્તાવના બાંધી સ્વામીશ્રીએ ઉમેર્યું : 'આ

દ્વિશતાબ્દી મહારાજની છે એટલે મહારાજ પોતે જ હરિભક્તોમાં વધુ સેવા કરવાની પ્રેરણા કરે છે. તેથી બધા પ્રેમથી સેવા કરે છે, નહીંતર આવું થાય નહિ. આપણે તો થાકી જવાય.'

દ્વિશતાબ્દીના ગોવર્ધનને અધ્ધર રાખવામાં હરિભક્તોની સેવા તો ટચૂકડા ટેકા સમાન જ હતી. છતાં પોતાને શિરે ઇષ્ટદેવ અને ગુરુની કૃપા સિવાય કશું જ નહીં રાખવાની પ્રકૃતિ ધરાવતા સ્વામીશ્રીએ કહી દીધું: *'प्रभुप्रताप सें होत है, निर्बल अधिक बलवंत...'* તેઓના મુખેથી વાતવાતમાં સરી પડતા આવા ઉદ્‌ગારો, સ્વામીશ્રીના અહંશૂન્ય અને ભક્તિપૂર્ણ અંતઃકરણનો પડઘો પાડતા.

આવવા-જવાનું છે જ નહીં

પાળજમાં તા. ૧૧/૩ના રોજ બાલમંદિરનું ઉદ્‌ઘાટન કરીને ૭૫ પધરામણીઓ દ્વારા ઘરોઘર પાવન કરનારા સ્વામીશ્રીને, ભોજનનો સમય પોણા બે વાગ્યા સુધી ઠેલાઈ ગયો. આ સમયે ઠાકોરજી જમાડ્યા બાદ તેઓ પેટલાદ થઈને બોચાસણ આવી પહોંચ્યા ત્યારે અહીં સુવર્ણ-સિંહાસનમાં શોભી રહેલા અક્ષર-પુરુષોત્તમ મહારાજનાં દર્શન કરતાં જ સ્વામીશ્રી ભાવવિભોર બની ગયા.

એ જ અવસ્થામાં આરતી ઉતારી વડોદરા તરફ જઈ રહેલા તેઓને તરસ લાગતાં તેઓએ પાણી માંગ્યું. તે વખતે સેવકે તરત જ પ્યાલો ધરી દેતાં સ્વામીશ્રીએ ટકોર કરી: 'ઠાકોરજીને પાણી ધરીને આપવું જોઈએ.' પછી એ રીતે જળ આપ્યું ત્યારે સ્વામીશ્રીએ અંગીકાર કર્યું. પણ જલપાન કરતી વખતે તેઓએ સહપ્રવાસીઓને પૂછ્યું: 'તમારે પાણી પીવું છે?'

આ પ્રશ્નના ઉત્તરમાં કોઈથી કશું બોલાયું નહીં, કારણ કે સૌ સ્વામીશ્રીને જલપાનનું પૂછ્યા વિના આપમેળે શરબત ગટગટાવીને જ બેઠા હતા. સૌને ભક્તિ ચૂક્યાનો પારાવાર પશ્ચાત્તાપ થયો.

પોતાના અશિશુદ્ધ જીવનથી મુમુક્ષુને પળે પળે અંતર્દૃષ્ટિ કરાવતા સ્વામીશ્રી કોયલીમાં ૨૫ પધરામણીઓ કરી અટલાદરા પધાર્યા ત્યારે તેઓએ આજે કરેલી પધરામણીઓ ૧૦૦ના આંકડાને અડી ગઈ!

આ રફ્તાર સાથે તા. ૧૨/૩ની સવારે અટલાદરાથી સેજાકૂવા પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે નૂતન મંદિરનો ભૂમિપૂજનવિધિ થયો. ત્યારબાદ

ઈલાઈટ હાઈસ્કૂલમાં યોજાયેલા સન્માન સમારંભમાં પહોંચેલા તેઓએ આ સભામાં એક ઉઘાડું સત્ય સંભળાવતાં કહ્યું કે 'ધાર્મિકતાનો જેમાં અભાવ છે તે સમાજની કે દેશની સેવા નહીં કરી શકે.'

ખરડાયેલા હાથથી કદીયે વસ્ત્ર-વસ્તુ સ્વચ્છ ન થઈ શકે, તે હકીકત સમજાવીને વિદાય થયેલા સ્વામીશ્રી, લતીપુરામાં સર્વોદય વિદ્યાલયના છાત્રોને હિતોપદેશ આપી પોણા બાર વાગ્યે માંજલપુર આવી પહોંચ્યા.

અત્રે મંદિરનું ખાતમુહૂર્ત કરી તેઓ સુરત તરફ જવા નીકળ્યા.

આ રસ્તે કરજણ પાસે દર્શનની રાહે ઊભેલા ભક્તોને જોતાં જ સ્વામીશ્રીએ ગાડી થોભાવી. તેથી ઘેલા બનેલા ભક્તો ધૂળ-ઢેફાં કે કાંટા-કાંકરા જોયા વિના દંડવત કરવા મંડી પડ્યા. સ્વામીશ્રીને હારતોરા પણ કર્યા. અંતે વિનંતી ઉચ્ચારી કે 'બાપા! આપ પરદેશ જાઓ તે પહેલાં અહીં એક વિદાય સમારંભ કરવો છે.'

'આ આવ્યા તે આગમન ને હવે જઈશું તે વિદાય. અક્ષરધામમાં બેઠા છીએ. માટે આવવા-જવાનું છે જ નહીં.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓના આ ઉદ્‌ગારો *'આવે ન જાય, જાય ન આવે...'* એવા સર્વત્ર વ્યાપક અક્ષરબ્રહ્મનું સ્વરૂપ સ્વામીશ્રી સ્વયં છે તે મર્મ સમજાવી ગયા.

રંકને વા'લો રાય બનાવે

કરજણથી ભરૂચ થઈને સુરત પધારેલા સ્વામીશ્રીએ અત્રે મંદિરમાં યોજાયેલા 'શિક્ષાપત્રી'ના પારાયણમાં તા. ૧૩/૩ની સવારે જણાવ્યું :

'ભક્તિ કરતા હોય તેનો વાદ લેવાનો. પણ જે ભક્તિ ન કરતા હોય તેનો શું વાદ લેવો? આજ્ઞા પાળે તેનું નામ મહિમા સમજ્યા કહેવાય. ઉચ્ચ સ્થિતિને પામી ગયા હોઈએ તોય આ નિયમોનો લોપ ન કરાય. ઉપાસનાની સાથે આજ્ઞાની પણ એટલી જ મહત્તા છે. શ્રીજીમહારાજના આદેશો જીવંત છે.'

પોતાના જીવન દ્વારા આ અનુભવ કરાવતા સ્વામીશ્રીએ આજની સાંજે દ્વિશતાબ્દી ઉપક્રમે 'રંગ ઉપવન'માં યોજાયેલી જાહેર-સભામાં પણ લાભ આપ્યો.

ત્યારબાદ તેઓ અહીંના રોકાણ દરમ્યાન એક વાર દ્વિશતાબ્દી મહોત્સવની સેવા અંગે લખણી કરવા બિરાજ્યા. તેઓ પાસે ક્રમશઃ આવી રહેલા હરિભક્તોમાં જીતુભાઈ પટેલ પણ આવ્યા. સેવાની વાત કરતાં પહેલાં સ્વામીશ્રી હંમેશા સત્સંગીના વ્યવહાર-વ્યવસાયની પૂછપરછ અવશ્ય કરતા

અને તેની પહોંચ પ્રમાણે જ સેવા નોંધાવવાનું કહેતા. તે મુજબ તેઓએ જીતુભાઈને પણ પૂછ્યું: 'શું કામકાજ કરો છો?'

'બાપા! રેલવે સ્ટેશન પર, થિયેટર આગળ પાણીની લારી ફેરવું છું. રોજના છ રૂપિયા કમાઉં છું.'

પાણીની કમાણીની આ વાત સાંભળી આસપાસ બેઠેલા સૌ 'આમને સેવાનું શું કહેવું?' એમ વિચારી રહ્યા, પણ સ્વામીશ્રીએ આંકડો પાડ્યો: '૬૦,૦૦૦ રૂપિયાની સેવા કરો.'

તેથી જીતુભાઈના તો હોશકોશ જ ઊડી ગયા. અન્ય સૌ પણ આંચકો ખાઈ ગયા! તે હરિભક્તે કહ્યું: 'સ્વામી! આ સેવા મારાથી જન્મારામાં પૂરી નહીં થાય.'

છતાં સ્વામીશ્રીએ પોતે બોલેલી રકમમાં કોઈ ઘટાડો ન કર્યો. કીડી પર કણને બદલે મણનો ભાર લાદી રહેલા તેઓ આ પ્રસંગે સૌને વિસ્મયકારી લાગ્યા. પરંતુ તે સમયે જ તેઓએ એ હરિભક્તને કહ્યું: 'મારે તમારી રકમ લઈ તમને ૬૦ ગણા આપવા છે.'

સ્વામીશ્રીના આ વચનથી હરિભક્તના હૈયે ધરપત વળી. તેઓએ ધીરે-ધીરે સેવા આપવાની શરૂઆત કરી. સત્પુરુષના વચનમાં ઝંપલાવવાથી તેઓના કાર્યમાં ભગવાન ભળ્યા હોય તેમ, તેઓને ટૂંક સમયમાં જ હીરાનો વ્યવસાય કરતી એક માલેતુજાર કંપનીએ વગર ઓળખાણે કમિશનના વાયદે વેપાર સોંપ્યો. આ ઘટનાએ નસીબ આડેનું પાંદડું હટાવી દેતાં વ્યવસાયમાં પ્રગતિનો પંથ ખૂલતો ગયો અને સવા દાયકામાં તો આ રોડપતિ ભક્ત કરોડપતિ બની ગયા!

સ્વામીશ્રીની આ કૃપાને તેઓ જ નહીં, આખી આલમ આશ્ચર્યવત્ થઈને જોઈ રહી. *'રંકને વા'લો રાય બનાવે...'* પંક્તિ સ્વામીશ્રીની સેવા કરનારા કૈંક ભક્તોના જીવનમાં સત્ય ઠરેલી.

નિવાસી કર્યા બ્રહ્મમો'લના

સુરતને સુખ આપી તા. ૧૪/૩ની સાંજે વિદાય થયેલા સ્વામીશ્રી ઉધનાને પાવન કરતાં રાત્રે નવ વાગ્યે સાંકરી પધાર્યા.

અત્રે આસપાસનાં ગામોમાંથી ઊમટી પડેલા સેંકડો ભક્તોને દર્શન-આશીર્વાદથી કૃતાર્થ કરી તેઓ છોટુભાઈ પટેલના નવા ઘેર રાત્રિરોકાણ માટે

પહોંચ્યા. અહીં તેઓને આવકારતાં આ યજમાનનો આનંદ સમાતો નહોતો, કારણ કે ગત વર્ષે મુંબઈના સાંતાક્રુઝની એક હૉસ્પિટલમાં દાખલ કરેલા આ ભક્તનાં ધર્મપત્નીને સ્વામીશ્રીએ દિવ્ય દર્શન આપીને કહેલું : 'ચાલો, ધામમાં.'

પરંતુ સ્વામીશ્રીની આ હાકલ સાંભળી તે મહિલાએ જણાવેલું : 'સ્વામી ! ઘર નવું બાંધવાનું શરૂ કર્યું છે. તે પૂરું થઈ જાય તેવી ભાવના છે.'

'આ ઘર તો પૂરું થશે. તમે ચાલો.' સ્વામીશ્રી બોલેલા.

આ વાર્તાલાપને હૉસ્પિટલની પરિચારિકા કાનોકાન સાંભળી રહેલી. પરંતુ અંતકાળે ભક્તોને લેવા આવતા ભગવાન અને સંતની સાંપ્રદાયિક વિશેષતાથી અજાણ હોવાને નાતે, તેને વાતચીતમાં કશી ગતાગમ પડતી નહોતી. છતાં આ સંવાદ તેને રસપ્રદ લાગી રહ્યો.

છેવટે સ્વામીશ્રીની રુચિ જોઈ અસ્પતાલમાં શય્યાધીન મહિલાને થયું કે 'હવે સ્વામીબાપા અંતકાળે તેડવા જ આવ્યા છે તો વિલંબ ન કરવો.' તેથી તેઓએ બાજુમાં ઊભેલા પતિને કહેલું : 'તમે નીચે જઈ ઘેર રહેલાં છોકરાંઓને ફોન કરો. મને સ્વામીબાપા લેવા આવ્યા છે એટલે હવે હું તો જઉં છું.' આટલું કહેતાં તો એ નારી નશ્વર દેહ છોડીને ચાલી નીકળેલાં.

પરંતુ તેઓની ભાવના મુજબ બનેલા આ નવા ઘરમાં આજે સ્વામીશ્રી પધારતાં યજમાનને પરમ સંતોષ અનુભવાઈ રહ્યો ! નિજાશ્રિતોને બ્રહ્મમહોલમાં વાસ આપનારા સ્વામીશ્રીને તેઓએ પોતાના નિવાસમાં પ્રેમથી પધરાવ્યા.

મહોત્સવના માહોલમાં મસ્ત મુંબઈ

તા. ૧૫/૩ના રોજ સાંકરીથી વિદાય લઈ સ્વામીશ્રી બારડોલી, મોટી ચોવીસી અને સેલવાસને લાભ આપતાં તા. ૧૬/૩ની સવારે છૂટાછવાયાં છાપરાંવાળા શીલી ગામે પહોંચ્યા. અહીં તૈયાર થયેલા મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી, તેઓ તલાસરી, ધુંધલવાડીને લાભ આપતાં મુંબઈ પધાર્યા ત્યારે આ મહાનગરની હવામાં દ્વિશતાબ્દીની મહેક અનુભવાતી હતી.

વિશ્વભરમાં મહારાજનું નામ ગજાવવાની નેમ રાખીને વિચરતા સ્વામીશ્રીની પ્રેરણાથી, અત્રે દસ દિવસ સુધી શ્રીજીમહારાજનો ૧૯૯મો જન્મોત્સવ ઊજવવાનું નક્કી થયેલું. તેની એક દિશા ચીંધી આપતાં સ્વામીશ્રીએ જ પત્રમાં લખી જણાવેલું કે 'મુંબઈની ગલીએ ગલીએ મહારાજનો નાદ ગુંજવો જોઈએ.'

સ્વામીશ્રીના આ શબ્દોને મુદ્રાલેખ બનાવીને પ્રત્યેક મુંબઈગરાના કાન સુધી મહોત્સવની આલબેલ પહોંચાડવા માટે, શહેરનાં રેલવે સ્ટેશનોએ 'હરિકીર્તન'ના કાર્યક્રમો યોજાયા. આ 'સ્ટેશન સત્સંગ'થી મહોત્સવનો માહોલ ખરેખરો ખડો થઈ ગયો. તદુપરાંત એકેએક સ્ટેશને લાગેલાં સંસ્કારસૂત્રો અને પવિત્ર પતાકાઓએ મુંબઈના કણ-કણમાં સ્વામિનારાયણને ભરી દીધા. રેડિયો દ્વારા સહજાનંદી યશગાથાઓ ગુંજી ઊઠી. વર્તમાનપત્રો દ્વારા ઘેર-ઘેર ઘનશ્યામ પહોંચી ગયા.

મહાસાગરની જેમ મહોત્સવમાં ઊમટનારી હજારોની મેદનીને સમાવવા ૧,૪૦,૦૦૦ ચોરસ ફૂટનું ક્ષેત્રફળ ધરાવતું ક્રોસ મેદાન ઉત્સવ-સ્થળ તરીકે નક્કી થયું. આવાસ-નિવાસ માટે આ ઉત્સવ-સ્થળની આસપાસ અનેક વાડીઓ, ધર્મશાળા વગેરેની વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરવામાં આવી.

આ તમામ સેવાઓને સાર્થક કરતાં સ્વામીશ્રી મુંબઈના આંગણે પધાર્યા ત્યારે બોરીવલી પાસે દોલતનગરના બાળમંડળે તેઓનું સૌપ્રથમ સ્વાગત કરવાનો લહાવો લૂંટ્યો. ત્યાંથી સીધા જ સ્વામીશ્રી પોદાર કૉલેજમાં યોજાયેલી રવિસભામાં આવી પહોંચ્યા. અહીં તેઓના આગમનને સૌએ બેન્ડની સુરાવલિઓ અને ગગનભેદી ઘોષણાઓથી વધાવ્યું. તેઓને આશીર્વર્ષાથી ભીંજવતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'મહારાજ કહે છે કે જે મારા કહેવાયા છે તેમાં મારે તલમાત્ર કસર રહેવા દેવી નથી. માટે આપણે પણ સાવધાન રહેવું. 'કેમ થશે ? શું થશે ?' એમ હિંમત હારી ન જવું. અહીં બેઠા છીએ તે અક્ષરધામમાં જ બેઠા છીએ. આપણને આ યોગ થયો છે એટલે મહારાજ આ જગતમાં તો શું, પણ બીજા કોઈ લોકમાં રહેવા દેશે નહીં. પણ આપણે અક્ષરધામમાં જવું છે એવો સંકલ્પ દૃઢ રાખવો. બંધાવું તો ભગવાન અને સાધુ બેમાં જ.'

સૌને આ નિશાન રોપી આપી સ્વામીશ્રી રાત્રે સાડા દસ વાગ્યે મહોત્સવ સ્થળ પર પહોંચ્યા ત્યારે આ મેદાનમાં તો ઇન્દ્રપુરીને લજ્જિત કરે તેવી શોભા સાથે 'બ્રહ્મધામ' ખડું થઈ ગયેલું. તેનાં ઘુંમટીઓથી શોભતાં, ઝીંજદીપકોથી ઝળહળતાં અને ઐરાવતની સૂંઢવાળાં કલાત્મક પ્રવેશદ્વાર તથા ચિત્તાકર્ષક સભામંચ રચવામાં કલાકારોએ પોતાની કલા નિચોવી નાંખેલી. બીજીમહારાજની પૂર્ણ કદની બેઠેલી નયનરમ્ય મૂર્તિ પણ મંચ પરથી સૌ પર અમી ઢોળી રહેલી.

આ 'ધર્મકુળ' સભામંડપની સાથે હજારોને તૃપ્તિના ઓડકાર પમાડતી 'સહજાનંદ અન્નપૂર્ણા' ભોજનશાળા તથા પ્રેમવતી પરિતૃપ્તિ કેન્દ્ર, શ્રીજી-મહારાજના જીવન-કાર્યને વર્ણવતાં 'સ્વામિનારાયણ ચરિત્ર-દર્શન પ્રદર્શન' તથા 'શ્રીજી સ્લાઇડ શૉ'નું ઑડિટોરિયમ વગેરેની સૃષ્ટિયે મનમોહક હતી.

ધર્મમાં પણ છે દૃઢ મતિ

*'નિત્ય આનંદ ઉત્સવ થાય, તે ઉમંગ વરણવ્યો ન જાય...'*ની રીતે આરંભ પામેલા શ્રીજીમહારાજના ૧૯૯મા જન્મોત્સવ નિમિત્તે યોજાયેલા વિવિધ કાર્યક્રમો પૈકીના એક 'ભાગવત' પારાયણનું મંગલાચરણ તા. ૧૭/૩ની સાંજે થઈ ગયું. શ્રીજીમહારાજના પ્રિય ગ્રંથના આ પારાયણની સમાંતર ૨૨૨ ભૂદેવો દ્વારા સભામંડપની બંને બાજુ ભાગવતનો સંહિતાપાઠ પણ ચાલતો. રોજ સવારે નવથી સાડા બાર વાગ્યા સુધી અને સાંજે ત્રણથી સાડા સાત વાગ્યા સુધી વહેલા આ કથામૃતનું પાન સ્વામીશ્રીએ સાતેય દિવસ રોજના સાત કલાક લેખે સંપૂર્ણ સતર્ક રહીને કર્યું.

'પ્રેમ સહિત ચિત્ત પ્રોય કૈં, સુનત હૈ હરિગુન જોય...' સમા તેઓની આ કથાશ્રવણની શ્રદ્ધા સામે શ્રવણભક્તિના આદર્શ એવા પૃથુ રાજા પણ ઘડીભર ઝંખવાણા પડી ગયા.

આ પારાયણ દરમ્યાન 'પ્રેમપુરી અધ્યાત્મવિદ્યા ભવન'માં પણ ભાગવત વિષયક જ્ઞાનસત્ર ચાલી રહેલું. તેમાં પધારી સ્વામીશ્રી આ સત્રને પવિત્ર કરે તેવી આયોજકોની ઇચ્છા હોવાથી, તા. ૨૨/૩ની સાંજે છ વાગ્યે સ્વામીશ્રી તે કથાસ્થળે પહોંચ્યા.

પરંતુ ત્યાં જતાં જ તેઓએ જોયું કે 'બાઈ-ભાઈ સાથે બેઠેલાં છે અને પાથરણું સળંગ છે.' તેથી સ્વામીશ્રી સભાગૃહમાં પ્રવેશ્યા જ નહીં. લિફ્ટ આગળ એક ખુરશીમાં બિરાજી તેઓએ આયોજકોને ત્યાં બોલાવ્યા. એ જ જગ્યાએ સ્વામીશ્રીએ હારતોરા અંગીકાર કરી ઔપચારિક વાર્તાલાપ આટોપ્યો.

એક તરફ જેઓના મહોત્સવનો પડઘો આખા મુંબઈમાં ગાજતો હતો, તે સ્વામીશ્રીને આજે એક ખૂણામાં સાવ સામાન્ય ખુરશી પર બેસીને પૂજન સ્વીકારતા જોઈ સૌને ખૂબ આશ્ચર્ય થયું. પરંતુ *'ધર્મમાં પણ છે દૃઢ મતિ...'*ની રીતથી જીવનારા સ્વામીશ્રીને ધર્મ પાળતાં આવતી પ્રત્યેક અગવડ-અવહેલના માન્ય હતી.

તેમની પાસે ભગવાન છે

લલિતકળાની ખાણ સમા ભગવાન સ્વામિનારાયણના ૧૯૯મા જન્મોત્સવે તેઓની અભિરુચિને અંજલિ આપતો વિશિષ્ટ સંગીત કાર્યક્રમ તા. ૨૨/૩ની રાત્રે 'રંગભવન'માં યોજાયો. તેના પ્રારંભમાં પ્રખ્યાત પંડિત શિવકુમાર શર્મા કાશ્મીરી વાદ્ય સંતૂર પર 'યમન' રાગ છેડી સૌને જાણે કાશ્મીરની ખીણમાં લઈ ગયા.

સંતૂરનો સ્વાદ પામી સૌ તૃપ્ત થયા ત્યાં જ વિશ્વવિખ્યાત શહનાઈવાદક બિસ્મિલ્લાખાંએ સ્વામીશ્રીને વંદના કરતાં ભાવોર્મિ વહાવી કે –

''બહુ જમાના પછી આવો દિવ્ય અવસર આવ્યો છે. રાજા-મહારાજાઓ પાસે ઘણું વગાડ્યું, પણ આ અવસર ધન્ય છે. અમારા વડવાઓ કહેતા કે 'આ શહનાઈવાદન સાધુઓ પાસેથી તેઓ શીખ્યા છે.' અમે તેમને 'બાબા' કહેતા. આજે બાબા(સ્વામીશ્રી) સામે વગાડવાનું સૌભાગ્ય મળ્યું છે. મારે તેમની પાસેથી કંઈ જોઈતું નથી. ફક્ત આશીર્વાદ જોઈએ છે. તેમની પાસે કશું જ નથી છતાં બધું જ છે. તેમની પાસે ભગવાન છે.''

લાખોને ડોલાવનારા એક નામી કલાકારને આજે સ્વામીશ્રીની સાધુતાના સૂરે ડોલાવી દીધા. તેથી 'પદ્મવિભૂષણ'ના ખિતાબથી સન્માનિત આ ઉસ્તાદે પોતાના અંતરની તાર-શહેનાઈ તેઓ સમક્ષ ખરેખરી છેડી દીધી.

સ્વાનુભૂતિના સૂર રેલાવ્યા બાદ રાત્રિના અગિયાર વાગ્યે બિસ્મિલ્લાખાંએ શહનાઈ હોઠે મૂકી 'ભૂપ' રાગ વહેતો કર્યો. તેના તાનમાં સંગીત-રસિકો ઝૂમી ઊઠ્યા. ત્યાં જ 'નંદ' રાગની જમાવટ કરતાં આ વિખ્યાત વાદ્યવાદકે, છેલ્લે 'ભીમપલાસ' રાગમાં 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન વગાડી પોતાની શહનાઈ હોઠેથી અળગી લીધી ત્યારે રાત્રિના એક વાગ્યાનો ટકોરો પડ્યો !

હૈયે હિંમત ધરો, અને કરો ખરો ખેલ

તા. ૨૪/૩નો દિવસ ભાગવતના જ્ઞાનયજ્ઞની પૂર્ણાહુતિનો હોવાથી આ અવસરે સ્વામીશ્રીએ સંહિતાપાઠ કરનારા ૨૨૨ ભૂદેવોની પૂજા કરી તેઓને શાલ, ધોતિયું ઓઢાડ્યાં. બરાબર સાડા અગિયાર વાગ્યે આ જ્ઞાનયજ્ઞની જ્યોત સૌનાં હૃદયમાં લય પામી ત્યારે પુરાણી શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી ભાવવિવશ થતાં બોલી ઊઠ્યા : 'મારા છેલ્લા શ્વાસ રહેશે ત્યાં સુધી હું પ્રમુખસ્વામીનો છું.'

પૂર્ણાહુતિના આ દિવસે જ બપોરના સાડા ત્રણ વાગ્યે મુંબઈના રાજમાર્ગો પરથી ભવ્ય 'શ્રીજી શોભાયાત્રા' નીકળવાની ઘડીઓ ગણાઈ રહેલી. તેમાં સામેલ થવા બાળકો-યુવકો, બાઈ-ભાઈ સૌ થનગનતાં હતાં. બૅન્ડના ધ્વનિ અને નાદસ્વરમ્નો નિનાદ મેદાન ગજવતો હતો. સ્વામીશ્રી તથા સંતોના રથ પણ શોભાથી સજ્જ બની ગયેલા. તે જ વખતે એક આદમી હાથી લઈને બ્રહ્મધામના પ્રાંગણમાં આવી ચડ્યો અને સ્વામીશ્રીને જ વિનંતી કરી : 'આપ મારા હાથી પર બિરાજો.'

આ આગંતુકનો ભાવ જોઈ સ્વામીશ્રી ઠાકોરજી સહિત એક મિનિટ માટે હાથી પર બેસી નીચે ઊતરી ગયા. તેઓની આ કૃપાથી મહાવત અને ગજરાજ, બેય પુલકિત થઈ ઊઠ્યા. આમ, સૌની મનોકામના પૂરતા સ્વામીશ્રીને લઈ નગરયાત્રા સરકવા લાગી. ગીરગામ, ઠાકુરદ્વાર રોડ, ખત્તરગલી, સી.પી. ટેન્ક, ભુલેશ્વર અને કાલબાદેવી રોડ પરથી પસાર થયેલી આ શોભાયાત્રાનું અંતિમબિંદુ પણ ક્રોસ મેદાન જ રહ્યું.

આ શોભાયાત્રાને અનુસરતાં રાત્રે 'રંગભવન'માં બાળકો દ્વારા પ્રેરણાદાયી સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ થઈ. આવી રસપ્રદ રજૂઆતો રોજ જ થતી. આજે તે ક્રમમાં ભજવાયેલા સંવાદ 'ટેકીલો દેદલ'ના સંદર્ભમાં આશીર્વાદ વહાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે –

''કેવળ કંઠી, માળા, તિલકથી સત્સંગી નથી થવાતું. કસોટીની એરણ પર ચડવું પડે છે. કસોટી સુવર્ણની થાય, પિત્તળની નહીં. આપણા પર થોડું કષ્ટ આવે તો આપણે તિલક ભૂંસી નાંખીએ. 'સત્સંગ સધ્યો નહીં' એવું થઈ જાય. કોઈને વેપારમાં મુશ્કેલી આવે, છોકરા માંદા પડે એટલે સત્સંગ મૂકી દે. દાદાખાચર ઉપાધિમાં જ જીવ્યા પણ રંચમાત્ર મોળા પડ્યા નહીં.

સોનાનો દોરો છયે ઋતુમાં સરખો. પ્રાપ્તિ થઈ હોય તો અહોહોપણું રહેવું જોઈએ. માન-અપમાન સર્વમાં મોઢા ઉપર આનંદ રહેવો જોઈએ. *'ટેક ન મેલે રે, તે મરદ ખરા જગમાંહી.'* સાચી વસ્તુમાં જ ઉપાધિ થાય છે. ખોટામાં કોઈ પૂછતું નથી. શ્રીજીમહારાજને પ્રાર્થના કરીએ કે આપણો આવા ટેકીલા ભક્તોમાં નંબર આવે. દુઃખના પહાડ આવે તોય શ્રીજીમહારાજ પ્રત્યેની ભક્તિ રંચમાત્ર પણ ઓછી ન થાય.''

આ જોશભરી પરાવાણી વહાવી સ્વામીશ્રીએ સૌમાં *'હૈયે હિંમત ધરો, અને કરો ખરો ખેલ...'*ની શૂરવીરતા સીંચી દીધી.

સાગર જેવા દિલડાં જેનાં

'બ્રહ્મધામ'નો સમૈયો પ્રત્યેક દિવસે વધુ ને વધુ લોકોના મનમાં છવાતો જતો હતો. મુંબઈના મધ્યમાં રોજ હજારો માણસોની ભોજન, વાહન, આવાસ, સભા વગેરેની વ્યવસ્થા કોઈ સ્વયં-સંચાલિત કળ મૂકી દીધી હોય તેમ થઈ રહેલી. વિવિધ ક્ષેત્રના દિગ્ગજો આવી-આવીને સ્વામીશ્રીનાં ચરણે માથાં ટેકવતા હતા. ભારતના ઘણા મૂર્ધન્ય સંતો પણ મહોત્સવના મંચ પરથી પ્રેરણાપ્રવાહ વહાવતા. અખબારો અને આકાશવાણી તો આ અભૂતપૂર્વ સમૈયાની નોંધ લેતાં થાકતાં નહોતાં.

પરંતુ ઉત્સવનો આ ઉત્કર્ષ 'ગીંગાને ગોળ ગમે નહીં'ની જેમ કેટલાક માટે ઉદ્વેગનું કારણ બનતાં, તેઓ સંસ્થા અને સ્વામીશ્રી વિરુદ્ધ કંઈક ને કંઈક વાંધાજનક, અપમાનજનક લખાણ છાપતા રહ્યા.

આ હરકત સીમા વળોટી જતાં, તેના સણસણતા જવાબરૂપે 'વાચકો લખે છે' નામની કટારમાં, સ્વામીશ્રી વિષે હેતભાવ ધરાવતા એક ગુણાનુરાગીએ આમ લખી જણાવ્યું કે 'પ્રતિ, ફલાણાભાઈ! આપણે અક્ષર-પુરુષોત્તમ સંસ્થા વિષે લખીએ છીએ પરંતુ આપણે ત્યાં મૂળમાં જ સડો પેઠો છે તે પર લક્ષ્ય આપવાની જરૂર છે. આપણા ધર્માચાર્ય સંતોને નિયમ-ધર્મમાં વર્તાવી શકતા નથી, જ્યારે પ્રમુખસ્વામીનો આ અંગે દાખલો લેવા જેવો છે. તેઓના સંતો સ્ત્રી-ધનના ત્યાગી છે એવું આપણે ત્યાં ક્યાં રહ્યું છે?'

આ લખાણ ઉત્સવના દિવસો દરમ્યાન એક વાર સ્વામીશ્રી સમક્ષ વંચાયું, ત્યારે તેના લખનારા પેલા સજ્જન પણ ત્યાં હાજર હતા. તેઓએ સ્વામીશ્રીને એકાંતમાં મળી ઘટસ્ફોટ કર્યો કે 'બાપા! આ લખાણ મેં જ તૈયાર કર્યું છે.'

આ સાંભળતાં જ સ્વામીશ્રીની આંખોમાં આર્દ્રતા છવાઈ ગઈ. તેઓ એ લખનારાનું કાંડું પકડીને કહેવા લાગ્યા: 'આપણે ભક્ત છીએ. આપણાથી કોઈનું ઘસાતું લખાય નહીં.'

'પણ મેં લખ્યું છે એવું કોઈ જાણશે નહીં. નામ જ બીજાનું છે!'

'ભલે બીજાનું નામ રહ્યું. લખનાર તો તમે છો ને! આપણી કલમે આવું ન આવવું જોઈએ. કોઈનો જીવ દુઃખાય નહીં, કોઈની નિંદા થાય નહીં. તેમાં આ તો સ્વામિનારાયણના જ આશ્રિત છે. તો એમની તો થાય જ કેમ?'

સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓના શબ્દે શબ્દે અજાતશત્રુતા નીતરી રહી. *'સાગર જેવા દિલડાં જેનાં, કે'દિ નવ છલકાય... સાચા સાધુ એમ ઓળખાય'*નું દર્શન સ્વામીશ્રીમાં કરી પેલા ગુણભાવીની આંખોમાંથી ખરેલાં હર્ષાશ્રુએ સ્વામીશ્રીનાં ચરણની આસપાસ મોતીમાળા રચી દીધી.

મહારાજની મૂર્તિ સમા સ્વામી

તા. ૨૫/૩નો દિવસ મહોત્સવના મેરુતુલ્ય હતો. આ શુભ દિને શ્રીજીમહારાજના પ્રાગટ્યને ૧૯૯ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં હોવાથી, તેનો આનંદ સૌ સંત-સત્સંગીનાં ઉરમાં ઊછળતો હતો. તેની પ્રથમ છાલક વાગી પ્રભાતફેરી-રૂપે. તેમાં ભાગ લઈ હજારો બાઈ-ભાઈએ આજની સવારને 'સ્વામિનારાયણ'ના નાદથી ગજવી દીધી.

તેને અનુસરતાં સવારે નવ વાગ્યે મહોત્સવનો પ્રથમ સમારંભ શ્રીજીમહારાજના જીવન-કાર્યને વર્ણવતાં પ્રવચનો, પ્રકાશનોથી ભરચક રહ્યો. આ સભાના અધ્યક્ષપદેથી બોલતાં વર્તમાનપત્ર 'જન્મભૂમિ'ના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી ગાંધીએ જણાવ્યું કે 'સ્વામિનારાયણ સંપ્રદાયમાં અક્ષર-પુરુષોત્તમ સંસ્થાએ જે કામ કર્યું છે તે અદ્વિતીય છે. બસો વર્ષે મહારાજ આપણી વચ્ચે જીવંત બેઠા છે તેવું તેમનું કાર્ય છે.'

વિખ્યાત સાહિત્યકાર શ્રી હરીન્દ્ર દવેએ પણ આ જ સ્વાનુભૂતિથી વક્તવ્યની શરૂઆત કરી કે 'શ્રીજીમહારાજ હજી આપણી વચ્ચે જેના દ્વારા પ્રગટ છે તેવા મહારાજની મૂર્તિ સમા પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ...'

સ્વામીશ્રીનું સાંનિધ્ય સંપ્રદાયેતર જનોને પણ ભગવાનના પ્રગટપણાનો અનુભવ કરાવતું રહેતું. છતાં *'પ્રશંસા સુણી નવ પોરસે...'* એવા સ્વામીશ્રી તો અખંડ ભક્તિપરાયણ જ રહેતા. આ અવસરે ૨૦૦ વાનગીઓનો આકર્ષક અન્નકૂટ તેઓએ એવા તે પ્રેમપૂર્વક શ્રીજીમહારાજને ધરાવ્યો કે કોઈને કલ્પના પણ ન આવી કે ઠાકોરજીને મનુવાર કરીને જમાડતા સ્વામીશ્રી તો આજે નિર્જળા ઉપવાસ કરીને બેઠા છે!

આપણું કાંઈ છે જ નહીં

તા. ૨૫/૩ની બપોરે 'જન્મભૂમિ'ના ભવનમાં પગલાં પાડી આજની

રાત્રે આઠ વાગ્યે સ્વામીશ્રી ઉત્સવ-સ્થળે પધાર્યા ત્યારે 'સ્વામિનારાયણ યશ-ગાથા'ના ગુંજારવ સાથે મહોત્સવના દ્વિતીય સમારંભનો શુભારંભ થઈ ચૂકેલો.

તેમાં રાત્રિના બરાબર ૧૦:૧૦ વાગ્યે સામવેદના ગાન સાથે શ્રીજીમહારાજના જન્મોત્સવની ઉજવણીનો પ્રારંભ થતાં જ સભામંડપના વીજદીપકો બંધ થયા અને સૌના હાથમાં રહેલા દીવડા ઝળહળી ઊઠ્યા. વૃંદઆરતીના આ હૃદયંગમ દૃશ્ય બાદ સ્વામીશ્રીએ પારણાંની દોરી પોતાના હાથમાં લેતાં જ *'શ્રી ઘનશ્યામ આજ ધર્મને ધામ, શોભે પારણિયે શ્રી ઘનશ્યામ...'*ના ગાનથી સભાગૃહ ગાજી ઊઠ્યું. સંતોએ મુજરા કરી બાલપ્રભુના પ્રાગટ્યને વધાવ્યું. ચારેકોર આનંદ-કિલ્લોલ છાઈ રહ્યો.

તે તા. ૨૬/૩ની સવારે યોજાયેલી આ ઉત્સવની અંતિમ સભામાં પણ વિસ્તર્યો. આ પ્રસંગે મહોત્સવના સહયોગીઓને શાલ-હારથી સન્માની સ્વામીશ્રીએ જણાવ્યું કે 'ભગવાનનું આ કાર્ય છે. નિમિત્ત સૌને બનાવ્યા છે. ન ધારેલા અનુભવો આમાં થયા તે ભગવાનની કૃપા. દરેકના સુખ માટે આ કાર્ય કર્યું છે. દૃઢતા, શ્રદ્ધા અને મહિમાપૂર્વક કાર્ય કરીએ તો ભગવાન અંતે સફળતા અપાવે છે. જગતમાં કોઈ કાર્ય કરે તો તેને બિરદાવીએ છીએ; તો મહારાજે જે કાર્ય કર્યું તેને જાહેર કરવું જોઈએ. તેના માટે જેટલું કરીએ એટલું ઓછું. તેમની કૃપાનું આ ફળ છે. આપણું કાંઈ છે જ નહીં. નાના-મોટા દરેકની આમાં ભક્તિ છે. મહારાજ બધાને આશીર્વાદ આપશે.'

સંતો-ભક્તો અને ઇષ્ટદેવનાં શિરે યશકળશ ઢોળતા સ્વામીશ્રીના આ આશીર્વાદ સાથે જ એક ભવ્ય મહોત્સવ સ્મૃતિશેષ બની ગયો. સૌ 'બ્રહ્મધામ'ની રજ માથે ચડાવતાં વિદાય થયા ત્યારે મુંબઈની ગલીએ-ગલીએ શ્રીજીમહારાજનો જયજયકાર ગુંજી રહેલો. સ્વામીશ્રીને જે કરાવવું હતું તે થઈ રહેલું.[૧૭]

શિક્ષકસંહિતા

સમૈયાના સમાપન બાદ દાદર મંદિરે પધારેલા સ્વામીશ્રીએ, અત્રે

---

૧૭. મુંબઈના આંગણે ઊજવાયેલા શ્રીજીમહારાજના આ ૧૯૯મા જન્મોત્સવનો આનંદ લૂંટવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

નિર્વિઘ્ન મહોત્સવ બદલ ઠાકોરજીનો આભાર માનતાં ગદ્‌ગદ કંઠે પ્રાર્થના કરી અને 'કાંકરિયે ગયા નથી ને મેળો ભરાયો નથી' એવી નિર્લેપતાથી ગુજરાત ભણી જવા વિદાય લીધી. વૃક્ષો જીર્ણ પર્ણનો ત્યાગ કરે એટલી સહજતાથી તેઓ ગળાડૂબ પ્રવૃત્તિને વિસારી શકતા.

આ રીતે મુંબઈથી નીકળેલા સ્વામીશ્રીએ વાપીમાં ઠાકોરજી જમાડી રાત્રે સાડા અગિયાર વાગ્યે ડુંગરી જવા પ્રયાણ કર્યું, પરંતુ અંધારામાં રસ્તો ચુકાતાં તેઓ રાત્રે દોઢ વાગ્યે નિશ્ચિત્ત સ્થળે પહોંચ્યા.

ડુંગરીમાં બે દિવસના રોકાણ દરમ્યાન તા. ૨૮/૩ની સવારે અહીંના નૂતન મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી, સ્વામીશ્રી લીલાપોર, વલસાડ, અતુલ અને હરિયાને પાવન કરતાં તા. ૨૯/૩ના રોજ ટાંકલ પહોંચ્યા.

અહીંની સાર્વજનિક હાઈસ્કૂલમાં આદિવાસી શિક્ષકોની શિબિરનો શુભારંભ સવારથી થઈ ગયેલો. તેમાં સ્વામીશ્રી પધારતાં જ પ્રાણસંચાર થઈ રહ્યો. તેની પ્રતીતિ સભાગૃહમાં ઊઠેલા જયઘોષથી આવી.

પાંચેક હજારની મેદનીનું આ અભિવાદન ઝીલતાં સ્વામીશ્રીએ રોસ્ટ્રમ પાસે આવી ઊભાં-ઊભાં જ સૌને પીયૂષપાન કરાવ્યું કે –

'ઉપદેશકોએ ઘણો ખ્યાલ રાખવાનો છે. ઉપદેશકોમાં શિક્ષકો, અમે, દેશનેતાઓ બધા આવી જાય. કોઈને દુઃખી કરીને સુખી ન થઈએ. કોઈના મનને દુઃખ કરવું તે હિંસા છે. સમાજ માટે ભોગ આપવો. નિરાશ થવાની જરૂર નથી. નિર્બળતા કાઢી નાંખવી. સોને વાત કરીશું તેમાં પાંચને સમજાશે તો પણ દાખડો સફળ થયો તેમ જાણવું. સોને વાત કરવામાં આપણું તો દૃઢ થઈ જાય ને આ રીતે લાખોમાં દૃઢતા આવશે. આચરણ સારું હશે તો બધું સારું થશે. વિદ્યાર્થીનું જીવન સફળ કેમ બને તેવી વૃત્તિ શિક્ષકની હોવી જોઈએ. આપણે પહેલાં વ્યસનો મૂકવાં. સારું શિક્ષણ આપે તે શિક્ષક.'

શિક્ષણનો આ સાર સંભળાવી સ્વામીશ્રીએ વિદાય લીધી, પણ બે દિવસના તેઓના રોકાણથી ટાંકલમાં એવી દિવ્યતા પ્રસરી ગઈ કે સરપંચે ગામના પાદરના વિસ્તારનું નામાભિધાન 'સ્વામિનારાયણ નગર' જાહેર કરી દીધું. દ્વિશતાબ્દી નિમિત્તે વધુ એક ગામને સદાને માટે 'સ્વામિનારાયણ'ના નામથી ગુંજતું કરી, સ્વામીશ્રી નવસારી, ભરૂચ, વડોદરા થઈને રાત્રે સાડા અગિયાર વાગ્યે બોચાસણ આવી પહોંચ્યા.

કલ્યાણકારી ક્રાંતિ

તા. ૩૧/૩ના રોજ બોચાસણમાં ચૈત્રી પૂનમનો સમૈયો ઊજવી, સ્વામીશ્રી ધર્મજ, આણંદ, દેવગઢબારિયાને લાભ આપતાં તા. ૨/૪ની રાત્રે વિદ્યાનગરમાં અરવિંદભાઈ પટેલના ઘેર પધાર્યા.

અહીં તેઓ આવ્યા ત્યારે આશીનો હરિજન સત્સંગી રામજી બગીચામાં કામ કરી રહેલો. તે પર દૃષ્ટિ પડતાં જ સ્વામીશ્રીએ તેને નજીક બોલાવ્યો, પણ વર્ણાશ્રમ ધર્મની વ્યવસ્થા મુજબ તે નજીક આવતાં સંકોચાયો. છતાં સ્વામીશ્રીએ તેને પાસે બોલાવી માથે હાથ મૂકતાં કહ્યું: 'તારે અમારી નજીક આવવું. કોઈ બાધ નથી.'

સ્વામીશ્રીની આ કૃપા-ક્રાંતિથી એ હરિજનનું કણ-કણ નાચી ઊઠ્યું. જેને સમાજ અસ્પૃશ્ય ગણી તરછોડતો, તેને સ્વામીશ્રીએ આમ ગળે લગાડ્યા હતા.

એથીયે આગળ, સ્વામીશ્રી જ્યારે જમવા બિરાજ્યા ત્યારે સામે બેસીને જમી રહેલા હરિભક્તોની પંગતમાં જ તેઓએ રામજીની થાળી પણ મુકાવી અને તેને કેરીનો રસ પિરસાવ્યો. આ અનુભવેય રામજી માટે નવીન હતો, પણ સવર્ણોની હારમાં તેને સ્થાન આપીને સ્વામીશ્રીએ 'બ્રહ્મ હમારી જાત'નો સંદેશ સમાજમાં વહેતો કરી દીધો.

તેઓએ સવર્ણોમાં એવી સમજ સીંચેલી કે જેથી તેઓ અન્ય વર્ણના સ્વીકારમાં ખચકાય નહીં અને અન્ય વર્ણના મનુષ્યોને એવું સદ્વર્તન શીખવ્યું કે તેઓ સવર્ણોમાં સહજ સ્વીકૃતિ પામે. સ્વામીશ્રીએ વર્ણ-વર્ણ વચ્ચેનાં સૂગ-સંકોચને સત્સંગનાં દ્રાવણ વડે એવાં ધોઈ નાંખ્યાં કે તેઓનો સંપ્રદાય માનવી-માત્ર માટે મીઠો માળો બની રહ્યો! તેઓની આ ક્રાંતિ લાઠિયાળી કે લોહિયાળ ન બનતાં કલ્યાણકારી સાબિત થઈ રહી છે, કારણ કે તેમાં કોઈ જૂથ પ્રત્યે આક્રોશ, પૂર્વગ્રહ કે દ્વેષ નહોતા, પરંતુ હતી સૌ માટે કરુણા.

તેથી જ, સમાજના ભાલે ચોંટેલું અસ્પૃશ્યતાનું કલંક ધોનારાઓની યાદીમાં સ્વામીશ્રીનું નામ મોખરે રહેશે.

અવગુણ જનના ચિત્ત ન આણે

વિદ્યાનગરથી બોચાસણ, નડિયાદ, ડભાણ, નેનપુર અને અમદાવાદને લાભ આપતાં ચાલાસણ પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે તા. ૫/૪ની સવારે

અહીંના નૂતન મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજી ગયા. સાથે સાથે ગામના 'સહજાનંદ વારિગૃહ'નું ઉદ્‌ઘાટન પણ તેઓનાં કરકમળો દ્વારા થયું.

ગામને આમ પાણી અને પરમાત્માની ભેટ આપનારા સ્વામીશ્રીએ આ પ્રસંગે જળ જેવી જ જીવનોપયોગી વાત ઉચ્ચારી કે 'ભગવાન અને સંતમાં જેને અભાવ છે તે તો જીવતો મૂઓ છે.'

આ સદ્‌બોધ વહાવી વિદાય થયેલા તેઓ ગાંધીનગર થઈને વાંઠવાળી પહોંચ્યા.

અહીં તા. ૬/૪ની સવારે પધરામણીઓ કરવા નીકળી રહેલા તેઓએ સાથે ફરતા યુવક ધરમશીને કહ્યું : 'હું જ્યાં હોઉં ત્યાં, પણ સાડા દસ વાગ્યે તારે મને પાણી પાઈ જવું. તરસ બહુ લાગે છે.'

એ જમાનામાં સ્વામીશ્રીની પદ્ધતિ એવી રહેતી કે સવારે અલ્પાહાર કરીને પાણી પીધું તે પીધું, પછી છેક બપોરે જમવા પધારે ત્યારે તેઓ પાણી પીવે. વચ્ચે પધરામણીમાં ક્યાંય પાણી ન પીતા.

પરંતુ તેઓએ આજે સામેથી સેવા સોંપતાં પેલો યુવક ઉત્સાહમાં આવી ગયો.

જો કે, સ્વામીશ્રીના પધરામણીએ નીકળ્યા બાદ તે રસોડાની સેવામાં એવો ગૂંચાયો કે પાણી આપવા જવાનું જ ભુલાઈ ગયું! છેક બપોરે બાર વાગ્યે તેને આ સાંભરી આવતાં એ હાંફળો-ફાંફળો પાણી ભરી સ્વામીશ્રીને પહોંચાડવા નીકળતો હતો ત્યાં કો'કે કહ્યું : 'હવે તો સ્વામીબાપાને જમવા આવવાનો સમય થઈ ગયો છે. માટે બેસવા સારુ પાટલો વગેરે તૈયાર કરી નાંખ.' એટલે તે યુવક પાટલો બિછાવી સ્વામીશ્રીની રાહ જોતો ઊભો રહ્યો.

પણ ગામમાંથી સાંજે વિદાય લેવાની હોવાથી, બધી જ પધરામણી ભોજન પહેલાં પૂરી કરવાની ગણતરી સાથે સ્વામીશ્રી ઘૂમી રહેલા. તેથી તેઓ બપોરે બે વાગ્યે પી. જી. પટેલના ઘેર ઉતારે પધાર્યા!

તે વખતે પધરામણીઓમાં ચાલેલી પૂજનની પરંપરાને કારણે સ્વામીશ્રીનું ભાલ ઠેર ઠેર ચાંદલા ચોટવાથી રક્તવર્ણું બની ગયેલું. એકધારી પાંચ કલાક ચાલેલી પધરામણીઓને લીધે તેઓના મોં પર થાક પણ વર્તાઈ રહેલો. ગાતરિયુંયે પરસેવાથી ભીનું હતું. આવા સંજોગોમાં પાણી પીધા વિના સ્વામીશ્રીની શી વલે થઈ હશે તે વિચારતાં પેલો યુવાન તો ખેદ સાથે ખૂણામાં જ લપાઈ ગયો. સ્વામીશ્રી સામે જવાની તેને હિંમત ન ચાલી. હાથ-પગ ધોઈ

સ્વામીશ્રી જમવા બિરાજ્યા ત્યારે પણ આ યુવાને દૂરથી જ દર્શન કરવાનું મુનાસિબ માન્યું.

પરંતુ બ્રહ્માંડના જીવોની ક્રિયાને હસ્તામલકવત્ દેખતા સ્વામીશ્રી આ ઓરડાના જીવોની ક્રિયા કેમ ન જાણે! ભોજન બાદ ઊભા થતાં તેઓએ ખૂણે ઊભેલા પેલા યુવકને કહ્યું: 'જમી લે.' આટલું કહેતાં તો સ્વામીશ્રી હસી પડ્યા અને બોલ્યા: 'એમાં મૂંઝાવું નહીં. હવે યાદ રહેશે!'

ખરેખર, એ યુવાન જ નહીં, પણ સૌને સદા યાદ રહી જાય એવું તેઓનું આ ચરિત્ર! *'અવગુણ જનના ચિત્ત ન આણે, શિશુ સમ સર્વ મનુષ્યને પ્રમાણે...'*ની જેમ સૌનું જતન કરનારા સ્વામીશ્રી શીદ ભુલાય!

ક્ષમા ઘણી ક્ષોભે[૧૮] નહીં

વાંઠવાળીથી સ્વામીશ્રી કેસરા, ખાત્રેજ, રંગાઈપુરા, ફાગણી, પેટલાદ, સુણાવ, દાવલપુરા, જોગણ, પંડોળીને પાવન કરતાં શાહપુરા પધાર્યા. અહીં તા. ૯/૪ની સવારે એકધારી ૮૦ પધરામણીઓ કર્યા બાદ, તેઓએ નરસંડા, ગુતાલને લાભ આપી તા. ૧૦/૪ના રોજ દાવડાના મંદિરનું ખાતમુહૂર્ત કર્યું.

ત્યારબાદ માધ્યમિક શાળાના મેદાનમાં યોજાયેલી સભામાં, સભ્ય વર્તણૂકની શીખ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'ઘરમાં પડેલી વસ્તુ પણ મા-બાપને પૂછ્યા વગર ન ઉપાડવી. ઘરમાંથી વસ્તુ પૂછ્યા વગર લેવાની ટેવ પડશે તો બહારથી પણ વસ્તુ ઉપાડશે. ખોટું બોલવાની ટેવ પણ છોડવી. કોઈને પૂછીએ: 'ક્યાં જાવ છો?' તો કહે: 'ક્યાંય નહીં.' ટોપી પહેરીને બહાર જવા નીસર્યો હોય તોય આવું બોલે.'

વિદ્યાર્થીઓને નીતિશિક્ષણના આ પાઠ ભણાવ્યા બાદ ગામમાં ત્રીસ પધરામણીઓ કરી વિદાય થયેલા સ્વામીશ્રી ડભાણ, નડિયાદ, પીપલગ, પાડગોલ, વલેટવા, વરતાલ, આખડોલ, પુરુષોત્તમપુરા થઈને તા. ૧૧/૪ની રાત્રે આઠ વાગ્યે મહેળાવ પહોંચ્યા.

અત્રે મહાદેવજીના ચોકમાં સભા કરી તેઓ રાત્રે મંદિરની અગાશીમાં પોઢવા પધાર્યા ત્યારે સૂતાં-સૂતાં વાત કરી કે "આજે પુરુષોત્તમપરે પહોંચ્યા ત્યારે તરસ ઘણી લાગેલી. ત્યાં પહેલું લીંબુનું શરબત લાવ્યા. મને લીંબુના શરબતથી તરસ છીપતી નથી. એટલે મેં કહ્યું: 'સાદું લાવો.' પણ લાવનારો

---

૧૮. અકળાય.

સાદું પાણી ન લાવ્યો અને લીંબુનુંય ફરી ન લાવ્યો !

અહીં મહેળાવમાં પણ રાતની સભામાં તરસ લાગેલી. ત્યાં એક સંત લીંબુનું શરબત લાવ્યા. મેં કહ્યું : 'સાદું લાવો.' તેમણે આ કામ કો'કને સોંપ્યું ને તે ભૂલી ગયો ! આમ, બેય ખોયાં ! આવું થાય છે. સેવક આખી વાટકી ભરી દે. મને અડધી વાટકી હોય તો પીતાં ફાવે છે, પણ સેવકને ફરી ભરવું ન પડે એટલે આખું ભરી દે. પતાવી દેવાની ભાવના. બે વખત થોડું-થોડું આપે તો સારી રીતે પીવાય.''

દેહભાવથી વિરક્ત સ્વામીશ્રી સંતોને સેવકધર્મ શીખવવા સારુ આમ બોલ્યા. તે સાંભળી સૌનાં મન એક જ પંક્તિ ગણગણાવી રહ્યા કે *'ક્ષમા ઘણી ક્ષોભે નહીં, સુખ-દુઃખને સહે; નિષ્કુળાનંદ એવા ભક્તથી, હરિ દૂર ન રહે.'*

'સ્વામીશ્રી સાથે ભગવાન અખંડ રહે છે'ની અવનવી એંધાણીઓ રોજેરોજ મળતી રહેતી.

લવલેશમાત્ર ભૂલ કદી ન કરે

તા. ૧૨/૪ની સવારે સ્વામીશ્રીની પ્રાતઃપૂજા પૂર્ણ થઈ ત્યારે ત્યાં નાપાડ, હલદરી, કાવીઠા અને કોસીન્દ્રાનાં ચાર સુશોભિત ટ્રેક્ટરો સો બાળકોને લઈ ગોઠવાઈ ગયેલાં. આ બાળકો ત્રણ દિવસ દરમ્યાન ૩૫ ગામોમાં ટ્રેક્ટર-યાત્રા કાઢીને સભાઓ, સાહિત્ય-વિતરણ વગેરે દ્વારા દ્વિશતાબ્દીના દુંદુભિ ગગડાવવાના હતા. અત્યારે પણ તેઓ ટ્રેક્ટરમાં બેઠાં બેઠાં સૂત્રોચ્ચાર કરી સદાચારની સુવાસ તો ફેલાવી જ રહેલા. આ આયોજનથી પ્રસન્ન થયેલા સ્વામીશ્રીએ ટ્રેક્ટરમાં ઠાકોરજી પધરાવી આરતી ઉતારી સૌને વિદાયમાન આપ્યું. દ્વિશતાબ્દી સંબંધી કોઈ પણ ગતિવિધિને વેગ આપવામાં તેઓ હંમેશા તત્પર રહેતા.

ટ્રેક્ટર-યાત્રાની વિદાય બાદ બાંધણી પધારેલા સ્વામીશ્રી અહીં કરેલી દસ પધરામણીઓમાં છેલ્લા ઘેર આવી બિરાજ્યા ત્યારે તેઓના આસનને અડીને જ સામે બીજું પાથરણું પાથરેલું. પૂજન શરૂ થતાં પહેલાં સ્વામીશ્રીએ તેને ઉપડાવી લીધું. તે જોઈ બાજુમાં બેઠેલા નારાયણ ભગતને વિચાર આવ્યો કે 'આ તો ન ઉપડાવ્યું હોત તોય ચાલે તેમ હતું.'

પરંતુ ત્યાં જ એક બાળકી આવી ચડી ! જો સ્વામીશ્રીએ વેળાસર પાથરણું લેવડાવી દીધું ન હોત તો સંતોને આજે બારસના દિવસે ફરી

એકાદશી થઈ જાત! *'લવલેશમાત્ર ભૂલ કદીં ન કરે...'* એવા સ્વામીશ્રીની દરેક ક્રિયા સહેતુક છે તેની વધુ એક ગાંઠ સૌનાં મનમાં બંધાઈ ગઈ.

સર્વે સદ્‌ગુણે સરખા જણાય

બાંધણીથી નીકળેલા સ્વામીશ્રી લીંબડી, ગોંડલ, રાજકોટ, ન્યારા, ભાદરા, ધ્રોળ, ડાંગરાને લાભ આપતાં પુનઃ રાજકોટ આવ્યા.

આ શહેરમાં તા. ૧૫/૪ની સવારે ઢેબર રોડ અને કેનાલ રોડના સંગમ પર ઊભેલા મેસોનિક હૉલ સામેના ચોકમાં દ્વિશતાબ્દી ઉપક્રમે ટ્રાફિક છત્રીનું ઉદ્‌ઘાટન કરતાં તેઓએ જણાવ્યું કે 'અહીં વાહનો આવ-જા કરે છે એટલે ટ્રાફિક કંટ્રોલ કરવો પડે. નહીંતર એક્સિડન્ટ થઈ જાય. તેમ જો જીવનમાં કંટ્રોલ ન હોય તો બહુ નુકસાન થઈ જાય. ઇન્દ્રિયો ગમે ત્યાં ભટકાઈ જાય. જીવનમાં ધર્મ-નિયમરૂપી કંટ્રોલ જોઈએ. અહીંથી પસાર થતા સર્વને ભગવાન સ્વામિનારાયણ સુખિયા રાખે તેવા આશીર્વાદ છે.'

પોતાના પ્રત્યેક કાર્યમાં જીવોની સુખાકારીને મુખ્ય રાખતા સ્વામીશ્રી અત્રેથી મેતા ખંભાળિયા થઈને મોટી કુંકાવાવ આવી પહોંચ્યા.

અહીં ત્રિદિવસીય 'શિક્ષાપત્રી' પારાયણ માટે પધારેલા તેઓને ગામવાસીઓએ સુશોભિત ગાડામાં નગરયાત્રા દ્વારા વધાવ્યા. આ શોભાયાત્રા એન. એમ. હાઈસ્કૂલના પ્રાંગણમાં વિરમી, જ્યાં સ્વામીશ્રીનો મુકામ હતો!

જી હા, વ્યાસપીઠના વક્તા તરીકે સ્વામીશ્રીને ઉતારા માટે કોઈ અલાયદા આવાસની અપેક્ષા નહોતી. ત્રણ દિવસ દરમ્યાન તેઓ આ ગ્રામશાળામાં જ સૌ સાથે સૂતા, સૌ સાથે ન્હાયા, સૌ સાથે જમ્યા, કારણ કે તેઓ કેવળ કથાકાર નહોતા, પણ સાંગોપાંગ સાધુ હતા.

તેઓના હસ્તે તા. ૧૭/૪થી 'શિક્ષાપત્રી'ના જ્ઞાનયજ્ઞની જ્યોત પ્રગટે તે પૂર્વે 'યોગીજી મહારાજ વિદ્યાર્થી ભવન', 'પંચવટી વિદ્યાર્થી આશ્રમ' તથા 'પ્રમુખસ્વામી વ્યાયામ અને યોગ સાધના મંદિર'નાં ખાતમુહૂર્તો થયાં.

તા. ૧૮/૪ના રોજ સ્થાનિક બાળમંડળનું ઉદ્‌ઘાટન પણ સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા થતાં સત્સંગ, શિક્ષણ અને સંસ્કારની ત્રિવેણીના સંગમે મોટી કુંકાવાવ ધન્ય થઈ રહ્યું.

આ જ દિવસે સ્વામીશ્રી શ્રી રતુભાઈ અદાણીના નિમંત્રણથી કેશોદ નજીક અક્ષયગઢ મુકામે પહોંચ્યા. રાજસીતાપુરમાં અવાવરુ પડી રહેલા

કલામંડિત શિવાલયને ઉતરાવી, તેની પુનઃ સ્થાપનાનું કાર્ય અહીં શરૂ કરનારા આ પીઢ રાજકર્તાની ઇચ્છા, સ્વામીશ્રીનાં પગલાં પોતાના સંકુલમાં કરાવી આશીર્વાદ મેળવવાની હતી. તે પૂરી કરવા સ્વામીશ્રી જ્યારે પધાર્યા ત્યારે ખૂબ ગદ્‌ગદ થઈ ગયેલા આ યજમાન સભામાં બોલ્યા: 'સ્વામીશ્રી મારા આમંત્રણથી, માથું ફાડી નાંખે તેવા તાપમાં પ્રવાસ ખેડી ઠેઠ કુંકાવાવથી પધાર્યા તે બદલ તેઓનો આભાર.'

સ્વામીશ્રીએ પણ પ્રેરક આશીર્વાદ આપતાં કહ્યું: 'રાજકીય રંગે રંગાયેલાએ ધાર્મિક કાર્ય કર્યું તે ભગવાનની પ્રેરણા માનું છું. મનની શાંતિ ન હોય તો ગમે તેટલી સંપત્તિ હોય તોય નકામી. મન શાંત હોય તો શારીરિક તકલીફમાં પણ વાંધો ન આવે. પાયાની વસ્તુ ભગવાન છે. દર્દથી પીડાતાની સેવા પ્રભુસેવા છે.'

આ અમૃતધારા વહાવી રાત્રે નવ વાગ્યે વિદાય થયેલા સ્વામીશ્રી ૧૧:૫૦ વાગ્યે કુંકાવાવ પહોંચ્યા. અહીં ઠાકોરજીનો થાળ રાખી મૂકવાનું તેઓએ અગાઉથી કહેવડાવી રાખ્યું હોવાથી હરિકૃષ્ણ મહારાજને રાજભોગ ધરાવાયો. પરંતુ તે વિધિ પૂરો થતાં બાર વાગી ગયા. તેથી સ્વામીશ્રી તો જમ્યા વિના જ પોઢ્યા!

તેઓ ભક્તિ પણ ન ચૂક્યા અને ધર્મમાં પણ ખબરદાર રહ્યા. *'જેવા તેજસ્વી તેવા ગુણવાન, સર્વે સદ્‌ગુણે સરખા જણાય...'* એવા હતા સ્વામીશ્રી!

ધર્મે હાલવું, ધર્મે ચાલવું

તા. ૧૯/૪ની સવારે મોટી કુંકાવાવમાં યુવક મંડળની સ્થાપના કરીને અમરાપુર પધારેલા સ્વામીશ્રી અહીં મુક્તાનંદ સ્વામીનું જન્મસ્થાન તથા પ્રાસાદિક હનુમાનજીનાં દર્શન કરી રાત્રે આઠ વાગ્યે વિસાવદર પહોંચ્યા.

અત્રે ટાઉન હૉલમાં યોજાયેલી સભામાં આશીર્વાદ વરસાવી તેઓ તા. ૨૦/૪ના રોજ યોગીજી મહારાજના ગુરુબંધુ કમળશીભાઈની દુકાને પધાર્યા. અહીં તસવીર ખેંચતી વખતે કો'કે સ્વામીશ્રીને કહ્યું: 'બાપા! અભયહસ્ત રાખો.'

'આ ઠાકોરજીએ રાખ્યો છે. તેમાં બધું આવી ગયું.'

આમ કહી વિદાય થયેલા સ્વામીશ્રી કાળસરી, ધારી, ચલાળાને લાભ આપતાં સાવરકુંડલા પધાર્યા ત્યારે અહીં સ્થાનિક નગરપાલિકાએ મંદિરથી કુવારા સુધીના માર્ગનું નામાભિધાન 'અક્ષર-પુરુષોત્તમ મંદિર માર્ગ' કર્યું હતું.

તા. ૨૧/૪ની સવારે તેનું ઉદ્‌ઘાટન કરી સ્વામીશ્રીએ 'અખિલ ગુજરાત આહિર(યાદવ) મહાસંમેલન'માં ઉપસ્થિત રહી સૌને આશીર્વાદ પાઠવ્યા અને બાઢડા, આંબરડી, થોરડી થઈ રાત્રે આઠ વાગ્યે રાજુલા આવી પહોંચ્યા.

અત્રે જયંતભાઈ ભટ્ટના ઘેર રખાયેલા ઉતારે જવા માટે ડેલેથી ઘર સુધી અગરબત્તીઓ ગોઠવી સુશોભિત પાંદડાઓની પગથી બનાવી હતી. તે પર સ્વામીશ્રીનાં પગલાં પડાવવાની સૌની મનોકામના હતી. પરંતુ તે માર્ગે નજીકમાં મહિલાઓ ઊભી હોવાથી સ્વામીશ્રી ત્યાં ન જ ચાલ્યા.

'ધર્મે હાલવું, ધર્મે ચાલવું...' મુજબ રહેનારા તેઓને પર્ણની શોભા કરતાં ધર્મની શોભા અધિક પસંદ પડી.

વા'લો વે'લી કરે છે વા'ર[૧૯]

આ અરસામાં સ્વામીશ્રીને પિત્તાશયની બીમારીને નાથવા લેવી પડતી દવાને કારણે દિવસમાં પાંચેક વાર શૌચ-સ્નાન માટે જવું પડતું. ક્યારેક તો ચાલુ પધરામણી કે સભામાંથી આ દેહક્રિયા માટે દોડવું પડતું. ક્યારેક મુસાફરી અટકાવીને પણ આ વિધિ પતાવવો પડતો. તે વખતે યોગ્ય વ્યવસ્થા મળે - ન મળે તેનું કોઈ ઠેકાણું રહેતું નહીં. છતાં આવી હાલાકીમાં પણ તેઓ રોજના ચાર-પાંચ ગામો અને પચીસ-પચાસ ઘરો સહજતાથી ઘૂમતા.

આમ, પોતાના દેહ પ્રત્યે બિલકુલ બેદરકાર વર્તતા તેઓની મોટર તા. ૨૨/૪ના રોજ ખાખબાઈને પાવન કરી ખાંભા તરફ ગતિ કરી રહેલી. તેમાં વચ્ચે આવતા નાગેશ્રીની ભાગોળે ઊભેલા ભક્તોને દર્શન આપી ગાડી આગળ વધી ત્યાં ચોતરાનું પાદર આવ્યું.

અહીં પણ બસ-સ્ટેન્ડ પાસે હરિભક્તો સ્વામીશ્રીને વધાવવા આતુર આંખડીએ ઊભેલા. આ ભીડમાં સામેલ એક વડીલના એક હાથમાં સ્વામીશ્રીને પહેરાવવા સારુ પુષ્પહાર હતો. બીજા હાથમાં તેઓએ બે વર્ષનો પૌત્ર તેડેલો. તે હરિભક્તની ચિંતાનો વિષય આ શિશુ જ હતું.

આટલી નાની ઉંમરે તેના કાનના પડદામાં કાણાં પડી રસી ભરાઈ ગયેલી. તબીબોએ વહેલી તકે ઑપરેશન કરાવવાની તાકીદ કરતાં આ ભક્ત થડકી ઊઠેલા – આટલી કુમળી વયે પૌત્રના કાનમાં સોયા ઘોંચાશે એ વિચારથી અને વિશેષ તો ઑપરેશનના ખર્ચને પહોંચી વળવામાં ટૂંકા પડતા

---

૧૯. સહાય.

પનાથી ! એટલે સ્વામીશ્રી આવ્યા ત્યારે તેઓએ પોતાનું આ દુઃખ સ્વામીશ્રીને સંભળાવી બાળકને આગળ ધર્યો.

પરપીડાએ પીગળતા સ્વામીશ્રી ઘડીભર તો એ બાળક સામું જોઈ રહ્યા. ત્યારબાદ તેના બંને કાન પર પોતાનાં કરકમળ મૂકતાં તેઓ બોલ્યા : 'અમે મહારાજને પ્રાર્થના કરશું. આ બાળકને ઑપરેશનની જરૂર નહીં પડે.'

સ્વામીશ્રીના હાથમાંથી વહેલી આ કરુણાએ જાણે એ બાળકના કાનનાં કાણાં પૂરી દીધાં હોય અને કાનની રસી ગાળી દીધી હોય તેમ તે દિવસ બાદ કદી તેના કાનમાં શૂળ ઊપડ્યું જ નહીં !

સ્વામીશ્રીના પ્રેમાળ સ્પર્શનો આવો પ્રતાપ માણનારાની સંખ્યા લાખોમાં થવા જાય. તેઓનો વરદહસ્ત પડતાં જ પથરીઓ ઓગળી ગયાના, મોતિયા મટી ગયાના, હૃદયનાં બ્લૉકેજ ખૂલી ગયાંના, દર્દ દૂર થયાંના અનેકાનેક પ્રસંગો બનતા. અરે ! પ્રયાણ કરી ગયેલા પ્રાણ પરત ફર્યાના દાખલા પણ નોંધાતા. પરંતુ તમે એને પરચો કે ચમત્કાર ગણવાની ભૂલ રખે કરતા. કદાચ ગણવો હોય તો તેને સ્વામીશ્રીની કરુણાનો, દયાનો ચમત્કાર જરૂર ગણજો.

આ માથાકૂટ નહીં, ભક્તિ છે

ચોતરાથી ખાંભાને પાવન કરી અમરેલી પધારેલા સ્વામીશ્રી, અહીં તા. ૨૩/૪ની સવારે અંધજન તાલીમ કેન્દ્રમાં પહોંચ્યા. અત્રે તેઓએ સૌને આશીર્વાદ આપી માથે હાથ મૂક્યા ત્યારે તેઓને નીરખી ન શકતા એ સુરદાસોની પ્રજ્ઞાને એટલો ખ્યાલ તો જરૂર આવી ગયો કે તેઓ જગતથી જુદી વિભૂતિનાં શબ્દ, સ્પર્શ અને સાંનિધ્યની ત્રિવેણીમાં સ્નાન કરી રહ્યા છે !

આ રીતે પ્રજ્ઞાચક્ષુઓને જ્ઞાનદૃષ્ટિ આપી પધરામણી કરવા નીકળેલા સ્વામીશ્રી પર ઉનાળાની સવારના દસ વાગ્યાનો સૂર્ય પણ અંગારા વરસાવતો હોય તેમ તપી રહેલો. તેમાંય મગજના કોષોને ખલાસ કરી નાંખે તેમ વૈશાખી વાયરા ફૂંકાતા હતા. તેઓના આ ભીડા-પીડાથી ત્રસ્ત કો'ક છત્રી લઈ આવ્યું, પણ તે એક જ હોવાથી સ્વામીશ્રીએ તેને ઠાકોરજી પર ધરાવી. બીજી છત્રી આવી તેને જ સ્વામીશ્રીની શિર-સેવાનું સદ્‌ભાગ્ય મળ્યું.

તેઓની ભક્તિ એવી ઠરેલ હતી કે ગમે તેવા તાપમાંય તે ન પીગળતી.

આવી સઘન ભક્તિ સાથે અમરેલીથી ગઢપુર પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં, તા. ૨૪/૪ના મંગલ પ્રભાતે મંદિરના ૨૯મા પાટોત્સવની અને

મૂર્તિપ્રતિષ્ઠાની ઉત્સવધારાઓ ભેગી થઈ ગઈ. સંગેમરમરના પથ્થરથી શોભતા મંદિર સાથે તાલ મિલાવે તેવા દૂધ જેવા સફેદ આરસમાંથી નિર્માણ પામેલાં બે શિખરો તળે સ્વામીશ્રીએ હનુમાનજી-ગણપતિજીને પધરાવ્યા. આ નિમિત્તે યોજાયેલા યજ્ઞમાં તેઓનાં કરકમળો વડે નાના રાજકોટના મંદિરમાં બિરાજનારી મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ પણ થયો.

આ સમૈયા બાદ સ્વામીશ્રી બપોરે દોઢ વાગ્યે વિશ્રામ માટે પલંગ પર પોઢવા જઈ રહેલા. તે વખતે સામે ઊભેલા પરાશર ભગતે પૂછ્યું: "બાપા! આપણે ભગવાન ભજવા માટે સાધુ થયા છીએ અને લોકો સાથે શું માથાકૂટ કરવાની કે 'તમે સભામાં આવો, એકાદશી કરો, સત્સંગ પરીક્ષા આપો, પૂજા ને તિલક-ચાંદલો કરો.' આવી માથાકૂટ કરવાની શી જરૂર?"

આ સાંભળતાં જ પલંગ પર સૂઈ ગયેલા સ્વામીશ્રી વીજળીનો ઝાટકો લાગે તેમ બેઠા થઈ બોલ્યા: 'તમે યોગીજી મહારાજ જેટલા તો વૈરાગ્યવાળા નથી ને? એમણે પણ સેવા કરી છે. શ્રીજીમહારાજ જેટલા તો વૈરાગ્યવાળા નથી ને? એમણે પણ સેવા કરી છે. આ માથાકૂટ કહેવાય? આ તો ભક્તિ છે, સેવા છે.'

ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે કે 'ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે પ્રવૃત્તિમાર્ગમાં જોડાવું એનું નામ જ ભક્તિ છે.'[૨૦] સ્વામીશ્રીનો પણ આ જ મત હતો.

માણસની કિંમતનો માપદંડ

ગઢપુરથી મહુવા પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે તા. ૨૫/૪ના રોજ સ્થાનિક નગરપાલિકાના તબીબી એકમના સંકુલમાં ભગતજી મહારાજની આરસ-પ્રતિમા પ્રતિષ્ઠિત થઈ. તેની સાથે 'શ્રી પ્રાગજી ભક્ત એક્સ-રે વિભાગ'નું પણ ઉદ્ઘાટન થયું.

સમાજનાં અધ્યાત્મ અને આરોગ્યનું આટલું જતન કરી સ્વામીશ્રી મહુવાથી તળાજા, વેળાવદરને લાભ આપતાં ભાવનગર પધાર્યા.

અહીં તા. ૨૬/૪ની સવારે પધરામણીઓના ક્રમમાં તેઓ કાંતિભાઈ મારફતિયાના ઘેર પહોંચ્યા ત્યારે પુરાણું સંભારણું વાગોળતાં કહ્યું કે 'હું, એક સાધુ ને હકા બાપુ જ્યારે ફરતા ત્યારે બોટાદ આવીએ તે વખતે, આ કાંતિભાઈ

૨૦. વચનામૃત વરતાલ પ્રકરણ ૧૭.

અને તેમના ભાઈ ત્र્યંબકભાઈ કે જેઓ રેલવેના ગુડ્ઝમાં કામ કરતા તેઓ અમને સ્ટેશન બહાર મૂકી આવે અને ઘોડાગાડીમાં બેસાડી દે. જવાનું હોય ત્યારે ગાડીમાં બેસાડી દે. એમ સેવા કરતા. તે વખતે તો કોઈ સામે લેવા આવનાર હોય નહીં.'

સૌનાં મનમંદિરમાં આ એક સ્મૃતિરત્ન જડી સ્વામીશ્રી કરદેજ, વલ્લભીપુર, ધોળા, દડવા, ઈંગોરાળા, રોહીશાળાને પાવન કરતાં તા. ૨૭/૪ની રાત્રે સારંગપુર જવા નીકળ્યા.

આ પ્રવાસમાં તેઓએ એક વ્યાવહારિક સૂઝ શીખવતાં જણાવ્યું કે – 'કોની સાથે કેમ બેસવું, બોલવું, તેમાં માણસની કિંમત છે. હું અહીં સારંગપુરના વહીવટમાં હતો, પણ મજૂરોની ઉપેક્ષા નહીં કરવાની, તેમ તેની સાથે બહુ બેસવાનું નહીં. કંઈ કામ હોય તો ઑફિસમાં બોલાવી કામ પૂરતી વાત કરી દેવાની. એમ મર્યાદા રાખવી. તેઓ ભેગું ભળી જવું નહીં.'

આ રીતે મર્યાદાસભર મિલનનો મહિમા સમજાવતાં સ્વામીશ્રી સારંગપુર પધાર્યા.

અહીં તેઓ ઠાકોરજીનાં દર્શન કરી સભામંડપમાં પહોંચ્યા ત્યારે ત્યાં તેઓની રાહ જોતાં બેઠેલા સંત સ્વામી સ્વામીશ્રીને દંડવત કરવા લાગ્યા. સ્વામીશ્રી પણ તેઓને દંડવત કરવા નમ્યા. તે વખતે એક સંતે તેઓ માટે નીચે ગાતરિયું બિછાવ્યું, પરંતુ તેને ચરણ વડે ફગાવી દેતાં સ્વામીશ્રીએ ફર્શ પર જ દંડવત કર્યા. તેઓનું તાન હંમેશા સન્માન-સગવડ હડસેલવા પર જ રહેતું.

આવુંય પૂછનારા આવે છે !

તા. ૨૮/૪ના રોજ સારંગપુરના ચંદનચર્ચિત ઠાકોરજીની શણગાર આરતી ઉતારી સ્વામીશ્રીએ સંસ્થાની સખાવત દ્વારા તાજપુરમાં બંધાનારા શિવાલય તથા ખાંભડામાં નિર્માણાધીન અક્ષર-પુરુષોત્તમ હરિમંદિરનાં ખાતમુહૂર્ત જે તે સ્થળે જઈને સંપન્ન કર્યાં.

આ વિધિને અનુસરતાં તેઓએ તા. ૨૯/૪ની શણગાર આરતીના સમયે અમદાવાદના મંદિરની સુખશય્યામાં મહારાજ-સ્વામીની મૂર્તિઓ પધરાવી.

તે પછીના માત્ર દોઢ જ દિવસમાં સ્વામીશ્રી માતર, ખેડા, સંધાણા, ડભાણ, પીપલગ, વિદ્યાનગર, કરમસદ, વલાસણ, બોચાસણ, વડોદરા થઈને ભરૂચ જઈ પહોંચ્યા. અહીં રાત્રે તેઓએ એક પ્રાસંગિક વાત કરી કે –

"શાસ્ત્રીજી મહારાજ કહેતા: 'મારણ ઉપર બધા એક.' એટલે કે શિકાર ઉપર વિભિન્ન પ્રકૃતિવાળાં ગીધ, સમડી, કૂતરા, શિયાળ બધાંય એકસાથે તૂટી પડે ને હારે(સાથે) મિજબાની કરે. તેમ આમ બધાય પોતપોતાનું જુદું લઈ બેઠા હોય; પણ આપણું આવે એટલે વિરોધ કરવામાં બધા એક."

મલિન માનવીય માનસિકતાને આમ ઉઘાડી કરતા સ્વામીશ્રી અટલાદરા થઈને તા. ૨/૫ની સવારે ટ્રેન દ્વારા મુંબઈ આવી પહોંચ્યા.

આ દિવસે ભાઈદાસ હૉલ ખાતે આયોજિત સમારોહમાં 'ભારતીય વિદ્યાભવન' દ્વારા પ્રકાશિત થનારા 'વચનામૃત'ના હિન્દી ભાષાંતરનું વિમોચન કરી તેઓ રાત્રે મંદિરે પધાર્યા. અહીં એક હરિભક્તે આવીને પૂછ્યું : 'બાપા! મારે લીંબુ રાખવાં ફ્રીજ લેવું છે, તે લઉં?'

સ્વામીશ્રીએ 'હા' પાડી. પછી મંદ હાસ્ય વેરતાં તેઓ બોલ્યા : 'આવુંય પૂછનારા આવે છે!"

કેટલા સરળ અને સહૃદયી હતા સ્વામીશ્રી! ત્યારે જ તો તેઓ પાસે આવી પૂછપરછ પણ શક્ય બનતી ને!

કાચો લોટ ખાઈને કરવા જેવું કામ

આ સમયમાં સ્વામીશ્રીની છઠ્ઠી વિદેશયાત્રા શરૂ થવાની ઘડીઓ ગણાતી હોવાથી તેઓનો લાભ લૂંટી લેવા સવાર-સાંજ ભક્તોની ઠઠ મંદિરમાં જામેલી રહેતી. સ્વામીશ્રી પણ અલૌકિક કથાવાર્તા દ્વારા સૌને ભાથાં-ભમલી ભરાવતા. જો કે, તેઓની દરેક વાતોમાં દ્વિશતાબ્દીનો દોરો તો સોંસરો ચાલ્યો આવતો.

તા. ૪/૫ના રોજ પણ યુવકોને સંબોધતાં તેઓએ આ જ મુદ્દો સમજાવ્યો કે "દ્વિશતાબ્દીનો જુસ્સો જોઈએ. 'આવતીકાલે સમૈયો છે' એમ માનવાનું છે. વિલંબ કે વિચારનો સમય નથી. ભગવાન અને સંત રાજી નથી કર્યા તો જન્મ ધર્યો શું કામનો? અનુકૂળતા હોય કે ન હોય, પણ અનુકૂળતા કરવાની છે. થોડું કષ્ટ પડશે પણ ઘડતર થઈ જશે. કાચો લોટ, મમરા, ચણા ખાઈ આ કામ કરી લેવા જેવું છે."

આ હાકલ સાથે સૌમાં દ્વિશતાબ્દીની શાનદાર ઉજવણીનો ઉત્સાહ ભરતા સ્વામીશ્રી, આ જ હેતુથી હવે વિદેશયાત્રાનો આરંભ કરવા તા. ૭/૫ની રાત્રે 'સહાર' એરપોર્ટ પર આવી પહોંચ્યા. અહીંથી તેઓને લઈ હવાઈ જહાજ

૧૧:૨૦ વાગ્યે ગગનગામી થતાં જ સ્વામીશ્રીની વધુ એક દિગ્વિજયી યાત્રાના શ્રીગણેશ થઈ ગયા.

આ વિદેશયાત્રા ભક્તિયાત્રા છે, તેનો પુરાવો પૂરતા હોય તેમ સ્વામીશ્રીએ વિમાન ઊપડ્યાની ગણતરીની મિનિટોમાં જ ચેષ્ટાગાન શરૂ કરાવ્યું. તે પછી સહપ્રવાસી સંતો-ભક્તો પોતપોતાની રોજનીશીમાં તેઓના હસ્તાક્ષર લખાવવા આવવા લાગ્યા. તેમાંના કેટલાક પહેલી જ વાર હવાઈ મુસાફરી કરી રહેલા. તેના અનુસંધાનમાં કો'ક બોલ્યું : 'ક્યાં ગામડાનું ગાડું ને ક્યાં આ પ્લેન !'

આ સાંભળી સ્વામીશ્રી ઉચ્ચર્યા : 'ગાડું ને પ્લેન સમ થઈ જાય તો સુખ થાય !'

તેઓએ આપેલો સુખ અને સમત્વનો આ સંદેશ વિમાનની ગતિએ જ સર્વત્ર પ્રસરી ગયો.

'અન્નપૂર્ણા'નું આગમન

સ્થાનિક સમય અનુસાર તા. ૭/૫ની રાત્રે ૨:૪૦ વાગ્યે નૈરોબીની ધરતી પર ઊતરેલા 'અન્નપૂર્ણા' વિમાનમાંથી બહાર પધારેલા સ્વામીશ્રી પણ આફ્રિકાવાસીઓને સાક્ષાત્ 'અન્નપૂર્ણા' સમાન જ લાગી રહ્યા, કારણ કે આ અરસામાં દુષ્કાળગ્રસ્ત કેન્યામાં અનાજ માટે રેશનિંગની દુકાને કતારો જામતી હતી. માખણ તો બજારમાં દોહ્યલું બની રહેલું. પરંતુ સ્વામીશ્રીના આગમનની આલબેલ પોકારતો હોય, તેમ છેલ્લા દસ દિવસથી વરસવા માંડેલા વરસાદથી પાણીની તકલીફ ઘણી હળવી થઈ ગયેલી. સૃષ્ટિક્રમનો આ ફેરફાર સ્વામીશ્રીને જ આભારી છે તેમ માનતાં ભક્તોએ તેઓને પ્રેમપૂર્વક આવકાર્યા.

આ સ્વાગત ઝીલી સ્વામીશ્રી એરપોર્ટથી મંદિરે જવા નીકળ્યા ત્યારે નૈરોબીની 'સિટી કાઉન્સિલ' તરફથી સળંગ રસ્તે ઠેર ઠેર લગાવવામાં આવેલી દ્વિશતાબ્દીની જાહેરાતો નજરે ચઢી રહી. આ દૂર દેશમાં પણ ઉત્સવની હવાને શ્વાસમાં ભરતાં સૌ મંદિરે પહોંચ્યા ત્યારે પરોઢના ચાર વાગવા આવેલા. છતાં દર્શન માટે રાત આખી માથે લઈને હરિભક્તો બેઠા હતા. તેઓ પર અમીદૃષ્ટિ અને આશીર્વાદ વરસાવી સ્વામીશ્રીએ સૌનો દાખડો સુફળ કર્યો.

ગાઉં મહારાજના ગુણ વળી

તા. ૮/૫ની સવારે કથા બાદ ચાલતી થયેલી મુલાકાતોમાં દેશના રાષ્ટ્ર-

પ્રમુખની કચેરીના એક અધિકારી સ્વામીશ્રીને મળવા આવ્યા. સ્વામીશ્રીથી ખૂબ અભિભૂત થતાં તેઓએ લાગણી વ્યક્ત કરી કે 'અમે આપની સેવામાં જ છીએ.'

'તમે દ્વિશતાબ્દી નિમિત્તે યોજાયેલી સભામાં પધારશો એ જ મોટી સેવા છે.' અંતરનો ભાવ અભિવ્યક્ત કરતાં સ્વામીશ્રી બોલ્યા.

આમ, પરદેશયાત્રાના પ્રથમ દિવસથી જ તેઓ દેશી-પરદેશી સૌના કાનમાં દ્વિશતાબ્દીનો મંત્ર ફૂંકવા લાગ્યા. તેઓનું આ કામ આજની રાત્રે પણ ઝળકી ઊઠ્યું.

આ સમયે પોઢવા જઈ રહેલા સ્વામીશ્રીનાં દર્શન કરતાં યુવકો સામે ઊભેલા. તે સૌને ખ્યાલ હતો કે ગઈકાલની આખી રાત મુસાફરીમાં વીતી હોવાથી સ્વામીશ્રીને પૂરતો આરામ મળ્યો નથી. વળી, આજનો આખો દિવસ આગમનના પ્રથમ દિનની વ્યસ્તતામાં જ વીતેલો છે. તેથી કો'કે વાત કરી કે 'આજે રાત્રે સ્વામીશ્રી શાંતિથી આરામ કરે. સવારે છ વાગ્યા સુધી આંખ ઊઘડે જ નહીં.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'એવો સંકલ્પ ન કરશો. બધાને કથા-વાર્તા, ભજન-ભક્તિથી સુખ આવે તેવો સંકલ્પ કરો. આ તો આપણે અંદર (ઉતારામાં) પડ્યા રહીએ તો બધા બહાર બેઠા રહે.'

પરદેશ-પ્રવાસની એક પણ ક્ષણ શ્રીજીનો સંદેશ ગુંજાવ્યા સિવાય એળે ન જાય તેની તકેદારી સ્વામીશ્રીને હતી. તેથી જ તેઓએ *'ગાઉં મહારાજના ગુણ વળી, કરજ્યો સહાય તમે સહુ મળી...'*ની આ વિનંતી કરી દીધી.

અંગ નથી આવતું અભિમાન

તા. ૯/૫ની સવારે લોહાણા મહાજનની વાડીમાં પધારેલા સ્વામીશ્રી અહીં રસોઈ બનતી હતી ત્યાં પણ જઈ પહોંચ્યા. અત્રે તેઓએ પાપડ, વળી, પૂરી વગેરે તળ્યાં બાદ મોટા તવેથા વડે દાળ પણ હલાવી. તે નિહાળી સૌનાં દિલ પણ હલી ગયાં!

ત્યારબાદ મંદિરે પધારેલા સ્વામીશ્રી દ્વારા 'કુની'(kuni) નામધારી દીવાસળીની પેટી પ્રસાદીભૂત કરવામાં આવી. દર મહિને ૧,૬૦,૦૦,૦૦૦ નંગના હિસાબે વેચાતી આ દીવાસળીની પેટી પર શ્રીજીમહારાજની મૂર્તિ સાથે દ્વિશતાબ્દીનું લખાણ છાપવામાં આવેલું. અત્રેના હરિભક્તોની જહેમતથી તૈયાર થયેલી આ પેટી દ્વારા આખા દેશમાં ઠેર-ઠેર દ્વિશતાબ્દીની ચિનગારીઓ

ચંપાવા લાગી.

સ્વામીશ્રીએ સૌમાં પ્રેરેલો જુસ્સો આમ અનેક રીતે ફૂટી રહેલો. તેનો જ એક વિસ્ફોટ થયો – તા. ૯/૫ની સાયંસભામાં.

દ્વિશતાબ્દીની શાનદાર ઉજવણીના ભાગરૂપે કેન્યામાં યોજાયેલા ત્રિદિવસીય મહોત્સવના પ્રથમ ચરણરૂપ આ સભામાં, સમગ્ર સભાસ્થળના કણકણમાંથી દ્વિશતાબ્દીનો નાદ ગુંજતો હોય તેવાં સુશોભન, બૅન્ડની સુરાવલિઓ અને જયનાદોથી સ્વામીશ્રીનું ભવ્ય સ્વાગત થયું. દેશના ગૃહપ્રધાન આ સભાના અતિથિવિશેષ હતા. તેઓની સાથે વિવિધ ૯૫ સંસ્થાઓનું પ્રતિનિધિત્વ ધરાવતી કેન્યા હિન્દુ કાઉન્સિલના ચૅરમેન, ભારતીય એલચીના સચિવ સહિત અનેક અગ્રણી મહાનુભાવોની હાજરી પણ ધ્યાનાકર્ષક હતી.

આ ઉપસ્થિત આગંતુકોનું અભિવાદન થયા બાદ ગૃહપ્રધાન શ્રી ઓલે ટીપીટીપે 'મહારાજ જુ'(મહારાજનો જય થાઓ)નો બે વખત ઉદ્‌ઘોષ કરી પોતાની ભાવોર્મિ વહાવવી શરૂ કરી. તેમાં તેઓએ સ્વામીશ્રીને સંબોધતાં કહ્યું : 'આપને અત્રે રહેવું હોય તેટલું જરૂરથી રહો અને ગૃહપ્રધાન તરીકે આપને હું બાંયધરી આપું છું કે તમને દેશમાંથી જવા હું કદી નહીં કહું. સરકાર તરફથી આપને પૂરેપૂરો સહકાર અમે આપીશું. આપ જ્યારે પધારો ત્યારે કેન્યાનાં દ્વાર આપને માટે ખુલ્લાં છે.'

ગૃહમંત્રીનાં જાણે અંતરદ્વાર ઊઘડી ગયાં હોય તેમ તેઓએ સ્વામીશ્રીને બિરદાવ્યા. એક હિન્દુ ધર્મગુરુ પ્રત્યે સ્થાનિક વરિષ્ઠ સત્તાધીશનો આવો સદ્‌ભાવ જોઈ સમસ્ત હિન્દુ પ્રજામાં ખુશીની લહર દોડી ગઈ.

આ પ્રસંગે સ્વામીશ્રીએ પણ શ્રીજીમહારાજની સર્વજીવહિતાવહ ભાવના અનુસાર માતબર રકમનું અનુદાન સરકારને આપી સહકારની સરવાણી વહાવી દીધી.

આ રીતે પ્રથમ પગલે જ જયજયકાર કરતાં તેઓ મંદિરે પધાર્યા ત્યારે આજની સભાથી પોરસાયેલા પૂજારીએ અહોભાવમાં આવી જઈ કહ્યું : 'બાપા ! સર્વોપરી ડંકો વાગી ગયો.'

'કર્તા-હર્તા શ્રીજીમહારાજ છે.' સ્વામીશ્રી બોલ્યા.

ચારેકોર પ્રશંસાનાં પૂર ફરી વળવા છતાં, *'અંગ નથી આવતું અભિમાન...'*ની સ્થિતિમાંથી તેઓ કદી ડગ્યા નહોતા.

સંત હેતે રો' છો સાવધાન

કેન્યા ખાતે દ્વિશતાબ્દીની ઉજવણીનું બીજું કદમ મુકાયું – કેન્યાટા કૉન્ફરન્સ હૉલમાં. મોટા ભાગે રાજકારણના રંગો પૂરતી મીટિંગોથી ધમધમતા ૩૨ માળના આ સંકુલના દ્વારે તા. ૧૦/૫ની રાત્રે ધર્મધજાઓ ફરફરી રહેલી. અખબારો, રેડિયો, ટી.વી. જેવાં પ્રસાર માધ્યમોથી સારો પ્રચાર પામેલી આજની સભા, ચાર હજારથી વધુ મુમુક્ષુઓ દ્વારા ચિક્કાર ભરાઈ ગયેલી. આવનારા અતિથિઓ પ્રથમ તો મંચની સજાવટ જોઈને જ મંત્રમુગ્ધ બની જતા. દ્વિશતાબ્દીની સ્મૃતિમાં બંધાઈ રહેલા અક્ષરધામના પ્રવેશદ્વારની પ્રતિકૃતિ સમાં ૪૦ ફૂટ ઊંચાં ત્રણ દ્વાર મંચની પાર્શ્વભૂમાં ઊભાં કરાયેલાં. આકર્ષક અને આલીશાન આ શોભાની મધ્યમાં સ્વામીશ્રી રાત્રે સાડા આઠ વાગ્યે આવીને બિરાજ્યા ત્યારે તો માત્ર સુશોભનથી નહીં, પણ તેઓની ઉપસ્થિતિથી સાક્ષાત્ અક્ષરધામનું જ વાતાવરણ ખડું થઈ ગયું.

તેમાં અમેરિકન પ્રાધ્યાપક શ્રી રેમન્ડ વિલિયમ્સે સ્વાનુભવ વર્ણવ્યો કે 'પ્રમુખસ્વામી મહારાજના નેતૃત્વના પ્રતાપે આજે સ્વામિનારાયણ સંપ્રદાયમાં અનન્ય ભક્તિનિષ્ઠા, શિસ્ત તથા જીવન-વ્યવસ્થામાં નિપુણતા જણાય છે. તેથી જ આજે સ્વામિનારાયણ સંપ્રદાય હિન્દુ સંસ્કૃતિ અને પ્રણાલીને અનુસરતા પંથોમાં સૌથી પ્રગતિશીલ, સુધારક પંથ બન્યો છે.'

ઊંડાં અધ્યયનના આધારે આ વિદેશી વિદ્વાને સ્વામિનારાયણ સંપ્રદાયના વિકાસપુરુષ તરીકેની વરમાળા સ્વામીશ્રીના કંઠમાં આરોપી દીધી. સંપ્રદાયેતર બુદ્ધિજીવીના આ અભિપ્રાયને સૌએ તાળીઓના પ્રચંડ ગડગડાટથી વધાવી લીધો.

મહાનુભાવોનાં આવાં વક્તવ્યોની સાથે ગુંજતાં રહેલાં કીર્તનો-પ્રવચનોથી સમગ્ર સભા શ્રીજીમહારાજનાં જીવન-કાર્યની સુંદર ઝાંખી કરાવનારી બની રહી. તેથી સ્વામીશ્રી સ્વયં બોલી ઊઠ્યા: 'અક્ષરધામ જેવી સભા થઈ ગઈ.'

પરંતુ જેવો આ સમારોહ પૂર્ણ થયો કે તરત જ તેઓએ પોતાના સિંહાસનેથી સહેજ વળીને ઊંચા સાદે નારાયણમુનિદાસ સ્વામીને જગાડ્યા. આ સંત સભાસ્થળનું સુશોભન કરવામાં ગઈ આખી રાત જાગેલા. વળી, આજના દિવસે પણ સભા શરૂ થઈ ત્યાં સુધી સેવા રહેવાથી સૂવાનો મેળ ન

પડતાં તેઓની આંખો સભા દરમ્યાન ઘેરાવા લાગેલી. તેથી તેઓ સ્વામીશ્રીના સિંહાસનની પાછળ બેઠાં બેઠાં જ સૂઈ ગયેલા. આ વિગત સ્વામીશ્રી કેવી રીતે જાણી ગયા હશે ?!

પરંતુ તેઓએ એ સંતને જગાડી ખૂબ હેતપૂર્વક કહ્યું: 'જુઓ, આવતીકાલે એકાદશીનો ઉપવાસ છે. મેં તમારા માટે ખાવાનું રસોડામાં ઢંકાવી રાખ્યું છે. ગાડી પણ તૈયાર રખાવી છે. હવે તરત નીકળી જાવ.'

આ સાંભળી આંખો ચોળતાં ઊભા થયેલા એ સંત સ્વામીશ્રીએ ગોઠવેલી વ્યવસ્થા મુજબ ઉતારે પહોંચ્યા અને જમવા બેઠા. એ ભોજનના કોળિયે-કોળિયે તેઓ સ્વામીશ્રીની મમતાને જ મમળાવતાં ગાતા રહ્યા: *'જણાય છે મારા જીવમાં, સંત હેતે રો' છો સાવધાન...'*

એક તરફ દ્વિશતાબ્દીની વિશ્વવ્યાપી ઉજવણીનાં સમીકરણો માંડી રહેલા સ્વામીશ્રી, બીજી તરફ એક-એકના ભોજનની આવી ગણતરી પણ રાખતા ! તેઓનાં સ્નેહ, સૂક્ષ્મતા અને સાવધાનીનું તો શું કહેવું !!

નિરવિઘ્ન પડ્યું કામ પાર

કેન્યામાં દ્વિશતાબ્દીની ઉજવણીનું ત્રીજું ચરણ મુકાયું – લોહાણા મહાજન વાડીમાં. તા. ૧૧/૫ની રાત્રે અત્રે યોજાયેલી સભામાં યુવકોએ બ્રહ્માનંદ સ્વામીના જીવન-કવનને વર્ણવતી રસપ્રદ નૃત્યનાટિકા પ્રસ્તુત કરી સૌનાં મન મોહી લીધાં. આ કાર્યક્રમ માણી કેટલાક ધનાઢ્ય સદ્‌ગૃહસ્થોએ તો યુવક મંડળને આર્થિક સહયોગ આપી નવાજ્યું. અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત એલચીએ પણ આ કાર્યને બિરદાવ્યું. સ્વામીશ્રીના આશીર્વાદે સૌને બ્રહ્માનંદનો વિશેષ અનુભવ કરાવ્યો.

આ પ્રસંગની ચિરસ્મૃતિ રહે તે માટે આજે સમારંભ બાદ સૌ યુવકો સ્વામીશ્રી સાથે વૃંદછબી પડાવવા ગોઠવાઈ ગયા. તે વખતે આ દિવ્યદર્શન કરવા ત્યાં આવી ચડેલો એક મૂષક પણ અહીં-તહીં આંટા મારી સૌનું ધ્યાન ખેંચવા લાગ્યો. તેની આ દોડાદોડીનો મર્મ સમજાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'તે ઉંદર વિઘ્નવિનાયક ગણપતિનું વાહન છે, એટલે છેલ્લે કહી જાય ને કે તમારું કાર્ય નિર્વિઘ્ન પાર પડ્યું.'

સ્વામીશ્રીએ સમજાવેલો આ મૂષક-મર્મ *'નિરવિઘ્ન પડ્યું કામ પાર, થયો સ્વામીનો જયજયકાર...'*નો પડઘો પાડી ગયો.

ત્રણ ડગલાંમાં આખું બ્રહ્માંડ સર કરી લેનારા વામનજીની જેમ, સ્વામીશ્રીએ પણ દ્વિશતાબ્દીના ત્રણ સમારંભો યોજી આખા કેન્યામાં 'સ્વામિનારાયણ' નામ ગુંજતું કરી દીધું.[૨૧]

એક અજોડ અવસર

તા. ૧૩/૫ના રોજ નૈરોબીના મેયર શ્રી નાથન કહારા સાથે યોજાયેલી સ્વામીશ્રીની મુલાકાતનો આનંદ, સત્સંગીઓ કરતાં પણ વિશેષ સ્વયં આ મેયરને હતો. આ પ્રસંગ માટે જ તેઓએ દિવસના પાંચ હજાર શિલિંગનું ભાડું ખર્ચીને નવાં-સારાં ફર્નિચરથી 'મેયર્સ પાર્લર'ને સુશોભિત કર્યું હતું. સ્વામીશ્રીને મંદિરથી પોતાની કચેરી સુધી લાવવા માટે પોતાની ગાડી પણ મોકલેલી.

તેમાં બિરાજી સ્વામીશ્રી સિટી કાઉન્સિલના સંકુલમાં આવેલા 'મેયર્સ પાર્લર' આગળ આવી પહોંચ્યા ત્યારે આ નગરપતિએ હસ્તધૂનન કરી તેઓના સ્પર્શની દિવ્યતા અનુભવી. આ સ્પર્શ અને સાંનિધ્યથી રોમાંચિત થઈ ગયેલા મેયરે સ્વામીશ્રી સાથે બેસીને તસવીરો લેવડાવ્યા બાદ અતિથિપોથી ધરતાં કહ્યું : 'આપ આખું પાનું ભરીને આમાં આશીર્વાદ લખી આપો.'

મેયરનો આ મનોરથ પૂર્ણ કરી સ્વામીશ્રી 'કાઉન્સિલ ચેમ્બર્સ'માં પધાર્યા. અહીં શહેરના પ્રબુદ્ધ નાગરિકો, પદાધિકારીઓ, કાઉન્સિલરો વગેરેથી ભરચક સભાને સંબોધતાં કાઉન્સિલર શ્રી નાંધ્રાએ કહ્યું : 'અમારી કાઉન્સિલના ઇતિહાસમાં કોઈ વિભૂતિનું 'કાઉન્સિલ ચેમ્બર્સ'માં જ સન્માન થતું હોય તેવો આ સૌપ્રથમ પ્રસંગ છે. આ અજોડ અવસર છે.'

મેયરશ્રીએ પણ સ્વામીશ્રી સમક્ષ અંતરતાર રણઝણાવ્યા કે 'તમે અહીં તમારા ઘેર જ પધાર્યા છો એમ માનશો. આ શહેરની પ્રગતિ માટે અમને આશીર્વાદ આપશો.'

આટલું કહી તેઓએ નૈરોબી નગરના દસ લાખ નાગરિકો વતી સ્વામીશ્રીને 'શહેરના શિરતાજ'નો 'ક્રેસ્ટ' અર્પણ કરવા પોતાનો હાથ લંબાવ્યો. આ ઐતિહાસિક ક્ષણને સૌ તાળીઓથી વધાવવા લાગ્યા. પ્રસાર માધ્યમોના

---

૨૧. નૈરોબી મુકામે થયેલી દ્વિશતાબ્દીની આ શાનદાર ઉજવણી સાથે અન્ય સ્મરણીય લીલાનો લહાવો માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

ખબરપત્રીઓ કૅમેરાની ચાંપ પર આંગળી મૂકી તેને કચકડે મઢવા આતુર બન્યા.

પરંતુ મેયરના લંબાયેલા હાથમાંથી 'કેસ્ટ' સ્વીકારવા સ્વામીશ્રીએ હાથ લંબાવ્યો નહીં, કારણ કે તેઓના હાથ સન્માનના આ અવસરે આગળની પીઠિકા પર પધરાવેલા ઠાકોરજીને પોતાની પાસે મંગાવવાની તજવીજમાં રોકાયેલા. તેમ થયું એટલે સ્વામીશ્રીએ 'શિરતાજ'નું સન્માન ઠાકોરજીને ધરવા મેયરને સૂચના આપી.

*'ભક્તિ વિના બ્રહ્મલોક લગી, સુખ સ્વપ્ને પણ સમજે નંઈ...'*ની સ્વામીશ્રીની આ રીત જોઈ સૌ તેઓ પર ઓવારી ગયા.

પોતાના વક્તવ્યમાં પણ ભક્તિની ભાષામાં જ વાત કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'કેસ્ટ ભગવાનને જ અર્પણ થયેલું છે. તેથી તેમના આશીર્વાદથી આ શહેર આગળ વધશે.' આમ જણાવી તેઓએ શહેરના વિકાસ માટે માતબર રકમની સખાવત 'હરામ્બે ફંડ'માં જમા કરાવી.

સ્વામીશ્રીની આ લાગણીથી ભાવવિભોર બનેલા મેયરે સ્વામીશ્રીને અરજ કરી કે 'આપની પાઘ મને સ્મૃતિરૂપે આપશો એવી મારી નમ્ર વિનંતી છે.'

સમતા સરલ સ્વભાવ

સ્વામીશ્રીથી અત્યંત પ્રભાવિત મેયરને તેઓથી જાણે છૂટા જ ન પડવું હોય તેમ તેઓ સ્વામીશ્રીનો હાથ પકડીને તેઓને કાઉન્સિલ ચેમ્બર્સથી નીચે ઠેઠ પ્રવેશદ્વાર સુધી વળાવવા આવ્યા. જો કે, હવે છૂટા પડવાનો વખત આવ્યો, જે મેયરને મંજૂર નહોતું. તેથી તેઓએ સ્વામીશ્રીનો સહવાસ કાયમ માણવા અહીં પણ સ્વામીશ્રી સાથે પોતાની છબી લેવડાવી અને પોતાની જ ગાડી સ્વામીશ્રીને મંદિર સુધી વળાવવા મોકલી આપી.

મેયરની મોટર મંદિર સુધીનું અંતર સડસડાટ કાપવા લાગી. તે વખતે 'શહેરના શિરતાજ' ઘોષિત થયેલા સ્વામીશ્રીએ ગાડીચાલક શ્રી લોબન સાથે સંવાદ સાધતાં તેના ખભા પર પ્રેમભર્યો ધબ્બો માર્યો અને પારિવારિક-વ્યાવહારિક પૂછપરછ પણ કરી ! આ આત્મીયતાથી તે આફ્રિકન ડ્રાઇવરના શરીરમાં ઝણઝણાટી વ્યાપી ગઈ. તે બોલી ઊઠ્યો : 'જો સમય હોત તો હું તમને આખા નૈરોબી નગરમાં ફેરવત.'

આ પ્રેમભાવના પંથે જ થોડી વારમાં મંદિર આવી ગયું. સ્વામીશ્રી નીચે ઊતર્યા, પણ શેઠની જેમ નહીં. તેઓએ પગારદાર ગાડીચાલકનેય

પોતાની સાથે લીધો. તેને મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરાવી હાર પહેરાવ્યો અને પ્રસાદ સાથે આશીર્વાદ દઈને વિદાય કર્યો.

હજી હમણાં જ દબદબાભર્યા સમારંભમાં નગરપતિના હાથે સન્માન સ્વીકારનારા સ્વામીશ્રી એ જ પ્રેમથી નગરપતિના નોકરને પણ મળ્યા! *'સમતા સરલ સ્વભાવ...'* ધરાવતા તેઓની આ ચેષ્ટા આજના અજોડ અવસરની કલગીરૂપ બની રહી.

નહીં હરિ બિન દૂજો ધ્યાન

તા. ૧૫/૫ના રોજ પધરામણીઓ કરવા નીકળેલા સ્વામીશ્રી નૈરોબીની નજીક આવેલા એક બગીચામાં પહોંચ્યા. અહીંની નીરવ શાંતિ, પ્રાકૃતિક સૌંદર્ય અને શીતળ હવા કોઈના પણ મનને બહેલાવવા પૂરતાં હતાં.

આવા રમણીય સ્થાનમાં એક હરિભક્તે કહ્યું: 'સ્વામી! કંઈક આશીર્વાદ આપો.'

'જમીન સારી છે. સુંદર એકાંતની જગ્યા છે. ભગવાન ભજવાનું સુખ આવે એવું છે.' સ્વામીશ્રી બોલ્યા.

લૌકિક સુંદરતામાં પણ તેઓનું મન તો ભગવાનમાં જ રાચતું.

તે સાથે આજની બપોરે વિશ્રામમાં જઈ રહેલા સ્વામીશ્રીને સત્સંગીશ્રી રમેશભાઈ દવેએ પૂછ્યું: 'બાપા! સત્પુરુષ ઘણી વખત વિચાર કરતા હોય, તે શાના વિચાર કરતા હોય?'

'એ તે થોડા જગતના કે માયાના વિચાર કરતા હોય? એ તો ભગવાનના જ વિચાર કરતા હોય. કેમ ભગવાન ભજવા ને ભજાવવા એ જ એને વિચાર હોય.' આટલો ખુલાસો કરી સ્વામીશ્રી પોઢી ગયા.

*'નહીં હરિ બિન દૂજો ધ્યાન...'*ની રીત રાખી તેઓ વિચરતા-વિચારતા.

આ વસ્તુ રાખવી, રાખવી ને રાખવી

તા. ૧૬/૫ની સવારે સ્વામીશ્રીની મુલાકાત 'હરામ્બે હાઉસ'માં કેન્યાના મિનિસ્ટર ઑફ સ્ટેટ શ્રી કર્યુકી સાથે ગોઠવાયેલી. આ મંત્રીએ સામેથી જ આમંત્રણ આપીને બોલાવેલા સ્વામીશ્રી જે ઓરડામાં કેન્યાના પ્રધાનમંડળની પ્રથમ બેઠક યોજાયેલી તે જ ઐતિહાસિક ઓરડામાં જઈને બિરાજ્યા. અહીં આ પ્રધાને પણ સ્વામીશ્રી માટે દેશના દરવાજા ખુલ્લા કરતાં કહ્યું: 'આપને જ્યારે

યોગ્ય લાગે ત્યારે આપ કેન્યામાં પધારી શકો છો.'

તેઓના આ સદ્‌ભાવ બદલ સ્વામીશ્રીએ પ્રસન્નતા વ્યક્ત કરી અને સંસ્થા વતી ખાસ્સી રકમનું અનુદાન પણ સરકારને અપાવ્યું.

આ મંત્રીમિલન બાદ ભક્તમિલન માટે પધરામણી કરવા નીકળેલા તેઓએ આજની રાત્રે યુવકોને અમૃતપાન કરાવતાં કહ્યું :

''આપણે તો કાયમ લાઈફ મેમ્બર(આજીવન સભ્ય) છીએ. ગમે ત્યાં જઈએ પણ સત્સંગ રાખવાનો. બજાર, હૉટલ, સિનેમામાં અભક્ષ્ય વસ્તુ ન ખવાઈ જાય તેનો ખ્યાલ રાખવો. મુશ્કેલી આવે તો ફ્રૂટ ખાઈ લેવું. દૂધ પી લેવું. આવો ને આવો સત્સંગ કરીએ તો ભગવાન શરીર સાચવશે. બીજું બધું પણ સાચવશે. દેશમાં દ્વિશતાબ્દી (મહોત્સવ) ઊજવવાનો છે. જેને સાધુ થવાની ઇચ્છા હોય, સાચો વૈરાગ્ય ઊપડ્યો હોય, માતા-પિતાની રજા હોય તેમણે આવવું. એ ન થાય તોય ભક્તિ અને સત્સંગ તો કરવાનાં જ છે. આ વસ્તુ રાખવી, રાખવી ને રાખવી. આપણી મૂડી આ છે. આ છે તો પૈસા હોય તોય સુખી ને ન હોય તોય સુખી. મંદિરમાં સભામાં વ્યવસ્થિત બેસવું. અ-પ-ટ(અદબ-પલાંઠી- ટટ્ટાર).''

આમ કહી એ રીતે બેસવાનો અભિનય સ્વામીશ્રીએ સ્વયં કરી બતાવ્યો. પછી પુનઃ અમૃતધારા વહાવી કે –

''કેટલાક સભામાં મોડા આવે છે. સિનેમામાં મોડા જાઓ છો ? કેટલા સિનેમામાં જાય છે ? હવે આપણે દૃઢાવ કરો કે દ્વિશતાબ્દી આવે છે તો સિનેમા ન જોવી. પૈસા બચે તે ઠાકોરજી માટે અને ઘરમાં વાપરવા. મોજશોખ માટે નહીં. ઉપયોગી હોય તેમાં લાખો રૂપિયા વાપરો પણ ખોટો એક પણ રૂપિયો ન વાપરવો. કપડાં જોઈએ છે પણ પચ્ચીસ જોડ ભેગાં કરીને શું કામ ? ખોટી ટેવો ન પાડવી. સાદાઈ શીખવી. પાંચ હજારનો સૂટ કે બસોનો સૂટ; ઉપયોગ શું ? શરીરને ઢાંકવું છે ને ! દસ વખત કપડાં બદલવામાં ટાઇમ જાય તેટલી વખત માળા ન ફેરવીએ ! અમારે કંઈ લેવું નથી પણ સાદાઈમાં આપણી શોભા છે. સાથે સારું વર્તન અને સંત સમાગમ રાખવો.''

રાત્રે પોણા બાર વાગ્યા સુધી આ પીયૂષપાન કરાવી સ્વામીશ્રીએ જગતનાં ઝેર કાઢી નાંખ્યાં. તેથી એકેએક યુવક *'હરિમરજીમાં મરી મટવા...'* સાબદો થઈ ગયો.

એવા ગુણે મોટા જે મુનીશ

તા. ૧૭/૫ના રોજ સ્વામીશ્રી રૂઈરૂ થઈને 'પ્રિમિયર ક્લબ'માં આયોજિત સ્વાધ્યાય પરિવારની એક સભામાં પધાર્યા. પૂ. પાંડુરંગ શાસ્ત્રીજીના આમંત્રણથી અત્રે આવેલા તેઓએ આશીર્વાદનો લાભ આપી ભારતીય એલચી ભવનને પાવન કર્યું. અહીંના રાજદ્વારીએ પણ સામેથી જ તેઓને પોતાના સદનમાં આમંત્રિત કરી કૃતાર્થતા અનુભવી.

એ જ રીતે કેન્યાના પ્રધાન કર્યુકીને સ્વામીશ્રીનાં કામણ સ્પર્શી ગયેલાં. તેથી તા. ૧૮/૫ના રોજ તેઓનો મનોરથ પૂરો કરવા નીકળેલા સ્વામીશ્રી, ન્યહુરુરુમાં આવેલા આ મંત્રીના બંગલે જઈ પહોંચ્યા.

અહીં યજમાને પોતાના ભાણા, ભત્રીજા, દીકરા વગેરે પરિવારજનો સાથે ભારતીય પદ્ધતિ અનુસાર ઠાકોરજી તથા સ્વામીશ્રીનું પૂજન કર્યું. નિર્વ્યસની જીવન જીવતા આ રાજનેતાએ પરિવારમાં પણ એવા જ સંસ્કાર સીંચ્યા હતા. તેથી રાજી થતાં સ્વામીશ્રીએ સૌને સ્વહસ્તે પ્રસાદ વહેંચ્યો. તેઓના આ સ્નેહમાં ખેંચાયેલા શ્રી કર્યુકીએ મોટી રકમની સેવા ઠાકોરજીનાં ચરણે મૂકી ત્યારે સ્વામીશ્રીએ તેમાંથી કંઈક ઓછું કરવા જણાવ્યું.

તેઓની આ નિઃસ્પૃહિતાથી અતિ પ્રભાવિત થતાં એ પ્રધાને સમગ્ર ઘરમાં સ્વામીશ્રીની પધરામણી કરાવી પ્રાસાદિક પંચમૂર્તિ પણ લીધી અને પોતાના પલંગની સામે જ તેને ગોઠવી નિત્ય પ્રાતઃદર્શન કરવાની ભાવના વ્યક્ત કરી. આમ, એક મંત્રીના ભાગ્યનો મહોદય કરી સ્વામીશ્રી થોમ્પસન ફોલ્સ પધાર્યા.

અત્રે નરેન્દ્રભાઈના ઘેર યોજાયેલા વન મહોત્સવ નિમિત્તે નૈરોબી-નકુરુ મંડળના ભક્તો બસ તથા મોટરો દ્વારા આવી પહોંચેલા. તેઓ સાથે સ્વામીશ્રી ભોજનથી પરવાર્યા ત્યારે બપોરના અઢી વાગી ચૂકેલા, છતાં તે વખતે સ્વામીશ્રીએ બપોરની કથા માટે 'વચનામૃત' મંગાવ્યું. તેથી સંતોએ કહ્યું: 'અમે વાંચી લેશું. આપ પોઢો.'

'પણ મારે કથા ખરી ને! માટે લાવો વચનામૃત અહીં.' આમ કહેતાં સ્વામીશ્રી બપોરની કથા કરીને જ પોઢ્યા.

તેઓ આરામમાં જતાં સૌ નિકટવર્તી નદી અને જળપ્રપાત તથા તેના આધારે ફૂલી-ફાલી વનશ્રીનાં સૌંદર્યનો આનંદ માણવા લાગ્યા. પરંતુ જાગ્યા બાદ સ્વામીશ્રીએ પ્રાંગણમાં ભરાયેલી સાયંસભામાં સૌનાં અંતર પકડી વાત

કરી કે 'નદીનો ધોધ પડે છે. ભગવાને સુંદરતા બનાવી છે તેને સૌ જોયા જ કરે. પણ જેણે ધોધ બનાવ્યો છે તેને જોવાની વાત જ નહીં! આપણે તેની એક કળામાં ઓહોહો... થઈ જાય, તો ભગવાન કેવા મહાન હશે!'

આ કથાપ્રવાહથી સ્વામીશ્રીએ સૌને પ્રકૃતિમાંથી પુરુષોત્તમમાં જોડી દીધા.

આ કથા દરમ્યાન જ એક ભક્તે પૂછ્યું: 'બાપા! અખંડ દિવ્યભાવ રહેતો નથી તેનું કારણ શું?'

'મનના ઠરાવ મૂકે તો અખંડ દિવ્યભાવ રહે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓના આવાં મધુર વચનોનું રસપાન કરવામાં સૌ મશગૂલ હતા. પરંતુ જેમ જેમ સંધ્યા ઢળતી ગઈ તેમ તેમ ઠંડી જામતાં સ્વામીશ્રીને ઘરમાં લાવવામાં આવ્યા. અહીં 'ફાયર પ્લેસ'(તાપણાં)ની નજીક બેસવા તેઓને વિનંતી થઈ. પણ ઠંડીમાં સ્વામીશ્રી ઠરી ગયેલા, તેઓની ભક્તિ નહીં. તેથી બેસતાં પહેલાં સ્વામીશ્રીએ પૂછ્યું: 'ઠાકોરજીને તપાડ્યા?'

તેઓની આ ભક્તિ સૌને હૂંફ પમાડી ગઈ.

આ રીતે થોડી વાર તાપણાંની સેવા લઈ તેઓએ નૈરોબી જવા વિદાય લીધી. તે રસ્તે વળી થોમ્પસન ફોલ્સ આવ્યો, જે કેટલાક સંતોને જોવાનો બાકી હોવાથી સ્વામીશ્રીએ મોટર ઊભી રખાવી. પોતે ગાડીમાં જ બેસી રહ્યા અને સંતોને ધોધદર્શન માટે મોકલી આપ્યા.

ધોધ જોઈને સંતો પરત ફર્યા ત્યારે સ્વામીશ્રીએ પહેલું જ પૂછ્યું: 'મહારાજને ધારીને જોયું'તું?'

ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે કે 'હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં સર્વ ક્રિયાને વિષે ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ કરવો.'[૨૨] સ્વામીશ્રી આ સિદ્ધાંત પર જ ચાલતા.

આજના વનમહોત્સવ દરમ્યાન તેઓના આ સદ્‌ગુણનું પોત અનેક રીતે પ્રકાશી રહ્યું. તેથી અંજાયેલા સૌ ગાઈ ઊઠ્યા:

'સદા સ્મરણ ભજન કરે, વળી ધ્યાન મહારાજનું ધરે;
એવા ગુણે મોટા જે મુનીશ, એવા સંતને નામું હું શીશ.'

આ કષ્ટ નહીં, સેવા કહેવાય

તા. ૧૯/૫ની સવારે સ્વામીશ્રી જાગ્યા ત્યારે દર્શન માટે સામે ઊભેલા

---

૨૨. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૨.

કેટલાક સંતો-ભક્તોમાંથી એકે સ્વામીશ્રીને કહ્યું: 'બાપા! આપ બહુ ભીડો વેઠો છો. દેહને ગણકારતા નથી. ગઈકાલે ઠંડી હતી તોય આપ શાલ ઓઢ્યા વગર બિરાજેલા. છેલ્લાં ૪૦ વર્ષથી આપ ખૂબ કષ્ટ લો છો...'

'આ કષ્ટ ન કહેવાય. આ તો સેવા કહેવાય. આપણે ક્યાં તપ કરીએ છીએ? શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજના વખતમાં તો કાંઈ નહોતું, બધી જ અગવડો હતી. આપણે તો મોટરમાં ફરવાનું છે! એટલે મહારાજની ઇચ્છાથી થોડાં ટાઢ, તડકો, વરસાદ સહન થાય એટલું તપ થાય.'

મંત્રનો દરજ્જો પામે તેવી સમજણની સરવાણી સ્વામીશ્રીના મુખે બ્રાહ્મમુહૂર્તમાં જ વહી નીકળી.

તેઓ હસતા મોંએ અગણિત કષ્ટો વેઠી શકેલા, કારણ કે તેઓ ભીડાને ભક્તિના રૂપમાં જ જોતા. જે ગોખરુને ગુલાબ માની અપનાવે તેને કાંટા કેવી રીતે ડંખે? કોઈ પણ પ્રસંગ-પરિસ્થિતિને નાણવાં-માણવાંના સવળા અને આગવા માપદંડ હતા સ્વામીશ્રી પાસે!

દીનના બંધુ છો રે દીનદયાળ

'યુનો' દ્વારા 'આંતરરાષ્ટ્રીય અપંગ વર્ષ' તરીકે જાહેર થયેલી સન ૧૯૮૧ના અનુસંધાનમાં, 'કીકુયુ નર્સિંગ હોમ' ખાતે વિકલાંગ બાળકોની સહાયતા માટે વિશિષ્ટ સભાનું આયોજન ગોઠવાયેલું. તે નિમિત્તે તા. ૧૯/૫ની સવારે અહીં આવી પહોંચેલા સ્વામીશ્રીએ દર્દીઓના વૉર્ડની મુલાકાત લઈ સૌને આશીર્વાદ આપ્યા. 'સ્વામિનારાયણ' મહામંત્રનું રટણ કરતાં કરતાં તેઓ એકેએક બીમારના શરીરે હાથ ફેરવતા ગયા અને પ્રાર્થના કરતા રહ્યા. તેઓની આ કરુણાથી પ્રત્યેક આફ્રિકન દર્દી પુલકિત થઈ ગયો.

સ્વામીશ્રી પ્રેમ, બંધુતા, સમસંવેદના, એકતા જેવાં શીર્ષકો બાંધી પ્રવચનો-પરિસંવાદો નહોતા યોજતા, પણ આ સૌ શુભ તત્ત્વોનો સીધો અનુભવ જ કરાવતા.

દર્દીઓ પર આ કૃપા વરસાવી તેઓ નર્સિંગ હોમના પ્રાંગણમાં યોજાયેલી સભામાં બિરાજ્યા ત્યારે ત્યાં કેન્યાના સંરક્ષણમંત્રી શ્રી ગીચુરુ અતિથિ-વિશેષ તરીકે ઉપસ્થિત હતા. પોતાના સંબોધનમાં તેઓએ સ્વામીશ્રીની સેવાભાવનાને બિરદાવી. તેઓના વક્તવ્ય બાદ સ્વામીશ્રીએ પણ આશીર્વાદ વરસાવી માતબર રકમનું અનુદાન અપંગ બાળકોની સંસ્થા 'ડેગોરીટી સેન્ટર'ને

અર્પણ કર્યું. સાથે સાથે વિકલાંગો માટેની ખુરશીઓ પણ ભેટમાં આપી.

પરંતુ આ ખુરશીનું દાન કરતી વખતે પ્રથમ તેઓએ ઠાકોરજીને ખુરશી પર પધરાવ્યા. 'ભગવાનની પ્રાસાદિક ખુરશી સૌનું રૂડું કરશે' તેવી ભાવના સ્વામીશ્રીની હતી. સમાજ-સેવાના કાર્યને પણ ભગવત્સંબંધનો રંગ લગાડવાનું તેઓ ચૂકતા નહીં.

સેવા-સખાવતની આવી સરિતા વહાવી સ્વામીશ્રી નીકળ્યા ત્યારે અત્રે ઉપસ્થિત એકેએક આફ્રિકન અપંગ તેઓને સંભારતાં પોકારી ઊઠ્યો : *'દીનના બંધુ છો રે દીનદયાળ...'*

રાષ્ટ્રના વડાને શ્રીજીનો સંદેશ

અપંગોના આધાર બનેલા સ્વામીશ્રીએ મંદિરે પધારી ભોજન ગ્રહણ કર્યું ત્યાં જ કેન્યાના રાષ્ટ્રપ્રમુખને મળવા માટે નીકળવાનો સમય થઈ ગયો. પરંતુ તે પહેલાં તેઓ બપોરના ભોજન પછીની કથા કરવાનું ન ચૂક્યા! ગઢડા મધ્ય પ્રકરણનું ૪૧મું વચનામૃત વંચાવી તેઓએ રાષ્ટ્રના વડાને મળવા માટે પ્રસ્થાન કર્યું.

બપોરના અઢી વાગ્યે 'સ્ટેટ હાઉસ'માં શ્રી ડેનિયલ ટી. આરપ મોઈ સાથે સ્વામીશ્રીની ઐતિહાસિક મુલાકાત થઈ. સ્વામીશ્રીને મળતાંવેંત જ આ રાષ્ટ્રપ્રમુખે લાગણી વહાવી : 'આપના અનુયાયીઓ આ દેશના સારા નાગરિકો છે. તેઓ અમારી ભેગા હળીમળીને રહે છે. આપ સુખેથી આ દેશમાં વિચરો.'

રાષ્ટ્રપતિની આ ભદ્ર-ભાવનાથી રાજી થઈ સ્વામીશ્રીએ તેઓને શ્રીજી-મહારાજનાં જીવન-કાર્યનો પરિચય આપ્યો. હરિકૃષ્ણ મહારાજનાં દર્શન કરાવ્યાં. દેશની પ્રગતિ તથા સુખાકારીના આશીર્વાદ પાઠવ્યા. અપંગ બાળકોના સ્વાસ્થ્ય તેમ જ દેશના બાળકોના શિક્ષણ માટે પણ ખાસ્સી મોટી રકમનાં અનુદાન અપાવ્યાં. સ્વામીશ્રીની આ એક-એક દેણગીથી શ્રી મોઈ અતિ પ્રભાવિત થયા.

પંદર મિનિટના આ ઉષ્માસભર મિલન બાદ સ્વામીશ્રી સીધા જ ટેલિવિઝન સ્ટુડિયોમાં પધાર્યા. અહીં 'વૉઇસ ઑફ કેન્યા'ના ટી.વી. પ્રોગ્રામ માટે તેઓના વક્તવ્યનું અને સંતોનાં ભજનોનું ધ્વનિમુદ્રણ કરવામાં આવ્યું.

આમ, સ્વામીશ્રીનો આજનો આખો દિવસ ખૂબ ભીડાભર્યો રહ્યો. તેમાં બપોરનો આરામ પણ કચરાઈ ગયો. છતાં કષ્ટની પીડા નહીં, પણ સેવાના

આનંદ સાથે તેઓ પોઢ્યા ત્યારે આકાશવાણી દ્વારા આખું કેન્યા તેઓએ રેલાવેલા શ્રીજીસંદેશથી ગુંજી રહેલું.

ગગનમાં ગુરુગુણની ગરબી

તા. ૨૦/૫ની સવારે સત્સંગીઓના સમૂહમાં જ નહીં, પણ આખી આફ્રિકન આલમમાં સ્વામીશ્રીના પડઘા ગુંજી રહ્યા, કારણ કે આ દિવસે પ્રકાશિત થયેલા 'સ્ટાન્ડર્ડ', 'ડેઇલી નેશન' જેવાં ખ્યાતનામ અખબારોના પ્રથમ પાને જ તેઓ અને રાષ્ટ્રપ્રમુખના મિલનની તસવીરો ચમકી હતી. સ્વામીશ્રી સમક્ષ પણ તે વાત કરતાં કો'કે કહ્યું: 'બાપા! આપનો ફોટો સારો આવી ગયો છે.'

'મહારાજનો ફોટો આવી ગયો!' સ્વામીશ્રી બોલ્યા.

તેઓની સાથે છબીમાં દર્શાતા હરિકૃષ્ણ મહારાજના સંદર્ભમાં આમ કહી તેઓએ પરમ સંતોષ અનુભવ્યો. તેઓને આનંદ હતો – શ્રીજીમહારાજનો મહિમા વધ્યો તેનો.

આ મહિમાને વિસ્તારવા સ્વામીશ્રી તા. ૨૦/૫ની સાંજે નૈરોબીથી મોમ્બાસા જવા ઊડ્યા. આ ગગનવિહારમાં તેઓએ ઠાકોરજીને ધરવામાં આવેલા લીલા-સૂકા મેવાના થાળમાંથી અલ્પ પ્રસાદ અંગીકાર કર્યો ત્યારે એકાંતનો લાગ જોઈ એક સહપ્રવાસી સંતે પૂછ્યું: 'બાપા! આપને સંસ્કૃતનો અભ્યાસ શાસ્ત્રીજી મહારાજે છોડાવેલો કે આપે છોડેલો?'

'કોઠાર આવ્યો (કોઠારી બન્યા) એટલે છૂટી ગયું.' સ્વામીશ્રી બોલ્યા. વળી, ઉમેર્યું: 'ભણવાની સરખાઈ પણ આવતી નહોતી. વિદ્યાર્થીઓની સંખ્યામાં ફેરફાર થયા કરતો. પહેલાં ચાર હતા, પછી બે થઈ ગયા અને શાસ્ત્રીજી મહારાજનું ખેંચાણ રહ્યા કરતું. શાસ્ત્રીજી મહારાજ બોલાવે કે 'આવો.' એટલે તરત જ નીકળી પડીએ. પછી દસ દિવસ - પંદર દિવસ થાય તોય જવાનું નામ ન લઈએ.'

'આપ શાસ્ત્રીજી મહારાજ સાથે એકધારું કેટલું ફર્યા?'

'એક વર્ષ સુધી.'

'શાસ્ત્રીજી મહારાજની જુદી રસોઈ કરવી પડતી? શાસ્ત્રીજી મહારાજ શું શું જમતા?'

'રસોઈ જુદી કરતા. ફુલકાં થોડાં કરતાં ને શાક-ભાત પણ. દાળ જનરલ

રસોડેથી લાવતા. શાસ્ત્રીજી મહારાજ પાંચ-છ ફુલકાં જમતા. મિષ્ટાન્નની બહુ રુચિ નહીં. મેસુબ વગેરે થોડું લેતા. પૂરણપોળી હોય તો ત્રણ-ચાર જમતા.'

'શાસ્ત્રીજી મહારાજ નાસ્તો કરતા ?'

'નાસ્તાનો રિવાજ તો યોગીબાપાના વખતથી શરૂ થયો. શાસ્ત્રીજી મહારાજના વખતે તો નાસ્તો કોઈ કરતું જ નહોતું. સવારે ઉકાળો પીતા.'

'શાસ્ત્રીજી મહારાજ રાત્રે જમતા કે નહીં ?'

'ના, રાત્રે ખાસ નહીં. ઉકાળો પીતા. કો'ક વાર ભૂખ લાગે તો ખીચડી જમતા. રસોઈમાં પણ બધું જ ફાવતું.'

સ્વામીશ્રી આમ ગુરુસ્મૃતિમાં ગરકાવ બની ગયેલા.

ત્યાં કોઈકે પૂછ્યું : 'આપને સૂવાની ટેવ પહેલેથી ઓછી ?!'

'ના, ના. અમે પણ ઊંઘતા.' નિખાલસભાવે સ્વામીશ્રીએ જણાવ્યું. પછી બોલ્યા : 'પણ જ્યાં બેઠા ત્યાં, જ્યાં પડ્યા ત્યાં, સભામાં ઊંઘ આવી જાય એવું નહીં. યોગીજી મહારાજના સમયમાં ગમે તેટલા ઉજાગરા થાય પણ સભામાં ઊંઘ ન આવે. ઊંઘવા આડા પડીએ તો તરત આવી જાય.'

સ્વામીશ્રીની આ ખાસિયત સાંભળી, આકાશમાં તરતા સૌ આશ્ચર્યમાં પણ તરવા લાગ્યા.

મધ્યમાં મહારાજ !

સ્વામીશ્રીએ જ્યારે મોમ્બાસાના એરપોર્ટ પર ઉતરાણ કર્યું ત્યારે સત્સંગીઓએ અહીં હવાઈમથકના પ્રાંગણમાં જ મંચ બનાવી ઔપચારિક સ્વાગત-સભા યોજી. તેમાં મેયર, નાયબ એલચી સહિત કૈંક મહાનુભાવોનો સત્કાર સ્વીકારી, એરપોર્ટની બહાર પધારેલા સ્વામીશ્રી નગરયાત્રામાં બિરાજ્યા ત્યારે કલાત્મક નૌકાકાર રથમાં તેઓ સુકાનીની જેમ શોભી રહ્યા. આ શોભાયાત્રાની ઉદ્‌ઘોષણા કરતાં ચોપાનિયાં ઠેર ઠેર વહેંચાયેલાં. મ્યુનિસિપલ કાઉન્સિલે ઠેર ઠેર દ્વિશતાબ્દીની જાહેરાત કરતાં સૂત્ર-પતાકાઓ લહેરાવેલાં. તેથી હજારોની સંખ્યામાં આફ્રિકનો પણ દર્શન માટે ઊમટી પડ્યા. નાનાં બાળકો તો રથની સાથે સાથે જ દોડવા માંડ્યાં. છેલ્લા કેટલાય દિવસોથી વરસતો મુશળધાર વરસાદ આજે પણ ખાબકવાની વકી હતી, પરંતુ સ્વામીશ્રીનાં દર્શનમાં ગુલતાન ઇન્દ્ર આજે પોતાનું કામકાજ ભૂલી ગયા !

આમ, ધામધૂમથી અગ્રેસર થઈ રહેલી સ્વામીશ્રીની સવારી હિન્દુ

યુનિયનના શિવાલયે વિરમી. અત્રે આયોજિત સ્વાગત-સભામાં મંચ પર ઘનશ્યામ મહારાજની મૂર્તિ શોભી રહેલી. તેની આગળ સ્વામીશ્રીની બેઠક હતી, પરંતુ તે પર બેસતાં પધરાવેલી મૂર્તિને પીઠ આવે તેમ લાગતાં સ્વામીશ્રીએ સ્વયં પોતાનું આસન ખેંચીને બાજુમાં લીધું અને પછી તેની પર બેઠા. તેથી ફોટોગ્રાફીની ફ્રેમ બિલકુલ બગડી ગઈ. છતાં આખી સભા દરમ્યાન સ્વામીશ્રી એક કોરે ખસેડેલા સિંહાસન પર જ બેસી રહ્યા અને મધ્યમાં તો શ્રીજીમહારાજને જ રાખ્યા.

અલબત્ત, તેઓની આ ભક્તિએ દરેકના હૃદય-સિંહાસનની મધ્યમાં તો શ્રીજીમહારાજની સાથે સ્વામીશ્રીને પણ બેસાડી જ દીધા!

તેવા તો આપ એક જ!

તા. ૨૧/૫ની બપોરે વચનામૃત(ગ.પ્ર.૯)ની રસલહાણ કરાવતાં સ્વામીશ્રીએ મજકૂર આણી આપ્યો કે 'પ્રત્યક્ષ એટલે આ સામે બેઠા હોય તેમ. સ્વપ્નમાં મહારાજ કે સ્વામી દેખાય ને જેટલો આનંદ થાય, તેવો આ પ્રત્યક્ષ દેખાય છે તેનાં દર્શનમાં આવવો જોઈએ. આ અક્ષરધામની સભા છે. જ્યાં સુધી આ લોકનો ભાવ દેખાય છે ત્યાં સુધી સમ્યક્ પ્રકારે સ્વરૂપનિષ્ઠા નથી.'

સ્વરૂપનિષ્ઠાની આટલી સરળ સમજૂતી આપી વિશ્રામમાં પધારેલા સ્વામીશ્રી સાંજે જાગ્યા ત્યારે પ્રતિષ્ઠિત અખબાર 'સ્ટાન્ડર્ડ'ના પત્રકાર ઇન્ટરવ્યૂ લેવા આવ્યા. સ્વામીશ્રીએ તેઓની જિજ્ઞાસા સંતોષી. પરંતુ આ ટૂંકા વાર્તાલાપના અંતે તે ખબરપત્રી બોલી ઊઠ્યા: 'બીજા ઘણા ધર્મવડાઓ અહીં આવે છે, પણ સહજ રીતે સૌને મળતા હોય તેવા તો આપ એક જ છો!'

અદ્વિતીયતા સિદ્ધ કરવા સ્વામીશ્રીને કોઈ ચમત્કારો-સમારંભોની જરૂર પડતી નહીં. વાતવાતમાં જ તે સૌને અનુભવાતી રહેતી.

બકરીમાંથી સિંહ થઈ ગયા!

પત્રકારની વિદાય બાદ સામે બેઠેલા સંતો સાથે મંડાયેલી સાહજિક ગોઠડીમાં, ગાંઠે બાંધી રાખવા જેવી વાત કરતાં સ્વામીશ્રીએ કહ્યું:

''સત્સંગમાં 'સાવરણીની સાવરણી અને દાઢીની દાઢી' એમ રાખવું. દાઢી લાંબી હોય તેથી બેય કામમાં આવે. તેમ સત્સંગમાં માણસ જમાડો, ચોકા સાફ કરો, ઉતારો આપો, એમ બધું ફાવે તેવું કરવું. યોગીજી મહારાજ કહેતા:

'સાત સમેલિયા.' કોઈ ઠેકાણે બળદ અટકે નહીં. આ તો જમાડવા જવાનું કહીએ તો કહે : 'મારું કામ નહીં.' તો તે એક સમેલિયા કહેવાય. ઠાકોરજીની આરતી કરવામાં, ભંડારમાં, ગામડે ફરવામાં, કીર્તનમાં – 'પેટ દુઃખે છે, માથું દુઃખે છે' એમ કહીને ધૂંસરું કાઢી નાંખે નહીં, તો જ મોટાપુરુષો રાજી થાય. ભગવાનનું કામ કરીએ તો ભગવાન બધામાં પ્રેરણા આપીને કાર્ય કરાવે. જેણે સંતની સેવા સાચે ભાવે કરી હોય તેની સેવા અંતે કોઈક કરે. રસ્તે જનારો પણ મળે. ભગવાન પ્રેરણા કરે.''

સેવાની સુંદર સમજ સ્વામીશ્રીના મુખેથી આમ સરી રહેલી. તે વખતે જ કો'કે પૂછ્યું : 'સ્વામી ! આપનો સ્વભાવ પહેલેથી જ શાંત હતો ને હવે આવો (ચપળ) કેવી રીતે થઈ ગયો ?!'

'શાસ્ત્રીજી મહારાજની દયાથી, દૃષ્ટિથી બકરીમાંથી સિંહ થઈ ગયા.' ગુરુને યશ આપતાં સ્વામીશ્રી બોલ્યા. વળી, ઉમેર્યું : ''ઘનશ્યામ સ્વામી પહેલાં બોલાવતા કે 'શાંતિ...! ઓ શાંતિ...!' ત્યારે 'હં...' એમ બોલતા. પહેલેથી જ શાંત સ્વભાવ. કોઈની સાથે ઝઘડવાનું ફાવતું જ નહીં. કોઈ ઊંચે સાદે બોલે તો ફરી જ જતો ને કાંઈ બોલવાનું જ નહીં સામે. કેટલાક કહેતા કે 'તારા જેવા તો કેટલાય આવ્યા ને ગયા.' પણ આવું સાંભળી મનમાંથી કાઢી નાંખતા કે 'એ તો બોલ્યા કરે.''

સ્વામીશ્રીના શબ્દે શબ્દે તેઓના શાંત-સહનશીલ સ્વભાવની સુગંધ ચોમેર પ્રસરી રહી.

આ સમયે એક સંતે જિજ્ઞાસા વ્યક્ત કરી કે 'સ્વામી ! આપ ભણતા ત્યારે નક્કી કરેલું કે આપણે શાસ્ત્રી, આચાર્ય વગેરે કંઈક થવું ને...'

આ પ્રશ્નના ઉત્તરમાં અડધેથી જ વાત ઉપાડતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'બીજું કાંઈ નક્કી કરેલું નહીં, પણ એમ થતું કે હૃષીકેશ, લક્ષ્મણઝૂલા ને હરદ્વાર જતા રહેવું ને ભજન કરવું ને ત્યાં જ રહેવું.'

બાળપણથી જ તેઓને ભજન સિવાય બીજી કોઈ મહત્ત્વાકાંક્ષા નહોતી.

સંત અતિ અમળ અમોલ

તા. ૨૨/૫ની સવારે સ્વામીશ્રી પુનઃ એક વાર ટેલિવિઝન સ્ટુડિયો પર પધાર્યા. અહીં તેઓ સાથે આયોજિત પ્રશ્નોત્તરી, 'વૉઇસ ઑફ કેન્યા' કાર્યક્રમ અંતર્ગત દેશભરમાં પ્રસારિત થવાની હતી. તેમાં સ્વામીશ્રીને એક પ્રશ્ન પૂછાયો

કે 'ભગવાન આપ એકલા દ્વારા જ કેમ પ્રગટ રહે છે?'

આ પ્રશ્ન પૂછનાર ઘાવેડી હશે. પણ તેને સચોટ સમાધાન આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'પોતાનું કાર્ય કરવા ભગવાન સ્વયં પ્રગટ રહે છે. વ્યક્તિ જુદી લાગે પણ તત્ત્વ તો એક જ છે. તે પોતે જ હોય છે. ભગવાન જ કાર્ય કરે છે. એ ભગવાન દરેકમાં રહ્યા છે. કાચ જેટલો ચોખ્ખો હોય તેટલું પ્રતિબિંબ દેખાય. દર્પણ જેટલું શુદ્ધ એટલું પ્રતિબિંબ દેખાય. તેમ જેનું અંતઃકરણ સૌથી શુદ્ધ છે, તેમાં ભગવાન સર્વ પ્રકારે રહે છે.'

સ્વામીશ્રીએ ખૂબ માર્મિક રીતે *'સંત અતિ અમળ અમોલ...'*ની પોતાની અનુપમ સ્થિતિ ઉદ્‌ઘાટિત કરી દીધી. જે મરમી હતા તે મર્મ પામી ગયા.

નિહાલ જો કીધા કંઈક કંગાલને

ટી.વી. ઇન્ટરવ્યૂ બાદ બમ્બુરી બીચ પર સમુદ્રસ્નાનનો લાભ આપીને મંદિરે પધારેલા સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે તેઓએ જાણ્યું કે 'આજે રસની રસોઈ છે.' તેથી ભોજન પૂરું થતાં જ તેઓ સૌને રસ પીરસવા પહોંચી ગયા.

પરિવેષણ એ સ્વામીશ્રીની મનગમતી વાત. ક્યારેક તેઓ ગાતરિયું ડાબે ખભે નાંખીને કે કેડે બાંધીને પંગતમાં પીરસવા નીકળતા તો ક્યારેક પાટ-પાટલા પર બેસીને પીરસતા. તે વખતે તેઓના મુખારવિંદ પર ઊભરાતા ભાવ, આંખોમાંથી નીતરતો નેહ અને વ્યક્તિ-વાનગીને અનુરૂપ નીકળતી રમૂજભરી 'કૉમેન્ટ' ભોજનને સાચે જ અમૃતતુલ્ય બનાવી દેતાં. આજે એ અમૃતના ઓડકાર સૌએ ખાધા.

આ રીતે સૌને તૃપ્ત કરી સ્વામીશ્રી પધરામણીએ નીકળ્યા. આ વખતે માત્ર નવા હરિભક્તોનાં ઘેર જ પગલાં પાડવાનું આયોજન હતું. પરંતુ એક જૂના હરિભક્તે વિનંતી કરી કે 'બાપા! મારો હબસી નોકર કંઠી પહેરવા માંગે છે. તો આપ મારા ઘર આગળ રોડ પર જ મોટર ઊભી રાખો ને તેને કંઠી પહેરાવી દો તો સારું.'

આ આયોજન પર સ્વામીશ્રીએ મંજૂરીનું મત્તું મારી દેતાં જ્યારે પેલા હરિભક્તનું ઘર આવ્યું ત્યારે ત્યાં ગાડી ઊભી રહી. એ હરિભક્ત નોકરને સ્વામીશ્રી પાસે બોલાવી લાવવા નીચે ઊતર્યા તો સ્વામીશ્રી પણ તેઓ સાથે મોટરમાંથી ઊતરી એ હરિભક્તના ઘરમાં જઈ પહોંચ્યા.

ઘરમાં નોકર એકલો જ હતો. તે શેઠ અને સ્વામીશ્રીને આવેલા જોઈ અંદર ખમીસ પહેરવા દોડ્યો, ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'એ ક્યાં ગયો ? એને કહો કે તારા માટે જ આવ્યા છીએ.'

આ ઉદ્‌ગારો દ્વારા તેઓની કરુણાની કવિતા અને સમતાની સંહિતા લખાઈ ગઈ ! સત્તાધીશોના સન્માનનીય અને લાખોના જીવનપ્રાણ સ્વામીશ્રી એક અભણ નોકરના મિષે સૌને કહી રહેલા કે 'તારા માટે જ આવ્યા છીએ !'

આ મમતા સાથે વિચરતા તેઓએ આજે એ કંગાલ નોકરને વર્તમાન ધરાવી કંઠી પહેરાવી અને દારૂ, માંસ છોડાવી શુદ્ધ કર્યો.

નસીબમાં આવે તે ભોગવી લેવું

પધરામણીના પગલે પગલે અનેરું ગુણદર્શન કરાવતા સ્વામીશ્રી એક ઘેર પગલાં પાડી મોટરમાં બેસવા ગયા ત્યારે સહપ્રવાસી સંતે કહ્યું : 'બાપા ! એ બાજુ તડકો આવશે. માટે આ બાજુ બેસો.'

એ સંતની ભાવના સ્વીકારી સ્વામીશ્રી તેઓએ કહ્યું તે જગ્યાએ બિરાજ્યા. પરંતુ ગતિશીલ બનેલી મોટરે થોડે આગળ જઈ વળાંક લેતાં સ્વામીશ્રી જે તરફ બેઠેલા તે બાજુ તડકો આવ્યો. આ જોઈ પેલા સંત બબડ્યા : 'જો પાછો આવ્યો.'

'નસીબમાં આવે તે ભોગવી લેવું.' મરકતાં મરકતાં સ્વામીશ્રી બોલ્યા.

જીવનને સમતોલ રાખે તેટલું વજન તેઓના આ શબ્દોમાં છે.

તે સાંભળી સહપ્રવાસી જે. સી. પટેલે કહ્યું : 'અંદર તો હજી ઘણો ગંદવાડ ભર્યો છે. સત્સંગ બરાબર નથી થયો એમ લાગે છે.'

'તમે મોળી વાત ક્યાં કરી ?' તરત સ્વામીશ્રી બોલી ઊઠ્યા. પછી સત્ય ઉચ્ચાર્યું : 'એ તો મહારાજ આપણા દોષ દેખાડે, છકી ન જવાય તે માટે. આગળ વધારવા છે તે માટે.'

સ્વામીશ્રીએ આમ હિંમતની વાત કરતાં બળમાં આવી ગયેલા તે ભક્તે દ્વિશતાબ્દીનાં કાર્યોનો અનુભવ વર્ણવતાં કહ્યું : 'છેલ્લી ઘડી સુધી કંઈ થયું ન હોય, પણ અંતે કામ થઈ જાય.'

'એ તો પહેલાં થયું હોત તો અભિમાન આવત. પણ પાછળથી થાય એટલે એમણે (મહારાજે) કર્યું મનાય ને !' સત્સંગના કાર્યમાં થતાં વિલંબનો ફોડ પાડી આપતાં સ્વામીશ્રી બોલ્યા.

આનંદની લહેર આવી ગઈ

તા. ૨૩/૫ની સવારે પ્રકાશિત થયેલા 'કૉસ્ટવીક' સાપ્તાહિકમાં સ્વામીશ્રીની સ્વાગત-યાત્રાનો સચિત્ર અહેવાલ પ્રથમ પાને જ છપાયેલો. તેની વાત નીકળતાં સ્વામીશ્રી બોલ્યા: 'ભગવાનની પ્રેરણા છે એટલે સામેથી બધા આવે છે. ભગવાનનો સમૈયો છે એટલે થઈ જાય.'

આ જ ભાવથી તેઓ આજની પ્રાતઃકથામાં વચનામૃત(ગ.મ. ૬૩)નું રસપાન કરાવતાં બોલ્યા: ''જગતથી વિરક્ત થઈને ભક્તિ એવા સત્પુરુષથી થાય છે. ભગવાનના સંબંધે કરીને શિવજીની સાથે પોઠિયાની આરતી ઊતરે, હનુમાનજીની સાથે વાનરસેનાની આરતી ઊતરે, ગણપતિની સાથે ઉંદરની આરતી ઊતરે તેનો વાંધો નહીં, તો શ્રીજીમહારાજના આદર્શ ભક્ત ગુણાતીતની આરતી ઉતરે તેમાં શું બાધ હોવો જોઈએ ? ન જ હોવો જોઈએ. ભગવાનના ભક્ત 'બ્રહ્મની મૂર્તિઓ' સંબંધને લઈને છે. એની ઉપાસના, આશરો છે એટલે બ્રહ્મની મૂર્તિઓ. શુદ્ધભાવે સેવા કરવી એટલે જેની સેવા કરું છું તેમાં કોઈ મનુષ્યભાવ નથી તે.''

સૌને આ જ્ઞાનવિહાર કરાવ્યા બાદ સ્વામીશ્રી જળવિહાર માટે 'હૉટેલ આઉટ રીગર' પાસે આવી પહોંચ્યા. અહીં તેઓ 'ઈમ્પાલા' નામની નૌકામાં સંતો સાથે બિરાજ્યા. અન્ય ત્રણ હોડીઓમાં હરિભક્તો પણ ગોઠવાયા અને સરકતી નાવમાં સ્મૃતિજળ ઉલેચવા માંડેલા સૌ પોતપોતાની ભમલીઓ ભરવા લાગ્યા.

તે વખતે સંતોએ પ્રાસંગિક પદ *'સહજાનંદ સિંધુ રે...'* ઉપાડ્યું ત્યારે સ્વામીશ્રીએ પણ વાત ઉપાડી કે –

''આપણને ભગવાન મળ્યા તેથી આનંદની લહેર આવી ગઈ. કલ્યાણ માટે ફાંફાં મટ્યાં. હવે આપણે ભગવાન ને સંતમાં ડૂબકી મારી નિર્દોષભાવે સેવા કરી લેવી. ડગમગ કરી દિલ ન ડોલાવવું. પકડ્યું એ પકડ્યું. 'નાણું મળે પણ ટાણું ન મળે.' અત્યારે અવસર મળ્યો છે તે પછી નહીં મળે. બરફનો કરો ને મીઠાનો કરો બેય સરખા લાગે. તેમ ભગવાન ને સંત મનુષ્ય જેવા લાગે. પણ તેને માયા પર સમજીએ તો માયા પર થઈએ.''

સ્વામીશ્રીએ એવો બ્રહ્મરસ વહાવ્યો કે ક્યારે કિનારે આવી ગયા તેનો પણ કોઈને ખ્યાલ ન રહ્યો.

ત્રણેય સર્વોપરી !

તા. ૨૫/૫ના રોજ યુવક મંડળની રવિસભામાં પધારેલા સ્વામીશ્રીએ સત્સંગ-પ્રચાર માટે કટિબદ્ધ થવાની હાકલ મારતાં યુવાનોને જણાવ્યું કે –

'આ બધા ક્યારે સુધરે એ વિચાર આપણે નથી કરવો. ૫,૦૦૦માંથી પાંચ થાય, એક થાય તોય તમારું કામ સફળ થયું. એક સુધર્યો તો હજાર કરશે ને લાખ ને કરોડને કરશે ! આ કાર્યમાં મંડી જ પડવું. 'નેટીવ' (આફ્રિકન નાગરિકો) ભાઈઓ સાથે ભળીને એને વાત કરો, એનાં મંડળો કરો. આપણે સહન કરીને પણ આ કાર્ય કરવું છે.'

સ્વામીશ્રીની આ જુસ્સાભરી વાતો સાંભળી સૌ થનગની ઊઠ્યા. તે જ વખતે સભામાં પ્રસરેલા આ જુવાળને વેગ આપતું કૂચગીત *'દીધો આ દેહ...'* શરૂ થયું. સૌ યુવકોએ ઊભા થઈને તે ઝીલ્યું, પણ તેઓ હરોળબંધ ઊભા નહોતા રહ્યા. તેથી કૂચગીત બાદ તે અવ્યવસ્થા તરફ મીઠી ટકોર કરતાં સ્વામીશ્રી બોલ્યા :

'પ્રાર્થનામાં બધા જેમ-તેમ ઊભા રહ્યા. આ વ્યવસ્થા છે ? આપણા ભગવાન સર્વોપરી, આપણું જ્ઞાન સર્વોપરી ને આપણી ગરબડ પણ સર્વોપરી છે. ગમે તે વખતે બેસવાનું હોય પણ સભામાં વ્યવસ્થિત થવું જોઈએ. ક્રમ વાર બધાને ગોઠવી દેવા. ટેવ નહીં પાડો તો આવું ગરબડ ચાલ્યા કરવાનું. સર્વોપરી ચાલ્યા કરવાનું...'

સ્વામીશ્રીને કશું અસ્તવ્યસ્ત ખપતું નહીં. તેઓને વ્યક્તિ, વસ્તુ વગેરે વ્યવસ્થિત જોઈએ. તેથી તેઓએ આજે યુવાનોને ટપાર્યા. પણ તેઓનું હૃદય કુસુમથીયે કોમળ. એટલે તરત જ બોલ્યા : 'માફ કરજો. ખોટું લાગે તો...'

તેઓની આ મૃદુતાએ સૌને શિસ્તમાં લાવી દીધા.

હેતુ છો હરિજનના

તા. ૨૫/૫નો દિવસ મોમ્બાસા ખાતેના રોકાણનો આખરી દિવસ હતો. વળી, આજે રવિવાર અને પાંચ દિવસથી ચાલતા ભાગવત જ્ઞાનયજ્ઞની પૂર્ણાહુતિ પણ હોવાથી 'હિન્દુ યુનિયન'ના મંદિરમાં યોજાયેલો વિદાય સમારંભ ભરચક બની રહ્યો. તેમાં આશીર્વાદ આપી સ્વામીશ્રી મંદિરે જવા માટે પોતાની ગાડી આગળ પધાર્યા.

અહીં તેઓની આગોતરી સૂચના મુજબ કનુભાઈ પટેલ પુષ્પહાર લઈને હાજર હતા. તેઓને સ્વામીશ્રીએ પોતાની સાથે જ ગાડીમાં બેસાડી દીધા અને ચાલકને કહ્યું : 'હું બતાવું એ રસ્તે ગાડી લેતાં જાઓ.'

...અને ગાડી મોમ્બાસાની બહાર દરિયાકિનારે નૈરોબીની દિશા તરફ દોડવા માંડી.

આ રસ્તે આશરે છ-એક કિલોમીટરનું અંતર કપાયું હશે ત્યાં સ્વામીશ્રીએ એક નિશ્ચિત્ત મકાન પાસે ગાડી ઊભી રખાવી. તે વખતે સહયાત્રીઓ વિચારવમળમાં અટવાયા કે 'સ્વામીશ્રી અહીં ક્યાં જવા માંગે છે?' કારણ કે સામે દેખાતા મકાનમાં તો વીજળીના અભાવે અંધારું જ હતું. મકાનનું ચણતરકામ પણ ચાલુ હોવાનું તેના દીદાર પરથી જણાતું હતું. સ્લેબ ભરાયાને થોડા જ દિવસ થયા હોવાથી ઊભી વળીઓના ટેકા હજી યથાવત્ હતા. મકાનની ચારે બાજુ કાંટાળા તારની વાડ હતી. આવા મકાનમાં તો પધરામણી ન જ હોય ને!

પરંતુ સૌને જે અશક્ય લાગે તેને જ શક્ય કરવાની આદત ધરાવતા સ્વામીશ્રી તે ચણાતા મકાનમાં જ ગયા. કાંટાળી વાડના છીંડામાંથી પસાર થતી વખતે તારને પગ નીચે દબાવીને, વચ્ચે આવતો નાના ખાડો કૂદીને, ટેકારૂપ આડેધડ ઊભેલી વળીઓ વચ્ચેથી પસાર થતાં, સ્વામીશ્રી એ મકાનના સ્લેબ નીચે જઈ ઊભા રહ્યા અને કનુભાઈને કહ્યું : 'પેલો હાર લાવો.'

આ યુવાનને હવે સમજ પડી કે તેણે દિવસો અગાઉ કરેલી વિનંતીને યાદ રાખીને સ્વામીશ્રી આજે પોતાની નવી બંધાતી દુકાનમાં પગલાં કરવા આવી ગયા છે! તેઓ સમક્ષ હાર ધરવામાં આવ્યો એટલે તેમાંથી પુષ્પો ચૂંટી-ચૂંટીને સ્વામીશ્રીએ તે ચારેકોર પધરાવ્યાં. સાથે ધંધામાં લાભ થાય તેવા આશીર્વાદ પણ આપ્યા.

ભક્તોના કોડ પૂરા કરવામાં સ્વામીશ્રીને અગવડ કદી ન નડતી. તેથી જ તેઓ અહીંથી વિદાય થયા ત્યારે પેલા હરિભક્ત સ્વામીશ્રીને સંબોધી ગાઈ રહ્યા : *'હેતુ છો હરિજનના, સદા સર્વદા સુંદર શ્યામ...'*

ન્યારી-પ્યારી રીત

તા. ૨૬/૫ના રોજ મોમ્બાસાથી કિસુમુ પધારેલા સ્વામીશ્રી અહીં સનાતન હિંદુ યુનિયનના હૉલમાં મેયર સહિત વિવિધ સામાજિક આગેવાનોનું

સ્વાગત સ્વીકારી તા. ૨૭/૫ની સવારે ડૉ. ઘનશ્યામભાઈના દવાખાને પહોંચ્યા.

અત્રે તેઓએ સાથે ફરતા મગનભાઈને કહ્યું : 'આ ડૉક્ટરની ઈન્ક્વાયરી (પૂછપરછ) કરો. તે બધાની ઈન્ક્વાયરી કરે, પણ આપણે તેમને ગોદા, સોયા મારવા.' (એટલે કે તેઓના સત્સંગની ખબર રાખવી.)

આ રમૂજ સાથે અહીં રસીકરણનું ઈન્જેક્શન લેતાં સ્વામીશ્રીએ પોતાની પ્રકૃતિ વર્ણવી કે 'પહેલાં હું ઈન્જેક્શનથી બીતો. બીજી ગોળી લઈ લઉં, પણ ઈન્જેક્શન નહીં. પરંતુ મંદવાડ આવ્યા પછી હવે ઈન્જેક્શન 'ઈઝી' (સરળ) થઈ ગયું.'

ઈન્જેક્શન બાદ સ્વામીશ્રીને તાવ ન આવે તે માટે 'નોવાલ્જિન' ગોળી અપાઈ ત્યારે તેઓ બોલ્યા : 'ઠાકોરજીની દૃષ્ટિપ્રસાદી કરાવો.'

અહીં સ્વામીશ્રીએ 'ઠાકોરજીને જમાડો' એમ ન કહ્યું. કેવો વિવેક !

આવી ભક્તિ સાથે તા. ૨૮/૫ના રોજ પધરામણીએ નીકળેલા સ્વામીશ્રી અશ્વિનભાઈના ઘેર પહોંચ્યા. આ યજમાનના દીકરા ભજન-મંડળીમાં ભાગ લેનારા; તેથી ઘરમાં તબલાં વસાવેલાં. તે તેઓએ સ્વામીશ્રીને પ્રસાદીભૂત કરવા આપ્યાં.

સ્વામીશ્રીએ જેવા તે વગાડવાં શરૂ કર્યાં કે તરત જ આ યજમાને 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન વહેતી કરી. તેને સૌ જોરશોરથી ઝીલવા લાગ્યા અને સ્વામીશ્રી તબલાં પર થાપ મારતાં સંગત દેવા લાગ્યા. લગભગ ચારથી પાંચ મિનિટ સુધી કોઈ અચ્છા તબલાં-વિશારદની અદાથી સ્વામીશ્રીએ બ્રહ્મનાદ ગજવ્યે રાખ્યો. તેના પડઘા સૌનાં અંતરમાં ચિરસ્થાયી થઈ ગયા.

આમ, પ્રત્યેક પધરામણીએ કંઈક નવીન સ્મૃતિઓ આપતા સ્વામીશ્રી જીતુભાઈના ઘેર પહોંચ્યા. અહીં તેઓ જે સોફા પર બિરાજેલા તે પર જ પૂજન માટેના કંકુની ડબ્બી ખોલીને મૂકવામાં આવેલી. યજમાન જેવા સ્વામીશ્રીને પગે લાગવા ગયા ત્યાં જ તેઓનો હડસેલો વાગતાં કંકુની ડબ્બી પડી સીધી સ્વામીશ્રી પર ! તેથી ધોતિયાં પર લાલ ડાઘ પડી જતાં યજમાન ક્ષોભ પામી ગયા.

પરંતુ કંકુ સાથે તેઓનો સંકોચ ખંખેરતાં સ્વામીશ્રી બોલ્યા : 'કંઈ વાંધો નહીં. શુકન થયાં. તેં મને રંગ્યો, હવે તું રંગાજે.' આમ કહી તેઓએ યજમાનને ધર્મ-નિયમમાં સાબદા કરી દીધા.

અવળાને સવળામાં ફેરવી દેવાની સ્વામીશ્રીની રીત કંઈક ન્યારી-ય્યારી જ હતી.

અમે અહીં બેસી રહેવા આવ્યા છીએ ?

આખા દિવસની પધરામણીઓ, સભાઓ, મીટિંગો, મુલાકાતો વગેરેથી પરવારીને સ્વામીશ્રી રાત્રે પોઢવા જાય ત્યારે એકદમ હળવું વાતાવરણ હોય. તે વખતે આસપાસ ઊભેલા સંતો-ભક્તો સાથે બે-પાંચ મિનિટ ગમ્મત-ગુલાલ ઉડાડીને સ્વામીશ્રી સૂએ. આ ટાણે ભીડાનો ભાર તેઓના મુખ પર લેશ ન અનુભવાય.

આ રીતે તેઓ તા. ૨૮/૫ની રાત્રે બાર વાગ્યે આરામમાં જઈ રહેલા ત્યારે શાંતુભાઈએ પ્રેમસભર વિનંતી કરતાં કહ્યું: 'બાપા ! આજે આપને બહુ ભીડો પડ્યો. હવે આપ આરામ કરો.'

'શું અમે અહીં બેસી રહેવા આવ્યા છીએ ? અહીંયા ક્યાં ભીડો છે ? દેશમાં આવો તો ખબર પડે કે કેવો ભીડો પડે છે ! દેશમાં તો ભલભલાની પતિવ્રતાની ટેક ઊડી જાય છે ! (એટલે કે સ્વામીશ્રી જમે પછી જમવું, તેઓ સૂએ પછી સૂવું વગેરે અતિ ઉત્કૃષ્ટ સેવક-ભાવના પણ ચૂરેચૂરા થઈ જાય છે.)' રમૂજનો રંગ ઉડાડતાં સ્વામીશ્રી બોલ્યા.

તેઓના શબ્દોમાંથી હાસ્યની સાથે હકીકત પણ નિષ્પન્ન થઈ રહી. ભલભલાનો ગજ ટૂંકો પડે એ રીતે સ્વામીશ્રીના વિચરણનો છેડો લંબાતો રહેતો.

તે અનુસાર તા. ૨૯/૫ની સવારે મિવાની જવા નીકળેલા સ્વામીશ્રી માર્ગમાં કીબીગોરી ખાતે પધરામણી માટે રોકાયા.

અહીં આરતીની તૈયારી થતાં થોડી વાર લાગી ત્યારે તેઓએ તરત જ જ્ઞાનની જ્યોત જલાવતાં કહ્યું:

'આપણું નાણું અક્ષરધામમાં જવા કામ નહીં લાગે. ત્યાં જવા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ એ નાણું કામ આવશે. યોગીબાપાએ હૂંડી લખી આપી છે તે સાચવી રાખવી. એ આઘીપાછી થાય તો મહામુસીબત. માટે કથામાં જવું જ, રવિસભામાં જવું જ. આ ખાસ ડાયરીમાં નોંધી રાખવું. બીજાં બધાં કામ કરતાં આને મહત્ત્વ આપવું.'

સ્વામીશ્રીએ પરલોકના ચલણની આટલી વાત કરી તેટલામાં આરતીની જ્યોત પ્રગટી ઊઠી. વાતો સાંભળી સૌનાં દિલ તો ઝળહળી ઊઠેલાં જ. તેથી સૌએ પ્રજ્વલિત દિલ અને દિવેટથી ઠાકોરજી સાથે સ્વામીશ્રીની પણ આરતી ઉતારી ભક્તિભાવ પ્રદર્શિત કર્યો.

જગ સેં અધિક ઉદાસ

કીબીગોરીથી ચેમલીલ થઈને મિવાની પહોંચેલા સ્વામીશ્રી અત્રે સુગર મિલમાં એકત્રિત થયેલા હરિભક્તોને કથાવાર્તાનું સુખ આપી ઠાકોરજી જમાડવા બિરાજ્યા. તે વખતે મિલમાલિકે મુકાવેલો મોટો બાજોઠ જોઈ સ્વામીશ્રીએ સેવકને પૂછ્યું : 'નાનો પાટલો નથી?' એમ કહીને તેઓએ બાજોઠ કઢાવી નાંખ્યો.

'જાહિ પ્રીતિ પરબ્રહ્મ સું, જગ સેં અધિક ઉદાસ...' સમા સ્વામીશ્રીને સારામાં સજા અને સાદામાં મજા રહેતી. તેથી તેઓ સારાને રજા આપી સાદાને સાથે રાખતા.

આ રીતે ભોજન બાદ અલ્પ વિશ્રામ લઈ સ્વામીશ્રી સુગર મિલની ક્લબમાં યોજાયેલી જાહેર-સભામાં પધાર્યા ત્યારે મિલના મેનેજર ઈન્દુભાઈએ ભાવવિભોર થતાં પ્રવચનમાં જણાવ્યું કે 'પ્રમુખસ્વામી જેવા વિદ્વાન, ત્યાગી, વક્તા, પવિત્ર, સરળતાવાળા, આત્મસંયમ કેળવીને જનકલ્યાણ કરનારા દુનિયામાં ઘણા ઓછા મહાત્માઓ છે. આત્મકલ્યાણ અને જનકલ્યાણનો સુંદર સમન્વય તેઓએ કર્યો છે. એવો સમન્વય બીજે જોવો મુશ્કેલ છે. વીસમી સદીમાં બીજા વિવેકાનંદ મળ્યા છે તે પૂજ્ય પ્રમુખસ્વામી છે.'

સ્વામીશ્રીનું જીવન સૌને પૂર્વે થઈ ગયેલા મહાપુરુષોના સરવાળા જેવું લાગતું. અલ્પ પરિચયમાં પણ આ અનુભવથી કોઈ બાકાત ન રહેતું.

થર થર ધ્રૂજત રહત ઈન્દ્ર મુનીંદ્રા

મિવાનીથી કીસુમુ આવી ગયેલા સ્વામીશ્રી તા. ૩૦/૫ની સવારે અહીંથી કેરીચો જતાં રસ્તામાં મગનભાઈની જમીન પર પધાર્યા. ત્યાં સૌને શેરડીનો રસ આપતાં તેઓ બોલ્યા : 'લ્યો, આ બ્રહ્મરસ.'

જેમ જાહ્નવીનું જળ જે જળને સ્પર્શે તે ગંગાજળ થઈ જાય તેમ સ્વામીશ્રીના સ્પર્શે જગતના રસ પણ બ્રહ્મરસ બની જાય તેમાં શું નવાઈ!

અત્ર-તત્ર-સર્વત્ર આ બ્રહ્મરસની લહાણ કરાવતા સ્વામીશ્રી બપોરે સવા બાર વાગ્યે કેરીચો પધાર્યા ત્યારે ગામના પાદરેથી ભવ્ય નગરયાત્રા શરૂ થઈ ગઈ. ૪૦થી વધુ ગાડીઓનો કાફલો તેમાં જોડાયો. બૅન્ડ-વાજાંની ખોટ સૌ ગાડીના હૉર્ન વગાડીને પૂરી કરી રહેલા.

આ નગરયાત્રા બાદ ઘનશ્યામભાઈ પબારીના ઘેર ભોજન-વિશ્રામ લઈ સ્વામીશ્રી સાંજે પધરામણીએ નીકળવા તૈયાર થયા તે વખતે જ ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો. તે જોતાં સ્વામીશ્રી બોલ્યા: 'આ અત્યારે ક્યાંથી આવ્યો? પધરામણીએ જવાનું છે ને!' આટલું કહી તેઓએ બાજુમાં ઊભેલા એક સંતને કહ્યું: 'વરસાદને કહી દો કે જતો રહે.'

આટલું બોલી સ્વામીશ્રી તો પધરામણી કરવા નીકળી પડ્યા, પરંતુ તેઓની ગાડીનાં પૈડાં જેવાં ફરવા માંડ્યાં તે સાથે જ મેઘરાજાનો રથ ચક્કાજામની સ્થિતિમાં આવી ગયો. પાંચેક મિનિટમાં તો વરસાદ સાવ જ થંભી ગયો! જે રીતે ગોરંભાયેલાં વાદળાં સાંબેલાધારે ખાબકી રહેલાં, તે જોતાં વરસાદ બે-ત્રણ કલાક સુધી પોરો ખાય એમ નહોતો. પરંતુ તરત બંધ થયેલી વૃષ્ટિ, એ સ્વામીશ્રીએ સહજભાવે ઉચ્ચારેલા શબ્દોનો, અક્ષરબ્રહ્મના પ્રશાસનનો પરચો પૂરી રહી.

સમા પર રે'વું સાવધાન

પધરામણીઓ બાદ સ્વામીશ્રી સાંજે રાધાકૃષ્ણ મંદિરમાં યોજાયેલી સ્વાગત-સભામાં પધાર્યા ત્યારે અહીં ભાવિક જનતાની સાથે સ્થાનિક અમલદારો પણ ઘણા ઊમટેલા.

પરંતુ તેઓએ વક્તવ્યો દ્વારા વહાવેલી લાગણીના પ્રવાહમાં સમયની પાળ ખંડિત થતાં, રાધાકૃષ્ણ મંદિરની આરતીના નિશ્ચિત્ત સમયમાં પંદરેક મિનિટનો ફર્ક પડી ગયો. તેથી સ્વામીશ્રી જ્યારે આરતી ઉતારવા પધાર્યા ત્યારે તેઓએ પૂજારીને કહ્યું: 'માફ કરજો. મોડું થઈ ગયું.'

સ્વામીશ્રીનું આ સદ્-વર્તન પૂજારી માટે કલ્પના બહારનું બની રહ્યું. પોતાનાં સન્માન-સગવડ સાચવવાં બીજાના સમયની ઘાણી કરી નાંખતા મહાનુભાવોથી તેઓને સ્વામીશ્રી તદ્દન ભિન્ન જણાયા. તેઓએ અત્યંત નમ્રતાથી કહ્યું: 'સ્વામીજી! કાંઈ મોડું નથી થયું. આટલા વિલંબનો વાંધો નહીં.'

'ભગવાન તો દયાળુ છે તે ચલાવી લે, પણ આપણે ખટકો રાખવો જોઈએ ને!' સ્વામીશ્રી બોલ્યા.

ઠાકોરજીની સેવામાં આવતી અલ્પ ચૂક પણ તેઓને ખાસ્સી ચચરતી. તેઓ *'સમા પર રે'વું સાવધાન...'*ના ધોરણે ચાલનારા સેવક હતા.

તે અનુસાર સ્વામીશ્રી તા. ૩૧/૫ની સવારે ઍલ્ડોરેટ આવી પહોંચ્યા.

અહીં પણ તેઓના સ્વાગતમાં ઉપમેયર સહિત સ્થાનિક અગ્રણીઓ ઘણા હતા. સાંજે વિસા ઓસવાલની વાડીમાં સ્વાગત-સભા પણ ભવ્યતાથી સંપન્ન થઈ.

આ રીતે અત્રે એક દિવસનો લાભ આપી તા. ૧/૬ના રોજ નકુરુ જવા નીકળેલા સ્વામીશ્રીના પ્રવાસમાં વચ્ચે કબારક હાઈસ્કૂલ આવી. આ શાળા માટે તેઓએ રાષ્ટ્રપ્રમુખને મોટી રકમની સખાવત કરેલી. તેથી તેઓ પધારતાં જ શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો ખૂબ રાજી થઈ ગયા. સ્વામીશ્રી પણ 'આ સ્કૂલ વિશ્વમાં ખ્યાતિ પામે' એવા રૂડા આશીર્વાદ વરસાવી નકુરુ જઈ પહોંચ્યા.

અત્રે તેઓએ તા. ૨/૬ની સવારે વચનામૃત(ગ.પ્ર. ૨૭) રેલાવતાં કહ્યું: 'ભગવાન ને સંત મળ્યા નથી ત્યાં સુધી રોવાનું જ છે, આખી જિંદગી ને અનંત જન્મો સુધી રોવાનું જ છે. પ્રગટ મળ્યા વગર શાંતિ થાય નહીં.'

હરિ-ઇચ્છાએ હરે ફરે

નકુરુથી બહારી સેન્ટરને લાભ આપતાં નૈરોબી પધારેલા સ્વામીશ્રીની મુલાકાતે અહીંના દાઉદી વહોરા સમાજના અગ્રણીઓ આવી પહોંચ્યા. તા. ૪/૬ના રોજ તેઓ સાથેના ઉષ્માસભર મિલન બાદ, હિન્દુ કાઉન્સિલ ઑફ કેન્યાના નિમંત્રણથી કાઉન્સિલ હૉલમાં પગલાં પાડતા સ્વામીશ્રીએ તા. ૫/૬ના રોજ લુસાકાને પાવન કર્યું.

અહીં ઍરપોર્ટના મુખ્ય સુરક્ષા અધિકારી મિ. મ્વુન્ગા તેઓનાં દર્શને દોડી આવ્યા. ત્રણ વર્ષ પહેલાં અહીં જ તેઓને સ્વામીશ્રીનો યોગ થતાં બધાં વ્યસનો છૂટી ગયેલાં. ત્યારથી સ્વામીશ્રી પ્રત્યે આભારવશ આ અમલદાર સ્વામીશ્રીએ આપેલી અક્ષર-પુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરાની મૂર્તિઓ પણ આજે સાથે લાવેલા.

સ્વામીશ્રી તેઓના યોગમાં જે પરદેશી આવે તેને નિર્વ્યસની થવાની, ભક્તિ કરવાની શીખ આપતા રહે, ત્યારે કેટલાકને મનમાં થઈ આવતું કે 'તેઓ આ લોકો પાછળ વ્યર્થ પુરુષાર્થ કરી રહ્યા છે. આ શું વ્યસનો મૂકવાનાં અને મૂર્તિઓ રાખવાના?' પરંતુ વર્ષોનાં વહાણાં વીત્યાં પછીયે સ્વામીશ્રીએ આપેલા નિયમની ટેક અને મૂર્તિઓ જાળવી રાખનારા આવા પરદેશીઓ મળી જાય ત્યારે સૌને થતું કે 'સત્પુરુષ કદી ભીંતમાં માથાં ભરાવતા નથી. તેઓના યોગે સાચે જ મુમુક્ષુતા પાંગરે છે.'

તેનો વધુ એક પુરાવો આજે જોઈ સૌ દંગ હતા ત્યાં જ મિ. મ્વુન્ગાના

જીવનમાં સ્વામીશ્રી દ્વારા આવેલા પરિવર્તનથી પ્રેરાઈને અન્ય ૮-૧૦ આફ્રિકન સુરક્ષા અધિકારીઓએ સામેથી દારૂ, સીગારેટનાં વ્યસનો છોડવાની તત્પરતા દાખવી. સ્વામીશ્રીએ તેઓને પણ વ્યસનમુક્ત કરી કંઠીઓ બાંધી. સત્સંગીઓ અને હિન્દુઓ લાભ લે તે પહેલાં તો આ પરદેશીઓ અને પરધર્મીઓએ સ્વામીશ્રીને લૂંટી લીધા.

આ રીતે આવતાંવેંત લાભની લહાણ કરવા માંડેલા સ્વામીશ્રીની સ્વાગત-સભા આજની સાંજે રાધાકૃષ્ણ મંદિરમાં યોજાઈ. તેમાં તેઓએ એકતાનો એકતારો બજાવ્યો કે 'ભગવાન એક જ છે. કોઈ પણ ભગવાનનું મંદિર છે તે આપણું જ છે.'

પોતે કરેલું આ વિધાન આજે જ સાર્થક કરતાં સ્વામીશ્રી આ રાધાકૃષ્ણ મંદિરના વિકાસ માટે માતબર રકમનું દાન અર્પણ કરાવી સીધા હિન્દુ ઍસોસિયેશનના હૉલમાં પધાર્યા.

અત્રે યોજાયેલી દ્વિશતાબ્દી મહોત્સવની વિશેષ સભામાં દેશના પૂર્વ વડાપ્રધાન, ભારતના એલચી સહિત કૈંક નામી મહાનુભાવોની હાજરી હતી. તેઓની સાથે વિવિધ હિન્દુ સંગઠનો તથા સમાજના અગ્રણીઓએ પણ સ્વામીશ્રીના કાર્યની સરાહના કરી. આ સમારંભમાંયે સ્વામીશ્રીએ 'યુનિવર્સિટી ટીચિંગ હૉસ્પિટલ'ને આર્થિક અનુદાન આપી સદ્ધર કરી દીધી.

આમ, નદીની જેમ પોતાની સેવાસરિતા દ્વારા ચોતરફ સુખાકારી ફેલાવતા તેઓ લુસાકાથી કીટવે, મુફુલીરા, એન્ડોલા, લુઆન્શ્યા, કાબ્વે થઈને લુસાકા પરત ફર્યા.

અહીંથી હવે તા. ૧૧/૬ના રોજ દારેસલામ જઈ રહેલા સ્વામીશ્રી ઍરપોર્ટની લાઉન્જમાં આવી બિરાજ્યા ત્યારે ડૉ. અરવિંદભાઈએ પૂછ્યું: 'બાપા! ફરી ક્યારે આવશો?'

'ભગવાનની ઇચ્છા પર રાખ્યું છે. ભગવાનની ઇચ્છા હશે તેમ થશે. મહારાજ કર્તા છે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓ હંમેશા *'હરિ-ઇચ્છાએ હરે ફરે, કરે કૃષ્ણ-ભજનજી'*ની રીતે વિચરતા. તેઓને પોતાના કોઈ ઠરાવ રહેતા નહીં. તેથી જ તેઓ કાયમ ઠરેલા રહેલા. તેઓની આ સ્થિરતા આજની હવાઈ મુસાફરીમાં પણ જોવા મળી. આ સફર દરમ્યાન સ્વામીશ્રીએ નેત્ર મીંચીને સતત દોઢ કલાક સુધી માળા જ ફેરવ્યે રાખી!

દ્વિશતાબ્દીનો કળશ ચડ્યો

દરેક દેશની જેમ ટાન્ઝાનિયામાં પણ તા. ૧૨/૬ના રોજ દ્વિશતાબ્દી નિમિત્તે જાહેર-સભા યોજાઈ, જેના અધ્યક્ષપદે ભારતીય એલચી ઉપસ્થિત રહ્યા. આ સમારંભની સાથે આજે સ્વામીશ્રીએ લક્ષ્મીનારાયણ મંદિર, શંકરાશ્રમ અને લોહાણા મહાજન વાડીમાં પધારીને પણ સત્સંગ-સભાઓનો લાભ આપ્યો. આમ, દિવસમાં ત્રણ-ચાર સભાઓનો સિલસિલો તેઓ સામાન્યપણે ચલાવતા.

તે ક્રમમાં એક વાર સ્વામીશ્રી પ્રસંગોપાત્ત બોલ્યા કે 'આફ્રિકનોમાં સત્સંગ થાય એવો સંકલ્પ કર્યો છે. મહારાજ ભળશે, માટે પુરુષાર્થ કરવો. ખેતર ખેડવાનાં છે. બુલડોઝર લઈને ખેડવા માંડો તો ખેડાય એમ છે. મુમુક્ષુઓ ઘણા પડ્યા છે. શાસ્ત્રીજી મહારાજ કહેતા કે 'ઈશક સવા શેર રાખવો.' આપણે સત્સંગ કરાવવો છે, માટે ઈશક રાખીને મંડવું.'

આ ઈશકના ઈજારાદાર સ્વામીશ્રીની મુલાકાતે તા. ૧૩/૬ના રોજ 'ઉહુરુ' અને 'ડેઈલી ન્યૂઝ' દૈનિકોના સંવાદદાતા આવ્યા. તેઓએ પત્રકાર-ધર્મ બજાવતાં સ્વામીશ્રીને પૂછેલા પ્રશ્નોમાં એક હતો કે 'વિજ્ઞાન કરતાં આધ્યાત્મિક માર્ગમાં શી વિશેષતા છે ?'

તેનો ઉત્તર આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'વિજ્ઞાનથી મળતાં સુખો દુઃખનાં કારણ બને છે, જ્યારે મનની શાંતિ તો આધ્યાત્મિક વિકાસથી જ મળે છે.'

જ્યારે સામાજિક દૂષણોના નિવારણનો ઉપાય પૂછવામાં આવ્યો ત્યારે પણ સ્વામીશ્રીએ સ્પષ્ટતાથી જણાવ્યું : 'શું કરવા આપણે આવ્યા છીએ તેનો ખ્યાલ માણસ કરશે ત્યારે સામાજિક દૂષણોના ગેરફાયદા સમજશે. આવો વિચાર એવા સંત દ્વારા આવે છે.'

આ પત્રકાર પરિષદ બાદ રાધાકૃષ્ણ મંદિરે યોજાયેલી જાહેર-સભામાં પધારેલા સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા શિક્ષાપત્રીના 'સ્વાહિલી' અનુવાદનું ઉદ્ઘાટન થયું. દ્વિશતાબ્દી નિમિત્તે વિશ્વની વધુ એક ભાષામાં શ્રીજીસંદેશની ઉપલબ્ધિ સ્વામીશ્રીએ સુલભ કરી આપી.

તેની સાથે શ્રીજીમહારાજની કીર્તિનો કળશ ચઢાવતાં હોય તેમ તેઓએ તા. ૧૪/૬ની સવારે દારેસલામના મંદિર પર કળશ-સ્થાપન કર્યું ત્યારે સૂર્યની સેવાથી દેદીપ્યમાન ભાસતા આ કળશોને જોઈ ભક્તોનાં મન હરખાઈ ઊઠ્યાં.

આ શુભ અવસરે સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા કે 'મંદિર કરે ને જેટલું ફળ મળે એટલું જ ફળ કળશ ચડે એમાં છે. આપણે દ્વિશતાબ્દી મહોત્સવનો કળશ ચડાવવો છે તે કળશ પણ ચડી ગયો.'

આમ, આફ્રિકાનો વધુ એક દેશ સર થયો.

સમદર્શી હૈ નામ તિહારો

દારેસલામમાં કળશ-સ્થાપનની સાથે જ સ્વામીશ્રીએ 'ગાયત્રી પરિવાર'ના નિર્માણાધીન સંકુલની જગ્યાએ ભૂમિપૂજન કર્યા બાદ મ્બેઝીમાં પણ પધરામણી કરીને લાભ આપ્યો.

આ પધરામણીએથી પરત ફર્યા બાદ ઠાકોરજી જમાડવા બિરાજેલા સ્વામીશ્રીની સાથે ભારતીય રાજદૂત, નાયબ એલચી, એલચીના અગ્રસચિવ વગેરે કૈંક મહાનુભાવો પણ મહાપ્રસાદ લેવા બેસતાં, આજનો ભોજન સમારંભ ઘણા દબદબા સાથે પૂરો થયો.

આ મહેમાનોને વિદાય આપ્યા બાદ, સ્વામીશ્રી બપોરની કથા કરીને વિશ્રામ માટે જવા નીકળ્યા, ત્યારે રસોડાની બાજુમાંથી પસાર થતાં તેઓની દૃષ્ટિ વાસણો ઊટકી રહેલા બે આફ્રિકન નોકરો પર પડી.

તેઓને જોતાં જ સ્વામીશ્રી નજીક પહોંચ્યા અને તે બંનેનાં માથે પ્રેમપ્રચુર હાથ મૂકી આશીર્વાદ આપતાં તેઓએ કાર્યકરોને ભલામણ કરી કે 'આ સેવા કરે છે તેને બરાબર જમાડજો.'

હાઈકમિશ્નર કક્ષાના મહેમાનો સાથે ભોજન લીધાને હજી પાંચ મિનિટ વીતી નહોતી ત્યાં તો સ્વામીશ્રી આ મામૂલી નોકરોની પણ એવા જ પ્રેમથી સંભાવના કરી રહ્યા. તે જોઈ સૌ પોકારી ઊઠ્યા : *'સમદર્શી હૈ નામ તિહારો...'*

આ સ્નેહ-સમતા સાથે સ્વામીશ્રી તા. ૧૫/૬ના રોજ મ્વાન્ઝા જવા નીકળ્યા.

જગતસુખ જોયામાં નથી આવતું

'એર ટાન્ઝાનિયા'ના 'કિલિમાંજારો' વિમાનમાં સ્વામીશ્રી મ્વાન્ઝા તરફ ગતિ કરી રહેલા ત્યારે સંતોએ કહ્યું : 'બાપા ! આ ફર્સ્ટ ક્લાસની બેઠક જરા લાંબી કરી આરામથી બેસી શકાશે. માટે એ રીતે બેસો.'

'થોડી વાર બેસવું ને શોખ શું કરવા ?' સ્વામીશ્રી બોલ્યા.

તેઓને કદીયે ટાપટીપ પસંદ પડી જ નહોતી. સુવિધાઓ માણવામાં સ્વામીશ્રી ક્યારેય ઉત્સાહ દાખવતા નહીં. વિમાનમાં સમયે-સમયે 'રીફ્રેશીંગ ટૉવેલ' (હાથ-મોં લૂછવાનાં રૂમાલ) આપવામાં આવે. તેને પણ તેઓ હાથમાં લેતા નહીં. રજોગુણ પ્રત્યે તેઓને સાહજિક જ અરુચિ.

આમ, *'જગતસુખ જોયામાં નથી આવતું...'*ની સ્થિતિ ધરાવતા સ્વામીશ્રી મ્વાન્ઝા પધાર્યા ત્યારે રવિવાર અને તેઓના આગમનનો સંગમ થતાં મંદિર ખીચોખીચ ભરાઈ ગયેલું. સૌએ પ્રચંડ જયનાદોથી ગુરુહરિને વધાવ્યા. આ અભિવાદન ઝીલી ઠાકોરજીનાં દર્શન બાદ ભક્તો પર અમૃતધારા વરસાવવા સ્વામીશ્રીએ વચનામૃત(ગ.મ. ૨૮) ખોલ્યું અને દોઢ કલાક સુધી કથાવાર્તા કરી વર્ષોના વિરહનો ખાંગો વાળી દીધો.

તે પછી તેઓ 'સ્વામિનારાયણ ક્લિનિક'નું ઉદ્‌ઘાટન કરવા પધાર્યા. સસ્તા દરે માનવમાત્રની સેવામાં તત્પર સંસ્થા-સંચાલિત આ દવાખાનાની મુલાકાત વખતે એક હરિભક્તે સ્વામીશ્રી સમક્ષ 'કેસ પેપર' ધરતાં કહ્યું : 'બાપા ! અમારા કેસ લખો ને દવા આપો.'

'હમણાં કથામાં દવા આપી ને !' એમ કહી સ્વામીશ્રીએ જણાવ્યું : 'જન્મોજન્મ ભગવાનના ભક્તની મન, કર્મ, વચને સેવા કરવી, જેથી ભવ-રોગ ટળે.'

ભીતર રહ્યું નથી માન

તા. ૧૬/૬ના રોજ મ્વાન્ઝાના મંદિરમાં જામેલા મોજના માહોલનું મૂળ હતું – આજનો 'પ્રમુખવરણી દિન.'

આવા સપરમા દા'ડાની ભવ્ય ઉજવણી કરતાં પ્રભાતના માંગલિક વાતાવરણમાં મહાપૂજા સંપન્ન થઈ. તેને અનુસરતાં સાંજે છ વાગ્યે ભવ્ય ઉત્સવ-સભા યોજાઈ. તેમાં સ્વામીશ્રી પધાર્યા ત્યારે સભાપ્રારંભને હજી થોડી વાર હતી, પરંતુ કીર્તનિયા સંતોએ મંચ પર સ્થાન લઈ લીધેલું. તેઓની આગળ વાદ્ય વગેરે સામગ્રીઓ એક પછી એક ગોઠવાતી જતી હતી.

તે વખતે સ્વામીશ્રીએ જોયું કે 'યોગીચરણ સ્વામી કીર્તન ગાવાના છે.' તેથી મંચનાં પગથિયેથી પોતાના સભાસન તરફ જઈ રહેલા તેઓ વચમાં પેલા ગાયક સંત આગળ ઊભા રહી માઇક ગોઠવવા લાગ્યા !

તેઓની આ નમ્રતાએ દર્શકોનાં કાળજાં વીંધી નાંખ્યાં. ત્રીસ વર્ષ પૂર્વે

પ્રમુખપદ સ્વીકારતી વખતે સ્વામીશ્રીએ જે સેવકભાવથી હરિભક્તોનાં એઠાં વાસણો ઊટકેલાં, એ જ વૃત્તિ ત્રણ-ત્રણ દાયકા પછી પણ તેઓમાં એવી ને એવી જ અકબંધ રહેલી. *'ભીતર રહ્યું નથી માન...'*ની સ્થિતિ હોય તો જ આ શક્ય બને.

રાગ 'સુખિયો' વગાડીએ !

તા. ૧૭/૬ની સાંજે સનાતન હિન્દુ મંદિરના હૉલમાં યોજાયેલી દ્વિશતાબ્દી નિમિત્તેની જાહેર-સભામાં ઉપસ્થિત સૌ ભાવિકો અને વિશેષ તો મંચસ્થ મહાનુભાવો સ્વામીશ્રીની પ્રતિભાથી મંત્રમુગ્ધ હતા.

સૌનાં અંતરના આ ભાવને જ વાચા આપતા હોય તેમ હિન્દુ યુનિયનના મંત્રી શ્રી જોશીએ સ્વામીશ્રીને સંબોધી કહ્યું: 'આપનું અનોખું ઓજસ, નિરાળી પ્રતિભા, શાંત, શીતળ અને સરળ વ્યક્તિત્વે સૌ કોઈનાં દિલ જીતી લીધાં છે. આપ જે ખંત, સંપ, સંયમ, શિસ્ત ને યોજનાબંધ પાવનકારી કાર્ય કરી રહ્યા છો તેની પ્રશંસા કરું તેટલી ઓછી છે.'

આ ઉદ્‌ગારમાં સૌની ભાવનાનો પડઘો હોવાથી સૌએ તેને પ્રચંડ તાળીનાદથી વધાવી લીધા.

પોતાના શુદ્ધ વર્તનથી દ્વિશતાબ્દીનો આ દિગ્વિજય કરી સ્વામીશ્રી મંદિરે પધાર્યા ત્યારે અહીં વાળુ-પાણી બાદ રાત્રે દસ વાગ્યે કીર્તન આરાધનાનો કાર્યક્રમ યોજાયો.

તેની પૂર્વતૈયારીરૂપે કાર્યકરો વાંસળી, દિલરૂબા, તબલાં વગેરે વિવિધ વાદ્યોનો સૂરમેળ બેસાડી રહેલા. તે સમયે જ સ્વામીશ્રી પધારતાં હસમુખભાઈએ તેઓના હાથમાં દિલરૂબા સોંપતાં કહ્યું: 'બાપા ! આપ આ વાજિંત્ર વગાડીને પ્રસાદીનું કરી આપો.'

સ્વામીશ્રીએ તે દિલરૂબા હાથમાં પકડતાં જ સૌ તેઓની પાસે એકઠા થઈ ગયા. સૌના કાન તેઓના સૂર સાંભળવા સરવા બની ગયા. સ્વામીશ્રીએ પણ આ ઉત્સુકતાને ઊંચે ચઢાવતાં પૂછ્યું: 'કયો રાગ વગાડીએ ?' આમ કહી તેઓએ વગર વાજિંત્રે ગમ્મતનો સૂર તો છેડી જ દીધો.

તે સાંભળી સૌ 'માલકૌંસ... ભૂપાલી... મલાર... કલાવતી...' એમ પોતપોતાની પસંદગી બોલવા લાગ્યા, પણ જ્યારે સૌ અટક્યા ત્યારે સ્વામીશ્રી હસતાં-હસતાં બોલ્યા: 'આપણે રાગ 'સુખિયો' વગાડીએ !'

સંગીતકારોની પહોંચ બહારનો આ રાગ છેડતાં સ્વામીશ્રીએ થોડી વાર દિલરૂબા વગાડી હરિભક્તને તે પરત કર્યું ત્યારે ખરેખર, ચારેકોર રાગ 'સુખિયા'ની હવા જામી ગયેલી.

ચર્ચમાં ગૂંજ્યું 'સ્વામિનારાયણ' નામ

હજી ગઈકાલે જ સ્વામીશ્રીએ છેડેલા રાગ 'સુખિયા'નાં ઘેન ઊતર્યાં નહોતાં ત્યાં તો તા. ૧૮/૬ની સવારે તેઓએ સિતારના તાર રણઝણાવીને સૌના અંતરતાર ગુંજતા કરી દીધા. આ જ અનુભવ આજે સ્વામીશ્રીએ મેયરની કચેરીમાં પધારી નગરપતિને પણ કરાવ્યો.

અહીંથી તેઓ પચીસેક કિ.મી.ના અંતરે આવેલા બુઝોરા પેરીશ જઈ પહોંચ્યા. અત્રે રહેતા પાદરીશ્રી ક્લીમેન્ટના આમંત્રણથી આવેલા તેઓનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ યજમાન પાદરીએ ચર્ચમાં ગોઠવેલું ચિત્રપ્રદર્શન સ્વામીશ્રીને બતાવ્યું. તે નિહાળીને સભામાં બિરાજેલા સ્વામીશ્રી સમક્ષ આફ્રિકન ભાઈઓએ સંવાદ અને સત્સંગી યુવાનોએ 'સ્વામિનારાયણ' મહામંત્રના ગાન સહિત રાસની રમઝટ મચાવી. આ રાસોત્સવમાં આફ્રિકન બંધુઓ પણ સામેલ થતાં ઇન્ડો-આફ્રિકન સંસ્કૃતિના સુમેળનું અદ્‌ભુત દૃશ્ય સર્જાઈ રહ્યું.

રાસની ચરમસીમાએ અહીંના ખ્રિસ્તી કલાકારોએ બનાવેલું શ્રીજીમહારાજનું તૈલચિત્ર, શ્રીજીમહારાજની કાષ્ઠ-કલાકૃતિ તથા હાથવણાટની ચાદર સ્વામીશ્રીને અર્પણ કરવામાં આવ્યાં. સ્વામીશ્રીએ પણ 'જય શ્રી સ્વામિનારાયણ' લખેલી ચાદરો બે પાદરીઓને ઓઢાડી તેઓનું બહુમાન કર્યું. તે પછી સંતોએ સ્વાહિલી કીર્તન *'કીલા મોજા...'* ગાઈ સૌને આનંદ કરાવ્યો.

અંતે સ્વામીશ્રીએ આશીર્વાદ વરસાવતાં કહ્યું : 'મનુષ્યોની દરિદ્રતા દૂર કરવી એ માનવધર્મ છે. દરેક ધર્મો મળીને કાર્ય કરે તો દુનિયામાં શાંતિ થઈ જાય.'

આ આશીર્વચનની સાથે સ્વામીશ્રીએ આર્થિક રકમ અને સામગ્રીઓની ભેટ પણ આ ચર્ચમાં અર્પણ કરાવી. તેઓની આ ઉદારતાથી છલકાઈ ગયેલા સૌએ હર્ષઘેલા બની સ્વામીશ્રીને વિદાય બક્ષી ત્યારે આફ્રિકાનું આ ચર્ચ પણ 'સ્વામિનારાયણ'ના નામથી ગુંજી રહેલું. દ્વિશતાબ્દીએ શ્રીજીમહારાજનાં નામ-કામ સ્વામીશ્રી ખૂણે ખૂણે પ્રસરાવી રહેલા.

દિલના દયાળુ અત્યંત

બુઝોરાથી મ્વાન્ઝા થઈને દારેસલામ પધારેલા સ્વામીશ્રી હવે આફ્રિકાની યાત્રા પર પૂર્ણવિરામ મૂકી રહ્યા હોવાથી તેઓના આ વિચરણની ચિરસ્મરણીય સ્મૃતિ મેળવવા માટે એક અગ્રણી હરિભક્તે વસ્ત્ર પર આશીર્વાદ લખી આપવા વિનંતી કરી. તેઓએ આ અરજ ગુજારી ત્યારે સ્વામીશ્રી વિશ્રામ માટે પલંગ પર પોઢી ગયેલા. પરંતુ ભક્તનો મનોરથ પૂરો કરવા તેઓ ફરી બેઠા થયા અને કપડા પર હસ્તાક્ષર પાડી આપ્યા. પણ છેલ્લે કાળજે કોતરવા જેવું વિધાન ઉચ્ચાર્યું કે 'આ લખેલા (આશીર્વાદ) કંઈ કામમાં નહીં લાગે. જીવમાં હશે તેટલું સાચું.'

સ્પષ્ટ સમજ આપવામાં સ્વામીશ્રી કદી સંકોચ ન રાખતા.

તે અનુસાર, આફ્રિકા બાદ હવે યુરોપને ખેડવા જઈ રહેલા તેઓ સાંજે ૭:૪૦ વાગ્યે એરપોર્ટ પર આવી પહોંચ્યા. અહીંથી ૮,૦૦૦ કિ.મી.ની છલાંગ મારવા માટે વિમાને ઉડાન ભરી ત્યારે તા. ૨૦/૬ની રાત્રિના નવ વાગેલા. આ હવાઈ જહાજમાં બે કલાક સુધી પત્રવ્યવહારની સેવા કરી સ્વામીશ્રી અગિયાર વાગ્યે વિમાનની છેલ્લી ત્રણ બેઠકોમાં પોઢ્યા.

વિમાની બેઠકો ગમે તેવી સુવિધાસજ્જ હોય તોય પથારીની ગરજ તો ન જ સારે. તેમાં પણ સ્વામીશ્રી હંમેશા 'ઈકોનોમી ક્લાસ'માં જ મુસાફરીનો આગ્રહ રાખતા. તેથી બેઠાં-બેઠાં કે સૂતાં-સૂતાં સાત-આઠ કલાકના પ્રવાસમાં શરીર જરૂર જકડાઈ જાય. છતાં આ સઘળી તકલીફો વેઠી તેઓ વિચરણને ઘડિયાળના કાંટે દોડતું રાખતા. આજે પણ એ જ રીતે સ્વામીશ્રી વિમાનની બેઠકો પર સંકડામણ અનુભવતાં સૂતા. પ્લેનમાં તાપમાન સાધારણથી વધુ નીચું હોવાને કારણે ઠંડીની અસર અનુભવાતી હતી. તેથી પોઢેલા સ્વામીશ્રી પર એક સંતની શાલ ઓઢાડવામાં આવી. તે જોઈ સ્વામીશ્રીએ તરત જ પૂછ્યું: 'એમને જરૂર નથી?'

પળે પળે અન્યનો વિચાર કરનારા તેઓ હતા *'દિલના દયાળુ અત્યંત...'*

જેને ઉર અતિ વૈરાગ્ય છે

તા. ૨૧/૬નું પ્રભાત ફૂટ્યું ત્યારે સ્વામીશ્રી યુરોપમાં પ્રવેશી ગયેલા. પોતાની પાંખો પર બેસાડીને તેઓને લઈ આવેલું શ્વેત હંસ જેવું વિમાન

સવારે સાડા છ વાગ્યે હીથ્રો એરપોર્ટ પર ઊતર્યું ત્યારે સૂર્યે હજી પોતાનું મોઢું વાદળો પાછળ જ છુપાવી રાખેલું. તેજસ્વી સ્વામીશ્રી સામે પોતાનું તેજ ફેલાવવામાં કદાચ તે સંકોચ અનુભવી રહેલો. પરંતુ સ્વામીશ્રીનાં દર્શન થતાં પ્રફુલ્લિત થઈ ઊઠેલા ભક્તોએ તો ઉમળકાભેર સ્વાગત કર્યું.

તે સ્વીકારી સ્વામીશ્રી શ્વેત રોલ્સ રોયસમાં બેસી ઈઝલિંગ્ટન મંદિરે આવી પહોંચ્યા ત્યારે અત્રે પણ બેસુમાર ગિરદીથી ઊભરાતા મંદિરનાં બંને તળ જોઈ તેઓ બોલી ઊઠ્યા : 'બાવો મોટો ને મઢી નાની થઈ ગઈ !'

સ્વામીશ્રી જ્યાં પધારે ત્યાં આવો જ ઘાટ સર્જાઈ રહેતો. આ ઘાટે ઊભા રહી આજે સૌએ પ્રચંડ જયઘોષ દ્વારા તેઓને આવકાર્યા.

આવા જ જયજયકારથી તા. ૨૨/૬ની બપોરે સાડા ત્રણ વાગ્યે રોયલ આલ્બર્ટ હૉલ ગાજી ઊઠ્યો. અહીં યોજાયેલી દ્વિશતાબ્દી નિમિત્તેની જાહેર-સભા સર્વધર્મ-સમભાવની સુગંધ પ્રસરાવતી હોય તેમ ઈસ્કોનના આચાર્યશ્રી, આર્ચ બિશપ ઑફ કેન્ટરબરીના પ્રતિનિધિ, લંડનની મસ્જિદના મુખ્ય ઈમામ તથા ઈંગ્લેન્ડના મંત્રીઓ વગેરે મહાનુભાવોથી દબદબાભરી બનેલી. તેમાં સ્વામીશ્રીએ શ્રીજીમહારાજનાં જીવન-કાર્યને વર્ણવતાં આશીર્વાદ પાઠવ્યા. ઈંગ્લેન્ડમાં સૌપ્રથમ વાર નવ હજાર ભાવિકોની જંગી મેદનીમાં સંપન્ન થયેલા હિન્દુ ધર્મના આ કાર્યક્રમથી દ્વિશતાબ્દીનો ગગનભેદી ઉદ્‌ઘોષ થઈ રહ્યો.

આ ભવ્ય સભાના પડઘા સાંભળી તા. ૨૩/૬ની સવારે 'આઈ' ટી.વી.ના સંવાદદાતાઓ સ્વામીશ્રી અને મંદિરનાં દૃશ્યોને કચકડે મઢવા આવી પહોંચ્યા. તેઓએ ઝડપેલાં ફોટા-ફિલ્મો આજે જ બે વખત ટી.વી. દ્વારા પ્રસારિત થયાં. તે દ્વારા ૪૦ લાખ ઈંગ્લેન્ડવાસીઓએ ઘેર બેઠાં ગુણાતીત સત્પુરુષનાં દર્શનનો લહાવો લૂંટ્યો.

આ દર્શનલાભ પ્રેસ્ટનને આપવા સ્વામીશ્રી તા. ૨૪/૬ના રોજ નીકળ્યા તે દિવસે એકાદશી હતી, પરંતુ હરિભક્તોના પ્રેમપ્રવાહ સામે ઝૂકીને તેઓએ સંતોને ફરાળ ગ્રહણ કરવાની છૂટ આપેલી. તેથી બપોરે બારેક વાગ્યાના સુમારે વુલ્વરહેમ્પ્ટન નજીક હીલ્ટન મોટર પાર્ક પાસે સૌ ફરાળ કરવા બેઠા. તે વખતે એક સંતે વિનંતી કરી કે 'બાપા ! આપણી સાથે કેટલાક યુવકો છે કે જેઓએ આજે નિર્જળા એકાદશી કરી છે. તો તેઓને પણ ફરાળની છૂટ આપો તો સારું.'

'એ લોકો ભલે કરે. આ તો આપણે પણ નિર્જળા ઉપવાસ કરવાનો

હોય ! પણ હરિભક્તોએ આગ્રહ કર્યો એટલે ફરાળ કરીએ છીએ. કોઈક તો ઉપવાસી છે એમ કહેવા માટે જોઈએ ને ! માટે યુવકોને કરવા દો. આ તો 'સબ સબડિયા' જેવું કરવા બેઠા છે.' સ્વામીશ્રી બોલ્યા.

'જેને ઉર અતિ વૈરાગ્ય છે...' એવા તેઓ ભક્તોના પ્રેમાગ્રહ સામે ઉપવાસ બાબતે પ્રસંગોપાત્ત નમતું જોખતા, પણ સ્વામીશ્રીનો અંતરાત્મા તો તપને જ ઝંખતો.

નિર્માની અહંતા મદ નાંહીં

પ્રેસ્ટન પહોંચેલા સ્વામીશ્રી માટે મેયરશ્રીએ પોતાની કચેરીમાં પધારવાના આમંત્રણ સાથે પોતાની મોટર પણ મોકલી આપેલી. તેમાં બિરાજી સ્વામીશ્રીએ પોલીસ એસ્કોર્ટના દમામ સાથે 'મેયર્સ પાર્લર'માં પગલાં પાડ્યાં. અત્રે તેઓનું યથોચિત સ્વાગત કરી નગરપતિશ્રી બુચરે કૃતાર્થતા અનુભવી.

અહીંથી સ્વામીશ્રી મેયરની સાથે જ ગીલ્ડ હૉલની જાહેર-સભામાં પધાર્યા ત્યારે અત્રે ઉપસ્થિત કૈંક અંગ્રેજ અગ્રણીઓ પાસે અહીં આવવાનાં પોતાનાં આગવા કારણો હતાં. તે જણાવતાં પ્રથમ કોમ્યુનિટી રિલેશનના ચૅરમેને સ્વામીશ્રીને કહ્યું: 'આપ વિશાળ દૃષ્ટિવાળા છો અને ખૂબ જ ખંતથી કાર્ય કરવાવાળા છો. આપની અડગ નિષ્ઠા અને ભક્તિભાવ પ્રશંસનીય છે.'

આ જ રીતે બધિર શાળાના અંગ્રેજ ચૅરમેનને સ્વામીશ્રીએ બધિર લોકો માટે કરેલી આર્થિક સહાય અભિભૂત કરી ગયેલી. તેથી કૃતજ્ઞ બનેલા તેઓ આજે સ્વામીશ્રીને વધાવવા દોડી આવેલા.

જેમ મહાસાગરનાં જળ કેટલાય દેશોની સરહદને સ્પર્શતાં લહેરાય, તેમ સ્વામીશ્રીનો ઘૂઘવતો સદ્‌ગુણસાગર પણ જનજનને સ્પર્શતો. છતાં તેથી તદ્દન અલિપ્ત સ્વામીશ્રી તો સદા નમ્રભાવે જ વર્તતા.

તેથી જ તો તેઓ પ્રેસ્ટનના રોકાણ દરમ્યાન એક વાર ચાલતાં-ચાલતાં જ પધરામણીએ નીકળ્યા. હરિભક્તોનાં ઘર નજીક-નજીકમાં હોવાથી ગાડીમાં બેસવા-ઊતરવામાં ઘણો સમય જાય તે સ્વામીશ્રીને પસંદ નહીં. પરંતુ તેઓને પગપાળા પધરામણી કરતાં જોઈ એક સંતે કહ્યું : 'સ્વામી ! આપને માટે તો મર્સીડીઝ ગાડી સારી. તેમાં બેસતાં-ઊતરતાં ફાવે.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'આવોયા મર્સીડીઝની વાત કરે છે ને પેલા ગુરુ (અરવિંદભાઈ) રોલ્સ રોયસની વાત કરે છે, પણ ઘેર હતા ત્યારે તો

ઢેફાં ભાંગતા'તા. મર્સીડીઝ જોઈ પણ નહોતી. ભૂમશી ખોદતા'તા.'

જ્યારે અંગ્રેજ મેયરો પોતાની મોટરમાં સ્વામીશ્રી બેસે તેને ગૌરવાસ્પદ ઘટના ગણતા હોય ત્યારે પોતાને માટે આવો અભિપ્રાય ઉચ્ચારવો એ જનસામાન્યના ગજા બહારની વાત છે. પરંતુ *'નિર્માની અહંતા મદ નાંહીં...'* જેવા સ્વામીશ્રી માટે તો આ સાવ સરળ બાબત હતી.

ધર્મે ખાવું, ધર્મે પીવું

તા. ૨૫/૬ના રોજ સ્વામીશ્રી પ્રાતઃપૂજા માટે રાધાકૃષ્ણ મંદિરમાં પધાર્યા ત્યારે ઠાકોરજી અને તેઓની આસપાસ ૨૦૦ દીવા તથા વિવિધ ફળ-ફળાદિ મૂકીને સુંદર શોભા રચવામાં આવેલી. સૌનાં મનમાં સ્વામીશ્રીએ દ્વિશતાબ્દીનો એવો ઠેલ મારી દીધેલો કે દરેક ક્રિયામાં ૨૦૦નો આંક જ નજર સમક્ષ રમ્યા કરે. તદનુસાર થયેલી આ સેવા-શોભા સ્વીકારી સ્વામીશ્રીએ પ્રાતઃપૂજા બાદ કથામૃતનો ઘૂંટડો પિવડાવતાં કહ્યું : 'આપણે દેહને રાખવો નથી, ભગવાનને રાખવા છે. ભગવાન ને ધામ સિવાય કોઈ વસ્તુ સારી નથી.'

રખાવટનો આ વિવેક સમજાવી પધરામણી માટે નીકળી પડેલા સ્વામીશ્રી બપોરે એક વાગ્યે ચીમનભાઈના ઘેર ઠાકોરજી જમાડવા પધાર્યા ત્યારે જે ખંડમાં ભોજન લેવાનું હતું ત્યાં જાજમ બિછાવેલી. પણ તે ઓરડાની બહાર પરસાળ સુધી લંબાયેલી, તેથી તેની પર બેસીને જમવામાં રસોઈની શુદ્ધિ જળવાય તેમ ન લાગતાં, સ્વામીશ્રી આ બાબતે કોઈ ચર્ચા-વિચરણા કર્યા વિના ઘરની પાછળના ભાગમાં પહોંચી ગયા. ત્યાં બગીચો જોઈ એક હરિભક્તને કહ્યું : 'ચાદર લાવો.'

આ આદેશ ઝીલી તે ભક્ત ઉત્સાહથી ચાદર લઈ આવ્યા. તે પાથરીને સ્વામીશ્રી બહાર ખુલ્લામાં બેસી ગયા, અન્ય સંતોને પણ ત્યાં બોલાવી લીધા અને ત્યાં જ રસોઈ મંગાવીને જમ્યા ! તેઓની રીત *'ધર્મે ખાવું, ધર્મે પીવું, ધર્મ વિના ન ધરવા પાવ...'*ની રહેલી. પૂરપાટ વિચરણમાં પણ સ્વામીશ્રી ધર્મનો લીટો લેશ ભૂંસાવા દેતા નહીં.

અન્નકૂટ વચ્ચે અનાસક્ત

દ્વિશતાબ્દીનો ઉદ્‌ઘોષ સમગ્ર પ્રેસ્ટનમાં કરવાના હેતુથી તા. ૨૫/૬ની સાંજે અબ્રાહમ પાર્ક પાસે આવેલા રીબલ્સ ડેલથી શરૂ થયેલી શોભાયાત્રા

ફીશર ગેટ થઈને રાધાકૃષ્ણ મંદિર સુધી પહોંચી. તેમાં ઠાકોરજી સહિત સ્વામીશ્રીએ પણ એક ઘોડાની બગીમાં બિરાજી સૌને દર્શનદાન દીધું.

આમ, પ્રેસ્ટનમાં સત્સંગની હવા પ્રસરાવી તેઓ બોલ્ટન પધાર્યા ત્યારે અહીંના મંડળનો ભક્તિભાવ તેઓએ તૈયાર કરેલા અન્નકૂટમાં પણ દેખાતો હતો.

ઠાકોરજીને ધરાવેલાં આ વિવિધ વ્યંજનોમાંથી કેટલીક વાનગીઓની થાળી ભરી એક સંત સ્વામીશ્રી માટે લઈ આવ્યા. તે થાળી તેઓએ એક નાની ટિપોઈ પર મૂકી. વળી, બાકી રહેલી વાનગીઓમાંથી થોડું થોડું લઈ બીજી થાળી ભરી લાવ્યા, પરંતુ બેય થાળી એક સાથે સમાય તેટલી પહોળી ટિપોઈ ન હોવાથી એ સંતે મોટું ટેબલ ગોઠવ્યું. તે પર અન્નકૂટના પ્રસાદરૂપે વિવિધ વાનગીઓની થાળી સ્વામીશ્રી સમક્ષ મૂકવામાં આવી. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'બહુ ઠઠારો ન કરવો. બે-ત્રણ વસ્તુ મૂકી દેવી. બધું ઠાકોરજીને ધરાવવું.'

અન્નકૂટ વચ્ચે અનાસક્ત રહેવાનું સ્વામીશ્રીને સહજ હતું.

ચાર કલાકમાં ૨૬ વર્ષનું કામ

બોલ્ટનથી આસ્ટન પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે અહીંની રસેલ સ્ટ્રીટ પર મંદિર માટે સંપાદિત થયેલા ત્રણ માળના વિશાળ મકાનનો ઉદ્ઘાટન-વિધિ તા. ૨૬/૬ના રોજ સંપન્ન થયો. પ્રભુસેવાનું આ દ્વાર ખોલી તેઓએ આજે જનસેવાની પણ બારી ઉઘાડતાં એક સ્થાનિક શૈક્ષણિક સંસ્થાને માતબર રકમનું અનુદાન અર્પણ કર્યું.

આમ, જગતના ઉદ્ધાર અને આત્માના કલ્યાણની પ્રવૃત્તિ એકમેકને સમાંતર ચલાવનારા સ્વામીશ્રીએ તા. ૨૭/૬ની પ્રાતઃકથામાં વચનામૃત(ગ.પ્ર. ૭૬) રેલાવ્યું કે 'સૌના સારામાં આપણું સારું, સૌના ભલામાં આપણું ભલું. દરેકને વિષે જો સારી ભાવના રાખીએ તો આપણને શાંતિ થાય. સ્વભાવ વધવા ન દેવા, ભક્તિને વધવા દેવી. માન એક છે, આપણે ઝાઝા છીએ. એક વસ્તુ માટે બધાને ઇચ્છા થાય તો ઝઘડો થાય. આપણે ભગવાનના ઠરાવે ઠરાવ કરવું. મનમુખી ન થવું, ગુરુમુખી થવું. ભગવાનના ઠરાવ માટે જ સત્સંગી થયા છીએ. એવું કરવું કે ભગવાન ને સંતને થડકો ન રહે, કહેવું હોય તે કહી શકે.'

સરળતાની આ શીખ આપી પધરામણીએ નીકળી પડેલા સ્વામીશ્રી આજે ઓલ્ડહામ અને માંચેસ્ટરને પણ પાવન કરી આવ્યા.

આ પધરામણીઓમાં એક ઘેર તેઓ પધાર્યા ત્યારે યજમાન પૂજન માટે કંકુ પલાળવા જતા હતા. તે જોઈ સ્વામીશ્રીએ કહ્યું : 'કુમકુમ પલાળવું નહીં. વાપર્યા વિનાનું બગડે. કોરું રાખવું.'

એક તરફ વિરાટ દ્વિશતાબ્દી મહોત્સવને શિરે લઈને ફરતા તેઓએ ચપટી કંકુ પણ વેડફાવા ન દીધું.

આવી બિનહરિફ ચીવટના ધણી સ્વામીશ્રીનાં દર્શને મેયર, સાંસદ સહિત અનેક યુરોપિયનોનો પ્રવાહ ચાલુ જ રહેતો. તેમાંય એક અંગ્રેજ શ્રી જોન ફોસ્ટરને તો સ્વામીશ્રીની જ લગની લાગી જતાં તેઓ છેલ્લા બે દિવસથી લાભ લેવા નિયમિતપણે આવતા હતા. તેઓએ તા. ૨૭/૬ની સાયંસભામાં પોતાના અંતરને ખોલવાની અનુમતિ માંગી જણાવ્યું કે 'આપ સૌ જે કાર્ય કરી રહ્યા છો તે અદ્‌ભુત છે. ચાર કલાકમાં હું અહીં જે શીખ્યો છું તે મારી ૨૬ વર્ષની જિંદગીમાં નથી શીખ્યો ! સ્વામીશ્રી વિષે મને પોપ અને આર્ચ બિશપ જેવો આદર થયો છે.'

ખરેખર, સ્વામીશ્રીના સહવાસનું સંમોહન અજબ રહેતું.

આવી વાત મારે સંભળાય પણ નહીં

તા. ૨૮/૬ની સવારે આસ્ટનના મંદિરમાં મૂર્તિઓની પુનઃપ્રતિષ્ઠા કરી સ્વામીશ્રી બ્રેડફર્ડ થઈ લેસ્ટર જવા માટે તૈયાર થયા. સાંજના પાંચેક વાગ્યાના એ સમયે ઠાકોરજીનાં દર્શન બાદ બહાર પધારી રહેલા તેઓ સમક્ષ કો'કે વેવલાઈ કરી કે 'બાપા ! મહિલાઓને દર્શન થાય તેમ આવજો.'

'તમે સમજો. આવી વાત તમારે મને કહેવાય નહીં અને મારે સંભળાય પણ નહીં.' સૌમ્ય કડકાઈ ધારણ કરતાં સ્વામીશ્રીએ તે હરિભક્તને કહી દીધું.

તેઓનું અષ્ટાંગ બ્રહ્મચર્યવ્રત ભલભલાનાં કાળજાં તોડે તેવું હતું. વ્રત-નિયમમાં અણિશુદ્ધ રહેનારા તેઓ ખરેખર વિશ્વની હરતી-ફરતી અજાયબી હતા.

આ આશ્ચર્ય લેસ્ટરમાં પધારતાં અહીં તા. ૨૯/૬ની સવારે 'લેસ્ટર રેડિયો'ના સંવાદદાતાઓએ સ્વામીશ્રીનો ઈન્ટરવ્યૂ લીધો. તે આકાશવાણી પરથી પ્રસારિત થતાં હજારો કાનમાં સ્વામીશ્રીનો બ્રહ્મનાદ ગુંજી ઊઠ્યો.

તેનો એક પડઘો આજની સાંજે 'ટેરીટોરીઅલ આર્મી સેન્ટર'ના હૉલમાં પણ ગાજ્યો. અત્રે આયોજિત દ્વિશતાબ્દીની વિશેષ સભામાં લેસ્ટર અને ચાર્નવુડના મેયર તથા પૂર્વ લેસ્ટરના સાંસદ સહિત અનેક આમ અને ખાસ

અંગ્રેજ આદમીઓ ઉપસ્થિત રહ્યા. શ્રીજીમહારાજના જીવન-કાર્યલક્ષી કીર્તનો-પ્રવચનોથી પ્રભાવિત થયેલા તેઓએ દ્વિશતાબ્દી મહોત્સવની શુભેચ્છાઓ પાઠવી.

આમ, પ્રત્યેક શહેરમાં દ્વિશતાબ્દીનો નાદ ગુંજાવતા સ્વામીશ્રી રોજિંદી કથા-વાર્તા અને ગોષ્ઠીઓમાં સત્સંગના ઊંડાણની પ્રેરક વાતો પણ કરતા.

આ ક્રમમાં તા. ૩૦/૬ની રાત્રે યુવકો સાથે બેઠેલા તેઓએ કહ્યું :

'આપણે જગતની મોટપ લેવા આવ્યા નથી, પણ મોટાપુરુષને રાજી કરવા આવ્યા છીએ. વ્યવસ્થા માટે મંડળમાં પ્રમુખ વગેરે કર્યા હોય. પણ નાના-મોટા બધાને એમ ઇચ્છા રહે કે 'હું ધારું તેમ થાય.' સારું થાય તે માટે 'સજેશન' (સૂચન) મૂકવું પણ તેમ ન થાય તો સત્સંગ મૂકી ન દેવાય. કોઈનો સ્વભાવ ગરમ હોય તો તે રીતે 'ટેકલ' કરવાનો(સાચવવાનો). એક-બીજાના દોષ જોયા કરો તો ઊંચા જ ન આવીએ. દરેકનો ભગવાનને રાજી કરવાનો પ્રયત્ન છે. 'જે થયું તે સારું થયું છે' એમ માની પ્રેમથી, લાગણીથી સૌને સહકાર આપવો. આપણા ગુરુ એક, ઇષ્ટદેવ એક. જેને જે સારું લાગે તે રીતે આપણે ભળી જવું.'

આ અદ્‌ભુત સેવારીતિ શિખવાડી રહેલા સ્વામીશ્રી ખુરશીમાં બે હાથ બે બાજુ ખુલ્લા રાખી બિરાજ્યા હોવાથી રાજાધિરાજની જેમ શોભી રહેલા. તે જોઈ એક હરિભક્તે વસવસો વ્યક્ત કર્યો કે 'અત્યારે ટાઇમે જ કોઈ કૅમરાવાળો દેખાતો નથી ! કેવા અલૌકિક શોભી રહ્યા છે બાપા !'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'કૅમરાની જરૂર નથી. આ બેઠી છે તે મૂર્તિ અંતરમાં ઊતરી જાય તો કાયમ ફોટો પડી જાય.'

સ્વામીશ્રીએ સાધનની નહીં, પણ સાધનાની મહત્તા સમજાવી દીધી. તેઓ ભગવાન અને ગુરુની છબીઓથી કેવળ 'આલ્બમ' નહીં, પણ અંતર ભરવાના હિમાયતી રહેલા.

આપણે સામાન્ય છે તે સારું છે

તા. ૧/૭ના રોજ લેસ્ટરના મંદિરમાં મૂર્તિઓની પુનઃપ્રતિષ્ઠા કરી સ્વામીશ્રી પોતાના ઉતારે પત્રવ્યવહારમાં પરોવાયા. તે વખતે ઘનશ્યામપ્રસાદદાસ સ્વામીએ પૂછ્યું કે 'બાપા ! મુંબઈના આપના ઉતારામાં એક હરિભક્ત નવું અમેરિકન એરકન્ડિશન્ડ મશીન મુકાવવા માંગે છે. તો તેમને શું કહેવું ?'

'તેને 'ના' કહેવી. આપણે સામાન્ય છે તે સારું છે. હવા જ ખાવી છે

ને !' સ્વામીશ્રીએ કહી દીધું.

સારી ગુણવત્તાવાળા મશીન દ્વારા શું શું ફાયદા થાય તે વિગતથી તેઓ અજાણ નહોતા; પરંતુ તેઓનો ઢાળો જ *'વાત ગમે રે વૈરાગ્યની...'*નો. તેથી અસાધારણ સુવિધા સ્વામીશ્રીને પચતી જ નહીં.

હવે આંખો સાવ ગઈ

આ અરસામાં સ્વામીશ્રીને કાનમાં ખંજવાળનો અનુભવ વિશેષ માત્રામાં થતો હોવાથી ત્યાં સળી દ્વારા દવા લગાવવામાં આવતી. તેઓની આ પ્રાસાદિક સળી વડે એક સહપ્રવાસી સંત પણ પોતાના કાનમાં દવા લગાવતા. અહીં એક વાર સ્વામીશ્રીએ તેઓને પૂછ્યું : 'તમારે હવે કાનમાં કેમ છે ?'

'સારું છે, બાપા !'

'તો એક કામ કરો. તમારી પ્રસાદીની સળીથી મારા કાનમાં દવા લગાવો. તમને સારું થઈ ગયું તો મને પણ થાય.'

સ્વામીશ્રીની આ માર્મિક ટકોરથી ચારેબાજુ રમૂજની રંગરેલ ચાલી રહી. *'હાસ્યરસ એમ વાતમાં લાવ્યા, સ્વામીએ જન સૌને હસાવ્યા...'*નું આવું વાતાવરણ તેઓના સાંનિધ્યમાં પ્રાસંગિક નહીં, કાયમી ધોરણે રહેતું. કોઈ પર કડવો કટાક્ષ કર્યા સિવાય, નિર્દોષ રમૂજ નિષ્પન્ન કરવાનું શીખવા માટે સ્વામીશ્રીને 'ગાઈડ' બનાવવા જેવા ખરા.

પોતાની આ હળવાશ સાથે સ્વામીશ્રી લેસ્ટરમાં પધરામણીઓ કરીને એક ઘેર ઠાકોરજી જમાડવા પધાર્યા ત્યારે તેઓના પગની ઠેસ લાગવાથી તુંબડી આડી પડી જતાં પાણી ઢોળાયું. આસન ભીનું થયું. આ દુર્ઘટના જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'હવે આંખો સાવ ગઈ. આટલું નજીક પડેલું પણ દેખાતું નથી. લાઈટ સામું કોઈ પણ ઊભો હોય તો દેખાય નહીં. હવે તો કાગળ પણ વંચાતો નથી.'

આ બયાન સાંભળી સૌ દ્રવી ઊઠ્યા. સહનશીલ સ્વામીશ્રી કદી પોતાની પીડાનો અણસાર કોઈને આવવા ન દેતા, પરંતુ આવા પ્રસંગો બને ત્યારે તે પ્રકાશી ઊઠતી. આજે આ પરિસ્થિતિ જાણી સંતોએ પૂછ્યું : 'બાપા ! દેશમાં જઈને મોતિયો ઉતરાવશું કે...'

'હજી તો છ મહિના થાય, વર્ષ થાય, બે વર્ષ થાય કે ચાર વર્ષ થાય. શું ખબર ક્યારે મોતિયો પાકે ? ત્યાં સુધી આમ જ ફરવાનું છે.' સ્વામીશ્રી બોલ્યા.

સામેની વ્યક્તિ-વસ્તુ સૂઝે નહીં તેવા સંજોગોમાં, કોઈ પણ મનુષ્ય એક સ્થળે ઠરીઠામ થઈ જાય, પણ તેમાંય સ્વામીશ્રીને વિચરણનો ઉત્સાહ અડીખમ જ રહ્યો. સાચે જ, ભક્તો પ્રત્યેની તેઓની કરુણા બેહિસાબ હતી.

સુખ અંતરે રે, સંત સાચા ભોગવે રે

તા. ૨/૭ના રોજ લેસ્ટરથી ભાવભીની વિદાય લઈ સવારે અગિયાર વાગ્યે વેલિંગબરોના મંદિરે આવી પહોંચેલા સ્વામીશ્રીના સ્વાગતમાં, સત્સંગીઓની સાથે બી.બી.સી. સંસ્થાના ખબરપત્રીઓ પણ ઉપસ્થિત હતા. તેઓએ કચકડે કેદ કરેલી સ્વામીશ્રીની તસવીરોથી 'Look East' કાર્યક્રમ અંતર્ગત આશરે ૨૫ થી ૩૦ લાખ વ્યક્તિઓને સ્વામીશ્રીનાં દર્શન થઈ ગયાં !

અત્રે મંદિર-દર્શન બાદ સ્વામીશ્રી સ્વાન્સપુલમાં આવેલા વેલિંગબરોના વહીવટી સંકુલમાં મેયરશ્રીના નિમંત્રણથી પધાર્યા. અહીં નગરપતિએ તેઓને હર્ષભેર વધાવી દ્વિશતાબ્દીની શુભેચ્છા પાઠવી.

આ મેયર-મુલાકાત બાદ સ્વામીશ્રી પુનઃ મંદિરે પધાર્યા ત્યારે 'આઈ' ટી.વી. તથા 'એંગ્લીઆ ન્યૂઝ'ના ખબરપત્રીઓ તેઓની ફિલ્મ લેવા ઉપસ્થિત હતા. તેઓએ કરેલું દૃશ્ય-શ્રાવ્ય મુદ્રણ પણ આજે સાંજે જ લાખોની જન-સંખ્યાએ નિહાળ્યું.

આમ, વેલિંગબરોમાં વિજયડંકા ગજવી સ્વામીશ્રી તા. ૩/૭ની સાંજે વિદાય લઈ નોર્ધમ્પ્ટન, મિલ્ટન કીન્સ, બ્લેચલીને પાવન કરતાં લંડન તરફ ગતિ કરી રહેલા. તે વખતે સહપ્રવાસી સંતોએ ગોઠડી માંડતાં પૂછ્યું કે 'સ્વામી ! ગુણાતીત સત્પુરુષને પહેલેથી જ સાક્ષાત્કાર હોય ને ?!'

'હા, જન્મથી જ. પણ એ તો પાછળથી પ્રભાવ દેખાડે એટલે એવું લાગે.' એમ કહી સ્વામીશ્રીએ ભગતજી મહારાજે કરેલી સાધનાની વાતો સંભળાવી.

તેના સંદર્ભમાં સંતોએ પૂછ્યું : 'ભગતજી મહારાજની જેમ ૨૩ કલાક સેવા કરીએ, બે દિવસ ઉપવાસ બાદ એક દિવસ જમીએ તો જ મોટાપુરુષ રાજી થાય ?'

'મોટાપુરુષની અનુવૃત્તિ પ્રમાણે કરે તો રાજી થાય.' સાધનાની દિશા ચીંધતાં સ્વામીશ્રીએ કહ્યું.

આમ, સડસડાટ દોડતી ગાડી સાથે ઢોળાતું સ્વામીશ્રીનું જ્ઞાનામૃત ખોબલે-ખોબલે ભરતાં સંતોએ પૂછ્યું : 'સ્વામી ! આપને ભગવાનનું અખંડ

સુખ આવે છે તે કઈ રીતે ?'

'જેમ (સૌને) ખાવાનું, સૂવાનું બધું સુખ આવે છે ને ! 'બહુ સરસ ઊંઘ આવી...' 'જમવાની મજા આવી...' તેમ ભગવાનનું સુખ આવે.'

સ્વામીશ્રીના મુખે સુખનો સ્વાદ ચાખતાં સૌ રાત્રે બાર વાગ્યે લંડન આવી પહોંચ્યા.

લંડનની વિશ્વધર્મ પરિષદ

મીડલેન્ડ્સમાં દ્વિશતાબ્દીનો સંદેશો ગુંજાવી લંડન પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૫, ૬ જુલાઈના રોજ વેમ્બલી કૉન્ફરન્સ સેન્ટરમાં વિશ્વધર્મ પરિષદ યોજાઈ. આ સંસ્થાકીય આયોજનમાં હિન્દુ, જૈન, શીખ, બૌદ્ધ, ખ્રિસ્તી, યહૂદી, મુસ્લિમ વગેરે વિવિધ ધર્મોના ૨૨ જેટલા વિદ્વાન વક્તાઓએ માનવતા, સંવાદિતા, સહિષ્ણુતા વગેરે મૂલ્યો વિષયક વિશદ વિમર્શ કર્યો. પરિષદનો આ પરિપાક સાંભળવા માટે ૨,૬૦૦ની ક્ષમતા ધરાવતો સભાગૃહ બે દિવસનાં ચારેય સત્રો દરમ્યાન ભરચક રહ્યો.

તા. ૫/૭ની સવારે સ્વામીશ્રી દ્વારા થયેલા દીપપ્રાગટ્યથી ખુલ્લા મુકાયેલા આ સમારોહમાં અંગ્રેજ મંત્રીઓ, ભારતીય રાજદૂત, વિલ્સડેનના બિશપ વગેરેએ સભાધ્યક્ષ તરીકે હાજરી આપી, તો વેસ્ટ મિન્સ્ટરના મદદનીશ બિશપ, ભારતીય વિદ્યાભવનના રજિસ્ટ્રાર, ઈસ્લામિક સેન્ટર અને કેન્દ્રીય મસ્જિદના ઈમામ, આર્ચ બિશપના પ્રતિનિધિ, 'પ્લેન ટ્રુથ' સામયિકના વિભાગીય નિદેશક સહિતના ધુરંધર વિદ્વાનોની સાથે સંસ્થાના સુજ્ઞ સંતો-ભક્તોએ મનનીય પ્રવચનો દ્વારા શ્રીજીમહારાજનાં જીવન-કાર્યની ગરિમા પ્રગટ કરી. અવ્વલ આયોજન, સમુચિત સંભાવના, બેનમૂન શ્રોતાશિસ્ત અને સ્વામીશ્રીના સૌજન્યથી આવનારા સૌ પ્રસન્ન થયા.

તેમાંના એક ભારતીય વિદ્યાભવનના રજિસ્ટ્રાર શ્રી માથુર તો બોલી જ ઊઠ્યા કે 'સન ૧૮૯૧માં શિકાગોમાં આવી ધર્મપરિષદ યોજાયેલી. ત્યારપછી પ્રથમ વાર આવી પરિષદ નિહાળીએ છીએ. ભગવાન સ્વામિનારાયણના પ્રતાપે આજે સર્વ ધર્મો ભેગા થઈને અહીં પરિષદમાં ભાગ લઈ રહ્યા છે.'

અંગ્રેજ મંત્રી શ્રી રૂહોડ્ઝ બોયસને પણ સ્વામીશ્રીને બિરદાવતા કહ્યું : 'આપ આટલા બધા ધર્મોને એકસાથે ભેગા લાવ્યા તે ખરેખર ધન્યવાદને પાત્ર છે.'

આમ, આ પરિષદ દ્વારા ધાર્મિક સંવાદિતાનો સૂર રેલાઈ રહ્યો. તેની સાથે સૌને સ્વામિનારાયણ સંપ્રદાયની વિશેષતાઓનો પણ ખ્યાલ આવ્યો. સ્વામીશ્રી દ્વારા પરાભક્તિનું વધુ એક પુષ્પ શ્રીજીમહારાજનાં ચરણે ચઢ્યું.

આ પરિષદના સમાપનમાં તેઓએ પણ ધર્મનો મર્મ પ્રગટ કર્યો કે 'નદીઓ સમુદ્ર તરફ જાય છે તેમ બધા ધર્મો ભગવાન તરફ લઈ જાય છે. સાચું જીવન જીવતાં શીખવે એ ધર્મ. સત્ વસ્તુ એટલે પરમાત્મા, શાસ્ત્રો તથા તેની આજ્ઞા પ્રમાણે જીવન જીવનારા સત્પુરુષ. સત્ય, દયા, અહિંસા અને બ્રહ્મચર્ય એ ધર્મના ચાર પાયા છે.'

વિના ચમત્કાર, અહીં નમસ્કાર

તા. ૭/૭ની સવારે રાબેતા મુજબ વચનામૃતનું રસપાન કરાવી રહેલા સ્વામીશ્રીને એક શ્રોતાએ કહ્યું: 'બાપા! મહારાજે એક રાતમાં પાંચસો પરમહંસો કરેલા. આપ દ્વિશતાબ્દીમાં પાંચસો સંતો ન બનાવો?!'

'મહારાજ તો સમર્થ હતા. એ ક્યાં ને આપણે ક્યાં?!' મહારાજની મોટપ પ્રસ્થાપિત કરતાં સ્વામીશ્રી બોલ્યા. પછી ઉમેર્યું : 'આપણે કોઈકને સાધુ બનવાની વાત કરવા જઈએ તો એની મા આડી પડે, એના બાપ-ભાઈ આડા પડે. મહારાજ તો સમર્થ. આપણે તો એના દાસ છીએ.'

દાસભાવના આ સહજ સૂર વહાવતા સ્વામીશ્રીએ કથા બાદ વૉટફર્ડના ઈસ્કોન મંદિરે દર્શન કરી, સાંજે વૉલ્ડહામ ફોરેસ્ટ થિયેટરમાં સભાનો લાભ આપ્યો.

હવે તો તાજેતરમાં યોજાયેલી વિશ્વધર્મ પરિષદના પડઘા આખા લંડનમાં ગાજવાથી વિવિધ ધર્મોના વડાઓ સ્વામીશ્રીને પોતાના ધર્મસ્થાનોમાં પધરાવવાની ઇચ્છા ધરાવતા હતા. તે ક્રમમાં તા. ૮/૭ની સવારે સ્વામીશ્રી યહૂદીઓના ધર્મવડા રબાઈ ડૉ. ઈમેન્યુઅલ જેકોબીવિટ્સના અતિથિ બન્યા.

યહૂદી સંગ્રહાલયમાં આવેલા એડોલ્ફ ટક હૉલમાં યોજાયેલી આ મુલાકાત પચાસ મિનિટ સુધી ચાલી. તે દરમ્યાન સ્વામીશ્રીએ આ ધર્મગુરુને દ્વિશતાબ્દી મહોત્સવથી વાકેફ કર્યા અને તેઓને અક્ષર-પુરુષોત્તમ મહારાજની તામ્રમૂર્તિ, યહૂદીઓના એક ઉત્સવના પ્રતીકરૂપે સ્ટીલનું સ્ટેન્ડ તથા સાંપ્રદાયિક સાહિત્ય ઉપહાર સ્વરૂપે આપ્યાં. સ્વામીશ્રીની સરળતા, સાદગી અને સાધુતાથી આકર્ષાયેલા આ ધર્મગુરુ વિદાય વખતે ઠેઠ દરવાજા સુધી વળાવવા આવ્યા.

આ દૃશ્ય મુખ્ય રબાઈના અંતેવાસીઓ માટે આશ્ચર્યકારક બની રહ્યું, કારણ કે આવું વિદાયમાન તેઓ દ્વારા જૂજ લોકોને જ પ્રાપ્ત થયેલું.

આમ, પાંદડે પાંદડે સ્વામિનારાયણનું ભજન કરાવવાનો ગુણાતીત સંકલ્પ પૂરો કરી રહેલા સ્વામીશ્રીનાં દર્શને આજની સાયંસભામાં અંગ્રેજ ધનાઢ્ય મિ. સાઈમન દોડી આવ્યા. તેઓએ વેમ્બલી કૉન્ફરન્સ સેન્ટરમાં સ્વામીશ્રીનાં દર્શન પહેલી જ વાર કર્યાં ત્યારથી અંતરમાં શાંતિનો શેરડો પડી ગયેલો. એ પ્રથમ દર્શનથી જ તેઓને પોતાની વૈભવી રોલ્સ રોયસ ગાડીમાં સ્વામીશ્રીને બેસાડવાની અભિલાષા જાગેલી. તે પૂર્ણ કરતાં સ્વામીશ્રી આજે સભા બાદ તેઓની ગાડીમાં બિરાજી ઉતારે આવવા નીકળ્યા.

આ સમયે સ્વામીશ્રી પાસેથી ઘણું માર્ગદર્શન મેળવનારા તે સજ્જને જણાવ્યું કે 'આપના જેવા અહંશૂન્ય થવું ઘણું દુર્લભ છે, કારણ કે બીજે નિર્માનીપણાનું પણ માન જોવા મળે છે. આજનો મારો દિવસ ધન્ય છે.'

સત્ય સિદ્ધાંત અને સાચા જીવનને કોઈ ચમત્કારની જરૂર પડતી નથી. આ વાત સ્વામીશ્રી પાસે યથાર્થ અનુભવાતી.

સારામાં સારું કાર્ય

દ્વિશતાબ્દી નિમિત્તે સ્વામીશ્રીનો નિર્ધાર હતો કે 'શ્રીજીમહારાજની સેવામાં ૨૦૦ સંતોને મૂકવા.' તેથી તેઓ દેશ-વિદેશના યુવાનોને હરિ ભજવાની હાકલ મારતા રહેતા. આખા દિવસની પરિશ્રમભરી પ્રવૃત્તિ પછી પણ મોડી રાત સુધી સ્વામીશ્રી યુવકોને સંસારના પોકળપણાની વાતો કરતા.

તા. ૮/૭ની રાત્રે યોજાયેલી આવી જ એક બેઠકમાં ત્યાગ માટે તત્પર યુવાનોને પીયૂષપાન કરાવતાં સ્વામીશ્રી બોલ્યા :

'સાધુ થવું તે સારામાં સારું કાર્ય છે. તે સુખની જ વાત છે. દૃઢતાથી થવું, લોલમલોલ નહીં. ગુરુના આદેશ મુજબ કાર્ય કરવું. એ જ એક દૃષ્ટિ રાખવી. ત્યાં (સાધુ થવામાં) દુનિયા કરતાં અનંતગણું સુખ છે. 'ત્યાગ ટકશે કે નહિ ?' એવો વિચાર ન કરવો. સત્સંગને માર્ગે ચાલીએ એટલે ત્યાગ, વૈરાગ્ય વગેરે આવે. સ્કૂલમાં બેઠા એટલે બધું આવડે. હિંમતવાળી વાત કરવી કે 'થશે જ.' મન મજબૂત કરી નાંખવું. આપણે દુઃખમાં નથી જતા. સારો માર્ગ લઈએ છીએ. યોગીજી મહારાજનો સંકલ્પ છે. આપણે ટેકો અડાડવાનો છે. સંસારમાં તો પાન ખાઈને મોઢું રાતું રાખે તેવું છે. મનની થોડી-ઘણી ચિંતા તો ભગવાનને

આશરે ટળી જશે. કથા-વાર્તા, ભજન-કીર્તનમાં રત રહો તો મૂંઝવણનું કોઈ કારણ નથી.'

પોતે ઉપાડેલા 'સારામાં સારા' કાર્યમાં ઝંપલાવવા સ્વામીશ્રીએ લગાવેલી આ હાકલ તેઓની ગુણાતીત સ્થિતિનું પ્રમાણ બની રહી, કારણ કે લંડન જેવી અલબેલી નગરીમાં ઉછરતા સુશિક્ષિત યુવાનોને સંસાર છોડવાની આવી વાતો કહેતાં કોની જીભ ઊપડે!

જા, તને ભગવાનની મૂર્તિ આપી!

યુવાનોની જેમ બાળકોનેય સ્વામીશ્રીનો નેડો લાગી જતાં તેઓ પણ ફૂલની ચોપાસ ભમતાં પતંગિયાંની જેમ સ્વામીશ્રીની આસપાસ મંડરાતાં રહેતાં. સવારે સ્વામીશ્રીને સ્નાન કરાવવાથી માંડીને રાત્રે પોઢતાં સુધી આ બાળવીરો, તેઓના શૂરા સરદાર સમા સ્વામીશ્રીનો કેડો મૂકતા નહીં. સ્વામીશ્રી પણ તેઓને વાર્તા, પ્રસાદ, રમત-ગમતના મેવા જમાડી પુષ્ટિ પમાડતા રહેતા. દુનિયાનાં કોઈ દેરા-દેવળ કે મઠ-મંદિરમાં ભાગ્યે જ જોવાં મળે એવાં આ વિરલ દૃશ્યો સ્વામીશ્રીના સાંનિધ્યમાં સહજ હતાં.

તે મુજબ તા. ૯/૭ની રાત્રે દસ વાગ્યે સ્વામીશ્રી ભોજન લઈ રહેલા ત્યારે યોગેન નામના ફક્ત ત્રણ વર્ષના બાળકે કીર્તન લલકારવું શરૂ કર્યું કે *'તમારા મૂર્તિ વિના મારા નાથ, બીજું મને આપશો મા...'*

બાળકના નિર્દોષ ભાવમાંથી ઘૂંટાઈને આવતું આ ભજન સાંભળી પ્રસન્ન થઈ ગયેલા સ્વામીશ્રી મોજ આપતાં હોય તેમ બોલ્યા: 'જા, તને ભગવાનની મૂર્તિ આપી!'

તેઓના આ ઉદ્‌ગારમાં સ્વ-સામર્થ્યનો ઉદ્‌ઘોષ પણ હતો. *'એક રૂપૈયો સાંપડે, નાણાવટુ ન થાય...'*ની જેમ, જેની પાસે ભગવાનની મૂર્તિ ન હોય તેના હોઠે આવા શબ્દ ફૂટે કેવી રીતે? પરંતુ સ્વામીશ્રી તો *'જેના અંતરમાં અવિનાશ, વાસ કરી વસિયા...'* જેવા હોવાથી તેઓએ આજે આવું વરદાન દઈ દીધું.

ભક્તિભાવે ભર્યું છે ભીતર

ભોજન બાદ પોતાના નિવાસકક્ષમાં બિરાજીને પત્રલેખન કરી રહેલા સ્વામીશ્રી પાસે એક હરિભક્ત વિશ્વધર્મ પરિષદની કેટલીક તસવીરો લઈ

આવ્યા. સ્વામીશ્રી તેને સૂક્ષ્મતાથી જોવા લાગ્યા. તેમાં એક છબી લેસ્ટરના સભામંચની આવી, જેમાં શ્રીજીમહારાજની મૂર્તિની બાજુમાં સ્વામીશ્રી બિરાજેલા. તે જોઈ તેઓ બોલ્યા : 'સંતો મહારાજને (મારા આસનની) પાછળ મૂકતા. મેં આગળ મૂકવાનું કહ્યું. તો જુઓ, કેવું સરસ લાગે છે !'

સ્વામીશ્રીને મંચ પર ભગવાન પોતા કરતાં આગળ કે ઊંચે જોઈએ. તેઓના મતે મંચના સુશોભનનો સારમાત્ર આટલી બાબતમાં આવી જતો. તેઓનો આ ભક્તિભાવ આજે પણ નાની-મોટી દરેક સભાની છબીઓમાં જોઈ શકાશે.

તસવીર-દર્શનના આ કાર્યક્રમમાં શ્રીજીમહારાજની મૂર્તિ જોઈ એક હરિભક્ત બોલ્યા : 'મૂર્તિ બહુ સુંદર લાગે છે.'

'અક્ષરધામમાંથી આવી છે.' સ્વામીશ્રીએ કેફથી કહ્યું.

'ભક્તિભાવે ભર્યું છે ભીતર...' સમા તેઓના એક-એક શબ્દો ભક્તિ-રસમાં તરબોળ થઈને ઊઠતા.

તેની વચ્ચે ચાલતા છબી-નિરીક્ષણમાં શ્રીજીમહારાજની મૂર્તિની આસપાસ બેઠેલા યુવકો દેખાયા, પણ તેમાં સ્વામીશ્રી નહોતા. તેથી એક યુવાને નિસાસો નાંખ્યો કે 'આપ તો આમાં નથી. એટલે આ ફોટો બરાબર ન કહેવાય.'

'આ છે ને !' ફોટોમાં રહેલી શ્રીજીમહારાજની મૂર્તિનો નિર્દેશ કરતાં સ્વામીશ્રીએ કહ્યું.

તેઓના આ ત્રણ અક્ષરમાં ઘણો ગૂઢાર્થ હતો. શ્રીજીમહારાજને કારણે ફોટો બરાબર કહેવાય તેવા નિર્દેશની સાથે, શ્રીજીમહારાજ સાથેની પોતાની એકતા તરફ પણ તેમાં ઈશારો હતો.

દેવળે ડંકા વાગે

સ્વામીશ્રીએ જગાવેલા દ્વિશતાબ્દીના જયઘોષની ગુંજ તા. ૧૦/૭ની બપોરે બે વાગ્યે લંડનના લેમ્બેથ પેલેસમાં પણ ઊઠી.

આ સમયે પ્રોટેસ્ટન્ટ ખ્રિસ્તીઓના ધર્મગુરુ આર્ચ બિશપ ઑફ કેન્ટરબરી ડૉ. રોબર્ટ રનસી સાથે સ્વામીશ્રીની મુલાકાત યોજાઈ હતી. તે માટે સ્વામીશ્રી આ મિલનસ્થળે પહોંચ્યા ત્યારે ચર્ચની આંતરધર્મ સંવાદિતા સમિતિના સચિવે તેઓનું સ્વાગત કર્યું. આ અગ્રણી જ ૮૦૦ વર્ષ પુરાણા આ સ્થાનનો ઈતિહાસ

જણાવતાં જણાવતાં સ્વામીશ્રીને ચર્ચ હાઉસ સુધી દોરી ગયા.

અહીં ટી.વી.-અખબારના પત્રકારોએ સ્ત્રી-સાધુ મર્યાદા અંગે પ્રશ્ન પૂછ્યો ત્યારે સચોટ ખુલાસો કરતાં સ્વામીશ્રીએ કહ્યું :

'ભગવાનના આદેશ અનુસાર આ મર્યાદા છે. તેમાં સ્ત્રીઓ પ્રત્યે કોઈ અભાવ, અરુચિ, તિરસ્કારની ભાવના નથી, પણ આ મર્યાદા શીલ સચવાય તેના માટે છે. સ્વામિનારાયણ ભગવાને સ્ત્રીઓનો ઘણો ઉદ્ધાર કરેલો છે. અમારાં સત્સંગી બાઈ-ભાઈઓ પોતપોતાનું જીવન મર્યાદામાં રહીને જીવે છે, તેથી અમને કોઈ તકલીફ પડતી નથી. સ્ત્રીઓના આત્માને દુઃખ થતું નથી. એને આનંદ થાય છે, અંતરમાં શાંતિ થાય છે. આર્ચ બિશપ બાઈઓ સાથે હાથ મિલાવે તેમાં અમારે કાંઈ વાંધો નથી. આ મુલાકાતનો હેતુ એકબીજાની નજીક આવી જગતમાં ધર્મભાવના કેમ વધે તે છે.'

ભારોભાર દૃઢતા અને ઉદારતાભર્યા આ ઉત્તરથી સર્વે સંવાદદાતા નિઃસંશય થઈ ગયા.

અહીંથી સ્વામીશ્રી પહેલે માળે આર્ચ બિશપને મળવા જઈ પહોંચ્યા ત્યારે બે ધુરંધર ધર્મગુરુઓના મિલનને જોતી એ ક્ષણો ધન્ય બની ગઈ. આર્ચ બિશપ ઈંગ્લેન્ડના પાદરીઓની ચાલુ બેઠકમાંથી ઊભા થઈને સ્વામીશ્રીને મળવા આવી પહોંચેલા. તેઓએ મળતાંવેંત ઈંતેજારી વ્યક્ત કરી કે 'આપનો ઈંગ્લેન્ડ આવવાનો હેતુ મારે જાણવો છે.'

ત્યારે પ્રવાસનો આશય સ્પષ્ટ કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'ભગવાન સ્વામિનારાયણના પ્રાગટ્યને બસો વર્ષ પૂરાં થાય છે. તેથી વિશ્વના મુખ્ય દેશોમાં દ્વિશતાબ્દી ઊજવાય તે માટે આવ્યા છીએ. લંડનના માણસોમાં ધર્મ-ભાવના છે. તે દરેક પોતાના ધર્મમાં રહીને સારું કાર્ય કરે તે માટે આવ્યા છીએ.'

આ રીતે ચાલી રહેલા વાર્તાલાપમાં પ્રોટેસ્ટન્ટ પંથના અનુયાયીઓની સંખ્યા બાબતે વાત નીકળતાં સ્વામીશ્રીએ પૂછ્યું : 'આટલા બહોળા સમુદાયમાં ઈસુની દસ આજ્ઞાઓ મુજબ જીવનારા કેટલા ?'

તેઓની આ જિજ્ઞાસાથી સહેજ વિચારમાં પડી ગયેલા ડૉ. રનસી બોલ્યા : 'આપની વાત સાચી છે. અનુયાયીની સંખ્યા વધારવા કરતાં, તેઓ ધર્મસ્થાપકના આદેશ મુજબ જીવન જીવતાં થાય તે વધુ મહત્ત્વનું છે.'

'અમે એ જ કહીએ છીએ કે હિન્દુ સાચો હિન્દુ બને, ખ્રિસ્તી સાચો ખ્રિસ્તી બને, મુસ્લિમ સાચો મુસ્લિમ બને.'

સ્વામીશ્રીની આ વાતમાં સંમતિનો સૂર પૂરાવતાં આર્ચ બિશપ બોલ્યા : 'હું થોડા સમય પહેલાં જ આ પદ પર ચૂંટાયો છું. મારી પણ મુખ્ય ફરજ એ થઈ રહે છે કે જેઓ ખ્રિસ્તી છે તેઓ વધુ સારા ખ્રિસ્તી કેમ બને.'

આમ કહી તેઓએ પૂછ્યું : 'ભગવાનનો આપ કયો સંદેશો આપો છો ?'

'ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રી આપી છે, જે જીવોના કલ્યાણ માટે છે. દરેક પોતાનું નિર્વ્યસની, સદાચારી જીવન જીવીને, આત્મારૂપ થઈને ભગવાનની ભક્તિ કરે એ સંદેશો ભગવાને આપેલો છે.' સ્વામીશ્રીએ કહ્યું.

તેઓના શબ્દો ખૂબ તલ્લીનતાથી આર્ચ બિશપ સાંભળી રહ્યા. છેલ્લે તારણ જણાવતાં તેઓએ સ્વામીશ્રીને કહ્યું : 'આપ વિશેષ ચુસ્ત જીવન જીવો છો. આપ ધર્મપરિવર્તન નથી કરતા.'

આ ઐતિહાસિક મુલાકાતના અંતે સ્વામીશ્રીએ તેઓને અક્ષર-પુરુષોત્તમ મહારાજની તામ્રમૂર્તિ, રજતપાત્રો તથા સાંપ્રદાયિક સાહિત્યની ભેટ આપી. પરસ્પર આભારની લાગણી પ્રદર્શિત કરી બંને ધર્મવડાઓ છૂટા પડ્યા ત્યારે શ્રીજીમહારાજનો દિગ્વિજય કરવાનું વધુ એક યશતિલક સ્વામીશ્રીના ભાલમાં અંકિત થઈ ગયું.

તેઓની આ મુલાકાત સાંજે પ્રકાશિત થતાં અખબારોમાં અગ્રલેખ તરીકે ચમકી અને 'આઇ' ટી.વી., બી.બી.સી. જેવી ખ્યાતનામ પ્રસારણ સંસ્થાઓના સમાચારોમાં પણ ખાસ્સા સમય સુધી પ્રસારિત થતી રહી. આખા ઈંગ્લેન્ડમાં દ્વિશતાબ્દીનો ડંકો વાગી ગયો !

ફ્રેન્ડ્ઝ હૉલમાં મિત્રાચારીનો માહોલ

તા. ૧૧/૭થી 'હેરો લેઝર સેન્ટર'માં યોજાયેલા ત્રિદિવસીય ભાગવત પારાયણના દ્વિતીય દિવસે, ઈંગ્લેન્ડની રાણીના સલાહકાર તથા 'ક્રાઉન કૉર્ટ'ના ન્યાયાધીશ શ્રી મોટા સીંગ સ્વામીશ્રીનાં પ્રથમ દર્શન પામી બોલી ઊઠ્યા : 'ભગવાનની દિવ્ય શક્તિ આ સ્વામીજી દ્વારા કાર્ય કરે છે. તેથી આ પુરુષનો લાભ નહીં લઈએ તો આપણે જીવનનો સોનેરી અવસર ગુમાવ્યો ગણાશે.'

આ પારાયણ બાદ રોજ સાંજે ફ્રેન્ડ્ઝ હૉલમાં યોજાતી જાહેર-સભા પણ અનેક સામાજિક શ્રેષ્ઠીઓથી ભરચક રહેતી. તેમાંના એક ભારતીય વિદ્યા-ભવનના ઉપપ્રમુખ શ્રી ગોહિલે તા. ૧૪/૭ના રોજ સ્વામીશ્રીને મળી ગદ્‌ગદ-

કંઠે ભાવોર્મિ વહાવી કે 'આપ જેવા મહાન પુરુષ દ્વારા સંસ્કૃતિ જીવંત છે. આપે દેશની આબરૂ જાળવી રાખી છે.'

આમ, *'દર્શનીય પુરુષ કોઈ જાણે, કોઈ પૂરણ બ્રહ્મ પ્રમાણે...'*ના અનુભવો કરાવતું સ્વામીશ્રીનું આવું સાંનિધ્ય તા. ૧૭/૭ની સાયંસભામાં યુવકોના ખાતે નોંધાયેલું. આ સમયે યુવાનોએ જ વિવિધ રજૂઆતો કરી સ્વામીશ્રીને રીઝવ્યા.

આ પ્રસ્તુતિઓ નિહાળી ઈઝલિંગ્ટનના મેયર શ્રી જીમ ઈવાન્સ ખૂબ પ્રભાવિત થઈ ગયા. પરંતુ તેઓ હરખાઈ તો ત્યારે ઊઠ્યા કે જ્યારે તેઓને સ્વામીશ્રીએ યુવક મંડળના પ્રતીકવાળી 'ટાઈ' ભેટરૂપે આપી. તે મેળવી આ નગરપતિએ મેયરના પ્રતીકવાળી પોતાની 'ટાઈ' સભામાં જ કાઢી, સ્વામીશ્રીનાં ચરણોમાં મૂકી દીધી અને સ્વામીશ્રીએ આપેલી ટાઈ પહેરી લીધી. સાથે સ્વામીશ્રીને જણાવ્યું પણ ખરું કે 'આ 'ટાઈ' મારે મન ખૂબ જ મૂલ્યવાન છે. તે જ્યારે જ્યારે પહેરીશ ત્યારે આપની સ્મૃતિ તાજી થશે.'

આ અનુભવ સાથે વિદાય થયેલા મેયર બાદ પોતાના માનસપુત્રો સમા યુવાનોને જ્ઞાનગંગાનાં નરવાં નીર પિવડાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'આદર્શ જીવન હોય અને ભગવાનને વિષે ભક્તિ હોય તો સમાજમાં, દેશમાં, પ્રજામાં શાંતિ વર્તે. મહારાજનું નામ રૂંવાડે રૂંવાડે વણાઈ જવું જોઈએ, તો પાંદડે પાંદડે ભજન થઈ શકે. આપણામાં ડાઘ, શિથિલતા હશે તો કાર્ય નહીં થઈ શકે. ભગવાને આ દેહ દ્વિશતાબ્દી નિમિત્તે કાર્ય કરવા માટે આપ્યો છે. હજારોની સંખ્યામાં યુવકો તૈયાર થાય તો મહારાજનો સંદેશો પૃથ્વીમાં પ્રવર્તે. માટે કાર્યમાં સક્રિય બનો. ન થાય એવી કોઈ વસ્તુ નથી.'

આ અમૃતધારાથી તરબતર થયેલી યુવતીઓએ ઠાકોરજીનાં ઘરેણાંની સેવા કરી, તો યુવકોએ સ્વામીશ્રીને તિલક-ચાંદલો કરવા માટે જરૂરી નાનો અરીસો ભેટ આપ્યો. તે દ્વારા સ્વામીશ્રી રોજ પોતાને યાદ કરે એવી યુવાનોની ભાવના. પરંતુ આ સમયે સ્વામીશ્રીની ભાવના કંઈક નોખી જ જણાઈ. સારી વસ્તુ બીજાનેય વહેંચવાનો તેઓનો સ્વભાવ. તેથી આવતા વર્ષે દીક્ષા લેનારા બસો નવયુવાનો માટે પણ સ્વામીશ્રીએ આવા અરીસાની ગોઠવણ કરવા જણાવ્યું. લંડનના યુવકોએ આ વચન ઝીલી તેઓની પ્રસન્નતા મેળવી લીધી.

સ્વામીશ્રી અને યુવકો વચ્ચે સધાયેલા આ સ્નેહસેતુથી આજની સભાનું વાતાવરણ એટલું ભાવુક બની ગયું કે છેલ્લે તો ચરણ-સ્પર્શનો લાભ લેવા

આવી રહેલા યુવાનોએ સ્વામીશ્રીને પોતાના ખભે ઊંચકી લીધા અને Long Live Pramukh Swami - 'પ્રમુખસ્વામી ઘણું જીવો'ના નારાઓથી હૉલ ગજવી દીધો.

સ્વામીશ્રી અને યુવાનોની આ 'ફ્રેન્ડશીપ' જોઈ ફ્રેન્ડ્ઝ હૉલ ધન્ય થઈ ગયો. આધ્યાત્મિકતાના ઉચ્ચ શિખરે શોભતા એક ભગવાંધારી સંત અને ભૌતિકવાદમાં રસબસ વિદેશી યુવાની વચ્ચે, મિત્રાચારીનો આવો માહોલ તેણે તો શું, દુનિયાએ આ અગાઉ કદી જોયો નહીં હોય !

અમારા માનવંતા મહેમાન

સ્વામીશ્રીના લંડનના મુકામ દરમ્યાન દારેસલામમાં યોજાયેલા એક વ્યાપારી મેળામાં વિવિધ વ્યાવસાયિક ગૃહોએ ખોલેલા સ્ટૉલ્સમાં 'એર ટાન્ઝાનિયા' પણ એક હતું. વિમાની સેવા પૂરી પાડતી ટાન્ઝાનિયા દેશની આ કંપનીએ પોતાના સ્ટૉલના પ્રવેશદ્વાર પર સ્વામીશ્રીની મોટી તસવીર મૂકી લખેલું : 'અમારા માનવંતા મહેમાન.'

આંતરરાષ્ટ્રીય શાખ ધરાવતી આ કંપનીના વિમાનમાં અનેક ધનકુબેરો, રાજનેતાઓ, રમતવીરો, અભિનેતાઓ વગેરે ઊડ્યા હશે, પણ વ્યાપારી મેળામાં ઊમટેલા સાડા સાત લાખથી વધુ લોકોને આકર્ષવા, આ વ્યાપારી એકમે સ્વામીશ્રી પર પસંદગી ઉતારી, તેમાં સ્વામીશ્રીની સર્વોત્કૃષ્ટ પ્રતિભાનું દર્શન થઈ રહ્યું !

તા. ૧૮/૭ની પ્રાતઃપૂજા બાદ જ્યારે આ તવારીખની જાહેરાત થઈ ત્યારે સૌએ તાળીઓના પ્રચંડ ગડગડાટથી સ્વામીશ્રીને વધાવી લીધા. આ સન્માનને નમ્રભાવે ઝીલનારા સ્વામીશ્રીએ, આજની સાંજે વોન્ડ્ઝવર્થ ટાઉન હૉલમાં સભાનો લાભ આપી લંડનમાં વધુ એક તીર્થનો ઉમેરો કરી આપ્યો.

સુહૃદભાવનું શિખર

તા. ૧૯/૭ની પ્રાતઃકથામાં વચનામૃત(વર. ૧૯)ની રસલહાણ કરાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે –

'ભગવાન ને સંતનું અલૌકિક સામર્થ્ય સમજાય તો ઓળખાણ થઈ કહેવાય. ઓળખાણ એ મોટી ખાણ છે. સંબંધ એટલે ભેગા બેઠા-ઊઠ્યા એ. મોંખીઓય (સત્પુરુષ પર) બેઠી હોય. એ સંબંધ થયો કહેવાય. જ્યારે

ઓળખાણ થઈ ક્યારે કહેવાય કે જ્યારે ભગવાનને અનંતકોટિ બ્રહ્માંડના રાજાધિરાજ જાણીએ, એના થકી જ બધું થાય છે, આપણે અજવાળે એનાં દર્શન થાય તોય પણ એમ જાણવું કે ભગવાન થકી જ થાય છે, એમાં અખંડ દિવ્યભાવ રહે – આવો મહિમા જીવમાં રહે તે પાકી ઓળખાણ થઈ કહેવાય.'

'ઓળખાણ'ની આ ઓળખાણ આપી પધરામણીએ નીકળેલા સ્વામીશ્રીને આ કાર્યક્રમથી પરવારી 'એપીંગ ફોરેસ્ટ' મુકામે યોજાયેલા વન મહોત્સવમાં પહોંચવાનું હતું. દસ બસ અને ૧૨૫થી વધુ મોટરો દ્વારા ભક્તોનો વિશાળ સમુદાય આ પર્યટન સ્થળે એકઠો થઈ ગયેલો. બી.બી.સી.ના સંવાદદાતાઓ પણ 'ભારતીય નૃત્ય અને ઉત્સવો' કાર્યક્રમ અંતર્ગત આ ઉત્સવને આવરી લેવા, વીડિયો-કૅમેરા વગેરે ઉપકરણો સાથે સજ્જ થઈને આવી પહોંચેલા. સ્વામીશ્રી આવી જાય એટલે સભાનો પ્રારંભ થવાનો હોવાથી સૌ કાગડોળે તેઓની રાહ જોઈ રહેલા.

પરંતુ પધરામણીઓનો દોર લંબાતો ચાલ્યો. વળી, ઝરમર ઝરમર વરસાદ શરૂ થયો. આવી પરિસ્થિતિમાં બપોરનો એક વાગી ગયો છતાં સ્વામીશ્રી ન પધારતાં બી.બી.સી.ના ખબરપત્રીઓ તો સામગ્રીઓનો સંકેલો કરી રવાના જ થઈ ગયા. તે જોઈ કેટલાક ભક્તોમાં ઝરમર વરસતા વરસાદ જેવી ઝીણી-ઝીણી ચણભણ શરૂ થઈ. ત્યારબાદ તો સ્વામીશ્રીની પધરામણી ગોઠવનારા વડીલ હરિભક્તો વિષે આડેધડ બોલાવા લાગ્યું. ભોજનના સમય સુધી પણ સ્વામીશ્રી સભામાં ન આવ્યા, સેંકડો ભક્તોને મોં વકાસતાં બેસી રહેવું પડ્યું – જેવાં કૈંક વાજબી કારણોથી રોષ વધતો ચાલ્યો.

તેટલામાં જ બપોરે દોઢેક વાગ્યે સ્વામીશ્રી પધાર્યા. એક વૃક્ષ તળે બાંધેલા હિંડોળા પર તેઓ બિરાજ્યા. પરંતુ તે જ સમયે તેઓનાં દર્શનની તલપ લાગી હોય તેમ, ઇન્દ્રદેવ પૂરા વેગ સાથે દોડી આવતાં ચારેકોર પાણી અને કીચડ થઈ ગયાં. તેથી સભા મોકૂફ રાખીને સૌ લેંગ્ડન સ્કૂલના હૉલમાં પહોંચ્યા.

આ વખતે તો કેટલાક અકળાયેલા ભાવિકો પધરામણીના આયોજકો પર ભભૂકી જ ઊઠ્યા અને આક્રોશના કોગળા કરતા હોય તેમ કહેવા લાગ્યા : 'વડીલોએ ધ્યાન રાખવું જોઈએ. કોઈને હરિભક્તની પડી નથી. બી.બી.સી.વાળા જતા રહ્યા. આવા સમયે પધરામણી ગોઠવાય જ નહીં...'

સભા અને પધરામણીના આયોજકો વચ્ચે, નવી અને જૂની પેઢી વચ્ચે ઊભી થઈ ગયેલી આ ખાઈનો અણસાર સ્વામીશ્રી પામી ગયા. તેથી સાંજે

'ફ્રેન્ડ્ઝ હૉલ'માં યોજાયેલી સભામાં આશીર્વાદ આપતાં તેઓ બોલ્યા : 'જે કાંઈ બન્યું તેમાં વાંક મારો જ છે. અમે જ પધરામણીઓ ગોઠવેલી અને અમારાથી બહુ જ મોડું થઈ ગયું. એમાં બીજા કોઈનો વાંક નથી. માટે માફ કરજો.'

બીજાની ભૂલ પોતાના શિરે ઓઢી બોલાયેલા સ્વામીશ્રીના આ શબ્દો અગ્નિશામક પુરવાર થયા. તેથી ઉહાપોહ મચાવનારાને અંતર્દૃષ્ટિ થઈ. પધરામણીઓ ગોઠવનારને પણ પોતાની ભૂલ સમજાઈ. તેથી પરસ્પર વકરતું વૈમનસ્ય ત્યાં જ ઓગળી ગયું.

'કો'કનો વાંક આપણે વહોરી લેવો જોઈએ તે સુહૃદભાવ' એમ જે યોગીજી મહારાજ કહેતા તે સુહૃદભાવના શિખરે ઊભા રહી સ્વામીશ્રી આપણને સુમેળનો માર્ગ ચીંધી ગયા છે. તે સામે જ્યાં સુધી નજર રહેશે ત્યાં સુધી કોઈ કુટુંબ કે મંડળ અશાંતિની આગમાં ભડથું નહીં થાય, તે વાત સો ટકાની છે.[૨૩]

ગજયાત્રા અને ગગનયાત્રાના સંગમે

તા. ૨૦/૭ની સવારે પૂરું લંડન હજી આળસ મરડીને બેઠું પણ નહોતું થયું ત્યારે એલ્પર્ટન સ્કૂલનું પ્રાંગણ દસ હજાર ભક્તોની મેદનીથી ઊભરાતું હતું. સ્વામીશ્રીના વરદહસ્તે આજે થનારા નવા, મોટા મંદિરના ખાતવિધિ નિમિત્તે યોજાયેલી નગરયાત્રામાં જોડાવાનો ઉત્સાહ તે સૌનાં અંતરમાં છલકાતો હતો. ગઈકાલે આખી રાત વરસેલા વરસાદ અને આજે થઈ રહેલાં અમીછાંટણાંને અવગણી, ભૂલકાંથી ભાભા સુધીના સૌ નગરયાત્રા માટે કતારબંધ ગોઠવાઈ ગયેલાં. તેઓ પર કલાત્મક રથમાં બિરાજેલી મૂર્તિઓ અમીનજર ઢોળી રહેલી. સ્વામીશ્રીને પોતાની પીઠ પર પધરાવી ધન્ય થવાનું સૌભાગ્ય અનુભવવા 'મૌરીન' હાથણી પણ થનગની રહેલી.

પરંતુ આ ગજયાત્રા પહેલાં સ્વામીશ્રીની ગગનયાત્રાનો પ્રારંભ થયો. બેટર-સી હેલિપોર્ટ પરથી બરાબર સવા નવ વાગ્યે સ્વામીશ્રી હેલિકોપ્ટરમાં બેસી ગગનગામી થયા. સમગ્ર શહેર પર અમીદૃષ્ટિ અને પુષ્પવૃષ્ટિ કરવાના હેતુથી શરૂ થયેલી આ યાત્રામાં, સ્વામીશ્રીએ નિસડનમાં આવેલી નિર્માણાધીન

---

૨૩. લંડનમાં યોજાયેલી વિશ્વધર્મ પરિષદ સહિત અન્ય ઐતિહાસિક ઘટનાઓની ઝલક પામવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

મંદિરની ભૂમિ, બર્કીંગહામ પેલેસ, વેસ્ટમિન્સ્ટર એબી, થેમ્સગંગા, એલ્પર્ટન સ્કૂલનું મેદાન વગેરે સ્થળો પર પુષ્પો વરસાવ્યાં.

બી.બી.સી. તથા 'આઈ' ટી.વી.ના છબીકારો સ્વામીશ્રી સાથે જ હેલિકોપ્ટરમાં બેસી તેઓની આ ચેષ્ટાઓને બારિકાઈથી કચકડે મઢી રહેલા. સ્વામીશ્રીને લઈ ઊડતા હેલિકોપ્ટરમાં કોઈ તકલીફ ઊભી થાય તો તેની વહારે ધસી જવા માટે પોલીસે પોતાનું હેલિકોપ્ટર પણ તૈયાર રાખેલું. અતિ મહત્ત્વપૂર્ણ વ્યક્તિઓ માટે જ આવી વ્યવસ્થા પોલીસ પોતાના ખર્ચે કરતી હોય છે. અતિ સાદા સ્વામીશ્રી તેઓને અતિ આદરણીય લાગી રહેલા. આ હતો સ્વામીશ્રીની સાદગીનો પ્રભાવ !

ગઈકાલની આખી રાત અને આજે સવારે પણ વાદળો પાછળ છુપાઈ રહેલા સૂર્યદેવે સ્વામીશ્રીની આ ગગનયાત્રા જોવા વાદળોને હડસેલી માથું બહાર કાઢ્યું. આજના રવિવારે આમ 'રવિ' પ્રગટ થઈ જવાથી સ્થાનિક પ્રજા તો ખુશખુશાલ બની ગઈ.

આ રીતે એક કલાક સુધી ગગનયાત્રા કરી ભૂમિ પર અવતરેલા સ્વામીશ્રી હાથણી પર મૂકેલી અંબાડીમાં બિરાજતાં જ ગજયાત્રાનો પ્રારંભ થયો.

વિશ્વમાં પહેલી જ વાર

છેલ્લા કેટલાય દિવસોથી અખબારો, રેડિયો વગેરે દ્વારા 'હિન્દુ ધર્મગુરુની ગજસવારી નીકળવાની છે'ના સમાચારો વહેતા થયેલા. તેથી સ્થાનિક યુરોપિયનોમાં સ્વામીશ્રીની આ શોભાયાત્રા નીરખવાની ઉત્સુકતા ચરમસીમાએ પહોંચેલી.

આમેય ગજસવારી આ પ્રદેશ માટે કૌતુકભરી ઘટના. તેમાં ગાજેલાં જાહેરાતોનાં પડઘમ અને રવિવાર. એટલે નગરયાત્રાના પથની બંને બાજુ દર્શનાર્થીઓની ભારે ભીડ મચી ગઈ. ભાગ્યે જ બારીઓ ખોલતા અંગ્રેજો પણ બિડકીઓ ખોલી આ ઝાંખી મેળવવા મથી રહ્યા. રાસની રમઝટ બોલાવતા બાળકો-યુવકો, વિવિધરંગી વેશભૂષા સજેલા કિશોરો, સંતોનાં કીર્તનોનો કલરવ, કળશધારી મહિલાવૃંદ વગેરેથી સભર આ શોભાયાત્રાના પ્રારંભે જ સૂર્યદેવે ખસી જઈને ઇન્દ્રદેવને દર્શન માટે જગ્યા કરી આપી. છતાં વરસતો વરસાદ નગરયાત્રાની ગતિ પર કોઈ રોક ન લગાવી શક્યો. સૌના ઉત્સાહનાં પૂર વરસાદની પાળને તોડી-ફોડીને વહી રહ્યાં ! ચારેકોર 'સ્વામિનારાયણ'નો

જયજયકાર થઈ ગયો.

પરંતુ વરસાદ શરૂ થતાં જ સ્વામીશ્રી ન ભીંજાય તે હેતુથી યુવકો છત્રી લઈ સાથે ચાલવા લાગ્યા, પણ ઊંચી અંબાડીમાં બિરાજેલા સ્વામીશ્રી સુધી છત્ર પહોંચવું અશક્ય હતું. તેથી સ્વામીશ્રીએ છત્રી ઉપર મંગાવી લીધી અને પોતે જ તેને હાથમાં પકડી ઠાકોરજી પર ધરી રહ્યા ! ઠાકોરજીને અંબાડીમાં જ એક આસન બનાવીને પધરાવેલા. પરંતુ તે આસન જરા દૂર હોવાથી અને છત્રી નાની હોવાને કારણે ઠાકોરજી પર છત્ર ધરવામાં સ્વામીશ્રી પલળતા ચાલ્યા. આ જોનારા સૌ તેઓની અહંશૂન્યતા અને ભક્તિથી ભીંજાતા રહ્યા.

જે નગરયાત્રાનાં દૃશ્યોની વિશ્વવિખ્યાત ટી.વી. સંસ્થાઓ નોંધ લઈ રહેલી, જે શોભાયાત્રાનાં સમાચાર અને તસવીરો વિવિધ અખબારોની દોઢ કરોડથી વધુ આવૃત્તિમાં મુખ્ય પૃષ્ઠ પર ચમકવાના હતાં, જે સવારીને જોવા હજારોની હકડેઠઠ મેદની ઊમટેલી, તે સમયે નગરયાત્રા દરમ્યાન હાથમાં છત્રી લઈને ઠાકોરજીની સેવામાં બેસવું તે માનવીના ગજા બહારની વાત છે. આવી નમ્રતા અને ભક્તિ ઈંગ્લેન્ડ તો શું, આખી દુનિયા પહેલી જ વાર જોઈ રહી ![૨૪]

જંગી મેદની સાથે સરકનારી આ અભૂતપૂર્વ નગરયાત્રાનો બંદોબસ્ત જાળવવા પોલીસે મોટી સંખ્યામાં સુરક્ષાકર્મીઓને હાજર રાખેલા. પરંતુ તેઓ સલામતી જાળવવાને બદલે શોભાયાત્રાના ભાગરૂપ જ હોય તેમ ચાલી રહેલા. કારણ ? દસ હજારની આ સવારી એટલી તો શિસ્તબદ્ધ હતી કે પોલીસ અધિકારીઓ સંસ્થાના સ્વયંસેવકોને કહેવા લાગ્યા : 'અમારે પોલીસમાં ૪૦-૪૫ જગ્યાઓ ખાલી છે. તમારે જોડાવું હોય તો આવી જાઓ !'

વિશ્વમાં વખણાતી લંડનની પોલીસે પણ આજે બી.એ.પી.એસ. સંસ્થા અને તેના સૂત્રધાર સ્વામીશ્રીને સલામી આપી દીધી !

તે ઝીલતાં ચાર માઈલનું અંતર ત્રણ કલાકમાં પૂરું કરીને આ નગરયાત્રા નિર્માણાધીન મંદિરની ભૂમિ પર જઈ પહોંચી ત્યારે અહીં ખાતમુહૂર્તની ભવ્ય તૈયારીઓ થઈ ચૂકેલી. બ્રેન્ટના મેયર, દક્ષિણ બ્રેન્ટના સાંસદ સહિત અનેક

---

૨૪. સ્વામીશ્રીની આ ભવ્ય ગગનયાત્રા તથા ગજયાત્રાની તવારીખ નિહાળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

કાઉન્સિલરોની સાથે કેન્યા, ટાન્ઝાનિયા, ઝામ્બિયા, દક્ષિણ આફ્રિકા, અમેરિકા, નોર્વે, જર્મની, હૉલેન્ડ, ભારત વગેરે દેશોમાંથી આવેલા ૨૦૦ યજમાનો સમક્ષ પૂજન-સામગ્રી ગોઠવાઈ ગયેલી. આ ઐતિહાસિક ખાતવિધિનાં દર્શન માટે ઇન્દ્રદેવે ખસીને સૂર્યદેવને જગ્યા કરી આપતાં વિધિમાં ઘણી સાનુકૂળતા રહી.[૨૫]

મેલી તન સુખની તાણ

ખાતવિધિ બાદ સ્વામીશ્રી બપોરે છેક સાડા ત્રણ વાગ્યે ઠાકોરજી જમાડી નિવાસકક્ષમાં પધાર્યા ત્યારે ઘણા સંતો-ભક્તો તેઓની સાથે હતા. તે સૌની વાતોમાં આજની અદ્‌ભુત નગરયાત્રાનો જ પડઘો પડી રહ્યો. કોઈકે કહ્યું: ''નગરયાત્રા દરમ્યાન બે અંગ્રેજો પરસ્પર વાત કરતા હતા કે 'It is holy Jesus on the elephant.' – આ તો સાક્ષાત્ ઈસુ જ હાથી પર બેઠેલા છે.'' તેની પુષ્ટિમાં એકે હાથણીની માલિકી ધરાવતી મહિલાની વાત કરી. તે બાઈ કહી રહેલી કે 'વરસાદમાં આ હાથણી ચાલે જ નહીં, પણ નગરયાત્રામાં કોણ જાણે કેવી રીતે ચાલી!'

આમ, નગરયાત્રા પૂર્ણ થયા બાદ પણ તે હજી સૌનાં મનમાં સવાર થયેલી જ રહી. તેમાં કોઈએ સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા ! આજે આપને ખૂબ ભીડો પડ્યો. કેમ?'

'ના.' સ્વામીશ્રીએ ટૂંકમાં જ પતાવ્યું.

પણ એક ભક્તે છેડાયેલી આ વાતનો તંત ઝાલી રાખતાં કહ્યું: 'સ્વામી! આજે ટબમાં ગરમ પાણી ભરી, તેમાં મીઠું નાંખી આપને નવરાવશું; જેથી થાક ઊતરી જાય.'

'ધૂળમાં રહેવું ને ધૂપેલના સ્વાદ શું! આવું તો કાયમ ચાલે જ છે ને!' સ્વામીશ્રીએ પ્રતિભાવ આપ્યો.

સખત ભીડો વેઠવો, સતત ભીડો વેઠવો અને તે ભીડાનો ભાર હળવો કરવાની પણ કોઈ તમા-તજવીજ ન રાખવી – કેવી અજોડ અને અલૌકિક રીત હતી સ્વામીશ્રીની!

---

૨૫. નિસડનમાં થયેલા મંદિરના આ ખાતમુહૂર્તની દુર્લભ ક્ષણોના સાક્ષી બનવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

પ્રૌઢ પ્રતાપ રહે ઉર પ્રભુકો

મંદિરના ખાતમુહૂર્ત નિમિત્તે નીકળેલી નગરયાત્રાએ મારી દીધેલા ડંકાની સાબિતી, ખાતવિધિ બાદ સ્વામીશ્રી અને સંતો જ્યાં સુધી લંડનમાં રોકાયા ત્યાં સુધી મળતી રહી. કોઈ પણ પ્રસંગે સંતો બહાર નીકળે તો લોકો તરત જ પૂછતા કે 'હાથી પર બેઠેલા તે ભારતના ધર્મવડાની સાથે આવ્યા છો ને ?!'

આવા કેટલાક પ્રસંગોના ઉલ્લેખ સભામાં કરતાં વિનોદભાઈએ સ્વામીશ્રી તરફ નિર્દેશ કરીને કહ્યું : 'બાપા ! આજે તો ધાર્યું આપનું થાય છે.'

'ધાર્યું આમનું થાય છે.' ઠાકોરજી તરફ આંગળી ચીંધતાં સ્વામીશ્રીએ જણાવ્યું.

જેમ કોઈ ભેખડની ધાર પર બેસીને નદીમાં ચાલ્યા જતા વાંસપૂરને જોયા કરે, તેમ ભક્તિની ભેખડ પર આસન જમાવી બેઠેલા સ્વામીશ્રી અવિરત વહેતા પોતાની પ્રસિદ્ધિનાં પૂરને નિર્લેપભાવે નીરખ્યા કરતા.

ઘણો નેહ જણાવતા નાથ

તા. ૨૦/૭ની સાંજે ફિંચલીની મેનોર હિલ સ્કૂલમાં ધર્મલાભ આપીને ઉતારે પધારેલા સ્વામીશ્રી અહીં ઠાકોરજી જમાડીને આવશ્યક કાર્યો ઉકેલવા માંડ્યા. તે વખતે તેઓ પર જર્મનીથી આવેલા ફોનમાં અમર નામધારી યુવકે જરૂરી માર્ગદર્શન મેળવ્યા બાદ કહ્યું : 'બાપા ! એક વિનંતી કરું ?'

'બોલો ને !'

'મારે આપને ફોન ઉપર અત્યારે એક કીર્તન સંભળાવવું છે.'

'ગાઓ.'

સ્વામીશ્રીએ આમ સંમતિનો સૂર છેડતાં જર્મનીથી વહેતા થયેલા સંગીતના સૂર, સ્વામીશ્રીએ લંબાવેલા હેતના દોરડે સરકતાં-સરકતાં લંડન સુધી પહોંચવા લાગ્યા ! યુવક તો તેની મસ્તીમાં તાન ઉપર તાન છેડતો રહ્યો. તેને ક્યાં ખબર હતી કે જે સ્વામીશ્રીની આજે ભવ્ય નગરયાત્રા નીકળી છે, જે સ્વામીશ્રી આજે પ્રસાર માધ્યમો દ્વારા વિશ્વમાં ચમક્યા છે, જે સ્વામીશ્રીના હાથે આજે મોટા મંદિરનો ખાતવિધિ થયો છે, જે સ્વામીશ્રી કામનો પથારો પાથરીને બેઠા છે, તે સ્વામીશ્રીને હું આ કીર્તન સંભળાવી રહ્યો છું !

તે તો બસ એટલું જ જાણતો હતો કે 'હું 'મારા' બાપાને ભજન સંભળાવી રહ્યો છું.'

સામે છેડે સ્વામીશ્રીને પણ ક્યાં પોતાની મોટપ છતરાયી કરવી હતી! તેઓએ પણ 'હું 'મારા' યુવકનું કીર્તન સાંભળી રહ્યો છું...'ના ભાવથી આખું ભજન તલ્લીનતાથી સાંભળ્યું!

'મુખે માગું તે આપતાં, ઘણો નેહ જણાવતા નાથ...' સમા સ્વામીશ્રીનું આ અદ્‌ભુત દર્શન હતું. યુવાનીને તેઓએ જેટલી જાણી-જાળવી હતી, તેટલી તો તેને જણનારાંએ પણ નહીં જાણી-જાળવી હોય!

અમને તો આનંદ આનંદ થઈ ગયો

તા. ૨૧/૭ની સવારે પ્રાતઃકથા બાદ ઑક્સફર્ડ જવા નીકળી રહેલા સ્વામીશ્રી રસોડા આગળથી પસાર થતાં તેઓની નજર જેમ-તેમ પડેલી વસ્તુઓ પર ગઈ. રસોડાની સાફસૂફી પણ બાકી જણાઈ. આવું અસ્વચ્છ, અસ્તવ્યસ્ત તેઓની રૂચિ બહારનું.

તેથી સાથે રહેલા સંતોને તેઓ જરા કડકપણે કહેવા લાગ્યા : 'આ બધું પડી રહ્યું છે તેની ખબર નથી પડતી? આજે ખાવું નથી[૨૬] એટલે ઉપાડવાનું પણ નહીં, કેમ? બધું સાફ થઈ જવું જોઈએ. ઊભા રહીને યુવકો પાસે કરાવવું જોઈએ. યુવકોને પણ આજે ઉપવાસ તે કોણ આવે?' એમ કહી જે સંતો-યુવકો સામે મળતા ગયા તેને સ્વામીશ્રી સ્વચ્છતાની શીખ આપતા ગયા.

ભક્ત એટલે ગંદો-ગોબરો, લઘર-વઘર એ માન્યતા પર છેકો મૂકનારા હતા તેઓ. આંતરિક સાથે બાહ્ય સ્વચ્છતાના પણ તેઓ આગ્રહી રહેલા.

આ સદાગ્રહ સાથે સ્વામીશ્રી ઑક્સફર્ડની ૮૦૦ વર્ષ પુરાણી બોડલિયન લાયબ્રેરીમાં પહોંચ્યા. અત્રે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટના ગ્રંથપાલે તેઓને શ્રીજીમહારાજની પ્રાસાદિક 'શિક્ષાપત્રી'નાં દર્શન કરાવ્યાં. ભગવાન સ્વામિનારાયણના આ વાઙ્મય સ્વરૂપને અહીં આવી નીરખનારા તેઓ સૌપ્રથમ સ્વામિનારાયણીય સંત બન્યા. અંગ્રેજ ગવર્નર સર જહોન માલ્કમને અપાયેલી આ ભેટને જોતાં સ્વામીશ્રી હર્ષપુલકિત થઈ ગયા. આ ગ્રંથ લઈને તેઓ ગ્રંથપાલ સાથે બહાર પધાર્યા. અહીં અન્ય ભક્તોને પણ આ ઐતિહાસિક પ્રસાદી દર્શાવી.

---

૨૬. તે દિવસે સુદ નોમ હોવાથી સંતોને નિર્જળા ઉપવાસ હતો.

આ દશ્યને કેમેરામાં ઝડપી રહેલા પત્રકારોએ સ્વામીશ્રીને પૂછ્યું : 'આ શિક્ષાપત્રીનાં દર્શન કર્યાં ત્યારે આપને અંતરમાં શું ભાવ થયો ?'

'અમને તો આનંદ આનંદ થઈ ગયો.' સ્વામીશ્રી બોલ્યા. પછી ઉમેર્યું : 'જે વસ્તુની અમે વાત જ સાંભળેલી ને વાંચેલી તે વસ્તુનાં સાક્ષાત્ દર્શન થયાં.'

'પ્રગટ બ્રહ્મસ્વરૂપ'ની પ્રતીતિ

શિક્ષાપત્રીના દર્શન બાદ ઑક્સફર્ડથી નીકળેલા સ્વામીશ્રી સાંજે બ્રેન્ટના હિન્દુ સેન્ટરમાં પધાર્યા ત્યારે અહીંના કાર્યવાહકોએ તેઓને સત્કારી સંકુલમાં પગલાં કરાવ્યાં. ત્યારબાદ સભામાં પધારેલા સ્વામીશ્રીને વધાવતાં આ કેન્દ્રના પ્રમુખે અહોભાવ પ્રગટ કર્યો કે 'હિન્દુ ધર્મ યુ.કે.માં જાગ્રત થયો હોય તો પ્રમુખસ્વામીના આવ્યા પછી જ. ગઈકાલે ભવ્ય નગરયાત્રા થઈ. તેથી લોકોને લાગે છે કે હિન્દુ ધર્મ ખરેખર અદ્‌ભુત છે.'

આ પ્રશસ્તિ ઝીલી સ્વામીશ્રી ક્વેન્ડ્ઝ હૉલની સાયંસભામાં પધાર્યા ત્યારે અહીં વધુ એક પ્રશંસાનું પોટલું તેઓનાં ચરણોમાં છોડતાં, જાણીતા લેખક શ્રી અશોક 'પ્રિયદર્શી'એ જણાવ્યું : 'ગઈકાલની નગરયાત્રામાં સ્વામીજીના અત્યંત ભક્તિભાવનાં દર્શન થયાં. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ 'પ્રગટ બ્રહ્મસ્વરૂપ' જ છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.'

લંડનની નગરયાત્રાના નાદ-નિનાદ શમવાનું નામ જ લેતા નહોતા.

નાના રહેશો તો મોટા થશો

તા. ૨૩/૭ના રોજ દેવપોઢી એકાદશીનો નિર્જળા ઉપવાસ કર્યો હોવા છતાં સ્વામીશ્રીના રોજિંદા ક્રમ પર તેની કોઈ અસર નહોતી વર્તાતી. તેથી જ તો તેઓ આખા દિવસનો ભરચક કાર્યક્રમ પૂરો કરી રાત્રે યુવક મંડળની મીટિંગમાં પણ પધાર્યા. અત્રે યુવાનોને અમૃતપાન કરાવતાં તેઓએ જણાવ્યું :

'આપણામાં શિસ્ત, નિયમ-ધર્મ, એકતા, એક જ ગુરુ યોગીજી મહારાજ છે એટલે કાર્ય સરળ ને સારું દેખાય છે. આપ એક અવાજે સાથ આપો છો તેથી બીજાને ગુણ આવે છે. ક્યાંય ડાઘ ન પડે તેની સાવધાની રાખવી. સંપ-સંગઠન રહે તે માટે દરેક પ્રત્યે ઉદારતા રાખવી. ગમે તે કહી જાય તો 'આપણે આત્મા, અક્ષર છીએ' એમ માનવું. સાંભળનારે સુધરવા પ્રયત્ન કરવો, કહેનારે 'સોરી' કહીને ભૂલ કબૂલી લેવી.

દ્વિશતાબ્દીનું કાર્ય સર્વોપરી થઈ ગયું, પણ આ કાર્યથી પૂર્ણતા ન માનવી. હજી ઘણું કરવાનું છે. આખા યુ.કે.ને ભગવાનનું નામ લેવડાવવું છે. એક-એક તૈયાર થઈ જાવ. ભગવાનને રાજી કરવામાં કોઈની મહોબત ન રાખવી. હજારો પરમહંસો કપાઈ ગયા છે. વર્તન વાતો કરશે. આપણે લીટો મોટો કરવો. કોઈનો ભૂંસાડવો નહીં. દરેકને આગળ કરશો તો સૌ તમને આગળ કરશે. તમે નાના રહેશો તો મોટા થશો. પાંચ હજારથી વધુ યુવકો થાય એમ કરવું છે. મોળો વિચાર ન કરવો. ભક્તિમાં ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ લેવો જ જોઈએ. મહારાજની આજ્ઞા પ્રમાણે જીવીએ એ જ સાધુપણું. સર્વને અક્ષરધામ બક્ષિસ મહારાજ, યોગીબાપા આપશે.'

સ્વામીશ્રીની આ અમૃતધારા આજે જે વેગથી વહી રહી તે જોઈ કોઈને જણાયું જ નહીં કે તેઓ નિર્જળા ઉપવાસની રાત્રે બોલી રહ્યા છે! શ્રીજી-મહારાજની દ્વિશતાબ્દી ઊજવવાની હૈયે કેટલી હોંશ ધરબાઈ હોય ત્યારે સૂકા કંઠે આવો સ્નિગ્ધ સુધાપ્રવાહ વછૂટે!!

સંબોધનોનું ભાન નહીં, સદ્‌ગુણોનો ભાર નહીં

તા. ૨૪/૭ના રોજ કેમડન હૉલમાં બાળસભા અને તા. ૨૫/૭ના દિવસે બેટર-સી ટાઉન હૉલમાં ગુરુપૂનમનો ઉત્સવ ઊજવી સ્વામીશ્રી તા. ૨૬/૭ની સવારે વિદાયની નોબત વગાડતાં હીથ્રો ઍરપોર્ટ પર આવી ગયા.[૨૭]

અહીંથી બપોરે બરાબર ત્રણ વાગ્યે તેઓને લઈ ઊડેલું બ્રિટિશ ઍરવેઝનું વિમાન, ન્યૂયોર્કના સમય મુજબ સાંજે ૫:૨૦ વાગ્યે જે.એફ.કે. ઍરપોર્ટ પર ઊતર્યું ત્યારે અમેરિકાના ભક્તોએ ઉત્સાહભેર સ્વામીશ્રીને વધાવ્યા. અત્રેથી સૌ મંદિરે પહોંચ્યા ત્યારે ૧,૩૦૦ ઉપરાંત ભાવિકોથી તે પણ ઊભરાતું હતું. અમેરિકાનાં લગભગ બધાં સત્સંગ-કેન્દ્રોમાંથી ઊમટી પડેલા ભક્તોને જોઈ સ્વામીશ્રી પણ બોલી ઊઠ્યા: 'પ્રવૃત્તિશીલ દેશમાં સત્સંગ ટકાવ્યો તે બદલ ધન્યવાદ. ખૂબ શાંતિ થાય છે કે મંદિર કર્યું તે પ્રમાણે તમે સત્સંગ સાચવ્યો છે.'

---

૨૭. સ્વામીશ્રીએ નિહાળેલી શ્રીજીમહારાજની પ્રાસાદિક 'શિક્ષાપત્રી' સહિત અન્ય ચરિત્રોની ઝાંખી મેળવવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

ભક્તોની ભક્તિ પર પ્રસન્નતાની આ મહોર-છાપ લગાવનારા સ્વામીશ્રી અહીંના નિવાસ દરમ્યાન તા. ૩૦/૭ની સવારે પૂજા માટે ઉતારેથી મંદિરે જઈ રહેલા. આ સમયે ગાડી હંકારી રહેલા એક હરિભક્તે પોતાની મીઠી મૂંઝવણ રજૂ કરતાં કહ્યું : 'બાપા ! આપને પત્ર લખવાની ઘણી ઇચ્છા થાય, પણ લખતો નથી. કારણ કે કઈ રીતે સંબોધન કરવું તે આવડે નહીં.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'પત્ર લખવા. લખતાં-લખતાં શીખાય. એ તો રાજા હોય તેને (કંઈ આડું-અવળું લખાઈ જાય તો) 'ઇન્સલ્ટ' (અપમાન) લાગે. આપણે ક્યાં એવું છે ?'

પોતાના નામની આગળ-પાછળ લાગતાં સંબોધનો પ્રત્યે સ્વામીશ્રી લેશ સભાન નહોતા, કારણ કે તેઓને પોતાના સદ્‌ગુણોનો કોઈ ભાર નહોતો. તેઓ તો ભગવાનના સુખમાં જ *'દિન પ્રતિ કેફ અનંતા...'*ની રીતે ઘૂમનારા-ઝૂમનારા હતા.

પરમેશ્વર પ્રત્યક્ષ એ છે

દ્વિશતાબ્દી ઉપક્રમે તા. ૨, ૩ ઓગસ્ટના રોજ ન્યૂયોર્કની જોહ્ન બાઉની હાઈસ્કૂલમાં યોજાયેલી શ્રીજીમહારાજનાં જીવન-કાર્ય વિષયક દ્વિદિવસીય પ્રવચનમાળામાં, વર્જિનિયા, ક્લીવલેન્ડ, ઇન્ડિયાના વગેરેના વિદ્વાનોએ આવીને શ્રીજીમહારાજની વિશેષતાઓ પર પ્રકાશ પાથર્યો.

તે પૈકીના એક ક્લીવલેન્ડ સ્ટેટ યુનિવર્સિટીના પ્રાધ્યાપક ડૉ. શર્માએ તો પોતાના વક્તવ્ય બાદ સ્વામીશ્રીનાં ચરણોમાં રીતસર પડતું મૂકતાં જણાવ્યું : 'આપની દિવ્યતાથી હું ખૂબ પ્રભાવિત થયો છું અને મને ખાતરી થઈ છે કે પરમ કૃપાળુ પરમેશ્વર શ્રી સ્વામિનારાયણ ભગવાન આ સંત દ્વારા પ્રગટ છે. તેમનો નાતો અખંડ વહેતો જણાય છે.'

આમ, જ્યાં જાય ત્યાં *'લાખો જન મન સાક્ષી પૂરે છે, પરમેશ્વર પ્રત્યક્ષ એ છે...'*નો માહોલ સર્જતા સ્વામીશ્રી, તા. ૬/૮ની સવારે ન્યૂયોર્કથી સો માઈલના અંતરે આવેલા સાઉથ ફૉલ્સબર્ગ મુકામે પહોંચ્યા.

અત્રે વસેલા 'સિદ્ધ યોગધામ'માં પૂજ્ય મુક્તાનંદ બાબા સાથે તેઓનું ભાવભરપૂર મિલન થયું. સ્વામીશ્રીને જોતાં જ આ સંતશ્રી તેઓને ભેટી પડ્યા. ત્યારબાદ શ્વેત આસન પર પોતાની બાજુમાં જ સ્વામીશ્રીને બેસાડી તેઓનો હાથ પોતાના હાથમાં લઈ આ ધર્મગુરુએ સ્વ-શિષ્યોને કહ્યું : 'આ અમારા

મિત્ર છે.'

આ પરિચય આપી તેઓએ સ્વામીશ્રીને હીરના અને સુખડના હાર પહેરાવ્યા. રેશમી ઉપવસ્ત્ર પણ ઓઢાડ્યું. તે પછી યોગીજી મહારાજનો અપાર મહિમા વર્ણવતાં કહ્યું: 'યોગીજી મહારાજ પ્રેમ સે પકા હુઆ પુરુષ થા. હું તો તેમને સ્વામિનારાયણનું સ્વરૂપ જ માનતો. મારા ગુરુદેવ જેવા જ માનતો.'

આટલું કહી તેઓએ છેલ્લે મજકૂર પણ લાવી દીધો કે 'આ પ્રમુખસ્વામી મહારાજ એ યોગીજી મહારાજનું જ સ્વરૂપ છે એમ માનજો.'

આ મહિમા ગાઈ મુક્તાનંદ બાબાએ સમૃદ્ધિના પ્રતીક સમાન ગજરાજની પ્રતિકૃતિ સ્વામીશ્રીને અર્પણ કરતાં વિનંતી ઉચ્ચારી કે 'મારા પૂજાના હૉલમાં પગલાં કરો.'

તેઓના પૂજાખંડમાં ગુરુ નિત્યાનંદ બાબાની સાથે યોગીજી મહારાજની છબી પણ હતી. સ્વામીશ્રીએ ત્યાં પધારીને તેઓની ભાવના પૂરી કરી. તેથી ભાવવિભોર બનેલા મુક્તાનંદ બાબાએ પોતાનો પ્રેમભાવ પ્રગટ કરતાં સ્વામીશ્રીના શિરે અત્તર, પુષ્પ, ચંદન વગેરે સુગંધીદાર દ્રવ્યોની વર્ષા કરી દીધી. વળી, સ્નેહવશ થઈ ભલામણ પણ કરી કે 'આપ આ ઠંડા પ્રદેશમાં વિચરો છો તો ગરમ મોજાં, સ્વેટર વગેરે પહેરવાનું રાખજો.'

આમ, લાગણીના પ્રવાહમાં વહેતા આ ધર્મગુરુ સ્વામીશ્રીને છેક મોટર સુધી વળાવવા આવ્યા ત્યારે સ્વામીશ્રીએ હરિભક્તો દ્વારા આ આશ્રમને આર્થિક અનુદાન અપાવી સવાયું સૌજન્ય દાખવ્યું. આ પળે ખૂબ જ ગળગળા થઈ ગયેલા શ્રી મુક્તાનંદ બાબા સ્વામીશ્રીને કહેવા લાગ્યા: 'યોગીજી મહારાજ સરળ હતા. તમે પણ એવા જ સરળ છો. તમારા ધર્મ-નિયમ માટે મને માન છે.'

આ અહોભાવ ઝીલતા સ્વામીશ્રી ૬૦ માઈલનું અંતર કાપીને બેર માઉન્ટેન પાર્કમાં પહોંચ્યા.

અહીં સત્સંગ મંડળ તરફથી યોજાયેલા વન મહોત્સવમાં એકત્રિત થયેલા આશરે ૨૦૦ હરિભક્તો સાથે તેઓએ બપોરે સાડા ત્રણ વાગ્યે વૃક્ષની છાયામાં બેસીને ફળાહાર કર્યો. શાંત વાતાવરણ, સઘન હરિયાળી, સુંદર સરોવર અને ખુશનુમા હવામાનના ચંદરવા તળે સ્વામીશ્રીનો સંગ વિશેષ આહ્લાદક બની રહ્યો. હિંડોળાના પર્વને અનુલક્ષી યુવકોએ બે વૃક્ષોની ડાળે હિંડોળો પણ બાંધેલો. ભોજન બાદ આ હિંડોળામાં ઠાકોરજી સહિત સ્વામીશ્રીને પધરાવી સૌએ ઝુલાવ્યા. તે વખતે પ્રત્યેક ભક્તના મુખ પર *'હિંચકાવશું હેત*

*કરીને, સર્વે વારા ફેરી; જન્મ સુફળ કરી લઈએ, હરિવરનું મુખ હેરી...'*નો ભાવ છલકાઈ ઊઠ્યો. હિંડોળાની ફરતે રાસ રમીને પણ ભક્તોએ લખલૂટ સ્મૃતિ લીધી.

સૌથી વધુ ગમતી વાત

ગઈકાલે સિદ્ધયોગીની સાથમાં બિરાજેલા સ્વામીશ્રીએ તા. ૭/૮ના રોજ શિશુઓની વચ્ચે આસન જમાવ્યું.

આ દિવસે યોજાયેલી બાળસભામાં પ્રશ્નોત્તરી દ્વારા સ્વામીશ્રીના જીવનમાં ડોકિયું કરવા માંગતા બાળકોએ જિજ્ઞાસા વ્યક્ત કરી કે 'બાપા! તમને સૌથી વધારે શું ગમે?'

'તમે બધા ભજન કરો અને અમારે ભજન કરવું એ ગમે.'

'બાપા! તમને રજા પડે?'

'ભગવાનના ભજનમાં રજા તો હોય નહીં. જેમ ખાવામાં રજા ન પડે તેમ ભજન કરવામાં રજા હોય જ નહીં.'

બાળમાનસમાં ઊઠતાં કૈંક કુતૂહલને સ્વામીશ્રીએ આમ હળવાશથી શમાવ્યાં. તેથી ગઈકાલે તેઓના સાંનિધ્યથી જે રીતે એક મૂર્ધન્ય મહાત્મા પ્રફુલ્લિત થઈ ગયેલા, એ જ રીતે આજે આ માસૂમ ભૂલકાંઓ પણ ખીલી ઊઠ્યાં.

ઇચ્છે થાવા અછતું ઘણું

આ અરસામાં સ્વામીશ્રીને વળગેલી આંખની તકલીફને કારણે પધરામણીઓ તો ખાસ રહેતી નહીં, તોય પત્રવ્યવહારનું કાર્ય વણથંભ્યું ચલાવતા તેઓ પગથી નહીં તો પત્રથી હરિભક્તોનાં ઘેર પહોંચતા.

પત્રલેખનની આ સેવામાં મશગૂલ સ્વામીશ્રી તા. ૭/૮ની રાત્રે બાર વાગ્યા છતાં કલમ અટકાવતા નહોતા. તે વખતે તેઓના ફોટા પાડી રહેલો એક યુવક પણ કૅમરાની ચાંપ દબાવતાં ધરાતો નહોતો.

પત્રલેખનમાં રત સ્વામીશ્રીથી આ હરકત અજાણી નહોતી. તેથી થોડી વારે તેઓએ પોતાની આંખ સહેજ લાલ કરતાં તે યુવાનને કહ્યું : 'એમાં (ફોટા પાડવામાં) શું મળી જવાનું છે? કોઈને કળશ્યો મળે તે સંડાસ જા જા કરે, તેમ કૅમેરો હાથમાં આયો તે ફોટા પાડ પાડ કરે છે. આમાં નકામા પૈસા

જ બગાડવાના ને !'

પોતાની તસવીરો કોઈ લીધા કરે તો માનવી ગલગલ થઈ જાય. કેટલાક તો ખાસ ફોટો-સેશન ગોઠવતા હોય છે. છબીકારોને ફોટા લેવા સામેથી નોંતરે. પરંતુ સ્વામીશ્રીને આ બાબતનો ભારે અણગમો હતો. તેઓ ઘણી વાર કહેતા : 'મને મોટામાં મોટો કંટાળો આ ફોટા પાડવાવાળાથી આવે. ફોટા શું પાડ પાડ કરતા હશે ?'

આ જગતમાં *'એક ઇચ્છે જગ જાણીતું થાવા, એક ઇચ્છે થાવા અછતું ઘણું...'* એમ મનુષ્યોના બે પ્રકાર જોવા મળે છે. પહેલો પ્રકાર મર્ત્ય માનવીનો છે, બીજો પરમ એકાંતિકનો. સ્વામીશ્રીની કક્ષા બીજા પ્રકારની હતી.

ધર્મ મૂકી ન કરવું કાંઈ

તા. ૭/૮ની રાત્રે પત્રલેખનથી પરવારી સ્વામીશ્રી સાડા બાર વાગ્યે પોઢેલા. છતાં તા. ૮/૮ની સવારે ચાર વાગ્યે તો તેઓ જાગી ગયા અને તમામ નિત્યકર્મથી પરવારી સાડા પાંચ વાગ્યે મંદિરે દર્શન માટે જઈ પહોંચ્યા. અત્રે ઠાકોરજીને ભાવપૂર્વક પ્રણામ કરી પઃપપ વાગ્યે તો તેઓની ગાડીનું પૈડું ફરી ગયું.

આજે પ૦૦ માઈલનું અંતર કાપી તેઓને ટોરોન્ટો પહોંચવું હતું. તે માર્ગમાં વચ્ચે રોચેસ્ટર મુકામે એક ખુલ્લા ઉદ્યાનમાં ઠાકોરજી જમાડી સ્વામીશ્રીએ સવા ત્રણ વાગ્યે કેનેડામાં પ્રવેશ કર્યો. અત્રે તેઓ નાયગ્રા ફૉલ્સ સિટીના મેયર શ્રી થોમસનના આમંત્રણથી નગરના કાઉન્સિલ હૉલમાં પધાર્યા. અહીં તેઓનું 'ક્રેસ્ટ' અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું. સમયની કટોકટીમાં પણ આટલો લાભ આપી સ્વામીશ્રી ફ્લોરલ ક્લૉક પાસેના બગીચામાં આવી પહોંચ્યા.

સૌના અલ્પાહારની વ્યવસ્થા અત્રે રાખવામાં આવેલી. તેથી સ્વામીશ્રીનું ભોજનપાત્ર મૂકવા માટે કોઈક પ્લાસ્ટિકની નાની પેટી લઈ આવ્યું, પણ તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'આની કાંઈ જરૂર નથી.'

'તે વગર નીચું પડશે.'

'જંગલમાં શું ઊંચું ને નીચું !' વિશેષ વ્યવસ્થા અંગે અરુચિ બતાવતાં સ્વામીશ્રીએ કહ્યું.

આ વૈરાગી વૃત્તિ સાથે અલ્પાહાર લઈને તેઓ પરવાર્યા તે વખતે કોઈકે

નીચે બોગદામાં જઈ નાયગ્રા ધોધને જોવાની વ્યવસ્થા અંગે વાત કરી, પણ ત્યાં જવા માટે રેઈનકોટ પહેરવો પડે તે વિગતની જાણ થતાં જ સ્વામીશ્રી બોલ્યા : 'એવાં કપડાં પહેરવાં પડે તો શું જવું'તું એમાં !'

'ધર્મ મૂકી ન કરવું કાંઈ...' એ તેઓનો સિદ્ધાંત. આ રીતે જ તેઓ દેશ-પરદેશમાં વિચરતા રહેલા.

આ સમયે લગભગ પચાસેક જેટલા હરિભક્તો પણ લાભ લેવા અન્ય પ્રદેશોમાંથી અહીં આવેલા. તે સૌએ આ ધોધને એકથી વધુ વાર જોયેલો. તેથી નવા આવેલા સંતોને ટાવર પરથી નાયગ્રા ધોધ જોઈ આવવાનો આદેશ આપી સ્વામીશ્રીએ સત્સંગીઓને કથામૃતનું પાન કરાવતાં કહ્યું :

'ભગવાન ને સંત મળ્યા છે તો સત્પુરુષને અર્પણ થઈ જવું ને આત્માનું કલ્યાણ કરી લેવું. દ્વિશતાબ્દીમાં સેવા કરી લેવી. શ્રીજીમહારાજનાં ગુણગાન ગાવાનો અવસર મળ્યો છે. લગ્નનાં ગીતો લગ્ન વખતે જ ગવાય, પછી શોભે નહીં. તેમ દ્વિશતાબ્દી અવસર છે. તેમાં ભક્તિ, સેવા કરી લેવી.'

આમ, નાયગ્રાના કાંઠે પણ દ્વિશતાબ્દીની હવા ફેલાવી સ્વામીશ્રી રાત્રે સાડા બાર વાગ્યે ટોરોન્ટો પધાર્યા.

સુધ[૨૮] કરત હૈ સંત

તા. ૯/૮ની સવારે પારસી ભક્ત જમશેદજી બુહારીવાલાના ઘેર યોજાયેલા એક દિવસીય પારાયણમાં બિરાજી સ્વામીશ્રી કથાશ્રવણ કરી રહેલા. ત્યાં જ એક સંત તેઓને મોસંબીનો રસ પાવા ગયા. આ સમયે શ્રોતાઓને પણ પાણી પીરસાઈ રહેલું. તે જોઈને જ આ ઉત્સાહી સંતને સ્વામીશ્રીની સેવા કરવાનો વિચાર આવેલો. પરંતુ જેવો તેઓએ શરબતનો પ્યાલો ધર્યો કે સ્વામીશ્રી બોલ્યા : 'ખાવા-પીવામાંથી જ ઊંચા નથી આવતા. હજી હમણાં તો ખાધું. શરબતની શું જરૂર હતી ? આ આટલી સરસ કથા ચાલે છે ને પાણી લાવ્યા ?'

'બ્રહ્મરસના ભોગી' સ્વામીશ્રીને અન્ય રસ ફિક્કા થઈ ગયા હોવાથી કથામાં આવતો વિક્ષેપ પસંદ ન પડતો.

કથાશ્રવણ કરતાં કોઈ સૂતું હોય કે પરસ્પર વાતો કરતું હોય તોય તેઓ ટકોર કરી એકાગ્રતાની પ્રેરણા આપતા. આ કથા દરમ્યાન જ મંચની

---

૨૮. શુદ્ધ.

ખૂણે બેઠેલા બે સંતો ધીમા અવાજે કંઈક વાર્તાલાપ કરી રહેલા. તે જોઈ સ્વામીશ્રીએ ચપટી વગાડીને તેઓને કથામાં ધ્યાન આપવા ઇશારો કર્યો.

આ રીતે આગળ વધી રહેલા પારાયણમાં *'ત્યાગ ન ટકે રે...'* પદનું વિવરણ કરતાં પુરાણી બોલ્યા : 'ભગવા પહેર્યાં હોય, ત્યાગ કર્યો હોય, તોય વૈરાગ્ય ન પણ આવે...'

આ સાંભળી ચાલુ કથાએ જ સ્વામીશ્રીએ પુષ્ટિ કરી કે 'ચિંતા ન કરતા. ત્યાગ કરો તો વૈરાગ્ય તો આવી જશે. ત્યાગ તો કરી નાંખો. વૈરાગ્ય તો ભગવાન અને સંત લાવવાના છે.'

તેઓના આ શબ્દોમાં *'દોષ કલંક મિટાય કે, સુધ કરત હૈ સંત...'*નો ઉદ્‌ઘોષ હતો. તેઓના વિશ્વાસે ત્યાગના પંથે હાલી નીકળવાની હાકલ હતી. ભગવાન સ્વામિનારાયણે પણ કહ્યું છે કે '...સંતના વચનને વિષે શ્રદ્ધાવાન થાય તો એના હૃદયને વિષે સ્વધર્મ, વૈરાગ્ય, વિવેક, જ્ઞાન, ભક્તિ આદિક જે કલ્યાણકારી ગુણ તે સર્વે પ્રકટ થઈ આવે છે...'[૨૯]

સત્યવચની સાધુ

તા. ૯/૮ની સાંજે નોર્થ મિન્સ્ટર ચર્ચના સંકુલમાં યોજાયેલી દ્વિશતાબ્દી નિમિત્તેની ભવ્ય સભા અહોભાવ ઉપજાવનારી બની રહી. કેનેડાનું મંડળ નાનું પરંતુ સંપ અને સંપર્કની પાંખે ઊડી રહેલા અહીંના ભક્તોએ અનેક મુમુક્ષુઓ-મહાનુભાવોને આ સભામાં એકત્રિત કરેલા. ૨૦૦ વાનગીઓનો કલાત્મક અન્નકૂટ પણ પૂરેલો. બેનમૂન 'સ્મરણિકા' પ્રકાશિત કરી અનેકનો સહયોગ મેળવેલો.

આ સમારંભ માટે જ ઓટાવાથી અહીં આવી પહોંચેલા કેનેડાના સોલિસિટર જનરલ શ્રી બોબ કપ્લાને સ્વામીશ્રીનાં ચરણે ભાવોર્મિ વ્યક્ત કરી કે ''આપણે પહેલાં એક વાર મળેલા છીએ. ત્યારબાદ આપની છબી મારી ઑફિસમાં મેં મઢાવીને રાખી છે. તેથી મને ખૂબ ખૂબ પ્રેરણા મળે છે. ગઈ વખતે હું આપને મળ્યો ત્યારે આપે જણાવ્યું હતું કે 'શ્રી ટ્રુડો સાહેબ જરૂરથી ફરી વડાપ્રધાન બનશે.' મને મળેલા આપ જ એક એવી વ્યક્તિ હતા જેમણે આવા આશીર્વાદ પાઠવેલા. પરંતુ મને માન્યામાં નહોતું આવતું. પણ તમારા ભક્તોને તમારી આગાહીમાં પૂર્ણ વિશ્વાસ હતો કે 'આપ બોલ્યા છો તેમ જ

---

૨૯. વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૮.

થશે.' અને ખરેખર એમ જ બન્યું. શ્રી ટ્રુડો ફરી વડાપ્રધાન બન્યા !''

સરકારના આ કાનૂની સલાહકારે ભરસભામાં સ્વામીશ્રીને 'સત્યવચની' સાધુ સિદ્ધ કરી દીધા. સ્વામીશ્રીએ તેઓને તથા કોન્સ્યૂલ જનરલને દ્વિશતાબ્દીનાં સ્મૃતિચિહ્ન અને સાહિત્ય અર્પણ કરી બહુમાન કર્યું. આજના આ સમગ્ર સમારંભને કેનેડાની સત્તાવાર પ્રસારણ સંસ્થા 'કેનેડિયન બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન' દ્વારા ધ્વનિમુદ્રિત કરવામાં આવ્યો.

આપણે તો જે હોય તે ચાલે

તા. ૧૦/૮ની સવારે સ્વામીશ્રી પ્રાતઃપૂજા બાદ અલ્પાહાર માટે બિરાજ્યા ત્યારે તેઓનું ભોજનપાત્ર મૂકવા પાટલાની જગ્યાએ સૂટકેસ રાખવામાં આવેલી. તે જોઈ એક સંતે વ્યવસ્થાપકને કહ્યું : 'પાટલો મૂકો ને !'

'આપણે તો જે હોય તે ચાલે. હાજર સો હથિયાર.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓનો આ પ્રતિભાવ નહોતો, પણ વલણ હતું. સ્વામીશ્રીના જીવનમાં કદી કોઈ વ્યક્તિ, વસ્તુ, સ્થાન વગેરે અંગે આગ્રહ જોવા મળતો નહીં. તેઓને બેસવા માટે ગાલીચા-ચાદર જોઈએ તે જરૂરી નહીં, તેઓ કોથળા પર પણ પલાંઠી વાળે. મુસાફરી માટે અમુક જ મોટર રાખવી પડે તેવું નહીં, સ્વામીશ્રી ઘોડાગાડી કે રિક્ષામાં પણ દોડે. ભોજનમાં અમુક-તમુક વાનગી બનાવવી પડે તેવું નહીં, કેવળ કઢી મળે તોય તેઓને ધોખો ન રહે. ઓરડામાં એરકન્ડિશન્ડ મશીન તો શું, હાથપંખો ન હોય તો પણ સ્વામીશ્રી ઠંડા રહે.

'આપણે તો જે હોય તે ચાલે'ના વલણથી તેઓએ વિતાવેલા જીવનના ૩૪,૫૮૩ દિવસો એ કોઈ સામાન્ય ઘટના નથી.

દેહપર્યંત ડોલવું નહીં

તા. ૧૦/૮ના રોજ ટોરોન્ટોથી ડંડાસ જવા નીકળેલા સ્વામીશ્રીને ગાડીચાલકે પૂછ્યું : 'બાપા ! ડૉક્ટરો મીટ(માંસ) ખાવા સલાહ આપે છે, કારણ કે મને ડાયાબીટીઝ છે, તો શું કરવું ?'

'ડૉક્ટર તો કહે, આપણે કાંઈ માંસ લેવાની જરૂર નથી.' આજ્ઞા વિરુદ્ધની વાત પર ચોકડી મારતાં સ્વામીશ્રીએ કહ્યું. વળી ઉમેર્યું : 'ભગવાન તબિયત સારી કરશે. ખાવું પડે એવું કોણે કહ્યું ? ડૉક્ટરો તો એવું કહેતા હોય, પણ આપણે ધર્મ-નિયમમાં ફેર ન પડવા દેવો. ખાવામાં સાચવી લેવું.'

સ્વામીશ્રીનો અભિપ્રાય રહેલો : *'દેહપર્યંત ડોલવું નહીં, ધર્મ ધાર્યા છે તે માંયથી...'* આવી દૃઢતા તેઓ સ્વયં રાખતા અને સૌને રખાવતા.

ધર્મગુરુઓને ધર્મપુત્રનો સંદેશ

ડંડાસ પહોંચેલા સ્વામીશ્રી સીધા જ બિશપ શ્રી રેડિંગના નિવાસસ્થાને પધાર્યા. ૧,૦૦૦ પાદરીઓના ઉપરી આ ધર્મનેતા સાથે તેઓની મુલાકાત પૂર્વ-આયોજન મુજબ તો ચર્ચમાં જ ગોઠવાયેલી, પરંતુ પોતાનું નિવાસસ્થાન પાવન કરવાની ઇચ્છા સાથે શ્રી રેડિંગે સ્વામીશ્રીને પોતાના ઘેર જ બોલાવેલા.

લગભગ દોઢ કલાક સુધી સ્વામીશ્રી અહીં બિરાજ્યા. તે દરમ્યાન વિવિધ વિષયો પર વિમર્શ ચાલતો રહ્યો. સ્વામીશ્રીએ આ ધર્મનેતાને દ્વિશતાબ્દી મહોત્સવથી વાકેફ કર્યા અને તે નિમિત્તે ખાસ તૈયાર કરાયેલું સ્મૃતિચિહ્ન તથા સાહિત્ય અર્પણ કર્યું.

ધર્મગુરુઓ સાથેના મિલનનો આ ક્રમ તા. ૧૧/૮ના રોજ પણ જારી રહ્યો. આજની સવારે સ્વામીશ્રીની મુલાકાત રબાઈઓના પ્રમુખ શ્રી પેપ્પનહેઈન સાથે યોજાઈ. સ્વામીશ્રીને આવકારવા આ ધર્મવડા પણ ઠેઠ સિનેગોગના પ્રવેશદ્વાર આગળ આવી ગયા. અહીંથી તેઓ પૂજાસ્થાન સુધી સ્વામીશ્રીને દોરી ગયા. અત્રે 'ઓલ્ડ ટેસ્ટામેન્ટ' ધર્મગ્રંથની હસ્તલિખિત પ્રત પર સ્વામીશ્રીની દૃષ્ટિ કરાવ્યા બાદ તેની છપાયેલી આવૃત્તિ તેઓએ સ્વામીશ્રીને ભેટ આપી. ત્યારબાદ કાર્યાલયમાં ચાલેલા વિશેષ વાર્તાલાપ દરમ્યાન સ્વામીશ્રીએ તેઓને દ્વિશતાબ્દીનાં સંદેશ, સ્મૃતિભેટ અને સાહિત્ય અર્પણ કર્યાં. ભગવાન સ્વામિનારાયણનું જીવન-કાર્ય જાણી પ્રભાવિત થયેલા આ ધર્મગુરુએ 'વચનામૃત' ગ્રંથમાં સ્વામીશ્રીના હસ્તાક્ષર પણ લીધા.

અહીંથી સ્વામીશ્રી રોમન કેથલિક ધર્મના કાર્ડિનલ શ્રી કાર્ટરને મળવા ગયા. તેઓના કાન સુધી દ્વિશતાબ્દીનો નાદ પહોંચાડનારા સ્વામીશ્રીના સાંનિધ્યમાં આ કાર્ડિનલ એટલા પ્રસન્ન થઈ ગયા કે તેઓએ જ લાદેલો આ મુલાકાતની તસવીરો ખેંચવા પરનો પ્રતિબંધ તેઓએ ઉઠાવી લીધો અને આ મિલનને ચિરસ્મરણીય કરવા માટે છબીકારોને ફોટા-ફિલ્મો લેવાની પરવાનગી આપી દીધી !!

આમ, વિવિધ ધર્મગુરુઓ સુધી ધર્મપુત્ર શ્રીહરિનો સંદેશ પહોંચાડી સ્વામીશ્રીએ દ્વિશતાબ્દીને કેનેડામાં પણ ગજવી મૂકી.

ભવિષ્ય ભગવાનના હાથમાં

ધર્મગુરુઓની સાથે કેનેડાના કૈંક રાજકીય આગેવાનોને પણ દ્વિશતાબ્દીના રંગે રંગનારા સ્વામીશ્રી તા. ૧૨/૮ના રોજ ટોરોન્ટોની સિટી કાઉન્સિલના સંકુલમાં પધાર્યા.

અહીં તેઓને વધાવવા ઉપમેયર શ્રી ક્લિફર્ડ ખૂબ જ ઉત્સુક હતા, કારણ કે તેઓના કાને પણ વાત પહોંચેલી કે 'કેનેડાના વર્તમાન વડાપ્રધાન જેઓના આશીર્વાદથી સત્તાનશીન છે તે આ સ્વામીશ્રી છે.' તેથી સ્વામીશ્રીને મળતાંવેંત તેઓએ પૂછ્યું : 'શું આપ ભવિષ્ય જાણો છો ?'

'એ તો ભગવાનનું ધાર્યું થાય છે.'

સ્વામીશ્રીનો આ ઉત્તર સાંભળી ઉપમેયરને તેઓ વિષે અહોભાવ વધ્યો. તેઓએ અતિથિપોથીમાં સ્વામીશ્રીના આશીર્વાદ લખાવ્યા અને ત્યાંથી કાઉન્સિલ ચેમ્બર્સમાં સ્વામીશ્રીને દોરી ગયા. અત્રે મેયરની બાજુમાં રહેતી પ્રતિષ્ઠિત મહાનુભાવોની ખુરશીમાં સ્વામીશ્રીને પધરાવતાં તેઓએ ખુશી વ્યક્ત કરી કે 'આપ જેવા મહાન સંતનું સન્માન કરવાનો લહાવો મને મળ્યો !'

આ લાગણી સાથે તેઓએ પચીસ લાખની જનસંખ્યા ધરાવતા ટોરોન્ટો વતી સ્વામીશ્રીને 'કેસ્ટ' (શિરતાજનું સમ્માન) અર્પણ કર્યો. સ્વામીશ્રીએ પણ શહેરની સુખાકારીના આશીર્વાદ આપ્યા અને વિદાય લીધી ત્યારે ટોરોન્ટોની આ વહીવટી કચેરીમાં દ્વિશતાબ્દીના પડઘા ગુંજી રહ્યા. તે આજની સાંજે નોર્થ યોર્ક પબ્લિક લાઈબ્રેરીના આંગણે યોજાયેલી સભામાં પણ ગાજ્યા.

તમારે આનંદ, અમારે પરમાનંદ

તા. ૧૩/૮ના રોજ ટોરોન્ટોથી શિકાગો જવા નીકળેલા સ્વામીશ્રીનું વિમાન હવાઈમથકના ગમનપથ પર પહોંચી ગયેલું. પરંતુ શિકાગોમાં હવામાન પ્રતિકૂળ હોવાથી તે હવાઈયાન ઊડી ન શકતાં સ્વામીશ્રીને ટોરોન્ટોમાં જ રાત્રિરોકાણ કરવાનું થયું. તેથી તેઓને વળાવીને પરત ફરેલા ભક્તો પુનઃ એરપોર્ટ પર લેવા આવી ગયા.

તેઓ સાથે ઉતારા તરફ જઈ રહેલા સ્વામીશ્રીને એક હરિભક્તે કહ્યું : ''બાપા ! અમે તો આપની દિવ્ય સ્મૃતિ કરતાં કરતાં આનંદમાં હતા ને ફોન આવ્યો કે 'આપનું પ્લેન કેન્સલ થયું છે.''

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'તમારે આનંદ ને અમારે પરમાનંદ હતો!'

આ પરમાનંદ સાથે વિચરતા સ્વામીશ્રી તા. ૧૪/૮ની સવારે શિકાગો જવા સમયસર હવાઈમથક પર પધારી ગયા, પણ અહીં કસ્ટમવિધિ માટે થોડી વાર થોભવું પડ્યું. તે વખતે નારાયણમુનિદાસ સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું: 'અક્ષરધામના દરવાજે આપ ઊભા રહેજો એટલે અમારે ચેકિંગમાં આમ ઊભું રહેવું ન પડે.'

'એમ તે કાંઈ હોય? ચેકિંગ વગર ઘૂસી જવાતું હશે?'

'આપ એજન્ટ છો ને!'

'એ વાત બરાબર, પણ ચેકિંગ તો થાય.' સ્વામીશ્રી બોલ્યા.

તે દ્વારા *'રહેવું નહીં ગાફલ ગમાર, માલ અતોલ મળે...'*નો મુદ્દો સમજાવી તેઓ તા. ૧૪/૮ની સવારે અગિયાર વાગ્યે શિકાગો આવી પહોંચ્યા.

ધરમ-પ્રવર્તક ધરમ પાળનારો

શિકાગોના ભક્તોનું સ્વાગત સ્વીકારી ઘનશ્યામભાઈ પટેલના ઘેર ઉતારે પધારેલા સ્વામીશ્રી, વિમાનમાં પ્રવાસ કર્યો હોવાથી જમ્યા વિના જ સીધા પોઢી ગયા.[૩૦] બપોરે ત્રણેક વાગ્યે તેઓ જાગ્યા ત્યારે કૃષ્ણવલ્લભદાસ સ્વામી મોસંબીનો રસ લઈ ઓરડામાં પ્રવેશ્યા, પણ તેઓ પ્યાલામાંથી વાટકીમાં શરબત કાઢે તે પહેલાં તો સ્વામીશ્રી પલંગમાંથી ઊઠી ઓરડાની બહાર સરકી ગયા!

દવા પીવાથી ગભરાઈને બાળક આડો-અવળો તરી જવામાં જેવી ત્વરા દાખવે એ જ રીતે ઓરડામાંથી નીકળેલા તેઓ રસોડામાં મુખપ્રક્ષાલન કરી ઠાકોરજી પાસે આવીને બેસી ગયા.

પરંતુ અહીં અન્ય એક સંત શરબત લઈને આવી પહોંચ્યા. તેઓને જોઈ સ્વામીશ્રીએ ઠપકાના સૂરમાં કહ્યું : 'તમે પણ ક્યાંથી લાવ્યા? સમજીને કરવું. ખબર તો છે કે આવા સમયે હું લેતો નથી!' આમ કહી તે શરબત સ્વામીશ્રીએ હરિભક્તોને પિવડાવી દીધું.

હવે અવસ્થાને કારણે ઉપવાસમાં ઘણી તકલીફ પડતી હોવા છતાં

---

૩૦. તે સમયે વિમાનમાં એક સળંગ 'કારપેટ'(જાજમ)ને કારણે સ્ત્રી-સાધુ મર્યાદાના ભંગરૂપે પ્રાયશ્ચિત્તનો ઉપવાસ સંતો મુસાફરીના દિવસે કરતા.

સ્વામીશ્રી ધર્મ-નિયમમાં કદી બાંધછોડ ન કરતા. આવા સંતના પગલે-પગલે શ્રીજીની દ્વિશતાબ્દીના ડંકા કેમ ન વાગે !

'બાપા'નું બધું સારું જ હોય

શિકાગોમાં આગમનના પ્રથમ દિવસે જ ભક્તોએ ગોઠવેલા જળ-વિહારના કાર્યક્રમમાં સ્વામીશ્રી ટ્રીબ્યુન ટાવર પાસેથી ૧૨૨ ભક્તો સાથે હોડીમાં બિરાજ્યા. અત્રે શિકાગો નદીના નીર પર નૌકા સરકવા લાગી ત્યારે તેઓના મુખેથી પણ સ્થાનિક ભક્તોની પ્રશંસા સરવા લાગી. સ્વામીશ્રીએ પ્રસન્ન થકા જણાવ્યું : 'બધા યુવકોએ સત્સંગ સારો સાચવ્યો છે. સો ટચના સોના જેવો સત્સંગ રાખ્યો છે !'

આ વાતોના વહેણમાં જ નૌકાએ નદીમાંથી મિશિગન સરોવરમાં પ્રવેશ કરી દીધો. તેના જળમાં ઠાકોરજીને સ્નાન કરાવી સ્વામીશ્રીએ પ્રાસાદિક જળ સૌ પર છાંટી દરેકને સ્મૃતિભીના કરી મૂક્યા. તેની સાથે 'સહજાનંદ સિંધુ રે...'પદના આધારે પરાવાણીયે રેલાવી. તેઓની અમૃતધારાની આવી જ એક છાલક આજે હેલન કેલર જુનિયર હાઈસ્કૂલમાં આયોજિત સભામાં પણ ઊડી.

આ જ રીતે તા. ૧૫/૮ની સાંજે રીવર પાર્ક હૉલમાં દ્વિશતાબ્દીની સભા યોજાયેલી. તેમાં જવા માટે સ્વામીશ્રી ઉતારેથી નીકળ્યા ત્યારે તેઓએ યાદ કરાવ્યું કે 'ઠાકોરજીને (જળ ધરાવવા) માટે જગ લીધો ?'

આમ, પ્રત્યેક ક્ષણે ભગવાનમાં જ રમમાણ સ્વામીશ્રીએ બીજા દિવસની બપોરે ત્રણ વાગ્યે પણ આ જ સભાગૃહમાં યોજાયેલી દ્વિશતાબ્દી નિમિત્તેની સભામાં જણાવ્યું કે 'આપણે ભગવાનને 'સ્પેર વ્હીલ' તરીકે ગણીએ છીએ. પંક્ચર પડે ત્યારે ઉપયોગ કરીએ છીએ, પણ જીવનની દરેકે-દરેક પળે ભગવાનની જરૂર છે.'

પ્રતિપળ પરમાત્મામય રહેવાની આ પ્રેરણા આપી સ્વામીશ્રી હવે એલ.એ. તરફ પ્રસ્થાન કરતાં પહેલાં કરસનજી સાંઘાણીના ઘેર ઠાકોરજી જમાડવા પધાર્યા. અહીં કેટલાક બ્રાહ્મણ ભક્તોની ભોજનપંક્તિ અલગ પડેલી. તે સંદર્ભમાં વાત કરતાં કોઈ બોલ્યું : 'બ્રાહ્મણ હરિભક્તોની રસોઈ યોગીબાપા જુદી કરાવતા.'

આ સાંભળી એક સંતે કહ્યું : 'બાપાનું બધું એવું જ હોય.'

આમ કહેનારના મનમાં તો 'એવું'નો અર્થ 'યોગ્ય' જ હતો, પણ

શબ્દભંડારમાં કાચા તેઓને યોગ્ય શબ્દ ન સૂઝતાં તેઓ આમ બોલ્યા. પરંતુ તેથી તે કથનમાં પ્રથમ દૃષ્ટિએ જણાતો યોગીજી મહારાજની ગૌણતાનો ભાવ સુધારતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'બાપાનું બધું એવું નહીં, પણ બાપાનું બધું ચોક્કસ જ હોય એમ કહેવું.'

આ ખુલાસો સાંભળ્યો તોય તે સંતથી ફરી વાર આમ જ બોલાઈ ગયું: 'હું તો એમ કહેતો'તો કે બાપાનું બધું એવું જ હોય.'

ત્યારે સ્વામીશ્રીએ ફરીથી સુધરાવ્યું કે 'બાપાનું બધું સારું જ હોય એમ કહેવું.'

ગુરુ વિષે ભૂલમાં પણ લેશ ઘસાતું સાંભળવામાં સ્વામીશ્રી રાજી નહીં.

'પૅસિફિક' પ્રથમ વાર પાવન

તા. ૧૬/૮ના રોજ શિકાગોથી એલ.એ. આવી પહોંચેલા સ્વામીશ્રી અહીં જશભાઈ પટેલના ઘેર આરામમાં પધાર્યા ત્યારે તેઓની શરીર-ઘડિયાળ પરોઢિયાના ચાર વાગ્યાનો સમય જણાવી રહેલી!

સત્સંગ-વિકાસ માટે આમ સતત પરિશ્રમ-પરાયણ રહેતા તેઓ અહીં એક વાર રસોડા આગળથી પસાર થયા ત્યારે ત્યાં કૃષ્ણવલ્લભદાસ સ્વામી રોટલીઓ બનાવી રહેલા. અન્ય સંતો પધરામણી માટે બહાર ગયા હોવાથી તેઓને એકલા જોઈ સ્વામીશ્રીથી સહજ પૂછાઈ ગયું: 'આવું રોટલી કરવા?'

સેવાના આવા અનન્ય ઈશક અને ઈરાદા સાથે વિચરતા તેઓ તા. ૧૯/૮ના રોજ કલ્વર સિટીમાં આવેલા 'ઈસ્કોન'ના મુખ્ય મથકે પધાર્યા. એ જ રીતે તા. ૨૦/૮ના દિવસે 'ન્યૂપોર્ટ બીચ' પર ઠાકોરજીને સમુદ્રસ્નાન કરાવવા પણ પહોંચ્યા.

સ્વામીશ્રીના આ આગમનથી પ્રશાંત મહાસાગર આજે નામ પ્રમાણેના ગુણ છોડીને ઉછાળા મારવા લાગ્યો. તેનો આ ઉમંગ સહેતુક હતો, કારણ કે શ્રીજીમહારાજ અને સ્વામીશ્રીના સ્પર્શથી તે પ્રથમ વાર પાવન થવાનો હતો. નાનાં-નાનાં ગામડાંઓના તળાવજળને જે લાભ મળેલો તેનાથી વંચિત રહી ગયેલો આ મહાસાગર અત્યાર સુધી કદાચ આ કારણસર જ કણસી રહેલો. આજે એ ખોટ ભાંગતાં તે આનંદમાં આવી એક પછી એક તરંગમાળાઓ મહારાજ-સ્વામીને અર્પણ કરતો જ ગયો. સ્વામીશ્રીએ પણ ઠાકોરજીને નવડાવ્યા બાદ સ્વયં સ્નાન કરી આ દરિયાની તરસ છીપાવી!

ન્હાતાં-ન્હાતાં દ્વિશતાબ્દી મહોત્સવ સર્વોપરી ઊજવાય તે સહિતના અનેક સંકલ્પો સાથે ધૂન કરાવતાં તેઓ ઠાકોરજીને સંબોધી સહજભાવે બોલ્યા : 'હે હરિકૃષ્ણ મહારાજ ! જાપાન ને ઑસ્ટ્રેલિયા તરફ દૃષ્ટિ કરો.'

સ્વામીશ્રી જ્યાં આમ બોલ્યા ત્યાં તો એક મોટું મોજું ઉછળી આવ્યું. આ ઉછાળનો ઘટસ્ફોટ કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'ત્યાંથી જવાબ આવી ગયો !'

સત્પુરુષના સંકલ્પને ઝીલવા કોણ તત્પર ન હોય ?!

જેમ જનની નિત્ય જાળવે બાળ

તા. ૨૧/૮ના રોજ એક દિવસ માટે ફ્રેઝનોમાં લાભ આપવા પધારેલા સ્વામીશ્રીએ અહીં અમૃતધારા વહાવી કે 'ભગવાન ભજવાનો આગ્રહ રાખવો જ. જનક વિદેહી, બોટાદના શિવલાલ શેઠ વગેરે મોટા વ્યવહારવાળા હતા, તેમણેય ભજન કર્યું છે. કદાચ આખી દુનિયાનો ધંધો મળી જાય તોય તે મૂકીને મોક્ષ કરી લેવો. સંસાર, વ્યવહાર ચલાવનારા બીજા મળશે પણ મોક્ષ બીજા કોઈ કરનાર નથી. પોતે જ ખાય તો ભૂખ જાય, તેમ મોક્ષની બાબત પણ આપણે જ કરવી પડે. આપ મર્યા વગર સ્વર્ગે ન જવાય.'

સૌને જીવનનું આ ધ્યેય દૃઢાવી તા. ૨૨/૮ના રોજ એલ.એ. પરત પધારેલા સ્વામીશ્રી, અત્રેથી પણ તા. ૨૩/૮ની સાંજે વિદાય લઈ રાત્રે અગિયાર વાગ્યે હ્યુસ્ટન આવી પહોંચ્યા.

અહીં તેઓ જયંતીભાઈના ઘેર ઉતારે આવ્યા ત્યારે સવા બાર વાગી ચૂકેલા. તેથી સૌએ આરામ કરવા વિનંતી કરી, પણ સાથે લાભ લેવા ફરતા હરિભક્તો હજી આવ્યા ન હોવાથી સ્વામીશ્રી તેઓની રાહ જોતાં બેસી રહ્યા ! લગભગ પોણો કલાક સુધી તેઓએ આમ વાટ જોઈ. અંતે સૌ આવ્યા એટલે તેઓના ભોજનની વ્યવસ્થા કરાવીને સ્વામીશ્રી રાત્રે સવા એક વાગ્યે પોઢવા પધાર્યા.

મધરાતે ઉજાગરા વેઠી-વેઠીને ભક્તોની કાળજી લેતા તેઓનું આ દર્શન કરનારા સૌનાં હૈયાં ગાઈ ઊઠ્યાં : *'જેમ જનની નિત્ય જાળવે બાળ, એમ અતિ કૃપા રાખે છે કૃપાળ...'*

સ્વામીશ્રીની આવી આ કૃપા તા. ૨૪/૮ની સવારે હ્યુસ્ટનની એલિએફ હેસ્ટિંગ્સ હાઈસ્કૂલમાં યોજાયેલી સભામાં પણ વરસી. અત્રે દ્વિશતાબ્દીનો નાદ ગજવી તેઓ બપોરે પોણા ત્રણ વાગ્યે ભોજન લઈ, હ્યુસ્ટનના હૉબી ઍરપોર્ટ

પર આવી પહોંચ્યા. ઉતારેથી અહીં સુધીની મુસાફરી માટે સ્વામીશ્રીએ પોતા સારુ આવેલી રૉલ્સ રૉયસ ગાડીમાં સંતોને બેસાડ્યા, જેથી તેઓને સ્મૃતિ-લાભ મળે અને સ્વયં અન્ય એક નાની મોટરમાં બિરાજ્યા !

આ વાત્સલ્ય અને વૈરાગ્યની પાંખે ઊડતા સ્વામીશ્રી સાંજે સવા પાંચ વાગ્યે ડલાસ પહોંચી સીધા જ આર. એલ. ટર્નર હાઈસ્કૂલમાં પધાર્યા. અહીં તેઓનો લાભ લેવા માટે સત્સંગીઓની સાથે કેરોલ્ટન સિટીના મેયર શ્રી ટેલર તથા ડલાસના મેયરના પ્રતિનિધિ ઉપસ્થિત હતા. આ બંને મહાનુભાવોએ પોતપોતાના શહેરના સર્વોચ્ચ સન્માનરૂપે 'નગરની ચાવી' (Key to the city) સ્વામીશ્રીને અર્પણ કરી.

તે સ્વીકારતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'પરોપકારી કાર્ય જગતમાં ભગવાન ને સંત જ કરે છે. તેઓ પોતાના જીવનને ઘસી નાંખે છે. જીવોના કલ્યાણ માટે દેહની પરવા નથી કરતા. સંતનું મન બહુ મોટું છે. દરેકને ભગવાનરૂપી ધન તેઓ આપે છે.'

સ્વામીશ્રીના શબ્દોમાં તેઓની શૈલીનું જ પ્રતિબિંબ ઝળકી ઊઠ્યું.

સ્નેહ-સાંકળે સાંકળ્યો હું

તા. ૨૫/૮ની સવારે ધીરૂભાઈ પટેલના મકાનની પાછળ આવેલા પ્રાંગણમાં મંડપ નીચે કથા કરવા બિરાજેલા સ્વામીશ્રી સારંગપુર પ્રકરણના આઠમા વચનામૃતના આધારે કથામૃત પીરસી રહેલા. આ વખતે તેઓની આંખોનો મોતિયો પાકી ગયો હોવાથી તડકાને કારણે આંખોમાં બળતરા અનુભવાતી હતી. વળી, છેલ્લા કેટલાય દિવસોના સતત પરિશ્રમને લીધે શરીરમાં કળતર પણ જણાતું હતું. છતાં દેહના ભાવને તાબે નહીં થવાનું 'પણ' લઈને વિચરતા સ્વામીશ્રી અસ્ખલિત કથાપ્રવાહ વહેવડાવી રહેલા.

પરંતુ તેઓની આ પીડાથી જાણે દૂર બેઠેલી એક મહિલા પીડાતી હોય તેમ, તેઓએ પોતાના પતિ રસિકભાઈ પટેલને જણાવ્યું : 'તમે સૌ વતી સ્વામીબાપાને પ્રાર્થના કરો કે તેઓ અત્યારે સૂઈ જાય. તેઓનું શરીર દુઃખે છે.'

આત્મબુદ્ધિની ઉત્કૃષ્ટ દશામાં પોતાના ઇષ્ટ-અભીષ્ટને પડતાં કષ્ટ વ્યક્તિ પોતે અનુભવે છે તેવા ઘણા દાખલા નોંધાયા છે. આજે તેમાં વધુ એકનો ઉમેરો થયો.

જો કે રસિકભાઈ રસિકમાર્ગની આ રીતને ન સમજી શક્યા. તેઓએ

પોતાની પત્નીને કહી દીધું: 'અત્યારે સવારના નવ વાગ્યા છે. આ સમયે સ્વામીશ્રી કદી આરામમાં ન જાય.'

આમ કહેનાર એ હરિભક્તની વાત બિલકુલ સાચી હતી. સવારના નવ વાગ્યે કચેરી કદી બંધ થાય? શાળા કદી છૂટે? દુકાનને તાળું વાગે? આ સમયે તો ત્રણેય ધમધમતાં હોય. છતાં પત્નીના આગ્રહથી તે હરિભક્તે સંતોને આ સૂચન કર્યું. પરંતુ સ્વામીશ્રીની રીતિ-નીતિથી સુપરિચિત સંતોએ કહી દીધું: 'આ સમયે સ્વામીશ્રી કદી ન સૂએ.'

પણ સૌના આશ્ચર્ય વચ્ચે ટૂંક જ સમયમાં કથાની ઈતિશ્રી કરી અલ્પાહાર બાદ સ્વામીશ્રી સાચે જ પોઢી ગયા! સૌનાં મનમાં આ ચરિત્રનું વિસ્મય સમાયું નહીં. અલબત્ત, તેનો તાળો *'સ્નેહ-સાંકળે સાંકળ્યો હું, જે જે જન કહે તે તે કરું...'* એ શબ્દોમાંથી મળે એમ હતો. પ્રેમી ભક્તોના મનોરથ પૂરા કરવાના પોતાના પ્રયોજનને શ્રીજીમહારાજ સ્વામીશ્રી દ્વારા સિદ્ધ કર્યે જતા હતા.

નથી કોઈ વાતે રહી ખામી

તા. ૨૫/૮ની સાંજે 'હોલી કોન્વેન્ટ યુનાઈટેડ મેથોડિસ્ટ ચર્ચ'માં યોજાયેલા પારાયણમાં અમેરિકન મુમુક્ષુ ગેરી સજોડે આવીને બેઠેલા. ભારતીય સંસ્કૃતિથી પ્રભાવિત તેઓએ પોતાનું નામ કરી દીધેલું 'નળ' અને પત્નીનું નામ 'દમયંતી.' તે બંને રોજ સવાર-સાંજ સ્વામીશ્રીનો લાભ લેવા નિયમિત આવતાં અને દર્શનથી પરમ શાંતિ તથા આધ્યાત્મિક બળ અનુભવતાં. પરંતુ ચરમસીમા તો ત્યારે આવી કે જ્યારે આ 'નળ'રાયે તા. ૨૬/૮ના રોજ રક્ષાબંધનના પર્વે સ્વામીશ્રીના હસ્તે યજ્ઞોપવીત અને કંઠી ધારણ કર્યા!

આજની જ સાંજે દ્વિશતાબ્દીનો ઉદ્‌ઘોષ કરતાં નીકળેલી ભવ્ય શોભાયાત્રાએ પણ અમેરિકનોમાં અપ્રતિમ આકર્ષણ જમાવતાં પૂરપાટ દોડતી ગાડીઓને 'બ્રેક' લાગવા માંડી. પરંતુ આ નગરયાત્રાએ અડધો પંથ કાપ્યો ત્યાં જ સ્વામીશ્રી જે ખુલ્લી ગાડીમાં બિરાજેલા તે ખોટકાઈ. તે વખતે બાકીનો અડધો માર્ગ હરિભક્તોએ મોટરને ધક્કા મારીને પાર કરાવ્યો! આવી ક્ષોભજનક પરિસ્થિતિમાંયે સ્વામીશ્રીની અલમસ્તાઈ અખંડિત રહી.

બ્રહ્મમસ્તીની આ છોળ્યોમાં જ સૌને તરબોળ કરતાં તેઓએ તા. ૨૭/૮ની પ્રાતઃકથામાં વચનામૃત(ગ.પ્ર. ૫૮) રેલાવ્યું કે –

'લોટ ફાકવો ને હસવું એ બે કામ ભેગાં ન થાય. દિવસ ને રજની સાથે ન રહે. રામ ત્યાં કામ નહીં ને કામ ત્યાં રામ નહીં. માટે સર્વ સંકલ્પને પડ્યા મૂકીને વાત સાંભળવી. એકકાન થઈ જવું. માણસે ધાર્યું તો ઠેઠ ચંદ્રલોક સુધી જઈ આવ્યો. તેમ આપણે મહારાજની આજ્ઞા અને સંતોના સમાગમમાં રહીએ તો અક્ષરધામમાં જ જવાના છીએ. ભગવાનના આશરારૂપી રોકેટમાં બેસી ગયા તો અક્ષરધામમાં પહોંચી જ જવાશે.

ચિનાઈ કાગળ જેટલો અંતરાય પારસમણિ અને લોઢા વચ્ચે હોય તો લોઢું સોનું ન થાય. તેમ એટલો જ અંતરાય સત્પુરુષ સાથે રાખીએ તો બ્રહ્મરૂપ ન થવાય. સાપ બધે વાંકો-ચૂંકો ચાલે પણ દરમાં સીધા ચાલવું જ પડે; નહીં તો શરીર છોલાય ને કીડીઓ ફોલી ખાય. માટે મોટાપુરુષ આગળ સીધા હશું, એને વિષે દોષ નહીં પરઠીએ, તો શુદ્ધ થવાશે. ભગવાનને આપણી ખબર રાખવી ન પડે તો રાજીપો થાય. મોટાપુરુષનો ગુણ જ લેવો, એ સાધન સરળ બતાવ્યું પણ હિમાલય જેવું કઠણ છે.'

કથારસની આ અદ્‌ભુત જમાવટ કરી છેલ્લે રાજીપો વરસાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'અહીં સર્વોપરી સમૈયો થઈ ગયો અને કોઈ વાતે ખામી રહી નથી.'[૩૧]

આમ, ડલાસમાં ડંકા દઈ બપોરે સવા ત્રણ વાગ્યે બર્મિંગહામ પહોંચેલા સ્વામીશ્રીએ અહીં પણ લાભની લહાણ જારી રાખતાં, સાંજે સેન્ટ થોમસ કેથલિક ચર્ચમાં યોજાયેલી સભામાં કહ્યું: '*એક ઘડી આધી ઘડી, તાકી પુની આધ...* એટલે છ જ મિનિટ સાચે ભાવે સત્સંગ કરો તો બેડો પાર પડી જાય.'

તા. ૨૮/૮ની સવારે પણ શેમરોક મોટેલ પર પ્રાતઃપૂજા બાદ વચનામૃત(ગ.પ્ર. ૨૦)ના આધારે ઉપદેશ-મૌક્તિક વેરતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'સત્પુરુષને વિષે આત્મબુદ્ધિ, દિવ્યભાવ થાય એ જ અંતર્દૃષ્ટિ. આપણે ભગવાન ભજવામાં જ આળસ છે. બસો માઈલ દૂર પિકનિકમાં પહોંચી જઈએ, પણ સત્સંગમાં ન જવાય.'

એક દિવસના રોકાણમાંય આવા જ્ઞાનઘન વરસાવી સૌને તૃપ્ત કરતા

---

૩૧. અમેરિકા ખાતે સ્વામીશ્રીએ આપેલા આ દિવ્ય લાભને નયન-ગોચર કરવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

સ્વામીશ્રી તા. ૨૮/૮ની બપોરે બાર બાગ્યે બર્મિંગહામથી નીકળી એટલાન્ટા થઈને સાંજે સાડા ચાર વાગ્યે બાલ્ટીમોર આવી ગયા.

દ્વિશતાબ્દીના યજ્ઞમાં જાતનું બલિદાન

બાલ્ટીમોરમાં આગમન સાથે જ કોલ્સવીલ કમ્યુનિટી સેન્ટરમાં ધર્મલાભ આપ્યા બાદ સ્વામીશ્રી તા. ૨૯/૮ની પ્રાતઃપૂજા ઑલ્નીના ઉતારે કરીને ટેન્ટેલોન પધાર્યા.

અહીં અલ્પાહાર આરોગી તેઓ પુનઃ ઉતારે જવા તૈયાર થયા ત્યારે ડાબા પગની મોજડીમાં જમણો પગ નાંખવાનો પ્રયત્ન કરવા લાગ્યા. આ અવળ-સવળ થયેલું જોઈ સાથે ઊભેલા સંતોએ પૂછ્યું : 'બાપા ! આમ કેમ ?'

'બરાબર દેખાતું નથી.'

સ્વામીશ્રીના આ ટૂંકા જવાબે સૌના ચહેરા પર ચિંતાની લકીરો આંકી દીધી. તેથી સૌએ કહ્યું : 'આપણે અત્યારે જ ન્યૂયોર્ક પહોંચી ડૉક્ટરને આંખ બતાવી દઈએ.'

'ના. આજે સાંજે દ્વિશતાબ્દીની સભા ગોઠવી છે. તેમાં જઈ પછી તપાસ કરાવીશું.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓને પોતાના સ્વાસ્થ્ય કરતાંય સત્સંગની ચિંતા સવિશેષ હતી. તેથી પાંચ ફૂટ દૂરનું પણ વ્યવસ્થિત ન જોઈ શકતા સ્વામીશ્રી હવાઈમાર્ગે નેવાર્ક આવી પહોંચ્યા.

અત્રે પ્રેસ્બિટેરીયન ચર્ચમાં આયોજિત જાહેર-સભામાં દ્વિશતાબ્દીનો ઉદ્‌ઘોષ કરી તેઓ મોટરમાર્ગે રાત્રે પોણા એક વાગ્યે ન્યૂયોર્ક જઈને પોઢ્યા ત્યારે અમેરિકા ખાતે યોજાયેલા દ્વિશતાબ્દીના સઘળા કાર્યક્રમો પૂર્ણ થઈ ચૂકેલા.

આ આયોજનો નિર્વિઘ્ન રીતે પૂરાં થાય તે હેતુથી જ સ્વામીશ્રીએ આંખમાં પાકેલા મોતિયાને કારણે હરવા-ફરવા, વાંચવા-લખવામાં પડતી તકલીફોની ગંધ સુધ્ધાં કોઈને આવવા દીધી નહોતી. પોતે આરંભેલા દ્વિશતાબ્દીના મહાયજ્ઞમાં પોતાની જાતનું બલિદાન તેઓએ આપી દીધેલું !

જેટલું બંધન તેટલી મુક્તિ

ન્યૂયોર્કમાં તા. ૩૦/૮ની સવારે મંદિરનો છઠ્ઠો પાટોત્સવ ઊજવી પ્રસંગોપાત્ત અમૃતધારા રેલાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'આપણા સંકલ્પ મુજબ કરે તેને ભગવાન માનીએ એવી વ્યાખ્યા આપણે રાખીએ છીએ. પણ સંકલ્પ પૂરા કરે કે ન કરે, ભગવાન એ ભગવાન જ. આપણા કલ્યાણમાં વિઘ્ન આવે નહીં એ રીતે ભગવાન આપણને આપે જ છે. ગુણાતીત સંતને અર્થે માથું, ધન, ધામ, કુટુંબ અર્પણ કરવાનું છે, બીજા માટે નહીં. કોઈ ગમે તે કરે પણ તેનું સારું ઇચ્છે તે સંતનું લક્ષણ છે. મોટા-પુરુષના વચનમાં વર્તીએ તો સત્-યુગ જ છે. કર્મે કરીને બંધન સ્વીકારીએ છીએ ત્યારે ભગવાનનું બંધન શું ખોટું છે ? ભગવાનના બંધનમાં અખંડ રહેવું. તે બંધનમાં જેટલા રહીશું તેટલી જગતમાંથી મુક્તિ પામીશું.'

આ પ્રગલ્ભ પરાવાણી રેલાવ્યા બાદ સ્વામીશ્રી આજે બપોરનો આરામ હરામ કરીને સવા બે વાગ્યાથી સાડા ચાર વાગ્યા સુધી નબળી આંખે પણ પત્રલેખનમાં રત રહ્યા !

છેલ્લા કેટલાક દિવસોના સતત પ્રવાસને કારણે થયેલા પત્રોના ખડકલાને આમ થાળે પાડી, તેઓ સાંજે છ વાગ્યે બાળસભામાં સમયસર પધારી જતાં તા. ૩૧/૮નો Sunday બાળકો માટે Funday – આનંદનો દિવસ થઈ રહ્યો. આ પ્રસંગે આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'ન્યૂયોર્કમાં આપણું આ મંદિર તે તપનું સ્થાન. અહીં આવીને માળા ફેરવીશું, ભક્તિ કરીશું તો તે ભગવાનને પહોંચી જશે.'

ભગવાન સાથે સીધો સંપર્ક સાધી આપતાં મંદિરો ગામોગામ કરી તેઓએ *'કબ દેખું કિરતાર...'*ને બદલે *'હરિ મારી સામે ઊભા...'*નો અનુભવ સર્વજનસુલભ કરી દીધો છે. સ્વામીશ્રીનું આ ઋણ દુનિયા કદી નહીં ચૂકવી શકે.

તનનું ન કરે જતન જી...

તા. ૧/૯ની સવારે વચનામૃત (ગ.મ.૭) નિરૂપતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'કોઈ મોટા સંતની અતિશય સેવા કરે એટલે મહારાજના ભાવને પામેલા સંત, સાધુતા જેનામાં સંપૂર્ણ રહી છે એવા ગુણાતીતાનંદ સ્વામીની સેવા કરવી. અતિશય સેવા એટલે એ રાજી થાય એમ કર્યા જ કરે.'

'શાસ્ત્ર-મર્મ સકળ જાણનારા' સ્વામીશ્રીના શબ્દે-શબ્દે સૌ નૂતન જ્ઞાન-દૃષ્ટિનો પ્રકાશ પામતા.

પરંતુ આ અરસામાં દરેકની ચિંતાનો વિષય બનેલી સ્વામીશ્રીની દૃષ્ટિ. તેથી તેઓને કનડી રહેલી આંખની તકલીફને ફેડવાનાં ચક્રો હવે ગતિમાન

થઈ ચૂકેલાં. તે માટે જ સ્વામીશ્રી તા. ૨/૯ની બપોરે અઢી વાગ્યે ઑથ્પેલ્મિક કન્સલ્ટન્ટ્સ ઑફ બોસ્ટનના કાર્યાલયમાં ડૉ. હચિન્સન પાસે પહોંચ્યા.

નેત્રરોગના નિષ્ણાત આ તબીબે સ્વામીશ્રીની આંખો તપાસીને સલાહ આપી કે 'ડાબી આંખે વહેલામાં વહેલું ઑપરેશન કરાવવું હિતાવહ છે. આ અંગે વિલંબ થશે તો ઝામરની તકલીફ ઊભી થવાની પૂરી શક્યતા છે.'

ડૉક્ટરે શાંતિથી પણ ખતરાની ઘંટડી તો વગાડી જ દીધી.

પરંતુ તે સાંભળી સ્વામીશ્રીએ સંતોને કહ્યું : 'આપણે મીટિંગ યોજીને નક્કી કરીએ કે શું કરવું ?'

અમેરિકાના પ્રવાસ બાદ લંડન, આફ્રિકાના કાર્યક્રમો અગાઉથી નિશ્ચિત્ત થઈ ગયેલા. અચાનક આવી પડેલી આ શસ્ત્રક્રિયાને કારણે તેને ઠેસ પહોંચે તેમ હોવાથી, તે તે કાર્યક્રમોના સંબંધિત આયોજકોની સંમતિ મેળવીને ઑપરેશનમાં આગળ વધવાનું સ્વામીશ્રી વિચારી રહેલા !

જેમણે આ સાંભળ્યું તે સૌ હેબત ખાઈ ગયા ! આંખ પોતાની અને તેની રખેવાળી અંગે નિર્ણય કોઈ બીજો લે ?! લોકકલ્યાણ માટે સ્વામીશ્રી કઈ હદ સુધી સમર્પિત થઈ ગયેલા તેનો આ દાખલો છે. પોતાના દેહ પરથી પણ પોતાનો માલિકીભાવ જતો કરનારા તેઓની નિઃસ્પૃહિતાનું લેખું-જોખું થઈ શકે એમ નથી.

પ્રાણ થકી પિયુ પ્યારો રે

આંખના નિદાન બાદ કેરેવાનમાં ન્યૂયોર્ક પરત ફરી રહેલા સ્વામીશ્રીને, મુસાફરીના શ્રમમાં રાહત રહે તે માટે પાછળની બેઠક પર સુવાડી દેવામાં આવ્યા. ગાડીની અંદર ઉપરની 'બર્થ'માં ઠાકોરજીને પણ પોઢાડ્યા.

પરંતુ સંધ્યા ઢળી ગયાના આ સમયે, પહોળા રાજમાર્ગો પર પૂરપાટ દોડતી વાનમાં અચાનક ઉપરથી કંઈક પડ્યાનો ધડાકો સંભળાયો. તેથી સૌની સાથે સ્વામીશ્રી પણ 'શું થયું ?'નું કુતૂહલ સેવતાં સફાળા જાગી ગયા. તેઓને સમાચાર મળ્યા કે 'ઉપરથી ઠાકોરજીની પેટી પડી છે !'

તે સાંભળતાં જ બીજો ધડાકો થયો, સ્વામીશ્રીના ભીતરમાં. તેઓએ બેબાકળા થતાં કહ્યું : જરા જુઓ ! ઠાકોરજી પેટીની બહાર તો નથી પડી ગયા ને !'

લાઈટ કરીને તપાસ થઈ તો ખ્યાલ આવ્યો કે 'ઠાકોરજી પેટીમાં જ પડખાભર થઈ ગયા છે.'

તેથી કશું વિશેષ અઘટિત ન બન્યાની રાહત સૌ અનુભવી રહ્યા, પણ સ્વામીશ્રીના શરીરમાંથી તો નૂર ઊડી ગયું. આંખોમાંથી વહી છૂટેલી અશ્રુધારા સાથે તેઓ ઠાકોરજીના શરીરે હાથ ફેરવતાં-ફેરવતાં કરગરવા લાગ્યા કે 'હે મહારાજ ! માફ કરજો. અપરાધ થઈ ગયો ! આપને વાગ્યું...'

ઘડીક વાર મહારાજની આમ સાર-સંભાળ લઈ સ્વામીશ્રી ધસમસતી મોટરની સાંકડી જગ્યામાં, નાદુરસ્ત તબિયતની તમા રાખ્યા વિના પ્રાયશ્ચિત્તરૂપે દંડવત કરવા લાગ્યા. એક... બે... ત્રણ... વીસ... પચીસ... કાંઈ ગણતરી જ ન રહી. સડસડાટ દોડતી ગાડીને રોકવી સહેલી, પણ દંડવત કરી રહેલા સ્વામીશ્રીને રોકવા મુશ્કેલ લાગે એમ તેઓ સાષ્ટાંગ પ્રણિપાત કર્યે જ ગયા.

છતાં હજી તેઓનું મન માન્યું નહીં. તેથી ઠાકોરજીને પ્રેમથી થાળ ધર્યો. હવે નિદ્રાધીન થવાનો વિકલ્પ તો મરી જ પરવાર્યો. આખે રસ્તે સૂનમૂન બેસીને સ્વામીશ્રીએ ઠાકોરજી સમક્ષ જોતાં-જોતાં માળા જ ફેરવ્યે રાખી. આમ કરતાં ન્યૂયોર્ક આવી ગયું, પણ સ્વામીશ્રીની અરેરાટી હજી ઓસરી નહોતી.

જે બન્યું તેમાં તેઓનો તો કોઈ અપરાધ નહોતો. છતાં આ નાતો *'પ્રાણ થકી પિયુ પ્યારો...'*નો હોવાથી, મંદિરે આવી ગયા બાદ પણ સ્વામીશ્રી ભોજનનો કોળિયો ગળા હેઠે ઉતારી ન શક્યા. ભૂખ્યા-તરસ્યા જ તેઓ મીટિંગો આટોપી આરામમાં પધાર્યા ત્યારે મૂર્તિમાં પ્રત્યક્ષભાવની ભક્તિનાં તમામ પાસાં આજની રાતે પ્રકાશિત થઈ ગયાં.

સુષુપ્તિમાં પણ મર્યાદાભંગ ન ચાલે

બોસ્ટનથી ન્યૂયોર્ક આવ્યા બાદ રાત્રિના અગિયાર વાગ્યે અગ્રગણ્ય ભક્તો-સંતોની મીટિંગમાં, સ્વામીશ્રીની આંખના ઑપરેશન અંગે નિર્ણય લેવાઈ ગયો.

પરંતુ અહીં મુખ્ય સમસ્યા હતી – પુરુષ પરિચારકની, કારણ કે બોસ્ટનથી ડૉ. હચિન્સનનો સંદેશો આવેલો : 'ઑપરેશનની બધી વ્યવસ્થા થઈ ગઈ છે, પણ આપે જે પુરુષ નર્સ માટે માંગણી કરી છે તે શક્ય બને તેમ નથી. કેમ કે, બે પુરુષ નર્સ છે તે બંને એક મહિના સુધી અન્ય દર્દી ખાતે રોકાઈ ગયેલા છે.'

આ મૂંઝવણનો કંઈક માર્ગ સંતો શોધે તે પહેલાં તો ડૉક્ટરે કહ્યું : 'ઑપરેશન માટે સ્વામીશ્રીને એનેસ્થેસિયા આપીએ પછી તો તે બેભાન

અવસ્થામાં હોય, ત્યારે કોઈ સ્ત્રી નર્સ આવે તો શું વાંધો ? તે તો ચાલે ને ! સ્વામીશ્રી જાગે તે પહેલાં તો તે મહિલા નીકળી જશે.'

પરંતુ બ્રહ્મચર્યવ્રતના પાલન અંગે સ્વામીશ્રીની પર્વતપ્રાય દૃઢતાના સાક્ષી સંતોએ, 'આ ઉપાય શક્ય નથી' તેમ ડૉક્ટરને જણાવ્યું.

આ સમગ્ર ઘટનાક્રમથી આત્મસ્વરૂપદાસ સ્વામીએ સ્વામીશ્રીને માહિતગાર કર્યા ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'સુષુપ્તિમાં પણ મર્યાદાભંગ ન ચાલે. આપણી મર્યાદા ને વ્યવસ્થા પ્રમાણે જો ન થતું હોય તો આપણે ઑપરેશન નથી કરાવવું !'

સ્વામીશ્રી આંખ ગુમાવવા તૈયાર હતા, પણ મહારાજની આજ્ઞા લોપવા નહીં !

ગુણે સુરગુરુસમ ગંભીર

તા. ૩/૯ના રોજ ન્યૂયોર્કથી સો માઈલના અંતરે આવેલા 'કૃપાલુ યોગાશ્રમ'ની મુલાકાત લઈ સ્વામીશ્રી ફિલાડેલ્ફિયા આવી પહોંચ્યા. અત્રે ઇન્ટરનેશનલ હાઉસમાં યોજાયેલી સભામાં આશીર્વાદ પાઠવી તેઓ ન્યૂયોર્ક પહોંચ્યા ત્યારે રાત્રિના પોણા ત્રણ વાગી ચૂકેલા !

આંખની ઝાંખી રોશનીમાંય તેઓ આમ રાતોની રાતો ખેડતા રહેતા. પરંતુ હદ તો ત્યારે આવી કે જ્યારે આજની રાતનો ઉજાગરો હોવા છતાં તેઓ બીજા દિવસની બપોરે પણ ઊંઘને હડસેલી સતત સવા બે કલાક સુધી પત્ર-લેખન કરતા રહ્યા !

પુરુષ-પરિચારકની વ્યવસ્થા શક્ય બનતાં તા. ૬/૯ના રોજ ડાબી આંખમાં મોતિયાનું ઑપરેશન નક્કી થઈ ગયેલું. તેથી તે પહેલાં તમામ ટપાલોના જવાબ સ્વામીશ્રી આપી દેવા માંગતા હતા. વળી, 'એક હરિભક્ત ભારત જવાના છે' તે સમાચાર પણ તેઓને મળેલા. એટલે ટપાલ પાછળ ખર્ચાનારા દેવદ્રવ્યની બચત થાય એ હેતુ પણ બપોરે લીધેલા પરિશ્રમની પાર્શ્વભૂમાં હતો. શસ્ત્રક્રિયાની નોબતો વાગી ગઈ હોવા છતાં *'ગુણે સુરગુરુસમ ગંભીર'* સ્વામીશ્રીની કાર્યશૈલીમાં કોઈ ફર્ક ન પડ્યો.

તેનું એક નવીન દર્શન લાધ્યું – તા. ૪/૯ના રોજ. શસ્ત્રક્રિયા માટે પ્રસ્થાનના આ પૂર્વદિને ન્યૂયોર્કમાં યુવકો સાથે હળવી ગોષ્ઠી માંડીને બેઠેલા સ્વામીશ્રીને પીટ્સબર્ગના મહેન્દ્રભાઈ પટેલે પૂછ્યું કે 'મોટાપુરુષનાં નેત્રમાં

ભગવાન જોનારા છે, તે માટે બ્રહ્માંડમાં જેટલાં જીવ-પ્રાણી છે તેનાં નેત્રને પ્રકાશ કરવાને સમર્થ થાય છે એમ વચનામૃતમાં કહ્યું છે. તો આપને જ આંખે ઝાંખપ આવે ને ઑપરેશન કરાવવું પડે તે કેવું કહેવાય ?'

'મોટાપુરુષને આમ થાય તો બીજાને બળ રહે ને !' સ્વામીશ્રી બોલ્યા.

તેઓની માંદગીમાં પણ જીવના હિતનો હેતુ જળવાઈ રહેતો.

તે અનુસાર સ્વામીશ્રી તા. ૫/૯ની સવારે ન્યૂયોર્કથી નીકળતા પહેલાં વિદાયનાં દર્શન કરવા ઠાકોરજી પાસે ગયા ત્યારે શ્રીજીમહારાજના ડાબા કાન પર ખોસેલું ફૂલ નીચે પડ્યું. મહારાજે જાણે સફળ શસ્ત્રક્રિયાના આશીર્વાદ આપી દીધા ! સ્વામીશ્રીએ નીચે પડેલું એ કર્ણફૂલ મહારાજનાં ચરણોમાં મૂકી વિદાય લીધી.

કરે ભજન સદા સ્વસ્થ થઈ

તા. ૫/૯ની બપોરે બે વાગ્યે સ્વામીશ્રી મેસેચ્યુસેટ્સ જનરલ હૉસ્પિટલની 'આઇ ઍન્ડ ઈયર ઇન્ફર્મરી'(Eye & Ear Infirmary)માં ૧૨૦૫B ક્રમાંકના ઓરડામાં દાખલ થયા. અહીં ડૉ. હચિન્સને પુરુષ પરિચારક તરીકે નામાંકિત તબીબ ડૉ. ચાર્લીને નિયુક્ત કરી દીધેલા.

તેઓની નિશ્રામાં સાંજે પાંચ વાગ્યા સુધી ક્રમાનુસાર વિવિધ ડૉક્ટરો દ્વારા સ્વામીશ્રીનાં રક્ત, રક્તદાબ, શારીરિક તાપમાન, ઊંચાઈ, વજન વગેરેનાં પરીક્ષણ થતાં રહ્યાં. ત્યારબાદ સ્વામીશ્રીએ સામે બેઠેલા યુવક યાજ્ઞ દવેને બપોરની કથાના ભાગરૂપે 'વચનામૃત' વાંચવા કહ્યું ! *'કરે ભજન સદા સ્વસ્થ થઈ...'*નું આ દર્શન સૌને ચોંકાવી ગયું. 'સાંજે' પાંચ વાગ્યે પણ 'બપોરની' કથાનો નિયમ અભંગ પાળી સ્વામીશ્રી વિશ્રામમાં પધાર્યા.

થોડી વારે જાગ્યા બાદ અલ્પ જમી પુનઃ વચનામૃત વંચાવી-સંભળાવી તેઓ રાત્રે આરામમાં પોઢ્યા ત્યારે તેઓના જીવનનું આ પહેલવહેલું રાત્રિ-રોકાણ હૉસ્પિટલમાં થયું !

તા. ૬/૯નો દિવસ ઉગતાં જ હજારો ભક્તોની પ્રાર્થનાનો પ્રવાહ સ્વામીશ્રી તરફ વહી રહ્યો. પરંતુ સ્વામીશ્રી નિશ્ચિંત હતા. તેઓ બપોરે છઠ્ઠા માળે આવેલા ઑપરેશન થિયેટરમાં જતાં પહેલાં ઠાકોરજીનાં દર્શન કરતી વખતે બોલ્યા : 'હરિકૃષ્ણ મહારાજ ડૉક્ટરમાં રહીને ઑપરેશન કરશે એટલે બધું સારું થઈ જશે અને જલદી સાજા થઈ જવાશે.'

આ શબ્દો સાથે બપોરે ૧:૫૫ વાગ્યે સ્ટ્રેચરમાં સૂતાં સૂતાં સ્વામીશ્રીએ ઑપરેશન થિયેટરમાં પ્રવેશ કર્યો ત્યારે તેઓની સાથે હરિકૃષ્ણ મહારાજ પણ હતા. સ્વામીશ્રીની ઇચ્છા હતી કે 'ઑપરેશન વખતે ઠાકોરજી સાથે રહે.' તેથી આ પ્રતિષ્ઠિત અને પ્રખ્યાત હૉસ્પિટલમાં પહેલી જ વાર દર્દી સાથે ભગવાનની મૂર્તિ લઈ જવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી. ઇતિહાસ-પુરુષ સ્વામીશ્રી પ્રત્યેક પળે ઇતિહાસ સર્જતા રહેતા !

ડૉ. હચિન્સનની સાથે ડૉ. કીની તથા ડૉ. શાલોન કિનેલના કુશળ હાથે બરાબર ૨:૨૫ વાગ્યે શસ્ત્રક્રિયા શરૂ થઈ. ૨:૪૭ વાગ્યે વાલની દાળના ફાડિયા જેટલો મોતિયો દૂર કરવામાં આવ્યો. ૩:૦૯ વાગ્યે આ શસ્ત્રક્રિયા પૂરી થતાં ઠાકોરજી સ્વામીશ્રી સમક્ષ લાવવામાં આવ્યા, ત્યારે દર્શન કરતાં તેઓ બોલ્યા : 'ઠાકોરજીને પોઢાડી દો.'

શસ્ત્રક્રિયા બાદ ડાબી આંખે પાટા સાથે સ્વામીશ્રી બારમા માળના ઓરડામાં પધાર્યા. વિશેષ હલન-ચલનની બંધી હોવાથી તેઓએ વિશ્રામ ગ્રહણ કર્યો. પરંતુ સાંજે જાગતાંવેંત કહ્યું : 'ગોડી બોલો. ઠાકોરજીની આરતી કરો.' આરતી પૂરી થતાં જ બોલ્યા : 'ઠાકોરજીને ઉતારે લઈ જઈ થાળ કરી પોઢાડો. પછી સવારે પૂજામાં લાવવા ને પાછા બપોરે જમાડવા લઈ જવા.'

આમ, શસ્ત્રક્રિયાનો આજનો દિવસ સ્વામીશ્રીને તો ઠાકોરજીની સતત સંભાળમાં જ વીત્યો. આ આખા દિવસ દરમ્યાન તેઓએ પોતાની શરીર-સંભાળ સંબંધી એકેય ભલામણ ન કરી, પરંતુ ઠાકોરજીની સમા-સમાની ભક્તિ સંબંધી તો એકપણ સૂચન કરવાનું બાકી રાખ્યું નહીં !

ધર્મે કરવો તન નિભાવ

તા. ૭/૯ની સવારે સાડા સાત વાગ્યે ડૉક્ટરે સ્વામીશ્રીની ડાબી આંખ પરનો પાટો ખોલ્યો ત્યારે આંખમાંનું લોહી ઓગળી ગયેલું અને આંખ ચોખ્ખી માલૂમ પડી. રૂઝ આવવાની શરૂઆત થઈ ગયાની આ નિશાની હોવાથી સ્વામીશ્રીને ચશ્માં પહેરાવવામાં આવ્યાં. તેનો ડાબી તરફનો કાચ કાળો અને જમણી તરફનો કાચ સાદો હતો, પણ તેની પર અપારદર્શક પટ્ટી ચોંટાડેલી. એટલે ડાબી આંખે જ ઠાકોરજીનાં દર્શન બાદ સ્વામીશ્રીએ પૂજા કરી.

ગઈકાલે ઑપરેશનને કારણે તેઓ કશું જમ્યા નહોતા. તેના આગળના દિવસે એકાદશી હોવાથી ફરાળ લીધેલું. તેથી તેઓને બે દિવસના ઉપવાસ જેવું

જ હતું. છતાં આજે પારણાંમાં માત્ર અલ્પ પ્રવાહી લઈને તેઓએ 'મનુષ્યભાવમાં દિવ્યભાવનું' વચનામૃત (પં. ૪) વંચાવ્યું. તે દ્વારા તેઓ પોતાની આ માંદગીને પણ દિવ્ય જ સમજવાનું જણાવી રહ્યા હશે ને!

કથાના આ મેવા બાદ બપોરે સંતો દાળ, ભાત, શાક, રોટલી વગેરે ભોજન લઈને આવ્યા. તે જોઈ સ્વામીશ્રીએ સૂચના આપી કે 'હૉસ્પિટલમાં એઠું[૩૨] જમવાનું ન લાવવું. દાળ-ભાત ન લાવવાં.'

સામાન્ય રીતે દર્દી શરીરને અનુકૂળ હોય તેવું ભોજન લાવવાનું કહે; જ્યારે સ્વામીશ્રી ધર્મને અનુકૂળ હોય તેવા ભોજનનો આગ્રહ સેવી રહ્યા. *'ધર્મે કરવો તન નિભાવ...'*નું તેઓનું વલણ બીમારીમાં પણ બરકરાર રહેતું, તેઓની ભક્તિની જેમ જ! તે નીરખવા ઝાઝી રાહ જોવી ન પડી.

આજના રાત્રિભોજન બાદ સ્વામીશ્રી પલંગ પર પોઢેલા ત્યારે સંતો એક યુવક નલિનને ઓરડામાં ધ્યાન રાખવા માટે બેસાડી અન્ય આવશ્યક સેવાઓમાં પરોવાયા. તે સમયે સ્વામીશ્રીએ આ યુવાનને કહ્યું: 'ચેષ્ટા બોલો.'

'બાપા! તેનો મને મુખપાઠ નથી.'

'તો કીર્તનાવલીમાં જોઈને બોલો.'

સ્વામીશ્રીએ આ રસ્તો સૂઝાડતાં તે યુવાને કીર્તનાવલીની શોધખોળ ચલાવી, પણ તે હાથ ન લાગતાં સ્વામીશ્રી એક ચોક્કસ જગ્યા તરફ અંગુલિ-નિર્દેશ કરી બોલ્યા: 'ત્યાં મારી પૂજા પડી હશે. તેમાં 'નિત્યવિધિ' છે, તે કાઢો અને તેમાંથી જોઈને ચેષ્ટા બોલો.'

સ્વામીશ્રીએ કહ્યા મુજબ તે યુવાન 'નિત્યવિધિ'ની પુસ્તિકા લઈ આવ્યો અને તેમાંથી ચેષ્ટા ગાઈ સંભળાવી. ત્યારબાદ જ સ્વામીશ્રી પોઢ્યા.

તા. ૮/૯ની બપોરે પણ ભોજન પછી તેઓ ઓરડામાં બાર આંટા ફરી બેઠા ત્યારે વચનામૃત વાંચવા આજ્ઞા કરી. તે મુજબ બપોરની કથાનું એક વચનામૃત વંચાઈ રહ્યું એટલે પુરાણી જ્યાં 'શ્રીપતિમ્' કરવા ગયા ત્યાં જ સ્વામીશ્રી બોલ્યા: 'હજી એક વચનામૃત વાંચો.'

બીમારીમાં તેઓ ભયભીત નહીં, ભક્તિરત રહેતા.

વૈરાગ્યે ચિત્ત વાસિત છે

તા. ૯/૯ની સવારે સાડા છ વાગ્યે ડૉક્ટરે જરૂરી તબીબી તપાસ કરી

---

૩૨. શાસ્ત્રનિષિદ્ધ સ્પર્શથી જમવાલાયક ન રહે તે પ્રકારનું.

વિદાયની અનુમતિ આપતાં સ્વામીશ્રી સવા દસ વાગ્યે હૉસ્પિટલમાંથી નીકળવા તત્પર થયા. તે વખતે તેઓએ ઠાકોરજીને કહ્યું: 'મહારાજ! ચાલો જઈએ.' ઠાકોરજી વિના તો તેઓ એક તસુ પણ ખસી ન શકતા.

આ રીતે અસ્પતાલ છોડી રહેલા સ્વામીશ્રીએ હૉસ્પિટલના કર્મચારીઓ માટે પણ પ્રસાદ મોકલાવ્યો. તેમાં તેઓએ પરિચારિકાઓનીયે ગણતરી રાખતાં આ મહિલાઓને જ્યારે પ્રસાદ મળ્યો ત્યારે તેઓ તો જાણે સ્વામીશ્રીના આદર-પ્રેમ પ્રત્યક્ષ મળ્યા હોય તેવું અનુભવી રહ્યાં. એ અમેરિકન મહિલાઓને પણ થયું કે 'આ સંપ્રદાયમાં સ્ત્રીઓની મર્યાદા છે, તિરસ્કાર નથી.'

સૌનો આ સદ્‌ભાવ ઝીલતા સ્વામીશ્રી આર્લિંગ્ટનમાં ડૉ. જે. સી. પટેલના ઘેર વિશ્રામલીલા માટે આવી પહોંચ્યા.

સરોવરના કાંઠે આવેલા આ મકાનના ભોંયરામાં તેઓનો ઉતારો હતો. તેમાં સર્જિકલ પલંગ, ભોજન માટેનું સ્ટેન્ડ વગેરે તમામ વ્યવસ્થાઓ અમેરિકાના હરિભક્તોએ તૈયાર રાખેલી. પરંતુ તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'અહીં બધું ભાડે મળે, પણ એમાંથી ઘર ઊભું થાય. આપણે કાંઈ જરૂર નહોતી. તે વગર ચાલત...' એમ કહી બીમારીમાં પણ વિશેષ સવલતો બાબતે અરુચિ પ્રગટ કરી.

માંદગીમાં મનુષ્ય 'લાવો... લાવો...' જ કરતો રહે. આ સમયે તેને જેટલી સગવડ આપો તેટલી ઓછી થઈ પડે; પરંતુ *'વૈરાગ્યે ચિત્ત વાસિત છે...'* એવા સ્વામીશ્રીને બીમારીમાંય કોઈ ચીજની અપેક્ષા ન રહેતી.

મારે કાને કથા અવિરામ હજો

વિશ્રામલીલા દરમ્યાન મોટા ભાગનો સમય કથાશ્રવણમાં વિતાવતા સ્વામીશ્રી પાસે બેસી સંતો વાંચતા હોય, ત્યારે ફક્ત ગ્રંથ પર અજવાળું રહે તેમ બત્તી ચાલુ રાખવામાં આવતી. બાકીના ઓરડામાં અંધારું રહેતું, જેથી સ્વામીશ્રીની આંખમાં કોઈ તકલીફ ન પડે. આવા વાતાવરણમાં પલંગ પર સૂતાં-સૂતાં સ્વામીશ્રી એકધારી માળા ફેરવતા જાય અને મહારાજનાં લીલા-ચરિત્રો સાંભળતા જાય. તે સમયે તેઓના ચહેરા પર અખૂટ શ્રદ્ધાના ભાવ તરવરતા દેખાય. જાણે શ્રીજીમહારાજની લીલાઓને પ્રત્યક્ષ નિહાળતા હોય તેવો આનંદ તેઓના રોમરોમમાંથી ફૂટી નીકળે.

આ રીતે શ્રવણમાં સ્થિર થયેલા તેઓને જોઈ વાંચનારાને ઘણી વાર

એમ થાય કે 'સ્વામીશ્રી પોઢી ગયા છે.' તેથી તે ધીરે રહીને વાંચન બંધ કરવા જાય ત્યાં જ સ્વામીશ્રીનું હલન-ચલન નજરે ચઢે. તેઓ સૂતાં-સૂતાં મુખારવિંદ પર હાથ ફેરવતા દેખાય. તેથી પાઠક સંત વળી વાંચન આગળ વધારે. ઘણી વાર આ ગ્રંથપાઠ કરનારા સંત સામેથી વીનવે : 'સ્વામી ! હવે આરામ કરો.'

ત્યારે સ્વામીશ્રી સહજ અકળામણ અનુભવતાં કહે : ''આરામ કરવાનું બધા કહે છે, પણ કોઈ એમ નથી કહેતું કે 'લાવો, સ્વામી ! હું કથા સંભળાવું.' ઠાલા સૂઈ રહેવું કંઈ ફાવે ? આ તો પાહાં(પડખાં) ઘસવાનાં થાય છે.''

જો કોઈ પુરાણી આવવામાં મોડા પડે તો પણ સ્વામીશ્રીની ટકોર આમ સાંભળવા મળે જ કે 'આટલા બધા છો એમાંથી એકે તો હાજર થઈ જ જવું. અંદરોઅંદર ઈષ્ટમ્ પિષ્ટમ્ ન કર્યા કરવું. ચાતુર્માસ છે અને બધી વાતે સરખાઈ છે તો એક પાઠ થઈ જાય. એક-બે ગ્રંથનો પાઠ થઈ જાય. માટે ટાઈમ-ટુ-ટાઈમ વાંચવા આવી જ જવું.'

આ રીતે સ્વામીશ્રીએ એક-બે ગ્રંથના નહીં, પણ દ્વિશતાબ્દી નિમિત્તે પ્રકાશિત થયેલાં તમામ પ્રકાશનો, જીવનચરિત્રો, વચનામૃત, સ્વામીની વાતો વગેરે ગ્રંથોના પાઠ આ વિશ્રામલીલા દરમ્યાન કરાવ્યા. તે ઉપરાંત ભક્ત-ચિંતામણિ, હરિલીલામૃત જેવા ગેય ગ્રંથો પણ શ્રવણની શ્રેણીમાં ગોઠવાયા. આ ક્રમમાં 'હરિચરિત્રામૃતસાગર' જેવો મહાકાય ચરિત્રગ્રંથ પણ બાકી ન રહ્યો.

ગ્રંથશ્રવણની સ્વામીશ્રીની તલ્લીનતા ભોજનની પૂર્વતૈયારીઓ વખતે વિશિષ્ટરૂપે ઉપસી આવે. આ સમયે વાંચનારા વાંચન થંભાવે તો તેઓ કહે : 'હજી (થાળ) આવે ત્યાં સુધી ચાલુ રાખો.' આ રીતે જારી રહેલા વાંચન દરમ્યાન થાળ ટેબલ પર મુકાય એટલે વાચક વાંચન અટકાવે. ત્યારે પણ સ્વામીશ્રી જણાવે : 'જે પ્રસંગ વંચાય છે તે પૂરો કરો.'

શ્રવણભક્તિની આ તાલાવેલી સાથે આરતી, અષ્ટક, ચેષ્ટાનો ખટકો પણ સ્વામીશ્રી ખૂબ રખાવતા. સમય થાય એટલે આહ્નિક કરવાની સૂચના તેઓ તરફથી અવશ્ય મળે જ. તેમાં સ્વામીશ્રીને આરામ મળી રહે તે હેતુસર સંતો જો ઝડપથી ચેષ્ટા ગાવા જાય તોય તેઓ 'બ્રેક' મારતાં કહે : 'સંતોનો મેઈલ ઊપડ્યો. આપણે ચેષ્ટા મૂર્તિ ધારીને બોલવી. ઉધ્ડું ન લેવું.'

શ્રીજીમહારાજની મૂર્તિ અને કથામાં જ વિશ્રામ લેતા સ્વામીશ્રી અન્ય સૌને પણ તેમાં જ સંલગ્ન રાખતા. વિશ્રામલીલા માટે આ ઘરમાં પધાર્યા તે જ દિવસથી તેઓએ સૂચના આપી દીધેલી કે 'રોજ કથાનો સમય ગોઠવી દેવો,

જેથી સૌ લાભ લઈ શકે.'

સાથે સાથે બોસ્ટનમાં પધરામણીઓ યોજીને વિશેષ સંખ્યામાં મુમુક્ષુઓને લાભ મળે તેવાં આયોજનો કરવા તરફ પણ તેઓએ નિર્દેશ કરેલો. તે મુજબ સંતો સભા, પધરામણી કરીને આવે ત્યારે સ્વામીશ્રી રાજી થતા. ખૂબ રસપૂર્વક અહેવાલ સાંભળતા. સંતો ન આવે ત્યાં સુધી જાગતા રહે. તેઓ આવે પછી સત્સંગના સમાચાર જાણીને જ આરામમાં જાય.

આમ, કથા-વિચરણની આ સતત સરતી ધારાઓમાં સ્વામીશ્રીએ તપને ભેળવી ત્રિવેણી રચી દીધી. આ વખતે પરદેશ-પ્રવાસમાં હરિભક્તોની વિનંતીથી તેઓએ સંતોને ધારણાં-પારણાંના વ્રતમાં રાહત આપેલી. પરંતુ આંખનાં ઑપરેશનને કારણે મહિના-દા'ડા સુધી એક જ ઠેકાણે રોકાવાનું થતાં તેઓએ સંતોને વાત કરી કે 'આપણે અહીં અત્યારે કોઈ વિશેષ ભીડાવાળી પ્રવૃત્તિ નથી, તો બધા ધારણાં-પારણાં કરી દો.'

'જ્યારે જ્યારે સભા પ્રભુ ભરે, તપની ત્યાગની વાત કરે...' એ શ્રીજીમહારાજની જેમ સ્વામીશ્રીની પણ પ્રકૃતિ.

આ રીતે તેઓ લઈ રહેલા વિશ્રામ, પરંતુ તેમાં વિશ્રામ જેવી કોઈ વાત જ નહોતી. નરવો માનવી ન કરે એટલી પ્રવૃત્તિ તેઓ માંદગીમાં ચલાવતા.

હરિભજન બિન, વૃથા ન ભરના શ્વાસ

સ્વામીશ્રી સાથે લાભ લેવા જોડાયેલા ચાર હરિભક્તો શસ્ત્રક્રિયાના ચોથા દિવસે ભારત પરત ફરવાના હોવાથી, સ્વામીશ્રીએ તા. ૧૦/૯ના રોજ સતત સાડા ત્રણ કલાક સુધી ભારત મોકલવાના પત્રોના જવાબો લખાવડાવી દીધા. માંદગીમાં પણ ભક્તોની કેવી ચિંતા!

જો કે, સ્વામીશ્રીને આ સહજ હતું. પુષ્પ કરુણાની ભાવનાથી પ્રેરાઈને કે રાહતકાર્ય કર્યાના ભાવથી સુગંધ નથી પ્રસરાવતું. સુગંધ ફેલાવવી એ તેને માટે સહજ છે. તે માટે તેને કોઈ પ્રયત્ન પણ કરવો નથી પડતો. તેમ સાજા હોય કે માંદા, ભક્તોની સંભાળ રાખવી એ સ્વામીશ્રીની સાહજિક પ્રકૃતિ.

આવા દયાળુ સ્વામીશ્રી ભારત જઈ રહેલા હરિભક્તોને વળાવવા ઠેઠ દરવાજા સુધી ગયા! તેઓની આ મમતા જોઈ ભારે હૈયે વિદાય લઈ રહેલા ભક્તોના પગ પણ ભારે થઈ ગયા.

આ વિશ્રામલીલા દરમ્યાન બંગલાના બગીચામાં કો'કનો હાથ પકડી

ચાલવા નીકળતા સ્વામીશ્રીની મૂર્તિ દર્શનીય બની રહેતી. તે વખતે આંખે ચશ્માં પહેરી ધીરે ધીરે પગલાં પાડતા તેઓ જૂની પ્રાસાદિક વાતો પણ સંભળાવતા.

તે ક્રમમાં તા. ૧૦/૯ના રોજ સ્વામીશ્રીએ જણાવ્યું: 'શાસ્ત્રીજી મહારાજને એક આંખે મોતિયો હતો. તેથી એક આંખથી ટપાલ વાંચતા-લખતા, પણ મોતિયો કઢાવ્યો નહોતો. યોગીબાપાને પણ મોતિયો હતો. તેમણે પણ કઢાવ્યો નહોતો.'

આ જ દિવસે બપોરે ભોજન બાદ એક સંતે સ્વામીશ્રીને કહ્યું : 'પેટમાં હવે આપને એક ગોલ-સ્ટોન(પિત્તાશયની પથરી) છે. તેનું બે-પાંચ વર્ષે ઑપરેશન કરવાનું રહેશે.'

'તેનું કંઈ કરવું નથી. અક્ષરધામમાં જઈશું એટલે એ ભેગો જશે.' તનના જતનની બાબતે સ્વામીશ્રી આ રીતે ઉદાસી જ સેવતા.

તેથી જ અહીંના રોકાણ દરમ્યાન જ્યારે એક ભક્તે તેઓને વાત કરી કે 'હવે ૪૦ વખત કોળિયો ચાવીને જમવાનો પ્રયોગ કરવા વિચાર્યું છે.'

ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું કે 'એ બધું રહેવા દેવું. જેમ કરતા હોઈએ તેમ કરવું. ટાપટીપ કશી ન કરવી. ભગવાન ભજી લેવા. ભગવાન ભજવાનો સમય કાઢવો. આવામાં કશી જરૂર નહીં. આપણે વધારે સમય બચતો હોય તો માળા વધારે કરવી.'

સ્વામીશ્રીનો અભિપ્રાય *'હરિભજન બિન, વૃથા ન ભરના શ્વાસ...'*નો રહેતો. તેથી આવશ્યક હોય એટલી શરીર-સંભાળ રાખી તેઓ ભગવાન ભજી લેવાનો જ ઉપદેશ આપતા.

આ વિચારથી છૂટા પડી જવું

તા. ૧૧/૯ના રોજ સામશ્રાવણી નિમિત્તે વિધિપૂર્વક નૂતન યજ્ઞોપવીત ધારણ કર્યા બાદ અલ્પાહાર કરવા બિરાજેલા સ્વામીશ્રીને એક હરિભક્તે પૂછ્યું કે 'બાપા! કોઈ પ્રસંગમાં આપણે સંકળાયેલા હોઈએ તો તેમાં ઘણા વિચારો આવી જાય છે. ખાવાનું ભાવે નહીં, ઊંઘ આવે નહીં. ચિંતા ચિંતા રહ્યા કરે. આમ કેમ થતું હશે?'

આ મૂંઝવણનું સમાધાન આપતાં સ્વામીશ્રીએ કહ્યું કે 'સાંખ્ય કરી દેવો. મહારાજ ઉપર બધું છોડી દેવું. તેમની મરજીથી જ બધું થાય છે. સારું થાય કે ખોટું થાય, સત્સંગ વધે કે ભાગલા પડે, જે કંઈ થવાનું હોય તે મહારાજની

મરજીથી જ થાય છે. આપણે પુરુષપ્રયત્ન કરતાં રહેવું. પછી તો મહારાજ ઉપર છોડવું. આપણે ત્યાં આવા ઘણા પ્રસંગો બની ગયા. માટે આ વિચારથી છૂટા પડી જવું.'

ચિંતામુક્ત જીવનનું આ રહસ્ય સમજાવી સ્વામીશ્રી તા. ૧૧/૯ની સાંજે 'ભક્તચિંતામણિ'ના રસપાનમાં નિમગ્ન થયેલા. તે વખતે યજમાન હરિભક્ત આવી પહોંચ્યા. તેઓને સ્વામીશ્રીએ કથા સાંભળવા બેસાડ્યા ત્યારે એ ભક્તે પૂછ્યું : 'બાપા ! અહીં કેવું ફાવે છે ?'

'આ ઘર તો અક્ષરધામ જેવું છે.' સ્વામીશ્રીએ પોતાનો અભિપ્રાય આપ્યો.

'चित्ते प्रसन्ने भुवनं प्रसन्नम्...'ની રીતે રહેનારા તેઓને દરેક ઠેકાણે અક્ષરધામનું જ સુખ વર્તતું. વળી, તેઓ એમ પણ સમજાવવા માંગતા હશે કે 'અમારા સંબંધથી હરિભક્તનાં ગાર-માટી કે લોઢાં-લાકડાંનાં ઘર પણ અક્ષરધામરૂપ થઈ જાય છે.'

અમને બહુ દુઃખ થયું છે

વિશ્રામલીલા દરમ્યાન એક યુવાનનો પગ સત્સંગમાંથી પાછો પડી ગયાના સમાચાર સાંભળનારા સ્વામીશ્રીએ તે યુવકને પોતાની પાસે બોલાવેલો. બ્રહ્માંડનો ભંગ જેની નજરમાં ન આવે એવા તેઓને સત્સંગીના નિયમનો ભંગ કઠતો.

તે મુજબ તા. ૧૫/૯ના રોજ પેલો યુવાન આવ્યો ત્યારે સ્વામીશ્રીએ ખાટલે સૂતાં-સૂતાં તેને કહ્યું : 'અમને વાત મલી કે તમારે ધર્મ-નિયમમાં ફેર પડી ગયો છે. તેથી અમને બહુ દુઃખ થયું છે. તું તો સત્સંગમાં જ ઉછર્યો છું. રોજ મંદિરે આવતો, ધર્મ-નિયમમાં પણ ચુસ્ત હતો ને આ દેશમાં આવી એ ભૂલી કેમ જવાય ?'

'બાપા ! મને ટી.બી.ની અસર હતી. તેથી ઈંડાં લેવાનું શરૂ કર્યું હતું.'

યુવકનો આ ખુલાસો સાંભળી સ્વામીશ્રી ખિન્ન થઈ ગયા. તેઓએ યુવામાનસમાં ઘર કરી ગયેલી ગેરસમજ ખંખેરતાં કહ્યું : ''ટી.બી. હોય કે બીજો રોગ હોય, પણ મટાડનાર મહારાજ છે. અને નહીં મટાડે ને દેહ પડશે તો ધામમાં જ બેસાડશે. પણ દેહ માટે કે પૈસા મેળવવા ધર્મ-નિયમમાં ફેર ન પડવો જોઈએ. આપણે તો બીજા પાંચને સત્સંગ કરાવવાનું તાન રાખવું. માટે હવે દૃઢ કરજે કે 'દેહ પડે તો બહેતર છે પણ ધર્મ-નિયમમાં ફેર ન પડવો જોઈએ.'

કદાચ મૂડી વધારીએ નહીં, પણ સાચવી તો રાખીએ ! કોણ પુરુષ મળ્યા છે ! યોગીજી મહારાજ જેવા પુરુષના થાપે અહીં આવ્યા છીએ, એ સંભારવું.''

સ્વામીશ્રીનો આ અસ્ખલિત વાક્-પ્રવાહ એ યુવાનના કાળજે ભરાયેલા કચરાને ક્યાંય તાણી ગયો. તેણે કહ્યું : 'સ્વામી ! માફ કરજો. ભૂલ થઈ ગઈ. હવે ફેરફાર નહીં પડે. આજથી બધાં જ વ્યસન બંધ.'

આ સાંભળી સ્વામીશ્રીએ સૂતાં-સૂતાં જ પોતાનો વરદહસ્ત તે યુવાનના મસ્તકે મૂક્યો. તેમાંથી સ્રવતી નરી-નરવી મમતાએ એ યુવાનની આંખો ભીની કરી મૂકી. *'ભુવિ તળ સતસંગ સંત દ્વારે, દિન દિન જેહ થતો દીસે વધારે...'*નું આ દર્શન ઘણું જ હૃદયસ્પર્શી રહ્યું.

એક રસપ્રદ સ્વાનુભવ

વિશ્રામલીલા દરમ્યાન પણ એક-એક અનુયાયીના સત્સંગની પુષ્ટિ માટે પરિશ્રમ ઉઠાવી રહેલા સ્વામીશ્રી તા. ૧૫/૯ની બપોરે ભોજન લેવા બિરાજ્યા ત્યારે ઑપરેશનના દિવસની વાત નીકળી. તેના અનુસંધાનમાં એક યુવકે કહ્યું : 'રાજનભાઈની માતાને સમાધિમાં સ્વામીશ્રીની શસ્ત્રક્રિયાનાં દર્શન થયાં હતાં.'

આ સાંભળી એક સંત ગમ્મત કરતાં બોલ્યા : 'અમે ભેગા રહીએ છીએ, પણ અમને કંઈ દેખાતું નથી.'

'દેખાય પણ ખ્યાલ ન આવે. મને પણ એવું થયું !' એમ જણાવી સ્વામીશ્રી ઑપરેશનના સમયનો પોતાનો રસપ્રદ સ્વાનુભવ સંભળાવતાં બોલ્યા :

''મને ઑપરેશન રૂમની અંદર લઈ ગયા ને બેભાન કરેલ ત્યારે મને ડૉક્ટર સ્વામી દેખાયા. ત્યાં તો નારાયણ ભગત આવ્યા. તેમણે કહ્યું કે 'બાપા ! ડૉક્ટર સ્વામી આવી ગયા.'

મેં કહ્યું કે 'સારું થયું. હું યાદ જ કરતો'તો !'

ત્યાં તો યોગી(ચરણ) ઠાકોરજી લઈને આવ્યા અને કહે કે 'ઠાકોરજીનાં દર્શન કરી લો. હું દર્શન કરતો હતો ત્યાં તો ઘનશ્યામ(પ્રસાદ) આવ્યા ને પૂછ્યું : 'બાપા ! શું જમશો ?''

મેં કહ્યું : 'મને શું પૂછો છો ? ડૉક્ટર કહે તે પ્રમાણે લાવો.'

આમ બધાનાં દર્શન થાય અને બે ડૉક્ટર વાત કરે છે તે પણ સંભળાય. આવું થોડી વાર રહ્યું ને ત્યાં તો ડૉ. વિનોદભાઈએ ઉઠાડ્યો કે 'બાપા !

ઠાકોરજીનાં દર્શન કરો.'

મેં પૂછ્યું : 'હજી ઑપરેશન બાકી છે ને !'

તો કહે : 'ના, તે તો પતી ગયું.'

આમ મને ખબર જ ન રહી કે ઑપરેશન ક્યારે થયું !''

સ્વામીશ્રીએ વર્ણવેલા આ ઘટનાક્રમ પરથી એટલું તો ફલિત થયું કે બેભાન અવસ્થામાં પણ તેઓ સંત-ભગવંતમાં જ રમમાણ રહેતા.

મને કોઈ ટેવ પડે જ નહીં

છેલ્લા દસ વર્ષમાં સ્વામીશ્રીને કદી ન મળેલો આરામ અત્યારે પ્રાપ્ત થયેલો. સન ૧૯૭૮ દરમ્યાન મુંબઈ અને સારંગપુરમાં તેઓએ ઝાઝું રોકાણ કરેલું, પણ ત્યારે માંદગીની શિરજોરી કાયમ રહેલી. જ્યારે અહીં પ્રમાણમાં હળવાશ ઘણી હોવાથી રોજ રોજ બ્રહ્માનંદનાં નવાં-નવાં પ્રકરણો આલેખાતાં રહેતાં. સૌને તેમાં ગળાડૂબ રાખતા સ્વામીશ્રી તા. ૧૬/૯ની સવારે અલ્પાહાર માટે બિરાજ્યા ત્યારે સામે બેઠેલા એક હરિભક્તે કહ્યું : 'સ્વામી ! આપ આ બીમારીમાં ટેબલ પર જમો છો તે ટેવ પડી જશે. મને પડી ગઈ છે.'

'મને કોઈ ટેવ પડે જ નહીં.' સ્વામીશ્રીનો આ પ્રતિભાવ ખૂબ શીઘ્રતાથી આવ્યો. વળી, તેઓએ ઉમેર્યું : 'મને અમુક વસ્તુ જોઈએ તેવું નહીં. મહારાજની ઇચ્છાથી જે આવે તે ચાલે.'

સ્વામીશ્રીની આ કેફિયતમાં તેઓની સહજાનંદી સંતની પ્રતિભાનું દર્શન થઈ રહ્યું. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે ને કે 'કોઈ પદાર્થની ટેવ તો એક સહજાનંદ સ્વામીને ન પડે, બીજા બધાયને પડે.'[૩૩]

જન પાળો છો બહુ પેર

જગતથી તદ્દન અલિપ્ત રહેતા સ્વામીશ્રી તા. ૧૬/૯ની સાંજે ઉતારાની નજીક આવેલા તળાવ સુધી ચાલવા ગયા. ત્યાંથી પાછા પધારી તેઓએ સંતો સાથેની હળવી ગોષ્ઠીમાં જણાવ્યું કે 'દ્વિશતાબ્દી મહોત્સવ સર્વોપરી કરવો છે. સારામાં સારો કરવો છે.'

સ્વામીશ્રીની ભક્તિનો આવિષ્કાર આ ઉદ્‌ગારમાં હતો. શ્રીજીમહારાજનો ઉત્સવ ઊજવવાનો તેઓનો ઉમંગ માંદગીમાં પણ મંદ પડ્યો નહોતો.

---

૩૩. સ્વામીની વાતો : ૫/૨૦૧.

આવો જ ઉત્સાહ તેઓને ભક્તોની સંભાવના કરવામાં રહેતો. જે સમયે તેઓની દરકાર કરવી જરૂરી હતી, તે સમયે પણ સ્વામીશ્રી નિજાશ્રિતોની સંભાળમાં જ ડૂબેલા રહેતા.

અત્રે સત્સંગી ડૉક્ટરોને લાભ મળે તે હેતુસર સ્વામીશ્રીની સેવા માટે તબીબોના વારા રાખવામાં આવેલા. આશરે એક અઠવાડિયું તેઓ રોકાય, પણ તે દરેકની સ્વામીશ્રી પૂરેપૂરી કાળજી લે. એક વાર લંડનના છ યુવાનો તો બપોરે ત્રણ વાગ્યે આવેલા, ત્યારે સ્વામીશ્રી પણ આરામ છોડીને બપોર આખી તેઓની રાહ જોતાં બેસી રહેલા. યુવકો આવ્યા ત્યારે તેઓને મળીને જ પોઢ્યા.

તા. ૧૭/૯ની બપોરે જ્યારે ભોજન લેવા અંગે સંતોએ સ્વામીશ્રીને પૂછ્યું ત્યારે પણ તેઓ બોલ્યા : 'બધા હરિભક્તો જમ્યા ? એમને જમાડો, પછી મારું જમવાનું લાવો.'

ભક્ત અને ભગવાન સિવાય સ્વામીશ્રીના જીવનમાં ત્રીજું કશું જ નહોતું.

પોતાની સમીપે આવતા આ ભક્તોને, તળાવ-કિનારે કે ઘરઆંગણે સ્વામીશ્રી કથાવાર્તાનું પણ અલૌકિક સુખ આપતા અને તેઓનો ફેરો સાર્થક કરતા.

આ ક્રમમાં તા. ૧૭/૯ની સાંજે 'ભક્તચિંતામણિ'ના શ્રવણ વખતે કેટલાક સુંદર અર્થસ્ફોટ કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'ઠાકોરજીને ધરાવેલું જે આવે તે લઈએ એ મધુકર વૃત્તિ. લોકો અત્તર-ફુલેલથી ન્હાય. પરંતુ સંતોને તો ભગવાન સંભારીને સ્નાન કરવું એટલે અત્તર આવી ગયું.'

આ વાતચીતમાં જ એક ભક્તે પૂછ્યું : 'બાપા ! નિશ્ચયમાં ડગમગાટ કેમ થતો હશે ?'

'દેહભાવ અને આપણું ધાર્યું ન થાય તેથી ડગમગાટ થાય છે.'

ટૂંકમાં પણ સચોટ રીતે સ્વામીશ્રીએ ડગમગાટનું નિદાન કરી આપ્યું.

અભય વરદાન

તા. ૨૦/૯ના રોજ રાબેતા મુજબ 'ભક્તચિંતામણિ'નું વાંચન સ્વામીશ્રી સમક્ષ શરૂ થયું. તેમાં આવેલા ભક્તોની નામાવલિનાં પ્રકરણોમાં મૂર્તિવર્ણન, લીલાચરિત્ર, સદુપદેશ, ઉત્સવ-પ્રસંગ વગેરે કશું જ ન આવે. તેથી ગ્રંથ વાંચનારા પુરાણી બોલ્યા : 'સ્વામી ! આમાં તો કંટાળો આવે છે. આગળનું વાંચીએ તો ?'

'કંટાળો આવતો હોય તો તમે રહેવા દો. બીજાને વાંચવા દો.'

સ્વામીશ્રીનું આ વિધાન મર્મસૂચકની સાથે મર્મભેદક પણ હતું. તેમાં *'હરિજન સંગે રાખો પૂરણ પ્રીતડી...'*નો બોધ હતો.

આવા કથામૃતકિલ્લોલના માહોલમાં તા. ૨૧/૯ના દિવસે આવેલી જળઝીલણી એકાદશીનો સમૈયો ઊજવવા સો જેટલા હરિભક્તો એકત્રિત થઈ ગયા. તે સૌને પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રી કથામૃતનો આસ્વાદ ચખાડી રહેલા ત્યારે તેઓને મોતિયાનું ઑપરેશન થઈ ગયું તેની ખબર પણ ન પડી તે સંદર્ભની વાત નીકળી.

તે સાંભળી સામે બેઠેલા ડૉ. નરસીભાઈએ અરજ ગુજારી કે 'બાપા! અમારા દોષોનું પણ આવી જ રીતે સહેલાઈથી ઑપરેશન કરી દેજો.'

'ખબરેય નહીં પડે ને દોષો નીકળી જશે.' સ્વામીશ્રી કેફથી બોલ્યા.

આ શબ્દોમાં તેઓના સામર્થ્યનો ટંકાર હતો. તેઓ પાસેથી આ અભય વરદાન પામી સૌ આનંદિત થઈ ગયા.

આ જ આનંદમાં મ્હાલતા સંતો-ભક્તો ઍટલાન્ટિક મહાસાગરના 'લૉંગવ્હાર્ફ' બંદરેથી મોટરબોટમાં બેસી ઠાકોરજીને જળ ઝીલાવવા ગયા. સ્વામીશ્રી ઉતારે જ રોકાયા.

સર્વે કામ ધર્મે કરવાં

ડાબી આંખે મોતિયાની સફળ શસ્ત્રક્રિયા બાદ, જમણી આંખનું ઑપરેશન સ્વામીશ્રી લંડનમાં કરાવે તેવી ત્યાંના હરિભક્તોની ઇચ્છા હતી. તે દ્વારા સ્વામીશ્રીની સેવાનો લાભ લેવાનો તેઓનો આશય. સ્વામીશ્રી પણ આ મનોરથ પૂરો કરવા તત્પર હતા. પરંતુ નિષ્ણાત તબીબો સહિત અગ્રણીઓનો મત 'અમેરિકામાં જ બીજું ઑપરેશન થાય' તેવો પડતાં, અહીં બીજી આંખની શસ્ત્રક્રિયા મુકરર થઈ. આ નિર્ણયને લંડનવાસી ભક્તોએ પણ રાજીપે વધાવી લેતાં સ્વામીશ્રી તા. ૨૨/૯ની સાંજે ચાર વાગ્યે પુનઃ મેસેચ્યુસેટ્સ જનરલ હૉસ્પિટલના ૧૨૨૯B ક્રમાંકના ઓરડામાં દાખલ થઈ ગયા. અહીં તેઓનાં વિવિધ શારીરિક પરીક્ષણો કરવા માટે આવેલા ડૉક્ટરે તબીબી તારણ આપતાં કહ્યું : 'પરમ પૂજ્ય સ્વામીશ્રીમાં જુવાન જેવું જોમ છે.'

આવા સ્વામીશ્રીનું ક્ષૌરકર્મ તા. ૨૩/૯ની સવારે હૉસ્પિટલમાં જ કરવામાં આવ્યું. આ પણ તેઓના જીવનની પ્રથમ ઘટના!

તેને અનુસરતાં આજની સાંજે ૪:૪૯ વાગ્યે ડૉ. હચિન્સને ડૉ. એલન અને ડૉ. કીનીની સાથે સ્વામીશ્રીની જમણી આંખે શસ્ત્રક્રિયા શરૂ કરી. ૫:૦૫ વાગ્યે તે આંખમાંથી આખો મોતિયો અખંડિતરૂપે કાઢી લેવાયો. ૫:૨૦ વાગ્યે શસ્ત્રક્રિયા સમાપ્ત થઈ. ૩૧ મિનિટની આ પ્રક્રિયા પણ ઠાકોરજીની અમીનજર હેઠળ જ ચાલી. આ ઑપરેશનમાં એનેસ્થેસિયાની માત્રા ઓછી રાખી હોવાથી સ્વામીશ્રીને ચાલી રહેલી શસ્ત્રક્રિયાનો પૂરેપૂરો ખ્યાલ આવ્યો.

આ ઑપરેશન બાદ સાંજે સાડા પાંચ વાગ્યે પોતાના ઓરડામાં પરત ફરેલા તેઓનો સમય શ્રીજીમહારાજનાં ચરિત્ર-શ્રવણમાં વીતવા લાગ્યો. સમયે-સમયે આરતી-અષ્ટકનાં આહ્નિક પણ તેઓ કરતા. જ્યારે આરતી થાય ત્યારે પલંગમાં સૂતેલા સ્વામીશ્રી પોતાને બેઠા કરવાની સૂચના અવશ્ય આપે. મહારાજની મર્યાદા જાળવવાનું તેઓ આવા સંજોગોમાં પણ ચૂકતા નહીં.

સાથે ધર્મમર્યાદા ન ચુકાય તેની પણ એટલી જ સાવધાની રાખતા.

તા. ૨૫/૯ના રોજ હૉસ્પિટલની પરસાળમાં ચાલવા નીકળેલા સ્વામીશ્રીને અણસાર આવ્યો કે 'દૂરથી કોઈ મહિલા નર્સ આવી રહેલ છે.' તે વખતે તેઓ તરત જ પાછા વળીને ત્વરાથી ઓરડામાં પ્રવેશી ગયા.

આમ, *'सर्वे काम धर्मे करवां...'*ની તેઓની રીત, તેઓ ગમે ત્યાં જાય તો પણ અબાધિત રહેતી.

આત્યંતિક પ્રલય કરીને બેઠા છીએ

તા. ૨૬/૯ના રોજ હૉસ્પિટલમાંથી નીકળવાની પરવાનગી મળતાં સ્વામીશ્રી પુનઃ ડૉ. જે. સી. પટેલના ઘેર આવી પહોંચ્યા. અહીં તેઓનો શ્રવણયજ્ઞ શસ્ત્રક્રિયાના દ્વિતીય તબક્કા પછી પણ એવો જ પ્રજ્વલિત રહ્યો.

આ સમયે સ્વામીશ્રીએ તા. ૨૮/૯થી ગુણાતીતાનંદ સ્વામીના જીવન-ચરિત્રનું શ્રવણ શરૂ કર્યું. આ ગ્રંથશ્રવણ જ જાણે તેઓનો મુખ્ય આહાર થઈ ગયો હોય તેમ સતત તેનું પઠન થયા કરતું. ભજનના આ જોર આગળ તેઓનું રોજેરોજનું ભોજન ઘટી રહ્યું છે તેમ લાગતાં, એક વાર સંતોએ સ્વામીશ્રીને પૂછ્યું : 'કેમ જમવાનું ઓછું કરી દીધું છે?'

'એ તો કામ કરે એટલું જમાય!' સ્વામીશ્રીએ જણાવ્યું.

તા. ૨૯/૯ના રોજ પણ આવી જ એક વાતચીતના પ્રસંગમાં સંતોએ કહ્યું : 'બાપા! એક વૈજ્ઞાનિકે એવી આગાહી કરી છે કે ધૂમકેતુ પૃથ્વી સાથે

સન ૧૯૯૦, ૧૯૯૩ અને ૧૯૯૪માં અથડાશે અને પૃથ્વીનો નાશ થશે.'

'આપણે તો જીવતાંય લાખના છીએ અને મરતાંય લાખના છીએ. આત્યંતિક પ્રલય કરીને બેઠા છીએ ને!' સ્વામીશ્રી બોલ્યા.

જ્ઞાનના સર્વોચ્ચ શિખર પર બેસીને સાક્ષીભાવે સઘળી પ્રવૃત્તિ કરતા તેઓને મરણનો લેશ ભય નહોતો. જંગલમાં દવ લાગે ત્યારે ઉંદરને ચિંતા રહે, પણ જેની પાંખમાં ઉડવાનું જોર છે તે પંખીને શું ભય હોય? તેમ જ્ઞાનની પાંખ અને અનુભવની આંખ ધરાવતા સ્વામીશ્રીને શું સંહાર અને શું સર્જન? આવી અલમસ્ત સ્થિતિમાં તેઓ નિરંતર ડોલતા.

ચિત્તે નહીં કશી વસ્તુ ચહે છે

તા. ૩૦/૯ની સવારે બંગલાના પ્રાંગણમાં ચાલવા જવા માટે ચપ્પલ પહેરવાનો પ્રયત્ન કરી રહેલા સ્વામીશ્રીને પગરખાં માપમાં સહેજ નાનાં જણાતાં એક સંતને વિચાર આવ્યો કે 'સ્વામીશ્રીના પગના માપની મોજડી લાવી દીધી હોય તો સારું.'

આમ વિચારી તેઓ ચરણનું માપ લેવા ગયા ત્યારે તેઓનો આશય પામી ચૂકેલા સ્વામીશ્રીએ કહ્યું: 'શું માપ લેવું'તું? નકામો ખર્ચો કરવો ને! હવે કેટલા દા'ડા પહેરવું'તું! આ ચાલે છે.' એમ નવા જોડાની વાત વિષે ઘણી નારાજગી બતાવી.

*'ચિત્તે નહીં કશી વસ્તુ ચહે છે...'*ની પોતાની આ શૈલી સાથે સ્વામીશ્રીએ તા. ૪/૧૦ના રોજ યજમાન હરિભક્તના ઘરમંદિરમાં આરતી ઉતારી. તે વખતે એક મહિના બાદ આરતી ઉતારતા તેઓનાં દર્શન પામી સૌનાં હૈયે પણ હર્ષની જ્યોત પ્રગટી ગઈ.

આરતી બાદ સ્વામીશ્રીએ આજથી પ્રાગજી ભક્તના જીવનચરિત્રનો પાઠ શરૂ કરાવ્યો. તેનું થોડું શ્રવણ કર્યા બાદ પોતે જ વાત ઉપાડી કે –

'આજ્ઞા પાળવામાં ભગતજી જેવું રાખવું. પ્રસાદીથી સ્મૃતિ થાય, પણ નિર્ગુણભાવને ન પમાય. આ બેઠા છે એ સમજવાના છે, એની સ્મૃતિ કરવાની છે. ભગવાન ને મોટાપુરુષ, બે નિર્ગુણ છે. એટલે એમના સંબંધમાં જે આવે તે નિર્ગુણભાવને પામવાના જ. 'ક્યારે પમાશે ને કેમ નથી પમાતું?' તે વિચારવાનું નથી. ભજન-કીર્તન, કથા-વાર્તા, સેવા વગેરે કરવાનું છે એટલે કરવાનું જ છે. સત્પુરુષમાં હેત, પ્રીત, આત્મબુદ્ધિ થાય એટલે નિર્ગુણ થઈ

જવાય. આત્મબુદ્ધિ એટલે એ કહે એમ થાય જ, નિર્દોષભાવ રહે તે. આજ્ઞા પાળવામાં કોઈ વિચાર નહીં. એમના કાર્યમાં શંકા જ નહીં. તે કહે એ ઉગમણી દિશા. મિલિટરી જેવું.'

સ્વામીશ્રીની આજની વાતો *'જ્ઞાન અમૃતની વૃષ્ટી થાય, સૌને આનંદ ઉર ન સમાય...'*નો અનુભવ કરાવી ગઈ.

શ્રુતવાનમાં સૌથી સરેશ

તા. ૬/૧૦ની સવારે અલ્પાહાર બાદ, બપોરે ભોજન પછી, સાંજે આરામમાંથી જાગ્રત થયા બાદ અને સંધ્યા આરતી પછી ભગતજી મહારાજના જીવનચરિત્રનો પાઠ કરાવનારા સ્વામીશ્રીએ રાત્રિભોજન બાદ પણ આ ગ્રંથવાંચન શરૂ કરાવ્યું. તેનું શ્રવણ કરતાં કરતાં રાત્રિના દસ વાગી ચૂક્યા. હજી બાકી રહેલું ચેષ્ટાગાન અડધો કલાક લેવાનું હતું. તેથી સ્વામીશ્રી વેળાસર આરામમાં જઈ શકે એ આશયથી ગ્રંથ વાંચનારા સંતે પૂછ્યું : 'બાપા ! દસ વાગ્યા છે. હવે આગળ વાંચવાનું બંધ રાખીએ ?'

ત્યારે 'ના... ના...' કહેતાં સ્વામીશ્રી બોલ્યા : 'હજી તો દસ જ વાગ્યા છે. થોડું વાંચો.'

તેઓના આ અભિપ્રાયે કથાશ્રવણની શ્રદ્ધાનું શિખર રચી દીધું. કલાકોના કલાકો લેખે દિવસોના દિવસો સુધી અપ્રતિમ આસ્તિકતા સાથે સ્વામીશ્રીએ આ વિશ્રામલીલામાં જે શાસ્ત્રશ્રવણ કર્યું તે તેઓને *'શ્રુતવાનમાં સૌથી સરેશ'* સાબિત કરી રહ્યું.

આ શ્રદ્ધા સાથે સતત એક મહિનો અને ત્રણ દિવસનું રોકાણ કરી તા. ૭/૧૦ના રોજ વિદાય લઈ રહેલા સ્વામીશ્રીએ અહીંના સુદીર્ઘ રોકાણની સ્મૃતિ રહે તે માટે કહ્યું : 'વર્ષમાં એક દિવસ અહીં ઉત્સવ કરવો.'

આ આજ્ઞા આપી તેઓ માર્લબરોમાં રજનીભાઈના ઘેર જઈ પહોંચ્યા.

વિશ્રામલીલા દરમ્યાન લાભ લેવા આવતા હરિભક્તોમાંથી રોજ ચાર-પાંચ સત્સંગીઓનો મુકામ અહીં રહેતો. આ સેવાથી રાજી થઈને સ્વામીશ્રી અત્રે પધારેલા, પરંતુ આ ભક્તનું ઘર બીજા માળે હોવાથી તેઓએ નીચેથી જ દૃષ્ટિ કરી લેવા સ્વામીશ્રીને વિનંતી કરી, કારણ કે ડૉક્ટરોએ પગથિયાં ચઢવા પર પ્રતિબંધ મૂકેલો.

છતાં પ્રેમ આગળ પાબંદી પાંગળી પુરવાર થઈ અને સ્વામીશ્રી બે

સંતોના હાથ પકડીને ખૂબ ધીમે ધીમે દાદરા ચઢતાં ઠેઠ બીજા માળે પહોંચ્યા. તેથી કૃતકૃત્ય થતાં એ ભક્તે કહ્યું : 'સ્વામી ! આપે ખૂબ કૃપા કરી.'

'આપે ભક્તોનો કેટલો ભીડો વેઠ્યો !' સ્વામીશ્રીએ કૃપાનું કારણ બતાવ્યું.

'જીવને ભગવાનને રાજી કર્યાનો ઉપાય તો મન-કર્મ-વચને ભગવાનના ભક્તની સેવા કરવી એ જ છે...'[૩૪] આ શ્રીજી-વચનોને સાકાર કરતા સ્વામીશ્રી ફ્રેંકલીન પધાર્યા.

અહીં ડૉ. વિનુભાઈના ઘેર રાત્રે ચેષ્ટાગાનનું આહ્‌નિક પૂરું કરી તેઓએ પ્રાસંગિક વાત કરતાં કહ્યું : 'આપણે ત્યાં 'વંદું'નાં પદ યોગીજી મહારાજના વખતથી શરૂ થઈ ગયાં.'

ત્યારબાદ શૈશવની સ્મૃતિ સંભળાવતાં સ્વામીશ્રી બોલ્યા :

''એક છોકરો પાદરા અમારી સાથે ભણતો હતો. પરીક્ષામાં પ્રશ્ન આવ્યો કે 'હિંદુસ્તાનમાં સારામાં સારું હવા ખાવાનું સ્થળ કયું ?'

આ છોકરાને 'સિમલા' નામ બરાબર યાદ ન આવ્યું. તેથી 'સમલાયા' લખી નાંખ્યું. ભાયલીની નજીક સમલાયા છે. તેના મનમાં એમ કે 'દૂર જવું એના કરતાં આ નજીકનું સારું !''

સ્વામીશ્રીના આ માર્મિક મનનથી હાસ્યનું મોજું ઊછળી આવ્યું. તેમાં સૌ સાથે આજનો દિવસ પણ ડૂબ્યો.

નિત્ય દેહ દમે છે દાસ

તા. ૮/૧૦ના રોજ ભગતજી મહારાજના જીવનચરિત્રનું શ્રવણ પૂરું થતાં સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજના જીવનચરિત્રનું વાંચન શરૂ કરાવ્યું. તે સાથે હવે ન્યૂયોર્ક ભણી જવાની તૈયારીએ પણ વેગ પકડ્યો. તેના અનુસંધાનમાં જ આજની બપોરે વ્યવસ્થાપકોએ સ્વામીશ્રી સમક્ષ પ્રસ્તાવ મૂકતાં કહ્યું : 'બાપા ! અમારી ઇચ્છા છે કે આપને ન્યૂયોર્ક મોટા વાનમાં લઈ જવા. જો આપ આજ્ઞા કરો તો વાન ભાડે લઈએ.'

'એની જરૂર નથી.' વિશેષ સગવડ પર તરત જ કાપ મૂકતાં સ્વામીશ્રી બોલ્યા : 'આપણી પાસે બે-ત્રણ મોટર છે જ. વળી, ન્યૂયોર્કથી પણ આવશે. તેમાં બધાનો સમાવેશ થઈ જતો હોય તો વાન કરવાની જરૂર નથી.'

'પણ મોટા વાનમાં આપ સૂતાં-સૂતાં શાંતિથી જઈ શકો ને !'

---

૩૪. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૮.

'આપણી આ મોટરમાં (નાના વાનમાં) પણ હૉસ્પિટલે સૂતાં-સૂતાં જ ગયેલા ને !'

'પણ તેમાં આપ બેઠા થાઓ ત્યારે ઉપર આપનું માથું અડી જતું'તું.'

'એ તો બેસવામાં થોડી તકલીફ પડે, પણ લાંબા પગ કરીને બેસીએ તો વાંધો નથી આવતો. આરામથી જવાય છે. માટે જરૂર નથી. નકામું ભાડે કરવું ! બધું ચાલે છે.'

સ્વામીશ્રીના આ ખુલાસા પરથી તેઓને નાના વાનમાં મુશ્કેલી પડે છે એટલું તો નક્કી થતું જ હતું. છતાં તેઓએ નવા વાહનની ગોઠવણ ન જ થવા દીધી. પોતાના માટે શક્ય એટલું ઓછું દેવદ્રવ્ય વપરાય તે વૃત્તિ તેઓની આવી કરકસર પાછળ રહેતી. તે સાથે *'નિત્ય દેહ દમે છે દાસ...'*ની તેઓની પ્રકૃતિ પણ જણાઈ આવતી.

ભક્ત-સંતો ત્યાં સારું વાતાવરણ

તા. ૧૦/૧૦ના રોજ ફ્રેંકલીનથી વિદાય થયેલા સ્વામીશ્રી નોર્ટનમાં શ્રી મહેન્દ્રભાઈ પટેલના ઘેર પધાર્યા ત્યારે અહીંથી ૨૦૦ માઈલ દૂર આવેલા બર્કશાયરમાં પાનખરનો નજારો જામવા માંડેલો. વસંતના વૈભવને પણ ટક્કર મારે એવાં વિવિધરંગી પર્ણોનો ઠસ્સો અહીં ખાસ્સો મનોહર હોય છે. તેથી એક હરિભક્તે સ્વામીશ્રીની હાજરીમાં જ વાત કરી કે 'સ્વામીબાપાને ત્યાં લઈ જવા જેવા છે. વાતાવરણ ખૂબ સારું હોય છે.'

'આપણે તો ભક્તો-સંતો હોય ત્યાં સારું વાતાવરણ.' સ્વામીશ્રી બોલ્યા.

સૃષ્ટિસૌંદર્ય કરતાં ભક્તોના ગુણસૌંદર્યમાં તેઓને વિશેષ અભિરુચિ.

આ વલણ સાથે વિચરતા સ્વામીશ્રી તા. ૧૧/૧૦ના રોજ નોર્ટનથી માંચેસ્ટરને પાવન કરતાં ન્યૂયોર્ક પધાર્યા.

અહીં ભરતભાઈ પટેલના ઘેર રોકાયેલા તેઓને હાલ વિશેષ કોઈ પ્રવૃત્તિ કરવાની ન હોવાથી સ્વામીશ્રી ગ્રંથશ્રવણમાં જ સમય વિતાવતા. ક્યારેક પત્રોના જવાબ લખાવે. રોજ સાંજે મંદિરમાં ચાલતી કથામાં પધારી કથાશ્રવણ કરે. આ ક્રમમાં તા. ૧૩/૧૦ની સવારે તેઓએ પત્રોની સાથે સાથે 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' પણ વંચાવી.

મુખપત્ર, સામયિક, પુસ્તક-પુસ્તિકા વગેરે કોઈ પણ સ્વરૂપમાં છપાતું સાંપ્રદાયિક સાહિત્ય વાંચવા-વંચાવવાની સ્વામીશ્રીની પ્રકૃતિ હતી. કદાચ તેઓ

'अस्मिन् सम्प्रदाये एकमेव' હતા કે જેઓની નજર તળેથી સંસ્થાની દરેક સાહિત્યકૃતિ પસાર થઈ હોય ! તેય વાયરો આવીને પસાર થઈ જાય એમ નહીં, પણ રણની રેત વરસાદનું એક-એક બુંદ શોષતી જાય તેમ એક-એક શબ્દને સ્વામીશ્રી પીતા જાય. તેમાં કંઈ પણ અજુગતું આવે ત્યાં તરત ધ્યાન દોરે.

આજે પણ 'પત્રિકા'માં આવ્યું કે 'સેવાની રકમ સમૂહમાં પ્રગટ ગુરુહરિને ષષ્ટીપૂર્તિની થેલીરૂપે અર્પણ કરવામાં આવશે.'

આ સાંભળી સ્વામીશ્રીએ તરત ટકોર કરી કે 'ઠાકોરજીને અર્પણ કરવામાં આવે છે – એમ લખવું જોઈએ. જ્યારે જ્યારે પૈસાની વાત આવે ત્યારે ઠાકોરજીને અર્પણ કરવાનું લખવું. માટે પત્ર લખી દેજો કે આ પ્રકારનું છાપે.'

સ્વામીશ્રીના આ સૂચનમાં ધર્મ અને ભક્તિ બંનેનું જતન હતું. તે સુધારારૂપે છપાય તે પહેલાં તેઓની આ ખટક સૌનાં હૈયે છપાઈ ગઈ. તેમાં રંગોળી પૂરાઈ આજની સાંજે જ.

આ સમયે ઠંડી સવિશેષ હોવાથી સૌએ સ્વામીશ્રીને વિનંતી કરી કે 'આજે મંદિરે સભામાં ન જાઓ તો સારું.'

'નજીકમાં મંદિર છે એટલે જવું જ જોઈએ. મહારાજનાં દર્શન થાય ને !' આમ કહેતાં સ્વામીશ્રી મંદિરે પહોંચી ગયા. સરિતાને સાગરમાં સમાતી કોણ રોકી શકે ?

લાજવાબ સાદગી

તા. ૧૩/૧૦ના રોજ પલંગ પર બિરાજી પત્રવ્યવહાર કરતા સ્વામીશ્રીના ઢોલિયાની નીચે બેસી શ્વેતવૈકુંઠદાસ સ્વામી પત્રની વિગતો સંભળાવતા જતા હતા. સ્વામીશ્રી જે ઉત્તર લખાવે તે પણ તેઓ કાગળ પર ટપકાવતા હતા. સ્વામીશ્રીની આંખોને તકલીફ ન પડે તે હેતુથી પત્ર પર જ આછું અજવાળું રહે તેટલી બત્તી ઓરડામાં રાખેલી.

આવા સંજોગોમાં સ્વામીશ્રીએ આપેલા એક પત્રનો ઉત્તર નોંધવામાં પેલા સંતથી ભૂલ થઈ. તેને ઝાંખા પ્રકાશમાં પણ પલંગ પર બેઠાં-બેઠાં સ્વામીશ્રીએ પકડી અને સુધારવા જણાવ્યું. તેઓના આ ચરિત્રથી ચકિત થતાં સૌ સ્વામીશ્રીની તેજદાર આંખો સામું જોઈ જ રહ્યા !

સૌને આમ મુગ્ધ કરતા સ્વામીશ્રી પાસે આજે એક હરિભક્ત સપાટિયાં જેવાં નવાં ચપ્પલ લઈ આવ્યા, પરંતુ તે જેવાં ધર્યાં તે સાથે જ

સ્વામીશ્રી બોલવા લાગ્યા: 'નવાં નવાં શું લાવવાનાં? કેટલા ડૉલર લીધા હશે? જૂનાં ચંપલનું મારે શું કરવાનું? બજારમાં પ્રદર્શન કરવાનું છે?'

આવાં પ્રશ્નાત્મક વાક્યો દ્વારા જ સ્વામીશ્રી પોતા માટે થયેલા ખર્ચ અંગે અરુચિ પ્રગટ કરતા રહ્યા. તેઓના એક પછી એક છૂટેલા આ પ્રશ્નોના તો કદાચ કોઈ જવાબ આપી શકે, પરંતુ એ પ્રશ્નોમાંથી ફૂટતી સ્વામીશ્રીની સાદગી તો લાજવાબ જ રહેશે.

ગમગીનીમાં પડઘાતી ગુરુભક્તિ

તા. ૧૪/૧૦ની સાંજે મંદિરે દર્શન બાદ ઉતારે પધારેલા સ્વામીશ્રીએ ઠાકોરજી જમાડીને ગ્રંથવાંચનનો પ્રારંભ કરાવ્યો. તેમાં પ્રમુખવરણીનો પ્રસંગ આવતાં તે સંદર્ભમાં જૂની પ્રાસાદિક વાતો કરતાં તેઓએ જણાવ્યું:

''શાસ્ત્રીજી મહારાજે નંદાજીના કહેવાથી મુંબઈમાં દાંત પડાવેલા. પછી ચોકઠું કરાવ્યું, પણ બેઠું નહીં. દાંત પાડવાના રૂપિયા ચારસો ને ચોકઠાંના રૂપિયા ચારસો થયા. શાસ્ત્રીજી મહારાજને આ બહુ લાગી આવ્યું ને કહે: 'મોટા માણસની મો'બતમાં દાંત ગયા.' પછી પેટલાદવાળા ડૉ. ગોરધનભાઈએ ચોકઠું બનાવી આપેલું, પણ તેય બેઠું નહીં. પછી ચોકઠું પહેર્યું જ નહીં. જમવામાં પ્રવાહી રાબ જેવું લેતા. એકરસ કરીને ખીચડી, દૂધ બધું પી જવાનું.

મુંબઈથી શાસ્ત્રીજી મહારાજ ચૈત્ર માસમાં અટલાદરા આવ્યા. ત્યાંથી સારંગપુર આવ્યા. અત્રે પેટ બંધાઈ ગયેલું તે ઝાડો ઊતરે નહીં. કોઠારી અક્ષરસ્વરૂપદાસે પૂંઠમાં આંગળી નાંખી મળ કાઢ્યો, પણ તેમાં સ્વામીને વસમું લાગી ગયું. તેની હાર્ટ ઉપર અસર જણાઈ. પહેલા હાર્ટની તકલીફ તો હતી. આથી વધુ થઈ. એટલે ચંપકભાઈ આવ્યા. આવી તબિયત જોઈને કહે: 'ચાલો, અમદાવાદ.' તે આંબલીવાળી પોળમાં માંદગીમાં રહ્યા. અત્રે મને 'પ્રમુખ' કરવાની વાત થઈ. મને થયું : 'સારંગપુરમાં દેવું હતું તે ગભરામણ થઈ ગઈ, તો આ મોટો ભાર કેમ ઉપડાશે?' શાસ્ત્રીજી મહારાજ આગ્રહ કરતા હતા. ચંપકભાઈને કહ્યું : 'આને સમજાવો.' ચંપકભાઈને હેત તેથી બહુ વાતો કરી. શાસ્ત્રીજી મહારાજ મુંબઈ અઢી માસ રહ્યા હતા ત્યારે નંદાજીને બંગલે સ્વામીની ફિલ્મ પાડેલી. મેં તે જોયેલી.''

ઇતિહાસની અટારીએ લાગેલી આ લટારથી સૌ આનંદ પામ્યા.

તે પછી આગળ ચાલેલા જીવનચરિત્રના વાંચન દરમ્યાન તા.

૧૫/૧૦ના રોજ શાસ્ત્રીજી મહારાજના ધામગમનનું વર્ણન આવ્યું. આ હૃદયદ્રાવક પરિસ્થિતિના તો સ્વામીશ્રી સાક્ષી. તેથી તેઓ માટે આ ઘટનાનું શ્રવણ ખૂબ દાહક બની રહ્યું. તેઓની આંખો ઊભરાઈ આવી. લગભગ અડધો કલાક સુધી આ વૃત્તાંતનું વાંચન થતું રહ્યું, તે દરમ્યાન સ્વામીશ્રીની આંખો ભીની જ રહી.

ગ્રંથવાંચન દરમ્યાન કેવળ વાંચનારના પુસ્તક પર પ્રકાશ પડે એવી નાની બત્તી રાખવામાં આવતી હોવાથી, શાસ્ત્રીજી મહારાજના ધામગમનનું વર્ણન શરૂ થતાં જ સ્વામીશ્રીની આંખોમાંથી સરવા માંડેલાં આંસુનો ખ્યાલ વાંચન કરનારા સંતને ન આવ્યો. પણ જેમ જેમ વર્ણન વંચાતું ગયું તેમ તેમ સ્વામીશ્રીનાં ડૂસકાં સંભળાવાં લાગ્યાં. તેથી વાંચન કરતા સંત ચોંકી ગયા. તેઓએ જોયું તો સ્વામીશ્રીને જરૂર પડે ત્યારે આંખો લૂછવા આપવામાં આવેલું ટીસ્યૂ પેપર સાવ ભીનું થઈ ગયેલું! તેનો આ કામ માટે ઉપયોગ થશે તેની કલ્પના કોઈને નહોતી.

બપોરના ભોજન વખતે પણ ગ્લાનિના ભાવ સ્વામીશ્રીના મુખ પર છવાયેલા જ રહ્યા. આંખોમાં તગતગી રહેલાં આંસુ અને મુખ પર ઉપસેલી ગમગીની, ક્યાંય સુધી તેઓની ગુરુભક્તિના પડઘા પાડતાં રહ્યાં. ત્રણ દાયકા પૂર્વે બનેલી ઘટના સ્વામીશ્રીને આજે પણ હચમચાવી ગઈ. ખરેખર, શાસ્ત્રીજી મહારાજ સાથેની તેઓની પ્રીતિ અવર્ણનીય હતી.

પીઝાનો પ્રેમ, ઉપવાસનો નેમ

આ અરસામાં હવામાન સારું હોવાથી સંતો-ભક્તો સ્વામીશ્રીને સાંજે ક્વિન્સ બોટાનિકલ ગાર્ડન અને ફ્લશિંગ મીડો પાર્કમાં લઈ જતા. અત્રે લીલીછમ હરિયાળી પર વિહરતા તેઓને નીરખવાનો લહાવો અનેરો રહેતો.

અહીં ફરતી એક બિલાડીને પણ સ્વામીશ્રીનો નેડો લાગી ગયો હોય તેમ તેય સાથે ને સાથે જ ફરતી રહેતી. ક્યારેક ભક્તો રંગબેરંગી ફૂલ-છોડ વચ્ચે સ્વામીશ્રીને ઊભા રાખી ફોટા પાડે. તે વખતે પેલી બિલાડી પણ ડાહી-ડમરી થઈને બેસી જાય. તેની પર દૃષ્ટિ કરી સ્વામીશ્રીએ તેનું કામ કાઢી નાંખ્યું. કદાચ આ એક જીવને ઉગારવા જ તેઓ ત્યાં ગયા હોય!

આ વખતે સ્વામીશ્રીના ખબર-અંતર પૂછવા આવી રહેલા દેશ-વિદેશના હરિભક્તોમાં લંડનના પાંચ યુવકો પણ ન્યૂયોર્ક ઊતર્યા. તેઓને તા.

૧૯/૧૦ની રાત્રે સ્વામીશ્રીએ પોતાના ઓરડામાં બોલાવ્યા.

અત્રે તેઓએ આ યુવાનો માટે 'પીઝા' બનાવડાવીને તૈયાર રાખેલા. આ વાનગી જોતાં જ યુવકો ખુશ થઈ ગયા. સ્વામીશ્રીએ પોતાના ઓરડામાં જ બેસી તે જમી જવાની વાત કરી. તેથી તો યુવકોને લાભનું આભ ઊઘડી ગયું!

સ્વામીશ્રી સામે જોતાં જોતાં તેઓ પીઝાને ભાંગવા લાગ્યા. પીઝા જમીને તેઓ જેટલા રાજી થતા હતા તેથી અધિક રાજી સ્વામીશ્રી તેઓને જમાડીને થતા હતા. દુનિયાના કયા બૃહદ્ વૈરાગી ગુરુએ યુવાનોને આમ સામે બેસાડીને પીઝા જમાડ્યા હશે?! આ જ રીતે પોતાનાં દર્શને આવતા બાળકોને પણ સ્વામીશ્રીએ પીઝાના સ્વાદ ચખાડેલા. જો કે, વાનગીથીયે અધિક આસ્વાદ તો સૌને સ્વામીશ્રીના વહાલનો જ આવતો.

આજે તેને જ મમળાવતાં પેલા યુવાનોનાં પેટ પીઝાથી ભરાઈ રહ્યાં. હૈયું તો પહેલા કોળિયાથી જ ભરાઈ આવેલું, સ્વામીશ્રીનો પ્રેમ ચાખીને. તેથી સૌએ સ્વામીશ્રીનો આભાર માનતાં તેઓના ખોળામાં માથાં ઝુકાવ્યાં. તે પર હાથ પ્રસારી આશીર્વાદ આપતાં સ્વામીશ્રી બોલ્યા: 'કાલે એકાદશી છે એ નિર્જળા કરજો.'

પરદેશમાં ઊછરેલા યુવાનોને નિર્જળા ઉપવાસ ઘણો કઠે, પણ સૌએ હોંશથી નિર્જળા એકાદશી કરી.

સ્વામીશ્રીને યુવાનો પાસે આ જ કરાવવું હતું – વ્રત-તપ. પરંતુ તેનો તાપ ન લાગે તે માટે તેઓ પ્રથમ સ્નેહજળ વરસાવતા. લૌકિક માર્ગમાં પણ ખપમાં આવે એવી અલૌકિક રીત હતી સ્વામીશ્રીની!

અતિશે નિરમાનને ગ્રહ્યું

વિશ્રામલીલા દરમ્યાન તમામ જીવનચરિત્રોનું વાંચન પૂરું થઈ જતાં સ્વામીશ્રી સમક્ષ દ્વિશતાબ્દી ઉપક્રમે પ્રકાશિત થયેલાં પ્રકાશનોનું વાંચન શરૂ થયું. તે વખતે બાળકો પણ આવીને બેસતા. તેમાંનો એક બાળક પોતાને અપાતી ઘરખર્ચીની રકમ બચાવીને ઠાકોરજી માટે લઈ આવેલો. તેની આ ભક્તિથી પ્રસન્ન થઈ સ્વામીશ્રીએ તેને આશીર્વાદ આપ્યા. ત્યારબાદ ઉપસ્થિત સૌ બાળકોને તેઓ પોતા માટે આવેલા ફળાહારના થાળમાંથી પ્રસાદી વહેંચવા લાગ્યા.

આપવામાં સ્વામીશ્રીનો હાથ હંમેશા મોકળો રહેતો. જૈનું હૈયું વિશાળ

હોય તેની હથેળી સંકુચિત શેં રહે ! તેથી છૂટે હાથે પ્રસાદી આપતાં તેઓને જોઈ કો'કે કહ્યું : 'સ્વામી ! માપમાં આપો તો બધાને પો'કે (પહોંચે).' પરંતુ સ્વામીશ્રી તો આ સાંભળ્યું - ન સાંભળ્યું કરતાં વહેંચતા જ રહ્યા.

આ પરિવેષણલીલા લંડનથી આવેલા યુવકો પણ માણી રહેલા. તેઓને આજે નિર્જળા ઉપવાસ હતો, પણ સૌ તાજા હતા. તેઓ સાથે હળવી પળો માણતા સ્વામીશ્રી એક સંદર્ભમાં પુરાણી વાત સંભારતાં બોલ્યા : 'પહેલાં સારા સુખી ઘરનાં છોકરાં કાને બુટિયાં પહેરતાં.'

આ સાંભળી યુવકોએ પૂછ્યું : 'બાપા ! આપ પહેરતા ?'

'આપણે ક્યાંથી પહેરવાનું હોય ? (ઘેર તો) ઢોરાં ચારતાં'તા !' એમ કહી સ્વામીશ્રીએ સૌને આનંદ કરાવ્યો, પણ એ આનંદનાં વલોણાંમાં તેઓની અહંશૂન્યતા નવનીતની જેમ ઉપર તરી આવી !

સામાન્ય રીતે કોઈ પણ માનવી પોતાની વાત માંડે ત્યારે અતિશયોક્તિ અલંકારનો ઉપયોગ કર્યા વિના રહી શકતો નથી, પરંતુ સ્વામીશ્રીને પોતાની વાત કરવામાં ઓછપ-ઊણપ આવે તે હંમેશા ગમતું.

દેખે દેહ અનિત્યજી

તા. ૨૩/૧૦, શરદ પૂર્ણિમાના દિવસે તૈયાર થઈને આવી ગયેલાં નવાં ચશ્માં સ્વામીશ્રીને આપવામાં આવ્યાં ત્યારે તેઓએ સેવકને એ ચશ્માં આપતાં કહ્યું : 'આ ઠાકોરજીને ધરાવીને લઈ આવો.'

સ્વામીશ્રીએ કહ્યા મુજબ ચશ્માં પ્રસાદીનાં થઈને આવ્યાં. તે વખતે વળી સ્વામીશ્રીએ જણાવ્યું : 'ઠાકોરજીને લાવો.' ઠાકોરજી પધાર્યા એટલે તેઓને પલંગ પર પધરાવી સ્વામીશ્રીએ ચશ્માં પહેર્યાં અને પ્રથમ દર્શન ઠાકોરજીનાં કર્યાં !

વસ્તુની સાથે દૃષ્ટિ પણ પ્રસાદીની કરતાં તેઓ ઘણી વાર સુધી ઠાકોરજીને નીરખી રહ્યા. હવે સ્પષ્ટ દેખાતું હોવાથી દર્શનનો વિશેષ આનંદ માણતાં તેઓ પ્રસન્ન થઈ ગયા. ઠાકોરજીનાં દર્શન બાદ સામે ઊભેલા એક-એક સંતને અંગુલિનિર્દેશ કરી ઓળખી બતાવ્યા. આ ચશ્માં બનાવવામાં જહેમત લેનાર ડૉક્ટરને પણ યાદ કરતાં કહ્યું : 'શુક્રવારને બદલે ગુરુવારે ચશ્માં આવી ગયાં. ડૉક્ટરને આશીર્વાદ છે.'

અલ્પ સેવાનો પણ આવો અતિ રાજીપો વરસાવતા તેઓએ સાંજે

મંદિરમાં અક્ષરબ્રહ્મનું પ્રાગટ્યપર્વ ઊજવ્યું.

ત્યારબાદ તા. ૨૪/૧૦ની સાંજે સ્વામીશ્રી સ્ટેટન આઇલેન્ડમાં ડૉ. વિક્રમેસિંઘે પાસે પિત્તાશયની પથરીના નિદાન માટે પહોંચ્યા. સેન્ટ વિન્સન્ટ મેડિકલ સેન્ટરના આ શ્રીલંકન તબીબે સ્વામીશ્રીને તપાસી જણાવ્યું કે 'ઑપરેશન કરાવી લેવું જોઈએ. મારા ગુરુ હોત તો હું આવતીકાલે જ ઑપરેશન કરાવી લેત. અત્યારે જોખમ ૦.૪% છે, પછી ૧૦% થઈ જાય.'

ડૉક્ટરે આમ તાકીદ કરી છતાં સ્વામીશ્રીએ ઉતારે આવી 'શસ્ત્રક્રિયા કરવી કે કેમ?' તે અંગે મીટિંગ યોજી! તેમાં સંતો-ભક્તો પર આખરી નિર્ણયની જવાબદારી છોડી. શરીર-સંભાળથી કેવા ઉદાસીન! આ બેઠક પછી સ્વામીશ્રીએ રાત્રે બાર વાગ્યા સુધી ગ્રંથવાંચન કરાવ્યું. ભગવાન સાથે કેવા સંલગ્ન!

આ સમયે 'વેદરસની વિભાવના' પુસ્તકનો પાઠ થઈ રહેલો. તેમાં નિઃસ્પૃહી વર્તમાનના પ્રકરણ અંતર્ગત દેહની અનિત્યતા સંબંધી વાતો આવી ત્યારે સ્વામીશ્રી સહજભાવે બોલ્યા: 'આપણા દેહનું હવે આવું થયું!'

જગત ભુલાઈ જાય તે રાસ

બે દિવસ પહેલાં તિથિ અનુસાર શરદોત્સવ ઊજવાઈ ગયેલો, પરંતુ સૌ હરિભક્તોને સમૈયાનું સુખ આવે તે માટે, તા. ૨૫/૧૦, શનિવારના રોજ મંદિર મુકામે તેની પુનઃ ઉજવણી ગોઠવવામાં આવી. તે નિમિત્તે સવારે મહાપૂજા થઈ અને સાંજે ઉત્સવ-સભા યોજાઈ. આ અવસરે કેનેડા તથા અમેરિકાનાં વિવિધ સત્સંગકેન્દ્રોમાંથી ઊમટેલા ૧,૨૦૦ ઉપરાંત ભક્તો સ્વામીશ્રી સભામાં પધારતાં જ હિલોળે ચડ્યા. સૌએ પુષ્પહારોથી સ્વામીશ્રીનું અભિવાદન કર્યું.

ત્યારબાદ પાંચ આરતીનાં અર્ઘ્ય અને પાંચ થાળના રાજભોગ પછી કથા-કીર્તનથી રસપ્રચુર બનેલા સભાના દોરમાં સંતોએ પંચાળાનો રાસ ઉપાડ્યો. તે વખતે કો'ક ઉત્સાહી સ્વામીશ્રીના હાથમાં કરતાલ આપી આવ્યું. સ્વામીશ્રી તે તાલબદ્ધ વગાડવા લાગ્યા. તેઓના તાલે સૌમાં ભરતી ચડાવતાં સભામાંથી એક પછી એક સૌ રાસરમણે ચડ્યા. ગણતરીની મિનિટોમાં તો અરધી સભા રાસમંડળમાં સામેલ થઈ ગઈ.

રાસની આ રમઝટ બાદ, શરદપૂનમની ચાંદનીથીયે શીતળ અમૃતધારા

વરસાવવી સ્વામીશ્રીએ શરૂ કરી. માંદગીને કારણે છેલ્લા એક મહિના અને ૨૪ દિવસથી તેમાં ડૂબકી મારવાનું કોઈને શક્ય બન્યું નહોતું. પણ આજે સૌને તરબતર કરવા તે આમ ફૂટી નીકળી :

'ગોપીઓને ભગવાને રાસ રમાડ્યો. રાત ક્યાં વહી ગઈ તે ખબર ન પડી. દેહ, જાતિ, ભાન ભુલાઈ ગયું. રાસનો આનંદ થયો. બાળકો, યુવાનો, મોટા બધા નાચ્યા. માન-મોટપ, ડિગ્રી બધું ભૂલી ગયા. આ બ્રહ્મનો આનંદ છે. આ અનુભવ થયો. જગત ભુલાઈ જાય તે રાસ. ઉત્સવમાં બધું ભૂલી ગયા. આવો ભાવ હંમેશ માટે લાવવાનો છે.'

બ્રહ્માનંદની આ લહાણ કરાવી સ્વામીશ્રીએ રાત્રે સવા અગિયાર વાગ્યે ઠાકોરજી જમાડ્યા અને સવા બાર વાગ્યે આરામમાં પધાર્યા !

પડી પડી પણ ભાંગી નહીં

તા. ૨૬/૧૦ના રોજ રવિવાર હોવાથી મંદિર આખો દિવસ ભક્ત-મેદનીથી છલકાતું રહ્યું. સ્વામીશ્રીએ પણ સવાર-સાંજ મંદિરે પધારી સૌને દર્શન-સમાગમનો લાભ આપ્યો.

તે પછી રાત્રે ઠાકોરજી જમાડી તેઓએ વળી કથાસત્ર આરંભ્યું. તેમાં દસ વાગ્યા ત્યારે એક સંતે કથાવાંચન બંધ કરવા સૂચન કર્યું. પરંતુ તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'સાડા દસ વાગ્યા સુધી કથા થવા દો.' આ આદેશ અનુસાર કથા ચાલતી રહી.

ત્યારબાદ ચેષ્ટાગાન કરી સ્વામીશ્રી આરામમાં જવા ઊભા થયા ત્યારે અચાનક બોલ્યા : *'પડી પડી પણ ભાંગી નહીં, ટુકડા થયા બે-ચાર...* નાના હતા ત્યારે આ કવિતા ભણેલા. એમાં વીજળીની વાત છે. પડી પડી પણ ભાંગી નહીં, પણ તેના ત્રણ-ચાર ભાગ થઈ ગયા.'

આ રીતે ઘણી વાર દૂરના બાલ્યકાળની વાતો સંભળાવી સ્વામીશ્રી *'ભક્તો આનંદ ઉર અતિ આણે...'*નું વાતાવરણ સર્જી દેતા.

મારો મટી સ્વામીબાપાનો થજે

આંખના પરીક્ષણ માટે સમયસર ઉપસ્થિત રહેવાના હેતુથી સ્વામીશ્રી તા. ૨૯/૧૦ના રોજ ન્યૂયોર્કથી માર્લબરો જઈ પહોંચ્યા. અહીં તા. ૩૦/૧૦ની સવારે તેઓ જશભાઈ પટેલના ઘેર અલ્પાહાર ગ્રહણ કરી રહેલા ત્યારે

'પ્રકાશ' સામયિકમાં છપાયેલા એક પત્રનું વાંચન આરંભાયું.

તેમાં આફ્રિકા-નિવાસી એક વિધવા મહિલા ભારતમાં ભણવા ગયેલા તેઓના એકના એક પુત્ર સમીરને લખી રહેલાં :

"તારે રાત-દિવસ પ્રાર્થના કરવી કે કેમ કરીને આ દેહે સ્વામી-બાપાનો લાડકો પુત્ર બની જાઉં. તું અમને ભૂલી જજે. જાણે તું અમારે ત્યાં જન્મ્યો જ નથી... સર્વોપરી ભગવાન શ્રીજીમહારાજને ઓળખ્યા પછી આપણું જીવન તેમના જ માટે હોવું જોઈએ. તારા સદ્‌ભાગ્યની સીમા નથી. તું જેનો છે તેનાં ચરણોમાં હું તને સોંપી દઉં છું... કેટલાં કષ્ટ ભોગવીને તને મોટો કર્યો, ભણાવ્યો તે હું જ જાણું છું. પણ તને કહું છું કે પૂ. સ્વામીજીની સેવા કરીને તેમનો રાજીપો મેળવી લઈશ તો મને સંપૂર્ણ સંતોષ થશે...

આજે (તા. ૫/૮/'૮૦) તને ૧૯ વર્ષ પૂરાં થઈ ૨૦મું બેસશે. અમારી સાથેનું આ છેલ્લું વર્ષ પૂરું થાય છે. તું પૂ. સ્વામીજીનો જ પુત્ર હતો અને તું તેમનો જ થઈને તેમની સેવામાં અખંડ રહેજે... તારા દિલમાં અમારી સર્વની સંપૂર્ણ વિસ્મૃતિ થઈ જાય અને તારાં નવાં સગાં(સંતો)માં સંપૂર્ણ પ્રીતિ થઈ જાય તેવી પ્રાર્થના કરું છું... હવે તું મારો મટી પૂ. સ્વામીબાપાનો પુત્ર થવાનો છે તો તેઓની માળાના મણકામાં આવી જવું."

પચીસ વર્ષની ભર યુવાનવયે જેના કપાળમાંથી કંકુ ખરી પડેલું તે મા અહીં પુત્રના કપાળમાં કંકુ ચોડી તેને સ્વામીશ્રીની સેનામાં ભળવા વળાવી રહી છે. ભારતની સન્નારીઓનું હૈયું ભક્તિભાવથી નીતરતું રહ્યું છે, પણ તેમાંથી આવો ભાવપ્રવાહ ભાગ્યે જ સર્યો છે. પોતાના કલેજા પર છેદ મૂકવા કઈ મા હાથમાં હથિયાર ઝાલે ? પરંતુ સ્વામીશ્રીની સત્સંગવેલી પર પાંગરેલી આવી કૈંક વીરાંગનાઓનાં તેજ, સતીઓનાં તેજને પણ ઝાંખાં પાડે એવાં હતાં ! આ તેજથી આજે સ્વામીશ્રી જ્યાં બિરાજેલા તે ઓરડો ઝળહળી ઊઠ્યો. એના તીવ્ર ઉજાસે સ્વામીશ્રી સહિત સૌની આંખોમાં ઝળઝળિયાં લાવી દીધાં ![૩૫]

દ્વિશતાબ્દીએ ૨૦૦ નવયુવાનોને સાધુદીક્ષા આપવાનું સ્વામીશ્રીએ ફૂંકેલું રણશિંગુ જગતચોકમાં ગાજવા માંડેલું. તે સાંભળી કૈંક નવલોહિયાઓ

---

૩૫. એક વીર વિધવા માતાની આ વાણીથી વીંધાયેલા પુત્રે સ્વામીશ્રીના હસ્તે દીક્ષા ગ્રહી સાધુ બ્રહ્મતીર્થદાસ નામ ધારણ કર્યું.

*'જ્યમ શત શત પહાડશિખરથી જળધોધ ધૂધવતો જાય... ત્યમ સત્ય તણો શોધક નિજ પંથે ધસે સદા અવિરામ...'*ની જેમ, માયા સામે ફાગ ખેલવા નીકળી રહેલા. સ્વામીશ્રીના શાંત સામર્થ્યનું આ પ્રભાવક દર્શન સમાજ મંત્રમુગ્ધ બની નિહાળી રહ્યો.

આવા સંત તણી બલિહારી

અલ્પાહાર બાદ બપોરે સાડા બાર વાગ્યે ડૉ. હચિન્સન પાસે પહોંચેલા સ્વામીશ્રીની આંખમાં આવી રહેલી રુઝથી આ તબીબે સંતોષ અનુભવ્યો. તેઓએ 'ચિંતાનું કોઈ કારણ નથી' કહી તંદુરસ્તીની લીલી ઝંડી ફરકાવી દેતાં સૌ હર્ષોલ્લાસમાં આવી ગયા. આ ઉમંગ ઝીલતા સ્વામીશ્રી કિંગ્સ્ટન તથા ન્યૂ બ્રિટનને પાવન કરતાં રાત્રે ૧૨:૨૦ વાગ્યે ન્યૂયોર્ક પધાર્યા.

અહીં તા. ૩૧/૧૦ની સવારે બાલકૃષ્ણભાઈના ઘેર પ્રાતઃપૂજા કરી રહેલા તેઓ સમક્ષ એક સંતે કીર્તનની કડી ગાઈ : *'મુખના પાનની બલિહારી...'*

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'ફરી ગાઓ.'

તેથી ગાયકે શબ્દો દોહરાવ્યા : *'મુખના પાનની બલિહારી...'*

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'બલિહારી નહીં, પણ 'અધિકારી' હશે !'

આ ટકોરથી ગાયકે પુસ્તકમાં નજર ફેરવી તો સ્વામીશ્રી સાચા ઠર્યા ! તેથી એ સંત સુધારા સાથે ગાવા લાગ્યા : *'મુખના પાનની અધિકારી...'*

પરંતુ સ્વામીશ્રીના મગજની શક્તિ અને હૃદયની ભક્તિ જોઈ સૌનું હૈયું તો તેઓને વધાવતાં ગાઈ રહ્યું કે *'તારી ભક્તિ તણી બલિહારી... તારી શક્તિ તણી બલિહારી... આવા સંત તણી બલિહારી...'*

વર્ષાની હેલી સમા પરમહંસોનાં અઢળક કીર્તનોના હજારો શબ્દોમાંથી આવી સૂક્ષ્મ ક્ષતિને પલક વારમાં પકડી પાડનારા સ્વામીશ્રીને બીજું કહેવું પણ શું !

ભગવાન ભજાય છે કે ભુલાય છે ?

તા. ૧/૧૧ની સવારે ન્યૂયોર્કથી ન્યૂજર્સી પધારેલા સ્વામીશ્રી અહીં પાંચેક પધરામણીઓ કરીને અઢી વાગ્યે ભોજનના સ્થળે પહોંચી ગયા, પરંતુ ઠાકોરજીવાળી મોટર હજી આવી નહોતી. તેથી થાળ ધરાવવાનો બાકી હોવાથી રસોઈ તૈયાર હોવા છતાં સ્વામીશ્રી ભોજન માટે ન બેઠા. હરિકૃષ્ણ મહારાજ

ઠેઠ સવા ત્રણ વાગ્યે પધાર્યા. તેઓને થાળ ધરાવીને સ્વામીશ્રી બપોરે સાડા ત્રણ વાગ્યે જમવા બિરાજ્યા! ભક્તિ વિના એકેય વાનગી સ્વામીશ્રીના ગળા હેઠે ઊતરી શકતી નહીં.

આ રીતે ભોજન કર્યા બાદ તેઓ સાંજે પિસ્કાટ્વે ટાઉનશીપ હાઈસ્કૂલમાં જાહેર-સભાનો લાભ આપી મંદિરે પધાર્યા.

અહીં તા. ૨/૧૧ની રવિસભામાં હકડેઠઠ મેદની ઊમટેલી, કારણ કે સ્વામીશ્રીના અમેરિકાના રોકાણનો આ અંતિમ રવિવાર હતો. તેથી સ્વામીશ્રીએ પણ સૌને અમૃતવર્ષાથી ભીંજવતાં કહ્યું: ''સ્વભાવ ટળે એ આપણી પ્રસાદી છે. ધાર કાઢવાવાળા માણસો સરાણિયા રાખે અને લહરકો મારે ને જુએ. તેમ નિરંતર વિચાર કરવો કે 'ભગવાન ભજાય છે કે ભુલાય છે?' અક્ષરરૂપ થવું ને પુરુષોત્તમમાં જોડાવું, તેને માટે મનુષ્યદેહ મળ્યો છે. પરંતુ આપણે તો 'દેહરૂપે વર્તવું ને બૈરાં-છોકરાંમાં જોડાવું' એવું થઈ ગયું છે. અહીં લોકો જાજરાંમાં વજન જોખવાનું રાખે છે, પરંતુ કથા-કીર્તનમાં કેટલું વધ્યા એ જોવાનું છે. આત્મા ક્યાં જઈને બેસશે એનું સ્થાન નક્કી કર્યું છે?''

સ્વામીશ્રીની આજની વાતો સત્સંગને ધાર કાઢી આપે એવી રહી.

પ્રામાણિકતાનો પર્યાય

વિશ્રામલીલા દરમ્યાન સ્વામીશ્રી સતત કથાશ્રવણ કરતા રહેલા. તેઓની આ અપ્રતિમ શ્રવણભક્તિની સ્મૃતિ માટે, તેઓ કથા સાંભળી રહ્યા હોય તેવો ફોટો લેવાની ઇચ્છા અમુક સંતો-ભક્તોને થયેલી. તેથી સ્વામીશ્રી પલંગ પર બિરાજ્યા હોય અને સામે કોઈ સંત ગ્રંથનો પાઠ કરી રહ્યા હોય તેમ ગોઠવણ કરવામાં આવી. પરંતુ આ તો ફોટો પાડવા માટે તખ્તો ગોઠવાયેલો છે તેમ માની, વાંચન કરવા બેઠેલા સંત કંઈ વાંચતા નહોતા. તેઓએ વાંચન કરી રહ્યા હોય તેવી કેવળ મુદ્રા જ રાખેલી.

તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'ચોપડી પકડી એમનેમ શું બેસી રહેવું? સાચું વાંચો.' આમ કહી તેઓએ વીસેક મિનિટ સુધી ગ્રંથવાંચન કરાવ્યું.

'મોહે કપટ છલ છિદ્ર ન ભાવા...'ની પ્રકૃતિ હતી સ્વામીશ્રીની! જે કરવું તે સાચું કરવાની રીતે રહેનારા તેઓનું જીવન પ્રામાણિકતાના પર્યાય સમું હતું.

ભગવાન સાથે હંમેશા વાત

તા. ૫/૧૧ના રોજ ધનતેરસનો દિવસ હોવાથી દિવાળીનું દ્વાર ખૂલી જતાં તેમાંથી બાળકોની અવર-જવર પણ ઘણી થવા માંડી. દૂર-દૂરથી લાભ લેવા આવેલા હરિભક્તો પોતાનાં નાનાં સંતાનોને ભેગાં લઈ આવ્યા હોય. તે બાળકો દિ' આખો રમતા ફરે અને જો સ્વામીશ્રીને ભાળી જાય તો ત્યાં પણ દોડી જાય. પતંગિયાંને પાસપોર્ટની જરૂર ન પડે, તેમ તેઓ બેરોકટોક સ્વામીશ્રી પાસે પહોંચી જતા.

તે મુજબ આજે સ્વામીશ્રી પાસે ગોઠવાઈ ગયેલા બાળકોમાંથી એકે પૂછ્યું : 'બાપા ! તમે ભગવાન સાથે વાત કરી છે ?'

'હંમેશા કરીએ છીએ.' સ્વામીશ્રી બોલ્યા.

બાળકના પ્રશ્નમાં ઋષિસહજ ગંભીરતા હતી. સ્વામીશ્રીના ઉત્તરમાં બાળ-સહજ નિખાલસતા હતી. સાથે તેઓની અખંડ સાક્ષાત્કારની સ્થિતિનું દર્શન પણ. જો કે નાના બાળકો તો તેમાં શું સમજે ?, પણ આસપાસ ઊભેલા સૌ *'હરિ કે સદા હજૂર...'* સ્વામીશ્રી પર ઓવારી ગયા.

રહ્યા હરિમાંહિ ગુલતાન

ધનતેરસના દિવસે 'ઇન્ડિયન કલ્ચરલ સેન્ટર' દ્વારા નિર્માણાધીન 'ગાંધી સેન્ટર'ની ભૂમિ પર પગલાં કરી મંદિરે પધારેલા સ્વામીશ્રીની નિશ્રામાં હનુમાન પૂજા, શારદા પૂજન, ચોપડા પૂજન વગેરે વિધિસર થયાં.

સામાન્યતયા આ ઉત્સવપર્વ અક્ષર દેરીના આંગણે ઊજવાતું હોવાથી અહીંના ભરતભાઈ પટેલે એકલપંડે ૧,૩૦૦ ખીલીઓ અને દોરી વડે કલાત્મક અક્ષર દેરી રચેલી. તે તેઓએ સ્વામીશ્રીને અર્પણ કરી ત્યારે આ વીસ વર્ષીય યુવાનની કલાને બિરદાવતાં સ્વામીશ્રીએ અક્ષર દેરીનું પૂજન કર્યું. ઊગતી પેઢીનું પ્રત્યેક કાર્ય તેઓ દ્વારા અવશ્ય પોંખાતું રહેલું ! યુવકો માટે આ જ સૌથી મોટી પ્રોત્સાહક બાબત હતી.

પ્રોત્સાહનનું આ પીયૂષપાન કરવા ઘણા યુવકો દિવાળીના તહેવાર સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઊજવવા માટે દોડી આવેલા. તેઓ સાથે દિવાળીની બપોરે ગોઠડી માંડીને બેઠેલા સ્વામીશ્રીને જયદેવ નામના એક યુવાને પૂછ્યું : 'બાપા ! નારાયણ ભગત સભામાં આપની હાજરીમાં આપના ગુણોનું ગાન

કરે ત્યારે આપ શું વિચારતા હો છો?'

'અમે વિચાર કરીએ કે એ ગુણ શાને લીધે છે? મહારાજને લઈને છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓની હાજરીમાં તેઓની જેટલી સાચદિલી પ્રશંસા થઈ હશે તેટલી ભાગ્યે જ અન્ય કોઈ મહાપુરુષની થઈ હશે એમ કહેવામાં થડકો રાખવા જેવો નથી. સ્વામીશ્રીનાં ૬૫ વર્ષના સુદીર્ઘ કાર્યકાળ દરમ્યાન,

કોઈએ તેઓનું જીવન જોઈને તો કોઈએ તેઓના સંતો જોઈને,

કોઈએ તેઓનાં મંદિરો જોઈને તો કોઈએ તેઓની સમાજસેવાઓ જોઈને,

કોઈએ તેઓના ઉત્સવો જોઈને તો કોઈએ તેઓના અનુયાયીઓ જોઈને,

કોઈએ તેઓની હૉસ્પિટલો જોઈને તો કોઈએ તેઓનાં છાત્રાલયો જોઈને...

આમ, વિવિધ પ્રકારે સ્વામીશ્રીને સૌએ બિરદાવેલા. આ બિરદાવલીઓ એવી નેક રહેતી કે તે બોલનારા માંધાતા હોય તોય તેઓની આંખોના ખૂણા અને હાથરૂમાલની કોર ભીનાં થયાં વિના રહેતાં નહીં.

પરંતુ પોતાના આવા અવિરત ગુણગાન સાંભળી સ્વામીશ્રીની મુખરેખા કદી બદલાઈ નહોતી, તેઓની વાણીમાં કેફ કે આંખોમાં મદ કદી છલકાયા નહોતા. તેઓ તો સદા *'તજી તન ને મનનું માન, રહ્યા હરિમાંહિ ગુલતાન...'*ની જેમ જ વર્તતા. ઍવરેસ્ટના આરોહણ કરતાંય આ અદકેરી સિદ્ધિ કહેવાય.

પ્રથમ દા'ડે જ વિદાયની વેળા!

તા. ૮/૧૧થી શરૂ થતા નૂતન વર્ષે[૩૬] સ્વામીશ્રીનો લાભ લેવા આવેલા હરિભક્તોના ધસારાથી ન્યૂયોર્કના મંદિરમાં ક્યાંય પગ મૂકવા સરખી જગ્યા બચી નહોતી. સ્વામીશ્રીએ પણ આજે વિશેષ ભક્તિ અદા કરતાં હરિકૃષ્ણ મહારાજને દંડવત-પ્રદક્ષિણાનું અર્ઘ્ય આપ્યું, જે ઑપરેશનને કારણે બંધ હતું.

ઠાકોરજી અન્નકૂટ જમે તે પહેલાં દાણો-પાણી નહીં લેવાનો નિયમ સ્વામીશ્રીએ આજેય અભંગ રાખ્યો. તેથી પૂજા પછી સીધા સભામાં પધારેલા તેઓએ અમૃતધારા વહેતી કરતાં જણાવ્યું: 'સૌને નવા વર્ષના જય સ્વામિનારાયણ. ભગવાનને માર્ગે ચાલીએ એટલે આપણા માટે દરરોજ નવા દિવસ જ છે. પથારીમાંથી બેઠા થઈએ ત્યારે પણ ભગવાનને યાદ કરવા, કારણ

૩૬. વિ.સં. ૨૦૩૭નો પ્રારંભ થયો.

કે આપણે જે કંઈ છીએ એ ભગવાનને લઈને છીએ.'

આ ઉત્સવ-સભા દરમ્યાન જ ઠાકોરજી સમક્ષ ત્રણસો વાનગીઓનો અન્નકૂટ ગોઠવાઈ જતાં સ્વામીશ્રીએ આરતી ઉતારી.

ત્યારબાદ ભોજન લઈ તેઓ પુનઃ પોણા પાંચ વાગ્યે વિદાય-સભામાં પધાર્યા ત્યારે અહીં સવારના આનંદને હડસેલી ગમગીની ગોઠવાઈ ગયેલી. વર્ષના પ્રથમ દા'ડે જ આવી ચડેલી સ્વામીશ્રીની વિદાયના વિચારમાત્રથી *'કોઈ મુખ નિશ્વાસ મૂકે, કોઈ આંખડીએ આંસુ ભરે; કોઈક વદન કરી ઊંચું, ગાઢે સ્વરે રુદન કરે...'*ની સ્થિતિમાં સૌ મુકાઈ ગયેલા. તેઓને સાંત્વના આપતા સ્વામીશ્રી જે.એફ.કે. ઍરપોર્ટ પર આવી પહોંચ્યા.

અહીંથી રાત્રિના ૮:૪૮ વાગ્યે તેઓને લઈ હવાઈયાન ગગનગામી થયું ત્યારે સ્વામીશ્રીની શ્રમલીલા અને વિશ્રામલીલાનું સાક્ષી બનેલું અમેરિકા કરોડ-કરોડ દીવાઓથી ઝળહળી રહેલું. પોતાના ખૂણે-ખૂણે વ્યાપી વળેલા ભૌતિકતાના અંધકારમાં, આધ્યાત્મિકતાનું અજવાળું પાથરી જનારા સ્વામીશ્રીને અમેરિકાએ આમ અંજલિ આપી.

ઇચ્છા છે જ !

લંડનના હીથ્રો ઍરપોર્ટ પર તા. ૯/૧૧ની સવારે સ્વામીશ્રીને વધાવવા થનગની રહેલા હરિભક્તો આ અરસામાં ઠંડીએ મૂકેલી માઝાથી ચિંતિત હતા. દિવાળીનો દિવસ તો (માઇનસ) - ૨ ડિગ્રી સે. તાપમાનમાં વીતેલો. તે પછી પણ આ પારો ઊંચે ચઢ્યો નહોતો. પરંતુ સ્વામીશ્રીને લઈ આવેલું વિમાન જ્યાં લંડનની ધરતીને સ્પર્શ્યું ત્યાં જ સૂર્યદેવ આકાશમાં હાજર થઈ ગયા ! ઠંડી સાવ જ ઊડી ગઈ. સ્વામીશ્રીનું સ્વાગત કરવા આવનારા ભક્તોએ જ્યારે આ બયાન સ્વામીશ્રીને કર્યું ત્યારે તેઓ બોલ્યા : 'હવે આવું રહેશે !'

ભક્તોના સુખ માટે સ્વામીશ્રીની અમોઘ વાણી આમ સરી પડી. તે સાંભળી ઠંડી તો ઠરી જ ગઈ ! સ્વામીશ્રીના રોકાણ દરમ્યાન તે ફરી બેઠી ન થઈ શકી.

ઇંગ્લેન્ડમાં આ વિજયી પ્રવેશ બાદ મંદિરે પધારેલા સ્વામીશ્રીએ અહીં દર્શન બાદ સભા સંબોધતાં કહ્યું : 'પહેલાં ઝાંખું ઝાંખું દેખાતું. હવે સ્પષ્ટ દેખાય છે. બધા બરાબર દેખાય છે.'

ભક્તોને સ્વામીશ્રીનાં દર્શનનો આનંદ હતો, પણ સ્વામીશ્રીને ભક્તોનાં

દર્શનનો. ગુરુ-શિષ્યના પરસ્પરના મહિમાનાં મોજાં જ્યાં એકબીજામાં વિલીન થતાં રહે એ જ આ સત્સંગ-સાગર !

તેમાં હિલોળતા સ્વામીશ્રી આજની સાંજે પોણા પાંચ વાગ્યે મિડલસેક્સ પોલિટેકનિક હૉલમાં અન્નકૂટોત્સવ નિમિત્તે પધાર્યા. આ સ્થળે તેઓનું આગમન, રવિવાર અને અન્નકૂટની ત્રિવેણીમાં ઝબકોળાવા ત્રણ હજારથી વધુનો મહેરામણ હિલોળા લઈ રહેલો. સ્વામીશ્રીએ પણ ઉપસ્થિત સૌને નવા વર્ષના આશીર્વાદ પાઠવી કૃતાર્થ કર્યા.

ત્યારબાદ તેઓના નિવાસ દરમ્યાન ફ્રેન્ડ્ઝ હૉલમાં યોજાનારી જાહેર-સભાઓની ઘોષણા કરતાં ઉદ્‌ઘોષકે કહ્યું : 'રોજ સાંજે હૉલ પર સત્સંગ-સભા થશે અને પરમ પૂજ્ય સ્વામીશ્રીને ઇચ્છા-અનુકૂળતા હશે તો આવશે.'

આ સાંભળતાં જ સ્વામીશ્રી બોલ્યા : 'ઇચ્છા છે જ !'

કથા-વાર્તા અને ભક્તન કી ભીડ – આ બે તો તેઓના જીવનતુલ્ય. તેથી નોખાં પડવાનું તેઓ કેમ ઇચ્છે ?

નિર્દોષ અંતઃકરણનો એક્સ-રે

સ્વામીશ્રીએ લંડનમાં ચરણ મૂકતાંવેંત ઉચ્ચારેલા વચન મુજબ રોજ સૂર્યદેવ સેવામાં હાજર થઈ જતા હોવાથી સૌને લાભ લેવામાં ઘણી સાનુકૂળતા રહેતી. સવારથી જ શેફર્ડ બુશમાં આવેલા મનહરભાઈ પટેલના ઘેર રખાયેલો સ્વામીશ્રીનો ઉતારો ભક્તોથી ભરચક થઈ જતો. પ્રાતઃપૂજામાં લંડનના ઉત્સાહી યુવકો કીર્તનો ગાતા. પૂજા બાદ કથામાં પણ કુટુંબમેળા જેવું જ વાતાવરણ જામતું.

તા. ૧૧/૧૧ના રોજ ચાલતી થયેલી આવી જ એક ગોષ્ઠીમાં મંદિર-નિર્માણ માટે જરૂરી પરવાનગીઓ મેળવવામાં પડતી મુશ્કેલીઓની વાત નીકળતાં કોઈકે સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા ! આવું કેમ થતું હશે ?'

'લોકોને ખબર પડે ને કે આ લોક જ દુઃખરૂપ છે.' અગવડોનો ઉપકાર વર્ણવતાં સ્વામીશ્રીએ કહ્યું.

ત્યારે એક ભક્તે પૂછ્યું : 'ભગવાન સૌનાં અંતઃકરણ ફેરવી ન નાંખે ?'

'તો આપણી ભક્તિ શું રહે ? જ્યારે ભગવાન પ્રગટ થાય ત્યારે તે ભેગા અસુરો જન્મ ધરતા જ હોય છે.' પુરાણપ્રસિદ્ધ રીત બતાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું.

તે દ્વારા સૌનાં મનમાં ઘોળાતા સંશયોને મિટાવતાં તેઓ એક વાર ઉતારે ભોજન લઈ રહેલા. આ સમયે સવારે મોડા ઊઠતા કેટલાક સહ-પ્રવાસીઓની વાત નીકળી. તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'હું મોડો ઊઠું એટલે બધા મોડા ઊઠે. મારું જીવન પરવશ જેવું થઈ ગયું. ચશ્માં વિના દેખાય નહીં. દાંત (ચોકઠાં) વિના ચવાય નહીં. મારે તો વહેલા ઊઠવું હોય પણ સેવકો સૂતાં હોય. આપણને દેખાય નહીં તે ખબર પણ કેમ પડે ?'

શિષ્યોની ગાફલાઈમાં સ્વામીશ્રી પોતાનો દોષ કાઢતા રહ્યા ! આ વાત તેઓના નિર્દોષ અંતઃકરણનો એક્સ-રે બની રહી.

અહીં તો વંદન જ હોય

આ અરસામાં નવા વર્ષના દિવસો ચાલી રહ્યા હોવાથી શુભકામનાઓ પાઠવતાં અનેક પત્રો સ્વામીશ્રી પર આવી રહેલા. તે કાફલામાં દેશના કેટલાક સંતોએ નૂતન વર્ષ નિમિત્તે કરેલી પ્રાર્થનાઓનું પરબીડિયું પણ આવ્યું. તેની પર લખેલું : 'નૂતન વર્ષાભિવંદન.'

તે વાંચી સ્વામીશ્રી બોલ્યા : 'બીજે તો લોકમાં 'અભિનંદન' હોય ને અહીં તો 'વંદન' જ હોય.'

નાની-શી બાબતોને પણ નિમિત્ત બનાવી જીવનના મર્મ સમજાવતા સ્વામીશ્રીએ તા. ૧૬/૧૧ના રોજ બાર્નેટ ગામે ક્વિન એલિઝાબેથ ગર્લ્સ હાઈસ્કૂલના હૉલમાં ધર્મલાભ આપ્યો. એ જ રીતે તા. ૧૮/૧૧ના રોજ તેઓએ ઈઝલિંગ્ટન ટાઉન હૉલને પણ તીર્થરૂપ બનાવ્યો.

તા. ૧૯/૧૧ના રોજ આ લાભ ફ્રેન્ડ્ઝ હૉલને મળવાનો હતો, પરંતુ આવી પડેલી એક આકસ્મિક આપત્તિને કારણે તમામ આયોજન તાત્કાલિક ધોરણે મંદિરમાં ખસેડવાથી અત્રે જગ્યાની સંકડાશ ઘણી અનુભવાઈ. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'વહેલું-મોડું થાય, પણ થાય ખરું. હૉલનું નક્કી જ હતું છતાં અહીં આવવું પડ્યું. કોઈની આવી ઇચ્છા નહોતી, માટે ભગવાનની ઇચ્છા સમજવી; તો મનમાં ઉદ્વેગ-અશાંતિ ન રહે. અગવડ સૌને પડી તો માફ કરજો.'

વિના વાંકે સ્વામીશ્રીએ જીવનમાં જેટલી વાર માફી માંગી હશે એટલી તો કદાચ કસૂરવારોએ પણ નહીં માંગી હોય !

તેઓની આ રીત જોઈ એક કાર્યકરે કહ્યું : 'બાપા ! આજે અગવડ પડી

હોય તો માફ કરજો. ભવિષ્યમાં ભૂલ નહીં થાય.'

'એવું ન કહેવું. ભૂલ થવાની છે, તે વખતે પણ 'માફ કરજો' તેમ કહેવું.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓની જેમ સૌ જો માફી માંગતાં અને આપતાં શીખી જાય તો ઘર્ષણમુક્ત જીવન હાથ બહારની વાત નથી.

દેશમાં જરૂર પધારજો

લંડનમાં સ્વામીશ્રીના નિવાસ દરમ્યાન અહીંના મંડળે તા. ૨૦/૧૧ના રોજ તેઓનો હીરક જયંતી મહોત્સવ ફ્રેન્ડ્ઝ હૉલમાં ધામધૂમપૂર્વક ઊજવ્યો.

તા. ૨૧/૧૧ના રોજ વેમ્બલી કૉન્ફરન્સ સેન્ટરમાં તૃતીય બાળ-યુવક અધિવેશન પણ ઉત્સાહભેર સંપન્ન થયું. આ પ્રસંગે કંઈક માતા-પિતાએ પોતાના વ્હાલસોયા પુત્રોને ત્યાગની વેદી પર ચડાવતાં સ્વામીશ્રીને અર્પણ કર્યા.

પરંતુ સતત ફરતા કાળચક્રના આરાએ તા. ૨૩/૧૧ના રોજ સૌને દુઃખના ઓવારે લાવીને મૂકી દીધા. આ દિવસની બપોરે મિડલસેક્સ પોલિટેકનિક હૉલમાં યોજાયેલી સ્વામીશ્રીની વિદાય-સભામાં અહીંના પ્રેમી ભક્તોની વિરહ-વિહ્વળતા જોઈ સ્વામીશ્રી પણ ભાવવિવશ બની ગયા. એ જ દશામાં સૌને આશીર્વાદ આપતાં તેઓએ જણાવ્યું : 'દ્વિશતાબ્દીના સમૈયે દેશમાં જરૂર પધારજો...'

સ્વામીશ્રીના આ એક વાક્યમાં વહાલા સ્વજન દ્વારા મળતા મીઠા આમંત્રણની મહેક હતી. એ જ મીઠપમાં ઝબકોળાઈને સ્વામીશ્રીનો વાણીપ્રવાહ આમ વહી રહ્યો: 'ભગવાન શ્રીજીમહારાજના ગુણગાન ગાવાની સેવા આપણને મળી છે. આપ સૌએ તન, મન ને ધનથી વર્ણન પણ ન થઈ શકે એવો ભીડો વેઠ્યો છે. સત્સંગની સેવા છે એનું મૂલ્ય થઈ શકે નહીં. ભગવાન સાક્ષાત્ આપણી સેવાને અંગીકાર કરે છે. સામસામો સૌનો મહિમા સમજીએ. મહિમાની દૃષ્ટિ હોય તો બહુ સમાસ, શાંતિ ને સુખ થાય. ભીડો આપ્યો છે તો રાજી રહેજો ને માફ કરજો.'

સૌને આ આમંત્રણ, આશ્વાસન અને આશીર્વાદ આપી સ્વામીશ્રી વિદાય લેવા તૈયાર થયા ત્યારે યુવકોએ ઉત્સાહમાં આવી તેઓને ખભે ઊંચકી લઈ દ્વિશતાબ્દીની ઘોષણાથી વાતાવરણ ગજવી મૂક્યું.

આ સ્નેહભાવ સ્વીકારી સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા ભાનુભાઈ પટેલના

ઘેર પહોંચ્યા. અહીંથી એરપોર્ટ લઈ જવા આવનારો કોચ (મોટી બસ) વિલંબમાં પડતાં સૌ આઘાપાછા થવા લાગ્યા, ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'આપણે વહેલું એરપોર્ટ પર પહોંચવું હતું, પણ એક કોચ બગડી ગયો. બીજો આવી રહ્યો છે. મોડું થાય છે, પણ આપણી ઇચ્છા વિરુદ્ધ થાય તેમાં મહારાજની મરજી સમજવી.'

આ વખતના રોકાણનો આ છેલ્લો સંદેશો આપી તેઓ રાત્રે સાડા નવ વાગ્યે દક્ષિણ આફ્રિકા જવા ઊડી ગયા.

મારી ભૂલોના ભૂલનારા

તા. ૨૪/૧૧ની સવારે નૈરોબીના હવાઈમથકે એક કલાકનું રોકાણ કરી બપોરે પોણા એક વાગ્યે દક્ષિણ આફ્રિકા પહોંચેલા સ્વામીશ્રી લેનેસિયામાં નિત્યકર્મથી પરવાર્યા ત્યારે તેઓને ભોજન ગ્રહણ કરવા સૌએ વિનંતી કરી. પરંતુ વિમાની પ્રવાસને કારણે તેને નકારતાં 'નૂતન પાટીદાર હૉલ'માં પધારેલા સ્વામીશ્રીએ અત્રે રાત્રે આઠ વાગ્યે સત્સંગીઓ ઉપરાંત વિવિધ ધાર્મિક-સામાજિક સંસ્થાઓનું સ્વાગત ઝીલ્યું.

આ સત્કાર-સભા બાદ તેઓ ઉતારે પધાર્યા ત્યારે યજમાન પરેશભાઈએ ઇટાલિયન, સ્પેનીશ, જર્મન, ફ્રેંચ, ડચ, પોર્ટુગીઝ અને આફ્રિકાન્સ ભાષામાં તૈયાર થયેલા 'શિક્ષાપત્રી'ના અનુવાદ સ્વામીશ્રીને દર્શાવ્યા. આ તમામ પુસ્તિકાઓને 'યુનો' દ્વારા ઇન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ બુક નંબર (ISBN) પણ આપવામાં આવેલા. એક ભક્તનો આ પરિશ્રમ જોઈ રાજી થયેલા સ્વામીશ્રી ચેષ્ટાગાન કરીને આરામમાં જવા ઊભા થયા ત્યારે આ યજમાન તેઓ માટે મોસંબીનો રસ લઈ આવ્યા.

આજે સમગ્ર દિવસ દરમ્યાન સ્વામીશ્રીએ પાણી પણ પીધું ન હોવાથી સૌએ આ પ્રવાહી અંગીકાર કરવા ખૂબ આગ્રહ કર્યો. પરંતુ સ્વામીશ્રી નિર્જળા ઉપવાસને ઓઢીને જ પોઢ્યા ! તેઓનાં વ્રત, તપ અને નિયમની સાંકળ સદા સજ્જડ જ રહેતી.

આ રીત રાખી જો'બર્ગની આસપાસના વિસ્તારો પાવન કરવા નીકળેલા સ્વામીશ્રી તા. ૨૫/૧૧ના રોજ આઝાદવીલેમાં તથા તા. ૨૭/૧૧ના દિવસે બીનોનીના નિર્માણાધીન લક્ષ્મીનારાયણ મંદિરે પધાર્યા. અત્રે જે ઠેકાણે મૂર્તિઓ પ્રતિષ્ઠિત થવાની હતી ત્યાં ઠાકોરજીને બિરાજમાન કરી તેઓએ ઉપસ્થિત ટ્રસ્ટીઓને આશીર્વાદ આપ્યા. ત્યારબાદ બીનોનીમાં જ ભોજન,

વિશ્રામ લઈ રાત્રે જો'બર્ગના 'ગાંધી હૉલ'માં સભાનો લાભ આપી ઉતારે આવી પહોંચ્યા.

આ અરસામાં સ્વામીશ્રીની આંખમાં આંજવાની દવા સંતો દ્વારા લંડનમાં જ ભુલાઈ ગયેલી. એ પ્રકારની દવા અહીં મળતી નહોતી અને અન્ય દવાનો અખતરો અનુકૂળ આવે એમ નહોતો. તેથી છેવટે એ દવા મોકલવા લંડન રહેતા હરિભક્તોને ફોન કરવામાં આવ્યો. તેઓએ કો'ક યુરોપિયન પ્રવાસી સાથે આ દવા પહોંચતી કરી. પરંતુ વચગાળાના બે-ત્રણ દિવસ દરમ્યાન દવા ન જતાં સ્વામીશ્રીની આંખોએ સારી એવી રતાશ પકડી લીધી. છતાં સ્વામીશ્રી લેશ રાતા-પીળા ન થયા !!

ભક્તોની કાળજી લેવામાં અલ્પ ક્ષતિ દાખવાય તોય સંતો-વ્યવસ્થાપકોને ઘણો ઠપકો આપનારા તેઓએ, પોતાની દરકારમાં આવેલી આ ગંભીર ભૂલ બદલ સેવકોને લેશ ટકોર ન કરી ! તેઓની આ સાધુતાએ ભીનાં કરી મૂકેલાં સૌનાં અંતર ગાઈ રહ્યાં : *'મારી ભૂલોના ભૂલનારા, તારી કરુણાનો કોઈ પાર નથી...'*

ભાવે કરી ભોગવિયે દુઃખ

તા. ૨૭/૧૧ની રાત્રે સ્વામીશ્રીને લઘુશંકા માટે ઊભા થવાનું બન્યું. પરંતુ આ સમયે તેઓએ જોયું કે 'બેય સેવકો સૂતા છે.' તેથી તેઓ જાગી ન જાય તેમ સ્વામીશ્રી અંધકારભર્યા એ ઓરડામાંથી સાચવી-સાચવીને બહાર આવેલા બાથરૂમ તરફ સરકવા લાગ્યા. ખૂબ સાવચેતીથી તેઓએ બંને સેવકોને ઓળંગ્યા. કોઈને લેશ પણ ખલેલ ન પડે એ રીતે તેઓ બાથરૂમ નજીક પહોંચ્યા ત્યાં જ ઓરડાની બહાર સૂતેલા એક સંત જાગી ગયા. તેઓએ સ્વામીશ્રીને હાથનો ટેકો ધર્યો.

દેહક્રિયા કરી સ્વામીશ્રી પુનઃ ઓરડા તરફ જવા ગયા ત્યારે પેલા સંતે ફરી તેઓને હાથ આપ્યો. પરંતુ તેઓ સ્વામીશ્રીને લઈ જેવા ઓરડામાં આવ્યા કે તરત જ બત્તી માટે ચાંપ દબાવી. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'લાઈટ શું કામ કરી ? આ લોકો સૂતા છે તે જાગી જશે.'

સૂતેલા સેવકનું પણ ધ્યાન રાખે એવા જાગ્રત ગુરુ હતા સ્વામીશ્રી ! *'આપણે અંગે પીડા આવતાં, જો થાય સામાને સુખ; તો ભાવે કરી ભોગવિયે, દિલમાં ન માનિયે દુઃખ...'*ની રીતે જ તેઓ આખી જિંદગી જીવી ગયા !!

અખંડ ભજે છે અવિનાશીને

તા. ૨૯/૧૧ની સાંજે સાડા ચાર વાગ્યે રામેશ્વર મંદિરના કામચલાઉ સભાગૃહમાં સાત ભાષામાં અનુવાદિત 'શિક્ષાપત્રી'ના ઉદ્‌ઘાટન નિમિત્તે ભવ્ય મહાપૂજા ગોઠવાયેલી. લાલ મખમલનાં વસ્ત્રોમાં સંગોપિત 'શિક્ષાપત્રી'ના આ ભાષાંતરનું સ્વામીશ્રીના વરદહસ્તે પૂજન થયું. આ ઉદ્‌ઘાટન-ઉત્સવની સાથે જ સ્વામીશ્રીની ૬૦મી જયંતી પણ જો'બર્ગ મંડળે ભાવપૂર્વક ઊજવી.

તેને અનુસરતાં તા. ૩૦/૧૧ના રોજ સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા રામેશ્વર મંદિરનો ખાતવિધિ સંપન્ન થયો. ધોધમાર વરસાદ અને પવનના સુસવાટા વચ્ચે આ શ્રીગણેશ કરાવી સ્વામીશ્રી તા. ૧/૧૨ના રોજ ૬૦ સંતો-ભક્તોના સંઘ સાથે ડર્બન જવા નીકળ્યા.

આ મુસાફરી ૬૦૦ કિ.મી.ની હોવાથી ગાડીમાં જ સૂઈ શકાય તેવું સુંદર આસન બનાવી દીધેલું. જો કે, પ્રવાસી તરીકે કર્મઠ સ્વામીશ્રી હોવાથી તે શય્યાની ઝાઝી જરૂર ન પડી. બપોરે દોઢ વાગ્યે તેઓએ હેરી સ્મિથ અને લેડી સ્મિથની વચ્ચે હાફ-વે સર્વિસ સ્ટેશન પાસે ઠાકોરજીને થાળ ધરાવી મોટરમાં બેઠાં બેઠાં જ ભોજન ગ્રહણ કર્યું.

ત્યારબાદ પુનઃ પ્રયાણ આરંભી તેઓ પોણા સાત વાગ્યે પાઇન ટાઉન પહોંચ્યા ત્યારે ડર્બનથી સાત કિ.મી. દૂરના આ સ્થળે સૌ ભક્તો તેઓને વધાવવા દોડી આવેલા. તેઓનું સ્વાગત ઝીલી સ્વામીશ્રી ડર્બનના 'ભારત હૉલ'માં પધાર્યા. અહીં તેઓનું ભવ્ય સન્માન થયું. આ શહેરની લગભગ અડધોઅડધ વસ્તી ભારતીય. તેથી ભારતનાં ભગવાંને આવકારતાં સૌનાં હૈયે ઘણો ઉમંગ વર્તાતો હતો.

તેની વચ્ચે સ્વામીશ્રીએ તા. ૨/૧૨ની સવારે હિંદ મહાસાગરમાં ઠાકોરજીને સ્નાન કરાવી જળનો મળ પણ ધોયો. તે પછીનો આખો દિવસ પધરામણીઓમાં વીતાવી તેઓ રાત્રે જઈ પહોંચ્યા – કીર્તન આરાધનામાં.

અત્રે સ્વામીશ્રીએ સમાજ-કલ્યાણની દિશામાં વધુ એક પગલું માંડતાં સ્થાનિક વી. એન. નાયક મૂક-બધિર શાળાના સંકુલને ઘણી મોટી ધનરાશિનું અનુદાન અપાવ્યું. આમ, બે દિવસમાં તો સેવા-સત્સંગ દ્વારા ડર્બનને વિશેષ સમૃદ્ધ કરી તેઓ તા. ૩/૧૨ના રોજ પીટરમેરિટ્‌ઝબર્ગ અને ન્યૂ કેસલને પાવન કરતાં રાત્રે નવ વાગ્યે લેનેસિયા પધારી ગયા.

અહીંથી વળી તા. ૪/૧૨ના દિવસે લૉડિયમને લાભ આપતાં સ્વામીશ્રી પ્રિટોરિયા જઈ પહોંચ્યા.

અત્રે છ-એક પધરામણીઓ કરીને પુનઃ લૉડિયમમાં આવી જમવા બિરાજેલા સ્વામીશ્રીએ સેવકને પૂછ્યું: 'ઠાકોરજીની આરતી કરી?'

'ના.'

'આરતી કરી લેવી જોઈએ.' સ્વામીશ્રી સખેદ બોલ્યા.

'ઠાકોરજીનો થાળ બનાવવાનો હોવાથી રહી ગઈ!' સેવકે આમ લૂલો બચાવ કર્યો ત્યારે સ્વામીશ્રીએ 'એય સાથે થાય, પણ આરતી ચૂકવી નહીં...' કહી સેવામાં ખબરદારીની શીખ આપી.

અવિરત વિચરણ અને અસંખ્ય પ્રવૃત્તિઓમાં પણ તેઓ ઠાકોરજીની સેવામાં ખામી આવવા ન દેતા. કાયમ એવું જોવા મળતું કે જ્યારે હરિકૃષ્ણ મહારાજની ભક્તિમાં સેવક દ્વારા કંઈક ચૂક પડી હોય ત્યારે જ સ્વામીશ્રી પૂછપરછ કરતા. તેથી તે ભૂલ સુધરી જતી. અવિનાશીના અંતર્યામી થઈને ભક્તિ કરતા સ્વામીશ્રીથી ઠાકોરજીની કોઈ તકલીફ અજાણી નહોતી રહેતી.

નિરધાર ન થાય અપાર છે એવા

પ્રિટોરિયામાં તા. ૪/૧૨ની રાત્રે હિન્દુ સેવા સમાજના હૉલમાં સભાનો લાભ આપી તા. ૫/૧૨ની સવારે જો'બર્ગ આવી પહોંચેલા સ્વામીશ્રીની મુલાકાત અહીં 'સન્ડે ટ્રીબ્યુન'ના એક પત્રકાર સાથે થઈ. સંવાદદાતા અને સ્વામીશ્રીના આ વાર્તાલાપમાં આત્મસ્વરૂપદાસ સ્વામી દુભાષિયાની સેવા બજાવી રહેલા.

કેટલીક મિનિટોની એ પ્રશ્નોત્તરીમાં ખબરપત્રીએ છેલ્લો પ્રશ્ન પૂછ્યો: 'તમે સ્ત્રીઓને દૂર રાખો છો તો તેઓ ઉપેક્ષાનો કે ભેદભાવ થઈ રહ્યાનો અનુભવ નથી કરતી?'

અંગ્રેજીમાં પૂછાયેલા આ પ્રશ્નનો હજી તો ગુજરાતીમાં અનુવાદ થાય તે પહેલાં જ સ્વામીશ્રી તેનો જવાબ શરૂ કરી દેતાં બોલ્યા: 'એને કહો કે હિન્દુસ્તાનમાં પોતે આવીને જુએ! લાખો સ્ત્રીઓ સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરે છે, પણ કોઈને એવો ભાવ થતો નથી.'

સ્વામીશ્રીનો ઉત્તર નહીં, પણ તેઓને ઉત્તર વાળતાં જોઈ દુભાષિયા સંત દ્વિધામાં સરી પડ્યા કે 'સ્વામીશ્રી ભાષાંતર કર્યા વિના પ્રશ્ન કેવી રીતે

જાણી ગયા?!' પરંતુ તેઓનું આ આશ્ચર્ય બેવડાયું તો ત્યારે કે જ્યારે પેલા પત્રકાર પણ સ્વામીશ્રી જે ગુજરાતીમાં બોલ્યા તે નોંધપોથીમાં ટપકાવી રહ્યા!

પોતાના આ વિસ્મયનો તાળો મેળવી જોવા આત્મસ્વરૂપદાસ સ્વામીએ પત્રકારને પૂછ્યું કે 'તમે શું સમજ્યા ને શું લખ્યું?'

ત્યારે તેઓએ સ્વામીશ્રી જે ગુજરાતીમાં બોલેલા તેનો અંગ્રેજી તરજુમો કહી સંભળાવ્યો કે 'Swamiji is telling me to come to India and see first–hand for myself that there are hundreds of thousands of women who worship Lord Swaminarayan and none of them feels discriminated against!'

આ સાંભળીને આશ્ચર્યની અવધિએ પહોંચી ગયેલા પેલા દુભાષિયા સંત તો સ્વામીશ્રી સામું જોઈ જ રહ્યા! તે વખતે સ્વામીશ્રી મંદ સ્મિત વેરી રહ્યા. એ સ્મિતની ભાષા તેઓના સ્વરૂપને સમજાવતાં સંભળાવી રહી: *'નિરધાર ન થાય અપાર છે એવા, કહો કોણ જાય પાર તેનો લેવા...'*

પ્રથમ તુલાવિધિ

પત્રકારની વિદાય બાદ સ્વામીશ્રી જો'બર્ગમાં પધરામણીઓ કરવા નીકળ્યા ત્યારે વરસાદમાં કરા પડ્યા. તે જોઈ સહપ્રવાસીઓને ખૂબ આશ્ચર્ય થયું, કારણ કે આવી વૃષ્ટિ મોટા ભાગના પહેલી વાર જોઈ રહેલા. તેઓએ આ વાત સ્વામીશ્રીને કહી ત્યારે તેઓ બોલ્યા : 'આના કરતાં પણ મોટા બંટાગોળી જેવડા કરા પડતાં અમે જોયેલા.'

આ એક સ્મૃતિબિંદુ ઉછાળી સ્વામીશ્રી રાત્રે લેનેસિયાના પાટીદાર હૉલમાં આયોજિત વિદાય-સભામાં આવી પહોંચ્યા. અત્રે સમગ્ર હિન્દુ સમાજ તેઓની છેલ્લી ઝાંખી મેળવવા હુલસી રહેલો. તે સૌએ જયનાદો, પુષ્પહારો અને શબ્દસુમનોથી સ્વામીશ્રીનો આભાર માન્યો.

મોટે ભાગે પોતાની અર્થછાયા ગુમાવીને જ 'વિદાય' આગળ ગોઠવાતો 'ભાવભીની' શબ્દ સ્વામીશ્રીની વિદાય વખતે સો ટચનો બની રહેતો. વળાવવા આવેલા ભાવિકોની ભીની આંખો જોઈને તેની ખબર પડતી.

આજે પણ સૌની આવી વિદાય લઈ સ્વામીશ્રી તા. ૬/૧૨ની સાંજે વિમાનમાં બિરાજ્યા. ૭:૦૬ વાગ્યે જો'બર્ગથી અધ્ધર થયેલું આ હવાઈ જહાજ રાત્રે સાડા અગિયાર વાગ્યે નૈરોબી ઊતર્યું. અત્રે આટલી મોડી રાત્રે પણ

સેંકડો હરિભક્તો એરપોર્ટ પર સ્વામીશ્રીનું સ્વાગત કરવા જમા થઈ ગયેલા. અહીંથી સ્વામીશ્રી મંદિરે આવ્યા તો ત્યાં પણ ભક્તસમુદાય હેલે ચડ્યો.

અહીં સ્વામીશ્રીના રોકાણના મુખ્ય આકર્ષણરૂપે હતો – તેઓનો પ્રતીક હીરક જયંતી મહોત્સવ. તેની શાનદાર ઉજવણીના પ્રથમ ચરણરૂપે તા. ૯/૧૨ના રોજ સ્વામીશ્રીની શર્કરાતુલા યોજાઈ. તે માટે રેલવે મથક અને એરપોર્ટ પર હોય છે તેવાં બે સુંદર 'બેલેન્સ' પલ્લાંનાં રૂપે લાવવામાં આવેલાં.

સાકર જેવા સુમધુર અને સાકરમાં જેમ કોઈ ત્યાગભાગ ન મળે તેમ સર્વાંગ દિવ્ય સ્વામીશ્રીની આવી તુલા સૌપ્રથમ વાર જ થતી હોવાથી સૌ ભક્તો ભાન ભૂલ્યા, પરંતુ સ્વામીશ્રી નહીં. તેઓને જ્યારે એક પલ્લામાં બિરાજવા સૌએ કહ્યું ત્યારે તેઓ બોલ્યા : 'પહેલાં ઠાકોરજીને પધરાવો.'

ભક્તિરસમાં તરબોળ સ્વામીશ્રીને પહેલી વારનું આ સન્માન પણ સ્પર્શી શક્યું નહીં. આ તુલાવિધિની સાથે જ દ્વિશતાબ્દી નિમિત્તે ઠાકોરજીનાં ચરણે ૨૦૦ હીરા અર્પણ કરી આફ્રિકા મંડળે ભક્તિમાં કોઈ કસર ન છોડી.

હીરક જયંતીના દ્વિતીય ચરણરૂપે સાંજે ભવ્ય નગરયાત્રા નીકળી. તેમાં જોડાયેલા લગભગ ત્રણેક હજાર હરિભક્તો દ્વિશતાબ્દીનો સંદેશો ફેલાવતાં રામગઢિયા શીખ મંદિરે જઈ વિરમ્યા. અહીં સ્વામીશ્રીના સ્વાગતમાં ઉપસ્થિત કાર્યવાહક ભારતીય એલચીના અતિથિવિશેષપદે નગરયાત્રા સભાના રૂપમાં ફેરવાઈ ગઈ ત્યારે શીખ મંદિરનો વિશાળ હૉલ પણ ભાવિકોને સમાવવામાં સાંકડો સાબિત થઈ રહ્યો. છતાં જે ખૂણે જગ્યા મળે ત્યાં બેસીને અને જગ્યા ન મળે તો ઊભાં-ઊભાં સૌ લાભ લેવા તત્પર હતા.

સૌનાં અંતરમાં ઊભરાતી આ લાગણીઓને વાચા આપતાં વક્તવ્યો ઉત્સવમંચ પરથી રજૂ થવા લાગ્યાં. તે ક્રમમાં એક આફ્રિકન મુમુક્ષુએ છટાદાર શૈલી સાથે સ્વાહિલી ભાષામાં સ્વામીશ્રીના ગુણાનુવાદ ગાતાં કહ્યું : 'કેન્યામાં ઘણા ધર્મો છે, પણ આ ધર્મ જુદો છે. મને આ વાત બરાબર સમજાય છે. અત્યાર સુધી મારા ધર્મમાં મને જે ન મળ્યું તે અહીં મળ્યું છે. મારા બધા બંધુઓને હું આ વાત કરીશ.'

આ ભાવોર્મિ વહાવી આ ભાવિકે જન્મજયંતી નિમિત્તે એક હજાર શિલિંગની સેવા પણ ઠાકોરજીનાં ચરણે ધરી ! તે સમયે પ્રસન્ન સ્વામીશ્રીએ તેને આશિષ પાઠવતાં આદેશ આપ્યો કે 'આફ્રિકન યુવક મંડળની સ્થાપના કરો.'

એ જ વખતે મંચ પર આવી ગયેલા 'ઇસ્કોન'ના શ્રી અજામિલદાસે

'બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા...'[૩૭] શ્લોક બોલીને સ્વામીશ્રી પ્રત્યે અહોભાવ પ્રગટ કર્યો કે 'આપનામાં આ લક્ષણો ચરિતાર્થ દેખાય છે.'

સ્વામીશ્રીની શુદ્ધ બ્રાહ્મી સ્થિતિ અલ્પ સંસર્ગમાં આવનારને પણ અભિભૂત કરી જતી. તેઓ દ્વારા સૌને શાસ્ત્રો જીવંત અનુભવાતાં.

અક્ષરધામમાં અમે આગળ થઈશું

નૈરોબીના ટૂંકા રોકાણમાં પધરામણીઓ પર પાબંદી હોવા છતાં કેટલીક આવશ્યક પધરામણીઓ કરવા નીકળેલા સ્વામીશ્રી તા. ૧૦/૧૨ની સવારે સાડા નવ વાગ્યે હરિભક્ત હરજીભાઈના ઘેર પધાર્યા.

અત્રે પૂજનવિધિ બાદ આ ભાવિકે સમગ્ર ઘરમાં પુષ્પો છંટાવવાની ઇચ્છા વ્યક્ત કરતાં સ્વામીશ્રી હાથમાં ફૂલો ભરેલી થાળી લઈ ઊભા થયા અને યજમાનને કહ્યું : 'તમે આગળ થાઓ. ઘર બતાવો. અક્ષરધામમાં અમે આગળ થઈશું.'

અગમ અને અટપટી અક્ષરવાટના ભોમિયા હતા સ્વામીશ્રી !

તેથી એકના મિષે અનેકને અક્ષરધામની બાંયધરી આપી તેઓ આફ્રિકન રાજદ્વારી જી. જી. કર્યુકીના ઘેર પગલાં કરવા પધાર્યા.

આ પધરામણીથી ખૂબ ગદ્‌ગદિત થયેલા મંત્રીએ ઠાકોરજીના પૂજન બાદ પોતાની બેઠક પરથી આગળ સરકતાં અતિ ભાવપૂર્વક સ્વામીશ્રીને પૂછ્યું : 'તમારા માણસો માટે હું શું કરી શકું ?'

'કેન્યાના ભલામાં અમારા બધાનું ભલું આવી જ જાય છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આ વિશાળ ભાવનાથી યજમાન મંત્રી તો અત્યંત વિસ્મિત થઈ ગયા. મારા-તમારાનાં કાટલાંથી રહિત સ્વામીશ્રી તેઓને વિશ્વશાંતિના વાહક જણાયા.

તેથી તેઓએ પોતાના સમગ્ર ભવનમાં પધરામણી માટે વિનંતી કરતાં સ્વામીશ્રી ઊભા થયા. ઘરમાં આવેલા દાદરા પાસે જ પધરાવેલી સ્વામીશ્રીની

---

૩૭. ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति।
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम्॥
બ્રહ્મરૂપ પ્રસન્ન મનવાળો ભક્ત ક્યારે શોક કરતો નથી, કોઈ આકાંક્ષા રાખતો નથી તથા ભૂતપ્રાણીમાત્રમાં સમભાવયુક્ત રહે છે, તે મારી શ્રેષ્ઠ ભક્તિને પામે છે. (શ્રીમદ્‌ભગવદ્‌ગીતા : ૧૮/૫૪)

છબી બતાવી યજમાને કહ્યું : 'મારી પત્નીએ આપની આ તસવીરની ગોઠવણી એવી રીતે કરી છે કે દાદરો ચડતાં-ઊતરતાં દિવસમાં ત્રણ-ચાર વાર આપનાં દર્શન થાય. અમે રોજ આપને સંભારીએ છીએ. ન્યહુરુરુના ઘરમાં પણ આપનો ફોટો રાખ્યો છે.'

આ વાર્તાલાપ કરતાં વળી તેઓ બોલ્યા: 'આપની વિદાય બાદ હું રાષ્ટ્રપ્રમુખને મળવા જવાનો છું.'

તે સાંભળી સ્વામીશ્રીએ તેઓને ચંપાનું પુષ્પ આપતાં કહ્યું: 'આ સાહેબને આપજો ને 'જય સ્વામિનારાયણ' કહેજો.'

સ્વામિનારાયણનું નામ સૌના કાને પહોંચાડવાનો આ ઈશક જોઈ સૌ દંગ રહી ગયા.

એ જ સ્થિતિમાં સ્વામીશ્રીને વિદાય આપવા આ મંત્રીવર્ય ઘરના ઝાંપે છેક મોટર સુધી આવ્યા. અહીં તેઓના ગાડીચાલક, સુરક્ષાકર્મીઓ વગેરે ઊભા હતા. તેઓના મસ્તકે પણ હાથ મૂકી સ્વામીશ્રી જ્યાં મોટરમાં બેસવા ગયા ત્યાં જ શ્રી કર્યુકીનો નાનો દીકરો ઘરમાંથી દોડતો-દોડતો આવ્યો અને બોલ્યો: 'માતાની ઇચ્છા છે કે સ્વામીશ્રી તેઓની ગાડી પણ પ્રસાદીભૂત કરે.'

આ સાંભળી સ્વામીશ્રીએ તે મહિલાની ગાડીમાં ઠાકોરજીને પધરાવી મર્યાદા અને મનોરથ બંને જાળવી જાણ્યાં!

આમ, આફ્રિકન નારી, નેતા અને નોકરિયાતના પ્રીતિપાત્ર બનીને સ્વામીશ્રી વિદાય થયા ત્યારે તેઓના પગલે-પગલે *'જોગી જીવો રે એવા જગતમાં, સગાં સહુનાં સોયજી...'*ની છાપ-છબી ઉપસી રહી!

સાત સમંદર પાર

પધરામણીઓથી પરવારી સ્વામીશ્રી મંદિરે પધાર્યા ત્યારે અહીં પુષ્પદોલોત્સવની મહેક પ્રસરી ગયેલી. આજની રાત્રિસભા માટે તૈયાર કરાયેલા કલાત્મક પુષ્પહિંડોળામાં સ્વામીશ્રી બિરાજતાં જ પંચાળાનો રાસ ચગ્યો. વાજિંત્રોના લય, તાલ અને નાદની ત્રિવેણીમાં સંતો, યુવાનો તથા વડીલોની ત્રિવેણી ભળતાં આનંદ ઊછળવા લાગ્યો. તેણે હાથમાં કરતાલ વગાડતાં સ્વામીશ્રીને પણ પોતાના સ્થાન પરથી ઊભા કરી દીધા. *'જેમ તારામંડળ મધ્ય ચંદ...'*ની જેમ રાસમંડળના મધ્યમાં સ્વામીશ્રી શોભવા લાગ્યા. રાત્રે બાર વાગ્યા સુધી સૌને આ અલૌકિક આનંદમાં ગરકાવ કરતાં તેઓ નિજનિવાસમાં

પધાર્યા ત્યારે તેઓએ આપેલા આશીર્વાદના આ શબ્દો હજીયે સૌનાં મનમાં ગુંજી રહેલા કે 'છેલ્લો છેલ્લો બ્રહ્માનંદ થઈ ગયો...'

અલબત્ત, આ બ્રહ્માનંદની ચરમ સીમાએ ઊગેલો તા. ૧૧/૧૨નો દિવસ સ્વામીશ્રીના વિયોગયોગને લઈ આવી પહોંચ્યો. આજની રાત્રે ૮:૪૦ વાગ્યે સ્વામીશ્રીએ વિમાનમાં બિરાજી ઉડાન ભરી ત્યારે ૭ મહિના અને ૪ દિવસ સુધી ચાલેલા તેઓના આ છઠ્ઠા વિદેશપ્રવાસ પર પૂર્ણવિરામ મુકાતું હતું.[૩૮]

પરંતુ આ સાત મહિનામાં તો સ્વામીશ્રીએ સપ્તદ્વિપા વસુંધરાના ખૂણે-ખૂણે દ્વિશતાબ્દીના ડંકા વગાડી દીધેલા. 'સર્વજીવહિતાવહ' ભગવાન સ્વામિનારાયણનો સંદેશો સર્વ જીવો સુધી પહોંચાડવા તેઓએ ખેડેલી ૨૧૮ દિવસની આ ધર્મયાત્રામાં ૭ દેશોનાં ૫૦ નગરો પાવન થયાં.

૬૭ જાહેરસભાઓ, ૧૮ પારાયણો અને ૧૩ કીર્તન આરાધનાઓ દ્વારા શ્રીજીમહારાજની યશગાથા લાખોએ સાંભળી. દૂરદર્શન અને આકાશ-વાણીના ૧૯ કાર્યક્રમો દ્વારા તો વિશ્વના પ્રત્યેક મનુષ્યે શ્રીજીની પ્રતિભાનો પ્રકાશ અનુભવ્યો.

૬૦ ઉત્સવો અને ૧૩ નગરયાત્રાઓ દ્વારા સ્વામિનારાયણીય સંસ્કારનાં દર્શન સૌને થયાં. ૬ પત્રકાર પરિષદો અને ૧૧૫ વિશિષ્ટ મહાનુભાવો સાથેના મિલન દ્વારા સ્વામીશ્રીએ લોકમત ઘડનારાઓને પણ શ્રીજીમહારાજનો મત સંભળાવ્યો.

લાખોના વાચકવૃંદ ધરાવતાં વિશ્વમાન્ય અખબારો દ્વારા શ્રીજીનો સંદેશ ઠેર ઠેર ફરી વળ્યો. દસ હજારથી વધુ મુમુક્ષુઓ સ્વામીશ્રીના હસ્તે કંઠી ધારણ કરી શ્રીજીનાં નિર્ભય ચરણમાં આવી પહોંચ્યા.

આમ, સાતેય સમંદરના કાંઠે સ્વામિનારાયણની વિજયપતાકા ફરકાવતા સ્વામીશ્રી તા. ૧૨/૧૨ની સવારે ૭:૩૫ વાગ્યે મુંબઈના એરપોર્ટ પર ઊતર્યા ત્યારે તેઓના સ્વાગતમાં હરિભક્તોએ ગજાવેલા જયનાદોથી અહીંના અરબી સમુદ્રનો કાંઠો પણ ખળભળી ઊઠ્યો !

---

૩૮. નૈરોબીમાં ઊજવાયેલી સ્વામીશ્રીની પ્રતીક હીરક જયંતી તથા સાકરતુલાનો સ્વાદ પામવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

મહિમા તેનો ઘણો છે મોટો

મુંબઈના એરપોર્ટ પર વધામણીમાં ફરકી રહેલા મોટા-મોટા ધ્વજની છાયામાં મહંત સ્વામી, કોઠારી સ્વામી વગેરે સંતો-ભક્તોને મળતાં સ્વામીશ્રીની આંખોમાં પણ પ્રેમાશ્રુ આવી ગયાં. સૌનું અભિવાદન સ્વીકારી તેઓ ખુલ્લી મોટરમાં ધ્વજધારી યુવાનોથી દોરાતાં દાદર મંદિરે જવા નીકળ્યા ત્યારે આખા રસ્તે હાથમાં ધજા લહેરાવતા સેંકડો હરિભક્તોની હરોળ ઊભી રહી ગયેલી. સ્વામીશ્રીનું આ ઉષ્માભર્યું સ્વાગત નીરખતાં અંજપાનગરી પણ ઘડીક જંપી ગઈ!

દાદર મંદિર તો સ્વામીશ્રી પધારતાં જ હર્ષપુલકિત થઈ ગયું. અહીં છ માળનું ભવ્ય નૂતન 'અક્ષર ભુવન' તેના સર્જનહારને વિવિધ શણગારો સજી વધાવી રહેલું. આ નૂતન ભવનના વિવિધ વિભાગોનો ઉદ્‌ઘાટનવિધિ સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા થયો.

વિદેશમાં ધર્મ અને સંસ્કૃતિનો જબરજસ્ત ઉદ્‌ઘોષ કરીને પધારેલા સ્વામીશ્રીને મળવા દેશની અખબારી આલમ પણ અતિ ઉત્સુક હતી. તેથી તા. ૧૨/૧૨ની સાંજે સાડા પાંચ વાગ્યે ચંદ્રકાંતભાઈ ત્રિવેદીના ઘેર યોજાયેલી પત્રકાર પરિષદમાં સ્વામીશ્રી પધારતાં જ, ટાઈમ્સ ઑફ ઈન્ડિયા, ઈન્ડિયન એક્સપ્રેસ, ફ્રી પ્રેસ જર્નલ, મુંબઈ સમાચાર, જન્મભૂમિ પ્રવાસી, યુ.એન.આઈ., પી.ટી.આઈ. વગેરે ખ્યાતનામ અખબારો અને સમાચાર સંસ્થાઓના ખબરપત્રીઓ કૅમેરાની ચાંપો ફટાફટ દબાવવા માંડ્યા. તે સૌને વાર્તાલાપ દ્વારા પણ સંતોષ આપી સ્વામીશ્રી રાત્રે આઠ વાગ્યે પોદ્દાર કૉલેજના આંગણે યોજાયેલા સ્વાગત સમારંભમાં આવી પહોંચ્યા.

અહીં હજારો ભાવિકોનો સમુદાય તેઓનાં દર્શન માટે તલસી રહેલો. તેથી આ સભામાં પુષ્પહારો, સન્માનપત્ર, ક્રેસ્ટ વગેરેના અર્પણવિધિ અને પ્રશસ્તિ-વચનોની પરંપરા ચાલી. અંતે આશીર્વાદ અને વ્યક્તિગત દર્શનનો લાભ આપી સ્વામીશ્રી મંદિરે જઈ પોઢ્યા ત્યારે *'મહિમા તેનો ઘણો છે મોટો...'* સૂચવતી તેઓની કીર્તિપતાકાઓ ચારેકોર ફરફરી રહેલી.

આનું નામ સંસાર!

આ અરસામાં મુંબઈના પવઈ વિસ્તારમાં આવેલી સંસ્થા સંચાલિત

'અક્ષરવાડી'માં જવા માટે, મુખ્ય રસ્તાથી વાડી સુધીનો પ્રવેશમાર્ગ આરસ્ફાલ્ટની સડકરૂપે તૈયાર થઈ ગયેલો. તેનું 'સ્વામિનારાયણ માર્ગ' નામાભિધાન કરી આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ તા. ૧૩/૧૨ના રોજ આર્ષવાણી ઉચ્ચારી કે 'આ માર્ગ નાનો પણ સ્વામિનારાયણનો માર્ગ છે. નાનો લાગે પણ વિશાળતાને પામશે. આ અણુ લાગે પણ છે મોટો.'

આમ, આ લોક તથા પરલોકના કૈંક માર્ગ મોકળા કરતાં સ્વામીશ્રી આજની સાંજે હવાઈમાર્ગે અમદાવાદ જવા નીકળ્યા.

આ પ્રવાસમાં શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદથી જન્મેલા પવનકુમાર પણ હતા. તેઓ સ્વામીશ્રીને જોતાં જ નજીક આવી પહોંચ્યા અને કરગર્યા કે 'સ્વામીજી ! મારે ત્રણ દીકરીઓ છે. દીકરો થાય તેવા આશીર્વાદ આપો.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'આના દાદા દ્વારકાદાસ વર્ષો પહેલાં શાસ્ત્રીજી મહારાજને વિનંતી કરતા કે 'તેમના દીકરા ગોકુલચંદને ઘેર દીકરો આવે.' હજી કાલની જ વાત. દીકરો તો થયો, પણ હવે દીકરાને ઘેર દીકરો નથી. એની એ જ વાત આવીને ઊભી રહી. આનું નામ સંસાર !'

કદી ન જંપનારી સંસારઝાળનું યથાર્થ ચિત્રણ સ્વામીશ્રીએ આમ કરી આપ્યું. અલબત્ત, *'સંસાર કેરાં સુખડાં દેતા...'*ની રીત રાખનારા તેઓ આ મુરબ્બીને પુત્રપ્રાપ્તિના આશીર્વાદ આપતાં અમદાવાદ પધાર્યા ત્યારે અહીંનું એરપોર્ટ હજારો ભાવિકોથી ઊભરાઈ ગયેલું. ગુજરાતની અસ્મિતાને વિશ્વવ્યાપી બનાવનારા સ્વામીશ્રીને સન્માનવાનો ઉમંગ પ્રત્યેક ગુજરાતીનાં હૈયે ઊછળતો હતો. તેથી સ્વામીશ્રી મોટરમાં બેઠા ત્યાં સુધી વિમાનની ઘરઘરાટી પણ ટાઢી પુરવાર કરે એવા જયઘોષ સતત ગુંજતા રહ્યા.

આ સત્કાર ઝીલતાં હવાઈમથકેથી મંદિરે પધારેલા સ્વામીશ્રીને વધાવવા અહીં પણ ભક્તવૃંદ હિલોળે ચડેલું. સાત મહિનાની વિરહતૃષાથી સંતપ્ત તે સૌ પર આશીર્વર્ષા વરસાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'અહીં દ્વિશતાબ્દી મહોત્સવ કરવાનો છે, એટલે ગુજરાતમાં પ્રથમ અહીં આવવાનું થયું. સર્વોપરી કાર્ય થવાનું છે. મહારાજને રાજી કરવાનો અવસર છે. ટાણું સાચવી લેવું. મહાન ભક્તિ થશે. આમાં જે જોડાશે તેને સુખ-શાંતિ થશે.'

પરદેશની જેમ દેશમાં પણ સ્વામીશ્રીએ દ્વિશતાબ્દીના દુંદુભિ ગગડાવવાના શરૂ કરી દીધા.

એક ભક્તિ ભાવી ભગવાનની

તાજેતરમાં જ સંપન્ન થયેલા વિદેશપ્રવાસ દરમ્યાન, સ્વામીશ્રી શ્રીજી-મહારાજની પૂર્ણ કદની એક નયનરમ્ય ઉત્સવમૂર્તિને પોતાની સાથે લઈને જ વિચરેલા. દરેક જાહેર-સભાઓ, નગરયાત્રાઓ, ઉત્સવ-સમૈયામાં તેને મુખ્ય સ્થાને પધરાવવામાં આવતી. શ્રીજીમહારાજની દ્વિશતાબ્દી નિમિત્તે વિદેશયાત્રા હોવાથી, સ્વામીશ્રીએ આ આયોજન રાખેલું. વિમાની કે મોટરમાર્ગીય મુસાફરીઓમાં પણ તેઓ આ મૂર્તિને સાથે જ રખાવતા. પ્રતિષ્ઠિત મૂર્તિની જેમ જ તેની મર્યાદા સાચવતા.

જો'બર્ગથી નૈરોબી જવાનું હતું ત્યારે કેટલાકને વિચાર થઈ આવેલો કે 'આ મૂર્તિને અલગથી મોકલી આપીએ.'

પરંતુ તે વખતે સ્વામીશ્રીએ કહેલું: 'એને લઈને તો આપણે છીએ. માટે તેને તો સાથે જ રાખવી.'

અહીં દેશમાં આવી ગયા પછી પણ એક સંતે સૂચન કરેલું કે 'આ મૂર્તિને હવે મુંબઈ મૂકી દઈએ. વડોદરામાં ઊજવાનારા જન્મજયંતી ઉત્સવ નિમિત્તે બીજી મૂર્તિ આવી ગઈ છે.'

ત્યારે પણ સ્વામીશ્રી બોલેલા: 'આપણે આ મૂર્તિને લઈને બધે ફર્યા તે હવે મૂકી ન દેવાય. વડોદરાના ઉત્સવમાં તો પહોંચાડવી જ જોઈએ.'

આમ, સાત-સાત મહિના સુધી સ્વામીશ્રીએ આ ઉત્સવમૂર્તિને સાથે ને સાથે જ રાખેલી.[૩૯]

તા. ૧૩/૧૨ની રાત્રે આરામમાં જતાં પૂર્વે સંતો સાથેની સાહજિક ગોષ્ઠીમાં ઉપરોક્ત વાતોનો પ્રસંગ નીકળ્યો. બરાબર એ જ વખતે ઈશ્વરચરણદાસ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવ સ્થળના નકશા લઈ આવ્યા અને સ્વામીશ્રીને બતાવવા લાગ્યા. સ્વામીશ્રી તે રસપૂર્વક નિહાળી રહેલા ત્યારે કો'કે કહ્યું: 'બાપા! આ નકશા પર હસ્તાક્ષર કરી દો.'

'અત્યારે હવે ઠાકોરજી પોઢી ગયા છે. કાલે સવારે ઠાકોરજીને ધરાવીને કરશું.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આમ કહી ભલે તેઓએ હસ્તાક્ષર ન કર્યા, પણ તેઓની ભક્તિની બારાક્ષરી તો તે ક્ષણે જ સૌનાં હૈયે અંકાઈ ગઈ.

---

૩૯. તે અત્યારે ગાંધીનગરના અક્ષરધામમાં દર્શન આપી રહી છે.

મહોત્સવનો માંડવો નંખાય છે

છેલ્લા પાંચ વર્ષથી જે દ્વિશતાબ્દી મહોત્સવનો નાદ ચારેકોર ગુંજી રહેલો તેને હવે ગણતરીના જ દિવસો બાકી રહેલા. દેશ-વિદેશમાં પોકારાયેલી આ મહોત્સવની આલબેલથી ભાવિકોનાં ઘોડાપૂર આ ઉત્સવમાં ઊમટવાનાં નિશ્ચિત્ત હતાં. તે સૌની સુવિધાઓ સચવાય અને શ્રીજીમહારાજનાં અલૌકિક જીવન-કાર્યની સૌને ઝાંખી થાય તે હેતુસર ભગવાન સ્વામિનારાયણની પ્રાસાદિક સાબરમતીના તટે, ૨૦૦ એકરની વિશાળ ભૂમિ પર આ ઉત્સવ ઊજવવાનું નક્કી થયેલું.

આ મેદાન પર આકાર લેનારી સમગ્ર રચનાને ઉત્સવાનુરૂપ 'સ્વામિનારાયણ નગર' નામાભિધાન કરવામાં આવેલું. સુપ્રસિદ્ધ સ્થપતિઓ તથા વિદ્યાનગરની ઇજનેરી કૉલેજના અધ્યાપકો દ્વારા આ 'નગર'ના નકશાની રેખાઓ દોરાવા લાગેલી. તેના મધ્યબિંદુ તરીકે રહેનારા મંદિરનો શિલાન્યાસ તા. ૧૪/૧૨ની સવારે સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા થયો. બરાબર એક વર્ષ પૂર્વે આ જ દિવસે ગાંધીનગરના 'અક્ષરધામ'નો શિલાન્યાસ થયેલો! કેવો સુરમ્ય યોગાનુયોગ!

હીરક જયંતી મહોત્સવ

અમદાવાદ મુકામે મહોત્સવના માંડવાના શ્રીગણેશ કરી સ્વામીશ્રી આણંદ, વઘાસી, અડાસ, વાસદ, દશરથ અને છાણીના ભક્તોને લાભ આપતાં અટલાદરા આવી પહોંચ્યા, ત્યારે આ ગામ અને વડોદરા શહેર તેઓની ૬૦મી જન્મજયંતી - ષષ્ટિપૂર્તિના માહોલમાં ગરકાવ હતા. મહંત સ્વામી અને ત્યાગવલ્લભદાસ સ્વામીની દોરવણી હેઠળ કાર્યરત વિવિધ સેવા સમિતિઓના પ્રયત્નથી, વડોદરાના વિખ્યાત 'પ્રદર્શન મેદાન'નો ૧,૧૮,૦૦૦ ચોરસ ફૂટનો વિસ્તાર, ચાર દિવસ માટે અવની પરના 'અક્ષરધામ'માં ફેરવાઈ ગયેલો. વિશાળ મંચ, સભામંડપ, પાકશાળા, ભોજનશાળા તથા બંગાળી કલાકૃતિથી ભરપૂર પ્રવેશદ્વાર વગેરેની રચના સૌનાં આંખ, અંતર અને આંતરડીને ઠારતી હતી.

આ ઉત્સવના શુભારંભરૂપે તા. ૧૪/૧૨ની સાંજે પોણા ચાર વાગ્યે ભવ્ય 'શ્રીજી-સ્વામી શોભાયાત્રા' સડક પર સરકવા લાગી. શ્રીજીમહારાજ અને શાસ્ત્રીજી મહારાજની દબદબાભરી નગરયાત્રાના સાક્ષી બનેલા વડોદરાના

ભાલે લાભનો એક વધુ ચાંદલો ચોડાયો.

નજરબાગથી પ્રદર્શન મેદાન સુધીની આ શોભાયાત્રામાં એક લાખ મનુષ્યોનો મહેરામણ હિલોળા લઈ રહેલો. હેલિકોપ્ટર દ્વારા પુષ્પવૃષ્ટિ અને પત્રિકાવૃષ્ટિ વરસી રહેલી. ઠેર ઠેર ઊડતા અત્તરના ફુવારા વાતાવરણને સુગંધીદાર બનાવી રહેલા. અનેકવિધ અવનવી રજૂઆતોથી સભર આ નગર-યાત્રામાં વિદેશ-વિચરણમાં સાથે રહેલી ઉત્સવમૂર્તિને પણ ગજરાજ પર પધરાવવામાં આવી હતી. તે જોઈ સ્વામીશ્રી આનંદવિભોર બની ગયા, તેઓની આંખો વિશેષ ચમકી ઊઠી અને હૃદયોદ્‌ગાર નીકળી ગયા : 'મહારાજ હાથી પર બિરાજ્યા!'

સ્વામીશ્રીનું આ વિધાન ટૂંકું હતું, સાદું હતું, પણ તેમાંથી નીતરતો ભક્તિભાવ પ્રચંડ અને ભવ્ય હતો. તે તો જેણે માણ્યું તેણે જ પ્રમાણ્યું.

આ અભૂતપૂર્વ નગરયાત્રાના સમાપન બાદ, રાત્રે 'અક્ષરધામ'ના ઓવારેથી રજૂ થયેલી ૧૮૩મી કીર્તન આરાધનાની સરગમોથી પણ વડોદરું ડોલી ઊઠ્યું.

તમે બધા મને આશીર્વાદ આપો

તા. ૧૫/૧૨ના દિવસે પ્રત્યેક સંત-સત્સંગીની મનોકામના હતી: 'સ્વામીશ્રીના આશીર્વાદ મેળવવાની.' કારણ કે આજે તેઓની હીરક જયંતી હતી. તેથી જ્યારે સ્વામીશ્રી પ્રાતઃપૂજા માટે પધાર્યા ત્યારે સૌ સંતોએ કહ્યું: 'બાપા! આજે આપ અમને આશીર્વાદ આપો.'

'તમે બધા મને આશીર્વાદ આપો.' સ્વામીશ્રી બોલ્યા.

જે દિવસે વ્યક્તિમાત્ર ટટ્ટાર થાય તે દિવસે સ્વામીશ્રી વધુ નમ્ર જણાતા, કારણ કે તેઓ વ્યક્તિ નહીં, વિભૂતિ હતા ને!

આવી અલૌકિક સંતવિભૂતિને તેઓની હીરક જયંતીએ વધાવવા માટે 'અક્ષરધામ' અનંત મનુષ્યમુક્તોથી ભરાઈ ગયેલું. સવારે સાડા આઠ વાગ્યે સો જેટલા યજમાનોએ ઠાકોરજી સાથે સ્વામીશ્રીનું વિશિષ્ટ પૂજન કર્યાં બાદ, શરૂ થયેલી જન્મજયંતીની સભામાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રી સહિત અનેક મહાનુભાવોની હાજરી હતી. તે સૌએ સ્વામીશ્રીનાં શ્રીચરણોમાં શબ્દસુમનો તથા સન્માનપત્રો મૂકી અંતરના ભાવ પ્રદર્શિત કર્યા. વડોદરા મંડળે સ્વામીશ્રીના વિચરણની સાનુકૂળતા જળવાય તે માટે વાહન અને સત્સંગનાં વિકાસકાર્યો

માટે ૬,૦૬,૬૬૦ રૂપિયાની સેવા ઠાકોરજીને અર્પણ કરી. સાથે-સાથે પછાત અને રુગ્ણ વર્ગના ઉત્કર્ષ માટે મોટી રકમનું અનુદાન જાહેર કરી સમાજસેવાની સરવાણી પણ વહાવી દીધી. દ્વિશતાબ્દી ઉપક્રમે પ્રકાશનોનાં વિમોચન તથા પુષ્પહારોનીયે પ્રલંબ શ્રૃંખલા ઉત્સવ-સભામાં રચાઈ રહી.

તેના અંતે સૌને આશીર્વાદથી કૃતાર્થ કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'એકલે હાથે તાળી પડતી નથી. સત્સંગનો ખૂબ જ વિકાસ થશે. ધન્ય ઘડી એ છે કે સર્વની સેવામાં આપણો દેહ આવે. શાંતિ માટે શસ્ત્રની જરૂર નથી. શસ્ત્ર હાથમાં હોય તો શાંતિ ન થાય. ઈશ્વરી કાયદા કોઈ દિવસ ફરતા નથી. અસલ ઉપર આવ્યા વગર કોઈને છૂટકો નથી. વડોદરા મંડળને ધન્યવાદ છે.'

આ આશીર્વાદ બાદ હીરક જયંતીના દ્વિતીય કદમરૂપે આજની રાત્રે શહેરના ગાંધી નગરગૃહમાં રસપ્રદ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો. ત્યાંથી સ્વામીશ્રી રાત્રે બાર વાગ્યે અશોકભાઈ પટેલના ઘેર ઉતારે પહોંચ્યા ત્યારે જન્મજયંતી નિમિત્તે છેલ્લો કાર્યક્રમ અહીં સંપન્ન થયો. તેમાં અટલાદરાના યુવક મંડળે સ્વામીશ્રીના નિત્ય વપરાશની વસ્તુઓ અર્પણ કરી ભક્તિ-ભાવ દર્શાવ્યો.

થનગનતી યુવાની મધરાતે પબ-ક્લબમાં મદહોશ થવાનું છોડી સાચા સંતની સેવામાં આમ પ્રવૃત્ત થાય, એ સમાજ માટે મહામૂલી ઘટના ગણાય. અધરાતે બનેલો આ પ્રસંગ સમાજની ઉજ્જવળ આવતીકાલની નિશાનીરૂપ કહેવાય. યુવાનીનું આવું આમૂલચૂલ પરિવર્તન કરનારા સ્વામીશ્રીની હીરક જયંતી ઊજવાય તે બિલકુલ યોગ્ય જ લેખાય.

ચિંતામુક્ત કરતી ચિંતામણિ

તા. ૧૬/૧૨ના રોજ 'અક્ષરધામ'માં શ્રીજીમહારાજનો દબદબો રહ્યો. આજની સુદ નવમીને અનુલક્ષી સવારથી બપોરે એક વાગ્યા સુધી ચાલેલી શ્રીહરિ જયંતીની સભામાં શ્રીજીમહારાજનાં જીવન-કાર્યને ઉજાગર કરતાં વક્તવ્યો થયાં. એ જ રીતે સાયંકાળે યોજાયેલી બાળ-યુવક પરિષદમાં ઊગતી પેઢીએ રાસ, સંવાદ, કીર્તન, પ્રવચન વગેરે દ્વારા શ્રીજીમહારાજને ભાવાંજલિ અર્પણ કરી.

તેને અનુસરતાં રાત્રે આઠ વાગ્યે યોજાયેલી ઉત્સવ-સભા શ્રીજી-મહારાજના જન્મોત્સવની ઉજવણીથી દિવ્ય બની રહી. વૃંદઆરતીનું ઝળહળતું

દૃશ્ય, પારણે ઝૂલતા શ્રીજીમહારાજ, ૨૦૦ વાનગીઓના અન્નકૂટમાંથી ઊઠતી ભક્તિની સોડમ, પ્રાગટ્યોત્સવને વધાવતાં કીર્તન-નર્તનની રમઝટ, ફૂટતા ફટાકડા, ઊડતા અત્તર-ફુવારા વગેરેથી 'અક્ષરધામ'માં સૌ ખરેખર અક્ષરધામની અનુભૂતિ કરી રહ્યા. રાત્રિના બાર વાગી ગયા તેનો પણ કોઈને ખ્યાલ ન રહ્યો. 'અક્ષરધામ'માં સ્થળ-કાળનું ભાન કેવું!

જેમ અક્ષરધામમાં અનંત મુક્તો શ્રીજીમહારાજની મૂર્તિમાં જ સદા નિમગ્ન રહે છે, તેમ અવની પરના આ 'અક્ષરધામ'માં પણ સૌ ભક્તોની ચિત્તવૃત્તિ, શ્રીજીમહારાજના સ્વરૂપ સમા સ્વામીશ્રીમાં જ ચોંટેલી રહેતાં, સર્વત્ર આનંદની જ અભિવ્યક્તિ અને અનુભૂતિ થતી રહી. તેને માણવા આ ચતુર્દિવસીય મહોત્સવમાં રાજ્યના મંત્રીઓ, શહેરના પૂર્વ તથા વર્તમાન નગરપતિઓ, એમ. એસ. યુનિવર્સિટીના વિવિધ વિભાગોના વિદ્વાન પ્રાધ્યાપકો, કલાકારો, કથાકારો વગેરેની સતત અવરજવર રહી.

આ મહાનુભાવ-મંડળમાં તા. ૧૭/૧૨ની સવારે આવેલા શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીએ પોતે જે માણ્યું તે મમળાવતાં કહ્યું:

'ચિંતાથી મુક્ત થવા આ પ્રમુખસ્વામી ચિંતામણિ છે. તેઓ આપણા દુઃખે દુઃખી છે. હજારોને પ્રભુસન્મુખ કરવા તેઓને અમેરિકાનાં ગામડાંઓમાં ફરતાં મેં નજરે જોયા છે. અપમાન તેઓ પાસે આવે તો તે બહુમાન થઈ વિદાય લે છે. જો નિષ્કલંક શીતળતા જોઈતી હોય તો પ્રમુખસ્વામી પાસે આવો. તેઓએ ઘણાને વર્તમાન ધરાવી યમદ્વારથી બચાવ્યા છે.'

સૌનો ભાવપ્રવાહ આમ વહેતો જ રહ્યો. તે ઝીલતા સ્વામીશ્રી તા. ૧૭/૧૨ના આ અંતિમ સત્રમાં આશીર્વાદ આપી બે કલાક સુધી પ્રત્યેકને વ્યક્તિગતરૂપે મળવા સભામંચ પર બિરાજ્યા. ત્યારબાદ તેઓએ બપોરે ત્રણ વાગ્યે ભોજનનો પ્રથમ ગ્રાસ મુખમાં મૂક્યો![૪૦]

મર્યાદા-ભંગની બળતરા

વડોદરામાં ઉત્સવ ઊજવી તા. ૧૭/૧૨ની સાંજે કરમસદ પધારેલા

૪૦. વડોદરા મુકામે ઊજવાયેલા સ્વામીશ્રીના આ ૬૦મા જન્મ-જયંતી મહોત્સવની ઝલક પામવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

સ્વામીશ્રીએ અહીંના એક ધાર્મિક સમારંભને પોતાના સાંનિધ્યથી ધન્ય કર્યો. પરંતુ અત્રે તેઓના આશીર્વાદ બાદ આવેલા આરતીના કાર્યક્રમ વખતે સ્વામીશ્રી મંચ પર જે તરફ બેઠા હતા તેની સામેના છેડે બાલિકાઓ આરતી ગાવા આવી ચડી.

આ હિલચાલમાં સ્વામીશ્રીને શ્રીજીમહારાજની આજ્ઞાનો ભંગ થતો જણાયો. તેથી ઘણા વ્યથિત થઈ ઊઠેલા તેઓએ કરમસદથી બોચાસણ આવીને સબોળ સ્નાન તો કરી લીધું, પણ બોલ્યા : 'મોટી સભાઓમાં આપણું કામ નહીં. ત્યાં આપણું સચવાય નહીં. આવું થાય ત્યારે ઉપવાસ તો કરીએ, પણ અંતરમાં બળ્યા કરે. આપણા યુવકો અને હરિભક્તોએ અગાઉથી જઈ ધ્યાન રાખવું જોઈએ.'

ખૂબ ખેદ સાથે નીકળેલા સ્વામીશ્રીના આ શબ્દોમાંથી *'ધર્મ ગયે સર્વ ગયું...'*નો ભાવ નીતરી રહ્યો.

સનાતનધર્મ-સમ્રાટ

બોચાસણથી વિદાય લઈ મહેળાવ અને વરતાલમાં દર્શન કરી અમદાવાદ પધારેલા સ્વામીશ્રી અહીંથી તા. ૨૨/૧૨ની સવારે 'અક્ષરધામ'નું નિર્માણકાર્ય જોવા પહોંચ્યા. આ પ્રસંગે ગુજરાત રાજ્ય બાંધકામ વિભાગના ઘણા ઇજનેરો પણ દર્શનાર્થે ઉપસ્થિત હતા. તેમાંના એક શ્રી મેવાડાએ સ્વામીશ્રીને કહ્યું : 'અહીં નદી કાંઠે સરકાર 'ડિઝનીલેન્ડ' જેવું બનાવવા માંગે છે.'

'તે લૌકિક ડિઝનીલેન્ડ ને અહીં આ(અક્ષરધામ) આધ્યાત્મિક વન્ડરલેન્ડ (આશ્ચર્યનગરી) થાય છે.'

આમ કહી 'અક્ષરધામ'નો હેતુ સ્પષ્ટ કરી આપનારા સ્વામીશ્રીનો ભવ્ય સન્માન સમારોહ તા. ૨૫/૧૨ના રોજ અમદાવાદના પ્રેમાભાઈ હૉલમાં યોજાયો. મેયરશ્રીના અધ્યક્ષપદે આયોજિત આ સમારંભમાં ઉપસ્થિત નેતા-નાગરિક, મંત્રી-મંડલેશ્વર સહિતના સૌ સ્વામીશ્રીના વિદેશ-વિચરણથી મુગ્ધ હતા. તે જ ભાવ વક્તવ્યો અને પુષ્પહારો દ્વારા અભિવ્યક્ત થતો રહ્યો. તેમાંય ગીતામંદિરના અધ્યક્ષ પૂજ્ય મંગલાનંદજીએ તો કહી જ દીધું કે –

'પૂજ્ય સ્વામીશ્રી સનાતનધર્મ-સમ્રાટ છે. પૂજ્ય સ્વામીશ્રી અમારા સંત છે. તેમના માટે અમને ગૌરવ છે. તેમનો વિરોધ જે કરે તે તત્ત્વો સાથે અમારે

કોઈ નિસ્બત નથી. પૂજ્ય સ્વામીશ્રીને સન્માનની પડી નથી.'

યશોગાનના આવા કૈંક સૂર સાંભળી સ્વામીશ્રી તો આટલું જ બોલ્યા કે 'જે કંઈ કાર્ય થયું છે તે બધો પ્રતાપ ભગવાન સ્વામિનારાયણનો છે. તમારા બધાના સહકારનું આ કાર્ય છે.'

*'અભિમાનના બોલ ન બોલે...'*ની સ્વામીશ્રીની શૈલીનું સૌંદર્ય પ્રસિદ્ધિનાં પડઘમ વચ્ચે વિશેષ ખીલી ઊઠતું.

...એટલે ઊભો થઈને બોલું છું

જેમ જેમ દિવસો પસાર થઈ રહેલા તેમ તેમ આગવો આકાર પકડી રહેલા દ્વિશતાબ્દી મહોત્સવની ગતિવિધિમાં પ્રાણ ફૂંકવા, સક્રિય સંતો, નિરીક્ષકો તથા આજીવન કાર્યકરોની એક સભા તા. ૨૬/૧૨ની સાંજે ભાઈકાકા હૉલમાં યોજાયેલી. આ મહત્ત્વપૂર્ણ બેઠકમાં મહોત્સવની વિવિધ સમિતિઓ નીમવામાં આવી અને પ્રત્યેકને કાર્યસોંપણી પણ કરવામાં આવી.

તેના અંતે સ્વામીશ્રીને આશીર્વાદ આપવાની વિનંતી થઈ ત્યારે તેઓ ખુરશી પરથી ઊભા થઈ ગયા અને વક્તવ્યનો પ્રારંભ કરતાં બોલ્યા :

'ઊભા થઈને કાર્ય કરવાનું છે, બેસી રહેવાનું નથી. ઊભા થઈને ચાલવાનું છે, એટલે હું ઊભો થઈને બોલું છું...'

આ શબ્દો સાથે પોતાના પ્રાસંગિક પ્રવચનની પીઠિકા તૈયાર કરનારા સ્વામીશ્રીએ વિરાટ પાયા પર ઊજવાનારા સંસ્થાના આ પ્રથમ મહોત્સવની કાર્યરીતિનો આલેખ દોરતાં કહ્યું :

''ભગવાન સ્વામિનારાયણની આ સેવા છે. જે સેવા મળે તે ઉત્તમ સેવા છે. હરિભક્તોનો ઉતારો અને જમવાનું, આ બે બરાબર સાચવવું. યોગીજી મહારાજના સમયમાં મેં આ બે જવાબદારી ઉપાડેલી છે. બહુ મુશ્કેલીવાળું કાર્ય છે, પણ તેમાં બહુ નમ્રભાવે કાર્ય કરવાનું છે. તમે બધું બરાબર ગોઠવ્યું હોય ને તે સમયે કોઈ હરિભક્ત આવીને કહે કે 'મને ત્યાં નહીં ગમે.' તે વખતે બાંધછોડ કરવી પડે.

ગોંડલમાં એક હરિભક્ત ઉતારાની સેવામાં હતા. તેમણે તો સત્સંગીઓને કહી દીધું કે 'આ જ ઉતારો છે. બીજો નહીં મળે.' અને હરિભક્તો તો ચાલતા થયા ! પછી મારે સમજાવવા પડ્યા. બીજાની સગવડ માટે આ કાર્ય છે. સહકારની ભાવના રાખવી, તો કાર્ય દીપી જાય. ઘણી વાર કાર્ય કરવામાં મમત

થઈ જાય છે કે 'મને સોંપ્યું એટલે મારી રીતે જ થવું જોઈએ.' પણ આપણું ધાર્યું કંઈ થતું નથી. ધાર્યું મહારાજનું થાય છે.

કોઈક એવા હોય કે પોતાનું ધાર્યું ન થાય તો કાર્ય મૂકી જ દે. જેમ કોઈને પતિ સાથે ન બન્યું તો 'આ તારો ચૂડલો ને આ તારી બંગડી' એમ કહી ચાલી નીસરે. એવું ન કરવું. આપણે આ કાર્ય શોભાડી દેવું. કોઈને મનાવવા પડે તેવું ન કરવું. વિરોધ હોય, પણ મૌન અને સાધુતા રાખવી. વાદ-વિવાદ કે બકવાસ ન કરવો. વિરોધનો વિચારેય ન કરવો. આવું વિશાળ આયોજન પ્રથમ જ છે. પણ શાસ્ત્રીજી મહારાજ કહેતા તેમ – 'વાછડાના પગ(ખરી) જેવડું થઈ જશે!' છેલ્લા શ્વાસ સુધી સગવડની ઇચ્છા રાખ્યા વગર સેવા જ કરવી. એકબીજાની અનુકૂળતા કરી દેવી. એકબીજાને મદદરૂપ થવું. મારી વાત કરું...

'શાસ્ત્રીજી મહારાજની શતાબ્દી વખતે એટલું બધું કામ રહેતું કે ખાવાની પણ ખબર ન રહે. કામમાં બપોરના બે કે ચાર વાગે ને ઘણી વાર રાત પણ નીકળી જાય. તે વખતે મોટા સ્વામી મને પરાણે જમવા બોલાઈ લાવે ને હું ન જાઉં ત્યાં સુધી પોતે જમે પણ નહીં. આમ, ખૂબ ખબર રાખતા.'

આપણે શ્રીજીમહારાજ અને આપણા ગુરુઓને આગળ રાખી કાર્ય કરવું. વ્યવસ્થિત કાર્ય થવું જોઈએ. ખૂબ સારું કાર્ય થાય તે મહારાજને પ્રાર્થના.''

ઊભાં-ઊભાં સ્વામીશ્રીએ ધારદાર અને જોરદાર સેવા-સમજ ચીંધી દીધી. સાઠ વર્ષના 'નવયુવાન'ની આ વાણી કોઈ પણ મંચ, માંડવો કે મહોત્સવ શોભાડે તેવી છે.

સવાયા સૌજન્યના સ્વામી

તા. ૨૭/૧૨ની સવારે પણ ભાઈકાકા હૉલમાં જ દ્વિશતાબ્દી નિમિત્તે રચાયેલી ૩૫૦ કાર્યકરો ધરાવતી 'સહયોગ સમિતિ'ની બેઠક યોજાઈ હતી. તેમાં પ્રાસંગિક પ્રવચનો પછી મહંત સ્વામીએ કરેલું પ્રતિજ્ઞાપત્રનું વાંચન સૌએ ઊભા થઈને ઝીલ્યું.

ત્યારબાદ સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા કે – 'આ હોલા ઉપાડ થયો છે. આપણે ભોંયે સૂઈને મહેમાનોને પથારી આપવી. આપણે પાટલા ઉપરથી ઊઠી મહેમાનોને બેસાડવા. સભામાંથી આપણે ઊઠી તેમને બેસાડવા. મહારાજે દયા કરી કે આ વખતે આપણો જન્મ છે. જીવનમાં આ યાદ રહી જશે.'

સેવાની આ દિશા ચીંધી સ્વામીશ્રી સૌ કાર્યકરો સાથે જ 'સ્વામિનારાયણ

નગર'ની ભૂમિ પર પધાર્યા. આશ્રમ રોડ પર સુભાષ બ્રિજ પાસે તૈયાર થઈ રહેલા આ 'નગર'ની જમીનને સમથળ કરવા, મહાકાય બુલડોઝરો પોતાના પંજા પ્રસરાવવા તત્પર હતાં. તેનું પૂજન કરી સ્વામીશ્રી ઠાકોરજી સાથે બુલડોઝર પર બિરાજ્યા. તે દ્વારા જડમાં પણ ચૈતન્યનો સંચાર કરી તેઓ તા. ૨૮/૧૨ના રોજ વડોદરા આવી પહોંચ્યા.

અહીંની દાલિયા વાડીમાં યોજાયેલા ભારતવર્ષીય ઔદિચ્ય બ્રહ્મ-સમાજના ૩૨મા સંમેલનમાં પધારેલા સ્વામીશ્રીનું મિલન દ્વારકાની શારદા-પીઠના જગદ્‌ગુરુ પૂજ્ય સચ્ચિદાનંદતીર્થજી સાથે થયું. આ શંકરાચાર્યનું પુષ્પહાર પહેરાવી બહુમાન કરતાં સ્વામીશ્રીએ ઉપસ્થિત બ્રાહ્મણોને પણ આશીર્વાદ આપ્યા. તેઓની આ કૃપાથી કૃતાર્થતા અનુભવતા બ્રહ્મસમાજે દ્વિશતાબ્દી નિમિત્તે ૫૦૧ રૂપિયાની સેવા જાહેર કરી.

પરંતુ આ જાહેરાત સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'બ્રાહ્મણોનું લેવાય નહીં. શ્રીજીમહારાજ તો બ્રાહ્મણોને જમાડી દક્ષિણા આપતા.' એમ કહી તેઓએ સંસ્થા વતી પાંચસો રૂપિયા ઉમેરી ૧,૦૦૧ રૂપિયાની ભેટ બ્રહ્મ-સમાજને ધરી. તેઓનું આ સૌજન્ય જોઈ બ્રાહ્મણોએ 'હર હર મહાદેવ... હર'ની ઘોષણાથી ગગન ભરી દીધું.

સવાયા સૌજન્યના સ્વામી રહેલા સ્વામીશ્રીને આપનારો હંમેશા અધિક જ મેળવતો.

સોળ આની સત્પુરુષ જોઈએ

અટલાદરાથી બોચાસણ થઈને સ્વામીશ્રી તા. ૨૮/૧૨ના રોજ સારંગપુર પધાર્યા ત્યારે અહીંનું મંદિર સાધક-સમુદાયથી ઊભરાતું હતું. દ્વિશતાબ્દીનો હેલો સાંભળીને સ્વામીશ્રીનાં ચરણે જીવન સમર્પિત કરવા આવી પહોંચેલા અનેક નવયુવાનો અત્રે સાધુજીવનની તાલીમ મેળવી રહેલા. આ સાધકોએ સ્વામીશ્રીને વધાવવા મંદિરમાં વિવિધ શોભાઓ રચી ભક્તિ અદા કરેલી. સ્વામીશ્રી પણ કથા-લાભ આપી તેઓની આ ભક્તિને પુષ્ટિ પમાડતા રહ્યા.

તે ક્રમમાં તા. ૩૧/૧૨ના રોજ તેઓએ વચનામૃત (ગ.પ્ર. ૨૭) નિરૂપતાં એક અગત્યનો મુદ્દો સમજાવ્યો કે 'સંપૂર્ણ સોળ આની સત્પુરુષ જોઈએ. તેમાં ભગવાન બિરાજમાન હોય. પોણા સોળ આની ન ચાલે.'

આ વર્ષનો સ્વામીશ્રીનો આ અંતિમ સદુપદેશ બની રહ્યો. આ ઉપદેશ અનુસાર જ તેઓ જીવી રહ્યા છે તેનો અનુભવ આ વર્ષે તો આખું વિશ્વ કરી ચૂકેલું.

આ વર્ષે સ્વામીશ્રી દેશ-પરદેશમાં વિચર્યા પણ માયાવી મલકનો કોઈ મેલ તેઓના શુદ્ધ બ્રહ્મસ્વરૂપને લાગી શક્યો નહોતો. તેઓ સોળ આની નહીં, પરંતુ સવા સોળ આની સત્પુરુષ સિદ્ધ થઈને રહેલા. તેથી જ સ્વામીશ્રીના સંગે સન ૧૯૮૦ પણ સવા સોળ આની બનીને વિદાય થઈ!

સમૈયો તે થયો ઘણો સારો

સન ૧૯૮૧
નવું વર્ષ, નવી દિશા

જેમ વસંતઋતુના આગમન સાથે વૃક્ષનો વૈભવ પૂરેપૂરો ખીલી જાય છે, તેમ સન ૧૯૮૧નો પ્રારંભ થતાં જ દ્વિશતાબ્દીનો ઉત્સાહ એક નવી ઊંચાઈને આંબી ગયો. ઉત્સવના દરેક આયોજનમાં વેગ અને સૂક્ષ્મતા વધી ગયાં.

તે અનુસાર દ્વિશતાબ્દીના અવસરે આવનારા લાખોના જનસમુદાય માટે જરૂરી સામગ્રીઓનું એકત્રીકરણ કરવા સંતોનાં મંડળો ગુજરાતનાં ગામડાં ખૂંદવાં માંડ્યાં. આ મંડળોના સંકલનની જવાબદારી સંભાળી રહેલા વ્યવસ્થાપકોને લાગેલું કે 'સ્વામીશ્રી જો તેલના ધર્માદા માટે ગોંડલ અને ડાંગરના ધર્માદા માટે દસકોઈ વિસ્તારમાં વિચરે તો કાર્યને વિશેષ પુષ્ટિ મળે એમ છે.'

સારંગપુરના રોકાણ દરમ્યાન આ વિચારણાની જાણ જ્યારે સ્વામીશ્રીને કરવામાં આવી ત્યારે તેઓ તરત જ બોલ્યા: 'તમે તેલમાં મોકલશો તો તેલમાં જઈશું અને ડાંગરમાં મોકલશો તો ડાંગરમાં જઈશું.'

સ્વામીશ્રીની આ સરળતા જોઈ નવા વર્ષની ઊઘડતી ક્ષિતિજોને નેતૃત્વની પણ નવી દિશા જાણવા મળી કે 'નેતૃત્વ એટલે અનુસરણ. He

who follows his fellows will lead them. જે અનુયાયીને અનુસરશે તે તેઓને દોરી શકશે.'

ભગવાન માટે માથાં કુરબાન છે

સન ૧૯૮૧ના નવા વર્ષે રાબેતાની રૂએ જ દોડવા માંડેલો સ્વામીશ્રીના વિચરણનો રથ તા. ૨/૧ના રોજ સારંગપુરથી વિદાય લઈ તાજપુર, બોટાદ, ગઢડા, માલપરા, બાબરાને પાવન કરતાં તા. ૪/૧ની બપોરે રાજકોટના પંચનાથ મહાદેવમાં પહોંચ્યો. આ દેવાલયમાં કાંચીના શંકરાચાર્ય પૂજ્ય જયેન્દ્ર સરસ્વતીજી સાથે સ્વામીશ્રીનું મિલન થયું. આ ધર્માચાર્યનો લીંબુ તથા બિલિપત્રોના હારથી સત્કાર કર્યા બાદ સ્વામીશ્રી ગોંડલ જવા નીકળ્યા.

અત્રે ચાલી રહેલી તેઓના સ્વાગતની તૈયારીનો રેલો ૧૮ કિ.મી. દૂર રીબડા સુધી લંબાયેલો. અહીંથી આરંભાયેલી સ્વામીશ્રીની સત્કારયાત્રા માટે ગોંડલના મહારાજાએ પોતાની રાજવી ઠાઠ ધરાવતી 'બ્યુક' ગાડી મોકલેલી. તે ઉપરાંત ૨૪ મોટર-સાઇકલ અને ૬૦ મોટરોનો રસાલો સ્વામીશ્રીને ગોંડલ સુધી દોરી જવા તૈનાત હતો. દરેક વાહન પર અક્ષર દેરીની પ્રતિકૃતિવાળા ધ્વજ ફરકતા હતા. ગોંડલ સુધી રસ્તે આવતા દરેક ગામ અને ગોંડલમાં પ્રવેશ્યા બાદ મંદિર સુધી આવતા દરેક રસ્તે સૌ હાથમાં અક્ષર દેરીથી અંકિત ધ્વજ ફરકાવતાં ઊભા રહેલા. શહેરીજનોએ સ્વામીશ્રીના સ્વાગતમાં ૫૦ કમાનો રચીને શોભા કરી હતી. અક્ષર દેરીનું પ્રતિક ધરાવતી ધર્મધજા સ્વામીશ્રીએ સમગ્ર વિશ્વમાં ફરકાવી છે, તેનું ગૌરવ આ નગરવાસીઓ પૂરેપૂરું અનુભવી રહેલા. તેથી નગરના દ્વારે જ નાયબ કલેક્ટર, નગરપતિ વગેરે મહાનુભાવોએ સ્વામીશ્રીને સત્કાર્યા.

આમ, વાજતે-ગાજતે પુરમાં પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં સંગ્રામજી હાઈસ્કૂલના પટાંગણમાં તા. ૫/૧થી ભાગવત સપ્તાહનો પ્રારંભ થયો. તેમાં દસ હજાર શ્રોતાઓ સમાવી શકે તેવા વિશાળ શમિયાણામાં ભાવિકોનાં વૃંદ કથારસ પીવા ઊમટવાં લાગ્યાં. પારાયણના દિવસો દરમ્યાન જ સ્વામીશ્રી મેતા ખંભાળિયા, ધોરાજી, જેતપુર, ઉપલેટા, જૂનાગઢને પણ પાવન કરી આવ્યા.

આ ક્રમમાં સૌરાષ્ટ્ર-કચ્છમાંથી દ્વિશતાબ્દીની સેવામાં જનારા ૨,૦૦૦ સ્વયંસેવકોને જુસ્સો દઢાવતાં તા. ૧૧/૧ના રોજ સ્વામીશ્રીએ કહ્યું : 'પવનદેવ,

સૂર્યદેવ, મેઘદેવ આવે તોય ખસવું નહીં. દૃઢતા રાખવી. ભગવાન માટે માથાં કુરબાન છે.'

પ્રીતિ અપાર સરવોત્તમ છે તમારી

તા. ૧૧/૧ની સાંજે ટાઉન હૉલમાં નગરપાલિકાનું સન્માન ઝીલી પધરામણી કરવા નીકળેલા સ્વામીશ્રી એસ.આર.પી. ક્વાર્ટર્સમાં પહોંચ્યા. આ વસાહતની સમીપમાં જ રહેતા શ્રી હરિભાઈને આ ખ્યાલ આવતાં તેઓ પોતાના નવા બંધાતા મકાનનું કામ પડતું મૂકી દર્શને દોડી ગયા. સૌ સાથે તેઓ જ્યારે આશીર્વાદ લેવા ઝૂક્યા ત્યારે સ્વામીશ્રીએ પૂછ્યું : 'તમે અહીં ક્યાંથી ?!'

'બાપા ! નજીકમાં જ રહું છું.'

'તો ચાલો, તમારે ઘેર પણ આવી જઈએ.'

આ સાંભળતાં જ તે હરિભક્ત તો હસવું અને ખસવુંની મિશ્ર લાગણીઓ અનુભવી રહ્યા.

'પદ ભવજળતારણ નાવ' જેવા સ્વામીશ્રીનાં પગલાં ઘરમાં પડે તો કોને આનંદ ન થાય ? પણ આ સત્સંગીના ઉચાટનો વિષય બન્યો : 'સ્વામી-બાપા ઘેર આવીને પગલું મૂકશે ક્યાં ?' કારણ કે તેઓના ચણાઈ રહેલા મકાનમાં પ્લાસ્ટરનું કામ ચાલુ હોવાથી મેડો બાંધેલો. એક બાજુ સંડાસની કુંડી પણ ખોદેલી. તેથી તેઓએ જ સ્વામીશ્રીને ઘેર ન પધારવા સકારણ વિનંતી કરી. પરંતુ સૌ પર અકારણ કૃપા વરસાવવા ટેવાયેલા સ્વામીશ્રી તો 'અત્યારે આવી જ જઈએ' કહેતાં ઊભા થઈ ગયા.

તેઓ જ્યારે એ હરિભક્તના ઘેર પહોંચ્યા ત્યારે પરિસ્થિતિ સાચે જ વિકટ હતી. પણ વિકટતા વચ્ચે રસ્તો કાપવામાં હોશિયાર સ્વામીશ્રી માર્ગમાં આવતાં પાટિયાંની સીંદરી છોડી, તે પાટિયું જાતે જ ઊંચું કરી ઘરમાં પ્રવેશ્યા. અત્રે એક ઠીકઠાક જગ્યા હતી ત્યાં ઠાકોરજી પધરાવ્યા. પોતે સામે પડેલી સિમેન્ટની કોથળી પર બેઠા ! ઠાકોરજીનું પૂજન કરાવ્યું. ત્યારબાદ બધે પુષ્પો વેરતાં સ્વામીશ્રી બોલ્યા : 'લે, હરિ ! આ તમારા ઘરનું વાસ્તુ થઈ ગયું.' એમ કહી તેઓએ વિદાય લીધી ત્યારે આ હરિ અને એ 'હરિ'ના જન ગદ્‌ગદ થઈ ગયા !

સ્વામીશ્રીની આ કરુણાની કાયમી યાદગીરી રહે તે માટે સૌએ નક્કી કર્યું કે 'બાપાએ જે જગ્યાએ ઠાકોરજી પધરાવેલા તે જગ્યાએ જ આપણે ઘર-

મંદિર કરવું.'

આ ગોઠવણ અનુસાર થયેલા એ મંદિરમાં પ્રત્યેક આરતીના અવસરે સૌનાં અંતર એક કડી વધુ ગાવા લાગ્યા: *'હે ગુરુદેવ કરુણાકર સૌખ્યકારી, પ્રીતિ અપાર સરવોત્તમ છે તમારી...'*

માત્ર આ એક ઘર જ નહીં, જ્યાં જ્યાં સ્વામીશ્રીનાં પગલાં પડ્યાં છે ત્યાંના રહેવાસી ચોક્કસ આ અનુભવી રહ્યા હશે!

રોગ સમ જાણે ભોગજી

ગોંડલમાં દ્વિશતાબ્દી ઉપક્રમે કૉલેજ ચોકમાં નગરપાલિકા તરફથી તૈયાર થયેલી ટ્રાફિક છત્રીનું ઉદ્‌ઘાટન કરીને સ્વામીશ્રી તા. ૧૩/૧ના રોજ રાજકોટ પધાર્યા.

અહીં પણ તેઓના સન્માનનો સિલસિલો સળંગ જારી રહ્યો. શહેરના વિશાળ કૉનોટ હૉલમાં રાજવી અને રાજનેતાઓએ તેઓને સત્કાર્યા. ત્યારબાદ તા. ૧૪/૧ની સવારે પ્રાણી કલ્યાણ મંડળ દ્વારા આયોજિત પ્રાણી કલ્યાણ મહોત્સવનું ઉદ્‌ઘાટન પણ સ્વામીશ્રીના હસ્તે થયું.

આ દિવસે સુદ નોમ હતી. દ્વિશતાબ્દી નિમિત્તે ઘણા સંતો-ભક્તો આ તિથિએ નિર્જળા ઉપવાસ કરતા. સ્વામીશ્રીને તો અવસ્થા તથા માંદગીના કારણે તે શક્ય નહોતું. છતાં તેઓએ આજે કહ્યું: 'સમૈયો નજીક આવે છે માટે નોમના દિવસે ફળાહાર કરી લઈએ. અત્યાર સુધી કંઈ કર્યું નહીં. છેલ્લે છેલ્લે દેખાવ તો કરી લેવો.' એમ જણાવતાં તેઓએ દ્વિશતાબ્દી આવે ત્યાં સુધી દર સુદ નોમે ફરાળ જમવાનું શરૂ કર્યું.

વિષયોના ત્યાગની કંઈક ને કંઈક યુક્તિઓ સ્વામીશ્રી શોધી કાઢતા. વળી, આ ત્યાગનો પોતે કોઈ હુંહાટો ન જણાવતા. પોતાની મહત્તા નહીં પણ ગૌણતા પ્રદર્શિત થાય એ રીતે તેઓ વ્રતારંભ કરી દેતા.

એક જ રીતિ ને એક જ નીતિ

રાજકોટથી વિદાય લઈ સ્વામીશ્રી પડધરી થઈને ધ્રોળ પધાર્યા ત્યારે અહીંની નગર પંચાયતે નગરના મુખ્ય માર્ગનું નામ દ્વિશતાબ્દી નિમિત્તે 'ભગવાન સ્વામિનારાયણ માર્ગ' કરી રાખેલું. તેના ઉદ્‌ઘાટન બાદ સ્વામીશ્રી સ્વાગત-સભામાં જવા નીકળ્યા.

વિશ્વ હિન્દુ પરિષદે યોજેલા આ સન્માન સમારંભમાં સ્થાનિક ઉપરાંત આસપાસનાં ગામોમાંથી ત્રણ હજાર નાગરિકો દોડી આવેલા. શહેરીજનોએ સ્વયંભૂ જ આખા ધ્રોળને સ્વાગત-સૂત્રો અને તોરણોથી સજાવેલું. આમ, એક દબદબાભર્યો સમારોહ ચાલુ થઈ ગયેલો. સૌનું કહેવું હતું કે 'ધ્રોળમાં આવી આ સભા પહેલી થઈ!'

પરંતુ તેમાં સ્વામીશ્રી પધાર્યા ત્યારે તેઓએ જોયું તો મંચ પર માત્ર એક જ સોફો મુકાયેલો. તેથી તેઓ ત્યાં ન બેસતાં નીચે ગાદલાં પર જ બેઠા અને ઠાકોરજીને સોફા પર પધરાવ્યા.

સ્વામીશ્રીને મન સન્માન હંમેશા ઠાકોરજીનું જ થતું હતું. તેથી તેઓ સન્માનનીય સ્થાન પર ઠાકોરજીને જ બિરાજમાન કરતા. તેઓની આ 'એક જ રીતિ ને એક જ નીતિ' દેશ-પરદેશમાં અતૂટ રહેતી.

નાની પણ નોંધનીય ઘટના

ધ્રોળથી ભાદરા પધારેલા સ્વામીશ્રી સમક્ષ તા. ૧૫/૧ની પ્રાતઃપૂજા બાદ ભેંસદડના બાળકો આવી પહોંચ્યા. તેઓએ ખિસ્સાખર્ચીમાંથી બચાવી-બચાવીને ૨૨૨ રૂપિયા એકત્રિત કરેલા. આ રકમ અંતરિયાળ ગામડામાં રહેતા બાળકો માટે તે જમાનામાં ઘણી મોટી ગણાય. પરંતુ આ ધનરાશિ તે બાળસમુદાયે દ્વિશતાબ્દી નિમિત્તે ઠાકોરજીને સમર્પિત કરી.

આ ઘટના નાની, પણ નોંધનીય છે. દ્વિશતાબ્દીના વ્યાપક પ્રચાર-પ્રસારની સાથે સ્વામીશ્રીએ આ ઉત્સવને સૌનાં હૃદયમાં કેટલો ઊંડો ઉતારેલો તેનું દર્શન આ તવારીખમાં છે. ઉત્સવને નિમિત્ત બનાવી તેઓએ કૈંકને ભગવાન માટે જીવતા કરી દીધેલા.

આ હેતુસર વિચરતા સ્વામીશ્રી તા. ૧૬/૧ના રોજ જોડિયા પહોંચ્યા ત્યારે અત્રે પણ તેઓના હસ્તે બજારનો મુખ્ય માર્ગ 'ભગવાન સ્વામિનારાયણ માર્ગ' તરીકે ઉદ્‌ઘાટિત થયો. માર્ગ-ઉદ્‌ઘાટન બાદ શહેરના ગીતા વિદ્યાલયમાં યોજાયેલા સન્માન-સમારંભમાં, નગરવાસીઓનો આદર-પ્રેમ ઝીલતા સ્વામીશ્રી ડાંગરા, બામણબોર, ચોટીલા, વઢવાણ થઈને સુરેન્દ્રનગર પધાર્યા.

મરેંગે પણ ભગવાનને રાજી કરેંગે

સુરેન્દ્રનગરમાં તા. ૧૮/૧ના રોજ શહેરના ચોકમાં દ્વિશતાબ્દી નિમિત્તે

ટ્રાફિક છત્રીનું ઉદ્‌ઘાટન કરી લીંબડી પહોંચેલા સ્વામીશ્રીએ અહીં કાતર મંગાવી પોતાની માળાનું લાંબું ફૂમતું કાપી ટૂંકું કરી નાંખ્યું ! જેમાં રંચમાત્ર રજોગુણ પરવડે નહીં એવી અસલ ગુણાતીત રીત સાચવીને રહેતા તેઓ લીંબડીથી ભલગામડા થઈને ડભાણ પધાર્યા.

અત્રે તેઓના સાંનિધ્યમાં તા. ૨૦/૧ના રોજ ગુણાતીત દીક્ષાદિન ધામધૂમપૂર્વક ઊજવાયો. આ શુભ દિવસે રાષ્ટ્રીય ધોરીમાર્ગથી મંદિર સુધીના માર્ગનું 'અક્ષરમાર્ગ' અને મંદિર આગળના ચોકનું 'અક્ષરચોક' નામાભિધાન પંચાયતે ઘોષિત કર્યું.

તે બંનેનું ઉદ્‌ઘાટન કરી, સ્વામીશ્રી પીજ, નડિયાદ, વાસદ, વહેરા ખાડીને લાભ આપતાં તા. ૨૨/૧ના રોજ આણંદ આવી પહોંચ્યા. અત્રે ભવ્ય નગરયાત્રા અને ટાઉન હૉલમાં સન્માન સમારંભ દ્વારા શહેરના શ્રેષ્ઠીઓ તથા સત્સંગીઓએ તેઓને આવકાર્યા. આ સત્કાર ઝીલી સ્વામીશ્રી ગાના, ચિખોદરા અને આણંદને પાવન કરતાં વિદ્યાનગર પધાર્યા.

અત્રે વિભાગ વાર યોજાઈ રહેલી દ્વિશતાબ્દીના સ્વયંસેવકોની સભાઓના ક્રમમાં, તા. ૨૫/૧ના રોજ કેન્દ્રીય વિદ્યાલયના પ્રાંગણમાં ખેડા જિલ્લાના ૨,૦૦૦ સ્વયંસેવકોની શિબિર ચાલી રહેલી. આ સંમેલનમાં દ્વિશતાબ્દીનો ધ્વજ ફરકાવી ઉત્સાહનું મોજું પ્રસરાવતાં સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા કે –

'ખેડા જિલ્લામાં ઘણી ઘણી સારી ખેડો થઈ છે. વિદ્યાનગરમાં વિદ્યાનું ખેડાણ થયું. કરમસદમાં હૉસ્પિટલનું ખેડાણ થયું. શાસ્ત્રીજી મહારાજે બોચાસણમાં સ્થાન બાંધી આધ્યાત્મિક ખેડાણ કર્યું. રાજકીય ક્ષેત્રે વલ્લભભાઈ અને વિઠ્ઠલભાઈએ ખેડાણ કર્યું. આપણે હવે દ્વિશતાબ્દીની સેવાનું ખેડાણ કરવાનું છે. વિઘ્નો નેવે મૂકવાં. મરી ગયેલું કોઈ પાછું આવવાનું નથી અને જે પરણવાનું છે તે પરણી જ જવાનું છે. માટે તે સામું જોવું નહીં. ૨૦૦ વર્ષનો અવસર ફરી આવવાનો નથી. હવે તો ખાતાં-પીતાં આ વિચાર. દરેકને અક્ષરધામની પ્રાપ્તિ થશે તે નિર્વિવાદ છે.'

સૌને આ બળ અને બાંયધરી આપતા સ્વામીશ્રી, વિદ્યાનગરથી અમદાવાદ પધાર્યા ત્યારે અહીં 'સ્વામિનારાયણ નગર' આકાર પકડી રહેલું. તેની પાવનકારી ભૂમિ પર, તા. ૨૬/૧ના રોજ ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓમાંથી ઉત્સવ-સેવામાં આવનારા બે હજાર સ્વયંસેવકોની સભા ભરાયેલી. તેમાં રાષ્ટ્રધ્વજ અને ધર્મધ્વજ ફરકાવીને સ્વામીશ્રીએ જણાવ્યું :

'આજે આપણે સ્થળ ઉપર આવી ગયા છીએ. યુદ્ધમાં જેમ 'કરેંગે યા મરેંગે' હોય છે, તેમ આપણે 'મરેંગે પણ ભગવાનને રાજી કરેંગે, અક્ષરધામ પ્રાપ્ત કરેંગે' એમ નિશ્ચય રાખવો. આવો ને આવો ઉત્સાહ જીવનના અંત સુધી રાખીને અક્ષરધામમાં બેસવાનું છે.'

આ શબ્દો દ્વારા સૌમાં ઉત્સાહની ભરતી ચઢાવતા સ્વામીશ્રીએ આજે રાજ્યના ગૃહમંત્રીની ઉપસ્થિતિમાં દ્વિશતાબ્દીના ધ્વજયુક્ત પ્રથમ સ્તંભને ખોડી ઉત્સવની ગતિવિધિ વધુ તેજ કરી આપી. ત્યારબાદ મહોત્સવની ભૂમિ પર ચાલી રહેલી સેવાઓને મોટરમાં બેસી તેઓએ દૃષ્ટિપ્રસાદીભૂત કરી.[૪૧] કેટલાક સ્વયંસેવકો તો છ-છ મહિના સુધી ઘરબારનો વીંટો વાળી આ સેવાયજ્ઞમાં હોમાઈ ગયેલા. તે સૌ પર આશીર્વાદ વરસાવી બપોરે ત્રણ વાગ્યે સ્વામીશ્રી મંદિરે પધાર્યા ત્યારે અહીં સતત છ કલાક સુધી અવિરત મુલાકાતો ચાલી! તેમાંથી પરવારી રાત્રે નવ વાગ્યે સભામાં પધારેલા તેઓ સૌને શુભાશિષ પાઠવી મુંબઈ જવા નીકળ્યા.

ભક્ત-આધીન છે સંત સુંદર સદા

મુંબઈ પધારેલા સ્વામીશ્રીએ તા. ૩૧/૧ના રોજ મુંબઈના 'સત્યમ્ શિવમ્ સુંદરમ્' થિયેટરમાં શ્રીજીમહારાજના સમાજોદ્ધારનાં કાર્યોને રજૂ કરતી દસ્તાવેજી ફિલ્મ 'ક્યા આપ જાનતે હૈં?'નું ઉદ્ઘાટન કર્યું. ચિત્રપટનું આ કામ ચાલતું કરી તેઓ મેકર્સ ટાવરમાં આવેલા દેના બેંકના કૉન્ફરન્સ હૉલમાં પણ ઉત્સવનો ઉદ્ઘોષ ગજાવી મંદિરે પરત ફર્યા.

અહીં દ્વિશતાબ્દી નિમિત્તે દીક્ષા લેવા માટે ૨૮ યુવાનો લંડનથી આવી ગયેલા. તે સૌને સ્વામીશ્રી તરેહ-તરેહથી લાડ લડાવી રાજી કરતા. સાથે હરિભક્તોને પણ દર્શન-કથાનો લાભ આપતા. તે દરમ્યાન જ તા. ૩/૨ના રોજ 'ડૉક્ટર હાઉસ'માં પધારેલા તેઓની આંખોમાં નિષ્ણાત તબીબ દ્વારા નેત્રમણિ(કોન્ટેક્ટ લેન્સ) મૂકવામાં આવ્યા.

તે દ્વારા એક નવા ઉપકરણને પોતાની સેવા આપી ધન્ય બનાવતા

---

૪૧. સ્વામીશ્રીના વરદહસ્તે થયેલો 'સ્વામિનારાયણ નગર'ના નિર્માણનો આ શુભારંભ નિહાળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

સ્વામીશ્રી તા. ૪/૨ની બપોરે બોરીવલીના નેશનલ પાર્ક હાઈવે જંક્શન પર પધાર્યા. અત્રે દ્વિશતાબ્દી નિમિત્તે નગરપાલિકા તરફથી ગોઠવવામાં આવેલી ટ્રાફિક છત્રીનું ઉદ્‌ઘાટન કરી તેઓ સુરત જઈ પહોંચ્યા.

અહીંથી તા. ૫/૨ના રોજ પૂના-કુંભારિયા, બારડોલી અને સાંકરીને લાભ આપી પુનઃ સુરત આવી ગયેલા સ્વામીશ્રી પાસે સેવા અર્પણ કરવા સ્થાનિક સત્સંગી બોઘાવાલા શેઠને આવવું હતું. પરંતુ આ બાબતે તેઓનો દીકરો રસ્તો રોકીને ઊભો રહેતાં શેઠે વિચાર કર્યો કે 'હું અહીંથી ચેક લખીને મોકલાવી દઉં.'

આ વિકલ્પ સામે પણ દીકરાએ પોતાનો સંકલ્પ મૂક્યો કે 'સ્વામીને સેવા લેવી હશે તો રૂબરૂ અહીં લેવા આવશે.'

દ્વિશતાબ્દીની તડામારીમાં એક-એક ભક્તના ઘેર જઈ આમ સેવા સ્વીકારવી એ અશક્ય વાત હોવાથી જ તો દીકરાએ આવી જીદ પકડેલી. પરંતુ તે *'ભક્ત-આધીન છે સંત સુંદર સદા...'* સમા સ્વામીશ્રીને ક્યાં જાણતો હતો?

બોઘાવાલા શેઠ જ્યાં ચેકમાં રકમ લખવા બેઠા ત્યાં જ સરદારનગર જતાં સ્વામીશ્રી બોલ્યા : 'ચાલો, બોઘા શેઠની દુકાને જઈ આવીએ.' આમ કહેતાં તેઓ દુકાનના દ્વારે પહોંચી પણ ગયા.

સ્વામીશ્રીને જોતાં જ આનંદમાં આવી ગયેલા શેઠના હાથમાંથી કલમ પડી ગઈ. જો કે, તેઓના હાથમાંથી તો માત્ર કલમ જ પડી, પરંતુ તેઓનો દીકરો તો આખે-આખો સ્વામીશ્રીનાં ચરણોમાં જઈ પડ્યો. તે ભાવવિભોર થઈ ચોધારે અશ્રુ સારવા લાગ્યો. સેવાની સાથે તેનો પૂર્વગ્રહ લઈને સ્વામીશ્રી વિદાય થયા ત્યારે વધુ એક જીવ શ્રીજીમહારાજના શરણે આવી ગયો.

નવી ભાત પાડતો ધર્મ

સરદારનગર સોસાયટીમાં સ્થાનિક રહેવાસીઓ દ્વારા તૈયાર થયેલા હરિમંદિરમાં તા. ૬/૨ની બપોરે અક્ષર-પુરુષોત્તમ મહારાજ અને પંચદેવને પધરાવી સ્વામીશ્રી સનાતન ધર્મ હૉલમાં પહોંચ્યા. અહીં યોજાયેલા તેઓના સત્કાર સમારંભમાં સુરતના નામાંકિત મહાનુભાવોની હકડેઠઠ મેદની જામેલી. આ સમારોહના અતિથિવિશેષપદે ઉપસ્થિત કૉમર્સ કૉલેજના પ્રાધ્યાપક શ્રી હકૂમત દેસાઈના સ્વાનુભવમાં લગભગ સૌની લાગણીઓ સમાઈ ગઈ. આ શિક્ષણવિદે જણાવ્યું કે 'આદિવાસીઓમાં હું ઘણા વખતથી કાર્ય કરતો હતો. હું

ફરી એક વાર ત્યાં ગયો. જોયું તો અમારા કાર્યકર્તા જ દારૂ પીતા હતા! મેં ત્યાં બીજું જોયું કે જે કામ સામાજિક કાર્યકર્તાઓ કરતા નથી તે કાર્ય આ સંપ્રદાયના સાધુઓએ સ્વામીશ્રીની પ્રેરણાથી કર્યું છે. નવી ભાત પાડતો અને માણસને માણસ બનાવતો આ ધર્મ છે.'

લોકોનાં હૈયાં પર ચાલતી સ્વામીશ્રીની હકૂમતની આ હકીકતને સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી. તેનો વધુ એક અનુભવ સૌને આ સભામાં જ મળી રહ્યો, જ્યારે દ્વિશતાબ્દી નિમિત્તે સુરત જિલ્લામાંથી દીક્ષા લેનારા સત્તર નવયુવાનોને પણ બિરદાવવામાં આવ્યા.

સ્વામીશ્રીની આવી હેતભરી હકૂમતનું વધુ એક દર્શન તા. ૭/૨ના રોજ પામીને સુરત સ્તબ્ધ બની રહ્યું.

આ દિવસની સવારે, સુરત દૂધ ઉત્પાદક સહકારી મંડળના પટેલ નગરની સામે આવેલું મેદાન, મુંબઈ અને દક્ષિણ ગુજરાતમાંથી દ્વિશતાબ્દીની સેવામાં જનારા બે હજાર સ્વયંસેવકોથી ઊભરાતું હતું. અત્રે ઉત્સવનો ધ્વજ ફરકાવી સૌને સંબોધન કર્યા બાદ સ્વામીશ્રી પટેલ નગરમાં નિર્માણાધીન મંદિરનું ભૂમિપૂજન કરીને આયુર્વેદિક કૉલેજ પાસે પહોંચ્યા. અહીંથી સ્વયંસેવક દળની રેલી સાથે શ્રીજીની સવારી નીકળી. સમર્પિત સ્વયંસેવકોની આ દોઢેક કિ.મી. લાંબી યાત્રામાં ઊછળતો ભગવાન માટે ફના થવાનો જુવાળ જોઈને પણ સૌનાં હૈયે પ્રતીતિ બેસી ગઈ કે 'ખરેખર, આ નવી ભાત પાડતો ધર્મ છે.'

ભક્તના મન તણો ભાવ જાણે

તા. ૭/૨ની બપોરે સુરતથી વિદાય લઈ સ્વામીશ્રીને ભરૂચ પહોંચવાનું હતું. તે પૂર્વે તેઓ શ્રીજીમહારાજની પ્રસાદીભૂત તપ્તવતી નદીનું જળ મસ્તકે ચડાવવાં અને પ્રાસાદિક પાઘનાં દર્શન માટે તે-તે સ્થળે પધાર્યા. કચડી નાંખે એવા વિદ્યુતવેગી વિચરણમાં પણ કો'ક ગજબની શ્રદ્ધા-ભક્તિથી સ્વામીશ્રી આવાં સ્થળોએ જવા માટેનો સમય કાઢી જ લેતા.

આ દર્શન બાદ હવે સૌને લાગતું હતું કે 'સ્વામીશ્રી ભરૂચ જવા પ્રસ્થાન કરશે', પણ તેઓના મતે હજી એક કામ બાકી હતું. જ્યારે જ્યારે તેઓ સુરતથી વિદાય લેતાં ત્યારે હરિભક્ત શ્રી મણિભાઈના ઘેર પધરામણી કરીને જ નીકળતા. સમયની કટોકટીમાં આજે તેમને ત્યાં જવાનું બાકી રહી ગયેલું, પરંતુ સ્વામીશ્રીએ તે ઘર તારવ્યું નહીં.

તેઓએ નીકળતાં નીકળતાં કહ્યું : 'ચાલો, મણિભાઈને ત્યાં.' આટલું કહેતાં તેઓ એ હરિભક્તને ઘેર પહોંચ્યા ત્યારે આ ભક્ત સ્વામીશ્રીની વાટ જોઈને જ બેઠેલા. સ્વામીશ્રીને જોતાં જ ગદ્‌ગદ બની ગયેલા તેઓ *'આંખો માંહેથી આંસુ ન સૂકે...'*ની સ્થિતિમાં આવી ગયા. દ્વિશતાબ્દી નિમિત્તે લાખો મનુષ્યોની ગણતરીઓ માંડી રહેલા સ્વામીશ્રી એક-એકનું જતન કરી જાણતા. પોતાને સંભારી રહેલા ભક્તોને સંભાળવાનું તેઓ કદી ન ચૂકતા.

તે માટે જ ભરૂચ પધારેલા સ્વામીશ્રીનો સત્કાર સમારંભ તા. ૭/૨ની રાત્રે દશા લાડ વણિકવાડીમાં યોજાયો. તેની સાથે જ આ જિલ્લામાંથી દ્વિશતાબ્દીએ ત્યાગાશ્રમના પંથે પ્રયાણ કરનારા નવલોહિયાઓનું સન્માન પણ કરવામાં આવ્યું. સ્વામીશ્રીની ભગવી સેનામાં ભરતી થનારા યુવાનોથી સમગ્ર સમાજમાં ઠેર ઠેર વિરક્તિનું વાતાવરણ છવાવા માંડેલું.

તેની વચ્ચે જ તા. ૮/૨ની સવારે ભરૂચની નર્મદા સંસ્કૃત પાઠશાળામાં ભણતા વિદ્યાર્થીઓને આશીર્વાદ આપી સ્વામીશ્રી સાંજે અટલાદરા પધાર્યા.

અહીં ભરૂચ, વડોદરા અને પંચમહાલ જિલ્લામાંથી દ્વિશતાબ્દીની સેવામાં જોડાનારા હજારેક સ્વયંસેવકોની સભામાં તેઓએ આશીર્વાદ પાઠવ્યા.

આ રીતે સમગ્ર ગુજરાતમાં ફરીને સ્વામીશ્રીએ સ્વયંસેવકોને સેવાની સમજ આપી ઉત્સવ માટે સજ્જ કરી દીધા. જાણે પોતે તોળેલા દ્વિશતાબ્દીના ગોવર્ધનની એક-એક કાંકરીને તેઓએ મજબૂત બનાવી દીધી !

ફરે દયાળુ સરવે દેશ

અટલાદરાથી વિદાય લઈ છાણી પધારેલા સ્વામીશ્રીએ અહીંના નવનિર્મિત મંદિરમાં તા. ૧૧/૨ની સવારે અક્ષર-પુરુષોત્તમ પધરાવ્યા. ત્યાર-બાદ મીરસાપુરા તથા સોખડાને પાવન કરી સીસવા પહોંચેલા તેઓએ તા. ૧૨/૨ની સવારે નૂતન મંદિરનો ખાતવિધિ સંપન્ન કર્યો. તે પછી દસેક ઘરોમાં પધરામણી કરી સ્વામીશ્રી દુમાડમાં ફૂલાભાઈના ઘેર પધાર્યા.

આ હરિભક્ત આજની સવારે જ સંકલ્પ કરતા હતા કે 'બાપા આપણે ઘેર ન આવે ?' પરંતુ આ સંકલ્પની સિદ્ધિની શક્યતા શૂન્ય સમજીને તેઓ આસોજ જવા નીકળ્યા ત્યાં જ સ્વામીશ્રી તેઓના ઘેર જઈ પહોંચ્યા ! મુમુક્ષુની શ્રદ્ધા ખૂટી જાય, પણ સ્વામીશ્રીની શ્રદ્ધા ન ખૂટતી.

આવી અખૂટ શ્રદ્ધા સાથે વિચરતા તેઓ દુમાડથી આસોજ પધાર્યા ત્યારે

પાદરમાં તેઓનું ભવ્ય સામૈયું થયું. તળાવકિનારે બાંધેલા મંદિરે સભા પણ યોજાઈ. ત્યારબાદ ૭૦ પધરામણીઓ કરીને સ્વામીશ્રી બપોરે બે વાગ્યે જમવા બિરાજ્યા ! ભોજન બાદ થોડો વિશ્રામ લઈ તેઓ સાંજથી રાત સુધીમાં વાસણા કોતરિયા, સિસોદિયાપરા અને કુનપાડ ગામો ખૂંદતાં અંજેસર પહોંચ્યા.

આજના આ અંતિમ ચરણમાં સ્વામીશ્રી વિચર્યા તે ગામો એટલે મીની અને પારેવી નદીઓના કોતરામાં વસેલાં છાપરિયાં પરાંઓ. અહીંના રસ્તાઓ પણ કોતરવાળા અને ધૂળ ભરેલા. આંખના ઑપરેશન પછી સ્વામીશ્રીને દાક્તરોની સ્પષ્ટ તાકીદ હતી કે 'ધૂળિયા રસ્તે ન ફરવું.' છતાં તેવા માર્ગે અવિરામ વિચરતા સ્વામીશ્રીને જોઈ સૌ ગાઈ ઊઠ્યા : *'ફરે દયાળુ સરવે દેશ, આપે મુમુક્ષુને ઉપદેશ...'*

સ્વામીશ્રીની કરુણાના રેલાને દાક્તરી સલાહો પણ ચૂસી-શોષી ન શકતી.

અવગુણ ન જુએ અર્ભના

તા. ૧૩/૨ના રોજ અંજેસરમાં ત્રીસથી વધુ ઘેર પધરામણીઓ કરી સ્વામીશ્રી હાલોલ, દાહોદ, પીપલોદ, દેવગઢબારિયાને લાભ આપતાં તા. ૧૫/૨ની બપોરે અમદાવાદ પધાર્યા. અત્રે યુદ્ધના ધોરણે ચાલી રહેલા 'નગર'ના નિર્માણકાર્ય પર દૃષ્ટિ કરી તેઓ તા. ૧૬/૨ના રોજ દાસજ જવા નીકળ્યા.

આ ગામમાં બે મહિના પછી પ્રતિષ્ઠાવિધિ માટે સ્વામીશ્રીને આવવાનું જ હતું, પણ અહીંના એક હરિભક્તે નિયમ લીધેલો કે 'સ્વામીશ્રી મારા નવા મકાનમાં પગલાં કરે પછી જ મારે રહેવા જવું.' એક ભક્તની આ ટેક સાચવવા સ્વામીશ્રીએ ઉત્સવની તડામારીમાં આવો પરિશ્રમ ઉઠાવ્યો !

૨૦૦ એકરમાં પથરાયેલા મહાકાય મહોત્સવ સામે, સો - સવા સો કિ.મી. દૂર ઊભેલું અમુક ચોરસ ફૂટનું મકાન ક્યાં નજરમાં આવે ?! પણ સ્વામીશ્રીની રીત જ *'અવગુણ ન જુએ અર્ભના, જેમ જનની જાળવે બાળ...'*ની રહેલી.

તે અનુસાર વિચરતા તેઓ દાસજથી ઊંઝા જઈ રહેલા ત્યારે વચ્ચે એક જ વાહન પસાર થઈ શકે તેવી સાંકડી નેળ આવી. જો કોઈ વાહન સામેથી આવે તો એકને પાછા હઠવું પડે એવી સંકડાશ તેમાં હતી. તે જોઈ સ્વામીશ્રીએ એક પુરાણી સ્મૃતિ કરી કે 'ગામથી(ચાણસદથી) ઈંટોલા કપાસના ભર ભરીને બધા વેચવા જાય. દસ-વીસ ગાડાંઓ હોય. વચ્ચે વિશ્વામિત્રીની

નેળ આવે. સામેથીય એટલાં જ ઠાલાં ગાડાં આવતાં હોય. વચ્ચે સામસામાં આવી જાય ત્યારે કોણ પાછું હઠે તે વિચાર ચાલે. બળદ છોડીને બેસી જ જાય ! પછી જે ઢીલો હોય તે ગાડું પાછું ઠેલે. જાતે ઠેલવું પડે. ઘણી વાર સામે માણસ હઠીલો હોય તો ભર ભરેલાં ગાડાંય ઠેલવાં પડે !'

પોતાના સ્વાનુભવનો આ સ્વાદ ચખાડતા સ્વામીશ્રી રાત્રે નવ વાગ્યે સીધા જ 'નગર'માં ચાલી રહેલી 'સમન્વય સમિતિ'ની બેઠકમાં પધાર્યા.

અહીં સ્વામીશ્રીની પ્રેરણાથી ચાલી રહેલું ખૂબ જ આયોજનબદ્ધ કાર્ય જોવા માટે તત્કાલીન અમદાવાદના સુપ્રસિદ્ધ બિલ્ડર શ્રી કિરીટભાઈના એક સંબંધી આવી ચડેલા. તેઓ પણ બાંધકામના અનુભવી. તેથી જ 'નગર'ના સર્જનની ગતિવિધિને સમજી શક્યા અને કોઈનાય પ્રસ્તાવ વિના પોતે બાંધેલા ૭૦૦ બંગલા ઉત્સવના ઉતારા માટે આપવા તૈયાર થઈ ગયા. આમ, અધૂરું 'નગર' પણ પૂરેપૂરો પ્રભાવ પાથરવા માંડેલું ! આ હતી તેની દિવ્યતા !!

આવા દિવ્ય 'નગર'ની બેઠકમાં હાજરી આપીને સ્વામીશ્રી મંદિરે પધાર્યા ત્યારે અહીં તેઓએ લંડનથી દીક્ષા લેવા આવેલા યુવકોને માથે મુંડન કરાવી પોતાની સાથે વિચરણમાં જોડાવાની વાત કરી. તે વખતે એક સંતે પ્રસ્તાવ મૂક્યો કે 'ચાર-પાંચ મોટા યુવકોને હમણાં મુંડન ન કરાવીએ તો સારું, કારણ કે તેમને સેવામાં જોડવા છે, જેમાં મોટા-મોટા માણસોને મળવાનું રહેશે.'

આ સાંભળી સ્વામીશ્રીએ જણાવ્યું : 'તમે બધા મોટા માણસોને મળો છો કે નહીં ? તમારે પણ મુંડન છે, તેમાં શું ફેર પડે છે ? ઊલટું મુંડન હોય તો લોકો રાજી થાય કે લંડનથી આવેલા આવા ભણેલા યુવકો પણ મુંડન કરાવે છે ! માટે મુંડન તો કરાવી જ દો.'

સ્વામીશ્રીના અભિપ્રાયમાં સ્પષ્ટતા અને દૃઢતા, બંને રહેતા. વકીલનો કાળો ડગલો વકીલાતના જ્ઞાનમાં એક ટકાનો પણ ઉમેરો કરતો નથી, પણ તે ડગલો કાર્ય પ્રત્યેની સભાનતા ઊભી કરે છે. બાહ્ય વેશ-કેશ આંતરિક સજ્જતા આપે છે. તે પ્રમાણે સાધુ થવા આવેલા યુવાનો પણ ભીતરથી સાધુમાર્ગ માટે સભાન-સાવધાન બને તેવા કંઈક હેતુસર સ્વામીશ્રીએ મુંડન બાબતે મચક ન જ આપી.

ત્રણેયનું એક સ્વરૂપ

તા. ૧૭/૨ના રોજ અમદાવાદથી વિદાય લઈ સ્વામીશ્રી અસલાલી,

વિદ્યાનગર, આણંદ, ઓચ્છણ, દોરા થઈને સરભાણ આવી પહોંચ્યા.

આ અરસામાં મોતિયો ઉતરાવેલી તેઓની આંખોમાં કોઈ હાનિ ન પહોંચે તે હેતુથી, ધૂળ-ધૂપનો અનુભવ કરાવતાં પધરામણીઓ, નગરયાત્રા વગેરે આયોજનો ન ગોઠવવાની સલાહ નહીં, આદેશ જ તબીબોએ જારી કરેલો. છતાં ઠેકાણે ઠેકાણે આવા કાર્યક્રમો ઘડાઈ જતા અને તે પડી ન ભાંગે તેની સ્વામીશ્રી પૂરી તકેદારી રાખતા! તેઓ પોતાના દેહને કચડતા, પણ ભક્તોના ભાવને નહીં. તેથી ધૂળ-ધૂપમાં ધામધૂમ ચાલતી રહેતી.

તે મુજબ તા. ૧૮/૨ના રોજ સ્વામીશ્રી સરભાણમાં આવ્યા ત્યારે આખા દિવસની ૩૫ પધરામણીઓ તો કરી ચૂકેલા. તેમાં વળી અહીં ટ્રેક્ટરમાં નગરયાત્રા યોજાઈ. છતાં વાહન અને વ્યવસ્થા, બંનેની અગવડ હસતા મોંએ ઝીલી ટ્રેક્ટરમાં બિરાજવા ગયેલા સ્વામીશ્રી, ટ્રેક્ટરમાં ચડતાં પહેલાં ઠાકોરજીવાળા સંતને પ્રથમ ચઢવાની સૂચના આપવાનું ન ચૂક્યા. ટ્રેક્ટર હોય કે પ્લેન, સ્વામીશ્રીનું ધોરણ એક જ રહેતું.

આ રીતે નગરયાત્રામાં વિચર્યા બાદ તેઓ સમીપવર્તી ગામ મંજોલા જવા નીકળ્યા ત્યારે આ આખો રસ્તો તો ધૂળથી આંખો ભરે એવો હતો. છતાં સ્વામીશ્રી ભક્તોને રાજી કરી આવ્યા અને ત્યાંથી પરત ફરી સરભાણમાં રાત્રિસભાનો લાભ પણ આપ્યો.

*'જેને તન સુખનો છે ત્યાગ...'*ની તેઓની આ શૈલી તા. ૧૯/૨ના રોજ તો બરાબર ઝળકી રહી. આજની સવારે સરભાણમાં જ ૫૦ પધરામણીઓ કરીને સ્વામીશ્રી આમોદ, કેલોદ, ભરૂચ, ખરચી, ભીલવાડા થઈને રાત્રે ઝગડિયા પહોંચ્યા. અહીં ગાયકવાડી ધર્મશાળામાં ધર્મલાભ આપી તેઓ પોઢ્યા ત્યારે આજના વિચરણની તવારીખમાં ૭ ગામ, ૭૫ પધરામણીઓ, ૪ સભાઓ અને એક નગરયાત્રા નોંધાઈ ચૂકેલાં!

એક બાજુ અમદાવાદમાં અભૂતપૂર્વ મહોત્સવની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહેલી, ત્યારે સ્વામીશ્રી તો તે મહોત્સવના ભારથી તદ્દન અલિપ્ત રહીને એ ઉત્સવ-સ્થળથી સેંકડો કિલોમીટર દૂરનાં ગામડાં ઘૂમી રહેલા! કાર્યમાં ડૂબવા છતાં તેઓ પલળતા નહીં તેની આ નિશાની!

મહોત્સવના સૂત્રધાર સ્વયં હોવાથી ઉત્સવ સંબંધી રજેરજ વિગતોમાં રસબસ હોવા છતાં, તેથી સાવ જ હળવા અને અળગા જણાતા સ્વામીશ્રીને એકલા કર્મયોગી કે જ્ઞાનયોગી કે ભક્તિયોગીનું બિરૂદ આપવું એ તેઓને

અન્યાય કરવા જેવું છે. તેઓ તો હતા આ ત્રણેયનું એક સ્વરૂપ !

મારા ભાગ્યમાં ગરમ ખાવાનું લખ્યું જ નથી !

તા. ૨૦/૨ના રોજ પણ જારી રહેલી સ્વામીશ્રીના વિચરણની તેજ રફ્તારે અડધા દિવસમાં જ ઝગડિયા, અવિધા, રાજપારડી, હરિપુરા, અછાલિયાને પાવન કરી દીધાં.

અહીંથી પાટણા પધારેલા તેઓ જમવા બિરાજ્યા ત્યારે બપોરના પોણા ત્રણ વાગી ચૂકેલા ! તે સમયે સામે બેઠેલા સંતસ્વરૂપદાસ સ્વામીએ કહ્યું : 'બાપા ! આજે ત્રીજી વાર રસોઈ ગરમ કરી. આટલું મોડું કરાતું હશે ?'

'તમે લખી રાખો. મારા ભાગ્યમાં ગરમ ખાવાનું લખ્યું જ નથી !' સ્વામીશ્રી બોલ્યા.

આટલા જ શબ્દોમાં લોકકલ્યાણ માટે સ્વામીશ્રીએ વેઠેલાં અપાર કષ્ટોની દીર્ઘ દાસ્તાન છુપાયેલી છે. *'ભૂખ-તરસનું ભૂલીને ભાન, એ જ કામમાં રાખીશ ધ્યાન...'*ની રીતે જન-જનના ઉત્કર્ષ માટે ઘૂમનારા તેઓ યુગો સુધી અદ્વિતીય રહેશે.

ભગવાન હમેશ ભાવથી, ભજતાં રોજ નવીન લા'વથી

પાટણામાં ભોજન બાદ સાયંસભાનો લાભ આપી, નગરયાત્રાના સ્વરૂપમાં ફળિયાના નાકે પધારેલા સ્વામીશ્રી અહીં મંદિરનું ખાતમુહૂર્ત કરી સીધા જઈ પહોંચ્યા હરિજનવાસમાં !

અહીંના સત્સંગી હરિજનોએ તેઓની પધરામણી નિમિત્તે આખો વાસ શણગારેલો. સ્વામીશ્રી ઘરઆંગણે આવતાં આ ગરીબ મનુષ્યોના આનંદનો પાર ન રહ્યો. તે સૌનાં થનગનતાં હૈયાં ગાવા લાગ્યાં : *'દીન જાણી મને દયા કીધી ઘણી...'*

હરિજનોનાં હૈયાંને હિલોળતાં કરી રાજપીપળા પહોંચેલા સ્વામીશ્રીએ અહીં રાત્રે ટાઉન હૉલમાં યોજાયેલા સત્કાર સમારંભમાં શહેરના શ્રેષ્ઠીઓનું સન્માન ઝીલ્યું. ત્યારબાદ તેઓ તા. ૨૧/૨ની સવારે લક્ષ્મીનારાયણ મંદિરે પધાર્યા. અત્રે ચોકમાં પીપળા અને ઔદુમ્બરનાં વૃક્ષોનું રોપણ કરી તેઓ ભદામ પહોંચ્યા. અહીં દત્ત મંદિરના હૉલમાં સત્સંગ-લાભ આપી લાછરસને પાવન કર્યું.

સ્વામીશ્રીના પૂર્વાશ્રમનું આ મોસાળ. તેથી દ્વારકાધીશ ગોકુળમાં આવે ને ગોકુળ ઘેલું થઈ જાય, તેમ સ્વામીશ્રીને વધાવવા પટેલ ભાગ, દેસાઈ ભાગ સહિત આખું ગામ રમણે ચડ્યું. લગભગ ૪૫ વર્ષ પછી તેઓ અહીં પધારતાં હોવાથી ગામની શેરી-શેરી સજાવવામાં આવેલી. સૌ સ્વામીશ્રીને સ્નેહસમેત સત્કારી તેઓને મોસાળના ઘરમાં લઈ ગયા. અત્રે પૂર્વાશ્રમના મામા હીરાભાઈને સ્વામીશ્રીએ કંઠી પહેરાવી 'સ્વામિનારાયણ'નું ભજન કરવાની શીખ આપી.

આ પ્રેરણા તેઓએ લાછરસ બાદ વાવડીમાં વહાવી. આ ગામના જે મહોલ્લામાં સત્સંગીઓ રહેતા તેનું નામાભિધાન દ્વિશતાબ્દી નિમિત્તે 'સ્વામિનારાયણ મહોલ્લો' રાખવામાં આવેલું. સ્વામીશ્રીએ ઉત્સાહપૂર્વક તે પાટિયાનું પૂજન કર્યું!

દ્વિશતાબ્દીલક્ષી નાનામાં નાના કાર્યને પણ તેઓનો સથવારો મળી રહેતો. સાચે જ, તેઓની પરાભક્તિ અમાપ હતી. સાથે ભીડાભક્તિ પણ, કારણ કે વાવડીથી દેડિયાપાડા પધારેલા સ્વામીશ્રી જમવા બિરાજ્યા ત્યારે સમય થયેલો બપોરના સાડા ત્રણ વાગ્યાનો!

અહીં ઠાકોરજી જમાડ્યા બાદ દસેક પધરામણીઓ કરીને તેઓ ગુજરાતના સરહદી ગામ સેલંબા પહોંચ્યા. આદિવાસીઓના વેપારી મથક સમા આ ગામમાં ભક્તોએ સ્વામીશ્રીને સત્કાર્યા ત્યારે રાત્રિના આઠ વાગેલા.

ભરૂચ જિલ્લાના આ વિચરણમાં રોજ ધૂળિયા રસ્તા પરથી પસાર થવાનું બનતું. પધરામણીઓમાં પણ ધૂળ ઊડે. વળી, તાપ-થાક શરીર રગડે. તેથી સહપ્રવાસી સંતો જ્યાં ઉતારો આવે ત્યાં હાથ-પગ, મોં ધૂએ. જમવા બેસતાં પૂર્વે આમ શરીર સ્વચ્છ કરી તાજગી અનુભવે.

તેઓની આ ક્રિયાની નોંધ સ્વામીશ્રી લે. તેઓને તે સામે કોઈ વાંધો પણ નહીં, પરંતુ તેઓને જે ખૂંચ્યું તે જણાવતાં તેઓએ એક વાર કહ્યું: 'આપણી સાથે ઠાકોરજી છે. તેમને પણ ધૂળ ઊડી હોય. મુસાફરીનો થાક લાગ્યો હોય. માટે તેમને પણ બપોરે અને સાંજે જમતાં પૂર્વે સ્નાન કરાવવું.'

*'ભગવાન હમેશ ભાવથી, ભજતાં રોજ નવીન લા'વથી...'*ની સ્વામીશ્રીની શૈલીમાંથી નીકળેલું આ સૂક્ષ્મ સૂચન તેઓની વિરાટ પ્રતિભા ઉઘાડી ગયું.

મને ઊભો કરો!

સેલંબામાં પોતાના ઉતારે જમીન પર પાથરેલા એક ગાદલા પર

બિરાજમાન થઈ પત્રવ્યવહારની સેવા કરી રહેલા સ્વામીશ્રીને થોડી વારે કામ પૂરું થયે ઊભા થવું હતું, પણ તેઓના પગ એવા જકડાઈ ગયા કે તેઓ જાતે ઊભા થઈ શકે તેમ ન રહ્યું. તેથી સામે બેઠેલા સંતોને સંભળાય એમ બોલ્યા: 'મને ઊભો કરો!... મને ઊભો કરો!'

એક જ વાક્યની આ દ્વિરુક્તિ સ્વામીશ્રીના કષ્ટને છતી કરી રહી. તેઓ રીતસર કણસતા હોય તેમ લાગતાં ચિંતાના માર્યા સંતો એકદમ સ્વામીશ્રી પાસે આવી ગયા અને તેઓને હળવે રહીને ઊભા કર્યા. ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'ચિંતા જેવું નથી. આ તો પગ દુઃખે છે!'

સ્વામીશ્રીના આ ઉદ્‌ગારે સંતોનાં હૈયાં વલોવી નાંખ્યાં. 'હાલમાં દિવસનાં પાંચ-છ ગામની સરેરાશથી ગામડાં ઘૂમી રહેલા સ્વામીશ્રીને આ તકલીફ ક્યારથી નડતી હશે? કેટલી કનડતી હશે?'ના વિચારોમાં જ તેઓનું મન ખોવાઈ ગયું.

सर्वदा सुखिनः सन्तु

તા. ૨૨/૨ની સવારે સેલંબાથી સાગબારા અને કનખડી થઈને નેત્રંગ પહોંચેલા સ્વામીશ્રીએ, અહીં નિર્માણાધીન મંદિરની જમીન પર પુષ્પો છાંટી આદિવાસીઓના ઉત્કર્ષકેન્દ્રના શ્રીગણેશ કરી દીધા.

ત્યારબાદ તેઓ નેત્રંગથી વાલિયાને લાભ આપતાં અંકલેશ્વર પધાર્યા ત્યારે અત્રે તેઓએ એ.એન.જી. હાઈસ્કૂલમાં ઉતારો કર્યો!

જે સ્વામીશ્રી મહિના-દા'ડા પછી આવી રહેલા દ્વિશતાબ્દી મહોત્સવે હજારોના આવાસ-નિવાસની નિઃશુલ્ક વ્યવસ્થા કરવાના હતા તેઓ આજે શાળાની એક ઓરડીમાં ઊતર્યા!! નિઃસ્વાર્થ સમાજસેવાનું આથી મોટું ઉદાહરણ ક્યું મળી શકશે?!

સેવાની આ સડકે ચાલતા સ્વામીશ્રી તા. ૨૩/૨ના રોજ અંકલેશ્વરથી વિદાય લઈ ગડખોલ, ભરૂચ, હલદરવા, કવીઠામાં સત્સંગની સરવાણી વહાવી રાત્રે સાડા આઠ વાગ્યે સારસા પધાર્યા ત્યારે તેઓ માત્ર છ જ દિવસમાં ભરૂચ જિલ્લાનાં આઠ તાલુકા અને બત્રીસ ગામો ઘૂમી વળેલા!

સારસા પહોંચેલા સ્વામીશ્રી શોભાયાત્રા અને સત્કારસભા બ..દ પ્રભુદાસભાઈના ઘેર બિરાજ્યા ત્યારે અહીં ડૉક્ટર સ્વામી, ઈશ્વરચરણદાસ સ્વામી વગેરે સંતો તેઓને મળવા આવ્યા. તેઓ સાથે થઈ રહેલા ઉત્સવ

સંબંધી વિમર્શ વખતે અમદાવાદમાં ફાટી નીકળેલી આકસ્મિક અશાંતિનો મુદ્દો નીકળ્યો. તે સંદર્ભમાં કો'ક બોલ્યું: બાપા! આ બધું સમૈયા સુધી શાંત થઈ જાય એવી કૃપા કરો. પછી ભલે થતું.'

'પછીયે શું કામ થાય?' સ્વામીશ્રી તરત જ બોલ્યા અને જણાવ્યું: 'સદંતર બંધ જ થઈ જાય એવી મહારાજને પ્રાર્થના કરવી. અશાંતિ કે ઉપાધિ સમૈયા દરમ્યાન કે પછી પણ ન રહે તેવી મહારાજને પ્રાર્થના.'

સ્વામીશ્રીની પ્રાર્થના 'સર્વેऽત્ર સુખિનઃ સન્તુ'ની સાથે 'સર્વે સર્વદા સુખિનઃ સન્તુ'ની પણ રહેતી.

દલે દયા અત્યંતજી

સારસાથી વિદાય લઈ ભાલેજ અને ઉત્તરસંડાને પાવન કરતાં ચકલાસી પધારેલા સ્વામીશ્રીએ, અહીં તા. ૨૫/૨ની સવારે બાળસભામાં લાભ આપી દ્વિશતાબ્દી નિમિત્તે બટાટાના ધર્માદા માટે ૭૪ પધરામણીઓ કરી. ત્યારબાદ તેઓ વેનપુરા, શાંતિપુરા, માતર, પીપલગ, ગુતાલ, વલાસણ, કરમસદ, વિદ્યાનગર થઈને તા. ૨૭/૨ના રોજ રામોલ આવી પહોંચ્યા.

અહીં ગામના પાદરે દ્વિશતાબ્દીની સ્મૃતિમાં તૈયાર થયેલી પાણીની પરબનું ઉદ્‌ઘાટન કરી સ્વામીશ્રી ડેમોલ જવા નીકળ્યા.

આ મુસાફરીમાં તેઓએ મુદ્દાની વાત કરી કે ''સ્કૂલ કરીએ કે હૉસ્પિટલ કરીએ કે સમૈયા-ઉત્સવ કરીએ, પણ નિષ્ઠાવાળા હરિભક્તો છે તે જ સેવા કરવાના છે અને ઘસારો વેઠવાના છે. શાસ્ત્રીજી મહારાજ કહેતા, 'આ આશાભાઈ, મોતીભાઈ અમારા કરોડપતિ.' તેઓને બંનેને માથે વાળ એટલું દેવું. પણ શાસ્ત્રીજી મહારાજ કહે, 'આ જ હરિભક્તો મંદિરો પૂરાં કરશે. બીજા સેવા કરવા નહીં આવે.''

હરિભક્તોનાં સેવા-સમર્પણની સ્વામીશ્રી આમ સરાહના કરી રહેલા ત્યારે કોઈકે પૂછ્યું: 'બાપા! આપનું ઉપનામ 'પ્રમુખસ્વામી' ક્યારથી અને કોણે શરૂ કર્યું?'

'શાસ્ત્રીજી મહારાજના વખતમાં કોઈ કહેતું નહીં. શાસ્ત્રીજી મહારાજ પોતે મોટા ભાગે નારાયણમુનિ અને કોઈ વાર નારાયણ સ્વામી કહેતા. લખવામાં હંમેશા 'શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસ' એમ લખતા. શાસ્ત્રીજી મહારાજ ધામમાં ગયા પછી શરૂ થયું. કોણે શરૂ કર્યું તે યાદ નથી.' સ્વામીશ્રીએ

ખુલાસો કર્યો.[૪૨]

આ વાતચીતમાં જ ડેમોલ આવી જતાં સ્વામીશ્રી અહીં રુગ્ણાલય અને પ્રસૂતિગૃહનું ઉદ્‌ઘાટન કરી ડભોઉ, સોજિત્રા, પેટલાદ, બોચાસણ, બોરસદ, ભાદરણને પાવન કરતાં તા. ૨૮/૨ની સાંજે ચાંદોદ પધાર્યા.

અત્રે તા. ૧/૩ના રોજ ગામના પૌરાણિક શેષનારાયણ મંદિર તથા સ્વામિનારાયણ મંદિરે દર્શન બાદ, તેઓએ મલ્હારરાવ ઘાટે ઠાકોરજીને નર્મદા-જળમાં સ્નાન પણ કરાવ્યું. તે વખતે કો'ક ગાયત્રી પુરશ્ચરણ કરી રહેલો ભૂદેવ સ્વામીશ્રીને જોતાં જ તેઓ પાસે આવી ચડ્યો અને પોતાની આર્થિક સંકડામણની વાત રજૂ કરી.

તે સાંભળી *'દલે દયા અત્યંતજી...'*ની પ્રકૃતિ ધરાવતા સ્વામીશ્રીએ હરિભક્તો પાસે સેવા કરાવી તે રંક બ્રાહ્મણની મનોકામના પૂરી કરી. લૂંટાવતા રહેવું એ તો તેઓની લાક્ષણિકતા હતી.

તે સાથે અહીં એક વૃક્ષ નીચે બિરાજી સ્વામીશ્રી કાર્યરત થયા. તે વખતે શૈશવની સ્મૃતિ વાગોળતાં કહ્યું : 'અમે અહીંથી હોડીમાં બેસી સામે કાંઠે જતા અને ત્યાં ડમણિયાં આવે તેમાં બેસી લાછરસ જતા.'

આમ, વૃક્ષ-વારિના સંગમે સ્મૃતિજળની છોળ્ય ઉડાડી સ્વામીશ્રી બ્રાહ્મણોની 'કણ્વ સંસ્કૃત પાઠશાળા'માં યોજાયેલા એક અભિવાદન સમારોહમાં પહોંચ્યા. આ સભામાં આશરે ૨૫ વક્તાઓ હોવાથી બપોરે દોઢ વાગ્યે સમારંભ સમાપ્ત થયો. તે સમયે સ્વામીશ્રીની પધરામણી બદલ 'સન્માન સમિતિ'એ સંસ્થાને ૫૦૧/- રૂપિયાની સેવા જાહેર કરી. પરંતુ સ્વામીશ્રીએ તેમાં ૫૦૦/- રૂપિયા ઉમેરાવી કુલ ૧,૦૦૧/-ની ધનરાશિ સમિતિને જ અર્પણ કરાવી.

ફળદ્રુપ ભૂમિમાં વાવનારો હંમેશા અધિક મેળવે છે, તેમ સ્વામીશ્રીને આપનારો પણ સદા અધિક જ મેળવતો.

આ બ્રહ્મજ્ઞાન ખોટું છે

ચાંદોદથી શિનોર, મોટા ફોફળિયા, આનંદી, ડભોઈ અને અટલાદરાને પાવન કરી લતીપુરા પધારેલા સ્વામીશ્રીની તા. ૨/૩ની રાત્રિસભા પૂરી થતાં

૪૨. કર્ણોપકર્ણ સાંભળવા મળે છે તે મુજબ યોગીજી મહારાજે સ્વામીશ્રીને 'પ્રમુખસ્વામી' કહી સંબોધવાનું શરૂ કરતાં આ નામ લોકજીભે રમવા લાગ્યું.

બાર વાગી ગયા. તેથી ભોજન તૈયાર હોવા છતાં સ્વામીશ્રીએ વાળુ ન કર્યું.

આજે દિવસનાં છ ગામમાં વિચરણનો ભીડો તેઓએ વેઠેલો, તોય 'રાત્રિના બાર વાગ્યા પછી ન જમાય' એ આજ્ઞાનો લીટો સ્વામીશ્રીએ ભૂંસાવા ન દીધો. *'ધર્મે બોલવું, ધર્મે ડોલવું...'* એ તેઓની રીત જ નહીં, વિશેષતા પણ ખરી. ભૂખ્યા પેટે જ રાત્રે બાર વાગ્યા પછી તેઓ સારંગપુરથી આવેલા સંતો સાથે મીટિંગમાં બિરાજ્યા.

છતાં તા. ૩/૩ની સવારે સમયસર પરવારેલા સ્વામીશ્રી લતીપુરામાં પચીસેક પધરામણીઓ કરી સેજાકૂવા થઈને આમળા પહોંચ્યા.

અત્રે યોજાયેલી સત્સંગ-સભામાં તેઓ આશીર્વાદ ઉચ્ચારી રહેલા ત્યારે જ એક ગ્રામજને ખિસ્સામાંથી છીંકણીની ડબ્બી કાઢી. સ્વામીશ્રીની નજર તે પર જતાં તેઓએ કહ્યું : 'એ બંધ રાખો. વ્યસન તો સદંતર છોડી જ દેવું.'

આ સાંભળી એ વ્યક્તિ જ્ઞાનનો ધડાકો કરતાં બોલી : 'વ્યસન કરનારને કહો ને !' (એટલે કે વ્યસન કરનાર તો નાક છે, હું તો તેથી ન્યારો છું.)

ખોરાકનો અપચો જેમ શરીર પર ગૂમડાં દ્વારા ફૂટી નીકળે, તેમ આ વ્યક્તિની જીભ પર બ્રહ્મજ્ઞાનનો અપચો ફદફદી ઊઠ્યો. પરંતુ બ્રહ્મજ્ઞાનના આ અતિરેકનો હળવો રેચ આપી ખુલાસો કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'આ બ્રહ્મજ્ઞાન ખોટું છે. હાથમાં અગ્નિ મૂકીએ ત્યારે ઊંચા-નીચા થવાય છે કે નહીં ? આપણા મોઢામાં ઝેરનું ટીપું મૂકીએ તો શું દશા થાય ? આ તો વ્યસન પૂરતું નાક જુદું છે તેવું બ્રહ્મજ્ઞાન ન ચાલે.'

જ્ઞાન અનુસાર જીવન નહીં, પરંતુ જીવન અનુસાર જ્ઞાન બનાવનારા આ ઢોંગી બ્રહ્મજ્ઞાનીને સાચી સમજ આપી, સ્વામીશ્રી સરસવણી આવી પહોંચ્યા.

અહીં તેઓના સ્વાગતમાં આખા ગામનો ઉત્સાહ ભારે હતો. ગામની ગલી-ગલીને ધજા-પતાકા, પતંગ, ફુગ્ગાઓથી શણગારવામાં આવેલી, પણ સ્વામીશ્રીનો ઉત્સાહ ગ્રામજનોથી અધિક પુરવાર થયો. અત્રે તેઓએ એકધારી ૯૦ પધરામણીઓ કરી વીરપુર જવા વિદાય લીધી.

પરંતુ સ્વામીશ્રી જ્યારે વીરપુરથી મેંઢાદ, ગોરિયાદને પાવન કરતાં કરખડી જઈ પોઢ્યા ત્યારે તો આજના એક દિવસમાં ૮ ગામો, ૬ જાહેરસભાઓ અને ૧૩૦ પધરામણીઓ કરનારા તેઓ પ્રત્યે સૌ અહોભાવથી ઝૂકી ગયા. સૌને સમજાઈ ગયું કે દેહને ખોટો કરી જનકલ્યાણ માટે આમ ઘસી નાંખવો તે સાચું બ્રહ્મજ્ઞાન !

મંદિરમાં કંટાળો આવે તે તો અધમ

તા. ૪/૩ની સવારે જ સ્વામીશ્રીએ કરખડીમાં ૯૩ પધરામણીઓ કરી દીધી ! બીજો કોઈ દિવસોમાં જે ન કરી શકે તે તેઓ ગણતરીના કલાકોમાં કરી દેતા. આ જ રીત અનુસાર સ્વામીશ્રી કરખડીથી દૂધવાડા, કારેલી, ઉબેર, નોંધણા, અમનપુર થઈને જંબુસર પધાર્યા.

અહીં મંદિરમાં દર્શન કરીને જાહેર-સભા સંબોધતાં સ્વામીશ્રીએ કહ્યું : 'આપણું ઘર એનું એ. દાદરો, બારણાં, ઓરડા એનાં એ જ હોય છે. ઑફિસમાં એની એ જ ફાઈલો ઉથલાવવાની હોય છે. વેપારમાં પણ રોજ એકની એક વસ્તુઓ ફેરવવાની હોય છે. છતાં તેમાં કોઈને કંટાળો આવતો નથી. ખેતીવાળો હળ રોજ ફેરવ્યા જ કરે છે, પણ રોજ મંદિરે આવવાનું કહીએ તો કંટાળો આવે. મંદિરમાં કંટાળો આવે તે તો અધમ કહેવાય. ધર્મ, શાસ્ત્ર-વાંચન-શ્રવણ, સત્સંગનો કંટાળો ન લાવવો.'

કંટાળાને ટાળનારી વાતોનો આ પ્રવાહ વહાવી, સ્વામીશ્રી ગવાસદ, પાદરાને પાવન કરતાં અટલાદરા આવી પહોંચ્યા, ત્યારે ૨૩ દિવસોમાં તેઓએ ખેડેલાં ૯૫ ગામોના વિચરણ પર પૂર્ણવિરામ મુકાયું. હવે ઊઘડી રહેલું તેઓની કાલજયી કીર્તિકથાનું એક નૂતન પ્રકરણ.

આવું તો પહેલી જ વાર થાય છે...!

અટલાદરાથી નીકળેલા સ્વામીશ્રી તા. ૫/૩ના રોજ અમદાવાદ પધાર્યા ત્યારે ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ માટેની તમામ તૈયારીઓને આખરી ઓપ અપાઈ ચૂકેલો. તેનું નિરીક્ષણ કરવા તેઓ સાંજે 'સ્વામિનારાયણ નગર'ની મુલાકાતે પહોંચ્યા.[૪૩]

અત્રે સઘળું સેવાકાર્ય નિહાળ્યા બાદ સ્વામીશ્રી પરિષદ-કક્ષમાં બેસી ઉત્સવની પ્રત્યેક પેટા સમિતિઓના પ્રતિનિધિઓ પાસેથી કાર્યવાહીની માહિતી મેળવી રહેલા, ત્યારે જ 'ભારત સાધુ સમાજ'ના મહામંત્રી પૂજ્ય

---

૪૩. દ્વિશતાબ્દી ઉપક્રમે સર્જન પામેલા 'સ્વામિનારાયણ નગર'ની પૂર્વતૈયારીઓનો માહોલ નિહાળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

હરિનારાયણાનંદજી આવી પહોંચ્યા. 'નગર'ના આયોજનમાં ભળેલી સૂઝ, શક્તિ અને સંગઠનની ત્રિવેણીમાં તરબતર થયેલા તેઓના ચહેરા પર મોટું આશ્ચર્યચિહ્ન અંકિત થઈ ગયેલું. તે જ ભાવ પ્રદર્શિત કરતાં તેઓ બોલ્યા: 'તમારું સંગઠન એટલું સુંદર છે કે ગવર્નમેન્ટ પણ આવું કાર્ય કરી શકે નહીં. આ તો સમગ્ર સાધુ સમાજના ગૌરવરૂપ છે. જે મહાત્માઓ અહીં આવશે તે નવી રૂપરેખા લઈને જશે.'

અનેકવિધ ક્ષેત્રોમાં નવી ક્ષિતિજો ખોલી આપનારા સ્વામીશ્રી હવે ઉત્સવ-ઉજવણીની દિશામાં પણ નવાં સીમાચિહ્નો રોપી રહેલા. તે વાતને હરખભેર જણાવી આ મહાત્માએ વળી અહોભાવ ઉચ્ચાર્યો કે –

'અમારાં ઘણાં સંમેલનો થયાં છે. તેમાં સાધુઓ ઘણા આવે છે, પણ સંપ્રદાયના આચાર્યો હજુ સુધી કોઈ આવ્યા નથી. તે અહીં આવનાર છે. આ બધાનું શ્રેય પ્રમુખસ્વામી મહારાજને છે. તેઓ અહીંની બધી પ્રેરણાના સ્રોત છે. આ તો એક વિશિષ્ટ કુંભમેળો થયો. ચાલુ કુંભમેળામાં તો બધાનાં આસનો જુદાં જુદાં હોય છે. અહીં તો બધા એક જ આસને બેસે છે. આવું તો પહેલી જ વાર થાય છે!'

જી હા, 'આવું તો પહેલી જ વાર થાય છે...!' આ ઉદ્‌ગાર કેવળ એક હોઠ કે હૈયાનો નહોતો, પરંતુ ઠેર ઠેર આ જ અનુભવ પડઘાઈ રહેલો. જ્યારે 'સ્વામિનારાયણ નગર' માટે વીજખાતા પાસે ૧,૨૦૦ મેગાવોટ વિદ્યુતપ્રવાહ માંગવામાં આવ્યો ત્યારે આ અધિકારીઓ પણ કરંટ લાગ્યો હોય તેમ બોલી ઊઠેલા: 'આવું તો પહેલી જ વાર થાય છે...!'

ગુજરાત રાજ્યના મુખ્ય સ્થપતિ શ્રી મેવાડા પણ 'નગર'ની સંરચના જોઈ ડોલી ઊઠેલા કે 'આ કાર્ય તો સરકાર કરે કાં તો પ્રમુખસ્વામી કરે, બીજા કોઈનું કામ નહીં.'

સન ૧૯૭૧માં સાંકરીના મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા વખતે સ્વામીશ્રીએ ભગવાન સ્વામિનારાયણનો દ્વિશતાબ્દી મહોત્સવ ધામધૂમથી ઊજવવાનો સંકલ્પ કર્યો ત્યારે કોઈને કલ્પના નહોતી કે તેઓ શું કરવા માંગે છે! સન ૧૯૭૬થી દ્વિશતાબ્દી નિમિત્તે ૨૧ મુદ્દાની પંચવર્ષીય યોગયજ્ઞ યોજના, કીર્તન આરાધના, પુસ્તક પ્રકાશન, તબીબી યજ્ઞો, વ્યસનમુક્તિ-સદાચારવૃદ્ધિ અભિયાન, સાહિત્ય અને તત્ત્વજ્ઞાનની પરિષદો, બચતકુંભ યોજના, અધિવેશનો, 'અક્ષરધામ' શિલાન્યાસ, ગામોગામ ભીંતસૂત્રોનું લેખન, હરિકીર્તન વગેરે

પ્રવૃત્તિનાં પગરણ મંડાયાં ત્યારે સૌના કાને દ્વિશતાબ્દીનો ઉદ્‌ઘોષ ગુંજવા માંડેલો. તે વખતે સૌને લાગતું હતું કે 'દ્વિશતાબ્દી મહોત્સવ ભવ્ય ઉજવાશે', પણ તોય એ ભવ્યતાની કક્ષા અને માત્રાથી તો સૌ અજાણ જ હતા.

દસ હજાર સ્વયંસેવકો અને સેંકડો સંતો સાબરમતી કારાગૃહ અને ગાંધી આશ્રમ વચ્ચે પથરાયેલી બસો એકરની વેરાન ભૂમિ પર વનરાજી ઊભી કરવા લાગ્યા, ત્યારે પણ કોઈને આ ઉત્સવની ભવ્યતાનો અણસાર નહોતો આવ્યો. પરંતુ સ્વામીશ્રીના સંકલ્પ મુજબ જ્યારે 'નગર' તૈયાર થઈ ગયું ત્યારે સૌ બોલવા લાગ્યા કે 'આવું તો પહેલી જ વાર થાય છે...!'

અવનીથી અક્ષરધામનો અર્ચિમાર્ગ

જે પહેલી જ વાર અસ્તિત્વમાં આવેલું તે 'સ્વામિનારાયણ નગર'ના આંગણે સૌને આવકારવા ખડા થયેલા ૧૨૦ X ૪૫ ફૂટના 'અક્ષરદ્વાર'ના કાંગરે કાંગરેથી કલા નીતરી રહેલી. કલકત્તાના કારીગરોએ વાંસના દંડ-સળીઓ અને પડધી તથા નેતર-કંતાન તેમ જ કાગળના માવા પર, સોનેરી, કથ્થાઈ વગેરે રંગો પૂરી સજાવેલા આ દ્વાર આગળ જ અટકી જઈ લોકો બોલી ઊઠતા કે 'આવું તો પહેલી જ વાર થાય છે...!' ભીડ તો ભીડ, ધક્કા ભલે વાગે પણ સૌ તેને ધરાઈને નીરખતા.

આ દ્વારના અગ્રભૂમાં રચવામાં આવેલા ૨૦૦ X ૨૦૦ ફૂટના વિશાળ ચોકની મધ્યમાં સર્જાયેલા વિશાળ ગોળાકાર કુંડ પર, એક બલિષ્ઠ હાથે ઝાલેલી પાંચ શિખાવાળી જ્યોતને તો મુલાકાતી ચારેકોર ફરી-ફરીને જોતો. એ હાથની કેવી આંગળીઓ ને કેવા નખ! હાથની પકડ કેવી રૂઢ અને જ્યોત કેવી પ્રચંડ! વાંસની પટ્ટીઓ જેવાં સાવ નજીવાં સાધનોમાંથી ઊભરી આવેલી આ ઉત્કૃષ્ટ કલાકૃતિ સૌના મુખેથી બોલાવી જતી : 'આવું તો પહેલી જ વાર થાય છે...!'

ભગવાન સ્વામિનારાયણે પ્રગટાવેલી ધર્મજ્યોત આજે પણ સ્વામીશ્રી દ્વારા ઉજાશ ફેલાવી રહી છે અને તે જ્યોતથી ઝળહળતું આ 'નગર', અવનીથી અક્ષરધામનો અર્ચિમાર્ગ છે તે સમજાવતી આ જ્યોતનું અજવાળું અંતરમાં ભરી મુલાકાતી આગળ વધતો. ધર્મજ્યોતના પ્રકાશપંથે થોડાં ડગલાં માંડી 'અક્ષરદ્વાર'ને પાર કરતાં જ તેને ગજરાજ પર આરૂઢ શ્રીજીમહારાજના દર્શન થતાં. અક્ષરબ્રહ્મ જ પરબ્રહ્મ સુધી પહોંચવાનું દ્વાર છે તે મર્મ આ ગતિ-

વિધિ સમજાવતી.

અક્ષરદ્વારથી 'નગર'ના કેન્દ્ર સમા અક્ષર મંદિર સુધી પહોંચવા માટે ૨૦૦ X ૧૦૦૦ ફૂટનો આકર્ષક અક્ષરપથ હતો. વિવિધરંગી આરસના પાષાણખંડોથી સજાવેલી બંને કોરવાળા આ અક્ષરપથ પર, વિવિધ પર્ણ-પુષ્પથી ઝૂમતાં છોડવાં અને નાના-નાના દીપસ્તંભો પર મૂકેલી લંબચોરસ છત્રીમાંથી પ્રકાશિત થતા દ્વિશતાબ્દીના અક્ષરો દિવસે અને રાત્રે અનેરી શોભા ધરતા.

આ અક્ષરપથ પર ઉત્સવમાં મહાલવા નીકળેલા પૂરજનોનાં અર્ધશિલ્પ એવાં સુંદર હતાં કે એટલું જ જોવા માટે લોકો ભેગા થઈ શકત. ઉત્સવિયાની આ પેનલમાં હાથી, ઘોડા, ઊંટ, રથ, મ્યાનો વગેરે જેને જે સાધન મળ્યું તે લઈને તેઓ નીકળી પડેલા. કોઈ ભજનના ભાવમાં હતું તો કોઈ અહોભાવમાં. પણ તે સૌમાં ઉત્સવે જવાનો હર્ષ છલકાતો હતો. આ જોઈને મુલાકાતીઓમાં પણ શ્રીજીના આ સમૈયામાં આવ્યાનો આનંદ ઊભરાઈ જતો.

એ આનંદોર્મિઓ પર દિવ્યતા ઢોળવા ઊભેલા શ્રી નીલકંઠવર્ણી. અક્ષરપથ પર શોભતા ફુવારાની હારમાં વચ્ચે તપમુદ્રામાં ઊભેલા તેઓના શિરે ચારેકોરથી જલધારાઓ વરસી રહેલી.

તે દ્વારા ભીતરથી ભીંજાતો દર્શનાર્થી અક્ષરપથ પર આગળ વધતાં દર્શન પામતો સંસ્થાના પ્રતીક સમી અક્ષર દેરીનાં અને તેની સમીપમાં જ રચાયેલી મંત્રવેદિકાનાં. ૨,૨૨,૨૨,૨૨૨ 'સ્વામિનારાયણ' મંત્રોથી અંકિત મંત્રપોથીઓ સમાવીને ભૂમિનાં તેજ વધારનારી આ મંત્રવેદિકાની જમણી બાજુએ વચનામૃત, શિક્ષાપત્રી, ભક્તચિંતામણિ અને ચરિત્રગ્રંથોના અખંડ પાઠથી ગુંજતી પર્ણ-કુટિરો જગતના ઘોંઘાટને શમાવી બ્રહ્મનાદ ગજાવતી.

આ અક્ષરપથ પૂરો થતાં જ સામેના પર્વત-પોતરા પર ભગવાનના ભવન સમું ૬૫ ફૂટ ઊંચું અને ૩,૩૭૮ ચો.ફૂ.નું અક્ષર મંદિર સોહાતું. રજેરજમાં ઠાંસી ઠાંસીને કલા ભરેલું આ મંદિર પોતાના હૃદયમાં શ્રીજી-મહારાજની વીસ ફૂટ ઊંચી પ્રતિમા પધરાવીને ઊભેલું. વાંસ-નેતરનાં ઝૂલતાં ઝુમ્મરો ધરાવતા આ મંદિરમાં મુલાકાતીઓ દ્વારા થતો ઘંટારવ આઠે પહોર ગુંજતો રહેતો. સવાર-સાંજ આરતીનાં અર્ઘ્ય પણ અપાતાં. 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન તો અખંડ ચાલતી. સાયંકાળે અનેક દીવાઓથી આ મંદિર ઝગમગી ઊઠતું.

અક્ષરપથની ડાબી બાજુએ વિવિધ જીવનોપયોગી વસ્તુઓનાં વિક્રય-

કેન્દ્રો ધરાવતું ૭૨,૦૦૦ ચો.ફૂ.માં પથરાયેલું વ્યાવસાયિક નગર પોતાની મધ્યમાં રામ-પંચાયતનને સમાવી ધમધમતું. તેની સમીપમાં જ 'હરિદર્શન' પ્રદર્શનમાં પધારવાનું નિમંત્રણ આપતો ૫૫ X ૩૫ ફૂટનો ગગનચુંબી ગોપુરમ્ પણ નયનાભિરામ જણાતો.

૯૦,૦૦૦ ચો.ફૂ.નો વિસ્તાર આરક્ષિત કરીને ઊભેલી 'હરિદર્શન'ની સોહામણી પ્રદર્શન-સૃષ્ટિમાં, વૈદિક કાળથી શરૂ થયેલી સંસ્કૃતિધારા, રામાયણ, મહાભારત વગેરેના ઓવારેથી વહેતી-વહેતી ભગવાન સ્વામિનારાયણ દ્વારા કેવી રીતે વેગ અને વિસ્તારને પામી તેની ઝાંખી થતી. આકર્ષક અને આબેહૂબ શિલ્પો, ધ્વનિ-પ્રકાશનું સુચારુ સંયોજન, પ્રસંગોને અનુરૂપ પલટા લેતું વાતાવરણ, વૈજ્ઞાનિક કરામતોનાં કામણ વગેરે અનેક વિશેષતાઓથી સભર આ પ્રદર્શન જોઈને સૌ બોલી ઊઠતું કે 'પ્રદર્શનો તો આ ઢબનાં જ ભરાવાં જોઈએ.'

આ પ્રદર્શન જોવા રોજ ઊભરાતા દર્શનાર્થીઓની સંખ્યા પચાસ હજારના આંકડાને તો આસાનીથી આંબી જતી. રવિવાર કે તહેવારના દિવસે તો ભીડ એટલી વધતી કે 'હરિદર્શન'માં અમુક સમયે પ્રવેશ બંધ રાખવાની નોબતો વાગી જતી. ત્યારે ઘણાને થતું કે 'આવા 'નગર'માં અડધો કે એક રૂપિયો પ્રવેશશુલ્ક રાખ્યું હોત તોય દસ-વીસ લાખ રૂપિયાની આવક સહેજે થાત!' પણ આવક સામે દૃષ્ટિ રાખવાનું તો સ્વામીશ્રીમાં સંભવે જ કેવી રીતે? તેઓ તો આ મહોત્સવમાં આવનારાને મહાપ્રસાદ પણ વિના મૂલ્યે વહેંચતા રહેલા!

નગરમાં જેટલા ચોક હતા ત્યાં કલાત્મક મંડપો રચીને શિવ-પંચાયતન, પર્વત પર વિહરતી ગાયો વચ્ચે રાધા-કૃષ્ણ, માણકી ઘોડી પર સવારી કરીને ઘૂમતા શ્રીજીમહારાજ પર છત્ર ધરી રહેલા અનાદિ સેવક ગુણાતીતાનંદ સ્વામી વગેરેની મૂર્તિઓ મૂકવામાં આવેલી. તેથી આખા 'નગર'ના કોઈ પણ ખૂણે વિહરનારને 'ભગવાન તેની સાથે જ છે' તેવો અનુભવ થયા કરતો.

'અક્ષર મંદિર'ના અગ્નિખૂણે શ્રીજીનાં પદ્મરંગી ચરણારવિંદની ફરતે અખંડ વહેતી જલધારા, જાણે ભક્તિની માળા ફરી રહી હોય અને ધ્યાન પગલાંનું ચાલતું હોય તેવો ભાસ જન્માવતી. આ વહેણમાં ભળીને નજર ઊંચે પહોંચે ત્યાં તો ગિરિકંદરામાં તપસ્વી શ્રીજીમહારાજની મૂર્તિનું મનોહર દર્શન લાધતું.

આ ચરણારવિંદની બંને તરફ ઊભેલા ઝૂંપડી આકારના મંડપોમાં

ભારતના ભક્તકવિઓ અને શ્રીજીના પરમહંસોની અદ્‌ભુત સૃષ્ટિ હતી. તેની સામે હતું 'હરિદ્વાર.' ત્રણ દરવાજાનું આ રોનકદાર દ્વાર બનેલું – ૨,૫૫,૦૧૨ ચો.ફૂ.ના 'સહજાનંદ સભાગૃહ'નું પ્રવેશદ્વાર.

'હરિદ્વાર'ની બંને બાજુ જે જે દેશોમાં સત્સંગની લહર પ્રસરેલી તે તે દેશોના ધ્વજ 'નગર'ની આબોહવામાં લહેરાઈ રહેલા.

'સભાગૃહ'માંથી બહાર નીકળતાં શરૂ થતી ૬૪,૫૬૦ ચો.ફૂ.ની 'ઘનશ્યામ' બાળનગરી. પપેટ શૉ, સ્લાઈડ શૉ, ચકડોળ વગેરે મનોરંજનનાં સાધનોથી સુસજ્જ આ બાળનગરીનું મુખ્ય આકર્ષણ હતું – ૧૧૦ મી. લાંબો અને ૨૭ ફૂટ ઊંચો રોપ-વે. આભે બાંધ્યા તોરણ જેવો તે સૌને આનંદમાં ઝુલાવતો.

આ બાળનગરીની સમીપમાં જ એક વિરાટ પડદા પર 'ક્યા આપ જાનતે હૈં?' ફિલ્મની દૃશ્યાવલીઓ ચાલ્યા કરતી. ભગવાન સ્વામિનારાયણના જીવન-કાર્યનો ચિતાર આપતી આ દસેક મિનિટની ફિલ્મ જોવા પણ ખાસ્સી ઠઠ જામતી.

આવા અનુપમ 'નગર'ની એક ભવ્ય રચનારૂપે રહેલો ૬૦ ફૂટ ઊંચો 'અમૃતકુંભ' સૌ પર માંગલ્યની વૃષ્ટિ કરતો. યજ્ઞશાળા અને ભોજનશાળા તરફ જવાનું એ પ્રવેશદ્વાર. વાંસ-વળીની આ સૌથી મોટી કૃતિમાં કુંભની ઉપર આંબાનાં પાન અને શ્રીફળની રચના કરેલી. યજ્ઞના દેવતાઓ પ્રસન્ન થઈને કુંભ સાથે પ્રગટ થતા, એ પુરાણપ્રસિદ્ધ કથાનક આ રચના દ્વારા તાદૃશ કરવામાં આવેલું.

આમ, પળે પળે 'આવું તો પહેલી જ વાર થાય છે...!'નો અનુભવ કરાવતા આ 'નગર'નું એક અગત્યનું અંગ એટલે અન્નપૂર્ણા સમી ભોજનશાળા. ૬,૬૫,૭૩૧ ચો.ફૂ.માં ફેલાયેલી આ પાકશાળા એક સાથે વીસ હજાર મુલાકાતીને મહાપ્રસાદ જમાડી શકવાની ક્ષમતા ધરાવતી. આ રસોડાને ધમધમતું રાખવામાં મહિલાશક્તિએ તેની તમામ કુનેહ અને ભક્તિ કામે લગાડી દીધેલાં. હજારોના હિસાબે ભોજન તૈયાર કરવું કે શાક સુધારવાં કે અનાજ સાફ કરવામાં તેઓની મહેનત અપાર હતી.

'નગર'ની કુદરતી શોભા મહંત સ્વામીને આભારી હતી. તેઓ મહિનાઓ પહેલાં અહીં 'નર્સરી'ની રચના કરતાં હજારો છોડ લઈ આવેલા. જગ્યાએ જગ્યાએ લીલું ઘાસ તેમ જ લીલોતરી વાવીને પણ સારી શોભા

કરેલી. ખજૂરીનાં આખા ઝાડ લાવીને વાવેલાં અને પાન સુકાયાં ત્યારે એને રંગ વડે લીલાં પણ રાખેલાં. જ્યાં જ્યાં મંડપોની રચના કરેલી ત્યાં રંગબેરંગી પથ્થરોની સુંદર આકૃતિઓ પણ તેઓએ રચાવેલી અને શોભાના છોડ તો બધે જ મુકાવેલા.

'નગર'ના ભાગરૂપ ૧૦,૯૦,૦૭૪ ચો.ફૂ.માં વિસ્તરેલું 'છપૈયાપુરમ્' ૨૫,૦૦૦ વ્યક્તિઓના આવાસની વ્યવસ્થા ધરાવતું હતું, તો વિશાળ 'સ્વયંસેવક નગર' પણ 'નગર'નું એક નજરાણું.

આમ, *'તે સમયની શોભા સકળ તો ભાખી ન શકે ભારતી...'* જેવું આ 'નગર' સ્વામીશ્રીએ માત્ર બે-ત્રણ ઊડતી મુલાકાતોએ આવીને તૈયાર કરી દીધેલું ! તેઓના સાધુતાસભર મૅનેજમૅન્ટનું આ એક ઉત્કૃષ્ટ ઉદાહરણ.

અડગ આસ્થાની આધારશિલા

એક તરફ જ્યારે આવા અલૌકિક 'નગર'ની રચના આગળ ધપી રહેલી ત્યારે જ અમદાવાદ આતંકની આગમાં હોમાયેલું. શહેરને વીંધીને વહેતી સાબરમતીના કાંઠે ખૂલવા માંડેલાં તોફાનો, પથ્થરમારો, લાઠીપ્રહાર, ગોળીબાર અને સંચારબંધીનાં પ્રકરણો જોઈ સૌને દહેશત વળગેલી કે – 'આગજની અને ખંજરનાચનાં આ વાતાવરણમાં 'નગર' ઊભું કરવું તે કેટલું હિતાવહ ?', કારણ કે આખું 'નગર' વાંસ-કંતાનનું બનેલું. લાક્ષાગૃહને આગમાં ઓગળતાં પળ ન થાય, તેમ આ 'નગર'માં આવીને કો'ક અળવીતરો ચિનગારી ચાંપી દે તો ? 'નગર'ની વ્યાવસાયિક દુકાનોમાં કરોડોની કિંમતનો માલ ગોઠવાતો હતો. તેની હિફાજતનું પણ શું ?

ચારેબાજુથી આવા ભયની ભીંસ વધતાં સ્વામીશ્રી સમક્ષ સૂચન પણ મુકાયેલું કે 'આપણે ઉત્સવ મોકૂફ રાખીએ તો કેવું ?'

તે વખતે સૌની શંકાનાં વાદળો વિખેરતાં સ્વામીશ્રીએ જણાવેલું : 'આપણે ઉત્સવ તો નક્કી કર્યા પ્રમાણે જ ઊજવવો. મહારાજ બધું સારું કરશે. દેશકાળ ઉડાડી દેશે.'

તેઓની આવી અડગ આસ્થાના પાયા પર ઊભું થયેલું ૨૦૦ એકરનું આ 'નગર' ! તેથી જ શહેરમાં છાશવારે થતા રહેતા અશાંતિના અટકચાળા વચ્ચે પણ આ ભૂમિ પર આવતાં સૌને શાંતિ અનુભવાતી.

ભારતમાં લોકમેળા તો ઠેર ઠેર થાય છે. મોટાં અધિવેશનો કે રેલીઓ

વખતોવખત યોજાય છે. પવિત્ર સ્થળોએ મોટાં પર્વ ઊજવાય છે. તેની વ્યવસ્થા જાળવવાની તજવીજ જાહેર સંસ્થાઓ કે સરકાર કરતાં રહે છે, પણ ત્યાં કોઈ ને કોઈ કારણસર અથડામણો સર્જાતી જોવા મળે છે. આ 'નગર'માં આવી કોઈ દુર્ઘટના બનતી નહોતી, એ જ સૌને મન મોટું આશ્ચર્ય હતું! આ શાંતિનાં મોજાં ધીરે ધીરે શહેરમાં પ્રસરવા માંડતાં તેની પરિસ્થિતિ પણ થાળે પડતી ચાલી.

'નગર'માં રોજેરોજ સેવા કરતા હજારો સ્વયંસેવકોમાંથી ન તો કોઈએ પ્રમાદ કર્યો કે ન તો બગાડ, ન પક્ષપાત રાખ્યો કે ન પૂર્વગ્રહ, ન ઉદ્વેગ કે ન અભાવ. કોઈ બદલા કે વળતરની આશા નહીં. ન કશી ફરિયાદ કે ન સગવડની માગણી. ન કોઈને શોધવા પડે કે ન એના મિજાજ સાચવવા પડે. સેવામાં એવા તન્મય કે કોઈ સ્વયંસેવકે થાક કે કંટાળાનું નામ ન લીધું. શ્રીજીમહારાજ પ્રત્યે પૂર્ણ નિષ્ઠા અને સ્વામીશ્રી પ્રત્યે અપાર શ્રદ્ધા ધરાવતી આ સ્વામી-શ્રીજીની સેનાને, માયાના મોરચે વિજયી થતી જોઈને લોકમાનસ ચકિત થઈ ગયું. ઉત્સવ-ઉજવણીના ક્ષેત્રે આખા દેશમાં એક નવી પ્રણાલી સ્થપાઈ ગઈ!

૨જ ૨જમાં મહારાજ

તા. ૭/૩નો દિવસ સંપ્રદાયના જ નહીં, પણ સંસ્કૃતિના ઇતિહાસમાં અમર થવાની સનદ લઈને ઊગેલો, કારણ કે આજે સંસ્કૃતિના શરીરમાં પ્રાણવાયુનો સંચાર કરતો 'ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ' શરૂ થઈ રહેલો. છેલ્લાં પાંચ વર્ષથી જેની વધાઈનાં વાજાં વાગી રહેલાં, તે ઘડી આજે આવી પહોંચેલી. જ્યારે સ્વામીશ્રીએ રામાનંદી સંપ્રદાયના જગદ્‌ગુરુ શ્રી શિવરામાચાર્યજીના શુભ હસ્તે સવારે નવ વાગ્યે 'અક્ષરદ્વાર'નું રીબન કાપીને ઉદ્‌ઘાટન કરાવ્યું ત્યારે ગગનભેદી જયનાદોથી અમદાવાદ ગુંજી ઊઠ્યું. તેની વચ્ચે સ્વામીશ્રીના વરદહસ્તે અક્ષરમંદિર પણ ખુલ્લું મૂકાયું.

'ભારત સાધુ સમાજ'નું રજત જયંતી મહાઅધિવેશન આ 'નગર'ના શુભારંભ અવસરે જ યોજાયેલું. તેના ભાગરૂપે થનારા એક દિવસીય વિશ્વશાંતિ વિષ્ણુયાગનું ઉદ્‌ઘાટન પૂર્વ વડાપ્રધાન શ્રી નંદાજીએ કર્યું. તેને અનુસરતાં, દિવ્ય જીવન સંઘના અધ્યક્ષ પૂજ્ય ચિદાનંદ સ્વામીએ 'હરિદર્શન' પ્રદર્શન ખુલ્લું મૂક્યું, તો વ્યાવસાયિક પ્રદર્શન તથા બાળનગરીને પણ અનુક્રમે વેપારી મહામંડળના પ્રમુખશ્રી અને શહેરના મેયરશ્રીએ ઉદ્‌ઘાટિત કર્યાં.

ઉદ્‌ઘાટનોની આ પરંપરા બાદ સ્વામીશ્રી તથા સર્વે મહાનુભાવો 'સહજાનંદ સભાગૃહ'માં પધાર્યા. ઝુમ્મરોની શોભાથી ઇન્દ્રપુરી સમા ભાસતા આ સભાગૃહનો મંચ ઉત્કૃષ્ટ કલા-કારીગીરીનો નમૂનો બનેલો. તેના મધ્યમાં વિરાજમાન શ્રીજીમહારાજની નમણી મૂર્તિ આ આખાય માંડવાની ધરી બનીને બિરાજેલી.

તેની સમક્ષ મંગલદીપ પ્રગટાવી મહોત્સવની પ્રથમ સભાનું ઉદ્‌ઘાટન કર્યા બાદ, ઉત્સવની પ્રથમ અમૃતધારા વરસાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'ભગવાન સ્વામિનારાયણની અપાર કૃપા અને દૃષ્ટિથી ખૂબ સુંદર આયોજન થયું છે. બધે જ શ્રીજીમહારાજનાં દર્શન થાય છે. આપણે મહારાજના સાંનિધ્યમાં છીએ તેવું આ નગરનું આયોજન છે. અહીં યજ્ઞ, પ્રદર્શન, પ્રવેશ-દ્વાર, બાળનગરી બધું સુંદર છે, પણ મોટામાં મોટો લાભ આધ્યાત્મિક લાભ છે.'

આ અમીવર્ષાથી 'નગર'ની સકળ સૃષ્ટિને સ્વામીશ્રીએ સજીવન કરી દીધી.[૪૪]

હર્ષ-શોક નહીં લેશ

ઉદ્‌ઘાટનવિધિ સંપન્ન કરી સ્વામીશ્રીને શાહીબાગ રોડ પર યોજાયેલા 'ભારત સેવક સમાજ'ના અખિલ ભારતીય કાર્યકર સંમેલનમાં જવાનું હતું. પરંતુ તે માટે તેઓ મોટરમાં બેસવા મંચથી નીચે પધાર્યા ત્યારે ત્યાં ગાડી હાજર નહોતી. પોતાની સુવિધાસજ્જ ગાડી લઈને સ્વામીશ્રી સાથે વિચરણમાં જોડાયેલા એક હરિભક્ત આ વખતે જ મોટરની મરામત કરાવવા બહાર ગયેલા. આ જાણી સ્વામીશ્રી ત્યાં ઊભેલી એક સાવ સાધારણ જીપમાં બેસીને સંમેલનમાં જવા નીકળી ગયા !

વિરાટ મહોત્સવના અધ્યક્ષ તેઓની આ *'હર્ષ-શોક નહીં લેશ...'*ની સ્થિતિએ સૌને ડોલાવી દીધા !

ખખડધજ જીપનો ડ્રાઇવર તો – 'બે ઘડી પહેલાં ભવ્ય મંચ પર મહાનુભાવોથી વીંટળાયેલા સ્વામીશ્રી મારી સાથે જીપની 'સીટ' પર બેઠા છે !'

---

૪૪. 'સ્વામિનારાયણ નગર'ના આ ઉદ્‌ઘાટનવિધિ તેમ જ ખુલ્લા મુકાયેલા 'નગર'ની દર્શનયાત્રા કરવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

એ વિચારથી જ ફૂલ્યો સમાતો નહોતો. સ્વામીશ્રી જ્યારે સંમેલન સ્થળે પહોંચ્યા ત્યારે તેઓને વધાવવા ઊભેલા આયોજકો પણ તેઓના સમત્વ પર ઓવારી ગયા. મહોત્સવનો પ્રથમ દિન દબદબાભર્યા ઉદ્‌ઘાટનની સાથે સ્વામીશ્રીની સાધુતાના રંગે રંગાઈ ગયો !

સંતસમાજના શિરતાજ છો

મહોત્સવના પ્રારંભમાં યોજાયેલા 'ભારત સાધુ સમાજ'ના મહા અધિવેશન ઉપક્રમે દશનામી, રામાનુજી, નિર્મલ અખાડા, નિર્મોની અખાડા, અગ્નિ અખાડા, નિર્વાણ અખાડા, નિરંજન અખાડા, ઉદાસીન ખડા અખાડા, બડી છાવણી, રામાનંદી, દાદુપંથી, કબીરપંથી, વીરશૈવ, લિંગાયત, નાથ યોગી વગેરે સંસ્થા-સંપ્રદાયોના ૧,૨૦૦ જેટલા મહંતો-મંડલેશ્વરો પધારેલા. આ સંતોના આવાસ માટે 'સ્વામિનારાયણ નગર'માં જ 'સંતનગર' સર્જવામાં આવેલું. 'નગર'નું સમીપવર્તી પરીક્ષિત વિદ્યાવિહારનું સંકુલ પણ 'સંતધામ' બની રહેલું. ભારતમાં કાર્યરત સાધુ-સંસ્થાને સ્વામિનારાયણના મંચ પર એકત્રિત કરી, સ્વામીશ્રીએ સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયમાં અજોડ કાર્ય કરી બતાવ્યું. સ્વાગત સમિતિના અધ્યક્ષ તરીકે તેઓએ પાઠવેલું આમંત્રણ સ્વીકારીને, ભારતના ખૂણેખૂણેથી જાણે અડસઠ તીર્થ અમદાવાદના આંગણે પધારી ચૂક્યાં !

આ સંતોનાં દર્શન શહેરવાસીઓને થાય તે હેતુથી તા. ૭/૩ની સાંજે ચાર વાગ્યે ન્યૂ ક્લૉથ માર્કેટથી 'નગર' સુધીની ભવ્ય શોભાયાત્રા નીકળી.

'નગર'માં આ યાત્રાના વિરામ સાથે જ શરૂ થનારી 'ભારત સાધુ સમાજ'ની સ્વાગત-સભા પૂર્વે, સાધુ સમાજના અધ્યક્ષ શ્રી રામસ્વરૂપ શાસ્ત્રીજી દ્વારા 'હરિદ્વાર'નું ઉદ્‌ઘાટન થયું. ત્યારબાદ 'સહજાનંદ સભાગૃહ'માં પ્રવેશેલા સંતો-મહંતો અહીં સોપાનપંક્તિયુક્ત મંચ પર એક આસને બિરાજ્યા. સૂર્ય-માળથી ઝગમગતા આકાશની જેમ આ સંતમાળથી સભામંડપ શોભી ઊઠ્યો !

તેમાં રેલાવા માંડેલા સંતવાણીના પ્રકાશમાં રંગ પૂરતાં અધ્યક્ષ શ્રી રામસ્વરૂપદાસ શાસ્ત્રીએ જણાવ્યું કે 'પ્રમુખસ્વામી જેવી વિભૂતિઓ સમાજમાં છે તેથી અમારું સાધુ સમાજનું મસ્તક ઊંચું રહે છે. અહીંની શિસ્ત, સંયમ, ધર્મભાવના અને સેવા જોઈ કહેવું પડશે કે જગતમાં સાત્ત્વિકતાનું વાતાવરણ પ્રમુખસ્વામી લાવશે. અમદાવાદ, ગુજરાત નહીં પણ આખું વિશ્વ તમારું છે.'

હૃદય સમ્રાટ પર મુગ્ધ સાધુ સમાજ

તા. ૮/૩ના રોજ શરૂ થનારી ભારત સાધુ સમાજના અધિવેશનની વિવિધ બેઠકો નિમિત્તે આવેલા કેન્દ્રીય રેલમંત્રી શ્રી કેદાર પાંડેને સ્વામીશ્રીએ શાહીબાગના મંદિરે આવકાર્યા ત્યારે તેઓને જોતાં જ આ મંત્રીના મુખમાંથી શબ્દો સરી પડ્યા: 'પ્રમુખસ્વામી મહારાજનાં દર્શનમાત્રથી પ્રતીતિ થાય છે કે તેઓ આગળ વધેલા મહાત્મા છે.'

આ રેલમંત્રીની સાથે આજની સાંજે 'નગર'માં શરૂ થયેલા અધિવેશનના અવસરે ઉપસ્થિત પૂર્વ વડાપ્રધાન શ્રી નંદાજીએ પણ કહ્યું કે 'આ સંમેલનનું શ્રેય પ્રમુખસ્વામીને છે. મારામાં જે થોડી યોગ્યતા આવી છે તેના બે સ્રોત છે: એક મહાત્મા ગાંધી અને બીજો કે જે બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સંસ્થાનો હું અનુયાયી છું. જ્યાં જે લખ્યું છે તેનો સાર હું વચનામૃત અને શિક્ષાપત્રીમાં દેખું છું.'

આવા હૃદયોદ્‌ગારો સાથે આરંભાયેલા અધિવેશનના પ્રારંભિક સત્રથી તા. ૧૦/૩ના રોજ યોજાયેલા સમાપન સત્ર સુધી વિવિધ વિષયોના આધારે વિચાર-વિમર્શ ચાલતા રહ્યા, જેમાં સદાચાર અને નૈતિક શિક્ષા, રાષ્ટ્રીય એકતા અને સંસ્કૃતિનિષ્ઠા, વિશ્વશાંતિ - અહિંસા - ગોરક્ષા - ધાર્મિક જીવન અને ધર્મ-સંસ્થાનોનું રક્ષણ વગેરે મુદ્દાઓ પર વિશદ છણાવટ થઈ. વડાપ્રધાન, ઉપરાષ્ટ્રપતિ વગેરેના સંદેશાઓનાં વાંચન સાથે મહત્ત્વપૂર્ણ ઠરાવો પણ થયા. સ્વામીશ્રી આ પ્રત્યેક સત્રમાં પાઘ નીચે મૂકીને બિરાજ્યા. તેઓની આ નમ્રતા સૌ માટે હૃદયસ્પર્શી બની રહી.

તા. ૧૦/૩ની સવારે તો શાહીબાગના મંદિરે ભરાયેલી મંડલેશ્વરોની બેઠકમાં સ્વામીશ્રી પધાર્યા ત્યારે તેઓને જ બેસવા સારુ જગ્યા બચી નહોતી. પરંતુ તેથી લેશ ક્ષોભ પામ્યા સિવાય તેઓ સ્વાગતાધ્યક્ષ હોવા છતાં એક કોરે બેસી ગયા!

તેઓની આ રીતથી મહંતો ચોંકી ઊઠ્યા. તે સૌએ સ્વામીશ્રીને મધ્યમાં આવી બિરાજવા વિનંતી કરી, પણ આ બાબતે સ્વામીશ્રીએ સહેજેય ઉત્સાહ ન દાખવ્યો. જો કે, અગ્રણી મહામંડલેશ્વરો સ્વામીશ્રીને પ્રેમાગ્રહપૂર્વક અગ્રસ્થાને લઈ જ આવ્યા ત્યારે પણ ખૂબ સંકોચ સાથે સ્વામીશ્રી બિરાજ્યા. *'એક ઈચ્છે નિરમાનીપણું...'*ની આ રીત સાથે તેઓ અધિવેશન દરમ્યાન કૈંક સંતો-

મહંતોનાં દર્શન કરવા સામે ચાલીને તેઓના ઉતારે પધાર્યા. ત્યાં પણ જે તે મહાત્મા સામે સાવ નીચે જ બેસીને સંવાદ સાધ્યો.

સ્વામીશ્રીના આવા વિનીત વર્તન ઉપરાંત, તેઓનાં સૌજન્ય-સંપન્ન સદ્‌વ્યવહાર અને સત્કાર્યના પડઘા પણ અધિવેશનના પ્રત્યેક સત્રમાં ગાજતા રહ્યા.

ભારત સાધુ સમાજના અધ્યક્ષ શ્રી રામસ્વરૂપદાસજીએ તો સ્વામીશ્રીના સંતોને જોઈ પ્રશંસાનાં પુષ્પો વેર્યાં કે 'અહીં ભણેલા-ગણેલા યુવાન સાધુઓ છે. તેઓને વાળ, કપડાં કે ચશ્માંનો શોખ નથી. કાંડે ઘડિયાળ બાંધતા નથી. તેમને માથે તેલનીય જરૂર નથી. આ 'મિશન' દ્વારા જે સેવા ચાલે છે તે તો અમે આંખોમાં નહીં, હૃદયમાં લઈને જઈશું.'

વળી, તેઓએ ઉમેર્યું કે 'આપણી સામે સદાચારની મૂર્તિ, સેવાની મૂર્તિ અને વિનયની મૂર્તિ પ્રમુખસ્વામી બેઠા છે. તેઓ આવા મોટા આયોજનમાં પણ પ્રસન્નવદન રહે છે. અહં અને મદવાળા અહમદાબાદમાં, નિરહંકારી અને નિર્વિકારી પુરુષ આપણી સામે છે. આપ ભારત સાધુ સમાજના હૃદય સમ્રાટ છો. આપે સેવાથી સાધુઓનાં હૃદય જીતી લીધાં છે. આવા એક સાધુ હજારોની પ્રજાને કાબૂમાં રાખી શકે છે.'

બૌદ્ધ ધર્મના અગ્રણી શ્રી ભદન્ત આનંદ કૌશલ્યાયને તો કહી દીધું: 'અહીંના એક ધોતિયું ને એક ગાતરિયું પહેરતા સાધુઓ ગૃહસ્થોનાય એઠાં પતરાળાં ઉપાડે છે. આ જોઈ ગદ્‌ગદ થઈ ગયો છું. આવા સાધુ ભારતનો ઉદ્ધાર કરી શકશે.'

સ્વામીશ્રીનું કાર્ય જોઈને મુગ્ધ બનેલા પૂજ્ય સત્યમિત્રાનંદગિરિજીએ પણ હરખનો ગુલાલ ઉડાડતાં કહ્યું : 'મને આ સંપ્રદાયનો પરિચય પહેલાં થયો હોત તો હું અહીં જ સાધુ થાત, સંન્યાસી ન થાત.'

આમ, સૌના આદરણીય બન્યા હોવા છતાં સ્વામીશ્રીએ સૌ સંતોને ઝૂકી ઝૂકીને પુષ્પહારો તથા ચાદરો ઓઢાડી સન્માનિત કર્યા અને હરિભક્તો દ્વારા દક્ષિણા અપાવી નવાજ્યા પણ ખરા.

તેથી આ અધિવેશનમાં આવેલા સૌનો સ્વાનુભવ વર્ણવતાં હોય તેમ પૂજ્ય રામાનંદાચાર્યજી બોલી ઊઠ્યા કે 'અહીં બધા રાજી છે. કોઈ વાતની ખામી નથી. જે વસ્તુનો વિચાર કરીએ તે વિચાર પહેલાં તો હાજર થઈ જાય છે.'

છતાં સ્વામીશ્રીએ તો સમાપનમાં કહ્યું : 'સ્વાગત કરવામાં, વ્યવસ્થામાં, જમાડવામાં કંઈ મુશ્કેલી પડી હોય તો બધા ક્ષમા કરશો. આપનો પ્રેમ અને

આશીર્વાદ અમારા પર રહે. બધાને મારાં ખૂબ વંદન અને પ્રણામ છે.'

સ્વામીશ્રીનાં વર્તન-વ્યવહારથી અભિભૂત સાધુ સમાજ તેઓની આવી વિનમ્ર વાણી સાંભળી વિશેષ પ્રભાવિત થયો. મહોત્સવના પ્રારંભે જ સ્વામીશ્રીની સાધુતાની સુવાસ સમગ્ર ભારતમાં ફરી વળી.[૪૫]

જગજીવન સ્વજન વિઘન હરે

આ અરસામાં સ્વામીશ્રીના જમણા પગે 'વા'ની બીમારીનો ઉપદ્રવ શરૂ થયો હોવા છતાં, *'આત્મદર્શી આનંદમાં રહે...'*ની જેમ તેઓ 'નગર'ના પ્રત્યેક ખૂણે પહોંચી સૌને પ્રોત્સાહન આપતા રહેતા.

આ ક્રમમાં તેઓએ તા. ૧૦/૩ની સાંજે બાળનગરીની મુલાકાત લીધી અને પહાડ પર પણ ચઢ્યા. એ જ રીતે 'ભારત બહાર ભારતીય સંસ્કૃતિ' નામના રસપ્રદ-જ્ઞાનપ્રદ પ્રદર્શનને પણ સ્વામીશ્રીએ સતત બે કલાક સુધી ઊભાં-ઊભાં અને ચાલતાં-ચાલતાં નિહાળ્યું.

'નગર'ના નિરીક્ષણ દરમ્યાન તેઓ જુદા જુદા સેવા-વિભાગોનાં કાર્યાલયોમાં જઈને તે તે વિભાગના સંતો-કાર્યકરોને પણ મળતા. અક્ષર મંદિરની ડાબી બાજુએ આવેલી ૨૨ પેટાસમિતિઓની આ કચેરીઓમાં, પોતાના પદસંચારથી વિદ્યુત્સંચારનો અનુભવ કરાવતા સ્વામીશ્રી, સભાગૃહના કાર્યક્રમોનેય સમયસર પધારી ન્યાય આપતા.

આ શૃંખલામાં તા. ૧૧/૩ની રાત્રિસભામાં 'હવેલી સંગીત'ની હવા જામી ગઈ. મૃદંગના નિનાદ અને ઝાંઝના ઝણકાર સાથે આ ખાસ સંગીતના પારંગત કલાકારોએ કંઠનાં કામણ પાથરી સૌને નાદબ્રહ્મનો અનુભવ કરાવ્યો. શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં બિરદાવેલા વલ્લભાચાર્યજી દ્વારા પ્રણિત-પ્રવર્તિત હવેલી સંગીતને, આ દ્વિશતાબ્દી મહોત્સવમાં અગ્રસ્થાન આપી સ્વામીશ્રીએ તેઓની સેવાને અંજલિ આપી. આ જ રીતે તા. ૧૨/૩ની રાત્રિસભામાં માણ-વાદનનો કાર્યક્રમ યોજાયો.

આ સભા પૂર્ણ થયા બાદ પરીક્ષિત વિદ્યાવિહારમાં રાત્રે સાડા દસ

---

૪૫. દ્વિશતાબ્દી નિમિત્તે યોજાયેલા આ અખિલ ભારતીય સાધુ સમાજના અધિવેશનનું દર્શન પામવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

વાગ્યે વાળુ કરવા જઈ રહેલા સ્વામીશ્રી બોલ્યા : 'ઘણું મોડું થયું. જમાડવાવાળા સંતોને કેટલું બેસી રહેવું પડે ! તેમને ઘણી તકલીફ પડે. માટે આપણે કાલથી સાંજે જમીને જ કાર્યક્રમમાં જઈશું.'

પોતાનું ભોજન ઠેલાઈ રહેલું તેની સ્વામીશ્રીને તમા નહોતી, પરંતુ પોતાના કારણે સેવકોને હાલાકી પહોંચી રહી છે તેની વ્યથા તેઓને હતી ! કોઈની સગવડને પોતાના અધિકારની હડફેટે લેવાનું તેઓ શીખ્યા જ નહોતા.

'જગજીવન સ્વજન વિધન હરે...' સમા સ્વામીશ્રી મહોત્સવની મેદનીમાં પણ એક-એકની સંભાળ લેવાનું ન ચૂકતા.

જેને ગીતાજી ગાય છે પોકારી રે...

તા. ૧૩/૩ની સવારે સ્વામીશ્રીએ બાળનગરીના રોપ-વેનું ઉદ્‌ઘાટન કરીને તેમાં ગગનવિહાર દ્વારા સમગ્ર 'નગર' પર પોતાની અમીદૃષ્ટિ વેરી. ત્યારબાદ વન્ય પશુ-પંખીઓની તસવીરો ઝડપનારા નામી કસબીના કચકડે કંડારાયેલી છબીઓના સ્લાઇડ એન્ડ સાઉન્ડ શોનું પણ ઉદ્‌ઘાટન તેઓએ કર્યું. આ પ્રસંગે રાજ્યના પંચાયત મંત્રી, કાનૂન તથા મત્સ્ય વિભાગના મંત્રી સહિત ઘણા પ્રતિષ્ઠિત નાગરિકો ઉપસ્થિત રહ્યા.

તેને અનુસરતાં આજની રાત્રિસભામાં યોજાયેલા કાર્યક્રમ 'સુનો ભાઈ સાધો'ની મધ્યવિશ્રાંતિમાં, સભાપ્રમુખ શ્રી શંભુ મહારાજે જણાવ્યું કે 'ગીતામાં 'નિર્માનમોહાઃ ...'[૪૬] શ્લોકમાં જે સંત કહ્યા છે તે આ પ્રમુખસ્વામી ! તેઓએ આ દ્વિશતાબ્દી ઊજવી ગુજરાત ઉપર ઉપકાર કર્યો છે.'

આમ, 'નગર'ના દ્વારે જે આવતું તે સ્વામીશ્રીનો પ્રૌઢ પ્રતાપ અનુભવી રહેતું. રોજના પચાસ હજાર લેખે આ 'નગર'માં આવનારા દર્શનાર્થીઓ ભૂલી જ જતા કે 'તેઓ અશાંત અમદાવાદમાં શ્વાસ લઈ રહ્યા છે !' તેથી 'પારસ્પરિક વૈમનસ્યની ભઠ્ઠીમાં ઓરાયેલા અમદાવાદના આંગણે, ખુલ્લા મેદાનમાં આવા વિરાટ પાયે ઉત્સવ ઊજવવો તે પ્રમુખસ્વામી જ કરી શકે' એવો લોકમત

---

૪૬. निर्मानमोहा जितसङ्गदोषा अध्यात्मनित्या विनिवृत्तकामाः ।
द्वन्द्वैर्विमुक्ताः सुखदुःखसंज्ञैर्गच्छन्त्यमूढाः पदमव्ययं तत् ॥
જેઓ માન-મોહથી રહિત છે, જેઓએ આસક્તિરૂપ દોષ જીતી લીધો છે, જેઓ આત્માને વિષે સદા બ્રહ્મની વિભાવના કરનારા છે, જેઓની લૌકિક કામનાઓ સમૂળી નિવૃત્ત થઈ ચૂકી છે, જેઓ સુખ અને દુઃખ જેવા દ્વન્દ્વોથી મુક્ત તથા મૂઢતાથી રહિત છે... (શ્રીમદ્‌ભગવદ્‌ગીતા : ૧૫/૫)

ઊભો થઈ રહ્યો.

સંતજન વાવે તેમાં શમણું

તા. ૧૪/૩ની રાત્રિ સંગીતના સાથમાં શાંતિના સૂરો પર સવાર થઈને આવી હોય તેવો માહોલ 'નગર'માં પ્રવર્તી રહ્યો. આજના શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમમાં ગીટારવાદક શ્રી બ્રિજભૂષણ કાબરાએ રાગ ખમાજની જમાવટ કરી. આ રાગને તબલાવાદક પંડિત કાશીરામ મિશ્રની સંગત મળતાં વાતાવરણ વધુ આહ્લાદક બની ઊઠ્યું. આ રાગ વિરમ્યો ત્યાં જ સંતૂરવાદક પંડિત શિવકુમાર શર્મા અને તબલાંનવાઝ શફાક અહમદખાનની જુગલબંદીએ સૌનાં મનને, કાશ્મીરી શાલીમાર બગીચાના દાલ સરોવરની તરંગાવલિઓ પર નાચતાં કરી મૂક્યાં. આ બેલડી દ્વારા રાગ કેરવાનીનો વિસ્તાર શમ્યો ત્યાં જ સુપ્રસિદ્ધ સંગીતમાર્તંડ જસરાજજીએ દરબારી, કેદાર અને ભૈરવી રાગમાં તાન છેડી આજના અતિથિઓ સહિત સૌને ડોલાવી દીધા.

આમ, સ્વામીશ્રીના આ ઉત્સવ દ્વારા સંસ્કૃતિની વિવિધ કલાઓ ખરેખરું પોષણ પામી રહી.

આ કલાવૈભવનો વધુ એક નમૂનો તા. ૧૫/૩ની રાત્રિસભામાં સુગમ સંગીતની રેવાળ ગતિના સથવારે સૌ ગુણીજનોને માણવા મળ્યો. આ રસ-પ્રચુર સૂરધારાના મધ્યાંતરમાં ગુર્જરીગિરાના કંઠે શોભતાં સાક્ષરરત્નોની ઉપસ્થિતિમાં 'સ્વામિનારાયણ સંતસાહિત્ય' પુસ્તક સ્વામીશ્રીના હસ્તે ઉદ્ઘાટિત થયું. એક જ સંપ્રદાયના સાહિત્ય વિષે અનેક સાહિત્યકારોના અભ્યાસાત્મક લેખો ધરાવતું કદાચ આ પ્રથમ પુસ્તક, ગુજરાતી સાહિત્યમાં એક અનુપમ ગ્રંથરૂપે નીખરી રહ્યું.

આ અવસરે 'નગર'ની દિવ્યતાએ સાહિત્યકાર શ્રી રઘુવીર ચૌધરીના હૃદયને એવું ડોલાવી દીધું કે તેમાંથી 'મોરપિચ્છ અને ગુલાબ' સરી પડ્યાં ! આ મથાળા સાથેનું કાવ્ય સંભળાવતાં તેઓએ કહ્યું :

'ઊડે કાળની ધૂળ, સંતજન વાવે તેમાં શમણું;
નભમંડળનો ઝળહળ જ્યોતિ, ધરે રૂપ શું નમણું !
વનની કુંજો શાંત તજીને, આવે ભર્યા નગરમાં,
મોરપિચ્છનું તેજ ખીલવે, માટીનાં ઘરઘરમાં,
બાળકનાં લોચનમાં આંજે, નવજીવન આગમનું...

સંતચરણ સિંચે છે કણ-કણ, ધરતી સરિતા તીરે,
કંટક સઘળાં અંધકારમાં, ઓગળવાનાં ધીરે,
નિંદર છોડી અમે નીરખશું, રક્તગુલાબ ઉગમણું...'

શમણાં હંમેશાં સરી જવા માટે જ સર્જાતાં હોય છે, પરંતુ સ્વામીશ્રીએ સરિતાના તીરે રેતમાં વાવેલું ૩૭ દિવસના શમણા જેવું આ 'નગર' માનસપટ પરથી કદી ભૂંસાશે નહીં, તેવા ભાવનું આ કાવ્ય 'નગર'ને એક ઉચિત અંજલિ સમું થઈ રહ્યું.

માણસ માણસે ઝઘડવું નહીં

*'સુખમાં તહાં શી હોય ખામી...'*ની રીતે સરકી રહેલા દ્વિશતાબ્દી મહોત્સવમાં તા. ૧૬, ૧૭ માર્ચની રાત્રિસભામાં 'રામ દરબાર'નો માહોલ જામી ગયો. હરિદ્વાર પાસે વસેલા મુઝફ્ફરનગરના ચાર ભાઈઓ – ગોપાલ શર્મા, શુકદેવ શર્મા, કોશલેન્દ્ર શર્મા અને રાઘવેન્દ્ર શર્માએ રામ-ધનુષ્યભંગ અને રામ-કેવટ મિલનના પ્રસંગોને સુમધુર ગાયકીમાં રજૂ કરી શ્રોતાઓનાં મનો-મસ્તિષ્ક પ્રસન્ન કરી દીધાં.

આ દિવસોમાં સભા કાર્યક્રમ બાદ 'નગર'ચર્યા માટે નીકળતા સ્વામીશ્રી રાત્રિના અંધકારમાં વિવિધ પ્રકારના વીજદીપકોથી ઝળહળતા 'નગર'ની વચ્ચે *'તારા વિષે પૂર્ણ શશી સમાન...'*ની જેમ શોભી રહેતા. તેઓનું આ દર્શન પણ કૈંકનાં દિલમાં દીવા પ્રગટાવી દેતું.

આ અજવાળું ઘેર-ઘેર ફેલાવવાં સ્વામીશ્રી ધમધમતા 'નગર'ની વ્યસ્તતા વચ્ચે પણ પધરામણીઓ માટે નીકળી પડતા. રાણીપના શ્રી કેશવલાલ પટેલના બંગલે રખાયેલા પોતાના ઉતારેથી રેલાતો આ પધરામણીઓનો રેલો તા. ૧૯/૩ના રોજ તો શહેરની સીમાઓને વળોટી ગોંડલ, ગઢડાને પાવન કરતાં પાટી પહોંચ્યો.

અહીં સ્વામીશ્રીએ સભામાં આશીર્વાદ આપ્યા કે 'કૂતરાઓમાં સંસ્કાર નથી એટલે એક શેરીનું કૂતરું બીજી શેરીમાં આવે તો ભસે છે ને ઝગડે છે. તેમને ક્યાં કંઈ ગરાસ લૂંટાઈ જવાનો હતો? પણ ઝઘડે. આપણે બધું મૂકીને જવાનું છે. માટે માણસ માણસે ઝઘડવું નહીં.'

રાજ્યની તત્કાલીન પરિસ્થિતિને લક્ષમાં રાખીને સ્વામીશ્રીએ વહાવેલો આ ઉપદેશ ઘણાને અસર કરી ગયો.

તેઓની આ અમૃતસરિતાનું વહેણ તા. ૨૦/૩ની સવારે સારંગપુરમાં પ્રાગજી ભક્ત જયંતી અને ફૂલદોલોત્સવ પ્રસંગે સૌને ભીંજવી ગયું. ત્યારબાદ તે લાઠીદડ અને કારિયાણીને હરિયાળું કરતાં તા. ૨૧/૩ની રાત્રે પુનઃ મહોત્સવની ભૂમિ પર રેલાવા લાગ્યું.[૪૭]

આપે પરને માન તે ઘણું

'નગર' મધ્યે સ્વામીશ્રીની નિશ્રામાં તા. ૨૨/૩ના રોજ યોજાયેલા અખિલ ભારતવર્ષીય સંસ્કૃત સંમેલનમાં દેશભરની સંસ્કૃત પાઠશાળાઓ અને વિશ્વ-વિદ્યાલયોમાંથી દોઢસો જેટલા મૂર્ધન્ય વિદ્વાનો એકત્રિત થયેલા. આજના સંમેલનનાં ત્રણ સત્રો તેઓનાં પ્રવચન, ચારેય વેદોનાં મંત્રગાન અને સંતોનાં કર્ણપ્રિય સ્તોત્ર-સ્તવન ગાનથી સતત ગાજતાં રહ્યાં. રાત્રે પોણા અગિયાર વાગ્યે આ સંમેલનનું સમાપન થયું ત્યારે સૌ વૈદિક કાળની અનુપમ ઝાંખી કરી રહ્યા.

ગિર્વાણગિરાના આ ઉદ્‌ઘોષ બાદ તા. ૨૩/૩થી 'નગર'માં સંતવાણી ગુંજવા લાગી. તે અંતર્ગત 'રામકૃષ્ણ મિશન'ના પૂજ્ય આત્માનંદજી, પૂજ્ય રંગનાથાનંદજી સહિત વિવિધ સત્ત્વશીલ સંતો પ્રેરણાનું પંચામૃત પીરસવા માંડ્યા.

પ્રત્યેક સભામાં આગંતુક અતિથિઓના પરિચય બાદ તેઓને અતિથિ-સન્માનના રૂપમાં પુષ્પહાર અને ચંદ્રક અર્પણ કરવામાં આવતાં. સ્વામીશ્રી તેઓનું શાલ ઓઢાડીને બહુમાન કરતા. રોજેરોજ વિવિધ દૈનિકોના તંત્રીઓ, વેપારી મહામંડળના હોદ્દેદારો, મોભાદાર ઉદ્યોગપતિઓ, સરકારી નિગમોના કાર્યવાહકો, ધારાસભ્યો, સાંસદો, વરિષ્ઠ ન્યાયાધીશો, સાહિત્યકારો, કેળવણીકારો વગેરેની હાજરી પણ સભાની શોભામાં અભિવૃદ્ધિ કરતી. તેઓના હૃદયોદ્‌ગારો સ્વામીશ્રી અને મહોત્સવની ગરિમાને વિશેષ ઉજાગર કરતા.

સંતવાણીના આ પંચદિવસીય આયોજન દરમ્યાન જ સ્વામીશ્રીએ તા. ૨૬/૩ના રોજ બિલિયા પધારી દીકરાઓના અક્ષરવાસથી વ્યથિત એક

---

૪૭. દ્વિશતાબ્દી ઉપક્રમે રોજેરોજ યોજાતા વિવિધ કાર્યક્રમોનો રસાસ્વાદ ચાખવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

કુટુંબના સભ્યોને આશ્વાસન-આશીર્વાદ પાઠવ્યાં. મહોત્સવની અનેક જવાબદારીઓમાં જ્યાં એક ક્ષણ પણ સમય સેરવવો અઘરો થઈ પડે, ત્યાં પોતા માટે કલાકો ફાળવનારા સ્વામીશ્રીની લાગણી એ સંતપ્ત હૃદયોને ખરેખરી શાતા પમાડી ગઈ.

આ શાંતિ સર્વસુલભ કરવા તા. ૨૮/૩થી 'નગર'માં શ્રીજીમહારાજના લીલા-ઉપદેશને વર્ણવતાં વચનામૃત અને હરિલીલામૃત ગ્રંથોની નવાહ્ન પારાયણનો પ્રારંભ થયો. તેમાં સંસ્થાના સંતોની વિદ્વત્તાસભર શૈલીમાં શ્રીજી-ચરિત્રોનું રસપાન કરતાં સૌ ઝૂમવા લાગ્યા. તેની સાથે રાત્રિસભાના કાર્યક્રમોમાં રજૂ થયેલાં સંગીતમય ભાગવત, પંડિત બ્રિજનારાયણના સરોદ-વાદન તથા ચારણી સાહિત્યની ચમત્કૃતિ દર્શાવતા નામી કલાકારોના ડાયરાઓ દ્વારા 'નગર' કથા-કલાની સરિતામાં તરબતર થઈ રહ્યું.[૪૮]

તેમાં અવગાહન કરવા એક દિવસે અમદાવાદના પંડિત શ્રી ગિરિજાશંકર શાસ્ત્રી આવી ચડ્યા. મસ્તકે પંડિતપાઘ તેમ જ ખભે ખેસ ધારી ઉપસ્થિત તેઓએ શ્રોતાવર્ગની આગલી હરોળમાં લીધેલું સ્થાન, મંચ પર બિરાજેલા સ્વામીશ્રીની નજરમાં આવી ગયું. તેઓએ ત્યાગી જીવનના પ્રારંભિક કાળમાં આ વિદ્વાન પાસે કેટલાક મહિના સુધી અધ્યયન કરેલું. તેથી રાત્રિસભા સમાપ્ત થતાં મંચ પરથી નીચે ઊતરેલા સ્વામીશ્રી ગાડીમાં ન બેસતાં સીધા જઈ પહોંચ્યા આ વિદ્યાગુરુ પાસે અને ઉપસ્થિત જનમેદની વચ્ચે જ તેઓએ પેલા પંડિતજીને દંડવત કરી આદર અભિવ્યક્ત કર્યો !

એક વિરાટ મહોત્સવના સૂત્રધાર, એક વિશ્વવ્યાપી સંસ્થાના પ્રમુખ તથા લાખો અનુયાયીઓના ગુરુ થઈને પણ સ્વામીશ્રીએ દાખવેલું *'આપે પરને માન તે ઘણું'*નું આ વર્તન જોઈ સૌનાં હૈયાં અહોભાવ છલકાવી રહ્યાં.

અંધારા વચ્ચે જ્યોતિ ઝગે છે

મહોત્સવ દરમ્યાન જ તા. ૩૦,૩૧ માર્ચના રોજ ગાંધીનગર, અડાલજ અને ડભાણની ખેપ મારી તા. ૧/૪થી પુનઃ 'નગર'ના કાર્યક્રમો માટે આવી

૪૮. 'સ્વામિનારાયણ નગર'ના સભાગૃહમાં યોજાયેલા વિવિધ કાર્યક્રમોમાંથી વહેતી પ્રેરણા પામવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

પહોંચેલા સ્વામીશ્રી, આ સમયગાળામાં નારાયણપુરાના જયંતીભાઈ પટેલને ત્યાં ઊતરેલા. અહીંથી તેઓ રોજ સવારે પધરામણીએ નીકળી પડતા. સાંજે 'નગર'ની ગતિવિધિને માર્ગદર્શન આપી રાત્રે સભામાં બિરાજતા. હવે મુખ્ય ઉત્સવ નજીક આવતો હોવાથી દેશોદેશના હરિભક્તો પણ ઊમટવા લાગેલા. તેઓને નિરાંતે મળીને સ્વામીશ્રી સૌને સંતોષ પમાડતા. આમ, દિવસ-રાત તેઓ અત્યંત પ્રવૃત્તિશીલ રહેતા, છતાં પ્રભુપરાયણ જણાતા.

આ અનુભવ પામીને જ તા. ૧/૪ની રાત્રિસભામાં આંતરરાષ્ટ્રીય સંતવક્તા શ્રી સત્યમિત્રાનંદગિરિજીએ કહ્યું : 'પ્રમુખસ્વામીના હાથમાં હંમેશા માળા હોય છે. જ્યાં સુધી પ્રમુખસ્વામી છે ત્યાં સુધી અનૈતિકતા અને અનાચારનું જોર ચાલશે નહીં.'

આ સંતવાણીને સત્ય ઠેરવી – કોળી પટેલ શ્રી મહાદેવના પરિવર્તને.

આડમોરની આ વ્યક્તિ કેવળ નામથી જ મહાદેવ રહેલી, અન્યથા તેઓનાં કામ તો દાનવને શરમાવે એવા જ હતાં. સુરતના કાંઠા વિસ્તારના વતની તેઓ છેલ્લાં પાંચ વર્ષથી દારૂ ગાળવા-વેચવાનો ધંધો કરતા અને જેમ કોયલાની દલાલીમાં હાથ કાળા થયા વિના ન રહે, તેમ દારૂની લે-વેચ કરવામાં તેઓ પણ વીસની વયે તો દારૂના અઠંગ વ્યસની બની ગયેલા. તેની સાથે અન્ય ઘણાં દૂષણો પણ આ મહાદેવના જીવનમાં પગદંડો જમાવી ચૂકેલાં.

આ દૂષણોના દ્વારેથી સરી જતી આવકને કારણે, તેઓને અંતે મજૂરી કરવાની નોબતો વાગી ગયેલી. શરીર પર વીંટાળવા પૂરતું એક વસ્ત્ર જ રહે તેવી કંગાલિયતે તેઓના ઝૂંપડાને ઘેરો ઘાલેલો. પરંતુ દુઃખ, દારૂ અને દોઝખના ત્રિભેટે અટવાતા આ જીવતા મડદાંને, આ જ વર્ષની શરૂઆતમાં ગામમાં પધારેલા સ્વામીશ્રીના સંતોનો યોગ થઈ ગયો. પૃથ્વી પર મેઘ વરસતાં બીજનાં અંકુર ફૂટી નીકળે તેમ સંતસંબંધે આ વ્યસની જીવના પૂર્વસંસ્કાર જાગ્રત થઈ જતાં તેમણે વર્તમાન ધારી સત્સંગ સ્વીકારેલો, પણ જીવનમાં શુદ્ધિ આવવી બાકી બચેલી. છતાં ગામમાંથી આવેલા હરિભક્તો સાથે તેઓ 'નગર'માં આવી ચડેલા.

અત્રે જ્યારે જ્યારે સ્વામીશ્રી સભાગૃહમાં પધારે ત્યારે ત્યારે આ મહાદેવને દર્શનનો લાભ મળતો. તે દરેક વખતે તેમને સ્વામીશ્રીનું મુખારવિંદ અતિ તેજસ્વી ભાસતું. આ દર્શનથી જ તેઓના રજકણો બદલાવા લાગ્યા અને ઉત્સવમાંથી ઘેર ગયા ત્યારે તો તેઓ સંપૂર્ણ વ્યસનમુક્ત થઈ સાચે જ મહાદેવ

જેવા બની ગયા! સ્વામીશ્રી અને સમૈયાને કારણે ખીણમાંથી બહાર આવેલી તેઓની જિંદગી, ધીરે ધીરે એવી ટોચે ચડવા માંડી કે તેઓ સમય જતાં પોતાના વિસ્તારની સંસ્થાકીય બાળપ્રવૃત્તિના અગ્રેસર કાર્યકર બની રહ્યા! આમ, કૈંક વાલિયાને વાલ્મીકિ બનાવતા આ ઉત્સવ દ્વારા જાણે ૩૭ દિવસ સુધી પરિવર્તનનું પર્વ જ ચાલતું રહ્યું.

તે જોઈ-જાણીને જ 'દિવ્ય જીવન સંઘ'ના અધ્યક્ષ પૂજ્ય ચિદાનંદજીએ મહોત્સવના મંચ પરથી અભિપ્રાય ઉચ્ચાર્યો હશે કે 'આવી સભા જોઈએ છીએ ત્યારે લાગે છે કે કળિયુગની સામે સત્-યુગ પણ છે. અંધારા વચ્ચે જ્યોતિ ઝગે છે. આવું જોઈ નિરાશા આશામાં પરિણમે છે.'

રાજ્યના માર્ગ-મકાન મંત્રીએ પણ તા. ૩/૪ની રાત્રિસભામાં કહી દીધું: 'સમાજના ઉદ્ધાર માટે આ સમારંભ એ એક સાધન બન્યો છે. જો હું અહીં ન આવ્યો હોત તો મારી કમનસીબી ગણાત.'

વિશ્રામ છો વા'લા વસમે સમે

તા. ૪/૪ની સવારે કેટલીક પધરામણીઓ બાદ મંદિરે પધારેલા સ્વામીશ્રી અહીં કોળી મંડપમાં ઊભા રહી ઠાકોરજીનાં દર્શન કરી રહેલા. તે વખતે પોતાને દંડવત કરવા માંડેલા એક સંતને જોતાં જ તેઓએ તત્ક્ષણ કહ્યું: 'ઠાકોરજી આગળ સાધુને દંડવત ન કરવા. ઠાકોરજીની મર્યાદા જાળવવી. સભામંડપમાં કરવા હોય એટલા કરજો. અહીં તો કોઈ હરિભક્ત કરતા હોય તો તમારે તેને વારવા જોઈએ. તેને બદલે તમે મંડી પડ્યા.'

દાસત્વભક્તિનો આ વિવેક શીખવતા સ્વામીશ્રી આજની સાંજે 'નગર'માં તૈયાર થયેલા 'છપૈયાપુરમ્'ની વ્યવસ્થા જોવા નીકળ્યા. તેઓના આ આગમનથી સૌને આનંદ હતો, પણ સમૈયામાં પાણી વિભાગના મુખ્ય સંત તરીકે સેવા બજાવતા અક્ષરવિહારીદાસ સ્વામીના હૈયે ફફડાટ પેસી ગયેલો. તેઓએ ઉત્સવમાં આવનારા હરિભક્તોને પાણી સંબંધી કોઈ તકલીફ ન નડે તે હેતુથી, 'છપૈયાપુરમ્'ને અડીને જ આવેલા એક ઊંચા ટેકરા પર ગોળાકાર હોજ બનાવેલો. ટેકરાની ઊંચાઈનો સીધો લાભ મળવાથી ઉતારાના અમુક વિસ્તારમાં પાણી આપોઆપ સહેલાઈથી પહોંચી જતું.

આ હોજની ફરતે ધૂળ દાબીને તેને ઢાળ આપી દીધેલો કે જેથી હોજ પાણીથી ભરપૂર હોય તોય હોજની દીવાલ ફાટી-ફસકી ન જાય. પાણી ભરવા

માટે બાજુમાં આવેલા પાણીના બોર સાથે હોજનું જોડાણ કરવામાં આવેલું. તેથી વાલ્વ ખોલતાં જ હોજમાં પાણી ભરાવા માંડતું.

પરંતુ ગઈ રાત્રે આ વાલ્વ કોઈથી ભૂલમાં ખુલ્લો રહી જતાં, હોજ પાણીથી ઊભરાઈ ગયેલો અને માટીનું ધોવાણ થતાં જ તે મોટો હોજ મિનિટોમાં તો ફસકી પડેલો. તેને કારણે માટીની સાથે લગભગ બારેક હજાર રૂપિયાનું પણ ધોવાણ થઈ ગયેલું. ચારેકોર પાણી ફરી વળતાં લોકોને નડેલી મુશ્કેલીનો પણ તોટો રહેલો નહીં.

આ દુર્ઘટનાને કારણે વ્યવસ્થાપકો તરફથી તો પેલા જવાબદાર સંતને જાણપણું મળી જ ચૂકેલું. પરંતુ હવે સ્વામીશ્રી સ્વયં પધારી રહ્યા હોવાથી તેઓની મૂંઝવણ ઓર વધી ગયેલી. તેઓ તૂટેલા હોજ સામે જોતાં સૂનમૂન થઈને ઊભા રહેલા. છતાં મનમાં વિચારોનું ઘમાસાણ ચાલતું હતું.

તે જ વખતે સ્વામીશ્રી ત્યાં આવી પહોંચ્યા, તોય તેથી તદ્દન અજાણ પેલા સંત તો પોતાના વિભાગની ભૂલથી, સમૈયાની સુવ્યવસ્થાને લાગેલા ધક્કા-બટ્ટાને કારણે, પરેશાની અનુભવતાં મૂઢવત્ જ ઊભેલા. પરંતુ સ્વામીશ્રીની સાથે આવેલા સંતો-ભક્તોની ચહલપહલને કારણે, જાણે તંદ્રામાંથી જાગ્યા હોય તેમ તેઓએ પાછળ ફરીને જોયું તો સ્વામીશ્રીને ઊભેલા દીઠા. ચાર આંખો ભેગી થતાં જ સ્વામીશ્રીએ પૂછ્યું : 'વિહારી ! શું જુઓ છો ?'

'બાપા ! હોજ ફાટી ગયો.' આટલું કહેતાં તો એ સંતનો હૈયાહોજ પણ ફાટ્યો. તેમાંથી છલકાતાં નીર આંખો દ્વારા વહેવાં લાગ્યાં. તેઓને અંતરમાં ખેદની સાથે ભય પણ હતો કે 'સ્વામીશ્રી જરૂર ઠપકો દેશે અને તે નુકસાની જોતાં યોગ્ય પણ છે.'

પરંતુ સ્વામીશ્રીના ચહેરા પર ક્રોધને બદલે હાસ્યની રેખાઓ ફરકી. તેઓ ખડખડાટ હસતાં બોલ્યા : 'એમ ! હોજ ફાટી ગયો ?'

આ જોતાં જ પેલા સંતનું ભારે હૈયું એકદમ હળવું થઈ ગયું ! ઠપકાના શબ્દ નહીં, પણ આપત્તિમાં માર્ગદર્શન અને આશીર્વાદ આપી જ્યારે સ્વામીશ્રી વિદાય થયા ત્યારે એ સંતના હૈયામાંથી ભૂલનો ડંખ તો નીકળી જ ગયો, પરંતુ સ્વામીશ્રીની ધીરજ, ક્ષમા અને સ્નેહનો સ્વાદ ચાખી તે વધુ ઉત્સાહ તથા ચોકસાઈપૂર્વક કામ કરવા કટિબદ્ધ બની ગયા.

'ઉત્તમ પ્રબંધક એ છે કે જે પોતાના કર્મચારીને એવો અહેસાસ કરાવે કે ભૂલના સમયે પણ તે મારી સાથે જ રહેશે. તેથી કર્મચારી નિશ્ચિંત થઈ કામ

કરે છે અને ઉત્તમ પરિણામ લાવી આપે છે.' – આધુનિક મૅનેજમૅન્ટે ચીંધેલી સફળ કારોબારની આ દિશામાં સ્વામીશ્રી અનેરો ઉજાસ પાથરી ગયા છે.

ત્રણે કાળનું તમને છે જ્ઞાન

દ્વિશતાબ્દી મહોત્સવ દરમ્યાન અમદાવાદમાં પધરામણીઓ કરતા સ્વામીશ્રી એક વાર જશભાઈના ઘેર પહોંચ્યા. અહીં આ યજમાન દ્વારા આમંત્રિત તેઓના મિત્રવર્તુળમાં નરેન્દ્રભાઈ પટેલ નામના મુરબ્બી પણ હાજર હતા. સાધન-સંપન્ન પરિવારના અને ચાર પેઢીથી સ્વામિનારાયણીય સત્સંગ ધરાવનારા આ સજ્જન તા. ૩/૩/'૭૦થી એક ઘડીની તલાશમાં હતા.

આ દિવસે તેઓ કો'ક લગ્નપ્રસંગે આફ્રિકાના જિન્જા શહેરમાં પહોંચેલા. ત્યાં માંગલિક અવસર પૂર્ણ થયા બાદ પ્રસંગના આયોજક સૌ જાનૈયાઓને યોગીજી મહારાજનાં દર્શન કરાવવાં લઈ ગયેલા. તે વખતે યોગીબાપા તેઓની લાક્ષણિક શૈલીમાં સૌને આશીર્વાદ આપતા હતા. તેમાં આ નરેન્દ્રભાઈનો વારો આવ્યો ત્યારે પણ યોગીજી મહારાજે તેઓનું માથું પોતાના ખોળામાં ઝુકાવતાં હળવે હાથે ધબ્બો મારેલો. આ પ્રેમવર્ષાથી તે આગંતુકનું હૈયું ભરાઈ આવતાં તેઓની આંખો આંસુ વહાવવા લાગેલી.

તે જોઈ યોગીજી મહારાજે પૂછેલું: 'ગુરુ! કેમ મૂંઝાઓ છો? જે કહેવું હોય તે કહો.'

યોગીજી મહારાજે જ પહેલ કરતાં આ મુરબ્બીના મનમાં હિંમત આવેલી. તેઓએ કહેલું: 'બાપા! મેં અનેક વાર મહારાજે બાંધેલા ગઢડા મંદિરે જઈ સંતોના આશિષ મેળવ્યા છે, પણ હજી સુધી કોઈ સંતે પોતાના હાથે કંઠી પહેરાવી નથી. તેનું દુઃખ થાય છે. આજે આપ મને કંઠી પહેરાવી આ દુઃખ મટાડો.'

'હું પણ આજે કંઠી નહીં પહેરાઉં, પણ તમારી ઇચ્છા અમારા પ્રમુખસ્વામી પૂરી કરશે.' યોગીજી મહારાજે જણાવેલું.

આ વાતનો સ્વામીશ્રીને ખ્યાલ નહીં, કારણ કે તેઓ ત્યાં હાજર નહોતા. નરેન્દ્રભાઈ પણ તેઓને ઓળખે નહીં. છતાં યોગીજી મહારાજના વચન અનુસાર ક્યારે પોતાના ભાગ્યનો ઉદય થાય અને સ્વામીશ્રી પોતાને કંઠી પહેરાવે તે ક્ષણની રાહ આ ભાવિક જોઈ રહેલા – છેલ્લાં ૧૧ વર્ષથી!

આજે મિત્રના ઘેર પધારેલા સ્વામીશ્રીને નજર સામે જોતાં તેઓના

મનમાં ૧૧ વર્ષ પૂર્વે બનેલો આફ્રિકાનો પ્રસંગ તાજો થઈ ગયો. પણ એ દિવસ અને આજની ઘડી, તે બેની વચ્ચે ક્યારેય સ્વામીશ્રીના યોગમાં આવેલા જ નહીં એવા આ મુરબ્બીના મનમાં દહેશત હતી કે 'આજે મુજ કમભાગીના ગળામાં કંઠી આવશે કે કેમ?' આમ બનવાની શક્યતા તેઓને શૂન્યની નજીક એટલે લાગતી હતી કે 'સ્વામીશ્રી તો તેઓને ઓળખતા જ નહોતા.'

આવી વિચારમાળામાં તેઓ પરોવાયેલા હતા ત્યાં જ તેઓના યજમાન મિત્રનો અવાજ સંભળાયો: 'નરેન્દ્રભાઈ! આગળ આવો. સ્વામીશ્રી પાસેથી આશીર્વાદ લો.'

આ સૂચના સાંભળતાં જ તેઓ સ્વામીશ્રી પાસે સરક્યા. પોતાના હાથમાં રહેલો હાર સ્વામીશ્રીને પહેરાવ્યો. ત્યાં જ સ્વામીશ્રી બોલ્યા: 'ઊભા રહો.' એમ કહી તેઓએ બાજુમાં રહેલી કંઠી પોતાના વરદહસ્તે નરેન્દ્રભાઈના ગળામાં પહેરાવતાં કહ્યું: 'અમારા ગુરુએ તમને જે વચન આપેલું તે આજે પૂરું થયું.'

આ સાંભળતાં જ પેલા મુમુક્ષુ થીજી ગયા! સ્વામીશ્રીનો આભાર માનવા પૂરતા પણ શબ્દો મોંમાંથી નીકળી ન શકે એટલા તે ગદ્‌ગદ થઈ ગયા. સ્વામીશ્રીએ તેઓને માથે હાથ મૂકી 'રાજી રહેજો' કહેતાં રજા આપી. પરંતુ હવે તો આ સદ્‌ગૃહસ્થને *'ભૂત ભવિષ્ય ને વર્તમાન, ત્રણે કાળનું તમને છે જ્ઞાન...'* રૂપે સ્વામીશ્રીની પ્રતીતિ બેસી જતાં, તેઓ *'દ્વાર પર્યો અબ નાંહી ટરન કો...'*ની જેમ સ્વામીશ્રીનાં ચરણે આજીવન બેસી ગયા.

પશ્ચિમી લેખકોએ જેમાં બેસીને ભૂતકાળ અને ભવિષ્યકાળમાં વિહાર કરી શકાય એવા 'ટાઇમ-મશીન'ની કેવળ કલ્પના આપી છે. જો તેઓ સ્વામીશ્રીને મળ્યા હોત તો! તો તેઓ જરૂર અચંબો પામી સ્વામીશ્રીને નમી પડ્યા હોત કે 'આપણે જે સંકલ્પના કરી તેને તો આ સંતે સાકાર કરી બતાવ્યું છે!'

આવનાર ગુણ લેશે તો સેવા

તા. ૬/૪થી 'નગર'માં ૨૦૦ X ૮૦ ફૂટના વિશાળ મંચ પર, ભગવાન સ્વામિનારાયણનાં જીવન-કાર્યને ધ્વનિ-પ્રકાશનાં સંયોજનથી પ્રસ્તુત કરતો 'સંસ્કૃતિધારા' કાર્યક્રમ રજૂ થવા માંડતાં વધુ એક આકર્ષણનો ઉમેરો થયો. એકસાથે ૬,૦૦૦ની પ્રેક્ષક-ક્ષમતા ધરાવતી આ પ્રસ્તુતિમાં જીવંત અશ્વોની

ધડબડાટી, આતશબાજીના ઝળહળાટ, રણભૂમિના હણહણાટ સહિતના દિલધડક દૃશ્યો જોઈ દર્શકો ઝૂમી ઊઠતા. ગુજરાતમાં પહેલી જ વાર થઈ રહેલી આ રજૂઆતથી સૌ હેરત પામી ગયા!

આ સમયે છ દિવસ બાદ સ્વામીશ્રીના હસ્તે દીક્ષા ગ્રહણ કરનારા ૨૦૦થી વધુ નવયુવાનો પણ સૌ માટે અચરજનો વિષય બનેલા. તેથી શહેરના જાણીતા બિલ્ડર શ્રી નવનીતભાઈ પટેલે તો આ યુવકો સાથે સ્વામીશ્રીને પોતાના ઘેર નોંતરી સન્માન્યા. તા. ૬/૪ની રાત્રે બનેલા આ પ્રેરક પ્રસંગનું પુનરાવર્તન 'નગર'ના સભાગૃહમાં તા. ૮/૪ની સાંજે થયું. આ સમયે લાયન્સ ક્લબ દ્વારા પણ સ્વામીશ્રી અને દીક્ષાર્થીઓને બિરદાવવામાં આવ્યા.

આમ, સૌ સમૈયામાં હેલે ચડેલા ત્યારે સ્વામીશ્રી તો તેથી તદ્દન નિર્લેપ હોય તેમ મહારાજની મૂર્તિમાં રહીને જ સઘળી ક્રિયા કરતા. તેથી ઉત્સવની ભરચક પ્રવૃત્તિમાં પણ તેઓ તા. ૭/૪ના રોજ શ્રીજીસ્થાપિત સ્વામિનારાયણ મંદિરનાં દર્શન કરવા પધાર્યા.

અહીંથી પાછા વળતાં તેઓ નરનારાયણ ભુવનની ચાલીમાં છેક ચોથા માળે રહેતા જયંતીભાઈ કોઠારીના ઘેર પહોંચવા તૈયાર થયા. પરંતુ ચાલીના સાંકડા અને સીધા ચઢાણવાળા દાદરા ચડવામાં પડનારી તકલીફ જોઈ સૌએ તેઓને વાર્યા, ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું: 'જયંતીભાઈ આપણા માટે રોજ દાદરા ચડ-ઊતર કરે છે, તે આપણે એક વાર એમને ઘેર ન જઈ શકીએ?!'

સ્વામીશ્રીના સ્નેહની બારાક્ષરીમાં ગણતરીના આંકડા કંઈક જુદી જ રીતે મંડાતા. તેથી તેમાં સઘળું સવળું જ પડતું. તે ઘડીએ પોતા સારુ પરિશ્રમ ઉઠાવતા સ્વામીશ્રીને જોઈ હરિભક્તોને થઈ આવતું કે 'આપણે તો સ્વામીશ્રી માટે કશું જ કર્યું નથી!' આ વિચારથી તેઓ પણ સ્વામીશ્રીને સર્વસ્વ આપવા તૈયાર થઈ જતા.

આ ભાવના સાથે સમૈયાની સેવામાં ઊમટેલા સ્વયંસેવકોની ખાસ સભા તા. ૮/૪ની સવારે સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાઈ. ગુજરાતનાં ૧૯ અને પરદેશનું એક ક્ષેત્ર મળીને કુલ ૨૦ ક્ષેત્રોના ૧૦,૦૦૦ સ્વયંસેવકોએ આ સભામાં જિલ્લા વાર સ્થાન ગ્રહણ કરી લીધેલું. ચારેકોર સેવાનું શૂર-પૂર ફરી વળ્યું હોય તેવો માહોલ પ્રવર્તી રહેલો. સ્વામીશ્રી પધારતાં જ સૌએ ઊભા થઈ ગુરુપ્રણામ કર્યા.

તે ઝીલી આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'તમે બધાએ વચન

અધ્ધર ઝીલ્યું છે. વાતો કરતા તે પ્રેક્ટિકલમાં મૂકીને આવ્યા છો. તમે લોયાનું ત્રીજું વચનામૃત સિદ્ધ કર્યું છે. ઉત્સવમાં જે આવે તેની મહિમાપૂર્વક સેવા કરવી. આવનાર ગુણ લેશે તો સેવા. ખેતરની, નોકરીની ઘણી ગરમીઓ સહન કરી છે, તો આ ગરમી સહન કરી લેવી. આ સેવાથી મહારાજ બધાને અક્ષરધામની પ્રાપ્તિ કરાવશે.'

સ્વામીશ્રીનાં આ સ્નેહ-સંબોધનથી સૌમાં અખૂટ બળનો સંચાર થઈ જતાં એકેએક સ્વયંસેવક ઉત્સવના મુખ્ય દિવસોની સેવા માટે કટિબદ્ધ બની ગયા.[૪૯]

આ સરકારથી ન થાય

તા. ૯/૪ની સવારે સ્વામીશ્રીને 'નગર'માંથી નિકટવર્તી સંતનિવાસ 'પરીક્ષિત વિદ્યાવિહાર'માં જવું હતું, પણ 'નગર'માં ઊભરાયેલું કીડિયારું જોઈ નારાયણ ભગતે કહ્યું: 'સ્વામી! આપણે બહારના રસ્તેથી જઈએ. એટલે ગિરદી નહીં નડે.'

'ના, અંદરના રસ્તેથી જઈએ. અંદરથી જઈએ તો હરિભક્તોનાં દર્શન થાય અને તેમને મળાય.' સ્વામીશ્રીએ નિર્ણય આપ્યો. તેનો વિશિષ્ટ હેતુ સાંભળી સૌ દંગ રહી ગયા!

*'માહાત્મ્ય મોટું મનમાંહિ જાણે...'*ના ભાવથી એક-એક ભક્તને નીરખનારા સ્વામીશ્રીના સાંનિધ્યમાં, તા. ૧૦/૪થી દ્વિશતાબ્દી મહોત્સવના મુખ્ય દિવસોનો પ્રારંભ થઈ જતાં દેશ-વિદેશના સત્સંગીઓથી 'નગર' ખીચોખીચ બની ગયું. 'છપૈયાપુરમ્' ઉપરાંત અમદાવાદમાં સત્સંગીઓનાં મકાનો તેમ જ વાડીઓ, ધર્મશાળાઓમાં પણ સૌનો સમાવેશ કરવામાં આવ્યો. છતાં ઘણા તો સભાગૃહમાં જ સૂઈ રહેતા. અરે! કેટલાક તો 'નગર'ની રમણ-રેતીમાં શયનાધીન થતા. સૌને બસ, એક જ આનંદ હતો – શ્રીજીના સમૈયામાં સમાયાનો!

આવા ઉલ્લાસ વચ્ચે સવારે નવ વાગ્યે 'સહજાનંદ સભાગૃહ'માં સમારંભનો શુભારંભ થયો ત્યારે મહેલ જેવા મંચના મધ્યમાં *'સલૂણી મૂરતિ*

---

૪૯. સમર્પણની વેદી પર આહુતિ આપનારા દીક્ષાર્થીઓ તથા સ્વયંસેવકોની આ સભાના સાક્ષી બનવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

માધુરી'ની જેમ શ્રીજીમહારાજ શોભી રહેલા. સ્વામીશ્રીએ સન ૧૯૮૦ની વિદેશયાત્રા દરમ્યાન જે ઉત્સવમૂર્તિ પોતાની સાથે રખાવેલી તેને પણ મંચ પર પધરાવેલી. આખો સભાગૃહ અત્તરના ફુવારાઓની સોડમથી મઘમઘી રહેલો. સેંકડો ઝુમ્મરો કલાત્મકતાને આગવો ઉઠાવ આપતાં હતાં. સ્વામીશ્રીએ મંગળમાત્રના મૂળ સમા મહારાજનાં ચરણોમાં દીપપ્રાગટ્ય કરી મુખ્ય મહોત્સવનું ઉદ્‌ઘાટન કર્યું ત્યારે તાળીઓના ગડગડાટ અને જયઘોષથી સભાગૃહ ગાજી રહ્યો.

તેની વચ્ચે મહોત્સવના ઉપાધ્યક્ષ મહંત સ્વામીએ સ્વામીશ્રી તથા મંત્રી-મહેમાનોને પુષ્પહારથી સત્કાર્યા. તે પછી વિસ્તરેલી સ્તોત્રગાન, વેદ-ગાન, પ્રાસંગિક પ્રવચનો, સંદેશવાંચન વગેરે કાર્યક્રમોની શ્રૃંખલાના અંતે આશીર્વર્ષા કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

''આપ બધાને જય સ્વામિનારાયણ. દૂરદૂરથી આપ ભગવાન સ્વામિનારાયણને રાજી કરવા આવ્યા છો. અગવડ-સગવડ જેવું લાગતું હશે. વળી, ઉનાળાનો તાપ છે. પણ અંતરના તાપ શમાવવા ભગવાન સ્વામિનારાયણ બેઠા છે. ઘણાને એમ થાય કે આવા સમારંભોથી જગતને શું ફાયદો? પણ ખાલી જોઈને જવાની આ વસ્તુ નથી. એક શબ્દ જો હૃદયમાં ઊતરી જાય તો શ્રેય થઈ જાય. આ માટે સમૈયા છે.

ડભાણમાં આવા સમૈયાથી જોબન વડતાલાને સત્સંગ થઈ ગયો તો આખા સમાજમાં શાંતિ થઈ ગઈ. ભીડો વેઠીને સર્વે આવ્યા છો. કંઈ તકલીફ પડે તો માફ કરજો. મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી વગેરે સંતો-યુવકોએ દાખડો કર્યો છે. આપ સર્વેનો સહકાર છે. નહીંતર આવું કાર્ય થઈ શકે નહીં. ગુજરાતના ચીફ આર્કિટેક્ટ આ આયોજનની પૂર્વભૂમિકા જોઈ કહેતા કે 'આ કાર્ય સરકાર કરે કે તમે લોકો કરો.' પણ જ્યારે કાર્ય શરૂ થયેલું જોયું ત્યારે બોલ્યા કે 'આ સરકારથી ન થાય, તમારાથી જ થાય.''

મુખ્ય મહોત્સવની શરૂઆતમાં જ સ્વામીશ્રીએ સંતો-ભક્તો પર સફળતાનો યશકળશ ઠાલવી દીધો.

અહો આપણાં ભાગ્ય અપાર

મુખ્ય મહોત્સવના પ્રારંભ બાદ તા. ૧૦/૪ની બપોરે અમદાવાદના આંગણે સંપ્રદાયના ઇતિહાસનું એક સુવર્ણપૃષ્ઠ ઊઘડી જતાં દેદીપ્યમાન

નગરયાત્રાનો નજારો નજરે ચઢવા માંડ્યો. ન્યૂ ક્લૉથ માર્કેટ આગળ આવેલા કામદાર કલ્યાણ કેન્દ્રના મેદાનમાં બાંધેલા મંડપો નીચે સત્સંગીઓના સમૂહ ખડકાવા લાગેલા. અહીં જુદી જુદી ૭૦ આકર્ષક પ્રસ્તુતિઓ ધરાવતી નગરયાત્રાને ક્રમબદ્ધ ગોઠવવાની કવાયત ચાલી રહેલી.

નૌકારથ, સિંહરથ, અશ્વરથ, મયૂરરથ, મંદિરરથ, ગજરથ, નાગરથ, પર્વતરથ, હંસરથ વગેરેની કલાત્મક રચના આ શોભાયાત્રાનાં પ્રમુખ આકર્ષણરૂપે હતી. તેમાં અવતારી શ્રીજીમહારાજ તથા વિવિધ દેવો-અવતારોની પૂર્ણ કદની મૂર્તિઓ પધરાવવામાં આવેલી. પ્રત્યેક રથની આગળ-પાછળ જિલ્લા અને પ્રાંત વાર મર્યાદા મુજબ હરિભક્તોનાં વૃંદ ગોઠવાઈ ગયેલાં. ધ્વજ-બેનરધારી યુવાનો, કીર્તનોની રમઝટ બોલાવતી નૃત્ય-ભજન મંડળીઓ, બૅન્ડ-વાજાં, કળશધારી મહિલાઓ વગેરેથી નગરયાત્રાના નવલા રંગ બરાબર ઉપસી રહેલા.

ન્યૂ ક્લૉથ માર્કેટથી સારંગપુર રેલવે સ્ટેશન, રિલીફ રોડ, વીજળી ઘર, દીનબાઈ ટાવર, મીરઝાપુર, દિલ્હી દરવાજા, શાહીબાગ રોડ, સુભાષ બ્રિજ થઈને 'નગર' સુધીનો પંદર કિલોમીટરનો પંથ કાપનારી ચાર કિ.મી. લાંબી આ નગરયાત્રાનો સમગ્ર માર્ગ ધજા-પતાકાથી ઝૂલી રહેલો.

બરાબર બે વાગ્યે સ્વામીશ્રી શોભાયાત્રાના આરંભબિંદુએ આવી પહોંચતાં ભક્તિભાવનો પ્રચંડ વિસ્ફોટ થયો હોય તેમ જયનાદોથી ગગન ગાજી ઊઠ્યું. વિધિવત્ પૂજન બાદ સ્વામીશ્રી આઠમા ક્રમાંકે ઊભેલા 'સંત-સમ્રાટ' નામના ગજાકાર રથમાં બિરાજ્યા તે સાથે જ ૮૦,૦૦૦થી વધુ સત્સંગીઓનો મહેરામણ કર્ણાવતીના માર્ગો પર સરકવા લાગ્યો. આ નગરયાત્રાનાં દર્શન માટે તલસી રહેલા લાખો શહેરીજનોની ભીડથી અમદાવાદ સ્થગિત થઈ ગયું. છેલ્લા કેટલાય સમયથી અશાંતિની આગમાં શેકાતું આ શહેર આજે ઉત્સવના આનંદમાં ગરકાવ બની રહ્યું.

ઠેર ઠેર સ્વામીશ્રીનાં વધામણાં થતાં રહ્યાં. મંત્રીઓ, મુસ્લિમ બિરાદરો, શહેરી આગેવાનો, નગરજનોએ સ્વામીશ્રીને ઉત્સાહભેર પોંખ્યા. છત-છાપરાં, અટારી-ઓટલા, દુકાનો-મકાનો સર્વત્રથી સ્વામીશ્રી પર પુષ્પ-અક્ષતની અનવરત વર્ષા વરસી રહી. પણ આ સઘળું સન્માન સ્વામીશ્રી તો *'દૃષ્ટિ નાસાગ્ર ધરી નિરભ્રાંત...'*ની જેમ નત મસ્તકે, નિમિલિત નયને જ ઝીલી રહ્યા.

માર્ગમાં અક્ષર-પુરુષોત્તમ મંદિર આવ્યું ત્યારે જ તેઓનાં આંખો અને મસ્તક ઊંચકાયાં. સમગ્ર મંદિર રોશનીથી ઝગમગી રહેલું. તેના પ્રત્યેક કણ-

કાંગરા ચૈતન્ય બની થનગની રહેલા. સ્વામીશ્રીએ રથમાં બેઠાં બેઠાં પોતાના ઉપાસ્ય શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં. તે વખતે તેઓનું મુખ ભાવાર્દ્ર બની ગયું. શ્રીજીમહારાજ પણ પોતાના સ્વરૂપનો સ્વામીશ્રીએ કરેલો ઉદ્‌ઘોષ જોઈ તેઓ પર અમીનજર વરસાવતાં જાણે કહી રહેલા: *'संत समान अेके नहीं...'*

સમગ્ર શહેરને મંત્રમુગ્ધ કરતી નગરયાત્રા મંદિરેથી સુભાષ બ્રિજ પાસે પહોંચી ત્યારે એક ભક્તે આપેલી કાકડી સંતોએ ઠાકોરજીને ધરાવી સ્વામીશ્રીને આપી. તે વખતે જૂનાગઢની સવારીમાં શ્રીજીએ બાળકનો ભાવ કાકડી ખાઈને સ્વીકારેલો તે ઇતિહાસ સજીવન થઈ ઊઠતાં, સૌ સ્વામીશ્રી વિષે *'अलमस्त दिसे आ तो कोई, नथी लाजता जनने जोई...'*ની ઝાંખી કરી રહ્યા.

સ્વામીશ્રીમાં શ્રીજીનું દર્શન કરાવતી આ નગરયાત્રા સુભાષ બ્રિજના છેડે પહોંચી ત્યારે આતશબાજીથી અવની-આકાશ ઝળહળી ઊઠ્યાં. તેના ઉજાસમાં જ નગરયાત્રાની શાનદાર પૂર્ણાહુતિ થઈ ત્યારે કર્ણાવતીનો કણ કણ *'अहो आपणां भाग्य अपार, अेम धारुं छुं हुं निरधार..'*નો અનુભવ વાગોળી રહ્યો.

કારાવાસીઓ દ્વારા 'મુક્તિ'નાં ગાણાં

શોભાયાત્રા બાદ રાત્રે નવ વાગ્યે 'નગર'ના સભાગૃહમાં આયોજિત કાર્યક્રમની શરૂઆત થઈ – જન્મટીપની સજા પામેલા વીસેક કેદી ભાઈઓનાં ભજનગાનથી!

દુનિયાના કોઈ ઉત્સવમાં જોવા ન મળે એવી આ ઘટના હતી. સ્વામીશ્રીના ઉત્સવો લોકકલ્યાણના કયા છેડા સુધી પહોંચતા તેનું આ દર્શન હતું. અમદાવાદના મંદિરમાં રહેતા સંતો અવારનવાર સાબરમતી જેલમાં કેદીઓને સત્સંગની વાતો સંભળાવવા જતા. તેથી બંધનમાં હોવા છતાં મુક્તિનો મર્મ પામેલા કેદીઓમાં ઘણું પરિવર્તન આવેલું.

તેના પ્રતીકરૂપે જેલના સુપ્રિટેન્ડન્ટની સાથે આજે અહીં આવેલા આ કારાવાસીઓએ ભક્તિસંગીત અને રાસ રજૂ કર્યાં. તેઓનો આઝાદ આત્મા આજે સ્વામીશ્રી સમક્ષ મન મૂકીને ઉડાન ભરી રહ્યો. પ્રેમ અને પશ્ચાત્તાપનાં નેતરાં વડે વલોવાઈ રહેલાં તેઓનાં હૈયામાંથી નીકળતાં 'મુક્તિ'નાં ગાણાંએ સૌને આર્દ્ર કરી મૂક્યા. સ્વામીશ્રીએ તેઓને ચાંદલા કરી આશીર્વાદ આપ્યા ત્યારે એ કેદીઓનાં કાઠાં હૃદય પણ કૂણાં બની સ્રવી રહ્યાં!

આ સભા રાત્રિના સાડા બાર વાગ્યા સુધી ચાલી. છેક અંત સુધી તેમાં બિરાજેલા સ્વામીશ્રી રાત્રે એક વાગ્યે આરામમાં પધાર્યા.

શ્રીજીમહારાજ પરોક્ષ નથી

તા. ૧૧/૪ના બ્રાહ્મમુહૂર્ત 'નૈમિષારણ્ય યજ્ઞશાળા'માંથી ઊઠી રહેલા વેદમંત્રોના ઉદ્‌ઘોષે અમદાવાદના આકાશને ભરી દીધું. આતંકના દિવસોમાં બંદૂકોના બાર, ટીયરગેસના ધડાકા અને જખમીઓના ચિત્કાર સાંભળીને ક્ષુબ્ધ બનેલા અમદાવાદની આભ-અટારીએ આજે જાણે મંગલતા મહોરી ઊઠી!

અશાંતિનાં શમન-વમન માટે જ શરૂ થયેલા આ વિશ્વશાંતિ યજ્ઞના ૨૨૨ કુંડો પર ૨,૨૨૨ યજમાનો વિધિસર ગોઠવાઈ ગયેલા. યજ્ઞશાળાના મંચ પર સાક્ષાત્ શ્રીજીમહારાજ યજ્ઞ કરી રહ્યા હોય તેવી શોભા રચાયેલી. સ્વામીશ્રી પધારતાં જ વેદિયા વિદ્વાનોએ તેઓ પાસે પ્રારંભિક વિધિ કરાવ્યો.

તે પૂર્ણ કરી સ્વામીશ્રી સભાગૃહમાં જઈ પહોંચ્યા. અહીં પણ આજે જાણે જ્ઞાનયજ્ઞ પ્રજ્વલિત થઈ ગયો હોય તેમ શ્રીજીમહારાજના જીવનલક્ષી અનેકવિધ પ્રકાશનો સ્વામીશ્રીના હસ્તે ઉદ્‌ઘાટિત થયાં.

અત્રે આ મહોત્સવ દ્વારા આસમાનને અડી રહેલી સ્વામીશ્રીની કીર્તિ-શિખાને વિશેષ દેદીપ્યમાન બનાવતાં પૂજ્ય હરિનારાયણાનંદજીએ જણાવ્યું: 'પ્રમુખસ્વામી એ સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રમુખ નહીં, પણ સમગ્ર ભારત સાધુ સમાજના પ્રમુખ છે એમ અમે માનીએ છીએ. સ્વામિનારાયણ સંપ્રદાય શું છે તેની ઘણાને ખબર નહોતી, પણ આ અધિવેશનથી બધાએ જાણ્યું કે આ સંપ્રદાય પણ ભારતના ષડ્‌દર્શન સમાજનું એક અંગ છે. સમગ્ર ભારત સાધુ સમાજના ઉપાધ્યક્ષ તરીકે પૂજ્ય પ્રમુખસ્વામીની નિયુક્તિ કરવાનું અમે સર્વેએ સર્વાનુમતે નક્કી કર્યું છે. તેઓ તો ઘણી 'ના' પાડે છે પણ અમારી આ ભાવના છે.'

ગુરુની આ ગુણગરિમાને ઉપસ્થિત ભક્તમેદનીએ હર્ષોલ્લાસથી વધાવી લીધી. તેનો પ્રતિસાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું: 'ઘણાને એમ થાય કે ભગવાન સ્વામિનારાયણના વખતમાં હોત તો સારું, પણ શ્રીજીમહારાજ પરોક્ષ નથી તે તેમનાં કાર્યોથી દેખાય છે. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે કાર્ય કર્યું છે. ભગવાન સત્સંગમાં પ્રગટ રહીને કાર્ય કરે છે. શ્રીજી-મહારાજને પ્રત્યક્ષ સમજી ભક્તિ કરવી.'

સ્વામીશ્રીના આ શબ્દોમાં જન-જનનાં હૈયાંનો અનુભવ હતો. આ મહોત્સવમાં આવનાર કૈંક મહાનુભાવો પણ આ અનુભૂતિ ઉચ્ચારી રહેલા કે 'ભગવાન સિવાય કોઈ આ કરી ન શકે... આ સુંદર આયોજને પુરવાર કરી આપ્યું છે કે સંસ્થાના સુકાની પ્રમુખસ્વામીમાં સ્વામિનારાયણ ભગવાન બિરાજે છે. એ ન બિરાજતા હોત તો આ અશક્ય શક્ય ન બન્યું હોત.'

બાળકો તરફ ઉપેક્ષા ન રહે તે વિનંતી

તા. ૧૧/૪ની સાંજે સવા ચાર વાગ્યે પુનઃ યજ્ઞશાળામાં પધારેલા સ્વામીશ્રીએ અત્રે કોઠારી સ્વામીને સામે રાખી અરણી મંથન દ્વારા અગ્નિ-પ્રાકટ્ય કર્યું. અતિ અલ્પ સમયમાં જ પ્રગટી ગયેલા તે અગ્નિથી ૨૨૨ યજ્ઞકુંડ પ્રદીપ્ત થયા. તેની ધૂમ્રસેરોથી અમદાવાદનું વાયુમંડળ છવાઈ ગયું. આમ, પોતાના આયોજનથી શહેરના પ્રદૂષિત વાતાવરણને પવિત્ર કરતા સ્વામીશ્રી સભાગૃહમાં પહોંચ્યા ત્યારે અહીં યોજાયેલા બાળ-યુવા સંમેલનમાં દેશ-વિદેશના બાળકો-યુવકો દ્વારા જ્ઞાન-ગમ્મતભર્યા કાર્યક્રમો રજૂ થયા.

તેનું સમાપન કરતાં સ્વામીશ્રીએ અમૃતધારા વહાવી:

''કોઈને એમ થાય કે 'સુંદર પ્રવચનોને બદલે આ શું?' પણ આ પાયાની જરૂરિયાત છે. બાળકોના કાર્યક્રમોમાં બાળકોને ઉત્સાહ હોય કે 'મેં સ્ટેજ ઉપર જઈ વાત કરી!' નિશાળ-કૉલેજોમાં સંસ્કાર મળતા નથી. અહીં પાંચ જણ પચાસને રંગ લગાવશે ને એમ કરતાં પાંચ લાખનેય રંગ લાગશે. યુવક મંડળમાંથી થોડા સાધુ થવા નીકળે તો હજારોને સત્સંગ કરાવશે. દરેકને આજે પવિત્ર માણસોની જરૂર છે. મહિનાથી આ કાર્યક્રમ ચાલે છે. બધાનો એક જ સૂર છે કે 'ખૂબ જ સુંદર પ્રોગ્રામ છે.' બાળકો તરફ ઉપેક્ષા ન રહે તે વિનંતી. કાદવમાં પડીને પછી ધોવું એના કરતાં કાદવથી દૂર રહેવું તે સારું છે. માટે બાળકો બગડે નહીં તેવું કરવું. બગડ્યા પછી સુધારવું અઘરું પડે છે.''

મહોત્સવના વિરાટ તંત્રમાં સ્વામીશ્રી બાળકોને પણ ન ભૂલ્યા. વડ-પીપળા ઉછેરતાં તેઓ નાના છોડવાઓની માવજત લેવાનું કદી ન ચૂકતા. આ તેઓની વિશેષતા.

તેઓની આ ખાસિયતને અનુસરતાં આજની રાત્રિએ આવી પહોંચી ૨૦૦મી કીર્તન આરાધના.

શ્રીજીમહારાજની દ્વિશતાબ્દી નિમિત્તે છેલ્લાં પાંચ વર્ષ દરમ્યાન દેશ-

વિદેશમાં ગૂંથાઈ રહેલી કીર્તનમાળામાં પરોવાનારા ૨૦૦મા પુષ્પનો પરિમલ માણવા આજની રાત્રે સભાગૃહ સમય પહેલાં હકડેઠઠ ભરાઈ ચૂકેલું. તેમાં સંતોએ સૂર-સ્વરના સથવારે સંગીતની હવા ખરેખરી જમાવી. સૌની વિનંતીથી સ્વામીશ્રીએ પણ *'દરદ મિટાયા મેરે દિલ કા...'* અને *'તારો ચટક રંગીલો છેડલો...'* કીર્તનો રેલાવતાં એકેએક શ્રોતા અમૃતના ઓડકાર ખાઈ રહ્યો.[૫૦]

આ મહાન ઉત્સવ જગતના ઇતિહાસમાં લખાશે

તા. ૧૨/૪ના રોજ ચૈત્ર સુદ નવમીનો સૂર્યોદય જોતાં જ સૌ સંત-સત્સંગીનાં મનમાં અનાયાસે પંક્તિઓ ગુંજી ઊઠી: *'પ્રેમે પ્રગટ્યા રે, સૂરજ સહજાનંદ...'* પૃથ્વી પરના અવતરણ માટે બસો વર્ષ પૂર્વે આજની તિથિનું વરણ કરનારા ભગવાન સ્વામિનારાયણને અંજલિ આપવા આજે સૌ ઉત્સુક હતા.

સ્વયં સ્વામીશ્રી પણ સવારે પાંચ વાગ્યે જાગ્રત થઈને નિત્યપૂજાથી પરવારી સવા સાત વાગ્યે તો શાહીબાગના મંદિરે શ્રીજીમહારાજની શણગાર આરતી ઉતારવા પધારી ગયા. આ જ મૂર્તિઓ સમક્ષ તેઓએ પાંચ વર્ષ પૂર્વે પ્રગટાવેલી દ્વિશતાબ્દીની જ્યોતે પાંચ વર્ષમાં તો પાંચેય ખંડોને ઝળાહળા કરી દીધેલા. તેના પ્રતીકરૂપે પાંચ દિવેટોથી આરતી ઉતારી સ્વામીશ્રીએ શ્રીજીચરણે અર્ઘ્ય અર્પ્યું અને ત્યાંથી સીધા જ એક નવો ઇતિહાસ સર્જવા આવી પહોંચ્યા 'નગર'ની નૈમિષારણ્ય યજ્ઞશાળામાં.

ગઈકાલે અહીં ૨૨૨ કુંડોમાં યજ્ઞનારાયણને આહુતિ અપાઈ હતી. આજે ત્યાં સ્વામિનારાયણને જીવનની આહુતિ ચડાવવા ૨૦૬ નવલોહિયા થનગની રહેલા. શ્રીજીમહારાજે એક સાથે પાંચસો પરમહંસો કરેલા. ત્યારપછી પોણા બસો વર્ષે ફરી વિશ્વ-ઇતિહાસની એક વિરલ ઘડી કાળને છક્કડ ખવડાવવા આવી પહોંચી. એકસાથે આટલી વિશાળ સંખ્યામાં સુશિક્ષિત નવયુવાનો અષ્ટાંગ બ્રહ્મચર્યના માર્ગે પ્રયાણ કરતા હોય, એવી આ ક્ષણ દુનિયા પહેલી વાર નીરખી રહી.

યજ્ઞમંડપની વેદિકા પર ૧૫૯ સાધકો પાર્ષદી દીક્ષા ગ્રહણ કરવા માટે,

---

૫૦. આ કીર્તન આરાધના તથા ભવ્ય નગરયાત્રા અને શ્રીહરિયાગ વગેરેનો આસ્વાદ પામવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

૩૫ પાર્ષદો ભાગવતી દીક્ષા અંગીકાર કરવા માટે અને ૧૨ યુવાનો સાધક દીક્ષા લેવા માટે આતુર હતા. તેમાંથી કેટલાયની ગૃહવિદાયના પ્રસંગને સ્વામીશ્રીએ તેઓના ઘરઆંગણે પહોંચીને યાદગાર બનાવેલા.

સ્વામીશ્રીએ સર્જેલી અન્ય એક સામાજિક ક્રાંતિથી પણ આ દીક્ષા સમારોહ સ્મરણીય બની રહ્યો. શ્રીજીમહારાજે તો *'સહુ જનને શરણે લેવા રે...'*ની રીત રાખી પ્રત્યેક વર્ણના મુમુક્ષુઓને પોતાના પરમહંસવૃંદમાં સામેલ કર્યા હતા. પરંતુ કાળક્રમે પ્રવેશેલી પરંપરાને કારણે સંપ્રદાયમાં અમુક વર્ણની વ્યક્તિઓને જ ભગવાં ઓઢાડવાનું શરૂ થયેલું, પણ આજે શ્રીજીમહારાજની પ્રથાને પુનર્જીવિત કરતા સ્વામીશ્રી સૌને પોતાના સંતવૃંદમાં સમાવી રહેલા. તેઓનું આ ક્રાંતદર્શી કદમ અનેક અગ્રણીઓની દાદ મેળવનારું બની રહ્યું.

તેથી જ દ્વિશતાબ્દી મહોત્સવની કલગી સમાન આ ક્ષણોને નીરખવા ભારે જનમેદની ઊમટી પડેલી. સભાખંડની એક પાંખે દીક્ષાર્થીના સ્વજનોનું સ્થાન હતું. બીજી પાંખે સત્સંગીઓ, શહેરવાસીઓનો સમૂહ હતો. તેઓની નજર સમક્ષ ઠાકોરજીનો ષોડશોપચાર વિધિ થયો, યજ્ઞમાં આહુતિઓ અપાઈ અને સ્વામીશ્રી ક્રમવાર ભાગવતી, પાર્ષદી અને સાધક દીક્ષા આપવા લાગ્યા. તે સાથે જ દીક્ષાર્થીના કાનમાં ગુરુમંત્ર ફૂંકાવા લાગ્યો, વક્ષઃસ્થળ અને બંને બાહુ પર ચંદનની છાપો અંકિત થવા માંડી, મસ્તક પર વરદહસ્ત મુકાતો ગયો.

સ્વામીશ્રી પાસે આટલો લાભ મેળવી આગળ વધતા દીક્ષાર્થીઓને સદ્‌ગુરુઓ કંઠી, પાઘ, ઉપવસ્ત્ર પહેરાવતા ગયા. આ રીતે દીક્ષિત થતા એક-એક યુવાનને તાળીઓના ગગનભેદી ગડગડાટથી ભક્તસમુદાય વધાવતો રહ્યો, કારણ કે *'ન છતાં તજવું તે સહેલ, હોય તે તજવું મુશ્કેલ...'*ની જેમ આજે જીવન સમર્પી રહેલા યુવાનોમાં કૈંક ઉચ્ચ પદવીધારી હતા તો કૈંક મોટા પગારધારી. કોઈ વાલીના એકના એક પુત્રરૂપે હતા, તો કોઈ હતા વિશાળ કારોબારના ધણી. અમેરિકા, ઈંગ્લેન્ડ, આફ્રિકાનાં રહેઠાણ, શહેરની સાહ્યબી, લખલૂટ સંપત્તિ વગેરેને તિલાંજલિ આપનારા કૈંક હતા, તો કૈંક આ માર્ગે પ્રયાણ કરવા ભરપૂર સંઘર્ષ કરીને આવેલા.

દીક્ષાર્થીઓની આ હરોળમાં છેલ્લે છેલ્લે જોડાઈ ગયેલા મનોજ પંડ્યા તો એક તરફ દીક્ષા સમારોહ ચાલી રહેલો ત્યારે બીજી તરફ પોતાના વાલીને ત્યાગાશ્રમ માટે નીકળવાની રજા આપવા સમજાવી રહેલા. આખરે તેઓની ત્યાગભાવનાએ રંગ લાવતાં વાલીએ મંજૂરી આપી. તે સાથે જ ઉમંગભેર દોટ

મૂકતાં આ યુવાન જઈ પહોંચ્યા સ્વામીશ્રીના ખોળે. સ્વામીશ્રીએ પણ એ જ ઉમંગથી તેઓના ભાલે ત્યાગનું તિલક ચોડી દીધું.[૫૧]

આવા અલૌકિક અવસરને પોતાની અમૃતધારામાં ઝબકોળતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'બસો યુવાનો ત્યાગાશ્રમમાં પ્રવેશ કરે છે તે આનંદની વાત છે. આજના જમાનામાં જે આ બને છે તે યોગીજી મહારાજના સંકલ્પથી બને છે. શ્રીજીમહારાજે નાત-જાત જોયા વગર દીક્ષા આપી છે. આ સંતો દ્વારા ભગવાન સ્વામિનારાયણનો સંદેશો બધે પહોંચશે અને તે રીતે માનવસેવા થશે. આજે વીસ-વીસ વરસના ઘર મૂકીને આવે છે. આ જ પરચો ! મા-બાપે રાજીપા ને પ્રેમથી ને ઉત્સાહથી દીકરાઓ આપ્યાં છે. એકના એક દીકરા પણ ઘણા છે. મદાલસા, મેનાવતી આદિ માતાઓ પૂર્વે થઈ ગઈ. પણ અત્યારની આ માતાઓને ધન્યવાદ છે. મહારાજ દીક્ષાર્થીનાં માતા-પિતાને સુખ-શાંતિ આપે ને તને, મને, ધને સુખી રાખે. આ મહાન ઉત્સવ જગતના ઇતિહાસમાં લખાશે. મહારાજને પ્રાર્થના કે બધા સંતો સાધુતાના ગુણે યુક્ત થાય, બ્રહ્મ-સ્થિતિ પ્રાપ્ત કરે અને એકાંતિક ધર્મ સિદ્ધ કરે. આવા સંતો હજારોને ધર્મના માર્ગે ચડાવશે.'

પ્રમુખસ્વામીની દયાનો પ્રતાપ

'આવા સંતો હજારોને ધર્મના માર્ગે ચડાવશે...' – બસો નવયુવાનોને દીક્ષા આપતાં સ્વામીશ્રી આમ જે બોલ્યા એ જાણે તે જ ક્ષણે સાકાર થઈ ઊઠ્યું હોય તેમ આ દીક્ષા ઉત્સવ જોઈને એક યુવક રમેશ પટેલનું સમૂળું રૂપાંતર થઈ ગયું. અભક્ષ્ય આહાર અને અયોગ્ય વિહારના રવાડે ચડી ગયેલા આ યુવાન સમગ્ર 'નગર'થી તો ખરા જ, પણ વિશેષતઃ આ દીક્ષા સમારોહ નિહાળી કંઠીબદ્ધા સત્સંગી થઈ ગયા. એટલું જ નહીં, આગળ જતાં તેઓએ ત્રણ દાયકા સુધી સંસ્થાના કાર્યકર તરીકે સેવાઓ આપી અને સંબંધીઓના સહકારથી ભૂમિદાન કરીને પોતાના વતન ઊનમાં મંદિર પણ બંધાવ્યું.

'ઉત્સવો શા માટે ?' પૂછતા ફરનારાને સણસણતા જવાબ જેવા આવા કૈંક પ્રસંગો દ્વિશતાબ્દીની ચિરંતન સ્મૃતિ બનીને હજારોનાં હૈયે જડાતા ગયા.

આવા દિવ્ય દીક્ષા સમારોહ બાદ મહોત્સવના સભાગૃહમાં મુખ્ય દિવસની દ્વિતીય સભા માટે પધારેલા સ્વામીશ્રીને વધાવતાં રાજ્યના મંત્રીઓએ

---

૫૧. ઉમંગ ભગત નામ ધારણ કરનારા તેઓ સમયાંતરે સાધુ યોગેન્દ્રદાસ બન્યા.

ભાવોર્મિઓ વહાવી. ત્યારબાદ રામસનેહી સંપ્રદાયના અધ્યક્ષ પૂજ્ય રામકિશોરદાસજીએ જણાવ્યું : 'સ્વામિનારાયણ ભગવાન પ્રમુખસ્વામીની અંદર બિરાજી સર્વને લાભ આપે છે. ઉચ્ચ કોટિના વિચારપૂર્વકનું આ આયોજન એ પ્રમુખસ્વામીની દેણ છે. એક સદ્‌ગૃહસ્થને ઘેર બે-ચાર દિવસનો પ્રસંગ હોય તો તે બેચેન થઈ જાય છે. અહીં અમદાવાદના અશાંત વાતાવરણમાં અમે આવતાં વિચારતા હતા. પણ પ્રમુખસ્વામીનો કેવો સુદૃઢ સંકલ્પ ! અમે આવ્યા ત્યારે[૫૨] વાતાવરણ તંગ હતું, પણ હવે શાંતિની સ્થાપના થઈ ગઈ એ પ્રમુખસ્વામીની દયાનો પ્રતાપ છે. તેમનામાં આધ્યાત્મિક રુહાની શક્તિ છે.'

અનામતના વિરોધમાં ઉપવાસ પર ઊતરેલા નેતાઓએ સ્વામીશ્રીનો આદેશ શિરે ચઢાવી ડૉક્ટર સ્વામીના હસ્તે પારણાં કરતાં આંદોલનની અશાંતિ ઓગળી ગયેલી. તે સંદર્ભમાં ઉચ્ચારાયો છે ઉપરોક્ત અભિપ્રાય. ખરેખર, આ દ્વિશતાબ્દી ઉત્સવ ગુજરાતની જનતા માટે શાંતિદાયક પુરવાર થઈ રહ્યો. તેથી ગુજરાત હરહંમેશ સ્વામીશ્રીનું ઋણી બની રહ્યું.[૫૩]

સ્ત્રી-ઉત્કર્ષના હિમાયતીને ભક્તિઅર્ઘ્ય

તા. ૧૨/૪ના રોજ શ્રીજીમહારાજના દ્વિશતાબ્દી પર્વે નકોરડો ઉપવાસ કરવાનું નક્કી કર્યા મુજબ, સ્વામીશ્રીએ ઉત્સવની દ્વિતીય સભા બપોરે પોણા એક વાગ્યે પૂરી થઈ ત્યાં સુધી પાણીનું ટીપું પણ મોંમાં મૂક્યું નહોતું ! આખો દિવસ આ જ રીતે ખેંચી કાઢવાના મિજાજમાં તેઓ હતા, પરંતુ ઉત્સવનો ભીડો અને વધતી વય જોઈ વરિષ્ઠ સંતોએ ખૂબ વિનંતી કરતાં તેઓએ બપોરે એક વાગ્યે ફક્ત સાદું જળ જ અંગીકાર કર્યું ! છતાં ઉત્સવમાં આવનારાને જમાડવામાં સ્વામીશ્રીએ પાછું વાળીને ન જોયું. આજની બપોરે 'નગર'ના રસોડે સવા લાખ હરિભક્તોએ ભોજન લીધું !

આ જમણ તૈયાર કરવામાં જેઓનો મહત્ત્વનો ફાળો હતો, એવી મહિલાશક્તિએ રસોડા ઉપરાંત મંચ પર પણ પોતાનું કૌવત ઝળકાવતાં

---

૫૨. 'ભારત સાધુ સમાજના અધિવેશન'ના અવસરે.

૫૩. લોકમાનસમાં અવિસ્મરણીય અવસરરૂપે અંકિત થનારા આ દીક્ષા મહોત્સવને નિહાળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

આજની બપોરે વિવિધ કાર્યક્રમો યોજી શ્રીજીમહારાજને ભક્તિઅર્ઘ્ય આપ્યું. સ્ત્રીઓને સમાજમાં તથા સંપ્રદાયમાં ચોક્કસ સ્થાન આપી તેઓની ઉન્નતિ કરનારા શ્રીજીમહારાજનું ઋણ ચૂકવવાના હેતુસર, આ મહિલાઓએ 'નગર'માં તા. ૧૪/૩થી આરંભાયેલા 'મહિલા સપ્તાહ' અંતર્ગત સ્ત્રી-સશક્તિકરણ સંબંધી વિશેષ કાર્યક્રમો રજૂ કરેલા. તેની પૂર્ણાહુતિ આ રીતે થઈ.[૫૪]

તે દરમ્યાન આંબલીવાળી પોળના મંદિરે પધારેલા સ્વામીશ્રીએ અહીં સત્સંગ-વિકાસના શુભ હેતુઓની પરિપૂર્તિ માટે પ્રાર્થના કરી. સાથે સાથે ૩૭ દિવસનો ભવ્ય મહોત્સવ નિર્વિઘ્ને સંપન્ન કરવા બદલ ઠાકોરજીનો અને ગુરુજનોનો આભાર માની સ્તુતિ પણ ઉચ્ચારી.

આ યુગની મોટી બક્ષિસ

આંબલીવાળી પોળના મંદિરેથી સ્વામીશ્રી 'નગર'ના 'સહજાનંદ સભાગૃહ'માં પધાર્યા ત્યારે અહીં મહોત્સવના મુખ્ય સમારંભને માણવા માટે એક લાખથી વધુનો ભક્તસમુદાય હિલોળા લઈ રહેલો. તે દરેકના ચહેરા પર અવર્ણનીય આનંદની લકીરો ખેંચાઈ ગઈ હતી. છેલ્લાં પાંચ વર્ષથી દ્વિશતાબ્દી નિમિત્તે ચાલતાં અનેકવિધ આયોજનમાં, કોઈ ને કોઈ રીતે સહભાગી બનીને આ સૌ ભક્તોએ શ્રીજીમહારાજનાં ચરણોમાં સેવા સમર્પિત કરેલી. આજે તેની ચરમસીમા આવી ગઈ હતી. તેથી આનંદ-ઉલ્લાસથી છલકાતા માહોલમાં એક પછી એક ભક્તિસભર અર્ઘ્ય શ્રીજીમહારાજનાં ચરણોમાં મુકાતાં ચાલ્યાં. જાણે 'અક્ષરધામ'નું જ વાતાવરણ ખડું થઈ ગયું! તે અનુભવી સભાપ્રમુખ તરીકે ઉપસ્થિત કેન્યાના મંત્રી શ્રી કર્યુકી બોલી ઊઠ્યા : 'આજના આધ્યાત્મિક પ્રસંગમાં જે દિવ્યતા છે તે મનુષ્યની કલ્પના બહારની છે. પ્રમુખસ્વામીના અધ્યક્ષપદ હેઠળ આ સંસ્થા વિશ્વમાં વિકસી રહી છે તેનું રહસ્ય એ છે કે પ્રમુખસ્વામીમાં શ્રીજીમહારાજનું પ્રાગટ્ય છે.'

અતિથિવિશેષરૂપે હાજર રહેલા મુખ્યમંત્રી શ્રી માધવસિંહ સોલંકીએ પણ જણાવ્યું : 'આ યુગની મોટી બક્ષિસ એ પ્રમુખસ્વામી છે. જે પ્રણાલિકા

---

૫૪. શ્રીજીમહારાજનાં ચરણે મહિલા ભક્તોએ ધરેલાં આ ભક્તિ-કુસુમોની મહેક પામવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

શ્રીજીમહારાજે શરૂ કરેલી તે પ્રમુખસ્વામીએ ચાલુ રાખી છે. બીજાની મહત્તા ઓછી થાય છે ત્યારે સ્વામિનારાયણની પ્રતિષ્ઠા વધતી જાય છે.'

આવા કૈંક ઉદ્‌ગારો દ્વારા *'સકલ વ્યોમમાં ગુંજે આજે, યશગાથા મહારાજની...'* પંક્તિઓ આજની સભામાં પળે પળે સાર્થક અનુભવાતી રહી, પણ સમય થંભી ગયો રાત્રિના ૧૦:૧૦ વાગ્યે.

ભગવાન પ્રગટ હતા, છે અને રહેવાના

શ્રીજીમહારાજના અવતરણને વધાવતાં પરમહંસોએ ગાયેલી અનુભૂતિ *'પ્રગટ ભયે પૂરણ પુરુષોત્તમ, સુર સજ્જન સુખદાઈ હો...'* એ આજની રાત્રે ૧૦:૧૦ વાગ્યે એકેએક સભાસદની બની રહી, કારણ કે મહોત્સવના મંચ પર ધ્વનિ અને પ્રકાશના માધ્યમથી શ્રીજીમહારાજના જન્મોત્સવને જીવંત બનાવવામાં આવ્યો.

શ્રીજીના પ્રાદુર્ભાવની ઘડી નજીક આવતાં જ સમગ્ર સભાગૃહની બત્તીઓ બુઝાઈ. તે વખતે આગળ થયેલા અવતારોના પ્રાકટ્ય પૂર્વેની જગતની કરુણ પરિસ્થિતિનાં દૃશ્યો દર્શાવાતાં ગયાં. આ કરુણતાને વિદારવા તે તે અવતારોના પ્રાકટ્યને જણાવી છેવટે અનાદિ અજ્ઞાનના નાશ માટે શ્રીહરિના અવતરણનું નિદર્શન રજૂ થવા લાગ્યું.

તેના પ્રારંભમાં શ્રીજીમહારાજને વધાઈ આપવા માટે નીખરી ઊઠેલી પ્રકૃતિ તથા મોર-કોયલ-બપૈયાના કલરવ વગેરે દ્વારા પ્રાકટ્યની પૂર્વભૂમિકા રોચક રીતે બંધાઈ. અંતે પૃથ્વીવાસીઓના સૌભાગ્યની ઘડી આવી પહોંચી. બાલપ્રભુના અવતરણથી ચૌદે લોકમાં આનંદ છવાઈ ગયો. દેવો દુંદુભિ વગાડવા માંડ્યા. યક્ષ, કિન્નરની સૃષ્ટિ ગાયન-નર્તન કરવા લાગી. *'ગુણી ગાંધર્વ હરિગુણ ગાય હૈયે હરખાય, પ્રગટ થયા મહાપ્રભુ; આજ શરણાઈના શોર થાય વધામણી જાય, પ્રગટ થયા મહાપ્રભુ...'*ના આ માહોલમાં જ પુષ્પવૃષ્ટિ વરસી રહી અને છપૈયામાં *'ધર્મ ઘેર આનંદ ભયો, જય બોલો ઘનશ્યામ કી...'*નો કલશોર મચી ગયો.

તે સાથે જ આરતીના એક લાખ દીવા ઝગમગી ઊઠ્યા. ૨૦૦ કલાત્મક આરતીની જ્યોત પણ ઝળહળી રહી. સ્વામીશ્રીના હાથમાં નેતરમાંથી નિર્મિત ૨૦૦ દીવાની આકર્ષક આરતી આપવામાં આવતાં જ મહાનિરાજન-વિધિ શરૂ થયો. ઉપર-નીચે, અડખે-પડખે હિલોળતી દીપશિખાઓથી જાણે દીપસાગરમાં

લહેરો ઊઠતી હોય તેવું દૃશ્ય ખડું થઈ રહ્યું. ચાંદીના પારણામાં પોઢેલા બાલપ્રભુ ઘનશ્યામને સ્વામીશ્રી હીરની દોરીથી હીંચકાવવા લાગ્યા. આ સમયે ભાવવિભોર બની ગયેલા તેઓની આંખોમાં હર્ષાશ્રુ ઊભરાઈ આવ્યાં. તેઓનો આ પ્રેમભાવ નીરખી મંચ પર ખડા કરવામાં આવેલા છપૈયાના ધર્મસદનમાં રહેલી ધર્મ-ભક્તિ વગેરેની રૂપકૃતિઓ જાણે જીવંત બની હરખાઈ ઊઠી. તેની વચ્ચે *'સોનાના બોર ઝૂલે ધર્મકિશોર...'*ની પદાવલિથી થનગની ઊઠેલું સંતવૃંદ રાસ રમવા લાગ્યું.

આ રાસરમણથી ઝૂમી ઊઠેલા ભાગવત વિદ્યાપીઠના પ્રણેતા શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજીના મુખેથી અહોભાવ વહી છૂટ્યો કે 'આ સ્થાનની રજને કોટિ કોટિ દંડવત. આજે યોગીબાપાને સાડા ત્રણ કરોડ રોમાંચ દ્વારા દંડવત. પ્રમુખસ્વામીને પ્રણામ કરીએ તેટલા ઓછા. ભગવાનને પ્રાર્થું કે મારા પ્રમુખસ્વામીના હાથે આવા કરોડો ઉત્સવ થાય. ભગવત્પ્રાકટ્ય વખતનો ચૌદ લોકનો આનંદ આજે નજરે જોયો.'

આમ, *'સૌને આનંદ ઉરમાં વિશેષ, નહિ ક્લેશ દીસે લવલેશ...'*ના આ વાતાવરણ વચ્ચે સ્વામીશ્રીની અમૃતધારા વહેવા લાગી કે –

'ઘણા વખતથી જેની પ્રાર્થના કરતા આવ્યા છીએ, આરાધના કરતા આવ્યા છીએ તે આ અવસર. વૈરાટ નારાયણે પુરુષોત્તમ નારાયણની સ્તુતિ પોતાની અડધી આવરદા સુધી કરી. આપણે તેટલો સમય લાગ્યો નથી. અક્ષરધામમાં બેઠા હોઈએ તેવું સુખ-આનંદ થયો. ઘણા ઘણા સમયનો પ્રયત્ન સફળ થતો જણાય છે. ભગવાન પરોક્ષ થતા નથી. તેઓ પ્રગટ હતા, છે અને રહેવાના છે. ઉત્સવ સફળ થયો છે. શ્રીજીમહારાજની કૃપાથી આ થયું છે. આ વાતાવરણ, પ્રસંગ જીવનમાં યાદ રહેશે તેને અક્ષરધામની પ્રાપ્તિ થશે. ગુજરાતનો પ્રશ્ન પણ સારી રીતે ઊકલી જાય અને શાંતિ પ્રવર્તે તે માટે ભગવાનને અંતઃકરણપૂર્વક પ્રાર્થના.'

આ અદ્‌ભુત આશીર્વાદ બાદ *'જેને જોઈએ તે આવો મોક્ષ માંગવા રે લોલ...'* વગેરે ઉત્સવિયાં પદો મીઠી હલકે ગવાવાં લાગ્યાં. તે વખતે અતિ આનંદમાં આવી ગયેલા સ્વામીશ્રીએ પણ હાથમાં કરતાલો લીધી અને ઠાકોરજી સમક્ષ મુજરા કરવા માંડ્યા. આ દેવદુર્લભ દૃશ્ય નિહાળી સભામાં રસસાગર રેલી ગયો. તેમાં નિમગ્ન સૌ પંચાજીરીનો પ્રસાદ લઈ વિદાય થયા ત્યારે સૌના હોઠે એક જ ઉદ્‌ગાર રમી રહ્યો : *'સમૈયો તે થયો ઘણો સારો,*

સ્વામીશ્રીએ અન્નકૂટની આરતી ઉતારી. તે સાથે જ બપોરે એક વાગ્યે મહોત્સવની પૂર્ણાહુતિ થઈ ત્યારે કોઈને ખ્યાલ પણ ન રહ્યો કે '૩૭ દિવસ ક્યાં પૂરા થઈ ગયા!'

પરંતુ આ દિવસો દરમ્યાન સ્વામીશ્રીએ બી.એ.પી.એસ. સંસ્થાને રાષ્ટ્રીય સ્તરે પ્રતિષ્ઠિત કરી દીધી અને શ્રીજીમહારાજને શાશ્વત પ્રતિષ્ઠા અપાવી દીધી. દ્વિશતાબ્દીનાં આવાં કૈંક અમૂલ્ય પ્રદાનોથી આ ૩૭ દિવસ કાળના લલાટ પર અમીટ તિલક અંકિત કરી ગયા! તેની સ્મૃતિ સાથે સૌ આ 'નગર'ની રજને મસ્તકે ચડાવતાં, પાછું વળીને તેને નિહાળતાં નિહાળતાં વિદાય થવા લાગ્યા.[૫૬]

યે સંતન હૈ પર-ઉપકારી

દ્વિશતાબ્દીની પૂર્ણાહુતિના બીજા જ દિવસથી સ્વામીશ્રી તો જાણે 'ઉત્સવ ઊજવ્યો જ નથી' એવી નિર્લેપતા સાથે પધરામણીઓ કરવા માંડ્યા, પરંતુ હવે તેઓ જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં તેઓનાં દર્શન-આશીર્વાદ માટે થોકબંધ માણસો ઊમટી પડતા. તા. ૧૪/૪ની સાંજે પોલિટેકનિક સ્કૂલના આંગણે પણ આમ જ બન્યું.

અત્રે ગુજરાત સરકાર દ્વારા નિર્મિત 'નગર' સંબંધી સમાચાર આપતી ફિલ્મ(ન્યૂઝ રીલ) નિહાળી મંદિરે પરત પધારેલા સ્વામીશ્રી, તા. ૧૫/૪ની સવારે ચરોતર તરફ જવા મોટરમાં બેસી ગયા. પરંતુ તે જ વખતે તેઓને સમાચાર મળ્યા કે 'એક ભાવિકને સંજોગોવશાત્ માઠું લાગતાં તે સત્સંગ મૂકવા તૈયાર થઈ ગયા છે.'

લેખકની નામના ધરાવતા આ સત્સંગીને પોતાની યથાયોગ્ય સંભાવના સમૈયામાં ન થઈ તેમ લાગતાં, તેઓ સત્સંગને 'રામ... રામ...' કરવા સુધીની હદે ધસી ગયેલા. સ્વામીશ્રીને આ ખબર પડતાં જ તેઓ મોટરમાંથી નીચે ઊતરી સીધા જઈ પહોંચ્યા એ હરિભક્તના ઓરડે અને કો'કની ગાફલાઈ બદલ પોતે માફી માંગવા લાગ્યા. તે ભક્તને વીનવતાં તેઓની આંખોમાં

---

૫૬. ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવના આ શાનદાર સમાપનની ક્ષણોના સાક્ષી બનવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

ઝળઝળિયાં આવી ગયાં!

લાખોને આકર્ષતો સમૈયો ઊજવ્યાના બે જ દિવસ બાદ, એક વ્યક્તિનો પગ સત્સંગમાંથી પાછો ન હઠે તેની આટલી ખેવના રાખનારા સ્વામીશ્રીની જીવદયા જોઈ, સૌની આંખો ભીની થઈ ગઈ!

શ્રીજીમહારાજે કહ્યું છે કે "કોઈક એમ જાણે છે જે, 'મેં તો મહારાજને બહુ ભજ્યા ને ઘણીક સેવા કરી પણ આપણને તો મહારાજ બોલાવતા નથી ને બીજાને તો બહુ બોલાવે છે; ત્યારે આપણે ઘેર બેઠાં જ પ્રભુ ભજશું.' એમ અવગુણ લે છે. ત્યારે અમે પણ એમ ધારીએ જે, 'એ જીવને ને અમારે શું?' તો એ જીવનું કાંઈ ઠેકાણું રહે નહીં. પણ અમે તો કોઈનો અવગુણ લેતા જ નથી."[૫૭] આવી જ હતી સ્વામીશ્રીની પણ પ્રકૃતિ!

યજ્ઞપુરુષને દ્વાર નોબત વાગે છે

અમદાવાદથી નીકળેલા સ્વામીશ્રી વરતાલ, બાકરોલ, વિદ્યાનગર, કરમસદ થઈને તા. ૧૬/૪ની રાત્રે સાડા આઠ વાગ્યે સારંગપુર પધાર્યા.

અહીં તેઓ આવેલા યોગીજી મહારાજનો વધુ એક સંકલ્પ પૂર્ણ કરવા.

ધામગમન પૂર્વે યોગીજી મહારાજે ઇચ્છા વ્યક્ત કરેલી કે 'શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિસ્થાન પર ભવ્ય મંદિર કરવું.' ગુરુના 'પણ'ને પોતાનો પ્રાણ સમજનારા સ્વામીશ્રીએ આજે શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિસ્થાન પર, સકળશ ૬૮ ફૂટ ઊંચું મંદિર તૈયાર કરી દીધેલું. ઘુમ્મટ, ગૂઢમંડપ, નૃત્યમંડપ, સ્તંભ-પંક્તિઓ, વિશાળ દ્વાર, તોરણો, કમાનો વગેરેની શોભાથી તે અતિ સુંદર જણાતું હતું.

તેમાં તૈયાર થયેલા સુવર્ણ સિંહાસનમાં પ્રતિષ્ઠિત કરવા માટે શાસ્ત્રીજી મહારાજની આસનબદ્ધ મૂર્તિ પણ ઇટાલિયન આરસમાંથી કંડારવામાં આવેલી. આ મૂર્તિની ઉપરના સિંહાસનમાં ધામ, ધામી, મુક્તની કાષ્ઠનિર્મિત મૂર્તિઓ બિરાજવાની હતી. આ શુભ અવસરે વીસેક હજાર હરિભક્તો સારંગપુરમાં ઊમટી પડેલા. તે સૌના ઉત્સાહ વચ્ચે તા. ૧૭/૪ની સવારે એકાદશકુંડી યજ્ઞશાળામાં ૩૦૦ યજમાનોએ 'યજ્ઞપુરુષ'ને આહુતિ અર્પી.

આ પ્રસંગે પૂર્વ ઇતિહાસ ઉલ્લેખતાં સ્વામીશ્રીએ જણાવ્યું:

"સં. ૧૯૭૨માં વરતાલના ટ્રસ્ટી અને સાક્ષર દોલતરામ પંડ્યાએ

---

૫૭. વચનામૃત જેતલપુર પ્રકરણ ૩.

શાસ્ત્રીજી મહારાજને કહેલું કે 'તમારું જ્ઞાન સાચું છે. શ્રીજીમહારાજના વચન અનુસાર ભવિષ્યમાં તમારા શિષ્યો તમારી સોનાની મૂર્તિ પધરાવશે.' આજે તે વાતને થયે ૬૫ વર્ષ પછી, સોનાના સિંહાસનમાં શાસ્ત્રીજી મહારાજની આરસની પ્રતિમા બેસે છે ! આરસ એ સોના જેવો જ છે...''

આમ કહી શાસ્ત્રીજી મહારાજ માટે ફનાગીરી વહોરવાની વાત ઉચ્ચારતાં સ્વામીશ્રી બોલ્યા : 'શાસ્ત્રીજી મહારાજનું કાર્ય દિગંતમાં ગાજતું રહે તે કરવાનું છે. શાસ્ત્રીજી મહારાજની સંસ્થાના પાયા પાતાળે છે. તેમનો ઘણો વિરોધ થયો પણ એક કાંકરો ખર્યો નથી. આપણને ગુરુ મળ્યા તે સાચા છે. શાસ્ત્રીજી મહારાજ માટે ફના થઈ જવું. તેમણે પ્રત્યક્ષ સુખ આપ્યું છે. આજે આપે છે.'

આજના આ યજ્ઞની ધૂમ્રસેરોથી આકાશ આચ્છાદિત હતું ત્યાં જ સાંજે દબદબાપૂર્વક નગરયાત્રા નીકળી. તેમાં ઊમટેલી હજારો ભક્તોની મેદનીથી સારંગપુરની સાંકડી શેરીઓ ઊભરાઈ રહી. સ્વામીશ્રી પણ તેમાં સામેલ હોવાથી સૌનો ઉત્સાહ યજ્ઞના હોમધૂમની જેમ આકાશને અડી રહ્યો.

આ ઉમંગની પાંખે ઊગેલી તા. ૧૯/૪ની સવારે, સારંગપુરના મંદિરમાં વિરાજમાન મૂર્તિઓનો પંચામૃતથી અભિષેક કરી સ્વામીશ્રી સ્મૃતિમંદિરે પધાર્યા. અહીં તેઓ વેદોક્તવિધિપૂર્વક શાસ્ત્રીજી મહારાજની પ્રતિષ્ઠા કરવા તત્પર થયા. આ સમયે તેઓની આંખો ગુરુભક્તિથી તરલ બની ગઈ. એક આંખમાં શાસ્ત્રીજી મહારાજ અને એક આંખમાં યોગીજી મહારાજને આંજીને ફરતા સ્વામીશ્રી આજે એ બંને ગુરુઓને અલૌકિક અર્ઘ્ય આપી રહ્યા.

અંજનશલાકા વડે તેઓએ જ્યારે શાસ્ત્રીજી મહારાજનાં તેજસભર નેત્રોનું અનાવરણ કર્યું ત્યારે એ દૃષ્ટિ ખૂલી ગઈ કે જેનું રસપાન કરવા સ્વામીશ્રી સદાય તરસ્યા રહેવાના હતા ! આ ક્ષણને ઉપસ્થિત જનમેદનીએ અપ્રતિમ હર્ષોલ્લાસ સાથે વધાવી લીધી.

તેને અનુસરતાં સ્વામીશ્રી સભામંડપમાં પધાર્યા ત્યારે અત્રે રાજ્યના પંચાયત મંત્રીના અતિથિવિશેષપદે યોજાયેલા સમારોહમાં શાસ્ત્રીજી મહારાજના ગુણાનુવાદ સંતો-ભક્તોએ ગાયા. સ્વામીશ્રીએ પણ શાસ્ત્રીજી મહારાજની રજતમુદ્રાઓને ઉદ્ઘાટિત કરતાં કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજ દૃઢ નિશ્ચયી હતા. તેઓની પાસે પૈસા નહોતા, રાજસત્તા નહોતી, છતાં આ આયોજન કર્યું તે પરથી તેમના આત્મબળનો ખ્યાલ આવે. આ પ્રસંગ યાદ રહેશે તેને અંતકાળે

શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ દર્શન દેશે.'

આજે કોઈ અલૌકિક મોજમાં આશીર્વાદ પાઠવી સ્વામીશ્રીએ આ અવસર સૌનાં અંતરમાં ચિરસ્થાયી કરી દીધો.[૫૮]

અસમર્થપણું સમજવું જ નહીં

તા. ૨૧/૪ના રોજ સારંગપુરથી રોહીશાળા પધારેલા સ્વામીશ્રીના હસ્તે અત્રે નગા લખાની જગ્યાના મહંત શ્રી આંબા ભગતે સદાવ્રતનો સ્તંભ રોપાવ્યો. બેસુમાર ગિરદીમાં જનસેવાના આ કાર્યને વેગ આપી સ્વામીશ્રી જાળીલા તથા બોચાસણને લાભ દેતાં અટલાદરા તરફ ગતિ કરી રહેલા.

તે વખતે છાણી નજીક એક પુલ પાસે, તેઓની મોટર પાછળ આવી રહેલી લૉરીની બ્રેક નાકામિયાબ બની જતાં, તે ટ્રક સ્વામીશ્રીની મોટર પર જ ધસમસતી આવવા લાગી. સ્વામીશ્રીના ગાડીચાલકને આ ઘટનાનો કોઈ જ અણસાર ન હોવાથી તે તો માપસરની ગતિએ જ ગાડી હંકારી રહેલા. તેથી સ્વામીશ્રીની ગાડી હડફેટે ચડી જવાની નોબતો વાગી ગઈ, પરંતુ તે જ વખતે ટ્રકચાલકે પુલ નીચેથી આબાદ રીતે પોતાનું વાહન કાઢી લેતાં મોટી હોનારત સર્જાતાં રહી ગઈ.

આ રીતે હેમખેમ અટલાદરા પહોંચેલા સ્વામીશ્રીએ તા. ૨૨/૪ના રોજ કથામૃત રેલાવતાં જણાવ્યું કે 'અમદાવાદમાં સમૈયો સારો થઈ ગયો, પણ સારો ન થયો હોય તોય ભાવફેર થવો ન જોઈએ. અસમર્થપણું સમજવું જ નહીં. તે જે કરતાં હશે તે સારું જ હશે ! આપણે તો ભગવાનના સેવક છીએ. તેમની ઇચ્છામાં જ આનંદ માણવો.'

સમજણની આ સુધા સીંચી સ્વામીશ્રી મહુવા(દક્ષિણ ગુજરાત)ને પાવન કરતાં ઘડોઈ ગામે આવી પહોંચ્યા ત્યારે તેઓના જમણા પગે 'વા'ની બીમારીની માત્રા અને તીવ્રતા, બંને વધી ગયેલાં. તેથી રોજ ગરમ પાણીથી શેક કરવાનો વિધિ ચાલતો. આવા સંજોગોમાં સ્વામીશ્રીને આરામની વિનંતી સંતો-ભક્તો દ્વારા થતી રહેતી, પણ તે પર્વતને અથડાતાં વાદળાંની જેમ ચૂર

---

૫૮. શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિમંદિરની પ્રતિષ્ઠાના આ ઉત્સવનો લાભ લેવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

ચૂર થઈ જતી. દ્વિશતાબ્દી પહેલાં તેઓના વિચરણની જેવી રફતાર હતી તેવી જ દ્વિશતાબ્દી પછી પણ શરૂ થઈ ગઈ. થાક ઉતારવો કે આરામ કરવો જેવી કોઈ વાત સ્વામીશ્રીના જીવનમાં નહોતી.

જે રાજ્ય ન કરે તે સ્વામીશ્રી કરે છે

ઘડોઈથી દેદવાસણને લાભ આપતાં કરચેલિયા પધારેલા સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા અહીંના નવનિર્મિત મંદિરમાં તા. ૨૪/૪ની સવારે ધામધૂમપૂર્વક અક્ષર-પુરુષોત્તમની પ્રતિષ્ઠા થઈ. આ પ્રતિષ્ઠા પછીની સભા પણ હજારો હરિભક્તોથી હકડેઠઠ હતી.

તેમાં ઉપસ્થિત રહેલા રાજ્યના વન-સિંચાઈ વિભાગના મંત્રી શ્રી અમરસિંહ ચૌધરીએ અહોભાવ પ્રગટ કર્યો કે –

''સ્વામિનારાયણ સંપ્રદાય સિવાય બીજા કોઈ ધર્મમાં બધાનો સમાવેશ નથી. ગુજરાતમાં આંદોલન ચાલતું હતું. પૂજ્ય સ્વામીશ્રીએ દ્વિશતાબ્દીના છેલ્લા દિવસે પ્રવચન કર્યું કે 'ગુજરાતમાં શાંતિ થઈ જશે.' ૧૦૨ દિવસથી મુખ્યમંત્રીશ્રી તથા અમે પ્રયત્ન કરતા હતા, પણ જે આંદોલન બંધ ન કરી શક્યા તે પૂજ્ય પ્રમુખસ્વામીના એક આશીર્વાદથી સવારે બંધ થઈ ગયું! ગુજરાત પર તેમનો આ સૌથી મોટો ઉપકાર છે. આ પરિસ્થિતિમાંથી કોઈ બચાવી શકે એમ નહોતું. જો નુકસાનની ગતિ ચાલુ રહી હોત તો અમને ભય હતો કે 'ગુજરાત દસ વર્ષ પાછું ઢસડાઈ જશે.' પણ પૂજ્ય સ્વામીશ્રીએ ગુજરાતને દસ વર્ષ પાછું ઢસડાતાં અટકાવ્યું. જે રાજ્ય ન કરે તે પૂજ્ય સ્વામીશ્રી કરે છે.''

સ્વામીશ્રીનાં કાર્યોનાં કદ દિન-પ્રતિદિન મોટાં થતાં રહેતાં. આજે તેનો વધુ એક પુરાવો સૌએ હર્ષોલ્લાસથી વધાવી લીધો.

સમતા-સૌજન્યનો સ્વાદ

કરચેલિયાને ભગવાનની ભેટ આપી સ્વામીશ્રી બારડોલી, ઉકાઈ, વ્યારા, કપૂરા, સ્યાદલા થઈને તા. ૨૫/૪ના રોજ સુરાલી પહોંચ્યા. અહીં એક હાડવૈદ્યે તેઓના ઢીંચણના દુઃખાવાનું નિદાન કરી બે મહિનાના ઔષધનો ઉપચાર આપ્યો. તે લઈ સ્વામીશ્રી મઢી થઈને સાંકરી આવી પહોંચ્યા.

અત્રે તા. ૨૬/૪ની સવારે નવી બંધાતી ધર્મશાળાનું નિરીક્ષણ કર્યા

બાદ તેઓએ ત્યાં જ પડેલા રેતીના એક ઢગલા પર બેસી કથામૃત રેલાવ્યું ! મહોત્સવના ભવ્ય મંચ કે ધૂળના ઢગલા, સ્વામીશ્રીને બેય એકસમાન હતું.

પોતાની સમતાનો આ સ્વાદ સાંકરીને ચખાડી સ્વામીશ્રી બારડોલી, બગુમરાને લાભ આપતાં તા. ૨૭/૪ના રોજ વેસ્મા પધાર્યા.

છેલ્લા કેટલાક દિવસોથી સેવામાં રહેલી અજમેરા પરિવારની મોટર અહીંથી હવે મુંબઈ પરત ફરવાની હોવાથી સ્વામીશ્રીએ તે ગાડીના ચાલક અહમદને આશીર્વાદ આપતાં કહ્યું : 'તમને કંઈ તકલીફ પડી હોય તો માફ કરજો.'

એક ડ્રાઇવર માટે ધર્મગુરુના આ આદર-ઉદ્‌ગાર સૌને નવાઈભર્યા લાગ્યા. પરંતુ સ્વામીશ્રીને મન કિંમત માનવની રહેતી. તેથી સામાન્ય વ્યક્તિ સાથે પણ તેઓનો વ્યવહાર સ્નેહ-સૌજન્યથી સભર જોવા મળતો. આજે તેનો સ્વાદ ચાખી પેલો ગાડીચાલક ગળગળો થઈ ગયો.

અહીં જગત ભુલાઈ જાય છે

વેસ્માથી પોર પધારેલા સ્વામીશ્રીએ અત્રે ઠાકોરજી જમાડતાં કહ્યું :

'અહીંથી તદ્દન નજીક મેનપુરા ગામ છે તે (અમારું) ખડમોસાળ થાય. ડોશી(દિવાળીબા)નું મોસાળ. અમારે ઘણી વાર આવવાનું થતું. ત્યાંથી (ચાણસદથી) ગાડા વાટે કરાળી આવીએ. ઈટોલા અને વરણામા પડખે રહી જાય. વચ્ચેના રસ્તેથી અહીં પોર આવીએ. અહીંથી ઢાઢર નદીનો ઊંચો ઢાળ ચઢીને ગાડાં મેનપુરા આવે.'

પૂર્વચરિત્રની આટલી સ્મૃતિ કરાવી, સ્વામીશ્રી વડોદરામાં એક હરિભક્તના ઘેર વરઘોડે ચઢેલા વરરાજાને આશીર્વાદ આપી, તા. ૨૭/૪ની રાત્રે અટલાદરા પધાર્યા.

તે વખતે અહીં ચાલી રહેલી રાત્રિસભામાં *'તારે માથે નગારાં વાગે મોતનાં રે...'* કીર્તન ગવાતું હતું. તે સાંભળતાં જ સ્વામીશ્રીએ વાત ઉપાડી કે –

'એક બાજુ લગ્ન ને બીજી બાજુ આ વૈરાગ્યનાં પદ ! મહારાજે એવી ગોઠવણ કરી છે કે માયાનો ફેર ચડે જ નહીં. નોળિયો અને સાપ લડે છે ત્યારે નોળિયો થાકે ને ઝેર ચડી જાય એટલે નોળવેલ સૂંઘી આવે ને વળી પાછો સાપ સાથે લડે. તેમ આખો દિવસ વ્યવહાર કરીને માણસ સાંજે મંદિરે જાય એટલે સંતો વિષયખંડનની વાતો કરે, એટલે તેને સંસારનું ઝેર ઊતરી જાય. બીજે

ભગવાન ભુલાઈ જાય અને અહીં જગત ભુલાઈ જાય છે.

ઘરને સાફ ન કરીએ તો કચરો ચડી જાય. તેમ સંતોના શબ્દો સાંભળતા રહીએ તો વૃત્તિ પાછી વળે. પંચવિષયમાંથી આસક્તિ ટળતી જાય. પોચું દોરડું કઠણ પથ્થરે પણ કાપો પાડે છે, તેમ રોજ સત્સંગ હોય તો કઠણ હૈયાને પણ કાપો પડે. જીવ સુખિયો થાય તે માટે કથાવાર્તા. સૂર્ય ચાલતો દેખાય નહીં, છતાં ચાલે છે. વેલ વધતી દેખાતી નથી, પણ વધે છે. તેમ સમાગમથી અંદર પરિવર્તન થાય છે. અજ્ઞાન ચાલ્યું જાય છે. સંત સાથે અંતરાય રાખીએ તો પરિવર્તન ન થાય. ચિનાઈ કાગળ જેટલુંય અંતર ન ચાલે.'

સંત-સમાગમનો જે લાભ આજે સ્વામીશ્રીએ વર્ણવ્યો તે તેઓના સાંનિધ્યમાં સૌ અનુભવી રહેતા.

સ્વામીબાપાએ કાર્ય કરાવ્યું છે

અટલાદરાથી તા. ૨૯/૪ની સવારે વિદાય લઈ સ્વામીશ્રી વરતાલ, સંજાયા અને પીપલગ થઈને અમદાવાદના પ્રેમાભાઈ હૉલમાં જઈ પહોંચ્યા.

અત્રે દ્વિશતાબ્દી મહોત્સવ સમિતિ વતી યોજાયેલા અભિવાદન સમારોહમાં વિશિષ્ટ સેવાઓ આપનારી સંસ્થાઓ અને વ્યક્તિઓને સ્વામીશ્રીએ સેવા-સ્મૃતિના પ્રતીકરૂપે રજતમુદ્રાઓ અર્પણ કરી.

સન્માનની આ ઔપચારિકતા બાદ મહોત્સવના ઉપપ્રમુખ રહેલા મહંત સ્વામીએ સૌની લાગણીઓને વાચા આપતાં કહ્યું કે –

''આપણે જે સેવા કરી શક્યા છીએ તેમાં પૂજ્ય સ્વામીશ્રીની પ્રેરણા છે. તેમણે જ બધું કર્યું છે છતાં જશ આપણને આપે છે. પોતે ખસી ગયા કે 'મને ભાર લાગ્યો નથી!' તેમના શરીરમાં ઘણી તકલીફો છે છતાં આપણને દરેકને જાગતા રાખ્યા છે. આ કાર્યમાં દરેકને અંતર્દૃષ્ટિ રહી છે, દરેકને સંતોષ ને શાંતિ છે, કારણ કે આપણા સ્વભાવ ને દોષો દાબીને સ્વામીબાપાએ કાર્ય કરાવ્યું છે. ઘણાને પોતાને સોંપેલી સેવાનો અનુભવ જ નહોતો. છતાં પૂજ્ય સ્વામીશ્રીની ઇચ્છાથી દરેકમાં વિરાટ જાગ્યું ને બધાએ સુંદર કાર્ય કર્યું. પૂજ્ય સ્વામીશ્રી જ ઉપાયભૂત થયા.''

ઋણભારથી લથબથ આ વાણી વહાવી મહંત સ્વામીએ સ્વામીશ્રીનો આભાર માન્યો ત્યારે સમગ્ર વાતાવરણ અત્યંત ભાવપ્રચુર બની ગયું. એ ભાવભરતીમાં ઉછાળો ત્યારે આવ્યો જ્યારે દુઃખતાં ઢીંચણના કષ્ટ વચ્ચે

સ્વામીશ્રી ઊભા થયા અને ગદ્‌ગદ ગળે ગિરા વહાવવા લાગ્યા.

મેં તો કેવળ ખુરશી શોભાવી છે

શરીરના કણ-કણમાં મહિમા, રગ-રગમાં નમ્રતા અને હાડોહાડમાં ભક્તિ ભર્યાં હોય તો જ જે શબ્દો હોઠે ફૂટે તે શબ્દોમાં સ્વામીશ્રી બોલવા લાગ્યા કે –

''શ્રીજીમહારાજના સમૈયાઓ માટે 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવી વાતો થતી. આપણે તે સમૈયાઓ જોયેલા નહીં, પણ 'ન ભૂતો ન ભવિષ્યતિ' જેવો આ સમૈયો આપણા અનુભવમાં થયો. જ્યાં જઈએ ત્યાં બધા એક જ વાત કરે છે કે 'આવો સમૈયો કોઈ દિવસ જોયો નથી.' કારણ કે શ્રીજીમહારાજ સત્સંગમાં પ્રગટ બિરાજે છે. મહારાજ છપૈયામાં જન્મ્યા ને પછી ચાલ્યા ગયા તેવી માન્યતા આપણી નથી. તેમનું પ્રગટપણું ન હોય તો આવો ઉત્સવ ઊજવી ન શકીએ. આપણી કલ્પના બહારનું આયોજન થયું.

અહીં થોડાનું સન્માન કર્યું, પણ તે દરેક પાછળ બીજો ઘણો મોટો સમુદાય છે. મહિલા મંડળે પણ ઘણી સેવા કરી છે, એટલે જેણે જેણે, જે જે સેવાઓ તને, મને, ધને અર્પી છે તેની આગળ આ સન્માન કંઈ જ નથી. બધાનું હજારગણું સન્માન કરીએ તોય ઓછું છે. મેં તો (સેવામાં) ભાગ લીધો જ નથી. ફરી ફરીને જોયા જ કર્યું છે. કેવળ ખુરશી શોભાવી છે. મહંત સ્વામીએ ખૂબ દાખડો કર્યો. ડૉક્ટર સ્વામીએ તો 'નગર'માં જ ધામા નાંખેલા.

મેં પૂર્વે સમૈયા કરેલા એટલે મને ખબર છે કે આ કાર્યમાં કેટલી જવાબદારી હોય છે! ઈશ્વર સ્વામીએ પણ દાખડો કર્યો છે. રસોડાનું કામ જબરું. તેમાં ત્યાગવલ્લભ સ્વામી આદિએ સૌને ગરમાગરમ રસોઈ જમાડી. બધા સંતો પડદા પાછળ જ રહ્યા છે. તેમને સન્માનવાની મારી ઇચ્છા હતી, પણ તેમણે જ સન્માનની 'ના' પાડી. તે બધાને કરોડો ધન્યવાદ અને તેમને કરોડો દંડવત કરીએ તોય ઓછું છે. બધા વિભાગોમાં સંતોએ સેવા કરી. સંતોથી શોભ્યું. ૨૦૦ ત્યાગી થયા તે કલ્પના બહારનું કાર્ય.

ભગવાનની ઇચ્છાથી જ બધું સાનુકૂળ બને, બાકી પૈસાથી ન બને. આ સ્મૃતિ રહેશે તેને અંતકાળે મહારાજ પોતાનું ધામ આપશે. શ્રીજીમહારાજને હજારો, લાખો, કરોડો વંદન. સેવા કરનાર હરિભક્તો અને સંતોને કરોડો વંદન.''

સ્વામીશ્રીના આ સીધા, સાદા અને સ્નેહાળ વાણીપ્રવાહે સૌનાં આંખ-અંતરને ભીંજવી દીધાં. વિરાટ મહોત્સવ સફળતાપૂર્વક ઊજવ્યા પછી અહીં જાણે યશ-માનને હડસેલવાની સ્પર્ધા જામી રહી! ભગવાનના પ્રગટપણાની આ પ્રતીતિ હૈયામાં ભરી સૌ છૂટા પડ્યા.

'નગર'ની ભૂમિ પર અંતિમ પદાર્પણ

તા. ૩૦/૪ની સાંજે સ્વામીશ્રી અમદાવાદથી વિદાય થતાં પૂર્વે 'નગર'ની પ્રાસાદિક ભૂમિ પર પધાર્યા ત્યારે સોળ શણગાર સજેલી નવોઢા અકાળે વૈધવ્ય પામે કે વૃક્ષ-વેલીથી સઘન અદ્રિ અચાનક ખાંગો થઈ જાય કે બે કાંઠે ભરવેગ વહેતી સરિતાનાં જળ એકાએક શોષાઈ જાય, તેવી દશા આ ભૂમિની ભાસતી હતી. અહીં વનરાજીને સ્થાને બધું વેરાન થઈ પડેલું. 'નગર'ની નિશાની-રૂપે નાળિયેરીની બે હરોળમાત્ર ઊભી હતી. તે લીલી નહોતી, તેથી તેને સુકાવાનો ભય નહોતો. ઉનાળાના વાયરા તેને આમતેમ ડોલાવી રહેલા.

સ્વામીશ્રી પધાર્યા એટલે સંકેલણીની સેવા કરતા થોડા-ઘણા સંતો-સ્વયંસેવકો તેઓ પાસે દોડી આવ્યા. તે સૌના મસ્તકે હાથ મૂકી, આ ભૂમિ પર પોતાની અમીદૃષ્ટિનું જળ સીંચી સ્વામીશ્રી ગોઝારિયા જવા નીકળ્યા, ત્યારે અચાનક ફૂંકાયેલા વાયરાને કારણે ઊડેલી ધૂળે તેઓનો પીછો કરવાનો પ્રયત્ન કર્યો. પરંતુ કાળ પણ જેઓની ગતિને મહાત કરી શકતો નહીં તેવા સ્વામીશ્રીને ધૂળ શું ધૂળ પકડી શકે?!

સહે ઉપહાસ જગ કેરી

અમદાવાદથી નીકળેલા સ્વામીશ્રી ગોઝારિયા, સમાઉ, બાપુપુરા, માણસા થઈને લોદરા જઈ પહોંચ્યા ત્યારે અત્રે બાલા હનુમાનના મંદિરમાં તેઓનો ઉતારો ગોઠવાયેલો. અહીંથી તેઓ રામજી મંદિરના ચોકમાં રાખેલી જાહેર-સભામાં આવી બિરાજ્યા ત્યારે મહંત શ્રી બલરામદાસજીએ મહિમાગાન કરતાં જણાવ્યું કે 'કેટલા દિવસથી આપ જેમનું નામ સાંભળતા હતા તે પૂજ્ય પ્રમુખસ્વામી અત્રે પધાર્યા છે. ઘેર બેઠાં ગંગા આવી છે. ગુજરાતમાં સ્વામિનારાયણ સંપ્રદાય ન હોત તો ચુસ્તપણે ભાગવત ધર્મનું દર્શન ન થાત.'

આ અહોભાવ ઝીલી નીકળેલા સ્વામીશ્રી વિજાપુર, માણસા, મોખાસણ, અમદાવાદ, પોરડા, આણંદ, નાપા, બોરસદ, સીસવા, ભાદરણ, વડોદરા,

બોચાસણ, મહિયારી વગેરેને લાભ આપતાં તા. ૭/૫ની રાત્રે સાડા નવ વાગ્યે ગોંડલ પહોંચ્યા.

અહીંથી હજી તેઓને જૂનાગઢ પહોંચવાનું હતું. છતાં અત્રે બે વ્યક્તિઓ વચ્ચે ચાલી રહેલા કુટુંબ-ક્લેશની પતાવટ માટે સ્વામીશ્રી બિરાજ્યા. તેમાં રાત્રે સાડા અગિયાર વાગી ગયા. તોય પરિણામ 'મહાજન મારાં મા-બાપ, પણ મારી ખીલી ખસે નહીં' તેવું આવ્યું. બેય પક્ષ અડિયલ બની રહ્યા. પરંતુ સ્વામીશ્રીએ તો સૌને આશીર્વાદ જ આપ્યા. પોતાની વાતના સ્વીકાર-અસ્વીકારથી તેઓની મુખરેખા કદી વંકાતી નહીં.

આ સમયે મોડું ઘણું થયું હોવાથી ગોંડલમાં જ રાત રોકાઈને સવારે જૂનાગઢ જવાનો પ્રસ્તાવ સૌએ મૂક્યો, પણ રાત્રે બાર વાગ્યે દિવસ પૂરો થાય તેવું સ્વામીશ્રીને ક્યાં હતું ?!

તેથી તેઓએ રાત્રે જ જૂનાગઢની દિશા સાંધી. આ રસ્તે થોડી વારે જેતપુર પાસે 'ડાયવર્ઝન'નું પાટિયું આવ્યું. ત્યાં જ ગાડી બગડી. સંતો ધક્કા મારે પણ મોટર ઢાળ ચઢે જ નહીં. છેવટે સ્વામીશ્રી મોટરમાંથી ઊતર્યા અને સંતો સાથે ગાડીને ધક્કો મારવા લાગ્યા ! તેઓનું બળ ભળતાં ગાડી ઊપડી, પણ જૂનાગઢના ચાર રસ્તે પહોંચતાં પુનઃ ખોટકાઈ. તેથી અહીં પણ સૌ સાથે સ્વામીશ્રી ધક્કો મારવા લાગ્યા.

એ જ વખતે નજીક આવેલા થિયેટરમાંથી છેલ્લો શૉ છૂટતાં અહીંથી પસાર થઈ રહેલા ઘણા યુવાન પ્રેક્ષકો, ધક્કા મારતા સંતોને જોઈ વિધવિધ પ્રકારની ટીખળ કરવા લાગ્યા.

શિથિલ ચારિત્ર્યવાળાં નટ-નટીઓ પાછળ ઘેલી થયેલી એ યુવાની દ્વિશતાબ્દી મહોત્સવ દ્વારા આખા ગુજરાત પર અણઉતાર ઋણ ચઢાવનારા સ્વામીશ્રીથી બેખબર હતી, સૂર્યથી ઘુવડ અજાણ હોય તેમ. છતાં તેઓની ઠઠ્ઠા-મશ્કરીથી સ્વામીશ્રી લેશ પણ વિચલિત ન થયા. *'સહે ઉપહાસ જગ કેરી, તોયે ન કરે રીસ લેશ ફેરી...'*ની રીતે તેઓ ધક્કા દ્વારા મોટરને ગબડાવતાં ઉતારે પહોંચ્યા ત્યારે રાત્રિના દોઢ વાગ્યા ઉપરનો સમય થઈ ચૂકેલો !

અત્રે સ્વામીશ્રીની સાથે સહપ્રવાસીઓ સૂતા, પણ તેઓની આંખો સમક્ષ તો આજના કઠિનતમ વિચરણમાં, ગુરુ હોવા છતાં મોટરને ધક્કા મારનારા સ્વામીશ્રીની સરળતા અને અહંશૂન્યતા, અજ્ઞાની જનોનો ઉપહાસ સહન કરનારા સ્વામીશ્રીની સ્થિરતા અને ઉદારતા ક્યાંય સુધી મુજરા કરતી રહી !

કરે ભક્તિ અતિ ધરી ભાવ

જૂનાગઢથી તા. ૮/૫ની સવારે કેશોદ પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે અત્રે ટી.બી. હૉસ્પિટલની સાથે જ નિર્માણ પામેલા અક્ષયનાથ મંદિરમાં લિંગની પ્રાણપ્રતિષ્ઠા થઈ. આ પ્રસંગે રાજ્યના ઘણા પ્રધાનો, સમાજસેવકો તથા સૌરાષ્ટ્રની તેર જેટલી ધાર્મિક સંસ્થાઓના મહંતો ઉપસ્થિત હતા. પરંતુ આયોજકની ઇચ્છા હતી કે 'મુખ્ય લિંગની પ્રતિષ્ઠા તો પ્રમુખસ્વામી જ કરે.' તેથી સ્વામીશ્રીએ જ સઘળો વિધિ પૂર્ણ કર્યો.

આમ, સૌનાં મનમાં 'સમકક્ષોમાં પ્રથમ' તરીકે બિરાજી ગયેલા સ્વામીશ્રી, કેશોદથી અજાબ અને વંથળીને લાભ આપતાં અમરેલી પધાર્યા. અહીં તા. ૯/૫ના રોજ પ્રતિષ્ઠા નિમિત્તેના યજ્ઞનો પ્રારંભ કરાવી તેઓ નાના રાજકોટ આવી પહોંચ્યા.

અત્રે નવનિર્મિત મંદિરમાં તેઓએ અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવ્યા ત્યારે મંદિરમાં ગરમી સવિશેષ અનુભવાતી હોવાથી એક સંત સ્વામીશ્રીને પંખો નાંખવા લાગ્યા. પરંતુ ભગવાન સાથે *'આઠ પો'ર એકતાર...'* થઈને રહેનારા સ્વામીશ્રીએ તરત જ કહ્યું: 'ઠાકોરજીને પવન નાંખો.'

તેઓની ભક્તિનો આ વીંઝણો ઠાકોરજી સહિત સૌને શાતા પમાડી ગયો.

*'કરે ભક્તિ અતિ ધરી ભાવ...'*ની આ રીત મુજબ, પ્રતિષ્ઠા બાદ સભામાં લાભ આપી સ્વામીશ્રી બપોરે ભગવાનભાઈના ઘેર વિશ્રામ માટે જતા હતા ત્યારે તેઓએ એક પૂર્વસ્મૃતિ સંભળાવી કે –

''કોઈ હોશિયાર હોય તેને સાધુ બનાવવાનો યોગીબાપાનો ઈશક બહુ. બોચાસણમાં જશભાઈ મહેતાજી હતા. તે હોશિયાર બહુ. ભક્તિવલ્લભ કોઠારીએ પાસ કરેલા. યોગીજી મહારાજનું કામ પણ દોડી-દોડીને કરે. બાપાની તેના પર દૃષ્ટિ હતી.

એક વાર યોગીજી મહારાજ બહારગામ હતા. હું બોચાસણ આવેલો. ત્યાં શનાભાઈએ મને કહ્યું: 'જશભાઈના વેવિશાળ માટેનું માંગુ આયું છે. તમે રજા આપો તો વેવિશાળ કરી દઈએ.'

મેં કહ્યું: 'યોગીબાપાને પૂછ્યું?'

ત્યારે એ કહે : 'તેઓ અહીં આવશે એટલે પૂછી લઈશું. પણ તમે 'હા' પાડી દો.' મને આગળ-પાછળની કંઈ ખબર નહીં ને મેં 'હા' પાડી દીધી!

પછી બાપા આવ્યા. શનાભાઈએ તેઓને વાત કરી કે 'જશભાઈનું વેવિશાળ કરી દીધું છે.'

તે સાંભળી બાપા એકદમ કહે : 'કોને પૂછીને કર્યું ?'

તો કહ્યું : 'પ્રમુખસ્વામીને.'

ત્યારે બાપા કહે : 'બોલાવો પ્રમુખસ્વામીને.'

પછી હું ગયો અને યોગીબાપાએ મને તો કહેવા માંડ્યું કે 'મને પૂછવું તો જોઈતું'તું. કેટલો હોશિયાર છોકરો હતો ! મારે તેને સાધુ કરવો હતો. આપણે તો આવો કોઈ હોશિયાર છોકરો વ્યવહારમાં પડ્યો હોય તો તેને તેમાંથી ઉપાડી સાધુ કરવો જોઈએ. એને બદલે તમે તેને રજા આપી દીધી. મને પૂછ્યું નહીં. પૂછ્યું હોત તો હું 'ના' પાડત. આવાને તો સાધુ જ કરવા જોઈએ. મંદિરનો કોઠાર સંભાળે તેવો હતો. વ્યવહારમાં શું સુખ છે ? તેમાં તે શું માલ કાઢવાનો છે ?' એમ બાપાએ ઘણું ઘણું કહ્યું. તે જશભાઈ પછી તો ટ્રેનના એક્સિડન્ટમાં ધામમાં ગયો.''

ગુરુચરિત્રની આવી એક અણધારી સ્મૃતિ કરતાં કરતાં સ્વામીશ્રી પોઢ્યા. તેઓના વિશ્રામનું સ્થાન એ જ હતું ને !

મૂર્તિ અંદર ઘડાતી જાય છે

તા. ૧૦/૫ની સવારે અમરેલીના માણેકપરામાં માણેક જેવું મંદિર ખડું થઈ જતાં શરણાઈઓના સૂર રેલાઈ રહ્યા. યોગીજી મહારાજના હસ્તે છેલ્લી ખાતવિધિનું સદ્‌ભાગ્ય મેળવનારા આ મંદિરમાં સવારે નવ વાગ્યે અક્ષર-પુરુષોત્તમ પધરાવી સ્વામીશ્રી સાંજે ઢસા પહોંચ્યા.

અહીં એક પૂર્વસ્મૃતિ ઉચ્ચારતાં તેઓએ કહ્યું : 'ગઢડે જતાં અમે સાંજે કે રાત્રે ઢસા સ્ટેશને આવતા. ગઢડાનું કનેક્શન ન મળે એટલે રાત અહીં ધરમ-શાળામાં પડી રહેતા. પછી સવારે ગઢડે જઈએ. ચાર-પાંચ વખત તેવું થયેલું. આ ગામમાં એક ગોદડિયો બાવો રહેતો.'

ગુજરાતના એક-એક ગામની ભૂમિમાં સંગ્રહાયેલા સ્વામીશ્રીના આવા સ્મૃતિભંડાર તેઓએ કરેલા અથાક વિચરણની આજેય યાદ અપાવે છે.

આવા વિચરણમાં ઢસાથી ભાવનગર જતાં આજે એક સહપ્રવાસી સંતે સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા ! આપ કહો છો કે સુતારને લાકડું આપ્યું છે તે 'મૂડ' આવશે ત્યારે ઘડી દેશે. તો અમારે સાધુ થયે વીસ વર્ષ થયાં. હજી મૂડ

નહીં આવ્યો હોય ?'

'મૂર્તિ અંદર ઘડાતી જાય છે, પણ તમને ખબર પડતી નથી.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓના આ વિધાનમાં *'અંતર બા'રે અરિ ભક્તના, સદ્ય કરો છો સંહાર...'*ના સ્વસામર્થ્યનું દર્શન હતું.

સુખ ન ઇચ્છે તે સંસારનું

સ્વામીશ્રી રાત્રે નવ વાગ્યે ભાવનગર પહોંચ્યા ત્યારે સ્વાગત માટે મંદિર બહાર ઊભેલા સેંકડો ભક્તોએ તેઓને જયનાદો કરી વધાવ્યા. આ સત્કાર સ્વીકારી સભામાં પધારેલા સ્વામીશ્રીએ જણાવ્યું કે ''દ્વિશતાબ્દી પૂરી થઈ. હવે થાકી ગયા એવું નહીં. નિયમો બધા પૂરા થયા. હવે બધી છૂટ મળી એમ નહીં. દેહ રહે ત્યાં સુધી ધર્મ-નિયમ પાળવાના છે. 'આપણે સર્વોપરી ઉત્સવ ઊજવ્યો' તેવું અભિમાન ન રાખવું. બીજા બધાએ પણ આ સમૈયો સારી રીતે ઊજવ્યો છે. આપણને જે ભક્તિ આપી તે ભગવાનની કૃપા છે.''

માનરહિત અને શ્રદ્ધાસહિત ભક્તિનો આ ઉપદેશ આપી સ્વામીશ્રીએ સૌને એ પણ ટકોર કરી કે 'અમે આવીએ ત્યારે કોઈએ મંદિર બહાર સ્વાગતમાં ઊભા ન રહેવું. મંદિરમાં બેસી માળા, કીર્તન, કથા કરવાં. દોડાદોડ ન કરવી.'

જેનો સ્વાદ કોઈથી મૂકી શકાતો નથી તે પોતાના સ્વાગત-સન્માનનો સ્વામીશ્રીને સખત અણગમો હતો. તેઓ તેનો વારંવાર નિષેધ ફરમાવતા.

આજે સવારે જ સ્વામીશ્રીને ઉતારેથી એક અધિકારીશ્રી મકવાણાના ઘેર અલ્પાહાર માટે જવાનું હતું. આ યજમાન બૅન્ડ-વાજાં વગડાવતાં-ગગડાવતાં તેઓને પોતાના નિવાસસ્થાને લઈ આવેલા ત્યારે પણ સ્વામીશ્રીએ જણાવેલું કે 'આ નકામો ખર્ચ છે. આના કરતાં મંદિરમાં સેવા કરી હોત તો !'

તેઓની શૈલી હંમેશા *'સુખ ન ઇચ્છે તે સંસારનું...'* મુજબની જ રહેલી.

આવી લીલા અહીં થયેલી

ભાવનગરમાં લાતી બજારનું મંદિર જે રસ્તા પર ઊભું છે તે માર્ગને નગરપાલિકાએ 'સ્વામિનારાયણ માર્ગ' નામાભિધાન કરેલું. તા. ૧૧/૫ની સવારે પાલિકા-પ્રમુખ તેમ જ શહેરના શ્રેષ્ઠીઓની ઉપસ્થિતિમાં આ નામથી અંકિત પાટિયાનો અનાવરણવિધિ સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા થયો. આ

નિમિત્તે યોજાયેલી સભામાં અમૃતવાણી રેલાવતાં સ્વામીશ્રીએ કહ્યું : 'ધર્મ અને વ્યવહાર જુદા ન કરવા. વ્યવહારમાં ધર્મ ભેળવશો તો વ્યવહાર શુદ્ધ બનશે.'

આ ઉપયોગી સંદેશ આપી પધરામણીઓ કરવા નીકળેલા તેઓ જયંતીભાઈના ઘેર પ્રસાદીના થાપાનાં દર્શને પહોંચ્યા. તે સમયે પૂર્વસ્મૃતિનું પાનું ઉઘાડતાં સ્વામીશ્રી બોલ્યા :

''આ ઘરમાં શાસ્ત્રીજી મહારાજ મહિનો રહેલા. તે વખતે નિર્ગુણ સ્વામી એક રાત્રે નડિયાદ કોર્ટમાં અપીલ કરવા માટેનું સાહિત્ય તૈયાર કરીને આવેલા. શાસ્ત્રીજી મહારાજ સવારે જાગ્યા એટલે નિર્ગુણ સ્વામી કહે : 'આપણે આ રીતે અપીલ કરવાની છે.'

સ્વામી કહે : 'મગનભાઈ આવે ત્યારે તેમને મળીને કરીશું.'

આ સાંભળી નિર્ગુણ સ્વામીનો પિત્તો ગયો. તેઓ કહે : 'મગનિયા અને ધનિયાએ તો ઊંધું માર્યું છે. તેને શું પૂછવાનું ? મગનિયું શું જાણે ?'

પણ સ્વામી કહે : 'તેને પૂછ્યા વગર હું કંઈ કરવાનો નથી.'

'તો હું આમાં ભળવાનો નથી.'

'ના ભળવું હોય તો કાંઈ નહીં.'

આમ બંને જણા ખરેખરા ગરમ હતા. હું બાજુમાં સૂતેલો તે બેઠો થઈ ગયો હતો. પણ વચ્ચે તો બોલાય જ નહીં. પછી તો નિર્ગુણ સ્વામી પોટલું બાંધીને કહે : 'હું આ ચાલ્યો. તમે તમારી મેળે કરી લેજો.'

શાસ્ત્રીજી મહારાજ કહે : 'જાવ ત્યારે.'

પછી નિર્ગુણ સ્વામી તો ઊપડ્યા. મને લાગ્યું કે 'તેઓ હવે પાછા નહીં આવે.' મેં સ્વામીને કહ્યું કે 'નિર્ગુણ સ્વામી તો જાય છે.'

સ્વામી કહે : 'હમણાં એની મેતે પાછા આવશે.'

પછી તો નિર્ગુણ સ્વામી નીચે જઈ જયંતીભાઈને કહે : 'હમણાં ને હમણાં ગાડી લાવ. મારે સ્ટેશને જવું છે. અહીં રહેવું જ નથી.'

જયંતીભાઈ કહે : 'મારે ઘેર આવીને આમ ને આમ ન જવાય.' એમ તે પગે લાગે. પછી માંડ માંડ સમજાવ્યા. થોડી વારે તેઓ ઉપર આવ્યા. સ્વામીને દંડવત કર્યા ને આફ્રિકાની ટપાલો આવી હતી તે વાંચવા બેઠા. જાણે કશું બન્યું જ નથી ! આવી લીલા અહીં થયેલી.''

આમ, એક મનનીય લીલાની રસાનુભૂતિ કરાવી સ્વામીશ્રીએ સૌને તૃપ્ત કરી દીધા. તેઓ પાસેથી શાસ્ત્રીજી મહારાજની વાતો સાંભળવી એટલે

કેસર ઘોળેલા દૂધનું કનક-કટોરે પાન !

સત્સંગની સેવાથી સાંસારિક સુખાકારી

તા. ૧૨/૫ની સવારે ભાવનગરથી નિંગાળા જઈ રહેલા સ્વામીશ્રીની મોટર આગળ એક ઘોડાગાડી દોડતી હતી. તે જોઈ સ્વામીશ્રીએ પણ સ્મૃતિનો ઘોડો દોડાવતાં કહ્યું: 'અમે પહેલાં ટ્રેનમાં ગઢડા ઊતરતા ને ત્યાંથી ઘોડા-ગાડીમાં ઠકાઠક થતાં મંદિરે આવતા. સ્ટેશન ઉપર સતાર અને ઉમરભાઈ, બેની ઘોડાગાડી હતી. અમને ટ્રેનમાંથી ઊતરતાં જુએ એટલે દોડીને આવે. બીજાને ન બેસાડે. અમને બેસાડી દે.'

આમ, વાતવાતમાં નિંગાળા આવી ગયું. અહીં તૈયાર થયેલા બાઈઓના મંદિરમાં પ્રતિષ્ઠા નિમિત્તે શોભાયાત્રાનાં વાજાં ગગડી રહેલાં. સ્વામીશ્રી પધારતાં જ મૂર્તિઓ સાથે તેઓની પણ નગરયાત્રા નીકળી.

આ સમયે વૈશાખના ધોમ તાપમાં સવારના સાડા દસ વાગ્યાની ગરમી પણ અતિ આકરી અનુભવાતી હતી. તેથી એક યુવાન વિઠ્ઠલભાઈ કાકડિયા સ્વામીશ્રી અને ઠાકોરજી પર છાંયો રહે તેમ છત્ર ધરીને બેઠા. એક વળાંકે વાહન વળતાં છાંયો વંકાયો અને ઠાકોરજી પર તાપ આવવા લાગ્યો. આ બનાવથી પેલા યુવાન બેખબર હતા, પણ સ્વામીશ્રીએ તરત જ ધ્યાન દોર્યું કે 'ઠાકોરજી પર છાંયડો આવે તેમ પકડો.'

પળે પળે પ્રભુની ખબર રાખતાં સ્વામીશ્રીને એટલી જ ચિંતા નિજાશ્રિતોની પણ. તેથી નગરયાત્રાનો કોલાહલ હોવા છતાં તેઓએ છત્રી ધરીને બેઠેલા યુવાનને પૂછ્યું: 'તમે શું કામ કરો છો ?'

'બાપા ! જિનમાં નુકસાની આવવાથી હાલ કોઈ વિશેષ આવક થાય તેવું કામ મારી પાસે નથી. એટલે ગામના પાદરે પાન-બીડીની દુકાન નાંખવા વિચારું છું.'

'અલ્યા, પાન-બીડી બંધ કરાવવા તો હું ગામડે-ગામડે ફરું છું.' મર્માળું હસતાં સ્વામીશ્રી બોલ્યા. પછી તેઓએ જણાવ્યું: 'તમારે એવું કાંઈ કરવાની જરૂર નથી. બાળ મંડળ, યુવક મંડળ ચલાવો. બધું થઈ જશે. ચિંતા કરશો નહીં.'

આટલી વાત સાથે નગરયાત્રા પૂરી થઈ, પણ એક યુવાનની જીવન-યાત્રા જાણે શરૂ થઈ. તેઓએ પાન-બીડીની દુકાન છોડી પોતાની આજીવિકા માટે હળવો, હાથવગો ઉપાય કર્યો અને વિશેષ ધ્યાન સ્વામીશ્રીની આજ્ઞા

મુજબ સત્સંગ મંડળ પર આપવાનું રાખ્યું. સતત ૨૮ વર્ષ સુધી જુદાં જુદાં મંડળોની સેવા નિભાવી. તેને પ્રતાપે વ્યવહારમાં કોઈની આગળ હાથ લાંબો કરવો પડે તેવું એ યુવાનના જીવનમાં ન બન્યું. તેઓએ કેવળ નગરયાત્રા પૂરતું સ્વામીશ્રી પર છત્ર ધરી રાખ્યું, પણ સ્વામીશ્રીએ તો તેઓની પૂરેપૂરી જીવનયાત્રા પર છત્ર ધરી દીધું!

નિષ્ઠાની નિશાની

નિંગાળામાં પ્રતિષ્ઠા બાદ સ્વામીશ્રી કેરિયા, ઉગામેડીને લાભ આપતાં ગઢડા મંદિરના ત્રીસમા પાટોત્સવ નિમિત્તે આવી પહોંચ્યા. તા. ૧૩/૫ના રોજ આ સમૈયો સમેટી બોટાદ, સારંગપુર, તાજપુર, સુણાવ, બોચાસણને સ્વ-સાંનિધ્યનું સુખ આપતાં તેઓ તા. ૧૭/૫ની સવારે ભાદરણ પધાર્યા.

અત્રે પારાયણ નિમિત્તે બે દિવસનું રોકાણ હતું. તે દરમ્યાન તેઓએ સ્થાનિક ભદ્રકાળી મંદિરની પાઠશાળાની પુનઃ સ્થાપના કરી. પડખે વસેલા ભાદરણિયાને પણ લાભ આપી, તા. ૧૯/૫ના રોજ પારાયણની પૂર્ણાહુતિમાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'ભગતજીના બધા શિષ્યો 'પાવર'વાળા, કેફવાળા. તેમાં શાસ્ત્રીજી મહારાજની વાત જુદી.'

ગુરુગુણના આ ગાન સાથે પારાયણની ઇતિશ્રી કરી સ્વામીશ્રી ઉમલાવની નગરયાત્રા શોભાડી રાત્રિરોકાણ માટે સીસવા પહોંચ્યા. અહીંથી તા. ૨૦/૫ની સવારે પુનઃ ઉમલાવ પધારી તેઓએ ભક્તોના ઉત્સાહથી બંધાયેલા મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજની પ્રાણપ્રતિષ્ઠા કરી.

ત્યારબાદ મંદિર સામેના ચોકમાં જ ભરાયેલી સભામાં નિષ્ઠાની નિશાની સમજાવતાં મહંત સ્વામીએ કહ્યું કે 'એક સમયે મહારાજ એક જ દ્વારે પ્રગટ રહે છે. ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ દ્વારા મહારાજ સત્સંગમાં પ્રગટ છે. તેમાં મહારાજ-સ્વામી બેય આવી ગયા. જુદી કોઈ વાત નથી. તેમની આજ્ઞા પાળવી ને કોઈનો અવગુણ ન લઈએ તો નિષ્ઠા સાચી. આથી વિરુદ્ધ વાત કરનારનો સમાગમ ન કરવો.'

જોડ્ય નથી જડતી જગમાંયે જોતે

મહંત સ્વામીના પ્રવચન બાદ પ્રતિષ્ઠાની સભામાં સ્વામીશ્રીને આશીર્વાદ

આપવાના હતા. પરંતુ તે પૂર્વે મંચ પર બેઠેલા એક જૂના સંતે વિના માઈકે મંગલાચરણ લલકારી પ્રવચન શરૂ કરી દીધું! આ સભામાં વક્તવ્ય માટેની તેઓની મુરાદ બર ન આવતાં તેઓએ છેલ્લે આ રસ્તો અખત્યાર કરેલો. કોઈની પણ માનસિક સમતુલા ખોરવાઈ જાય તેવા આ પ્રસંગે સ્વામીશ્રી શાંતિથી બોલ્યા: 'એમની આગળ માઈક મૂકો.'

મોં આગળ માઈક આવતાં તો એ વક્તાને વધુ ચાનક ચડી. તેઓએ આવેલી તકને બરાબર લૂંટતાં બપોરના સાડા બાર વગાડી દીધા! ત્યારબાદ સ્વામીશ્રીના આશીર્વાદ પૂર્ણ થયા ત્યારે બપોરનો એક વાગી ચૂકેલો.

તે સમયે વૈશાખી લૂ જોરદાર વીંઝાઈ રહેલી. હવે વેળાસર સ્વામીશ્રી ભોજન ભેગા થાય એ જ ઉચિત હતું, પણ ત્યાં જ કાર્યકરે ૪૫ પધરામણીઓનો રસથાળ તેઓ સમક્ષ ધરી દીધો! બપોરના એક વાગ્યે, ઉનાળાના ભર તાપમાં, જીવનના ૬૦મા વર્ષે, બાકી ભોજને ૪૫ પધરામણીઓ કરવાની કલ્પના પણ રૂંવા ખડાં કરી દે તેવી છે, તો એ કલ્પનાને સાકાર કરનારા સ્વામીશ્રી પર એ દિવસે શું નહીં વીત્યું હોય! પરંતુ લેશ મોં મચકોડ્યા વિના તેઓ પધરામણીઓને પૂરેપૂરો ન્યાય આપ્યા પછી જ ભોજનને ન્યાય આપવા બેઠા!

સ્વામીશ્રીએ વેઠેલો ભીડો કેવળ માનવીય શરીરની સીમાઓ જ નહીં, માનવીય સમજની સીમાઓ બહારનો વિષય પણ છે. આજની બપોરે ભૂખ્યા પેટે ઘરોઘર ઘૂમતા તેઓને જેમણે નીરખ્યા તેનાં હૈયાં ગાઈ ઊઠ્યાં: *'જોડ્ય નથી જડતી જગમાંયે જોતે જી...'*

જેમ ફેરવે તેમ ફરે તે 'સેટ'

ઉમલાવથી સારોલ, પિલુદરા થઈને બોચાસણ પધારેલા સ્વામીશ્રી અહીં જુદા જુદા ભક્તો દ્વારા યોજાયેલા પારાયણમાં કથાલાભ આપતા.

તે ક્રમમાં તા. ૨૩/૫ની સવારે કથામૃત પીરસતાં તેઓએ જણાવ્યું:

'સત્સંગમાં 'સેટ' થયા ક્યારે કહેવાય? તો કોઈ મંદિરમાં કોઈ 'સેટ' થઈ ગયો હોય ને તેને ત્યાંથી ફેરવીએ ને મૂંઝવણ ન થાય તો તે 'સેટ' થયેલો ગણાય. જ્યાં મોકલે ત્યાં જાય તે 'સેટ' થયા ગણાય. પોતાની મેળે 'સેટ' થયા તે સેટ કહેવાય નહીં. સંત જેમ ફેરવે તેમ ફરે તે 'સેટ' કહેવાય.'

આ મર્મસભર ઉપદેશ આપી પોતાના નિવાસકક્ષમાં પધારેલા સ્વામીશ્રી માટે અબ્બાસઅલી વાંચવાનાં અને જોવાનાં ચશ્માં બનાવીને લાવ્યા. તે

સ્વામીશ્રીનાં ચરણોમાં મૂકતાં આ બિરાદર કહેવા લાગ્યાઃ 'હું તો તમને ઈશ્વરના દૂત જાણું છું. હું રોજ તમારી ઈબાદત કરું છું. હું જીવું ત્યાં સુધી હે સ્વામી! ચશ્માંની સેવા મને આપજો.'

એક મુસ્લિમના મુખમાંથી સ્વામીશ્રી વિષેનો ભાવ આમ નીતરતો જ રહ્યો. તેઓએ સ્વામીશ્રીની આસપાસ બેઠેલા સંતોને પણ કહ્યુંઃ 'આ સ્વામી બોલે છે તે સ્વામિનારાયણ ભગવાન બોલે છે, માટે તેમની આજ્ઞા બરાબર પાળજો. દર સો વર્ષે દુનિયામાં આવા સાધુ થતા રહે છે. નહીંતર વિશ્વ વ્યવસ્થિત ચાલે નહીં.'

જીવ કોઈ પણ ખોળિયામાં હોય, પરંતુ સ્વામીશ્રીના પ્રસંગમાં આવતાં તે કોળ્યા વિના રહેતો નહીં.

સાધુતાની સુવર્ણમુદ્રા

તા. ૨૪/૫ની સવારે બોચાસણમાં અમૃતબિંદુ ઉડાડતાં સ્વામીશ્રીએ કહ્યુંઃ 'મનધાર્યું મરડે તે શૂળી ઉપર શયન કરાવ્યું કહેવાય. તેમાં પણ મૂંઝાય નહીં તે પાકો ભક્ત.'

આ સંક્ષિપ્ત પણ સચોટ વાત કરી તેઓ આણંદ પીપલ્સ સહકારી બેંકના દશાબ્દી પ્રસંગે આણંદ પધાર્યા. આ સંસ્થાના હોદેદારોએ આ અવસરે કોઈ પ્રધાન-પદવીધારીને ન બોલાવતાં સ્વામીશ્રીની જ સભાધ્યક્ષ તરીકે સર્વાનુમતે વરણી કરેલી. નાણાંકેન્દ્રના વ્યવસ્થાપકો પણ અકિંચન સ્વામીશ્રી તરફ આટલા ઢળે તેમાંથી સ્વામીશ્રીનો ખરો પરિચય મળી શકે છે.

આ રીતે દબદબાપૂર્વક આગળ ધપી રહેલા આ સમારંભમાં વચ્ચે જાહેરાત થઈ કે 'બેંકની મુદ્રા ધરાવતો દસ ગ્રામ ચાંદીનો સિક્કો સ્વામીશ્રીને અર્પણ કરવામાં આવે છે.'

આ સૂચના મુજબ બેંકના ચેરમેન સ્વામીશ્રીને રજતમુદ્રા અર્પણ કરવા ગયા ત્યારે *'ધન ધૂળ બરાબર ધારે...'*ની રીતે વર્તનારા સ્વામીશ્રીએ, તે મુદ્રાને ગ્રહણ ન કરતાં તેને ઠાકોરજી આગળ મુકાવી. રજતમુદ્રાના આ અસ્વીકારને જોનારા સૌને સ્વામીશ્રીની સાધુતાની સુવર્ણમુદ્રા હાથ લાગી ગઈ.

સુખ કરે ને દુઃખ હરે

તા. ૨૫/૫ના રોજ સ્વામીશ્રી આણંદથી વિદ્યાનગર મુકામે બે ખાત-

વિધિ માટે પધાર્યા. અહીં યજમાનોએ એક વૃદ્ધ બ્રાહ્મણને વિધિ-વિધાન કરાવવા બોલાવેલા, પરંતુ અવસ્થાને કારણે તેઓને વિધિમાં બહુ ફાવટ આવતી નહોતી. ભૂદેવની આ તકલીફ જોઈ સ્વામીશ્રીએ એક સંતને કહ્યું: 'તમે વિધિ કરાવી દો.'

આદેશ થતાં એ સંતે મહાપૂજાનો હવાલો સંભાળી લીધો. તેઓના સ્પષ્ટ ઉચ્ચાર, સીધું માર્ગદર્શન અને સળંગ ક્રમથી સૌને વિધિનો ખૂબ આનંદ આવ્યો. આમ, સંતોષકારક રીતે ટાણું સચવાઈ ગયું. પણ જતાં જતાં સ્વામીશ્રીએ યજમાનને કહ્યું : 'ભલે સંતે વિધિ કર્યો પણ આ ગોર મહારાજને તો પૂરી દક્ષિણા આપજો.'

આ નાની ભલામણમાંથી ઉપસતી સ્વામીશ્રીની વિરાટ પ્રતિભાને જોઈ સૌ પોકારી ઊઠ્યા: *'સુખ કરે ને દુઃખ હરે, શોભાવે સદાય કાળ...'*

પેલા ગોર તો સ્વામીશ્રીની આ ગરવી રીતથી ગદ્‌ગદ જ થઈ ગયા.

સૌને આમ રાજી કરતા સ્વામીશ્રી વિદ્યાનગરથી કરમસદ, પંડોળી, પુરુષોત્તમપુરા, શ્રીજીપુરા, નાયકા, સોખડા, અમદાવાદને લાભ આપતાં તા. ૨૭/૫ની સાંજે દાસજ પધાર્યા.

અત્રે દર વૈશાખ વદ દશમે વરસાદના શુકનનો અનોખો ઉત્સવ 'ખેડખેડિયા'[૫૯] ઊજવાય. તેમાં જુવાન ખેડૂતો ભાગ લે. એક જુવાન નાનું હળ હાથમાં લે. બીજા બે યુવાનો હળના આગળના બે ભાગ 'પોતે બળદ છે' તેવી ભાવના રાખી હાથમાં લે. તેની પાછળ બીજા બાળકો-યુવાનો રેલ્લાની જેમ કેડે ઘૂઘરા બાંધીને ગોઠવાઈ જાય. હાથમાં લીંબડાની ડાળીઓ લે. ભૂંગળ વાગે એટલે દોડ શરૂ થાય. સ્ત્રીઓ આ યુવાનોના માથે જળ રેડે. યુવાનો 'ખેડ... ખેડ...' (ખેલ... ખેલ...) બોલે અને પાણી રેડનાર 'ભલે વરસ્યા... ભલે વરસ્યા...' એમ બોલે. આ રીતે આખા ગામમાં બે ચક્કર લગાવે. તેથી ગામ આખું પાણી પાણી થઈ જાય. પછી બાફેલી જાર અને ગોળ મહોલ્લે-મહોલ્લે વહેંચાય.

આ ઉત્સવના ટાણે જ સ્વામીશ્રી ગામમાં પધાર્યા હોવાથી સૌએ તેઓને જ સૌનાં શિરે જલધારા વરસાવવા વિનંતી કરી. સંસ્કૃતિનું સંવર્ધન આવા ઉત્સવોથી થાય છે. તેથી ઉત્સવના ઉત્કર્ષની પ્રવૃત્તિને સ્વામીશ્રી ઘણું ઉત્તેજન આપતા. તે મુજબ તા. ૨૯/૫ના રોજ તેઓ રામજી મંદિર પાસે પાટ ઉપર

---

૫૯. મૂળ નામ 'ખેલખેલિયા.'

ઊભા રહ્યા. ઉત્સવના ખેલૈયા એક પછી એક તેઓ આગળથી પસાર થવા લાગ્યા. સ્વામીશ્રી તેઓ પર જલધારા રેલાવતા ગયા અને 'સત્તર આની વરસ થશે' તેવા આશીર્વાદ આપી દીધા.

*'જેહ ઉપાયે આ જીવનું, સર્વે પ્રકારે શ્રેય થાય...'*ની રીત રાખીને સ્વામીશ્રી વિચરતા. તેથી તેઓ સૌની રહેણી-કહેણીમાં ભળી જઈ સૌને ભગવાનમાં ભેળવી દેતા. દરબારો સાથે ઘોડા ખેલવી તેઓને ભક્ત બનાવી દેનારા શ્રીજીમહારાજની શૈલી સ્વામીશ્રીએ પણ જાળવેલી.

મહારાજના મોકલેલા

દાસજના રોકાણ દરમ્યાન સુજાણપુર, સિદ્ધપુર અને ખેરાળુને પણ લાભ આપી આવનારા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૩૦/૫ના રોજ દાસજ મુકામે પ્રતિષ્ઠા નિમિત્તે વૈદિક યજ્ઞ થયો. આ જ દિવસની સાંજે શોભાયાત્રા નીકળવાની હતી. તે પૂર્વે સ્વામીશ્રીના ઉતારે હળવી પણ બોધપ્રદ ગોઠડી મંડાઈ ગઈ.

સ્વામીશ્રી તેઓના કાર્યમાં વ્યસ્ત હતા તે વખતે જનમંગલદાસ સ્વામીએ લાગલું જ પૂછ્યું : 'બાપા ! શાસ્ત્રીજી મહારાજના વખતમાં યોગીબાપા હતા તે અંતર્યામી હશે ને ?'

'એ તો હોય જ ને ! પણ બધું દાબીને વર્તે.'

'તમે નાના હતા ત્યારે તમે અંતર્યામી હતા ને ?'

'એ વાત ક્યાં લાવ્યા ? મહારાજના મોકલેલા એટલે બધું હોય જ.' સ્વઓળખ અને સ્વસામર્થી પર સિક્કો મારતાં સ્વામીશ્રી બોલ્યા.

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે 'આ સાધુ તો ભગવાનના હજૂરના રહેનારા છે ને પળમાત્ર છેટે રહે એવા નથી, ને છેટે રહે છે તે કોઈ જીવના કલ્યાણને અર્થે છે.'[૬૦] આ જ સૂર સ્વામીશ્રીના આજના શબ્દોમાં સંભળાઈ રહ્યો.

આવા સમર્થ તેઓથી વિખૂટા પડવું કોને ગમે ? તેથી સંતોએ કહ્યું : 'સ્વામી ! તમે વિશેષ જમવાનું રાખો ને આવા ને આવા હજાર વર્ષ સુધી રહીને બધાને સુખ આપો.'

'એ તો મહારાજની ઇચ્છા હોય તેટલું જ રહેવાય !'

'પણ ભક્તને ભગવાન વશ છે, તો તમે કહો તેમ મહારાજ કરે.

---

૬૦. સ્વામીની વાત : ૧/૨૧૯.

મહારાજે ગુણાતીતાનંદ સ્વામીની આવરદા પચીસ વરસ વધારી દીધી તેમ આપ ઘણાં વર્ષ સુધી રહો.'

'એ તો મહારાજની ઇચ્છા. મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું કે 'કહો તો કાળ પાડીએ ને કહો તો ટૂંટિયું લાવીએ.' ત્યારે સ્વામીએ ટૂંટિયાનું જણાવ્યું. તે વખતે રઘુવીરજી મહારાજે કહ્યું કે 'બેયની ના પાડવી જોઈએ ને!' ત્યારે સ્વામીએ સમજાવ્યું કે 'મહારાજની મરજી પ્રમાણે જ કહેવાય.' એમ આ લોકમાં આવ્યા એટલે જવું જ પડે. મહારાજ ગયા, સ્વામી પણ ગયા. એમ મહારાજની મરજી પ્રમાણે થાય.'

આમ, *'અસમર્થ આપણે, સમર્થ શ્રીભગવાન...'*નો સૂર સ્વામીશ્રીએ છેડેલો જ રાખતાં સંતોએ તે છેડો પડતો મૂક્યો અને સ્વામીશ્રીના શૈશવનું પ્રકરણ ઉઘાડતાં પૂછ્યું :

'ઘેરથી આપની પર કોનો રાજીપો વધારે?'

'બધાને માતાનો રાજીપો હોય જ.' સ્વામીશ્રીએ મર્મમાં ઉત્તર વાળ્યો.

'આપને શિક્ષકનો માર પડેલો?'

'કોઈ દિ' નહીં. ટાઈમે પહોંચી જતા. પહેલેથી તોફાની કે તકરારી જીવન નહીં. લેસનમાં બરોબર એટલે કોઈ દિવસ માર ખાધેલો જ નહીં. મોટો ભાઈ બહુ ખીજાય. પણ ડોસા(પિતા મોતીભાઈ)ને હેત બહુ એટલે પક્ષ રાખતા. (મોટા ભાઈ) બળદિયા પાવા, ખેતરમાં રાંપડી ઝાલવા, ચાર લેવા લઈ જાય. પણ ડોસા કહે, 'હું લઈ આવીશ.' ઈંટોલા જિનમાં કપાસ નાંખવા ગાડા પર બેસીને જતા. ગાડું સાચવતા. માલ ખરીદવા તે જતા. ભૂખ લાગે તો મમરા, ચેવડો, ભૂંસુ, જલેબી ખવડાવતા.'

'સાધુ થયા પછી આપ પાઘ જાતે બાંધતા?'

'શરૂઆતમાં બીજા સંત બાંધતા. પછી તો જાતે જ.'

'તમારાં ધોતિયાં કોઈ ધોતા?'

'શરૂઆતમાં ધોવાનું, રંગવાનું બધું જાતે જ કરતા. સેલ્ફ સર્વિસ.'

'દુઃખ આવે તો પ્રાર્થના કરતા?'

'દુઃખ આવે ત્યારે સામા થઈએ તો લાંબું થાય. સહન કરવું એટલે શાંતિ થાય.'

આમ, સ્વામીશ્રીએ આજે ઘણાં સ્મૃતિરત્નો વેરી દીધાં. તે વીણી નિહાલ થયેલા સૌએ નગરયાત્રા માટે પ્રસ્થાન કર્યું.

નખી તળાવને કિનારે

તા. ૩૧/૫, યોગી જયંતીના શુભ દિવસે દાસજના મંદિરમાં ધામધૂમથી અક્ષર-પુરુષોત્તમની પ્રતિષ્ઠા બાદ સાંજે ૪૦ પધરામણીઓ કરી સ્વામીશ્રી આબુ જવા વિદાય થયા.

આ પ્રવાસમાં તેઓએ સ્મૃતિસત્રનો લાભ આપતાં કહ્યું:

''અમે એક વાર અજમેર ગયા હતા. ત્યાંથી પુષ્કર સરોવરે ગયા. ત્યાં બ્રાહ્મણને પૂછ્યું: 'આનો મહિમા શું છે?' તેણે કહ્યું: 'તીર્થ તો એક પુષ્કરરાજ, ઔર સબ તીર્થૈયા; અને ગઢ તો એક ચિત્તોડગઢ, ઔર સબ ગઢૈયા.'

આ સાંભળી અમને થયું કે 'પુષ્કરરાજનાં તો દર્શન કર્યાં. હવે ચિત્તોડગઢ જોવો જોઈએ.' એટલે અમે ચિત્તોડગઢ ગયા. ત્યાંથી ઉદેપુર, શ્રીનાથજી અને કાંકરોલીનાં દર્શન પણ તે વખતે કરેલાં.

અમે મકરાણા આરસ લેવા નીકળીએ એટલે કોઈ વાર સિદ્ધપુર, કોઈ વાર આબુ સ્ટેશને ઊતરતા. એક વાર સિદ્ધપુર અને બે વખત આબુ આવેલા. ગઢડામાં ઘુમ્મટ કરવો હતો. તેથી તેનું માર્ગદર્શન લેવા દેલવાડાના ઘુમ્મટ જોવા આવ્યા હતા.''

ખૂલતા પંથ સાથે સ્વામીશ્રીના મુખેથી સ્મૃતિઓના અધ્યાય ખૂલતા રહ્યા અને સૌ નખી તળાવને કિનારે ૪,૨૦૦ ફૂટ ઊંચે આવી પહોંચ્યા. અમદાવાદથી પણ પચીસેક સંતો આવી ચૂકેલા.

અહીં આજની રાત્રે ભીખુભાઈ તથા શાંતિભાઈના બંગલાઓની હરિયાળીમાં યોગી જયંતીની સભા ગોઠવાઈ. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા:

''સવારે મોટા સમૈયામાં બહુ સુખ ન આવ્યું. અહીં શાંતિ. ઘરની મંડળી ને બાવો મહંત. યોગીજી મહારાજે એમના જોગમાં લઈ આપણને માયાના ફંદામાંથી કાઢ્યા. યોગીજી મહારાજ મને કહેતા કે 'તમે સાધુ ન થયા હોત તો ભૂમશી ખોદત.' આપણે આ જોગમાં ન આવ્યા હોત તો નોકરી વગેરે કરત. આ અપાર સુખ ને આનંદ ન મળત. માટે પાકો રંગ લગાવી દેવો.''

સૌને આમ ગુરુમહિમા સમજાવી સ્વામીશ્રીએ સંતોને યોગીજી મહારાજના પ્રસંગો વારાફરતી કહેવાની આજ્ઞા કરતાં મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી, ઈશ્વરચરણદાસ સ્વામીએ યોગીસ્મૃતિ કરાવી. છેલ્લે સંતોએ સ્વામીશ્રીને પણ યોગીજી મહારાજનો પ્રસંગ સંભળાવવા વિનંતી કરી ત્યારે

તેઓએ ભાદરા મંદિરની પ્રતિષ્ઠાના પ્રસંગો વર્ણવ્યા. આ અમૃતધારામાં સૌ એવા રસબસ થઈ ગયા કે રાત્રિના બાર વાગી ગયા તેનું પણ અનુસંધાન ન રહ્યું. રાત્રિની શાંતિ અને શીતળતામાં સ્વામીશ્રીની વાતોએ અનેરો જાદુ પ્રસરાવી દીધો.

આજ્ઞારૂપી ભભૂતિ લગાવવી

આશરે ત્રીસેક કિ.મી.માં વિસ્તરેલા ઐતિહાસિક અર્બુદાચલના શિખરે સ્વામીશ્રીના સાંનિધ્યમાં સંતોની 'શિખર-પરિષદ' યોજાઈ હોય તેવો ઘાટ ઘડાયેલો. તા. ૧/૬ના રોજ તો ૧૨૦ જેટલા સંતો એકત્રિત થઈ ગયા. તેઓની સભા 'ગોલ્ડન હાઉસ'ની વિશાળ ઓસરીમાં જ ગોઠવાઈ ગઈ. તેમાં કીર્તનની કડી ગવાઈ: *'સ્વધર્મી ભસ્મ ચોળી તો, અમારે ક્ષોભ શાનો છે...'*

તે સાંભળી સ્વામીશ્રીના હૈયે ઉમળકો જાગી જતાં તેઓના હોઠેથી પરાવાણી રેલાવા લાગી કે –

''આપણે આજ્ઞારૂપી ભભૂતિ લગાવવી. લોકો ભલે ફાવે તેમ બોલે. આપણે તો દેખતાં છતાં આંધળા થવું. દુનિયામાં ભગવાન અને સંત સિવાય કોઈ વસ્તુ છે જ નહીં. સ્થાન હોય તો ભજન થાય એવું નહીં. ભગવાન ભજનારાને તેવો વિચાર ન હોય. 'મને કોઈ બે શબ્દ કહી ગયો છે તે વખત આવે ત્યારે તેને હું સંભળાવીશ' એવું ન રાખવું. અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન દરેકને આપવું તે યજ્ઞ આપણે આરંભ્યો છે. આમાં પોતે પોતાનું બલિદાન આપી દેવું પડે. ખલાસ થઈ જવું પડે. કોઈ બોલે-કરે, માન-અપમાન થાય એ બધું જોવા જઈએ તો યજ્ઞ પૂરો ન થાય. આપણા પૂર્વજોએ તેવો વિચાર કર્યો નથી.

શાસ્ત્રીજી મહારાજ વખતે મુશ્કેલી બહુ. એક-એકને માથે ચાર-ચાર ક્રિયાઓ હતી. પણ બધાને કેફ કે 'શાસ્ત્રીજી મહારાજને રાજી કરવા છે.' ભગવાનનું ભજન કરવું ને કરાવવું તે આપણું કામ છે. તેમાં ખપી જવાનું છે. લગની ન હોય તે તેજસ્વી ન થાય. તે તો મામૂલી થાય. 'કેમ ત્યાગાશ્રમ શોભે?' તેવો વિચાર ચોવીસે કલાક થવો જોઈએ. આ કાર્ય આગળ ધપાવવું.''

ધર્મે થાય તે ઠીક છે

તા. ૧/૬ની સાંજે ચાર વાગ્યે સ્વામીશ્રી ઉતારાની સામે જ હિલોળતા નખી તળાવમાં પધાર્યા. અહીં પ્રથમ ઠાકોરજીને નવડાવ્યા બાદ સંતો સહિત

પોતે પણ સ્નાન કર્યું. આ સમયે તળાવમાં તરતા રહેવા માટે મોટી ચાર ટ્યૂબ ઉપલબ્ધ હતી. તેની પર પણ સૌએ સ્વામીશ્રીને બિરાજમાન કરીને લહાવો લૂંટ્યો.

ત્યારબાદ બ્રહ્માકુમારી સંગ્રહાલય તથા ઈશ્વરીય વિશ્વવિદ્યાલયના કાર્યવાહકોની વિનંતીથી તે તે સ્થળોની મુલાકાત લઈ, સ્વામીશ્રી 'સનસેટ પોઈન્ટ'ના ઘાટ ઉપર પધાર્યા.

પરંતુ દુનિયા જ્યાં આથમતા સૂર્યની લાલિમા આંખોમાં ભરવા આવે ત્યાં સ્વામીશ્રીને તો બસ! ભજનનો જ વેગ. તેથી અહીં પણ તેઓ તો એક મુમુક્ષુને સત્સંગ કરાવવા માંડ્યા. ઢળતા સૂર્યની વિરુદ્ધ દિશામાં મુખ રાખી વાતો કરી રહેલા તેઓએ એ ભાવિકને વર્તમાન ધરાવી કંઠી પહેરાવી. આમ, 'સનસેટ પોઈન્ટ'ના સ્થાને એક વ્યક્તિના જીવનમાં સુખનો સૂર્યોદય કરી સ્વામીશ્રીએ સિમેન્ટના બાંકડે બિરાજી, સંતો સાથે આરતી-અષ્ટકનું આહ્નિક પૂર્ણ કર્યું.

ત્યારબાદ ઉતારે જવા નીકળેલા તેઓને વચ્ચે ભાદરણનાં એક વૃદ્ધ મહિલા જોઈ ગયાં. તેથી તેઓએ પુરુષ-પ્રતિનિધિ દ્વારા સ્વામીશ્રીને પોતાને ઘેર પધરાવ્યા. તે વખતે આ વડીલ સ્વામીશ્રીના ચરણ-પ્રક્ષાલનની તૈયારી કરવા લાગ્યા. પણ *'ધર્મે થાય તે ઠીક છે, રહીએ ધર્મને વળગા...'*ની રીત રાખનારા સ્વામીશ્રી આમ કેમ બનવા દે?

પેલી બાઈ અંદરથી અરજ કરતી જ રહી કે 'હું તો ઘરડી મા જેવી છું. પગ ધોવા દીધા હોત તો સારું...' પણ યાવચ્ચંદ્રદિવાકરૌ ધર્મ-ભક્તિના પ્રવર્તન માટે પ્રગટેલા સ્વામીશ્રીએ તેમ ન જ થવા દીધું અને ઠાકોરજીનાં ચરણ પુરુષ-પ્રતિનિધિ દ્વારા ધોવરાવી તે પ્રાસાદિક જળ એ મહિલા માટે મોકલાવ્યું.

ગુરુશિખર પર

તા. ૨/૬ના રોજ સ્વામીશ્રી અચલગઢની તળેટીમાં બેઠેલા અચલેશ્વર મહાદેવ અને કોટેશ્વર ભગવાનના સ્થાનમાં પધાર્યા. અહીંથી અચલગઢ ચઢવા માટે તેઓએ ડોલી જતી કરીને સંતોના હાથનો ટેકો લઈ ઉપર જવાનો વિચાર રાખેલો. પરંતુ ઢીંચણના 'વા'ને કારણે 'દીઠા દેવ ને પો'ગી જાત્રા'ના ન્યાયે થોડું ચઢીને તેઓને પાછા ફરવું પડ્યું. અહીંથી તેઓ ૫,૬૫૩ ફૂટ ઊંચા ગુરુશિખરે જવા નીકળ્યા.

આ માર્ગે તો ડોલી સિવાય કોઈ આરો-ચારો જ ન હોવાથી તેઓ સૌપ્રથમ વાર આ સાધનમાં બિરાજ્યા. બે મારવાડી ભાઈઓ પોતાના ખભે તે ડોલી ઊંચકી તેજ રફતારથી ચઢવા લાગ્યા. પ્રથમ અનસૂયાની ટૂકે દર્શન કરી સ્વામીશ્રી શિખરના છાંયે બેઠા. ફોલ્ડિંગ ખુરશી સાથે રાખવામાં આવેલી. તે આવા સમયે ખપમાં આવતી. અહીં સૌને મોહનથાળ અને ગાંઠિયાનો પ્રસાદ આપી સ્વામીશ્રીએ આરોહણને મધુર બનાવી દીધું.

સાથે સાથે પુરાણાં સંસ્મરણોનો આસ્વાદ પણ ચખાડ્યો કે –

''શાસ્ત્રીજી મહારાજ આબુ આવ્યા હતા કે નહીં તે ખબર નથી, પણ બનતાં સુધી આવેલા નહીં. યોગીજી મહારાજ પધારેલા. વસંત-પ્રવાસીવાળાએ સ્પેશિયલ ટ્રેન કાઢેલી. તેમાં હું નહોતો. યોગીજી મહારાજે જયપુરથી સ્પેશિયલ ટ્રેન છોડી દીધી. હું તે વખતે કામ પ્રસંગે જયપુર આવેલો. ત્યાં યોગીજી મહારાજને ભેગો થઈ ગયો.

પછી મકરાણા ગયેલા. ત્યાંથી બિલાડા આવવાનું હતું. અડધી રાતે પીપા રોડ સ્ટેશન આવે. ત્યાંથી ગાડી બદલવાની. પણ ઠંડીને લીધે કોઈ ઊઠે જ નહીં. પછી ભગવત્સિંહ બાપુએ બૂમો પાડી બધાને પરાણે ઉતાર્યા.

પછી બિલાડાવાળી ટ્રેનમાં બેઠા. તે સવારે આઠ વાગ્યે આવ્યું. ત્યાં પણ કોઈ ઊતરે નહીં. માંડ માંડ ઉતાર્યા. એવી ભયંકર કાતિલ ઠંડી હતી. પછી બા સાહેબે લાકડાં સળગાવી યોગીબાપાને તપાડ્યા. માંડ અગિયાર વાગ્યે ઠંડી ઊડી! બિલાડાથી જોધપુર ગયેલા. ત્યાં દેના બેંકના સાહેબ સત્સંગી હતા. ત્યાંથી બા સાહેબના જમાઈના ઘેર ધમોતરે અને ઈન્દોર ગયેલા.

ઈન્દોરથી અટલાદરા જવાનું હતું. યોગીબાપાની ફર્સ્ટ ક્લાસની ટિકિટ હતી. તેથી તેઓ પહેલી ટ્રેનમાં ગયા. બીજા મેલમાં ગયા. પછી અમે ત્રીજી ટ્રેનમાં ગયા. એમ ત્રણ કટકે અટલાદરા પહોંચ્યા.''

યોગીજી મહારાજની આ સ્મૃતિ વાગોળતા સ્વામીશ્રી, અત્રિ ઋષિની ટૂકે દર્શન કરી ગુરુશિખરે પહોંચ્યા. અગાઉ તેઓ આબુમાં બે-ત્રણ વાર આવેલા, પરંતુ તે વખતે ગુરુશિખરે પહોંચવાની અનુકૂળતા થઈ નહોતી. તે મેળ આજે પડી ગયો.

નિત્ય નિત્ય સભા ભરે સ્વામી

તા. ૨/૬ની સાંજે આબુમાં વસતા ગુજરાતી ભાઈઓની સત્સંગ-સભામાં

પધારતાં પૂર્વે સ્વામીશ્રી અર્જુનભાઈ[૬૧] દ્વારા સંચાલિત એશિયન સ્ટુડન્ટ્સ હૉસ્ટેલમાં જઈ પહોંચ્યા.

આ સંકુલને પાવન કરી તેઓ તા. ૩/૬ના રોજ પ્રાતઃકથામાં બિરાજ્યા ત્યારે *'દયાળુ પ્રભુ અક્ષરપુરુષોત્તમ...'* કીર્તન ગવાતું હતું. તે સાંભળી તેનો જ મર્મ સમજાવતાં સ્વામીશ્રી બોલ્યા :

''આ કીર્તનમાં કડી આવી કે, *'ઉપાસનામાં ગડબડ ગોટા..'* ઉપાસના એટલે ભગવાનને સદા સાકાર, સર્વોપરી, કર્તા અને પ્રગટ માનવા. સાકાર માટે ભગવાને શ્રુતિ ટાંકી છે કે 'स ऐक्षत।' ભગવાન જુએ તો આંખ આદિ બધા અવયવો છે. ઘડો સાકાર છે તો બનાવનાર પણ સાકાર હોવો જોઈએ. પરમહંસો ગાડરિયા પ્રવાહ જેવા નહોતા, પણ બધા મનની વાત મૂકી શ્રીજીમહારાજની આજ્ઞામાં વર્ત્યા. મહારાજ કહે તેમ જ કરવાનું. બીજો વિચાર જ નહીં. મહારાજનું આ સર્વોપરીપણું. (વચનામૃત) પ્ર. ૭૬માં શ્રીજીમહારાજ કહે છે : 'પંચ વર્તમાનમાં દૃઢ વર્તતા હોય, પણ તેનું ગમતું મુકાવીને અમારા ગમતામાં વર્તાવીએ તોય દેહ પર્યંત લેશમાત્ર મૂંઝાય નહીં.' પંચ વર્તમાનમાં દૃઢ હોય તે સંતને બીજું શું મનગમતું હોય ? છતાં કોઈકને એવો ઈશક હોય કે 'હું આમ સત્સંગ કરાવું...' તે પણ મુકાવે તોયે મૂંઝવણ ન થાય.

દરેકમાં પ્રેરણા કરી મહારાજ કાર્ય કરે છે. 'આણે સારું કર્યું' એમ નહીં; 'ભગવાને જ પ્રેરણા કરીને સારું કરાવ્યું છે' તેમ માનવું. નહીંતર એને વિષે લગની ને હેત લાગી જાય. શ્રીજીમહારાજ અદૃશ્ય થયા દેખાય, પણ ગુણાતીત દ્વારા પ્રગટ છે. એકાંતિક સંત દ્વારા એકાંતિકપણું મૂકતા ગયા છે. આ ચારમાં જેટલી ખામી તેટલી ઉપાસનામાં ખામી. દરેકે અક્ષર-પુરુષોત્તમ ઉપાસનાનું પુસ્તક ખાસ વાંચવું. શરીરને પથ્ય પડે તેટલું જમવું. વધારે ન જમવું. ભોજન પારકું પણ પેટ ક્યાં પારકું છે ? સેવા માટે દેહ છે.''

આમ, આબુમાં *'નિત્ય નિત્ય સભા ભરે સ્વામી, બહુ વાતો કરે બહુનામી...'*ની જેમ જામેલા કથા-કીર્તનના અખાડાથી અર્બુદાચલનાં શિલા-શિખર પણ ડોલવા માંડ્યાં.

---

૬૧. આ અર્જુનભાઈના દાદા ખુશાલભાઈ હતા. તેઓ અને શાસ્ત્રીજી મહારાજ મામા-ફોઈના ભાઈઓ થાય. કરમસદ મુકામે યોજાયેલા ખુશાલભાઈના લગ્ન પ્રસંગે ડુંગર ભગત મહેળાવથી ગયા હતા. ત્યાં તેઓએ એકાદશીએ અનાજ નહીં ખાવાની દૃઢતા રાખેલી તે પ્રસંગ બનેલો.

આ ક્રમમાં ઉપાસનાનો એકડો ઘૂંટાવ્યા બાદ સ્વામીશ્રીએ વચનામૃત(ગ.મ. ૨૬)ના આધારે કથારસ વહેતો કર્યો કે –

'શબ્દોથી ફુલાઈ ન જવું. સારું શરીર, કપડાં, બોલવાની વિદ્વત્તાથી સારા ન થવું, પણ પરમાત્મા અને સંતને જે ગમે છે તે રીતે રહી સારા થવું. લોક રીઝવવા નહીં, પણ ભગવાન રીઝવવા કરવું. દુઃખ પડે તો દિલગીર ન થવું. આપણે પૂર્વાશ્રમમાં કોઈ સંતને કહ્યું હશે કે 'ખાવા સારુ સાધુ થયા છો?' માટે હવે કોઈ આપણને કહે તો ખોટું ન લગાડવું. આપણને બદલો મળે છે તેમ સમજી રાજી રહેવું. જેટલું કરવું તે સચોટ ને સાચું કરવું. વધારે દેખાડવા જાય તે નકામું. ભગવાન ને સંતને ન ગમે તે ન જ કરવું.

આબુ જવાનું નક્કી હોય ને કહે કે 'ડાંગરા જાવ.' તો શું થાય? આ પણ તૈયારી જોઈએ. જેણે ત્યાગ કર્યો તેની કીર્તિ ગવાઈ છે. આપણે પોતાનું જ કરવા આવ્યા છીએ. ભેંસનાં શીંગડાં ભેંસને ભારે. સાપ પકડવાનો ધંધો કરે તે જીવતો તોય મૂએલો જ જાણવો. નાનાનો અવગુણ લેતાં ભગવાન અને સંતનો પણ અવગુણ આવી જાય. 'હું જ કરું છું' એમ સમજાય તો અવગુણ આવે. અવગુણ હોય તોય ન જોવો. દેખાય તો આડું ભાગી જવું. 'મારા વગર પૈડું ફરવું ન જોઈએ' એમ સમજે તે નકામું.''

સાવધાનીનો આ સુંદર સદુપદેશ આપી સ્વામીશ્રી આજે શંકર મઠ થઈને ગુરુશિખર સ્કૂલમાં પગલાં કરવા પધાર્યા. ત્યારબાદ સાંજે તેઓએ દેલવાડાનાં દેરાંને દૃષ્ટિમાં લીધાં.

ભગવાન આપણા ને આપણે ભગવાનના

તા. ૩/૬ની સવારે સ્વામીશ્રીએ વરસાવેલી બ્રહ્મરસની ધારા હજી તો સુકાઈ નહોતી ત્યાં જ તે દિવસની રાત્રે પુનઃ તે વહેવા લાગી. આ સમયે સંતો-પાર્ષદોની જિજ્ઞાસાને સ્વામીશ્રીએ સરળ અને રસાળ સદ્‌બોધ દ્વારા સંતોષી. જેમ કે –

- સ્વામી! આપની કથાવાર્તામાં ઈશકની વાત બહુ આવે છે. તો ઈશક શેનો રાખવો? અને ઈશક રાખવો તે સાધકના હાથમાં છે કે આપના હાથમાં?

  'ભગવાનને મળવું છે, એકાંતિક ધર્મ સિદ્ધ કરવો છે તેવો ઈશક રાખવો. પોતાનો ઈશક જોઈએ. અમે ઘણી વાતો કરીએ પણ પોતાનો

ઈશક ન હોય તો કંઈ ન થાય. પોણી સોળ આની ઈશક ન ચાલે.'

- વચનામૃતમાં કહ્યું છે કે 'સત્પુરુષને વિશે પ્રીતિ તે જ આત્મદર્શનનું સાધન છે.' તો તે પ્રીતિ કેમ વધે ?

  'સ્વાર્થ મનાયો હોય તો પ્રીતિ વૃદ્ધિ પામે. અહીં મોક્ષનો, આત્માનું રૂડું થાય તે સ્વાર્થ છે.'

- જીવનમાં કોઈ દિવસ મૂંઝવણ ન આવે તેનો ઉપાય ખરો ?

  'મૂંઝવણ તો આવે. દુઃખ પણ આવે. તેને સહન કરવાની શક્તિ પામવી. મૂંઝવણ તો આવશે પણ સમજણ કરીને રાખવી. આત્મા-પરમાત્માનું જ્ઞાન દૃઢ થશે તો મૂંઝવણ નહીં થાય. આ સમજણ પણ સત્પુરુષ થકી મળેલી સમજણ સમજવી. મનની કરેલી કલ્પિત સમજણથી મૂંઝવણ ન જાય. ભગવાન ને સંત મૂંઝવણ ટાળનારા છે. રસોઈ કરે તે દાઝે. જેણે આ માર્ગ જ લીધો ન હોય તેને કંઈ નહીં.'

- સત્પુરુષને પોતાનું સ્વરૂપ માનવું એટલે શું ?

  'જેમ કહે તેમ વર્તાય તો સ્વરૂપ મનાયું સાચું. અત્યારે દેહ અને મન પ્રમાણે ચાલીએ છીએ. તે કહે તેમ મનાય ત્યારે સાચું સ્વરૂપ મનાણું કહેવાય.'

- ભગવાન અંગે ઘણી ઘણી સમજણની વાતો છે. પણ થોડાકમાં સમજાય તેવું કંઈક કહો.

  ''કાઠીઓ શ્રીજીમહારાજને કહેતા : 'તમે અમણા ને અમે તમણા.' તે સાંભળી મહારાજ કહે : 'સમજી સમજીને બસ આટલું જ સમજવાનું છે.' ગુણાતીતાનંદ સ્વામીને ભવાન ઠક્કરે રાત્રે કહ્યું : 'સ્વામી ! હું તમારો છું.' ભણી, ગણી, વાંચીને આટલું જ સમજવાનું છે કે 'ભગવાન આપણા ને આપણે ભગવાનના.''

સ્વામીશ્રીના મુખેથી આમ અનેરું અનુભવામૃત સરતું રહ્યું.

તેની ધારા વિરમી તે સાથે જ ચેષ્ટાગાન શરૂ થયું. તે વખતે કેટલાક સંતો ઊઠ્યા. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'ઊઠ્યા કેમ ? ચેષ્ટા પૂરી કરીને ઊઠવું.'

આહ્નિકનો ક્રમ તૂટે તે સ્વામીશ્રીને લેશ પસંદ નહીં.

તમને જુદું કેમ મનાય છે ?

તા. ૪/૬ના રોજ ડોલીમાં બિરાજી ગોમુખ પધારેલા સ્વામીશ્રીને અહીં

એક સ્થાનિક સાધુએ સ્થાનનો ઇતિહાસ સંભળાવી મધનો શીશો ભેટ ધર્યો. તે ઠાકોરજી આગળ મુકાવતા સ્વામીશ્રી 'ગુજરાત ભવન'માં પગલાં પાડી સાંજે પાંચ વાગ્યે ટ્રેવર ટેંક પહોંચ્યા.

સઘન વનરાજીની વચ્ચે તળાવની શોભાથી આ સ્થાન રમણીય ભાસતું હતું. અત્રે એક વિશાળ પથ્થર પર સંતો બેસી ગયા. સામે સિમેન્ટના બાંકડા પર સ્વામીશ્રી બિરાજ્યા. તે વખતે સંતસમાજે *'તું પ્રીત પ્રભુથી કરતો જા...'* કીર્તન ગાવવું શરૂ કર્યું. તેની છેલ્લી પંક્તિમાં કોઈકે ગાયું : *'તુંને પ્રમુખસ્વામીજી ગુરુ મળતાં...'*

આ સાંભળતાં જ સ્વામીશ્રી તરત બોલ્યા : 'જેણે જે લખ્યું હોય તે બોલવું.'

સ્વામીશ્રી એક ઉત્તમ શ્રોતા હતા. એક વાર જે સાંભળે તે શિલાલેખની જેમ તેઓના મનમાં કોતરાઈ જતું. તેથી અહીં કીર્તનમાં *'તુંને જ્ઞાનજીવનજી ગુરુ મળતાં...'* એમ યોગીજી મહારાજને બદલે પોતાનું નામ ગોઠવાયું તે વિગત તેઓથી અજાણી ન રહી અને તેઓ કહેવા લાગ્યા : '...યોગીજી મહારાજ ગુરુ મળ્યા તેમ લખ્યું છે તો તે જ બોલવું. તમને જુદું કેમ મનાય છે ? જેમ હોય તેમ બોલવું. યોગીજી મહારાજ એ સાક્ષાત્ અક્ષરધામનો અવતાર. આવા સંત ક્યાંથી મળે ? તે મળ્યા એટલે જન્મ-મરણના ફેરા ટળી ગયા. ઉધારાનાં ખાતાં બંધ થઈ ગયાં. એ મળ્યા પછી વિષ્ટા શું ચૂંથવી ? વિષયમાં માલ ન માનવો.'

નિમિત્ત મળતાં જ સૌમાં પ્રાપ્તિનો અમલ ઘૂંટી સ્વામીશ્રીએ દરેકને બુંદી-ગાંઠિયાનો પ્રસાદ વહેંચ્યો. તેથી રચાઈ ગયેલી દર્શન, પ્રસાદી અને વાતોની અદ્‌ભુત ત્રિવેણીમાં સૌ મન મૂકીને ન્હાયા.

મોટામાં મોટો યાદગાર પ્રસંગ

તા. ૪/૬ની રાત્રિસભામાં અનાયાસે યોજાઈ ગયેલા સ્મૃતિસત્રમાં સંતોએ સ્વામીશ્રીના જીવન સંબંધી કેટલીક જિજ્ઞાસાઓ પ્રગટ કરતાં સ્વામીશ્રીએ તેના મનનીય ખુલાસા આપ્યા. જેમ કે –

- સ્વામી ! આપને પુષ્પોમાં વધુ કયું પુષ્પ ગમે ?
  'મહારાજને ચડ્યું તે બધું ગમે. છતાં ગુલાબ અને મોગરા વધુ પ્રિય.'
- ફળમાં વધુ કયું ગમે ?
  'વિશેષ રુચિ નહીં. ઠાકોરજીને ધરે તે ગમે.'

- આપના જીવનનો કોઈ યાદગાર પ્રસંગ કહો.
  'શાસ્ત્રીજી મહારાજ મળ્યા તે મોટામાં મોટો યાદગાર પ્રસંગ. સાધુ કરી આ સેવા આપી તે મોટો પ્રસંગ. શાસ્ત્રીજી મહારાજના સમયમાં તેમ જ અમૃત મહોત્સવ અને ભાદરા પ્રતિષ્ઠાની યાદગાર સેવાઓ મળી.'
- શું કરીએ તો આપ રાજી થાઓ ?
  'સાધુતાનો માર્ગ દૃઢ કરી શાસ્ત્રીજી મહારાજનું જ્ઞાન વધુ મનુષ્યોને પહોંચે તે કરીએ તેમાં રાજી. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના કાર્યની પુષ્ટિ થાય તે કરવું. મુખ્ય સાધુતા રાખવી.'

આ અમૃતધારાથી પરિતૃપ્ત થયેલા સૌ આવતીકાલે આવી રહેલા એક સોનેરી દિવસની પ્રતીક્ષા કરવા લાગ્યા.

સેવાનો અકબંધ ઉમંગ

અર્બુદાચલના આંગણે તા. ૫/૬ના દિવસે સ્વામીશ્રીનો ૩૧મો પ્રમુખવરણી દિન આવી પહોંચતાં સૌનાં મનની ઋતુ સાવ જ બદલાઈ ગઈ. પ્રત્યેક સંતને હાથવગાં સાધનોથી આ અવસરને ઊજવવાના કોડ જાગી જતાં કો'ક સવારના પહોરમાં બગીચાઓ અને પહાડો પરથી પુષ્પો લઈ આવ્યા, તો કો'કે ચંદન ઘસીને તૈયાર કરી દીધું.

આનંદ-ઉલ્લાસના આ વાતાવરણની અસર તળે સવારની પ્રથમ સભા 'ગોલ્ડન હાઉસ'ના હૉલમાં યોજાઈ. આ પ્રસંગે સ્વામીશ્રીએ વચનામૃત(ગ.પ્ર. ૨૭) સમજાવતાં કહ્યું :

''આજ્ઞા પ્રમાણે જીવન થાય તો 'મળ્યા' સાચા. જે કંઈ થાય છે તે ભગવાનની ઇચ્છાથી થાય છે તેમ સમજવું. કંઈ ખોટું થતું હોય તો સુધારવા પ્રયત્ન કરવો, પણ જો ન થાય તો ભગવાન કે સંત ઉપર ધોખો ન કરવો. પદાર્થનો સંગ્રહ ન કરવો. ચંદ્રલોક પર એક કિલો લઈ જવું હોય તો એક મિલિયન ડૉલરનો ખર્ચ વધુ થાય. ત્યારે આપણે તો અક્ષરધામમાં જવું છે. માટે વધુ પદાર્થો સંઘરવા નહીં. જે સગવડ હોય તેનાથી કામ લેવું. ન મળે તો તેનો વિચાર ન કરવો. તાલમેલ કરવામાં આધ્યાત્મિક વિકાસ ન થાય. ગૃહસ્થે પણ સારું ઘર મળ્યું હોય તો બંગલાની ઇચ્છા ન કરવી. મળે તેટલાથી શાંતિ માનવી.'

બ્રાહ્મમુહૂર્તના મંગલ વાતાવરણમાં જ સ્વામીશ્રીએ સૌ પર સમજણની સંજીવની છાંટી દીધી. ત્યારબાદ સેવાનો 'પીરિયડ' ચાલુ થતાં સંતો વિવિધ સેવાઓમાં જોડાયા.

તે ક્રમમાં કેટલાક જ્યાં કથા થઈ તે હૉલમાં જ ચોળી ફોલવા બેઠા. તે જોઈ સ્વામીશ્રી પણ સોફા પરથી ઊભા થઈ સંતોની સાથે બેસીને ચોળી ફોલવા લાગ્યા ! પ્રથમ પ્રમુખવરણી દિને હરિભક્તોનાં એઠાં વાસણો ઊટકતી વખતે તેઓના રોમરોમમાં તરવરતો સેવાનો ઉમંગ, ૩૧મા પ્રમુખવરણી દિને પણ એવો જ અકબંધ જોવા મળ્યો !!

આપણી સાધના એટલી કે...

પ્રમુખવરણી દિનની સાંજે સ્વામીશ્રીએ સેન્ટ મેરી સ્કૂલ તથા બે હૉસ્ટેલોને પોતાનાં પદારવિંદથી પાવન કરી. આ છાત્રાવાસોમાં રહેતા વિદ્યાર્થીઓમાં ૮૦ ટકા ગુજરાતી હતા. તેમાંય ખેડા જિલ્લાના વિશેષ. તે સૌને આશીર્વાદ અને શીરાનો પ્રસાદ આપી સ્વામીશ્રી લૉઅર કોદરા બંધ પર દૃષ્ટિ કરી ઉતારે પધાર્યા ત્યારે અહીં શરૂ થનારી રાત્રિસભામાં સંતોએ પ્રમુખવરણી દિન નિમિત્તે ભક્તિભાવપૂર્વક પુષ્પદોલો તૈયાર કરેલો. નીલગિરિ-નાળિયેરીનાં પાંદડાં તથા કરેણ, હજારી, રાતરાણી, બોગનવેલ વગેરેનાં રંગબેરંગી અને સુગંધીદાર પુષ્પોથી સજાવેલા આ હિંડોળામાં ઝબૂકતા વીજ-દીપકો પણ ગોઠવેલા.

જો કે, આ શોભાથી કચવાયેલા સ્વામીશ્રી તો સભામાં આવવા જ નહોતા માંગતા. 'હું ઉપર જ રહીશ ને અહીં સૂઈ જઈશ. નીચે આવવું નથી.' એમ તેઓએ પોતાની નામરજી જણાવી દીધેલી. પરંતુ વડીલ સંતોની ઘણી વિનવણી થતાં તેઓ સભામાં પધાર્યા.

તે વખતે સંતોએ ઊભા થઈ *'ભૂલીશ હું જગતની માયા...'* પ્રાર્થનાપદ ગાવવું શરૂ કર્યું ત્યારે સ્વામીશ્રી પણ સ્વયં ઊભા થઈ ગયા અને ઠાકોરજી સમક્ષ હાથ જોડી આ પદની પંક્તિઓ ગાવા લાગ્યા ! તેઓની રીતિ-નીતિ હંમેશા *'હજૂર રહીએ હાથ જોડી હરિ શું...'*ની જ રહેલી.

આ અવસરે મહંત સ્વામીએ ભાવોર્મિ વહાવતાં કહ્યું : 'આપણી સાધના એટલી કે પૂજ્ય સ્વામીશ્રીમાં દિવ્યભાવ રહે, મનુષ્યભાવ ન આવે ને ગદ્‌ગદ-ભાવ રહ્યા કરે. આ આંતરિક સાધના છે. આ ગુરુભક્તિ છે. આવું અખંડ રહે

તો કાંઈ બાકી રહેતું નથી. ગુરુની મરજી જાણી જે કરીએ તે ભક્તિ. મનમેળે થાય તે સત્કર્મ.'

આ પ્રવચન બાદ મહંત સ્વામી સ્વામીશ્રીને પુષ્પમાળા પહેરાવવા ગયા ત્યારે હિંડોળા પાછળથી ઈશ્વરચરણદાસ સ્વામીએ સ્વામીશ્રીના શિરે પુષ્પમુકુટ મૂકવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તે મૂક્યો - ન મૂક્યો ત્યાં તો સ્વામીશ્રીએ તેને લઈ ધીરેથી બાજુમાં નાંખી દીધો.

આપ અમારા માથાના મુગટ જેવા છો

પુષ્પોપચારથી અભિવાદન બાદ સંતોએ રાસ-કીર્તનની રમઝટ બોલાવતાં તેની રસલહાણ માણવા આસપાસના રહીશો પણ એકત્રિત થઈ ગયા. લૌકિક રંગ-રાગ અને નાચ-ગાનથી પડઘાતા રહેતા આ પર્વત પર ગુંજી રહેલા આધ્યાત્મિક નાદ સાંભળી સૌને કદાચ પહેલી વાર *'દીઠો આજ આબુ ગિરિરાજ આવો...'* લલકારવાનું મન થઈ આવ્યું હશે !

આ અનુભૂતિમાં જ સૌ રસબસ હતા ત્યાં સ્વામીશ્રીની ધીર-ગંભીર વાણી વહેવા લાગી :

'શાસ્ત્રીજી મહારાજ જેવા દિવ્ય પુરુષે કલ્પનામાં ન આવે એવી સંસ્થા ઊભી કરી. તેમનું એકવડું શરીર, પણ આ તો શ્રીજીમહારાજે શાસ્ત્રીજી મહારાજ સ્વરૂપે કાર્ય કર્યું છે તે ઊંડો વિચાર કરીએ તો સમજાય. તેમનું બધું બુદ્ધિપૂર્વકનું કાર્ય. તેમની કૃપા કે આ સેવા આપી. તેમણે સુંદર બગીચો તૈયાર કરી આપ્યો છે, તે સાચવીએ તોય ઘણું છે. સંસ્થા આપણી છે. એકબીજાના શબ્દો સહન કરી લેવા. શોભાડવું છે તે ધ્યેય રાખવું. તેઓ સાચવે છે ને સાચવશે. શ્રીજીમહારાજના ૫૦૦ પરમહંસો આજ્ઞામાં તત્પર હતા તો કાર્ય હજારગણું, લાખગણું શોભ્યું. આપણે એ જ ચીલે ચાલીને તેમને રાજી કરવા. હું પણ આપ સર્વેને રાજી કરી શકું. આપ સર્વે આવું કાર્ય છે તેમાં મંડ્યા છો તે અમારા માથાના મુગટ જેવા છો. અમને રાહત ને શાંતિ છે.'

સૂત્રધાર તરીકે એકત્રીસ વર્ષની અતિ યશસ્વી કારકીર્દીના કોઈ ગર્વ વિનાના આ આશીર્વાદે સૌને ગદ્‌ગદ કરી મૂક્યા. *'કરે કાર્ય ને માન ન ધરે...'* એવા આ વિરલ પ્રમુખને વધાવવા સૌએ આરતીઓ પ્રગટાવી ત્યારે સ્વામીશ્રીએ પણ આસન પરથી ઊભા થઈ આરતી દ્વારા ઠાકોરજીને વધાવ્યા.

આરતીના અંતે સૌ વતી મહંત સ્વામીએ સ્વામીશ્રીના ભાલમાં ચંદનની

અર્ચા કરી. સૌએ નમન કરી આશીર્વાદ મેળવ્યા. આમ, સાદો પણ સદા સ્મરણીય ઉત્સવ પૂરો થયો.

આનું દોડ્યું લેખે લાગી ગયું

પ્રમુખવરણી દિનના ઉલ્લાસ સાથે આબુના રોકાણ પર પૂર્ણવિરામ મૂકી સ્વામીશ્રી તા. ૬/૬ના દિવસે અત્રેથી વિદાય લેતાં પૂર્વે એક ધર્મસ્થાનમાં પધાર્યા, ત્યારે અહીં પૂજારીએ સ્વાગત કરતાં પૂછ્યું : 'બીડી પીશો?'

સ્વામીશ્રીએ તેની સવિનય 'ના' પાડી એટલે તેઓએ 'રોટી-દાળ જમશો?' એમ વિવેક દાખવ્યો. પરંતુ કેવળ 'આપવા'ના જ હેતુથી વિચરતા સ્વામીશ્રીને આમાંનું કશું ખપે તેમ નહોતું. તેથી તેઓ દર્શન કરીને અત્રેથી માનપુરના ભદ્રકાળી મંદિરના પૂજારીનું નિમંત્રણ સ્વીકારતાં ત્યાં પહોંચ્યા.

આ મંદિરનો આજે પાટોત્સવ હોવાથી વચ્છસ ગોત્રના બ્રાહ્મણો મોટી સંખ્યામાં એકત્રિત થયેલા. તે સૌને લાભ આપી સ્વામીશ્રી સમીપવર્તી હૃષીકેશ મંદિરે દર્શન બાદ બપોરે બાર વાગ્યે બાલારામ મહાદેવની જગ્યામાં પધાર્યા.

અહીં વહેતી જલધારામાં ઠાકોરજીને સ્નાન કરાવી તેઓએ પાલનપુરને પાવન કર્યું. અહીંના કલ્યાણ મંદિરમાં હરિભક્તોએ પ્રેમપૂર્વક સન્માન કરી સૌને રસ-રોટલીની રસોઈ જમાડી. તે પછી સાંજે લક્ષ્મણ ટેકરી હૉલમાં જાહેર-સભા સંબોધીને મક્તુપુરમાં લાભ આપતાં સ્વામીશ્રી ઊંઝા આવી પહોંચ્યા.

ઉત્તર ગુજરાતના વેપારી મથક સમા આ નગરમાં જાહેર-સભા કરી પધરામણીઓ કરવા નીકળેલા સ્વામીશ્રી, છેલ્લા ઘેર પધારી રહેલા ત્યારે તે ઘરમાં રહેતાં દંપતી હજી દોડતાં-દોડતાં પોતાના ઘેર પહોંચી રહેલાં. તે જોઈ એક રબારીને થયું કે 'આ કાકા-કાકીએ શા સારુ દોટ મૂકી હશે? કંઈ ઉપાધિ થઈ હશે કે શું?' આમ વિચારતો તે પણ ભેગેભેગો દોડવા લાગ્યો.

પરંતુ ઘર આવતાં તેને ખ્યાલ આવ્યો કે 'પેલા આધેડ વયના યુગલે તો સ્વામીશ્રી માટે દોટ મૂકી હતી!' તેને અનુસરતાં એ રબારીને અનાયાસે સ્વામીશ્રીનાં દર્શન લાધી ગયાં. તે પગે લાગ્યો ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'આનું દોડ્યું લેખે લાગી ગયું! દર્શન થઈ ગયાં.'

મહત્તા કેટલું દોડીએ છીએ તેની નથી હોતી, પણ કોના માટે દોડીએ છીએ તેની હોય છે. જન્મોજન્મથી જીવ દોડતો જ હોય છે, તોય તેની ભટકણનો અંત આવતો નથી. આજે પેલા રબારીને અલ્પ ક્રોડમાંય રઝળપાટ મટી ગઈ.

ભગવાંમાં શું જાદુ ભર્યો !

અનેક જીવોની દોટ અટકાવવા સતત દોડતા રહેલા સ્વામીશ્રી ઊંઝાથી ધીણોજ પધાર્યા ત્યારે રાત્રિના પોણા અગિયાર વાગી ચૂકેલા. અવિરત વહેતી તેઓની વિચરણ-ગંગાએ આજે એક દિવસમાં સાત ગામો પાવન કરી નાંખ્યાં ! છતાં કામમાં જ આરામ સમજનારા સ્વામીશ્રી અગિયાર વાગ્યે પણ ગ્રામ પંચાયતના ચોકમાં સભા કરી જયંતીભાઈના ઘેર ઉતારે પધાર્યા.

અહીં ચેષ્ટાગાનથી પરવારી તેઓ અગાશીમાં બિરાજ્યા ત્યારે ત્રણ યુવાનોના કુટુંબીઓ સ્વામીશ્રી પાસે આવી ચડ્યા. આ ત્રણેય યુવકો ત્યાગી થવા ઘરબાર મૂકી ચાલી નીકળતાં તેઓના સંબંધીઓની રાવ હતી કે 'સ્વામીશ્રીએ ભૂરકી નાંખી છે, તેથી એ ત્રણેય છોકરા સ્વામીશ્રી પાસે પહોંચી ગયા છે.'

ગુણવાનનો ગુણવાન સાથે સંબંધ સ્વાભાવિક જ હોય છે, પરંતુ તેથી અજાણ આ ગામવાસીઓને યુવાનોના ત્યાગ પાછળ સ્વામીશ્રીનાં જંત્ર-જાદુ કારણભૂત લાગતાં હોવાથી, તેઓએ તે મતલબની વાત જણાવી ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'ભૂરકી નાંખનારા બાવા જુદા. જો ભૂરકી નાંખે સાધુ થતા હોય તો અમે તમારા પર પણ ભૂરકી નાંખી દઈએ. એ તો જેના ભાગ્યમાં હોય તેનાથી સાધુ થવાય છે.'

સંસ્થાના ધારાધોરણ મુજબ માતા-પિતાની લેખિત પરવાનગી વિના અહીં કોઈ યુવાનને સાધુદીક્ષા અપાતી ન હોવાથી વાલીને ચિંતાનું કારણ રહેતું નથી. પરંતુ અનેક ઘરોમાં પુત્ર અને વાલી વચ્ચે ઘૂમરાતાં આવાં વમળોમાં, સ્વામીશ્રીની સાધુતાનો ઉઘાડો પ્રતાપ અને તેઓ દ્વારા મળતી શાંતિની સાથે સ્વામીશ્રીએ સર્જેલા સંપ્રદાયના પ્રભાવક વાતાવરણનું તેજ દૃષ્ટિગોચર થાય છે. જે જમાનામાં સરેરાશ યુવાની ભોગના માર્ગે ઊંધું ઘાલીને દોડી રહી હોય, તે સમયે તેની દિશાને ત્યાગના પંથે વાળી સ્વામીશ્રીએ એક ઇતિહાસ સર્જી દીધેલો ! તેઓનાં ભગવાંમાં એવાં કામણ ભરેલાં કે યુવાનોને જગતના ભોગ ઝાંખા જણાતા.

ગણિત બહારનું વિચરણ

ધીણોજમાં તા. ૭/૬ની સવારે નિર્માણાધીન મંદિરનો ખાતવિધિ કરી

મહેસાણાને પાવન કરતાં સ્વામીશ્રી ગાંધીનગર આવી રહેલા ત્યારે મુંબઈથી આવતો સંસ્થાનો ખટારો તેઓની નજરે ચડ્યો. તે જોઈ સ્વામીશ્રીએ ગાડી ઊભી રખાવી ડ્રાઇવરને આશીર્વાદ આપ્યા. પછી પૂછ્યું: 'કેટલું વજન ભર્યું છે?'

'પંદર ટન.'

'અગિયાર ટન ભરવું.' સ્વામીશ્રી બોલ્યા.

'હાઇ-વે પેટ્રોલિંગ'ની અદાથી આટલી સૂચના આપતાં તેઓ 'અક્ષરધામ'ની જગ્યા પર આવી પહોંચ્યા.

અત્રે આરતી કર્યા બાદ બાંધકામ પર દૃષ્ટિ કરવા નીકળ્યા. તે વખતે દ્વિશતાબ્દીના 'નગર'માં સૌને ઘેલું લગાડનારું 'હરિદર્શન' પ્રદર્શન ગોઠવાઈ રહેલું. તે કાર્યવાહી જોઈ સભામાં બિરાજેલા સ્વામીશ્રીએ આશીર્વાદ પાઠવ્યા કે 'અહીં મંદિરમાં રોજ સાયંકાળે આવવું. અમે આજે અચાનક આવી ગયા. જેને દર્શનનું નિયમ હતું તે સર્વેને સમાગમનો લાભ મળી ગયો.'

જાણે નિયમસર ભક્તિ કરનારાને ફળ આપવા જ પધાર્યા હોય તેમ સૌને લાભ દઈ સ્વામીશ્રી અમદાવાદ મંદિરે આવી ગયા.

આ સમયે ઘણા એવું માનતા હતા કે 'દ્વિશતાબ્દીના ઉત્સવ પછી સ્વામીશ્રી મહિનો-દા'ડો કોઈ સ્થળે જઈને આરામ કરશે.'

પરંતુ સૌનાં આવાં ગણિત ઊંધાં વાળતા સ્વામીશ્રી ઉત્સવ પછીના ૫૫ દિવસમાં દુઃખતા પગે અને ઊભા થાકે ૯૮ ગામો ઘૂમી વળ્યા! તેઓના આ વિચરણે સૌને નવેસરથી ગણતરી મૂકવા મજબૂર કરી દીધા. દુન્યવી ગણિતના ગજ સ્વામીશ્રીને માપવામાં હંમેશા ઊણા જ ઊતરતા.

સચિવાલય પ્રમુખસ્વામીને સોંપી દેજો

તા. ૮/૬ના રોજ તત્કાલીન ગુજરાતના એક મહિલામંત્રીના પતિએ સ્વામીશ્રીને પોતાનો પૂર્વપ્રસંગ સંભળાવતાં કહ્યું: 'સ્વામીજી! થોડા સમય પહેલાં સચિવાલયમાં હડતાલ પડવાની હતી. ત્યારે મેં બધાને કહેલું કે તમે હડતાલે જાવ તો સચિવાલય પ્રમુખસ્વામીને સોંપી દેજો. તમારા કરતાં તેઓ સારું ચલાવશે.'

સ્વામીશ્રી પાસે રહેનારાને રોજબરોજના મુલાકાતીઓ દ્વારા આવા કૈંક ભરોસાભર્યા ઉદ્‌ગારો સાંભળવા મળતા જ રહેતા. આમ અને ખાસ જનતાને એક વિશ્વાસ બેસી ગયેલો કે સ્વામીશ્રી તો *'કદી હોય ત્રિલોકીનું રાજ, કરી*

જાણે તેનું રાજકાજ...' જેવા સંત છે. સૌનાં હૈયાંની આ કબૂલાત સ્વામીશ્રીની કાબેલ અને કલ્યાણકારી છબીનું દર્શન કરાવતી.

તેઓની આ પ્રકૃતિએ જ અમદાવાદના રોકાણ દરમ્યાન મંદિરોની સુવ્યવસ્થા માટે એક સાપ્તાહિક શિબિરનું રૂપ ધરી લીધું. તેમાં દિવસના છ કલાક લેખે મંદિરોના વિવિધ સેવાવિભાગોની સમીક્ષા થવાની હતી.

તા. ૯/૬ના રોજ આ શિબિરનો પ્રારંભ કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'દ્વિશતાબ્દીથી સંતોષ થવો ન જોઈએ. આ સંસ્થાની પ્રસિદ્ધિ તો શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનાં વર્તન અને નિષ્ઠાથી જ થયેલી છે. હવે આપણે સવાયું દેખાય તેમ કરવું. સંપ, સુહૃદભાવ અને એકતા રાખી બધાએ સક્રિય બનવું. આમાં મનનો ભીડો પડશે. કાર્ય મોટું થતું જાય છે. વ્યવસ્થિત ન થાય તો શોભે નહીં. માટે સંસ્થા કેમ વધે, બધાને ગુણ કેમ આવે એ વ્યવસ્થા કરવી.'

કાર્યપદ્ધતિનો આ આલેખ દોરી આપી શિબિરને ગતિશીલ કરનારા સ્વામીશ્રી આ પરિષદના પ્રત્યેક સત્રમાં હાજરી આપતા અને સમયે-સમયે સોનેરી સલાહ-સૂચન પણ મૂકતા. તેઓના એ બે શબ્દો વિચારણાની કક્ષા અને ઊંચાઈમાં આમૂલ પરિવર્તન લાવી દેતા.

ઉદાહરણરૂપે આજની સાંજે જ સત્સંગ-પ્રચાર સંબંધી ઉપયોગી માર્ગદર્શન આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'ફેંકાફેંક, દોડાદોડ વિચરણ ન કરવું. મોટર છે એટલે દિવસમાં દસ ગામ ફરી દેવાં એવું નહીં. ગામમાં રહેવું પડે. પહેલાં સત્સંગ થાય, પછી મંદિર બને. ગામમાં રહીને મહિમા, નિષ્ઠાની વાતો કરે તો સત્સંગ થાય. માટે શાંતિથી ફરવું. દ્વિશતાબ્દી વખતે સંતો બધે ફર્યા, પણ તેથી બધે સત્સંગ થઈ ગયો એમ નહીં. આગળ સત્સંગ વધારીને પાછળનો ઘસાઈ જાય એવું બને. જૂનાની ઉપેક્ષા ન કરવી. નહીંતર તેમનાં છોકરાંના સંસ્કાર ભૂંસાઈ જશે. સત્સંગીનાં છોકરાં સત્સંગી કરવાં.'

બુદ્ધિથી પરની આ વાતો છે

તા. ૧૦/૬ની સવારે વચનામૃત (ગ.મ. ૨૮) પીરસતાં સ્વામીશ્રીએ વાત કરી કે 'ભગવાનમાં કોઈ ભૂલ નથી – એમ સમજીને ભક્તિ કરીએ તો આપણી ભૂલો સુધરે. બુદ્ધિથી પરની આ વાતો છે, માટે બુદ્ધિચાતુરી મૂકી દેવી.'

આ ભૂમિકા બાંધી સેવાની રીતિ શીખવતાં તેઓએ વધુમાં જણાવ્યું :

''કરવી તો બધાની સેવા કરવી, નહીંતર હાથ જોડીને ઊભા રહેવું. સારી ભાવનાથી કરવું. મરણિયો નિશ્ચય રાખવો કે 'પાછળથી ખોટી છાપ પડે તેવું ન કરવું.' મોક્ષ ન બગડે તે જોવું. અંદર-અંદરના સ્વભાવનું ઘર્ષણ ન થવા દેવું. મહિમાની વાતો નાંખીશું તો વાંધો નહીં આવે. ભૂલો થવાની, પણ જોવું કે તે પ્રામાણિક ભૂલ છે કે ઇરાદાપૂર્વકની ? કોઈની અજાણ્યે ભૂલ થઈ હોય તો તેના ઉપર તૂટી ન પડવું. ખાધે ન ખૂટે પણ બગાડ કરે તો ખૂટે. આપણી પછી પણ આવી દૃઢતા થાય તે જોવું. એક સમજણથી થયું હોય તો આગળ ઉપર સારું ચાલશે. વાહન ન હોય તો ચાલીને જવાની તૈયારી રાખવી, પણ ધર્માદો અને કથાવાર્તામાં ખામી ન આવવા દેવી. અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન આપવાની તમન્ના જોઈએ.''

આ તમન્ના સાથે મંડેલા સ્વામીશ્રી શિબિર દરમ્યાન મંદિરોને સુવ્યવસ્થાથી સભર કરવાની તજવીજમાં રત દેખાતા, પરંતુ સૌને એ પણ અનુભવ થતો કે સ્વામીશ્રીના મતે તો વ્યવહારમાં આધ્યાત્મિકતાનું જતન થાય એ જ મોટી સુવ્યવસ્થા છે.

આ દિશા તરફ જ સૌને દોરતા હોય તેમ સ્વામીશ્રી શિબિરનાં વિવિધ સત્રોમાં કહેતા રહ્યા કે –

'આપણે બધી સેવા કરીએ છીએ, પણ ગમે તે રીતે તેમાંથી જમવાનો સમય તો અવશ્ય કાઢીએ છીએ જ; તેમ કથા-વાર્તાનો પણ સમય કાઢવો જ... રસોડાની સેવામાં શ્રદ્ધા અને મહિમા, આ બેની જરૂર છે. મોટા સંતો મેં જોયા છે. તે બધું જાતે જ કરતા. જોડના સંતને ચલાવી લેતા, નભાવી લેતા. મોટેરાને જ ઘસાવું પડે... પોતાનું વર્તન મહત્ત્વની વસ્તુ છે. શક્ય હોય તો અંગ્રેજી આદિ જાણવું, પણ જરૂરી વર્તન છે. ભાષાની બહુ મહત્તા નથી. નિષ્ઠા અને વર્તન જોઈએ. ભગવાનમાં પ્રેમ એ મહત્ત્વનું છે.

આજ્ઞા થઈ પછી વિચાર ન કરવો. આજ્ઞાઓમાં શંકા-કુશંકા થાય તો મન મોળું પડે. સાધનો હોય તો સમાસ થાય તે કંઈ વિશેષ મહત્ત્વનું નથી. એ ન હોય તો પણ સત્સંગ-પ્રચાર થઈ શકે. *આપ સારા તો દુનિયા સારી...* ભૂલો કાઢવા કરતાં ભૂલો સુધારવી. પંદર વરસ સત્સંગમાં રહ્યો હોય તોય તેની પ્રકૃતિ ને સ્વભાવથી જાય છે. કોઈ સંસ્થામાંથી જતો રહે તે સંસ્થાએ તેની ખબર ન રાખી કે સંસ્થામાં ગરબડ છે તે કારણ નથી. પણ તેનો સ્વભાવ જ કારણ છે... વિચરણથી આત્મશુદ્ધિ થાય, સ્વભાવો જાય, બળ મળે. સત્સંગ

કરાવવા ધીરજ, શાંતિ ને સમય જોઈએ. નિષ્ઠાવાળો થાય તેટલો ફાયદો. ભલે એક કે બે થાય. સભાઓમાં ઘણા ભેગા થાય, ભાવ થાય, પણ કોંક્રિટ કામ કરવા ફરી-ફરી જવું પડે. પછી ગામ આપણું થાય. ઉતાવળ ન કરવી. વ્યવસ્થિત કરવું. નિષ્ઠાવાન તૈયાર કરવા... ભગવાન મુખ્ય છે. બાકી બધું એની પાછળ છે. રિદ્ધિ-સિદ્ધિ વધવાની છે. પણ ઠાકોરજીની ઉપેક્ષા તેટલું ગૌણ થશે. ઠાકોરજી માટે તેવો ને તેવો પ્રેમ રાખવો.'

આમ, આધ્યાત્મિકતાને જ કેન્દ્રબિંદુમાં રાખી તેની આસપાસ સ્વામીશ્રી વ્યવસ્થાનાં વર્તુળ દોરતા રહ્યા. તેઓના મૅનેજમૅન્ટમાં યુક્તિ કરતાં સિદ્ધાંતની, ગતિ કરતાં દિશાની અને પદ્ધતિ કરતાં હેતુની મહત્તા વધુ રહેતી.

ગુણાતીત દ્વિશતાબ્દીનું બીજારોપણ

ભગવાન સ્વામિનારાયણનો દ્વિશતાબ્દી મહોત્સવ પૂર્ણ થયો તે દિવસથી સ્વામીશ્રી બોલતા રહેલા કે 'દ્વિશતાબ્દી ઊજવાઈ ગઈ એટલે પૂરું થતું નથી.' તેઓ દ્વારા અવારનવાર ઉચ્ચારાયેલા આ શબ્દોની અર્થછાયા તા. ૧૩/૬ના રોજ ખૂલી હોય તેવું સૌને લાગ્યું.

આ દિવસની સવારે ડૉક્ટર સ્વામીએ અક્ષર-પુરુષોત્તમ નિષ્ઠાની અદ્‌ભુત વાતો કરતાં સભામાં નવી ચેતનાનો સંચાર થઈ ગયો. આ વાતો સાંભળતાં-સાંભળતાં સ્વયં સ્વામીશ્રી ગળગળા થઈ જતા. અંતે તેઓએ પણ પુષ્ટિ કરતાં કહ્યું કે – 'નિષ્ઠા બહુ મોટી વાત છે. મહારાજ સર્વોપરી ને ગુણાતીત મૂળ અક્ષર. શાસ્ત્રીજી મહારાજ ભૂલા પડ્યા નથી.'

સ્વામીશ્રીની આવી બળભરી વાતો સાંભળી સૌનો મત પડ્યો કે 'ગુણાતીત દ્વિશતાબ્દી મહોત્સવ પણ સર્વોપરી ઊજવવો છે.'

આ વિષે બપોરે ત્રણથી સાડા ચાર વાગ્યા સુધી કાર્યકર સંતોની એક બેઠક પણ યોજાઈ. તેમાં ઘણાં આયોજનો વિચારાયાં. આમ, જૂનાગઢમાં જે ભીમ એકાદશીનો સમૈયો ગુણાતીતાનંદ સ્વામી ધામધૂમથી ઊજવતા, તે જ દિવસે તેઓને વિશ્વવ્યાપી બનાવનારા સમૈયાનું બીજારોપણ થઈ ગયું!

તેને અનુસરતાં તા. ૧૪/૬ના રોજ યોજાયેલી સત્સંગ પ્રવૃત્તિના નિર્દેશકોની બેઠકમાં પણ દિશાદર્શન ચીંધતાં સ્વામીશ્રીએ કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે આજીવન સેવા કરી છે. દ્વિશતાબ્દી ઊજવીને બોજો ઊતરી ગયો એમ નહીં. બધે સંતોની જરૂર છે એ વાત આવી, પણ

આપણી પાસે સંતમંડળ પૂરતું નથી તે હકીકત છે. માટે દુનિયામાં સત્સંગની ફાળ ન ભરતાં, જ્યાં સત્સંગ થયો છે તેને સાચવી વ્યવસ્થિત કરીએ. આપણી શક્તિ મુજબ જ વ્યાપ કરીએ. દરેક ગામમાં પાંચ નિષ્ઠાવાન હરિભક્તો થાય તે કરવું. પહેલાં 'સર્વે' (survey) કરવો. પાકું કરવું. ચૂંટણી જેવું વિચરણ ન જોઈએ. જૂનો સત્સંગ સાચવવો. નવો પણ સાચવવો. નિષ્ઠા મુખ્ય વસ્તુ છે. અક્ષર-પુરુષોત્તમની નિષ્ઠા – આ જ લક્ષ્યબિંદુ રાખીને કાર્ય કરીએ.'

સંત હોય કે ભક્ત -- સ્વામીશ્રી સૌને એક જ ધ્યેય દર્શાવતા.

પ્રીતે પાળે પુત્ર જાણી

ગુરુપદે બિરાજ્યા બાદ એક દસકાથી સ્વામીશ્રી *'ગણે ન વૃષ્ટિ તન ટાઢ તાપ...'*ની જેમ વિચરી રહેલા; પરંતુ હવે તેઓનું સ્વાસ્થ્ય જળવાય તેમ આયોજનબદ્ધ કાર્યક્રમ ગોઠવવાની વિચારણા કરવા વડીલ સંતો તા. ૧૫/૬ની સવારે એકત્રિત થયા. સ્વામીશ્રી પણ આ બેઠકમાં હાજર હતા.

આ સમયે ચર્ચા દરમ્યાન એક પાર્ષદે અકળામણ વ્યક્ત કરી કે 'આણંદમાં એક મણ દાળ માટે પ્રગટ બ્રહ્મસ્વરૂપને ફરવું પડે તે કેવું ?!'

'આપણું બ્રહ્મસ્વરૂપ એવું જ.' હસતાં હસતાં સ્વામીશ્રી બોલ્યા.

તેઓને પોતાની બ્રહ્મસ્વરૂપી સ્થિતિનો લેશ ભાર નહોતો. પારસમણિ 'પેપરવેઈટ' તરીકે વપરાય છે તેનો કોઈ ધોખો પણ નહોતો. તેથી જ આજે તેઓનું સ્વાસ્થ્ય અને વ્યવસ્થા સચવાય તે વિષયક વિશદ વિમર્શના અંતે સ્વામીશ્રીએ જે નિષ્કર્ષ તારવી બતાવ્યો તેણે તો ચર્ચા પર ઠંડું પાણી જ ફેરવી દીધું.

એક-એક વાક્યે અટક્યા વિના સડસડાટ વાંચવું અઘરું થઈ પડે એ રીતે સ્વામીશ્રીની ભાવનાનો ધોધ આમ વહી છૂટ્યો :

''મારી આટલી બધી કાળજી રાખવા આપ પ્રયત્ન કરો છો, બધાની લાગણી છે તે આનંદની વાત છે. પણ આપણી રાજકીય કે સામાજિક પુરુષોની સાથે સરખામણી ન થાય, કારણ કે તે બધા જગતના માણસો છે. આપણે ત્યાં આધ્યાત્મિક છે. જગતના માણસોને જગતની વાત. આપણું આધ્યાત્મિક જોડાણ છે. પધરામણીએ જઈએ તેમાં હરિભક્તને શાંતિ મળે છે. તે પોતાના કોઢિયા ઘરમાં લઈ જાય. તેમાં ગયા ને પાછા આવ્યા તેવું લાગે. છતાં તેના મનમાં સંતોષ થાય છે. ગવર્નર આવે ને સંતોષ ન થાય તે તેને આમાં થાય છે.

દેહ તો ઘસાવાનું છે. કોઈને ભગવાનનો રસ્તો હાથમાં આવતો હોય તો સારી વાત છે. પધરામણી, નગરયાત્રાનો આશય દરેકના લાભ માટે છે. તેમાં અંતરનો ઉમળકો હોય છે. કથા-વાર્તામાં તેને રસ નહીં. દેહ તો વપરાય તેટલું સારું રહે. આપણે નિર્ણયો લઈએ છીએ, નિયમો કરીએ છીએ, છતાં 'પ્લાનિંગ' બદલાઈ જાય તેમાં ગુરુનો(અમારો) વાંક છે. વ્યવસ્થાપકે 'ના' પાડી હોય ને હું 'હા' પાડું. આધ્યાત્મિક જોડાણ ન તૂટે અને સત્સંગમાં દિવ્યતા રહે તે જોવાનું છે. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે જીવનના અંત સુધી આ કાર્ય કર્યું છે. આમાં ભીડો જણાતો નથી. સામાજિક ને રાજકીય પુરુષો જેવો ખ્યાલ ન રાખવો. તેમને 'સ્ટેટસ' ને ઠઠારો હોય. આપણે તે ન જોઈએ. તે ગમતુંય નથી.

ગુણાતીત સ્વામીના વખતથી સાધુતાનો માર્ગ છે. 'કોઈને મળતા નથી' અને વળી 'અમુક જ તેમને મળી શકે' તેવું ન જોઈએ. બધાને ધીરે ધીરે સમજાવવું. ભાવનાઓ અખંડ રહે તેવું કરવું. હરિભક્તો આપણી મિલકત છે. તેને રાજી રાખવા. યોગીબાપાએ સૌમાં મહિમા રેડ્યો છે તો ધાર્યા બહાર સેવા હરિભક્તો કરે છે. બધા દયા કરો કે 'મારું શરીર સારું રહે. કાર્યક્રમ સારા થાય. મહારાજ-સ્વામીની નિષ્ઠાનું પ્રવર્તન થાય.' બધાની લાગણી જોઈ થાય કે 'મારા કરતાં તમારો દાખડો અધિક છે.' યશ તમારા બધાનો છે, પણ મને યશ આપો તે તમારી દયા છે. તમારો યશ છે તે ફેલાતો રહે.

મહંત સ્વામીને મારા કરતાં વધુ રોગો છે, છતાં ફરે છે. મહારાજ-સ્વામી રાજી થાય એ આ દેહનો લાભ છે. પાઘડીમાં માથું ને માથામાં પાઘડી. મોર પીંછાંથી રળિયામણો. જંગલથી સિંહ ને સિંહથી જંગલ શોભે. માટે મહિમા તૂટવો ન જોઈએ. ભાવોમાં ફેરફાર ન થવો જોઈએ.''

સ્વામીશ્રીનો વાક્પ્રવાહ અસ્ખલિત વહેતો રહ્યો. તેનું એક-એક બિંદુ સિંધુ જેવું અગાધ છે. તેના તીરે છબછબિયાં કરનારાને પણ સ્વામીશ્રી વિષે આટલી અનુભૂતિ તો જરૂર થશે કે –

'એમ હમેશ હેત કરે, ફરે બાળકની વાંસે વળી;
પ્રીતે પાળે પુત્ર જાણી, માત તાત દોયે મળી...
એમ મોટાની મોટપનો, કોઈ પામી શકે નહીં પાર;
પુત્ર પિતાને પટંતરે[૬૨], સમજુ સમજો સાર...'

---

૬૨. દૃષ્ટાંતે.

હેત-હિસાબના ચોપડા

તા. ૧૫/૬ની સાંજે હિસાબ-કિતાબ સંબંધી ઉપયોગી માર્ગદર્શન આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'દર મહિને સરવૈયું કાઢવું. રોજનું રોજ નામું લખાઈ જવું જોઈએ. (સંતોએ) ગામડેથી સેવા લાવ્યા હોય તે જોડા કાઢીને પછી ઠાકોરજીનાં દર્શન કરીને પહોંચબુક મહેતાજીને સોંપી દેવી. પછી જ જમવું. એકાઉન્ટમાં આપણે જેટલી જાગૃતિ એટલી આપણી પ્રતિષ્ઠા.'

સ્વામીશ્રીએ આમ ચોપડા ચોખ્ખા રાખવાની વાત કરી ત્યારે મીટિંગમાં હાજર ઠાકોરભાઈએ કહ્યું: 'સ્વામી! સંસ્થામાં બે ઑડિટર હોય તો સારું.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'સંન્યાસીને કોઈએ 'નમો નારાયણ' કહ્યું તો તે કહે, 'જા, તારે ઘેર ધામા.' માટે હવે તમે જ અમારા ઇન્ટરનલ ઑડિટર.' આમ કહેતાં સ્વામીશ્રીએ ઠાકોરભાઈને સેવાના આશીર્વાદ આપી દીધા! તે હરિભક્તે પણ આટલી સહજ વાતમાં જ ઘર-બાર છોડી સહર્ષ સેવા ઉઠાવી લીધી.

સ્વામીશ્રી અને ભક્તો વચ્ચે આ તે કેવા હેત-હિસાબના ચોપડા!

આજની આ બેઠક દરમ્યાન જ ઑલ ઇન્ડિયા રેડિયો પરથી 'રંગભર સુંદર શ્યામ રમે...' કાર્યક્રમ અંતર્ગત, 'ભગવાન સ્વામિનારાયણનું સાંસ્કૃતિક ક્ષેત્રે પ્રદાન' વિષયક ગોષ્ઠી રજૂ થવાની હતી. તેમાં સંસ્થાના સંતો અને સાહિત્યકારોએ ભાગ લીધેલો. તેથી દસ મિનિટનો આ કાર્યક્રમ સ્વામીશ્રીએ ચાલુ બેઠકે સાંભળ્યો. શ્રીજીમહારાજના ગુણગાન સાંભળવામાં તેઓને કદી ધરવ ન થતો.

મારો પહેલેથી ધ્યેય હતો કે...

છેલ્લા એક સપ્તાહથી ચાલી રહેલી વ્યવસ્થાલક્ષી શિબિર તા. ૧૬/૬ના રોજ સમાપ્ત થતી હતી. આ દિવસની સવારે સ્વામીશ્રીએ એક વાર વાંચ્યે-સાંભળ્યે મનને સંતોષ ન થાય એવા રૂડા રસ-સંદેશથી ભરપૂર આશીર્વાદ આપતાં જણાવ્યું કે –

''આપણે સત્પુરુષના થઈએ તો કંઈ મનને વિચાર કરવાનું રહે નહીં. મૂંઝવણ આવે પણ નિરાકરણ થઈ જાય. યોગીબાપા સંપ, સંગઠનની વાત કરતા તે સમજાતી નહોતી, પણ આજે ખ્યાલ આવે છે કે સંસ્થાના વિકાસનું

મૂળ જ આ છે. શ્રીજીમહારાજનાં ૩૦ વર્ષના કાર્યમાં એક સંપ્રદાય સ્થપાઈ ગયો, કારણ કે પરમહંસોને જે જે આજ્ઞા થઈ તેમાં સોંસરા ઊતરી ગયા. આવું ત્રીસ વર્ષમાં બની જ ન શકે, પણ બન્યું! બધા વિચાર કરતાં થઈ ગયા. કારણમાં બંધાવું પણ કાર્યમાં ન બંધાવું.

મારો પહેલેથી ધ્યેય હતો કે 'શાસ્ત્રીજી મહારાજ રાજી થાય તેમ કરવું.' બીજો વિચાર નથી થયો. તે વખતે અમે નાના હતા. ત્યારે તો બહુ ખબર પડે નહીં. પણ જ્યારે મોટા થયા, કોઠારમાં જોડાયા, ત્યારે ઘણી વાર વિચાર આવે. સુખ-દુઃખ આવે, મુશ્કેલી આવે, પણ ચાલે. દરેકના જુદા જુદા વિચારમાં મારે કામ કરવાનું. પણ પહેલેથી એક અંગ બંધાયેલું કે 'મોટાપુરુષ કહે તેમ કરવું.'

યોગીજી મહારાજ વખતે પણ એવું રહ્યું. યોગીજી મહારાજ ગોંડલનું ખેંચે. બીજા આનો વિરોધ કરે. આમાં મારે ટકવું મુશ્કેલ. પણ મારો નિશ્ચય એ કે 'ભલે મને કોઈ સારા-નરસા કે નમાલા કહે, તો ભલે કહે, પણ યોગીજી મહારાજ રાજી થાય તેમ કરવું.'

મને મારા માટે જેમ-તેમ બોલનારનો અભાવ થયો નથી. ભલે કહે. એક વસ્તુ હંમેશા ખ્યાલમાં કે 'યોગીજી મહારાજને રાજી કરવા છે.' મહત્તા વધારવા માટે કંઈ નહીં. તે વખતે જ્ઞાનની બાબતમાંય મુશ્કેલીઓ હતી. તે વખતે શાસ્ત્રીજી મહારાજની દયા કે 'મારો વિચાર યોગીજી મહારાજથી જુદો પડ્યો નહીં.' ઘણા અણસમજણથી કહેતા કે 'જોગી મહારાજને એક મૂર્તિનું જ્ઞાન છે.' મને કોઈ દિવસ આવો વિચાર આવ્યો નથી. શાસ્ત્રીજી મહારાજનું વચન કે 'યોગીજી મહારાજને રાજી કરવા.' તેથી મને બીજો વિચાર આવ્યો નથી. એકતા રહી, કારણ કે આપણી બુદ્ધિમાં ફેરફાર ન થયો. જો થયો હોત તો મારું ઠેકાણું ન રહેત. સ્વામીએ સાચવ્યો તેથી ટકાયું. આ સેવા કરવાની હશે! અત્યારે રોજ વિચાર રહે છે કે 'મહારાજ-સ્વામીને રાજી કરવા.'

આપણે કલ્યાણ માટે આવ્યા છીએ. કાર્ય તો કરવું છે, પણ ન થાય તો મનદુઃખ થાય. તે ન થવું જોઈએ. તન તૂટી જાય તો પણ પાછું ન પડવું. કરી છૂટવું. લોકોને જે બોલવું હોય તે બોલે. હંમેશ માટે કાર્ય કરવું. બધાને રાજી કરવા, પણ મુખ્ય ધ્યેય 'એક રાજી તો બધા રાજી.' આપણો મમત્વ મૂકી એમનો મમત્વ રાખી કાર્ય કરવું. કોઈ કહે કે 'મને કોઈ સમજી શકતા નથી.' પણ દુનિયામાં કોઈ કોઈને સમજતું નથી. એક મોટાપુરુષ સૌને સમજે છે. માટે સેવાની માંડવાળ ન કરવી. બીજી ક્રિયામાં જોડે તો જોડાવું.

આપણે તો સેવા કરવા જન્મ્યા છીએ. ફાવે - ન ફાવે તે વિચાર ઓછો કરવો. આપણે સંસ્થાના, શાસ્ત્રીજી મહારાજના બંધનમાં સો ટકા છીએ. તે બંધનમાં રહી કાર્ય કરવું. આ બંધનમાંથી મોક્ષ છે. મનધાર્યું કરીએ તેમાં શરીરને કારસો આવ્યો, પણ મનને ન આવ્યો. લોકમાં સારું દેખાય, પણ આધ્યાત્મિક દૃષ્ટિએ 'ઝીરો'. ઊંચા વિચારોથી કંઈ બનતું નથી, પણ વર્તવું જોઈએ. આ ત્યાગવલ્લભ સ્વામી બોલતા નથી, છતાં કામ કરે છે. મહંત સ્વામીને બોલવાનું ઓછું, પણ કાર્ય કરે. ડૉક્ટર સ્વામી, કોઠારી સ્વામી કેવા સુંદર છે! ઈશ્વર સ્વામીનો સ્વભાવ પણ એવો કે દરેક કેમ રાજી થાય! બાલમુકુંદ સ્વામીને આફ્રિકા જવાનું હતું, પણ યોગીબાપાએ નાના અક્ષર સ્વામીની સેવામાં જોડ્યા તો આફ્રિકા જવાનું છોડી દીધું.

આપણી પાસે આ આદર્શમૂર્તિઓ બેઠી છે. આપણે બોલીએ-ચાલીએ, પણ આ બોલ્યા વગર કામ કરે છે. આપણા કરતાં સારું, સુંદર, અનંતગણું કામ કરે છે. કોઈ ગમે તેમ કહે પણ તેમની સ્થિતિમાંથી ડગે નહીં. આપણે પહેલાનું ન જોયું હોય તો આ બધા તો આપણી સામે હયાત છે. 'હું એકલો કરું છું' તેમ મારે પણ નથી. મારે પણ આપ બધાના આશીર્વાદ ને રાજીપાથી જ કામ થાય છે.''

શબ્દે-શબ્દે અદ્‌ભુત જીવનભાવના નીતારતા આ આશીર્વાદ પૂરા થયા ત્યારે સૌનાં હૈયાં ગાઈ રહ્યાં :

'આજ અમૃતની હેલી થઈ, રહી નહીં કાંઈ ખોટ...'

આજ્ઞા એ જ સાક્ષાત્કાર

શિબિરના સમાપન બાદ પણ અમદાવાદમાં જ રોકાયેલા સ્વામીશ્રી અત્રે રોજ સવારે-રાત્રે કથા-વાર્તાનો અલૌકિક લાભ આપતા. તેથી મંદિર આખો દિવસ ભરચક રહેતું. પગના દુઃખાવાને કારણે પધરામણીઓ બંધ હતી. છતાં સ્વામીશ્રી બપોરે અને રાત્રે ભક્તોના ઘેર ઠાકોરજી જમાડવા જતા ત્યારે સભા-મુલાકાતોનો લાભ આપી સૌને સંતોષ પમાડી દેતા.

આ ક્રમમાં તેઓ તા. ૨૧/૬ના રોજ 'એસ્યા ગ્રૂપ ઑફ મૅનેજમૅન્ટ'ના લક્ષ્મીનિવાસમાં એક નૂતન ઔદ્યોગિક આરંભનું ઉદ્‌ઘાટન કરવા પધાર્યા. તેમાં વિધિ કરાવનારા ભૂદેવ બોલ્યા કે 'હવે સ્વામીબાપાને આગળ રાખી ગૃહપ્રવેશ કરો.'

આ સાંભળી અટકી ગયેલા સ્વામીશ્રીએ કહ્યું : 'ઠાકોરજીને આગળ રાખી... એમ બોલો.'

તે મુજબ ઠાકોરજીને આગળ રાખી તેઓ સંકુલના સર્વ ખૂણે પુષ્પો વેરી મંદિરે આવી પહોંચ્યા.

અહીં અમદાવાદના તમામ બાળ સંચાલકોની સભા રાખવામાં આવેલી. તેમાં નિર્ધારિત વક્તવ્યો બાદ સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા કે 'આ કાર્યમાં મોટાપુરુષને રાજી કરવાનો ભાવ હોય તો કંટાળો ન આવે. એમની આજ્ઞા એ જ સાક્ષાત્કાર, એ જ મોટું જ્ઞાન. પોતાના બાળકોને જેમ મમતાથી ઉછેરો છો તેમ મોટાપુરુષની આજ્ઞાથી બાળમંડળ તૈયાર કરવું.'

બાળકો પારકાના નહીં, પરમાત્માના છે, તેમ માની-મનાવી સ્વામીશ્રીએ સંસ્થાની બાળપ્રવૃત્તિ વિકસાવી છે.

ભગવાન ધારે તેમ સત્સંગ કરાવે

દ્વિશતાબ્દીમાં દીક્ષા લીધેલા અમુક સંતો-પાર્ષદો અમદાવાદમાં રહી વિવિધ અભ્યાસ કરી રહેલા. તે સૌને પ્રસંગોપાત્ત પ્રસાદ-પ્રવચનનો લાભ આપી સ્વામીશ્રી તેઓનું ઘડતર કરતા. બપોરે અને રાત્રે આરામમાં જતી વખતે તો નાની-મોટી ગોષ્ઠી અચૂક કરે.

તા. ૨૪/૬ની બપોરે આવા જ એક પ્રાસંગિક વાર્તાલાપમાં સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજની વર્તણૂક વર્ણવતાં કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજની પ્રકૃતિ એવી કે સત્સંગમાં કોઈ આડો-અવળો ચાલતો હોય તો તેનો નિષેધ જ કરી નાંખે. બધા બેઠા હોય ને તેનું ખંડન કરી દે. તેને પણ કહી દે. પોતાની વાતમાં કોઈ દિવસ તેનું પ્રતિપાદન થવા દે નહીં. કોઈ ગુરુ થવા પ્રયત્ન કરતો હોય અથવા મહિમાના મિષે સ્ત્રીલંપટ થતો હોય, તેવા કહેવાતા ગુરુ માટે શાસ્ત્રીજી મહારાજ ઉપેક્ષા રાખતા.'

શાસ્ત્રીજી મહારાજની શૂરવીરતાને આટલી અંજલિ આપી ગાંધીનગર પધારેલા સ્વામીશ્રીએ અહીં તા. ૨૬/૬ના રોજ યુવક મંડળની સ્થાપના કરી આશીર્વાદ પાઠવ્યા કે –

''આ ગુજરાતનું 'કૅપિટલ' છે. અહીંથી બધે સત્સંગ કરાવવાનો. જો 'કૅપિટલ'માં અંધારું તો બધે જ અંધારું. માટે બળ રાખવું. કઠલાલનાં ડોશીમાએ મહારાજને કહ્યું : 'આ ઘડામાં તમારો અંગૂઠો બોળો.'

મહારાજ કહે: 'તમે તેનું શું કરશો ?'

'હું મારા ગામના કૂવામાં નાંખીશ. જે પીશે તે સત્સંગી થશે.'

અને એવું જ થયું. આપણને એમ લાગે કે 'વાતો કરી-કરીને મરી જઈએ છીએ તોય સત્સંગ થતો નથી, તે પાણી પીવાથી કેવી રીતે થાય ?' બુદ્ધિ આવા વિચાર કરે પણ ભગવાન ધારે તેમ સત્સંગ કરાવે.'

આમ, યુવકોની ગળથૂથીમાં હિંમતનું હીર સીંચી સ્વામીશ્રી ગોંડલ, રાજકોટને પાવન કરતાં તા. ૩૦/૬ના રોજ ભાદરા પધાર્યા.

અહીં ઊંડ નદીના તટે વડ નીચે તથા ગુણાતીતાનંદ સ્વામી અને વશરામ ભક્તનાં પ્રાસાદિક ખેતરોમાં તૈયાર થયેલા ઓટા પર નૂતન ચરણારવિંદ પધરાવી તેઓએ શ્રીજીસ્મૃતિને વિશેષ અજવાળી.

મળ્યા હરિ મુખોમુખ

તા. ૧/૭ની સાંજે સ્વામીશ્રી ભાદરાથી સારંગપુર પધારતાં જ અહીં રહેતા સંતો-ભક્તોના મનમયૂર ટહુકી ઊઠ્યા. સ્વામીશ્રી પણ પોતાના આ પ્રિય સ્થાનમાં આવતાં *'જેમ કોઈ કરીને પ્રવાસ, પાછો આવે પોતાને નિવાસ...'*ની જેમ અતિ આનંદમાં હતા.

આ જ આનંદ-ઉલ્લાસમાં તા. ૩/૭ના રોજ રથયાત્રાનો ઉત્સવ મંદિરના ઘુંમટમાં ધામધૂમથી ઊજવાયો. અહીં સ્વયંસંચાલિત રથ તથા પર્વત, ગુફા, ઘર વગેરેની અનુપમ શોભા રચીને સંતોએ રથયાત્રાને આબેહૂબ ખડી કરી દીધી. સ્વામીશ્રીએ રથારૂઢ ઠાકોરજીની આરતી ઉતારી. ગવૈયાઓએ ઉત્સવાનુરૂપ ભજનો ગાઈ મહારાજને રથવિહાર કરાવ્યો. જાંબુ તથા પલાળેલા મગ-ચણાનો પ્રસાદ વહેંચાયો.

આ ઉત્સવ બાદ સાયંકાળે સ્મૃતિમંદિરે પધારેલા સ્વામીશ્રી પ્રદક્ષિણા ફરીને મંદિરના નૈઋત્ય ખૂણામાં ખુરશી પર બિરાજ્યા. તે વખતે સંતોએ અંતરમાં ઊછળી રહેલો ભાવ કીર્તનગાન દ્વારા વહેતો કર્યો કે *'ભાગ્ય જાગ્યાં રે આજ જાણવાં...'* સ્વામીશ્રી પણ શબ્દો અનુસાર લટકાં કરી સુખની લહાણ કરવા લાગ્યા. તેમાં જ પંક્તિ ગવાઈ કે *'મળ્યા હરિ મુખોમુખ...'*

ત્યારે હર્ષદભાઈએ પૂછ્યું: 'બાપા ! 'મળ્યા હરિ મુખોમુખ એટલે શું ?' – આ પ્રશ્ન યોગીજી મહારાજને પૂછેલો તો તેમણે પોતાના સ્વરૂપની વાત કરેલી. પણ હવે શું સમજવું ?'

'એ શબ્દો કાયમ માટે કહ્યા છે.' સ્વામીશ્રી બોલ્યા. પછી ઉમેર્યું: 'મહારાજ એકાંતિક સંત દ્વારા પ્રગટ છે. મળ્યા એ સહજાનંદ સ્વામી છે. અહીં એની એ વસ્તુ છે. તેમના દ્વારા કલ્યાણ થયું છે તેમ સમજાય તો સમજ્યા કહેવાય. તેના ગુણ આપણામાં આવે તો મળ્યા કહેવાય. આવા શબ્દોનો વિચાર નિરંતર કરવો. એક-બે દિવસ નહીં.'

સ્વામીશ્રી આમ જ્યાં શબ્દોનાં રહસ્ય ખોલી રહેલા ત્યાં જ એકસાથે ઘણા મોરલા ગહેંકી ઊઠ્યા. તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : 'પ્રગટ ભગવાનની વાત થઈ તો પંખીઓ પણ ખુશ થયાં ને મોરલાએ પણ પ્રગટ ભગવાનની વાતને ટેકો પુરાવ્યો.'

સ્વામીશ્રીની મધુર અને મજકૂરયુક્ત વાતોથી સકળ સૃષ્ટિ આનંદ પામતી.

મારા મનનું ધાર્યું ન થાય

સ્વામીશ્રીના સાંનિધ્યમાં સારંગપુરના મંદિરનો સભામંડપ હંમેશા ગાજતો જ રહેતો. વહેલી સવારે પ્રાતઃપૂજાથી માંડી રાત્રિસભા સુધી અહીં થતા રહેતા કથા-કીર્તનના પડકારાના ક્રમમાં તા. ૩/૭ની રાત્રે 'ભક્તચિંતામણિ'ની કથા સમાપ્ત થઈ.

તે પછી સ્વામીશ્રી તેઓના ઉતારાની બહાર આવેલા લીંબડા નીચે હિંડોળા પર બિરાજમાન થયા. અહીં સંતો-પાર્ષદોથી વીંટળાયેલા તેઓ *'જેમ ઉડુગણમાં શશી છાજે...'*ની જેમ શોભી રહેલા. તે વખતે ઘનશ્યામચરણદાસ સ્વામીએ કહ્યું : 'બાપા! જળઝીલણીનો સમૈયો આપ અહીં કરો.'

પ્રતિવર્ષ આ ઉત્સવ સારંગપુરમાં જ ઊજવતા સ્વામીશ્રીના કાર્યક્રમમાં આ વખતે ફેરફાર થયેલો. તેથી તેઓ સમક્ષ આમ વિનંતી આવી પડી.

પરંતુ તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'અમારો કાર્યક્રમ સંતોએ ગોઠવેલો છે, તે પ્રમાણે મુંબઈ જવાનું છે.'

'તમે તો સંસ્થાના પ્રમુખ. લાખોના ગુરુ. તમે તો કહી શકો કે દર વર્ષની જેમ આ વર્ષે પણ મારે જળઝીલણીનો સમૈયો સારંગપુરમાં કરવો છે.'

સંતોએ આમ રમૂજમાં વાત કરી ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું: 'મારા મનનું ધાર્યું ન થાય. સાધુને બધાની સાથે રહેવું પડે. જુદું ન પડાય.'

તેઓના આ શબ્દોમાં વેધક સરળતા હતી. સાચે જ, સ્વામીશ્રી જેવા વિનયભારે નમ્રનત નેતા મળવા દુર્લભ!

ભક્તિ-ભાષ્યોનું ભણતર

તા. ૪/૭ની સાંજે નવદીક્ષિતોના તાલીમ વર્ગમાં પધારેલા સ્વામીશ્રી પાસેથી પાર્ષદોએ વિવિધ પ્રશ્નો પૂછી માર્ગદર્શન મેળવ્યું. તેમાં છેલ્લે સ્વામીશ્રીને જે કીર્તન પ્રિય હોય તે ગાઈ સંભળાવવાની વિનંતી થઈ ત્યારે તેઓએ *'જોઈ મૂર્તિ મનોહર તારી...'* પદ ગાવવું શરૂ કર્યું. તેઓના મંજુલ સ્વરે ગવાતું આ ભજન સૌ ન કેવળ સાંભળી રહ્યા, પણ અનુભવી રહ્યા, કારણ કે મહારાજમાં એકતાર થઈને કીર્તન લલકારતી સ્વામીશ્રીની એ મનોહર-મૂર્તિમાં સૌનાં નેણાં લોભાઈ ગયાં.

જો કે, કેવળ વર્ગખંડમાં જ નહીં, પરંતુ સ્વામીશ્રી જ્યાં જતા ત્યાં આ જ સ્થિતિ બની રહેતી અને ફક્ત સંતોની જ નહીં, પણ સૌની આ દશા થઈ રહેતી.

તેથી જ તા. ૭/૭ની સવારે સ્વામીશ્રી જ્યારે મંદિરમાં ઠાકોરજીની શણગાર આરતી ઉતારી રહેલા ત્યારે પણ *'નેણાં લોભાણાં'*ની દશામાં વર્તતા કેટલાક પાર્ષદો સ્વામીશ્રીનાં દર્શન કરી રહેલા. પરંતુ તે જોઈ સ્વામીશ્રીએ ટકોર કરી કે 'અહીં ઠાકોરજીનાં દર્શન કરો.'

પ્રેમમાં વિવેકની માત્રા ભેળવવાનું તેઓ કદી ન ચૂકતા.

આ જ દિવસે ભોજન કરવા બિરાજેલા સ્વામીશ્રી માટે એક સંત પાપડ લઈ આવ્યા. તેઓની સ્થિતિ પણ *'સ્નેહમાંયે ન સૂઝે કાંયે...'*ની જ હતી. પરંતુ તેઓ જેવો એ પાપડ ભોજનપાત્રમાં મૂકવા ગયા ત્યાં જ સ્વામીશ્રીએ પૂછ્યું: 'ઠાકોરજીને ધરાવ્યો?'

આ સાંભળતાં જ તે સંત ખચકાયા, કારણ કે આ મર્યાદા ચુકાઈ ગયેલી.

તા. ૮/૭ની સવારે પણ પ્રાતઃપૂજા બાદ ઠાકોરજી થાળ આરોગવા ઉતારે પધાર્યા તે જ વખતે એક બાળક તેના નાનકડા હાથમાં આરતી ઝાલી સ્વામીશ્રી સામે આવી ઊભો રહ્યો. પરંતુ તે જ્યાં આરતીનો પહેલો આંટો મારવા જાય ત્યાં જ સ્વામીશ્રીએ તેને અટકાવી, તેનું મુખ સભામંડપની મૂર્તિ સામું ફેરવી દીધું. તેની પાસે ઠાકોરજીની આરતી ઉતરાવી, પણ પોતાની તો ન જ કરવા દીધી.

*'ભક્તિ વિના જેણે પળ ન રે'વાય...'*ની રહેણી હતી સ્વામીશ્રીની! તેથી જ તેઓનો સહવાસ એટલે જાણે ભક્તિ-ભાષ્યોનું ભણતર.

મંડી પડે તો બધું થાય

આ વખતના સારંગપુરના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ સંતો-પાર્ષદો પર દર્શન, વાતો, પ્રસાદી અને મળવું – સત્પુરુષનાં આ ચાર સુખનો ચંદરવો રચી દીધેલો. ઊઠતાં-બેસતાં, સૂતાં-જાગતાં, ચાલતાં-જમતાં, સભામાં-વર્ગમાં – એમ દરેક ક્રિયામાં તેઓ અનવરત અમૃતધારા વહાવતા રહ્યા.

ભજનની જેમ ભોજનમાં પણ સૌને ધરવી નાંખ્યા. અહીં સારંગપુરમાં રહેતા સંતો-પાર્ષદો અને સાધકો મહિનાના પાંચ નિર્જળા ઉપવાસ ખટકો રાખીને કરે. તદુપરાંત, મિષ્ટાન્ન ન જમવું, એકટાણાં કરવાં, ભાવતી વાનગીનો ત્યાગ રાખવો – જેવા તપ સંબંધી નિયમ પણ રાખે. તેઓના આવા તપસ્વી જીવનથી રીઝેલા સ્વામીશ્રીએ આ વખતે *'લિયે ન લિયે દિયે પરાણે, હરિ પીરસે હાથડે...'*ની મહારાજની પ્રકૃતિ મુજબ કેરીનો રસ પીરસી સૌનાં પત્તર છલકાવી દીધાં, તો સાટા-જલેબી જેવી વાનગીઓમાં દરેકના પત્તર ભરી, ઉપર શિખર જેવું રચી, સ્મિત-સ્મૃતિની ધજાઓ ફરકાવી દીધી.

'અક્ષરકુંડ'માં પણ સૌ સાથે તરણલીલા આદરી સ્વામીશ્રીએ પ્રત્યેકને સ્મૃતિજળમાં ભીંજવ્યા. એક-એક સંત-પાર્ષદને પોતાના ઓરડામાં વ્યક્તિગત મળી આધ્યાત્મિક ઉન્નતિ માટે ભરપૂર પાથેય ભરી આપ્યાં. તેઓના આવા સાંનિધ્યમાં તલવારની તીખી ધાર જેવો ત્યાગાશ્રમ ફૂલસુંવાળી સેજ સમો બની રહેતો.

લાભની લહાણના આ સમયમાં જ સ્વામીશ્રી તા. ૧૩/૭ની સાંજે સભા-પધરામણી અંગે બોટાદ પધાર્યા. ત્યાંથી પાછા વળતાં એક પુરાણી વાત કરતાં તેઓએ કહ્યું: 'એક વાર અમે મોટર લઈને અહીં ઝાંપે પેટ્રોલ પુરાવવા આવ્યા. પેટ્રોલ પુરાવી દીધું. પછી પૈસા આપવાનું થયું ત્યારે કોઈની પાસે પૈસા ન મળે. પછી શાંતિલાલ મારફતિયાના નામે ચિઠ્ઠી લખી આપીને નીકળેલા.'

સ્મૃતિની આ સડકે સારંગપુર પધારેલા સ્વામીશ્રીએ અત્રે તા. ૧૪/૭ની બપોરે વચનામૃત(ગ.પ્ર. ૨૦)ના આધારે જ્ઞાનામૃત પીરસતાં કહ્યું:

'પોતાનું સ્વરૂપ જે બ્રહ્મ એટલે સત્પુરુષ. તે સ્વરૂપને જોવાની અહીં વાત છે. બાકી પોતાના સ્વરૂપમાં તો અંધારું છે. પોતાનું સ્વરૂપ મેલું-ઘેલું હોય, પણ જેમ સારું પાણી આવે તો બધું ધોવાઈ જાય, તેમ સત્પુરુષને જોતો જાય તેમ પ્રકાશ થતો જાય. ભલે હાડ-માંસનું શરીર દેખાય, પણ તેમાં જ

જોવાનું છે. જે છે તે બધું તેમાં છે. જેને સત્સંગ થયો એટલે કે જેને સત્પુરુષ ઓળખાણા તેને પોતાનું સ્વરૂપ પોતાના હાથમાં જ છે. સ્વરૂપ જોવા આદર કરવો, એટલે તેમની આજ્ઞા પાળવી. 'મારાથી કંઈ નહીં થાય' એમ માની બેસી રહે તેનાથી કંઈ કાર્ય ન થાય. શ્રીજીપુરાની જમીન પહેલાં ઝાડીવાળી હતી, પણ ખેડ કરી તો અત્યારે સારો પાક પાકે તેવી થઈ ગઈ. આપણે આપણા સામું નહીં, પણ જે મળ્યા છે તે સામું જોવું. ચંદ્ર ઉપર જવાનું ધાર્યું તો જઈ આવ્યા. માટે મંડી પડે તો બધું થાય. આ તો છતે ધણીએ રાંડી બેઠા.'

સ્વામીશ્રીની આજની વાતો *'મળશે બળ નિર્બળને... હાર્યાને હિંમત આવશે'*ના કુળની હતી. તે સાંભળનારા સૌ થનગની ઊઠ્યા.

...આવતો નથી વળી અંત

સારંગપુરને સતત પંદર દિવસ સુધી બ્રહ્મરસમાં તરબોળ કરી, તા. ૧૫/૭ના રોજ નડિયાદ જવા નીકળેલા સ્વામીશ્રી, રસ્તામાં અચારડા અને લીંબડીને લાભ આપી આગળ વધ્યા ત્યારે સંધ્યા ઢળી ચૂકેલી. તેથી આગલી બેઠક પર બિરાજેલા તેઓએ સહેજ પાછા ફરીને પાછળ બેઠેલા સંતોને પૂછ્યું: 'ગોડી આવડે છે?'

કેવો વિવેક! સીધું 'ગાઓ' એમ આજ્ઞા નહીં, કારણ કે જો ગોડીનાં પદોનો મુખપાઠ ન થયો હોય તો 'ના' કહેતાં સંકોચ થાય, દુઃખ લાગે. તેથી સ્વામીશ્રીએ પૂછ્યું: 'ગોડી આવડે છે?'

સંતોના જવાબમાં હકાર આવ્યો એટલે સ્વામીશ્રી બોલ્યા: 'આરતી, ગોડી, ચેષ્ટા ગમે ત્યાં જઈએ તો પણ સમયસર બોલી જ લેવા. મહારાજની આજ્ઞા છે. પહેલાં તો સંતો કીર્તન મોઢે ગાતા. ચોપડીની જરૂર જ ન પડે!'

આટલું કહેતાં તેઓએ જ જૂની હલકે, માપસરની લયે અને સુકોમળ સ્વરે ગોડી ગાવવી શરૂ કરી. અનંત પ્રવૃત્તિની વચ્ચે ભગવદ્‌ભક્તિનું આવું અનુસંધાન જોઈ આશ્ચર્યવત્ બનેલા સહપ્રવાસીઓ સ્વામીશ્રીને નિહાળી જ રહ્યા!

પચીસેક મિનિટે આરતી-અષ્ટકનું આહ્‌નિક સમાપ્ત થયું ત્યારે ગાડીની 'હેડ લાઇટ' ચાલુ કરી દેવી પડે એવું અંધારું જામી ચૂકેલું. પરંતુ તે બત્તીનો કોઈ અર્થ ન સરે તે હદે મુશળધાર વરસાદ પણ વરસી રહેલો. કાચ પર જલધારાઓ એવી વીંઝાતી હતી કે રસ્તો જ ન સૂઝે. તેથી ગોકળગાયની

ગતિએ એમ્બેસેડર ગાડી આગળ ધપી રહેલી, પણ વૃષ્ટિ એટલી પ્રચંડ હતી કે પેટ્રોલથી દોડતી આ મોટરના પાવર પોઈન્ટ(ડિલ્કો)માં પાણી ઘૂસી જતાં ગાડી ઠપ થઈ ગઈ.

તોય ગાડીચાલક જાણકાર. તેણે ડેલ્કોને રૂમાલથી સાફ કરતાં ગાડીમાં પ્રાણનો સંચાર થયો. ડચકાં ખાતી-ખાતી તે ચાલવા લાગી. પરંતુ એક રેલવે ફાટકનો ઢાળ ચડવામાં તો તેણે નાદારી જ નોંધાવી દીધી.

તે જોઈ પાછળ બેઠેલા ત્રણેય સંતો ઠાકોરજીને સ્વામીશ્રીના ખોળામાં આપી ધક્કા મારવા નીચે ઊતર્યા. ગાડીચાલક પણ સ્ટિયરિંગ વડે ગાડી રસ્તા પર રાખતાં ભેગેભેગા ધક્કા મારવા લાગ્યો. છતાં મોટરે મચક ન આપતાં સ્વામીશ્રીએ ધક્કા લગાવવા નીચે ઊતરવાની તૈયારી દાખવી.

પરંતુ રાત્રિનો અંધકાર, વીંઝાતો વાયરો અને વરસતા વરસાદના ત્રિભેટે સ્વામીશ્રીને આ પરિશ્રમ લેવાની સૌએ 'ના' કહી. તોયે તેઓ ઊતર્યા. લગભગ એકાદ કિલોમીટર સુધી આમ ધક્કાગાડી ચાલતી રહી. છેવટે વરસાદનું જોર વધતાં સૌએ સ્વામીશ્રીને ગાડીમાં બેસાડી દીધા.

દૈવયોગે થોડેક જ આગળ જતાં ગૅરેજ આવ્યું. તેમાં મરામત માટે ગાડી ઊભી રાખી. સ્વામીશ્રી ગૅરેજમાં પડેલી ઓઇલ-ડીઝલના ડાઘાડૂઘીવાળી ગંદી-ગોબરી ખુરશી પર બિરાજ્યા. ગૅરેજવાળો ગરબડની તપાસ કરી રહેલો ત્યાં જ સ્વામીશ્રી બોલ્યાઃ 'ભ'ઈ! આમાં પાણી આવી ગયેલું છે એટલી જ તકલીફ છે. તેને પૅક કરી દે, તેથી વાંધો ન આવે.'

અંતે પ્લાસ્ટિક વડે ડેલ્કોને પૅક કરી ગાડીએ નડિયાદ ભણી પ્રયાણ આરંભ્યું. છતાં વરસાદને કારણે ગતિમર્યાદા તો રહી જ. તેથી રાત્રે સાડા અગિયાર વાગ્યે શહેરની સીમા આવી, પણ અહીં જે ઘેર જવાનું હતું તેની દિશા અંધારું અને વરસાદને કારણે કોઈને સૂઝતી નહોતી.

તે વખતે સ્વામીશ્રી વહારે આવ્યા. તેઓ રસ્તો બતાવતા ગયા અને ગાડી દોડતી રહી. અંતે ઉતારાનું સ્થળ આવી ગયું ત્યારે સહપ્રવાસીઓનાં મન પુનઃ ચકરાવે ચડી ગયાં કે 'સ્વામીશ્રીનાં કેવાં સ્નેહ અને સ્મૃતિ! હજારો હરિભક્તોમાં કોનું ઘર ક્યાં તેને અંધારી મેઘલી રાતે પણ શોધી કાઢ્યું!!'

ઉતારેથી ભોજનના સ્થળે પહોંચેલા સ્વામીશ્રી ઠાકોરજીને થાળ થયા બાદ જમવા બિરાજ્યા ત્યારે સમય થયેલો રાત્રિના ૧૧:૫૫! છતાં તે વખતે પણ તેઓ અત્યંત હળવા હતા. બાજુમાં બેઠેલા સંતોને પોતાનું ભાણું ભરેલી

થાળીમાંથી પીરસતા જાય, સાથે રમૂજ પણ કરતા જાય અને વળી કહેતા જાય : 'પાંચ જ મિનિટ છે. જલદી જલદી જમી લો. બાર વાગી જશે પછી નહીં જમાય. માટે ઝડપ કરો.'

આ રીતે ગતિ અને ગમ્મત સાથે સ્વામીશ્રીએ ભોજન આટોપ્યું ત્યારે ફરી એક વાર સૌ *'ટેક નેક ન તજવી...'*ની તેઓની રીત જોઈ ચકિત થઈ ગયા. તેઓના ભીડાભર્યા વિચરણના ચક્ર નીચે રાત્રે બાર વાગ્યા પછી ન જમવાની નાની-શી આજ્ઞા પણ ચગદાઈ મૂઈ નહોતી.

ભોજન પૂરું કરી સ્વામીશ્રી જમનાદાસ અમીનના બંગલે ઉતારે પહોંચ્યા ત્યારે સારંગપુરથી અહીં સુધીનું અંતર કાપવામાં કુલ પોણા નવ કલાક વીતી ગયેલા. રસ્તામાં પડેલો મુશ્કેલીઓનો માર નફામાં. છતાં પલંગ પર બેસતાં જ સ્વામીશ્રી બોલ્યા : 'હરે ! ચેષ્ટા ગાઓ.'

રાત્રે સવા બાર વાગ્યે સ્વામીશ્રીના મુખે આ શબ્દો સાંભળતાં વધુ એક વાર સૌનું મન પોકારી ઊઠ્યું : *'ગુણ તમારા ગણતાં, આવતો નથી વળી અંત...'*

છેલ્લા નવ કલાકની જ સ્વામીશ્રીની ગુણગરિમા વિચારવામાં પણ સહપ્રવાસીઓને રાત્રિનો પન્નો ટૂંકો પડતો લાગ્યો.

તનને રાખ્યું છે તપમાં

નડિયાદથી પીપલગ, પીપલાતાને પાવન કરતાં બોચાસણ પહોંચેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં, તા. ૧૬/૭ના રોજ ગુરુપૂનમનો સમૈયો ધામધૂમથી ઊજવાયો. તેમાં ઊમટેલા કચ્છથી કલકત્તા સુધીના સત્સંગથી સભાખંડની ભીંતો ભીંસાઈ રહી. સ્વામીશ્રીના કૃપાશિષ પામી સૌ ધન્ય થયા. સભા બાદ પૂજનવિધિ પણ ઘણો લાંબો ચાલતાં સ્વામીશ્રી નવા રસોડામાં જમીને પરવાર્યા ત્યારે બપોરના સાડા ત્રણ વાગ્યા !

આ અરસામાં ચાતુર્માસ ચાલુ થઈ ગયો હોવાથી તેઓએ પણ એકટાણાં કરવાનું વ્રત લીધેલું. શારીરિક તકલીફો વધતાં તેઓ દર વર્ષે પોતાના વતી કો'ક ને કો'ક સંતને ધારણાં-પારણાંનું વ્રત આપતા. તોય સ્વયં એકટાણાં કરવાનો આગ્રહ તો સેવતા જ. તે મુજબ આ વર્ષે આરંભેલું આ વ્રત ન કરવા તેઓને સંતોએ ઘણું સમજાવેલા; પરંતુ સદા સરળ સ્વામીશ્રી આવી બાબતોમાં ખૂબ મક્કમ રહેતા. તે વખતે સૌ ન છૂટકે વડીલ સંતોને કહી તેઓનું વ્રત-તપ હળવું કરાવતા.

આ રીત અનુસાર અહીં બોચાસણમાં ત્યાગવલ્લભદાસ સ્વામીએ સ્વામીશ્રીને એકટાણાં છોડવા વિનંતી કરતાં તેઓને નમતું જોખવું પડ્યું, પણ તે સમયની તેઓની મુખરેખાઓ *'તનને રાખ્યું છે તપમાં...'* રૂપે તેઓની ઓળખ આપતી રહી.

દિવસે-દિવસે માનવીમાત્રમાં જે શિથિલ થતું જણાય તે સ્વામીશ્રીમાં ચડતી કળાનું દેખાતું.

અદ્‌ભુત... અદ્‌ભુત...

બોચાસણમાં ગુરુપૂનમ બાદ વિવિધ ભક્તો તરફથી ગોઠવાયેલા પારાયણને કારણે અહીં જ રોકાયેલા સ્વામીશ્રી કથા-વાર્તાનો અલભ્ય લાભ આપતા. સાથે હિંડાળાનો 'ઓચ્છવ' શરૂ થયો હોવાથી નિત નવા હિંડોળાની શોભા નીરખવા પણ ભક્તમેદની મોટી સંખ્યામાં ઊમટતી. સ્વામીશ્રીના આશીર્વાદ લેવા પ્રદેશના નામાંકિત આગેવાનોની આવન-જાવનેય ઘણી રહેતી.

તે ક્રમમાં તા. ૨૫/૭ના રોજ બોચાસણના સેવાશ્રમ વિદ્યાલયની હૉસ્પિટલના હાડવૈદ પુરુષોત્તમદાસ આવ્યા. આ ચુસ્ત અને સક્રિય ગાંધીવાદી સ્વામીશ્રી પાસે આવતાંવેંત મુગ્ધભાવમાં કહેવા લાગ્યા :

'હરિપુરામાં ભરાયેલા કૉંગ્રેસના અધિવેશન વખતે હું સ્વયંસેવકોનો કમાન્ડર હતો. ત્યાં ઘણી વ્યવસ્થા હતી. પરંતુ હું બે-ત્રણ દિવસ 'સ્વામિનારાયણ નગર'માં આવ્યો અને ત્યાં બધે ફરી-ફરીને જોયું ત્યારે આભો જ બની ગયો. અતિ ઉત્તમ વ્યવસ્થા મેં ત્યાં જોઈ. કોઈ જગ્યાએ કોઈ પણ પ્રકારની ઊણપ નહીં. સ્વયંસેવકો વિનયી. પુસ્તકોના સ્ટૉકના હિસાબ એક જણ આવી વ્યવસ્થિત તપાસી જાય. આપણે કંઈ સૂચન કરીએ ને સારું હોય તો તરત અપનાવી લે. કાગળનો ટુકડો ક્યાંય દેખાય નહીં. અદ્‌ભુત... અદ્‌ભુત...'

ગાંધીચીંધ્યા માર્ગે ચાલેલા પણ સ્વામીચીંધ્યા માર્ગમાં કંઈક વિશેષતા અનુભવતા. સાચે જ, સ્વામીશ્રીએ સીંચેલાં શિસ્ત-સદાચાર મૂઠી ઊંચેરાં હતાં.

સર્વકર્મ-સમર્પણની સોનેરી શીખ

તા. ૨૬/૭ના રોજ બોચાસણથી વિદાય લઈ સ્વામીશ્રી ધર્મજ, બોરસદ, બોદાલ, નાવલી, ગાનાને પાવન કરતાં વિદ્યાનગર પધાર્યા.

અહીં તા. ૨૮/૭ના રોજ ભારતના પૂર્વ નાણામંત્રી શ્રી એચ. એમ.

પટેલે તેઓ સમક્ષ મહોત્સવની પ્રશંસા કરતાં કહ્યું: 'દ્વિશતાબ્દીમાં પુસ્તક પ્રકાશન સારું થયું. તમને લેખકો સારા મળી ગયા.'

'મહારાજે મેળવી આપ્યા.' ક્ષણનાય વિલંબ વિના સ્વામીશ્રી બોલી ઊઠ્યા. શ્રીજીમહારાજ વિષેનો કર્તાભાવ તો તેઓના જીવનમાં શ્વાસોચ્છ્વાસની જેમ જ ધબકતો.

આ જ સૂર તેઓએ તા. ૨૯/૭ના રોજ છાત્રાલયમાં યોજાયેલી સરદાર પટેલ યુનિવર્સિટીના પ્રાધ્યાપકો-પ્રાચાર્યોની સભામાં પણ રેલાવ્યો કે –

''જે કંઈ થાય છે તે ભગવાન જ કરે છે. શરીરમાં તાકાત આપનાર ભગવાન છે. વાણીથી તે બોલાવે તો બોલાય છે. આપણા વાણીચાતુર્યથી કંઈ થતું નથી. મનથી જે કંઈ સારું સૂઝે તે પ્રેરણા અને સંકલ્પો એમની ઇચ્છાથી જ થાય છે. આપણે માથે બોજો લઈએ એટલે ભાર લાગે. 'હું'નું અસ્તિત્વ છે ત્યાં સુધી વજન લાગવાનું છે. માટે કોઈ વાતના કર્તા થવું નહીં. ભગવાનનું જ છે અને ભગવાન કરાવે છે. આજે આ ભાવના ચાલી ગઈ ને ક્રિયાઓ રહી ગઈ. લોકમાં સારું દેખાય એટલે ક્રિયાકાંડ કરે.

એક રાજા હતો. તે દરબારગઢમાં રોજ કથા વંચાવે, પણ વંચાવવા ખાતર. કથામાં નિયમિત બેસે નહીં. કો'ક દા'ડો ચટક આવે તો બેસે. એક દિવસ તે આમ કથામાં બેઠો હતો ને તેમાં પરીક્ષિતનો સાત દિવસમાં મોક્ષ થયો તેની વાત આવી. તેને થયું: 'અરે! હું વર્ષોથી કથા સાંભળું છું પણ મારો મોક્ષ તો થયો નહીં. હું તો વિટંબણામાં જ છું.'

તેણે કથાકારને અટકાવી કહ્યું: 'મહારાજ! ઊભા રહો. પરીક્ષિતનો સાત દિવસમાં મોક્ષ થયો અને મારો આટલાં વર્ષે ન થયો તે શાથી? ઉત્તર આપો. નહીંતર કાલથી વર્ષાસન બંધ!'

મહારાજ તો આ સાંભળી ગભરાઈ ગયા. રાજા, વાજાં ને વાંદરા ત્રણે સરખાં. આપેય ખરાં ને કોઈ વાર આપેલું પાછુંય લઈ લે! ઘરબાર પણ લઈ લે!

એટલે મહારાજ તો ઉદાસ થઈ ઘેર ગયા. બાપુજીનું ઉદાસ મુખ જોઈ દીકરો પૂછે છે કે 'બાપુજી! કેમ ઉદાસ છો?' ગોર મહારાજે માંડીને વાત કરી. દીકરો કહે: 'એમાં મૂંઝાઓ છો શા માટે? તમે સવારે પોથી ખોલી કથા શરૂ કરજો. રાજા પૂછે તો કહેજો કે મારો દીકરો ઉત્તર કરશે.'

આ મહારાજ કહે: 'દીકરા! આ તો રાજા પાસે વાત કરવાની છે. કોઈ ગામડિયાને સમજાવવાનો નથી.'

દીકરો કહે : 'બાપુજી ! તમે ગભરાશો નહીં. હું બધું બરોબર કરી દઈશ.'

બીજે દિવસે રાજપુરોહિતે કથા શરૂ કરી. રાજા કહે : 'પહેલાં મારો ઉત્તર આપો.'

મહારાજ કહે : 'આ દીકરો આપશે.'

રાજાએ કહ્યું : 'ચાલશે.'

દીકરાએ કહ્યું : 'હું ઉત્તર તો કરું પણ મને પાંચેક મિનિટ રાજાની સત્તા આપો. ઉત્તર કરું ત્યાં સુધી સત્તા આપો. બધાએ, તમારે પણ હું કહું તેમ કરવાનું.'

રાજાએ પાંચ મિનિટ માટે સત્તા આપી. બ્રાહ્મણના દીકરાએ તરત જ પોલીસોને કહ્યું : 'રાજા અને મારા બાપને આ બે થાંભલે સામસામા બાંધી દો.'

સિપાઈઓએ બંનેને તરત બાંધી દીધા. દીકરાએ તેના બાપાને કહ્યું : 'તમે રાજાને છોડો.' અને રાજાને કહ્યું : 'તમે મારા બાપાને છોડો.' પણ બંને બંધાયેલા; કોણ કોને છોડે ?

પછી સિપાઈઓને કહ્યું : 'હવે બંનેને છોડી દો.'

પછી રાજાને કહ્યું : 'ઉત્તર થઈ ગયો !'

રાજાએ કહ્યું : 'કેવી રીતે ?'

દીકરાએ કહ્યું : 'હમણાં તમે બંને બંધાયેલા હતા. એટલે કોઈ કોઈને છોડી શક્યા નહીં. તેમ મારો બાપ માયામાં બંધાયેલો છે. તેને તમારા પગારની જ પડી છે. ભગવાનની પડી નથી. તેને તત્ત્વજ્ઞાન શું, તે ખબર નથી. તે આજીવિકા માટે કથા કરે છે. તમે પણ કીર્તિ માટે કથા કરાવો છો. માટે આમાં મોક્ષ થાય તેવું નથી. પરીક્ષિતની સામે તો શુકદેવજી સાચા પુરુષ હતા. તેમને માયા-જગત હતું જ નહીં અને પરીક્ષિતને પણ અપૂર્વ શ્રદ્ધા હતી. માટે સાત દિવસમાં મોક્ષ થયો. માટે જે જે પ્રવૃત્તિ કરીએ તેનું ફળ પરમાત્માને સમર્પણ કરવું તો પૂર્ણ પ્રાપ્તિ થાય.''

આમ, એક સુંદર સૂચક દૃષ્ટાંત દ્વારા સ્વામીશ્રીએ 'करोमि यद् यत् सकलं परस्मै नारायणायेति समर्पयामि'નો સિદ્ધાંત સૌનાં મનમાં રોપી દીધો. તેથી નગરની પ્રબુદ્ધ જનતા અત્યંત પ્રસન્ન થઈ.

અવ્યવસ્થામાં પણ સુવ્યવસ્થા

આ અરસામાં સંસ્થાના દૃશ્ય-શ્રાવ્ય વિભાગ દ્વારા તૈયાર થયેલી 'ભગવાન સ્વામિનારાયણ' ફિલ્મનો પ્રિમિયર શો આણંદના ગોપી થિયેટરમાં

યોજાયો હતો. મર્યાદા મુજબ તે નિહાળી સ્વામીશ્રી સરદાર પટેલ યુનિવર્સિટીની રસાયણ-વિજ્ઞાન શાખાના સભાગૃહમાં ધર્મલાભ આપી પુનઃ છાત્રાલયમાં આવી પહોંચ્યા.

અહીં એક મીટિંગ દરમ્યાન કો'કે અસંતોષનો સૂર કાઢ્યો કે 'આપણે સંપ્રદાય સર્વોપરી, મહારાજ સર્વોપરી અને મહારાજ તમારામાં બિરાજે છે, તો પછી આપણું બધું કેમ જેમ-તેમ ચાલે છે? આમાં તો એમ થાય છે કે આપણે કંઈ માથાકૂટ કરવી નહીં. જે થાય છે તે તમારી મરજીથી થાય છે. માટે આપણે જોયા કરવું. થતાં થતાં જે થયું તે ખરું માનવું.'

આ હૈયાવરાળમાં, એક કોહવાયેલા છોડના વાંકે આખા ખેતરને ભાંડવા જેવી અવિચારી પ્રતિક્રિયા હતી. તેને ઠારતાં-વારતાં સ્વામીશ્રીએ કહ્યું:

'એમ નહીં. આપણે પ્રયત્ન તો કરવો જ. બધામાં ભાગ લેવો. ઉદાસી-ભાવ કે ઉપેક્ષાનો ભાવ ન રાખવો. આ જ ભક્તિ છે. આપણામાં જે અવ્યવસ્થા કે ગરબડ દેખાય છે તેનું કારણ એ કે આપણા સ્વભાવો ટાળવાના છે. આ બધું ચાલ્યા જ કરશે, પણ ઉદાસ થઈ નિવૃત્તિ પકડી લેવી નહીં. આપણે ત્યાં પ્રગતિ, પ્રસાર વગેરે બધું જ થઈ રહ્યું છે. નથી થતી એવું નથી.'

અવ્યવસ્થા પણ આપણા સ્વભાવ ટાળવાની સુવ્યવસ્થા છે, તે ગુણાતીત રીતને ગુણાતીત વિના કોણ સમજાવી શકે? વ્યક્તિની શક્તિને બહાર લાવવા યોજાતી વિઘ્નદોડમાં સીધા-સપાટ રસ્તા પર સામેથી વિઘ્નો મૂકવામાં આવે છે. એ જ રીતે સર્વસમર્થ ગુણાતીત સત્પુરુષ પણ અવ્યવસ્થા સર્જે છે. આ મર્મ તો એના માલમી જ જાણે ને!

અનોખો પરોપકાર

તા. ૩૧/૭ની સવારે ૬:૫૬ થી ૭:૫૬ વાગ્યા સુધી છાત્રાલયની હરિયાળીમાં સૂર્યગ્રહણનો સમૈયો ઊજવી, સ્વામીશ્રી બાકરોલ થઈને આણંદમાં મહર્ષિ દયાનંદ ચિકિત્સાલયનું ભૂમિપૂજન કરવા પહોંચ્યા. અહીંથી વડોદરા, અંકલેશ્વરને પાવન કરતાં તેઓ રાત્રે સુરત પધાર્યા.

અત્રે તા. ૧/૮થી તેઓએ સનાતન ધર્મ હૉલમાં 'સત્સંગિજીવન'ના સપ્તાહનો શુભારંભ કર્યો.

આ પારાયણની સાથે સ્વામીશ્રીએ બીજી શરૂઆત કરી – એકટાણાંની. બોચાસણમાં ત્યાગવલ્લભદાસ સ્વામીની વિનંતી સ્વીકારીને તેઓએ ચરોતરના

રોકાણ પૂરતાં એકટાણાં મુલત્વી રાખેલાં, પણ તાપી તટે આવતાં જ તેઓએ તપના પાટે જીવનની ગાડી ચડાવી દીધી.

પરંતુ ફરાળમાં સવાર-સાંજની વાનગીઓ તેલપ્રચુર હોય, જે પિત્તાશયની બીમારીની પરેજી પાળતા સ્વામીશ્રીને બિલકુલ અનુકૂળ આવે તેમ નહોતું. એ કારણ ધરીને સૌએ એકટાણાં ન કરવાનું સૂચન તેઓ સમક્ષ મૂક્યું. જો કે, તપઃપ્રિય સ્વામીશ્રીએ તે પ્રસ્તાવ વધાવ્યો નહીં.

નદીનું પૂર આવતાં ઘાસ નમી જાય, પણ તે પૂર પસાર થતાં પુનઃ ખડું થઈ જાય; તેમ વડીલ સંતોની વિનંતી થતાં તપ-વ્રત બાબતે ઝૂકી જતા સ્વામીશ્રી, પછીથી આમ હિસાબ સરભર કરી દેતા. કોઈ પણ પ્રકારના આડંબર કે અહંકાર વિનાની તેઓની તપસ્વી જીવનશૈલી સૌનાં નમન-વંદન મેળવી લે તેવી હતી.

તે મુજબ આજની સવારે સ્વામીશ્રી ફરાળ કરીને બિરાજ્યા ત્યારે તેઓ પાસે એક યુવાન આવી ચડ્યો. તેનાં રૂંવે-રૂંવે સ્વામીશ્રી પ્રત્યે આભારની લાગણી ફૂટી રહેલી. પથરીના પ્રકોપથી પીડાતો તે આ પૂર્વે જ્યારે સ્વામીશ્રીને મળવા આવેલો ત્યારે સ્વામીશ્રીએ તેને આશીર્વાદ અને ઠાકોરજીનું પ્રાસાદિક જળ આપેલાં. આ દવા-દુવાથી તેના શરીરમાં રહેલી ૧૦૪ પથરીઓનો સરળતાથી નિકાલ થઈ ગયેલો! કેટલીક તો લીંબોળી જેવી અને કેટલીક તો તેથીયે મોટી એ બધી પથરીઓ લઈને આવેલો તે યુવક આજે સ્વામીશ્રીનાં ચરણોમાં ઋણાભિવ્યક્તિ કરી ગયો.

સ્વયં પિત્તાશયની પથરીથી કષ્ટાતા સ્વામીશ્રીએ આ યુવાનના કિસ્સામાં પોતાના આશિષમાત્રથી ૧૦૪ પથરીઓનો ખુલાસો લાવી દીધેલો! પોતે પીડા વેઠતા રહી અન્યને સુખી કરતાં જવાનો તેઓનો આ પરોપકાર કેવો અનોખો! તાપ-ટાઢ વેઠતું ફૂલ બીજાને સુગંધિત કરતું ખીલી-ખરી જાય, તેમ સ્વામીશ્રી પણ બીજાને જ સુખી કરતાં જીવી ગયા!

બંનેનું અપમાન કરવા જેવું

સુરતમાં સ્વામીશ્રીએ પારાયણનો રંગ ખરેખરો જમાવતાં ઉત્તરોત્તર સંખ્યા-સેવામાં વધારો થતો જ રહ્યો. પારાયણની સાથે પધરામણીઓ પણ ધીમી ધારે ચાલતી રહી. જો કે, તેમાં છેલ્લા બે-ત્રણ દિવસમાં ખાસ્સો ઉછાળ આવી ગયો. ઢીંચણના 'વા'ની સારવાર લઈ રહેલા સ્વામીશ્રીએ તા. ૪/૮ના

સાયંકાળે તો દાદરાની ચઢ-ઊતરવાળી ૨૫ પધરામણીઓ એકસાથે કરી.

તા. ૬/૮ના પ્રાતઃકાળે પણ પધરામણીઓ એવી ચાલી કે સ્વામીશ્રી પારાયણના સત્રમાં આશીર્વાદ આપવા પણ પહોંચી ન શક્યા. આવી અનેકવિધ પ્રવૃત્તિમાં જ તેઓ 'મુક્તાનંદ ધ્યાન કેન્દ્ર', અક્ષરનિવાસી વજુભાઈ ટાંકની પુણ્યસ્મૃતિમાં રાષ્ટ્રીય કલા કેન્દ્ર દ્વારા બંધાનારા સ્મૃતિ હૉલની ભૂમિ, બેગમપુરા સત્સંગ મંડળ વગેરેમાં પણ લાભ આપવા પહોંચ્યા. આ જ રોકાણમાં તેઓએ તા. ૫/૮ની સવારે અડાજણના પુલ પાસે મોટા મંદિર માટે જગ્યા જોઈ.

આમ, એક સાથે અનેક કામ કાઢતા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૭/૮ના રોજ પારાયણની પૂર્ણાહુતિ આવી જતાં પ્રાતઃપૂજાથી જ ભારે ભીડ એકઠી થઈ ગઈ. સૌ એકતાર થઈ સ્વામીશ્રીની મૂર્તિનું સુખ ગટગટાવી રહેલા. તે વખતે યોગીજી મહારાજનું પદ લલકારતા હરિભક્તશ્રી લાપસીવાલા એક કડીમાં યોગીજી મહારાજના નામની જગ્યાએ સ્વામીશ્રીનું નામ ગોઠવવા લાગ્યા. તેમ કરવામાં તાલભંગ થતો હોવા છતાં તેઓ પ્રયત્ન છોડતા નહોતા.

તેથી સ્વામીશ્રીએ એ ગાયક સમક્ષ બે-ત્રણ વખત જોયું, પણ એ સાનમાં આ સત્સંગી ન સમજતાં તેઓએ ઉઘાડી વાત કરી કે 'લાપસીવાલા! લોચાલાપસી ન કરવું. યોગીજી મહારાજનું નામ છે તે જ રહેવા દેવું. તેમાં બીજું (પોતાનું નામ) ગોઠવીએ તે બંનેનું અપમાન કરવા જેવું છે.'

આ સ્પષ્ટ અને સીધી સમજણ દૃઢાવતા સ્વામીશ્રી બપોરે બાર વાગ્યે પારાયણની પૂર્ણાહુતિ કરી વલથાણ થઈ સાંકરી પહોંચ્યા. અહીં પણ વિવિધ ભક્તો દ્વારા યોજાયેલાં પારાયણોમાં ચાર દિવસ સુધી કથામૃત પીરસી, તેઓ રાયમ, ભામૈયા, બામણી, શિંગોદ, માંડવીને પાવન કરતાં તા. ૧૧/૮ની રાત્રે ભરૂચ પધાર્યા.

અત્રે દશા લાડ વણિક વાડીમાં ચાલી રહેલા ભાગવત પારાયણમાં છેલ્લા બે દિવસ ભાગવત-સાર સંભળાવી સ્વામીશ્રીએ તા. ૧૫/૮ની સવારે સૌને રક્ષાબંધનનો લાભ આપ્યો.

ઘર કરતાં મંદિર અધિક છે

ભરૂચથી વિદાય લેતાં પૂર્વે તા. ૧૫/૮ની સાંજે પટેલ સોસાયટીના મંદિરે પધારેલા સ્વામીશ્રીએ અહીં દર્શન બાદ ભક્તસમુદાયને સંબોધતાં કહ્યું :

'દરેકે રવિવારની સભામાં આવવું જ. આ દૂર પડે છે એમ માનવું નહીં. નોકરી કરવા માટે લોકો કર્મવશ અંકલેશ્વર-સુરત સુધી જાય છે. 'અહીં તો સભામાં બે-ચાર જણાં જ આવે છે. માટે શું આવવું ?' તેમ પણ ન માનવું. તમે ઘેર કુટુંબમાં બે-ચાર જણ જ હો છો. છતાં ઘેર બેસી રહેવામાં બધાને આનંદ આવે છે. ઘર કરતાં મંદિર અધિક છે એમ સમજી આવવું.'

સૌને આ સદ્‌બોધ આપી કંડારી પહોંચેલા સ્વામીશ્રીએ અત્રે એક ઘરનો નિર્દેશ કરી ગુરુસ્મૃતિનો ગુલાલ ઉડાડ્યો કે – 'આ પુરુષોત્તમદાસનું ઊંચા ઓટલાવાળું ઘર છે. શાસ્ત્રીજી મહારાજ પ્રથમ વાર અહીં આવેલા ત્યારે મથુરભાઈ વૈદ્ય આ ઘરમાં ભાડે રહેતા. શાસ્ત્રીજી મહારાજનું ડમણિયું આ ઊંચા ઓટલા આગળ આવ્યું ત્યારે મથુરભાઈનાં પત્નીએ છાબડીમાં છૂટા પૈસા ભરી રાખેલા. તે રૂપી પુષ્પોથી મથુરભાઈએ શાસ્ત્રીજી મહારાજનું સ્વાગત કર્યું હતું. ડમણિયામાં શાસ્ત્રીજી મહારાજ ઉપર પૈસા વેર્યા હતા. એવો પ્રેમ !'

ગુરુમાં ગરકાવ રહીને જ સ્વામીશ્રી એકેએક ગામે વિચરતા.

તપ-તબિયતની જુગલબંદી

કંડારીથી અટલાદરા પધારેલા સ્વામીશ્રીના અહીંના રોકાણના પ્રથમ દિવસે જ તા. ૧૬/૮ની સાંજે સંતોએ તેઓને આગ્રહપૂર્વક એકટાણાં અળસાવીને ખીચડી જમાડી, કારણ કે દાક્તરે સ્વામીશ્રીને તળેલું ખાવાની 'ના' કહેલી અને ફરાળમાં વિશેષતઃ તૈલી વાનગીઓ જ જમવાની થતી. તેથી તબિયતનું જોખમ જોઈ સૌએ આ દિવસે તો ખીચડી જમાડ્યે જ પાર કરી.

પરંતુ ખીચડી આરોગ્યાના બીજા જ દિવસે સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય શિથિલ થઈ ગયું. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'વ્રત તૂટ્યું એટલે આત્મબળ ઘટી ગયું ને તબિયત બગડી !'

વ્રતભંગનો વસવસો તેઓ દ્વારા આમ વ્યક્ત થઈ રહ્યો. ૬૦મા વર્ષે પણ તપ-વ્રતનો અકલ્પ્ય ઉત્સાહ સ્વામીશ્રીના જીવનમાં જોવા મળતો.

પરંતુ તેઓની જોખમાયેલી તબિયત તા. ૧૮/૮ની સાંજે તો વધુ વણસી. આ સમયે સ્વામીશ્રી શૌચ-સ્નાન માટે ગયા ત્યાં જ શરીરમાં ટાઢ ચઢી જતાં વસ્ત્ર-પરિધાન બાદ તરત જ તેઓને સુવાડી દેવામાં આવ્યા. તે વખતે તાવની માત્રા ૧૦૪ ડિગ્રી સુધી પહોંચી ગઈ ! છ કલાક સુધી એકધારો તાવ રહ્યો. રાત્રે અગિયાર વાગ્યે કંઈક સુવાણ થયા જેવું લાગ્યું. તાવના આ

સમયગાળામાં જ સ્વામીશ્રી જી.ઈ.બી.ના તત્કાલીન મુખ્ય ઇજનેર આવતાં તેઓને શાંતિપૂર્વક મળ્યા.

દિવાળીબાનો અક્ષરવાસ

તા. ૧૮/૮ની રાત્રે પોણા બાર વાગ્યે અટલાદરા મંદિરમાં સ્વામીશ્રીના પૂર્વાશ્રમનાં માતુશ્રી દિવાળીબાના અક્ષરવાસની દુઃખદ ઘટના બની. ૯૫મા વર્ષે ધામમાં સિધાવેલા આ મુક્તાત્મા છેક છેલ્લા દિવસ સુધી કથામાં બેઠેલા તથા પ્રદક્ષિણાઓ ફરેલા. બે દિવસ પૂર્વે જ તેઓએ પારાયણ માટે ૫૦૧/- રૂપિયાની સેવા પણ લખાવેલી.

આમ, *'ભક્તિ કરતાં છૂટે મારો પ્રાણ...'* પંક્તિને યથાર્થ ઠેરવતાં, ધામગમન પામેલાં તેઓને અંજલિ આપતાં, મહિલા મંડળે આખી રાત ભજન કર્યું. બીજે દિવસે મોટી સંખ્યામાં એકત્રિત થયેલા હરિભક્તોએ દિવાળીબાના પાર્થિવ શરીરને મંદિરની પ્રદક્ષિણા ફેરવી ધૂન-ભજન કરતાં-કરતાં અંતિમ-વિધિ કર્યો.

આ નિમિત્તે તા. ૧૯/૮ની સવારે યોજાયેલી શ્રદ્ધાંજલિ સભામાં *'ગુણ આના હમેશા ગવાશે...'* જેવાં દિવાળીબાના જીવનને બિરદાવવામાં આવ્યું. તેઓની પુણ્યસ્મૃતિમાં તા. ૨૧/૮ના રોજ કથાપ્રસંગ પણ યોજાયો.

ભગવાનનું કાર્ય ન કરીએ તો 'ડિસમિસ'

સ્વામીશ્રીના સ્વાસ્થ્યમાં હવે ધીરે ધીરે સુધારો વર્તાઈ રહેલો, ત્યાં જ તા. ૨૩/૮ના રોજ આવેલી જન્માષ્ટમીએ નિર્જળા ઉપવાસની ભેટ ધરી. પરંતુ સ્વામીશ્રી હજી માંદગીમાંથી માંડ બેઠા થયેલા. તેથી તેઓને ફરાળ ગ્રહણ કરવા વિનંતી કરવામાં આવી, જેનો સ્વામીશ્રીએ સ્પષ્ટ ઇન્કાર કરી દીધો. આખો ઉપવાસ તેઓએ માત્ર બે વાર મોસંબીનો રસ અંગીકાર કરીને પાર પાડ્યો !

છતાં કથા-વાર્તા કરવામાં તેઓનો ઉત્સાહ અનન્ય જોવા મળ્યો. આજની સાંજે વડોદરા, પંચમહાલ અને ભરૂચ જિલ્લાના ૨૦૦ કાર્યકરોની સભામાં પધારેલા તેઓએ પ્રેરક બોધવચનો સંભળાવ્યાં કે –

'અતિ આદર્યું કામ અતોલ, પરલોક પામવા... સત્સંગ એ ભગવાનની નોકરી જ છે. પેલી નોકરીમાં પૈસા દેખાય પણ આમાં જે શ્રેય છે તે કરોડ રૂપિયા આપતાં ન મળે. નોકરી કે વ્યવહારમાં કાદવ-કીચડમાં જવું પડે છે.

તેમ સત્સંગ કરાવવા આજુબાજુનાં ગામડાંમાં જવું પડે. તેમાં જો કોઈ ન મળે તો નિરાશ ન થવું. આપણી સેવા થઈ જાય છે. તમે ત્યાં જાઓ અને બહુ માણસો ન આવે, પણ તમારી શ્રદ્ધા જોઈને બીજાને શ્રદ્ધા થશે. આપણે સામી છાતીએ જઈને કાર્ય કરવું પડે. વિઘ્ન કે વિરોધથી બીવાનું નથી.

આ વાત બહુ મહાન છે. પોતાનું અહં પોષવાની આ વાત નથી. નોકરીમાં આઠ-આઠ કલાક આપીએ છીએ. પણ આમાં એક કલાક આપવામાં કંટાળો આવે છે. 'થાય કે ન થાય, કોઈ 'ડિસમિસ'(બરતરફ) કરનાર નથી' એવી ભાવના ન રાખવી. ભગવાનનું કાર્ય ન કરીએ તો 'ડિસમિસ' જ છીએ. રોજ કલાક આના માટે આપવો જ. આપણે આ બધું બીજાના જીવમાં નાંખીને કાર્યકરો તૈયાર કરવા છે. આ ભગવાનની નોકરી છે, તેમાં વિચાર કરવાનો નથી. તમે ઘેર પૂછો છો કે 'હું નોકરીમાં જઉં?' માટે આ કાર્ય ઘેર જઈને ચાલુ જ કરી દેવું. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજે તો આજીવન સેવાનો ભેખ લીધેલો. તેમણે જે કર્યું છે તેનાથી કરોડમા ભાગનું કાર્ય કરીએ તોય ભગવાન અબજોગણું માની લે છે ! માટે એક કલાક આ માટે ભેખ લેવો. આ વિનંતી છે.'

સ્વામીશ્રીએ આજે જે અસ્ખલિત વાગ્ધારા વહાવી તે જોઈ કોઈ કલ્પના પણ ન કરી શક્યું કે છેલ્લા પાંચેક દિવસથી નરમ-ગરમ તબિયત ધરાવતા તેઓ આજે માત્ર પ્યાલો શરબત પીને બેઠા છે ! ભગવાનની નોકરી કરવાનું કેવું તાન !

પ્રસાદની સ્મૃતિ, સ્મૃતિનો પ્રસાદ

અટલાદરામાં જન્માષ્ટમી ઊજવી સ્વામીશ્રી બોચાસણ, આણંદ, વિદ્યાનગર, નડિયાદ, ગુતાલ, અમદાવાદને લાભ આપતાં તા. ૨૫/૮ની સવારે મુંબઈ પધાર્યા.

અહીં તા. ૮/૯ના રોજ મુકરર થયેલી પિત્તાશયની શસ્ત્રક્રિયા પૂર્વે, નાસિકના નિકટવર્તી દેવલાલીમાં સંતશિબિરનું આયોજન ગોઠવાયેલું. તે માટે તા. ૩૧/૮ની બપોરે સાડા બાર વાગ્યે સ્વામીશ્રી દાદરથી ઊપડતી 'નાગપુર એક્સપ્રેસ' દ્વારા શિબિર-સ્થળે જવા નીકળ્યા.

આ પ્રવાસમાં ટિકિટ તપાસવા આવેલા ચેકરને પ્રસાદ આપ્યા બાદ સહપ્રવાસીઓને પણ સ્મૃતિ-પ્રસાદ વહેંચતાં સ્વામીશ્રીએ કહ્યું :

''આપણે સાથે પ્રસાદ રાખવો. (સન) ૧૯૪૭માં અમે શાસ્ત્રીજી

મહારાજ સાથે કરાંચી ગયા હતા. ત્યાંથી પાછા વળતાં બિલાડાથી જયપુર જવાનું હતું. વચ્ચે પીપા રોડ સ્ટેશને ગાડી બદલવાની. તે માટે રાત્રે નવ વાગ્યે અમે પીપા રોડ પહોંચ્યા. સામે જયપુરવાળી ગાડી બારેક વાગે આવે, એટલે બેઠેલા. નિર્ગુણ સ્વામી બહાર ટી.ટી. સાથે વાતો કરે. શાસ્ત્રીજી મહારાજ ફર્સ્ટ ક્લાસના ડબ્બામાં બેઠેલા.

તે વખતે શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, નિર્ગુણ સ્વામી ફર્સ્ટમાં અને અમે બધા થર્ડ ક્લાસમાં બેસતા. આ સમયે નીલકંઠ(સ્વામી)ને ભૂખ લાગેલી, તેથી તે શાસ્ત્રીજી મહારાજના ડબ્બામાં ગયા. શાસ્ત્રીજી મહારાજ એકલા બેઠેલા. તેઓને આણે કહ્યું : 'ભૂખ લાગી છે.'

ત્યારે શાસ્ત્રીજી મહારાજ કહે : 'ઉપર નિર્ગુણ સ્વામીનો પ્રસાદનો ડબ્બો છે. તેમાંથી ખાવ.' તેથી નીલકંઠે ધીરે રહીને ડબ્બો ઉતાર્યો. પછી પ્લેટફૉર્મના એક ખૂણે લઈ ગયો. અમને બધાને ભેગા કર્યા. અમનેય ભૂખ લાગેલી. તેથી ડબ્બો ખાલી કર્યો. પછી નીલકંઠ જેમ હતો તેમ ગોઠવી આવ્યો.

નિર્ગુણ સ્વામી પછી ડબ્બામાં આવ્યા ને ટી.ટી.ને પ્રસાદ આપવા ડબ્બો ઉતાર્યો ત્યાં તો ખાલીખટ. તેથી એકદમ ખીજાયા કે 'કોણ ખાઈ ગયું ?'

ત્યારે શાસ્ત્રીજી મહારાજ શાંતિથી બોલ્યા : 'કોઈને ભૂખ લાગી હશે એટલે ખાધું હશે ! એમાં આકળા કેમ થઈ જાવ છો ?'

આ સાંભળી નિર્ગુણ સ્વામી પછી તો શાસ્ત્રીજી મહારાજ પર ગરમ થઈ ગયા કે 'હું જાણું છું કે તમારા જ કારસ્તાન છે. કોઈને ખવરાવી દીધા હશે !'

શાસ્ત્રીજી મહારાજ શાંતિથી જવાબ આપે ને નિર્ગુણ સ્વામી ખીજાય. એમ એ બંનેનું ચાલ્યું...''

સ્વામીશ્રીએ વહેંચેલા આ 'સ્મૃતિ-પ્રસાદ'ની મીઠપ સમગ્ર મુસાફરી દરમ્યાન સૌ મમળાવતા રહ્યા.

આજ્ઞા અને આત્મબુદ્ધિથી આગેકૂચ

ચાલતી ટ્રેનમાં જ થોડો વિશ્રામ લઈ સ્વામીશ્રી સાંજે ચાર વાગ્યે જાગ્યા ત્યારે ઈગતપુરી આવ્યું. અહીં ઠાકોરજીને પણ જગાડી ફળફળાદિનો મેવો ધરાવવામાં આવ્યો. ત્યારબાદ તે પ્રસાદ સ્વામીશ્રી સમક્ષ મુકાયો ત્યારે તેઓએ પ્રથમ પોતે ન આરોગતાં પ્લેટફૉર્મ પર ઊભેલા ગરીબ બાળકોને આપ્યો. 'બીજાના સુખમાં આપણું સુખ'ની તેઓની ભાવના આવા નાના-નાના

પ્રસંગોમાં પણ ઝળકી જતી.

સ્વામીશ્રીએ ગરીબોની આંતરડી ઠારી ત્યાં જ ઊપડેલી ટ્રેન સાંજે સાડા સાત વાગ્યે ૧,૮૬૦ ફૂટ ઊંચાઈએ આવેલા દેવલાલી સ્ટેશને જઈને ઊભી રહી.

અત્રે લામ રોડ પર ઊભેલા હરિભાઈ તથા ભાસ્કરભાઈના બંગલે પચાસેક સંતોની ઉપસ્થિતિમાં રાત્રે નવ વાગ્યે શિબિરનો વિધિવત્ પ્રારંભ થઈ ગયો.

તેના દ્વિતીય દિન તા. ૧/૯ની સવારે સ્વામીશ્રીએ નાસિકમાં આવેલા સિંહસ્થ કુંભના તીર્થ રામકુંડે જઈ ઠાકોરજી અને સંતો સહિત સ્નાન કર્યું. અહીંથી ત્ર્યંબકના કુશાવર્ત કુંડમાં પણ ઠાકોરજીને સ્નાન કરાવી તેઓએ ત્ર્યંબકેશ્વરના મંદિરમાં પોણા કલાક સુધી બિરાજી વિધિસર પૂજન કર્યું.

ત્યારબાદ રાત્રે સાડા આઠ વાગ્યે પુનઃ દેવલાલી આવી પહોંચેલા સ્વામીશ્રીને શિબિરમાં યોજાયેલી પ્રશ્નોત્તરી અંતર્ગત પૂછવામાં આવ્યું કે 'ઘણાં વરસો સત્સંગમાં રહીએ ને આધ્યાત્મિક પ્રગતિ દેખાતી ન હોય તેનું કારણ શું ?'

આ પ્રશ્નનો સચોટ ખુલાસો કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'મોટાપુરુષની આજ્ઞામાં વર્તીએ છીએ તે આધ્યાત્મિક પ્રગતિ જ છે. વરતાલના ૧૧મા વચનામૃત પ્રમાણે સત્પુરુષને વિષે આત્મબુદ્ધિ વર્તે છે એટલે પ્રગતિ થાય જ છે. દેખાય નહીં છતાં પ્રગતિ છે જ. પણ સત્સંગમાં દીન-આધીન રહેવાય એટલે પોતામાં દોષો દેખાય.'

સ્વામીશ્રીના ઉત્તરમાં હૂંફ, હિંમત અને હકીકતની ત્રિવેણી ઘૂઘવી રહી.

પ્રભુ વિના બીજું ન ભજે ભૂલ્યે

શિબિર દરમ્યાન સ્વામીશ્રી દેવલાલીના ઉદ્યાનમાં ઉષઃકાળના શાંત, નૈસર્ગિક વાતાવરણમાં પ્રાતઃપૂજા કરતા. તે વખતે મંત્રગાન સમો પંખીઓનો મીઠો કલરવ, ઊગતા સૂર્યની લાલિમાથી આકાશના આંગણે રેલાતી રંગોળીઓ, વાયુદેવના વીંઝણાથી હલતાં પર્ણોમાંથી ઊઠતું સંગીત, પ્રાતઃકાળનાં પ્રફુલ્લિત પુષ્પોની પાંખડીઓમાંથી ફોરમતી સુગંધ વગેરે સાજ લઈને વનશ્રી ઠાકોરજી અને સ્વામીશ્રીને પોંખવા-પૂજવા આવી જતી.

તા. ૨/૯ની સવારે આવી જ એક આહ્લાદક પૂજા બાદ સ્વામીશ્રી નાસિકના સ્વામિનારાયણ મંદિર, શાસ્ત્રીજી મહારાજે જ્યાં પારાયણ કરેલું તે

પંચવટીનું પ્રાસાદિક મકાન, મુક્તિધામ વગેરેનાં દર્શન કરી, તા. ૩/૯ની બપોરે ત્રણ વાગ્યે નાસિક રોડ સ્ટેશને પહોંચ્યા.[૬૩]

પરંતુ મુંબઈ જતી કાશી એક્સપ્રેસ અડધો કલાક મોડી હતી અને પ્લેટફૉર્મ પર બાંકડા ખાલી ન હોવાથી સ્વામીશ્રી બિસ્ત્રા પર બિરાજ્યા. તે વખતે પૂર્વવિચરણ સંભારતાં તેઓ બોલ્યા: 'પહેલાં આમ જ મુસાફરી કરતા. શાસ્ત્રીજી મહારાજ પણ પ્લેટફૉર્મ પર બાંકડે બેસતા. બાંકડા ખાલી ન હોય તો પોતાના બિસ્ત્રા પર બેસતા.'

જીવનની પળેપળ ગુરુસ્મૃતિ સાથે જ વિતાવતા સ્વામીશ્રી ટ્રેન દ્વારા રાત્રે દાદર પહોંચી પાર્લામાં રાત્રિરોકાણ માટે પધાર્યા. અત્રે બે દિવસના રોકાણ દરમ્યાન તેઓ વિષ્ણુપ્રસાદ દેસાઈ ભવન તથા ભાઈદાસ હૉલમાં કથા-કીર્તનનો લાભ આપી તા. ૬/૯ની રવિસભા માટે દાદર મંદિરે આવી પહોંચ્યા. અહીંથી તા. ૭/૯ની સાંજે સાંજે વિદાય લઈ તેઓએ દક્ષિણ મુંબઈમાં આવેલી ખંભાલા હિલ હૉસ્પિટલને પાવન કરી.

અત્રે ૨૦૫ ક્રમાંકિત ઓરડામાં તેઓનો નિવાસ અને તા. ૮/૯ની સવારે સાડા સાત વાગ્યે પિત્તાશયની શસ્ત્રક્રિયા નિર્ધારિત કરવામાં આવેલાં.

સ્વામીશ્રીને નિવાસ સંબંધી તો કશું કહેવાનું નહોતું, પણ ઑપરેશનના સમયને તેઓએ દસ વાગ્યાનો રાખવાનું સૂચન કર્યું; જેથી પ્રાતઃકાળના નિત્યક્રમ માટે ઠાકોરજીને વહેલા જગાડવા ન પડે અને ઠાકોરજી અલ્પાહાર આરોગી લે ત્યારબાદ તેઓને પોતાની સાથે જ ઑપરેશન થિયેટરમાં પણ લઈ જઈ શકાય!

સૌ જ્યારે સ્વામીશ્રીની ચિંતા કરી રહેલા ત્યારે તેઓ ઠાકોરજીની ચિંતા કરી રહેલા. *'પ્રભુ વિના બીજું ન ભજે ભૂલ્યે, તે સાચા સંત સુજાણ...'*ની તેઓની ઓળખ શસ્ત્રક્રિયાના સ્ટ્રેચર પર પણ અકબંધ રહેતી.

બ્રહ્મરૂપ હોય હરિ ભજે

સન ૧૯૭૮માં પરદેશથી પરત પધાર્યા બાદ સ્વામીશ્રી ચાર-છ મહિના

---

૬૩. સ્વામીશ્રીએ કરેલી નાસિક-ત્ર્યંબકેશ્વરની આ યાત્રા તથા દેવલાલીનો ધર્મલાભ માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

સુધી બીમાર રહેલા. આ દીર્ઘ માંદગીના કારણરૂપ પિત્તાશયની પથરી અંગે સન ૧૯૮૦માં અમેરિકાના નિષ્ણાત તબીબની સલાહ એવી રહેલી કે 'શસ્ત્રક્રિયા દ્વારા પિત્તાશયનો નિકાલ કરી દેવો.' પરંતુ તે સમયે સ્વામીશ્રીને સન ૧૯૮૧ની ક્ષિતિજ પર દ્વિશતાબ્દી મહોત્સવ દેખાઈ રહેલો. તેથી તેઓએ શસ્ત્રક્રિયા ઠેલેલી. આ સમૈયો પૂરો થતાં ડૉક્ટરોએ સ્વામીશ્રીના શરીરને તપાસતાં ખબર પડેલી કે 'પિત્તાશય કામ કરતું નથી. તેથી શરીર સ્વસ્થ છે ત્યાં સુધી ઑપરેશન કરી દેવું સારું.'

આટલી પાર્શ્વભૂમિકાના આધારે તા. ૮/૯ના રોજ હૉસ્પિટલ, તબીબો અને કર્મચારીઓ સ્વામીશ્રીના પિત્તાશયની શસ્ત્રક્રિયા માટે સજ્જ થઈ ચૂક્યાં. સ્વામીશ્રીના શ્રીવિગ્રહ પર પ્રથમ જ વાર આવી શસ્ત્રક્રિયા થતી હોવાથી દેશ-પરદેશનાં તમામ કેન્દ્રોમાં સંતો-સત્સંગીઓની પ્રાર્થનાનો દોર પણ અવિરામ ચાલવા લાગ્યો.

બરાબર ૧૦:૧૬ વાગ્યે ડૉ. અમૃત પટેલ દ્વારા સ્વામીશ્રીના ઉદર પર સાતેક ઈંચનો કાપો મુકાયો. બે કલાક ઉપર બાર મિનિટ સુધી ચાલેલી આ શસ્ત્રક્રિયા ૧૨:૨૮ વાગ્યે પૂર્ણ થઈ, ત્યારે સ્વામીશ્રીનું પિત્તાશય તેમાં રહેલી મોટી સોપારીના કદ જેવી કકરી પથરી સાથે બ્રહ્મનો સંગ ગુમાવી ચૂક્યું. પરંતુ આ ઑપરેશન પૂર્વે અને પછી સ્વામીશ્રીની બ્રાહ્મીસ્થિતિ યથાવત્ જળવાઈ રહી.

શસ્ત્રક્રિયા બાદ તેઓના શરીરમાં અલગ-અલગ કાર્યવાહી માટે ચાર નળીઓ લગાવવામાં આવેલી. તેથી કષ્ટ તો પડતું જ હોય ! છતાં કોઈ પૂછે કે 'દુઃખે છે ?'

તો સ્વામીશ્રી તરત કહે : 'ના, બધું બરાબર છે.'

ઑપરેશન પછી કળથી ઊંચો કરી ઓઠીંગણ દઈ શકાય એવા 'ફાઉલર્સ બેડ' પર આરામ કરી રહેલા તેઓએ પોતાની નજર સમક્ષ ઠાકોરજી રહે એ રીતે મૂર્તિને મેજ પર રખાવેલી. તેને નીરખતાં-નીરખતાં સ્વામીશ્રી જમણા હાથે અવિરત માળા ફેરવ્યે રાખતા. શસ્ત્રક્રિયા પછીના એક-બે દિવસમાં તો તેઓએ શ્રીજીમહારાજનું જીવનચરિત્ર વંચાવવું પણ શરૂ કરાવી દીધું.

તા. ૧૦/૯ના રોજ આવેલો જળઝીલણી એકાદશીનો સમૈયો પ્રતિવર્ષની જેમ અરબી સમુદ્રને કાંઠે પાલવા બંદરે ઉજવાવાનો હતો. તેથી સ્વામીશ્રીએ ઠાકોરજીને ત્યાં લઈ જવાની આજ્ઞા ડૉક્ટર સ્વામીને કરી. આમ, સૂતાં-સૂતાં પણ વ્રતનાં વિધિ-વિધાન જાળવવાનો ખટકો તેઓને રહ્યો.

ઉત્સવ ઊજવીને સંતો હૉસ્પિટલે આવ્યા ત્યારે તેઓની સાથે દાદર મંદિરમાં નિવસતા જબરેશ્વર મહારાજ પણ હતા. તેઓનાં દર્શન કરતાં જ સ્વામીશ્રીની આંખોમાંથી પ્રેમાશ્રુ સરી પડ્યાં! ભગવાનની સાથે 'સમૈયે કેટલા હરિભક્તો આવ્યા હતા?' એમ પૂછી હરિભક્તોને પણ ભૂલ્યા નહીં.

તા. ૧૧/૯ના રોજ મહંત સ્વામી ખબર-અંતર પૂછવા આવ્યા ત્યારે તેઓને જોઈ રાજી થતાં સ્વામીશ્રી બોલ્યા: 'તમે હાથ ફેરવો તો સારું થઈ જાય.' એ જ રીતે બાલમુકુંદ સ્વામી અને ડૉક્ટર સ્વામીને પણ કહ્યું.

આમ, ભક્ત અને ભગવાનમાં જ રમમાણ તેઓ દેહની વેદના કે વ્યવસ્થા સંબંધી તો હરફ સુધ્ધાં ઉચ્ચારતા નહીં. તે જોઈ સૌ સ્વામીશ્રીમાં *'બ્રહ્મરૂપ હોય હરિ ભજે, સો ગુરુદેવ ઉદાર...'*નું દર્શન કરી રહ્યા.

ભગવાન હતા તે ભગવાન આપ્યા

શસ્ત્રક્રિયા પછીના દિવસોમાં સ્વામીશ્રીને ચત્તા જ સૂઈ રહેવાની સૂચના હતી. તેમ સૂવામાં થાક લાગે ત્યારે તેઓને રાહત માટે એકાદ ઈંચ જેટલા આગળ-પાછળ કરવામાં આવતા. આ ઉપરાંત, અન્ય તાકીદની જરૂરિયાતો માટે સત્સંગી તબીબો ઉપસ્થિત રહેતા. આ સમય દરમ્યાન દાદર મંદિરથી છ-છની સંખ્યામાં સંતો દર્શન કરવા આવી જતા. હૉસ્પિટલની મર્યાદાને કારણે હરિભક્તોને દર્શનની છૂટ નહોતી.

આ ક્રમમાં તા. ૧૭/૯ના રોજ આવેલા શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિપર્વે સ્વામીશ્રીના શરીર પરથી તમામ ટાંકા દૂર થયા. આ દિવસે તેઓ માટે પ્રસંગને અનુરૂપ ખીર પણ તૈયાર કરવામાં આવી. તે સ્વામીશ્રી સારંગપુરની સ્મૃતિ સાથે થોડી જમ્યા અને ડૉક્ટરોને પોતાના ઓરડામાં જ આ પ્રસાદ જમાડ્યો. સૂતાં-સૂતાંય તેઓ સંભાવના કરવામાં સદા સક્રિય રહેતા. એટલા જ કથા-વાર્તા કરવામાં પણ.

તેથી જ આજે રાત્રે સાડા નવ વાગ્યે વાતવાતમાં તબીબો સ્વામીશ્રીને પૂછી બેઠા કે 'શાસ્ત્રીજી મહારાજ કેવા હતા?' ત્યારે સ્વામીશ્રીના હૈયે ધરબાયેલી ગુરુભક્તિ રોમરોમમાંથી ફૂટી નીકળી. તેઓએ સૂતાં-સૂતાં સતત સવા બે કલાક સુધી શાસ્ત્રીજી મહારાજના મહિમાની વાતો સંભળાવી!

છેલ્લે સમાપન કરતાં બોલ્યા: 'શાસ્ત્રીજી મહારાજને આત્મબળ બહુ. ધાર્યું કામ કરે જ. ગમે તેવાં વિઘ્નો હોય પણ પાછા ન પડે. ઉપાધિમાં મંદિરો

કર્યાં. તેમણે આરામ કર્યો નથી. તેઓ કહેતા, 'આરામ કરીશ પછી ઊઠીશ નહીં.' સારંગપુરમાં જ ધામમાં જવું છે તે પણ નક્કી કરેલું.'

આમ, સ્વામીશ્રીએ સૂતાં-સૂતાં સમૈયો કરી દીધો.

તે પછી તા. ૨૦/૯ના રોજ તેઓના સ્વાસ્થ્યની અંતિમ તપાસ તબીબો દ્વારા થઈ. તેમાં તબિયત ચિંતામુક્ત જણાતાં સ્વામીશ્રીને હૉસ્પિટલમાંથી વિદાય લેવાની મંજૂરી અપાઈ. પણ તેઓની આ વિદાયે અસ્પતાલમાં ગમગીની ફેલાવી દીધી, કારણ કે ચૌદ દિવસના આ રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ રુગ્ણાલયને દેવાલય જેવું કરી મૂકેલું. રોજ થતી આરતી, કથા, થાળ, વહેંચાતો પ્રસાદ, સંતોની અવર-જવર વગેરે દ્વારા હૉસ્પિટલની હવા જ બદલાઈ ગયેલી. કૈંક કર્મચારીઓ, તબીબોએ સ્વામીશ્રીનાં દર્શન પામી આહાર-વિવેકના નિયમો લીધેલા, વર્તમાન ધારેલાં. હૉસ્પિટલના માલિકે તો સ્વામીશ્રીના પ્રાસાદિક ઓરડામાં તેઓની છબી પણ મુકાવી દીધી.

આ રીતે સૌના પ્રિય બની, તેઓ આજની સાંજે દાદર મંદિરે રવિસભામાં જઈ પહોંચ્યા ત્યારે ત્યાં ઉપસ્થિત ભક્તોએ હર્ષોલ્લાસથી તેઓને વધાવ્યા. આ સમયે શસ્ત્રક્રિયા કરનારા ડૉક્ટર પણ સાથે જ આવેલા.

તેઓનું સન્માન કરી સ્વામીશ્રીએ અમૃતધારાથી સૌને ભીંજવતાં કહ્યું:

'શરીર છે એટલે શરીરની રીતે કામ થયા કરે. દેહે કરીને ભગવાન ભજાય એટલું દેહ કામનું. ભગવાનની કૃપા ને સંતો-ભક્તોની પ્રાર્થનાથી સારું થઈ ગયું. પોતાના અંગત સગાંનું ઑપરેશન દાક્તર પોતે ન કરે. આ દાકતર પણ સત્સંગી. તેથી મૂંઝવણમાં પડ્યા. પણ ઑપરેશન કેમ થયું તે ખબરેય ન પડી! જાણે સમાધિમાં જતા રહ્યા. દાક્તરને આશીર્વાદ કે તેઓ દુઃખિયાનાં દુઃખ દૂર કરે અને અંતે અક્ષરધામની પ્રાપ્તિ થાય. આપણે સાધુ-મહાત્મા તે શું આપીએ? ભગવાન હતા તે ભગવાન આપ્યા છે.'

લોક-સુખ તે લેખે નહીં

રવિસભા બાદ સૌને દર્શનદાન દેતાં દેતાં 'અક્ષર ભુવન'માં પધારેલા સ્વામીશ્રી માટે અહીં પાંચમા માળે નવો ઓરડો તૈયાર થયેલો. પરંતુ તેમાં પ્રથમ પગલું મૂકતાં જ તેઓએ કોઠારી સ્વામીને કહ્યું: 'આવો ઠઠારાવાળો ઓરડો કરવાની જરૂર નહોતી.'

હકીકતે ખંડમાં કોઈ ભભકો નહોતો, પરંતુ *'લોક-સુખ તે લેખે*

નહીં...'ની પ્રકૃતિ ધરાવતા સ્વામીશ્રીને પોતા સારુ થતી કંઈ પણ નવીન રચના ખટકતી.

તે સાથે નવા નિવાસમાં પ્રવેશેલા તેઓને હાલ કોઈ વિશેષ પ્રવૃત્તિ કરવાની ન હોવાથી તેઓ મોટા ભાગનો સમય કથાશ્રવણમાં વિતાવતા. ક્યારેક પત્રોનું શ્રવણ કરી ઉત્તરો લખાવતા. કેટલાક આવશ્યક પત્રો લખતા પણ ખરા. સંતો સાથે ગોષ્ઠીમાં હળવે-હળવે જ્ઞાનામૃત પીરસતા. રવિવારે સભામાં લાભ આપવા પધારતા. તેઓના આવા સાંનિધ્યમાત્રથી વાતાવરણ ચેતનવંતું જણાતું.

તેમાં વિશેષ ઉછાળો આવ્યો તા. ૨૭/૯ના રોજ. આ દિવસે યોજાયેલી રવિસભામાં જાહેરાત થઈ કે ''વિશ્વવિખ્યાત જ્ઞાનકોશ 'એનસાઇક્લોપીડિયા બ્રિટાનિકા'ની સન ૧૯૭૧ની આવૃત્તિમાં યોગીજી મહારાજે લંડનમાં મંદિર કર્યું તે વિગત ફોટા સહિત છપાઈ છે. આ છબીમાં યોગીજી મહારાજ લંડનના મંદિરમાં બેઠા છે અને બાજુમાં સ્વામીશ્રી છે.'' આ પ્રત સભાસદોને પણ દર્શાવવામાં આવી. સ્વામીશ્રીની આ વિશ્વકીર્તિને સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી.

તમારા માટે શું કરી નાંખીએ ?

તા. ૨૮/૯થી સ્વામીશ્રીએ સભાગૃહમાં પધારી સ્વયં પ્રાતઃપૂજા કરવાની શરૂઆત કરતાં સૌ રોમાંચિત થઈ ઊઠ્યા. થોડા દિવસો બાદ તેઓએ હરિભક્તોને મુલાકાત આપવાનું પણ શરૂ કરી દેતાં તા. ૪/૧૦ના રોજ ઘણા પ્રતિષ્ઠિત નાગરિકો મળવા આવી પહોંચ્યા.

તેમાંના એક વિદ્વાન શાસ્ત્રી વિમલશંકરજીએ આજની રવિસભામાં જણાવ્યું : 'ઘણાં બધાં શાસ્ત્રો લખ્યા પછી વ્યાસ નિરાશ થઈ બોલે છે કે 'હું હાથ ઊંચા કરી રુદન કરતાં કહું છું કે ધર્મથી અર્થ અને કામની પ્રાપ્તિ થાય છે. છતાં લોકો કેમ ધર્મને માર્ગે ચાલતા નથી ?' પણ પ્રમુખસ્વામી કોઈ દિવસ નિરાશ થયા નથી. તેઓ બારણે-બારણે વિચરે છે.'

સ્વામીશ્રીનાં દર્શન પામીને સૌ રોજ કંઈક ને કંઈક નવી અનુભૂતિઓ કરતા. આજે આ પંડિત પણ તેઓને મહાપુરુષોમાં મોખરે મૂકી રાજી થયા.

આ રવિસભા બાદ વાળુ-ચળું કરીને સંતો સાથે ગોષ્ઠીરત બનેલા સ્વામીશ્રીની હૃદયભાવના અચાનક ઊછળી આવી કે ''ભવિષ્યનો વિચાર ના

કરવો કે 'શું થશે ? કેવું થશે ?' અત્યારે સારું જીવવું તો ભવિષ્યમાં સારું જ થશે. તમે મારી સાથે છૂટથી બોલી શકો, વાત કરી શકો, તે માટે હરું છું, ફરું છું અને તમારી ભેગો ભળું છું. જો હું મારા મોભામાં વર્તું તો તમને સુખ ન આવે. તમને મુશ્કેલી પડે એવો સંકલ્પ કોઈ દિવસ કર્યો નથી ને થશે પણ નહીં. તમે આટલું બધું છોડી અહીં આવ્યા છો, ત્યાગી થયા છો. માટે અમને પણ એમ થાય છે કે તમારા માટે શું કરી નાંખીએ ? દેહ ઘસી નાંખીએ.'

આટલું બોલતાં તો ગળગળા બની ગયેલા સ્વામીશ્રીનો વાણીપ્રવાહ થંભી ગયો. તેઓની આ લાગણીએ સંતોને પણ ભીંજવી દીધા. *'સહી ન શકો રે સંકટ સંતનાં, પૂર્ણ હેતુ છો પ્રાણ આધાર...'* સમા સ્વામીશ્રીનાં ચરણોમાં સૌ ઢળી-ઢળી પડ્યા.

જેમ પડે એને પાધરું...

તા. ૬/૧૦ના રોજ સ્વામીશ્રી મુંબઈથી વિદાય લેવાના હોવાથી છેલ્લા દિવસની ભરચક પ્રવૃત્તિ તેઓની એકેએક ક્ષણનો કબજો જમાવીને બેસી ગઈ હતી. તેમાં વચ્ચે જ માણેકલાલ શેઠ બ્રિચકેન્ડી વિસ્તારમાં તેઓએ ખરીદેલા ફ્લેટ પર પધારવાનું આમંત્રણ આપી બેસતાં, સ્વામીશ્રી પોતાનાં બધાં કામકાજ એક કોરે હડસેલીને આ હરિભક્તને રાજી કરવા નીકળ્યા.

*'જેમ પડે એને પાધરું, એમ અખંડ કરે ઉપાય...'*ની તેઓની રીત. તેથી પોતાનાં કામ-ઊંઘ ઠેલીને સ્વામીશ્રી ભક્તોનાં ટાણાં સાચવતા.

આ રીતે તેઓએ કરેલી પધરામણીથી યજમાન તો ભાવવિભોર બની ગયા. એ જ અવસ્થામાં તેઓના હૈયેથી પ્રતીતિનો રણકાર ફૂટી નીકળ્યો : 'આજે મને યોગીજી મહારાજ યાદ આવી ગયા. તેઓ મારું આવું રાખતા. આપને વિષે મને આજે પૂર્ણભાવ થયો.'

પોતાની એક-એક ક્રિયાથી અનેકની સંશયગ્રંથિ ગાળતા સ્વામીશ્રી રાત્રે ૮:૪૦ વાગ્યે 'સૌરાષ્ટ્ર મેલ'માં બિરાજી ગોંડલ જવા નીકળ્યા ત્યારે આ મુસાફરી રાત્રિની હતી, પણ ભક્તો પ્રત્યેની કરુણાએ તેઓને સૂવા તો ન જ દીધા. રાત્રે પોણા બાર વાગ્યે વલસાડ સ્ટેશને આ જિલ્લાના ૫૦૦ ભક્તોનો સમૂહ સભાકારે પ્લેટફૉર્મ પર ગોઠવાઈ ગયેલો. સ્વામીશ્રીએ મધરાતે મધમીઠા આશીર્વાદ આપી તેઓને રાજી કર્યા.

ત્યારબાદ દોઢેક કલાકે સુરત આવ્યું. અહીં કોઈ હરિભક્ત સ્ટેશને

આવ્યા નહોતા, પણ સહપ્રવાસી ભક્તોમાંથી બે-ચાર ઊતરવાના હતા. તેઓએ રજા લેવા માટે સ્વામીશ્રીને ઉઠાડ્યા! સાડા ત્રણ વાગ્યે વડોદરા, સવા ચાર વાગ્યે આણંદ અને આશરે સાડા પાંચ વાગ્યે અમદાવાદનાં સ્ટેશનો આવ્યાં. સ્વામીશ્રી તે તે મથકે જાગ્રત થઈ સૌને દર્શન આપતા રહ્યા. ટ્રેનના દોડતાં પૈડે તેઓની ઊંઘ આખી રાત કચરાતી જ રહી.

આવી મુસાફરીમાં તા. ૭/૧૦ની સવારે સાત વાગ્યે આવેલા વિરમગામ સ્ટેશને ખાખરિયા અને વઢિયાર પ્રદેશના સેંકડો ભક્તો દર્શન માટે ઊમટેલા. તે સૌને આશીર્વાદ આપી સ્વામીશ્રી પ્લેટફૉર્મ પર એક હૉટલની ચોકડીમાં ન્હાયા! સંતોએ ટ્રેનમાં જ સ્નાન કરી લીધેલું અને પોતાની સાથે ઠાકોરજીને પણ નવડાવેલા.

પરંતુ આ જાણ સ્વામીશ્રીને થતાં તેઓ બોલ્યા: 'ઠાકોરજીને ટ્રેનના પાણીથી ન નવડાવાય.' આમ કહી તેઓએ એક સંતને પુનઃ ચોખ્ખા પાણીથી ઠાકોરજીને સ્નાન કરાવવાની આજ્ઞા આપી.

સેવા-શુદ્ધિનો આટલો પાઠ શીખવી વિરમગામ સ્ટેશને જ સ્નાન-પૂજાથી પરવારેલા સ્વામીશ્રી ટ્રેનમાં અલ્પાહાર કરવા બિરાજ્યા. તેમાં કો'ક ભક્તે લાવેલી ઈડલી પીરસાઈ. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'અહીં પણ સામી ને સામી.'

શસ્ત્રક્રિયા બાદ સ્વામીશ્રીને અમુક પરેજીને કારણે ઘણી વાનગીઓ પર પાબંદી લાગી ગયેલી. તેમાં ઈડલી અપવાદરૂપ હોવાથી તે અવાર-નવાર પીરસાતી. અહીં પણ એ જ વાની આવતાં સ્વામીશ્રીના મુખેથી આ રમૂજભર્યો ઉદ્‌ગાર સરી પડ્યો.

આમ, ગમ્મતના પાટે સરકતા તેઓ સુરેન્દ્રનગર, થાન, વાંકાનેર, રાજકોટને લાભ આપતાં ગોંડલ આવી પહોંચ્યા.

ગાદી ખાલી માને તો વિધવા

તા. ૮/૧૦ના રોજ દશેરાનો ઉત્સવ સ્વામીશ્રીની નિશ્રામાં ધામધૂમથી ઊજવાયો. ઉત્સવ અનુરૂપ રાજભોગ ભગવાનને ધરાવવાનું સ્વામીશ્રીને તાન. વળી, એ પ્રસાદી ભક્તોને જમાડવામાં પણ સવાયો ઉમંગ. તેથી આજે તેઓએ ઠાકોરજી માટે સાટા-જલેબીની રસોઈ કરાવેલી અને રાજકોટના ભક્તોને જમવા તેડાવ્યા હતા.

પરંતુ આ ભોજન પહેલાં કથામૃત પીરસતાં સ્વામીશ્રીએ કહ્યું:

''રાજગાદી ખાલી ન પડે. રાજા મરી જાય પછી યુવરાજને રાજતિલક કર્યા બાદ રાજાના શબને બહાર કાઢે. શ્રીજીમહારાજ પુરુષોત્તમ નારાયણની ગાદી ખાલી ન પડે. ગુણાતીત સંત ભગવાનનું સ્વરૂપ કહેવાય. એકાંતિક સંત દ્વારા મહારાજ પ્રગટ રહે છે. ગાદી ખાલી પડતી નથી. ગાદી ખાલી માને તો વિધવા કહેવાય. કેટલાક આપણો વિરોધ કરે છે. તેમાં ધન-સ્ત્રીના ત્યાગ અંગે તો કંઈ કહી શકે નહીં, એટલે 'ભગવાન થાય છે અને આચાર્યને માનતા નથી' એમ કહે. પણ શાસ્ત્રીજી મહારાજને પોતાને ભગવાન થવું હોત તો અક્ષર-પુરુષોત્તમની મૂર્તિઓ શું કામ પધરાવત? પોતાની ન પધરાવત!''

વિજયા દશમીના દા'ડે જ ઉપાસનાનો વિજયી અશ્વ દોડાવી સ્વામીશ્રીએ સૌના સંશયો કચડી નાંખ્યા.

સાધુનું માહાત્મ્ય ગણે ઉમંગે

ગોંડલના મુકામ દરમ્યાન આસપાસનાં મંદિરોમાંથી સંતો દર્શન માટે અને વિશેષ તો સ્વામીશ્રીના સ્વાસ્થ્ય-સમાચાર પૂછવા માટે આવતા રહેતા. તે ક્રમમાં તા. ૯/૧૦ની સવારે આવેલા સારંગપુરના સંતોનાં મનમાં કુતૂહલના ભાવ રમી રહેલા કે 'સ્વામીબાપાનું ઑપરેશન કેવું થયું હશે? પેટ ઉપર કેવો કાપો હશે?'

બાળકની જિજ્ઞાસા પિતા સંતોષે તેમ સ્વામીશ્રીએ પણ સંતોની આ આતુરતાનો અંત આણતાં, પોતાનું ગાતરિયું ઊંચું કરી ઉદર પર મુકાયેલો કાપો બતાવ્યો. તે જોઈ કેટલાક સંતો તે કાપા પર હાથ ફેરવી એ પ્રાસાદિક હાથ પોતાની આંખે અડાવવા લાગતાં સેવક બોલ્યા: 'કોઈએ પેટ પર હાથ ન ફેરવવો. હમણાં જ ઑપરેશન કરાવ્યું છે.'

'ભલે ફેરવે. સંતની દૃષ્ટિ અને સ્પર્શથી જલદી સારું થઈ જાય. તેમની ધૂનથી તો મને સારું થયું છે.[૬૪] તેમને અડવાનો અધિકાર છે.' સ્વામીશ્રી બોલ્યા.

શિષ્યોના ઋણી રહેવામાં ધન્યતા માનનારા તેઓ જેવા ગુરુ ક્યાં?!

ગુણાતીત દ્વિશતાબ્દીના શ્રીગણેશ

શ્રીજીમહારાજે કહ્યું છે કે 'ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ

૬૪. સ્વામીશ્રીના પિત્તાશયની શસ્ત્રક્રિયા નિર્વિઘ્ને પૂર્ણ થાય તે માટે સારંગપુરના સંતોએ સતત ૧૨૦ કલાકની ધૂન કરી હતી.

અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી.'[૬૫]

અક્ષરબ્રહ્મનો ઉદ્‌ઘોષ કરવાની આ આજ્ઞા અનુસાર જ તા. ૧૨/૧૦ના રોજ આવેલી શરદ પૂર્ણિમાની સવારે સ્વામીશ્રીએ અક્ષર દેરીના ચોકમાં ઊભેલા કીર્તિસ્તંભ પર ગુણાતીત દ્વિશતાબ્દીનો વિજયધ્વજ ફરકાવી દીધો. સૌએ આ ઐતિહાસિક ક્ષણને તાળીઓના ગડગડાટ અને બૅન્ડવાદનની સલામીથી વધાવી લીધી.

આ અવસરે સૌને સંબોધતાં સ્વામીશ્રીએ જણાવ્યું, 'શ્રીજીમહારાજનો દ્વિશતાબ્દી મહોત્સવ સર્વોપરી થયો. હવે આ બીજી દ્વિશતાબ્દી આવી. હરિભક્તોને થાય કે 'આ વળી ક્યાં બીજો ભીડો આવ્યો?' પણ ખુમારી રાખવી. કરનારા મહારાજ છે. ઉપરાઉપરી ઉત્સવો આવ્યા તેથી રાજી થવું. કંટાળવું નહીં. આપણે આ જ કરવા આવ્યા છીએ. મહારાજની દ્વિશતાબ્દીમાં કોઈને બોજો લાગ્યો નથી. આપણે કથા-વાર્તા, ભજન-ભક્તિ, સમૈયા-ઉત્સવમાં પોરો ખાવો નહીં.'

ગુણાતીતના જન્મદિને ગુણાતીતના સ્થાનમાંથી ઊઠેલો ગુણાતીતની દ્વિશતાબ્દીનો આ ઉદ્‌ઘોષ, આજની સાંજે ગોંડલમાં નીકળેલી ભવ્ય નગર-યાત્રાથી પણ ચારેકોર ફરી વળ્યો.

ત્યારબાદ રાત્રે યોજાયેલી ગુણાતીત જન્મોત્સવની સભામાં સ્વામીશ્રીએ પોણા અગિયાર વાગ્યે દીપપ્રાગટ્ય દ્વારા દ્વિશતાબ્દી પર્વનો મંગલ પ્રારંભ કરતાં દ્વિશતાબ્દી પ્રતીકનું અનાવરણ કર્યું. ઈશ્વરચરણદાસ સ્વામીએ દ્વિશતાબ્દીની રૂપરેખા અને યોગયજ્ઞના વિધિઓની માહિતી આપી. સૌના અપ્રતિમ ઉત્સાહનાં મોજાં પર સવાર થયેલી આ ઉત્સવ-સભા રાત્રે એક વાગ્યા સુધી ચાલી. તે પછી સૌને દર્શનદાન આપી સ્વામીશ્રી રાત્રે બે વાગ્યે પોઢ્યા!

ગુણાતીતની દ્વિશતાબ્દીના શ્રીગણેશ સાથે જ તેઓના ભીડાનો પણ જાણે એક નવો અધ્યાય શરૂ થઈ ગયો.[૬૬]

---

૬૫. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૧.

૬૬. સ્વામીશ્રી દ્વારા થયેલા ગુણાતીત દ્વિશતાબ્દીના મંગલ પ્રારંભની આ ઘડીઓ નિહાળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

અસફળતામાં પણ સફળતા સમજવી

તા. ૧૪/૧૦ની સવારે ગોંડલ નગરી સ્વામીશ્રી અને જ્યોતિર્મઠ(કાશી)ના શંકરાચાર્ય શ્રી ઓમપ્રકાશાનંદ સરસ્વતીના મિલનથી ધન્યભાગી બની. સ્વામીશ્રીએ સ્વયં તેઓનું સ્વાગત કરી અક્ષર દેરીમાં દર્શન કરાવ્યાં. તેઓ સભામાં આવ્યા એટલે તેઓની પાદુકાના પૂજન બાદ શંકરાચાર્યજીને પણ પૂજન કરી શાલ ઓઢાડી. યોગ્ય દક્ષિણા પણ અપાવી. આ પ્રસંગે શંકરાચાર્યજીએ સંપ્રદાયની સ્ત્રી-સાધુ મર્યાદાને બિરદાવતાં કહ્યું : 'સાધુ-પરંપરાનું પાલન યથેષ્ટરૂપમાં સ્વામિનારાયણ સંપ્રદાયમાં છે.'

આવા શુદ્ધ સંપ્રદાયના પાયારૂપ કથાવાર્તા રેલાવતા સ્વામીશ્રીએ તા. ૧૬/૧૦ની સવારે જણાવ્યું :

'જોષથી મોટો કોશ ને કોશથી મોટો વરત; કરે મહેનત તો પાકે તરત... જોષ(જ્યોતિષ) કરતાં કોશ મોટો. કોશ કરતાં વરત(દોરડું) મોટું. માટે ખેતી બરાબર કરે તો સારું પાકે. તેમાં જોષની જરૂર નહીં. જોષી જોષ જોઈ દે પણ પુરુષાર્થ ઉપર અને વિશેષે કરીને ભગવાનની કૃપા ઉપર બધું આધારિત છે. ગૃહસ્થને સંતનો અવગુણ આવે છે તે સગાં-વહાલાંના હેતમાંથી. સાધુને દેહ-ઇન્દ્રિયો બૈરાં-છોકરાં જેવાં છે. તેથી તેને અવગુણ આવે છે.'

હળવી શૈલીમાં મોક્ષમાર્ગનું આ સચોટ માર્ગદર્શન આપનારા સ્વામીશ્રી આ અરસામાં દ્વિશતાબ્દી મહોત્સવે દીક્ષિત થઈ સારંગપુરમાં રહેતા સંતોને સર્વાંગ સંપૂર્ણ બનાવવાની નેમ સેવી રહેલા. તેથી સંત તાલીમ કેન્દ્રના સુવ્યવસ્થિત અભ્યાસક્રમનો નકશો દોરવા માટે તેઓએ અત્રે પાંચ દિવસની પરિષદ યોજેલી.

તેમાંની એક બેઠકમાં તેઓએ ટૂંકી છતાં દીર્ઘકાળ સુધી ખપમાં આવે તેવી વાત કરી કે –

'અસફળતામાં પણ સફળતા સમજવી. આપણે બધું દિવ્ય જ સમજવું. બધું સર્વોપરી જ છે. 'જે મળ્યા છે તે કેવા છે!' તે વિચારવું. આપણા દોષ છે તે ટળી જશે. કાર્ય કરવા પૂરો પ્રયત્ન કરવો. પછી મહારાજની ઇચ્છા પર છોડી દેવું.'

સ્વામીશ્રીની વાતો *'ભોંયે પડ્યાનો ભય ટળ્યો, કહું બીક ન રહી કાંઈ...'*નો અનુભવ કરાવનારી રહેતી.

એક માણવાલાયક ઘટના

તા. ૧૯/૧૦ની સાંજના નમતા પહોરે વેરી તળાવ પાસે આવેલા અજમેરા ફાર્મમાં પધારેલા સ્વામીશ્રીએ આ ખેતરમાં થોડો સમય વિહાર કરી ભક્તોને ભજન-ભોજનના મીઠા મેવા જમાડ્યા.

આ જ રીતે તા. ૨૨/૧૦ની સવારે તેઓ ઘોઘાવદર પહોંચ્યા. અત્રે તેઓએ સાથળ સમાણાં પાણી ડહોળી ગામના પાદરે આવેલી ગુણાતીતાનંદ સ્વામીની પ્રાસાદિક દેરીનાં દર્શન કર્યાં. ત્યાંથી નવા મંદિરની જગ્યા પર પુષ્પો વેરી પુનઃ ગોંડલ આવ્યા.

અહીં લગભગ પચાસેક રાજસ્થાની કારીગરો મંદિરના અક્ષરદ્વારને ઘાટ આપી રહેલા. તેઓને હિંદીમાં સદુપદેશ આપી સ્વામીશ્રીએ તેઓનો ઘાટ પણ ઘડ્યો. કેટલાયને વ્યસનો છોડાવી માળા ફેરવતાં કર્યા.

અક્ષરદ્વારની સાથે સ્વામીશ્રીએ તેઓની સ્વાભાવિક પ્રકૃતિ અનુસાર મંદિરના અન્ય વિભાગોની પણ મુલાકાત લીધી. દરેક મંદિરોમાં તેઓની આ નિરીક્ષણયાત્રા એક માણવાલાયક ઘટના બની રહેતી.

આ યાત્રા દરમ્યાન મંદિરનાં કૂવિથી કળશ સુધીનાં સૌની માવજત થઈ જતી. કાર્ય કરનારાને નવી ચાલ મળી રહેતી. કેટલીયે વિટંબણાઓનું સ્થળ પર જ નિરાકરણ થતું. જે સારું જુએ ત્યાં મંદિરના કોઠારી-કારભારી પર સ્વામીશ્રીની પ્રસન્નતાનો હાથ પડી જાય. જ્યાં કંઈ ખામી-ખરાબી દેખાય ત્યાં તેઓ ટકોર પણ કરે. તેઓએ કશુંયે કાગળમાં નોંધ્યું ન હોય. છતાં પૂર્વ મુલાકાત વખતે ચીંધેલાં કાર્યો પણ સ્વામીશ્રીની સાંભરણમાં જોવા મળે જ. તેથી તે કેટલાં પૂરાં થયાં - બાકી રહ્યાંની પૂછપરછ પણ સાથે જ કરતા જાય.

સ્વામીશ્રીની નજર કેટલી ઝીણી અને વિશાળ છે, મગજ કેટલું સ્થિર અને ગતિશીલ છે, સ્વભાવ કેટલો કડક અને કોમળ છે, ભાવનાઓ કેવી ઊંચી અને ઊંડી છે, તે બધાંનો એકસાથે ખ્યાલ આ નિરીક્ષણયાત્રા આપી દે. જેણે જેણે તેઓ સાથે આવી એક લટાર લગાવી હશે તેના હૃદયમાં એક કાબેલ વહીવટકર્તા તરીકેની સ્વામીશ્રીની છબી છપાઈ ગઈ હશે !

'You all go in puja' (તમે સૌ પૂજામાં જાઓ)

તા. ૨૪/૧૦ની સવારે સ્વામીશ્રી સ્નાનાદિકથી પરવારી પ્રાતઃપૂજા માટે

પધારી રહેલા ત્યારે જ સરદાર પટેલ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર, રજિસ્ટ્રાર વગેરે વરિષ્ઠ હોદ્દેદારો તેઓનાં દર્શને આવી પહોંચ્યા. હકીકતે તેઓને અહીં સુધી ખેંચનારા તો સ્વામીશ્રી સ્વયં જ હતા, કારણ કે આ કેળવણીકારો પૈકીના એકને સ્વામીશ્રીએ રાત્રે સ્વપ્નમાં દર્શન આપેલા અને તેઓ સાથે અંગ્રેજીમાં વાર્તાલાપ કરેલો. તે વખતે સ્વામીશ્રીનું વિલાયતી ભાષા પરનું પ્રભુત્વ જોઈ તે અધિકારી દંગ જ રહી ગયેલા અને આજે પોતાના સાથીઓને લઈ તેઓ સ્વામીશ્રી પાસે દોડી આવેલા.

આ સ્વપ્નદર્શન સહિતની ઘણી વાતો તેઓએ કહી. સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ આપી એક સંતને તેઓની વ્યવસ્થા અંગે ભલામણ કરી. તેથી તે અધિકારીઓ સ્વામીશ્રીના કક્ષની બહાર નીકળ્યા ત્યારે તેઓ સાથે વિદ્યાનગરથી અહીં આવનારા નિમિષ ભગતે લાગ જોઈ હળવા 'મૂડ'માં પૂછ્યું: 'બાપા! આપને અંગ્રેજી આવડે છે?'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'You all go in puja.'

સવારના વાતાવરણને વધુ સ્મરણીય બનાવતા તેઓના આ ત્વરિત અને પ્રાસંગિક પ્રતિભાવથી આખો ઓરડો હાસ્યથી ભરાઈ ગયો.

કરે સેવકની સા'ય

તા. ૨૫/૧૦ની સવારે ગોંડલથી નીકળેલા સ્વામીશ્રી રાજકોટમાં 'એસ્સા' કંપનીની જમીન પર પગલાં કરવા પધાર્યા ત્યારે આ ભૂમિ ઊબડ-ખાબડ તો હતી જ, તેની સાથે અહીં-તહીં ઘણાં ગોખરુ પણ વેરાયેલાં. આવી જગ્યામાં તેઓને ઠાકોરજી સાથે ઘૂમવાનું હતું.

પરંતુ તેઓએ જોયું કે ઠાકોરજી જે સંતના હાથમાં છે તેમના પગમાં પગરખાં નથી. તેથી સ્વામીશ્રીએ ઠાકોરજીને પોતાના હાથમાં લેતાં પેલા સંતને કહ્યું: 'તમે અહીં ઊભા રહો. તમારા પગમાં જોડા નથી તે કાંટા વાગશે.'

આમ જણાવી તેઓ પોતાના હાથમાં ઠાકોરજી રાખી આખી જમીન પર ફર્યા!

તેઓએ ગોઠવેલી આ વ્યવસ્થાથી પેલા સંતને ખેતરનો કાંટો તો ન વાગ્યો, પણ જેણે જેણે આ દરકાર જોઈ તે સૌનાં હૃદયમાં સ્વામીશ્રીના સ્નેહની શૂળ તો જરૂર અડી ગઈ! *'ભીતર ઘાવ લાગ્યો અતિ ભારી'* જેવી આ અનુભૂતિ રહી.

લખેલું લેખે લગાડવું

રાજકોટથી પાછા ફરતાં સ્વામીશ્રી નાની વેરાવળના મંદિરનો ખાતવિધિ કરી સાંજે સાડા સાત વાગ્યે ગોંડલ આવી પહોંચ્યા.

અહીં તેઓની નિશ્રામાં તા. ૨૭/૧૦ના રોજ દીપાવલી અને તા. ૨૮/૧૦ના રોજ[૬૭] નૂતન વર્ષ-અન્નકૂટના ઉત્સવો ધામધૂમથી ઊજવાયા. આ અવસરે સ્વામીશ્રીની સફળ શસ્ત્રક્રિયાની ખુશાલીમાં દરિયાપારના હરિભક્તોએ પાંચ મણ સાકર વહેંચી સૌનાં મોં મીઠાં કરાવ્યાં. નૈરોબીના અગ્રણી ભક્તોએ તો સ્વામીશ્રીના મુખમાં સાકર મૂકી હર્ષ વ્યક્ત કર્યો.

નવા વર્ષના આ પ્રથમ દિવસે પણ સ્વામીશ્રી મોડેથી આવનારા હરિભક્તોના ધંધાકીય ચોપડાઓમાં હસ્તાક્ષર કરતા રહ્યા. સભામંડપમાં બેસી આ વિધિમાં પરોવાયેલા તેઓ પાસે ચુનીભાઈ નામના યુવક પહોંચી ગયા. તેમના હાથમાં જમા-ઉધારનો ચોપડો નહોતો, પણ સ્વામીશ્રીના પ્રસંગો નોંધવા લીધેલી ડાયરી હતી. તે જેવી તેમણે ધરી કે સ્વામીશ્રીએ સવાલ કર્યો: 'શાના માટે આ ડાયરી છે?'

યુવકે કારણ જણાવ્યું, ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'ડાયરી લખવી એ સારી વાત છે, કારણ કે બધું આપણને યાદ ન રહે. એટલે લખેલું વંચાય. પણ જે લખીએ તેમાંથી થોડુંક જીવનમાં ઉતારવું, નહીં તો ડાયરીઓ લખેલી ક્યાંય પડી રહે છે. લખેલું આપણને કામ ન લાગે તો શું કામનું? માટે જીવનમાં ઊતરે એવા આશીર્વાદ આપવામાં આવે છે.'

સ્વામીશ્રી કોઈના ઉત્સાહને કદી કચડતા નહીં, તો તેને સાચી દિશા આપવાનુંયે ચૂકતા નહીં. તે મુજબ તેઓએ આજે નવા વર્ષે નવી દિશા ચીંધી દીધી કે 'લખેલું લેખે લગાડવું.'[૬૮]

પહેલી વારની સમજફેર!

તા. ૪/૧૧ના રોજ ગોંડલથી વિદાય લઈ સ્વામીશ્રી રાજકોટ થઈને ભાદરા જવા નીકળ્યા. આ રસ્તે વચ્ચે આવતાં પડધરી અને ડાંગરાને પણ

---

૬૭. વિ.સં. ૨૦૩૮નો પ્રારંભ થયો.

૬૮. આ દિશામાં ડગલાં માંડતા તે યુવાન સમયાંતરે સ્વામીશ્રી પાસેથી દીક્ષા લઈ સાધુ આત્મકીર્તિદાસ બન્યા.

લાભ આપવાનો હતો. તેમાંય પડધરીના ભક્તોને તો સભા યોજવા માટે સ્વામીશ્રીએ 'હા' પાડી દીધેલી, કારણ કે તેઓના મનમાં એમ કે 'પહેલાં ડાંગરા આવે એટલે ત્યાં અજવાળે દર્શન થઈ જાય. પછી પડધરીમાં તો અંધારામાં પણ બત્તીઓ કરી સભા થઈ શકે.'

પરંતુ હકીકતે માર્ગમાં પહેલાં પડધરી આવે અને પછી ડાંગરા. તેથી સભા અજવાળામાં થઈ અને દર્શન અંધારાંમાં કરવાં પડ્યાં ! આ ગરબડ જોઈ હસતાં હસતાં સ્વામીશ્રી બોલ્યા : 'મારે પહેલી વાર આવી સમજફેર થઈ !'

મનુષ્યભાવની આ મહામૂલી સ્મૃતિ આપતાં તેઓ ભાદરા પધાર્યા.

અહીંના પાંચ દિવસના રોકાણ દરમ્યાન આસપાસનાં ગામોના હરિભક્તોએ પારાયણ માટે ખૂબ ઉત્સાહ દાખવ્યો. વિવિધ ગામો તરફથી સામૂહિક પારાયણો પણ રોજેરોજ ચાલ્યાં. ગામની પાદરે બનનારા એસ. ટી. સ્ટેન્ડનો ખાતવિધિયે તા. ૭/૧૧ના રોજ સ્વામીશ્રીના વરદહસ્તે યોજાઈ ગયો. પ્રબોધિની એકાદશીનો ઉત્સવ પણ આ વખતે ભાદરાના ભાગ્યમાં આવ્યો.

આમ, નવા વર્ષે ભાદરાને અપાર સુખ આપી સ્વામીશ્રી ધ્રોળ, રાજકોટ, બાબરાને પાવન કરતાં તા. ૯/૧૧ની રાત્રે સાડા નવ વાગ્યે ગઢડા આવી પહોંચ્યા.

અહીં આવતાંવેંત તેઓએ શિખર પર ચડનારા નવા સુવર્ણકળશ તથા ધ્વજદંડનું પૂજન કર્યું. તે રાત્રે જ એ કળશ શિખર પર સ્થિર થઈ પોતાની ઝળહળતી કાંતિથી દિશાઓ ઉજાગર કરવા લાગ્યા. બીજા દિવસની સવારે સ્વામીશ્રીએ પ્રદક્ષિણામાંથી આ નવસ્થાપિત કળશોની આરતી ઉતારી.

રહે અખંડ ભજને અનુરાગી

તા. ૧૦/૧૧ની સાંજે સ્વામીશ્રી ઘેલાસ્નાન અને નવનિર્મિત યોગીનગર વસાહતનું ઉદ્ઘાટન કર્યા બાદ લાખણકા પધાર્યા.

ગઢડાની પાદરમાં જ વસેલા આ ગામમાં થયેલી સત્સંગની જમાવટને પુષ્ટિ આપી તેઓ પાછા ફરી રહેલા, ત્યારે ચાલકની સરતચૂકથી તેઓની ગાડી કાચા રસ્તેથી બાજુમાં આવેલા પાણીવાળા ભીના ખેતરમાં ઊતરી ગઈ. અંધારામાં અડધા કલાકની મહેનતે તે પુનઃ રસ્તા પર આવી અને સ્વામીશ્રી ગઢડાની વાટે વહેતા થયા. પરંતુ ગાડીની ફસામણીની આ વાતનો ઘટસ્ફોટ ન કરવા અંગે તેઓએ સહપ્રવાસીઓને તાકીદ કરી દીધી, કારણ કે જો આ હાડમારીની વાત પ્રકાશમાં આવે તો ગામડે ઘૂમવા પર પ્રતિબંધ મૂકવામાં

આયોજકોને વધુ એક મજબૂત કારણ મળી જાય !

ગામોગામ ફરી સૌને અક્ષર-પુરુષોત્તમની નિષ્ઠા કરાવવાના ઉત્સાહની બુલંદી સ્વામીશ્રીની આ તકેદારીમાં ઝળકી રહી.

આ રીતે ગઢડા આવી તેઓ રાત્રે દસ વાગ્યે ભોજન કરવા બિરાજ્યા. ત્યારબાદ રોજિંદી રાત્રિકથામાં પધાર્યા. પરંતુ કથા કરનારા પુરાણી સંતને સ્વામીશ્રીના આરામની ચિંતા સવિશેષ હોવાથી તેઓએ ગઢડા મધ્ય પ્રકરણનું ૪૯મું વચનામૃત વાંચી તરત જ કથાની ઇતિશ્રી કરી દીધી. તે જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું : 'કેમ આમ કર્યું ?'

'આપને તકલીફ ન પડે, આપ આરામ કરો તેથી.'

'અમારી પણ એ જ ઇચ્છા છે કે આપને તકલીફ નથી આપવી, પણ શ્રીજીમહારાજ આ વચનામૃત(ગ.મ. ૪૯)માં કહે છે કે અમારે તૃપ્તિ થઈ નથી ને તમારે પણ ન કરવી.' આમ મર્મ કરતાં સ્વામીશ્રી કથામાં કાપ ન મૂકવા વિષે ઘણી વાતો કરી, કચવાતા મને આરામ કરવા ઊભા થયા.

આ વિશ્રામમાંથી તેઓ જાગ્યા ત્યારે તા. ૧૧/૧૧ની સવારે કાર્તિકી પૂર્ણિમા આવી પહોંચી. આ દિવસે સામાન્યપણે તો સ્વામીશ્રી બોચાસણમાં હોય. પરંતુ સફળ શસ્ત્રક્રિયા બાદ સંસ્થાના દરેક શિખરબદ્ધ મંદિરોમાં જઈ ઠાકોરજીનાં દર્શન કરવાનું તેઓએ નિર્ધાર્યું હોવાથી તેઓના વિચરણનો ક્રમ બદલાયેલો. તે મુજબ અહીં ગઢડે આવેલા સ્વામીશ્રી ગોપીનાથ મંદિરે દર્શન કરી લક્ષ્મીવાડીએ જઈ રહેલા ત્યારે બે-એક સંતોને કહ્યું : 'તમે અહીંથી સીધા મંદિરે જઈ કથા શરૂ કરો. હું થોડી પધરામણી કરીને આવું છું.' આમ જણાવી તેઓએ પૂનમની સભા માટે સંતોને મોકલી આપ્યા.

સંતોએ પણ આદેશાનુસાર મંદિરમાં આવી કથા ચાલતી કરી, પરંતુ સ્વામીશ્રી સવા અગિયાર વાગ્યે મંદિરે પધાર્યા ત્યારે જ તેઓએ કથાની સમાપ્તિ કરી દીધી. સ્વામીશ્રીનું આવવું અને સભાનું વીખરાવું, બેય સાથે થયું.

આ જોઈ અકળાઈ ઊઠેલા સ્વામીશ્રી કહેવા લાગ્યા : 'સભા કેમ વહેલી પૂરી કરી ? હજી તો સવા અગિયાર જ વાગ્યા છે. આજે પૂનમ. હરિભક્તો દૂરદૂરથી અને ઘણા આવ્યા હોય. તે માટે તો અમે પધરામણીઓ વહેલી પૂરી કરી આવી ગયા...' એમ ઘણું દુઃખ વ્યક્ત કર્યું.

ભોજન લેતી વખતે પણ કથા સમાપ્ત કરનારને મીઠો ઠપકો આપ્યો કે 'શું ઉતાવળ હતી ? ગઈકાલે રાત્રે પણ કથા જલદી પૂરી કરી...' વગેરે.

કથા કપાયાનો આ ખેદ અનુભવતાં જ સ્વામીશ્રી ભોજન પૂરું કરીને બપોરની સભામાં પધાર્યા ત્યારે ગઢડા મધ્ય પ્રકરણનું ૫૯મું વચનામૃત વંચાયું. પરંતુ વાંચન વિરમતાં જ તેઓએ કથા ઉપાડી અને સતત દોઢ કલાક સુધી આ વચનામૃત સમજાવ્યું! ગઈકાલે રાત્રે અને આજે સવારે ગુમાવેલી કથાનો તેઓએ જાણે ખાંગો વાળી દીધો! ખોટનું ખાતું સરભર કરી દીધું.

તે વખતે સૌને તેઓમાં *'રાત-દિન વીતે એનાં કથા-કીર્તનમાં, રહે અખંડ ભજને અનુરાગી...'*નું સંતલક્ષણ ઝળકી રહેલું જણાયું.

લીલા લોયા ગામની

ગઢપુરથી સ્વામીશ્રી તા. ૧૧/૧૧ની સાંજે સારંગપુર પધારતાં અહીં રહેતા સંતો-પાર્ષદોને આજની દેવદિવાળી સાર્થક થઈ રહી. રોજ સવાર-બપોર-સાંજ અને રાત, એમ ચાર-ચાર ટાણાંનું કથામૃત તથા સવારથી રાત સુધી અખંડ દર્શનના યોગથી *'લાભનાં વ્હાણ દ્વાર છૂટે...'* જેવો ઘાટ થઈ જતાં સૌએ મન મૂકીને લૂંટ ચલાવી. સ્વામીશ્રી પણ લેતાં-લૂંટતાં થાકો એમ વરસી રહ્યા.

તેઓની આ અમીવાદળી તા. ૧૬/૧૧ની સવારે બાલમંદિરના ઉદ્‌ઘાટન પ્રસંગે લાખિયાણીમાં પણ વરસી. તે પછી તેણે રતનવાવ અને બોટાદનેય પાવન કર્યાં.

આ ક્રમમાં તા. ૨૪/૧૧ના રોજ લોયાને લહાવો મળી ગયો. ભાદર નદીના કાંઠે વસેલું આ ગામ શ્રીજીસંબંધથી અમર બનેલું છે. મહારાજે ઉદ્‌બોધેલાં વચનામૃત અને તેઓએ કરેલાં લીલાચરિત્રથી સંપ્રદાય-પ્રસિદ્ધ થનારા આ ગામમાં શ્રીજીચરિત્રના પુનરાવર્તનની પળ આવી ગઈ, જ્યારે લગભગ ૨૫૦ સંતોનો સંઘ લઈ સ્વામીશ્રી અહીં યાત્રા-ઉત્સવ કરવા આવી પહોંચ્યા.

અત્રે પ્રથમ તેઓ નાગડકા પધાર્યા. આ ગામમાં સુરા ભક્તના દરબાર સહિત સર્વે પ્રસાદી-સ્થાનોમાં દર્શન કરી સ્વામીશ્રી લોયા ગામે પહોંચ્યા. આ ગામના તો સર્વે રહેવાસીઓએ આજે અગતો[૬૯] પાળેલો. તેથી સ્વામીશ્રીનું ઢોલ-ત્રાંસાં ગગડાવી ભવ્ય સ્વાગત થયું.

તે ઝીલી સ્વામિનારાયણ મંદિર તથા અન્ય પ્રાસાદિક સ્થાનોમાં દર્શન કરતાં કરતાં સ્વામીશ્રી સભામંડપ તરફ જવા નીકળ્યા. લગભગ હજાર હરિભક્તોનો સમુદાય અત્રે એકત્રિત થઈ ગયેલો. પરંતુ સભાસ્થળે પહોંચવાના

---

૬૯. કોઈ કામકાજ કરવા જાય જ નહીં.

માર્ગે પ્રથમ રસોડું આવ્યું. તેમાં પાંચ મણ રીંગણાનું હવેજ ભરેલું શાક શુદ્ધ ઘીના વઘારની સોડમથી મઘમઘી રહેલું. સ્વામીશ્રીએ તેને હલાવ્યું ત્યારે સૌનાં માનસપટ પર *'નયણે નીરખ્યા સુંદર કરતાં શાક જો...'*ની શ્રીજીલીલા તાદૃશ થઈ રહી.

શાકભરેલાં તપેલાંની પાસે જ સંતો રોટલા ઘડતા હતા. સ્વામીશ્રીએ પણ પાટલી ઉપર ટીપીને 'સરસપણની શી કહું કથા...'કહેવાનું મન થઈ આવે એવા બે રોટલા તૈયાર કરી આપ્યા.

આ સ્વાદિષ્ટ સ્મૃતિ આપી તેઓ સભામાં પધાર્યા ત્યારે સંતોએ શ્રીજીમહારાજે અહીં કરેલા શાકોત્સવનાં પદો ગાઈ સૌની સામે તે લીલાને રમતી મૂકી દીધી. સ્વામીશ્રીએ પણ આશીર્વાદ આપતાં જણાવ્યું: 'આ સમૈયાનો યશ રાણપુરના લાલજીભાઈ વઢવાણા તથા અત્રેના દરબારોને છે. આનો મહિમા કોઈ લખી શકે તેમ નથી. અમને લોયાનાં પહેલી જ વાર દર્શન થયાં. આ ગામ આદર્શ થાય.'

આ આશીર્વાદ બાદ બપોરે પોણા ત્રણ વાગ્યે સભામંડપમાં જ ભોજન-પંક્તિ થઈ. આ પ્રસંગે લાલજીભાઈ દૂધમાં બનાવેલા ૯૦૦ રોટલા રાણપુરથી તૈયાર કરીને લાવેલા. તેની સાથે માખણ, ઘી, ગોળ, શીરો, રવૈયાં, દહીં, દૂધ, છાશ, ખીચડી, કઢીની રેલમછેલ હતી. તેની વચ્ચે સ્વામીશ્રીએ *'સ્વહાથે શ્રીનાથે સુખદ પિરશ્યું સંત સહુને...'*ની રીતે સ્વયં રોટલા અને રીંગણાં પીરસી સંતોને તૃપ્ત કર્યા. હરિભક્તોને પણ આ લાભનો સ્વાદ ચખાડ્યો. તેથી પરમહંસોની જેમ જ સૌ ગાઈ ઊઠ્યા: *'ભવ બ્રહ્મા સુરને તો સ્વપ્ને નવ મળે, પ્રેમાનંદ પીરસે નિત્ય જગદીશ જો...'*[૭૦]

તાન જન પોતાના પાળવા

લોયાથી સ્વામીશ્રી રાણપુર, પાળિયાદ થઈને સારંગપુર આવવા નીકળવાની તૈયારીમાં હતા. નાનકડી ફીઆટ ગાડી પાછલી બેઠક પર સ્વામીશ્રી સહિત ત્રણ સંતો અને આગલી બેઠક પર ડ્રાઇવર સહિત ત્રણ

૭૦. લોયા ગામમાં સ્વામીશ્રીએ ઊજવેલા આ શાકોત્સવના સુખનો આસ્વાદ પામવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

પુરુષોથી ખીચોખીચ ભરાઈ ગયેલી. તે જ વખતે બોટાદના જૂના હરિભક્ત શાંતિભાઈ મારફતિયાએ 'પાળિયાદથી બોટાદ સુધી આ ગાડીમાં અવાશે?'ની આશાભરી નજરે ગાડી તરફ જોયું. સ્વામીશ્રી તેઓની આંખોનો ભાવ કળી ગયા. તેઓએ તરત જ આગળ બેઠેલા એક હરિભક્તને પાછળ બોલાવી લીધા અને પેલા વૃદ્ધ ભક્તને આગલી બેઠક પર બેસાડી દીધા.

પાછળ ત્રણની જગ્યામાં ચાર જણને બેસવાનું થતાં ભારે ગિરદી થઈ રહી. તે સમયે સ્વામીશ્રીએ પોતાના ખોળામાં ઠાકોરજીને લઈ લીધા. આમ, ભીડો વેઠીનેય તેઓએ એક ભક્તને સમાવી-સાચવી લીધા. સ્વામીશ્રીએ પીરસેલા શાકનો સ્વાદ તો એ ભક્તની દાઢે વળગેલો જ; હવે તેઓના સ્નેહનો સ્વાદ પણ વળગી ગયો.

*'અખંડ રે' છે બહુ અંતરે, તાન જન પોતાના પાળવા...'*ની સ્વામીશ્રીની આ રીત સૌ કાયમ અનુભવતા.

અહીં સિવાય કોઈ જગ્યાએ મોક્ષ નથી

સારંગપુરમાં તા. ૨૫/૧૧ની બપોરે સ્વામીશ્રી બે વાગ્યે ચળું કરી પરવાર્યા ત્યારે સૌએ તેઓને વિશ્રામમાં પધારવા વિનંતી કરી, પણ સ્વામીશ્રી બોલ્યા: 'હજી કથા બાકી છે.'

'બાપા! થઈ ગઈ.' સંતોએ જણાવ્યું, કારણ કે તેઓ ભોજન પછીની કથામાં હાજરી આપીને જ અહીં દર્શન માટે આવેલા.

છતાં સ્વામીશ્રી 'ફરી વખત' બોલતાં સભામંડપમાં આવી બિરાજ્યા અને ગઢડા અંત્ય પ્રકરણનું પાંચમું વચનામૃત સમજાવી તેઓએ તૃપ્તિનો ઓડકાર ખાધો.

શ્રીજીમહારાજની આજ્ઞાની ધાર પર ચાલતા પોતાના આવા જીવનથી સંત-સંસારી સૌને રંગતા સ્વામીશ્રીએ તા. ૨૮/૧૧ના રોજ સારંગપુરથી વિદાય લીધી.

માર્ગમાં રોજીદ, ધંધુકાને લાભ આપતાં તેઓ સાંજે સાડા પાંચ વાગ્યે અમદાવાદના 'જયશંકર સુંદરી નાટ્યગૃહ'માં પધાર્યા. અત્રે પરમહંસોનાં હિંદી પદોની વિવેચના કરતા 'રંગભર સુંદર શ્યામ રમે' પુસ્તકનું વિમોચન કરી સ્વામીશ્રી તા. ૨૯/૧૧ની સવારે ગાંધીનગર પધાર્યા ત્યારે અક્ષરધામમાં 'હરિદર્શન' પ્રદર્શન લોકદર્શન માટે ગોઠવાઈ ગયેલું. તેનું વિધિપૂર્વક ઉદ્ઘાટન

કર્યા બાદ સ્વામીશ્રીએ 'અક્ષરધામ'ની કુંભીમાં સિમેન્ટનો રસ રેડી તેને પણ મજબૂતાઈ બક્ષી.

આ અરસામાં સંસ્થા દ્વારા સત્સંગ શિક્ષણ પરીક્ષાની સમાંતર જ બાળકો માટે બાળ સત્સંગ પરીક્ષાઓની શરૂઆત થયેલી. ગાંધીનગરમાં આ પરીક્ષાનું કેન્દ્ર 'અક્ષરધામ'ની નજીકમાં જ આવેલી પ્રાથમિક શાળા હોવાથી સ્વામીશ્રી ત્યાં પણ પધાર્યા. અહીં દીપપ્રાગટ્ય દ્વારા તેઓએ પરીક્ષાનું ઉદ્‌ઘાટન કર્યું ત્યારે એક મુસ્લિમ પરીક્ષાર્થીએ તેઓનું પુષ્પહારથી સ્વાગત કર્યું. તે પછી સ્વામીશ્રીએ સ્વહસ્તે સૌ બાળકોને પ્રશ્નપત્રોનો પ્રસાદ વહેંચ્યો.

આમ, બાળ સત્સંગ પરીક્ષાથી માંડીને 'અક્ષરધામ'ના નિર્માણ સુધીની પ્રવૃત્તિને વેગ આપી અમદાવાદ પધારેલા સ્વામીશ્રી, અહીં અભ્યાસ કરી રહેલા પાર્ષદોને પ્રેરણાપીયૂષ પીવડાવવાં તા. ૧/૧૨ની સાંજે તેઓના વર્ગ-ખંડમાં પધાર્યા.

અત્રે અધ્યયનલક્ષી વિવિધ કાર્યવાહી જોયા-સાંભળ્યા બાદ તેઓએ આશીર્વાદ આપ્યા કે 'આજ્ઞા તરફ ધ્યાન રાખવું. આજ્ઞા પાળે છે તેના ઉપર મોટાપુરુષને હેત હોય છે જ. ભલે બોલાવે કે ન બોલાવે. બીજે તરત સાક્ષાત્કાર કરાવી દેનારા મળે પણ અહીં સિવાય કોઈ જગ્યાએ મોક્ષ નથી. કોઈ હથેળીમાં અક્ષરધામ બતાવે તોય નહીં. ગામડે જવાનું થાય તે પણ ભણતર જ છે. (ભણતર) બગડ્યું તેમ ન માનવું. આપણું કામ હોય ને મોટા બીજે જવાનું કહે તો તરત જવું. જેમ જેમ આજ્ઞા પાળતા જઈશું તેમ તેમ વધુ સમજાતું જશે. દેહભાવ ટળતો જશે. આજ્ઞા પાળવામાં શરીર, મન બધું બરાબર રહે. આજ્ઞામાં સહન કરવાનું થાય. મુશ્કેલીઓથી શક્તિઓ ખીલે. ખટકો હોય તો શું ન થાય!'

નવદીક્ષિતોની ગળથૂથીમાં આજ્ઞાનું આ અમૃત સીંચી તા. ૨/૧૨ના રોજ પુરુષોત્તમપુરા જવા નીકળેલા સ્વામીશ્રીએ રસ્તામાં વાત કરી કે – ''અમદાવાદમાં અમે એક હરિભક્તની દુકાને જોડા લેવા જઈએ ત્યારે તે કહે, 'સ્વામી! તમારે યોગ્ય જોડા મારી દુકાનમાં નથી. તમે રઢુ શંકર ભગત પાસે જાવ. તમને તે જોડા આપશે.' એમ પાછા કાઢે અને રઢુ ધકેલે.''

સ્વામીશ્રીના મુખેથી પ્રસંગોપાત્ત સરી પડતી આવી અતીતની વાતો તત્કાલીન પરિસ્થિતિને સમજવાની ચાવી બની રહેતી. જોડા માટે દર દર ભટકવું પડે તેવી પરિસ્થિતિમાં, અજોડ કાર્યોનો પાયો નાંખનારા સ્વામીશ્રી

હિંમત અને હકારાત્મક અભિગમનું સાકાર સ્વરૂપ નથી લાગતા શું ?!

સમ તેહિ માન-અપમાન

પુરુષોત્તમપુરાથી નડિયાદ થઈને તા. ૨/૧૨ની સાંજે સ્વામીશ્રી આણંદ પધાર્યા ત્યારે અહીં તેઓનો ૬૧મો જન્મજયંતી મહોત્સવ ઊજવવા નગર-પાલિકાનું મેદાન પ્રદર્શન, પ્રવેશદ્વાર, સભાગૃહ વગેરેની અનેરી સજાવટથી 'નારાયણ નગર'ની શોભા ધરી થનગની રહેલું.

તા. ૪/૧૨ની બપોરે સાડા ત્રણ વાગ્યે મંદિરેથી શરૂ થયેલી નગરયાત્રા સાથે જ આ જન્મજયંતીના કાર્યક્રમોનો શુભારંભ થઈ ગયો.

શોભાયાત્રામાં બિરાજેલા સ્વામીશ્રીને વધાવવા વિવિધ બેન્કોએ નગર-યાત્રાના માર્ગો પર કલાત્મક કમાનો ઊભી કરેલી. તદુપરાંત આ સમગ્ર ગમનપથ ધજા-પતાકાથી અલંકૃત કરવામાં આવેલો. હાથી પર શ્રીજીમહારાજની ઉત્સવમૂર્તિ, 'નારાયણસ્વરૂપ' રથમાં ઠાકોરજી સહિત બિરાજેલા સ્વામીશ્રી, ધૂન-ભજન-નૃત્ય કરતા સત્સંગીઓ, નિશાન-ડંકા-બૅન્ડના નાદ-નિનાદ સહિતની નગરયાત્રાને નિહાળવા આણંદના માર્ગો ઊભરાઈ ગયા.

આ જ ભક્તિભાવથી રાત્રિસભામાં પણ ચિક્કાર મેદની ઊમટી. આ સભામાં ઉદ્‌ઘોષકે જાહેરાત કરી કે 'આજે આપણે પૂજ્ય પ્રમુખસ્વામીને પ્રથમ પુષ્પહાર અર્પણ કરીએ...' આ ઉદ્‌ઘોષણા સાથે અગ્રણી હરિભક્ત હારતોરા કરવા આવ્યા ત્યારે સ્વામીશ્રીએ બાજુમાં બેઠેલા પૂજ્ય સત્યમિત્રાનંદગિરિજીને તે હાર પહેરાવવા ઇશારો કર્યો. આ અતિથિ સંતે તે માટે આનાકાની દર્શાવી, પરંતુ અંતે સ્વામીશ્રીની નમ્રતા વિજયી નીવડી. પોતાની જન્મજયંતીએ પ્રથમ હાર તેઓ બીજાને પહેરાવી રાજી થયા !

તેઓની આવી સાધુતાની સૌરભથી આકર્ષાયેલો ૩૦,૦૦૦થી વધુ સંખ્યાનો ભક્તસમુદાય તા. ૫/૧૨ની સવારે સ્વામીશ્રીને વધાઈ આપવા ઊમટી પડ્યો. આજે યોજાયેલી જન્મજયંતી મહોત્સવની મુખ્યસભામાં રાજ્યના મુખ્યમંત્રીશ્રી સહિત કેંક પૂર્વ-વર્તમાન પ્રધાનો, સરકારી અમલદારો, શહેરના શ્રેષ્ઠીઓ વગેરેથી મંચ-માંડવો અલંકૃત બન્યા. આકાશવાણીએ પણ આજની સવારના 'અમૃતધારા' કાર્યક્રમમાં સ્વામીશ્રીનું ધર્મવિષયક પ્રવચન પ્રસ્તુત કરીને તેઓને ૬૧મી જન્મજયંતીએ બિરદાવ્યા. કેંક અખબારોએ પૂર્તિઓ પ્રકાશિત કરી.

આ શુભ અવસરે આણંદના સત્સંગ મંડળે ૬૧,૦૦૦/- રૂપિયાની સેવા ઠાકોરજીને સમર્પી, પરંતુ તે રકમ સ્વામીશ્રીએ 'અપંગ વર્ષ' નિમિત્તે અપંગ બાળકોના લાભાર્થે વાપરવાની સૂચના આપી. તદ્દન નિઃસ્પૃહી તેઓ પાસે વાદળ જેટલી પણ સંગ્રહખોરી ન મળે! સમાજમાંથી આવ્યું અને સમાજ માટે ગયું. પોતે કેવળ વ્યવસ્થાપક, લાભાર્થી નહીં.

તેઓની આવી કૈંક ગુણગરિમા અને મધુરિમાની સાક્ષી બનતી ચાલેલી આજની મહોત્સવ-સભા બપોરે સવા વાગ્યે વિરમી. ત્યારબાદ શરૂ થયેલો વ્યક્તિગત દર્શનનો કાર્યક્રમ પોણા બે કલાક સુધી ચાલ્યો. તેથી પરવારી સ્વામીશ્રી ઊભા થયા ત્યારે સળંગ સાડા છ કલાક સુધી તેઓ એક આસને બિરાજી રહેલા! આ અરસામાં પગે વળગેલા ઢીંચણના 'વા'ને કારણે, લાંબા સમય સુધી બેસી રહેવામાં તેઓના પગ જકડાઈ જતા. તેથી ઊભા થવા માટે મદદની અપેક્ષા રહેતી. આવી દૈહિક અગવડમાં પણ ભક્તોની ભાવપૂર્તિ માટે સ્વામીશ્રીએ આજે આવો ભીડો ઉઠાવ્યો!

એ ભીડાનો દોર હજી વધુ ખેંચતાં, તેઓ બપોરે સવા ત્રણ વાગ્યે ભોજન ગ્રહણ કર્યા બાદ શહેરના એક ધર્મસ્થાને દર્શન માટે પધાર્યા. પરંતુ પૂર્વગ્રહથી પીડાતા ત્યાંના વ્યવસ્થાપકોએ તેઓને પ્રવેશબંધી ફરમાવી દીધી! છતાં સ્વામીશ્રીની મુખાકૃતિ લેશ ઝંખવાઈ નહીં.

સવારે સન્માન, સાંજે અપમાન; સવારે મતિમાન મહાનુભાવો દ્વારા સત્કાર, સાંજે મતિમંદ મૂઢજનો દ્વારા તિરસ્કાર; તોય સવારે આનંદ, સાંજે પણ આનંદ – આ જ રહી સ્વામીશ્રીની સ્થિતિ![૭૧]

એકમાં બધું આવી ગયું

આણંદથી વિદાય લઈ કરમસદ પધારેલા સ્વામીશ્રીએ અહીં મંદિરના પાટોત્સવમાં લાભ આપી અત્રેની નિર્માણાધીન હૉસ્પિટલના અતિથિ-ગૃહનો શિલાન્યાસ તા. ૭/૧૨ના રોજ કર્યો. ત્યારબાદ બોરિયાવી, ચીખોદરા, વાસદને લાભ આપતાં તા. ૮/૧૨ના રોજ આણંદ નગરપાલિકાના હૉલમાં

૭૧. આણંદમાં ઊજવાયેલા સ્વામીશ્રીના ૬૧મા જન્મજયંતી મહોત્સવનો આનંદ પામવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

પહોંચેલા તેઓએ પ્રમુખશ્રી સહિત હોદ્દેદારોનું સન્માન સ્વીકાર્યું.

વળતે દિવસે તા. ૯/૧૨ની સવારે ગાનાના મંદિરના જીર્ણોદ્ધારનું કાર્ય શરૂ કરાવી સ્વામીશ્રી કાંતિભાઈ પટેલના ઘેર ભોજન માટે જતાં પૂર્વે, આ ઘરની સામે આવેલા મકાનમાં પધરામણી કરવા પહોંચ્યા.

અહીં રાવજીભાઈને જોઈ તેઓનું પૂર્વવૃત્તાંત જણાવતાં સ્વામીશ્રી બોલ્યા : 'આ રાવજી બોચાસણ મંદિરમાં રહેતો ને ગુજરાતી નિશાળમાં ભણતો. અમે ભાદરણ ભણતા ત્યારે તે અમારી સાથે રહેતો. થોડું સંસ્કૃત પણ ભણે. તે ઊંઘમાં ઊઠી જાય ને ઊંઘમાં ને ઊંઘમાં ચાલે. અગાશીમાં આંટો પણ મારી આવે.' આમ કહી સ્વામીશ્રીએ મિત્ર સાથે મજાક કરતાં હોય તેમ પૂછ્યું : 'અલ્યા, રાવજી ! અત્યારે તો એવું નથી થતું ને ?'

રાવજીભાઈ તો સ્વામીશ્રીએ જાળવી રાખેલા આ નાતાથી રાજી રાજી થઈ ગયા.

એવો જ આનંદ ગામના વૃદ્ધ સત્સંગી ડાહ્યાભાઈના રોમરોમમાં પણ ફૂટી નીકળ્યો. તેઓનો પરિચય આપતાં સ્વામીશ્રી બોલ્યા : 'આ હરિભક્તે સારંગપુરના સભામંડપનું સિંહાસન અને થાંભલાઓની નકશી શાસ્ત્રીજી મહારાજના વખતમાં કરેલી.'

નવા જમાનાનાં ચલણમાંય સ્વામીશ્રી આવાં જૂનાં નાણાંને ભૂલતા નહીં.

આ રીતે વિચરતા તેઓ ગાનાથી બોરિયા મંદિરનો દસમો પાટોત્સવ ઊજવી અગાસ થઈને મહેળાવ પધાર્યા.

અહીં ચૌદ વર્ષ પહેલાં તા. ૯/૧૨ના રોજ યોગીજી મહારાજે શાસ્ત્રીજી મહારાજ સમક્ષ ઐતિહાસિક પ્રાર્થના ઉચ્ચારેલી. આજે એ જ દિવસ હોવાથી સ્વામીશ્રી સમક્ષ તે પ્રાર્થનાનું વાંચન થયું. તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'આવો દિવ્યભાવ સત્પુરુષમાં થાય તો એકમાં બધું આવી ગયું. એમાં જેટલી માયા દેખાય તેટલી માયા આપણામાં રહે.'

'લગરીક' મજાની વાત

મહેળાવમાં તા. ૧૦/૧૨ના રોજ મંદિરનો પાટોત્સવ ઊજવતા સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજની પ્રતિમાનો માન સરોવરના જળથી અભિષેક કર્યો. ત્યારબાદ બાંધણી, રંગાઈપુરા, પોરડા, પેટલાદને પાવન કરતાં તેઓ બોચાસણ પધાર્યા.

અહીં 'લગરીક' મજાની વાત કરતાં તેઓએ એક પૂર્વપ્રસંગ સંભળાવ્યો કે – 'પેટલાદ પાસેના આમોદ ગામના હરિદાસ નામે સાધુ હતા. તેઓ બોચાસણ રહેતા. તેમના બાપા ફૂલાભાઈ પણ તેમની સાથે રહેતા. હરિદાસ બહુ સાદા, પણ તેમના બાપ વિચિત્ર સ્વભાવના. જમવા બેસે ત્યારે કહે, 'એ હરિદા' ! લગરીક ભાત આપો... લગરીક ઘી આપો...' જોઈએ પતરાયું ભરીને પણ બધું લગરીક જ કહે. ગોવિંદ સ્વામી તેની ઉપર બહુ ખીજાય કે 'જોઈએ આટલું બધું ને લગરીક...લગરીક કહે છે.'

આમ, 'લગરીક' વાતમાં ઘણો આનંદ પમાડી સ્વામીશ્રી અડાસ, ઈસણાવ થઈને પીપળાવ પધાર્યા. અહીં ગામની મધ્યમાં હરિમંદિર માટે શ્રી પી. ડી. પટેલે અર્પણ કરેલી વિશાળ જમીન પર તા. ૧૩/૧૨ની સવારે ખાતવિધિ કરી, તેઓએ તા. ૧૪/૧૨ના રોજ બોરસદના સૂર્યમંદિરમાં ભાગવત સપ્તાહનો આરંભ કરાવ્યો.

ન ભણ્યા કે ભૂલ્યા શું નકાર ?!

હરિભક્તોનાં મકાનોનાં ભૂમિપૂજન, પારાયણ-પૂર્ણાહુતિ, હૉસ્પિટલમાં દાખલ કરાયેલા સત્સંગીઓના ખબર-અંતર પૂછવાનાં કાર્યો માટે સ્વામીશ્રી ખાસ એક દિવસનો સમય કાઢી બોરસદથી અટલાદરા જઈ પહોંચ્યા. અહીં સૌને સંતોષ આપી તેઓ તા. ૧૫/૧૨ની સાંજે દશરથ, બોરસદને લાભ આપતાં બોચાસણ આવી ગયા.

અત્રેથી તા. ૧૭/૧૨ના રોજ સ્વામીશ્રી સૈજપુર, ખાનપુર થઈને કાણીસા પહોંચ્યા.

આ ગામથી બીજા દિવસે જલુંધ જવાનું હતું. પરંતુ 'આ મુસાફરી માટે સ્વામીશ્રી મારી રિક્ષામાં જાય...' એવો મનોરથ એક ભક્તે સેવેલો. તે પૂરો કરવા સ્વામીશ્રીએ કાણીસાથી જલુંધની મજલ રિક્ષામાં બેસી કાપી !

તેઓને નિહાળી *'કરે ચિત્તમાં લોક વિચાર, ન ભણ્યા કે ભૂલ્યા શું નકાર...'*નું આશ્ચર્ય સર્જાતું, કારણ કે

જે કામ હોય તે, પણ સ્વામીશ્રી હાજર રહે.

જે વાહન હોય તે, તેમાં તેઓ મુસાફરી ખેડે.

જે ઉતારો હોય તે, તેમાં સ્વામીશ્રી પોટલાં મૂકે.

જે ભોજન હોય તે, તેના તેઓ કોળિયા લે.

કદી કોઈને ના પાડવાની વાત જ નહીં ને !

તેથી તો આજે સ્વામીશ્રીએ હડદોલા ખાતાં-ખાતાં રિક્ષામાં પંથ કાપ્યો.

આ રીતે જલુંધ પહોંચેલા તેઓ દસેક પધરામણીઓ કરી વડદલા, ભૂરાકૂઈને લાભ આપતાં, તા. ૧૯/૧૨ની બપોરે સાડા બાર વાગ્યે બોરસદમાં અમરસિંહભાઈના ઘેર પધાર્યા.

આ હરિભક્ત જે ઈશ્વરકૃપા સોસાયટીમાં રહેતા તે કુલ ૨૩ બંગલાઓની બનેલી. તેમાં આમ આદમીઓનાં મકાનની સાથે સાથે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તથા સાંસદ, ધારાસભ્યો, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોના પ્રમુખો સહિત ઘણા પ્રતિષ્ઠિત વ્યક્તિઓનાં પણ મકાન. આ બધા જ મહાનુભાવો સ્વામીશ્રીના અત્યંત ગુણાનુરાગી. તેથી ભોજન બાદ તે દરેક ઘરોમાં પધરામણી કરવા અંગે સ્વામીશ્રીએ તૈયારી બતાવી, ત્યારે યજમાન ભક્તે કહ્યું : 'બાપા ! મોટા ભાગનાં મકાનોમાં તે તે વ્યક્તિઓ હાલ હાજર નથી.'

'તે એ ભલે ને ન હોય. મકાન તો છે ને !' આમ કહી સ્વામીશ્રીએ પધરામણીનું આયોજન ગોઠવી દેવા જણાવ્યું.

સૂર્યકિરણનો ધર્મ છે અજવાળી જવું; મકાનમાં માણસ હોય - ન હોય તે સાથે તેને શું નિસ્બત ! તેથી સ્વામીશ્રી ભોજન ગ્રહણ કરી રહેલા તે દરમ્યાન જ પધરામણીની પૂર્વતૈયારીઓ થવા માંડી.

તે વખતે મકાનોના નામકરણ બાબતે પ્રવર્તમાન શિરસ્તાની વાત નીકળી. તે સાંભળી સ્વામીશ્રીએ યજમાનને પૂછ્યું : 'તમારી સોસાયટીના બંગલાઓને નામ છે ?'

'ના, બાપા !'

'તો આજે બધા બંગલાઓને નામ પણ આપી દઈએ.'

એમ કહી સ્વામીશ્રીએ ભોજન બાદ હાથમાં 'લેટર પૅડ' લીધું અને યજમાનને કહ્યું : 'તમે મકાનમાલિકના નામ બોલતા જાઓ. હું મકાનના નામ લખતો જઉં.'

...અને એ દિવસે સ્વામીશ્રીની કલમેથી અકારણ કરુણાનો દસ્તાવેજ થવા માંડ્યો. હરિભક્ત ઘરમાલિકનું જે નામ બોલે તે નામ સ્વામીશ્રી લખે. તેની સામે તેઓના મકાનનું નામાભિધાન પણ લખતા જાય. તેમાંય મકાન-માલિકના નામ અને મકાનના નામનો મેળ મેળવતા જાય. આ રીતે તેઓએ સમગ્ર સોસાયટીનાં ૨૩ મકાનોનું નામકરણ કરી આપ્યું. 'ઈશ્વરકૃપા' પર

ખરેખર 'ઈશ્વર'કૃપા વરસી ગઈ!

સ્વામીશ્રીના હસ્તાક્ષરમાં લખાયેલી આ યાદી સોસાયટીના રહીશો માટે મહામૂલી જણસ બની રહી. ત્યારબાદ દરેક ઘેર સ્વામીશ્રીએ પધરામણીઓ પણ કરી. તે વખતે ઘેર હાજર - ગેરહાજર સૌ તેઓની લાગણીથી ગદ્‌ગદ થઈ ગયા.

ગંગાજી જેવા જ ઉદાર એ છે

તા. ૧૯/૧૨ની સાંજે બોરસદમાં ચાલતી ભાગવત પારાયણમાં સ્વામીશ્રી પધાર્યા ત્યારે કથાભાગમાં ગોવર્ધનલીલાનો પ્રસંગ આવ્યો. તે નિમિત્તે ઠાકોરજી સમક્ષ અન્નકૂટ પણ ધરાવાયો. એક વાછડીનેય લાવવામાં આવી. સ્વામીશ્રીએ આ પશુધનનું પૂજન કરી તેના મુખમાં અન્નકૂટનો લાડુ મૂકતાં મિષ્ટાન્ન સાથે મમતાનો સ્વાદ વાગોળતી તે વાછડી પોતાનું પૂંછડું ઉલાળવા લાગી.

તા. ૨૦/૧૨ની સવારે આ પારાયણની ધામધૂમપૂર્વક પૂર્ણાહુતિ થઈ. આ સમયે સ્વામીશ્રીનાં આશીર્વાદ અને ઉપસ્થિતિથી, સૂર્યમંદિરને ઘણું આર્થિક અનુદાન પ્રાપ્ત થતાં પારાયણના આયોજકોએ માતબર રકમનું દાન તેઓ માટે જાહેર કર્યું, પણ સત્કાર્યનો બદલો સત્વરે વાળવાની પ્રકૃતિ ધરાવતા સ્વામીશ્રીએ તેમાંથી અડધોઅડધ રકમ આ સૂર્યમંદિરમાં નિર્માણ પામનારા સભાગૃહ માટે પરત કરી. તેઓની આ અનાસક્તિથી અભિભૂત થયેલા યજમાન શ્રી રમણભાઈએ તે જ ક્ષણે આ સભાગૃહનું નામ 'પ્રમુખસ્વામી વ્યાખ્યાન ભવન' રાખવાની ઘોષણા સંભળાવી દીધી.

સૌનો આવો આદર-પ્રેમ ઝીલતા સ્વામીશ્રી બોરસદથી દાવોલ, વાસણા, બોચાસણ થઈને તા. ૨૪/૧૨ની સવારે નવ વાગ્યે ભારેલ પધાર્યા. અહીં શોભાયાત્રા અને સ્વાગત-સભા બાદ પોણા બાર વાગ્યે શરૂ થયેલી પધરામણીઓ પૂર્ણ કરી તેઓ બપોરના ભોજન માટે બેઠા ત્યારે બે વાગી ચૂક્યા! ભોજન બાદ આરામને વિસારી સ્વામીશ્રી નડિયાદ, પેટલાદ, સુણાવને લાભ આપતાં તા. ૨૬/૧૨ની સાંજે ભેટાસી પધાર્યા.

અહીં આગમનના બીજા દિવસે પધરામણીએ નીકળેલા તેઓ સવારના ત્રણેક કલાકમાં તો ૬૦ ઘરો ઘૂમી વળ્યા. તેમાં એક ઘર આવ્યું સરપંચનું. તેઓ દારૂના અઠંગ વ્યસની. તેથી સત્સંગ વિષે 'એલર્જી' જેવું. છતાં પોતાને

ટીપનારનાયે શરીરને શોભાવતા સુવર્ણ જેવા સ્વામીશ્રી આ સરપંચને ઘેર પહોંચ્યા. અહીં લેશ થડકો પામ્યા વિના તેઓ આ યજમાનને વ્યસન છોડવા સમજાવવા લાગ્યા. *'અધમ ઉધારન પતિત પાવન, ખળકે ગંગા ધારજી...'* જેવી તેઓની વાણીએ, સરપંચ તથા તેઓના દીકરાને ગળગળા કરી મૂક્યા. એ બંનેની આંખોમાં અશ્રુ ઊભરાઈ આવ્યાં. તેઓ આંખની સાથે હાથમાં પણ જળ લઈ દારૂ ન પીવા પ્રતિજ્ઞાબદ્ધ થયા! આ જોઈ સરપંચના ચાર-પાંચ સાગરિતોએ પણ વ્યસનોને લાત મારી.

જીવનદાનનો આવો યજ્ઞ અખંડ ચલાવતા સ્વામીશ્રી ભેટાસીથી કંથારિયાને પાવન કરી તા. ૨૭/૧૨ની રાત્રે મોટી ચોવીસી (દ.ગુ.)પધાર્યા.

અત્રે રોકાઈને તેઓએ ચાર જ દિવસમાં નવસારી, મુનસાડ, સરભોણ, નીણત, લાખણપોર, અંભેટી, ઓડચી, સુપા, દંડેશ્વર, જલાલપુર, તરસાડી, કુરેલ, શાહૂ, ટોડી, વસર, સીસોદરા, ખડસુપા, નવા તળાવ, સાતેમ, પારડી વગેરે ગામોને પાવન કર્યાં. રોજ પાંચ-સાત ગામો ઘૂમીને તેઓ ચોવીસી પરત ફરતા.

તેઓના આવા અવિરત વિચરણના પ્રતાપે નવસારીમાં મંદિર-નિર્માણનાં ચક્રો ગતિમાન થઈ જતાં, તા. ૩૧/૧૨ના રોજ સ્ટેશન સામે રાયચંદ રોડ પર મંદિર માટે સંપાદિત થયેલી જમીનનું પૂજન પણ થઈ ગયું.

તે સાથે જ સ્વામીશ્રીનાં જીવન-કાર્યને નિહાળતાં-નિહાળતાં પૃથ્વીએ સૂર્યની આસપાસ વધુ એક પરિક્રમા પૂરી કરી.

આ છેલ્લી પ્રદક્ષિણા દરમ્યાન તો તે પોતાના જીવનમાં કદી ન જોયો હોય એવો દ્વિશતાબ્દી મહોત્સવ નીરખીને હરખાઈ ઊઠી, તો સ્વામીશ્રીના મજબૂત છતાં મૃદુ શરીર પરની શસ્ત્રક્રિયા જોઈને દ્રવી પણ ઊઠી. ઉત્સવની વ્યસ્તતા અને શરીરની વેદના વચ્ચે પણ આ એક વર્ષમાં ૪૮૯ ગામો ઘૂમી વળનારા સ્વામીશ્રીની કલ્યાણભાવના જોઈ, વધુ એક વાર અહોભાવમાં સરી પડતાં પૃથ્વી ગાઈ ઊઠી :

'ગંગાજી જેવા જ ઉદાર એ છે, જે સર્વને જીવનદાન દે છે...'

મેઘ જેવા સહુના સુખધામ

સન ૧૯૮૨
સિદ્ધાંતોમાં સમાધાન ન હોઈ શકે

તા. ૧/૧/૧૯૮૨ની સવારથી પૃથ્વીની જેમ ઘૂમવા માંડેલા સ્વામીશ્રી કણબાડ, ઉદવાડા અને વાપીને પાવન કરતાં તા. ૨/૧ના રોજ ભીલાડ પધાર્યા.

અહીં વલસાડ જિલ્લા નશાબંધી સમિતિ દ્વારા યોજાયેલા નશાબંધી સંમેલનમાં એકત્રિત થયેલી દસેક હજારની જનમેદનીએ ગગનભેદી જયનાદો દ્વારા તેઓનો સત્કાર કર્યો. તે સ્વીકારી ઘણા પ્રૌઢ સમાજસેવકોથી ભરચક મંચ પરથી સંબોધન કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું:

'નશાબંધી રહેવી જ જોઈએ. આજે જ્યારે ગાંધીજીના સિદ્ધાંતો ઉપર ગોળી વાગે છે તેનું દુઃખ ગાંધીજીને ગોડસેની ગોળી કરતાં વિશેષ થતું હશે! સિદ્ધાંતોમાં સમાધાન ન હોઈ શકે. મુશ્કેલીઓ આવે તે વેઠીને પણ કાયદો તો રાખવો જ; તો ગુજરાતની નહીં પણ વિશ્વની સેવા કરી ગણાશે. દારૂ-માંસની પેદાશમાંથી પ્રાપ્ત થયેલા પૈસા નકામા છે. તે આપણને, રાજ્યને કે રાષ્ટ્રને કશો ફાયદો કરવાના નથી; ઊલટું નુકસાન કરશે. આપણે ભલે ભૂખ્યા રહીએ પણ દારૂ તો ન જ જોઈએ. ગુજરાતમાં તો આ વિચાર જ આવવો ન જોઈએ.'

તત્કાલીન ગુજરાતમાં કેટલાકે દારૂબંધી હટાવી લેવાનો ઝંડો ઉઠાવેલો.

ઝડપથી પ્રસરી રહેલા આ વિનાશક વિચારધારાનાં મોજાંને ખાળવામાં સ્વામીશ્રીએ ખૂબ જહેમત લીધેલી. ગુજરાતમાં દારૂબંધી બરકરાર રહી તેમાં તેઓની આ મહેનતનું મૂલ પણ અમૂલ. જો સ્વામીશ્રી ન હોત તો ગુજરાતીઓ *'જય જય ગરવી ગુજરાત...'* ગાઈ શકવાની નૈતિકતા ગુમાવી ચૂક્યા હોત !

પતિતપાવન પ્રગટ્યા અમ કારણે રે

ભીલાડથી સેલવાસ પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે તા. ૩/૧ના રોજ અહીંના નાજુક મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ બિરાજી ગયા. આ મંદિરના પ્રતિષ્ઠા-મહોત્સવની સભામાં પધારતાં પૂર્વે સ્વામીશ્રી નજીકમાં આવેલા બાલદેવીમાં પણ મંદિરનું ખાતમુહૂર્ત કરી આવ્યા.

ત્યારબાદ તેઓએ સેલવાસની સભામાં પહોંચી સૌને આશીર્વાદથી ભીંજવતાં જણાવ્યું : 'સત્સંગ થયો તે લાખો રૂપિયા જ છે. સરકારની નીતિઓ બદલાય, પણ ધર્મની નીતિ કદાપિ ન બદલાય. અત્રેના આદિવાસી ભાઈઓ સત્સંગ કરાવે છે તે મોટી સેવા છે.'

આ આશીર્વર્ષા બાદ સૌ સભાસદો વારાફરતી વ્યક્તિગત દર્શન માટે આવવા લાગ્યા. પરંતુ એક આદમી દૂર જ ઊભો ઊભો સ્વામીશ્રીને નીરખી રહ્યો. તેની આસપાસના સૌ સ્વામીશ્રી પાસે આવી ગયા છતાં પેલી વ્યક્તિ તેના સ્થાન પરથી ન ખસી. પાંચ હજારની મેદનીમાં પણ આ વાત સ્વામીશ્રીની નજર બહાર ન રહી ! તેઓએ એક કાર્યકરને કહ્યું : 'પેલા ભાઈને અહીં બોલાવો.'

આદેશ થતાં એક હરિભક્ત તે અજાણ્યા આદમીને સ્વામીશ્રી પાસે લઈ આવ્યા. તે સમયે આ આગંતુક કંપી રહેલો. તે જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું : 'તમે કેમ ધ્રૂજો છો ?'

આ પ્રશ્નના જવાબરૂપે એ વ્યક્તિની આંખમાંથી શ્રાવણ-ભાદરવો વરસવા લાગ્યા. શરાબના નશામાં ચકચૂર રહેવાને કારણે લાલુ 'બાટલી'થી જ ઓળખાતો તે આદમી, અહીં આવતાં પહેલાં એક ધારદાર ચપ્પુ તેની પત્નીના પેટમાં જ હુલાવી દેવાની વેતરણમાં હતો, પરંતુ આ જઘન્ય કૃત્ય આચરવા જતાં જ કો'ક અગમ્ય કારણસર હથિયાર તેના હાથમાંથી છટકી ગયેલું ! તેથી ધ્રૂજી ઊઠેલો તે દોટ મૂકી સીધો ઘરની બહાર દોડી ગયેલો. ક્યાં જવું તે નક્કી નહોતું, પણ દિશાશૂન્ય દોડતું એ ભૂત સ્વામીશ્રીની ધર્મસભામાં આવી ચડેલું. અજાણતાંમાંયે તેને સાચી દિશા પકડાઈ ગયેલી !

અહીં દૂરથી જ થયેલાં સ્વામીશ્રીનાં દર્શન અને સાંભળેલી વાણીએ દારૂની બાટલીના જ ઓશીકે સૂઈ રહેનારા આ કુખ્યાતના અંતરમાં પશ્ચાત્તાપનું ઝરણું વહેતું કરી દીધું. સ્વામીશ્રી પાસે આવતાં જ એ ઝરણું અશ્રુધારા બનીને આંખ દ્વારા છલકાવા માંડ્યું. એ અશ્રુમાં શબ્દોને ઝબોળી તેણે સ્વામીશ્રીને પોતાની કરુણ કથની કહી સંભળાવી. સ્વામીશ્રીએ તેને પ્રેમપૂર્વક સમજાવી વ્યસનમુક્ત કર્યો. મંદિરની સાથે તેના હૃદયમાં પણ મહારાજ-સ્વામી પધરાવી દીધા.

તેથી આજની રાત્રે પહેલી વાર તે આદમી બાટલીને બદલે માળા ભેગી રાખીને સૂતો ! તે જોઈ તેનાં પત્ની-પડોશી સૌ આશ્ચર્ય પામ્યાં. પરંતુ સમય જતાં તો આખી આલમનાં નેત્રો વિસ્ફારિત થઈ ગયાં, કારણ કે સ્વામીશ્રીના સહવાસથી લાલુભાઈના ઘરમાં પ્રવેશેલા સત્સંગને કારણે, કાળક્રમે તેઓ ટેલિફોન એક્સચેન્જના પ્રામાણિક કર્મચારીની શાખ ધરાવતા થયા અને તેઓનો દીકરો તો ડૉક્ટર (M.D.) બન્યો. મંદિરોની સાથે માનવીઓના પણ નિર્માતા હતા સ્વામીશ્રી !

એટલે જ તેઓએ પૂરેલો જીવન-પરિવર્તનનો આ પરચો જોઈ સૌ તેઓને નમી પડતાં ગાઈ ઊઠ્યા : *'પતિતપાવન પ્રગટ્યા આજ અમ કારણે રે, વારે વારે વા'લાજી જાઉં તારે વારણે રે...'*

રાખતાં નથી આળસ રજે[૭૨]

સેલવાસથી અતુલ થઈને વલસાડ પધારેલા સ્વામીશ્રીએ અહીં આવાંબાઈ હાઈસ્કૂલના પ્રાંગણમાં જાહેર-સભા અને દેસાઈ પંચની વાડીમાં કાર્યકર સભા સંબોધી.

ત્યારબાદ તા. ૪/૧ની સવારે કોસંબા ભાગડા પહોંચેલા તેઓને ગામવાસીઓ શણગારેલી રિક્ષામાં નગરયાત્રા કાઢી મંદિર માટે મેળવાયેલી ભૂમિ પર લઈ આવ્યા. સ્વામીશ્રીએ ત્યાં પુષ્પો પધરાવ્યા, ગામમાં કેટલીક પધરામણીઓ કરી અને લીલાપોર, ડુંગરીને લાભ આપતાં દોણજા આવી ગયા.

આ ગામમાં પણ તા. ૫/૧ની સવારે ૪૦ પધરામણીઓ કર્યા બાદ ટોરવણ, કુકેરી, સુરખાઈ, નાની ખાડી, વાંદરવેલા, સારવણીને સુખ આપતાં સ્વામીશ્રી બિલિમોરાના ગાંધીસદનમાં પધાર્યા. અહીં જાહેર-સભાનો લાભ

૭૨. લેશ પણ.

આપી તેઓ દેવધા, તલિયારા, અમલસાડ, ધમડાછા થઈને તા. ૬/૧ની રાત્રે સાંકરી આવી પહોંચ્યા.

અત્રે દર્શન-આશીર્વાદનો લાભ લેવા ઊમટેલા સેંકડો હરિભક્તોને તૃપ્તિ પમાડી સ્વામીશ્રી પલસોદ, રાયમ, બારડોલીને પાવન કરતાં સુરત પધાર્યા.

આ શહેરમાં તેઓએ તા. ૮/૧ની સવારે તાપી કાંઠે આવેલા અડાજણના ખેતરમાં પોંક ઉત્સવ કર્યો. આ જગ્યા નિર્માણાધીન મંદિર માટેની સંભવિત જમીન હતી. તેને આમ પાવન કરી સ્વામીશ્રી ભટાર રોડ પરના એક બંગલે રોકાયેલા રવિશંકર મહારાજને મળવા પહોંચ્યા.

આ લોકસેવક પોતાનો બપોરનો આરામ ઠેલી ઉત્કંઠાપૂર્વક સ્વામીશ્રીની પ્રતીક્ષામાં હતા. સ્વામીશ્રીને મળતાં જ તેઓએ ખૂબ આનંદ વ્યક્ત કર્યો, સ્વામીશ્રીની આંખના સમાચાર પૂછ્યા અને કહ્યું : 'મેં ભગવાન સ્વામિનારાયણના જીવનચરિત્રના બે ભાગ સાંભળી લીધા છે. હવે ત્રીજો મોકલો. કાલથી જ સાંભળવો છે.'

તેમ કરવાની બાંયધરી આપી સ્વામીશ્રી અટલાદરા જવા નીકળ્યા ત્યારે છેલ્લા તેર દિવસના વિચરણ દરમ્યાન તેઓ દક્ષિણ ગુજરાતનાં ૫૧ ગામો ઘૂમી વળેલા અને ૭૦૦ પધરામણીઓ કરી ચૂકેલા ! નવા વર્ષના દિવસો તેના પ્રથમ સપ્તાહથી જ સ્વામીશ્રીની તેજ રફતાર સાથે હાંફવા માંડ્યા ! જો કે, દિવસને તો રાત્રે વિરામ મળતો અને રાત્રિ દિવસે વિસામો લેતી; પરંતુ સ્વામીશ્રી તો અવિરામ મંડેલા રહેતા.

તેથી જ આવા ધરખમ વિચરણ બાદ આજે રાત્રે નવ વાગ્યે અટલાદરા પહોંચેલા તેઓ, દસ વાગ્યાથી એક વાગ્યા સુધી એક કુટુંબ-ક્લેશના નિવારણ માટે આસન જમાવીને બેઠા ! *'દાસનાં દુઃખ ટાળવાં, રાખતા નથી આળસ રજે...'* સમા સ્વામીશ્રીની કેવી કરુણા !

પક્ષના પંથના પ્રવાસી

તા. ૮/૧ની રાત્રે સ્વામીશ્રી જ્યારે એક કુટુંબ-કલહને ઠારી રહેલા ત્યારે જ અટલાદરાનો કો'ક યુવાન દારૂના નશામાં છાકટો થઈને મંદિરમાં ટેલિફોન કરવા આવી ચડેલો. તે સમયે તેણે દાખવેલી ગેરવર્તણૂક જોઈને મંદિરના એક સમર્પિત સેવકે તેને ટોકેલો અને પોલીસના હવાલે કરી દીધેલો. તેથી છંછેડાયેલા એ યુવાનના સંબંધીઓ તા. ૯/૧ની સવારે મંદિર પર ધોંસ

બોલાવવા આવી ચડ્યા. સ્વામીશ્રીએ તેઓનો ઉશ્કેરાટ પણ શાંતિથી શમાવતાં તે સૌ પ્રસન્ન ચિત્તે વિદાય થવા માંડ્યા. પરંતુ તે વખતે કેટલાકે સ્વામીશ્રીને કહ્યું: 'પેલા સમર્પિત સેવકની બીજા મંદિરમાં બદલી કરી નાંખો.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'આ અમારા ઘરની વાત છે. તમારો છોકરો કે બૈરાં ખરાબ હોય તો કોઈના કહેવાથી કાઢી મૂકો છો? અમે અમારી રીતે વિચારીશું. તમારે તે કહેવું નહીં. રાત્રે જે થયું તે ખોટું થયું છે. તે ભૂલી જવું. દુઃખ લગાડવું નહીં.'

ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે કે 'જેને ભગવાનનો ને ભગવાનના ભક્તનો પક્ષ હોય તેને જ ભગવાનનો પૂરો ભક્ત કહેવાય.'[૭૩] આ શ્રીજી-સિદ્ધાંત મુજબ સ્વામીશ્રી પક્ષના પંથના પ્રવાસી રહેલા.

આ નવું નથી

તા. ૯/૧ની સવારે સ્વામીશ્રી અટલાદરાથી ડભાણ આવી પહોંચ્યા ત્યારે અહીં શ્રીજીમહારાજના પ્રાસાદિક તળાવના કિનારે બંધાતા અક્ષર-પુરુષોત્તમ મંદિરના પ્રાંગણમાં, ગુણાતીત દીક્ષાદિનનો સમૈયો ભરપટે ભરાયો હતો. આશરે સાતેક હજાર હરિભક્તોની એ મેદનીને મોક્ષમાર્ગનું ભાથું બંધાવતાં સ્વામીશ્રીએ કહ્યું:

'અહીં મંદિરની પ્રતિષ્ઠા પૂર્વે સમૈયા શરૂ થઈ ગયા. વેપારી જેમ 'સેમ્પલ' બતાવે છે તેમ મહારાજે ગુણાતીતાનંદ સ્વામી આપણો આદર્શ બતાવ્યા કે 'બધાને આવા કરવા છે.' આપણે ભાગ્યશાળી છીએ કે આપણને ગળગૂથીમાંથી આવા સંસ્કાર મળ્યા છે. ગુણાતીતાનંદ સ્વામીને ઓળખાવવાની સેવા મળી છે. આ નવું નથી. વૈદિક ઉપાસના છે. ઘણા ગ્રંથોમાં આ વાત છે. આપણે નિઃશંકપણે આ વાત કરવાની છે.'

સ્વામીશ્રીના આશીર્વાદ બાદ સૌએ પોતાના ડાબરા ખોલતાં જ સમૂહ-ભોજનનું એક હૃદયંગમ દૃશ્ય સર્જાઈ રહ્યું. પોતાના પાથેયમાંથી અરસપરસ વાનગીઓની આપ-લે કરતાં જમી રહેલો એ ભક્તસમૂહ, હજારો વ્યક્તિઓના એક કુટુંબ જેવો શોભતો હતો. શ્રીજીએ પ્રવર્તાવેલા અને સ્વામીશ્રીએ પોષેલા સમૈયાઓ, સમગ્ર સત્સંગ-સમુદાયને આત્મબુદ્ધિના રસાયણમાં ઝબકોળીને અક્ષરધામ ઢૂંકડું લાવનારા છે, તેની પ્રતીતિ આવા અવસરે થતી.

---

૭૩. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૦.

આવો જ અન્ય એક અવસર સ્વામીશ્રી ડભાણથી નડિયાદ થઈને બોચાસણ પધાર્યા ત્યારે તેઓની રાહ જોઈને ઊભેલો. આજે રાત્રે ૧૧:૪૬ વાગ્યાથી શરૂ થનારા ચંદ્રગ્રહણને ઊજવવા ગામોગામથી સેંકડો હરિભક્તો અહીં દોડી આવેલા. તેમાં સંતોએ સતત અઢી કલાક સુધી ભજનની કડકડાટી બોલાવી.

અંતે સૌ પર અમૃતધારા વરસાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: *'ભાગ્ય જાગ્યાં રે આજ જાણવાં...* શ્રીજીમહારાજ ધણી થયા એટલે અનાથપણાનું મહેણું ઊતર્યું. તેના ધારક સંત મળ્યા, તેને વિષે આત્મબુદ્ધિ થઈ તે કલ્યાણ થઈ ગયું. ઘાણલાની મૂળી ડોશીને કેવો કેફ! ખીસ્સામાં ફદિયું ન હોય ને કોઈની પાસેથી પાંચ રૂપિયા ઉધાર લેવાના હોય છતાં કેફમાં રહેવું. કલ્યાણમાં કંગાલપણું ન માનવું. ભગવાનની પાસે બેસવાનું મળે તે ધન્ય અવસર. સોનાની ખુરશી કે ગાડીમાં બેસવાનું મળે તે ધન્ય અવસર નહીં.'

સ્વામીશ્રીની આજની પરાવાણી જીવને રાંકપણાના ગ્રહણથી છોડાવનારી બની રહી.

એ તો સ્થાનક છે તીર્થરૂપ રે

ગ્રહણ નિમિત્તે ગઈ આખી રાતનો ઉજાગરો હોવા છતાં તા. ૧૦/૧ની સવારે કોસીન્દ્રા પહોંચી ગયેલા સ્વામીશ્રીએ અત્રે ૪૫ પધરામણીઓ કરી દીધી! આ કાર્યક્રમમાં તેઓએ ગામની સીમમાં રહેનારા ભક્તોને પણ તારવ્યા નહીં.

પધરામણીઓ બાદ ભોજન, વિશ્રામ કરીને તેઓ લૉસ એન્જેલસ મંદિરના નકશા જોવા બેઠા. ધૂળિયાં ગામડાંમાં ફરતા તેઓ વિદેશનાં મંદિરોને ઘાટ આપતા રહેતા! ધરતીના બેય છેડાઓને બરાબર પકડી રાખી કાર્ય કરનારા હતા સ્વામીશ્રી.

આ રીતે મંદિર-નિર્માણના વિમર્શથી પરવારેલા તેઓએ સંતોને પૂછ્યું: 'સંધ્યા આરતી કરી?'

'હા.'

'ક્યાં કરી?'

'અહીં ઉતારે જ.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'ગામમાં મંદિર હોય તો મંદિરમાં જઈને

આરતી કરવી. અહીં તો મંદિર છે જ. માટે કાલે સવારે મંદિરે આરતી કરજો.'

આ સૂક્ષ્મ પણ રૂડો વિવેક શીખવતા તેઓ કોસીન્દ્રાથી લાલપુરા થઈને બામણગામ પધાર્યા.

અત્રે મંડળ દ્વારા તા. ૧૨/૧થી ત્રિદિવસીય પારાયણ યોજાયેલું. તેથી સ્વામીશ્રીનો મુકામ ગામમાં જ હતો, પણ દિવસ દરમ્યાન તેઓ આસપાસનાં જીલોડ, કોઠીઆખાડ, કિંખલોડ, ગંભીરા વગેરે ગામોમાં સભા-પધરામણીઓનો લાભ આપવા ગયા. અહીં કો'ક જગ્યાએ દૂધમંડળીના ઓટલે તો કો'ક જગ્યાએ વિદ્યામંદિરોમાં તેઓની સભાઓ યોજાઈ. સ્વામીશ્રીએ જ્યાં જે વ્યવસ્થા મળી ત્યાં તે પ્રમાણે અનુકૂળ થઈ ધર્મલાભ આપ્યો.

તે મુજબ ચાલતા પારાયણની પૂર્ણાહુતિના દિવસે મકરસંક્રાંતિ આવતાં સ્વામીશ્રીએ સંતોનાં બે મંડળો પાડી તેઓને આજુબાજુનાં ગામોમાં ઝોળી માંગવા મોકલ્યા. બે સંતોને પારાયણ કરવાનો આદેશ આપી પોતે પણ બામણગામમાં ઝોળી માંગવા નીકળ્યા.

અગિયાર વર્ષ પછી આજે પુનઃ આ ગામની શેરીઓમાં તેઓની 'નારાયણ હરે...'ની આહ્‌લેક ગુંજવા માંડતાં હરિભક્તોના ઉમંગે માઝા મૂકી. સૌ ચોખા, દાળ, ઘઉં, બાજરી સૂપડે-સૂપડે ને ટોપલે-ટોપલે દેવા લાગ્યા. સ્વામીશ્રીની ઝોળીમાં તો પ્રતીકરૂપે મૂઠી અનાજ પધરાવતા, પણ બાકીનું યુવકોના કોથળામાં. ઘી, લોટ, ગોળ, તલના લાડુ, શાકભાજીનો પણ પ્રવાહ ચાલ્યો. આખું ગામ ઘેલું થઈ રહ્યું.

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે 'ભગવાનના એકાંતિક સાધુ જેને ઘેર ભિક્ષા માંગવા જઈને ઊભા રહે તેનું ઘર તીર્થરૂપ થઈ રહ્યું ને સર્વે તીર્થ ગયાનું એને ફળ થાય છે...'[૭૪] આ મુજબ સ્વામીશ્રીએ સવારના પોણા નવથી પોણા બાર વાગ્યા સુધી ઝોળી માંગીને ઘરોઘરને તીર્થરૂપ કરી મૂક્યાં. ઝોળીમાં સીધાં સાથે કેટલાયનાં વ્યસનો-દૂષણો લઈ તેઓના જીવનને પણ 'ઉત્તરાયન' કરાવ્યું. ઠાકોરવાસમાં જવા માટે તો સ્વામીશ્રીએ ટ્રેલર વગરના ટ્રેક્ટર પર બેસીને મુસાફરી કરી!

સ્વામિનારાયણ સંપ્રદાયનું રત્ન

બામણગામથી નડા પહોંચેલા સ્વામીશ્રીએ અત્રે તા. ૧૫/૧ની સવારે

૭૪. સ્વામીની વાતો : ૫/૬૦.

૩૬ પધરામણીઓ કરી. આ કાર્યક્રમ ચાલી રહેલો તે વખતે જ રામાનંદી જગદ્‌ગુરુ પૂજ્ય શિવરામાચાર્યની નગરયાત્રા સામે મળી. આ સંતશ્રીનું નવાહ્ન પારાયણ મંડાળામાં ચાલી રહેલું. ત્યાંથી અહીં આવવામાં તેઓને વાહનની અછત નડી રહેલી. સ્વામીશ્રીને આ જાણ થતાં જ તેઓએ પોતાની મોટર આ આચાર્યશ્રીને લેવા-મૂકવા ફાળવી દીધેલી. આ સૌજન્યથી અભિભૂત તેઓએ આજે ચાલુ નગરયાત્રામાં જ સ્વામીશ્રીને હાર પહેરાવી સત્કાર્યા.

તે સ્વીકારી નડાથી નીકળેલા સ્વામીશ્રી માર્ગમાં આવતા મોટા હબીપુરામાં લાભ આપી બપોરે દોઢ વાગ્યે મંડાળા આવી ગયા.

અત્રે રામાનંદાચાર્યની શતાબ્દીના ઉપલક્ષ્યે યોજાયેલી નગરયાત્રા તથા પારાયણમાં તેઓએ લાભ આપ્યો. તે પછી તા. ૧૬/૧ના રોજ થયેલી આ પારાયણની પૂર્ણાહુતિની સાંજે શ્રી શિવરામાચાર્યને પધરામણીએ જવાનું હતું, પરંતુ તેઓ પાસે વાહનયોગ ન હોવાથી સ્વામીશ્રીએ અહીં પણ તેઓ માટે પોતાની મોટર મોકલી આપી અને પોતે પચાસ પધરામણીઓ પગપાળાં ફર્યા !

આપણને જેની જરૂરિયાત હોય તે બીજાને આપી દેવામાં સાચી દયા સમાયેલી છે. સ્વામીશ્રીની આ સાધુવૃત્તિથી ડોલી ગયેલા એ જગદ્‌ગુરુ બોલી ઊઠ્યા : 'પ્રમુખસ્વામી તો સ્વામિનારાયણ સંપ્રદાયનું રત્ન છે !'

ધાર્યો ધર્મ તે મૂકવો નહીં

મંડાળાથી નીકળેલા સ્વામીશ્રી તા. ૧૭/૧ની સાંજે કરમાલને પાવન કરતાં 'કાયાવરોહણ જેસીઝ(Jaycees)'ના ઉદ્‌ઘાટન પ્રસંગે તે ગામના લકુલીશ વિદ્યા-મંદિરમાં આવી પહોંચ્યા. પરંતુ અહીં યોજાયેલી સભામાં મંચ પર જ મહિલાઓ હોવાથી તેઓ સભામંડપમાં ન જતાં વિદ્યામંદિરના એક ઓરડામાં બિરાજ્યા. ત્યાં જ તેઓએ જેસીઝના હોદ્દેદારોને બોલાવી આશીર્વાદ આપ્યા અને વિદાય લીધી.

*'ધાર્યો ધર્મ તે મૂકવો નહીં...'*ની સ્વામીશ્રીની રીત દરેક ઠેકાણે અકબંધ રહેતી. તેથી સૌને તેઓ વિષે અત્યંત સદ્‌ભાવ થતો. તેનો પુરાવો તા. ૧૮/૧ની સવારે કાયાવરોહણમાં જ યોજાયેલી ભવ્ય સભા દરમ્યાન જોવા મળ્યો.

સમીપવર્તી કુંવરપુરા અને લિંગસ્થળીમાં ૬૫ પધરામણીઓ કરીને સ્વામીશ્રી જ્યારે આ સભામાં પધાર્યા ત્યારે અહીં દોઢ હજારની ગણતરી લેખે રસોઈનાં આંધણ મુકાયેલાં. પરંતુ 'પ્રમુખસ્વામી આવ્યા છે...'નો ગોકીરો એવો

થયો કે બમણી સંખ્યામાં લોકો ઊમટી પડ્યા. છતાં સ્વામીશ્રીની કૃપાથી દોઢ હજારની રસોઈમાં ત્રણ હજાર ભાવિકોએ ભોજન લીધું!

સ્વામીશ્રીના આ ઐશ્વર્યની અસર સાયંકાળે પણ જણાઈ. ઘરોઘરમાં તેઓનો જાદુ પ્રસરી ગયો હોવાથી, સાંજના ચાર વાગ્યાથી રાતના આઠ વાગ્યા સુધીમાં ૧૨૦ પધરામણીઓ થઈ! અહીંથી શમશાબાદ થઈને સ્વામીશ્રી રાત્રે સાડા નવ વાગ્યે સલાડ પહોંચ્યા ત્યારે આજની તેઓની પધરામણીઓ ૧૮૫ના આંકડાને અડી ગઈ!

ભક્ત-ભગવાનને ભૂલે નહીં

તા. ૧૯/૧ની સવારે સલાડથી નીકળેલા સ્વામીશ્રી રૂંવાદ, હાંસાપુર, શાહપુરા, ફતેહપુરા, સુંદરપુરા, માંગલેજ, હાંડોદ, શમ્ભોઈ, ખાંધા, માંગરોલ, કંબાલા, કુરઈ, કરજણ, વડોદરા, છાણી અને બોચાસણને લાભ આપતાં તા. ૨૦/૧ની રાત્રે સાડા નવ વાગ્યે નાર પહોંચ્યા ત્યારે માત્ર બે જ દિવસમાં તેઓ અઢાર ગામો ઘૂમી વળેલા!

પરંતુ આ ભરચક વિચરણમાં બે વિગતો ધ્યાનાકર્ષક રહી. પ્રથમ નવીન વાત બની તા. ૧૯/૧ની સાંજે, જ્યારે સ્વામીશ્રી માંગલેજ પહોંચ્યા.

પૂર્વનિર્ધારિત કાર્યક્રમ હોવા છતાં અહીંના યજમાન બહારગામ ચાલ્યા ગયેલા. તેઓની આ હલચલના કારણે સ્વામીશ્રીને તે ગામનો ધરમધક્કો થયો, પણ બીજે દિવસે એ જ મુરબ્બીએ કરજણ મુકામે આવી સ્વામીશ્રી પાસે પોતાને ઘેર પગલાં કરવા અરજ ગુજારી.

વીજળીવેગે દોડતા સ્વામીશ્રીના કાર્યક્રમમાં તેઓએ નાંખેલી આ અડચણ દરેકને ખટકી. પોતાની મુનસફી મુજબ ચાલનારા આ ભાવિક સ્વામીશ્રીને નાહકના અહીંથી તહીં ધક્કે ચડાવી રહેલા. તેથી સૌની અકળામણ વાજબી તો હતી જ. પરંતુ વિચરણના પૂરપાટ દોડતા રથ નીચે સ્વામીશ્રીએ કદી માનવીય મનોરથોનો ભુક્કો થવા દીધો નહોતો. તેથી સૌની અનિચ્છા અને પોતાનો ભીડો અવગણીને તેઓ આવવા-જવાના વીસ. કિ.મી. કાપી પુનઃ માંગલેજ ગયા અને તે ભક્તને રાજી કર્યા.

અતિ વ્યસ્તતામાં પણ સ્વામીશ્રી જેમ ભક્તને વીસરતા નહીં તેમ ભગવાનનેય ન ભૂલતા. બે દિવસમાં અઢાર ગામો પગ તળે કરીને નાર પહોંચેલા તેઓની નગરયાત્રા અહીં રાત્રે સાડા નવ વાગ્યે શરૂ થઈ. હોડી

આકારનો સુંદર રથ તેઓ માટે શણગારેલો. તેમાં બિરાજતી વખતે સ્વામીશ્રીએ હરિકૃષ્ણ મહારાજને તો થાળ આરોગવા ઉતારે મોકલી આપેલા. તેથી આ શોભાયાત્રામાં તેઓએ પધરામણીના થેલામાંથી જાતે જ ઠાકોરજીની પટપ્રતિમા કાઢી પોતાના ખોળામાં લઈ લીધી !

સ્વામીશ્રીની મહાનતા કેવળ તેઓના વિશ્વવિક્રમી વિચરણથી નથી, પરંતુ આવા ગતિશીલ પ્રવાસોમાં પણ તેઓ ભક્ત અને ભગવાનને કદી ભૂલ્યા નહોતા તેમાં રહેલી છે.

...તો જવાબદારી મારી

નારમાં તા. ૨૧/૧થી આરંભાયેલા પંચદિવસીય પારાયણમાં સ્વામીશ્રી રોજ સવારે અમદાવાદ દેશનાં વધારાનાં અગિયાર વચનામૃતોમાંથી એક-એક વચનામૃત પર નિરૂપણ કરતા. દિવસ દરમ્યાન આજુબાજુનાં ગામોમાં વિચરણ માટે પણ નીકળી પડતા.

તે ક્રમમાં તા. ૨૧/૧ના રોજ તેઓએ રામોદડીને પાવન કર્યું. ગઢવીઓના આ ગામમાં ભાવભરપૂર સ્વાગત બાદ ગામના ચોરે ભરાયેલી સભામાં શ્રોતાસમૂહ મહદંશે ગઢવીભાઈઓનો હોવાથી, ચાલુ પ્રવચનમાં 'વાહ... વાહ...'ના પોકારો થતા રહ્યા. આ એક નવો અનુભવ લઈ સ્વામીશ્રી રાત્રે નવ વાગ્યે પુનઃ નાર આવી ગયા.

અહીં આજે કોમેન્ટ્રી સહિત તૈયાર થયેલી દ્વિશતાબ્દી મહોત્સવની ફિલ્મ બતાવવાનું આયોજન ગોઠવાયેલું. તે જોવાની ઇચ્છા સ્વામીશ્રીને પણ ખરી. તેથી તેઓ સીધા મંદિરે પહોંચ્યા. પરંતુ ત્યાં જતાં ખબર પડી કે 'ફિલ્મ-દર્શન તો ગામની ટાંકી પાસેના અખાડામાં યોજાયું છે.' એટલે સ્વામીશ્રી ત્યાં પહોંચ્યા. પણ અહીં તો જાહેર કાર્યક્રમ હોવાથી મહિલાવર્ગની પણ પુષ્કળ ગિરદી હતી. તેથી 'ચાલો પાછા' એમ કહેતાં સ્વામીશ્રી પુનઃ ઉતારે આવી ગયા અને બોલવા લાગ્યા : 'મારે ફિલ્મ જોવી હતી. હવે ફરી ક્યારે જોવાની થશે ? વ્યવસ્થા થઈ ગઈ હોત તો ઠીક હતું.'

તેઓના આ ઉદ્‌ગારોમાં મહારાજના મહોત્સવનો દર્શનલાભ ચુકાયાનો રંજ હતો.

આમ, શ્રીજીમૂર્તિમાં જ સદા રમમાણ સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૨૫/૧ની સવારે પારાયણની દબદબાભેર પૂર્ણાહુતિ થઈ. તે વખતે સંતોની

કથા અને સ્વામીશ્રીના આશીર્વાદ એવા રંગ લાવ્યા કે સભામાંથી ઘણા માણસોએ ઊઠી-ઊઠીને બીડીઓના ભુક્કા કરી સ્વામીશ્રીના હસ્તે વ્યસન-મુક્તિના નિયમો લીધા. કો'કે હોકલા ફોડ્યા તો કો'કે સિગારેટો છોડી. કેટલાયે તમાકુ, છીંકણી, માવા-મસાલાને લાત મારી. પારાયણની આ ફળશ્રુતિથી ગામ ઘણું રાજી થયું. ચારેકોર મુક્તિનો આનંદ છવાઈ રહ્યો.

સ્વામીશ્રીએ પણ આશીર્વાદ વરસાવ્યા કે 'પારાયણ સર્વોપરી થયું. મહિમા જીવમાં ઊતર્યો હોય તો બળ આવે. નિયમો લીધા છે તેણે શિર સાટે પાળવા. દેહ પડવાનો નથી. વ્યસન છોડતાં દેહ પડે તો જવાબદારી મારી.'

નટપુરમાં નટવરની પ્રતિષ્ઠા

નારથી ત્રાજ, કરમસદને પાવન કરતાં વિદ્યાનગર પધારેલા સ્વામીશ્રી અહીં તા. ૨૬/૧ની સવારે છાત્રાલયનું વિસ્તરણ કરવાના પ્રકલ્પનો ખાતવિધિ કરી બપોરે નડિયાદ જવા નીકળ્યા.

અત્રે તૈયાર થઈ ગયેલા નૂતન ત્રિશિખરીય મંદિર નિમિત્તે નીકળનારી નગરયાત્રાનો પ્રારંભ સંતરામ મંદિરના પ્રાંગણમાંથી થવાનો હતો. સ્વામીશ્રી સીધા ત્યાં જ પહોંચવાના હોવાથી નડિયાદમાં પ્રવેશતાં તેઓએ એક બંગલા પાસે ઊગેલા વૃક્ષના છાંયે ગાડી ઊભી રખાવી અને ઠાકોરજીને જળ-ફળ ધરાવી દેવા સંતોને સૂચના આપી. આ આજ્ઞા અનુસાર સંતો ઠાકોરજીની સેવામાં પરોવાયા. તે વખતે જ જે બંગલા આગળ ગાડી ઊભી રહેલી તેમાં રહેતી ગૃહિણીની નજર સ્વામીશ્રી પર જતાં તેઓએ ગાડીચાલકને કહેવડાવ્યું કે 'સ્વામીને અંદર લાવો. પાણી પીવડાવીએ.'

આ મહિલાના ભોળા હૃદયનો ભક્તિભાવ ઠાકોરજી સુધી પહોંચી જતાં સ્વામીશ્રી હરિકૃષ્ણ મહારાજ સાથે તે ઘરમાં પધાર્યા. તેથી એ ભાગ્યનિધિ ભામિનીને તો આનંદના ઓઘ વળી ગયા. તેઓએ સંત-ભગવંતની યથાયોગ્ય સંભાવના કરી પોતાનું કામ કાઢી લીધું.

આમ, *'સહુને સરખો સમાસ...'* પમાડતા સ્વામીશ્રી બપોરે પોણા ચાર વાગ્યે સંતરામ મંદિરના પ્રાંગણમાં પહોંચ્યા ત્યારે ત્યાં નગરયાત્રાનાં પડઘમ ગુંજી રહ્યાં. આ પ્રસંગે આખું નગર ધજા-પતાકા, આસોપાલવનાં તોરણો, આકર્ષક કમાનો વગેરે દ્વારા સજાવવામાં આવેલું. અક્ષર-પુરુષોત્તમ મહારાજની આરસની મૂર્તિ સહિત દેવો-ગુરુઓ કલાત્મક રથમાં શોભી રહેલા. અનેક

અવનવી રજૂઆતો પણ શહેરવાસીઓને મંત્રમુગ્ધ બનાવતી હતી. સાડા ત્રણ કલાકે આ શોભાયાત્રા નવનિર્મિત મંદિરે વિરમી ત્યારે નવ તળાવ અને નવ ભાગોળ ધરાવનારી આ સંસ્કારી-નગરીમાં જયજયકાર થઈ ચૂક્યો.

તે ઝીલતા અક્ષર-પુરુષોત્તમ મહારાજ તા. ૨૭/૧ની સવારે સ્વામીશ્રીના વરદહસ્તે નૂતન મંદિરના રજત સિંહાસનમાં પ્રતિષ્ઠિત થયા. સૌએ આ ક્ષણોને બુલંદ જયનાદોથી વધાવી લીધી. પ્રતિષ્ઠા બાદ યજ્ઞશાળામાં પૂર્ણાહુતિનું શ્રીફળ હોમી સ્વામીશ્રી મંદિર નજીક હાઈ-વે પર આવેલી પેટલાદ ચોકડીએ પધાર્યા.

અક્ષરબ્રહ્મ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે નગરપાલિકાએ આ ચોકનું 'અક્ષરચોક' નામાભિધાન કરેલું. તેના પાટિયાનું અનાવરણ કરી પ્રતિષ્ઠા-સભામાં પહોંચેલા સ્વામીશ્રીને નગરપતિ, ધારાસભ્ય, પૂર્વ મુખ્યમંત્રી, આણદાબાવા આશ્રમના મહંતશ્રી વગેરેએ બિરદાવ્યા. લગભગ બાર હજારની ભક્તમેદની આ અવસરની સાક્ષી બની ધન્ય થઈ ઊઠી.

સૌને આપે હિત ઉપદેશ

મૂર્તિપ્રતિષ્ઠાની સાંજે પીપલગ, ગુતાલની સીમમાં પધરામણીઓ કરીને સ્વામીશ્રી નડિયાદમાં ચાલતા વરલી-મટકા અને જુગારના એક અડ્ડા પર જઈ પહોંચ્યા !

વ્યસન તથા વહેમની નાગચૂડમાં ફસાઈ ગયેલો અહીંના એક સત્સંગીનો ભાઈ જુગારની બદીમાં પણ લબદાયેલો. તે આ ચુંગાલમાંથી મુક્ત થઈ સત્સંગના રંગે રંગાય તેવી લાગણી સત્સંગી ભાઈને રહ્યા કરતી. તે બાબતે તેણે સ્વામીશ્રીને વિનંતી કરતાં આજે તેઓએ આ અડ્ડા પર સત્સંગનો દરોડો પાડ્યો. પોલીસની 'રેડ' પડે તો ગુનેગાર બંધનમાં આવે પણ સંતોનો દરોડો પડે તો તે મુક્ત થાય. તે રીતે આજે એ વ્યસની ભાઈ કુટેવોથી મુક્ત થઈ મનુષ્યના નોરમાં આવ્યો.

જનસુધારણાના આંદોલનમાં સ્વામીશ્રી ક્યાં ક્યાં જઈને ઊભા રહેલા ! આપણા અંધારા વચ્ચે આસન જમાવીને આપણા અંધારા ઉલેચતી એ જ્યોતિર્મય વિભૂતિ હતી !

નડિયાદમાં આમ માનવ અને મંદિરનું નિર્માણ એકસાથે કરી અટલાદરા પધારેલા સ્વામીશ્રીએ અહીં તા. ૨૯/૧ના રોજ 'નરહરિ આરોગ્ય કેન્દ્ર'માં પગલાં પાડ્યા. ગત વર્ષે ઊજવાયેલા તેઓના ૬૦મા જન્મજયંતી

મહોત્સવે આ સંસ્થામાં સ્વામીશ્રીએ માતબર રકમનું દાન જાહેર કરેલું. ત્યારથી સંચાલકોની ઇચ્છા તેઓને પધરાવવાની હતી. તે આજે પૂર્ણ થઈ.

તેને અનુસરતાં તા. ૩૦/૧ના રોજ ઊજવાયેલા યજ્ઞપુરુષ જયંતી(વસંત પંચમી)ના સમૈયાની સાંજથી અત્રે વડોદરા જિલ્લાના કાર્યકરોની શિબિરનો પ્રારંભ થયો. તેમાં તા. ૩૧/૧ની સવારે સ્વામીશ્રીએ કાર્યકરો સન્મુખ અક્ષરબ્રહ્મ દ્વિશતાબ્દી મહોત્સવનો ધ્વજ ફરકાવી કહ્યું: 'જે ઝંડા નીચે ઊભા છીએ તેનું નામ ઉજ્જ્વળ કરવું.'

આ સૂત્રાત્મક ઉપદેશ આપી કાર્યકર શિબિરમાંથી વિદાય થયેલા સ્વામીશ્રી અલંકાર થિયેટરમાં પધાર્યા. આ અરસામાં ગુજરાત રાજ્યના માહિતી ખાતાએ શ્રીજીમહારાજનાં જીવન-કાર્યને વર્ણવતી 'યુગદ્રષ્ટા સહજાનંદ સ્વામી' નામે દસ મિનિટની ફિલ્મ તૈયાર કરેલી. તે અહીં નિહાળી સ્વામીશ્રી તા. ૩૧/૧ની સાંજે IPCL (ઇન્ડિયન પેટ્રોકેમિકલ્સ કૉર્પોરેશન લિમિટેડ) વસાહતમાં પહોંચ્યા.

અહીંના ઓપન એર થિયેટરમાં યોજાયેલી સભા આ નિગમના ઉચ્ચ પદાધિકારીઓ સહિત વિશાળ જનમેદનીથી ભરચક હતી. તે સૌનો ઉમળકાભર્યો સત્કાર સ્વીકારી સ્વામીશ્રીએ પ્રૌઢ સદુપદેશ આપતાં જણાવ્યું:

'કચરામાંથી સારી વસ્તુ બનાવવાનું આ કારખાનું છે. આ જ્ઞાન જરૂરી છે, પણ માણસ બગડેલો છે તેને સુધારવાનું જ્ઞાન વેદોએ આપેલું છે. તે આત્મા અને પરમાત્માનું જ્ઞાન છે. તેમાં બુદ્ધિ પહોંચાડવી. વિજ્ઞાન માણસ જેવા માણસ બનાવે, પણ તેમાં આત્મા નાંખી ન શકે. ભગવાન સ્વામિનારાયણ આ પૃથ્વી પર આવ્યા અને તેમણે પશુમાંથી માણસ બનાવ્યા. તે વખતે સમાજ એવો બગડ્યો હતો કે ગમે તેવાં સાધનોથી સુધરે તેવું નહોતું, પણ તેઓએ લોકોને સુધાર્યા.

જેણે આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર નથી કર્યો તેની વાણીથી સુખ નહીં મળે. ભૌતિકવાદથી ભય આવ્યો છે. માણસ-માણસ પ્રત્યેનો પ્રેમ જતો રહ્યો છે. આપણને પોતાની જાતનો વિશ્વાસ નથી રહ્યો. મૂળ વસ્તુ ધર્મ ઉપર આવીશું તો શાંતિ મળશે. 'બુદ્ધિમાં આવે તેટલું સાચું...' એ બરાબર નથી. સાચો બુદ્ધિયોગ ભગવાન આપે છે.'

બુદ્ધિગમ્ય રીતે બુદ્ધિ પરની વાતો કરી સ્વામીશ્રીએ સૌને સાચી બુદ્ધિ આપી દીધી.

પ્રેમ જળે સૌનાં હૈયાં ભરીયાં

તા. ૧/૨ના રોજ છાણી મંદિરનો પાટોત્સવ ઊજવીને તરસાલી પધારેલા સ્વામીશ્રીએ અહીં સભા બાદ રિક્ષામાં અને પગપાળાં વીસેક પધરામણીઓ કરી.

ત્યારબાદ અટલાદરા આવી ગયેલા તેઓની ઉપસ્થિતિમાં તા. ૨/૨ના રોજ ગોરવાના શ્રી બાબુભાઈના સુપુત્રનો વેવિશાળવિધિ યોજાયેલો. તે માટે આ સત્સંગી તો જરૂરી તમામ સામગ્રી લઈને સ્વામીશ્રીના ઓરડે પહોંચી ગયા. પરંતુ સ્વામીશ્રીએ કહ્યું : 'ચાલો, શાસ્ત્રીજી મહારાજના ઓરડામાં જઈને વિધિ કરીએ.' એમ કહેતાં તેઓ ઊભા થઈ પોતાના નિવાસમાંથી શાસ્ત્રીજી મહારાજના ઓરડે પધાર્યા અને ત્યાં સઘળો વિધિ સંપન્ન કર્યો.

હંમેશા ગુરુનો પડછાયો થઈને જ રહેવાની સ્વામીશ્રીની વૃત્તિ આવી નાની ઘટનાઓમાં પણ અછતી ન રહેતી.

આ જ વૃત્તિથી વિચરતા તેઓ અટલાદરાથી દંતેશ્વર પધાર્યા. અત્રે કપૂરાઈ સોસાયટીમાં તેઓનાં કરકમળો દ્વારા ૨૦ x ૨૦ ફૂટના એક સત્સંગ-ભવનનું ભૂમિપૂજન થયું !

સેંકડો એકરમાં પથરાયેલા મહોત્સવને ખુલ્લા મૂકનારા સ્વામીશ્રી એ જ ઉત્સાહ-ઉમંગથી આવા અમુક ચોરસ ફૂટના ભવનોના પણ શ્રીગણેશ કરતા, કારણ કે તેઓની નજર 'પ્રોજેક્ટ'ના ક્ષેત્રફળ પર નહીં, પરંતુ ભગવાન અને ગુરુની પ્રસન્નતાના મહાફળ પર મંડાયેલી રહેતી.

આ વલણ સાથે સ્વામીશ્રી દંતેશ્વરથી સયાજીપુરા, જેસંગપુરાને પાવન કરતાં રાત્રે પોણા આઠ વાગ્યે અંટોલી પહોંચ્યા.

અહીં સામૈયા બાદ સભામાં બિરાજેલા તેઓ પાસે અમલનેરના ચંદુભાઈ સોની પંદરેક કુટુંબીઓ સાથે આવી પહોંચ્યા. ભાવનગરમાં એક લગ્નપ્રસંગ આટોપી અત્રે આશીર્વાદ લેવા આવેલા તેઓને, સ્વામીશ્રી રાત્રે અગિયાર વાગ્યે સભા બાદ ચા-પાણી કરાવવા પોતાના ઉતારે લઈ આવ્યા. પરંતુ જેઠાભાઈ પટેલના એ ઘેર ચા બનવામાં થોડી વાર લાગે એવું હોવાથી ચંદુભાઈએ કહ્યું : 'બાપા ! આપ આરામમાં જાઓ.'

છતાં સ્વામીશ્રી ચા ન આવી ત્યાં સુધી અડધો-પોણો કલાક જેટલો સમય બેસી જ રહ્યા. હરિભક્તોને ચા પીવડાવ્યા બાદ જ તેઓ રાત્રે પોણા

બાર વાગ્યે આરામમાં પધાર્યા. સ્વામીશ્રીએ વરસાવેલી આ મધરાતની મમતા સૌને ચા કરતાં પણ વધુ મીઠી લાગી.

મર્યાદા-મદદનું બેનમૂન સંતુલન

તા. ૩/૨ના રોજ સ્વામીશ્રી અંટોલીથી ઢોલાર, ભાયાપુરા, કરાળી, કરમાલિયાપુરાને લાભ આપતાં ગોરજ પહોંચ્યા ત્યારે ખરેખર રજથી ભીંજાઈ જ ગયેલા, કારણ કે આ આખો રસ્તો ધૂળિયો અને ખાડા-ટેકરાથી ભરપૂર હતો. આવી પ્રતિકૂળતાઓ તેઓની આંખ માટે જોખમી હોવાની સૂચનાઓ ડૉક્ટરો દ્વારા અનેક વાર અપાઈ હતી. છતાં સૌને પ્રેમભરી આંખોથી નીરખતા સ્વામીશ્રી ગામડાં ઘૂમ્યા વિના રહી જ ન શકતા.

આ રીત મુજબ તેઓ ગોરજના નિકટવર્તી મુનિ સેવાશ્રમમાં જઈ પહોંચ્યા ત્યારે અત્રે પ્રવેશદ્વારે જ વિદ્યાર્થીઓએ બૅન્ડવાજાં ગગડાવી તેઓનું અભિવાદન કર્યું. સાણંદના એક શિક્ષિકાશ્રી અનસૂયાબહેને ગુરુવચને લોક-સેવાનો ભેખ લઈ અહીં બાલમંદિર, પરિવાર મંદિર (અનાથાશ્રમ) વગેરે પ્રવૃત્તિ શરૂ કરેલી. એક મહિલાના આ પરિશ્રમને ગત વર્ષે ઘણી મોટી રકમની સખાવત દ્વારા સ્વામીશ્રીએ પલ્લવિત કરેલો. તેથી કૃતકૃત્ય બનેલી આ સંચાલિકાએ પોતાના આશ્રમમાં 'અક્ષર-પુરુષોત્તમ આરોગ્ય મંદિર' અને 'અક્ષર-પુરુષોત્તમ શ્રમ મંદિર' બનાવવાનું નક્કી કરી સ્વામીશ્રીને પધરાવવાના કોડ સેવેલા.

આ મનોરથ આજે પૂર્ણ થતાં તેઓના આનંદને અવધિ ન રહી. પુરુષ-પ્રતિનિધિ અને આશ્રમના બાળકો દ્વારા તે મહિલાએ સુશોભિત ગાડામાં બેસાડી સ્વામીશ્રીનું ભવ્ય સામૈયું કરાવ્યું. સેવાશ્રમના સમગ્ર સંકુલમાં પગલાં પડાવ્યાં. દેવ નદીના કાંઠે જ આ રળિયામણું સ્થાન હોવાથી સ્વામીશ્રીએ તે નદીમાં ઠાકોરજીને જળ ઝીલાવ્યું. ત્યારબાદ સભામાં બિરાજી આશીર્વાદ આપ્યા. તે વખતે મર્યાદામાં રહીને પણ પૂર્ણ મદદ કરનારા સ્વામીશ્રી પેલાં સેવાભાવી સન્નારીને ઘણા જુદા લાગ્યા.

કરે ગમતાં કાજ જનમનનાં

ગોરજથી મગનપુરા, વાઘોડિયા, ડભોઈ, કુકડ, ઢોકલિયા, લોટિયા, હાંડોદ, પીપળિયા, પીપળસટ, બહાદરપુરમાં અમૃતધારા વહાવતાં સ્વામીશ્રી તા. ૬/૨ના રોજ ગોલાગામડી મુકામે કાર્યરત મંગલભારતી ગ્રામ વિદ્યાપીઠમાં

પધાર્યા. અહીં ગૌશાળાના મકાનનું પૂજન કરી હાલોલને લાભ આપતાં તેઓ બપોરે સાડા ત્રણ વાગ્યે આમલિયારા પહોંચ્યા. આ ગામમાં સ્વામીશ્રીનું પ્રથમ વાર જ પદાર્પણ થતું હોવાથી ગામની ભાગોળે બાંધેલા મંડપ તળે સૌએ સમૂહપૂજનનો લહાવો લીધો.

આમલિયારામાં અમીધારા વહાવી સ્વામીશ્રી એ જ કાર્ય માટે સેજાકૂવા આવી પહોંચ્યા ત્યારે અહીં છ હજાર જેટલા હરિભક્તો, ધજા-પતાકાથી શોભતી શેરીઓ અને ભવ્ય શોભાયાત્રા સ્વામીશ્રીની પ્રતીક્ષા કરી રહેલાં. તેઓના આગમન સાથે જ દરેકમાં ચેતનાનો સંચાર થઈ ગયો હોય તેમ નવનિર્મિત મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓ સાથે સ્વામીશ્રીની નગરયાત્રાનો પ્રારંભ થયો. ગુલાલ અને ગિરદીથી ગલી-ગગન ઊભરાઈ ગયાં. નગરયાત્રા બાદ સ્વામીશ્રીએ યજ્ઞશાળામાં પધારી પૂજન કર્યું. આ યજ્ઞની ધૂમ્રસેરો જ બીજા દિવસે જાણે મંદિરના શિખર પર ધર્મધજા થઈને ગોઠવાઈ ગઈ.

તા. ૭/૨ના એ દિવસે ઊંચા શિખર, વિશાળ સભાગૃહ, ખુલ્લું પ્રાંગણ, પ્રવેશદ્વારે જ ઊંચું ટાવર-ઘડિયાળ, સંતનિવાસ વગેરેથી સજ્જ હરિમંદિર પોતાના હૃદયમાં મહારાજ-સ્વામીની પધરામણી માટે થનગની રહેલું. આ કોડ પૂરો કરતા સ્વામીશ્રીએ તેના વક્ષઃસ્થળમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી દીધા.

તે દ્વારા મોક્ષનું વધુ એક સદાવ્રત ખોલી સેજાકૂવાથી નીકળેલા તેઓ અટલાદરા, બોરસદને લાભ આપતાં તા. ૮/૨ની રાત્રે ગોરવા પધાર્યા.

આ ગામમાં તેઓની પ્રથમ પધરામણીને સૌએ ઉત્સાહથી વધાવી. ગામના પાદરમાં ભવ્ય સભા યોજાઈ, તે રાત્રે સવા અગિયાર વાગ્યે સમાપ્ત થઈ ત્યારે જ આયોજકોએ પધરામણીનું બ્યૂગલ ફૂંક્યું ! તેથી સૌ સહવાસીઓ અકળાયા, પણ સ્વામીશ્રીએ આરામના સમયે કામને હાથમાં લેતાં રાત્રે સવા અગિયારથી સાડા બાર વાગ્યા સુધી પધરામણીઓ કરી સૌને રાજી કર્યા ! તે પછી તેઓ રાત્રે એક વાગ્યે અટલાદરા જઈને પોઢ્યા ત્યારે વાતાવરણમાં પંક્તિઓ ગુંજી રહેલી – *'એમ લાડ પાળે હરિજનનાં, કરે ગમતાં કાજ જન-મનનાં...'*

ભાવે ભરી કરે ભગતિ

તા. ૯/૨ની સવારે અટલાદરા કેળવણી મંડળના નિર્માણાધીન ભવનનો

ખાતવિધિ કરી સ્વામીશ્રી જાસપુર, ખંભોળજ, ઓડ, ઉમરેઠ થઈને તા. ૧૦/૨ની સાંજે ડાકોર પધાર્યા. અહીં સુપ્રસિદ્ધ રણછોડજી મંદિરે મુખ્ય વ્યવસ્થાપકોએ તેઓનો ભાવભર્યો સત્કાર કરી, સખડીભોગ ચાલતો હોવા છતાં છેક ઠાકોરજી પાસે લઈ જઈ દર્શન કરાવ્યાં.

આ લાભ લઈ ઓડ પધારેલા સ્વામીશ્રી અત્રે ભાગવત સપ્તાહના કાર્યક્રમ માટે સાત દિવસ સુધી રોકાયા. તે દરમ્યાન તેઓએ કાલસર, મનજીપુરા, ખાનકૂવાને પણ પોતાની અમૃતધારામાં ઝબકોળ્યું. તેના પ્રવાહમાં પારાયણ બાદ હમીદપુરા, ભાટપુરા, નવાપુરા, ડાભસર, ઠાસરા, હિંમતનગર લાટ પણ ઝબકોળાયાં અને સ્વામીશ્રી તા. ૧૮/૨ની રાત્રે આઠ વાગ્યે વસો(ઠાસરા) પધાર્યા.

અહીંના યુવાનો વિદ્યાનગરના છાત્રાલયમાં ભણીને સત્સંગની ધારા પોતાના ગામ સુધી લઈ આવેલા. તેથી સ્વામીશ્રીના આગમન સમયે ભાગોળે આખું ગામ એકઠું થઈ ગયેલું. તેઓએ સુશોભિત ટ્રેક્ટરમાં સ્વામીશ્રીની ભવ્ય નગરયાત્રા યોજી. રાત્રે વાળુ-ચળું બાદ ગામના ચોકમાં સભા પણ હકડેઠઠ ભરાઈ. ઠંડીના ચમકારામાંય રાત્રે બાર વાગ્યા સુધી મેદની ટસની મસ ન થઈ.

આ સભા બાદ સૌને મળી સ્વામીશ્રી છોટાભાઈ પટેલના ઘેર ઉતારે પધાર્યા ત્યારે લગભગ સાડા બાર વાગી ચૂકેલા. અત્રે આખા દિવસના શ્રમથી શિથિલ તેઓને સૌએ સૂવા માટે વિનંતી કરી ત્યારે સ્વામીશ્રી પલંગ પર સૂતા, પણ પૂછ્યું : 'ચેષ્ટા બોલ્યા ?'

'અમે બોલી લઈશું. આપ પોઢી જાઓ.'

પરંતુ સંતોના આ સૂચનને ફગાવતા સ્વામીશ્રી રાત્રે સાડા બાર વાગ્યે પલંગમાંથી બેઠા થયા અને ચેષ્ટાગાન કરીને એક વાગ્યે પોઢ્યા ! શ્રીજીસ્થાપિત ધર્મ-ભક્તિની પાળોની એક કાંકરીયે ખરવા દીધા સિવાય તેઓએ કરેલું કાર્ય એ જ તેઓનો પરિચય છે, તેઓની વિશેષતા છે.

આજ જનનાં કરો છો કાજ

તા. ૧૯/૨ની સવારે વસોમાં વીસ પધરામણીઓ કરતાં સ્વામીશ્રી છેક આણંદ-વિદ્યાનગર જઈ પહોંચ્યા. ત્યાંથી વળી સાંજે વણાકબોરી પધાર્યા ત્યારે આ ઉર્જામથકમાં વસનારા ભક્તોએ સ્વાગત પણ ઉર્જાસભર જ કર્યું.

તે સ્વીકારી શાળાના પ્રાંગણમાં ધર્મલાભ અને તા. ૨૦/૨ની સવારે

પધરામણીઓનો લાભ આપી સ્વામીશ્રી મેનપુરા પહોંચ્યા.

અત્રે નવા પંચાયત ગૃહનું ઉદ્‌ઘાટન કરી સેવનીયા, વનોડા, ટીંબાના મુવાડા, પાદરાને પાવન કરતાં તેઓ તા. ૨૧/૨ની સવારે કારેલીબાગમાં બ્રહ્મભટ્ટ છાત્રાલયના સંકુલમાં પધાર્યા.

અહીં નૂતન સાંસ્કૃતિક કેન્દ્રના ઉદ્‌ઘાટન પ્રસંગે આશીર્વાદ આપી સ્વામીશ્રી પીઠાઈ જવા નીકળ્યા ત્યારે આ પ્રવાસમાં ઉત્તરસંડા પાસે જ મોટર ખોટકાઈ. તેથી એક કલાક જેટલો સમય બાજુમાં આવેલી એક પાઇપ ફૅક્ટરીમાં વીતાવી તેઓ મોટરની મરામત થતાં રાત્રે નવ વાગ્યે પીઠાઈ પહોંચી ગયા.

આ ગામમાં તા. ૨૨/૨ની સવારે નવેક વાગ્યે તેઓનાં કરકમળો દ્વારા, નવનિર્મિત પીઠેશ્વરી હાઈસ્કૂલનાં દ્વાર ઊઘડ્યાં. તેમાં પ્રવેશ પામેલા સ્વામીશ્રી આ ઉદ્‌ઘાટન બાદ ૪૫ પધરામણીને ન્યાય આપી અમ્બિપુરા પહોંચ્યા.

વાત્રક કાંઠાનાં કોતરોનું આ છાપરિયું ગામ. ડાભી અટકના ઠાકોર લોકોનો જનસમૂહ અહીં વિશેષ માત્રામાં. સાથે રબારી ભાઈઓ પણ ખરા. તે સૌએ મળીને દૂધમંડળીના મકાન આગળ સભા યોજેલી. તેઓને લાભ આપી સ્વામીશ્રી ભરકુંડા પધાર્યા.

આ પણ છૂટાં-છવાયાં છાપરાંઓમાં પથરાયેલું કાંઠાળું ગામ. પરંતુ આજે સ્વામીશ્રીના સ્વાગતમાં આ વેરવિખેર પાંચેક પરાં એક થઈ ગયેલાં. સ્વામીશ્રીનો લાભ લેવા તો તેઓએ વૌઠાના મહાશિવરાત્રિના મેળે જવાનું પણ માંડી વાળેલું. સ્વામીશ્રી આવતાં જ ઢોલ, ત્રાંસાં, બંદૂકોના બાર, ભજનની રમઝટ વગેરેથી ગામમાં અપૂર્વ કલનાદ છાઈ રહ્યો. બે કિલોમીટર ચાલેલી આ નગરયાત્રા બળિયાદેવના મંદિરે સભામાં ફેરવાઈ ગઈ ત્યારે અંધારું ઘેરાઈ ગયેલું. છતાં ખાડા-ખાંચરા કે કાંટા-કાંકરા જોયા વિના આબાલવૃદ્ધ બાઈ-ભાઈ સૌ શાંતિથી લાભ લેતાં બેઠાં.

આ સભા બાદ રાત્રે નવ વાગ્યે એક ખેતરમાં જ શિવરાત્રિનું ફરાળ કરી સ્વામીશ્રી કઠલાલ અને ભાટેરાને લાભ આપતાં સવા અગિયાર વાગ્યે તોરણા પહોંચ્યા.

છેલ્લા ત્રણ કલાકથી વાટ જોઈ રહેલા અહીંના ભક્તોની પ્રતીક્ષાનો સુખદ અંત આવતાં તેઓએ રાત્રે સવા અગિયાર વાગ્યે સ્વામીશ્રીને એકામાં પધરાવી નગરયાત્રા કાઢી. બળદને બદલે સૌ પોતે જ એકો તાણતા જાય અને જયજયકાર ગજવતા જાય. આ શોભાયાત્રા બાદ સભા યોજાઈ, જેમાં લાભ

આપી સ્વામીશ્રી રાત્રે સાડા બાર વાગ્યે આરામમાં પધાર્યા.

તેઓનો આ ભીડો જોઈ સૌનાં હૈયાં ગાઈ રહ્યાં: *'આજ જનનાં કરો છો કાજ, એવાં ન કર્યાં કે'દિ મહારાજ...'*

તમે દયાનિધિ છો દયાળ

તા. ૨૩/૨ની સવારે સમયસર શરૂ થઈ ગયેલા કાર્યક્રમમાં તોરણાથી કાણિયેલ જવા નીકળેલા સ્વામીશ્રી, વચમાં એક વૃદ્ધ ભક્તના કૂવે અને પતરાંનાં છાપરે પધાર્યા. પરંતુ ત્યારે તો તે ભક્ત હજી સ્વામીશ્રીને વધાવવા કરેણનાં ફૂલો ગૂંથી હાર બનાવી રહેલા. સેકન્ડ કાંટે ચાલતા સ્વામીશ્રીના કાર્યક્રમમાં આવી ઢીલ કેમ પોષાય? તેથી એક સહપ્રવાસી સંતે તે હરિભક્તને કહ્યું: 'ફૂલ ભગવાન પાસે મૂકીને આરતી કરી લો.'

'ના, મારે સ્વામીબાપાને હાર પહેરાવવો છે.' તે ભક્તે વધુ એક ફૂલ પરોવતાં આમ જવાબ વાળ્યો.

તે સાંભળી ફરી પેલા સંત જ્યાં એ વડીલને સમજાવવા ગયા ત્યાં જ સ્વામીશ્રીએ તેઓને વાર્યા કે 'તેમને હાર બનાવી લેવા દો. વાતો કરાવશો તો વધુ મોડું થશે.'

આ સાંભળી એ સંતે વચલો રસ્તો કાઢતાં પેલા વૃદ્ધ ભક્તને કહ્યું: 'કાકા! લાવો, હું હાર બનાવી દઉં.'

'ના, હું જાતે જ બનાવીને પહેરાવીશ.' એ વડીલ વધુ એક ફૂલ પરોવતાં બોલ્યા.

આ સમયે સ્વામીશ્રીએ પેલા સંતની અધીરાઈ ટાઢી પાડતાં જણાવ્યું: 'તમે અહીં આવતા રહો ને ભજન ગાવ.' આમ કહી સ્વામીશ્રી શાંતિ અને ધીરજ રાખી પેલા વડીલને હાર બનાવતાં નીરખી રહ્યા.

જ્યારે બધાં જ ફૂલો પરોવીને હાર તૈયાર થયો ત્યારે તે ભક્તે એ હાર અને આરતીથી સ્વામીશ્રીને વધાવ્યા. આ પૂજન પ્રેમથી સ્વીકારી સ્વામીશ્રીએ તેઓને રાજી કર્યા ત્યારે સ્વામીશ્રીને વધાવતાં સૌનાં અંતરનો એકતારો આમ બજી રહ્યો કે *'તમે દયાનિધિ છો દયાળ, દીનાનાથ દીનપ્રતિપાળ...'*

ભક્તિ હરિની કરે ભલી ભાંતે

કાણિયેલથી વિદાય લઈ સ્વામીશ્રી કલેસર, વિશ્વનાથપુરા લાટ,

ચિખલોડ, કપડવંજ અને મોડાસા થઈને હિંમતનગર પધાર્યા.

અત્રે તેઓના વરદહસ્તે તા. ૨૬/૨ની સવારે નવનિર્મિત મંદિરમાં ધામધૂમપૂર્વક પ્રતિષ્ઠા થઈ. આ પ્રસંગે સ્વામીશ્રીએ આશીર્વાદ પાઠવ્યા કે – 'સાબરકાંઠામાં પ્રથમ વાર શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી બિરાજ્યા. હવે સાબરકાંઠાનો ઉદ્ધાર થશે. સમૃદ્ધ થશે. નિષ્ઠાવાન ભક્તો થશે. જે સેવા બધાએ કરી છે તે ભગવાનને ત્યાં જમે થાય છે. લખાણમાં આવે કે ન આવે તે ન જોશો. દેખાડવાની આ સેવા નથી, ભગવાનને પ્રસન્ન કરવા આ સેવા કરી છે.'

મૂર્તિ સમક્ષ ઊભાં ઊભાં નિષ્કામભક્તિના આ આશીર્વાદ વહાવી સ્વામીશ્રી હિંમતનગરથી ઈડર થઈને અરઠી પધાર્યા. અત્રે દૂધની ડેરીના ચોકમાં ધર્મલાભ આપી તેઓ ખેરાળુને પાવન કરતાં તા. ૨૭/૨ના રોજ મિયાસણા પહોંચ્યા.

આ ગામમાં સ્વાગતની રીત વિશિષ્ટ. ઠાકોરજીનું પૂજન કરી અતિથિના હાથમાં શ્રીફળ ધરે. પછી પાથરણાં આગળ-આગળ પાથરતા જાય અને તેના પર સંતોને ચલાવી ગાતાં-ગાતાં ગામમાં લઈ જાય. તે મુજબ આજે ભક્તોએ સ્વામીશ્રીને ગામમાં પધરાવ્યા.

અહીં સૌને દર્શન-કથાનો લાભ આપી ડભાડને ડોલાવતા સ્વામીશ્રી મહિયલમાં મહેર વરસાવી, તા. ૨૮/૨ની સાંજે ગાંધીનગર આવી પહોંચ્યા.

અત્રે નિર્માણાધીન 'અક્ષરધામ'નું નિરીક્ષણ કરી તેઓ પેથાપુર પધાર્યા ત્યારે આખા ગામને તેઓને સત્કારવાનો ઉમંગ હોવાથી વેપારીઓએ વાસણોની કમાનો ઊભી કરી બજારો શણગારેલી. મુસ્લિમ બિરાદરોએ પણ આ સજાવટમાં ઘણો સહકાર આપેલો. ઠાકોરો લાલ-પીળા સાફા બાંધી કેફમાં મ્હાલતા હતા. મોટી આદરજ, મગોડી, આદિવાડા, રાંધેજા, સોનાડા, લેકાવાડા વગેરે ગામોનાં બાળ-યુવા મંડળો તો પોતપોતાનાં ગામોમાંથી પદયાત્રા કાઢી અહીં આવેલા.

આ સઘળો સમૂહ નગરયાત્રારૂપે સરકી રહેલો ત્યારે ઠાકોરજીને લઈ ફરતા એક સંત સ્વામીશ્રીનાં પગરખાં સરખા કરવા ગયા, પણ સ્વામીશ્રીએ તરત જ ટકોર કરી : 'ઠાકોરજી રાખનારે જોડાને ન અડવું.'

બરાબર આ જ સમયે એક હરિભક્ત સ્વામીશ્રી પર ધરવા છત્રી લઈ આવ્યા. સ્વામીશ્રીએ તેઓને પણ કહ્યું : 'ઠાકોરજીને છાંયડો આવે તેમ રાખો.'

નગરયાત્રામાં જ્યારે સૌનું કેન્દ્ર સ્વામીશ્રી બન્યા હોય ત્યારે પણ સ્વામીશ્રીનું કેન્દ્ર તો ઠાકોરજી જ રહેતા.

જતાંય નથી ને આવતાંય નથી

પેથાપુરમાં સભાનો લાભ આપી સ્વામીશ્રી અમદાવાદ થઈને ગોધાવી પધાર્યા. અત્રે સત્સંગની જમાવટ પાંચ-છ મહિનાથી જ. વળી, સ્વામીશ્રીની ગામમાં આ પ્રથમ પધરામણી જ. છતાં તા. ૨/૩ની સવારે તેઓના વરદહસ્તે મંદિરનો ખાતવિધિ યોજાઈ ગયો! સાથે સાથે ૮૫ પધરામણીઓ કરીને સ્વામીશ્રીએ આખું ગામ ખેડી પણ નાંખ્યું!

આમ, પહેલાં જ પદાર્પણમાં મંદિરના શ્રીગણેશ કરી તેઓ અહીંથી ધોળકાની ધમ્મક વાડીમાં અમૃતધારા વહાવી આંબલિયારા, રાજપુર, જલાલપુર, સીમેજ, ગાંફ, પચ્છમ, ફેદરા, પીપળી, હડાળા, નાવડા વગેરે ગામોમાં લાભ આપતાં તા. ૮/૩ની રાત્રે સારંગપુર પધાર્યા.

આ તીર્થસ્થાનમાં પ્રાગજી ભક્ત જયંતી અને ફૂલદોલના ઉત્સવો ઊજવી સ્વામીશ્રીએ તા. ૧૨/૩ના રોજ મંદિરના નવા તૈયાર થયેલા બળદગાડાનું બળદ સહિત પૂજન કર્યું અને તેમાં જ બિરાજી સ્મૃતિમંદિરે દર્શન માટે પહોંચ્યા![૭૫] આજના દિવસે તેઓએ છ મહિના બાદ દંડવત કરવાની શરૂઆત કરી. પિત્તાશયની શસ્ત્રક્રિયાને કારણે લાગેલી પાબંદી આજે છૂટતાં સ્વામીશ્રી હરખાયા.

આ હરખ સાથે તા. ૧૩/૩ના રોજ સારંગપુરથી વિદાય લેતી વખતે પણ તેઓ અત્યંત ભક્તિભાવપૂર્વક ઠાકોરજીનાં દર્શન કરી રહેલા. તે વખતે એક સંત તેઓનાં દર્શનમાં તલ્લીન બનેલા. તે જોઈ સ્વામીશ્રીએ કહ્યું: 'મૂર્તિ સામે જોઈ તેનાં દર્શન કરો.'

'મૂર્તિ તો અહીં કાયમ રહેવાની છે. આપ તો હમણાં જતા રહેશો.'

'અમે તો જતાંય નથી ને આવતાંય નથી. અખંડ ભેગા જ છીએ. તમે કેમ ભૂલા પડ્યા?'

---

૭૫. સારંગપુરમાં સ્વામીશ્રીએ ઊજવેલા ફૂલદોલોત્સવની ઝલક પામવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

સ્વામીશ્રીના મુખેથી સર્વત્ર વ્યાપક બ્રહ્મ તરીકેની પોતાની ઓળખ વધુ એક વાર સરી પડી.

અમંગળ કરે દૂર

સારંગપુરથી વિદાય લઈ સ્વામીશ્રી તાજપુરને પાવન કરતાં કેરિયા-૧ ગામે પધારતાં જ પ્રતિષ્ઠા નિમિત્તેની નગરયાત્રા આરંભાઈ. એક રથમાં મૂર્તિઓ અને બીજા રથમાં સ્વામીશ્રી બિરાજ્યા. રાંગે રમતા ઘોડા, ફૂટતું દારૂખાનું, ગગડતાં ઢોલ-ત્રાંસાં, ધૂન-ભજનની રમઝટ વગેરેથી શોભાયાત્રાનો માહોલ અનેરો બની રહ્યો.

પરંતુ મન મૂકીને નાચી-કૂદી રહેલા ભક્તોથી ઊડતી ધૂળ સીધી સ્વામીશ્રી પર આવતી હોવાથી કો'કે સૂચન કર્યું : 'યુવકો પાછળ રહી ધૂન-ભજન કરે.'

'ભલે આગળ રહે. તેમનો ઉત્સાહ છે.' સ્વામીશ્રી બોલ્યા.

પોતાની તબિયત તૂટે તે તેઓને સહ્ય હતું પણ ભક્તોનો ઉત્સાહ તૂટે તે બિલકુલ નહીં.

જ્યાં જાય ત્યાં સૌના ઉમંગને અકબંધ રાખતા સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા તા. ૧૪/૩ની સવારે મંત્રોચ્ચારના ઘોષ વચ્ચે અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજી ગયા. જે ગામમાં ગુણાતીતાનંદ સ્વામીને રામરોટી બાંધી આપવાની વાત કરવામાં આવેલી ત્યાં જ હરિભક્તોએ તેઓના થાળની સેવા નોંધાવવા પડાપડી કરી મૂકી ! સ્વામીશ્રીના પગલે પગલે ઇતિહાસ કરવટ બદલતા રહેતા.

આ પ્રસંગે ઉત્સવ-સભામાં પણ સમજવાલાયક સદુપદેશ આપતાં તેઓએ જણાવ્યું :

''કોઈક કહે કે 'તમે શું કામ અમને વ્યસનની 'ના' પાડો છો ? અમે તો અમારા ખરચે અને જોખમે વ્યસન કરીએ છીએ.' પણ તેને અમે કહીએ કે 'તમે વ્યસન કરો તો તમારું કુટુંબ દુઃખી થાય; તેથી સમાજ દુઃખી થાય; તેથી દેશ દુઃખી થાય. તેથી અમે તમને વ્યસનની 'ના' પાડીએ છીએ.''

સ્વામીશ્રીના આશય હંમેશા વિશાળ રહેતા.

તે સાથે વિચરતા તેઓ આજની સાંજે ગામના બે આગેવાન ભક્તોના સ્વાસ્થ્ય-સમાચાર પૂછવા પહોંચ્યા. મંદિરની સેવામાં પાલખ પર ચડી કામ કરતાં પટકાયેલા તેઓના પગમાં થયેલા ફ્રેક્ચરની સારવાર માટે પ્લાસ્ટર

લગાવેલું. ઉત્સવની વ્યસ્તતામાં પણ સ્વામીશ્રીના ધ્યાન બહાર આ વિગત નહોતી. તેથી તેઓએ રૂબરૂ આવી આશ્વાસન આપ્યું અને પ્લાસ્ટર પર કાળી પેનથી આશીર્વાદ લખીને ચિરંતન સ્મૃતિ પણ દઈ દીધી.

સ્વામીશ્રીનાં મમતા-માવજત એવાં રહેતાં કે ભક્તને અકસ્માત પણ આશીર્વાદ સમો લાગતો. *'મંગળકારી મૂરતિ, અમંગળ કરે દૂર...'* એ પંક્તિઓનો મેળ તેઓના જીવન સાથે આબાદ મળતો.

સત્સંગ સાચવવો એટલે શું?

કેરિયાથી નિંગાળા થઈને સ્વામીશ્રી ગઢડા જઈ રહેલા ત્યારે રસ્તામાં કેરી નદી આવી. તેમાં વહેતા અડધા ફૂટ જેટલા પાણીમાંથી મોટર કાઢવામાં આવી ત્યારે સ્વામીશ્રીનું મન પણ સ્મૃતિજળમાં ગરક થઈ ગયું. તેથી પૂર્વે પાણી ડહોળીને જે જે પ્રવાસો કરેલા તેની એક પછી એક સ્મૃતિ તેઓ કરવા લાગ્યા. આ સ્મૃતિસલિલ પર સરકતાં-સરકતાં જ ગઢડા આવી ગયું.

અત્રે સર્વે પ્રાસાદિક સ્થળોનાં દર્શન બાદ મંદિરે ભોજન કરી સ્વામીશ્રી રાત્રે ૧૨:૨૦ વાગ્યે ગોંડલ પહોંચ્યા. આવી મધરાતે પણ તેઓને વધાવવા સેંકડો ભક્તો અને ગુરુકુળના વિદ્યાર્થીઓ જાગતાં બેઠેલા. તેઓનો દાખડો સુફળ કરતા સ્વામીશ્રી આશીર્વાદ પાઠવી રાત્રે દોઢ વાગ્યે આરામમાં પધાર્યા!

છતાં તા. ૧૫/૩ની સવારે ગોંડલથી સમયસર વિદાય લઈ તેઓ લીંબડી, બોચાસણ, વિદ્યાનગરને લાભ આપતાં રાત્રે સાડા દસ વાગ્યે આણંદના રેલવે સ્ટેશને પધાર્યા.

અહીં મુંબઈ જઈ રહેલા સ્વામીશ્રીને વળાવવા આખું પ્લેટફૉર્મ ભક્તોની ભીડથી ઊભરાતું હતું. તે સૌને આશીર્વર્ષાથી ભીંજવતાં સ્વામીશ્રી બોલ્યા:

'ઘણા વખતે સ્ટેશને આવવાનું થયું. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ વખતે આવવાનું થતું. તેમની સ્મૃતિ થઈ ગઈ. આપણે સત્સંગ મળ્યો છે તે સાચવવો. સાચવવું એટલે શું? તો સત્સંગનો, સત્પુરુષનો અભાવ ન આવે, તેની અરુચિ ન થાય. આપણે સાચવવા કૉર્ડન કરીએ છીએ, જેથી ધક્કો ન લાગે. પણ સાચવનારાના જ ચાર ધક્કા લાગતા હોય છે. માટે આવું સાચવવું તે સાચવ્યું ન કહેવાય. સંતમાં મનુષ્યબુદ્ધિ ન આવે તે સાચવવું. આપણા દેહભાવને લઈને અને આપણું મનધાર્યું કરવાને લઈને સત્પુરુષનો અભાવ આવે છે. માટે આ સાચવવું. સત્પુરુષને સાચવવા કંઈ પટારામાં મૂકવાના નથી.

અખંડ દિવ્યભાવ રહે, સત્સંગ મળ્યો છે તે અખંડ અહોહોપણું રહે કે કેવા પુરુષ મળ્યા છે ! તેમાં ભાવફેર ન થાય, તે સિવાય બીજે માલ ન મનાય તે સાચવ્યું કહેવાય. આપણો સત્સંગ કાયમ રહે, ઉત્સાહ કાયમ રહે તો સત્સંગ સાચવ્યો કહેવાય. ઉત્સાહ રાખવો, મંડળમાં જવું, તિલક-ચાંદલો કરવો, વ્યસન રાખવું નહીં, ફેલ-ફતૂર થવાં ન દેવાં, તે સાચવ્યું કહેવાય.

આપણું કામ કરવું ને ભજન કરવું – આમાં નુકસાન નથી. મોટાપુરુષ રાજી થાય તેમ કરવું. મિત્રને રાજી કરવા આપણે મનગમતું મૂકીએ છીએ પણ ખરેખરા મિત્ર સત્પુરુષ છે. તેઓ જે કહે તે રાજી થઈને કરીએ તો તેમનો રાજીપો થઈ જાય. આવો યોગ મળ્યો છે તો ખબરદાર થવું. મનનું માનેલું મૂકી દેવું. ઉત્સાહ રાખવો. ગમે તેવા થાકી ગયા હોય તો પણ કથાવાર્તાનો પ્રસંગ નીકળે તો થાક જતો રહેવો જોઈએ. દેહ, ઇન્દ્રિયો-અંતઃકરણનો સત્સંગ કામ નહીં આવે. જીવનો કામ આવવાનો છે. તે સત્સંગ સત્પુરુષ કરાવે છે. જીવનો સત્સંગ હોય તો મોળો ન પડે. સત્પુરુષ આશીર્વાદ આપે અને આપણું કામ ન થયું તો સત્સંગ મૂકી દે, પણ વાંક સત્પુરુષનો નથી. આપણું વાંકું હોય ત્યાં શું થાય ? શરીર-વ્યવહારનું ગમે તે થાય પણ સત્સંગ મૂકવો નહીં.'

'ગુજરાત મેલ' આવે તે પહેલાં તો સ્વામીશ્રીએ સૌને મોક્ષના મેલમાં મુસાફરી કરાવી સુખ-શાંતિના સ્ટેશને પહોંચાડી દીધા.

રેગિસ્તાન બન્યું ગુલિસ્તાન

મુંબઈ પધારેલા સ્વામીશ્રીને લઈ 'ધવલગિરિ' વિમાન તા. ૧૮/૩ની સવારે અરબસ્તાન તરફ જવા ઊપડ્યું તે સાથે જ સત્સંગક્ષેત્રની નવી સીમા ખૂલવા લાગી. પ્રશાંત મહાસાગર, એટલાંટિક મહાસાગર અને હિંદ મહા-સાગરમાં ઘૂમી વળેલી ગુણાતીત મનવાર આ વખતે આરબ દેશોના કિનારે પોતાનું નાંગળ નાંખવાની હતી.

તે માટે નીકળેલા સ્વામીશ્રી અઢી કલાકના હવાઈ ઉડ્ડયનમાં રસ-અલ-ખૈમાના વિમાની મથકે પોણો કલાક રોકાઈને ૧૧:૧૦ વાગ્યે શારજાહમાં ઊતર્યા.

અત્રે આગમનના બીજા જ દિવસે તા. ૧૯/૩ની સવારે તેઓના વરદ-હસ્તે દુબઈના હોરલેન્સ વિસ્તારમાં નવનિર્મિત સત્સંગ ભવન અક્ષર-પુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠા પામી ધન્ય થયું. જાણે રેગિસ્તાન ગુલિસ્તાન બની રહ્યું.

પ્રતિષ્ઠા બાદ એક અઠવાડિયા સુધી અહીંના નિવાસ દરમ્યાન સ્વામીશ્રી પાર દુબઈમાં આવેલા ગુરુદ્વારા તથા દુબઈમાં વસેલી સો વર્ષ પુરાણી વૈષ્ણવ હવેલીમાં પણ દર્શનાર્થે પધાર્યા. તા. ૨૦/૩ની સાંજે યજમાન શ્રી રોહિતભાઈ પટેલ તેઓને રણભૂમિ પર લઈ ગયા, ત્યાં રણરેતની વચ્ચે સ્વામીશ્રી ગુલાબની જેમ મહોરી રહ્યા! આ વખતે તેઓ ઓમાનની સરહદ સુધી પણ જઈ આવ્યા.

ત્યાંથી સ્વામીશ્રી મંદિરે પરત પધાર્યા ત્યારે તેઓને જોઈ એક આરબ મેનેજર બોલી ઊઠ્યો: 'મેં સન ૧૯૮૦માં લંડનમાં ટી.વી. ઉપર આ સ્વામીને હાથી પર બેઠેલા જોયા હતા.' સ્વામીશ્રીની મૂર્તિનાં કેવાં કામણ!

તેનો જાદુ તા. ૨૧/૩ની સાંજે અબુધાબીમાં પ્રસર્યો. દુબઈથી અહીં પહોંચેલા સ્વામીશ્રીએ ઈન્ડિયન સોશિયલ સેન્ટરમાં યોજાયેલી સભામાં અમીવૃષ્ટિ વરસાવતાં જણાવ્યું:

'સારું એટલે આપણી બુદ્ધિ પ્રમાણેનું નહીં, પણ ભગવાન અને સંતના આદેશ પ્રમાણેનું હોય તે સારું. મારો ધર્મ સાચો ને તારો ખોટો, મારો દેશ સાચો ને તારો ખોટો, મારું ઘર સારું ને તારું ખોટું – આ બધું છોડવું. આપણે સારા તો બધું સારું દેખાશે. આપણે સુધરવું. ધર્મના નામે અધર્મ ચાલે છે તે કાઢવો. આ દેશના કાયદાને માનવા અને આપણા ધર્મ-સંસ્કાર દૃઢ રાખવા. આ દેશના બધા મનુષ્યોનું ભગવાન ભલું કરે.'

અબુધાબીમાં વહેલી આ અમૃતધારાએ તા. ૨૩/૩ના રોજ શારજાહને પણ પાવન કર્યું. ત્યાંથી દુબઈ પરત પધારેલા સ્વામીશ્રીનાં દર્શન કરી ખૂબ પ્રભાવિત થયેલા સ્થાનિક ધનકુબેર શ્રી લખા લૂલાએ તો તા. ૨૪/૩ની સાંજે પોતાની એસ્ટોરિયા ફાઇવસ્ટાર હોટલમાં સભા યોજી સૌને લાભ અપાવ્યો.

તે લૂંટવા બાહરીન, કુવૈત, મસ્કત વગેરે દેશોમાંથી પણ સત્સંગીઓ દોડી આવ્યા. રણમાં ફૂટી નીકળેલી વીરડીમાંથી મીઠું જળ ઉલેચવાનું કોણ છોડે? સ્વામીશ્રીએ પણ સૌ પર અમીધારા વરસાવી કે 'નદીના ઘાટ જુદા, પણ પ્રવાહ એક. જ્યાં સારું લાગે તે ઘાટે સ્નાન કરવું. જે સંપ્રદાયમાં પ્રીતિ લાગે તેને માનો, પણ ધ્યેય ભગવાનને પહોંચવાનું છે.'

આમ, એક અઠવાડિયામાં તો રણને લીલાંછમ કરી સ્વામીશ્રી તા. ૨૬/૩ની રાત્રે ૮:૨૦ વાગ્યે શારજાહથી ઊપડતા વિમાનમાં ભારત આવવા ઊડ્યા ત્યારે અરબસ્તાનની રણરેતમાં તેઓનાં પગલાંની અમીટ છાપ અંકિત

થઈ ચૂકી. રણમાં પાયા રોપાઈ ગયા.[૭૬]

સંશયભેદક સાધુતા

અરબસ્તાનથી હિંદુસ્તાન પરત ફરેલા સ્વામીશ્રીએ રણમાં વાગેલા ડંકાનો શ્રેય ઠાકોરજીનાં ચરણે ધરતાં તા. ૨૬/૩ના રોજ મુંબઈની રાત્રિસભામાં જણાવ્યું : 'ભગવાન અને યોગીબાપાનો સંકલ્પ દેશ-પરદેશ ખેડવાનો. તેથી બધું સરળ થઈ ગયું. આપણે ખાલી ન રહેવું, ભરેલા રહેવું. પૈસાથી નહીં, ભગવાનથી ભરેલા રહેવું, તો સુખ આવે. ભગવાનનું સુખ મળે એને ક્યારેય નિરાશા આવતી જ નથી. સામેવાળાના હૃદયમાં બેસી જવું તે પૈસા ખરચવાથી નથી બનતું.'

સ્વામીશ્રી આમ જે બોલ્યા તે તા. ૨૯/૩ની સભામાં સૌએ અનુભવ્યું.

આ દિવસે અણસમજણમાં અટવાયેલા એક ડૉક્ટરે ભરસભામાં ક્ષમાસૂચક સૂરો રેલાવતાં કબૂલાત કરી કે 'યોગીજી મહારાજ અંતર્ધાન થયા પછી મારા જીવનમાં પડળ આવ્યું, પણ અત્યારે સમજાય છે કે શ્રીજીમહારાજ પ્રમુખસ્વામી દ્વારા પ્રગટ છે. દસ વરસ મારાં નકામાં ગયાં.'

એક ડગમગતા દલડાનો પશ્ચાત્તાપ આમ વહી રહ્યો. સ્વામીશ્રીના નિષ્કલંક જીવનનો મહિમા સૌને આજે વિશેષ સમજાયો.

એક જ વાત ચાલી આવે છે

આ અરસામાં સ્વામીશ્રીની ડાબી આંખમાં થોડી તકલીફ ઊભી થતાં પાટો બાંધવામાં આવેલો. છતાં પત્રવાંચન-લેખન, મુલાકાત, સભા જેવા કોઈ કાર્યક્રમમાં તેઓએ કાપ ન મૂક્યો! આવી જ પરિસ્થિતિમાં તેઓ તા. ૩૦/૩ની સવારે તો એક ગુણભાવી સજ્જને આપેલું આમંત્રણ સ્વીકારીને ઘાટકોપર પધાર્યા.

અત્રે ભાટિયા વાડીમાં આયોજિત ભાગવત પારાયણમાં તેઓએ આશીર્વાદ આપ્યા ત્યારે વ્યાસપીઠ પર બેસી પારાયણ કરનારા પુરાણી પણ દ્રવી

---

૭૬. સ્વામીશ્રીએ પ્રથમ વાર ખેડેલી અખાતી પ્રદેશોની આ ઐતિહાસિક વિદેશયાત્રાની ઝલક પામવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

*અમંગલ નાશ હો...'*નો પ્રતાપ જણાઈ રહ્યો.

મોટપના માપદંડ

તા. ૨/૪ના રોજ શ્રીજીમહારાજનો પ્રાકટ્યોત્સવ ઊજવી સ્વામીશ્રી બીજા દિવસે ઠાકોરજી જમાડવા જઈ રહેલા ત્યારે માર્ગમાં ચાલતાં તેઓએ સાહજિક વાત કરી કે 'મોટાપુરુષને ફક્ત આપવું જ છે, પરોપકાર જ કરવો છે. આપણે અહીં ભૂલવા આવ્યા છીએ. વરસ પહેલાંનો, મિનિટ પહેલાંનો (નરસો) પ્રસંગ ભૂલી જવો.'

આ એક ઉપયોગી ઉપદેશ પીરસતાં તેઓ ભોજન કરવા બિરાજ્યા. ત્યારબાદ પણ વચનામૃત(ગ.પ્ર. ૬)નું રસપાન કરાવતાં તેઓએ કહ્યું :

'આપણે મોટપની ઇચ્છા રાખીએ છીએ પણ સેવા કરે તે મોટો. આવી સમજણ તે મોટો, નિયમ-ધર્મ પાળે તે મોટો. સત્સંગ અર્થે માથું દે તે મોટો. મોટાપુરુષ જે કરે તે સારા માટે, તે સર્વોપરી. આપણે કોઈ જાતનો આગ્રહ રાખવો નહીં. આપણો જીવ અક્ષરધામને પામે એ આગ્રહ રાખવાનો છે.'

મોટપના માપદંડ અને આગ્રહનાં સ્થાન સ્વામીશ્રીએ જણાવી દીધાં.

હું પણ 'વૉલેન્ટીયર' છું

સન ૧૯૮૦માં નિસડન મુકામે સ્વામીશ્રીએ કરેલા મંદિરના ખાતવિધિ બાદ યુવકો-હરિભક્તોએ રાત-દિવસ જોયાં વિના નિર્માણકાર્યમાં જાતને જોતરી દીધેલી. મંદિરનાં ફ્લોરિંગ, સિલિંગ, લાઇટિંગ, રંગકામ, સેન્ટ્રલ હીટિંગ, સેનેટરી ફિટિંગ, રસોડું વગેરે સેવાકાર્યો સત્સંગીઓએ જ કર્યાં. ૯૦ x ૯૫ ફૂટનું વિશાળ સભાગૃહ પણ ભોંય પર જાજમ અને અદ્યતન ધ્વનિ-પ્રકાશની વ્યવસ્થાથી સજ્જ થયેલું. આ હૉલના મધ્યમાં સિંહાસનેય આકર્ષક બન્યું હતું.

આવા નયનરમ્ય સંકુલનો ઉદ્‌ઘાટન સમારંભ તા. ૩/૪ની સાંજે પાંચ વાગ્યે શરૂ થઈ ગયો. લંડન ઉપરાંત લેસ્ટર, આસ્ટન, પ્રેસ્ટન, વેલિંગબરો, બર્મિંગહામ વગેરે નગરોમાંથી ઊમટેલા હરિભક્તોને કારણે પ્રસંગના પ્રારંભથી જ હૉલ હકડેઠઠ હતો. તદુપરાંત વિવિધ ધાર્મિક-સામાજિક સંગઠનોના અગ્રણીઓ પણ આ સમારોહ શોભાવી રહેલા.

આ ભવ્યતાભર્યા માહોલમાં પોતાના આશીર્વાદથી સૌને કૃતાર્થ કરતા

સ્વામીશ્રીએ મૂર્તિઓની આરતી ઉતારી આ સંકુલને ખુલ્લું મૂક્યું ત્યારે ઉપસ્થિત હજારોની મેદનીએ બુલંદ જયનાદો દ્વારા આ ધન્ય ક્ષણને વધાવી લીધી.[૭૭]

આવો ઐતિહાસિક અવસર સ્વામીશ્રીએ જે દિવસે સંપન્ન કર્યો તે દિવસે તેઓએ પોતાના ઓરડામાં ઊભેલા એક યુવાનને પૂછ્યું કે 'પ્રદીપ ! તું શું સેવા કરે છે ?'

'સ્વામી ! તમે કહો તે.'

'એમ નહીં. તને કઈ સેવા સોંપી છે ?'

'સ્વામી ! તમે કહો તો કોઈ 'ના' ન પાડે.'

'ના, એમ નહીં. અમારે પણ વ્યવસ્થાપકો કહે તેમ કરવું પડે. હું પણ 'વૉલેન્ટીયર' છું. મારે પણ વ્યવસ્થામાં રહેવું જોઈએ.' પોતાની જીવનશૈલી છતી કરતાં સ્વામીશ્રી બોલ્યા.

સીમાચિહ્નરૂપ સંકુલોનાં સર્જન કરવા છતાં સેવકભાવ ટકાવી રાખવામાં તેઓની મહત્તા હતી.

અક્ષરધામમાં છે તે જ અહીં છે

તા. ૪/૪ના રોજ એકાદશીના જ્ઞાનયજ્ઞની જ્યોત પ્રગટાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'એકમાં અનેક અને અનેકમાં એક એવા ભગવાન છે. અક્ષરધામમાં છે તે જ અહીં છે. અપૂર્ણપણું ન માનવું. એનાથી અધિક કોઈ નથી. પ્રત્યક્ષમાં સંપૂર્ણ દૃઢતા રાખો. અહીં છે તે મનાય નહીં અને આકાશમાં દેખાતું નથી.'

પ્રત્યક્ષ સ્વરૂપનો મજકૂર આજે સ્પષ્ટ સમજાવી સ્વામીશ્રીએ સૌને પ્રાપ્તિનો કેફ ચડાવી દીધો. તેથી સૌ ગાઈ ઊઠ્યા : *'મળ્યા અક્ષરધામના વાસી, કોણ જાય કેદાર ને કાશી...'*

જેણે તજી છે સ્વાદની પ્રીત

તા. ૬/૪ની બપોરે ભોજન અંગીકાર કરી રહેલા સ્વામીશ્રીએ પોતાની

---

૭૭. સ્વામીશ્રીના વરદહસ્તે ખુલ્લા મુકાયેલા આ મંદિરના પ્રતિષ્ઠા-વિધિને માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

સ્વાભાવિક પ્રકૃતિ અનુસાર વડીલ સંતોને પણ સાથે જ જમવા બેસાડેલા. એ પંગતમાં વારાફરતી પીરસાતી જતી વાનગીઓમાં સ્વામીશ્રી સહિત સૌને મગ પીરસાયેલા. પરંતુ તેનો પ્રથમ કોળિયો જ મોંમાં મૂકતાં બાજુમાં બેઠેલા એક સંત બોલી ઊઠ્યા : 'આ મગમાં મીઠું જ નથી.'

અલબત્ત, સ્વામીશ્રી તો તે મગ શાંતિથી આરોગી રહેલા. જ્યારે સંતોએ તેઓને આ વાત કરી ત્યારે તેઓ સહજભાવે બોલ્યા : 'એમ ? મીઠું નથી ?!'

ભગવાન અને ભક્તનાં ભોજન બાબતે ઝીણી ઝીણી વિગતોનું ધ્યાન રખાવતા સ્વામીશ્રીને, સ્વાદનું જ્ઞાન નહોતું તે તો માન્યામાં જ ન આવે તેવી વાત; પણ સ્વાદિષ્ટ વાનગી પારખી જાણતા તેઓને પોતાના ભોજનમાં સ્વાદુ-કુસ્વાદુપણાનો ખ્યાલ રહેતો નહીં તે આશ્ચર્યની વાત.

આવા આશ્ચર્યકારી સ્વામીશ્રીનો લાભ લઈ તા. ૭/૪ના રોજ બ્રેન્ટ બરોના મેયર સહિત ૫૦થી વધુ અંગ્રેજ અગ્રણીઓ ધન્ય થયા. આ ધન્યતા આજે લંડનથી ૫૦ માઇલ દૂર આવેલા 'સાઉથ ઍન્ડ-ઑન-સી'ના ભાવિકોએ પણ માણી. ત્યાંથી લંડન પરત ફરી રાત્રે દોઢ વાગ્યે સ્વામીશ્રી પથારીમાં પોઢ્યા ત્યારે જીવોના કલ્યાણ માટેની તેઓની ધગશ જોઈ સૌ અહોભાવમાં સરી પડ્યા.

બધા જ પ્રમુખ, બધા જ સેવક

સત્સંગ-પ્રસારની અપૂર્વ હોંશ સાથે સ્વામીશ્રીએ તા. ૧૨/૪થી મિડલેન્ડ્સનું વિચરણ શરૂ કરી દીધું. આ દિવસે તેઓ લુટનના સનાતન હિન્દુ મંદિરમાં અમૃતધારા વહાવી લેસ્ટર આવી પહોંચ્યા.

અહીં સાંજે ગ્રેનબી સ્પોર્ટ્સ હૉલમાં સત્સંગ-સભા કરી તેઓએ તા. ૧૩/૪ની રાત્રે કાર્યકરોને વેધક વાતો કરતાં કહ્યું : 'આપણે એકતા રાખવી. એકતા તોડે તેવાથી દૂર રહેવું. નિર્ણય લેતાં પહેલાં ચર્ચા કરવી, પછી ચર્ચા નહીં; ભલે લાખ રૂપિયાનો બગાડ થાય ! અહીં બધા જ પ્રમુખ છે ને બધા જ સેવક છે. આપણે સેવા જ કરવી હોય તો ગમે તે સેવા કરાય. ગમે તેવી સેવા હોય પણ તેનું સરખું જ મહત્ત્વ છે.'

સ્વામીશ્રીના શબ્દે શબ્દે સેવાની શૈલી ખૂલતી રહી.

છીએ, છીએ ને છીએ

લેસ્ટરમાં સ્વામીશ્રીનો મુકામ મંદિરમાં જ હોવાથી કેટલાય ભક્તો માટે

તો આ મંદિર જ ઘર બની રહેલું. પરંતુ તા. ૧૪/૪ના રોજ આ ઘરમાં પણ ગોઠે એવું ન રહ્યું, કારણ કે આજે વિદાયની ઘડી આવી પહોંચી. સૌનાં હૈયાં ભારે થઈ ગયાં. તેથી જ તો પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રીનો આભાર માનવા ઊભા થયેલા અગ્રણી એટલું જ બોલી શક્યા કે 'મારાથી કાંઈ બોલાતું નથી...'

પરંતુ આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'ન બોલાતું હોય તોય બોલો.' એમ કહી સૌનાં ઢળી પડતાં હૈયાંને આશાતંતુથી બાંધતાં તેઓએ જણાવ્યું : 'આપણે તો આવતા પણ નથી ને જતા પણ નથી. છીએ, છીએ ને છીએ.'

સ્વામીશ્રીના આ ઉદ્‌ગારમાં આશ્વાસનની સાથે તેઓની ઓળખ પણ હતી. સર્વવ્યાપક બ્રહ્મને શું આવવું અને શું જવું? તે તો *'અકળ અવિનાશી એ... સકળ વ્યાપી રહ્યો... અરધ ઉરધની માંહે મ્હાલે...'*

સ્નેહ-સમજણની સ્પર્ધા

લેસ્ટરથી વિદાય લઈ બર્મિંગહામ પહોંચેલા સ્વામીશ્રીના વરદહસ્તે અહીંના હિન્દુ કમ્યુનિટી સેન્ટરમાં ધામ, ધામી અને મુક્તની પ્રતિમાઓ પ્રતિષ્ઠિત થઈ. આવું જ કાર્ય તેઓ બર્મિંગહામથી આસ્ટન થઈને પ્રેસ્ટન પધાર્યા ત્યારે થયું.

અત્રે તા. ૧૭/૪ના રોજ તેઓના વરદહસ્તે નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજતાં જ પ્રેસ્ટનમાં પધારવાનું પ્રયોજન પૂર્ણ થયું.

હવે તા. ૧૮/૪ની સવારે આગળ પ્રયાણ કરવાનું હતું. પરંતુ તે પૂર્વે સ્નેહ-સમજણની એક રસપ્રદ સ્પર્ધા રચાઈ રહી.

આ વખતે સ્વામીશ્રીના વિદ્યુતવેગી પ્રવાસને લક્ષમાં રાખીને પધરામણીઓ સદંતર બંધ હતી, છતાં અહીં રહેતા કૃષ્ણકાંતભાઈ છેલ્લા ઘણા સમયથી લકવાનો શિકાર બની ગયેલા, તેઓનું હલન-ચલન સંપૂર્ણ બંધ થઈ ગયેલું, તેથી ફક્ત તેઓના જ ઘેર સ્વામીશ્રીની પધરામણી ગોઠવવામાં આવેલી. પરંતુ આ જાણ થતાં જ તે હરિભક્તે કાર્યકરોને કહેવડાવ્યું : 'મારા માટે સ્વામીશ્રીને તકલીફ ન આપશો. આ પ્રારબ્ધનું દુઃખ મારા ભાગે આવ્યું છે તે માટે શું પ્રાર્થના કરવી? મારા વતી બાપાનાં દર્શન કરશો. બાપાને પ્રણામ કરશો.'

સત્સંગીની આ સમજણ જોઈ કાર્યકરો વિસ્મિત બની ગયા, પણ જ્યારે આ વિગત સ્વામીશ્રીના ધ્યાનમાં આવી ત્યારે તેઓ સામે ચાલીને આ ભક્તને

દર્શન-આશીર્વાદ આપવા દોડી ગયા. સત્સંગીની સમજણ મૂઠી ઊંચેરી સાબિત થઈ તો સ્વામીશ્રીનો સ્નેહ પણ વેંત વધુ પુરવાર થયો !

જ્યાં ગુરુ-શિષ્ય એકબીજાનો વિચાર કરતાં એકબીજા માટે જીવે, એ જ છે આ સત્સંગની વિશેષતા અને દિવ્યતા !

સરળ-કોમળ સંત

પ્રેસ્ટનથી નીકળેલા સ્વામીશ્રી વેલિંગબરોના વિક્ટોરિયા કમ્યુનિટી સેન્ટરમાં સત્સંગ-લાભ આપી રાત્રે સાડા અગિયાર વાગ્યે પુનઃ લંડન આવી પહોંચ્યા.

છેલ્લા સાત દિવસના સતત પ્રવાસને લક્ષ્યમાં રાખી અહીં સેવકો તેઓને સીધા આરામમાં જવા માટે ઓરડામાં જ લઈ ગયા. ત્યાં સ્વામીશ્રી પણ પોઢવાની તૈયારીમાં જ હતા તે સમયે દરવાજે ટકોરા પડ્યા. તે સાંભળી સ્વામીશ્રીએ સેવકોને પૂછ્યું : 'કોણ ખખડાવે છે ?'

'કોઈ નહીં.'

'કોઈ નહીં શું ? બારણું ખોલો.'

સ્વામીશ્રીની આજ્ઞા થતાં દરવાજો ખૂલ્યો. તે સાથે જ કેટલાક લાભવાંછુ યુવકો અંદર ધસી આવ્યા. તેઓને જોતાં જ સેવકોએ કહ્યું : 'હવે બાર વાગવા આવ્યા છે. માટે સૌ બહાર નીકળો. બાપાને આરામ કરવા દો.'

પરંતુ યુવકો કંઈક વિચારે તે પહેલાં તો સ્વામીશ્રીએ જ કહ્યું : 'ભલે ને બેઠા. લાભ લેવા દો.'

તે સાંભળી એક પ્રેમી ભક્ત છંછેડાયા. તેઓએ જણાવ્યું : 'લાભ આપવો હોય તો બહાર જાઓ.'

'એમાં શું ? બહાર જઈએ.' આમ કહેતાં સ્વામીશ્રી પલંગ પરથી ઊતરી બહારના હૉલમાં આવી બિરાજ્યા અને યુવકોને પ્રેરણાદાયી વાતો સંભળાવી રાજી કર્યા. કેવી કોમળતા ! કેવી સરળતા !

યુવકોની પ્રથમ ફરજ સેવા

લંડનમાં કથાવાર્તાના મેઘ વરસાવી રહેલા સ્વામીશ્રીએ તા. ૨૨/૪ના રોજ યુવાવર્ગને રસલહાણ કરાવતાં જણાવ્યું :

''આપણે યુવકો કહેવાઈએ. યુવકોની પ્રથમ ફરજ સેવા. ગાદી-તકિયે

બેસીને કથાવાર્તા કરે કે ફગિયો(ઝાડુ) વાળે તે બંને સેવા સરખી છે. હવે ગુણાતીત દ્વિશતાબ્દી આવે છે. પાંચ વરસ માટે હોલીડે (રજા) ન માણવી. ૧,૦૦૦ યુવકો દ્વિશતાબ્દીએ અહીંથી લાવવા જ છે. કડીતોડ લાવવા છે, મામૂલી નહીં.

ગમે તેવી મુશ્કેલી આવે તો પણ કાર્ય તો મૂકવું જ નહીં, તમે પણ સંતો જ છો. ભગવાનની આજ્ઞામાં વર્તે તે બધા સંતો જ છે. યુરોપિયનોને પણ શબ્દ નાંખવા. તેમાં શો વાંધો આવે ? ભગવાન આપણને શક્તિ આપે છે. આંખમાં આપશે, પગમાં આપશે, જીવમાં આપશે.

નાના-મોટાની મર્યાદા સાચવવી. સૂચન કરવું, પણ ન મનાય તો ચિંતા ન કરવી. જીવનમાં સરળતા રાખવી. બે તમાચા મારે તો સહન કરવું. આપણી પાર્ટી શ્રીજીમહારાજની, યોગીજી મહારાજની છે. બીજી કોઈ નહીં. સંગઠન તો તૂટવું જ ન જોઈએ. કોઈ આપણાં ગમે તેટલાં વખાણ કરે તો લોભાવું નહીં. કોઈ આપણને સારા કહે તો સારા નથી. ખોટા કહે તો ખોટા નથી.''

ગંગાના પ્રવાહની જેમ વહેલી સ્વામીશ્રીની આ વાણી સાંભળી સૌ ચિત્રવત્ સ્થિર બની ગયા. તેઓ માટે યાહોમ થવા તત્પર થઈ રહ્યા.

...તે માટે આ મંદિર કરીએ છીએ

તા. ૨૫/૪ના રોજ યુવક મંડળે તેર માઈલની 'સ્પોન્સર રન' યોજી ૧,૪૦૦ પાઉન્ડની સેવા મંદિર માટે એકત્રિત કરી. તેઓની આ ભક્તિથી પ્રસન્ન થયેલા સ્વામીશ્રીએ સાયંસભામાં આશીર્વાદ આપતાં જણાવ્યું: 'દુનિયામાં બધા લોકો દોડે છે વિષયના સુખ ભોગવવા, પણ આ દોડ તો ભગવાનને રાજી કરવા માટે છે. આ દોડ મહારાજની સમીપમાં પૂરી થઈ, અક્ષરધામમાં પૂરી થઈ. માટે જરૂર આ બધા (દોડનારા) અક્ષરધામમાં જશે.'

સ્વામીશ્રીના આ આશીર્વાદ પામી દોડનારાના થાકનું તત્ક્ષણ બાષ્પીભવન થઈ ગયું.

તે જ વખતે *'નવયુવાનો ! ગુણાતીતની દ્વિશતાબ્દીએ...'* શૌર્યગીતનું ગાન શરૂ થતાં સૌના ઉત્સાહમાં ભરતી આવી ગઈ. તેમાં સંતોએ ભેળવેલી કીર્તનગંગામાં સ્વામીશ્રીએ પણ ઝંપલાવ્યું. તેઓએ *'જોઈ મૂર્તિ મનોહર તારી...'* અને *'શાસ્ત્રીજી મહારાજનો સંગ...'* ભજનો ગાઈ બ્રહ્માનંદની હેલી વરસાવી. હાથમાં કરતાલ વગાડતાં-વગાડતાં ગાતા સ્વામીશ્રીની એ મૂર્તિ

સૌનાં હૈયે જડાઈ ગઈ.[૭૮]

આવી જ કાળજે કોતરાઈ જાય તેવી વાત કરતાં સ્વામીશ્રીએ તા. ૨૭/૪ની સભામાં જણાવ્યું : 'સેવાનો આગ્રહ કરીએ છીએ તે અમારે કંઈ ગગા પરણાવવા છે ? પણ તમારા ગગા સરખા રહે તે માટે આ મંદિર કરીએ છીએ.'

વિરાટ કાર્યના પાયામાં કેવી નિઃસ્વાર્થ ભાવના !

...નથી સાંભળ્યા સાચું કહીજે

આ પ્રવાસમાં સ્વામીશ્રીએ આણંદના હરિભક્ત શ્રી રમેશભાઈ પટેલ પર અંગત માર્ગદર્શન આપતો એક પત્ર સ્વહસ્તે જ લખ્યો. આ ટપાલ તેઓએ પત્ર-પરિચારકની સેવામાં રહેલા જ્ઞાનેશ્વરદાસ સ્વામીને આપતાં પૂછ્યું કે 'આ હરિભક્તનું સરનામું ખબર છે ને ?!'

આ વખતે તે સંતે વિશ્વાસપૂર્વક 'હા' પાડી. તેઓના વિશ્વાસની બુનિયાદ હતી કે 'આ હરિભક્ત જાણીતા છે. તેથી તેઓનું સરનામું તો ડાયરીમાં હશે જ ને !'

પરંતુ તેઓએ સરનામું શોધવા ડાયરી ફંફોસી ત્યારે તેઓની ગણતરી ઊંધી પડી. ત્યાં તો તે સરનામું ન મળ્યું, પણ અન્ય સહપ્રવાસી સંતોનેય તેનો ખ્યાલ નહોતો ! તેથી જ્ઞાનેશ્વરદાસ સ્વામીએ 'પટેલ ટ્રેક્ટર, આણંદ' એમ લખીને તે ટપાલ એક હરિભક્તને રવાના કરવા આપી દીધી.

તે જ રાત્રે આરામમાં જતાં સ્વામીશ્રીએ તેઓને પૂછ્યું : 'પેલી ટપાલમાં સરનામું શું કર્યું ?'

આ પૂછપરછના જવાબમાં તે સંતે ઉપરોક્ત વિગત જણાવી. તેઓને મનમાં સંતોષ હતો કે 'આપણે કામ અટકવા દીધું નથી. ડાયરીમાં સરનામું નહોતું છતાં માર્ગ શોધી કાઢ્યો છે.'

પરંતુ તેઓનો ખુલાસો સાંભળતાં જ સ્વામીશ્રીએ ટકોર કરી કે 'ખબર નો'તી તો મને પૂછવું'તું ને ! આ ટપાલ એમના ઘેર પોસ્ટ કરવાની હતી.' આમ જણાવી સ્વામીશ્રીએ જાતે જ તે હરિભક્તના ઘરનું સરનામું એ સંતને

---

૭૮. સ્વામીશ્રીએ પોતાના સુમધુર કંઠે રેલાવેલી આ કીર્તનગંગાના વહેણમાં અવગાહન કરવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

લખાવી તે પર ટપાલ મોકલવા જણાવ્યું. તેઓની આ સૂચના મુજબ ભૂલ તો સુધારી લેવામાં આવી, પણ સૌ ચકિત એ વિચારે થઈ ગયા કે 'વગર ડાયરીએ સ્વામીશ્રીને આવાં તો કેટકેટલાં હરિભક્તનાં સરનામાં યાદ હશે !'

તેઓની યાદશક્તિને નવાજવી કે તેઓની આત્મીયતાને ? આ બાબતે કોઈ નિર્ણય થઈ શકે એમ ન હોવાથી, સૌ સ્વામીશ્રીને *'તમ વિના એવા ગુણ બીજે, નથી સાંભળ્યા સાચું કહીજે...'* કહેતાં નમી પડ્યા.

કરવા જેવું એક કામ

ઈંગ્લેન્ડનો એક મહિનાનો ટૂંકો ધર્મપ્રવાસ પૂર્ણ કરી સ્વામીશ્રીએ તા. ૨૯/૪ની સવારે ૧૦:૨૦ વાગ્યે ભારત આવવા ઉડાન ભરી ત્યારે આ મુસાફરીમાં ઠાકોરજીના દ્રવ્યની બચત થાય તે હેતુથી તેઓએ પોતાની સાથે કોઈ સેવક સંતને રાખ્યા નહોતા. ફક્ત એક વિવેકસાગરદાસ સ્વામી જ સહયાત્રી તરીકે સાથે હતા. તેઓએ સમય થતાં સ્વામીશ્રીને પૂછ્યું : 'નાસ્તો કાઢીએ ?'

'ઠાકોરજીને ધરાવીને લાવો.' પત્રો વાંચતાં-વાંચતાં જ સ્વામીશ્રીએ ઉત્તર વાળ્યો.

તે મુજબ તેઓ સમક્ષ પ્રસાદ ધરવામાં આવ્યો, પરંતુ તે જ વખતે સ્વામીશ્રી સાથે આ પ્રવાસમાં સામેલ સોળ હરિભક્તો ક્રમબદ્ધ દર્શન કરવા આવવા લાગ્યા. તે જોઈ સ્વામીશ્રી પ્રસાદ જમવાને બદલે સૌને વહેંચવા માંડતાં વિમાનમાં હરિભક્તોની હરોળ ખડી થઈ ગઈ. કેટલાક પ્રવાસીઓએ પણ હારોહાર આ લાભ લઈ લીધો.

તે દરમ્યાન સ્વામીશ્રીને જાણ થઈ કે 'મુખ્ય પરિચારિકા તરીકે આ વિમાનમાં એક સત્સંગી મહિલા છે.' તેથી સ્વામીશ્રીએ તેઓ માટે પણ પ્રસાદ મોકલાવ્યો. તે પામી અત્યંત ગદ્‌ગદ થઈ ગયેલી એ યુવતીએ પોતાનો નવો કૅમેરો સ્વામીશ્રી પાસે પ્રસાદીભૂત કરવા મોકલ્યો. તે દ્વારા સ્વામીશ્રીએ ઠાકોરજીની એક તસવીર ખેંચી કચકડાના આ સાધનને કાળજડે જડી દીધું.

સૌની આમ ભાવપૂર્તિ કરવામાં જ ઘણો સમય વીત્યો. તે પછી થોડો વિશ્રામ લઈ સ્વામીશ્રી જાગ્રત થયા ત્યાં જ તા. ૨૯/૪ની રાત્રે ૧૧:૩૫ વાગ્યે મુંબઈના દીવા દેખાવા લાગ્યા.

પરંતુ અત્રે બે જ દિવસ રોકાઈને તેઓ તા. ૨/૫થી તો ખાનદેશમાં વિચરણ કરવા નીકળી પડ્યા. લંડનની ફૂલગુલાબી ઠંડી કે ખાનદેશનો તીખો

તાપ – સ્વામીશ્રીને બંને સરખું ! વિદેશી મહેલાતો કે ગામડાંનાં ઘર – તેઓને બંનેમાં આનંદ !

ખાનદેશની યાત્રાએ નીકળેલા સ્વામીશ્રી મનમાડ, માલેગાંવ થઈને ધુલિયા પધાર્યા ત્યારે અહીં સ્વાગત-સભામાં મનનીય ઉપદેશ આપતાં તેઓએ જણાવ્યું કે 'મંદિરોને મહત્ત્વ આપીશું તેટલું આપણું મહત્ત્વ વધશે. કરવા જેવું કામ એક છે – તે ભગવાનનું ભજન-સ્મરણ.'

અનેક મહાન કાર્યોના કર્તા હોવાને નાતે બાહ્ય રીતે પ્રવૃત્તિમાં ઓતપ્રોત જણાતા સ્વામીશ્રી ભીતરથી ભજની જ રહેલા. ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે કે 'ભગવાનને ભજવા એથી બીજી વાત મોટી નથી.'[૭૯] સ્વામીશ્રીનો પણ આ જ સિદ્ધાંત હતો.

પ્રેમનું પ્રયાગ

ધુલિયાથી સ્વામીશ્રી તા. ૩/૫ના રોજ વરખેડા પહોંચ્યા ત્યારે અહીં ગામવાસીઓએ ફૂલોથી સુશોભિત બળદગાડામાં તેઓને પધરાવી ઢોલ-ત્રાંસાં ગગડાવતાં નગરયાત્રા કાઢી. ત્યારબાદ 'શિક્ષાપત્રી'ના પારાયણમાં આશીર્વાદ આપીને સ્વામીશ્રી એકાદશીનું ફરાળ કરવા બિરાજ્યા ત્યારે સામે પડેલી પંગતમાં ઘણા હરિભક્તો પણ સહભોજનનો સ્વાદ માણી રહેલા.

તે જ વખતે દૂર બેઠેલા હરિભક્ત ગજમલ ભીખાને ફરાળી શીરો પીરસી રહેલા સંત તરફ સ્વામીશ્રીની નજર ગઈ. તે જોતાં જ તેઓએ બાજુમાં બેઠેલા સંતને કહ્યું: 'પેલા ગજમલને ડાયાબીટીસ છે ને આટલો બધો શીરો પીરસ્યો છે, તો આ સૂરણ ભરેલી વાટકી લઈ જાઓ. સૂરણ તેમને આપો ને શીરો વાટકીમાં રાખી મૂકજો.'

સ્વામીશ્રીની આ ખેવના જોઈ સૌ અચંબો પામી ગયા. ગત વર્ષે બોચાસણમાં ઊજવાયેલા ગુરુપૂર્ણિમાના સમૈયે જ્યારે એક મિનિટમાં આશરે ૬૦ વ્યક્તિ દર્શન કરીને પસાર થતી હતી, ત્યારે કો'કના દ્વારા સ્વામીશ્રીને આ હરિભક્તને વળગેલા ડાયાબીટીસની જાણ થયેલી, પરંતુ આટલી ભીડ અને ઝડપમાંયે આ વિગત તેઓના અંતરમાં સંગ્રહાઈ ગયેલી. તે મુજબ આજે સ્વામીશ્રીએ આ ભક્તની સંભાવના પણ કરી !

કેટલો સઘન સંપર્ક ! કેટલી સ્નેહાળ સંભાળ ! કેવી સતેજ સ્મૃતિ !

---

૭૯. વચનામૃત જેતલપુર પ્રકરણ ૫.

પ્રેમના પ્રયાગ સમા સ્વામીશ્રીની આ ત્રિવેણીમાં તરબતર થવાનો લહાવો વરખેડા બાદ જાપીને મળ્યો. જો કે, અહીં પણ નગરયાત્રા માટે બળદ-ગાડું હતું અને વૈશાખની ધીખતી ગરમીમાં આખું ગામ ફરી આ શોભાયાત્રા સભારૂપે ગોઠવાઈ ત્યારે બેસવાના આસનરૂપે તૈયાર હતો – મંદિરનો ઓટલો ! તે પર બેસી સ્વામીશ્રીએ કથામૃત પીરસ્યું ત્યારે તેઓનાં સૂર-સ્વર અને જોશ-જોમ એ જ જોવાં મળ્યાં જે વિદેશનાં સુવિધાસજ્જ સભાગૃહોમાં જોવાં મળેલાં. વિદેશયાત્રા બાદ તરત જ શરૂ થયેલી સ્વામીશ્રીની આ ખાનદેશયાત્રા તેઓએ સિદ્ધ કરેલા સમત્વયોગની સાક્ષી પૂરતી રહી.

ટળે નહીં એવી ટેવ પડી

સમતાની સડકે સરકતા સ્વામીશ્રી જાપીથી તા. ૩/૫ની રાત્રે જ વરખેડા આવી ગયા ત્યારે અહીં ગરમીનો પ્રકોપ તીવ્રતાથી અનુભવાતો હતો. વળી, વીજળી વેરણ થઈ હોવાથી વિલાસરાવના ઘેર ઓરડામાં સૂતેલા તેઓ રાત્રે બે વાગ્યે લઘુશંકા માટે ઊભા થયા ત્યારે જ્ઞાનપ્રિયદાસ સ્વામીએ પૂછ્યું : 'સ્વામી ! ગરમી થાય છે ?'

'હા.'

'બહાર સૂવું છે ?'

'ચાલો.'

સ્વામીશ્રીએ આમ સંમતિ આપી એટલે તે સંતે અગાશીમાં પથારી પાથરી દીધી. સ્વામીશ્રી ત્યાં સૂતા પણ પવન સાવ પડી ગયેલો અને મચ્છરોનો ત્રાસ અસહ્ય હતો. તેમાં વળી કમોસમી વરસાદનાં છાંટણાં વરસવા લાગતાં તેઓ પુનઃ ઓરડામાં આવીને સૂતા.

તેને અડધો-એક કલાક વીત્યો હશે ત્યાં પરોઢિયે સાડા ત્રણ વાગ્યાના સુમારે સ્વામીશ્રીને શૌચ જવાનું થયું. આ સમયે સેવકો ઘસઘસાટ સૂતા હોવાથી તેઓ જાતે ઊભા થયા. હાથમાં લોટો લઈ નીચાં પગથિયાંવાળો સાંકડો દાદરો અંધારે ચઢી અગાશીમાં ગયા. પણ ત્યાંથી દસ-પંદર મિનિટ થઈ તોય તેઓ નીચે ન ઊતર્યા એટલે જ્ઞાનપ્રિયદાસ સ્વામીને શંકા સળવળી કે 'સ્વામીશ્રી ક્યાં ગયા હશે ?'

તેઓ ઉપર ચઢ્યા. બેટરીના અજવાળે આમતેમ જોયું, પણ સ્વામીશ્રી નજરે ન ચઢતાં અન્ય સંતોને જગાડ્યા. સૌ શોધખોળમાં મંડી પડ્યા.

શોધતાં-શોધતાં તેઓ ગામની ભાગોળે પરમહંસોએ બાંધેલા મંદિર તરફ ગયા તો ત્યાં સ્વામીશ્રી સામેથી લોટો લઈને આવતાં દેખાયા. તેઓને જોતાં જ સૌને હાશ થઈ, પણ ચિંતા અને વિસ્મયમાં ડૂબેલા સૌ સ્વામીશ્રીને પૂછવા લાગ્યા: 'ક્યાં ગયા હતા? કોઈને લઈ ગયા હોત તો? અહીં તો સાપેય ફરતા હોય છે. કાંઈ થઈ જાત તો?..'

સૌના આ પ્રશ્નોનો સસ્મિત ઉત્તર આપતાં સ્વામીશ્રી બોલ્યા: 'ક્યાં જાય? આ લોટો તો લીધો છે.' આટલું કહી ઉમેર્યું: 'તમને ક્યાં હેરાન કરવા? નકામા જગાડવા શા માટે? આ ગામ તો મારું જોયેલું જ છે, એટલે મારી મેળે જઈ આવ્યો!'

આ પ્રદેશનાં ગામોમાં અગાશીઓ આખી શેરી સુધી સળંગ હોય. તેથી એક-એકને વટાવતાં છેક ગામના છેડે પહોંચી જવાય. મકાનોની આ બાંધણી સ્વામીશ્રીને પૂર્વવિચરણને કારણે પરિચિત હોવાથી તેઓ કોઈનેય ખલેલ પહોંચાડ્યા વિના દેહક્રિયા કરી આવેલા! બીજાના સુખ માટે સ્વયં કષ્ટ ઉઠાવતાં રહેવાની તેઓની આ સુટેવ ઠેઠ સુધી અટળ રહેલી.

સ્વાદ અસ્વાદની મૂકી આશ

તા. ૪/૫ની સવારે સ્વામીશ્રી વરખેડાથી વિદાય થઈ ધુલિયા પધાર્યા ત્યારે અહીં નિર્માણાધીન છાત્રાલયનો ખાતવિધિ કરતાં તેઓએ આશીર્વાદ આપ્યા કે 'અત્યારે લક્ષણ વગરનું શિક્ષણ ભક્ષણ કરનાર બને છે. ગુરુકુળ સ્થપાય તો તે દ્વારા સંસ્કારી સમાજ તૈયાર થાય. ધર્મના સંસ્કાર લઈ બહાર પડે તે દેશની અને સમાજની સેવા કરે તે આશય છે. (અહીં) સારું સ્થાન થશે, સ્વામિનારાયણ નગર થશે, સ્વામિનારાયણનું સ્મરણ થશે તે મહત્ત્વની વસ્તુ છે.'

શિક્ષણસેવાના આ ઉમદા આશય સાથે સ્વામીશ્રી ધુલિયાથી અમલનેર જઈ પહોંચ્યા. અત્રે ત્રિદિવસીય ભાગવત પારાયણ દરમ્યાન નગરનાં ગાયત્રી મંદિર, સખારામ બુવા મંદિર અને ઠેઠ જલગાંવ સુધી જઈ આવેલા તેઓ ડોંડાઈચાને લાભ આપી ઉકાઈ પધાર્યા. અહીં એસ. આર. પી.ના કેમ્પમાં આવેલા ગોપાલકૃષ્ણ મંદિરમાં ગામવાસીઓને અમૃતધારા પીવડાવી તેઓએ સોનગઢના જીવેશ્વર મહાદેવમાં પધરામણી કરી. ત્યારબાદ આદિવાસી કન્યા છાત્રાલયના મેદાનમાં જાહેર-સભા માટે આવી પહોંચ્યા.

આ સભામાં આશીર્વાદ વરસાવી સ્વામીશ્રી સોનગઢથી નીકળી વ્યારા, માઈપુરાના ભાવ પૂરા કરતાં તા. ૧૦/૫ની રાત્રે સાંકરી પધાર્યા.

અહીં લાભ લેવા દોડી આવેલા સેંકડો ભક્તોને દર્શન આપી તેઓ ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે ભોજનમાં દૂધીનાં ઢેબરાં બનાવેલાં. પરંતુ તે સ્વાદમાં કડવાં વખ જેવાં થયેલાં. તેની જાણ સ્વામીશ્રી જમતા રહ્યા ત્યાં સુધી તો કોઈને ન થઈ, પરંતુ તેઓના જમ્યા બાદ સંતો જમવા બેઠા અને જેવો ઢેબરાનો ટુકડો મોંમાં મૂક્યો ત્યાં તો થૂ... થૂ... કરતાં તેને થૂંકી દેવો પડ્યો. તે સમયે સૌને વિચાર ઝબક્યો કે 'આટલાં કડવાં ઢેબરાં સ્વામીશ્રી શી રીતે કોઈ કચવાટ વિના શાંતિથી જમી ગયા હશે ?!'

આમ વિચારતાં સૌ સ્વામીશ્રીની સાધુતાનો સ્વાદ બરાબર મમળાવી રહ્યા.

વારે વારે શું સન્માન ?

તા. ૧૧/૫ના રોજ સાંકરીથી વિદાય થયેલા સ્વામીશ્રીએ રાયમ, અંકલેશ્વરને ધન્ય કરતાં તા. ૧૨/૫ની સવારે ધાવટના નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કર્યા.

ગામને આમ ભગવાનની ભેટ આપી તેઓ નવી જીથરડી, અટલાદરા, બોચાસણ, રાજકોટ, પડધરી, ભાદરાને લાભ આપી ગોંડલ પધારવાના હતા.

આ પ્રસંગે અહીંના સંતો-ભક્તો તથા નગરના આગેવાનોને સ્વામીશ્રીની પધરામણી ધામધૂમથી કરાવવાના મનસૂબા હતા. પરંતુ તેની ખબર મળતાં સ્વામીશ્રી અરુચિ પ્રગટ કરતાં બોલ્યા : 'વારે વારે શું સન્માન ? ગોંડલ તો ઘર છે.'

સન્માનનો અણગમો ધરાવનારા સ્વામીશ્રી અવની પરનું આશ્ચર્ય નહીં તો બીજું શું !

આ રીત સાથે તેઓ તા. ૧૪/૫ની સાંજે ગોંડલ પધાર્યા ત્યારે નગરજન સન્માન સમિતિ વતી તેઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. મહારાજાની ખુલ્લી રોયલ બ્યુક ગાડીમાં સ્વામીશ્રીને પધરાવી આશરે ચાલીસેક ધ્વજધારી મોટરોનો રસાલો ગોંડલના બાયપાસ રોડ, જેલ ચોક, ચોરડી દરવાજો, મોટી બજાર, માંડવી ચોક, કૉલેજ ચોક વગેરે સ્થળોએથી પસાર થતો થતો અક્ષર મંદિરે આવી પહોંચ્યો. અહીં પણ સ્વામીશ્રીની કીર્તિપતાકાના પ્રતીક સમા ધ્વજ ફરફરી રહેલા. તેની છાયામાં યોજાયેલી સભામાં નગરપતિ સહિત સૌએ

સ્વામીશ્રીને બિરદાવ્યા.

આ ઉત્સવિયા માહોલ વચ્ચે જ યોગી સ્મૃતિમંદિરની સામે એસ. ટી. બોર્ડ તરફથી તૈયાર થયેલા નવા પીક-અપ સ્ટેન્ડનું ઉદ્‌ઘાટન તા. ૧૫/૫ના રોજ સ્વામીશ્રીના વરદહસ્તે થયું.

સંત-સત્સંગીની સંગતના પ્યાસી

બસ સ્ટેન્ડના ઉદ્‌ઘાટન બાદ સ્વામીશ્રી ગુરુકુળમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ આટોપીને જેવા મંદિરે આવ્યા કે ત્યાં જ તેઓના શરીરને વ્યાધિએ ભરડો લેતાં તાપમાનનો પારો ૧૦૪.૨ ડિગ્રી સુધી પહોંચી ગયો. ઔષધ-ઉપચાર શરૂ થતાં આ તાવ કાબૂમાં તો આવ્યો, પરંતુ તા. ૧૬/૫ના રોજ ઉષ્ણતામાન પુનઃ ૧૦૩.૮ ડિગ્રી સુધી પહોંચી ગયું. તા. ૧૭/૫ના દિવસે પણ તાવની માત્રા ૧૦૨ ડિગ્રી રહી.

સતત ત્રણ દિવસ સુધી રહેલા આ તાવને કારણે સ્વામીશ્રીના શરીરે સખત કળતર રહેતું. તાવથી શરીર એ રીતે તૂટતું કે તેઓએ સંતોને કહી રાખ્યું : 'તમે બધા વારા પાડીને શરીર દબાવતા રહેજો. હું સૂઈ ગયો હોઉં તોય દબાવવું. ચાલ્યા ન જવું.'

આવી બીમારીમાં તેઓ તા. ૧૭/૫ની સાંજે પોતાના ઓરડે બેઠેલા ત્યારે મંદિરના એક સંતને પૂછ્યું : 'અત્યારે કથા થાય છે કે નહીં?'

'ના.'

'તે બંધ થવા ન દેવી. ચાલુ જ રાખવી.' સ્વામીશ્રીએ જણાવ્યું.

પ્રણાલીઓ શિથિલ થાય એ તેઓને શ્વાસ રૂંધાવા જેવું વસમું લાગતું. તેથી જ તો શરીર જ્યારે નાજુક હાલતમાંથી પસાર થઈ રહેલું ત્યારે પણ તેઓ કથાને સંભારી રહ્યા. વળી, તેઓએ ઉમેર્યું : 'હું સૂતો ન હોઉં ત્યારે હરિભક્તો, સંતોને મારી સામે બેસવા દેવા. ઉઠાડી ન મૂકવા. દાક્તરનું બધું કંઈ પાળવાનું ન હોય. એકલા બેઠાં સમય ન જાય.'

કોઈ ચેપ ન લાગી જાય તે હેતુથી તબીબોએ સ્વામીશ્રીને થોડા દિવસ સુધી જનસંપર્ક ટાળવાનું સૂચન કરેલું. તે સંદર્ભમાં તેઓએ જણાવેલી આ ભાવના સંતો-ભક્તો પ્રત્યે તેઓની લાગણી પ્રદર્શિત કરી ગઈ.

'તારા દાસના દાસની નિત્ય સંગત વિના, કષ્ટ થાયે ભૂધરા મન મારે...' જેવી પ્રીતિ સ્વામીશ્રીને સંત-સત્સંગી વિષે રહેલી.

આ અભિષેક બોચાસણ પહોંચે છે

તા. ૧૮/૫થી બોચાસણમાં બી.એ.પી.એસ. સંસ્થાના ત્રિદિવસીય અમૃત મહોત્સવનો પ્રારંભ થઈ રહેલો. તેના અગાઉના ત્રણ દિવસોમાં જ સ્વામીશ્રીએ ગ્રહણ કરેલી ગંભીર માંદગી સૌ માટે ચિંતાનો વિષય બની રહી. જે ગુરુહરિના હાથે અક્ષર-પુરુષોત્તમના વાવટા દુનિયાના મહાસાગરોના કિનારે ફરક્યા, તેઓની જ અનુપસ્થિતિ સંસ્થાના અમૃત મહોત્સવમાં હોય, એ વિગત સૌને પ્રાણસૂના શરીર સમી ભાસતી હતી. જો કે, બોચાસણના ઉત્સવમાં એકત્રિત થયેલા ભક્તોનાં મન ગોંડલમાં પોઢેલા સ્વામીશ્રીમાં પરોવાયેલાં, તેમ ગોંડલમાં રહેલા સ્વામીશ્રીનું મન બોચાસણના ઉત્સવમાં પહોંચવા થનગની રહેલું. તેથી તા. ૧૮/૫ની સવારે છ વાગ્યે જાગીને સ્નાન બાદ તેઓએ પુછાવ્યું : 'મંદિરમાં મહાપૂજા ચાલે છે ?'

જવાબમાં હકાર મળ્યો એટલે તેઓ હરિકૃષ્ણ મહારાજ સાથે મહાપૂજામાં પધાર્યા અને બોલ્યા : 'આપણે બોચાસણનો પાટોત્સવ અહીં કરી લઈએ. ઠાકોરજીનો પંચામૃતથી અભિષેક કરવો છે.' એમ કહી માંદગીને જાણે સાવ ફગાવી દીધી હોય તેમ તેઓએ જાતે જ ખૂબ ભાવથી વેદવિધિપૂર્વક ઠાકોરજીને પંચામૃતથી સ્નાન કરાવ્યું. ત્યારબાદ કમંડળુ ભરીને કેસરમિશ્રિત જળથી ઠાકોરજીને નવડાવ્યા. તે જોઈ કો'ક બોલ્યું : 'બોચાસણમાં તો આવું કેસર-સ્નાન નહીં હોય.'

'આ અભિષેક બોચાસણ જ પહોંચે છે.' સ્વામીશ્રીએ કહ્યું.

બરાબર આ જ સમયે, સવારના સાડા છ વાગ્યે બોચાસણમાં પણ અમૃત પાટોત્સવ નિમિત્તે મહંત સ્વામી, બાલમુકુંદ સ્વામી દ્વારા ઠાકોરજી પર અભિષેક થઈ રહેલો ! કેવો યોગાનુયોગ !

અભિષેક બાદ સ્વામીશ્રીએ નાદુરસ્તી વચ્ચે પણ આરતી, પ્રદક્ષિણા અને દંડવત કર્યાં. ઠાકોરજી પર અત્તર છાંટી લાડ લડાવ્યાં. મહાપૂજામાં સંકલ્પો કર્યા કે 'બ્રહ્માંડમાં અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન વિસ્તરે... ગુણાતીત દ્વિશતાબ્દી ધામધૂમથી ઊજવાય.. દિલ્હી, હરદ્વારમાં મંદિરો થઈ જાય...'

આ વખતે સંતો-ભક્તોએ સંકલ્પ કર્યો કે 'સંસ્થાનો શતાબ્દી મહોત્સવ સ્વામીશ્રીની હાજરીમાં ધામધૂમથી ઊજવાય અને તેઓનું સ્વાસ્થ્ય સારું રહે...'

'બધાનું સ્વાસ્થ્ય સારું રહે.' સ્વામીશ્રી તરત જ બોલ્યા.

'સહુને સુખ દેનાર...' તેઓ પોતાના એકલાની સુખાકારી કદી કલ્પી પણ ન શકતા.

નિરમાની અતિ નેક

માંદગીમાં પણ સ્વસ્થતા દાખવી સ્વામીશ્રીએ કરેલા અભિષેકથી ગોંડલમાં સર્વત્ર ખુશીની લહર ફરી વળી. આ નિમિત્તે કૈંક હરિભક્તોએ રસોઈની સેવાઓ નોંધાવી દીધી. તે જોઈ સ્વામીશ્રીએ વ્યવસ્થાપકોને કહ્યું: 'હાફુસ કેરી મંગાવી બધાને રસ જમાડો.'

આ ભલામણ દ્વારા સૌને રસબસ કરી મૂકનારા તેઓએ તા. ૧૮/૫ની સાંજે પોણા ચાર વાગ્યે જાગ્રત થઈ પહેલી સૂચના આપી કે 'આજે આપણે રાત્રે મોડાં મોડાં પણ બોચાસણ પહોંચી જવું છે. સવારે અભિષેકમાં જવાયું નહીં, પણ આજના પાટોત્સવના દિવસે ઠાકોરજીનાં દર્શન તો કરવાં જ છે. માટે બોચાસણ ફોન કરી દો કે ઠાકોરજીનાં દર્શન ખુલ્લાં રાખે!'

સ્વામીશ્રીના આ આદેશથી બોચાસણમાં સેવા કરી રહેલા સેંકડો સંતો-સ્વયંસેવકો અને ઉત્સવ ઊજવવા એકત્રિત થયેલા હજારો હરિભક્તોમાં અનેરો રોમાંચ પ્રસરી ગયો.

સ્વામીશ્રી પણ સાડા ચાર વાગ્યે તો ગોંડલથી વિદાય લઈ બે કલાકમાં જ સારંગપુર આવી પહોંચ્યા. સારંગપુરમાં તેઓના અચાનક આગમનથી સૌ પુલકિત થઈ ઊઠ્યા. તેઓ સાથે થોડું બેસી સ્વામીશ્રી વિદાય લેવા તત્પર થયા ત્યારે સંતવલ્લભ સ્વામીએ વિનંતી કરી કે 'આપનું શરીર જાળવજો. આપને લઈને સત્સંગ લીલો છે.'

'મહારાજને લઈને છે. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ કરી ગયા છે.' પળનાય વિલંબ વિના આટલું કહી સ્વામીશ્રી બોલ્યા: 'આપણું કર્યું તો કંઈ જ થતું નથી. તમારા જેવા તેમ જ મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી, કોઠારી સ્વામી, ત્યાગવલ્લભ સ્વામી, ઈશ્વરચરણ સ્વામી આદિ સંતો બધા કાર્ય કરે છે.'

જેમ ચંદ્રથી ચાંદની કદી નોખી ન પડે, તેમ સ્વામીશ્રીથી નમ્રતા કદી અલગ થઈ નહોતી.

બોચાસણમાં આવી બિરાજ્યા

સારંગપુરથી નીકળેલા સ્વામીશ્રી રાત્રે સાડા અગિયાર વાગ્યે બોચાસણ

પહોંચ્યા ત્યારે ઉપાસનાના નાભિકેન્દ્ર સમું આ સ્થાન અક્ષરધામની શોભા ધારણ કરી ચૂક્યું હોય તેમ વિલસી રહેલું. મંદિરના પ્રાંગણમાં શાહી દરબારનેય ભુલાવે તેવાં આકર્ષક ઝરૂખા, કમાનો, તોરણોનાં સ્થાપત્યથી ઓપતો પ્રભુના દરબાર જેવો 'યજ્ઞપુરુષ સભાગૃહ' અને સંતો-ભક્તોનાં નિવાસસ્થાન તૈયાર થઈ ગયેલાં.

તેની સાથે જ ગામમાં પ્રવેશતાં હાઈવે પાસે અક્ષર-પુરુષોત્તમ નગરે આકાર પકડી લીધેલો. તેની રચના માટે ગામના પાટીદારોએ ઊભા મોલ વાઢીને ખેતરો આપેલાં. આ ઉપરાંત, ગામની ખળીઓ, મેદાનો અને મકાનો પણ ગામના સરપંચ તથા રહીશોએ ઉત્સવની સેવામાં ધરી દીધેલાં. બોચાસણનું નામ વિશ્વભરમાં પ્રસિદ્ધ કરનારી સંસ્થા માટે બોચાસણવાસીને ગૌરવ કેમ ન હોય!

'અક્ષર-પુરુષોત્તમ નગર'માં સુંદર પ્રવેશદ્વાર, મનહર સુશોભનો, ફૂલછોડની નૈસર્ગિક સજાવટ, અનેક પ્રકારની હાટ તથા ઑડિટોરિયમની આકર્ષક સૃષ્ટિ ખડી થઈ ગયેલી. તેની એક બાજુ નિર્ગુણ યજ્ઞશાળા હતી અને આગળ હતો 'યજ્ઞપુરુષ સભામંડપ.' તેમાં બિરાજેલા અક્ષર-પુરુષોત્તમ મહારાજ આ પ્રસંગે સૌને આશીર્વાદ આપી રહેલા. હાઈવેની સામે પાર હજારો ભક્તોની ભૂખ ભાંગતી 'યોગી પ્રસાદગૃહ' ભોજનશાળા સર્વત્ર સોડમ પ્રસરાવી રહેલી.

આમ, ચારેકોર જામેલા મહોત્સવના માહોલમાં સ્વામીશ્રી પધારતાં જ ઉમંગનો પારાવાર રેલાઈ ગયો. સૌને પોતાનાં સેવા-સમર્પણ સાર્થક થતાં અનુભવાઈ રહ્યાં.

સ્વામીશ્રીએ ભાવપૂર્વક ઠાકોરજીનાં દર્શન કર્યાં. અમૃત પાટોત્સવે દર્શનની ઝંખના પૂરી થતાં તેઓના મુખારવિંદ પર પરમ તૃપ્તિના ભાવ ઉપસી આવ્યા. *'સંત પછી હું સોઉં રે..'*ની ભાવના ધરાવતા મહારાજ પણ જાણે સ્વામીશ્રીનાં દર્શનના અભિલાષી હોય તેમ આટલી મોડી રાત સુધી તેઓની પ્રતીક્ષામાં ઊભેલા. સ્વામીશ્રીને જોતાં તેઓ પણ રાજી થયા. સંત-ભગવંતનું પરસ્પરનું આ ભાવમિલન સૌ માટે દર્શનીય બની રહ્યું.

દર્શન બાદ સ્વામીશ્રી નવા સભામંડપના મેડે તૈયાર થયેલા તેઓના નૂતન નિજનિવાસમાં પધાર્યા. આજે અહીં આરામની પ્રથમ રાત્રિ હોવાથી ઠાકોરજીને પણ તેઓએ પોતાના ઓરડામાં જ પોઢાડ્યા.

પ્રમુખસ્વામી એક સંસ્થા

તા. ૧૯/૫ના રોજ બોચાસણનાં ગલી-ગગન વિશ્વશાંતિ નિમિત્તે થઈ રહેલા મહાયાગના મંત્રોચ્ચારથી ગુંજી રહ્યાં. કદલી સ્તંભ, આસોપાલવ અને ફૂલનાં તોરણોથી સજાવેલી આ યજ્ઞશાળામાં બનેલા ૧૧ યજ્ઞકુંડ, ઉપાસનાના યજ્ઞમાં પોતાના જીવનની આહુતિ આપનારા શાસ્ત્રીજી મહારાજના સમકાલીન સંતોનાં નામાભિધાનથી અંકિત હતા. ૪૦૦ યજમાનો આ પ્રેરણામૂર્તિઓની સ્મૃતિ સાથે વિધિસર હોમ કરવા બેસી ગયેલા. બરાબર નવના ટકોરે સ્વામીશ્રીએ આ યજ્ઞશાળાને પાવન કરી વિધિવત્ આહુતિ આપી. આ અવસરે ૧૮ પાર્ષદોએ ભાગવતી દીક્ષા અને બે યુવાનોએ પાર્ષદી દીક્ષા ગ્રહણ કરી ત્યારે શાસ્ત્રીજી મહારાજે પ્રગટાવેલી ઉપાસનાની જ્યોત વધુ દેદીપ્યમાન ભાસી રહી.

તેમાં આશીર્વાદનું અમૃત સીંચતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આ યજ્ઞથી વિશ્વશાંતિ થશે, હરિભક્તોના દેશ-કાળ સુધરશે. આ સંતોએ દીક્ષા લીધી તે એકાંતિક ધર્મ પ્રાપ્ત કરશે, સાધુતા પ્રાપ્ત કરશે અને અક્ષર-પુરુષોત્તમનું કાર્ય કરશે. સંસ્થાની મહાન સેવા કરી પાયારૂપ બનશે.'

દીક્ષાવિધિ સંપન્ન કરીને સ્વામીશ્રી 'નગર'ના સભામંડપમાં પધાર્યા. અહીં રાજ્યના મુખ્યમંત્રીશ્રી સહિત રાજ્ય, જિલ્લા અને તાલુકાના અનેક અગ્રણીઓથી મંચ તથા માંડવો ભરચક હતા. એક પછી એક મહાનુભાવો સંસ્થા, સ્વામીશ્રી અને શાસ્ત્રીજી મહારાજનાં કાર્યને બિરદાવતા ગયા. વચ્ચે-વચ્ચે કીર્તનોની રમઝટ અને વિવિધ પ્રકાશનોનાં ઉદ્ઘાટનોથી સભા વિશેષ રસપૂર્ણ થઈ રહી. આ અવસરે મુખ્યમંત્રી શ્રી માધવસિંહ સોલંકીએ અહોભાવ પ્રગટ કરતાં કહ્યું: 'આપણે ગૌરવ લઈએ કે આપણા ગુજરાતની આ સંસ્થાએ મિશનરીઓ કરતાં સવાયું કામ કરવાનું આયોજન કર્યું છે. પ્રમુખસ્વામી મહારાજનું છેલ્લાં કેટલાંય વર્ષોથી કાર્ય જોઈએ તો તેઓ પોતે જ એક સંસ્થારૂપ બની ગયા છે.'

આવી અનેક પ્રશસ્તિઓના પ્રવાહમાં સભાગૃહ ખેંચાતો રહ્યો, પણ તેથી સર્વથા અસંગી રહી સ્વામીશ્રીએ અમૃતધારા વહાવી કે 'આપણો ઉત્કર્ષ ક્યારે થાય, તો બીજાનો ઉત્કર્ષ ઇચ્છીએ ત્યારે! પૈસા, સત્તા, વૈભવથી જે આનંદ નહીં આવે તે દરેકનું સારું જોવા, સાંભળવાની દૃષ્ટિથી આવશે. આત્મારૂપ

નહીં થઈએ તો આ ભાવના નહીં આવે. શ્રીજીમહારાજ પૂર્ણ પુરુષોત્તમ અને ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ આ જ્ઞાન જીવનમાં પચવું જોઈએ.'

જયંતી બે પ્રકારે ઊજવાય

સંસ્થાના અમૃત મહોત્સવનો અંતિમ દિન યોગી જયંતીની સૌરભ ભરીને આવ્યો હોવાથી સ્વામીશ્રીએ પણ આજની સવારને ગુરુભક્તિનાં વિશિષ્ટ આંદોલનોથી ભરી દીધી. આજે તેઓએ મંદિર નીચેના રંગમંડપમાં, આરસમાંથી નિર્મિત શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનાં પૂર્ણ કદનાં શિલ્પોની સ્થાપના કરી. તેની આરતી ઉતાર્યા બાદ સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનાં સ્તુતિ-અષ્ટકો તેમજ *'સ્વામી-યોગીની રૂડી જોડલી..', 'શાસ્ત્રીજી મહારાજનો સંગ...', 'મેં તો ગ્રહી લીધું શરણું...'* તથા *'યોગી આવો તે રંગ...'* કીર્તનો સ્વ-ઇચ્છાથી ગવડાવ્યાં. સ્વયં પણ તેને ઝીલતા રહ્યા. તેઓ આજે પોતાના બે પ્રતાપી ગુરુઓની સાથે એકાકાર બની ગયા હોય તેમ અત્યંત ભાવવિભોર જણાતા હતા.

મૂર્તિસ્થાપનવિધિ બાદ, સ્વામીશ્રીએ નૂતન 'યજ્ઞપુરુષ સભાગૃહ'નું ઉદ્ઘાટન કરતાં જ બોચાસણમાં ભવ્ય સભામંડપ બાંધવાનો શાસ્ત્રીજી મહારાજનો સંકલ્પ પૂર્ણ થયો. આ સભામંડપના નિર્માણની ભૂમિ સંપાદિત કરવા માટે સ્વામીશ્રીએ ખૂબ જ પરિશ્રમ કરેલો. તેઓની આ તપશ્ચર્યા જ સભામંડપના કાંગરે-કાંગરે દેખાઈ રહી. સભાગૃહને કથા-કલ્યાણના કાર્યક્રમો માટે ખુલ્લો મૂકી સ્વામીશ્રીએ આ સભામંડપના કલાત્મક કાષ્ઠ સિંહાસનમાં ધામ-ધામી-મુક્ત તથા ગુરુપરંપરાની પૂર્ણ કદની ઊભી તૈલપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી.

આમ, પગલે-પગલે નવાં સોપાનો સર કરી સ્વામીશ્રીએ આ અમૃત મહોત્સવે બોચાસણના મંદિરની રોનક ફેરવી દીધી. તેઓના આ કાર્યને વધાવવા આજની ઉત્સવ-સભા પણ ભરચક હતી.

તેમાં મહંત સ્વામીએ યોગી જયંતીની સાચી ઉજવણી સમજાવતાં કહ્યું : 'જયંતી બે પ્રકારે ઊજવાય; એક તો મહાપુરુષો જતા રહે પછી 'તે થઈ ગયા' તે રીતે અને બીજી 'ગયા નથી, છે' એ રીતે ઊજવાય. આપણે તો પ્રમુખસ્વામી પ્રત્યક્ષ છે એટલે યોગીજી મહારાજ છે જ અને યોગી જયંતી ચાલુ જ છે. અભાવ, અવગુણ, સ્વભાવ બધું છોડીને પ્રમુખસ્વામીની આજ્ઞા, મરજી, ઇચ્છા

પ્રમાણે કરવાનું છે.'

મહંત સ્વામીના આ મહિમાગાન બાદ અમૃત મહોત્સવના વિવિધ કાર્યક્રમોનું સમાપન કરતાં સ્વામીશ્રીએ આશીર્વાદ પાઠવ્યા કે – 'અમૃત મહોત્સવનો પ્રોગ્રામ સારી રીતે માણ્યો. શ્રીજીમહારાજે બીજા સંપ્રદાયોને ઝાંખા નથી પાડ્યા પણ દરેકને પુષ્ટિકારક કાર્ય કર્યું, તેમ શાસ્ત્રીજી મહારાજે પણ ખંડન-મંડનમાં પડ્યા સિવાય સંસ્થા સ્થાપી દીધી. શ્રીજીમહારાજે જેમ વનવિચરણ કર્યું તેમ શાસ્ત્રીજી મહારાજે વનવાસ લીધો હતો. તેમણે સુખ ઇચ્છ્યું જ નથી. કોઈ હરીફાઈથી કાર્ય નથી કર્યું. આ સંસ્થાથી જૂની સંસ્થાને કોઈ આંચ આવી નથી. ઊલટું, કંઈક પ્રકાશ આવ્યો છે. એમના પછી યોગીજી મહારાજ એવા સમર્થ સંત થયા. એમના જીવનમાંથી પ્રેરણા મેળવીએ.'

આ અમૃતધારા સાથે જ સમાપન પામેલા અમૃત મહોત્સવથી ઉપાસનાના પાયા વિશેષ મજબૂત બન્યા.[૮૦]

કૃપાનિધિ કરુણાના ધામ

ઉત્સવ બાદ શિથિલ સ્વાસ્થ્યને અનુલક્ષી તબીબોએ સ્વામીશ્રીના વિચરણ પર રોક લગાવી દેતાં બોચાસણમાં જ રહેલા સ્વામીશ્રી અહીં સવાર-સાંજ કથા-વાર્તામાં પધારતા અને સૌને દર્શનનું સુખ આપતા. ડૉક્ટરોની સલાહ મુજબ તેઓ સાંજે ચાલવા પણ નીકળતા. ક્યારેક મંદિરના ખેતરમાં ચાલવા જાય તો ક્યારેક સ્ટેશન સુધી પહોંચે. આ વખતે કો'કના ફળિયામાં કથા પણ કરતા આવે. મોટે ભાગે તેઓ સંધ્યા આરતીનાં દર્શન કરીને નીકળે અને શયન આરતી દરમ્યાન પરત ફરે. તે વખતે સાથે થોડા સંતો-ભક્તો, બાળકો-યુવકો હોય. તેઓ સાથે પુરાણા પ્રસંગોની વાતો કે હળવો વિનોદ ચાલતો રહે.

ભક્તિવિહારના આ ક્રમમાં સ્વામીશ્રી તા. ૨૩/૫ના રોજ મંદિરના જે ખેતરમાં ચાલવા ગયા ત્યાં શાસ્ત્રીજી મહારાજના સમકાલીન સંત ભક્તિવલ્લભ સ્વામીનો ઓટો હતો. તેથી તેઓ દર્શનનો લોભ રોકી ન શક્યા અને તે

૮૦. ધામધૂમથી ઊજવાયેલા સંસ્થાના આ અમૃત મહોત્સવને નયનગોચર કરવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

સ્મૃતિસ્થાને જઈ પહોંચ્યા; પણ ત્યાં જ એક દુર્ઘટના ઘટી.

સ્વામીશ્રીએ પગમાં પહેરેલી સ્લિપરને આરપાર વીંધીને એક કાંટો ચરણમાં ભોંકાયો. તેથી લોહી પણ નીકળ્યું. આમ, ઉપાધિમાં વધારો થયો. છતાં સ્વામીશ્રી તો સ્વસ્થ ચિત્તે રોજિંદા ક્રમ મુજબ કથા, દર્શન, મુલાકાત વગેરેનો લાભ આપતા જ રહ્યા.

આવી પરિસ્થિતિમાં પણ તેઓએ બે બેઠક યોજીને એક અક્ષરવાસી ભક્તના બે પુત્રો વચ્ચે વકરેલા વૈમનસ્યને વિદાર્યું. સ્વામીશ્રીએ કરાવેલી આ સુલેહથી બંને પક્ષ રાજી થતાં બોલી ઊઠ્યા : 'જો સ્વામીશ્રીએ અમારો કેસ હાથમાં ન લીધો હોત તો સુપ્રીમ કોર્ટ સુધી મામલો પહોંચે તેમ હતો.'

આમ, પોતાનાં શબ્દ-સાંનિધ્યથી કૈંકના ક્લેશ નિવારતાં સ્વામીશ્રી તા. ૨૬/૫ના રોજ સ્વાસ્થ્યની તપાસ માટે આણંદ પહોંચ્યા.

'અહીંની એક હૉસ્પિટલમાં સંસ્થાની મોટર ચલાવતો રામુ પણ અકસ્માતમાં ઈજાગ્રસ્ત થઈને સારવાર લઈ રહેલો છે' -- તે સમાચાર સ્વામીશ્રીને મળ્યા. તેથી પોતાના સ્વાસ્થ્યની ચકાસણી પૂરી થતાં જ તેઓએ આ ડ્રાઇવરની ખબર જોવાની વાત કરતાં કહ્યું : 'આપણે તેને મળી આવીએ.'

પરંતુ આ અરસામાં સ્વામીશ્રી મંદિરનાં પગથિયાં પણ ખુરશી પર બેસીને ચઢતા અને દર્દીનો ઓરડો પહેલા માળે હતો. તેથી સૌએ કહ્યું : 'સ્વામી ! આપની તબિયત ઠીક નથી ને દાદરા ચઢવાના થશે. માટે ન જાઓ તો સારું.'

'પણ આટલે આવ્યા છીએ તો તેને મળી જ આવીએ.' આમ કહેતાં સ્વામીશ્રી સંતોના ટેકે પગથિયાં ચઢી એ ઘાયલ ડ્રાઇવરના ખાટલે જઈને બેઠા ! તેઓની આ કૃપા-કરુણાથી રામુ તો દિગ્મૂઢ જ થઈ ગયો. પગમાં ફ્રેક્ચરને લીધે તે તો ઊભો થઈને સ્વામીશ્રીને વધાવી શકે એમ નહોતો, પણ તેનાં રોમ-રોમ ખડાં થઈને સ્વામીશ્રીને આવકારી રહ્યાં !

જાણો જન સમર્થ શ્રી ભગવાન

બોચાસણમાં નિવાસ દરમ્યાન તા. ૩/૬ની સાંજે મંદિરના ખેતરમાં ચાલવા નીકળેલા સ્વામીશ્રી થોડો વિહાર કરીને એક જગ્યાએ સંતોએ તૈયાર કરેલા આસન પર બિરાજ્યા. તે વખતે સૌ પ્રેરક પદાવલીઓ ગાવા લાગ્યા. તેના આધારે હિતોપદેશ આપતા સ્વામીશ્રી સાથે સંતોની ગોષ્ઠી ઠીક ઠીક ચાલી. તેમાં સૌએ સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! આપના વિચરણથી બધું લીલું છે.'

'ઠાકોરજીને લઈને બધું આવે છે. આપણાથી કંઈ થતું નથી. આપણને કોઈ આપતું નથી.' સ્વામીશ્રી બોલ્યા.

આવા દાસભાવથી સૌના અહોભાવનું પાત્ર બનેલા તેઓ તા. ૭/૬ના રોજ રામોદડી પધાર્યા. અહીં માતાના સ્થાનકે પીપળા નીચે બિરાજેલા તેઓને ગામના રહીશોએ મંદિર માટે તૈયાર કરેલો ઠરાવ અર્પણ કર્યો. તે સ્વીકારી સ્વામીશ્રી સારંગપુર જઈ પહોંચ્યા.

તેઓની તબિયત છેલ્લાં ત્રણેક અઠવાડિયાંના ઉપચાર પછી પણ સ્વસ્થતાના પાટે ન ચડતાં, તમામ કાર્યક્રમો મુલત્વી રખાવીને વિશ્રામ માટે સ્વામીશ્રીને અહીં લાવવામાં આવેલા. અત્રે સવાર-સાંજ સ્મૃતિમંદિરે દર્શન, મંદિરદર્શન, કથાશ્રવણ, પત્રલેખન વગેરે સેવા-ભક્તિમાં તેઓ સમય વિતાવતા.

આ ક્રમમાં તા. ૯/૬ની સાંજે સ્વામીશ્રી સ્મૃતિમંદિરે પધાર્યા, પણ તે જ વખતે વીજળી ગુલ થતાં પૂજારી પ્રગટ ભગતે ટોર્ચનું અજવાળું કરી કહ્યું: 'આ પરદેશની બેટરી આપના પ્રતાપથી આવી છે તે...'

આ વાતને અડધેથી જ અટકાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'શાસ્ત્રીજી મહારાજના પ્રતાપથી આવી છે. આપણાથી કંઈ ન થાય. તું ભૂલી ગયો – સ્ટેશને-સ્ટેશને પોટલાં ઉપાડીને ભાગતા'તા એ? કોઈ ભાવેય પૂછતું નો'તું.'

સ્વામીશ્રીએ ગુરુમહિમાની ગરબી ગૂંથી દીધી. શ્રીજીમહારાજની સાથે પોતાના ગુરુ સમક્ષ પણ તેઓ ઋણભારે નતમસ્તક જ રહેલા.

ભગવાન ભજે તે મોટો

સારંગપુરમાં સ્વામીશ્રી સાંજે સ્મૃતિમંદિરે પધારે તેની સૌ આતુરતાથી રાહ જોતા, કારણ કે આ સમયે દર્શન-પ્રદક્ષિણા બાદ તેઓ અહીં નૈઋત્ય ખૂણે બિરાજી અલૌકિક આનંદ કરાવતા. તેઓના બાળસખા સમા હકા બાપુ જૂના જૂના પ્રસંગો સંભળાવી રમૂજ કરતાં-કરાવતાં જાય. સ્વામીશ્રી પણ મુક્ત હાસ્ય વેરતાં જાય. વચ્ચે વચ્ચે ટાપશી પૂરી ગમ્મતનો ગોટો વધુ ગાઢ બનાવે. તે વખતે કાઠી દરબારો સાથે બેસી બ્રહ્માનંદ માણતા શ્રીજીની સ્મૃતિ અવશ્ય થઈ આવે.

તા. ૧૧/૬ની સાંજ પણ આવા જ દૃશ્યની સાક્ષી બનીને સરી રહેલી. તે વખતે હકાભાઈએ વાત ઉપાડી કે 'શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી પાસે ભક્તચિંતામણિ વંચાવે. તેમાં શોભાવંત સારંગપુરવાળો પ્રસંગ આવે ત્યારે રાજી થતા. તેવું શોભાવંત સારંગપુર પ્રમુખસ્વામીના હાથે થયું.'

આ સાંભળતાં જ સ્વામીશ્રી બોલ્યા : 'આપણે તો પાશેરામાં પહેલી પૂણી મૂકી છે. આ મુક્તો(પાર્ષદો) આવ્યા છે તે હવે શોભાવંત બનાવશે. આપણે સંકલ્પ કરીએ કે આરસનું કામ, બગીચો, ટાવર બધું જલદી થઈ જાય. ટાવર આ દિવાળીએ ડંકા મારશે.'

જ્યાં સ્વામીશ્રી આમ બોલ્યા કે ત્યાં જ સૌ તેઓને આ વર્ષે દિવાળી-અન્નકૂટના ઉત્સવો અહીં સારંગપુરમાં ઊજવવા આગ્રહ કરવા લાગ્યા; પરંતુ, 'યોગીબાપાએ આજ્ઞા કરી છે તેથી તે તો ગોંડલમાં જ કરવો' કહી સ્વામીશ્રી બોલ્યા :

''સારી શોભા કરવી, થાળ કરવો તે પણ ભક્તિ છે. યોગીબાપા ગોંડલમાં રંગોળી કરાવતા ને ઠાકોરજીને સારા વાઘા પહેરાવ્યા હોય તો કહે, 'રજોગુણ કાઢ્યો.' ઠાકોરજીને લાડ લડાવીએ તો આપણો રજોગુણ જાય. તેમની સાફસૂફી કરીએ તો આપણા અંતરની સાફસૂફી થાય. મોટાપુરુષ જોગ તો આપે પણ ઈશક સવા શેર હોય તો કામ થાય. પોતે પોતાના ગુરુ થાય તો પોતાની જાતે સ્ફુર્યા કરે ને સાધુતા, સહનશીલતા વગેરે ગુણો આવે. મહારાજને રાજી કરવા પાંચસો પરમહંસોએ મનનું મૂકી દીધું. કોઈ વાતનો મમત્વ નહીં કે 'હું આ જ કરીશ.'

શાસ્ત્રીજી મહારાજના વખતમાં વારે વારે બદલ-બદલ કરે, પણ બધા સંતો શાસ્ત્રીજી મહારાજ કહે તે કરવા તૈયાર. ઊંચી-નીચી સેવા જેવું કંઈ નહીં. ભગવાન ભજે તે મોટો. આજ્ઞા-ઉપાસનામાં મોટો તે મોટો. ગાદી-તકિયે બેસે તે મોટો એમ નહીં. વળી, આ સાંભળી બધું એક કરી ન નાંખવું. સદ્‌ગુરુ સંતોની આમન્યા રાખવી. તેમને ગાદી-તકિયે બેસાડવા. તેમને દંડવત કરવા. બધા સમથળ ન કરી દેવા. બીજાને માન આપવું તેમાં આપણું માન વધે. *'ત્યાગે એની આગે ને માંગે ત્યાંથી ભાગે...'* (આપણે જે) હોદા ઉપર હોઈએ તેનું માન ન રાખવું. પૂજારી હોય તેને બદલી નાંખે તો પૂછવું પણ નહીં કે 'શું વાંક-ગુનો હતો?' તેવી દલીલો થાય તો કર્યું-કારવ્યું સર્વે પાણીમાં જાય. જેમ કહે તેમ કરીએ તેમાં આપણી શોભા, સાધુતા બધું આવી જાય.

શ્રીજીમહારાજે સંતોને પથરાની જેમ ફગાવ્યા. માર-ઝૂડ, માન-અપમાન સહન કરાવ્યાં. પણ સંતોને શ્રીજીમહારાજ કેમ રાજી થાય તે જ મમત્વ. ભક્તિવલ્લભદા' એવા હતા. સારંગપુરના કારખાનાના કામમાં કે શ્રીજીપુરામાં ઢોર ચારવાનાં હોય, બેયમાં તૈયાર. અક્ષરસ્વરૂપદાસ પણ એવા. કોઈ નાના

બોલી જાય તોપણ હાથ જોડે. ગોંડલના કોઠારી બનાવેલ તોપણ પૂજારીનું, ઢોર દો'વાનું, રસોડાનું, કારખાનાનું બધું કામ કરતા. અટલાદરામાં ખેતીમાં અમારી સાથે કામ કરવા આવતા. બીજાં મંદિરોમાં જાય ત્યાં પણ ત્યાગવલ્લભ સ્વામીની જેમ જોડાઈ જાય. આ રીત જાણી રાખી હોય તો ક્યારેય કંઈ પણ દુઃખ જ ન આવે.''

સ્વામીશ્રીના શબ્દોમાં સત્સંગની રૂડી રીતનું રહસ્ય છતું થઈ રહ્યું.

સત્યની સાચી સમજ

તા. ૧૨/૬ની સાંજે પણ સ્મૃતિમંદિરના સત્રમાં સ્વામીશ્રીએ *'મોહનને ગમવાને ઇચ્છો...'* પદ પર સદુપદેશ આપતાં કહ્યું :

''ભગવાનને ગમે તેમ કરો. 'સત્-યુગ આયેગા' એવું લખે છે પણ ભગવાનની આજ્ઞા પ્રમાણે રહીએ તો સત્-યુગ છે. દુનિયામાં કતલખાનાં કરે પણ મંદિર કરે તો કહેશે, 'પથ્થર ખડકવાની શી જરૂર છે?' પણ સત્-યુગ આવશે તો તેવાં મંદિરો ને તેમાં સેવા-ભક્તિ કરતા સંતોને લઈને આવશે. 'સત્યમેવ જયતે' સૂત્ર ભારતે રાખ્યું છે પણ તે જ્યારે વર્તનમાં આવશે તે દિવસે સુખી થવાશે. સત્ય કંઈ બીજું આવવાનું નથી. ભગવાન ને સંત અને તેમનાં આદેશ ને કાર્ય એ જ સત્યની મૂર્તિ છે. શાસ્ત્રીજી મહારાજ વગેરેને મંદિરો કરી શું તેમાં મહાલવું હતું? તેમના એક એક પથ્થરમાં સત્ય છે. આપણે એ માર્ગે ચાલવું નથી ને ઉભાંગડ ચાલવું છે. પછી દુઃખ આવે જ ને!

લોકમાં તો અજ્ઞાન છે, તે ગમે તેમ બોલે. અત્યારે સારા સારા ડાહ્યા માણસો પણ કહે કે 'તમે બ્રહ્મમાં ભેદ કેમ પાડ્યો? સ્ત્રી સાથે વાત કરો.' પણ આપણે શ્રીજીમહારાજના છીએ તો સ્ત્રી અને દ્રવ્યનો ત્યાગ બરાબર રાખવો. તેની 'ના' પાડનાર ડાહ્યા હોય તો તેના ઘરના ડાહ્યા. હાથ-પગ કપાય તો વાંધો નહીં, પણ ગળું કપાય તો? તેમ સ્ત્રી-ધનનો ત્યાગ બરાબર પાળવો.''

પોતાની સચોટ વાણીમાં સ્વામીશ્રીએ સત્યની સાચી સમજ ચીંધી દીધી.

જેવી રીતે ટેવાવું હોય તેવી રીતે ટેવાય

સારંગપુરમાં સ્વામીશ્રીના સુદીર્ઘ રોકાણને લીધે દૂર-દૂરથી લાભ લેવા દોડી આવતા ભક્તો અહીં હરિકૃષ્ણ મહારાજનાં દર્શન, સ્મૃતિમંદિરની પ્રદક્ષિણા અને સ્વામીશ્રીનાં કથામૃતની ત્રિવેણીમાં ન્હાઈ ધન્યતા અનુભવતા.

સ્વામીશ્રીને પણ આવનાર સૌ રાજી થઈને જાય એ તાન રહેતું. તેથી દરેકની દરકાર રખાવતા. અલબત્ત, સગવડની સાથે સમજણ પીરસવાનું પણ ન ભૂલતા. સવારે મંદિરના સભામંડપમાં, બપોરે તેઓના ઉતારામાં, નમતા પહોરે બગીચામાં અને સંધ્યા સમયે સ્મૃતિમંદિરે તેઓની અમૃતધારા વહેતી જ રહેતી. જેની ચાંચમાં જેટલું બળ તેટલું તે પીએ અને તૃપ્તિ અનુભવે. બાકી સ્વામીશ્રીની સમજણનો સાગર તો સભર-સભર લહેરાયા જ કરે.

તા. ૧૫/૬ની સાંજે પણ આ સાગર આમ રેલાઈ રહ્યો :

''*આર્દ્રાની વાવણી અને ઘીની તાવણી.* ઘીને વધુ તપાવીએ તો કડક થઈ જાય. તેમ આર્દ્રા(નક્ષત્ર)ની વાવણી થયા પછી મોડું થાય તો સુકાઈ જાય. આપણે આર્દ્રાની વાવણી છે તેમાં એવું સરસ વાવી દેવું. સારંગપુર જેવું સર્વોપરી સ્થાન, આવું શાસ્ત્રીજી મહારાજનું સમાધિસ્થાન, સંત સ્વામી જેવા સંતનો જોગ ને આ જુવાન દેહ – આ બધું ફરી-ફરીને ન મળે. તેમાં ખપ, ખટકો રાખવો તો બેડો પાર થઈ જાય. આજ્ઞા પ્રમાણે કડકડાટી બોલાવવી. જેને શ્રદ્ધા ન હોય તે બોલે કે *'ભણતવ્યં તો બી મર્તવ્યં ને નહીં ભણતવ્યં તો બી મર્તવ્યં, તો માથાકૂટં કિં કર્તવ્યમ્ ?'* પણ આપણે ભગવાનને રાજી કરવા દાખડો કરવાનો છે. દેહ તો બધાના પડી જવાના છે પણ ભગવાનના ધામમાં બેસી જવાય તે માટે મહેનત કરવાની છે.

(જૂનાગઢથી આવેલા)બાલમુકુંદ સ્વામી સાથે અમે (યુવકમાં) ગામડે જતા તે ચોકા સાફ કરતા, વાસણ ઊટકતાં અમને શિખવાડે. રખ્યા ચોંટી રહી હોય તો પણ એઠાં ગણી ફરી ઊટકાવે. પહેલાં ગામડાંનાં મંદિરોમાં સાફસૂફી વગેરે બધું જ સંતો કરતા. ગામડાનું મંદિર પણ આપણું જ છે ને ! તેનું વાસણ-કૂસણ, ગાદલાં-ગોદડાં બધું આપણે જ વાપરવાનું છે ને ! તે વાપરીને પાછું વ્યવસ્થિત મૂકી દેવું. 'એક જ દિવસ રહેવું છે ને !' તેમ નહીં. સેવા છે તેમ સમજીને સાફસૂફી કરવી. જેવી રીતે ટેવાવું હોય તેવી રીતે ટેવાય.

જે સગવડ મળે તેનાથી ચલાવી લેવું. ગમે તેટલી સગવડો હોય તોય અગવડો તો રહેવાની જ. જેને ભગવાન ભજવા છે તેને કોઈ અગવડ લાગતી નથી. કોઈ પણ જાતનો ઠરાવ નહીં. બધા સાધુ થઈ જાય, બધા સાધુ મટી જાય, સત્સંગી મટી જાય તોય ભગવાનની ઇચ્છા. *જ્ઞાનીનો ગમો, જેમ મારે તેમ સમો.* આપણે બહુ તૈયારીઓ કરી હોય અને આપણને એમ હોય કે 'હજારો માણસોને સમાસ થાય એમ હતું ને તમારે (એટલે કે સ્વામીશ્રીને)

આવવું જ પડશે.' એમ નહીં. આ નિમિત્તે આટલી સેવા થઈ ગઈ ! પછી ભલે માંડવો છોડવો પડે, પોટલાં છોડવાં પડે પણ 'પહેલાંથી અક્કલ નહોતી તે છેલ્લી ઘડીએ 'ના' પાડો છો' એમ નહીં.

આપણે હતા તો આ સેવા થઈ એવું ખોટું ફુલાવાની કાંઈ જરૂર નથી. શ્રીજીમહારાજ અને ગુણાતીતાનંદ સ્વામીના સંકલ્પે આ સત્સંગ વધે છે. આપણે ભગવાનના ભજનનો આગ્રહ રાખવો. આપણને નિમિત્ત બનાવી આપણી સેવા અંગીકાર કરી તે આપણાં મોટાં ભાગ્ય.''

સારંગપુરમાં અધ્યાત્મનો અખાડો જમાવી બિરાજેલા સ્વામીશ્રીની વાણી માયાને મહાત કરવાના કૈંક દાવપેચ શીખવતી રહેતી.

સત્પુરુષમાં બંધાવું

સારંગપુર એટલે સંતોની સાધનાભૂમિ. અહીં વિવિધ વિદ્યાના અભ્યાસ સાથે બ્રહ્મવિદ્યાની પણ આરાધના થાય. સ્વામીશ્રી પધારે ત્યારે તેઓ સાથે આ સંબંધી ગોષ્ઠી યોજાય.

તે ક્રમમાં તા. ૧૬/૬ના રોજ સંસ્કૃતનો અભ્યાસ કરતા પાર્ષદો અને સ્વામીશ્રી વચ્ચે સહજ સંવાદ સધાઈ રહ્યો. તેમાં તેઓએ 'દરેક ક્રિયામાં ભજન કરતાં રહેવું'ની વાત કરી. ત્યારે પાર્ષદોએ પૂછ્યું : 'બાપા ! સંસ્કૃતમાં 'શબ્દ-રૂપાવલિ'નાં રૂપો ગોખતાં 'સ્વામિનારાયણ' ભજન કેવી રીતે થાય ?'

પાર્ષદોનો પ્રશ્ન 'પ્રૅક્ટિકલ' હતો. સ્વામીશ્રીએ પણ તેવો જ 'પ્રૅક્ટિકલ' ઉત્તર આપતાં કહ્યું :

''એ તો આજ્ઞા છે તે 'રામ: रामौ रामा:' ગોખવું જ પડે, પણ અભ્યાસ, કારખાનું, ખેતી, ભંડાર વગેરે કામ કરતાં-કરતાં ભજન કરવું, તો તે મુકાવે ત્યારે તરત મૂકી શકાય. નહીં તો અહંભાવ આવે કે 'મેં કર્યું, મારાથી થયું.' માટે ક્રિયામાં બંધાવું નહીં, બીજા ભાઈબંધની મહોબતમાં ન લેવાવું પણ સત્પુરુષમાં બંધાવું. સત્પુરુષ, ભગવાન કારણ છે. મંદિરની ક્રિયામાં પણ કોઈ જાતનો તંત નહીં. આપણને આપે તેનીયે જય અને ન આપે તેની પણ જય.''

આટલી વાત કર્યા બાદ બીજો એક મુદ્દો ઉપાડતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે

''ભગવાન આગળ કપટ ન રાખવું. આપણે તો ખોટો રૂપિયો ન ચાલે તો નાંખો મંદિરમાં. ઘી કટાઈ ગયું હોય તો નાંખો ભગવાનના દીવામાં.

યોગીજી મહારાજ ધર્માદો ઊઘરાવવા ગયેલા તે એક ભાઈનો અડધો

મણ બાજરો બાકી હતો તેમને સમજાવ્યું કે 'નાંખી જાઓ તો કાલે ગાડાં આવવાનાં છે તે ભેગાંભેગું મંદિરે પહોંચી જાય.' પણ પેલાના મનમાં એમ કે 'ભૂલી જાય તો સારું.' પણ યોગીજી મહારાજ ભૂલે તેવા નહીં.

પછી પેલો સવારે વહેલો આવીને 'કાંધા'નો બાજરો નાંખી ગયો. યોગીજી મહારાજે પૂછ્યું : 'ક્યાં નાંખ્યો ?' જોયું તો આખો ઢગલો બગાડેલો.

તેથી યોગીજી મહારાજ કહે : 'તમારે આવો જ આપવો હતો તો અમે લઈ લેત, પણ જુદો આપ્યો હોત તો સારું થાત. આ બધો બાજરો બગાડ્યો.'

લોકો ભગવાનને આમ છેતરે. દીકરી પરણાવવી હોય તો બૅન્ડ બોલાવે ને લાખો રૂપિયા ઉડાડે. પણ મંદિર ને ઠાકોરજી માટે કહીએ તો કહેશે 'દીકરા-દીકરી પરણાવ્યાં કે મકાન કર્યું તેથી શક્તિ નથી.' પણ લાખ ભેગા સવા લાખ. આ તો દીકરો ઉઘલાવે તે પેલો આખી જિંદગી ઊભો જ ન થાય. ચોરીમાં કન્યા છોકરા પાછળ-પાછળ આંટાં મારે ને પછી આખી જિંદગી છોકરાએ આંટા મારવાના.''

સંસારના શબ્દચિત્ર સ્વામીશ્રી પોતાની આગવી શૈલીથી હૂબહૂ ઉપસાવતા. તેમાંથી ટપકતો સદ્‌બોધ સૌના અનુભવમાં મળતો આવતો. તેથી તે સહેલાઈથી ગળા હેઠે ઊતરી જતો. જેમ કાંટાથી કાંટો કાઢે તેમ સ્વામીશ્રી સાંસારિક દૃષ્ટાંતો આપીને જીવમાંથી સંસારની બાદબાકી કરી દેતા !

આપણો દેશ અક્ષરધામ

તા. ૧૭/૬ની સાંજે સ્વામીશ્રી મંદિર-સંકુલમાં ચાલી રહેલાં વિવિધ બાંધકામોનું નિરીક્ષણ કરીને બગીચામાં બિરાજ્યા ત્યારે સંતો-ભક્તો પણ સામે ગોઠવાઈ ગયા. હવે સ્વર્ગ ભુલાવે તેવો વર્ગ શરૂ થવાની તૈયારીમાં જ હતો ત્યાં આવી ચડેલા બોટાદના એક શ્રેષ્ઠીને જોઈ એક હરિભક્તે વિવેક કર્યો કે 'તમે અહીં આગળ બેસો. તમે આ દેશના કહેવાઓ.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'આપણે તો આખો દેશ અક્ષર-પુરુષોત્તમનો. આપણો દેશ અક્ષરધામ, અનિર્દેશ.'

સ્વામીશ્રી હંમેશા વિશાળતાના જ પોષક રહેલા, સાથે મહિમાદૃષ્ટિના પણ. તેથી આજની આ સભામાં એક ભક્તે અહોભાવ વ્યક્ત કરતાં તેઓને કહ્યું : 'આ સ્થાન આપને લઈને નૈમિષારણ્ય છે.'

ત્યારે સ્વામીશ્રી તરત જ બોલ્યા : 'સંતો-પાર્ષદોને લઈને નૈમિષારણ્ય છે.'

આવી મહિમાદૃષ્ટિથી સૌને નીરખતા તેઓ સ્વયં ગુરુ હોવા છતાં નાના બીમાર સંતોની પણ ખબર-અંતર પૂછવા દોડી જતા. આ અરસામાં ઇન્દ્રજિત ભગતને પગ પાકવાથી આશરે એકાદ મહિનો પથારીવશ રહેવું પડેલું. દૈવયોગે સ્વામીશ્રી પણ વિશ્રામ માટે અત્રે પધારતાં તેઓ રોજ આ પાર્ષદની તબિયત જોવા જતા. ત્યાં જઈ તેઓના પગે હાથ ફેરવતા, પૂછપરછ કરતા અને આશીર્વાદ વરસાવતા. તે વખતે *'પરમ સ્નેહી સંત જનના...'*નું બિરુદ તેઓને બિલકુલ બંધબેસતું જણાતું.

રસના સદા હરિગુન ગાત

સારંગપુરમાં તા. ૨૩/૬ની સવારથી જ પ્રવર્તી રહેલા રથયાત્રાના સમૈયાની ચરમ સીમા સાંજે નીકળનારી રથયાત્રા વખતે આવવાની હતી. છેલ્લા આઠ દિવસથી આ ઉત્સવની તૈયારીમાં ડૂબેલા સંતો-પાર્ષદોના પરિશ્રમથી ઘુમ્મટ નીચે બે પહાડ ઊભા કરીને રોપ-વે તૈયાર થયેલો. પહાડી સૃષ્ટિને અનુરૂપ રથ, જળાશય, હરિયાળી, સંતો-પાર્ષદોની નાની પ્રતિકૃતિઓ તથા અન્ય નયનરમ્ય શોભા પણ રચવામાં આવેલી. સાથે સાથે મંદિરની ઘોડાગાડીને કલાત્મક રીતે શણગારાયેલી. તેમાં સ્વામીશ્રીને પધરાવીને મંદિર - સ્મૃતિમંદિરની પ્રદક્ષિણા કરાવી રથયાત્રાનો આનંદ લૂંટવાનો હતો. આમ, સૌની વૃત્તિ-પ્રવૃત્તિના કેન્દ્રરૂપ થઈ પડેલી આ પૂર્વતૈયારીઓમાં સંતો-ભક્તો રત હોવાથી રોજ સાંજે સાડા ચાર વાગ્યે યોજાતી કથામાં આજે વિરામ રખાયેલો.

પરંતુ સ્વામીશ્રી પોતાના નિવાસમાં જાગ્રત થયા ત્યારે કથાનો અવાજ ન સંભળાતાં પૂછ્યું: 'આજે કેમ કથા શરૂ ન થઈ?'

જે સમીપમાં હાજર હતા તેઓએ ઉત્સવની તૈયારીનું કારણ આપ્યું, પણ સ્વામીશ્રી તો તે સાંભળ્યું - ન સાંભળ્યું કરતાં સભામંડપમાં પહોંચી ગયા અને જેટલા એકત્રિત થયા તેટલાને કથા સંભળાવવી શરૂ કરી દીધી!

તેઓ ઘણી વાર કહેતા કે 'કથારૂપી અમૃત તો જેટલું પીવાય તેટલું પીવું, તૃપ્તિ પામવી જ નહીં. કથાવાર્તાનો લાભ લીધા જ કરવો. દેહનો કાંઈ નિર્ધાર નથી... 'માણસોનો ભરાવો હોય તો જ કથા થાય' એમ નહીં. માણસો હોય તોય ભલે ને ન હોય તોય ભલે, પણ કથાવાર્તા કરવી...'

સ્વામીશ્રીના મુખેથી વખતોવખત ઉચ્ચારાતા આવા શબ્દો આજે સૌએ વધુ એક વાર તેઓના જીવનમાં ઊતરેલા જોયા.

રથ બેસી ચાલ્યા અતિ રીઝમાં

સાયંકથા બાદ રથયાત્રાના ઉત્સવમાં પધારેલા સ્વામીશ્રીને સૌએ ઠાકોરજી સહિત સુશોભિત ઘોડાગાડીમાં બિરાજમાન કરી ભવ્ય શોભાયાત્રા કાઢી. વાજતે-ગાજતે મંદિરના પરિસરમાં સૌ ઘૂમ્યા. સ્મૃતિમંદિરે પણ આ રથ ફરી આવ્યો. સૌને આમ દર્શનદાન આપી સ્વામીશ્રી મંદિરના ઘુમ્મટમાં પધાર્યા.

અહીં સ્વયંસંચાલિત રથમાં ઠાકોરજીને પધરાવી ઉત્સવ ઊજવાયો. સંતોએ કીર્તનભક્તિની રમઝટ બોલાવી. ઠાકોરજીનાં પૂજન-આરતી થયાં. મગ, ચણા અને જાંબુનો ઉત્સવાનુરૂપ પ્રસાદ વહેંચાયો. ચારેકોર ઉત્સવની દિવ્યતા એવી વ્યાપી ગઈ કે સૌને રથમાં જ નહીં, પણ હૃદિયામાંય ઠાકોરજી બિરાજ્યાની અનુભૂતિ થઈ રહી. આ ઉત્સવનો ફેર બીજા દિવસે પણ કોઈને ઊતર્યો નહોતો.

તેથી તા. ૨૪/૬ની સવારે સ્વામીશ્રી મંદિરમાં દર્શનાર્થે પધાર્યા ત્યારે પ્રદક્ષિણાપથ પર જ રથ મૂકી તેમાં ઠાકોરજી બિરાજમાન કરી રાખેલા. સ્વામીશ્રીના હાથમાં રીમોટ કન્ટ્રોલની કળ આપવામાં આવી. તે હલાવતાં જ રથ પણ હાલવા લાગ્યો. આ રીતે સ્વામીશ્રીએ ઠાકોરજીને એક પ્રદક્ષિણા સુધી રથવિહાર કરાવ્યો. ત્યારબાદ આજે તેઓ નારાયણ કુંડ અને ગુણાતીતાનંદ સ્વામીના પ્રાસાદિક ઓટે પણ દર્શન કરી આવ્યા.

ત્યાગ-વૈરાગ્ય તનમાં બહુ રે

નિત્ય કથા-કીર્તનથી ગુંજતા રહેલા સારંગપુરમાં તા. ૨૯/૬ની સાંજે સ્વામીશ્રી બગીચામાં પધાર્યા ત્યારે હરિભક્ત શ્રી ભાઈકાકાએ જોરથી જયનાદ કર્યો. તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'જય ન બોલાવવી.'

'કોઈ મારી જય બોલાવે તે ન ગમે...' એ સ્વામીશ્રીની પણ પ્રકૃતિ.

પરંતુ તેઓના આ અભિપ્રાય સામે એ વડીલ અને પ્રેમી ભક્તે જણાવ્યું : 'ગવર્નર નીકળે તો લોકો સલામ ભરે. આપ તો ગવર્નરના ગવર્નર છો.'

'એ તો એને માટે થાય. આપણે સાધુને વળી શું ? આપણે કહેવાઈએ ગવર્નર (પ્રમુખ) પણ 'પાવર' કાંઈ નહીં. માળા લઈને ફરતા હોઈએ.' પોતાની ન્યૂનતા જણાવતાં સ્વામીશ્રી બોલ્યા.

પરંતુ તેમાંથી જ છતી થયેલી તેઓની મહાનતા, વિશેષ ઘૂંટાવે તેવો

એક ઘટનાક્રમ આગામી ત્રણ દિવસ સુધી બનતો રહ્યો.

તા. ૩૦/૬ના રોજ સ્વામીશ્રી બગીચામાં સભા કરી સંધ્યા આરતી માટે સ્મૃતિમંદિરે જવા નીકળ્યા ત્યારે તેઓ માટે આવેલી નવી મર્સીડીઝ ગાડી તેઓની નજરે ચઢે તે રીતે ઊભી રાખવામાં આવેલી, પરંતુ સ્વામીશ્રી તો તે તરફ નજર સુધ્ધાં કર્યા વગર સ્મૃતિમંદિરે પધારી ગયા. તેઓને ગાડીમાં બેસાડવાનો સૌનો મનસૂબો આ દિવસે તો અધૂરો જ રહી ગયો.

બીજો દિવસ દેવશયની એકાદશીનો હતો. આ પવિત્ર પર્વે તો ગાડીને શણગારીને તૈયાર કરવામાં આવેલી. સ્વામીશ્રીને તેમાં બેસાડવા સૌનો મક્કમ નિર્ધાર હતો. પરંતુ તે દા'ડે પણ સૌની પીછેહઠ જ થઈ રહી.

સ્વામીશ્રીના હાડમારીસભર વિચરણમાં રાહત રહે તે હેતુથી જ આ સુવિધાસજ્જ ગાડી લાવવામાં આવેલી. પરંતુ સ્વામીશ્રીને આ બિલકુલ ગમ્યું ન હોવાથી તેઓ આ સેવા સ્વીકારવા જ નહોતા માંગતા. 'અમારે વગર ઇચ્છે પણ પંચવિષય છે તે જોરાવરીએ પ્રાપ્ત થાય છે તો પણ તેને અમે ઇચ્છતા નથી અને પગે કરીને ઠેલી નાંખીએ છીએ...'[૮૧] એ શ્રીજીમહારાજની પ્રકૃતિનું અદલ દર્શન સૌ સ્વામીશ્રીમાં આ પ્રસંગે કરી રહ્યાં.

તા. ૨/૭ની સવારે પણ તેઓને આ ગાડીમાં બિરાજી સ્મૃતિમંદિરે જવા સૌએ આગ્રહ કર્યો, પરંતુ તે વખતેય સ્વામીશ્રીએ મચક ન આપી. ઠાકોરજી તથા સંત સ્વામીને તેમાં બેસાડી ગાડી સ્મૃતિમંદિરે લાવવા કહ્યું અને પોતે તો ચાલતાં જ ત્યાં પહોંચ્યા. અહીં તેઓ દર્શન કરીને પરવાર્યા ત્યારે ગાડી આવી ગયેલી. ત્યાં સંત સ્વામીએ સ્વામીશ્રીને સમગ્ર સત્સંગની સુખાકારી માટે આ સુવિધા અંગીકાર કરવા વિનંતી કરી ત્યારે તેઓએ એ નવી ગાડીમાં બેસવાનું કમને સ્વીકાર્યું, પરંતુ પ્રથમ ઠાકોરજી સાથે ગાડીનું પૂજન કરી ઠાકોરજીને આગળની બેઠક પર પધરાવ્યા. સંત સ્વામી સાથે પોતે પાછળ બેઠા અને સારંગપુર ગામ ફરતી પ્રદક્ષિણા કરી મંદિરે પધાર્યા.

વૈરાગ્યવાસિત ચિત્ત ધરાવતા સ્વામીશ્રી નવી, સારી સુવિધા સ્વીકારવામાં હંમેશા મોળા, મોડા જ પડતા.

...તો આત્મા નબળો પડી જાય

તા. ૨/૭ની બપોરે ભોજન બાદ સ્વામીશ્રી એક પાર્ષદનો હાથ પકડીને

---

૮૧. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૩.

નિત્યક્રમ મુજબ ધીરે ડગલે ચાલી રહેલા. આ સમયે જ થોડે દૂર આવેલા સભામંડપમાં બપોરની કથા વાંચવાનો પ્રારંભ પુરાણીએ કરી દીધો. તેના શબ્દો સાંભળી પાર્ષદના મનમાં સંકલ્પ થયો કે 'સ્વામીશ્રી કથામાં ન પધારે અને વહેલા આરામમાં જાય તો સારું.'

પરંતુ સ્વામીશ્રી તો વાંસળી સાંભળી મૃગ ખેંચાય તેમ કથાના સૂરો સંભળાતાં જ સભામંડપ તરફ જવા લાગ્યા. તેથી પેલા પાર્ષદે કહ્યું: 'બાપા! આપ કથામાં ન આવતા.'

'ના, કથામાં તો જવું પડે.'

'આપને ક્યાં કંઈ અધૂરું છે?'

'કથામાં ન જઈએ તો આત્મા નબળો પડી જાય.' એમ કહેતાં તેઓ કથાશ્રવણ માટે બિરાજી ગયા!

પ્રગટ પ્રમાણ હરિ પદ પ્રીતિ

સ્વામીશ્રી ઘણી વાર બોલતા: 'જે ન કરે દવા તે કરે હવા.' તે મુજબ સારંગપુરની દિવ્ય આબોહવામાં તેઓની તબિયતે સ્વસ્થતા ધારણ કરી લીધી. અહીં લગભગ એક મહિના સુધીનો સળંગ આરામ મળતાં કસર નામશેષ થઈ ગઈ. તેથી હવે વિચરણનો દોર પુનઃ શરૂ થવાની ઘડીઓ ગણાવા લાગતાં છેલ્લા દિવસોનો કાર્યભાર વધવા માંડ્યો.

તે ક્રમમાં તા. ૩/૭ની સાંજે સ્વામીશ્રી એક પછી એક કાર્યો ઉકેલી રહેલા ત્યારે તેઓની નજર અચાનક ઘડિયાળ પર જતાં તેઓને લાગ્યું કે 'સંધ્યા આરતીની વેળા ચુકાઈ ગઈ.'

તેની ખાતરી કરવા ઓરડાની બહાર આવી તેઓએ પૂછ્યું પણ ખરું કે 'આરતી થઈ ગઈ?!'

'હા.'

આ સાંભળતાં જ જાણે ભૂખ્યાના મોંએથી કોળિયો ઝૂંટવાઈ જાય તેવો ખેદ સ્વામીશ્રી પામી ગયા. તેઓ ખિન્ન હૃદયે ઓરડામાં પરત ફર્યા, પણ આ ખોટ ભાંગવા વારે વારે અંતેવાસીઓને પૂછતા જતા કે 'શયન આરતીને કેટલી વાર છે?' તેઓની આ પૂછપરછના અંતે જવાબ મળતો: 'હજી વાર છે.'

આ જવાબ આપનારાના મનમાં એમ હતું કે 'સ્વામીશ્રી ત્રણ માળ ઊંચા મંદિરનાં પગથિયાં ચઢવાનું કષ્ટ ન ઉઠાવે તો સારું.' પણ 'વાર છે...

વાર છે...'માં જ્યારે શયન આરતી સમાપ્ત થઈ ચૂકવાની ખબર સ્વામીશ્રીને પડી ત્યારે તેઓ પુણ્યપ્રકોપ ઠાલવતાં બોલ્યા : 'વાર છે... વાર છે... કહી મને શયન આરતીમાં પણ જવા ન દીધો. મારી બંને આરતી ગઈ!'

સ્વામીશ્રીના અંતરમાંથી પારાવાર વસવસો છલકાઈ રહ્યો.

*'નથી જેને નાથની મૂર્તિ અગમ...'*ની સ્થિતિ હોવા છતાં મૂર્તિદર્શનની આવી તાલાવેલી ગુણાતીત સંત સિવાય બીજે ક્યાં જોવા મળે!

બધામાં એક જોમ રહે એવો ઉઠાવ કરવો છે

તા. ૪/૭નો દિવસ સત્સંગ શિક્ષણ પરીક્ષાનો હોવાથી સ્વામીશ્રી સારંગપુર કેન્દ્રમાં લેવાનારી પરીક્ષાનું ઉદ્‌ઘાટન કરવા પધાર્યા. અહીં તેઓએ દીપપ્રાગટ્ય કરી પરીક્ષાર્થીઓને સ્વહસ્તે ઉત્તરવહીઓ વહેંચી, સાથે આશીર્વાદ પણ.

સ્વામીશ્રીની વિશેષતા એ રહેલી કે દિવસો વીતતાં વધતા કાર્યભાર અને કાર્યવિસ્તારની વચ્ચે પણ તેઓ આવાં નાનાં કાર્યોમાં સામેલ થવાનું છાંડતા નહીં.

તે રીતે સત્સંગ પરીક્ષાનો દીપ જલાવી સ્વામીશ્રી ગઢડા થઈને બોચાસણ પધાર્યા.

અત્રે તા. ૬/૭ની સવારે ગુરુપૂર્ણિમાનો સમૈયો ઊજવી તેઓએ તા. ૭/૭ના રોજ નડિયાદની ડી.ડી.આઈ.ટી. કૉલેજના સંકુલને પાવન કર્યું.

એ જ દિવસની રાત્રે બોચાસણ પરત ફરેલા સ્વામીશ્રીએ અહીં શરૂ થયેલી એક શિબિર દરમ્યાન શાસ્ત્રીજી મહારાજની વહીવટી પારદર્શિતાનો પ્રસંગ સંભળાવતાં કહ્યું :

''મગનભાઈ સેક્રેટરીએ તે વખતે કાયદો એવો કરેલો કે 'કોઠારીએ સહી વગર કોઈ સંતને કે બીજાને કોઈ રકમ આપવી નહીં.'

એક વાર નિર્ગુણ સ્વામીને કેટલીક રકમ કો'ક હરિભક્તને અપાવવી હતી. તે સમયે કોઠારી ભક્તિવલ્લભ સ્વામી હતા. તેમણે કહ્યું : 'સહી કરો.'

આ સાંભળી નિર્ગુણ સ્વામી ધખ્યા કે 'આ નવું ક્યાંથી કાઢ્યું? હું સહી નહીં કરું.'

'તો રકમેય નહીં મળે.' ભક્તિવલ્લભ સ્વામીએ કહી દીધું.

એટલે નિર્ગુણ સ્વામી ધૂંવાપૂંવા થતાં શાસ્ત્રીજી મહારાજ પાસે ગયા. ત્યારે શાસ્ત્રીજી મહારાજે કહ્યું : 'સહી તો કરવી જ પડશે. હું પણ સહી કરીને

જ અપાવું છું.''

આ ગુરુચરિત્ર દ્વારા જાણે શિબિરના અધ્યક્ષીય પ્રવચનનું મંગલાચરણ કરતા હોય તેમ સ્વામીશ્રીએ ઊભાં-ઊભાં પોણો કલાક સુધી અસ્ખલિત અમૃતધારા વહાવી કે –

''શિસ્તની વાત શીખવાની છે. શાસ્ત્રીજી મહારાજ સમર્થ હતા. આમાંથી કોઈએ દર્શન કર્યાં હશે પણ હું તો સાથે રહેલો છું. તે વખતે તેમણે ધૂળ પર કે ઝાડ નીચે બેસીને કાર્યો કરેલાં, તો અત્યારે આપણે પંખા નીચે બેઠા છીએ. તિરાશી માંડવી કે 'જો તે વખતે પાંચ જણા આટલું કરી શક્યા તો આપણે કેટલું કરી શકીશું ?' નાસીપાસ ન થઈએ. બધામાં એક જોમ રહે એવો ઉઠાવ કરવો છે. મોળપની વાત નહીં. મરી મીટવાનું છે. શાસ્ત્રીજી મહારાજે પાયા નાંખ્યા છે. યોગીજી મહારાજે ઈમારત ચણી છે. યોગીજી મહારાજને સામે ધાયા છો તો શિથિલતા ન આવવી જોઈએ.

પરમહંસોએ શુભનિષ્ઠાથી કાર્ય કર્યું. સેવાઓ બહારથી લાવી મંદિરમાં નાંખી. હજારોને મંદિરનો મહિમા કહ્યો. આ મંદિરની ધજા કેમ ફરફરતી રહે તે કર્યું. 'ભવિષ્યમાં મારું શું ?' તે વિચાર્યું નથી. 'સંસ્થા આપણા માટે શું કરશે ?' એમ નહીં, પણ 'આપણે સંસ્થા માટે શું કરશું ?' તે વિચારવું. મહારાજ તો આપણા માટે કરે જ છે. પરમહંસોએ દેહનું વિચાર્યું નહીં; ઝંપલાવ્યું. આપણે તે કરવા આવ્યા છીએ. જેટલું બને, જેવી રીતે બને તે કરવા જ માંડો. બોલવા માંડો. જેટલા છે તેટલાથી કામ કરવું. આ સંસ્થાને સંપૂર્ણ રીતે ઉપયોગી થવું છે. સંસ્થા વિકસાવવી છે. હાથે, પગે, આંખે કાર્ય કરવું છે.

આપણે શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજના નામે ઊજળા છીએ. સારામાં ખામી ન આવે તે જાળવવાનું. કથા-વાર્તા, ભજન-ભક્તિમાં શિથિલતા ન જોઈએ. બિનજરૂરી ખર્ચ આપણા દેહને માટે ન થઈ જાય તે વિચારવું. કરકસર તો કરવી. પ્રણાલિકા પાડશું તો પાછળ 'ફૉલો'(follow) કરશે (અનુસરશે). ભૂલની પરંપરા ન કરવી. સુધારવું. કોઈ સાચું કહે તો વધાવી લેવું.

મંદિરમાં એક ઓરડીમાં બે રહેતા હોય તેમાં દસને ગોઠવે તો દખલ લાગે, પણ સમાવેશ કરવો પડે. આજે સત્-યુગ છે. કાલે કળિયુગ આવવાનો છે. તે વખતે સંસ્થાને આંચ ન આવે તે જોવાનું છે. એક વિચાર, એક રુચિથી કાર્ય કરવું.''

મુર્દા પણ મર્દ બની જાય એવાં જોમ-જુસ્સાથી વહેલો આ વાક્પ્રવાહ

વિરમતાં સૌએ ગુણાતીત દ્વિશતાબ્દીના જયનાદોથી ગગન ભરી દીધું.

આ જયઘોષ શમતાં જ ઉદ્‌ઘોષકે જાહેરાત કરી કે 'હવે પૂજ્ય સ્વામીશ્રી આરામમાં જશે, પછી આપણે છૂટા પડીએ.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'ચેષ્ટા બોલીને પછી જ બધા છૂટા પડીએ તો?' આમ કહી તેઓએ ચેષ્ટાગાન શરૂ કરાવ્યું. તેમાં પોતે પણ છેક સુધી બિરાજ્યા.

તેઓને મન સંસ્થા માટે મરી મીટવાનો અર્થ હતો – સંસ્થાની પ્રણાલીઓ અને સિદ્ધાંતો મુજબ જીવવું. તેથી જ પ્રવૃત્તિની ધૂંઆધાર વાતો પછી પણ તેઓ આટલા ભક્તિપરાયણ રહી શકતા.

હજારો વર્ષ સુધી આ વાત ચાલે તેમ કરવું

બોચાસણમાં ચાલતી વ્યવસ્થાલક્ષી શિબિરનું અંતિમ સત્ર તા. ૮/૭ની સવારથી આરંભાતા સ્વામીશ્રી તેઓની સુટેવ મુજબ સમયસર આવીને બિરાજી ગયા. પણ તે જ વખતે મુંબઈના એક જૂના હરિભક્ત વિદાય લેવા આવ્યા. તે માટે સ્વામીશ્રી સભામાંથી ઊભા થઈ તેઓને વિદાય આપવા બહાર પધાર્યા. કેવાં આદર અને આત્મીયતા!

એક હરિભક્તને વહાલથી વળાવીને શિબિરમાં પધારેલા સ્વામીશ્રીએ સત્સંગ-પ્રસાર સંબંધી અનુભવપૂર્ણ માર્ગદર્શન આપતાં કહ્યું:

''નીર વહેતાં ભલાં ને સંત તો ચલતા ભલા. શ્રીજીમહારાજે સંતોને ફરતા રાખ્યા. ફરવાથી જ સત્સંગ વધે. તેમાં આપણું જીવન ઘડતર થાય, સેવા થાય, ઉત્સાહ ને બળ આપણને મળે. નહીંતર આળસુ, પ્રમાદી અને નિરસ થઈ જવાય. ફરતાં રહીએ તો બધા દોષોથી બચી જઈએ. ફેરવ્યા વગર રોટલી દાઝી જાય, પાન સડી જાય ને ઘોડો બગડી જાય.

વિચરણમાં નિષ્ઠાની વાત દૃઢ કરાવવી. તે હશે તો સત્સંગ ટકશે. રજોગુણી સમાજ થયો છે એટલે નિરાશા આવી જાય. કંઈ ન થાય તેનો વાંધો નહીં, પણ આપણે તો ઝઝૂમવું. કોઈને અસર થશે કે નહીં તે જોવું નહીં. જમાડી દેવું. આપણામાં શ્રદ્ધા હોય તો જ સાંભળનારામાં શ્રદ્ધા જન્મે.

આપણે આ કાર્ય કરવા માટે જ જન્મ્યા છીએ. 'આટલું બધું હું ક્યારે કરીશ? હું એકલો ને આટલી બધી મોંખ્યો?' પણ હાથ હલાવો તો બધી ઊડી જાય. પહેલી વખત આરતી કરે ત્યારે ઘંટડી બંધ થઈ જાય, પણ પછી આવડી

જાય. આરતી અને ઘંટડી બંને સાથે થાય. માટે વાત કરવામાં હિંમત હારવી નહીં.

આંતરિક મૂંઝવણો શિથિલતા લાવી દે. પણ આપણે ક્યાં આપણી વાત કરવી છે? ભગવાન અને સંતના મહિમાની વાત કરવી છે. આંતરિક દોષો ટાળવા પ્રયત્ન કરવો. છતાં ન ટળે તો આ કાર્યમાં શિથિલતા આવે કે 'આવો દંભ શું કામ કરવો?' પણ દંભ એટલે પોતામાં ન હોય ને દેખાડવા જાય તે. હિમાલયની ટોચે કે ગિરનારે બેસવું તે આપણો ધર્મ નથી. તેથી કાંઈ ન થાય. આ પ્રવૃત્તિને ભગવાન આપણી સેવા માનશે.

હેત-પ્રીતમાં મર્યાદા રાખવી. કોઈને આપણામાં ને આપણને કોઈમાં બંધન થવું ન જોઈએ. ભગવાન અને સંતમાં હેત કરાવવું. હજારો વર્ષ સુધી આ વાત ચાલે તેમ કરવું. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે હાથ પકડ્યા છે. માટે મોળપ છોડી મંડી પડવું. ભગવું શોભે તેમ વર્તવું.''

અનુભવનો આ અર્ક પીવડાવી સ્વામીશ્રીએ શિબિર પર પૂર્ણવિરામ મૂક્યું.

નવ જુએ જનની કરણી

તા. ૧૦/૭ની પ્રાતઃકથામાં 'જીવોના કલ્યાણ માટેની પ્રવૃત્તિ એ નિવૃત્તિ છે' તે મર્મ સમજાવીને સ્વામીશ્રી પોરડા જવા તૈયાર થયા.

તે માટે આણંદના શંભુભાઈ નવી ગાડી લઈને સેવામાં હાજર હતા. મોટે ભાગે સ્વામીશ્રી મુસાફરીમાં આગળની સીટ પર બેસતા, પરંતુ આજે મોટર નવી હોવાથી તેઓએ ઠાકોરજીની સેવામાં રહેલા સંતને કહ્યું: 'તમે ઠાકોરજી સાથે આગળ બેસો.' એમ કહી પોતે પાછળની સીટ પર બેસી પોરડા પહોંચ્યા.

તેઓની આવી મહાનતાને માણવાનો વધુ એક અવસર આજના દિવસને મળ્યો, જ્યારે સ્વામીશ્રી પોરડાથી ધર્મજ પધાર્યા.

અહીં તેઓને સંપ્રદાયની એક અન્ય શાખાના વરિષ્ઠ સત્સંગીનું અવસાન થયાના સમાચાર મળ્યા. તે સાંભળી સ્વામીશ્રીએ પોતાના એક અંતેવાસીને કહ્યું: 'આપણે તેમના દીકરા પર આશ્વાસનનો કાગળ લખવો.'

'આવાના માટે પત્ર શા સારુ લખવો?' અંતેવાસીએ અસંમતિ દર્શાવી, કારણ કે આ દિવંગત મુરબ્બીએ એક ધર્માચાર્યની શ્રદ્ધાંજલિ સભામાં આગ ઝરતા શબ્દો ઓકેલા કે 'આપણે જ્યારે બોચાસણ સંસ્થાની જડ ઉખાડી નાંખીએ ત્યારે સદ્‌ગત ધર્માચાર્યને તર્પણ કર્યું ગણાશે!'

આ આગની સામે સ્વામીશ્રી અમીવર્ષા વરસાવવા તૈયાર થયેલા. તે કોઈનેય યોગ્ય ન જણાતાં સૌએ તેમ ન કરવા કહ્યું. ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'તેઓ શાસ્ત્રીજી મહારાજ પાસે ઘણું આવતા. દંડવત કરતા. માટે આપણે તે સંબંધ સંભારીને લખવું.'

સ્વામીશ્રીના ચોપડામાંથી કેવળ જમાપાસું જ ઊભરી આવ્યું. આ ઉદ્‌ગારો સાથે જ વાતાવરણ તેઓની સાધુતાની સુગંધથી મહેકી ઊઠ્યું. તેને શ્વાસમાં ભરનારા સૌ ગાઈ રહ્યા: *'નવ જુએ જનની કરણી... તેના ગુના કરે બક્ષિસ.'*

સ્વામીશ્રીએ તે ઘડીએ જ અખબાર મંગાવી તેમાંથી સદ્‌ગતનું સરનામું નોંધીને આશ્વાસન પત્ર લખાવ્યો. પોતે પણ તેમાં બે શબ્દો લખ્યા ત્યારે ક્ષમા-ભાવનાની એક નવી સરહદ અંકાઈ ગઈ.

કેવળ ભગવાનનો જ આનંદ

તા. ૧૧/૭ના રોજ બોચાસણમાં લેસ્ટર યુનિવર્સિટીના અંગ્રેજ પ્રાધ્યાપક શ્રી ડગ્લાસ બ્રેઅર સ્વામીશ્રીનાં દર્શને આવી પહોંચ્યા. ખ્રિસ્તી અને બૌદ્ધ ધર્મનું શિક્ષણ આપતા આ પ્રોફેસરના હાથમાં ડેવિડ પૉકોક લિખિત પુસ્તક 'Mind, Body & Wealth' આવેલું. તેમાં સંસ્થા અને સ્વામીશ્રીની વાતો વાંચી આ શિક્ષકને સ્વામીશ્રીમાં રસ જાગતાં, તેઓ લેસ્ટરના મંદિરે જઈ જરૂરી માહિતી મેળવી મુંબઈ આવેલા. અહીં તેઓ સંતોને મળ્યા અને આ પ્રવાસ સ્વામિનારાયણ સંપ્રદાયમાં ઊંડા ઊતરવા લેખે આરક્ષિત કરી નાંખ્યો.

આજે સ્વામીશ્રીને મળતાં જ તેઓ અતિ પ્રભાવિત થતાં બોલી ઊઠ્યા:

'હજી સુધી હું કોઈ ધર્મના વડાને મળ્યો નથી. પહેલી વાર આ પ્રસંગ થયો.' એમ કહી તેઓએ સ્વામીશ્રી પાસે વર્તમાન ધરાવી કંઠી પહેરી.

સ્વામીશ્રીએ આ કેળવણીકારને વ્યસનમુક્તિના પાઠ ભણાવતાં નિધડકપણે દારૂ-માંસ છોડી દેવાં વાત કરી.

આમ, સ્વામીશ્રીના પ્રસંગમાં આવતાં જ પવિત્રતાનો સ્પર્શ પામેલા આ વિલાયતી વિદ્વાનના અંતરમાં સ્વામીશ્રી સંબંધી કેટલીક વિગતો જાણવાની ઉત્સુકતા હતી. તેથી તેઓએ પૂછ્યું: 'આપ લાખોના આધ્યાત્મિક ગુરુ છો, બ્રહ્મસ્વરૂપ છો. તો તમને બ્રહ્મસ્વરૂપપણાની કેવી લાગણી થાય છે?'

'કેવળ ભગવાનનો જ આનંદ અનુભવાય છે.' સ્વામીશ્રી બોલ્યા. તે સાંભળી ડગ્લાસ ડોલી ગયા.

તેઓએ વધુ એક વિગત પૂછી કે 'તમે ગુરુ છો તેથી તમારે ઘણાના પ્રશ્નો સાંભળવા પડે. આ બધામાં તમને કંટાળો નથી આવતો ?'

'આ ભગવાનનું કાર્ય છે, સેવા છે. એટલે કંટાળો નથી આવતો.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓના એક-એક ઉત્તર અંગ્રેજ આગંતુક સહિત સૌને સ્વામીશ્રીની ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિનો પરિચય આપતા ગયા.

વિશેષ તો ડગ્લાસ તેઓની ગજગતિ ચાલ પર વારી ગયા. સ્વામીશ્રીને ચાલતાં જોઈ તેઓ ખુશ થતા. વળી, સ્વામીશ્રી ચાલતાં-ચાલતાં ભક્તોના પ્રશ્નો ઉકેલે, ચાલુ સભાએ હરિભક્તો તેઓ સાથે વાતો કરે.

સ્વામીશ્રીની આ સરળતા, સુલભતા જોઈ ઘાયલ થયેલા આ અંગ્રેજે તા. ૧૨/૭ના રોજ સ્વામીશ્રીની વિદાય લેતાં અનુભૂતિ વ્યક્ત કરી કે 'મેં બ્રહ્મસ્વરૂપ સંત જોયા. હવે હું મારું બાઈબલ ઊંડાણથી વાંચીશ. અત્યાર સુધી હું વાંચતો, પણ વિશેષ રસ ન પડતો. હવે મને તેમાં રસ પડશે.'

સૌની શ્રદ્ધાને સંકોરે તેવા સંત હતા સ્વામીશ્રી !

પૂરે છે નિજ જનની હામું

બોચાસણથી બોરસદ, પલાણાને પાવન કરતાં વસો પધારેલા સ્વામીશ્રીને અહીંથી તા. ૧૪/૭ના રોજ નરસંડા જવાનું હતું. તેઓને ત્યાં લઈ જવા માટે મેટાડોર લઈને આવેલા આ ગામના હરિભક્તોની ઇચ્છા હતી કે 'સ્વામીશ્રી તે જ મેટાડોરમાં બેસીને નરસંડા પધારે.'

ભક્તોનો આ ભાવ પૂરો કરવા સ્વામીશ્રી લેશ હિચકિચાટ વગર સુવિધાસજ્જ મર્સીડીઝ છોડીને ખખડધજ મેટાડોરમાં બિરાજી નરસંડા પહોંચ્યા ! સુવિધા કરતાં સત્સંગી વહાલા હોય તો જ આ સંભવે.

માત્ર સુવિધા જ નહીં, સ્વામીશ્રીને તો શરીર કરતાં પણ ભક્તો અધિક પ્રિય, કારણ કે આ અરસામાં તેઓને કોન્ટેક્ટ લેન્સની ઘણી તકલીફ રહેતી. બે-ત્રણ કલાક સુધી વાંધો ન આવે પણ પછી તે ખૂંચવા માંડે. પરંતુ આવા સંજોગોમાંય તેઓ મુલાકાતો, પધરામણી, પત્રલેખન-વાંચન બેરોકટોક કરતા રહેતા. અહીં નરસંડામાં તા. ૧૫/૭ની સવારે એક-બે અનિવાર્ય પધરામણીઓ જ ગોઠવેલી, પણ જયારે સ્વામીશ્રી ગામમાંથી વિદાય થયા ત્યારે પધરામણીઓનો આંકડો ૭૦ સુધી પહોંચ્યો !

ધર્મ છે અમને વ્હાલો રે

નરસંડાથી વરતાલ પધારેલા સ્વામીશ્રીએ અહીં શ્રીજીમહારાજ જે શાલિગ્રામ પૂજામાં રાખતા તેના સ્પર્શસહિત દર્શન પ્રથમ વાર કર્યાં. તેથી પ્રસન્નતાભર્યા મુખ સાથે તેઓ બોલ્યા પણ ખરા કે 'આજનાં દર્શનમાં ઘણો જ આનંદ આવ્યો. પહેલી વાર શાલિગ્રામનાં દર્શન થયાં. ચાખડીનો પણ ઇતિહાસ જાણવા મળ્યો.'[૮૨]

આમ, લગભગ દોઢેક કલાક સુધી શાંતિપૂર્વક દર્શન કરીને સ્વામીશ્રી આણંદ જઈ પહોંચ્યા.

અહીં તા. ૧૬/૭ની પ્રાતઃકથામાં વચનામૃત (ગ.મ. ૧૬) રેલાવતાં તેઓએ જણાવ્યું કે ''બાપા મળ્યા પછી પૂજા-પાઠની શી જરૂર ? એમ કોઈક કોઈક કહેતા હોય છે. વળી કહે, 'હવે ધર્મ-નિયમની પણ શી જરૂર ?' પણ આ ખોટું છે. ભગવાન કે એકાંતિક પુરુષના આધારે ધર્મ છે. રાજા પૈસા આપી શકે પણ ધર્મપ્રવર્તન કરાવી ન શકે. ધર્મ-નિયમનું ઠેકાણું ન હોય ને સ્વરૂપ-નિષ્ઠાની વાત કરતો હોય તો તે લોકોને ઠગવા માટે જ છે. સ્વરૂપનિષ્ઠા હોય તેને ધર્મનિષ્ઠા હોય જ.''

ધર્મનો આ મર્મ સમજાવી સ્વામીશ્રી સાંજે ભાઈકાકા હૉલમાં આયોજિત સભામાં પધાર્યા. અત્રે તેઓએ આણંદ-વિદ્યાનગરના નામાંકિત પ્રાચાર્યો, પ્રાધ્યાપકો અને નગરજનોથી ભરચક સભાગૃહને, સાદું, સારું અને સંયમી જીવન જીવવાનો સદ્‌બોધ આપ્યો.

---

૮૨. આ દર્શનયાત્રા દરમ્યાન સ્વામીશ્રીને મળેલા ૮૩ વર્ષના શાંતાનંદ બ્રહ્મચારીએ જણાવેલું કે –

''એક સવારે ધ્યાનમાં બેઠેલા ગોપાળાનંદ સ્વામીને શ્રીજીમહારાજનાં દર્શન થયાં. તે વખતે મહારાજના પગમાં કશું ન જોતાં સ્વામી કહે: 'મહારાજ! પગમાં કેમ કંઈ પહેર્યું નથી?'

ત્યારે મહારાજે કહ્યું: 'તમે બધાએ મને સોનાના અલંકારોથી ભારે કરી દીધો છે એટલે પગમાં કંઈ પહેર્યું નથી.'

પછી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું: 'તમે મને પ્રસાદીની ચાખડી આપી છે તે પહેરો.'

પછી ગોપાળાનંદ સ્વામીએ મંદિરમાં ઠાકોરજીની પૂજામાં રહેલા બ્રહ્મચારીને કહ્યું: 'આ ચાખડી તમારે રોજ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ આગળ રાખવી.' એટલે હજી તે ચાખડી મુકાય છે.''

નેમ સહિત પ્રેમ

તા. ૧૭/૭ની સાંજે ટ્રેક્ટરનું પૂજન કરાવવા આવેલા જંબુસરના હરિભક્તોની મનોકામના પૂરી કરવા સ્વામીશ્રી ઠાકોરજી લઈને પોતાના ઉતારામાંથી બહાર પધાર્યા. ત્યારબાદ પુનઃ નિજનિવાસમાં પહોંચેલા તેઓ પાસે તા. ૧૮/૭ની સવારે પીપલગના એક ભક્ત આવી ચડ્યા. તેઓને જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું : 'મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કર્યાં ?'

'ના. પછી કરીશું.'

'જાઓ, પહેલાં ઠાકોરજીનાં દર્શન કરીને પછી અહીં આવો.' એમ સ્વામીશ્રીએ વિવેક શીખવ્યો.

એ જ રીતે અત્રે મંદિરે સ્વામીશ્રી પધાર્યા ત્યારે પણ તેઓએ દરવાજે કાઢેલી મોજડી એક યુવક હાથમાં લઈને છેક સભામંડપ સુધી આવી ગયેલો. સ્વામીશ્રીને આ ગમ્યું નહોતું. પોતાની આ અરુચિને ઉપાલંભ દ્વારા રજૂ કરતાં તેઓએ એ યુવકને કહેલું : 'મોજડી સિંહાસન આગળ મૂકવી'તી ને !'

તેઓનો આ વેધક કટાક્ષ સૌને સમજાવી ગયો કે 'સ્વામીશ્રી પાસે હંમેશા નેમ(નિયમ) સહિતના પ્રેમની વાત જ છે.'

ભગવાનનો માર્ગ એટલે સત્પુરુષ

આણંદથી વિદ્યાનગરના છાત્રાલયમાં પધારેલા સ્વામીશ્રી સાથે તા. ૧૮/૭ની રાત્રે યોજાયેલી પ્રશ્નોત્તરીમાં યુવકોએ પૂછ્યું કે 'સ્વામી ! કયો વિચાર લઈને આટલી ઉંમરે આપ ભીડો વેઠી વિચરણ કરો છો ?'

'શાસ્ત્રીજી મહારાજને રાજી કરવા છે. સેવા કરવી છે.' આ ભૂમિકા બાંધી સ્વામીશ્રીએ આગળ કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજે આજ્ઞા કરી છે તે સમજી નક્કી કર્યું છે કે માન-અપમાન ગમે તે થાય તે બધો વિચાર કર્યા વગર સેવા કરી જ લેવી. તેના માટે આ દેહ છે. શરીર ચાલે ત્યાં સુધી સેવા કરી જ લેવી. કર્તા એ જ છે. ભગવાનને રાજી કરવાનો દૃઢ સંકલ્પ કર્યો હોય તો વિઘ્નો આવે પણ જણાય નહીં.'

સ્વામીશ્રીના અવિરામ ઉત્સાહનું આ રહસ્ય આજે હાથ લાગી જતાં હરખાયેલા યુવાનોએ વળી પૂછ્યું કે 'બાપા ! આપનો વધુ રાજીપો શેમાં છે ? સાધુ થઈ ભગવાન ભજીએ તેમાં કે ગૃહસ્થ થઈ રહીએ તેમાં ?'

'કોઈ ફેર પડતો નથી. જીવન નિયમો પ્રમાણે હોવું જોઈએ.' આમ કહી સ્વામીશ્રીએ છણાવટ કરતાં જણાવ્યું: 'અનુકૂળતા હોય તો સંસારની લપમાં પડવા જેવું નથી. અનુકૂળ હોય તેણે તો ભગવાનના ખોળામાં બેસી જ જવું. સાંસારિક ઉપાધિ એવી છે કે ધારીએ તોયે સત્સંગનું કાર્ય થાય નહીં. નિષ્ઠા અને ધર્મ-નિયમ દૃઢ હશે તો દુનિયાને છેડે હોઈશું તો પણ વાંધો નહીં આવે.'

સ્વામીશ્રી આજે યુવકોના પ્રશ્નોના સચોટ ખુલાસા કરી રહેલા. તેથી છોડને પાણી મળતાં તે વધે તેમ યુવકોની જિજ્ઞાસા વધુ ને વધુ ખૂલતી ગઈ.

હવે તેણે ઊંડાણ પકડતાં પૂછ્યું: 'સ્વામી! સંતમાં મનુષ્યભાવ ન આવે તે માટે શું કરવું?'

'બુદ્ધિનાં તર્ક મૂકી દેવાં. બુદ્ધિ માયાથી પર નથી. તેથી મોટાપુરુષની ક્રિયા બુદ્ધિમાં ન આવે.' બુદ્ધિગમ્ય રીતે બુદ્ધિને તાળું મારી દેવાની વાત સ્વામીશ્રીએ કરી દીધી.

આ રીતે યુવકોને સદે તેમ બ્રહ્મવિદ્યાના પાઠ ભણાવી તેઓ ઊભા થતાં થતાં બોલ્યા: 'ભગવાનનો મારગ એટલે સત્પુરુષ. તેમાં શ્રદ્ધા, ખપ અને વિશ્વાસ રાખી કાર્ય કરવું. નિરાશ થવું નહીં. આ દેહે કરીને ન થાય એવું કશું નથી. બધું જ થઈ શકે તેમ છે. માટે મંડી પડવું.'

સૌમાં ઉત્સાહનાં મોજાં પ્રસરાવતાં સ્વામીશ્રી આરામમાં પધાર્યા ત્યારે એક-એક યુવાનના ઘટમાં ઘોડા થનગનવા લાગ્યા.

હરિજનમાંહિ હરિ, હળી મળી રહ્યા એકરસ

કૃષ્ણના શબ્દો સાંભળીને અર્જુનના સંશયો ગળી-ટળી ગયેલા તેમ સ્વામીશ્રીના શબ્દોથી કૈંક યુવાનો અસંશય થતા રહેતા. તેથી જ યુવાપેઢી સ્વામીશ્રી પાસે વારંવાર દોડી આવતી અને સમાધાન મેળવીને હળવીફૂલ બનતી રહેતી.

આ જ હેતુથી તા. ૧૯/૭ના રોજ પણ છાત્રાલયના વિદ્યાર્થીઓ સાથે સ્વામીશ્રીની ગોષ્ઠી મંડાઈ ગઈ. તેમાં એક યુવાને તેઓને સીધું જ પૂછ્યું: 'બાપા! આપ માળા શું કામ ફેરવો છો?'

'તમારા માટે.' સ્વામીશ્રીએ પણ સીધું જ કહ્યું. પછી સ્પષ્ટતા કરી કે 'અમારા મહાત્મા માળા ફેરવતા નથી તો અમે શું કામ ફેરવીએ? – એવું તમને ન થઈ જાય ને! શ્રીજીમહારાજ પોતે કથા સાંભળ્યા કરતા તે આપણે માટે.'

આટલો ઉત્તર કરી સ્વામીશ્રી વાતને વળાંક આપતાં કહેવા લાગ્યા : 'સંત દ્વારા શ્રીજીમહારાજ મળે છે. તેને વિષે મહારાજનો ભાવ થાય. તે બોલે છે, આશીર્વાદ આપે છે તે મહારાજ જ છે. સંત તે સ્વયં હરિ. હાથમાં હાથ, પગમાં પગ, નાકમાં નાક. અહીં છે તે મનાતું નથી ને પેલું દેખાતું નથી. રામ પ્રત્યક્ષ હતા ત્યારે મનાતા નહોતા. અત્યારે એના એ રામ, કૃષ્ણ, શ્રીજીમહારાજ અને સંતો છે.'

આજે પરભાવમાં વાતો કરી સ્વામીશ્રીએ *'...હરિજનમાંહિ હરિ, હળી મળી રહ્યા એકરસ...'*નો મજકૂર સમજાવી દીધો.

દેખાવેય રજોગુણી ન જોઈએ

તા. ૨૧/૭ના રોજ વિદ્યાનગરની કૉમર્સ કૉલેજમાં યોજાયેલી N.S.S.ની વિશિષ્ટ સભામાં પધારેલા સ્વામીશ્રીએ અહીં સૌને ધર્મસંદેશ પાઠવી તા. ૨૨/૭ની રાત્રે આણંદના ખેતીવાડી સંકુલ અને તેના નિકટવર્તી મંગળપરાને પાવન કર્યા. ત્યારબાદ કૃષિકેન્દ્રમાં જ રાત્રિરોકાણ કરી તેઓએ તા. ૨૩/૭ની સવારે સમગ્ર પરિસરમાં પગલાં કર્યા. આ નિરીક્ષણ-યાત્રા દરમ્યાન જ ખેતીવાડી સંકુલના સીમાવર્તી ગામ હાડગુડમાં સંસ્થા સંપાદિત ભૂમિ પર પણ સ્વામીશ્રી પુષ્પો વેરી આવ્યા અને ત્યાં જલદી મંદિર થાય તેવો સંકલ્પ કર્યો.

આ રીતે ખેતીવાડીને સત્સંગથી ખેડી તેઓ કરમસદ, ભરૂચ, અંકલેશ્વરને પાવન કરતાં સુરત પધાર્યા.

અહીંના રોકાણમાં તા. ૨૬/૭ના રોજ એક અજબ ઘટના બની. આ દિવસે પોતાનાં ચશ્માંની ફ્રેમ અંગે અસંતોષ પ્રગટ કરતાં સ્વામીશ્રી બોલ્યા : 'આ ફ્રેમ બદલવી જોઈએ.'

તેનું કારણ એટલું જ હતું કે આ ફ્રેમ હતી સાદી, પણ દેખાવમાં સારી જણાતી હતી. સોનેરી પ્લાસ્ટિકમાંથી બનેલી આ ફ્રેમ દૂરથી સોનાની હોય તેવો આભાસ જન્માવતી. તેથી તેને બદલવાની વાત સ્વામીશ્રીએ કરી.

પરંતુ સંતોએ સમજાવ્યું કે 'આ ફ્રેમ સોનાની નથી. ફક્ત દેખાવ જ છે.'

'ભલે સોનાની ન હોય. દેખાવેય રજોગુણી ન જોઈએ.' આ દલીલથી સ્વામીશ્રીએ સૌને શાંત કરી દીધા.

તેથી સૌના હોઠ તો સિવાઈ ગયા, પણ સ્વામીશ્રીને નવાજતાં હૈયાં ગાઈ ઊઠ્યાં : *'નિસ્નેહ હોય ફિરત નિરદાવે, સબ જગત કરત સમાસ...'*

વ્યવહારુ થવું... બાંધછોડ શીખવી

સ્વામીશ્રીના સુરતના નિવાસ દરમ્યાન તેઓના સ્વાસ્થ્યની સાચવણીના હેતુસર સત્સંગ મંડળે પધરામણીના આયોજન પર સખત અંકુશ મૂકી દીધેલો. પરંતુ તા. ૨૭/૭ના રોજ બે-ત્રણ અનિવાર્ય પધરામણીએ નીકળેલા સ્વામીશ્રીએ મોટરમાં વાત કરી કે 'પધરામણીઓ સદંતર બંધ કરી છે, પણ વ્યવહારુ થવું. અમુકને ઘેર જવું જ પડે, નહીંતર તે હરિભક્ત મટી જાય. બધા કંઈ સમજણવાળા ન હોય. માટે બાંધછોડ શીખવી. વળગી ન રહેવું.'

સત્સંગીઓનાં મનને સાચવવાં સ્વામીશ્રીએ પોતાના તનને કેટલું રગદોળ્યું હતું તેના સાક્ષીરૂપ છે આ ઉદ્‌ગારો! તેઓની સમજદારીને કારણે ઘણાની અણસમજ નભી જતી.

આમ, સૌને સંતોષ પમાડતાં સ્વામીશ્રી તા. ૨૭/૭ની રાત્રે સુરત વિભાગના કાર્યકરોની સભામાં જઈ પહોંચ્યા. અત્રે સૌનાં કાર્યોનો અહેવાલ સાંભળ્યા બાદ તેઓએ અમૃતધારા વહાવી કે 'અક્ષરધામમાં પૂગવા માટેનું આ કાર્ય છે. ઈશક સવા શેર રાખવો. મધ્યસ્થ કાર્યાલયથી જે આજ્ઞાઓ આવે તે અમારી જ છે – એમ સમજી અમલ કરવો. કંટાળો ન રાખવો. ખબડદારી રાખવી. ગુણાતીત દ્વિશતાબ્દી દૂર છે એમ નહીં, પણ હમણાં જ આવવાની છે એમ માની કાર્ય કરો.'

સ્વામીશ્રીએ દ્વિતીય દ્વિશતાબ્દીના દુંદુભિ ગગડાવી દીધા.

જેની સ્વધરમમાં સરસાઈ

સુરતમાં સ્વામીશ્રીની આશીર્વર્ષા સાથે ક્યારેક ક્યારેક મેઘવર્ષાની પણ જુગલબંદી જામતી. તા. ૨૮/૭ની સવારે આવું જ બનતાં સભાગૃહના પાછળના દાદરા ભીના થઈ ગયા. તેથી કાર્યકરોએ સ્વામીશ્રીને આગળના દાદરેથી નીચે ઊતારવાનું આયોજન ગોઠવ્યું. તેને અનુસરતાં સ્વામીશ્રી એ પગથિયાં તરફ ગયા, પણ ત્યાં મહિલાઓને ઊભેલાં જોયાં, કારણ કે તેઓને ઊતરવાની સીડી એ જ હતી.

આ પરિસ્થિતિમાં સ્વામીશ્રી તરત જ પાછા વળી ગયા અને 'ત્યાં મહિલાઓ ચઢ-ઊતર કરે છે માટે બહારની સીડીએથી જ ઊતરીએ' કહેતાં તેઓ ભીના દાદરેથી નીચે પધાર્યા. તેઓના એ પગલે-પગલે ધર્મની

સોપાનપંક્તિ વધુ મજબૂત થતી ચાલી.

તે પર સરકતા સ્વામીશ્રી આજે રાત્રે વરાછાની સાધના સોસાયટીના હૉલમાં જાહેર-સભાનો લાભ આપી આવ્યા. એ જ રીતે તા. ૨૯/૭ની રાત્રે વરાછાના દિવ્ય વસુંધરા ફ્લેટ્સમાં પણ સત્સંગ-સભા યોજાઈ ગઈ.

નથી એથી અજાણી કોઈ વાત

તા. ૩૧/૭ના રોજ પધરામણીના ક્રમમાં ઉત્તમભાઈ મોદીની દુકાને પહોંચેલા સ્વામીશ્રીએ અહીં નિર્માણાધીન નૂતન મંદિરમાં સેવા નોંધાવવાની વાત માંડી. તે સાંભળી આ યજમાને કહ્યું : 'બાપા ! હું નોકરી કરું છું. ૧,૩૦૦ રૂપિયાનો પગાર છે તો એક પગાર સેવામાં આપું.'

'પણ તમારા દીકરાઓ આ દુકાનમાં કમાય છે ને !'

તેઓની આ વાતને વધાવતા દીકરાઓ ૨,૫૦૦ રૂપિયાની સેવા લખાવવા સંમત થયા.

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'પાંચ હજાર લખાવો.'

તેઓએ સેવાની રકમ સીધી બમણી કરી છતાં આ યજમાન રાજી થયા. તેનું કારણ જણાવતાં તેઓએ જ કહ્યું : 'ભલે, એટલી સેવા લખો. મારા ઘરવાળાંનો પાંચ હજારની સેવા કરવાનો સંકલ્પ હતો. આપે એ સંકલ્પ પકડી સેવા લીધી !'

સ્વામીશ્રીના વિચરણમાં દા'ડે-દા'ડે બનતા આવા પ્રસંગો અંતર્યામી તરીકે તેઓની છબી અંતરમાં સ્થિર કરી દેતા.

એહ અનાદિની રીત

તા. ૧/૮ની સવારે સુરતમાં પારાયણની ધામધૂમપૂર્વક પૂર્ણાહુતિ કરીને સ્વામીશ્રી મગદલ્લા બંદર અને સુમૂલ ડેરીને પાવન કરતાં સાંકરી જઈ પહોંચ્યા.

અત્રે તા. ૨/૮થી આરંભાયેલા ત્રિદિવસીય પારાયણમાં પ્રથમ દિવસની રાત્રે જ 'વચનવિધિ' પર નિરૂપણ કરતાં સ્વામીશ્રીએ કહ્યું :

''મનમુખીને દુઃખ, દુઃખ ને દુઃખ. માટે ગુરુની આજ્ઞા ઉપર દેહ કુરબાન કરવું. સેવા, ભક્તિ, સત્સંગ બધું જ મનધાર્યું થતું હોય છે. આપણી બુદ્ધિ, ડા'પણ, પૈસા-ટકા આડાં આવે તો મનધાર્યું ન મુકાય. ભગવાન ને સંત કહે તે ઉગમણી દિશા. મન સોંપ્યા પછી તર્ક-વિતર્ક ન કરવાં. 'શ્રીજીમહારાજ,

યોગીજી મહારાજ મળ્યા તે સિવાય બીજી ગતિ નથી' એમ સ્વરૂપનિષ્ઠા થવી જોઈએ. બધે ચોખા મૂકવા જઈએ તો કંઈ ન પામીએ.''

પારાયણની સમાંતર પધરામણીઓ માટે પ્રવાસ ખેડતા સ્વામીશ્રી તા. ૩/૮ની સાંજે ગળતેશ્વર, શામપુરા અને ખોજને લાભ આપતાં પુનઃ સાંકરી આવી ગયા.

અહીં તેઓએ રાત્રિકથામાં અમૃતધારા વહાવી કે ''જેના જીવનમાં દંભ હોય નહીં તે આદર્શ જીવન. ભગવાનમય જીવન જીવવું. જુગાર વગેરે ન રમવું. 'રૂપિયો રૂપિયાને ખેંચે' એમ લોકો કહે છે. એક ઓરડામાં ઘણા રૂપિયા પડેલા. એક જણને થયું કે 'રૂપિયો રૂપિયાને ખેંચે. માટે મારો રૂપિયો ત્યાં અડાડું.' એમ વિચારી તેણે તેના ખિસ્સામાંથી રૂપિયો કાઢીને તે ઓરડાની જાળી આગળ ધર્યો, પણ હાથમાંથી પડી ગયો તે પેલા રૂપિયાના ઢગલા ભેગો થઈ ગયો.''

કાલ્પનિક દૃષ્ટાંતો દ્વારા વાસ્તવિકતા રજૂ કરી સ્વામીશ્રી ગમ્મત સાથે જ્ઞાન દઈ દેતા. તેઓની આવી હળવી શૈલીમાં તરતું પારાયણ તા. ૪/૮ના રોજ પૂર્ણાહુતિના કિનારે આવી ગયું.

હવે સ્વામીશ્રીને અટલાદરા પહોંચવાનું હોવાથી સાંજે પાંચ વાગ્યે તેઓની ગાડી મંદિરના દરવાજે આવીને ઊભી રહી ગઈ. તેમાં એક પછી એક ખડકાવાં લાગેલાં સામાનનાં પોટલાં સામે અશ્વિન પટેલ નામનો યુવાન ટગર ટગર જોઈ રહ્યો. સ્વામીશ્રીનો લાભ લેવા પહેલી વાર ઘરની બહાર નીકળેલો તે 'સાંકરીથી અટલાદરા કેવી રીતે જવું?'ની વિમાસણમાં હતો.

એટલામાં જ સ્વામીશ્રી પધાર્યા. મોટરમાં બેસતાં પહેલાં આસપાસ ઊભેલા સૌને પ્રણામ કરવાની રીત રાખનારા તેઓએ હાથ જોડી દરેકને 'જય સ્વામિનારાયણ' પાઠવ્યા. તે વખતે જ તેઓની નજર પેલા યુવાન પર પડતાં તેને નજીક બોલાવી પૂછ્યું: 'તારી શું વ્યવસ્થા છે? એકલો છે?'

'હા.'

'તો જા, સામાન લઈ આવ. અમારી ભેગો આવી જા.'

આ સાંભળતાં જ એ યુવાનના પગને પાંખો ફૂટી ગઈ. ચોવીસ વર્ષમાં પહેલી વાર તેને ભાગે આજે ગાડીમાં બેસવાનો અવસર આવેલો. તેય સીધો સ્વામીશ્રી સાથે જ! તે તરત જ સામાન લેવા ઉતારા ભણી ધસી ગયો. એ યુવાન અને તેનો સામાન ગાડીમાં ગોઠવાઈ જાય ત્યાં સુધી સ્વામીશ્રી રાહ

જોતાં બેસી રહ્યા ! સ્વામીશ્રીએ તે યુવાનને ગાડીમાં સમાવી લીધો, પણ આ સંભાળથી સ્વામીશ્રી તો એ યુવાનના હૈયામાં સમાઈ ગયા !

આ ઘટનામાં કોઈ સ્વામીશ્રીની કરુણા જોઈ શકે, તો કોઈ તેઓનું વાત્સલ્ય. પરંતુ આ તો તેઓની કાયમી રીત જ હતી. *'છતી છે એ છાની નથી, હોય જે જેના આશ્રિત; તે તેનું પાલન કરે, એહ અનાદિની રીત.'*

દયાસિંધુ દિલના દયાળ

સાંકરીથી અટલાદરા જઈ રહેલા સ્વામીશ્રીએ રસ્તામાં રાયમને લાભ આપ્યો. તેઓ જ્યારે સાંકરી આવે ત્યારે અહીં છોટુભાઈના ઘેર અવશ્ય પધારતા. પ્રવૃત્તિના વધતા ભાર વચ્ચે પણ સ્વામીશ્રી એક-એકની કાળજી લેવાનું ન ચૂકતા.

આ જ ભાવથી તેઓએ આજે વલથાણના ભક્તોને પણ દર્શનલાભ આપ્યો. અહીં તો તેઓ એસ. ટી. સ્ટેન્ડમાં બિરાજી વારાફરતી સૌને મળ્યા, જેમાં ઊજળા વર્ણના દેસાઈભાઈઓની સાથે પચાસેક તો હળપતિઓ હતા. કેવી દયા !

તે પંથે જ આગળ વધેલા તેઓ અટલાદરા પહોંચ્યા ત્યારે શયન આરતીના ઘંટારવ ગુંજી રહેલા. તેમાં સામેલ થઈ સ્વામીશ્રીએ ભાવપૂર્વક દર્શન કર્યાં. પરંતુ જ્યાં આરતીનો ઘોષ શમ્યો ત્યાં જ તેઓએ પૂજારીને પૂછ્યું : 'શયન આરતી મોડી કેમ કરી ?

'આપની રાહ જોતા હતા.'

'આરતી સમયસર કરવી. તેમાં અમારી રાહ ન જોવી. અંદર ઠાકોરજીને પોઢાડવા નહીં. અમે વહેલા-મોડા આવીએ તે દર્શન કરી લઈએ પછી પોઢાડી દેવા, પણ આરતી મોડી ન કરવી.'

આ ભલામણ કર્યા બાદ સ્વામીશ્રી જે બોલ્યા તેમાં તેઓની અસલિયત છતી થઈ રહી. તેઓએ પૂજારીને સમયસર આરતી કરી લેવાનું કારણ જણાવતાં કહ્યું : 'મહેમાન હરિભક્તો હોય તેને દૂધ-પૂરીના થાળની પ્રસાદી ન મળે. થાળનું મોડું થાય. માટે આરતી ટાઈમે કરી લેવી.'

સ્વામીશ્રીની કોઈ પણ વિચારણામાં ભગવાન અને ભક્તોની ગણતરી મુખ્ય રહેતી. તેઓ સાચે જ *'દયાસિંધુ દિલના દયાળ, નિજ જન તણા પ્રતિપાળ..'* હતા.

સર્વત્ર વ્યાપી શુભ જેનું તેજ

અટલાદરામાં સ્વામીશ્રીનો લાભ લેવા માટે હૉલેન્ડનાં હન કૉપ, પેટ્રિક અને તેની માતા જીનેટ આવેલાં. આ પરદેશી બાઈને તો સ્વામીશ્રીનું એવું ઘેલું લાગેલું કે તેઓએ અહીં આવવાની સગવડ કરવા પોતાનો પિયાનો પણ વેચી દીધેલો !

તેઓ વતી તા. ૫/૮ના રોજ પેટ્રિક અને હન સ્વામીશ્રી સાથે ઓરડામાં બેસી વાતો કરી રહેલા. બરાબર એ જ વખતે વીજળી ગાયબ થતાં બેટરીટ્યૂબ ચેતાવવામાં આવી. તે જોઈ સ્વામીશ્રીએ હનને કહ્યું: 'આ બેટરી યુ.કે.ની બનાવટ છે. તેનું (યુ.કે.નું) અજવાળું અહીં પડે છે !'

આમ જણાવી સ્વામીશ્રી પોતાની છાતી પર હાથ અડાડી બોલ્યા: '...અને આનું અજવાળું ત્યાં (યુ.કે.માં) જાય છે.'

તેઓ આ વિગત અંગ્રેજી-ગુજરાતી ભાષાનું મિશ્રણ કરી બોલેલા. તેથી સ્વામીશ્રીએ પૂછ્યું: 'હન ! સમજી ગયો ને ?'

'હા.'

આ મુમુક્ષુને બરાબર સમજણ પડી ગયેલી. તેની સાથે સૌને પણ સ્વામીશ્રીના સ્વરૂપની ઘેડ બેસી ગઈ કે 'આ સંત તો तस्य भासा सर्वमिदं विभाति[૮૩] – જેનાથી અનંત બ્રહ્માંડો આલોકિત છે તેવા સાક્ષાત્ અક્ષરબ્રહ્મ-સ્વરૂપ છે.'

અખંડ એક વરતિ[૮૪]

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની વડોદરા શાખા દ્વારા પ્રતિવર્ષ શ્રાવણી પૂર્ણિમાના દિવસે યોજાતા મિલન સમારંભના પ્રમુખપદે આ વર્ષે સ્વામીશ્રીને નીમી પ્રત્યેક સંઘ-સભ્ય હરખાતો હતો. તા. ૫/૮ની સાંજે ગાંધી નગરગૃહમાં આયોજિત આ સમારંભમાં ધ્વજવંદન, નમસ્કાર, પ્રાર્થના, પરિચય વગેરે કાર્યક્રમો બાદ સ્વામીશ્રીએ સંઘને સંબોધતાં કહ્યું: 'ધર્મ એનું નામ કે આપણને એકબીજાની નજીક લાવે. દરેકના સુખ-દુઃખમાં ભાગીદાર થવાનું છે. ભારતની બધી વ્યક્તિ મારી છે એમ માનવું.'

---

૮૩. मुण्डकोपनिषद् : २/२/१०.

૮૪. વૃત્તિ.

સૌને આ ધર્મ-મર્મ સમજાવી નગરગૃહની બહાર નીકળેલા સ્વામીશ્રી પાસેથી જ તા. ૭/૮ની બપોરે ભક્તિનું ભાથું પણ મળ્યું.

આ સમયે એક માલેતુજાર ઉદ્યોગપતિ શ્રી રમણભાઈના ઘેર પધારેલા તેઓનું આ યજમાન તથા તેઓના અન્ય ત્રણ ભાઈઓએ ઉમળકાભેર સ્વાગત કર્યું. પોતાના ખૂબ આલીશાન ભવનમાં તેઓએ સજાવેલા સ્વાગતોપચારમાં ગુલાબ અને લીલીના મોટા ભવ્ય હાર પણ શામેલ હતા.

તેને વારાફરતી પહેરાવવા આ બંધુઓ તૈયાર થયા ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'આ બધા જ હાર ઠાકોરજી માટે લઈ લ્યો. ત્યાં મંદિરમાં આખો દિવસ દર્શન થાય.' આમ કહી તેઓએ એક પણ હાર ન પહેર્યો.

*'અખંડ એક વરતિ, મૂર્તિને મૂકતી નથી; જેમ સરિતા સાગર સન્મુખ, ચાલતાં ચૂકતી નથી...'*ની સ્વામીશ્રીની જીવનશૈલીનો વધુ એક પરિચય સૌને થયો. આ સમયે ભલે તેઓના કંઠમાં ફૂલમાળ આરોપિત ન થઈ, પણ તેઓની આ ભક્તિ જોઈ સૌનાં હૈયાં તો હારસ્વરૂપે તેઓનાં ચરણોમાં જરૂર જઈ પડ્યાં.

હૈયે હેત અતિ ઘણું

આ અરસામાં ચાલી રહેલા સત્સંગવ્યાપી પૂજા અભિયાન અંતર્ગત પ્રત્યેક સત્સંગી નિત્યપૂજા કરતા થાય તે માટે સંતો પ્રયત્નશીલ હતા. તેઓ સત્સંગ-સભામાં નિત્યપૂજાનું નિદર્શન પણ કરતા. તેમાં સ્વામીશ્રી પુષ્ટિ આપતા. જે કોઈ તિલક-ચાંદલો કરવાના નિયમ લે તેને સ્વહસ્તે તિલક કરી દેતા.

પરંતુ આંખમાં ખૂંચતા રહેતા કોન્ટેક્ટ લેન્સની તકલીફને કારણે તબીબોની સલાહ હતી કે 'સ્વામીશ્રી કંકુને બદલે ચંદનનો ચાંદલો કરે, જેથી કપાળમાંથી ખરતાં કંકુને લીધે આંખમાં મુશ્કેલી ન થાય.'

તે મુજબ સ્વામીશ્રી છેલ્લા કેટલાક સમયથી ચંદનનો ચાંદલો કરતા, પણ પોતાના આ પ્રાસંગિક વર્તનમાંથી પ્રેરણા લઈ કોઈ ચંદનના ચાંદલાના વેગે ન ચડી જાય તે માટે તેઓએ તા. ૪/૮થી કંકુનો ચાંદલો કરવાનું જ શરૂ કરી દીધું !

અન્યના ઉત્કર્ષ માટે સતત ઉપદ્રવ વેઠનારા સ્વામીશ્રી તા. ૧૧/૮ના રોજ પધરામણીએ નીકળ્યા ત્યારે પણ એવું જ બન્યું. આ સમયે વરસાદે માઝા મૂકેલી. છતાં એ સાંબેલાધાર વર્ષા વચ્ચે સ્વામીશ્રી સાંજે પાંચ વાગ્યાથી સાડા

આઠ વાગ્યા સુધી વડોદરાના વિસ્તારોમાં ઘૂમતા રહ્યા.

આ કાર્યક્રમમાં છેલ્લે તેઓ 'સહજાનંદ કુટિર'માં પધાર્યા ત્યારે ત્યાં એક રિક્ષાવાળો પૂરવની પ્રીતના તાંતણે ખેંચાતો હોય તેમ તેઓ પાસે વર્તમાન ધરાવવાં આવી પહોંચ્યો. સ્વામીશ્રીએ પ્રેમપૂર્વક પોતાના ડાબા હાથે તેનો જમણો હાથ પકડી રાખી, તેની એ હથેળીમાં જળ મૂકતાં વર્તમાન ધરાવી કંઠી પહેરાવી. પરંતુ તે રિક્ષાવાળા પર બહાર વરસતા મેઘરાજાની જેમ સ્વામીશ્રીની કરુણા વરસી! તેઓ તેની જ રિક્ષામાં બેસીને પવનની થપાટે આમ-તેમ ઘૂમરાતા વરસાદનાં ફોરાં ઝીલતાં-ઝીલતાં અટલાદરા મંદિરે પધાર્યા! અહીં પણ સ્વામીશ્રીએ એ રિક્ષાવાળાને જમાડવાની ભલામણ સંતોને કરી.

રિક્ષાથી રોલ્સરોયસ સુધીનાં વાહનોમાં સમાનભાવે વિચરતા સ્વામીશ્રીની આ પ્રેમવર્ષા સૌને વરસાદ કરતાંય વધુ ભીંજવી ગઈ.

મહારાજ-સ્વામી એ જ આપણું જગત

અટલાદરામાં રોકાણ દરમ્યાન પારાયણ, પધરામણી, મુલાકાતો, કથાવાર્તા, ઉત્સવ-સમૈયા વગેરે દરેક રીતે સૌને તૃપ્ત કરી સ્વામીશ્રી તા. ૧૪/૮ની રાત્રે અમદાવાદ આવી પહોંચ્યા.

અહીં સત્સંગ મંડળ દ્વારા યોજાયેલા એક સપ્તાહના પારાયણનો પ્રારંભ કરતાં તેઓએ તા. ૧૫/૮ની સવારે કથારસ રેલાવ્યો કે 'આજે સ્વતંત્રતાનો દિવસ. સંત મળ્યા એટલે સ્વતંત્રતા. ભગવાન કોઈ દિવસ જૂના થતા નથી. એ તો છે, છે ને છે. માટે ભગવાન ભજે તે જૂનવાણી ન કહેવાય. પૂજાની ઝુંબેશ ઉપાડી છે તો જે ન કરતા હોય તે કરવા માંડો. તિલક-ચાંદલો પણ કરવો, તો જ સ્વતંત્ર થવાશે. નહીંતર માયાના ગુલામ તો છીએ જ. દુનિયા સામું જોઈએ તો વેપાર, નોકરી કે ખેતી કાંઈ થઈ ન શકે. ૭૦૦ સાધુ કરવા છે. યુવકોએ તૈયાર થવું. મંદવાડમાં ખાવાની અરુચિ હોય છે. તે વખતે ખાઈએ પણ પરાણે. અરુચિપૂર્વક જ દેહ ટકાવવા પૂરતું ખવાય. તેમ વ્યવહારના પદાર્થો અરુચિપૂર્વક ભોગવવા. ભગવાન ને સંતમાં જ રુચિ.'

આજના સ્વાતંત્ર્યદિનની રાત્રે પણ સ્વામીશ્રી સંતો-પાર્ષદો સાથે જૂના ભંડારના મેડે આવેલા હૉલમાં સભા ભરીને બિરાજ્યા. અહીં તેઓએ દુનિયાનો સીમાડો ચીંધતાં કહ્યું: 'આપણું મંદિર એ જ આપણું જગત. મહારાજ-સ્વામી એ જ આપણું જગત. દુનિયામાં હરીએ-ફરીએ પણ આ બે સામું જ

જોવું. એ કેમ રાજી થાય તે ધ્યેય રાખવું.'

આમ, શ્રાવણની હેલીની જેમ વરસતા સ્વામીશ્રી તા. ૧૬/૮ના રોજ સિદ્ધપુર, બિલિયા અને મહેસાણાને પણ ભીંજવી આવ્યા.

આદર્શ સેવક થજો

તા. ૧૭/૮ના રોજ સ્વામીશ્રી જ્યારે અમદાવાદના મંદિરમાં દર્શન માટે પધાર્યા ત્યારે ત્યાં હિંડોળાની શોભા રચવામાં આવેલી. તેમાં બિરાજમાન ઠાકોરજીને તેઓ ઝુલાવવા લાગ્યા ત્યારે બાજુમાં ઊભેલા એક ભક્તે પૂછ્યું: 'કોણ કોને ઝુલાવે છે?'

'સેવક ભગવાનને ઝુલાવે છે.'

'ઓહ, એમ! મને હતું કે ભગવાન ભગવાનને ઝુલાવે છે.'

'તમે ખરા છો ને! ભગવાન કાંઈ ભગવાનને ઝુલાવે? એ તો આદર્શ સેવક જ ઝુલાવી શકે.'

સ્વામીશ્રીનો આ ખુલાસો સાંભળી તે ભક્તે પ્રાર્થના કરી કે 'આપ અમારા હૃદયમાં ઝૂલજો.'

'આદર્શ સેવક થજો.' સ્વામીશ્રીએ સંક્ષેપમાં સઘળું સમજાવી દીધું.

મેઘ જેવા સહુના સુખધામ

સ્વામીશ્રીના અમદાવાદમાં નિવાસ વખતે આકાશમાંથી મેઘરાજાની મહેર છૂટે હાથે વરસતી રહેતાં મંદિર-સંકુલમાં સાફસૂફી થાય અને વળી પાછું બધું ખરડાય. આથી કંટાળી કો'કે બળાપો કાઢ્યો કે 'વરસાદથી તકલીફ ઘણી થાય છે.'

'ભલે આપણને તકલીફ પડે, પણ બધાને તો સુખ થાય છે ને! ભલે વરસાદ વરસે.' સ્વામીશ્રીની પરોપકારી જીવનભાવના પણ આમ વરસી રહી.

આ ભાવનાથી તા. ૨૩/૮ના રોજ અમદાવાદ ખરેખરું ભીંજાયું. આ દિવસની સવારે સ્વામીશ્રીએ રાજેશ્વરદાસ સ્વામીને સૂચના આપી કે 'સાંજે પાઘ લઈને તૈયાર રહેજો. કોઈને જણાવવાની જરૂર નથી.'

સ્વામીશ્રીના આ આદેશથી એ સંતનું મન અટકળે ચડી ગયું, પણ તેઓ કોઈ તાળો મેળવી ન શક્યા.

અંતે સાંજના નિશ્ચિત્ત સમયે સ્વામીશ્રી ડૉ. માધવજી બાજડિયા સહિત

એક હરિભક્ત અને આ સંતને લઈ સિવિલ હૉસ્પિટલ પહોંચી ગયા. અહીં જી.આઈ.ડી.સી.ના તત્કાલીન ચેરમેન શ્રી જાડેજાની તબિયત જોઈ તેઓને આશીર્વાદ આપ્યા. અચાનક વરસેલી આ વહાલની વાદળીથી આ સત્સંગી પૂરેપૂરા પલળી ગયા.

પણ આજે વરસવા માંડેલા સ્વામીશ્રીની કરુણાના મેઘમલ્હારની આ તો પ્રથમ ધારા જ છૂટેલી. સિવિલ હૉસ્પિટલેથી ગાડીમાં બિરાજેલા સ્વામીશ્રીએ એક સરનામાની ચિઠ્ઠી કાઢતાં કહ્યું: 'આપણે ખાનપુરમાં આ દવાખાને જવું છે.'

આ સાંભળતાં જ સહપ્રવાસીઓને હૈયે ધ્રાસકો પડ્યો, કારણ કે આજની સાયંસભામાં કિશોર મંડળનો કાર્યક્રમ રાખેલો. તેમાં પહોંચવામાં આ નવો કાર્યક્રમ વિઘ્નરૂપ બને તેમ હતો. પરંતુ સ્વામીશ્રીના આયોજનમાં ભળ્યા વિના છૂટકો નહોતો. તેથી સૌ તેઓએ નિર્દેશેલા દવાખાને આવી ગયા.

અત્રે સ્વામીશ્રી તેઓના સહપાઠી ગોરધનભાઈ પટેલના ખાટલે જઈ બેઠા. આ અનપેક્ષિત આગમને આ વડીલના ભીતરને પણ ભીંજવી દીધું. તેઓ જાણે આ જ ક્ષણે અડધા સ્વસ્થ થઈ ગયાનો ભાવ અનુભવી રહ્યા.

અહીંથી નીકળ્યા ત્યારે સૌને મંદિરે જવાની ઉતાવળ હતી, પરંતુ મોટર નહેરુ બ્રિજના વળાંકે પહોંચી ત્યાં જ સ્વામીશ્રીએ કાર્યક્રમને પણ નવો વળાંક આપતાં કહ્યું: 'આપણે વાડીલાલ હૉસ્પિટલ પાસે હાડકાંના એક ડૉક્ટરના દવાખાને જવું છે.'

'પણ બાપા! આપણે કિશોરોના પ્રોગ્રામમાં...'

'એ તો પહોંચી જઈશું. બહાર નીકળ્યા જ છીએ તો જઈ આવીએ.'

'પણ ત્યાં કોને દાખલ કર્યા છે?'

'નામ તો યાદ નથી. પણ મહીજડાવાળા અંબાલાલભાઈના દીકરાને દાખલ કર્યા છે. તેનું ઑપરેશન છે.'

'કયા ડૉક્ટર છે?'

'એ કાંઈ ખબર નથી.'

આ સાંભળતાં જ સહપ્રવાસીઓ વિચારે ચડી ગયા, પણ સ્વામીશ્રી તરત જ બોલ્યા: 'વાડીલાલ હૉસ્પિટલની પાસે જ છે. ત્યાં કેટલાં દવાખાનાં હશે? બે-ત્રણ હશે! શોધી કાઢીશું.'

સૌને લાગ્યું: 'સ્વામીશ્રીની કરુણાનો મેઘ આજે કોઈને કોરા નહીં છોડે!'

ગાડી હૉસ્પિટલ પાસે જઈ એક કોરે ઊભી રહી. તેમાંથી ઊતરેલા હરિભક્ત ઓર્થોપીડિક સર્જનના દવાખાનાની ભાળ કાઢવા ગયા. સ્વામીશ્રી મોટરમાં જ સમાચારની રાહે બેઠા.

ત્યાં જ લઘરવઘર લૂગડાં અને લાચાર મોઢું લઈ એક ભિખારી આવી ચડ્યો અને સ્વામીશ્રી સમક્ષ જ હાથ લંબાવતાં બોલ્યો : 'દો દિન સે ભૂખા હૂં, ખાને કા દો.'

આ આર્તનાદ સાંભળી સ્વામીશ્રીએ સાથે આવેલા રાજેશ્વરદાસ સ્વામીને પૂછ્યું : 'પ્રસાદ છે ?'

'ના.'

તેથી સ્વામીશ્રીએ ગાડીચાલક ઇન્દ્રવદનને પૂછ્યું : 'પૈસા છે ?'

'ના, આપે પૈસા રાખવાની ના પાડી છે ત્યારથી નથી રાખતો.'

એક પછી એક બારીઓ આમ ભીડાતી રહી. ત્યાં જ સ્વામીશ્રીની નજર ગાડીમાં પડેલા પધરામણીના પ્રસાદના પડીકા પર ગઈ. તેમાં કાજુ હતાં. તે આખું પડીકું સ્વામીશ્રીએ પેલા યાચકના હાથમાં પધરાવી દેતાં, તેનાં તો હૈયું અને હથેળી બેય ઊભરાઈ ગયાં ! જિંદગીમાં કદાચ પહેલી જ વાર તેને આવાં દાન અને દાતા મળ્યાં !! તેના મુખ પર સંતોષ ફરકી રહ્યો, અને તે જોઈને સ્વામીશ્રીના મુખ પર સ્મિત !

આ જ પળે હરિભક્ત દવાખાનાની શોધ કરીને આવી ગયા. તેઓ સાથે સ્વામીશ્રી દર્દી પાસે પહોંચ્યા. તેઓને જોતાં જ સ્ટ્રેચર પર સૂતેલો એ સત્સંગી ભાવભીનો બની રહ્યો. સ્વામીશ્રીના આશીર્વાદે તેને વધુ ગદ્‌ગદ કરી મૂક્યો.

આમ, એક ખેપમાં અનેકનાં જીવન લીલાંછમ કરી સ્વામીશ્રી મંદિરે આવી પહોંચ્યા ત્યારે કિશોર મંડળનો કાર્યક્રમ શરૂ જ થઈ રહેલો. તેથી તેઓ ત્યાં વરસવા જઈ પહોંચ્યા. *'મેઘ જેવા સહુના સુખધામ'* સમા સ્વામીશ્રી જીવનનાં ૪,૯૪૦ અઠવાડિયાં સુધી આમ જ વરસતા રહેલા.

નથી કોઈ મુજથી અકળ

તા. ૨૪/૮ની સાંજે સ્વામીશ્રી મંદિરના સમીપવર્તી 'એસ્સા' કંપનીના સંકુલમાં સભા માટે પધાર્યા ત્યારે અમદાવાદનો સત્સંગ સમુદાય અહીં એકત્રિત થયેલો. તેઓને જ્ઞાનનો મેવો પીરસતાં સ્વામીશ્રી બોલ્યા :

'મહાપ્રસાદ આપવા જ બેઠા છીએ પણ કોઈ લેવા તૈયાર નથી. જે

કરવું હોય તે રૂપ બની જવું જોઈએ. ખેતીવાળો ખેતીમય બને છે, વેપારવાળો વેપારમય બને છે, તેમ આપણે દ્વિશતાબ્દીમય બનવું પડે, તો કાર્ય થાય.'

વિવિધ કાર્યક્ષેત્રોનો બહોળો અનુભવ ધરાવતા સ્વામીશ્રીના મુખેથી કાર્યરીતિ શિખવાડતાં આવાં સૂત્રો સહજપણે સરતાં રહેતાં. તેનું પાન કરનારો સિદ્ધિનો સ્વાદ અચૂક પામતો.

આ સ્વાદ સૌને ચખાડવા ઘરોઘર ઘૂમતા સ્વામીશ્રીને તા. ૨૫/૮ની સાંજે કાર્યકર શ્રી રમેશભાઈ દલાલે કહ્યું: 'બાપા! આપણે વી. એસ. હૉસ્પિટલમાં નારણભાઈની ખબર કાઢી આવીએ?'

'કાલે જઈશું.'

'પણ આજે બધા ભેગા થયા હશે. આજની વાત થઈ છે, માટે આજે જ જઈએ.' આ દલીલ સાથે એ હરિભક્તે આગળ ચાલી ગયેલી મોટરને પાછી લેવડાવી પણ દીધી.

સૌ હૉસ્પિટલે પહોંચ્યા. પરંતુ ત્યાં હાજર રહેલા દર્દીના ભાઈએ કહ્યું: 'સ્વામી! કાલે આવજો. આજે મારા ભાઈ જનરલ વૉર્ડમાં છે, તેથી બહેનો ઘણાં છે. કાલે સ્પેશિયલ રૂમમાં ભાઈને લઈ જવાના છીએ.'

આ સાંભળતાં જ સ્વામીશ્રીને આગ્રહપૂર્વક લઈ જનારા હરિભક્તને થયું: 'બાપા જે બોલે તેમાં જરૂર કંઈક રહસ્ય હોય.'

તેઓ મનોમન સ્વામીશ્રીને સાષ્ટાંગ પ્રણિપાત કરી રહ્યા.

*'નથી કોઈ મુજથી અકળ, જાણું જેમ હથેળીનું જળ...'*ની સર્વજ્ઞતાના માલિક હતા સ્વામીશ્રી!

ભગવાન જોઈએ તો અહીં આવજે

તા. ૨૫/૮ની સાંજે દ્વારિકાની શારદાપીઠ અને બદરિકાશ્રમ-સ્થિત જ્યોતિર્મઠના શંકરાચાર્ય પૂજ્ય સ્વરૂપાનંદ સરસ્વતી આવી પહોંચ્યા ત્યારે સ્વામીશ્રીએ તેઓના આતિથ્યમાં નીચા નમી ચરણસ્પર્શ કર્યો, તેઓની પાદુકાનું પૂજન કર્યું અને શંકરાચાર્યજીએ તેઓનો જમણો પગ આગળ ધરતાં તે પગના અંગૂઠાનું પણ પૂજન કર્યું! સ્વામીશ્રીએ બેસવાની બેઠક પણ એકસમાન રખાવેલી. તે પર બેસી પ્રવચન-લાભ આપી શંકરાચાર્યજી વિદાય થયા ત્યારે સ્વામીશ્રી છેક મોટર સુધી વળાવવા પણ ગયા.

સ્વામીશ્રીએ આપેલાં આ આદરમાન-વિદાયમાન *'રહે વે માન-*

રહિત...'ની તેઓની સ્થિતિનું દર્શન કરાવી રહ્યા.

આ શિખરે સદા સ્થિર સ્વામીશ્રીએ તા. ૨૭/૮ની સવારે જનસમુદાય પર વચનામૃત (ગ.અં. ૧૬) વરસાવતાં કહ્યું : 'સીતાજીને રામચંદ્રજી વિષે પતિવ્રતાની ભક્તિ. રાવણની સાહ્યબીને ઠોકરે મારી દીધી...' આટલું કહી તેઓ સોનાની લંકાનું અલ્પ વિવરણ કરતાં સામે બેઠેલા એક યુવાનને ઉદ્દેશી બોલ્યા : 'તારે સોનું લેવું હોય તો ત્યાં જજે અને ભગવાન જોઈએ તો અહીં આવજે.'

સહજભાવે બોલાયેલા આ શબ્દોમાંથી સ્વામીશ્રીનું સામર્થ્ય છલકાઈ રહ્યું.

આ સામર્થ્ય સાથે તેઓ તા. ૨૮/૮ની સવારે ન્યૂ માધુપુરા માર્કેટમાં જાહેર-સભા સંબોધી, લીંબડી, કારોલ, ચૂડા અને લાલિયાદને પાવન કરતાં તા. ૨૯/૮ની રાત્રે સારંગપુર આવી ગયા.

આવી ડખલ શું કામ કરી ?

ધોળા, ફલ્ગુ અને ઉતાવળી નદીના ત્રિવેણી સંગમે ઊભેલા સારંગપુરમાં પ્રતિવર્ષ રંગોત્સવ, જળઝીલણી ઉત્સવ અને શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિ-પર્વની ઉત્સવ-ત્રિવેણી રચાતી રહી છે. તેમાં સૌને ઝબકોળવા પધારેલા સ્વામીશ્રી માટે સંતોએ નૌકાકાર આસન બનાવેલું. તા. ૩૦/૮ની સવારે સ્વામીશ્રી પ્રાતઃપૂજા માટે પધાર્યા ત્યારે આ કલાત્મક આસન તેઓની નજરે ચડતાં જ તેઓ બોલી ઊઠ્યા : 'આવી ડખલ શું કામ કરી ?'

શોભા-સુવિધા પ્રત્યે સ્વામીશ્રીનો સદા આ જ અભિગમ રહેલો.

તે સાથે આજે જળઝીલણી એકાદશીનો ઉત્સવ ઊજવી રહેલા તેઓ સભા સમાપ્ત કરી મંદિર પાછળ આવેલા અક્ષરકુંડે પધાર્યા. આ વર્ષે વરસાદની અછતને કારણે નદીમાં પૂરતું પાણી ન હોવાથી અહીં જ જળવિહાર ગોઠવવામાં આવેલો.

અત્રે સ્વામીશ્રીને વળગેલી ઢીંચણના 'વા'ની તકલીફને કારણે તેઓ માટે લીંબતરુ નીચે બાંધેલા પટમંડપમાં ખુરશીવાળું આસન બનાવેલું, પણ તેની પર બેસી પૂજનવિધિ કરવામાં સ્વામીશ્રીને અજુગતું લાગતાં તેઓ ગાદી પર જ પલાંઠી વાળીને બિરાજ્યા અને પૂજન-આરતી કરતાં રહ્યા. છેલ્લી આરતી પછી સ્વયં કુંડમાં પધાર્યા અને ઠાકોરજીને જળ ઝીલાવ્યું. ત્યારબાદ તેઓએ પણ સ્નાન કરી જળને વિશેષ તીર્થત્વ અર્પ્યું.

આ સમૈયા બાદ ગામમાં ઠાકોરજીની પાલખી-પધરામણી શરૂ થઈ અને

સ્વામીશ્રી ઉતારે પધાર્યા, ત્યારે આ વર્ષે ખેંચાયેલા વરસાદના સંદર્ભમાં કો'કે પૂછ્યું: 'બાપા! આ ઇન્દ્ર કેમ તમારી આજ્ઞા પાળતો નથી?'

'જેવી તમે આજ્ઞા પાળો છો તેવી તે પાળે છે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓનો આ ઉત્તર ઘણો જ મર્મસભર હતો.

જેને માયિક સુખ થયાં ઝેર

તા. ૩૧/૮ની સાંજે ચાર વાગ્યે સ્વામીશ્રી તેઓના ઓરડામાં કાર્યરત હતા ત્યારે વીજળી ગુલ થતાં એક પાર્ષદ સ્વામીશ્રીને પંખો નાખવા સ્ટીલના હાથાવાળો વીંઝણો લઈ આવ્યા. તે વડે તેઓ પવન નાંખતા હતા ત્યાં જ અન્ય એક પાર્ષદ પણ હાથપંખો લઈને હાજર થયા. તેઓના હાથમાં લાકડાના હાથાવાળો પંખો હતો. પરંતુ સ્વામીશ્રીને બે વીંઝણાની જરૂર ન જણાતાં તેઓએ એક પંખો નીચે મૂકી દેવા કહ્યું. તેથી લાકડાના હાથાવાળા પંખાથી પવન નાંખતા પાર્ષદે પોતાનો હાથપંખો હેઠે મૂકી દીધો.

તે જોઈ સ્વામીશ્રીએ સ્ટીલના હાથાવાળા પંખાથી પવન વીંઝતા પાર્ષદને કહ્યું: 'વીંઝણો બદલી નાંખો.'

'પણ આમાં શું વાંધો છે?'

'આપણે આ સાદો બરાબર છે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓનો આ અભિપ્રાય સાંભળનારા સૌ સ્વામીશ્રીના ત્યાગ-વૈરાગ્યની લહરથી ડોલી ગયા. *'એંધાણી કહું એવા સંતની, જેને માયિક સુખ થયાં ઝેર...'*નું સાંગોપાંગ દર્શન સ્વામીશ્રીમાં હરહંમેશ થયાં કરતું.

આપણે તો ઠીક છીએ

તા. ૧/૯ની સાંજે સ્વામીશ્રી તેઓના ઓરડામાં સંસ્થાકીય સામયિકોનો પાઠ કરી રહેલા ત્યારે એક સંતે તેઓને લંડનથી આવેલું પુસ્તક 'Five religions in twentieth century' (વીસમી સદીમાં પાંચ ધર્મો) બતાવ્યું. આ પુસ્તક લંડનની શાળાઓમાં અમુક કક્ષાના વિદ્યાર્થીઓને ભણાવવામાં પણ આવતું. તેમાં હિન્દુ ધર્મગુરુ તરીકે કેવળ સ્વામીશ્રીની છબી મૂકવામાં આવેલી. સંપ્રદાય માટે આ ગૌરવની વાત હોવાથી તેનું વર્ણન કરવામાં પેલા સંતનો ઉત્સાહ સમાતો નહોતો.

પરંતુ તેઓનું સઘળું સાંભળ્યા બાદ સ્વામીશ્રી બોલ્યા: 'આમાં

મહારાજનો ફોટો કેમ ન લીધો ? આપણા આદિ પુરુષનો ફોટો હોવો જોઈએ ને ! આપણે તો ઠીક છીએ.'

*'સમર્થ જાણે છે સ્વામીને, જાણી પોતાને બળહીન...'*નું સ્વામીશ્રીનું વર્તન ઓરડાના એકાંતમાં કે જગતના ચોકમાં એકસમાન રહેલું.

વ્યવસ્થિત કામ થાય તો ભાર ન લાગે

તા. ૨/૯ના રોજ ઘોડાગાડીમાં બિરાજીને શંકરવાડી, યજ્ઞપુરુષ વાડી વગેરે મંદિર હસ્તક વાડીઓ જોવા નીકળેલા સ્વામીશ્રીએ પ્રસંગોપાત્ત વાત કરી કે 'સારંગપુર અને અટલાદરાની સીમનાં આપણાં ખેતરોની મને બરાબર ખબર. બોચાસણની એટલી બધી નહીં.'

આમ પુરાણી વાતો કરતાં કરતાં તેઓ વાડીમાં વિચર્યા. અત્રે ગળાઈ રહેલા નવા કૂવામાં પુષ્પો પધરાવ્યાં. ઘટાદાર આંબલી નીચે બેસી જ્ઞાનવાર્તા પણ કરી. તે વખતે ઢળતી સંધ્યાએ માળામાં પાછા ફરતાં પંખીઓના કલરવ વચ્ચે ગુંજતો સ્વામીશ્રીનો બ્રહ્મનાદ સૌનાં મનમાં વસી ગયો.

આ નાદબ્રહ્મ તા. ૩/૯થી ભાવનગરમાં ગુંજવા લાગ્યો. અહીં સ્વામીશ્રીએ તા. ૪/૯ની સવારે કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગશાળાના છાત્રોને જ્ઞાનદૃષ્ટિ આપી.

આ ક્રમમાં તેઓ તા. ૪/૯ની રાત્રે પ્રસન્નવદન બક્ષીના ઘેર ઠાકોરજી જમાડવા પધાર્યા ત્યારે અત્રે બાજોઠ પર વસ્ત્ર પાથરીને સુંદર આસન સજાવવામાં આવેલું. પરંતુ પવન આવતાં પુષ્પપાંખડીઓ વિખરાઈ જાય, તેમ સ્વામીશ્રી પધારતાં જ આ શોભાને હટી જવું પડ્યું. તેઓએ બાજોઠ કઢાવી સાદો પાટલો ઢળાવ્યો. તેઓની આ સાદગીના સૌંદર્યથી સૌ મુગ્ધ બની રહ્યા.

આ શોભાના સ્વામી સ્વામીશ્રી ભાવનગરથી કારિયાણી, બોટાદ, કાનિયાડને લાભ આપતાં પુનઃ સારંગપુર પહોંચ્યા.

અહીં તા. ૭/૯ના રોજ શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિપર્વે દૂધપાકની સાથે સુખની રેલમછેલ કરી, તેઓ કંથારિયા, લીંબડીને પાવન કરતાં સુરેન્દ્રનગર આવી ગયા.

અત્રે તા. ૯/૯થી સાત દિવસના પારાયણનો પ્રારંભ થયો. ઔદિચ્ય બ્રહ્મસમાજની વાડીમાં યોજાયેલા આ કથાસત્રમાં સ્વામીશ્રીએ જણાવ્યું કે –

''આપણે જે કામ કરાવવું હોય તે કામ અન્ય સ્વીકારે તો આપણને

કેટલો આનંદ થાય? તેમ ભગવાન અને સંત આપણને વાસનામાંથી મુક્ત કરવા આવ્યા છે. એ પ્રમાણે કરવા મંડો તો ભગવાન રાજી થાય. સત્સંગમાં આવ્યા છીએ તો સ્વભાવ ઓછા થવા જોઈએ. અહીં આવ્યા પછી જોવાના, ખાવાના સ્વભાવ વધે તો સત્સંગ કર્યો શું કામનો? 'ચાલશે' એમ થાય તો બીજે દા'ડે ઢીલા પડાય જ. આપણે કથામાં આવીએ તો તેમાંથી કાંઈક લઈ જવું. ખંખેરીને હાલતાં ન થઈ જવું. *'તરણુંય ન રાખે બાળો બ્રહ્મચારી'* એવું ન કરવું. આપણા અંગનું હોય તે લઈ જવું અને સ્વભાવ, વ્યસન વગેરે મૂકતાં જવું. વ્યવસ્થિત કામ થાય તો ભાર ન લાગે. એમ ન માનવું કે 'આપણું તતુડું ક્યાં સુધી સંભળાશે? આપણે આટલાથી કંઈ દુનિયા ઓછી સુધરી જવાની છે?' પણ લોકો સુધરે - ન સુધરે એનું નહીં જોવાનું! આપણી સેવા થાય છે કે નહીં તે જોવાનું! 'મકાન પડી જાય એવું છે' એમ જાણ્યા પછી કોઈ લે? તેમ આ વૈભવો પણ ક્ષણિક છે. પછી તેમાં શા સારુ પ્રીતિ કરવી? આપણા સ્વભાવ જોતાં ભગવાનના દરબારમાં આપણો નંબર જ નથી લાગે એમ, પણ ભગવાન અને સંત દયાએ કરીને આપણને નંબર આપે છે.''

સ્વામીશ્રીના વાક્‌પ્રવાહે આજે જાણે પ્રેરણાની પરબ જ માંડી દીધી.

પ્રેમભાવ અને પ્રત્યક્ષભાવ

તા. ૧૦/૯ના રોજ પારાયણમાં લાભ આપીને સ્વામીશ્રી યજમાન શ્રી નારણભાઈ ચોટલિયાના ઘેર પધાર્યા ત્યારે ઠાકોરજીને થાળ ધરાવાઈ રહેલો. આ જોતાં તેઓ પોતાના નિવાસકક્ષમાં ન જતાં ઠાકોરજી સમક્ષ નીચે બેસી થાળ ગાવા લાગ્યા. તે દરમ્યાન તેઓએ ઠાકોરજીને ધરાવેલી વિવિધ વાનગીઓ પણ જોઈ લીધી. તેથી એક થાળનું ગાન પૂરું થતાં જ પૂછ્યું: 'થાળમાં મિષ્ટાન્ન કેમ નથી?'

'મિષ્ટાન્નમાં શીરો છે, પણ તે હજી બની રહ્યો છે.'

આ ખુલાસો સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'થાળમાં શું ધરાવવાનું છે તે નક્કી રાખવું. પહેલેથી બનાવી રાખવું.' વળી, ઉમેર્યું: 'ઠાકોરજીને બરાબર છલોછલ પ્રસાદી ધરાવવી.'

સ્વામીશ્રી જ્યારે ભક્તિસંબંધી આવી ઝીણી ઝીણી વિગતો વિષે જાગૃતિ પ્રેરતા ત્યારે મૂર્તિ વિષેનો તેઓનો પ્રેમભાવ અને પ્રત્યક્ષભાવ ઊડીને આંખે વળગતો.

આ ભાવયુગ્મ સાથે સ્વામીશ્રી તા. ૧૧/૯ના રોજ સુરેન્દ્રનગરની જેલમાં કેદીભાઈઓને આશીર્વાદ આપી જિલ્લા મેજિસ્ટ્રેટના બંગલે પહોંચ્યા. અહીં જિલ્લા કક્ષાના જજ સાહેબો, નાયબ કલેક્ટર સહિત ઘણા માનનીય મહાનુભાવો એકત્રિત થયેલા. તેઓનું પૂજન-સ્વાગત સ્વીકારી સ્વામીશ્રીએ પ્રાસંગિક વાતોની માંડણી કરી. તે વખતે મુખ્ય જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ શ્રી વિનયકાંત ભટ્ટની નજર તો સ્વામીશ્રીમાં જ ચોંટી ગયેલી.

મુગ્ધભાવે સ્વામીશ્રીને નીરખી રહેલા તેઓએ છેલ્લે સ્વાનુભૂતિ વર્ણવી કે 'સ્વામીશ્રીની ચાલવાની ઝડપ એટલી કે આપણે તો દોડવું જ પડે, અને જેટલી ચાલવાની ઝડપ એટલી ઝડપી વિચારશક્તિ. પંદર-વીસ વર્ષ પહેલાં મળ્યા હોઈએ તોય તરત નામ દઈને બોલાવે અને વળી એટલી જ ઝડપી નિર્ણયશક્તિ. જે નિર્ણય કરે એ એટલો જ સચોટ હોય.'

એક વિચક્ષણ મેજિસ્ટ્રેટના આ ચોકસાઈપૂર્વકના ચુકાદાથી સૌને *'બીજો ન હોય બરાબરી રે...'* સમા સ્વામીશ્રીનો વિશેષ મહિમા સમજાયો.

તેથી જ તા. ૧૨/૯ની રાત્રે લોહાણા મહાજન સમાજ તથા તા. ૧૪/૯ના રોજ ઔદિચ્ય બ્રહ્મસમાજે સ્વામીશ્રીને સન્માનવાનો લહાવો લૂંટ્યો. સત્સંગીઓએ પણ આ જ દિવસની સાંજે સુરેન્દ્રનગરના રાજમાર્ગો પર ભવ્ય નગરયાત્રા યોજી સ્વામીશ્રીને સન્માનિત કર્યા.

આપણા કરતાં હજારગણી ચિંતા

તા. ૧૫/૯ની સવારે પારાયણની પૂર્ણાહુતિના પ્રસંગે સૌ પર કથામૃત વરસાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'ભગવાનની મરજી મુજબ કરવું એનું નામ આશરો. 'ચેલા તેરા પણ કહ્યા નહીં કરુંગા... મહાજન મારાં મા-બાપ, પણ મારી ખીલી ન ખસે...' એ આશરો ન કહેવાય. એ સુખ આપે તો સુખ અને દુઃખ આપે તો દુઃખ ભોગવી લેવું એનું નામ આશરો. મનની વાત મનમાં રાખી ભગવાન કે સંત આગળ વર્તીએ તે શું કામનું ? આપણે આપણી રીતે કરવા જઈશું તો કોઈ દિ' સુખ નહીં થાય. જે વસ્તુ ક્ષણિક છે તે ભગવાન આગળ નહીં મુકાય તો બીજે ક્યાં મુકાશે ? ભગવાન ને સંત કહે તો મૂકી જ દેવું. પછી એમ ન વિચારવું કે 'અરેરે ! આ તો ભિખારી થવાની વાત છે.' પણ ભલા માણસ ! તારા કરતાં ભગવાન ને સંતને તારી હજારગણી ચિંતા છે.'

આશરાનો આ મર્મ-મહિમા સમજાવી સ્વામીશ્રી જોરાવરનગર, વઢવાણ, ચૂડા થઈને ભેંસજાળ પધાર્યા.

અત્રે તા. ૧૬/૯ની સવારે તેઓએ ૪૫ પધરામણીઓ દ્વારા આખા ગામમાં સત્સંગની હવા પ્રસરાવી દીધી. અહીં કેટલાકને ચલમોનાં વ્યસન હતાં, પણ 'તમે મહારાજ કહો છો તો મૂકી દઈએ' કહેતાં તેઓએ ચલમોનો ચસકો છોડ્યો. તેથી સ્વામીશ્રી પણ રાજી થઈ બોલી ઊઠ્યા : 'દરબારો બહુ સારા છે, સરળ છે. અક્કડપણું, અટંટપણું જરાય નહીં. ચલમ મૂકવાની વાત કરી તો બધાએ મૂકી દીધી.'

વાણીમાં વર્તનનો પડઘો

ભેંસજાળથી સ્વામીશ્રી કુંડલા, ચાચકાને લાભ આપતાં નવાગામ (સેજકપર) પધાર્યા. અહીંનું અતિ અલ્પ રોકાણ હરિભક્તો કરતાંય સ્વામીશ્રીને વધુ ખટકતું હશે ! તેથી તેઓ આશીર્વાદ આપતાં બોલ્યા : 'શાસ્ત્રીજી મહારાજ, યોગીબાપા જેવા પુરુષ બબ્બે, ત્રણ-ત્રણ દિવસ સુધી આ ગામમાં રહેતા. તે વખતે જે સેવા થઈ ગઈ તે લેખે લાગી ગઈ. અત્યારે તો સત્સંગ વધ્યો તે માંડ એક કલાક ટાઈમ મળ્યો, તો એમાં ઓછું ન લાવવું.'

વધતા સત્સંગને કારણે સ્વામીશ્રીના વિચરણની ગતિ વધેલી. તેથી એક સ્થળે પૂર્વવત્ દીર્ઘ રોકાણો શક્ય ન બનતાં. તેનો રંજ તેઓ આમ વ્યક્ત કરતાં ત્યારે તેમાંથી તેઓની ભક્તવત્સલતા છતી થઈ રહેતી.

આ રીતે નવાગામથી મોજીદડ, અચારડા, લીંબડી, બોચાસણ, વડોદરાને પાવન કરતાં સ્વામીશ્રી મુંબઈ આવી પહોંચ્યા.

અત્રે તા. ૧૯/૯ની સવારે તેઓના વરદહસ્તે નિર્માણાધીન શિખરબદ્ધ મંદિરના ઉદુંબરનો સ્થાપનવિધિ થયો.

આ સીમાચિહ્નરૂપ કાર્યની સાથે સાથે, રાબેતા મુજબ ચાલતાં રહેલાં પારાયણ, સમૂહપૂજન વગેરે આયોજનોના ક્રમમાં, તા. ૨૪/૯થી પાર્લાના વિષ્ણુપ્રસાદ હૉલમાં ત્રિદિવસીય પારાયણ પણ યોજાયું.

આ પારાયણના પ્રથમ દિવસે જ ઉપસ્થિત રહેલા સુપ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી ગુલાબદાસ બ્રોકરે જણાવ્યું કે 'અમારી પાછળ વાણીનું બળ હોય છે અને પ્રમુખસ્વામી જેવા સંતો પાસે વાણીને બળ આપનાર ચારિત્ર્યનું બળ હોય છે.'

આ બળનો પરચો પારાયણની પૂર્ણાહુતિએ પૂર્યો. તા. ૨૬/૯ના એ

દિવસે તો જેટલા ભાવિકો હૉલમાં તેટલા જ બહાર ઊભેલાની પરિસ્થિતિ સર્જાઈ રહી. સ્વામીશ્રીનાં વાણી-વર્તનનો પડઘો મુંબઈમાં ખરેખરો ગાજી ઊઠ્યો.

જળરાશિમાં સુખરાશિ

પાર્લાથી દાદર મંદિરે પરત ફરેલા સ્વામીશ્રીએ તા. ૩૦/૯ની સત્સંગ-સભામાં જીવનના સારાંશને સંક્ષેપમાં સમજાવતાં કહ્યું :

'ડગલે ને પગલે સાંખ્ય કરવો. વકીલો દલીલો કરે તેનાં મોટાં મોટાં ચોપડા, ફાઈલો ભરાય. પણ જજ બે જ શબ્દ કહે : 'આ જીત્યા અને આ હાર્યા !' તેમ શાસ્ત્રોનો પાર નથી. પણ સર્વ શાસ્ત્રોના સારરૂપે 'ભગવાન ને સંત બે જ કલ્યાણકારી છે' એટલું જ સમજવાનું છે. ભગવાન ને સંતને રાજી કરવા છે, એટલો સાર સમજવો.

મહારાજે સીધું ઘી આપ્યું છે. ઘી કરવું હોય તો ભેંસ રાખવી પડે. ચારો આપવો પડે. છાણ-વાસીદું કરવું પડે. ભેંસ દોહવી પડે. દહીં કરવું પડે. છાશ વલોવવી પડે. પછી માખણ નીસરે ને પછી ઘી થાય. કેટલો દાખડો ! પણ મહારાજે ઘી જેવી સીધી જ વાત કહી દીધી. શાસ્ત્રો સાંભળવાં આ વાતની પુષ્ટિ માટે. સમજવાનું આટલું જ છે.'

આ સમજાવવા જ વિચરતા સ્વામીશ્રી તા. ૧/૧૦ના રોજ મુંબઈથી હવાઈમાર્ગે કલકત્તા પધાર્યા.

અહીં તા. ૨/૧૦ના રોજ પ્રિટોરિયા સ્ટ્રીટ પર આવેલા 'જ્ઞાનમંચ'માં તેઓની ભવ્ય સત્કાર-સભા યોજાઈ. સત્સંગીઓના આ સ્વાગતવિધિને અનુસરતાં તા. ૩/૧૦ના રોજ વિશ્વ હિન્દુ પરિષદે પણ મલ્લિક સ્ટ્રીટ પર આવેલા ગીતામંદિરમાં સ્વામીશ્રીની સન્માન-સભા યોજી.

રોજ ચાલી રહેલા આવા વિવિધ કાર્યક્રમોમાં સ્વામીશ્રી તા ૭/૧૦ના રોજ હાવરા પધાર્યા. એ જ રીતે તા. ૧૦/૧૦ના દિવસે તેઓએ ગંગાનાં નિર્મળ નીરમાં સૌને જળવિહારનો પણ લાભ આપ્યો.

ચાંદપાલ ઘાટથી ૪૦૦ જેટલા સંતો-ભક્તોના સંઘ સાથે નીકળેલા સ્વામીશ્રીએ આ જલયાત્રામાં સૌને સ્મૃતિઓથી તરબોળ કરી દેતાં, ભક્તોના ભાવની ભરતી એવી ચડી કે નૌકાના મંચ જેવા ખુલ્લા ભાગમાં સૌએ ગરબી શરૂ કરી દીધી. આ ભાવપ્રવાહમાં સ્વામીશ્રી પણ તણાયા. તેઓએ પણ પાંચેક મિનિટ સુધી ગરબી લેતાં, જલતરંગ પર ડોલતી નૌકા સાથે સૌનાં હૈયાં પણ

ડોલી ઊઠ્યાં.

અઢી કલાકના આ સુખવિહાર બાદ નૌકા ઊભી રખાવી સૌને કથા-લાભ વહેંચતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'જગત ભુલાય તે માટે આવા ઉત્સવો છે. આપણા ઉત્સવમાં ભગવાન ને સંતોનાં દર્શન, કથાવાર્તા થાય, ભક્તિ વધે. શ્રીજીમહારાજ કાઠીઓને હેત કરાવવા તેમની ભેળા 'મિક્સ' થઈ ગયા હતા. રામચંદ્રજી વાંદરાઓ સાથે 'મિક્સ' થઈ ગયા હતા. યોગીબાપાએ યુવકો સાથે એવું હેત કર્યું તો ત્યાગી થઈ ગયા.'

ઉત્સવનો આ હેતુ જણાવી સ્વામીશ્રીએ ઠાકોરજીને પોતાના આસન પર પધરાવી થાળ ધરાવ્યો. ભગવાનને જમાડ્યા બાદ ભક્તોને પણ સ્વહસ્તે 'સંદેશ'ની વાનગી પીરસતાં સૌ દર્શન, પ્રસાદી અને વાતોની ત્રિવેણીમાં નાહી રહ્યા. સ્વામીશ્રીએ પણ સૌની સાથે નૌકામાં જ ભોજન અંગીકાર કર્યું. ત્યારબાદ નીર પર સરકતી હોડીમાં એક વચનામૃત વંચાવી ભજનોત્સવ કરાવ્યો.

સૂર્યના સંગે ચળકતાં સુરસરિતાનાં નીર અને શીતળ પવનની લહેરખીઓ વચ્ચે સ્વામીશ્રીના સંગે થયેલો આ જળવિહાર સૌ માટે યાદગાર બની રહ્યો.

જે જે કહે તે તે કરે નાથ

ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી પ્રસંગે ખૂબ રસપૂર્વક પોતાની કળાનો વિનિયોગ કરનારા જીવણબાબુના આમંત્રણથી, સ્વામીશ્રી તા. ૧૧/૧૦ના રોજ 'કર્મવૃંદ' સંસ્થાના આંગણે પધાર્યા ત્યારે બંગાળી મુમુક્ષુઓએ શંખનાદ ગજવી તેઓને આવકાર્યા. આ પ્રસંગે એકત્રિત ૪૦૦થી વધુની જનસંખ્યાને વ્યક્તિગત દર્શન-આશીર્વાદનો લાભ આપી સ્વામીશ્રી એક હરિભક્તના ઘેર પધરામણીએ પહોંચ્યા. ૧૧મા માળે રહેતા આ સત્સંગીના સદનમાં તેઓ પ્રવેશ્યાની થોડી મિનિટોમાં જ વીજળી વેરણ થઈ જતાં, અહીંથી પાછા વળતાં સ્વામીશ્રી ૧૧ માળ પગપાળા ઊતરીને નીચે આવ્યા.

આમ, કેવળ ભક્તોની સુખાકારી માટે જ વિચરતા તેઓ આ જ હેતુસર, તા. ૧૨/૧૦ની રાત્રે રેલમાર્ગે પૂર્વપ્રદેશમાંથી મધ્યપ્રદેશ જવા નીકળ્યા.

અહીંના બિલાસપુરમાં રહેતા બે હરિભક્તોની તીવ્રતમ ઇચ્છા હતી કે 'તેઓના નવા વ્યાવસાયિક એકમનું ઉદ્‌ઘાટન કરવા સ્વામીશ્રી પધારે.'

આ ઇચ્છાની પરિપૂર્તિ કરવા સ્વામીશ્રી તા. ૧૩/૧૦ની સવારે

બિલાસપુર આવી પહોંચ્યા. અત્રે હરિભક્તના ઔદ્યોગિક ગૃહના ઉદ્‌ઘાટનની સાથે સાથે તેઓએ ગુજરાતી સમાજના હૉલમાં પણ શહેરની જનતાને ધર્મલાભ આપ્યો. ત્યારબાદ મોટરમાર્ગે નીકળેલા તેઓ રસ્તામાં સંત કબીરની જન્મભૂમિ દામાખેડા પર દૃષ્ટિ કરી રાયપુર પહોંચ્યા.

અહીં ભોજન, વિશ્રામ બાદ સ્વામીશ્રીએ કુમ્હારી જઈ જાહેર-સભાને સંબોધી. ત્યાંથી પુનઃ રાયપુરમાં આવી 'મેડિકલ કૉલેજ ઓડિટોરિયમ'માં સૌને સત્સંગ-લાભ આપ્યો અને બીજા દિવસે રાયપુરમાં જ ત્રીસેક પધરામણીઓ કરી સ્વામીશ્રી સાંજે પાંચ વાગ્યે 'કલકત્તા મેલ' દ્વારા કલકત્તા જવા નીકળ્યા. તે વખતે એક ભક્તના એક કામ માટે ૧,૫૦૦ કિ.મી.થીયે વધુની દોડાદોડી કરનારા તેઓને વધાવતાં સૌ ગાઈ રહ્યા : *'જે જે કહે તે તે કરે નાથ, સદા પ્રેમે રહે પ્રેમી સાથ...'*

કામ સંપૂર્ણ કરવું

મધ્યપ્રદેશમાંથી પૂર્વપ્રદેશમાં આવી પહોંચેલા સ્વામીશ્રીનો ભવ્ય સત્કાર સમારંભ તા. ૧૬/૧૦ની સાંજે લક્ષ્મીનારાયણ મંદિરમાં યોજાયો. ગુજરાતી વૈષ્ણવ સમાજ અને લક્ષ્મીનારાયણ ટેમ્પલ કમિટીના સભ્યોએ મળીને કરેલા આ આયોજનના પગલે પગલે, તા. ૧૭/૧૦ની સવારે ગુજરાત રિલીફ સોસાયટી દ્વારા તૈયાર થયેલા ઇન્ટેન્સિવ કેર યુનિટ(I.C.U.)નું ઉદ્‌ઘાટન પણ સ્વામીશ્રીના વરદહસ્તે કરાવવામાં આવ્યું. આ નિમિત્તે કલકત્તા ઍંગ્લો-ગુજરાતી હાઈસ્કૂલ(CAG)ના હૉલમાં યોજાયેલી સભા રાજ્યના સ્વાસ્થ્યમંત્રી સહિત અનેક નામી ઉદ્યોગપતિઓની ઉપસ્થિતિથી ભરચક રહી.

આ કાર્યક્રમ બાદ સાંજે લક્ષ્મીનારાયણ મંદિરમાં સમગ્ર ગુજરાતી સમાજે આપેલા સત્કારને ઝીલી સ્વામીશ્રી પાનુભાઈના ઘેર ઉતારે પધાર્યા ત્યારે ત્યાં કેટલાક સંતો બેઠા હતા. સ્વામીશ્રીને આવેલા જોઈ તેમાંના એક સંત સ્વામીશ્રીની પાઘ લેવા અડધા ઊભા થયા, પણ પાછા બેસી ગયા.

તે જોઈ સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા : 'કેમ બેસી ગયા ? જે કામ માટે ઊભા થયા તે સંપૂર્ણ કરવું.'

આમ કહી તેઓએ એ સંતને જ પોતાની પાઘ યથાસ્થાને મૂકવા આપતાં તે સંતને સેવા તો મળી, સાથે સંદેશ પણ મળ્યો કે 'જે કામ માટે ઊભા થયા તે સંપૂર્ણ કરવું !'

સ્વામીશ્રીનું એક-એક વાક્ય અનેરું અજવાળું પાથરતી જ્યોત સમાન બની રહેતું.

મન મેં પર-ઉપકાર

પૂર્વ દેશમાં સત્સંગનું અજવાળું વિશેષ વિસ્તારી સ્વામીશ્રીએ તા. ૨૦/૧૦ની રાત્રે આઠ વાગ્યે રેલમાર્ગે પ્રયાગ તરફ પ્રયાણ આદર્યું. આ ટ્રેન-યાત્રા દરમ્યાન તેઓએ તા. ૨૧/૧૦ની સવારે મુગલસરાઈ સ્ટેશને સ્નાન કરી, ચાલુ ટ્રેનમાં જ પૂજા તથા અલ્પાહાર પૂર્ણ કરી દીધો.

ત્યારબાદ સવારે અગિયાર વાગ્યે તેઓ અલ્હાબાદ આવી પહોંચ્યા ત્યારે આશરે ૧૨૫ સંતો-ભક્તોનો સંઘ અહીંની ગુજરાતી સમાજની વાડીમાં એકત્રિત થઈ ગયેલો. તે સૌની સાથે સ્વામીશ્રી ૧૦ નૌકાઓ દ્વારા ત્રિવેણી સંગમે પધાર્યા. અત્રે ઠાકોરજીને સ્નાન કરાવી સ્વયં પણ ન્હાયા. દરેકના મસ્તકે પ્રાસાદિક જળ ચડાવી અનેરો લાભ આપ્યો.

અહીંથી પાછા વળતાં, પોતાની બાજુમાં સરકી રહેલી હોડીમાં બેઠેલા સંતો પર પ્રયાગનાં જળ ઉછાળી, સૌને સ્મૃતિથી ભીંજવતા સ્વામીશ્રી, રેલરસ્તે રાત્રે બાર વાગ્યે વારાણસી પધારી ગયા.

અત્રે તા. ૨૨/૧૦ની સવાર પ્રસિદ્ધ તીર્થસ્થાનો અને વિદ્યાધામોનાં દર્શન-મુલાકાતમાં વીતી. તે દરમ્યાન સ્વામીશ્રીએ હરિકૃષ્ણ મહારાજને ગંગા-સ્નાન પણ કરાવ્યું.

આ વિધિ બાદ ભોજન-વિશ્રામ લઈ તેઓ સાંજે પધરામણીઓ કરવા નીકળ્યા. તે વખતે અહીંની સાંકડી ગલીઓ અચાનક વરસી ગયેલા વરસાદને કારણે ખાબોચિયાં ભરેલી અને કાદવ-કીચડવાળી બનેલી. સંધ્યા સમયનું અંધારું પણ ઘેરાવા લાગેલું. છતાં સ્વામીશ્રી ક્યાંક કાદવ ખૂંદતાં તો ક્યાંક ખાબોચિયાં કૂદતાં ઘરોઘર વિચરતા રહ્યા. આ રીતે વીસ ઘર ઘૂમીને તેઓ ઉતારે પહોંચ્યા ત્યારે પધરામણીની ભેટ થયેલી માત્ર ત્રીસ રૂપિયા !

પરંતુ આ ઘટનામાંથી ઊભરતી સ્વામીશ્રીની *'ત્યાગી નિપટ વૃત્તિ નહીં તન મેં, મન મેં પર-ઉપકાર...'*ની છબી તો કરોડોની કિંમતની થઈ રહી.

મનનો 'ગીઅર' બદલીએ તો બ્રહ્મરૂપ

પરોપકારના પંથે થયેલી પધરામણીઓ બાદ વાળુ-ચળું કરીને

સ્વામીશ્રીએ રાત્રિકથામાં પ્રેરક વાતો સંભળાવી કે –

'મનમાં નક્કી કરી રાખ્યું હોય તેમાં ફેરફાર થાય તે વખતે ચલાવી લેવાય, તે મોટો ભીડો સહન કર્યો કહેવાય. મનનો 'ગીઅર' મહારાજની મરજી પ્રમાણે બદલીએ તો બ્રહ્મરૂપ. પોતાની રીતે તો સૌ બદલે. તે બ્રહ્મરૂપ નહીં. અત્યારે તો એક કલાક કથાવાર્તા, ચેષ્ટામાં બેસવું હોય તોય ભીડો લાગે છે.

પંચવર્તમાન દૃઢપણે પાળતા હોય તેનું મનનું ધાર્યું મુકાવીને ભગવાન ને સંત પોતાની મરજી પ્રમાણે વર્તાવે તો તે પ્રમાણે વર્તે, પણ દેહપર્યંત મૂંઝાય નહીં તો બ્રહ્મરૂપ. પાંચસો પરમહંસો વચનસિદ્ધ. પોતાની ઇચ્છા પ્રમાણે કરી શકે તેવા સમર્થ હતા, છતાં ભીડો વેઠ્યો છે. સંસાર-વ્યવહાર ચલાવવાનો ઇશક હોય તે બૈરાં-છોકરાં, સરકાર, કુટુંબ, સમાજનો ભીડો વેઠે છે, તેમ આપણને ભગવાન તથા સંતને રાજી કરવાનો ઇશક હોય તો બધું થઈ શકે.'

બ્રહ્મરૂપની સ્થિતિ સંબંધી બિલકુલ વ્યવહારુ વાત સ્વામીશ્રીએ જણાવી દીધી. તેઓ પાસે કદી આકાશી ભડાકા જેવું જ્ઞાન ન મળે. વિચારને નક્કર આચારરૂપે અવતારવાની વાત તેઓના ઉપદેશમાં હોય જ.

અનુપ એવી અવનીમાં

બનારસથી તા. ૨૩/૧૦ના રોજ 'ગંગા-જમુના' ટ્રેન દ્વારા અયોધ્યા આવી પહોંચેલા સ્વામીશ્રી, અહીં સ્વામિનારાયણ મંદિરમાં ઉતારો કરી પ્રાસાદિક સ્થાનોનાં દર્શન બાદ ફૈઝાબાદમાં પધરામણી કરી આવ્યા. યાત્રાના આગળના ક્રમમાં તેઓ તા. ૨૪/૧૦ની સવારે હલવાઈની પ્રાસાદિક દુકાન, વચનામૃતમાં ઉલ્લેખ પામેલા મહાદેવ મંદિર વગેરેનાં દર્શન કરતાં, છોટી છાવણી અને રામગલોલા મંદિર થઈને દિગંબરી અખાડામાં પહોંચ્યા.

અહીંના મહંત પ્રતિવાદી-ભયંકર શ્રી રામચંદ્રદાસજીએ તો સ્વામીશ્રીના આગમનમાં સભાનું આયોજન ગોઠવી દીધેલું. એ સભામાં પોતાની ભાવોર્મિ વહાવતાં તેઓએ સ્વામીશ્રીને જણાવ્યું કે 'ઉત્તર પ્રદેશમાંથી શ્રીકૃષ્ણ ભગવાન તથા સ્વામિનારાયણ ભગવાન ગુજરાતમાં આવ્યા. ત્યાંના લોકોએ તેમને છોડ્યા નહીં તો તે બાજુથી આવેલા આપને હું કેમ છોડું? શ્રીકૃષ્ણ અને સ્વામિનારાયણ ગુજરાતમાંથી પાછા ન આવ્યા તો તમે તમારી જન્મભૂમિ ગુજરાતને ભૂલી જાઓ ને અહીં રહો.'

મહંતજીની આ ભાવના હસતા મુખે સ્વીકારી સ્વામીશ્રી હનુમાનગઢી,

કનકભવન, રામ જન્મભૂમિ વગેરે પ્રાસાદિક સ્થળોનાં દર્શન કરતાં સરયૂસ્નાન માટે પધાર્યા. શ્રીજીના સર્વાંગ સ્પર્શથી પવિત્ર બનેલી આ સરિતાનાં જળ આજે ઊછળી-ઊછળીને તેઓને બોલાવી રહેલાં. સ્વામીશ્રીએ તેનો મનોરથ પૂરો કર્યો.

હવે સૌ છપૈયા જવા અધીરા બનેલા. તેથી બપોરે ભોજન બાદ તરત જ મુસાફરી શરૂ કરી સાંજે સવા ચાર વાગ્યે તો શ્રીજીના જન્મસ્થાને સંઘ પહોંચી ગયો. અહીં સૌએ જન્મસ્થાનમાં ધરાઈને દર્શન કર્યાં. પાવનકારી પદરજ શિરે ચઢાવી. ત્યારબાદ નારાયણ સરોવરના કાંઠે જઈને બિરાજેલા સ્વામીશ્રીએ મહારાજનાં લીલાચરિત્રો સંભળાવ્યાં.

તેનું રસપાન કરી સૌ સરોવરના કિનારે જ સંધ્યા આરતી ઉતારી મંદિરે આવી જમ્યા. તે પછી જન્મસ્થાનના ચોકમાં યોજાયેલી સભામાં સંતો-ભક્તોનો રાસ બરાબર ચગ્યો. બાલ ઘનશ્યામની સ્મૃતિ સાથે સૌ નર્તન-કીર્તનમાં ખોવાઈ જ ગયા.

ભજનની આ મસ્તીમાંથી ઊગેલી તા. ૨૫/૧૦ની સવારે સ્વામીશ્રી સહિત સૌએ તીર્થસ્થાનનું મુંડન કરાવી નારાયણ સરોવરમાં સ્નાન કર્યું. આ વિધિ દરમ્યાન સ્વામીશ્રી સરોવરમાં છેક અધવચાળે જઈને ન્હાયા. ત્યારબાદ સુંદર ઘાટ બાંધેલા આ સરોવરની પાળે જ તેઓ પ્રાતઃપૂજા કરવા બિરાજતાં, પ્રભાતના શાંત-સુરમ્ય વાતાવરણમાં ભક્તિનાં આંદોલનો પ્રસરી ગયાં. સંતોએ સ્વામિનારાયણીય યશગાથા ગાઈને મહારાજને અંજલિ આપી.

જન્મ કર્મ દિવ્ય જેનાં

પ્રાતઃપૂજા બાદ ધર્મ-ભક્તિના ઓટે દર્શન કરી સ્વામીશ્રીએ વાત ઉપાડી કે –

'ભારતના નકશામાં છપૈયાનું ટપકું ય ન આવે તેવા નાનકડા ગામમાં મહારાજ પ્રગટ્યા. અડાલજની વાવ ઉપરથી ઊડતા પક્ષીનું પણ કલ્યાણ, તો આ તો સાક્ષાત્ સ્થાન ને તેમાં આપણે સ્નાન કર્યું, તે દરેકનું આત્યંતિક કલ્યાણ થાય. અહીં આવ્યા છે ને નથી આવ્યા તે બધા દેશ-પરદેશના સંતો-હરિભક્તો, બ્રહ્મરૂપ થઈ છેલ્લો જન્મ કરી લે તે પ્રાર્થના. 'બાપ કરતાં બેટા સવાયા' તેમ ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવ ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ કરતાં સવાયો ઊજવાય. મહારાજનાં લીલાચરિત્રોમાં કોઈ જાતની શંકા ન કરવી. *'જન્મ કર્મ ચ મે દિવ્યં...'* તેઓ દિવ્યસ્વરૂપ છે ને

અલૌકિક છે. ભગવાન હોય ત્યાં રિદ્ધિ-સિદ્ધિ હોય. માટે ધર્મદેવે હજારો-લાખો રૂપિયાનાં દાન આપ્યાં હોય તે શક્ય છે. પછી તે કાયમ ન રહે, નહીં તો છનાછનીમાં ભક્તિ ન થાય.'

કો'કના મનમાં ખૂણે-ખાંચરે ગંઠાઈ રહેલી નાસ્તિકતાને ધોઈ નાંખે, તેવી પરમ આસ્તિકતાના ધરામાંથી નીકળતો સ્વામીશ્રીનો વાણીપ્રવાહ વહી રહ્યો.

આવી અનન્ય શ્રદ્ધા સાથે સ્વામીશ્રી શ્રીજીમહારાજનાં અન્ય પ્રાસાદિક સ્થળોનાં દર્શન કરવા નીકળ્યા. તે વખતે તેઓએ જાતે જ ધૂન ગાવાનું શરૂ કરી દીધું. ભજન-કીર્તન કરતાં તેઓ કાલિદત્ત મોક્ષના સ્થાને દર્શન કરી ત્રિખૂણિયા ખેતરે પધાર્યા.

અહીં મહારાજની ચીભડાંના વેલા ઉખાડ્યાની લીલા વર્ણવવાની સાથે તેમાંથી આધ્યાત્મિક અવબોધ તારવતાં સ્વામીશ્રી કહેવા લાગ્યા :

'આ ખેતરમાં ચીભડાં વાવેલાં. સત્સંગ ભેળો કુસંગ હોય તેમ ચીભડાં ભેળું ખડ બહુ થયેલું. કુસંગનો ત્યાગ ન કરીએ તો સત્સંગનું સુખ ન આવે, તેમ ખડ ન કાઢે તો ચીભડાંને વધવા ન દે. તે ખડ મજૂરો કાઢતા હતા. ઘનશ્યામ મહારાજ પણ મંડ્યા. તે ખડ કાઢવાને બદલે ચીભડી કાઢવા માંડી. પૂજવાના રહી જાય ને ન પૂજવાના પૂજાઈ જાય તેવું થયું ! તે જોઈ રામપ્રતાપ ઠપકો આપવા મંડ્યા, ત્યારે મહારાજે કહ્યું, 'મેં ચીભડાં નથી કાઢ્યાં.' રામપ્રતાપે ફરી જોયું તો ચીભડાં ચોંટેલા હતાં ને ઘાસ ઉખડી ગયેલું !

ઉપાસના રહેવા સારુ મંદિરો કર્યાં ને તે માટે ભાજી-તરકારી, બાગ-બગીચા કરવા પડે તે સેવા કરવાની વાત આ ચીભડી નીંદતાં તે પરથી શીખવાની છે. ભગવાનને અર્થે કરવાનું છે તેથી તે પ્રવૃત્તિ કે સામાન્ય વસ્તુ નથી.'

આ જ રીતે મીન સરોવરે પહોંચી મહારાજનાં ચરિત્ર અને મર્મને જણાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'આ સરોવરમાં માછલાં ખૂબ રહેતાં. સરોવરમાં પાણી શુદ્ધ કરવા માછલાં જરૂરી છે. તેમ સમાજના શુદ્ધિકરણ માટે સંતોની જરૂર છે. ઘનશ્યામ બાળસ્વરૂપે હતા પણ વિચારો ને ધ્યેયો બહુ મોટા હતા. (એથી) માછીમારને માછલાં પકડતો જોઈ મહારાજને દયા આવી. 'પુત્રના લક્ષણ પારણાંમાંથી', તેમ શ્રીજીમહારાજના જીવમાં આ વસ્તુ નાનપણથી જ હતી. તે મોટા થઈને પણ તેમણે મોટા મોટા અહિંસક યજ્ઞો કર્યા. અત્યારે કતલખાનાં વધતાં જાય છે તે ભારત તથા બધા દેશોમાંથી નીકળી જાય તે પ્રાર્થના.'

મીન સરોવરની લીલાનું રસપાન કરાવતાં સ્વામીશ્રી પ્રાસાદિક જાંબુ વૃક્ષના સ્થાને પહોંચ્યા. અહીં ઓટે દર્શન કરી તેઓએ વાત માંડી કે –

'ફળ-ઝાડ હોય ત્યાં નાનાં છોકરાંઓ જાય ને ઢેખલા મારીને પાડે ને ખાય, ને રખેવાળ આવે તો ભાગી જાય. આ જાંબુડા પર જાંબુ બહુ સારાં થયેલાં ને રખેવાળ આઘો-પાછો હશે તેનો લાભ લઈ ઘનશ્યામ મહારાજ મિત્રો સાથે અહીં આવ્યા. ભગવાન તો પરોપકારી છે, તે પોતે ઉપર ચડ્યા ને ડાળ હલાવી. ઢેખલાથી પાડે તો કાચાંય પડે. તેથી ડાળ હલાવીને પાડ્યાં. ત્યાં રખેવાળ આવ્યો ત્યારે મિત્રો ભાગી ગયા ને ઘનશ્યામને પકડ્યા. ઘનશ્યામ કહે, 'મેં નથી ખાધાં.' મિત્રો પકડાઈ ગયા હોત તો માર જ ખાત. તેથી મહારાજે તેમને જવા દીધા ને પોતે પકડાયા. પેલો રખેવાળ હુંસાતુસી કરવા લાગ્યો, તે ઘનશ્યામે તેનો હાથ ખેંચ્યો તે ત્રણ ગોળમટાં ખાઈ ગયો ને તેનો હાથ ખડી ગયો.

આવી અનેક લીલાઓ જોવા છતાં અહીંના લોકોને સમજાણું નહીં. તે દૂરના ક્યારા પીવે ને કાંધનો ક્યારો કોરો રહી જાય તેવું થયું.'

આજે સ્વામીશ્રી *'સારી કથા સુંદર અતિ, હું કહું કરી વિસ્તાર..'*ના ભાવમાં હતા. તેથી પ્રત્યેક પળે-સ્થળે અતિ ઊલટથી ચરિત્રોના મર્મ-મહિમાને સમજાવી રહ્યા.

જ્યારે મોક્ષપીપળાનું સ્થાન આવ્યું ત્યારે પણ તેઓ બોલ્યા: 'આ વૃક્ષ નહીં, પણ મુક્ત કહેવાય. અહીંથી પશ્ચિમ દિશામાં મહારાજે આપણી સામું જોયું તો આપણે ઊંઘતા હતા તે જાગ્યા. નહીં તો અહીં છપૈયા સુધી ન આવત. આ મોક્ષપીપળો કહેવાય છે. તો સૌનો મોક્ષ થાય તે પ્રાર્થના.'

આમ, આજે સ્વામીશ્રીએ અવિસ્મરણીય દર્શનયાત્રાનો લાભ આપી દીધો. સૌને મહારાજની સાથે જ વિહરતાં હોય તેવો અનુભવ થઈ રહ્યો.[૮૫]

અહીં બેસશે તેની આબરૂ રહી છે ને રહેશે

દર્શનયાત્રા બાદ પુનઃ જન્મસ્થાન, મંદિર વગેરેનાં દર્શન કરી સ્વામીશ્રી

---

૮૫. સ્વામીશ્રીએ ખેડેલી પૂર્વ તથા ઉત્તર ભારતનાં તીર્થસ્થાનોની આ યાત્રામાં સહભાગી થવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

છપૈયાથી ફૈઝાબાદ જવા નીકળ્યા. ત્યાં પહોંચતાં, રેલવે સ્ટેશનથી એક કિલોમીટર દૂર જ તેઓની મેટાડોર બગડતાં, રિક્ષામાં બેસી એક પધરામણી કરી તેઓ એ જ રિક્ષામાં સ્ટેશને પધાર્યા. અહીંથી સાબરમતી ટ્રેન દ્વારા ભોપાલ જવા વિદાય લીધી.

આ યાત્રામાં તા. ૨૬/૧૦ના પ્રભાતે સ્વામીશ્રીએ ઝાંસી સ્ટેશને સ્નાન બાદ ટ્રેનમાં જ પૂજા કરી. તે પછી દિવસ આખો મુસાફરીમાં જ વીત્યો અને સાંજે સાડા છ વાગ્યે ભોપાલ આવ્યું.

અત્રે સ્વાગતની ઔપચારિકતા આટોપી સ્વામીશ્રી 'રવીન્દ્ર ભવન'માં સભા માટે જઈ પહોંચ્યા. અહીં સ્થાનિક ભાવિકોની સાથે રાયપુર, ઇન્દોર, શિહોર, ખંડવા, ઉજ્જૈન વગેરે નગરોમાંથી પણ ભક્તો લાભ લેવા દોડી આવેલા. તે સૌને ધર્મલાભ આપી સ્વામીશ્રી તા. ૨૭/૧૦ની સવારે મધ્યપ્રદેશના રાજ્યપાલ શ્રી શર્માના આવાસે પધાર્યા.

તેઓ સાથેની પ્રાસંગિક વાતચીતમાં સ્વામીશ્રીએ જણાવ્યું કે – 'ગાંધીજીએ નિઃશસ્ત્ર ક્રાંતિ કરી તેમાં સ્વામિનારાયણ ભગવાનનો ને શાસ્ત્રીજી મહારાજનો પણ ઘણો મોટો હિસ્સો છે. આપણે માટે બીજાનો વર્તાવ ઇચ્છીએ છીએ તેવો આપણે બીજા પ્રત્યે રાખવો.'

રાજ્યપાલ સાથેની આ મુલાકાત બાદ સ્વામીશ્રી સીધા જ એક બાળ-સભામાં પધાર્યા ! ભારત હેવી ઇલેક્ટ્રિકલ્સ લિમિટેડ(BHEL)ના મંદિરમાં બસો જેટલા બાળકો માટે નવ દિવસ સુધી રામાયણનું પારાયણ રાખેલું. તેની પૂર્ણાહુતિના પ્રસંગે જ સ્વામીશ્રીનું આગમન થતાં સૌ રાજી થઈ ગયા. અહીં રામાયણના આધારે સુંદર સદ્‌બોધ આપી તેઓએ રામરાજ્યની સ્થાપનાનો માર્ગ ચીંધી દીધો.

આમ, ભોપાલ ખાતે એક જ દિવસમાં શિશુથી સત્તાધીશ સુધીના સૌને અધ્યાત્મનું અમૃતપાન કરાવી, સ્વામીશ્રી તા. ૨૮/૧૦ના રોજ હવાઈમાર્ગે મુંબઈ આવી પહોંચ્યા.

અત્રે તેઓ મંદિરે દર્શન બાદ હૉસ્પિટલમાં શ્રી હર્ષદભાઈ દવેની તબિયત જોવા પધાર્યા. ત્યાં તેઓએ આ ભક્તરાજની કલમે લખાયેલા ભગવાન સ્વામિનારાયણના જીવનચરિત્રના ચતુર્થ ભાગનું વિમોચન કર્યું. તેમાં આશીર્વાદ લખી તે પ્રત સ્વામીશ્રીએ હર્ષદભાઈને જ અર્પણ કરી, ત્યારે એકમાત્ર તેઓ જ જાણતા હતા કે પોતાની સાથે રહીને સંપ્રદાયની અનેક

મહાન સેવા કરનારા આ મહારથી સાથે તેઓની અંતિમ મુલાકાત ચાલી રહી છે. તેથી તેઓએ હર્ષદભાઈને ખૂબ આશીર્વાદ આપ્યા. તેઓના પુત્રો અરવિંદભાઈ, પ્રદીપભાઈ અને વાસુદેવભાઈને પણ બળ સીંચ્યું કે 'દસ દિવસમાં શાંતિ થઈ જશે.' જો કે, આ શબ્દોનો મર્મ જાણવા સ્વામીશ્રી સિવાય કોઈ સમર્થ નહોતું.

ભવિષ્યનો ભેદ હાલ ન ખોલતાં તેઓ આ જ દિવસે વિમાનમાર્ગે મુંબઈથી અમદાવાદ પધાર્યા.

અહીં છેલ્લા બાર દિવસથી ચાલતા ગુણાતીત જન્મોત્સવની સ્વામીશ્રીના સાંનિધ્યમાં પૂર્ણાહુતિ હતી. આ નિમિત્તે બહોળા ભક્તસમુદાયથી મંદિર-મેદાન સઘળું ચિક્કાર ભરાઈ ગયેલું. સ્વામીશ્રીએ તે સૌને આશીર્વર્ષાથી તૃપ્ત કર્યા.

અત્રે એક જ દિવસના રોકાણ દરમ્યાન પણ તા. ૨૯/૧૦ની સવારે તેઓએ વચનામૃત(ગ.અં.૭)ના આધારે કથામૃત પીરસતાં કહ્યું :

'સિદ્ધાંતમાં દુનિયાના ગમે તે છેડે જાય તોય ફેર ન પડે. 'બધાં સુખનો આધાર ભગવાન છે' તે દૃઢ થઈ જાય તો બીજે ક્યાંય પ્રતીતિ આવે નહીં ને કલ્યાણ માટે ક્યાંય દોડાદોડ કરવી ન પડે. અહીં સંત પાસે બેસશે તેની આબરૂ રહી છે ને રહેશે. મીરાંબાઈ, નરસિંહ મહેતા, દાદાખાચર, સગરામ, જેતલપુરના જીવણ કોળી વગેરે ભગવાન ને સંત પાસે બેઠાં તો તેમની આબરૂ વધી છે. તિલક-ચાંદલો બરાબર ભભકાદાર કરવો.

ભગવાન ને સંત સાથે આત્મબુદ્ધિની દૃઢતા થઈ હોય તો ધાર્યું ન થવા દે ત્યારે પણ અભાવ ન આવે. કંઈ મુશ્કેલી આવે ને રક્ષા ન થવા દે ત્યારે પણ અભાવ ન આવે. દિવ્યભાવ રાખીને, બુદ્ધિ ગિરો મૂકીને કાર્ય કર્યા કરવું તો ધીરે ધીરે અંતઃશત્રુઓ જીતાઈ જશે. બજારમાં રખડતા હોય એવા આ બાવા નથી. તેમાં ને આમાં ઘણો ફેર છે.'

આ સિદ્ધાંતસુધા પીવરાવી સ્વામીશ્રી ગુણાતીત જન્મોત્સવ નિમિત્તે ગોઠવેલા અન્નકૂટની આરતી ઉતારી ગોંડલ આવી પહોંચ્યા.

પથ્થરે પથ્થરે યોગીજી મહારાજ

ગોંડલમાં રચાયેલી અક્ષર જયંતી, અક્ષરદ્વાર ઉદ્‌ઘાટન અને યોગીજી મહારાજની મૂર્તિના સ્થાપનની ઉત્સવ-ત્રિવેણીની આલબેલ પોકારતો વિશ્વશાંતિ હરિયાગ તા. ૩૦/૧૦ના બ્રાહ્મમુહૂર્તમાં શરૂ થઈ ગયો. તેમાં થઈ

રહેલાં ચારેય વેદોનાં સસ્વર મંત્રગાનથી સમગ્ર મંદિરમાં અનેરી મંગલતા પ્રસરી ગઈ. તે મંગલતામાં દિવ્યતા ઘોળતાં સ્વામીશ્રી યજ્ઞશાળામાં પધારી પ્રાસંગિક મહાપૂજા કરવા બિરાજ્યા.

આ વિધિ દરમ્યાન જ્યારે જ્યારે ચોખા પધરાવવાનો આદેશ આવે ત્યારે સ્વામીશ્રીની પાછળ બેઠેલા ભક્તો, સ્વામીશ્રીની સન્મુખ પધરાવેલા ઠાકોરજી સુધી પોતાના ચોખા પહોંચે તે હેતુસર ચોખાને વેગપૂર્વક ફંગોળતા હતા. તે જોઈ સ્વામીશ્રીએ કહ્યું કે 'એમ ન નાંખશો. ઠાકોરજીને વાગે.' આમ કહી તેઓએ હરિભક્તોને જણાવ્યું: 'તમારે મને ચોખા આપી દેવા. હું ઠાકોરજી પર ચઢાવી દઈશ.'

ભગવાનને સાચવવા જતાં ભક્તોને કચડવા – તેવું સ્વામીશ્રીના જીવનમાં મુદ્દલ નહીં.

તેથી જ્યારે જ્યારે ચોખા પધરાવવાનો વિધિ આવ્યો ત્યારે ત્યારે તેઓ પાછળ ફરી-ફરીને ભક્તોના ચોખા પોતાની હથેળીમાં લઈ ઠાકોરજીનાં ચરણે મૂકતા ગયા. પોતે તકલીફ વેઠી તેઓએ ભક્ત અને ભગવાન બંનેને જાળવ્યા. સૌને રાજી કરવાની તેઓની કળા અલૌકિક અને અનુકરણીય હતી.

આ રીતે પૂજનવિધિની સમાપ્તિ બાદ સૌ પર આશીર્વાદ વરસાવતાં સ્વામીશ્રી બોલ્યા : 'આ યજ્ઞમાં બેઠા છે તેનાં પુણ્યનો પાર નથી. યોગીબાપાને આ દરવાજો કરવો હતો. તેનું ખાતમુહૂર્ત પોતે કરતા ગયા હતા. યોગીબાપા પોતે અક્ષરધામનું દ્વાર હતા. તે આ અક્ષરદ્વારના પથ્થરે-પથ્થરમાં બિરાજી ગયા છે ને આપણને બધાને અક્ષરધામમાં લઈ જશે. મણિભાઈ જીવાભાઈને તે વખતે દરવાજાની ઉપર ટાવર કરવાની સેવા સોંપેલી. તે વખતે તો પાંચ હજાર રૂપિયામાં થાત. તેના અત્યારે પચાસ હજાર રૂપિયા થયા. તો પણ તેનો બધો ખર્ચ તેમણે આપ્યો. કાલથી તેના ડંકા વાગશે ને તે જે સાંભળશે તેનું પણ કલ્યાણ થશે ને તેનું ફળ મણિભાઈના કુટુંબને પણ મળશે. દરવાજો કળશ સહિત સાંગોપાંગ થઈ ગયો. તેવી સર્વાંગ સંપૂર્ણ નિષ્ઠા આપણને બધાને થાય તે પ્રાર્થના.'

આ મહિમાસભર આશીર્વાદ વરસાવી સ્વામીશ્રીએ મોટા માંડવા ગામમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનું પૂજન કર્યું.

તેને અનુસરતાં આજની બપોરે નીકળેલી 'અક્ષર શોભાયાત્રા'ના નાદથી ગોંડલનાં ગલી-ગગન ગાજી રહ્યાં. સાડા ત્રણ વાગ્યાથી આરંભાયેલી

આ નગરયાત્રા સાંજે છ વાગ્યે વિરમી ત્યારે તેણે સમગ્ર શહેરને ઘેલું કરી મૂક્યું. આ શોભાયાત્રામાં સૌના આકર્ષણનું કેન્દ્ર બનેલા સ્વામીશ્રી પણ કલાત્મક રથમાં બિરાજેલા.

આ જ અક્ષરધામનો દરવાજો

તા. ૩૧/૧૦ની સવારે પોતાના રોજિંદા કાર્યક્રમથી લગભગ બે કલાક આગળ ચાલી રહેલા સ્વામીશ્રી સવારે ૪:૫૦ વાગ્યે તો પ્રાતઃપૂજા કરવા બિરાજી ગયા અને સાડા પાંચ વાગ્યે અક્ષર દેરીની મહાપૂજામાં આવી પહોંચ્યા. ત્યારબાદ તેઓ પધાર્યા અક્ષરદ્વારના ઉદ્‌ઘાટન માટે.

આ દ્વારના ઉદ્‌ઘાટનનો માહોલ કોઈ શિખરબદ્ધ મંદિરના ઉદ્‌ઘાટન જેવો જ પ્રવર્તી રહેલો. જો કે, અક્ષરદ્વારની શોભા પણ કોઈ મંદિર-મહેલથી ક્યાં ઓછી હતી! ઝરૂખા, ઘુંમટીઓ, કળશો, ટાવર તથા બેનમૂન કલા-કારીગરીથી શોભતું આશરે ૧૦૫ x ૨૫ x ૮૧ ફૂટનું આ સ્થાપત્ય બંસીપહાડપુરના ગુલાબી પથ્થરમાંથી ખીલેલા ફૂલ જેવી નજાકત ધરાવતું હતું. તેના ઉદ્‌ઘાટનને માણવા મેદાન અને રસ્તા પર માનવમેદની કીડીયારાની જેમ ઊભરાયેલી.

સ્વામીશ્રી જ્યારે પધાર્યા ત્યારે રેશમી પડદાથી આવૃત્ત આ દ્વારને અનાવૃત્ત કરતાં પૂર્વે, તેઓએ પ્રાસંગિક પૂજનવિધિ કર્યો. ત્યારબાદ ગોંડલના મહારાજાને સાથે રાખી તેઓ પડદાની દોરી ખેંચવા મંચ પર ચઢ્યા ત્યારે ઠાકોરજીને લઈ ઊભેલા મહંત સ્વામીને આગળ કર્યા અને ભક્તોના ગગનભેદી જયનાદો વચ્ચે તેઓએ અક્ષરદ્વાર ખુલ્લું મૂક્યું. તે વખતે જ દ્વાર પરથી તેઓના શિરે પુષ્પવૃષ્ટિ વરસી રહી. જાણે સર્જને સર્જનહારને વધાવ્યા! આ ક્ષણે એસ.આર.પી.ના બૅન્ડે સલામી આપી વાતાવરણને વધુ ગરિમામય બનાવી દીધું.

દ્વારોદ્‌ઘાટન બાદ સ્વામીશ્રીને અક્ષરદ્વારના ઝરૂખે જવાનું હતું. તે વખતે પણ તેઓએ ઠાકોરજી સાથે મહંત સ્વામીને અગ્રેસર કર્યા. આ રીતે અક્ષરદ્વારની અટારીએ પધારેલા સ્વામીશ્રીનાં દર્શન થતાં જ સૌએ તેઓને હર્ષોલ્લાસથી વધાવી લીધા.

અહીંથી જ સ્વામીશ્રીએ સૌ પર પુષ્પવર્ષાની સાથે આશીર્વર્ષા વરસાવી કે 'યોગીબાપાના મનમાં જે સંકલ્પ હતો, જેવો એમણે ધાર્યો હતો એવો જ આ

દરવાજો થયો છે. અક્ષરધામનો દરવાજો આપણે તો શાસ્ત્રોમાં વાંચ્યો છે, વાતો સાંભળીએ છીએ, પણ આપણને તો મૂર્તિમાન જ આજે અક્ષરધામના દરવાજાનાં દર્શન થાય છે. આપણે હવે બીજા દરવાજા જોવાની ઇચ્છા રાખવી નહીં. આ જ આપણે માટે અક્ષરધામનો દરવાજો છે. આ ચૈતન્ય છે, આ પથ્થરો નથી, એમ આપ સર્વે સમજજો. આ તો એવી ચૈતન્ય વસ્તુ છે કે જે એની સ્મૃતિ કરે એને પણ અંતકાળે યોગીબાપા આ દરવાજો લઈને તેડવા જશે. અહીં અક્ષર મંદિર, અક્ષર દેરી, સ્મૃતિમંદિર અને દરવાજો એ ચારે ધામ ભેગાં બની ગયાં છે.'

યોગીજી મહારાજના સંકલ્પની પરિપૂર્તિના અપાર આનંદ સાથે સ્વામીશ્રીએ આજે અક્ષરદ્વારેથી અમૃતધારા વહાવી દીધી.

પ્રત્યક્ષ અક્ષર પ્રમુખસ્વામી

અક્ષરદ્વારના ઉદ્‌ઘાટન બાદ સ્વામીશ્રીએ અક્ષર દેરીમાં આસનબદ્ધ તથા યોગી સ્મૃતિમંદિરમાં ઊભા યોગીજી મહારાજની મૂર્તિઓ વેદવિધિપૂર્વક પધરાવી. આ નિમિત્તે યોજાયેલી સભામાં પ્રાસંગિક આશીર્વાદ આપતાં તેઓએ જણાવ્યું : ''યોગીબાપા જતા નથી રહ્યા. અહીં બેઠા જ છે. એક ઠેકાણે (અક્ષર દેરીમાં) બેઠા છે ને એક ઠેકાણે (સ્મૃતિમંદિરમાં) ઊભા છે. તે સૂચવે છે કે 'આપણે બેસી નથી રહેવાનું. સેવામાં ઊભા જ રહેવાનું છે.''

સ્વામીશ્રીએ પીરસેલો આ પ્રસંગોચિત મર્મ હજી તો સૌ મમળાવી રહેલા ત્યાં જ આજની રાત્રે શરદ ઋતુના નિર્મળ આકાશ તળે ગુણાતીત જન્મોત્સવની સભાનો રસથાળ હાજર થઈ ગયો. તેમાં ગુણાતીતનો મહિમા રેલાવતાં કીર્તનો-વક્તવ્યો રજૂ થતાં રહ્યાં. સમયાંતરે આરતીનાં અર્ઘ્ય પણ અપાતાં ગયાં.

આ ક્રમમાં સ્વામીશ્રીના ગુણાનુવાદ ગાતાં મહંત સ્વામીએ કહ્યું કે –

'આજે સવારે અક્ષરદ્વારનું ઉદ્‌ઘાટન કરતાં પરમ પૂજ્ય સ્વામીશ્રીએ અક્ષરદ્વારનું વર્ણન કર્યું તેવું કોઈ શિલ્પી કે કવિને ન આવડે. યોગીબાપામાં તો દિવ્યતા નીતરતી હતી, પણ સ્વામીશ્રીને તો અક્ષરદ્વારમાં પણ યોગીબાપા જ દેખાય છે તેવા શબ્દો સહેજે નીકળ્યા હતા. યોગીબાપાનો સંકલ્પ પૂરો થયો તેનો આનંદ હતો. સ્વામીશ્રીએ કહ્યું, 'દરવાજો જોયો તેણે બીજું જોવાની ઇચ્છા ન રાખવી.' તો આપણે સ્વામીબાપા સિવાય બીજું જોવાની ઇચ્છા ન

રાખવી. અક્ષરને ઓળખવા આ પ્રત્યક્ષ અક્ષર પ્રમુખસ્વામીની જરૂર છે. તે આજ્ઞા કરે તે હોંશે હોંશે પાળવી.'

આ વક્તવ્ય બાદ આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ *'આજ પ્રગટ્યા પૂરણ બ્રહ્મ રે...'* કીર્તન ગાઈ સમગ્ર સભાને બ્રહ્મકિલ્લોલમાં રમતી મૂકી દીધી.[૮૬]

વ્યાસની વિદાય

શરદપૂર્ણિમાના ઉત્સવ બાદ સ્વામીશ્રી તા. ૪/૧૧ના દિવસે મેવાસાને ધન્ય કરી પુનઃ ગોંડલ પધાર્યા ત્યારે અહીં તા. ૬/૧૧ના રોજ તેઓને હર્ષદભાઈ દવેનો અક્ષરવાસ થયાના સમાચાર મળ્યા. તે સાંભળી ઊંડા ખેદની લાગણી અનુભવતા તેઓએ શ્રદ્ધાંજલિ સભામાં જણાવ્યું:

'હર્ષદભાઈ જતાં સત્સંગને મોટી ખોટ પડી છે. એમને પોતાનું મંડળ જુદું નહીં કે ગુરુ થવાનો ભાવ નહીં તે જાણપણું. મહારાજ ને સ્વામી માટે જે કરવું પડે તે કરવા તૈયાર. એમનો જોટો મળે તેમ નથી. શાસ્ત્રીજી મહારાજ તથા સંતો-સદ્‌ગુરુઓ થકી અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન જાણીને હર્ષદભાઈએ લખ્યું. તે હવે પુસ્તકમાં કાયમ રહેશે.'

સંપ્રદાયના વ્યાસની વિદાયને આટલી યથોચિત અંજલિ આપી સ્વામીશ્રીએ તા. ૭/૧૧ના રોજ ગુરુકુળના સંકુલમાં 'વિશ્વ સંસ્કૃત પ્રતિષ્ઠાન' તરફથી આયોજિત સંસ્કૃત સંમેલનને દીપપ્રાગટ્ય કરી ખુલ્લું મૂક્યું. આ અવસરે આશીર્વાદ પાઠવતાં તેઓએ જણાવ્યું: 'સંસ્કૃત ભાષાનું કાર્ય દરેકનું છે. આ આપણા લોહીમાં છે એટલે જરૂર ફરી જાગૃતિ આવશે. દૃઢ નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરીશું તો ગામડે-ગામડે આ પહોંચી જશે.'

આમ, સંસ્કૃતિના પ્રત્યેક પાસાના ઉત્કર્ષ માટે સતત પ્રયત્નશીલ સ્વામીશ્રી તા. ૮/૧૧ના રોજ ગોંડલથી વિદાય લેવાના હતા, પણ આ દિવસે અચાનક ત્રાટકેલા વાવાઝોડાએ આ કાર્યક્રમ ખોરંભે ચડાવી દીધો. ગોંડલમાં પણ ચક્રવાતને કારણે વીજળી વેરણ થઈ ગઈ. છતાં ફાનસના અજવાળે સ્વામીશ્રીએ કથાપ્રવાહ તો વહેતો જ રાખ્યો. વાવાઝોડા સાથે વરસાદ પણ ત્રાટકેલો.

---

૮૬. અક્ષરદ્વારના ઉદ્‌ઘાટન તથા આ ગુણાતીત જન્મોત્સવની ધન્ય ક્ષણોના સાક્ષી બનવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

તેથી ઠંડીની માત્રા ઘણી વધી જતાં તેઓએ સભામંડપમાં સૌ હરિભક્તોને ગરમાગરમ ચા પીવડાવીને યોગીજી મહારાજની સ્મૃતિ કરાવી દીધી.

આ સભા-સમાપ્તિ બાદ સંતોને પણ સુખ-સ્મૃતિના મેવા પીરસતાં સ્વામીશ્રીએ સગડા ઉપર શેકાયેલાં ગરમાગરમ પાપડ-પાપડી તથા મંદિરની વાડીનાં કેળાં-સીતાફળ સૌને જમાડ્યાં. ત્યારબાદ સખત વાવાઝોડા-વરસાદમાં પણ તેઓ અક્ષર દેરીએ અને મંદિરે આરતી ઉતારવા પધાર્યા. વીજળી તો હજી આવી ન હોવાથી ઓરડામાં પણ સ્વામીશ્રી ફાનસના અજવાળે જ બેઠા. તે વખતે પુરાણી સ્મૃતિ કરતાં તેઓએ કહ્યું : 'પૂર્વે બોચાસણના મંદિરમાં ફાનસ અને દીવો જ હતાં. ઘરડા સંતો ફાનસ લઈ સભામાં આવે. ફાનસ ધીમું કરીને પછી બેસે.'

ઉદાર પર-ઉપકારી અતિ

વાવાઝોડાએ ગુલ કરેલી વીજળીને કારણે તા. ૯/૧૧ના રોજ પાણી પણ બંધ થયું હોવાથી સૌ સંતો-ભક્તો ઘાટમાં સ્નાન કરવા પહોંચ્યા. સ્વામીશ્રીએ પરિસ્થિતિ પારખીને પોતાના બાથરૂમમાં એક બાલદીથી જ સ્નાન કર્યું. સેવકો ટાંકીમાંથી પાણી ભરીને બીજી બાલદી લાવ્યા તો આકળા થઈ તેને ઠેલતાં તેઓએ કહ્યું : 'ના પાડું છું છતાં રેડો છો ! બીજે ક્યાંય પાણી નથી તેની ખબર છે ને ?'

સમાજની આપત્તિમાં સહાયભૂત થવા સ્વામીશ્રી પોતાની જરૂરિયાતો પર કાપ મૂકી દેતા.

આ રીતે સ્નાન બાદ તેઓ પૂજામાં બિરાજ્યા ત્યારે એક સંતે *'પ્રાતઃ થયું મનમોહન પ્યારા...'* કીર્તન ગાવવું શરૂ કર્યું, પણ તેઓ બીજી કડી લલકારે તે પહેલાં તો સ્વામીશ્રીએ મદદનો માલકૌંસ છેડતાં તેઓને કહ્યું : 'હરિભક્તો, મહેમાનોને પાણી રૂમ પર મોકલાવ્યું છે ? જાઓ, તપાસ કરો.' આમ જણાવી સ્વામીશ્રીએ એ સંતને ભક્તોની સેવામાં મોકલી દીધા.

સતત ફૂંકાતા વાવાઝોડામાં પણ *'ઉદાર પર-ઉપકારી અતિ, વળી સર્વના સુખધામ...'*ની સ્વામીશ્રીની છબી ઝાંખી ન થઈ, ઝૂકી ન ગઈ.

નવલાં તે નેહ વધારિયા

ગોંડલથી સ્વામીશ્રી તા. ૧૩/૧૧ના રોજ ભાદરા જવા નીકળ્યા, પણ

અચાનક જ. ગોંડલના યોગીનગરમાં પધરામણીઓ કરતાં તેઓએ એકાએક અંતેવાસીને કહ્યું: 'આપણે અહીંથી જ ભાદરા જતા રહીએ.'

'પણ અત્યારે પત્તર-પૂજા કશું આપણી સાથે નથી. માટે સાંજે જમીને જઈએ.'

'ના, રાજભોગ આરતીએ ત્યાં પહોંચવું છે. કોઈને કહી દો કે પત્તર, પૂજા લઈને આવી જાય.' આટલું કહેતાં તો સવારે નવ વાગ્યે ભાદરા જવા હંકારી ગયેલા સ્વામીશ્રી સાડા અગિયાર વાગ્યાના ટકોરે ત્યાં પહોંચી પણ ગયા.

અહીં તો તેઓના આ અણધાર્યા આગમનથી *'ભલાં જાણ્યાં પોતા તણાં ભાગ્ય...'*નો ભાવ સૌ અનુભવી રહ્યા, કારણ કે અહીંના નવનિયુક્ત મહંત ઘનશ્યામચરણદાસ સ્વામીને ગઈ રાત્રે જ સ્વપ્ન આવેલું કે 'સ્વામીશ્રી કાલે અહીં આવે છે.'

આજે સવારે અત્રે પુષ્પહાર ગૂંથતા પાર્ષદોને પણ થયેલું કે 'આ હાર સ્વામીશ્રી પહેરે તો!' ભંડારમાં પાકના લાડુ વાળતાં પાર્ષદોનેય વિચાર ઝબકેલો કે 'સ્વામીશ્રી આવે અને આ લાડુ જમે તો!'

સૌના આ ભાવની ભરતી જ ભેગી થઈ જાણે સ્વામીશ્રીને અહીં તાણી લાવી હોય તેવું થઈ રહ્યું! જેમ નિષ્કુળાનંદ સ્વામીએ વર્ણન કર્યું છે કે *'જેવા દીઠા'તા સ્વપ્ના માંઈ, તેવાના તેવા પધારિયા; દર્શન દઈ દાસને, નવલાં તે નેહ વધારિયા...'*[૮૭] તેની જેમ આજે અહીં પણ સૌની સ્મૃતિ સાક્ષાત્કારમાં પરિણમી ગઈ.

સ્વામીશ્રીએ પ્રથમ મંદિરે દર્શન કરી સભામંડપમાં કથામૃત પીરસ્યું. તે પછી તેઓ ભંડારમાં ગયા અને ઠાકોરજી જમાડ્યા. છેલ્લે ઊંડ નદીએ આવ્યા.

અત્રે તાજેતરમાં આવેલા વરસાદે નદીને બે કાંઠે વહેતી કરી હોવાથી સ્વામીશ્રી ઠાકોરજીને સ્નાન કરાવી ન્હાયા. વડ નીચે સભા પણ ભરી. તેમાં તેઓએ મગફળીના ઓળાનો સ્વાદ ભેળવ્યો. ઓરડે આરતી કરી ધર્મશાળા, ગૌશાળાની મુલાકાત લીધી. આજે ધનતેરસ હોવાથી મંદિરના કાર્યાલયમાં લક્ષ્મીપૂજન-ચોપડાપૂજન પણ કર્યું. આમ, સ્વામીશ્રીએ લાભ વહેંચવામાં કોઈ કસર ન રાખી.

અંતે ઘનશ્યામચરણદાસ સ્વામીએ વિનંતી કરી કે 'બાપા! શયન આરતી આપ કરો તો સારું.'

---

૮૭. ભક્તચિંતામણિ: પ્ર. ૭૬.

'મહંત કહે તેમ કરવું જોઈએ.' આમ કહેતાં તેઓ તરત આરતી ઉતારવા પણ પધાર્યા. વ્યવસ્થાપકને અનુકૂળ થઈને રહેવામાં તો તેઓને કોઈ ન પહોંચે.

અક્ષર-પુરુષોત્તમની પેઢીઓ અને ચોપડા

તા. ૧૩/૧૧ની રાત્રે જ ભાદરાથી ગોંડલ પરત ફરેલા સ્વામીશ્રી અગિયાર વાગ્યે આરામમાં જવા પલંગ પર પોઢ્યા ત્યારે તેઓની આંખોમાંથી કોન્ટેક્ટ લેન્સ કાઢી ટીપાં નાંખવામાં આવ્યાં. તે વખતે સેવકે આંખો લૂછવા ટિશ્યૂ પેપર પણ સાથે આપ્યો. પરંતુ તે નવો હોવાથી સ્વામીશ્રી બોલ્યા : 'જૂનો કાગળ આપો.'

'એ ફાટી ગયો છે.'

'ભલે ફાટી ગયો, પણ એ જ આપો.' આમ કહી તેઓએ નવો ટિશ્યૂ પેપર ન લેતાં જૂનાથી જ ચલાવ્યું.

કરોડોનો કારોબાર ચલાવવા છતાં કરકસરમાં કોઈ કસર ન છોડતા સ્વામીશ્રીને નીરખી આજની ધનતેરસ પણ ઘડીક થંભી થઈ.

તે પછી આગળ ચાલેલા સમયના ચક્રમાં તા. ૧૫/૧૧ના રોજ આવેલી દિવાળીનો ઉત્સવ ઊજવવા દેશ-પરદેશથી હજારો ભક્તો સ્વામીશ્રી પાસે ઊમટી પડ્યા. આ દિવસે સૌને આકર્ષણ રહેતું ચોપડાપૂજનનું. દિવસે-દિવસે વધતા ચોપડાઓથી અક્ષર દેરી ભરચક થઈ જતી. છતાં અપાર શ્રદ્ધાથી સ્વામીશ્રી તે ચોપડાઓ પર પુષ્પો વેરતા, ચોખા પધરાવતા અને હસ્તાક્ષર કરતા. આજે પણ સતત દોઢ કલાક સુધી તેઓએ ભક્તોના ચોપડામાં શુભ-લાભના સાથિયા સમા પોતાના હસ્તાક્ષર લખી આપ્યા.

અંતે સૌ પર આશીર્વાદની વૃષ્ટિ કરતાં કહ્યું : ''બધા હરિભક્તોના ચોપડા તે અક્ષર-પુરુષોત્તમના ચોપડા છે. બધા હરિભક્તોની ઑફિસો તે અક્ષર-પુરુષોત્તમની ઑફિસો છે. તે બધી જ અક્ષર-પુરુષોત્તમની પેઢીઓ છે. 'બધું જ ભગવાનનું છે, આપણું કશું છે જ નહીં,' એમ સમજવું. લંડનમાં મંદિર થાય છે તે 'મણથી મંડાણ કર્યું ને પૂછતાં પાંચસે ઠર્યું' જેવું થયું છે. મહારાજ બધા સંકલ્પ પૂરા કરે.''

સ્વામીશ્રીના આ શુભાશિષ ઝીલી દરેકના અંતરમાં ઝગતા દિવાળીના દીવાની જ્યોત વધુ ઊંચે ચઢી.

ભક્તવત્સલ દીનબંધુ નામ રે

તા. ૧૬/૧૧થી શરૂ થતા નૂતન વર્ષની[૮૮] સવારે સ્વામીશ્રીએ પ્રાતઃપૂજા અને મહાપૂજાનો દૈનિક ક્રમ પૂરો કર્યો ત્યારે વાતાવરણમાં સર્વત્ર મંગલતા પ્રસરી ગઈ.

તેની વચ્ચે સ્મૃતિમંદિરે જવા નીકળેલા તેઓને ચારેકોર જામેલી ભીડમાંથી માર્ગ કાઢતાં સ્વયંસેવકો દોરી રહ્યા. તે વખતે એક ભક્તે સ્વામીશ્રી પાસે પહોંચવા પ્રયત્ન કર્યો, પણ સતર્ક સ્વયંસેવકે તેઓને ઠોઈ રાખ્યા. આ કાર્યવાહીમાં પેલા ભક્તનું ચંપલ ફંગોળાઈ ગયું. આટલી ઝીણી વિગત પણ હજારોની ગિરદીમાં સ્વામીશ્રીની નજરમાંથી ચસકી નહીં. તેઓએ તરત જ તે સ્વયંસેવકને કહ્યું: 'આમ ધક્કો ન મારવો.'

વ્યવસ્થા જળવાય અને વ્યક્તિ સચવાય એ રીત સ્વામીશ્રીની. તેથી તેઓએ તે હરિભક્તનું ચંપલ શોધાવ્યું. તેઓને પાસે બોલાવી આશીર્વાદ પણ આપ્યા. નવા વર્ષની સવારે ભક્તોની તો ઠીક, તેઓના ચંપલનીયે ચિંતા કરતા સ્વામીશ્રીને જોઈ સૌ ગદ્‌ગદ થઈ ગયા.

આ રીતે સ્મૃતિમંદિરે દર્શન કરી સ્વામીશ્રી સીધા પહોંચ્યા અક્ષરઘાટે; એક ભક્તને અર્ઘ્ય આપવા જ તો! અહીં અક્ષરવાસી શ્રી હર્ષદભાઈના સુપુત્રો ભગવાં કપડાંમાં વીંટાળેલા અસ્થિકળશ સાથે હાજર હતા. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'હર્ષદભાઈનું અંદર-બહાર બધું ભગવા રંગથી રંગાઈ ગયું હતું.'

આ મહિમાદૃષ્ટિ સાથે તેઓએ વેદવિધિપૂર્વક અસ્થિપૂજન કર્યા બાદ નદીનું પાણી ઠંડું હોવા છતાં સાવબોળ સ્નાન કર્યું, ત્યારે નવા વર્ષની સવાર તેઓની ભક્તવત્સલતાથી ભીંજાઈ રહી.

ભગવાનનું બધું મધુર

નૂતન વર્ષની પ્રથમ અમૃતધારારૂપે સ્વામીશ્રીએ પંચાળાનું સાતમું વચનામૃત વાંચીને જણાવ્યું કે –

"આપણાં તત્ત્વો છે તેવાં ભગવાનમાં નથી. ભગવાનની રાસલીલામાં પરીક્ષિતને સંશય થયો. શુકદેવજી ત્યાગી હતા, સાધુ હતા. પહેલાં તો તેમને શંકા થવી જોઈએ, પણ ન થઈ. મનના મેલ સાફ કરવાની ફેક્ટરી સંત-

---

૮૮. વિ.સં. ૨૦૩૯નો પ્રારંભ થયો.

સમાગમ છે. માતા બાળકને શુદ્ધ બનાવે છે તેમ સંત જીવને શુદ્ધ કરે છે. ભગવાન મળ્યા તેનો આંનદ રાખવો. અક્ષરધામમાં તો ભગવાનનું દિવ્ય સ્વરૂપ સમજીએ છીએ, પણ મનુષ્યરૂપ હોય તોય તેવું ને તેવું જ દિવ્ય સમજવું. અર્જુન વિશ્વરૂપ જોવા સમર્થ ન થયા. બતાવે તોય દુઃખ – સહન ન થાય તેથી, અને ન બતાવે તોય દુઃખ – જોવાની ઇચ્છા રહ્યા કરે તેથી. માટે જ્ઞાન થાય તો બેય વાતે સુખ થાય.

ભગવાનનું બધું મધુર છે. આણંદમાં શાસ્ત્રીજી મહારાજને છ આનાની ટિકિટ ન મળી છતાં તેમને ભગવાનનું દિવ્ય સ્વરૂપ સમજનારા મોતીભાઈ, આશાભાઈ વગેરે કેવા ભક્તો! શાસ્ત્રીજી મહારાજે છેલ્લી અવસ્થાએ આરસનું મંદિર કર્યું! બીજા તો મકાન બાંધે ને બારી-બારણાં રહેવા દે. અટલાદરામાં શાસ્ત્રીજી મહારાજ હરિભક્ત સમક્ષ ગઢડાની આર્થિક સંકડામણ અંગે રડ્યા. તેમાં આર. યુ. પટેલે રૂપિયા લાવી દીધા. તેમનું રડવું પણ દિવ્ય.''

નૂતન વર્ષે દિવ્યભાવની આ દિશા ચીંધી સ્વામીશ્રીએ અન્નકૂટની આરતી ઉતારી. ત્યારબાદ ત્રણ વાગ્યા સુધી તેઓએ સભામંડપમાં બિરાજી કથા કરાવી. આ ભજન બાદ સૌ ભોજન લેવા ઊઠ્યા. સ્વામીશ્રીએ પણ છેક સાડા ત્રણ વાગ્યે મોંમાં કોળિયો મૂક્યો!

દુનિયા સામું જોઈએ તો ભક્તિ ન થાય

તા. ૧૭/૧૧ની સવારે ગોંડલના મહારાજાનું આમંત્રણ સ્વીકારી તેઓના મહેલમાં પધારેલા સ્વામીશ્રીના આગમન નિમિત્તે, રાજપરિવારે ભવનને તોરણો બાંધી સજાવેલું. મહારાણીએ સ્વયં મીઠાઈઓ વગેરે વ્યંજન બનાવ્યાં હતાં. આ સ્નેહ સ્વીકારી સ્વામીશ્રીએ પણ અહીંના રાજવી કુટુંબનો સંપ્રદાય સાથેનો નાતો તાજો કરી આશીર્વાદ આપ્યા. તેમાં એક નવીન વાત જણાવી કે ''ચંદુભાઈ વિદ્યાધિકારી એક વિગત કહેતા કે 'એક વાર ભગવતસિંહ બાપુને કોઈએ પૂછેલું, 'તમારો ધર્મ કયો?' ત્યારે તેઓએ કહેલું, 'મારો ધર્મ સ્વામિનારાયણ છે.''

આમ, એક કલાક સુધી અમૃતલાભ વરસાવી મહેલમાંથી વિદાય થયેલા સ્વામીશ્રીએ, મંદિરમાં રાત્રે ચાલતી 'હરિલીલામૃત'ની કથામાં જણાવ્યું કે –

''બે બ્રાહ્મણ હતા. તેમાં એક મામા અને એક ભાણેજ. તેઓ કોઈ જગ્યાએ જમવા ગયા. લાડુ પાંચ હતા. મામા કહે: 'હું ત્રણ ખાઉં.' ભાણો

કહે : 'હું પણ ત્રણ ખાઉં.' આમ વિવાદ થયો. પછી બંનેએ તોડ કાઢ્યો કે 'જે બોલે તે બે ખાય અને ન બોલે તે ત્રણ ખાય.' પછી બંને ચૂપચાપ થઈને બેસી ગયા. બોલે-ચાલે નહીં.

એમ કરતાં બે-ત્રણ કલાક થઈ ગયા. કોઈ ભાઈ ત્યાં ગયા ને જોયું કે 'બંને બ્રાહ્મણો અવાક્ થઈ ગયા છે !' બોલાવે તોય બોલે નહીં. તેણે જાણ્યું કે 'બંને મરી ગયા છે.'

તેણે માણસો ભેગા કર્યા અને ઠાઠડી બાંધી. બંનેને ઠાઠડીએ બાંધ્યા છતાં તેઓ બોલે નહીં, કારણ કે 'બોલે તે બે ખાય.' બેય વટમાં હતા. પછી તો સ્મશાનયાત્રા નીકળી. ચેહ(ચિતા) ખડકી. તેના ઉપર સુવાડ્યા. છતાં કોઈ બોલે નહીં, કારણ કે 'બોલે તે બે ખાય.' પછી તો બધા કહે : 'અગ્નિ મૂકો.'

ભાણો બળમાં હતો પણ મામાને થયું કે 'હવે તો બળવાનો વારો આવ્યો.' મામા ઊભા થઈ ગયા ને બોલ્યા : 'ઊઠ ભાણા ! તૈણ (ત્રણ) તારા ને બે મારા !' મામાને વસ્તાર ઝાઝો હતો એટલે જીવવું હતું. ભાણાને કોઈ ચિંતા નહોતી...

આપણે ભગવાનને રાજી કરવા હોય પણ મન ચગડોળે ચઢે. પાંચ માળા ફેરવવા નક્કી કરી હોય છતાં ત્રણ માળાએ મન ઉઠાડે. ઘેરથી સમૈયે આવવા નીકળે પણ કોઈ મન ફેરવે તો ન આવે. આપણું મકાન સારું હોય પણ કોઈને ન ગમે તો કંઈ પાડી નંખાય છે ? દુનિયા સામું જોઈએ તો ભક્તિ ન થાય. ભગવાન રાજી થાય તેમ કરવું. કોઈથી ડરવું નહીં.''

જોઈએ હરિ રાજી રળિયાત

ગોંડલમાં નવા વર્ષનો પ્રારંભ કરી તા. ૧૮/૧૧ના રોજ રાજકોટ પહોંચેલા સ્વામીશ્રી અહીં કેટલીક પધરામણીઓ બાદ, જ્યારે નિર્માણાધીન ગોંધિયા હૉસ્પિટલના ઝાંપે પહોંચ્યા ત્યારે ત્યાં કોઈ જ દેખાતું નહોતું ! તેથી આ નિર્જન સંકુલ જોઈ અંતેવાસીઓએ કહ્યું : 'સ્વામી ! કોઈ ઉપસ્થિત હોય તેવું લાગતું નથી. માટે આગળ નીકળીએ.'

સૌનાં મનમાં સ્વામીશ્રીને ધક્કો ખાવો પડ્યો તેનો કચવાટ હતો. પરંતુ સ્વામીશ્રી બોલ્યા : 'આપણે બધે પુષ્પો તો પધરાવી દઈએ.'

તે સમયે અંધકારના ઓળા ઊતરી ચૂકેલા. તેથી આ સંકુલમાં કાંઈ સૂઝે તેવું નહોતું. ચાલુ બાંધકામને કારણે ઠેર ઠેર ઈંટોના ટુકડા, સિમેન્ટની થેલીઓ, સળિયા, વાંસ-વળીઓ વગેરે માલ-સમાન પણ ખડકાયેલો. છતાં સ્વામીશ્રી

ચોકીદારને સાથે રાખીને બેટરીના અજવાળે ખૂણે-ખૂણે ફર્યા. બધે પુષ્પ-પાંખડીઓ વેરી પ્રાર્થના કરતા રહ્યા કે 'અહીં જે દર્દીઓ આવે તે સાજા થઈ જાય... સંચાલકોને ખૂબ યશ મળે...'

કોઈનો રોષ-દોષ કાઢ્યા વગર પોતાને જે કરવાનું હતું તે કરીને સ્વામીશ્રી વિદાય થયા ત્યારે સૌ અનુભવી રહ્યા : *'દયા દિલમાં આણી દયાળે, તેનાં શું હું કરું વખાણ...'*

આ દયા સાથે ઘૂમતા સ્વામીશ્રી તા. ૧૮/૧૧ની રાત્રે વીરબાઈમા મહિલા કૉલેજના સભાખંડમાં પહોંચ્યા. અહીં સ્થાનિક મંડળ દ્વારા આયોજિત સ્નેહ-સંમેલનમાં લાભ આપી તેઓ રાજકોટના મંદિરે વિશ્રામ માટે પધાર્યા.

અત્રે તા. ૧૯/૧૧ની સવારે વચનામૃત (ગ.અં. ૩૮) રેલાવતાં તેઓએ જણાવ્યું : ''આજ્ઞા પાળે તે જ સુખિયો. ગમે તેવો ગુરુ હશે, પણ સ્ત્રી-સાધુ મર્યાદા લોપે તો દુઃખી. અમને ઘણા મહાત્માઓ કહે છે કે 'આ જમાનામાં આ છૂટ રાખવી.' પણ આપણે શ્રીજીમહારાજ રાજી થાય તેમ કરવું. ભલે બીજા કુરાજી થાય. અમે શ્રીજીમહારાજને રાજી કરવા આવ્યા છીએ. મહિમા ગાય પણ કહે તેમ ન કરે તો તે હેત ન કહેવાય.''

*'જોઈએ હરિ રાજી રળિયાત...'*ના અતિ સ્પષ્ટ ધ્યેય સાથે જ વિચરતા-વિચારતા સ્વામીશ્રી દુનિયાના પ્રવાહોમાં કદી ન ખેંચાતા.

આવા સ્થિર-ધીર તેઓ આજે સાંજે ગઢડા પધાર્યા. અહીં તા. ૨૦/૧૧ની સવારે ઘેલાસ્નાન કર્યા બાદ તેઓ ગોપીનાથજી મંદિરે દર્શન માટે ગયા ત્યારે સ્થાનિક વ્યવસ્થાપક તેઓને મંદિરની પ્રદક્ષિણામાં રહેલા શ્રીજીમહારાજની પ્રાસાદિક વસ્તુઓના ભવનમાં લઈ ગયા. ત્યાં નજીકથી ભાવપૂર્વક દર્શન કરી સ્વામીશ્રી રાજી થયા. ત્યારબાદ તેઓ લક્ષ્મીવાડીએ પધાર્યા ત્યારે આ સ્થાનમાં તો વાવાઝોડાને કારણે લગભગ બધાં જ વૃક્ષો ધરાશાયી થઈ ગયેલાં. પ્રાસાદિક મોટી આંબલી પણ તૂટી પડેલી. છતાં સઘળે સ્થાને દર્શન કરી સ્વામીશ્રી પાટી, સરવઈ, તાજપુરને લાભ આપતાં રાત્રે સાડા નવ વાગ્યે સારંગપુર પધાર્યા.

અત્રે શાસ્ત્રીજી મહારાજને પહેરાવેલો મોતીની સેરનો હાર જોઈ તેઓએ પૂછ્યું : 'આ સાચા છે કે ખોટા ?' પણ પછી પોતે જ કહ્યું : 'ભગવાન જે અંગીકાર કરે તે બધું સાચું જ હોય.' સ્વામીશ્રીને સામગ્રી કરતાંયે સંબંધની મહત્તા અધિક.

ગુરુભક્તિના ડંકા

તા. ૨૧/૧૧ની સવારે સ્મૃતિમંદિરમાં આરસ પથરાવવાના કાર્યનું મુહૂર્ત કર્યા બાદ સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજના વધુ એક સંકલ્પની પરિપૂર્તિ માટે કદમ ઉપાડ્યાં. સારંગપુરના મંદિરનો ભવ્ય દરવાજો તેઓએ શાસ્ત્રીજી મહારાજના સમયમાં પોતાની આગવી કુનેહથી પૂર્ણ કરેલો. ત્યારબાદ તેની બંને બાજુ અતિથિગૃહોનાં નિર્માણ કરી આ દ્વારની શોભાને આગવો ઉઠાવ આપેલો. આ શોભાની કલગીરૂપે અતિથિ-નિવાસની ડાબી બાજુની અગાશીમાં જમીનથી ૫૫ ફૂટ ઊંચો અને પાંચ ફૂટના ડાયલ ધરાવતા ઘડિયાળ સહિતનો ટાવર પણ હવે તૈયાર થઈ ગયેલો.

આ ટાવર સાથે સ્વામીશ્રીનું નામ જોડાય તેવી સૌની ઇચ્છા હતી. પરંતુ તે પ્રસ્તાવ તેઓ સમક્ષ મુકાયો ત્યાં જ સ્વામીશ્રીએ કહી દીધેલું: 'આપણે તો ગુરુનું નામ રાખવું છે – યજ્ઞપુરુષ ટાવર.'

તેઓ નામ-દીવાના નહીં, પણ ગુરુ-દીવાના. તેથી તેઓએ સૂચવેલું નામ જ ટાવર પર અંકિત થયું. આ નામાભિધાન ધરાવતા એ ટાવરનું આજે સ્વામીશ્રીએ વેદોક્તવિધિપૂર્વક ઉદ્‌ઘાટન કર્યું ત્યારે નવના ટકોરા ગુંજી ઊઠ્યા. પરંતુ સૌ તેમાં સ્વામીશ્રીની ગુરુભક્તિના ડંકા જ સાંભળી રહ્યા.

આ પ્રસંગે ગુરુને રાજી કર્યાનો પરમ પરિતોષ અનુભવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''સારંગપુરમાં શાસ્ત્રીજી મહારાજનો સંકલ્પ કે 'દરવાજો અને ટાવર થાય.' મોટા અક્ષર સ્વામી કહેતા: 'ડંકા વાગે તેવું ટાવર કરવું છે.' ઘણા વખતનો સંકલ્પ આજે પૂરો થાય છે. ભગવાન અને સંતના વાક્ય ચળે નહીં.''

આમ, ગુરુના એક પછી એક સંકલ્પોને સાકાર કરતા સ્વામીશ્રીએ ટાવરના ઉદ્‌ઘાટન બાદ, સંસ્થાના સહયોગથી સરકાર દ્વારા બંધાનારી પ્રાથમિક શાળાનો પણ શિલાન્યાસ કર્યો.

સારી ગિરા સમભાવ અપાર

તા. ૨૧/૧૧ની સાંજે સારંગપુરમાં પધરામણીઓ કરવા નીકળેલા સ્વામીશ્રી જ્યારે સરપંચના ઘેર જઈ પહોંચ્યા ત્યારે ત્યાં સોફા, ગાલીચા વગેરેની સજાવટ સાથે સુંદર આસન તૈયાર કરવામાં આવેલું. તેની પર બિરાજી તેઓએ પૂજન સ્વીકાર્યું. અત્રે સૌને સંતોષ આપી સ્વામીશ્રીએ જે બીજા ઘરમાં

પગલાં પાડ્યાં ત્યાં વ્યવસ્થાના નામે મીંડું હતું.

સ્વયં તેઓને મગફળી ભરેલા કોથળા પર બેસવું પડ્યું તે પરથી એ અગવડનો અંદાજ માંડી શકાશે ! પરંતુ એ બરછટ શણિયા પર પણ સ્વામીશ્રી ગાલીચાની મખમલી મુલાયમતા પર જે ભાવથી બેઠા હતા તે જ ભાવથી બિરાજ્યા. ગાલીચો બિછાવનારાને તેઓએ જે પ્રેમથી આશીર્વાદ આપેલા એ જ પ્રેમથી કોથળો પાથરનારાને પણ ધબ્બો માર્યો.

આ સમયે કો'ક સ્વામીશ્રીને બેસવા માટે રજાઈ શોધી લાવ્યું, પણ તે પર તેઓએ ઠાકોરજીને પધરાવવા કહ્યું અને પોતે તો કોથળા પર બેસીને જ પૂજન સ્વીકાર્યું.

તે દ્વારા સારંગપુરમાં સમત્વની સુગંધ પ્રસરાવતા સ્વામીશ્રી તા. ૨૧/૧૧ની સાંજે અચારડા પધાર્યા ત્યારે અહીં પંચદિવસીય પારાયણ માટે મોટો મંડપ ખોડવામાં આવેલો. ગામમાં તો વીજળી ન હોવાથી બે હજાર ફૂટ દૂર આવેલી વાડીએથી દોરડું લંબાવી પારાયણ પૂરતું અજવાળું કરેલું; પરંતુ સ્વામીશ્રીનો જ્યાં નિવાસ હતો તે ઘરમાં ચાર દીવાલ પર છત જ નહીં ! ઉપર તાડપત્રી બાંધી હતી.

જો કે ભક્તોનો ભાવ અનહદ; તેથી દરેક પ્રકારની સેવામાં ખડે પગે રહ્યા. સ્વામીશ્રીને પણ આવા સ્નેહ સાથે જ નિસ્બત. એટલે તેઓ પધારતાં સૌને *'આવે સાચા સગા ઘેર જ્યારે, અમે આનંદ પામિયે ત્યારે...'* જેવો અનુભવ થઈ રહ્યો.

કરે ઉપકાર બહુ પેર

અચારડાના પારાયણ દરમ્યાન આસપાસનાં ગામોમાં સત્સંગ-લાભ આપવા માટે જવાનું આયોજન સ્વામીશ્રીએ અગાઉથી જ ગોઠવી રાખેલું. છતાં તેઓએ પોતાની સુવિધાસજ્જ મર્સીડીઝ ગાડી સંતવલ્લભ સ્વામીને ગઢડા, ગોંડલ, અમદાવાદ, બોચાસણ વગેરે તીર્થોની યાત્રા કરાવવા માટે મોકલી આપી અને પોતે જીપ જેવા વાહનમાં દડમજલ કરતા રહ્યા. *'જેમ વિટપ[૮૯] બહુ પરમારથી, પરમારથી પાથ[૯૦] ને પૃથ્વી...'*ની હારોહાર સ્વામીશ્રીનું નામ પણ મૂકી શકાય તે રીતે તેઓ કાર્ય કરતા.

---

૮૯. વૃક્ષ.

૯૦. પાણી.

આવી પરમાર્થવૃત્તિથી સ્વામીશ્રી તા. ૨૨/૧૧ના રોજ ખાંડિયાને લાભ આપી તા. ૨૩/૧૧ની સાંજે ભોયકા પધાર્યા.

અત્રે તેઓ પધરામણી-ભોજન બાદ રાત્રે સાડા અગિયાર વાગ્યે સભાથી પરવાર્યા ત્યારે ગામના અજિતસિંહે સંતો-કાર્યકરો સમક્ષ અરજ મૂકી કે 'પહેલાં સ્વામીબાપા અહીં પધાર્યા ત્યારે હું તેઓની પધરામણી કરાવવાનું ચૂકી ગયેલો. હવે ભવિષ્યમાં ક્યારે વારો આવે તેનું નક્કી નહીં ! તો મને એમ થાય છે કે આજે પધરામણી થઈ જાય તો સારું.'

આ સાંભળી કો'ક વિમાસણમાં પડ્યું તો કો'ક વિરોધમાં, કારણ કે હજી સ્વામીશ્રીને અચારડા પહોંચવાનું હતું. વળી, અહીં ભોયકામાં વીજળીનાયે વખા હતા. 'સ્વામીશ્રીને અંધારે ક્યાં અથડાવવા ?'ના વિચાર સાથે સૌ પધરામણીની મનાઈ અંગે વિચારી જ રહેલા, ત્યાં કોઈક દ્વારા આ વિગતનો ઉલ્લેખ સ્વામીશ્રી સમક્ષ થઈ જતાં, સ્વામીશ્રી તો રાત્રે પોણા બાર વાગ્યે 'ચાલો આવશું આજ ને આજ...' કહેતાં પધરામણીએ જવા તત્પર થઈ ગયા !

તેથી પેટ્રોમેક્ષ પેટાવવામાં આવ્યું. તેના અજવાળે સ્વામીશ્રી ડગ ભરવા માંડ્યા, પણ રસ્તે ફાનસ લઈ ચાલતો આદમી સહેજ ઉતાવળો થતાં થોડું અંધારું થયું. તેમાં જ સ્વામીશ્રીનો એક પગ માદળામાં પડ્યો. કાદવના એ કળણે તેઓની મોજડી જકડી લીધી. આવી પરિસ્થિતિમાં પણ બીજો કોઈ વિચાર કર્યા વિના સ્વામીશ્રી તો ઉઘાડે પગે ચાલતા જ રહ્યા. એક ભક્તને રાજી કરવા નીકળેલા તેઓને પોતાના ખુલ્લા પગમાં કાંટા-કાંકરા વાગશે તેની તમા નહોતી. અંધારે બની ગયેલા આ ઘટનાક્રમથી અન્ય સૌ તો અજાણ જ હતા.

પરંતુ અજિતસિંહની ઓસરી આવતાં પેટ્રોમેક્ષનું અજવાળું ફેલાયું. તેમાં સ્વામીશ્રીની કરુણા પ્રકાશી ઊઠી ! અત્રે તેઓના એક પગમાં જ મોજડી જોઈ કાર્યકરે પૂછ્યું : 'બાપા ! બીજી મોજડી ક્યાં ?'

'વચ્ચે આવેલા કાદવમાં ખૂંપી ગઈ છે.' આટલું કહેતાં સ્વામીશ્રી એટલી સાહજિકતાથી ઘરમાં પ્રવેશી ગયા કે જાણે કંઈ બન્યું જ નથી !

સૌ આ હકીકત જોઈ ચકિત થઈ ગયા. એ જ અવસ્થામાં ગામની ગલીના કાદવમાં સ્વામીશ્રીનું પગરખું શોધવા નીકળેલા તેઓની નજરે જ્યારે કીચડમાં ખૂંપેલી મોજડી ચડી, ત્યારે બે ઘડી તો સૌ સ્તબ્ધ થઈ તે જોઈ જ રહ્યા. કાદવમાં લથબથ એ મોજડી, સ્નેહમાં લથબથ સ્વામીશ્રીની સાક્ષી પૂરી રહેલી. ભક્તો માટે પગરખાં છોડી ઉઘાડે પગે દોડી જનારા હતા સ્વામીશ્રી !

કાદવથી ખરડાયેલી પણ મમતાથી લપટાયેલી એ મોજડીને સ્વચ્છ કરીને સૌ લઈ આવ્યા ત્યારે પધરામણીનો વિધિ પૂર્ણ થઈ ચૂકેલો. સ્વામીશ્રી એ મોજડી પહેરી વિદાય થયા તે સમયે ભૂમિ પર પડતી એ પગરખાંની છાપ *'એવા તમે જન સુખકારી...'* તરીકે સ્વામીશ્રીની છબી લોકમાનસમાં અંકિત કરતી ગઈ.

આવો જ કંઈક ક્રમ તા. ૨૪/૧૧ના રોજ બોરણામાં પણ પુનરાવર્તિત થયો.

અહીં એક રાઠોડ ભક્તની ડેલીએ સભા પૂરી થઈ ત્યારે જ રાત્રિના અગિયાર વાગી ગયેલા. ત્યારબાદ શરૂ થયેલી પાંચ-છ પધરામણીઓએ સાડા અગિયાર વાગ્યાનો ટકોરો વગાડી દીધો.

તે વખતે જ એક પ્રજાપતિ ભક્ત તરફથી પધરામણીનું તેડું આવ્યું, પણ તેઓના ઘેર સ્વામીશ્રીને લઈ જવામાં જોખમ ગધેડાઓનું હતું. એ ભક્તના સાંકડા ફળિયામાં હરોળબંધ ગધેડા બંધાતા. તેમાં રાત્રે પેટ્રોમેક્ષના અજવાળે જવાનું. જો કો'ક ગધેડો ભડકે ને લાત ઉલાળે તો ન થવાનું બની જાય. તેથી કાર્યકર આ ભક્તને પધરામણી મુલત્વી રાખવા સમજાવવા લાગ્યા. પરંતુ આ રકઝક સ્વામીશ્રીથી અજાણી ન રહી. તેઓ એ કુંભાર ભક્તનો ભાવ પૂરો કરવા અડધી રાત્રે ગધેડાઓની હરોળ વીંધતાં-વીંધતાં તેના ખોરડે જઈને બેઠા.

*'યથા યોગ્ય જીવની ઉપર, કરે ઉપકાર બહુ પેર...'*ની રીતે વર્તતા સ્વામીશ્રી સમય-સંજોગ, સાધન-સગવડ જોયા સિવાય કેવળ સત્સંગી તરફ જ નજર રાખીને વિચરતા.

વાચાળ મૌન

પાંચ દિવસ સુધી સ્વામીશ્રીએ અચારડામાં માંડેલા અખાડાથી ગામમાં સત્સંગની લહર ફરી વળી. તેઓના સંગે કેટલાયે હોકા ફોડ્યા, ખલ ભાંગ્યા, કંઠીઓ પહેરી ને માળાઓ લીધી. પારાયણનું આ નક્કર પરિણામ ગામને આપી સ્વામીશ્રી તા. ૨૫/૧૧ના રોજ વિદાય લઈ લીંબડી પધાર્યા. અત્રે હરિજનવાસમાં પધરામણી અને નિમ્બાર્ક સંપ્રદાયના મંદિરમાં દર્શન કરીને તેઓ સાંજે છ વાગ્યે ખોડુ આવી પહોંચ્યા.

કપાસ ઉત્પાદનના આ મોટા મથકમાં સ્વામીશ્રીનું પ્રથમ વાર જ આગમન થઈ રહ્યું હોવાથી તેને સૌએ ઉત્સાહભેર વધાવ્યું. દોઢ કલાક સુધી

નગરયાત્રા ચાલી. રાત્રિસભા પણ ચિક્કાર બની રહી. તેમાં સૌને આશીર્વાદનો લાભ આપી સ્વામીશ્રીએ ગામની હાઈસ્કૂલમાં ઉતારો કર્યો.

તા. ૨૬/૧૧ની સવારે આ જ શાળામાં પ્રાતઃપૂજા બાદ તેઓને મળવા આવી રહેલા ભાવિકોમાં શાળાના આચાર્યશ્રી પણ એક હતા. તેઓ જેવા સ્વામીશ્રીને પગે લાગવા નીચા નમ્યા ત્યાં જ તેઓના ખિસ્સામાંથી સરકેલી તમાકુની ડબ્બી સ્વામીશ્રીનાં ચરણોમાં જઈ પડી! તેથી આચાર્ય તો એકદમ છોભીલા પડી ગયા. પરંતુ સ્વામીશ્રીનું કરુણાળું મુખારવિંદ એવું ને એવું જ રહ્યું. તે પર આક્રોશ કે અણગમાની કોઈ લકીર ન ફરકી.

'જો પુત્ર ગાંડો નબળો નઠારો, તથાપિ માને મન હોય પ્યારો...' જેવો અનુભવ સ્વામીશ્રી પાસે ભૂલભરેલાને પણ થાય. તેથી આજે તેઓના એ માતાતુલ્ય પ્રેમના પ્રવાહમાં પેલા આચાર્યની તમાકુ તણાઈ ગઈ. તેઓએ તમાકુને કદી ન મસળવા-ચગળવાનો નિયમ લઈ લીધો.

સ્વામીશ્રીનું મૌન પણ આટલું વાચાળ પુરવાર થતું. લોકો ગળા ફાડીને જે પરિવર્તન ન લાવી શકે તે તેઓ બંધ હોઠે લાવતા. પ્રાતઃપૂજા બાદ શરૂ થયેલી પધરામણીઓમાં પણ એમ જ બન્યું.

અત્રે સ્વામીશ્રીનું પ્રથમ વાર જ પદાર્પણ હોવાથી ગામવાસીઓમાં ભારે ઉમંગ પ્રવર્તતો હતો. તે કારણે સવારની કથા બાદ શરૂ થયેલી પધરામણીઓ બપોરે દોઢ વાગ્યા સુધી અવિરત ચાલી. તેમાં ઘણાંએ વ્યસનો મૂક્યાં. કંઠીઓ પહેરી. આખા ગામમાં સત્સંગ પ્રત્યે ખૂબ સદ્‌ભાવ વધ્યો.

પધરામણીઓના આ ભીડા બાદ બપોરના આરામને હરામ કરી સ્વામીશ્રી સુરેન્દ્રનગર, લીંબડીને પાવન કરતાં અમદાવાદ આવી પહોંચ્યા.

મનને મારવું તે મોટામાં મોટું તપ

તા. ૨૭/૧૧ના રોજ પ્રબોધિની એકાદશીનો દિવસ હોવાથી અલ્પાહાર પર ચોકડી મારનારા સ્વામીશ્રીએ પ્રાતઃપૂજા બાદ સીધું જ વચનામૃત (કા.૧૦) રેલાવવું શરૂ કર્યું કે 'ઇન્દ્રિયોને નિયમમાં રાખવી તે તપ. ભગવાન સિવાય મન કોઈ સંકલ્પ ન કરે તે મનનું તપ. મનને મારવું તે મોટામાં મોટું તપ. મોટાપુરુષની આજ્ઞામાં વર્તવું તે તપ. ઈશક હોય તો તપ થાય. નદી ડુંગરને તોડીને સમુદ્રને મળે છે તે ઈશક.'

તપના ઈશકની આવી બળભરી વાતો કરી સ્વામીશ્રીએ આજના

નિર્જળા ઉપવાસની ખુમારી સૌમાં ચઢાવી દીધી. સ્વયં પણ પાણીનું ટીપું મોંમાં મૂક્યા સિવાય આખો દિવસ કાર્યરત રહ્યા. છેક સાંજે પાંચ વાગ્યે તેઓએ સંતોના આગ્રહથી બે વાટકી લીંબુનું શરબત અંગીકાર કરી શાકની હાટડીનો ઉત્સવ કર્યો.

બીજે માલ મનાય તે ખડ ખાધા જેવું

તા. ૨૮/૧૧ની બપોરે સદ્‌વિચાર પરિવારના આમંત્રણથી ગુજરાત વિદ્યાપીઠના પ્રાંગણમાં ચાલતા રામ પારાયણમાં પધારેલા સ્વામીશ્રીને જોતાં જ, પ્રસિદ્ધ પુરાણી પૂજ્ય ડોંગરેજી મહારાજે પગમાં પડી પોતાનો આદર અભિવ્યક્ત કર્યો. સ્વામીશ્રીએ તેઓને નીચા વળી વંદના કરતાં ઉઠાડ્યા અને પુષ્પહાર પહેરાવ્યો. ત્યારબાદ પારાયણમાં પ્રાસંગિક આશીર્વાદ પાઠવી વિદાય થયેલા તેઓ વસો, પલાણા, અલીન્દ્રા, ડભાણને લાભ આપતાં તા. ૨૯/૧૧ની રાત્રે આઠ વાગ્યે બોચાસણ પધાર્યા.

અત્રે ઠાકોરજી જમાડી સ્વામીશ્રી પોતાના નિવાસકક્ષમાં બિરાજેલા ત્યારે જ તેઓને સમાચાર મળ્યા કે 'ડૉક્ટર સ્વામી અને સંતો વિદેશ ધર્મ-યાત્રાએથી અહીં આવી ગયા છે.' આ સાંભળતાં સ્વામીશ્રી સોફા પરથી ઊભા થઈ ગયા અને સંતો સામે ગયા. સૌને આવકારતાં તેઓની આંખોમાં હર્ષાશ્રુ ઊભરાઈ આવ્યાં.

ત્યારબાદ ઓરડામાં બેસી વિગત વાર વિદેશયાત્રાનો અહેવાલ સાંભળી રાજીપો વરસાવતાં બોલ્યા : 'ડૉક્ટર સ્વામીના વિચરણનો રીપોર્ટ મારા હાથમાં આવે એટલે એકસાથે વાંચી નાંખું. ટપાલ પડી રહે.' આ અગાઉ પણ આ સંતમંડળના વિચરણને સંભારતાં તેઓ સારંગપુરમાં બોલેલા : 'આ વખતે ડૉક્ટર સ્વામીએ અમારો '૭૪નો રેકોર્ડ તોડ્યો ! એક પણ ઘર મૂક્યું નથી.'

સ્વામીશ્રી એવા ગુરુ હતા કે પોતા પર શિષ્યોની સરસાઈ સ્થાપી રાજી થાય !

આ જ રીત પકડી તેઓ તા. ૩૦/૧૧ના રોજ કાર્તિકી પૂર્ણિમાની સભામાં પણ બોલ્યા : 'પરદેશથી આવેલા સંતોની વાણી સાંભળી પછી આપણી વાણીમાં માલ ન હોય. ડૉક્ટર સ્વામીએ અદ્‌ભુત કાર્ય કર્યું. બ્રહ્માંડમાં ડંકો વગાડ્યો છે.'

આમ કહી ઉપસ્થિત દશેક હજાર હરિભક્તોને દેવદિવાળીના આશીર્વાદ

આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'આપણને મહારાજ, સ્વામી બંનેની સેવા મળી છે. શ્વાસ હોય ત્યાં સુધી આ બે સેવા કરવી. વાત સાચી છે તો કહેવામાં કસર શું કામ રાખવી? સાચો રૂપિયો છે, ખોટો નથી. બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મને ભજવા તે સાચી વાર્તા. આ કરવાનું બાકી હતું તેથી જન્મ-મરણ હતું. ઘેર ઘેર માટીના ચૂલા છે. અમેરિકા અને અહીં બધું એક જ છે. જ્યાં સુધી દેહભાવ હશે ત્યાં સુધી ચંદ્રલોક પર જશો તો પણ સુખ નહીં થાય. આત્મારૂપ થયા વિના સુખ નહીં, ઝૂંપડામાં કે ઝાડ નીચે કે અમેરિકામાં પણ આ દૃષ્ટિ વગર સુખ નહીં. આવો સત્સંગ મળ્યો છતાં બીજે માલ મનાય તે ખડ ખાધા જેવું છે.'

અંત સમે કરે આપે સા'ય રે

તા. ૧/૧૨ના રોજ સ્વામીશ્રી બોચાસણથી ભાદરણ થઈને ધર્મજમાં પોઢવા પધાર્યા ત્યારે તેઓએ જાતે જ આંખનો કોન્ટેક્ટ લેન્સ કાઢ્યો અને જાતે જ તેને આંખમાં ચડાવ્યો! પહેલી અને છેલ્લી વારનું આ દુર્લભ દર્શન સૌનાં મનમાં વસી ગયું. આવા જ અન્ય કેટલાય મનભાવન લાભ સ્વામીશ્રીએ અહીં પાટોત્સવ-પારાયણ નિમિત્તેના ત્રિદિવસીય રોકાણ દરમ્યાન આપ્યા.

ત્યારબાદ આવી રસલહાણથી વીરસદ, સૈજપુર, રણોલી, વાસદ, વલાસણ, જીટોડિયા, બાકરોલ તથા આણંદની અમૂલ ડેરીને તરબતર કરતાં તેઓ તા. ૬/૧૨ની સાંજે અંટોલી પહોંચ્યા.

અત્રે તેઓના સ્વાગતમાં ઊમટેલા માનવ-મહેરામણમાં કેટલાકનું અંતર અહોભાવ ઘૂંટતું હતું, તો કેટલાકનું હૈયું અચરજ અનુભવી રહેલું. તેનાં મૂળ રોપાયેલાં – તા. ૨૭/૫/'૭૭ના રોજ.

હા, સાડા પાંચ વર્ષ પૂર્વે આ દિવસે અક્ષરવાસ પામેલા ગામવાસી શ્રી ભાઈલાલભાઈ પટેલના ધામગમનની આગોતરી જાણ કરતાં સ્વામીશ્રીએ તા. ૨૬/૫/'૭૭ની રાત્રે અગિયારેક વાગ્યે આ ભક્તના પુત્રને ફોન જોડી જણાવી દીધેલું કે 'અમારે ભાઈલાલભાઈના ખબર-અંતર પૂછવા હૉસ્પિટલમાં આવવું હતું, પણ આવી શક્યા નથી. પરંતુ તમે હવે આવતીકાલે સવારે તેઓને ઘેર લઈ જજો. કાલે બપોરે બાર વાગ્યે અમે તેઓને અક્ષરધામમાં તેડી જઈશું.'

સ્વામીશ્રીના આ વચનમાં વિશ્વાસ રાખી સદ્‌ગતના સુપુત્ર શ્રી

રજનીભાઈ પિતાને વડોદરાની અસ્પતાલમાંથી સવા દસેક વાગ્યે ઘેર લઈ આવ્યા ત્યારે તેઓનું આ પગલું ઘણાંને અવિચારી લાગેલું. કેટલાકે તો આ દીકરાના પુત્રધર્મ પર પણ શંકાની સોય તાકેલી. તેની સાથે એવા અનેક હતા કે જેઓના વર્તુળમાં ચકચાર ઉપડેલી કે 'શું આ રીતે કોઈના આવરદાના અંત વિષે આટલું ચોક્કસપણે કહી શકાય ખરું ?!'

આ કારણે જ, તા. ૨૭/૫/'૭૭ની એ બપોરે ઘડિયાળનો કાંટો જેમ-જેમ બાર વાગ્યા તરફ સરકવા લાગ્યો તેમ-તેમ અંટોલીના સીમાડે તળ ગામનાં અને સમીપવર્તી ગામડાઓનાં મનુષ્યો ઊમટવાં લાગ્યાં. તેમાં કો'ક કો'ક તો ચમત્કાર બને તો વધાવવાની સાથે, જો કહ્યા મુજબ ન બને તો વગોવવાની વેતરણમાંય ખરા !

આવા કૈંક મનોભાવો સાથે ગામના પાદરે જમા થઈ રહેલી મેદનીમાં સરપંચ તો વળી કંઈક આગવો જ અજંપો અનુભવી રહેલા. તેઓને લખેલા પત્રમાં સ્વામીશ્રીએ અક્ષરવાસીની અંતિમવિધિ ગામની ભાગોળે કરવાનું કહી વધુમાં જણાવેલું કે 'ભાઈલાલભાઈ ધામમાં જાય ત્યારે તેઓને નવાં પાણીથી નવડાવજો.' ભર ઉનાળામાં આ નવું પાણી લાવવાની સમસ્યા સરપંચની સાથે સંબંધીઓનેય સતાવી રહેલી.

આમ, તા. ૨૭/૫/'૭૭ના એ દિવસે ચારેકોર પથરાયેલાં આશ્ચર્ય, અજંપો, અહોભાવ અને આતુરતાના ચંદરવા નીચે બેઠેલા સૌ મરણાસન્ન ભક્તની નજીક ધૂન-ભજન કરતા હતા. તે જ વખતે ઘડિયાળમાં બાર વાગ્યાની સૂચના આપતો પહેલો ટકોરો પડ્યો. તેનો પડઘો શમ્યો - ન શમ્યો ત્યાં તો બીજો... ત્રીજો... અને ચોથા ડંકે તો ભાઈલાલભાઈના પ્રાણ પ્રયાણ કરી ગયા !

સ્વામીશ્રીએ જેમ કહ્યું હતું તેમ જ બન્યાનો આ પુરાવો સૌ પચાવે ત્યાં જ વરસેલાં ચંદનનાં છાંટણાંએ અંતકાળે શ્રીજીમહારાજ લેવા આવ્યાની સાયદી પૂરી. મહારાજની સાથે શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને સ્વામીશ્રીનાં દર્શન પણ અક્ષરનિવાસી ભક્તની પત્ની સહિત ઘણાંને થયાં !

આ જ સમયે વરસાદ પણ વરસવા લાગ્યો ! બળબળતા ઉનાળાની આ વૃષ્ટિના એક-એક બુંદ દ્વારા સ્વામીશ્રીનો પ્રૌઢ પ્રતાપ જ નીતરી રહેલો સૌ અનુભવી રહ્યા.

સદ્‌ગતના નશ્વર દેહને નવડાવી શકાય એટલી ત્રણેક બાલદી પાણી ભરાયું ત્યાં જ વરસતો વરસાદ અટકી ગયો. તેણે 'નક્કી આ સ્વામીશ્રીનું જ

કર્તવ્ય'ની ચોક્કસતા પર મહોર મારી આપી. તેથી આખા પંથકમાં *'એવા જન મળે જેને જેને રે, અક્ષરધામે આપે વાસ તેને રે...'* રૂપે સ્વામીશ્રીની ઈશ્વરતાઈ લોકજીભે રમવા લાગેલી.

આજે આવા સ્વામીશ્રીનું અંટોલીમાં આગમન થતાં *'વાજે વાજિંત્ર વિવિધ પ્રકાર, બોલે સૌ જન જય જયકાર...'*નું વાતાવરણ જામી ગયું. તેની વચ્ચે સ્વામીશ્રીએ તા. ૭/૧૨ની સવારે અક્ષરવાસી ભાઈલાલભાઈના ઓટે ચરણારવિંદની પ્રતિષ્ઠા કરી. તે સાથે આ સ્થાન સ્વામીશ્રીના અપરિમિત ઐશ્વર્યની સાક્ષી પણ પૂરવા લાગ્યું.

દાસભાવનો દબદબો

અંટોલીથી વિદાય લઈ સ્વામીશ્રી વાઘોડિયા, પીપરિયા, અટલાદરા અને ઉત્તરસંડામાં અમૃતધારા વરસાવતાં અમદાવાદ પધાર્યા.

અત્રે ભક્તોનાં ઘેર આવેલા લગ્ન વગેરે માંગલિક પ્રસંગે આશીર્વાદ આપવામાં જ તા. ૯/૧૨નો સમગ્ર દિવસ વીત્યો. તે દરમ્યાન એક ઘેર 'જય ગુરુદેવ' પંથના સંત શ્રી તુલસીદાસજી સાથે પણ સ્વામીશ્રીની મુલાકાત થઈ. તેઓએ સ્વામીશ્રીને મથુરા પધારવાનું આમંત્રણ અને ત્યાં બધી જ વ્યવસ્થા કરવાનું વચન આપી આદરભાવ વ્યક્ત કર્યો.

તે ઝીલી સ્વામીશ્રી તા. ૧૦/૧૨ની સવારે અમદાવાદથી વિદાય લઈ અસલાલી, નાજ અને વસઈમાં વરસી તા. ૧૧/૧૨ની સાંજે મહીજડા પધાર્યા.

અહીં સુશોભિત બગીમાં તેઓની ધામધૂમથી નગરયાત્રા નીકળી ત્યારે એક વૈષ્ણવ ભક્ત સ્વામીશ્રીનાં ચરણારવિંદનો સ્પર્શ કરવા પ્રયત્ન કરવા લાગ્યા. પરંતુ તેઓના પ્રત્યેક પ્રયત્ને પોતાના પગને છુપાડી સ્વામીશ્રી ઠાકોરજીની પટપ્રતિમા તેઓની સમક્ષ ધરતા રહ્યા.

તેઓના આ દાસભાવનો દબદબો ધરાવતી નગરયાત્રા ગામના ચોકમાં વિરમી ત્યારે ઉપસ્થિત જનમેદનીને અહિંસાનો એકડો ઘૂંટાવતાં સ્વામીશ્રીએ સહેજ તીખા શબ્દોમાં જણાવ્યું :

''વીસ વર્ષ જે ઢોરે આપણને દૂધ આપ્યું, છાણ આપ્યું તે અશક્ત થાય તો પાંજરાપોળે મૂકી આવીએ અથવા કતલખાને ધકેલી દઈએ તે સારું નથી. 'હવે કામ નથી માટે તેમ જ થાય,' એવો વિચાર જો હોય તો મા-બાપ અશક્ત થાય, ઘરડાં થાય તો તેને પણ કતલખાને મોકલશો? માટે જેટલાં પાલવાય

તેટલાં જ ઢોર રાખવાં. મત્સ્ય-ઉદ્યોગ અને મરઘાં-ઉછેરની આ દેશમાં કોઈ જરૂર નથી. આવી પ્રવૃત્તિથી તો આગળ ઉપર માણસ માણસનું માંસ ખાશે. માટે ભગવાનનો ડર રાખવો.''

દુરિતોની દૂરગામી અસરો સ્વામીશ્રી ઘણી વહેલી પારખી શકતા.

નથી તજવા જેવું તેમાં રે

તા. ૧૨/૧૨ના રોજ મહીજડાના મંદિરમાં નવા સિંહાસન પર કળશ-સ્થાપનનો વિધિ સંપન્ન કરી સ્વામીશ્રી બારેજા, નવાગામ, ગોબલજ, પાણસોલી, ધરોડા થઈને ચિત્રાસર પધાર્યા.

ગુરુહરિની આ રમણભૂમિમાં આવતાં જ તેઓ બોલી ઊઠ્યા : ''શાસ્ત્રીજી મહારાજ અહીં રહેતા. પ્રસાદીનું સ્થાન. તેઓ ખેતી કરાવે. કોઈ કહે, 'ખેતી કરાવે તેને સંત કેમ કહેવાય ? સંત તો માળા ફેરવીને બેસી રહે.' પણ તેમનું બધું જ દિવ્ય છે.''

ગુરુના પ્રત્યેક ચરિત્ર વિષે સ્વામીશ્રીને *'નથી તજવા જેવું તેમાં રે...'*નો ભાવ રહેલો. દિવ્યભાવની આ જ દિશામાં મજલ કાપતાં તેઓ ચિત્રાસરથી શ્રીજીપુરા, નાયકા, મલાતજ, સાંખેજ, ભાલિયાપરા, રઢુને પાવન કરતાં પુરુષોત્તમપુરા આવી પહોંચ્યા.

અહીં તા. ૧૫/૧૨ની બપોરે ૩:૧૩ થી ૪:૫૨ વાગ્યા સુધી સૂર્ય-ગ્રહણનો સમૈયો કરી સ્વામીશ્રી એ જ દિવસની રાત્રે નવ વાગ્યે વિદાય લઈ, શાંતિપુરા લાટ, ડુંગરી ટીંબા લાટ, ખેડા, સોખડા, માતર, લીંબાસી, હાડેવા, તારાપુરને ધન્ય કરતાં તા. ૧૮/૧૨ની રાત્રે બોચાસણ જવા નીકળ્યા ત્યારે તેઓ છેલ્લા નવ દિવસમાં ૨૬ ગામો ફરી વળેલા અને ત્રણસોથી વધુ પધરામણીઓ કરી ચૂકેલા. તે ન કેવળ ચોખાના ધર્માદા માટે, પણ સૌને 'ચોખા' કરવા માટે !

પરંતુ આ મર્મને ન પકડી શકનારી એક વ્યક્તિએ બોચાસણ જતાં રસ્તામાં સ્વામીશ્રીને વાત કરી કે 'મર્સીડીઝમાં બેસીને ચોખા માંગવાના ! આ તે વળી કેવું ?!'

'સરકાર પાસે કરોડો રૂપિયા છે તોય તે માંગે છે. મોટા મોટા શેઠિયા પણ ભીખ માંગે જ છે ને ! તે તો ક્યાંયે વાપરે. પણ આપણે તો ભગવાન ને હરિભક્તો-સંતો માટે માંગીએ છીએ.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓના શબ્દોમાં ભિક્ષાભક્તિની કોઈ અલૌકિક ખુમારી ઝળકી રહી.

તે સાથે તા. ૧૯/૧૨ના રોજ બોચાસણથી નીકળેલા સ્વામીશ્રી બોરસદ, ભાદરણ, સીસવા, લક્ષ્મીપુરા લાટ, લસુન્દરા, ફૂલછત્રપુરા લાટ, કંકુપુરા લાટ, મનવરપુરા લાટ, બાલાસિનોર, કઠાણા, વલ્લભીપુર, રામપુર, તંબી, માંડવા, અનીડાને પાવન કરતાં તા. ૨૩/૧૨ની સવારે ભાવનગર આવી પહોંચ્યા.

સેવાનું અષ્ટદલ કમલ

ભાવનગરમાં સ્વામીશ્રીના આગમનને વધાવવા માટે સમગ્ર શહેર હિલોળે ચડેલું. શ્રીજીમહારાજના સમયથી વહેતી આ શહેરની સત્સંગ-ધારામાં આ વર્ષે આવેલા જબ્બર ઉછાળના મૂળમાં હતો – સ્વામીશ્રીનો ૬૨મો જન્મજયંતી મહોત્સવ. મહિનાઓ પૂર્વેથી મહંત સ્વામી, સારંગપુરની સંતમંડળી અને ભાવેણા ભક્તો આ ઉત્સવને ધામધૂમથી ઊજવવા પ્રયત્નશીલ હતા. તે માટે 'બ્રહ્મધામ'માં ફેરવાઈ ગયેલું એ. વી. સ્કૂલનું વિશાળ પ્રાંગણ સુઘડ મંડપ, કલાત્મક મંચ, વીજ-દીપકોની અનેરી શોભા વગેરે દ્વારા સૌને આકર્ષી રહેલું.

આ 'બ્રહ્મધામ'માં ઊજવાનારી જન્મજયંતીના કાર્યક્રમોની આલબેલ પોકારી આજે નીકળેલી ભવ્ય નગરયાત્રાએ. યશોનાથ મહાદેવ, જૂના સ્વામિનારાયણ મંદિર અને અક્ષર-પુરુષોત્તમ મંદિરે દર્શન કરીને બપોરે પોણા ચાર વાગ્યે સ્વામીશ્રી આ શોભાયાત્રામાં બિરાજતાં જ ભાવનગરમાં ભાવની ભરતી ચઢી. ઊંટ પર વાગતા નિશાન-ડંકા, આતશબાજી, બૅન્ડવાદન, અશ્વારોહી અસવારો, રાસરમણે ચડેલી ભક્તમંડળીઓ વગેરેથી શોભતી આ નગરયાત્રાના મયૂરાકાર રથમાં, નિમિલિત નયને બિરાજેલા સ્વામીશ્રી સૌની આંખોના અતિથિ બની રહ્યા. હાથમાં કરતાલ ગુંજાવતા તેઓ શ્રીજીમહારાજમાં લયલીન થઈ સૌને દર્શન આપતા હતા. સાંજે સાત વાગ્યે આ શોભાયાત્રા 'બ્રહ્મધામ'ના આંગણે વિરમી ત્યારે ભાગ્યે જ કોઈ ભાવનગરીનો કાન તેના નાદથી અસ્પૃશ્ય રહ્યો હશે !

આ નગરયાત્રા બાદ આરંભાયેલી રાત્રિસભાનો મંચ ગુજરાતના મુખ્યમંત્રી, રાજ્યકક્ષાના નાણામંત્રી, વિવિધ ધાર્મિક સ્થાનોના મહંતોની ઉપસ્થિતિથી શોભી રહ્યો. પંદર હજારની ક્ષમતા ધરાવતો સભાગૃહ પણ છલોછલ થઈ ઊઠ્યો. તેમાં સૌ પ્રથમ વહી સ્વામીશ્રીની સેવા-સરવાણી. તેઓએ તાજેતરમાં ગુજરાતને ધમરોળી જનાર વાવાઝોડાના રાહત કાર્ય માટે

રાજ્ય સરકારને, રોગી જનોની સારવાર અર્થે જીંથરીની ટી. બી. હૉસ્પિટલને તથા ભાવનગરના ઉજ્જ્વળ ભવિષ્ય માટે ભાવનગર કેળવણી મંડળને માતબર રકમની સખાવતો કરી.

તે દ્વારા સ્વાસ્થ્ય, શિક્ષણ અને સમાજનું એકસાથે સધાયેલું હિત જોઈ સ્વામીશ્રીનાં ચરણોમાં ભાવવંદના કરતાં મુખ્યમંત્રીશ્રી માધવસિંહ સોલંકીએ જણાવ્યું કે 'પ્રમુખસ્વામી મહારાજ આજે ગુજરાતમાં જ નહીં, પણ સમગ્ર દેશમાં અને આંતરરાષ્ટ્રીય દુનિયામાં પ્રેરણામૂર્તિનું સ્થાન બન્યા છે. તેમણે સમાનતા અને આત્મીયતાની ભાવનાનું ભાન કરાવ્યું છે.'

આમ, સ્વામીશ્રીનું ગુણગુંજન કરતા એક પછી એક મંચસ્થ મહાનુભાવો મહોત્સવનો માંડવો ગજવી રહ્યા ત્યારે સ્વામીશ્રીના મુખેથી તો આ વચનસુધા વહી નીકળી :

'આ ભાવનગર ભાવનું નગર. ભક્તિ-ધર્મના ભાવથી બધાંનું અંતર રંગાયેલું છે. માયા પરની વાત દરેક સુધી પહોંચાડવી તે સેવા છે. જીવને જન્મ-મરણથી રહિત કરવો તે મોટી સેવા છે. આ લોકમાં કપડાં-અન્નની સેવા કરીએ પણ જીવને ભગવાનને માર્ગે મૂકી દેવો તે મોટી સેવા. શ્રીજીમહારાજ ને ગુણાતીતમાં પ્રીતિ કરાવવી તે મોટી સેવા. ભગવાનના ગુણ ગાવા તે વાણીની સેવા. સારી ભાવના રાખવી તે મનની સેવા. આ સાધુને વિષે હેત છે તેથી બીજું સારું નથી. ક્યારેય તેમાં દોષ ન પરઠાય, નિર્દોષભાવ હંમેશા રહે તે મોટી સેવા. આપણે આ સેવા કરવાની છે. જગતનું કાર્ય કરી રહેલ પરમાત્માને રાજી કરવા તે સેવા. મહારાજ આ સેવા કરવાનું બળ દરેકને આપે.'

સ્વામીશ્રીના મુખકમળમાંથી આજે સેવાનું અષ્ટદલ કમલ ખૂલી-ખીલી રહ્યું.

કનક કીચ તેહિ સમ સદા

તા. ૨૪/૧૨ના રોજ ભાવનગરના ભાલમાં સ્વામીશ્રીની ૬૨મી જન્મજયંતીનો ચાંદલો ચોડાતાં આ નગરી માટે આજનો સૂરજ સાચે જ સોનાનો થઈ રહ્યો. આ દિવસે દેશ-વિદેશથી આવેલાં સેંકડો શુભેચ્છાપત્રો, ચિત્રો, સંદેશાઓ સહિતનાં ભાતીગળ સુશોભનથી ભરચક 'બ્રહ્મધામ'ના મંચ પર સ્વામીશ્રીએ પ્રાતઃપૂજા કરી. ત્યારબાદ અલ્પાહાર માટે ઉતારે પધારેલા તેઓને ઉકાળા-પાણી બાદ સીધા જ જન્મજયંતી સમારોહમાં પહોંચવાનું હતું.

તે માટે પુષ્પોથી સજાવેલી મર્સીડીઝ ગાડી બંગલાના ઝાંપે જ તેઓની પ્રતીક્ષા કરી રહેલી.

પરંતુ તે વખતે જ બે સંતોએ વિનંતી કરી કે 'બાપા ! અહીં હીરાના બે વેપારીઓ છે. તેમનાં ઘેર પધરામણી ગોઠવી છે.'

'ચાલો.' સ્વામીશ્રી તો તરત જ સંમતિ આપતાં ઊભા થઈ ગયા અને બંગલાની બંને બાજુએથી બહાર નીકળાતું હોવાથી તેઓ મકાનની પાછળના દરવાજે પહોંચ્યા. તે સમયે મર્સીડીઝ તો આગળના પ્રવેશદ્વારે ઊભેલી. તેથી સંતોએ ત્યાં જવા સૂચવ્યું, ત્યારે સ્વામીશ્રી 'આપણે મોડું થાય છે' કહેતાં નજીકમાં ઊભેલી એક જીપ પાસે પધાર્યા. તેના ચાલક બૉનેટ ખુલ્લું કરી રેડિયેટરમાં પાણી નાંખી રહેલા. સ્વામીશ્રીએ તેમાં બેસીને જવાની વાત કરતાં ડ્રાઇવરને તો લાભની લોટરી ખૂલી ગઈ !

'જન્મજયંતીના દિવસે પોતાની સામાન્ય જીપમાં સ્વામીશ્રી ક્યાંથી ?!' આ વિચારથી હરખાતા તેઓએ સ્વામીશ્રી અને સંતોને લઈ જીપ હંકારી મૂકી. બે પધરામણીઓ પૂરી કરીને એ જ જીપમાં સ્વામીશ્રી મહોત્સવ સ્થળે પધાર્યા ત્યારે તેઓને વધાવવા ઊભેલા સૌ અચંબો પામી ગયા. ફૂલોથી લદાયેલી મર્સીડીઝ ખાલી આવી અને સાવ સાધારણ જીપમાંથી સ્વામીશ્રી ઊતર્યા ! તેય જન્મજયંતીના દિવસે !!

પરંતુ મુખ લેશ મ્લાન નહીં. એ જ સ્ફૂર્તિ, એ જ આનંદ ચહેરા પર. *'કનક કીય તેહિ સમ સદા...'*ની સ્વામીશ્રીની આ સ્થિતિ જોઈ આજની જન્મ-જયંતીનું પરોઢ ધન્યતા અનુભવી રહ્યું.

એક ભાવના, એક રુચિ, એક સંગઠન

જમાનાજૂની જીપમાંથી ઊતરીને સ્વામીશ્રી મહોત્સવના વિશાળ મંચ પર પધાર્યા ત્યારે ત્યાં તેઓને આવકારવા માટે પ્રધાનો, મહંતો, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ વગેરે કેંક મહાનુભાવો ઉપસ્થિત હતા. તેઓની સાથે આ ઉત્સવમાં વિશેષ સેવા કરનારા ૧૫૦ યજમાનોએ પણ ગુરુપૂજનનો વિશિષ્ટ લાભ લીધો. ત્યારબાદ અગ્રણીઓનાં અભિનંદનોની વર્ષા સ્વામીશ્રી પર વરસી રહી. આ મહોત્સવની સ્મૃતિમાં ઉત્સવ સમિતિ તરફથી અત્રે છાત્રાલયના નિર્માણ માટે એક લાખ બાસઠ હજાર રૂપિયાનું અનુદાન જાહેર થયું.

પરંતુ આ દાન-માનથી તદ્દન નિઃસ્પૃહ સ્વામીશ્રીએ જન્મજયંતીના

આશીર્વાદ આપતાં જણાવ્યું :

''પ્રથમ તો આપ બધાના આશીર્વાદ મારે જ લેવાના છે કે આપ બધા એવા રાજી થાઓ. આ બધું જે કાંઈ છે એમાં મારી કોઈ વિશેષતા છે નહીં. જે કાંઈ વિશેષતા છે તે મહારાજની છે, સ્વામીની છે, શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજની છે અને આપ સર્વની છે. એક જ આપણી ભાવના રહે, એક જ આપણી રુચિ રહે, આપણી સર્વની એકતા રહે, સંગઠન રહે. આપણામાં જો સંપ ને એકતા ને સંગઠન નહીં હોય, તો કોઈ પણ કાર્ય ગમે એટલું હશે તો પણ - નાનામાં નાનું હશે તો પણ - નહીં થઈ શકે. આવા મોટા કાર્યની અંદર ઘણી વખત મનદુઃખ થવાનું પણ કારણ હોય છે, પણ એનાં કારણ આગળ ધરીને આપણે એક મહાન વસ્તુને જો એમાં ગુમાવીએ તો એથી આપણે સંસ્થાની સેવા નહીં, પણ અસેવા જેવું થશે. આ ભાવનામાં જરા ફેરફાર થશે તો એમાંથી આપણે ઘણું ઘણું સહન કરવાનું રહેશે. આપણે જો ખરેખર બધાનો એક ભાવ, એક રુચિ, એકતા હોય તો પછી બહારની ગમે એટલી ઉપાધિ હશે તો એનો ભગવાનની દયાથી કોઈ વાંધો નથી આવ્યો ને આવવાનો પણ નથી.

સ્વાભાવિક છે કે આપણું ધાર્યું ન થાય, આપણી રીતે ન થાય એટલે આપણને પ્રશ્ન ઊભા થાય છે. પણ આટલા બધા સમૂહમાં બધાને સંતોષ કોઈ પણ માણસ ન આપી શકે, ગમે એવા સમર્થ હોય, ગમે એવી વાત કરનાર હોય તોય પણ. પરંતુ એ બધાની પછવાડેનો હેતુ આપણો શું છે તે આપણે જાણવું જોઈએ, એનું કારણ આપણે સમજવું જોઈએ. તો આપણને એવો ને એવો ભાવ આ સેવાનો રહે. સહેજે આપણી કસોટી તો ભગવાન કરશે જ, પણ એ કસોટીમાં આપણે બધાએ ધીરજ ને હિંમત ને બળ રાખવાનું છે.

એકબીજા પ્રત્યેના અંતરાયો મૂકી દઈને, શુદ્ધ ભાવે, નિખાલસ હૃદયે જો કાર્ય થશે તો ખૂબ મોટો લાભ આપણને થશે. આમાં કોઈને ખાટી જવાનું નથી. સૌને ઘસારો જ છે. તે જ કામમાં આવવાનો છે. આમાં કોઈ જાણે કે આમ મોટા બાદશાહ થઈ જાય તેવી વાત નથી. આપણા ભાવ જો જુદા જણાશે તો ગમે એટલું સારું હશે તોપણ આપણા અંતરમાં શાંતિ નહીં રહે, અંતરમાં લાભ નહીં થાય એ હકીકત વસ્તુ છે. એટલે આપણે આપણું પોતાનું જોવાનું છે, આપણે પોતાનું જ કરવા આવ્યા છીએ.'

સમગ્ર સત્સંગને સંપ-સુહૃદભાવના સૂત્રથી ગૂંથતા આ આશીર્વાદ આપી સ્વામીશ્રીએ સૌને કૃતાર્થ કરી દીધા.

વિરાટમાં વામનની દરકાર

આશીર્વાદ બાદ ૬૨ આરતીનાં અર્ઘ્ય અને અનેક હારતોરાથી થયેલા સ્વામીશ્રીના સત્કારને અનુસરતાં, શરૂ થયો વ્યક્તિગત દર્શનનો કાર્યક્રમ. વીસ હજારની વિરાટ મેદનીને મળવા બિરાજેલા સ્વામીશ્રીનાં શ્રદ્ધા-સ્નેહનું એ દર્શન સાચે જ હૃદયંગમ હતું. એક-એકને દૃષ્ટિ સાંધીને મળવામાં બપોરના અઢી વાગી ચૂક્યા, છતાં બાકી દર્શનાર્થીઓની હરોળ નાંખી નજર ન પહોંચે તે રીતે ઊભેલી.

તે સમયે જ આવી ચડેલા એક બાળકે સ્વામીશ્રી સમક્ષ કોરી ચબરખી અને કલમ ધરતાં કહ્યું: 'બાપા! આશીર્વાદ લખી આપો ને.'

તેનો આ ટહુકો જેણે સાંભળ્યો તેને કર્કશ લાગ્યો. પરંતુ બપોરનો તાપ, સતત સાડા પાંચ કલાક પલાંઠી વાળીને બેસી રહેવાથી સ્વામીશ્રીને લાગેલો થાક, તેઓનું બાકી ભોજન, દર્શન માટે હજી ઊભેલી બેસુમાર ગિરદી વગેરે પરિબળોનો અંદાજ અને અનુભવ તો એ અબુધ બાળમાનસને ક્યાંથી હોય? અપાર ભીડા-ભાર વચ્ચે પણ જળવાઈ રહેતી સ્વામીશ્રીની સ્વસ્થતા, સરળતા અને સાહજિકતા બાળકથી બુઝુર્ગ સુધીના સૌને ભૂલા પાડતી.

પરંતુ સ્વામીશ્રીએ બપોરે અઢી વાગ્યાની એ ગિરદી-ગરમીમાં, બાળકનાં કલમ-કાગળ પ્રેમથી પોતાના હાથમાં લીધાં અને આશીર્વાદ લખી આપ્યા, ત્યારે તેઓની વત્સલ છબી સૌનાં હૃદયમાં અંકાઈ ગઈ. મહોત્સવના વિરાટ મંચ પરથી વામનની દરકાર લેવા ઝૂકેલા તેઓનું આ દર્શન સૌ માટે અમૂલ્ય બની ગયું.[૯૧]

વહેતી કીધી અક્ષરવાટ

ભાવનગરથી સ્વામીશ્રી બુધેલ, તળાજા, ખંઢેરા, મોટા ગોપનાથ, બોરડા, મહુવાને પાવન કરતાં તા. ૨૭/૧૨ની સવારે સરેરા પધાર્યા.

અત્રે મંદિરનો ખાતવિધિ કરી, તેઓએ કરલાને પ્રથમ વાર પાવન કર્યું.

---

૯૧. ભાવનગરમાં ઊજવાયેલા સ્વામીશ્રીના આ ૬૨મા જન્મ-જયંતી મહોત્સવમાં સામેલ થવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

આ ગામમાં તૈયાર થઈ ગયેલા હરિમંદિરમાં સ્વામીશ્રીએ આરતી ઉતારી તેને ચેતનવંતું કરી મૂક્યું. ત્યારબાદ મોટી વડાળને લાભ આપી તેઓએ ખડસલીની લોકશાળામાં અમૃતધારા વહાવી.

આ સભામાં મહિલાઓની સંખ્યા વિશેષ હતી. વળી, સભા બાદ તેઓ મંચનાં પગથિયાંની ખાસ્સા નજીક આવી ગયાં. તેઓને દૂર જવાની વિનંતી કરતા કાર્યકરોનો પણ કંઈ ગજ વાગતો નહોતો. તેથી સ્વામીશ્રી પગથિયેથી ઊતરવાનું માંડી વાળી મંચના અન્ય છેડે પહોંચ્યા અને અહીંથી એક વ્યક્તિનો સહારો લઈ હળવો કૂદકો મારતાં નીચે ઊતરી લોકશાળાની હૉસ્ટેલમાં વિશ્રામ માટે જઈ પહોંચ્યા. તકલીફ વેઠીને પણ તેઓએ ધર્મને સાચવી લીધો!

આ રીતે ખડસલીથી નીકળેલા સ્વામીશ્રી ઘાણલાને લાભ આપી રાજુલા પધાર્યા. અહીં તા. ૨૯/૧૨ની સવારે શહેરની પોલીસ ચોકીથી રેલવેના પાટા સુધીના માર્ગને 'સ્વામિનારાયણ માર્ગ' ઘોષિત કરવા નગરપાલિકા તરફથી જાહેર સમારંભ યોજાયો હતો. અનેક અગ્રણીઓની ઉપસ્થિતિમાં સ્વામીશ્રીના વરદહસ્તે તે માર્ગ ખુલ્લો મુકાયો.

તે દ્વારા 'સ્વામિનારાયણ' નામને વિશેષ ગુંજતું કરી તેઓ બારપટોળી આવી પહોંચ્યા. અત્રે પધારવાનું પ્રયોજન પણ માર્ગને મોકળો કરવાનું જ હતું.

અહીં જૂના સ્વામિનારાયણ મંદિર કે જેમાં અક્ષર-પુરુષોત્તમની મૂર્તિ પણ હતી ત્યાં પૂજારી તરીકે સેવા આપતા ટપુભાઈને સ્વામીશ્રી વિષે ખૂબ સદ્‌ભાવ. તેથી તેઓ પોતાને વળગેલી અંત-અવસ્થા જેવી બીમારીમાં સ્વામીશ્રીને સંભારી રહેલા. તેઓને દર્શન આપવા સ્વામીશ્રી જઈ પહોંચ્યા ત્યારે આ પૂજારી ભાવવિભોર બની ગયા. તેઓએ સ્વામીશ્રી પાસે નવી કંઠી માંગીને પહેરી. સ્વામીશ્રીએ તેઓના મુખમાં ચમચી વડે પાણી પાયું. આ કૃપાથી કૃતાર્થ બનેલા પૂજારીએ અરજ કરી કે 'સ્વામી! મને સંભારજો, રોજ સંભારજો.' વળી, વિનંતી કરી: 'બાપા! ધામમાં જવું છે.'

'ત્રીજે દિવસે લઈ જઈશું.' સાધિકાર વચન આપતાં સ્વામીશ્રીએ કહી દીધું અને તેઓએ આપેલા આ વરદાન મુજબ ત્રીજા જ દિવસે ટપુભાઈ અક્ષરવાસી થયા. સ્વામીશ્રીનો આ પ્રૌઢ પ્રતાપ જોઈ ગામવાસીઓને સત્સંગનો ઘણો ગુણ આવી ગયો.

ન કેવળ ડામરના માર્ગો જ, પરંતુ અનેકના મોક્ષમાર્ગ પણ સ્વામીશ્રીના હસ્તે-પગલે ખૂલતા રહેતા.

આપણે નબળા નથી

બારપટોળીથી સામતેર થઈને ડોળાસા પધારેલા સ્વામીશ્રીએ અહીં નિર્માણાધીન મંદિરનું ખાતમુહૂર્ત કરતાં આશીર્વાદ આપ્યા કે 'આ મંદિર થશે તેથી ગામનું આયુષ્ય વધશે.'

આમ, પોતાના પ્રત્યેક કાર્યથી સૌનું શુભ-સુખ વધારતાં તેઓ તા. ૨૯/૧૨ની સાંજે કોડીનાર પહોંચ્યા.

અત્રે છેલભાઈ જોષીના ઘરઆંગણે બાંધેલા શમિયાણામાં યોજાયેલી સભા નગરના ઘણા પ્રતિષ્ઠિતોથી ઊભરાતી હતી. આ સમયે સ્થાનિક સત્સંગ મંડળની ભૂમિકા બાંધતાં યજમાન હરિભક્ત બોલ્યા : 'બાપા ! અમારું મંડળ નબળું છે...'

'નબળું ન કહેવાય, નાનું કહેવાય. મહારાજ-સ્વામી મળ્યા એટલે આપણે નબળા નથી.' સ્વામીશ્રીએ સ્પષ્ટતા કરી.

તેઓ ભૂલે-ચૂકે પણ કોઈમાં નિર્બળતા પ્રવેશવા ન દેતા. *'અચળ જાણી એ આશરો, ન્યૂન માનવી નહીં મન...'*ની વિચારસરણીના જ પુરસ્કર્તા રહેલા સ્વામીશ્રી.

રહેશે એનું અવિચળ નામ

કોડીનારથી રાત્રે ઊના પહોંચેલા સ્વામીશ્રી જાહેર-સભાથી પરવારી ઉતારે પહોંચ્યા ત્યારે મૂળ દ્વારકાની યાત્રા કરવા ગયેલા સંતો પણ ત્યાં આવી ચૂકેલા. તેઓને જોતાંવેંત એ સંતોને પગે લાગતાં સ્વામીશ્રી બોલ્યા: 'અમારાથી ન જવાયું પણ તમે જાત્રા કરી આવ્યા.'

તેઓને જેટલો તીર્થોનો મહિમા એટલો જ તીર્થવાસીઓનો પણ. તેમાં વય-વ્યક્તિ, પદ-પદવી, સંત-સંસારી વગેરે કોઈ ભેદ ન પરઠતાં સ્વામીશ્રી જાત્રાળુને પગે લાગી, તેના હાથ પોતાના મસ્તકે મુકાવવાનો યત્ન કરી આદર અભિવ્યક્ત કરતા.

આ મહિમા સાથે તા. ૩૦/૧૨ના રોજ ઊનાથી ગરોળ પધારેલા સ્વામીશ્રી સ્થાનિક મંદિરમાં દર્શન કરીને ગામના પાદરેથી રસ્તે ચડવા ગયા ત્યાં જ તેઓની ગાડીનું ટાયર ફાટ્યું. તે સમયે મરામતના સમય પૂરતું તેઓ રસ્તે ખોડેલા માઈલસ્ટોન પર બિરાજ્યા ! એકેય પ્રકારના આસન-વાહનને

પ્રસાદીભૂત કરવાનું સ્વામીશ્રીએ બાકી રાખ્યું નથી.

થોડી વારમાં મોટર ઠીક થતાં તેઓ સનખડા, ટીંબીને પાવન કરતાં ખાંભા જવા નીકળ્યા ત્યારે આ પ્રવાસમાં સાંજે સાડા છ વાગ્યે તેઓની નજર ચંદ્ર પર ગઈ. તેને લાગેલું ગ્રહણ જોતાં જ સ્વામીશ્રી અકળાઈ ઊઠ્યા, કારણ કે તેઓ ભાવનગરમાં હતા ત્યારે એક પંડિતે એવો નિર્ણય આપેલો કે 'આ ગ્રહણ ગુજરાતમાં દેખાવાનું ન હોવાથી પાળવાનું નથી.'

પરંતુ આજે ગ્રહણ તો દેખાયું. તેથી સ્વામીશ્રીના અંતરમાં અત્યંત અરેરાટી વ્યાપી ગઈ. આ બાબતે તેઓએ ઘણો ખેદ વ્યક્ત કર્યો. ખાંભા જઈ સભા કરી, પણ જમ્યા તો નહીં જ.

વચનની આ ખટક સાથે તા. ૩૧/૧૨ના રોજ ખાંભાથી વિદાય લઈ સ્વામીશ્રી તલાડા, ખડાધાર, ઈંગોરાળાને પાવન કરતાં ધારી પધાર્યા.

અહીંના પોલીસ કર્મચારીઓએ શાનદાર શોભાયાત્રા યોજી તેઓને સત્કાર્યા. આ નગરયાત્રા પોલીસ મેદાનમાં સભારૂપે ફેરવાઈ જતાં સ્વામીશ્રીએ ગુરુમહિમા સંભળાવી સૌને યોગીમય કરી મૂક્યા.

તે સાથે જ તેઓના જીવનમાંથી સન ૧૯૮૨ના વર્ષે વિદાય લીધી. આ વર્ષ પણ સ્વામીશ્રીએ ખેડેલા બે વિદેશપ્રવાસો અને ૪૯૫ ગામોના વિચરણથી હાંફી ગયું. પૃથ્વી સૂર્યની આસપાસ ઘૂમવામાં જેટલા દિવસ લે તેનાથી સવાયાં, દોઢાં કે બમણાં ગામો સ્વામીશ્રી એટલા દિવસમાં ફરી વળતા. પૃથ્વીનું પરિભ્રમણ ઋતુઓમાં પરિવર્તન લાવતું તો સ્વામીશ્રીનું પરિભ્રમણ લોકજીવનમાં. પલટાતી ઋતુઓ ફળ-ફસલ પકવતી તો સ્વામીશ્રીના સંગે બદલાયેલાં જીવન પૃથ્વીને કૈંક દૂષણો-પ્રદૂષણોથી ઉગારતાં.

સ્વામીશ્રીના પરિભ્રમણનું આ પ્રદાન ભરપેટ નિહાળી વિદાય લેતી સન ૧૯૮૨ આજે જતાં જતાં સ્વામીશ્રી માટે ગાતી ગઈ કે –

'જ્યાં સુધી શશી સૂર્ય આ ઠામ, રહેશે એનું અવિચળ નામ...'

❧ ❧ ❧



માળા એ જ જેમની જીવનભરની મૂડી રહી હતી એવા
બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એટલે જન્મજાત સાધુતાનું ગૌરીશિખર,
જીવનભર અકિંચન રહી નિરંતરના પરિવ્રાજક ઓલિયા,
પરાભક્તિ અને ગુરુભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ, પરહિતની સદા વહેતી કરુણાગંગા,
બીજાના સુખ માટે જીવનની આહુતિ આપનાર, નિઃસ્વાર્થ ભાવનાની સાક્ષાત્ મૂર્તિ,
સમત્વથી સૌ પર વરસતી સ્નેહની અનરાધાર વર્ષા અને
ભારતીય સંસ્કૃતિના અજોડ જ્યોતિર્ધર.
એમની ફોરમતી પવિત્રતામાં ભગવદ્ગીતાનું ગુણાતીતગાન ગુંજ્યા કરે.
એમના સાંનિધ્યમાં પરમાત્માની સુવાસ સહેજે મઘમઘે.
કોઈ અધિકાર કે કંઈક હોવાનો કોઈ દાવો નહીં,
કોઈ હક્ક કે માલિકીનો ભાવમાત્ર નહીં, 'હું કંઈક છું કે હું કંઈક કરું છું'
– એવા અસ્તિત્વની સભાનતા એમની નજીક પણ ફરકે નહીં.
સદા સરળ. સદા સહજ. દંભ કે કોઈ દોર-દમામનો અંશમાત્ર નહીં.
અજોડ આર્ષદ્રષ્ટા અને અદ્વિતીય સર્જક-લોકસેવક હોવા છતાં
અહંશૂન્યતાની જીવતી જાગતી પરાકાષ્ઠા. સ્વ કે શરીરની કોઈ ખેવના નહીં.
જીવનની પ્રત્યેક ક્ષણ ભગવાન સ્વામિનારાયણને ચરણે જનકલ્યાણ માટે સમર્પિત.
હૃદય ઋજુતાથી અહોરાત્ર ઊભરે, છતાં સહનશીલતાનો એથી મોટો કોઈ પર્યાય નહીં.
સૌમ્ય, પ્રિય, હિતકારી વાણી. પ્રેમ અને કરુણા વર્ષાવતી એમની નિર્મળ આંખો.
રોમરોમમાં સદા પ્રફુલ્લિત એમની નમણી કાયા.
આ બધું આજે સાંભરે છે ત્યારે હૃદય ગદ્ગદ થઈ જાય છે.
આ પૃથ્વી અને પૃથ્વી પર વસતા કરોડો લોકો સતત ૯૫ વર્ષ સુધી
તેમના સાંનિધ્યથી ધન્ય થતા રહ્યા.
આવનારી અનેક પેઢીઓને આ ગુણાતીત મહાપુરુષના
દિવ્ય જીવનમાંથી સતત પ્રેરણા મળતી રહે તે માટે
આ ગ્રંથશ્રેણી પ્રકાશિત કરતાં હર્ષ અનુભવાય છે.

PSM Jivan Charitra Part - 4
USD 5.00
1 5 9 1 6

B G 1 9 2 4